
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર
શાસ્ત્ર પર સન્ ૧૯૭૧ના પ્રવચન)

# નિયમનો સાર

## ભાગ ૩



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમનો સાર
# ભાગ-૩

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧ની સાલના પ્રવચન )


પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૮

વીર સંવત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૨

: પ્રકાશન પ્રસંગ :
શ્રાવણ સુદ ૧૪ / ૧૫, ૧૧-૦૮-૨૦૨૨;

૧) સમ્મેદશિખરથી ૧૧મા તીર્થંકર
શ્રી શ્રેયાંસનાથ ભગવાનનો મોક્ષ કલ્યાણક
૨) મુનિરક્ષા દિન – શ્રી વિષ્ણુકુમાર મુનિરાજ દ્વારા
શ્રી અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિવરોનો ઉપસર્ગથી રક્ષા

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા- ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ (ઈ. સ. ૧૯૭૧) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૦૨ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧માં થયેલ ૨૦૨ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમનો સાર ભાગ-૩માં અત્રે (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર અને (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર પરના સળંગ ૩૮ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારુલબેન શેઠ, વિલે પાર્લા, શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલેપાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર "અભિનંદન ગ્રંથ" આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હ્રદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર | | | | | | |
| ૬૮ | ૧૬-૦૭-૧૯૭૧ | અષાઢ વદ ૯ | શુક્રવાર | ૭૭-૮૧ | - | ૦૧-૧૦ |
| ૬૯ | ૧૭-૦૭-૧૯૭૧ | અષાઢ વદ ૧૦ | શનિવાર | ૭૭-૮૧ | - | ૧૧-૨૦ |
| ૭૦ | ૧૮-૦૭-૧૯૭૧ | અષાઢ વદ ૧૧ | રવિવાર | ૭૭-૮૧ | - | ૨૧-૩૧ |
| ૭૧ | ૧૯-૦૭-૧૯૭૧ | અષાઢ વદ ૧૨ | સોમવાર | ૮૨ | ૧૦૯ | ૩૨-૪૨ |
| ૭૨ | ૨૦-૦૭-૧૯૭૧ | અષાઢ વદ ૧૩ | મંગળવાર | ૮૩ | ૧૧૦ | ૪૩-૫૩ |
| ૭૩ | ૨૧-૦૭-૧૯૭૧ | અષાઢ વદ ૧૪ | બુધવાર | ૮૪ | ૧૧૧ | ૫૪-૬૬ |
| ૭૪ | ૨૩-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧ | શુક્રવાર | ૮૫ | ૧૧૨ | ૬૭-૭૮ |
| ૭૫ | ૨૪-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૨ | શનિવાર | ૮૫, ૮૬ | ૧૧૩-૧૧૪ | ૭૯-૯૦ |
| ૭૬ | ૨૫-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૩ | રવિવાર | ૮૭ | ૧૧૫ | ૯૧-૧૦૨ |
| ૭૭ | ૨૬-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૪ | સોમવાર | ૮૮ | ૧૧૬-૧૧૭ | ૧૦૩-૧૧૨ |
| ૭૮ | ૨૭-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૫ | મંગળવાર | ૮૯ | ૧૧૮ | ૧૧૩-૧૨૫ |
| ૭૯ | ૨૮-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૬ | બુધવાર | ૮૯ | ૧૧૯ | ૧૨૬-૧૩૭ |
| ૮૦ | ૨૯-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૭ | ગુરુવાર | ૯૦ | ૧૨૦ | ૧૩૮-૧૫૧ |
| ૮૧ | ૩૧-૦૭-૧૯૭૧ | શ્રાવણ સુદ ૯ | શનિવાર | ૯૧ | ૧૨૧ | ૧૫૨-૧૬૫ |
| ૮૨ | ૦૧-૦૮-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧૦ | રવિવાર | ૯૧, ૯૨ | ૧૨૨ | ૧૬૬-૧૭૭ |
| ૮૩ | ૦૨-૦૮-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧૧ | સોમવાર | ૯૨ | - | ૧૭૮-૧૯૧ |
| ૮૪ | ૦૩-૦૮-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧૨ | મંગળવાર | ૯૨ | ૧૨૩ | ૧૯૨-૨૦૫ |
| ૮૫ | ૦૪-૦૮-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧૩ | બુધવાર | ૯૩ | ૧૨૩-૧૨૪ | ૨૦૬-૨૧૭ |
| (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર | | | | | | |
| ૮૬ | ૦૫-૦૮-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧૪ | ગુરુવાર | ૯૪ | ૧૨૫-૧૨૬ | ૨૧૮-૨૨૯ |
| ૮૭ | ૦૬-૦૮-૧૯૭૧ | શ્રાવણ સુદ ૧૫ | શુક્રવાર | ૯૫ | - | ૨૩૦-૨૪૨ |
| ૮૮ | ૦૮-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૨ | રવિવાર | ૯૬ | ૧૨૭ | ૨૪૩-૨૫૪ |
| ૮૯ | ૦૯-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૩ | સોમવાર | ૯૭ | ૧૨૮ | ૨૫૫-૨૬૬ |
| ૯૦ | ૧૦-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૪ | મંગળવાર | - | ૧૨૯-૧૩૦ | ૨૬૭-૨૭૭ |
| ૯૧ | ૧૧-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૫ | બુધવાર | ૯૮ | ૧૩૧-૧૩૩ | ૨૭૮-૨૮૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯૨ | ૧૨-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૬ | ગુરુવાર | ૯૯ | - | ૨૯૦-૩૦૧ |
| ૯૩ | ૧૩-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૮ | શુક્રવાર | ૧૦૦ | ૧૩૪ | ૩૦૨-૩૧૩ |
| ૯૪ | ૧૪-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૯ | શનિવાર | ૧૦૦ | - | ૩૧૪-૩૨૬ |
| ૯૫ | ૧૫-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૧૦ | રવિવાર | ૧૦૧ | ૧૩૫-૧૩૬ | ૩૨૭-૩૩૮ |
| ૯૬ | ૧૬-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૧૧ | સોમવાર | ૧૦૨ | ૧૩૭-૧૩૮ | ૩૩૯-૩૫૦ |
| ૯૭ | ૧૭-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૧૨ | મંગળવાર | ૧૦૩ | - | ૩૫૧-૩૬૩ |
| ૯૮ | ૧૮-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૧૩ | બુધવાર | - | ૧૩૯ | ૩૬૪-૩૭૭ |
| ૯૯ | ૧૯-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૧૪ | ગુરુવાર | ૧૦૪ | ૧૪૦ | ૩૭૮-૩૮૮ |
| ૧૦૦ | ૨૦-૦૮-૧૯૭૧ | શ્રાવણ વદ ૧૫ | શુક્રવાર | ૧૦૫ | ૧૪૧ | ૩૮૯-૪૦૦ |
| ૧૦૧ | ૨૧-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૧ | શનિવાર | ૧૦૫-૧૦૬ | ૧૪૨ | ૪૦૧-૪૧૩ |
| ૧૦૨ | ૨૨-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૨ | રવિવાર | ૧૦૬ | ૧૪૩-૧૪૪ | ૪૧૪-૪૨૫ |
| ૧૦૩ | ૨૩-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૨ | સોમવાર | - | ૧૪૫-૧૪૭ | ૪૨૬-૪૩૬ |
| ૧૦૪ | ૨૪-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૩ | મંગળવાર | - | ૧૪૮-૧૫૦ | ૪૩૭-૪૪૭ |
| (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર (૭) પરમ આલોચના અધિકાર | | | | | | |
| ૧૦૫ | ૨૫-૦૮-૧૯૭૧ | ભાદરવા સુદ ૪ | બુધવાર | ૧૦૭ | ૧૫૧ | ૪૪૮-૪૫૮ |

## અષાઢ વદ ૯, શુક્રવાર, તા. ૧૬-૭-૧૯૭૧
## ગાથા – ૭૭ થી ૮૧, પ્રવચન નં. ૬૮

નિયમસાર, પરમાર્થપ્રતિક્રમણ અધિકાર. પાંચમો નિશ્ચય ચારિત્રનો અધિકાર. કળશ આવી ગયો છે.

**હવે, સકળ વ્યવહારિક ચારિત્રથી...** વ્યવહારચારિત્ર એટલે પંચમહાવ્રતાદિના વિકલ્પો એનાથી **અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ...** કારણ કે વ્યવહારચારિત્ર તો શુભરાગરૂપ છે અને એનું ફળ તો બંધન છે. એનાથી પ્રતિપક્ષ **એવું જે શુદ્ધનિશ્ચયાત્મક પરમ ચારિત્ર...** વ્યવહારચારિત્ર જ્યારે શુભરાગરૂપ છે, નિશ્ચયચારિત્ર એ શુદ્ધ ઉપયોગ–શુદ્ધપરિણતિરૂપ છે. વ્યવહારચારિત્રનું ફળ બંધ છે, ત્યારે શુદ્ધનિશ્ચયસ્વરૂપ ચારિત્ર એનું ફળ મોક્ષ છે. બેનો વિરોધ છે. **उभयनय विरोधध्वंसीनी...** એવા શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમ ચારિત્ર... શુદ્ધનિશ્ચયનો વિષય એમ ન લેતાં શુદ્ધનિશ્ચયસ્વરૂપ (કહ્યું). ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમય એમાં રમણતા–ચરવું–રમવું અતીન્દ્રિય આનંદમાં—એવું જે શુદ્ધનિશ્ચયસ્વરૂપ પરમ ચારિત્ર **તેનું પ્રતિપાદન કરનારો–**તેનું કથન કરનારો **પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.** શુદ્ધનિશ્ચયસ્વરૂપ ચારિત્ર કહો, એ પરમાર્થ પ્રતિક્રમણ એનો પેટાભેદ છે.

**ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે.** વ્યવહારચારિત્ર અને નિશ્ચયચારિત્ર—બેયનું સ્વરૂપ જુદું અને બેયનું ફળ જુદું. એમ તો ચોખવટ કરી ચોખ્ખી. વ્યવહારચારિત્ર શુભરાગ છે, નિશ્ચયચારિત્ર તો સ્વરૂપની રમણતા, પરમ પવિત્રતા એવું ચારિત્ર છે. શુભભાવનું ફળ તો બંધ છે. વ્યવહારચારિત્ર... વ્યવહાર રત્નત્રય માંહ્યલું વ્યવહારચારિત્ર એનું ફળ તો બંધ છે. નિશ્ચયચારિત્ર સ્વરૂપને આશ્રયે છે, એનું ફળ મુક્તિ છે. આમ બે નયોના વિષયો અને એનું ફળ સ્પષ્ટ પહેલું કહ્યું. આચાર્યનું કથન છે. આ કોનું કથન છે? મુનિનું કથન છે, જેના મુખમાંથી પરમાગમ ઝરે છે. આચાર્ય કહે છે એમાંથી જ એ છે, એનો વિસ્તાર છે. એમાં છે જુઓ! **તે આ પ્રમાણે :**

**હવે પાંચ રત્નોનું અવતરણ કરવામાં આવે છે...** બે-ત્રણ ઠેકાણે છે આ. ઓલામાં ઉતાર્યું છે. આમાં નથી. ૨૮૨ પાને છે, ૨૯૭ ને ૩૧૬. (૨૭૭) પાનું છે. **હવે, વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ, શુદ્ધનિશ્ચયનો અધિકાર કહેવામાં આવે છે.** (ગાથા ૧૪૧નું મથાળું). છે? કેટલામું પાનું? (૨૭૭). (૨૯૨). જૂનું વાંચતા, નવું વાંચ્યું નથી. બાહ્ય ષટ્-આવશ્યક છે ને? **ષટ્-આવશ્યક પ્રપંચરૂપી નદીના કોલાહલના શ્રવણથી પરાઙ્મુખ હે શિષ્ય!...** (ગાથા ૧૪૭). વિકલ્પ છે, છ આવશ્યકનો વ્યવહાર, એ આવશ્યક વિકલ્પ નદીનો કકળાટ છે. આહાહા! એનાથી પરાઙ્મુખ... લ્યો, એથી ઊલટું, **શુદ્ધ નિશ્ચય ધર્મધ્યાન ને શુક્લધ્યાન...** લ્યો. કોઈ કહે, ધર્મધ્યાન એ

શુદ્ધનિશ્ચય નહીં, એ વ્યવહાર વિકલ્પ છે. આહીં તો શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન ને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન. આહાહા! (૨૯૨) છે. અને આમાંય લખ્યું છે અંદર.

**મુમુક્ષુ જીવને બાહ્ય છ આવશ્યક ક્રિયાઓથી શું ઉપજ્યું? અનુપાદેય ફળ ઉપજ્યું**. હા, એમાં જ છે નીચે. એવી વાત છે ભાઈ! હોય છે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી નિશ્ચય દર્શન, જ્ઞાન ને સ્થિરતાની ભૂમિકામાં આવો વિકલ્પ હોય છે, એથી જણાવ્યું છે. બાકી એનું ફળ તો ઉપાદેય કાંઈ છે નહીં. એમ કીધુંને? અનુપાદેય છે. હેય–નાપસંદ કરવા જેવું છે, નહીં વખાણવા જેવું. (૩૧૦). **બાહ્ય આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ**... એ આવશ્યક અધિકારની અંદરમાં છે. (પાનું ૩૧૦, ગાથા ૧૫૮) પહેલી લીટી. **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન**... દેખો! ધર્મધ્યાન એ સ્વાત્માશ્રિત છે. ઓલો જે વિકલ્પ શુભ છે એ તો પરાશ્રિત છે. **નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ એવું જે બાહ્ય આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ**... છે? **શુદ્ધનિશ્ચય પરમાવશ્યક સાક્ષાત્ અપુનર્ભવરૂપી સ્ત્રીના અનંગ સુખનું કારણ** છે, લ્યો. આમ પ્રત્યક્ષ વાત છે એ ગોઠતી નથી માણસને. આવું ચોખ્ખું કરી નાખ્યુંને. વ્યવહાર રાગ છે અને એનું ફળ બંધ છે. નિશ્ચય અરાગપરિણતિ છે અને એનું ફળ મુક્તિ છે. એ પાંચ રતનની વ્યાખ્યા કરે છે હવે. ગાથા

**णाहं णारयभावो तिरियत्थो मणुवदेवपज्जाओ ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ।।७७।।**
**णाहं मग्गणठाणो णाहं गुणठाण जीवठाणो ण ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ।।७८।।**
**णाहं बालो बुड्ढो ण चेव तरुणो ण कारणं तेसिं ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ।।७९।।**
**णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ।।८०।।**
**णाहं कोहो माणो ण चेव माया ण होमि लोहो हं ।**
**कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं ।।८१।।**

હરિગીત.

**નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.**
**હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.**
**હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;**

**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.**
**હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.**
**હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.**

એની **ટીકા : અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.** શુદ્ધ એવો નિશ્ચય ત્રિકાળી આત્મા, જે વાસ્તવિક આત્માનું ખરું સ્વરૂપ છે, જે ખરેખર આત્મા છે એક સમયની પર્યાય વિનાનો. શુદ્ધ આત્મા એને સકળ કર્તૃત્વ નામ ગતિ આદિના, રાગાદિના પરિણમનનો અભાવ છે. એ સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે. નારકનો લીધો (કે) હું નારક નથી. કેમ નથી હું નારકી? **બહુ આરંભ તથા પરિગ્રહનો અભાવ હોવાને લીધે...** નરકમાં જવાનું કારણ તો બહુ આરંભ ને બહુ પરિગ્રહ છે. એ તો આત્મામાં છે નહીં. **હું નારકપર્યાય નથી.** આરંભ, પરિગ્રહનો અભાવ હોવાને લીધે હું નારકની પર્યાય નથી.

**સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે...** આ તો મુક્તજીવને નથી એમ કહે છે એમાં? મુક્ત જીવ જ છે અહીંયા. એમ કે સંસારી જીવને આ છે, મુક્ત જીવને નથી—એમ કોઈ કહે તો એનો અર્થ એ છે કે મુક્ત જીવ જ છે આત્મા. નરકગતિ આદિ, રાગાદિથી મુક્ત જ છે ત્રિકાળ. એનું સ્વરૂપ તદ્દન મુક્ત છે. એવા મુક્ત ભગવાન આત્માને આરંભ, પરિગ્રહનો અભાવ હોવાથી એના ફળરૂપ નારકીની ગતિની પર્યાય એને છે નહીં. એવી દૃષ્ટિ થતાં હોં, એમ કહે છે. દૃષ્ટિમાં, આખો આત્મા દૃષ્ટિમાં શુદ્ધ લેતાં એ આત્મા આરંભ-પરિગ્રહના પરિણામ વિનાનો છે. તેથી તેના ફળરૂપ નારકીની પર્યાય એને નથી.

**સંસારીજીવને બહુ આરંભ-પરિગ્રહ...** આહાહા! જેણે, હું નારકી છું, આરંભ-પરિગ્રહના પરિણામવાળો છું એમ માન્યો છે એ સંસારીજીવ છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ સંસારી નથી. લે! કેમકે સંસાર છે એ તો ઉદયભાવ રાગાદિ છે. ધર્મી એથી રહિત છે. આહા! ચૈતન્ય શુદ્ધ આનંદ એવું જે એનું સ્વરૂપ ત્રિકાળી એમાં દૃષ્ટિ હોવાથી–વર્તમાન દૃષ્ટિ એમાં હોવાથી, વર્તમાનમાં એ સંસારી નથી. આહાહા! સમજાણું કાંઈ? પણ એ આરંભ-પરિગ્રહના પરિણામ મારા છે એવી દૃષ્ટિ જ્યાં છે, એ તો સંસારી પ્રાણી આરંભ-પરિગ્રહવાળો વ્યવહારથી કહેવાય છે. પરમાર્થે તો એનામાંય નથી, પણ વ્યવહારની માન્યતાવાળો એને વ્યવહારી નારકી કહેવામાં આવે છે.

**અને તેથી જ તેને નારક-આયુના હેતુભૂત...** કોને? સંસારીજીવને. **સમસ્ત મોહરાગદ્વેષ હોય છે...** સમસ્ત મોહરાગદ્વેષ એના અસ્તિત્વને જ એણે માન્યું છે. એનાથી રહિત જ્ઞાયક

ચિદાનંદસ્વરૂપ એણે દૃષ્ટિમાં લીધો નથી એટલે તેને માનતો નથી. માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા! કથન પદ્ધતિ નિયમસારની કુંદકુંદાચાર્યની! વસ્તુ જ્યાં છે... જ્યાં દૃષ્ટિ વસ્તુની થઈ, એ નિશ્ચયમાં જ્યાં રાગનો સ્વીકાર નથી એથી એ સંસારી પ્રાણી જ નથી. જેને રાગના, મોહના પરિણામનો જ સ્વીકાર છે અને ચૈતન્ય ત્રિકાળી ધ્રુવનો સ્વીકાર નથી એવા સંસારી જીવને મોહરાગદ્વેષ હોવાથી તેને નરકના આયુનું કારણ એની પાસે છે. કહો, સમજાણું કાંઈ? જેણે મોહ ને રાગદ્વેષ મારા છે એમ માન્યું છે એને નરકના હેતુના કારણ છે. ધર્મીને છે નહીં. આહાહા! જુઓ! આ પ્રતિક્રમણ. રાગ, મોહ આદિ જેનાથી નરકનું આયુ બંધાય, એનાથી ખસી ગયો છે. ધર્મી એનાથી ખસી ગયો છે અને ચૈતન્ય નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ એમાં જે બેઠો છે, એની દૃષ્ટિ ત્યાં સ્થપાણી છે. આહાહા! એથી એને સાચું પ્રતિક્રમણ છે (એટલે) ખસી ગયો અહીંથી આમ અને એને સાચું ચારિત્ર છે. સમજાણું કાંઈ?

**તેને નરક-આયુના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષ હોય છે, પરંતુ મને...** લ્યો! **શુદ્ધનિશ્ચયના બળે...** કોઈ ઠેકાણે 'શુદ્ધનિશ્ચયબળે' કહ્યું છે, કોઈ ઠેકાણે 'શુદ્ધનિશ્ચયથી' કહ્યું છે, કોઈ ઠેકાણે 'નિશ્ચયથી' કહ્યું છે—બધે શબ્દો ભિન્ન-ભિન્ન વાપર્યા, બાકી વસ્તુ શુદ્ધનિશ્ચયે એટલી વાત છે. આમાં બધા શબ્દો જુદા જુદા આવશે દરેકમાં. શુદ્ધનિશ્ચયના કારણે... મને શુદ્ધનિશ્ચયના કારણે એટલે હું પોતે શુદ્ધનિશ્ચય શુદ્ધ આનંદસ્વરૂપને કારણે શુદ્ધ જીવાસ્તિકાય છું. હું તો શુદ્ધ જીવાસ્તિકાય છું. એ રાગાદિ અને એના ફળ એ તો અશુદ્ધ જીવાસ્તિકાય છે, વ્યવહાર છે. વ્યવહારી જીવોએ એને પોતાના માન્યા છે. વ્યવહારી એટલે મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? આહાહા!

પ્રતિક્રમણ (એટલે) પાછો ફરે છે. આમાં હું નથી.. આમાં હું નથી, હું અહીં છું. આહાહા! વેદાંત નેતિ.. નેતિ.. કરે છે ને? પણ નેતિ.. નેતિ.. કરીને કાંઈ છે ત્યારે નથીને? એમ સિદ્ધ કરે છે. સિદ્ધિ કરતા જાય છે પાછા. અજ્ઞાની મોહ-રાગ-દ્વેષને સ્વીકારે છે તેથી તેને નારકીનું આયુષ્ય બંધાય છે અને તેથી તે રાગ-મોહ ને નારકીના આયુષ્યવાળો છે, એ વ્યવહારવાળો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! ભારે વાત. કહો, સમજાણું કાંઈ? **પરંતુ મને**... મને એટલે હું... સંસારી જીવને હો.. આહાહા! જેણે મિથ્યાત્વ, રાગ-દ્વેષનો સ્વીકાર કર્યો છે એને હો, મને નથી. આહાહા! ગજબ શૈલી કરી છે! મોહરાગદ્વેષ એવો વિકારવિભાવ પર્યાયબુદ્ધિમાં સ્વીકાર્યો છે એથી સંસારીને એ વ્યવહારે છે. એને વ્યવહારે છે, પરમાર્થે કાંઈ અંદરમાં ગરી જતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

આ સંસારી જીવને મોહરાગદ્વેષ નારકીના આયુષ્યનું કારણ એ ભાવ એનો સ્વીકાર્યો માટે, એ નારકી હો. એ નારકી છે એમ પાછું કહ્યું છેને? આરંભ-પરિગ્રહવાળો વ્યવહારથી હોય

છે.... છે એ. નારકીની ગતિ છે, એનું આયુષ્ય છે, એના કારણો પણ છે. એનો જેને સ્વીકાર છે એ નારકી છે. મને મોહ-રાગ-દ્વેષ અને એનું કારણ આયુષ્ય મને નથી. આહાહા! જુઓ! આ વીતરાગમાર્ગ. તીર્થંકર કેવળી પરમાત્મા સર્વજ્ઞદેવના શાસનમાં આમ વાત છે. જેણે મોહરાગદ્વેષ—મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એમ અસ્તિત્વ સ્વીકાર્યું છે, એને નારકીનું આયુષ્ય બંધાય છે અને એ નારકી છે—એમ જૈનશાસનમાં એવા વ્યવહારિક જીવને નારકી કહ્યા છે. આહાહા! સમજાણું કાંઈ?

**મને શુદ્ધનિશ્ચયના બળે**... આહાહા! શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતિ પહેલી નરકમાં છે? કહે, ના. આરે, ગજબ વાત છેને આ તો! હું નરકમાં જ નથીને. નરકના કારણોના ભાવ જ મારામાં નથી. આહાહા! એના ફળ તરીકે નરકની ગતિમાં હું ક્યાં છું? આહાહા! હું તો, એ ગતિ અને એના કારણોનો અભાવવાળો મારો સ્વભાવ એવો શુદ્ધ જીવાસ્તિકાય હું છું. દેખો! આ મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને રાગ-દ્વેષનું પ્રતિક્રમણ આ. કહો, કેટલા પડિકમણા કર્યા હશે મલુકચંદભાઈ? નાગનેશમાં કર્યા તો હશેને? એ નાગનેશના અગ્રણી છે. ...... આહાહા! ગજબ વાત છે.

શ્રોતા : સંયોગીભાવની પ્રાપ્તિ એનાથી ..... માન્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : માન્યા છે એ જ સંસારી છે અને એ જ નારકી છે. હું નથી. આહાહા!

**મને**... આમ ભાષા તો જુઓ! સંસારીજીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી છે. એ વ્યવહાર છે ને વ્યવહારનો માનનારો છે એમ કહે છે. તેથી વ્યવહારથી નારકી એ છે. હું તો વ્યવહારથી નારકી પણ નથી. આહાહા! જુઓ! આ પ્રતિક્રમણ. મિચ્છામી દુક્કડં કરીને ચાલ્યે જાવ. ઓઘે કરે..... મૂળચંદભાઈ ........ કરે. ન્યાં આવતા ખરાને ઉપાશ્રયમાં. ........ આહાહા!

આ તો જાગતી જ્યોત પ્રભુ ચૈતન્ય. આહાહા! હું તો જાગનારો, ચેતનારો ચૈતન્ય શુદ્ધ તે હું છું. રાગ-દ્વેષ-મોહ હું નહીં, તેથી તેના ફળરૂપે નારકી હું નહીં. આહાહા! જુઓને! એક વીતરાગની કથની અને તે આ દિગંબર સંત સિવાય આવી વાત બીજે ક્યાંય નથી. આહાહા! એકલું સત્ય રેડ્યું છે. આહાહા! ભગવાન કહે છે, **મને**... આહાહા! સંસારી વ્યવહારી જીવને હો, કારણકે એ વ્યવહાર રાગનો સ્વીકાર કરનાર છે અને એના ફળ(રૂપ) ગતિ પણ મને છે એમ સ્વીકાર કરનાર છે. હું તો ગતિ અને ગતિના કારણો એનાથી રહિત મારી ચીજ છે. આહાહા! તેથી મને શુદ્ધનિશ્ચયના કારણે **શુદ્ધજીવાસ્તિકાયને...** જુઓ! ભાષા. અન્યમતમાં જીવ કહે, પણ અસ્તિકાય નથી અન્યમતમાં. વીતરાગમાર્ગમાં અસ્તિ છે ને કાય છે, અસંખ્યપ્રદેશી છે. એ વાત સર્વજ્ઞ સિવાય વેદાંત-ફેદાંતમાં એ વાત ક્યાંય નથી. સમજાણું કાંઈ? આહાહા!

મને શુદ્ધનિશ્ચયના કારણે, એમ. નિશ્ચયથી—શુદ્ધનિશ્ચયસ્વરૂપથી... જ્ઞાનાનંદ વીતરાગમૂર્તિ હું, એ મારું સ્વરૂપ છે. એ કારણે... એવો હું જીવાસ્તિકાય—અસ્તિ અને કાય–

અસંખ્યપ્રદેશી એને એ નથી. મોહ-રાગદ્વેષનું કારણ જે આયુષ્યનું કારણ છે એ કારણ નથી અને એનું આયુષ્યફળ તે હું નથી. જુઓ! પહેલેથી કહ્યું હતુંને કે વ્યવહાર અને વ્યવહારનું ફળ એનાથી પ્રતિપક્ષ નિશ્ચય અને નિશ્ચયનું ફળ... પહેલી કડીમાં આવી ગયું. સમજાણું કાંઈ? આહાહા! અરે! આવા કાળમાં આવું સત્ય નહીં સમજે એના આરા કે દિ' આવે? બાપા! દુનિયા કોઈ સાથે આવે એવી નથી. આહાહા!

અહીં તો કહે છે, મારી સાથે રાગ નથીને. જે ફળમાં સંસાર આવે નારકી (આદિ), આહાહા! મારી પાસે જ નથીને. મારી પાસે તો શુદ્ધ આનંદઘન જીવાસ્તિકાય એ હું છું. એને 'નારકી છું' એ છે નહીં. **नाहं नारक...** જુઓ! ભાષા ઉપર... એટલાનો અર્થ કરે છે. **नाहं नारक...** હું નારકી નથી. સમજાણું કાંઈ? એવો નથી. એ નારકીની વ્યાખ્યા આવી. **णाहं** પહેલું આવ્યું હતુંને? **णाहं णारयभावो...** એનો અર્થ આટલો કર્યો. નારકીનો ભાવ એ હું નહીં અને નારકીના ભાવના ફળના કારણરૂપભાવ એ હું નહીં. એ કારણ ને કાર્ય મારા નહીં. હું તો શુદ્ધજીવાસ્તિકાય શુદ્ધ નિર્મળ જ્ઞાનનો પિંડ, આનંદનું ધામ છું. એ (નારકપર્યાય) મને નથી. આહાહા! દેખો! નરકમાં શ્રેણિક રાજા હોવા છતાં... એ તો વ્યવહાર છે, જ્ઞાનનું જ્ઞેય છે, મારામાં નથી. આહાહા! અહીં તો તીર્થંકરપણાનો ભાવ એ હું (અને) એમાં હું નથી, મને એ નથી અને એનું ફળ તીર્થંકપણું એટલે આ સમવસરણ આદિ એ મને નથી. આહાહા!

બીજો તિર્યંચપર્યાય. તિર્યંચ નથી એમ આવ્યુંને? બીજો પાઠ **तिरियत्थो... तिरियत्थो...** થયેલો... **તિર્યંચપર્યાયને યોગ્ય માયામિશ્રિત અશુભ કર્મનો અભાવ હોવાને લીધે...** જે માયામિશ્રિત અશુભકર્મ બંધાય એવો જે ભાવ... **માયામિશ્રિત અશુભકર્મનો અભાવ હોવાને લીધે હું સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વ વિહીન છું.** ન્યાં કર્તૃત્વ નાખ્યું. મૂળ પાઠમાં ઓલું કર્તુ છે ને? કર્તા નથી એ આવશે એટલે ખુલાસો કરે છે. એના કર્તા વિહીન છું. જે ભાવે તિર્યંચપણું બંધાય એ ભાવથી રહિત છું, એ ભાવ મારામાં નથી. આહાહા! સમકિતીને તિર્યંચ આયુષ્યકર્મ બંધાઈ ગયું હોય ને પછી દેવકુરુ, ઉત્તરકુરુ આદિ જુગલિયામાં જાય છે. ના, હું તિર્યંચ જ નથીને. તિર્યંચના કારણના ભાવ જ મારામાં નથીને. એ ભાવ હોય તો એનું ફળ આવેને મને? મને આવ્યું જ નથી. આહાહા!

**તિર્યંચપર્યાયને યોગ્ય માયામિશ્રિત...** ઓલું સાઈઠમાં આવ્યું હતું પહેલું જરી 'શુભમિશ્રિત.' ઓલું સાઈઠમાં ........ ત્રેપન ને સાઈઠમાં. ત્યાં થોડું શુભમિશ્રિત શબ્દ હતો. .... અહીં માયામિશ્રિત... આહાહા! એ પરિણામ મારામા નથીને. એ મને નથીને. આહાહા! **અશુભકર્મનો અભાવ હોવાને લીધે હું સદા...** લ્યો, અહીં વળી 'સદા' નાખ્યું. ઠીક! 'શુદ્ધનિશ્ચયના બળે' નાખ્યું. અહીં 'સદા' નાખ્યું. સદા તિર્યંચપર્યાયના કર્તૃત્વવિહીન છું. ત્યાં ઓલું 'નિશ્ચય' શબ્દ ન આવતાં 'સદા' કીધું. એટલે સદા અમારું નિશ્ચય સ્વરૂપ જ આવું છે.

આ તો ધીરેથી સમજવાની વાત છે અંદરની. આ કાંઈ બહારમાં કૂદકા મારી ને ઠેકડા માર્યે આ કાંઈ સમજાય એવું નથી. ભગવાન! કહે છે કે **હું સદા**... 'સદા' કીધું ત્યાં નિશ્ચયનું સ્વરૂપ આવ્યું. આહાહા! હું સદા તિર્યંચના શરીરના કર્તૃત્વથી રહિત છું. કેમકે જે ભાવે તિર્યંચપણું બંધાય એવા મિશ્રભાવથી રહિત છું. તિર્યંચને (માયા)મિશ્રિત લીધુંને, એનાથી રહિત છું. આહાહા!

ગજબ શૈલી કુંદકુંદાચાર્યની! સત્યને બહાર મૂકવાની–પ્રસિદ્ધ મૂકવાની શૈલી ગજબ છે. ભરતક્ષેત્રમાં આવી ટીકા નથી, લ્યો. ઓહો! હું તો સદા... ગતિ અને ગતિના કારણો માયામિશ્ર મારામાં નથી અને જેણે માન્યા છે એ આત્મા નથી. જેણે તિર્યંચગતિ અને કારણ મારા માન્યા છે એ આત્મા નથી. આહાહા! એ તો વ્યવહારી સંસારી જીવ છે. આહાહા! આઠ વર્ષની બાલિકા પણ સમ્યક્ પામે. આહાહા! પછી તો લગ્ન કરે ભલે. તો કહે છે કે એ લગ્નેય કરતી નથી, એ રાગેય એનો નથીને. આહાહા! જ્યાં એનું અસ્તિત્વ છે ત્યાં એ રાગેય નથી અને ત્યાં આ ક્રિયાઓ જડની એ પણ નથી. આહાહા! દૃષ્ટિએ સૃષ્ટિ ફરી ગઈ છે. ભગવાન આત્મા...

કેવળી તીર્થંકરદેવે જે શુદ્ધ જીવાસ્તિકાય કહ્યો, એવું જ્યાં ભાન થયું અંતરમાં તે અસ્તિ તે આટલો હું અને તિર્યચના કારણ ને તિર્યંચનું કાર્ય તે અસ્તિત્વ તે હું નહીં. આહાહા! પણ એ અસ્તિત્વ છે ખરું. બિલકુલ નથી, બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા—એમ નથી. જગત જગતપણે, રાગ રાગપણે, ફળ ફળપણે છે. સમજાણું કાંઈ? પણ મારા ચૈતન્યસ્વરૂપમાં એ નથી. જેણે માન્યા એ આત્મા નથી અને હું માનનારો આત્માનો એ મારામાં નથી. આહાહા! ગજબની વાત છે. એવું ભેદજ્ઞાન... આહાહા! હવે આ કરવાનું એ કરે નહીં અને મફતના ઝઘડા બહારના... અરે! આવા સમય મળ્યા, આવા ધંધા હોય? બાપા! અરેરે! સમય ચાલ્યા જાય છે.

આ કહે છે, હું તો આમ છું હોં. હું, તિર્યંચની પર્યાયના ભાવવાળો કે ફળવાળો તે હું નહીં. હું તો જ્ઞાતાદૃષ્ટા શુદ્ધ ચૈતન્ય ધ્રુવસ્વરૂપ એ હું છું. આનું નામ તિર્યંચપર્યાયની ગતિથી પ્રતિક્રમણ કર્યું (એટલે) હઠી ગયો એમાંથી. હું છું નહીં એમાં હોં. માન્યું હતું એ મિથ્યાત્વ હતું. આહાહા! ધર્મ માન્યો હતો મેં. એના કારણે તિર્યંચની પર્યાય.... **કર્તૃત્વ વિહીન છું...** મૂળ પાઠમાં એ છે. એ રાગ, જે ભાવે તિર્યંચગતિ ને જે ભાવે નરકગતિ બંધાય એ ભાવનું પરિણમન જ મારું નથી, એનો હું કર્તા નથી, હું એનો કરાવનાર નથી, થાય તેનો અનુમોદનાર નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો પંચરત્ન ગાથા છે. પાંચ રત્ન એ પ્રવચનસારમાં નાખ્યા છેલ્લે. અહીં પડિકમણાની પહેલી. ચારિત્ર... **चरित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो। मोहक्खोहविहीणो परिणामो...** આ ચારિત્ર શું આઠમા-દસમા ગુણસ્થાનનું છે? આ તો છઠ્ઠાની મુખ્યતાથી વાત કરે છે. કીધુંને કે સમકિતીને એ જ છે, પણ આ તો ભૂમિકા આગળ વધી ગયેલો છે, એનાથી પોતે ચારિત્રવંત છે ને? ચારિત્રથી એની વ્યાખ્યા મુખ્ય કરે છે. એ 'સદા'માં આવી ગયું નિશ્ચય. આમાં નિશ્ચય શબ્દ છૂટો ન પાડ્યો, એને 'સદા'માં નાખ્યો.

હવે ત્રીજું. **મનુષ્યનામકર્મને યોગ્ય...** મનુષ્યનામકર્મને યોગ્ય **દ્રવ્યકર્મ તથા ભાવકર્મનો અભાવ હોવાને લીધે મારે મનુષ્યપર્યાય...** ઓલામાં 'મને' નાખ્યું હતું નારકીમાં, ઓલામાં 'સદા મને નથી.' આમાં **મારે મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી**, લ્યો. એટલો એ શબ્દ ઓલો 'શુદ્ધનિશ્ચયના બળે' કહેવું હતું એ અહીં 'શુદ્ધનિશ્ચયથી' કહ્યું. બસ એ. સમજાણું કાંઈ? શુદ્ધનિશ્ચયથી નથી એટલે? એકલી ભાષા નહીં, પણ જે ભાવે મનુષ્યપણું બંધાય અને મનુષ્યપણું—એનાથી રહિત ચૈતન્યદ્રવ્ય મારું દૃષ્ટિમાં આવ્યું છે, એથી હું એ મનુષ્યપર્યાયમાં નથી. આહાહા! તો આ કહે કે મનુષ્યપર્યાય હોય તો કેવળ થાય. અહીં કહે કે મનુષ્યપર્યાય જ મારામાં નથીને. આહાહા! આવ્યો નહોતો એક? કુચામણનો આવ્યો હતો કુચામણનો. તમારું કુચામણ ને? ઘાંસીલાલ પંડિત કલકત્તા રહે છે. ઘાંસીલાલજીને ઓળખો છો? તમારા કુચામણનો છે. એ કલકત્તા કહે છે. આવ્યા હતા એક ફેરી.

એ મનુષ્યપણું છે એમાં કેવળજ્ઞાન થાય છે, મનુષ્યપણાને કારણે છે આ. અરે ભગવાન! અહીં તો કહે છે કે મારામાં મનુષ્યપણાનો ભાવ ને મનુષ્યપણું બેય છે જ નહીં. એ છે નહીં–એ નથી, એ મને શી રીતે મદદ કરે? આહાહા! સમજાણું કાંઈ? **મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ અને ભાવકર્મ...** મનુષ્યને યોગ્યરૂપ ભાવકર્મ, એમ. જે ભાવે મનુષ્યપણું બંધાય એવો ભાવકર્મ, એમ. બેયમાં લેવુંને એ. મનુષ્યનામકર્મને યોગ્ય દ્રવ્યકર્મ ને મનુષ્યનામકર્મને યોગ્ય ભાવકર્મ, એમ. બેયનો અભાવ હોવાથી... **હોવાને લીધે મારે મનુષ્યપર્યાય... મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી**. આહાહા!

પરથી દૃષ્ટિ ફેરવીને સ્વમાં લઈ લીધી અને એટલું અસ્તિત્વ તે જ હું છું, આ નહીં. આનું નામ ચાર ગતિનું એણે પ્રતિક્રમણ કર્યું. આહાહા! આમ ભાષાથી નહીં હોં. હું નારકી નથી, દેવ નથી—એમ નહીં. એ વસ્તુ ત્રિકાળી જેમાં નારકનો ભાવ ને નારકી(પણું), મનુષ્યનો ભાવ, મનુષ્ય(પણું)—એ નથી જેમાં એની દૃષ્ટિ કરીને મારામાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! મારું જીવાસ્તિકાય શુદ્ધ એમાં આ નથી, માટે હું એનાથી પાછો જ વળેલો છું. મેં એનાથી ભેદ કરેલો છે એમ કહે છે. આહાહા! એમાં એકપણું માન્યું હતું એ તો મિથ્યાત્વ હતું. એ એકપણું નથી મારામાં (એમ માન્યું) તો થઈ રહ્યું, એકપણું છૂટી ગયું. સ્વભાવ ચૈતન્ય અસ્તિ મહાસત્તા જીવાસ્તિ–શુદ્ધ જીવાસ્તિ એ હું છું. એથી જે ભાવે મનુષ્ય (આયુષ્ય) બંધાય એ ભાવનોય કર્તા હું નહીં, પણ આ મનુષ્યપણું મળ્યું ત્યારે આ સાંભળવાનો ધર્મ મળ્યોને? માટે મનુષ્યપણું સારું. એ વાત, કહે છે, મિથ્યાદૃષ્ટિ માને છે. આહાહા!

મનુષ્યપણું મળ્યું અને મનુષ્યપણાના કારણ એ મારા છે એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! ગજબ વાત સંતોની વાણી! શ્રીમદ્ કહે છે ને. રહસ્ય કાંઈ સમજી શકાય. 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કંઈક સમજી શકાય છે. શ્વેતામ્બરની મોળાશને લઈને રસ ઠંડાતો

ગયો.' એવું આવે છે, શ્રીમદ્માં એવું આવે છે. આહાહા! કહે છે, આ હું મનુષ્ય જ નથી. કહો! મનુષ્યપર્યાય શુદ્ધનિશ્ચયથી નથી. નથી પછી હું મનુષ્ય છું ને આ મારા મનુષ્યપણાથી મને કાંઈ લાભ થાય, પણ જે મારામાં નથી એનાથી લાભ ક્યાંથી થાય? મનુષ્યપણા વિના કેવળજ્ઞાન થાતું હશે? મનુષ્યપણા વિના જ કેવળજ્ઞાન થાય છે. એનો અર્થ જ કે એનાથી લક્ષ છૂટે છે ને એકલું રહી જાય તત્ત્વ, ત્યારે એને એકાકાર થઈને કેવળજ્ઞાન થાય છે. મનુષ્યપણાને લઈને એ નથી. હવે રહ્યો દેવ.

**'દેવ' એવા નામનો આધાર...** એ દેવપર્યાય, એમ. નામકર્મનો આધાર દેવપર્યાય.. **તેને યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળાં પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાને લીધે...** એવા હોવાને લીધે 'નિશ્ચયથી' એટલો શબ્દ વાપર્યો લ્યો. જુદા જુદા શબ્દો (છે, પણ) આશય કહેવાનો એક જ છે. એવા દેવપર્યાય એને **યોગ્ય સુરસ-સુગંધસ્વભાવવાળા પુદ્ગલદ્રવ્યના સંબંધનો અભાવ હોવાથી...** સુગંધી શરીર દેવનું મારૂં, મને મળશે. તને મળશે જડ? દેવગતિ આત્માને મળશે? આહાહા! કહે છે કે મિથ્યાદ્રષ્ટિ છે. દેવગતિ અને દેવગતિના કારણ વિનાનો હું આત્મા છું, એનો કરનાર પણ નથી......

પણ ત્યારે અંધારામાં પ્રકાશ કારણ થયું કે નહીં? અંધારામાં દેખાય નહીં. સવારમાં નહોતું આવ્યું ઉપાદાનમાં? ત્યાં નિમિત્ત ફર્યું ત્યારે દેખાણું કે નહીં? જુઓ! એની પોતાની પર્યાયની...... કાલ તો બહુ અંધારું હતું. આજ તો દેખાય છે, કાલે તો ઘણું અંધારું હતું. **પુદ્ગલદ્રવ્યના સંબંધનો લાભ હોવાને લીધે નિશ્ચયથી મારે દેવપર્યાય નથી.** આહાહા! સર્વાર્થસિદ્ધિનો દેવ સમકિતી... દેવપર્યાયનું કારણ અને આધાર છે? કે ના. દેવ છું હું? કે ના. હું તો દેવ પણ નથી. દેવગતિ તો ઉદયભાવનું ફળ છે. ઉદયભાવ જ જ્યાં મારામાં નથી, પછી દેવ હું ક્યાંથી આવ્યો? આહાહા! વ્યવહાર-નિશ્ચયની કથનીને સ્પષ્ટ કરીને જગત પાસે પ્રસિદ્ધ કર્યું છે. ભાઈ! તું આત્મા છોને પ્રભુ! આત્મા તો શુદ્ધ ચૈતન્યકંદ તેને આત્મા કહીએ. એવું જેણે અંતરમાં અનુભવ્યું, એવો શુદ્ધ ચૈતન્ય છું એમ જેને અંતરના સ્વભાવની સત્તાનો સ્વીકાર અંતરથી થયો, એ દેવ-બેવ છું એમ કેમ માને? દેવના કારણરૂપ ભાવનો પણ કર્તા નહીં, કરાવનાર નહીં, અનુમોદનાર નહીં. સંમત નથી હું એને, દેવપર્યાયને હું સંમત નથી. હું તો આત્માનો સ્વભાવ આનંદ શુદ્ધ એને સંમત છું. આહાહા! સમજાણું કાંઈ?

અરે! શાંતિથી, મધ્યસ્થતાથી સ્વાધ્યાય કરેને તો એને હાથ લાગે કાંઈક તત્ત્વ. પણ આ તો પોતાની દૃષ્ટિએ હાંકે રાખે, વાંચે, સાંભળ્યા કરે. ઓલા સંસારીને નથી એમ કહ્યું હતું. આ સંસારી નથી તમે? એમ કહેતા હતા. એમ કહ્યું હતુંને અંદર? સંસારીજીવને એ હોય છે. ત્યારે મુક્ત થઈ ગયા? અરે, સાંભળને! મુક્ત જ છે ભગવાન આત્મા. વિભાવ અને ઉદયભાવ આખો અને આખું એને એનું ફળ એથી રહિત જ છે. એવી દૃષ્ટિ થઈ એટલે રહિત જ છે. સહિત માન્યું હતું એ તો મિથ્યાત્વ હતું. આહાહા! **નિશ્ચયથી મારે દેવપર્યાય નથી**. વ્યવહારથી છે? વ્યવહારથી

(માને) છે એ સંસારી છે. મારે તો જાણવાલાયક છે એ જુદી વાત છે. જાણવું જ્ઞાનનું જ્ઞેય એ તો છએ દ્રવ્ય જ્ઞેય છે. સમજાય છે કાંઈ? આહાહા! આવું અસ્તિત્વ ને આવી (મારી) સત્તા અને આ સત્તા પર—એવા ભેદજ્ઞાનમાં મારામાં કાંઈ નથી બીજું. એનું નામ અહીંયા સાચું પ્રતિક્રમણ (કહે છે). અને અહીં સમ્યગ્દર્શન સહિત ચારિત્ર લીધું છે ને? સમજાણું?

જે ભાવે દેવપર્યાય મળે એ ભાવ હું નહીંને. એ ભાવ તો રાગ છે. રાગ હું, એ તો મિથ્યાત્વ છે. ચૌદમી ગાથામાં આવ્યુંને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં? આત્મા વસ્તુએ એને કહીએ કે જે આસ્રવ અને અજીવથી અસમાહિત છે–સહિત નથી. આત્મા એને કહીએ કે જે આસ્રવ અને અજીવથી રહિત છે. એને જે સહિત માને તે મિથ્યાત્વ છે, ભવનું બીજ છે. તેથી ઓલામાં (-નાટક સમયસારમાં) લીધું કે અસંખ્ય પ્રકારના વ્યવહાર એટલા મિથ્યાત્વભાવ કેવલી ઉકત હૈ. આહાહા! જેટલા એ વ્યવહાર, એટલા વ્યવહાર મારા, એટલા બધા મિથ્યાત્વ. સમજાણું કાંઈ? ભારે. આ તો બધી એલ.એલ.બી.ની વાતું છે. આ તો હજી ભેદજ્ઞાન સમ્યગ્દર્શનની વાત છે. આહાહા! જે પોતામાં નથી એનાથી પોતાને ઓળખાવવો એ જ મિથ્યાત્વભાવ છે. એનાથી પોતાની પ્રસિદ્ધિ કરાવવી... લ્યો. અમે રાજા છીએ, અમે મનુષ્ય છીએ અને બહારની બુદ્ધિવાળા છીએ. એનાથી બહાર પડવું એ બહાર પડેલો બહિરાત્મા છે. આહાહા! આ તો અંતરાત્મા વસ્તુ છે. ખરેખર એ પરમાત્મા છે આત્મા. સાધકપણાની પર્યાયની અપેક્ષાએ અંતરાત્મા (કહ્યો). એમાં મોટું સંકેલ્યું બધું ઘણું.

**ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...** ચૌદ ભેદવાળા... પહેલાં આવી ગયા હતા આપણે ૮૬ પાને. માર્ગણા ૮૬ પાને. **ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો**.... ૮૬ છે ૮૬. ગતિ... નીચે છે. ગતિ હું નહીં, ગતિ નહીં, આ ઇન્દ્રિય નહીં, ગતિ જ હું નહીં. એ પહેલા ચાર ગતિમાં આવી ગયા આમાં. આ ઇન્દ્રિયો નહીં. ખંડ-ઇન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય ને બધુંય. કાયા નહીં, યોગ નહીં, વેદ નહીં, કષાય નહીં, જ્ઞાનના ભેદ નહીં. આહાહા! સંયમના ભેદ નહીં, દર્શનના ભેદ નહીં, લેશ્યા નહીં, ભવ્ય, અભવ્ય નહીં. લ્યો, વસ્તુમાં ક્યાં ભવ્ય-અભવ્યપણું છે? સમ્યક્ત્વાદિ નહીં, ઠીક! સંજ્ઞિત્વ નહીં ને આહાર નહીં—એવા ભેદસ્વરૂપ ચૌદ માર્ગણા **શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને...** એટલે પરમસ્વભાવ મારાને–મને **(-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને)...** જોયુંને! ખુલાસો એમ જ છે ને.

**પરમસ્વભાવવાળાને**... હું તો પરમભાવસ્વભાવવાળો છું, આ રાગ ને નિમિત્તના સ્વભાવવાળો નથી. આહાહા! કેટલી ઉદાસીનતા છે પરથી જુઓને! માર્ગણાસ્થાનો એ શુદ્ધનિશ્ચયનયથી... ન્યાં એમ લીધું છે 'શુદ્ધનિશ્ચયનયથી.' **પરમભાવસ્વભાવવાળાને...** એમ આવ્યુંને? પરમભાવસ્વભાવવાળાને... ત્રિકાળી પંચમપારિણામિકસ્વભાવ એવા સ્વભાવવાળાને... આ રાગવાળાને, ગતિવાળાને નહીં. **પરમભાવસ્વભાવવાળાને (-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને)** એ માર્ગણાસ્થાનો **નથી**. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**અષાઢ વદ ૧૦, શનિવાર, તા. ૧૭-૭-૧૯૭૧**
**ગાથા – ૭૭ થી ૮૧, પ્રવચન નં. ૬૯**

આ સમયસાર નાટક... સમયસાર નાટક નથી, નિયમસાર. પરમાર્થપ્રતિક્રમણ અધિકાર. મોક્ષનો માર્ગ. ચારિત્ર છેને મૂળ, એ ચારિત્રની વ્યાખ્યા છે આમાં. કાલ આવ્યું હતુંને આ જરી એમાંથી વિચાર આવ્યો હતો વધારે. સંસારી જીવને બહુ આરંભ-પરિગ્રહ વ્યવહારથી હોય છે. તત્ત્વાર્થસારનું લીધું છે ને? સિદ્ધ, અસિદ્ધ ને નોસિદ્ધ. ગાથામાં છે. અસિદ્ધ તે મિથ્યાદૃષ્ટિ છે, ઇશદ્ સિદ્ધ તે સમકિતી છે. સિદ્ધ રત્નત્રયવાળાને ગણ્યા છે. એમાં સિદ્ધ-પ્રસિદ્ધ કહ્યા છે. આવે છેને પ્રવચનસારમાં આખરમાં? મોક્ષ... મોક્ષતત્ત્વ, રત્નત્રયથી પરિણમેલ છે એ મોક્ષતત્ત્વ છે. એટલે ત્યાં ભલે નથી લીધું, અર્થમાં લીધું છે કે રત્નત્રયથી પરિણત છે એ સિદ્ધ છે, સમકિતી છે તે નોસિદ્ધ છે, ઇશદ્ સિદ્ધ. વ્યવહારથી મુક્ત છે ને? જરી પર્યાયમાં અસ્થિરતા છે એ અપેક્ષાએ ચૌદમા ગુણસ્થાન સુધી સંસારી ગણ્યા છે. પર્યાયમાં છેને એનું જ્ઞાન કરાવવા. સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે હું તો ચાર ગતિની પર્યાયો છું જ નહીં. એ આવી ગયું છે.

**ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...** શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને... હું તો એક પરમભાવસ્વભાવવાળો (છું) જેનો પરમભાવ એવો સ્વભાવ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ એવા મને ચૌદ ભેદવાળા માર્ગણાસ્થાનો નથી. પર્યાયમાં છે એનો અહીં નિષેધ છે. પર્યાયનું જ્ઞાન પણ કરાવે જરી. જૈનદર્શનની જે રીત છે વસ્તુની... ચૌદ માર્ગણા છે પણ એ પર્યાયદૃષ્ટિનું જ્ઞાન કરવાલાયક છે, આશ્રય કરવાલાયક નથી. જ્ઞાન તો કરવાનું છે, વ્યવહારનું જ્ઞાન તો કરવાનું છે. **ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો**... સમ્યગ્દૃષ્ટિ જીવને પરમભાવસ્વભાવવાળો હું... પરમભાવ ધ્રુવ ત્રિકાળ એવા સ્વભાવભાવ(વાળા) મને ચાર ગતિ ને માર્ગણાભેદ નથી.

**તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો...** જીવના સ્થાન... પંચેન્દ્રિય પર્યાપ્ત કે અપર્યાપ્ત. એકેન્દ્રિયથી માંડીને છેલ્લા .... લીધા છે. પંચેન્દ્રિય પર્યાપ્તપણું મને નથી. સમજાણું કાંઈ? આમ કેવળીને પંચેન્દ્રિય પર્યાપ્ત કહેવામાં આવે વ્યવહારથી. કઈ કોર લીધું? દ્રવ્યેન્દ્રિયો છેને પાંચ એ અપેક્ષાએ કહેવાય, વસ્તુમાં એ છે નહીં. આહાહા! ઓલા આવે છે ને? ગતિ. ગુટકો આવે છે ને? શું કહેવાય નાનું? ચોવીસઠાણા, એમાં બધું નાખે આવું. વ્યવહાર નાખવોને અંદર. પર્યાય જણાવે. અહીંયા તો વસ્તુ પરમભાવસ્વભાવ તે જ હું. નિત્ય ધ્રુવ ચૈતન્ય પરમભાવ જે પર્યાયથી પણ... ક્ષાયિકાદિ બધી પર્યાય અપરમભાવ... ક્ષાયિકભાવ આદિ અપરમભાવ.. આહાહા! ત્રિકાળી ભાવ તે પરમભાવ એવો મારો સ્વભાવ એમાં ચૌદ જીવના ભેદ નથી.

**કે ગુણસ્થાનો...** પહેલેથી ચૌદ ગુણસ્થાન એ **શુદ્ધનિશ્ચયનયથી...** ગુણસ્થાનેય હું નથી. લ્યો, **પરમભાવ-સ્વભાવવાળાને (–પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને)** ગુણસ્થાનો **નથી.**

લ્યો, છઠ્ઠું, સાતમું, ચોથું, પાંચમું—એ બધા પર્યાયના–વ્યવહારના ભેદ છે. તેથી કહ્યુંને **जिणमयेण पव्वज्झमाण**... વ્યવહાર નથી મુજ... વ્યવહાર છે ખરો. છે એ જાણવા માટે છે. નહીં સંભળાણું હોય ત્યાં. અહીંથી ન્યાં એમ કે વધારે સંભળાય..... એમ માને. ન મેળ આવ્યું.....

**પરમભાવ-સ્વભાવવાળાને**... એટલે? જુઓને! ભાષા શું છે? પરમભાવસ્વભાવ નિત્ય ધ્રુવ જ્ઞાયક એકલો પરમ એવા મેં એટલે એવો મને, એમ. હું તો પરમભાવસ્વભાવવાળો છું. એને જીવના ચૌદ ભેદ, એકેન્દ્રિય પર્યાપ્ત, અપર્યાપ્તથી માંડીને પંચેન્દ્રિય ગુણસ્થાનભેદ અને માર્ગણાભેદ મને નથી. મને નથી એટલે હું તો પરમસ્વભાવવાળો છું, એમ. હું તો પરમસ્વભાવવાળો છું. આહાહા! પરમભાવસ્વભાવ એવા મને... આવો તે હું, એમ. આવા ભેદ-બેદ હું નહીં. આહાહા! એકલો દૃષ્ટિનો વિષય અભેદ એકલો જ્ઞાયકભાવ ધ્રુવ એવા મને એટલે ધ્રુવ છે તે હું છું, એમ. પરમભાવસ્વભાવ તે હું છું. આ હું નહીં. આહાહા! સમજાય છે કાંઈ? પરમભાવસ્વભાવ એવા મને એટલે પરમભાવસ્વભાવ એ જ હું, એમ. પરમભાવસ્વભાવ તે જ હું, આ નહીં–ગુણસ્થાનભેદ આદિ નહીં.

શ્રોતા : ક્ષાયિકકી પર્યાય અપરમભાવ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ નહીં. ક્ષાયિકભાવકી પર્યાય ભી અપરમભાવમેં જાતી હૈ, પરમભાવમેં નહીં. ઔર ખરેખર તો, ૫૦વીં ગાથા નિયમસાર... ક્ષાયિકભાવકી પર્યાય ભી પરદ્રવ્યમેં જાતી હૈ. આહાહા!

મહાપ્રભુ જ્યાં નજરે પડ્યો, એની પાસે બધી પર્યાયો-બર્યાયોની ગણતરી નથી. આહાહા! ત્રિકાળી પરમભાવ એવો જે મારો સ્વભાવ, એમ પાછું, મારો સ્વભાવ જ પરમભાવસ્વભાવ છે અને પરમભાવસ્વભાવ તેટલો જ તે હું છું. આહાહા! ભાઈમાં આવે છે ને? સોગાની. શબ્દ જરી ખુલ્લું થોડું કરી નાખ્યું. પર્યાય મેરા ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરૂં? મૈં તો હૂં વહી હૂં. કારણકે હું તો દ્રવ્ય છું, એમ પાછું એનો અર્થ છે. અહીં કીધું હતું, હું પરમભાવસ્વભાવ (છું) એ કોનું ધ્યાન કરે? પર્યાય મેરા ધ્યાન કરે તો કરો. આહાહા! પરમભાવ જેનો સ્વભાવ... પરમભાવ-સ્વભાવવાળાને... એમ કહ્યુંને? પરમભાવસ્વભાવવાળો એ તો સમકિતી પરમભાવસ્વભાવવાળો જ છે અને અહીં ચારિત્ર નાખ્યું સાથે. સમજાણું કાંઈ? આહાહા!

વ્યવહારરત્નત્રય મારા છે એમ તો આમાં ન આવ્યું? મારા નથી એ મને મદદ કરે (એમ ન બને). સત્ય વસ્તુ એવી છે. લોકોને અંદર કાને પડી નથી. બહારમાં ભટક્યા-ભટક. જ્યાં ભગવાનનું ધામ છે ત્યાં જાતો નથી. મહાપ્રભુનું ધામ તો ધ્રુવ છે. જુઓને! ભાષા કેવી વાપરી છે. મુનિએ ટીકા કરી છે ને! **शुद्धनिश्चयनयतः परमभावस्वभावस्य... परमभावस्वभावस्य** એમ છે ને? **न विद्यन्ते**... પરમભાવસ્વભાવ તે હું, એટલો હું, એ હું. એવા **परमभावस्वभावस्य**–

પરમભાવસ્વભાવવાળાને એટલે પરમભાવસ્વભાવ તે હું એવા મને, એમ. આહાહા! એ બધા છે નહીં. ચૌદ તેરી બેતાલીસ આમ થયા. આમ તો ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન, ચૌદ ગુણસ્થાન. ચૌદ તેરી બેતાલીસ. એકેકના એના પાછા ભેદ માર્ગણાના ગતિ ને ઇન્દ્રિય ને કષાય ને. આહાહા! જ્ઞાનમાં પાંચ ભેદ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય (આદિ) ભેદ. એ પરમભાવસ્વભાવવાળાને કાંઈ નથી કહે છે. આહાહા! કેવળજ્ઞાનની પર્યાય પણ મારા પરમભાવસ્વભાવવાળાને નથી. આહાહા! ગજબ વાત છે ને! ચૈતન્યનું તત્ત્વ એવડું.. એવડું ને એટલું મોટું છે. ભાષા કેવી છે જુઓ!

**परमभावस्वभावस्य न विद्यन्ते...** વિકલ્પ આદિ, વાણી આદિ હો તો એને ઘરે, પર્યાય હોય તો એને ઘરે. એના સ્થાનમાં ભલે હો, મારા સ્વભાવમાં નથી. આહાહા! કહો, સમજાય છે કે નહીં? ઘણા બોલો નાખી દીધા ચૌદ માર્ગણામાં. આખા જૈનદર્શનના પર્યાયભેદો બધા જ .... છે. વસ્તુમાં છે નહીં. પાછું જૈનદર્શન વ્યવહારવાળું છે એવું એણે વ્યવહારવાળાનું જ્ઞાન કરાવ્યું કે આવી સ્થિતિ અન્યમાં ક્યાંય હોય નહીં. ચૌદ ગુણસ્થાન, ચૌદ જીવસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન (આદિ) એવા પર્યાયના ભેદ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહીં. એટલી વાત સ્થાપતા ગયા, જણાવતા ગયા, પણ વસ્તુમાં નથી એમ પાછો નિષેધ કરતા ગયા. આહાહા! આ ૨૯ બોલ છે ને. બધી વાત જણાવતા ગયા .... પર્યાયભેદ, ..... એવું સર્વજ્ઞ સિવાય, જૈનદર્શન સિવાય એટલે વસ્તુદર્શન સિવાય બીજે આવું હોય નહીં. આહાહા! એ વ્યવહાર કેટલા પ્રકારના, કઈ જાતના એ બધું જણાવ્યું ખરું, છતાં એ વસ્તુના સ્વભાવ પરમસ્વભાવવાળો મને એ નથી. ઓલા તો કહે, હું જ એક છું, બીજું કાંઈ નથી. એમ નથી. બીજું મારામાં નથી. 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એમ કહે છેને વેદાંત? એમ નથી. મારા ધર્મમાં એ ભેદ નથી, પણ ભેદમાં ભેદ છે વ્યવહાર તરીકે, જાણવા તરીકે. હવે અવસ્થાની વાત આવી.

**મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના, વયકૃત વિકારથી...** નારકીને અને દેવને વયકૃત વિકાર–ભેદ છે જ નહીં. દેવને તો એક જ પ્રકાર છે અનુકૂળતા. બાળ-યુવાન-વૃદ્ધ (અવસ્થા) છે નહીં. નારકીને એક જ પ્રકાર છે વૃદ્ધાવસ્થા જેવી દશા છે, એને ત્રણ ભેદ નથી. નારકીના શરીરના બાળ-યુવાન-વૃદ્ધ ત્રણ ભેદ નથી. એ તો બધું આખી જિંદગી વૃદ્ધની છે. આહાહા! દેવને નથી. આખી જિંદગી યુવાન જેવી અવસ્થા છે એટલે એના ત્રણ ભેદ એમાં નથી. મનુષ્ય ને તિર્યંચની પર્યાયમાં શરીરમાં કાયાના વયકૃત વિકાર... દેખો! કાયાના વયકૃત વિકાર... કાયાની વયની અવસ્થાવાળું બાળ-યુવાન-વૃદ્ધ, એ તો કાયાના વયકૃત વિકાર છે. આહાહા!

**(ફેરફારથી) ઉત્પન્ન થતા...** કાયાના ફેરફારથી ઉત્પન્ન થતા **બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થાદિરૂપ...** સ્થવિરની જ વ્યાખ્યા કરી છે... સ્થવિર એટલે વૃદ્ધાવસ્થા? સ્થવિર–વૃદ્ધાવસ્થા, એમ લખ્યું છે ટીકામાં. એ હું નહીં લ્યો. બાળ-યુવાન-સ્થવિર અને વૃદ્ધાવસ્થારૂપ

આદિ એના પ્રકાર ઘણા... **અનેક સ્થૂલ-કૃશ વિવિધ ભેદો...** શરીરની યુવાન અવસ્થા એ કાયાનો વયકૃત વિકાર છે, વૃદ્ધાવસ્થા એ કાયાનો વયકૃત–અવસ્થાકૃત ભેદ છે, બાળપણું પણ કાયાની અવસ્થાકૃત ભેદ છે, એ સ્થૂળ ને કૃશ–પાતળું અને જાડું એવા વિવિધ ભેદો શરીરના અવયવના છે. **શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે...** અહીંયા અભિપ્રાય (શબ્દ) નાખ્યો. ભિન્ન-ભિન્ન શબ્દ વાપરે, બાકી એ શુદ્ધનિશ્ચયથી નથી એમ કીધું. **શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે**... શુદ્ધનિશ્ચયના અભિપ્રાયે... ત્રિકાળી જ્ઞાયકભાવના અભિપ્રાયમાં આ બધું કાંઈ છે નહીં.

હવે અહીં, સકળ મોહરાગદ્વેષ નથી એ સિદ્ધ કરવું છે. સકળ મોહરાગદ્વેષ નથી. એનું કામ બધાનું..... કે હું એનો કર્તા નથી, કરાવનાર નથી અને કર્તાનો અનુમોદક નથી. આહાહા! યુવાન અવસ્થાનો કર્તા નથી, યુવાન અવસ્થાનો કરાવનાર નથી અને યુવાન અવસ્થાનો સંમત નથી. યુવાન અવસ્થા હોય તો ઠીક, શરીરથી ધર્મ થાય એમ નથી કહે છે. આહાહા!

શ્રોતા : વૃદ્ધ અવસ્થા હોય તો થાય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોઈથી થાય નહીં. એ પ્રશ્ન છે જ નહીં ત્યાં. આહાહા! અહીં તો એનાથી થાય નહીં, એ વખતે હું નથી તો એનાથી થાય કેમ? એમ. એમ કે શરીરની... માણસ સાધારણ કહેને? જરા.... આવે છે ને? ........ અષ્ટપાહુડમાં આવે છે. વૃદ્ધાવસ્થા ન થાય, રોગ બહાર ન દેખાય, ઇન્દ્રિય ... ન પડે ત્યાં સુધી ધર્મ કરી લેજે. એવું આવે છે. ઉત્તરાધ્યયનમાં નહીં. એ તમારું તમે સમજો. અહીં તો ભાવપાહુડમાં આવે છે. ઉત્તરાધ્યયનમાં નહીં. શ્વેતામ્બરમાં દશવૈકાલિકમાં આવે છે. દશવૈકાલિકમાં એ બધી ગાથાના અર્થ જોયા છે ને વાંચ્યા છે. દશવૈકાલિકના આઠમા અધ્યયનમાં આવે છે. વ્યવહાર...... પહેલા વજન આવ્યું કે ઇન્દ્રિય ઠીક હોય તો થાય ધર્મ. એય! એ તો એક પુરુષાર્થ ઝટ કર એમ બતાવવા એ વાત કરી છે. બાકી ન્યાં કાંઈ અવસ્થા-બવસ્થા હું છું અને એ અવસ્થા હોય તો થાય, વૃદ્ધાવસ્થા હોય તો ન થાય અને યુવાનવસ્થા હોય તો થાય—એવું કાંઈ છે નહીં. આહાહા!

સમજવું જોઈએને કે એ કઈ નયનું વાક્ય છે. અહીં તો ના પાડી કે ત્રણેય અવસ્થા હું નથી. પછી વળી વૃદ્ધાવસ્થા આવ્યા પહેલા ધર્મ કરી લે... એ આવ્યું છે શાસ્ત્રમાં. કુંદકુંદાચાર્ય પોતે કહે છે. એય! અહીં પણ કુંદકુંદાચાર્ય કહે છે. એ જાણવાની વાત કીધી છે એની. નબળા પુરુષાર્થવંતને એવા નિમિત્તોમાં અટકવું થઈ જાય છે એ ન અટક, આમ જા, અંદર જા. અંતરમાં જા, એને ઢીલ ન કર, એને કાળ ન લગાવ, એમ. એને, હમણા (નહીં), પછી કરીશું એમ ન હોય. જેને જેની રુચિ છે એને પછીનો વાયદો શો? એમ કહે છે. જેને અંતર રુચિ થઈ–રુચ્યું, મારો આત્મા ભગવાન પૂર્ણાનંદ છે એવી જેને રુચિ થઈ છે, અંદરમાં પોષાણ થઈ અનુભવ થયો, એને હવે વાર શી? કહે છે. પછી પુરુષાર્થની નબળાઈને લઈને વાર લાગે, પણ એને પછી કરું એમ હોઈ શકે નહીં. 'આજે જ' આવે છેને પ્રવચનસારમાં? છેલ્લે આવે છે. 'આજે જ.' આહાહા! બે

ગાથા આવે છે છેલ્લી. આહાહા! આજે જ કરી લે. વર્તમાનકાળે જ કરવાનું છે આત્મામાં. આહાહા!

મનુષ્ય અને તિર્યંચની પર્યાયની કાયા..... નારકી અને દેવને યાદ નથી કર્યા. કારણ કે એને કાંઈ છે નહીં, વયકૃત ફેરફાર છે નહીં. આને ફેરફાર છે. યુવાન અવસ્થા (હોય) સાંઢડા જેવી. વળી ઢીલી પડે ત્યાં આમ... એ બધી શરીરની વયકૃત અવસ્થા છે, મારામાં છે નહીં. મને મારામાં નથી તો, એ મને મદદ કરે, યુવાન અવસ્થા હોય તો મને ધર્મ થાય—એમ છે નહીં.

શ્રોતા : નિમિત્તપણે ધર્મ થાય એ ક્યાં રહ્યો?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણે કહ્યું? .... અમારે રાજમલજી કહેતા હતાને. આવા પ્રશ્નો પંડિતના? શરીરની વયકૃત... એય! શું કીધું? જીવિત શરીરથી ધર્મ થાય કે નહીં? લ્યો. ....... વાત સાચી. અહીં તો કહે છે કે એ છે જ નહીંને મારામાં. આહાહા! એનાથી થાય ને આમ થાય, જીવતા..... ભાઈ! તને તેં છેતર્યો છે. આમાં બીજાને કાંઈ છે નહીં. પોતે ઠગાય છે અને માને છે કે હું લાભમાં જાઉં છું. આહાહા! એ શુદ્ધનિશ્ચયના બળે... વિવિધ ભેદો એમ છે ને? ઓલામાં બધા ભેદવાળા.. ભેદવાળા.. ચૌદ ભેદવાળા, એટલા ભેદવાળા એ બધા હું નહીં. **શુદ્ધનિશ્ચયના અભિપ્રાય મારે નથી.**

પછી **સત્તા**–ભગવાન આત્માનું હોવાપણું એકરૂપ ત્રિકાળ, **અવબોધ**–જ્ઞાન, **પરમચૈતન્ય**–જ્ઞાન-દર્શન આદિ બધું. ઓલો અવબોધ જરી જુદું પાડ્યું જરી જ્ઞાનને. પરમચૈતન્ય... જ્ઞાન-દર્શનાદિ પરમ ચૈતન્ય અને **અને સુખની અનુભૂતિમાં લીન...** ધ્રુવ તો સુખની અનુભૂતિમાં લીન જ છે ત્રિકાળ, એમ કહે છે. પરમભાવસ્વભાવવાળા મને... પરમભાવસ્વભાવ તે જ હું એવા મને... આહાહા! હું **સત્તા, અવબોધ અને પરમચૈતન્ય ને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા...** આવો આત્મ ભગવાન ત્રિકાળ છે, ત્રિકાળ જ્ઞાન, ત્રિકાળ પરમ ચૈતન્ય સુખમાં લીન છે. સુખની અનુભૂતિમાં લીન જ છું હું. અર્થાત સુખસ્વભાવ સંપન્ન છે એ સુખની અનુભૂતિમાં લીન છે, એમ. એવું **વિશિષ્ટ આત્મતત્ત્વ** ત્રિકાળી... આગળ આવ્યું છેને જ્ઞાનચેતના? કારણપરમાત્માને જ્ઞાનચેતના છે અને કર્મફળચેતના એટલે આનંદના ફળનું અનુભવવું એ પણ કારણપરમાત્મામાં છે. ઉપયોગમાં આવ્યું છે ને?

શું કહ્યું વળી? આત્મા જે કારણસ્વરૂપ ત્રિકાળી પરમાત્મા ધ્રુવ, એમાં જ્ઞાનચેતના અને જ્ઞાનનું ફળ, આનંદનું ફળ એ બધું ત્રિકાળમાં પડ્યું છે. અહીં કીધુંને? સુખ અનુભૂતિમાં લીન. એ આનંદનું કર્મફળ–આનંદ એવું જે કાર્ય, ત્રિકાળી વસ્તુ એનું જે ફળ અનુભવ એ પણ ત્રિકાળ. એવો જે આત્મતત્ત્વ એને ગ્રહનારું... એને પકડીને **શુદ્ધદ્રવ્યાર્થિકના બળે...** (એટલે) શુદ્ધ દ્રવ્યનું પ્રયોજન જેને દૃષ્ટિમાં છે. એવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે એટલે શુદ્ધદ્રવ્યાર્થિકનયે **મારે સકળ મોહરાગદ્વેષ નથી.** મારે... એમાંય ચાર ગતિમાં એમ આવ્યું છે કે મારે દેવપર્યાય નથી. એમ

આવ્યું હતુંને? ઓલામાં પણ (એમ હતું). મારે એનો અર્થ પરમભાવસ્વભાવવાળાને એટલે મને. આહા! એટલે મારે આ છે નહીં. આહાહા! ભાગવત શાસ્ત્ર છે આ. ભગવાન એવો આત્મા, ત્રિકાળી ભગવાન એવો હું આત્મા, એમ. એવા મને.. એવા મને આવા ગ્રહનારા તત્ત્વના આશ્રયે મારે સકળમોહરાગદ્વેષ નથી. કંઈ જ છે નહીં મોહ-રાગ-દ્વેષ. એ દૃષ્ટિ પડી છે જ્ઞાન–જ્ઞાયકમાં, માટે મોહ-રાગ-દ્વેષ નથી, એમ. સમજાણું કાંઈ?

વસ્તુના સ્વભાવમાં દૃષ્ટિ પડવાથી વસ્તુના સ્વભાવમાં આ નથી. સકળ મોહરાગદ્વેષ છે જ નહીંને. આહા! પર્યાયમાં છે, એનો સ્વામી એ નથી, ધણી નથી. સ્વામી તો પોતાના જ્ઞાયકભાવ શુદ્ધભાવનો છે. આહાહા! વાસ્તવિક સત્યને કોરે મૂકીને વાતું કરવી બધી, એ વાતમાં કાંઈ માલ નહીં આવે. પછી મોટા પંડિતાઈ મોટી મોટી... વસ્તુ **भूदत्थमस्सिदो...** એ જ કહે છે ને? એ વાત છે. છોકરાઓને ત્યાં કહ્યું હતું ૧૧મી ગાથા. **भूदत्थो देसिदो दु सुद्धणओ...** ભૂતાર્થ વસ્તુ એને શુદ્ધનય કીધી. અહીં કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે વસ્તુ તે વસ્તુ છું. એમાં મને મોહ-રાગ-દ્વેષ નથી. આહાહા! આવું જ તત્ત્વ છે અને એવું તત્ત્વ આત્મા એ જ ખરેખર એનું સ્વરૂપ છે. એ સ્વરૂપને ન સ્વીકારતાં બીજી રીતે સ્વીકારે (તો) દૃષ્ટિ વિપરીત છે. આવું સ્વીકારીને, પર્યાયમાં ભેદો હો એને જાણે.. જાણે. જેમ અન્યને જાણે એમ એને જાણે.

હવે ક્રોધ, માન, માયા, લોભ નથી. છેને ગાથા? **रागो...** એ ૮૦ ગાથા થઈ. **णाहं रागो दोसो ण चेव मोहो...** હવે આવી ૮૧. એકેક ગાથાનો અર્થ... અહીં **સહજ નિશ્ચયનયથી** એમ શબ્દ વાપર્યો. બીજી વાત છે. આહાહા! કોઈપણ રીતે એનો વિસ્તાર, એનું વિશેષપણું સમજાય એ અપેક્ષાએ... સ્વભાવિક નિશ્ચયનયથી **(૧) સદા નિરાવરણસ્વરૂપ...** ત્રિકાળ નિરાવરણસ્વરૂપ હું છું. સહજ નિશ્ચયનયથી એટલે કે દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જવાથી, એ વસ્તુસ્વભાવ સહજ નિશ્ચય જે છે એવો જે સ્વભાવ સદા નિરાવરણસ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? આવરણ હતું અને આવરણ ગયું—એવું વસ્તુના સ્વરૂપમાં નથી. એ તો પર્યાયની અપેક્ષાએ છે. બંધ ને બંધનો અભાવ ને એ તો પર્યાયની અપેક્ષાએ છે, વસ્તુમાં છે નહીં. આહાહા! **સદાનિરાવરણ સ્વરૂપ...** અરે! દ્રવ્યને દૃષ્ટિએ સ્વીકાર્યું કે સદા નિરાવરણસ્વરૂપ હું છું. એ તો છે, પણ સ્વીકાર થયો ત્યારે તેને ખ્યાલમાં આવ્યું. વસ્તુ જે છે એ તો ત્રિકાળ નિરાવરણ છે, પણ વસ્તુ નિરાવરણ અસ્તિ ખ્યાલમાં કોને આવે? જે એના તરફ દૃષ્ટિ ગઈ એવા દૃષ્ટિવંતને ખ્યાલમાં આવ્યું કે આ તો સદા નિરાવરણ છે. સમજાણું કાંઈ?

**(૨) શુદ્ધજ્ઞાનરૂપ,** લ્યો, **(૩) સહજ ચિત્શક્તિમય...** ત્રિકાળ... શુદ્ધ જ્ઞાનરૂપ છું, સ્વભાવિક ચિત્શક્તિ... એક જ્ઞાનશક્તિ નાખી એમાં વીર્ય સમાઈ જાય છે. ચિત્શક્તિમય છું... એકલો શુદ્ધજ્ઞાન ને સ્વભાવિક ચિત્શક્તિ **(૪) સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ...** લ્યો, ત્રિકાળ. **સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ...**, એમ. દર્શનનું પરિપૂર્ણ રૂપ મારું છે. પૂર્ણ

એટલે છે જ એમ. સ્વભાવિક દર્શનનો પૂર્ણ... જાણે પ્રગટ જ છે બધું, એમ. વસ્તુમાં તો દર્શન પૂર્ણ પ્રગટરૂપ નિત્ય પ્રગટ પરિપૂર્ણમૂર્તિ છું. **(–જેની મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ છે એવા)...** સ્ફૂરણથી... પ્રગટ પર્યાયની વાત નથી. વસ્તુ પ્રગટ રૂપ પૂર્ણ ત્રિકાળ... છે. આહાહા! આની દૃષ્ટિ કરવી, એ કેટલો પુરુષાર્થ છે એમાં. એ સૂઝતું નથી અને આ બહારનું આ કરવું, તે કરવું, ફલાણું કરવું એમાં એને ગતાગમ લાગુ પડે છે. જેમાં ગમ લાગવી જોઈએ ત્યાં ગમ કરતો નથી. આહાહા! સ્વભાવિક દર્શનના સ્ફૂરણના પ્રગટપણાથી પરિપૂર્ણ છે એ તો. દર્શન પ્રગટપણે પરિપૂર્ણ છે આત્મા.

**અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા...** લ્યો. યથાખ્યાત એટલે ઓલું યથાખ્યાત (પર્યાય) નહીં. ત્રિકાળ યથાખ્યાત. જેમ પ્રસિદ્ધ છે ચારિત્ર અંદર ત્રિકાળ.. ત્રિકાળ.. એમ. સ્વભાવિક યથા પ્રસિદ્ધ... અવિચળ, સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ અંદર... ધ્રુવમાં **અવિચળરૂપ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત...** યથા નામ પ્રસિદ્ધ. મારું ચારિત્ર ત્રિકાળ પ્રસિદ્ધ છે, એમ.

શ્રોતા : દ્રવ્યકા યથાખ્યાત ચારિત્ર....?

પૂજ્ય ગુરુદેવશ્રી : દ્રવ્યકા. દ્રવ્યકા. .... યથાખ્યાતનો અર્થ આ યથા પ્રસિદ્ધ.

**સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ** સ્વભાવિક **યથાખ્યાત** એમ કીધું છે ને? સ્વભાવિક યથાખ્યાત–ત્રિકાળ યથાખ્યાત. જેમ દર્શનનું સ્ફૂરણ પ્રગટ છે, એમ આ ચારિત્રની પ્રસિદ્ધિ ધ્રુવમાં પ્રસિદ્ધ પ્રગટ છે. આહાહા! અલૌકિક બાત હૈ! **સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા એવા મને...** એમ. આ તે હું, એમ. એવા મને... માને છે એ તો પર્યાય છે, છતાં એવા મને.... ત્રિકાળ છેને. આમ મને... આ 'મને આમ છે અને આ નથી' એ તો બધું પર્યાય નક્કી કરે છે. પર્યાયમાં એ નક્કી છે કે આ જ મને (એટલે) દ્રવ્યને મને, એમ. શું ગુણસ્થાન નથી? એનો અર્થ એ કે ત્રિકાળ નિરાવરણ શુદ્ધ જ્ઞાનરૂપ સ્વભાવિક ચિત્શક્તિ અને દર્શનનું પ્રગટપણું અને ચારિત્રનું પણ પ્રસિદ્ધ પ્રગટપણું અંદર એવા મને... એવો હું... એવા મને–એવા પરમભાવસ્વભાવવાળાને મને.... આહાહા!

**સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.** આહાહા! એમાં આવી ગયું કે વ્યવહાર રાગાદિ નથી. વ્યવહાર રત્નત્રયનો શુભ ઉપયોગ એ આવા મને નથી. એમાં આવી ગયુંને? ક્રોધ, માન—દ્વેષ, માયા, લોભ—રાગ. રાગનો પ્રકાર એ વ્યવહાર. વ્યવહાર મને નથી. હું તો પરમસ્વભાવભાવવાળો પ્રભુ... 'મને' એ ને? 'મને' એમ શબ્દ છે. એ મને નથી. 'મને' એમ શબ્દ પડ્યો છે. બીજી લીટી. મને એ નથી. મને એ નથી એટલે પર્યાયમાં બોલ્યો, જણાણો. આમાં મને.... હું આ એ આમાં નથી. મને એટલે હું જે ત્રિકાળીભાવ એવું જે મને આ નથી. એ નિર્ણય પર્યાય કરે, પણ પર્યાયમાં આ મને (એટલે) દ્રવ્ય(રૂપ) હું મને. સમજાણું કાંઈ?

શ્રોતા : 'મને' શબ્દ દ્રવ્ય માટે વપરાણો છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દ્રવ્ય માટે વપરાણો છે. નિર્ણય કરે છે પર્યાય. મને નથી એટલે હું દ્રવ્ય છું એમાં આ નથી, એમ નિર્ણય પર્યાય છે. મને એટલે આ હું, એમ. સમજાણું કાંઈ? એ તો પહેલા આવી ગયું છે ને. ઓલામાં આવ્યું હતું. હા એ.

**પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને નથી**. પરમભાવસ્વભાવવાળાને એટલે પરમભાવસ્વભાવવાળો હું મને નથી. આહાહા! પર્યાય એમ કહે છે કે આ દ્રવ્ય છે એ હું. આહાહા! આખું તત્ત્વ તે હું.. તે હું એવો નિર્ણય પર્યાય કરે છે. પણ આ હું, એમાં આ નથી. પર્યાય જે નિર્ણય કરે છે એ પર્યાય એમાં નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? અંશ હૈ વહ અંશીમેં હૈ નહીં. 'નથી' એવો નિર્ણય પર્યાય કરે છે, કાંઈ દ્રવ્ય તો નિર્ણય કરતો નથી. દ્રવ્ય તો ધ્રુવ છે. પણ નિર્ણય કરે છે કે મને એટલે... પર્યાય એમ કહે છે 'મને' એટલે આ મને (દ્રવ્યને), એમ. આ મને, આ હું, એવાને આ નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! સમયસારથી પણ કેટલીક વાત આમાં વિશેષ છે. ભાઈએ કહ્યું હતુંને? શીતલપ્રસાદને લિખા હૈ..... એ મોક્ષમાર્ગ કોને આધારે પ્રગટે એની વ્યાખ્યામાં લીધું છે. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ તે હું. મને એટલે મારે આ.. મારું આ. મને એટલે હું આ. એવો નિર્ણય તો પર્યાય કરે છે, પણ પર્યાયમાં નિર્ણય (છે કે) આ 'મને' (એટલે) ધ્રુવ એ 'મને', એમ. ધ્રુવ એ મને, ધ્રુવ એ મારે આ નથી. આહાહા! એ નિર્ણય કરનારી પર્યાય પણ ધ્રુવમાં નથી. આહાહા!

**સમસ્ત સંસારના ક્લેશના હેતુભૂત ક્રોધ-માન-માયા-લોભ નથી**. એ તો આવી ગયું, નહીં? યથાખ્યાત ચારિત્ર ને અકષાયસ્વભાવસ્વરૂપ, એમ. હું તો ત્રિકાળ અકષાયસ્વભાવસ્વરૂપ છું. એવા અકષાયસ્વભાવસ્વરૂપ મને આ કષાયો નથી. અકષાયસ્વભાવ તે હું, એવા મને એટલે હું તો આ મને, એમ. અકષાયસ્વભાવ તે હું. એ મને... પર્યાય એમ કહે છે. કાર્ય તો..... મને કહેનાર તો પર્યાય છે. મને એટલે ઓલા દ્રવ્યને મને, એમ. આવા શબ્દો 'મને' 'મને' બહુ આવે છે સોગાનીમાં ત્રીજા ભાગમાં. અટપટું લાગે એવા. 'મને'... 'મને' કહેનાર તો પર્યાય છે. મને એટલે દ્રવ્યને. સમજાણું કાંઈ? એ શબ્દ છે આચાર્યના. એમની ભાષા તો આવે એમ આવેને. બીજું શું થાય? એ બોલો કહ્યા પાંચ ગાથાના. એક, બે, ત્રણ , ચાર ને પાંચ.

**હવે, આ (ઉપરોક્ત)...** ઉપર કહેલી પાંચ ગાથાના ભાવો **વિવિધ વિકલ્પોથી** (એટલે) બધા **(ભેદોથી)...** વિવિધ વિકલ્પ એટલે ભેદોથી **ભરેલા વિભાવપર્યાયોનો...** લ્યો, એ બધા વિભાવપર્યાયો છે, કહે છે. **નિશ્ચયથી હું કર્તા નથી...** લ્યો, ભેદોનો હું કર્તા જ નથી. **કારયિતા નથી**.. (એટલે) ભેદોનો કરાવનાર. કરનાર ભલે એ હોય (અને) કરાવું હું—એમેય નથી. **વિવિધ વિકલ્પોથી...** અરેરે! આવા તત્ત્વો કેટલા ચોખ્ખા ભર્યા છે. ચોખ્ખા લખાણ, ચોખ્ખા પ્રસિદ્ધ. સ્વાધ્યાય કરે નહીં અને સાચાને ખોટા ઠરાવે, ખોટાને સાચા. શું કરે? એને બેસે એમ. દૃષ્ટિમાં

એને ખ્યાલમાં ન આવે કે..... આ તો કોઈક વિરલા પ્રાણીને તો કાને પડે છે. કાને પડે એ વિરલા ને. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા ધારે કોઈ...' આવે છે ને? યોગસાર. 'વિરલા સાંભળે કોઈ...' એવું આવ્યું હતું. આવી ચીજ તો વિરલા સાંભળે કોઈ. આમાં વાદવિવાદ કરવા હોય, એને આ વાત બેસે કંઈ નહીં. વાદવિવાદનો વિકલ્પ જ જેમાં નથી. આહાહા!

**આ ઉપરોક્ત વિવિધ વિકલ્પ**–અનેક પ્રકારના ભેદોથી ભરેલા **વિભાવપર્યાયનો નિશ્ચયથી હું કર્તા નથી, કારયિતા નથી**... હવે એમાં નાખ્યું. **અને પુદ્‌ગલકર્મરૂપ કર્તાનો...** એ બધા ભેદોનો પુદ્‌ગલકર્મ કર્તા છે. લ્યો, નિમિત્તને આધીન ભેદ થાય એ બધું પુદ્‌ગલકર્મ લીધું. આહાહા! 'શાંતિદાયક શાંતિ જિનરાયા' આવે છે ને? ભક્તિમાં. એ શાંતિદાયક શાંતિ જિનરાયા. હું ત્રિકાળ ભગવાન આનંદસ્વરૂપ ધ્રુવ એને, કહે છે કે આ પુદ્‌ગલકર્મનો કર્તા નહીં. એ પર્યાયનોય કર્તા નહીં આત્મા. આહાહા! **(-વિભાવપર્યાયોના કર્તા જે પુદ્‌ગલકર્મો તેમનો–) અનુમોદક નથી...** ભેદ છે એ ઠીક કર્યા, કર્મના નિમિત્તે થયા, પણ ઠીક પડ્યા—એ સંમત હું નથી. આહાહા! હજી તો આ, પરનું કાંઈ કરે નહીં એ દિગંબર જૈન નહીં. પરનો કર્તા ન માને... એ ગજબ વાત છે ને! આહાહા! અરેરે!

'અરેરે' એવું બોલતી છોડી, નહીં? તમે નહોતા. આદર્શ નગરમાં એક છોડી હતી બાઈ. એવો કંઠ કોણ જાણે એવો કંઠ! અંદર વસવસે... અરેરે.. પણ એવો કંઠ કે એક-એક શબ્દ બોલે એનો ભણકાર વાગે, ધ્વનિ વાગે કોઈ એ જાતની. હતા કોઈક? નહોતી બોલી? ગાયન બોલી હતી. હતું ગાયન વૈરાગ્યનું, પણ કંઠ ને ધ્વનિ એવી ધ્વનિ.. ગમે તે અક્ષર બોલે તો આમ રણકાર ઉઠે એકલો. અરે... એમ કરીને..... કીધું, શું કરે છે! એની એ દેશી, ઓલું લેને દેશી. દેશીમાં જેમ કરેને એમ. એની ઢબ એવી હતી. પછી કાંઈક પુસ્તક આપ્યું હતું, નહી? ઇનામ. શું આ જ હશે? કંઈક આપ્યું હતું ખરું. 'હિતની વાત' હશે. ..... આહાહા! એ કંઠના અવાજોનો કર્તા પુદ્‌ગલ છે. પણ એ ચીજ કરે છે પુદ્‌ગલ અવાજ સારો, એનો અનુમત હું નથી એમ કહે છે. આહાહા!

આ વિભાવપર્યાયોનો ભેદ પાડે છે કર્મ એનો હું કર્તા નથી, હું કરાવનાર નથી, હું એનો અનુમોદક નથી. આહાહા! પાઠ છે ને? પહેલા સાધારણ ગાથામાં અર્થ કરી, મૂળ તો ગાથા દીઠ છે 'કર્તા ન કારયિતા ન અનુમંતા'. પછી સંકેલ્યું એક સાથે પાંચના નામ આપી, ખુલાસો પછી કરી નાખ્યું. અને તે પણ એ બધું પર્યાયના ભેદોનો પુદ્‌ગલકર્મરૂપ કર્તા, એમ પાછું સિદ્ધ કર્યું. આહાહા! જેમ ન્યાં કીધુંને? પુદ્‌ગલ પરિણામ અનુભૂતિથી ભિન્ન છે. ૫૧ થી ૫૫ (સમયસાર). અહીં કહ્યું, હું તો અભેદ ચિદાનંદ ધ્રુવ એમાં જેટલા ભેદો જણાય એનો પુદ્‌ગલકર્મ કર્તા છે. દ્રવ્ય કર્તા નહીં. ત્યારે એ પુદ્‌ગલ કર્તા છે એનો હું સંમત પણ નથી એમાં. આહાહા! ઠીક! કર્મના નિમિત્તે ભેદ પડ્યા, મેં તો ભેદ પાડ્યા નથી, ભેદ પાડનારો હું નથી, કરાવનારો હું નથી, પણ ભેદ

પડ્યા એને હું ઠીક (એમ) સંમત નથી. આહાહા! ફક્ત ભેદોનો જાણનાર છું, એ તો નિશ્ચયનું જ્ઞાન છે, એમાં ભેદને જાણવાનું જ્ઞાન પ્રગટ થાય છે સાથે. સાથે ને સાથે, એ કાંઈ આઘુંપાછું નથી. એ વાત અહીં લેવી નથી. અહીં તો 'આ નથી' એમ કહીને ભેદનું જ્ઞાન કરે છે, પણ ભેદ 'મારામાં છે' એમ નથી. આહાહા! **એમ વર્ણવવામાં આવે છે**, લ્યો.

**હું નારકપર્યાયને કરતો નથી...** પહેલું તો એટલું હતુંને કે નારકપર્યાય હું નથી. એમ પહેલું કહ્યું હતું. **णाहं** એમ હતોને પાઠ? **णाहं णारयभावो**.. પછી કર્તા, એમ. પછી ખુલાસો કર્યો. **નારકપર્યાયને કરતો નથી**, આહાહા! **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** સ્વભાવિક ચૈતન્યનો વિલાસ એવો જે આત્મા ત્રિકાળી હોં, સ્વભાવિક ચૈતન્યનો વિલાસ... ચૈતન્યનો જેમાં વિલાસ છે એવું સ્વરૂપ જે 'આત્માને જ' એ દ્રવ્ય થયું. 'ભાવું છે' એ પર્યાય થઈ. સંપ્રદાયમાં તો આવી વાતની ગંધેય નહોતી. હતી? આહાહા!

અમારા હીરાજી મહારાજ હતા બિચારા એવા ભદ્રિક, સરળ, કષાય મંદ. આ શબ્દ કાને ન પડ્યા હોં. સંપ્રદાયની દૃષ્ટિ પ્રમાણે તો એની સ્થિતિ એવી હતી.... સંપ્રદાયની. બહુ..... ચાર વર્ષ જોડે કાઢ્યા છે ને. આમ છ વર્ષ સંસારના (ગણીને). બહુ શાંત.. શાંત.. કાનેય નહીં પડી હોય આ વાત. આહાહા! પરની ક્રિયા કરી શકે નહીં, પરની દયાનો ભાવ એ રાગ, એ આત્મામાં નહીં—એ વાત સાંભળી નહીં. આહાહા! જોયા હતા તમે? ગુજરી ગયા ત્યાં સુરેન્દ્રનગર (સંવત) ૭૪. ૫૩ વર્ષ રહ્યા. ઓહો! હિંદુસ્તાનના હીરા કહેવાય, પણ આ શબ્દ કાને નહીં. એય! આ મલુકચંદભાઈ એના ગુરુ હતા. પણ એ વખતે એ હતું હોં, એમ જ હતું. બસ, બસ. .... વાત જ બીજી કાંઈ નહોતી તે શું કરે? આહાહા! કેટલી દુર્લભ વસ્તુ સાંભળવી દુર્લભ! એને પાછી સમજવી, વિચારીને રુચવવી... આહાહા! એનું પરિણમન કરવું, આહાહા! અલૌકિક વાત છે. હું તો ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્મા (છું). રાગના વિલાસ અને સંસારનો વિલાસ તે આત્મામાં છે જ નહીં. આહાહા! તેથી **આત્માને જ ભાવું છું**... વિશેષ કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## અષાઢ વદ ૧૧, રવિવાર, તા. ૧૮-૭-૧૯૭૧
## ગાથા – ૭૭ થી ૮૧, પ્રવચન નં. ૭૦

આ નિયમસાર, પ્રતિક્રમણનો અધિકાર છે. પ્રતિક્રમણ એ ચારિત્રના પેટાનો–પેટાભેદ છે. અધિકાર તો ચારિત્રનો નિશ્ચયચારિત્રનો છે, એના પેટાભેદમાં પ્રતિક્રમણ છે. એની પાંચ રતન ગાથાઓ. અહીં આવ્યું છે આપણે જુઓ! ૧૫૩ પાને નીચેનો બીજો પેરેગ્રાફ.

**હું નારકપર્યાયને કરતો નથી...** જુઓ! ઝીણી વાત છે. ભગવાન આત્મા.. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે એ આત્મા જે અભેદ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જોયો, એની જેને દૃષ્ટિ થાય (એટલે) એ અભેદ ચૈતન્ય વસ્તુ એકરૂપ છું એવો સ્વભાવનો આશ્રય લે અથવા સ્વભાવની સેવના કરે ત્યારે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને એમ માને છે કે હું નારકની પર્યાય–ગતિને કરતો નથી. ચાર ગતિ લેવી છે, પણ એમાં પહેલા નરક લીધી છે. **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** હું ગતિ-બતિ, નરકની ગતિ એ હું નહીં. નરકગતિમાં સમકિતી હોય, તોપણ એ નરકગતિ એ 'હું નહીં' (એમ માને છે). હું તો એક શુદ્ધ ચૈતન્યવિલાસ–ચૈતન્યની જેમાં રમત ને વિલાસ છે એવો જે ભગવાન આત્મા વસ્તુ ધ્રુવ ત્રિકાળી જ્ઞાયકભાવ એને ભાવું છું.

એવા **આત્માને જ ભાવું છું**. 'જ' શબ્દ છે. આહાહા! ઝીણું બહુ ઘણું. વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ અભેદ એવો જે આત્મા એની જેને દૃષ્ટિ અને અનુભવ થયો એવો જે ધર્મી, એ ધર્મી પોતાને એમ જાણે ને માને છે કે હું તો નરકગતિમાં નથી, નરકગતિ મને નથી. આહાહા! હું તો ચૈતન્યવિલાસસ્વરૂપ જ્ઞાનાનંદની રમતું જેમાં છે એવો જે ભગવાન આત્મા એને હું ભાવું છું, એમાં હું સન્મુખ છું, એવો ત્રિકાળી જ્ઞાયકભાવ તેની સન્મુખ છું. એ એની ભાવના ભાવું છું એમ કહે છે. આહાહા! ઝીણું છે આ જયંતિભાઈ!

વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા, એ ભગવાને ધર્મીનું સ્વરૂપ એવું વર્ણવ્યું ને કહ્યું કે ધર્મી એને કહીએ કે જે પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યવિલાસસ્વરૂપ પ્રભુ આત્મા.. એમ. ચૈતન્યના વિલાસરૂપ આત્મા એને જ હું ભાવું છું. હું એવા ત્રિકાળી જ્ઞાયકભાવ સન્મુખ જ છું. ગતિથી વિમુખ છું એટલે ગતિ મારામાં નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હું એનો કર્તા નથી, કરાવનાર નથી... આજ આવી જશે. એ નરકગતિ એનો હું કરનાર નથી. શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકમાં (છે એમ) કહેવામાં આવે છે. કહેવામાં આવે એટલે ખરેખર એ આત્મામાં છે, એમ. પણ કહે છે કે એ ધર્મી જીવ ક્ષાયિક સમકિતી ધર્મી છે. એથી એ નરકની ગતિનો કરનાર હું નથી. આહાહા! તેમ એ

ગતિનો કરાવનાર હું નથી અને ગતિ થઈ એનો હું સંમત નથી–એનો અનુમોદનાર હું નથી. આહાહા!

હું તો એક ચૈતન્યવિલાસની ચીજ આત્મા, જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન એ વસ્તુ, એને ભાવું છું, એના સન્મુખ થઈને હું એકાગ્ર થાઉં છું. એમાં હું એકાગ્ર છું. આનું નામ ધર્મી અને એને ધર્મ, આત્માના એકાગ્રતાની ભાવના થઈ એ એનો ધર્મ. ભારે ઝીણી. વીતરાગનો આ માર્ગ છે. અંતરમાં ગટાગટી છે. આહાહા! એ નરકની ગતિ મારા સ્વરૂપમાં જ નથી. ગતિ તો નથી, પણ ગતિ સંબંધીના જે ભાવ હતા પૂર્વે બાંધેલ, એ ભાવેય મારામાં નથી. આહાહા! ચૈતન્ય વિલાસની રમતું જેમાં આનંદનો વિલાસ છે એવો ભગવાન આત્મા મારી ત્રિકાળી ચીજ છે એની સન્મુખ થઈને હું એની ભાવના કરું છું. એની સન્મુખ છું અને નરકગતિથી વિમુખ છું એમ કહે છે. આહાહા!

બીજું. **હું તિર્યંચપર્યાયને કરતો નથી...** તિર્યંચમાં પણ પંચમ ગુણસ્થાન, ચોથા ગુણસ્થાનવાળા અસંખ્ય જીવ છે. નારકીમાં પણ અસંખ્ય જીવ છે અને પશુમાં પણ અસંખ્ય જીવ આત્મજ્ઞાની સાધક ધર્માત્મા છે. એ તિર્યંચ હજાર યોજનનું શરીર હોય... મનુષ્ય, તિર્યંચની ગતિ હો એ હું નહીં, હું એમાં નહીં, એ ગતિ મારામાં નહીં. આહાહા! હું તો એક ચૈતન્યવિલાસની ચીજ ભગવાન આત્મા (છું) એની સન્મુખમાં મારી દૃષ્ટિ છે. એની સન્મુખમાં હું એકાગ્ર વળેલો છું. આહાહા! ગતિથી–તિર્યંચગતિથી મારી વિમુખતા છે. સમજાણું કાંઈ? માર્ગ એવો છે. અનંત કાળમાં એણે એક સેકંડ પણ સાંભળ્યો નથી યથાર્થ સ્વરૂપે. આહાહા! આમ બહારમાં હો-હા.. પૂજા ને ભક્તિ, દયા ને દાન, વ્રત ને તપ ને સામાયિક એ બધી તો રાગની ક્રિયા.. રાગની ક્રિયા છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા! ધર્મ તો ગતિના ભાવથી પણ રહિત, ગતિના અસ્તિત્વથી (રહિત છે). ગતિનું હોવાપણું એ હોવાપણું મારામાં નથી અને એ ગતિના હોવાપણાને મેં કરી નથી. પશુગતિ કરાવી નથી અને કર્તા હોય કર્મથી તેનો હું સંમત નથી.

**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...** સ્વભાવિક ભગવાન આત્મા ચૈતન્યના વિલાસસ્વરૂપ... જેમાં ચૈતન્યવિલાસ સ્વભાવ છે એવા સ્વભાવવાનને જ ભાવું છું. આહા! ભારે ભાઈ ધર્મની રીત. આવો માર્ગ છે વીતરાગનો. વીતરાગ એટલે શું? તારો સ્વભાવ જ વીતરાગ છે અંદર. એના ભાવમાં એકાગ્ર થઈને વીતરાગપણાની પર્યાય પ્રગટ કરવી એ ધર્મ. જયંતિભાઈ! આ તો સાંભળ્યુંય ન હોય–કાને વાત પડી ન હોય. એમ ને એમ જિંદગી.... અરે! અવતાર પૂરા થવાના કાળ કેટલાકને છે, પણ આ શું કહે છે એની ખબરું વિના અને એની ચીજની ખબર વિના એની સન્મુખની એકાગ્રતા હોય નહીં અને અંતર એકાગ્રતા વિના એને ધર્મ હોય નહીં. એ જન્મ-મરણથી ૮૪ના અવતારની ઘાણીમાં પિલાય છે. દુઃખી છે એ. અબજોપતિ શેઠિયા હો, રાજા કે દેવ હો, એ દુઃખની ઘાણીમાં પિલાય છે બધા, એને ભાન નથી. એ દુઃખની પીડા ને દુઃખની દશા

એવી ગતિ તિર્યંચ કે મનુષ્ય એ હું નહીં. એને ઓળંગી ગયેલું મારું તત્ત્વ, ચૈતન્યના આનંદના વિલાસ જેમાં છે, આનંદનો જેમાં મોજ છે, આહાહા! **એવા આત્માને ભાવું છું.** એવા આત્મભાવની એકાગ્રતા એનું નામ ભાવું છું.

**હું મનુષ્યપર્યાયને કરતો નથી...** લ્યો. કોઈ કહે કે આ મનુષ્યપર્યાય છે તો ધર્મ થાય. એમ નથી. મનુષ્યપર્યાય જ આત્માની નથી. આ શરીર નહીં હોં, પણ ગતિ. મનુષ્યની ગતિ યોગ્ય જે ઉદયભાવ એ હું નહીં. આહાહા! જે હું નહીં એનાથી મને ધર્મ થાય—એમ બને નહીં. આહાહા! ભાઈ! મનુષ્યગતિ મળી, પાંચ ઇન્દ્રિય મળી તો એને કેટલો લાભ થાય? અહીં કહે છે, ભગવાન! સાંભળને પ્રભુ! એ ગતિ ને મનુષ્યના ભવનો ભાવ એ આત્મા જ નથી, એ આત્મામાં નથી. એવા મનુષ્યભવની ગતિને કરતો નથી, હું કરતો ને રચતો નથી, મનુષ્યગતિને હું રચતો નથી. ધર્મી સમ્યગ્દૃષ્ટિ પોતાના ત્રિકાળી શુદ્ધસ્વભાવના સત્તાના સ્વીકારમાં (માને છે કે) મનુષ્યની પર્યાયને હું કરતો નથી, મેં રચી નથી. આહાહા! એ મનુષ્યની પર્યાયને હું કરાવતો નથી. થયેલીને સંમત નથી કે એ ઠીક થયું આ મનુષ્યપણું–મનુષ્યની ગતિ, તો આ ધર્મને સાંભળવાનો જોગ થયો. એને હું સંમત નથી, ધર્મી કહે છે. આહાહા!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ પ્રભુ ત્રિકાળી એવો સહજાનંદ પ્રભુ એને હું ભાવું છું, એને હું ભજું છું, એની હું ભક્તિ કરું છું. ત્રિકાળી જ્ઞાયકભાવની હું ભક્તિ કરું છું, એને ભજું છું, એમાં એકાગ્ર થાઉં છું, એમ. આહાહા! કહો, કાંતિભાઈ! ભારે વાત. સમજાણું કાંઈ? આવો ધર્મ! બાપુ! ધર્મ તો એવો જ છે. **વત્થુ સહાવો ધમ્મો**.. વસ્તુ એવો જે આત્મા, એનો સ્વભાવ ચૈતન્યવિલાસરૂપી ભાવ, એની એકાગ્રતાએ અંદરમાંથી ભાવ આવે એ વસ્તુનો સ્વભાવ તે ધર્મ. આહાહા! માણસને એવું લાગે આ કે આ તો બધું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય છે એટલે સાચું.. સાચું.. સાચું છે. આહીં કાંઈ ખોટું આવતું નથી. વ્યવહાર આવે એ ખોટો છે. આ તો આગળ કહેશે હજી. **હું મનુષ્યપર્યાયને કરતો નથી**... આહાહા! તો આ વેપારધંધાને કરું છું એમ હશે? આ બધા વેપારધંધા શી રીતે ચાલતા હશે? માણસના આત્મા વિના ચાલતા હશે? એની મેળાએ ચાલે છે એમ કહે છે. આહાહા!

શ્રોતા : સબ આરંભ-પરિગ્રહસે રહિત કહા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ આરંભ-પરિગ્રહના પરિણામ જ સ્વભાવમાં નહીં હૈ. આહાહા! જેને છે અને મારા માન્યા છે એ જીવ ધર્મી નથી. કહ્યુંને, વ્યવહારે છે એને–અજ્ઞાનીને. સમજાણું કાંઈ? આહાહા!

ચૈતન્યના વિલાસરૂપી ભગવાના સત્તા, જેની સત્તામાં–હોવાપણામાં તો એકલો જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એવા સ્વભાવમાં જેને સન્મુખતા ધર્મીને થઈ છે, એ ધર્મી એમ માને છે કે નારકની પર્યાય, મનુષ્યપર્યાય કરતો નથી, કરાવતો નથી, હું સંમત નથી કે મનુષ્યપણું છે

તો મને કાંઈક લાભ થયો.—એમ માનતો નથી એમ કહે છે. હું ત્રિકાળી છું તો મને લાભ થયો છે એમ કહે છે. હું એક ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ એ છું તો મને લાભ થયો છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ આવો નીકળ્યો માળે ભારે! એ હિંમતભાઈ! ઓલા અજ્ઞાની સામાયિક, પોષા ને પડિકમણા કરતા બિચારા વેઠું. હવે એ કહે કે મારે ધર્મ થાય. અરે ભાઈ! તને ખબર નથી પ્રભુ! આહાહા! તારી જાતમાં એ વિકલ્પો છે નહીં. આહાહા! જે ભાવથી મનુષ્યગતિ મળે એ ભાવ તારામાં નથી અને એ ભાવ મારો માને એ આત્મા નથી. આહાહા! શું થાય? જગત અનાદિથી લૂંટાણું છેને. એ લૂંટાણું છે કેમ એની એને ખબર નથી. આહાહા!

કહે છે, **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...** એમ. એટલે કે દ્રવ્યને જ. ભાઈ! એક વસ્તુ છે ત્રિકાળી જ્ઞાયક એને જ, પર્યાયને નહીં. પર્યાય એમાં ઢળે છે, પણ ભજું છું દ્રવ્યને. આહાહા! વસ્તુ છેને ત્રિકાળી. અવિનાશી ભગવાન આત્મા અનંત-અનંત શરીરમાં, પણ રહ્યો તો એનો એ જ. પર્યાયમાં પલટા માર્યા, પણ વસ્તુ તો છે એ છે. આહાહા! એવી ચૈતન્યસત્તા પ્રભુ મારી સત્તા એવી, એના સ્વીકારમાં, એની સન્મુખતામાં મને જે ધર્મદશા થાય એમાં ગતિ-બતિનું રચવું એ છે નહીં. આહાહા! મનુષ્યગતિની સહાયતા મને નથી કે મનુષ્યગતિ હતી તો મને સમ્યગ્દર્શન થયું. હું ત્રિકાળી હતો તો મને સમ્યગ્દર્શન થયું. આહાહા! સમજાય છે કાંઈ? બાપુ! ધર્મ કંઈ અપૂર્વ ચીજ છે. અનંત કાળમાં અનંત-અનંત કાળ એણે વિચાર્યું છે કે દિ'? ક્યાં ક્યાં રહ્યો? નરકમાં રહ્યો, દરિદ્રતામાં રહ્યો, કીડે-કાગડે-કૂતરે અનંતા ભવ કર્યા. આહાહા! અરે! એનો ઇતિહાસ... ઇતિ-હાસ—એનું બધું ઇતિ જુએ હોય હ્રાસમાં ગયું–દુઃખમાં ગયું છે. આહાહા!

ભગવાન આત્મા પોતાની નિજ પુંજીની કિંમત ટાંક્યા વિના રાગ ને સંયોગ ને એક સમયની અવસ્થાની કિંમત કરી રખડ્યો. એના રખડવાના અંતનો આ આરો છે. જ્યાં અંતર સ્વભાવમાં ચોરાશીના અવતારનું કારણ એવા ભાવ જ જેનામાં નથી. એમાં તો અનંત આનંદ, જ્ઞાનભાવ સ્વભાવ ભર્યો છે. એવા અનંતની લહેરું વહેતી પ્રભુ એમાં જેની સન્મુખતા છે, એને અહીંયા જન્મ-મરણના અંતના આરા લાવ્યો, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ અંતરની વાતું છે ભાઈ! આહાહા!

**હું દેવપર્યાયને કરતો નથી...** દેવ સર્વાર્થસિદ્ધિનો દેવ એકાવતારી છે. સર્વાર્થસિદ્ધિનો દેવ છે. એ કહે, દેવ હું નહીં હોં. આહાહા! અને હું દેવ છું માટે એકાવતારી છું એમ નહીં. હું તો ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન આત્મા છું તેથી મને એક અવતાર હવે છે, બાકી બીજું બીજાને લઈને છું નહીં. આહાહા! એ અવતાર ને વિકલ્પ પણ મારામાં નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! દિગંબર સંતોએ અમૃતને રેડ્યા છે. એવી વાત બીજે ક્યાંય સાંભળવા મળે એવી નથી એવી વાત છે. સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. આવે છેને? ભાઈ! અનુભવપ્રકાશ. સંતોએ સહેલો.......

એવો ભગવાન મહાનિધિનિધાન જેણે પ્રસિદ્ધપણે પ્રગટ કર્યો અને પ્રસિદ્ધપણે પ્રગટ થાય તેની કળા સમજાવી. સમજાણું કાંઈ? 'અહો! ઉપકાર જિનવરનો...' આવે છે ને? અરે! હું દેવ નહીં. પણ સર્વાર્થસિદ્ધિમાં જાય એને એકાવતારીપણું થાય અને એક ભવે મોક્ષ થાય. અરે! મોક્ષ તો મારા સ્વભાવમાં પડ્યો જ છે. હું તો મોક્ષસ્વરૂપ જ છું. ચૈતન્યના વિલાસસ્વભાવી ભગવાન આત્મા ત્રિકાળ મુક્તસ્વરૂપ છું. એ મુક્તમાં એકાગ્ર થવાથી પર્યાયમાં મુક્તદશા પ્રગટ થાય છે. કોઈ રાગની ક્રિયા ને નિમિત્તની ક્રિયાથી કંઈ મુક્તિની પર્યાય પ્રગટ થતી નથી. આહાહા! શ્રીમદ્દે ન કહ્યું એમાં? કે અરે, ભવચક્રનો આરો... 'તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો.' આહાહા! જુઓ! સોળ વર્ષની ઉંમરે ટૂંકામાં કહ્યું, લ્યો. આવું મનુષ્યપણું મળ્યું ભાઈ! તને, એમાંથી ભવનો આંટો ન ટળ્યો... અને એક ટાળ્યો એણે બધા ટાળ્યા આહાહા!

જેને ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ—સત્-શાશ્વત, જ્ઞાન ને આનંદનો નાથ એનો જેને ભેટો થયો, બધા ભવ ગયા. હતા તો નહીં, પણ પર્યાયમાં જે હતા, વસ્તુમાં નહોતા. પર્યાયમાં હતા, એ વસ્તુનો આશ્રય લેતાં પર્યાયમાં પણ રહેતા નથી. સહજ ચૈતન્યના... દેવપર્યાયને કરતો નથી. દેવની ગતિને મેં કરી જ નથી. પણ આવ્યાને અહીંયા શુભભાવથી? પણ શુભભાવ જ મારો નહોતોને. હું કાંઈ ગતિમાં ને શુભભાવમાં આવ્યો જ નથીને કોઈ દિ'. આહાહા! હું તો જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ આત્મા છું. મારામાંથી ખસીને કોઈ દિ' રાગની ગતિમાં આવ્યો જ નથીને. આવ્યું એવું તને ભાસે તો એ ભ્રમ અજ્ઞાન છે. સમજાય છે કાંઈ?

**હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી...** વજન ભેદોનું છે. ચૌદ માર્ગણાસ્થાન, ચાર ગતિ નહીં, પાંચ જ્ઞાનની પર્યાયના ભેદ નહીં, ક્ષાયિક, ક્ષયોપશમ સમકિત એવા ભેદ નહીં. આહાહા! એવા ભેદને હું કરતો નથી ને એ ભેદને મેં કરાવ્યાય નથી (અને) ભેદ હોય એને હું સંમત નથી. સમ્યગ્દૃષ્ટિ કહે છે, ભેદ હોય એ મને સંમત નથી. મારું સંમતપણું તો ત્રિકાળી ચૈતન્ય **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** આહાહા! જેમાં અનંત આનંદ ને અનંત કેવળજ્ઞાનના કંદ પડ્યા છે, રસ પડ્યો છે એવી રસની ચૈતન્ય કાતળી એને હું સ્વાદું છું. કહો, આ ધર્મીનો આ સ્વાદ છે. મારો નાથ અનંત આનંદનો સનાથ એને હું ભાવું છું. આહાહા! એવા અતીન્દ્રિય આનંદના સ્વાદને લેતો હું માર્ગણાના ભેદોને કરતો નથી. ભેદ પડ્યા તેને સંમત નથી. આહાહા! અરે જીવો! અંદરમાં ચીજ શું છે? પૂર્ણતાનો નાથ પ્રભુ અંદર બિરાજે છે, ભગવાન અનાદિ-અનંત પરમાત્મસ્વરૂપે જ પોતે છે. આહાહા! પરમાત્મસ્વરૂપ ન હોય તો પરમાત્મ(પણું) પર્યાયમાં આવશે ક્યાંથી? આહાહા! અનંતી-અનંતી પરમાત્માની પર્યાય એક સમયની, બીજે સમયે બીજી... પર્યાય છે ને? ત્રીજે સમયે ત્રીજી. એવી અનંત પરમાત્મપર્યાય એનું સ્વરૂપ તો દ્રવ્યમાં છે એમાંથી આવે છે. હું તો પરમાત્મા છું. બહિરાત્માય નહીં ને

અંતરાત્માય નહીં, પરમાત્મા પર્યાયમાં એ નહીં. આહાહા! પર્યાયનો પરમાત્મા એટલો હું નહીં. આહા!

બધું એમાં ચૌદમાં આવી જાય છે ને? આઠ જ્ઞાનના ભેદ.... બધું આવી જાય છે. તેં જેની સામું જોયું છે એ તારું નથી, જેની સામે જોવું છે એ તને ખબર નથી. આહાહા! ભગવાન આત્મા, સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર અરિહંતોએ જોઈ જાણીને વાણી દ્વારા આવ્યું, ભગવાન! ભગવાન થાવું છેને તારે? તું ભગવાન થઈશ એ ક્યાંથી થાશે? ભગવાન દશામાં થાવું એ ક્યાંથી થાશે? એ ભગવાન પોતે છે એમાંથી ભગવાન થાશે. આહાહા! ભગવાન આત્માની ભગવાનપર્યાય તો પ્રજા છે. આહાહા! તું ત્રિલોકનાથ ભગવાન છો ભાઈ! તારી પામરતા ને હીનતા દેખાય છે એ દૃષ્ટિ મિથ્યા છે. હીનતા દેખાય... આ માર્ગણાના ભેદ છેને બધા, એ ભેદો એકલા દેખાય એ પામરતા છે, એ હીનતા છે, મિથ્યાભાવ છે. આહાહા! સમજાય છે કાંઈ? માર્ગ એવી જાતનો છે ભાઈ! આહા!

કહે છે, હું ચૌદ માર્ગણાના ભેદોને.... ગતિ, જાતિ, કષાય, જ્ઞાન, દર્શન, ભવિ, અભવિ પણ હું તો નથી. આહાહા! હું તો પરમાત્મા ત્રિકાળ છું. આહાહા! હું તો, ચૈતન્યવિલાસસ્વરૂપ સહજ–સ્વભાવિક વસ્તુ છે આત્મા ત્રિકાળ એની સન્મુખતામાં જ છું, આનાથી તો વિમુખ છું. વિમુખ છે એટલે એ મારામાં નથી. આહાહા! એવો માર્ગ વીતરાગનો છે અંદર. ભગવાન ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે એ ભગવાનના મુખથી આ નીકળેલું હતું. એ સંતોએ આવીને રચ્યું અને આ બહારમાં મૂકાય છે લ્યો. આહાહા! હું આ લાવ્યો છું ભગવાન! તારા માટે.

ભાતું લાવેને! મગનભાઈ! છોકરાઓ બધા આવે, બાપા! શું લાવ્યા મારા માટે? બાયડીયું એમ કહે, શું સાડલો-બાડલો લાવ્યા? છોકરા એમ કહે, ઘડિયાળ-બડિયાળ લાવ્યા? કાંડાની ઘડિયાળ લાવ્યા? આ બધું હમણાં એ છે, પહેલું એ ક્યાં હતું? પહેલાં તો બનુસ લાવ્યા? એવું હતું. આ તો હવે આ..... પહેલાં એ નહોતું. બનુસ-બનુસ લાવ્યા મારા માટે? કોટ-બોટ લાવ્યા? કાંડાની ઘડિયાળ લાવ્યા? આ જાપાનની છે આ. ગોદિકા પાસે હતી ત્યાં. કે લઈ જાવ તમારી. એને બદલે અમને એક આપો. ઓલી નહોતી બરોબર ચાલતી. કીધું, રાખો તમે.... ઓલી નહોતી બીજી અહીં? એ ચાલતી નહોતી. કહે કે મને આપો. આહાહા! કોને કોણ દે ને કોણ લે? આહાહા! ગજબ વાત છે! લેવા-દેવાનું મારામાં છે જ નહીં. લેવાનો હોય તો સ્વભાવ ને છોડવાનો હોય તો વિભાવ. કહો, સમજાય છે કાંઈ? આવે છેને? '....ઓર ઠોર..' લેવાનું કાંઈ રહ્યું નથી. જે છે એ લેવાઈ ગયું, આત્મા છે લેવાઈ ગયો. છૂટો હતો છૂટી ગયો, વિભાવ હતો એ છૂટી ગયો, મારામાં નહોતો. આહાહા!

આચાર્યોએ પણ કળશોમાં તો કમાલ કરી છે કમાલ. આહાહા! ક્ષયોપશમની હદ પણ એટલી! અનુભવ ને સ્થિતિ હોય એ જુદી વાત છે. એક તિર્યંચને અનુભવ આનંદનો હોય છે, પણ આ તો ક્ષયોપશમની લહેર ઊઠી છે ને! આહાહા! દરિયા ડોલ્યા છે આખા. કહે છે, ભગવાન! એકવાર સાંભળને પ્રભુ! તું પ્રભુતાની શક્તિથી ભરેલો પૂરો પ્રભુ છો. આવા માર્ગણાના ભેદો-બેદો એ પામરતાના લક્ષણ છે, એ તારામાં નહીં. આહાહા! શાંતિભાઈ! બહુ વાત આવી. માણસને એવું લાગે કે આ સોનગઢવાળા તો માળા એકાંત નિશ્ચય.. નિશ્ચય કરે. સોનગઢ નહીં, ભગવાન! તારું સ્વરૂપ જ એવું છે ભાઈ! એને કહે કે આ કહેતા નથી કે ભક્તિથી આમ થાય, જાત્રાથી આમ થાય, અપવાસથી.... બાપા! શું થાય ભાઈ? પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહીં ને પરદ્રવ્યનું આ લક્ષ જાય ત્યાં રાગ થાય. હવે કરવું છે તારે શું? આહાહા! આ તો વીતરાગનો માર્ગ છે. એમાં વીતરાગતા થાય એ ધર્મ થાય. વીતરાગતા ક્યારે થાય? નિમિત્તને લક્ષે થાય? રાગને લક્ષે થાય? પર્યાયના લક્ષે થાય? (ન થાય). ખલાસ થઈ ગયું. આહાહા!

ત્રિકાળી ભગવાન... જુઓને! આ 'પર્યાય દૃષ્ટિ તે મિથ્યા દ્રષ્ટિ' એ ગોઠતું નથી. એવા મોટા લેખ લખે છે માળા. કાલ લેખ આવ્યો હતો મોટો જૈનસંદેશમાં. અરે ભાઈ! તું ચર્ચા કોની સાથે, કેમ શું કરે છે? પર્યાયદૃષ્ટિ એકલો અંશ જ માનવો એ તો મિથ્યા દૃષ્ટિ છે જ. આહાહા! ત્રિકાળી શું છે એની તો ખબર નથી અને ત્રિકાળી છે એનું ભાન થાય, એને પર્યાય છે એવું જ્ઞાન છે. પર્યાય છે એવું જ્ઞાન છે.

શ્રોતા : પર્યાયદ્રષ્ટિ.....

પૂજ્ય ગુરુદેવશ્રી : દૃષ્ટિ ક્યાં રહી? દૃષ્ટિ તો છે જ ક્યાં? આહાહા! એની ટીકા કરે. ભગવાન! તારે ઘરે આવી લક્ષ્મી ચાંદલો કરવા, તો (કહે), હમણાં મોઢું ધોઈ આવું. અરે! વઈ જશે, નહીં આવે ફરીને પાછી. આહાહા! આવો ભગવાન આત્મા ચૈતન્યના વિલાસની રમતું રમનારો ભગવાન, એમ કહે છે. ત્રિકાળ હોં ત્રિકાળ. એવા આત્માને હું ભાવું છું. આહાહા!

**હું મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાન ભેદોને કરતો નથી...** ચૌદ ગુણસ્થાનના ભેદોને હું કરતો નથી. આહાહા! ચૌદમું ગુણસ્થાન તારું નહીં. શુદ્ધતા છે પણ એની સાથે અશુદ્ધતાનો અંશ છેને હજી? ચૌદમામાં પણ અશુદ્ધતાનો અંશ છેને? ઉદયભાવ છે ને? એ દશામાં છે, એ હું નહીં. સમજાણું કાંઈ? હું મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનભેદો એને કરતો નથી, ચૌદને કરાવતો નથી અને ચૌદ થાય એને સંમત નથી. આહાહા! ભેદ નથી ને કારણેય નથી. આગળ આવી ગયું છે પહેલું. એનો કારણ હું નથી એનો અર્થ એ થયો કે કર્તા નથી, કરાવતો નથી. આહાહા!

એ ગુણસ્થાનભેદ... તલકચંદભાઈ ગાતા, નહીં? 'તેરમું ગુણસ્થાન તારું નહીં.' સાંભળ્યું હતું સુમનભાઈ? તલકચંદભાઈ. એમાં એવું પણ ગાતા.... તે દિ' ન હોય ન્યાં એ. એ પુસ્તક લીધું... સાચવી રાખે. પુસ્તકમાં છે એ. પહેલા અહીં જ્યારે આવતા, ગાતા, ન્યાં બેસતા. રહેતા

અહીં મકાનમાં, લાલજીભાઈના મકાનમાં રહેતા. આમ બિચારાને પ્રેમ થઈ ગયેલો હોં, પણ શરીર બહુ જાડું તે રહી શક્યા નહીં. માર્ગ તો આ છે. અત્યાર સુધી ગાણા ગાયા ખોટા છે મારા. ભજનો-બજનો ગાયેલા બહુ. રાગ બહુ, શરીર જબરું, ખૂબ ભજન ગાયેલા ખોટેખોટા ગપ્પા. આહાહા! અરે! ભજન તો એકવાર તારું ગા. જન્મ-મરણના આરા–અંત (આવશે). આહાહા! હું એક પૂર્ણાનંદનો નાથ પ્રભુ છું, મારામાં રાગ તો નહીં, સંયોગ તો નહીં, પણ અલ્પજ્ઞતા પણ મારામાં નહીં. આહાહા! એવો જે આત્મા ધ્રુવ ચૈતન્ય અવિનાશી સનાતન સત્ય.. સનાતન સત્ય એવા આત્માની સન્મુખ થવું એ જ એની ભાવના છે. કહો, 'ભાવું છું'નો અર્થ કલ્પના કરું છું એમ છે? આહાહા!

સિંહ આવ્યા હોય પચ્ચીસ-પચાસ ચારેકોરથી, એકલો માણસ જંગલમાં ગયો હોય. એમ ખબર પડે કે એ.. સિંહ આવ્યો. ભાગ. ભાગે પણ, ક્યાંય જવાની.... આહા! એમ ચાર ગતિના દુઃખો અને કષાય સિંહ છે, વિકાર વળગ્યો છે તને. ઓલો વઢવાણનો, નહીં? ભાઈ... આપટો લેવા ગયા હતા. એનું શું નામ? .... પાછળ ઘર, નહીં? એ છોકરો જુવાન ૨૪ વર્ષનો. આપટો લેવા ગયો. આપટો સમજ્યાને? આ બીડીના પાન. ઓલું શું કહેવાય આપટા સિવાયનું? ટીમરું. ટીમરુંના પાન મોટા હોય, આપટાના નાના હોય. મોટા પડ્યા હશે. એના બાપ જાતા ઘણીવાર. આજ થયું કે એને મોકલું. પરણેલો, બે-ત્રણ માણસ સાથે. લાકડીયું.... રખેવાળ સાથે હતા. અમે ત્યાં હતા તે દિ' તે ગુજરી ગયો. ગયા ન્યાં આપટો ઢગલો પડ્યો હતો. એમાં એક સિંહે રાડ નાખી પાછળથી આપટામાંથી. આપટો સમજ્યા? ઓલા પાન આવેને બીડીના નાના પાંદડા. મોટો ઢગલો જોયો. પાછળથી રાડ નાખી ને ભાગ્યો એ અને ઓલા ત્રણ સાથે. બાવળે ચડવા ગયા. ત્રણ તો ચડી ગયા માથે. આ ચડવા ગયો ત્યાં ધોતિયું ભરાઈ ગયું બાવળના ઓલામાં. ત્યાં સિંહ આવીને માર્યો થાપો. હેઠે પડ્યો, ખાઈ ગયા. ઓલા ઉપર ત્રણ રખેવાળ જોવે. શું કરે? બધું ખાઈ એકસાથે... કડું હતું સોનાનું, પડ્યું રહ્યું, સોનાનું કડું તો ખાય નહીં. આ બધું ખાઈ ગયા.

એમ ચાર ગતિના દુઃખનો.. દુઃખના સિંહ પડ્યા છે તારી પાછળ. કષાય.. કષાય.. કષાય.. એનાથી દુઃખી, શેના તને હરખ આવે છે? શેની તને હોંશું આવે છે? આહાહા! હરખ કરવાયોગ્ય તો ભગવાન આત્મા છે. ત્યાં હરખ કરીને રહેવા જેવું છે. આહાહા! એવો ધર્મી જીવ પોતાને, ચૌદ ગુણસ્થાનના ભેદને પણ પોતે માનતો નથી. પોતાના માનતો નથી, છે ભલે હો. અસ્તિપણે છે એમ સિદ્ધ તો કરે છે પાછું. જૈનદર્શનની પર્યાયમાં પણ કેવું હોય એ સાથે જાહેર કરે છે અને એનો નિષેધ કરીને વસ્તુ એકરૂપ છે એને પ્રસિદ્ધ કરે છે. આહાહા! કુંદકુંદાચાર્ય ગજબ સ્થિતિ એમની!

**હું મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનાદિ ભેદોને કરતો નથી. સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું એકેન્દ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી...** એકેન્દ્રિય, બે-ઇન્દ્રિય, ત્રૈન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત એ હું નહીં. આહાહા! પંચેન્દ્રિય છો કે નહીં તું? કહે, ના. ભઈ! પંચેન્દ્રિયપણું મળ્યું માટે સદુપયોગ કરો. અહીં કહે છે કે પંચેન્દ્રિય મારી નથી ને કોનો ઉપયોગ કરું? આહાહા! ગુણવંતભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા! આબાળ-ગોપાળને આ સમજવા જેવી વાત છે. જેને હિત કરવું હોય એને માટે આ વાત છે. અરેરે! ચોર્યાસીના અવતારમાં... ભાઈએ કીધુંને, 'અરેરે! સાચા વારિ રે એને નહીં મળે.' આહાહા! તમારા વીંછીયાવાળા. એય! કમલ. રમેશ નામ છે. સરોવર, ભર્યા સરોવરને ભૂલી અને રખડતો... જેમાં પાણી નથી એનામાં–મૃગજળમાં જાય છે. એ સાચા પાણી તને નહીં મળે નાથ! ત્યાં પાણી નથી ભાઈ! એ મૃગજળમાં પાણી નથી.

એમ આ પૈસા, બાયડી, છોકરા ને શરીર, મન ને વાણી, પુણ્ય ને પાપ ત્યાં ક્યાંય સુખ નથી. એ મૃગજળ છે. આહાહા! એ સાચા સરોવર મૂકી અને અહીં ભ્રમણે-ભ્રમણા પુણ્યના ભાવમાં, પાપના ભાવમાં, એના ફળમાં.. ભાઈ! ત્યાં (સુખ) નથી ક્યાંય. શાંતિનો સરોવર તો તું છો. આહા! સરોવર હોય ત્યાં માણસ ને ઢોર બધા પાણી પીવા આવે. એમાં એમ નહીં કે માણસ જ આવે, ઢોર ન આવે. પશુય આવે. એમ માણસ ને પશુના જીવ બહાર જણાય એ આત્માના સરોવરમાં બધા જઈ શકે છે. આહાહા! કારણ કે શરીર ને ગતિ જ તું નથીને તો પછી પ્રશ્ન શું? એવા એકેન્દ્રિયાદિ જીવસ્થાનના ભેદોને કરતો નથી. **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** પુસ્તક મળ્યું છે કે નહીં? નગીનભાઈ! પુસ્તક છે? એ તો કાંઈ વાંધો નહીં. હિન્દી, ગુજરાતી તો ભાષા છે. ઓલામાં નથી ત્યાં પડ્યા? આહાહા! હવે ઓલીકોર.

**હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી...** મનુષ્ય અને તિર્યંચને વયકૃત ભેદ.. બાળ, યુવાન ને વૃદ્ધ એ તો વયકૃત ભેદ છે, એ આત્મામાં નથી. આહાહા! યુવાની, વૃદ્ધાવસ્થા, બાળ એ તો અવસ્થાના કરેલા ભેદો છે. બાળાવસ્થા, વૃદ્ધાવસ્થા, યુવાવસ્થા એ અવસ્થાના ભેદો છે, એ વયકૃત ભેદ છે, એ આત્મામાં નથી. આહાહા! સમજાણું કાંઈ? ઓલા 'નેતિ-નેતિ' કરે છેને વેદાંત? પણ નેતિ-નેતિ કંઈ છે એને 'નથી-નથી' કરે છે કે નથી એને 'નથી-નથી' કરે છે? અહીંયા છે, વયકૃત ભેદ શરીરમાં છે, (પણ) મારામાં નથી. સમજાણું કાંઈ?

**શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી...** પહેલું આવી ગયું છે વયકૃત ભેદ. અહીં અવસ્થાભેદ લીધું, ન્યાં વયકૃત ભેદ હતું. **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** આત્માને 'જ'. એ વસ્તુ મારી ત્રિકાળી... એ કાલ કહ્યું હતું, મને આ નથી.. મને આ નથી. હવે પર્યાય નિર્ણય કરે છે અને પર્યાય કહે છે કે આ દ્રવ્યમાં–મારામાં નથી. મને નથી. મને

નથી એટલે શું? મારા ભગવાનમાં આ બધા ભેદો જ નથી. કોણ નિર્ણય કરે છે? કે પર્યાય. એ ધ્રુવ નિર્ણય....... આહાહા!

એ પર્યાય એમ કહે છે કે આ ધ્રુવ તે હું. આ હું (-પર્યાય) તે હું નહીં. આહાહા! એક સમયની પર્યાય એમ કહે છે કે મને આ નથી. મને એટલે ઓલા ધ્રુવને. પર્યાય ધ્રુવને પોતાનો માને છે. પર્યાયને પર્યાય (માને) એમ નહીં, પર્યાય ધ્રુવને માને છે. ત્રિકાળ.. આહાહા! એ આવી ગયું હતું કાલે. મને નથી, નહીં? મારે નથી. પણ મને નથી કોણ? ધ્રુવે નક્કી કર્યું? આહાહા! ધ્રુવ તે જ હું એમ પર્યાય પોકારે છે, કહે છે. પર્યાય કહે છે કે હું પર્યાય તે હું એમ નહીં. પર્યાય પોકારે છે કે દ્રવ્ય તે હું. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું ભાઈ! પર્યાય તે હું નહીં. પર્યાય કહે છે કે દ્રવ્ય એ મારું, એ હું, દ્રવ્ય તે હું, ધ્રુવ તે હું, પર્યાય તે હું નહીં. પ્રવીણભાઈ! આહાહા!

વીતરાગમાર્ગનું રહસ્ય છે. વીતરાગ સિવાય આ ક્યાંય હોય નહીં. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા અરિહંત એ સિવાય ક્યાંય આ વાત હોય નહીં. ઉપરટપકે બધી વાતું કરે કે આમાં આમ છે, તેમ છે. એ બધી ખોટી. આહાહા! આત્માને ભાવું છું એમ કોણ નિર્ણય કરે છે? આત્મદ્રવ્ય નિર્ણય કરે છે? છતાં, કહે છે કે હું આત્માને ભાવું છું. આત્મા કહે છે કે હું મને ભાવું છું. એ પર્યાયમાં આ આત્માને ભાવું છું. આહાહા! ભારે વાતું મોંઘી. અરેરે!

**હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી...** લ્યો, રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ પૂજા, પાપ એવા ભાવને હું કરતો નથી. લ્યો, એ વ્યવહાર હું કરતો નથી એમ કહે છે. આત્મા કરે. જડ કરે? આત્મા કરે જ નહીં. વાંધા એમ ઉઠેને. વ્યવહાર કોણ કરે? પણ સાંભળને હવે! વ્યવહાર શુભરાગ છે, અચેતન છે એ તો. એ ચેતન કરે એને? સમજાણું કાંઈ? દસ-દસ હજાર માણસ જ્યારે જાત્રામાં ભેગા થયા ને ત્યાં વાત કરી હોય... આહાહા! આ તો ભુંસાડિયો વાળવા...... ભઈ! આ તો ભગવાનનું કથન છે. ભગવાનને, ભુંસાડિયો વાળે છે (એમ) કહેવું હોય તો કહે તારે. અને આ ભુંસાડિયો વાળ્યા વિના ભગવાન હાથ આવે એવો નથી. અમારી ગુજરાતી ભાષા છે, ભુંસાડિયો વાળવો. ઓલામાં એમ કહે કે કંચન ને કામિની ચોકી આડી શ્યામની, રામની રમતને તે લૂંટે. અહીં કહે છે, રાગ ને પર્યાયબુદ્ધિ આત્માની રમતને લૂંટે છે. આહાહા! આવું વસ્તુનું સ્વરૂપ જ છે. બીજી રીતે લાવો, કરોને નક્કી. એ આવશે ક્યાંથી? હોય એ આવેને. આહાહા!

**રાગાદિભેદરૂપ ભાવકર્મ**... દેખો! ભાવકર્મ એટલે પુણ્યપરિણામ, પાપપરિણામ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ભાવકર્મ, એના ભેદોને એટલે અસંખ્ય પ્રકારો એને હું કરતો નથી. આહાહા! અહીં તો કહે કે વ્યવહાર કરશે તો નિશ્ચય થશે. અરે ભગવાન! ભાઈ! તારે શું કરવું છે? જેમાંથી હશે એમાંથી નીકળશે. રાગમાં છે આત્મા? આત્માની સમૃદ્ધિ–સંપદા રાગમાં, પુણ્યમાં, વ્યવહારમાં છે? વ્યવહારને તું કરતો નથી. આ વ્યવહારને કરાવતો નથી એમ કહે છે.

આહાહા! અને વ્યવહાર કરતા હોય તો એને હું સંમત નથી. આહાહા! **રાગાદિભેદરૂપ ભાવકર્મ**... ચોથી ગાથા છે. ચોથી (૮૦) ગાથામાં છે. **णाहं रागो दोसो ण चेव मोहो ण कारणं तेसिं**... કારણ પણ નહીં એનું. એ તો કર્તામાં આવી જાય છે. એ રાગનું કારણ પણ હું નહીં. વ્યવહાર રાગાદિ થાય એનો હું કર્તા નહીં, કરાવનાર નહીં, અનુમોદક નહીં, કારણ હું નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? આરે ભારે!

આ તો હજુ સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ અને એને આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટ થાય એ વાત ચાલે છે. કોઈને એલ.એલ.બી.ની ઊંચી લાગતી હોય એ આ નથી. આહાહા! સમજાણું કાંઈ? આવું તો નહીં આવ્યું હોય ન્યાં. આવ્યું હશે ભણતરમાં? ડોક્ટરનું આવે થોથાનું. આનું આમ કરવું, આનું આમ કરવું ને આનું આમ કરવું. આહાહા! જેટલા બોલો કહ્યા એ બધા ગુણસ્થાન (આદિ)ના કર્તા નહીં, કરાવનાર નહીં, પણ એનું કારણેય હું નહીં. અહીંથી લીધું. ચાર ગતિનો કર્તા, કરાવનાર નહીં, પણ કારણેય હું નહીં. ચાર ગતિનું કારણ હું નહીં. આહાહા! ચૌદ ગુણસ્થાન, ચૌદ જીવસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન એનું હું કારણેય નહીં. ભગવાન પરમાત્મા પોતે કેવળજ્ઞાનનું કારણ, એ તો મુક્તિનું કારણ છે. આવા ભાવનું કારણ પણ આત્મા નહીં. આહાહા!

**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** 'ભાવું છું' એ નિશ્ચય મોક્ષનો માર્ગ. ત્રિકાળ ભગવાન આત્મા એ મોક્ષના માર્ગનું કારણ. ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવભાવ એ મોક્ષમાર્ગનું કારણ. અત્યારે આશ્રય એ લેવું છે ને? અને એ મોક્ષમાર્ગના ભાવનો હું કર્તા. ઓલો વ્યવહાર રાગાદિ વ્યવહારમોક્ષમાર્ગ જેને કહે, એનો હું કર્તા–વ્યવહારરત્નત્રયનો કર્તા નહીં, એમ કહે છે. આ માળા રાડ્યું પાડે છે બધા. વ્યવહારરત્નત્રયનો હું કર્તા નહીં, કરાવનાર નહીં, અનુમોદક નહીં, પણ વ્યવહારરત્નત્રયનો શુભવિકલ્પ તેનું હું કારણ નહીં. આહાહા!

**હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી...** લ્યો, ચાર કષાયો લીધા. ઓલા ભાવકર્મ સમુચ્ચય લીધુંને રાગાદિ. ક્રોધ, માન, માયા, (લોભ) હતાને છેલ્લા ચાર. ક્રોધ, માન, માયા, લોભ એને કરતો નથી, કરાવતો નથી, કરતાને સંમત નથી, થાય તેનું કારણ નથી. ત્યારે કોણ કારણ? આહાહા! એવા **સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** લ્યો. **(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા અને અનુમંતા—અનુમોદક—વિષે પણ સમજી લેવું.)**

(પ્રમાણ વચન ગુરુદેવ)

**અષાઢ વદ ૧૨, સોમવાર, તા. ૧૯-૭-૧૯૭૧**
**શ્લોક - ૧૦૯, ગાથા – ૮૨, પ્રવચન નં. ૭૧**

**(હવે આ પાંચ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે:)** ટીકાકાર એને પાંચ રત્ન કહે છે. ... મોક્ષની છેને એટલે.

**भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः**
**स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः ।**
**मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात् ।।१०९।।**

એમાં નાખ્યા રતન. **શ્લોકાર્થ : આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...** પર તરફના વિષયો એટલે ભેદો, રાગ અને નિમિત્તો બધા (પર)વિષયો છે. એ સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડીને આ **નિજદ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં...** પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાય નિર્મળ ત્રિકાળ... દ્રવ્ય-ગુણ નિર્મળ છે અને એની નિર્મળ પર્યાયમાં **ચિત્તને એકાગ્ર કર્યું છે...** પોતાનો દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ અને એની એકાગ્રતા એ નિર્મળ પર્યાય એમાં જેણે ચિત્તને એકાગ્ર કર્યું છે, એ ભવ્યજીવ **નિજભાવથી ભિન્ન...** નિજભાવ નામ ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવ એ નિજભાવ. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવસ્વભાવ, નિત્યભાવ, પરમસ્વભાવભાવ એ નિજભાવ. નિજભાવથી ભિન્ન એવા **સકળ વિભાવને છોડી...** અહીં તો ભેદો બધા છે એને પણ વિભાવ કહી દીધા છે. બધા–**સકળ વિભાવને છોડી અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.** 'છોડીને' તો ઉપદેશની શૈલી ઐસી આતી હૈ. અપને સ્વભાવમેં એકાગ્ર હોતા હૈ તો ઉત્પન્ન નહીં હોતા તો 'છોડીને' ઐસા કહનેમેં આતા હૈ. ત્યાગ કરકે.... કથનશૈલી ઐસી હૈ.

સકલ વિભાવકો છોડકર... ઉસકા અર્થ કિ નિજસ્વભાવ ઉસમેં લીન હોતા હૈ તો ભેદભાવ ને વિકલ્પ ઉત્પન્ન હોતે નહીં ઉસકો 'છોડતે હૈં' ઐસા કહનેમેં આતા હૈ. ઐસી બાત હૈ. આહાહા! ઉપદેશકી શૈલી તો ઐસી હૈ. છોડે ક્યા? યે રાગ હૈ, ભેદ હૈ (વહ) મૈં છોડું—વહ ભી પર ઉપર લક્ષ ગયા. યે તો ઉપદેશકી પદ્ધતિમેં ઐસી બાત આતી હૈ. મૈં તો નિજભાવ.... કહ્યું હતુંને, બધું એનો .... કર્યો છેને કળશ. મને એટલે હું.. પરમસ્વભાવવાળા એવા મને એટલે કે પરમસ્વભાવભાવમાં લીન થતાં ભેદભાવો, રાગભાવો આદિ ઉત્પન્ન થતા નથી. એને 'છોડીને' એમ કહ્યું અને આને 'ગ્રહણ કરીને' કહ્યું. આખું ચૈતન્યદ્રવ્ય છેને વસ્તુ–પદાર્થ મોટો મહાપ્રભુ,

ચૈતન્ય રત્નાકર, એવો જે અભિન્ન સ્વભાવ એ નિજભાવ. એવા નિજભાવમાં 'એકાગ્ર થતાં' એ પર્યાય થઈ.

નિજભાવ ત્રિકાળભાવ. એકાગ્રતા એ વર્તમાન પર્યાય થઈ. આહા! કહે છે કે વર્તમાન પર્યાય અંતરમેં એકાગ્ર હુઈ તો યે પર્યાય ઉત્પન્ન હુઈ. ધ્રુવ કાયમ હૈ ઔર પર્યાયમેં રાગાદિ ઉત્પન્ન હોતે થે યે નાશ હુએ, યે ઉત્પન્ન હોતે નહીં. 'જિસને' એટલે મુજ જ્ઞાનની પર્યાયને. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપમાં–નિજ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપમાં... લ્યો. એનો અર્થ કે છે તો દ્રવ્ય-ગુણ ત્રિકાળ અને એમાં એકાગ્ર થયો તે પર્યાયમાં એકાગ્ર થયો, એ નિજપર્યાય થઈ ગઈ. સ્વરૂપમાં એકાગ્ર થયો એ નિજપર્યાય થઈ. કાર્ય તો પર્યાયમાં આવ્યું. કારણ તો ત્રિકાળીભાવ. ત્રિકાળીભાવનું અવલંબન લેતાં જે પર્યાય પ્રગટ થઈ એમાં પણ લીન છું એમ કહે છે. અને મારા નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવ ઉત્પન્ન થતા નથી.

એથી **અલ્પ કાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે**. પૂર્ણ આનંદની પર્યાયને અલ્પ કાળમાં તે... લ્યો, અલ્પ કાળમાં પ્રાપ્ત કરે છે. ક્રમબદ્ધ ક્યાં રહ્યું? ક્રમબદ્ધે થાય એમાં 'અલ્પ કાળમાં' આવ્યુંને આ તો? પણ એનો અર્થ જ એ કે એના ક્રમમાં પ્રાપ્તિનો કાળ અલ્પ જ છે એમ કહે છે. ઝીણી વાત છે. નિજભાવ અશેષ અભેદભાવ એનો આશ્રય લીધો, એમાં એકાગ્ર થયો, એને અલ્પ કાળમાં જ એના ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન આવવાનું છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? એથી ક્રમબદ્ધ તૂટી ગયું છે એમ નથી. સ્વ-ચૈતન્યના અવલંબનમાં એ પર્યાય હવે અલ્પ કાળમાં પૂર્ણ થશે એવો જ એનો ક્રમ છે, એમ કહે છે.

**અલ્પ કાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે**. જેણે દ્રવ્યસ્વભાવનો આશ્રય કર્યો, એ ક્રમબદ્ધ થતી પર્યાયનો જ્ઞાતા રહ્યો, એને ક્રમબદ્ધમાં અલ્પ કાળમાં જ કેવળજ્ઞાન આવવાનું છે એમ કહે છે. આહાહા! ભારે પણ આકરી વાત. બહારની એવી લાગેને. આ બધું કરવું.. કરવું.. કરવું એમાં વહેંચાઈ ગયો હોયને આહીં. અંદરમાં કરવું, કહે છે. નિત્યાનંદ ભગવાન સહજાનંદની મૂર્તિ એવો નિજભાવ એ તો ધ્રુવ છે. એમાં એકાગ્રતા એ વર્તમાન પ્રગટ પર્યાય છે. એવી જેણે પર્યાય પ્રગટ કરી છે અને દ્રવ્યનો આશ્રય છે, એને અલ્પ કાળમાં મુક્તિ છે, એનો સંસારનો અંત છે હવે. ત્યારે કોઈ એમ કહે, પણ મુક્તિ તો અત્યારે પંચમ કાળમાં નથી. આ શું આવી વાત કરે છે? ભાઈ! મુક્તિ... પણ મુક્તિ જ છે. સ્વભાવને આશ્રયે દૃષ્ટિ થઈ, સ્થિરતા થઈ, વસ્તુ મુક્ત છે તો મુક્તિ જ છે પર્યાયમાં. આ પર્યાયમાં મુક્તિ પૂર્ણરૂપે થવી એ અલ્પ કાળમાં પછી થશે એમ કહે છે. અત્યારે શરૂ કરી દીધું છે. જ્ઞાયકભાવમાં એકાગ્રતા શરૂ કરી છે એટલે મુક્તિના પ્રયાણ થયા છે. આહાહા! પંથે પડ્યો છે. પંથને થોડો વાર લાગશે, મુક્તિ જ છે. આહાહા!

રત્નત્રય પ્રાપ્તને પણ મુક્તિ–મોક્ષતત્ત્વ કહ્યું છે પ્રવચનસારમાં. મોક્ષ થવા પહેલા. એ પંચરત્ન છે ને. પ્રવચનસારની છેલ્લી પાંચ ગાથા પંચરત્ન છે. એ પાંચ રત્ન છે. જેના સ્વભાવમાં

એકાગ્ર થયેલો દર્શન-જ્ઞાન-ચારિત્ર(વાળો) મુનિ એ મોક્ષતત્ત્વ છે એમ કહ્યું છે. રાગમાં એકત્વ થયેલો મુનિ એ સંસારતત્ત્વ છે. ચાહે તો બાયડી, છોકરા છોડીને નગ્ન થઈને બેઠો હોય, (પણ) જેમાં રાગની એકતા પડી છે એ પ્રાણી સંસારતત્ત્વ છે, એણે સંસાર છોડ્યો નથી. આહાહા! રાગ એ સંસાર છે. ચાહે તો શુભ-અશુભ ગમે તે હો. એ રાગની એકતા તે સંસાર, મિથ્યાત્વ છે અને એ મિથ્યાદૃષ્ટિ એ સંસારતત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા! પ્રવચનસારકી આખિરકી પાંચ ગાથા વહ ભી પંચરત્ન હૈ ઉસ ગાથાકા નામ. વાહ! પૂઠું નવું ચડાવ્યું લાગે છે હમણાં. આ કેમ હાથ આવ્યું નહીં? મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે. ૨૭૨ ગાથા. ૨૭૧, સંસારદશા–સંસારતત્ત્વ. ૨૭૨, મોક્ષતત્ત્વ. બહત્તર. એક જ્યાદા.

**સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,**
**અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧**

ભલે જૈનસંપ્રદાયમાં આવ્યો હોય..., એમ કહે છે. પાઠ છે હોં, જુઓ! **जे अजधागहिदत्था एदे तच्च ति णिच्छिदा समये... समये...** જૈનદર્શન સંપ્રદાયમાં આવ્યો હોય, મુનિ બાહ્યલિંગે–દ્રવ્યલિંગે પંચમહાવ્રતમાં આવ્યો હોય, પણ **अजधागहिदत्था...** એ રાગનો પર્યાય આસ્રવ છે. એને પોતાની સાથે એકત્વ કર્યો છે, એ **अजधागहिदत्था...** પદાર્થને વિપરીતપણે ગ્રહણ કર્યો છે. સમજાય છે કાંઈ? તેથી તે **अच्चंतफळसमिद्धं भमंति ते तो परं कालं..** એ દિગંબર જૈન સાધુ હો બાહ્યથી, (પણ) અંતરમાં રાગની એકતા અદ્વૈત છે–એને દ્વૈત નથી (એટલે) રાગ અને આત્મા બે જુદી ચીજ છે એવો જેને વિવેક નથી. રાગ ને આત્મસ્વભાવ એક છે એવો જેને અવિવેક છે. એ અવિવેક. એ અવિવેકીજીવ સંસારતત્ત્વ છે. હજારો રાણી છોડીને નગ્ન થયો હોય, વસ્ત્રનો એક ધાગો પણ રાખતો ન હોય, છતાં એ સંસારમાં બૂડેલો કૂવો છે. આહાહા! સમજાણું કાંઈ?

**દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં સ્થિત હોય તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી...** આહાહા! **કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંતકાળ સુધી અનંત ભાવાંતરરૂપે પરાવર્તનો વડે અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જાણવું.** આહાહા! સંસાર કોઈ આત્માની પર્યાયથી ભિન્ન નથી. સંસાર કોઈ આત્માની પર્યાયથી ભિન્ન નથી. રાગની એકતાબુદ્ધિ એ સંસારપર્યાય આત્માથી–પર્યાયથી અભિન્ન છે, વ્યવહારે. આહાહા! જીવનો સંસાર કાંઈ બહાર રહેતો નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ સંસાર નથી.

શ્રોતા : એકવાર આપે એમ કહ્યુ કે સંસાર છે જ નહીં. બીજીવાર....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વળી બીજી વાત. આ તો (વીતરાગી) પર્યાયમાં સંસાર છે નહીં. સમ્યગ્દર્શનમાં સંસાર છે જ નહીં. આહા! આ તો સંસારસ્થ (એટલે) રાગની એકતા એવી મિથ્યાબુદ્ધિ એ સંસારમાં જ છે. આહાહા! સંસાર કોઈ બાહ્ય ચીજ નથી, કર્મ, શરીર, વાણી, બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નથી, એ તો બાહ્ય પરચીજ છે. આત્માનો સંસાર બહાર ન

હોય. એની રાગની એકતા એવો જે અવિવેકભાવ એ સંસારતત્ત્વ છે. આહાહા! લોકોને ખબર નથી તત્ત્વની. કાંઈકનું કાંઈક તત્ત્વ ખતવે ને માને.

એ **નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો**... ૨૭૨. **યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને**, લ્યો, **સ્વરૂપમંથર રહેવાથી** ઉપશાંત વર્તે છે. આમ શાં..ત. રાગથી ભિન્ન, ચાહે તો દેવ-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ હો એનાથી પણ ભિન્ન અને સ્વરૂપમાં શાંતિની નિર્મળતામાં અભિન્ન, એ જીવને મોક્ષતતત્ત્વ કહે છે. આહાહા! આ પણ પાંચ રતન છે, આ પણ પાંચ રતન છે. અમૃતચંદ્રાચાર્યે લખ્યું છે. મોક્ષતત્ત્વ એવું આત્મતત્ત્વ... મોક્ષતત્ત્વ ત્રિકાળી આત્મતત્ત્વ. એની સાથે રાગનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એની એકતા એ સંસારતત્ત્વ. ઐસી બાત હૈ.

શ્રોતા : અજ્ઞાની ઉસકો પુરૂષાર્થ માનતા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : માને. સંસારતત્ત્વ હૈ. આહાહા !

'પુરુષાર્થ છે' એ ચર્ચા ચાલી હતી અમારે ૮૦માં રાણપર. ૭૯નું ચોમાસું હતું લીંબડી. ....... જયચંદ, ... ને ત્રણ હતા. કારતકનો મહિનો હતો. ...... અને અહીં ચોમાસું હતું. ........ ચર્ચા અંદર ચાલતી હતી કે નવમી ગ્રૈવેયકે ગયો એ ક્ષયોપશમભાવે ગયો. કીધું, ના, ઉદયભાવ. કેમકે રાગની એકતાબુદ્ધિથી ત્યાં ગયો છે મિથ્યાદૃષ્ટિ. એને ક્ષયોપશમ છે જ નહીં. ઓલું 'દ્રવ્યનિક્ષેપે' આવે છે ખરુંને એટલે.... એને એ કાંઈ ખબર નહોતી, એને તો આ ઉપરથી....... આમાં આવે છે. એ જ કહ્યું. એટલે એ વાત કરતાં. આમાં એને ખબર માટે કહેતા.... પણ એમ કે એટલો પુરુષાર્થ આવ્યોને, એમ. એટલી એને ખબર નથી. એવું છે.... પુરુષાર્થ છેને એટલો? ભલે નવમી ગ્રૈવેયકે ગયો, મિથ્યાદૃષ્ટિ છે. અશુભપણું ટાળ્યું છે એટલું એનો પુરુષાર્થ છે ને? વીરચંદભાઈ! શુભનો પુરુષાર્થ એને નપુંસક કહે છે. હેલી લાગી છે હેલી હમણાં સાત દિ'થી. આહાહા! આ પણ હેલી છે આત્માની. આહાહા! અરે! આવા સમય–કાળ ક્યાંથી આવે? દુનિયાને એની કિંમત નથી.

ભગવાન આત્મા પૂર્ણાનંદ નિજભાવ ત્રિકાળ, એનું અવલંબન લેતાં જે એકાગ્રતા થાય, એ એકાગ્રતા દર્શન-જ્ઞાન-ચારિત્રની, ભલે પૂર્ણ કેવળ ન થયું હોય, તોપણ એ જીવને મોક્ષતત્ત્વ કહેવામાં આવ્યું છે. આહાહા! છૂટી ગયો છે વિકલ્પથી. અજ્ઞાની નિજભાવ તરફ તો સન્મુખ છે જ નહીં. રાગના વિકલ્પની સન્મુખ છે, સ્વભાવથી વિમુખ છે. આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. એવા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો રાગ છે અને એની સન્મુખ બુદ્ધિની એકતા છે એ મિથ્યાત્વ છે, એ સંસારતત્ત્વ છે. આમ કહે છેને કે બાયડી, છોકરા છોડ્યા અમે, સંસાર છોડ્યોને અમે. સંસાર કોને કહેવો તને ખબર નથી. સંસાર છોડીને બેઠા છે ને? છકાયનો આરંભ તો

નથી અમારે? બધો આરંભ છે. આ પુણ્ય-રાગની એકતાબુદ્ધિમાં પૂર્ણ–અનંતો હિંસાનો આરંભ છે. આહાહા!

લ્યો, એ ગાથા ૮૧ પૂરી થઈ. અહીં તો નિજભાવ એ પોતે પૂર્ણાનંદ પ્રભુ એ નિજભાવ, બસ. એનાથી ભિન્ન એવા સકળ વિભાવને છોડી... એટલે છૂટી જાય છે, એમ. ઉપદેશ તો એમ જ આવેને. સમયસારમાં તો એમ કહ્યું કે રાગના ત્યાગનો કર્તા પણ આત્મા નથી. રાગ ક્યા ત્યાગે? રાગ અંદર હુઆ હી નહીં (ફિર) ત્યાગે ક્યા? અને રાગ ત્યાગ કરું ઐસી બુદ્ધિ વહ તો પર્યાયબુદ્ધિ હો ગઈ. આહાહા! પણ ઉપદેશની શૈલીમાં એમ આવે કે આ મેં વિભાવ છોડ્યો, રાગ છોડ્યો. એમ આવે ભાષા, પણ એનો અર્થ સમજવો જોઈએ. ભાષા હોય એમાં કઈ નયનું કથન છે એને જાણવું જોઈએ.

'**અલ્પ કાળમાં**' છે ને? **अचिरात् प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्**... લ્યો. આહા! આ પંચરત્ના એટલે પંચરત્ન દ્વારા. ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન, ચૌદ જીવસ્થાન એનો હું કર્તા નથી, કરાવતો નથી, કરતાને સંમત નથી, એનું કારણ પણ નથી. એ તો 'કર્તા નથી' એમાં આવી જાય છે. એવી જે હું ચીજ, જે ધ્રુવના સ્થંભને વળગ્યો, એને બધું ભેદ-બેદનો નાશ થઈ જાય છે. એકલું અભેદતત્ત્વ મુક્તિ રહી જશે. આહા! આવો માર્ગ છે ભાઈ! સત્યનો પંથ જ આવો છે. આથી ફેરફાર કરે એ બધું ફેરફાર છે. સત્ય હાથ નહીં આવે. આ કોઈ વ્યક્તિગતની વાત નથી, આ વસ્તુના સ્વરૂપની જ એવી સ્થિતિ છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના તરફનો ઝુકાવ, બસ થઈ ગયું, એ મુક્તને પંથે પડ્યો, એને અલ્પ કાળમાં મુક્તિ થઈ જશે. અરે! એના પંથને ભૂલીને વિકલ્પ–વિભાવ–રાગ ઝેર, એ અમૃતના સાગરની સાથે એ રાગના ઝેરને મેળવવું–એકત્વ કરવું એ મિથ્યાત્વભાવ સંસાર છે. એ સંસાર છોડવો કેમ અને સંસાર કેમ છે એની ખબર ન મળે અને બધા સંસાર છોડીને બેઠા. આહાહા!

૮૨ ગાથા. **एरिसभेदब्भासे**... ભેદ-અભ્યાસ છેને અંદર?

**एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं ।**
**तं दिढकरणणिमित्तं पडिक्कमणादी पवक्खामि।।८२।।**

એને કહેશું. 'આદિ' શબ્દ છે ને? બધું પ્રત્યાખ્યાન વિગેરે ચારિત્રનો અધિકાર બધો.

**આ ભેદના અભ્યાસથી...** આ ભેદના અભ્યાસથી એમ કીધું છે. વ્યવહારનો રાગ એ કારણ છે અને આત્માનું નિશ્ચય(ચારિત્ર) કાર્ય છે—એમ નથી કહ્યું. એ વ્યવહારના રાગના ભેદના અભ્યાસથી... આહાહા! સમજાય છે કાંઈ? આહાહા! એક-એક ગાથા...

**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;**

અંતરમાં વીતરાગપણે ચારિત્ર બને એમ કહે છે. રાગના ભેદથી, વીતરાગપણાના અભ્યાસથી ત્યાં વીતરાગપણામાંથી એ ચારિત્ર થાય.

**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદૃઢતા કારણે. ૮૨.**

કહો, આ ચારિત્ર તો નિશ્ચયચારિત્ર છે. પંચમહાવ્રતાદિ વિકલ્પ તો અચારિત્ર છે. આહા! એને વ્યવહારે આરોપથી ચારિત્ર કહ્યું. એને જ વળગ્યા છે આ લ્યો. તને નુકશાન થાય છે ભાઈ! નુકશાનને લાભનું કારણ માનવું એ કેમ છોડે? પંચમહાવ્રતના વિકલ્પો નુકશાન છે. એને લાભના કારણ માને એ કેમ છોડે દૃષ્ટિમાંથી?

**ટીકા : અહીં, ભેદવિજ્ઞાન દ્વારા...** ભેદ-અભ્યાસ છે ને? **ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે એમ કહ્યું છે.** એ રાગથી ભિન્ન પડેલું સ્વરૂપ તેને અનુભવમાં પહેલું લીધું, પછી રાગથી ભિન્ન પડતાં સ્થિરતા થઈ એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા! **ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે...** પહેલું રાગથી ભિન્ન પડી અને સ્વરૂપનો અનુભવ કરે, પછી રાગથી ભિન્ન પડીને સ્થિરતા થાય, એને ચારિત્ર થાય છે. લ્યો, આ ચારિત્ર થવાની વિધિ. આહાહા! પહેલાં પંચમહાવ્રત ગ્રહણ કરે, પછી ચારિત્ર થાય એમ આહીં નથી કહ્યું.

શ્રોતા : વહાંપે ભેદ નહીં રહા, અભેદ હી હો ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એકાકાર હો ગયા. આહાહા!

**ભેદવિજ્ઞાન દ્વારા... ...** ભાષા. **ક્રમે નિશ્ચય ચારિત્ર થાય છે. પૂર્વોક્ત પંચરત્નોથી શોભિત...** રાગાદિનો ભાવ એનો કર્તા નહીં, કારયિતા નહીં, અનુમોદન નહીં, કારણ નહીં. એનાથી ભેદ-અભ્યાસ દ્વારા... આહાહા! **પંચરત્નોથી શોભિત અર્થપરિજ્ઞાન (-પદાર્થોના જ્ઞાન)...** જે આત્મા રાગનો કર્તા, કારયિતા, અનુમોદન ને કારણ નહીં—એવું પદાર્થનું સ્વરૂપ છે ચૈતન્યનું. **પંચરત્નોથી શોભિત...** એનાથી શોભિત પદાર્થોનું જ્ઞાન, એમ. જે વિકલ્પમાત્ર ભેદ એનો કર્તા–રચનાર, ભેદનો રચનાર નહીં આત્મા, એમ કરાવનાર નહીં, અનુમોદનાર નહીં. એવું જે પરથી ભિન્ન પદાર્થનું–આત્મતત્ત્વનું જ્ઞાન એ **વડે પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત...** એમ. પંચમગતિ એવી મોક્ષગતિ એ ગતિ છે, પણ આગતિ નહીં. આહા! ચાર તો ગતિ છે ને આગતિ છે (એટલે) જાય ને નીકળે, આવે ત્યાંથી પાછા. આ (મોક્ષ) તો ગતિ છે એ છે, આગતિ નથી. મોક્ષગતિ હુઈ, પીછે (-ફિર) નહીં પડતે. ગતિમાંથી પાછો નથી આવતો. સર્વાર્થસિદ્ધિમેં ગયે તો વહાંસે ભી નિકલતે હૈં. આ તો ઐસી ગતિ હૈ કિ ગતિ હુઈ વહ હુઈ, આગતિ નહીં. વહાંસે નિકલતા નહીં. સમજાય છે કાંઈ?

**પંચમગતિના પ્રાપ્તિના હેતુભૂત એવો જીવનો અને કર્મપુદ્‌ગલનો ભેદ-અભ્યાસ...** શું કીધું? **પંચમગતિના પ્રાપ્તિનો હેતુ.. હેતુભૂત...** યથાર્થ હેતુ–કારણ, એમ કહે છે, જીવનો અને કર્મપુદ્‌ગલનો ભેદ-અભ્યાસ. એ રાગાદિ બધા કર્મપુદ્‌ગલ છે. કીધુંને? ઓલા પદાર્થના જ્ઞાન વડે... આવું જ્ઞાન યથાર્થ થયું પછી પંચમગતિના પ્રાપ્તિનું કારણ એવો જીવનો અને કર્મપુદ્‌ગલનો ભેદ-અભ્યાસ થતાં–જુદાપણાના વિવેક દ્વારા... બેનું એકપણું તો અનાદિનું હતું. અંતર્મુખમાં

વળેલ દૃષ્ટિ, રાગથી ભિન્ન પડેલી દૃષ્ટિ, એ રીતે અભ્યાસ પછી પણ રાગ ને વ્યવહાર છે એનાથી ભેદ પડી જાય ને અહીં સ્થિર થાય એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા.

ઓલા તો કહે કે ચારિત્રના બે ભેદ. પંચમહાવ્રત ને બાર વ્રત. શ્રાવકના બાર વ્રત ને મુનિના પાંચ. જુઓ! આ લખ્યું. આ ચારિત્રના ભેદ. ભાઈ! એ તો નિમિત્તની વ્યાખ્યા કરી. જ્યાં ચારિત્ર હોય છે અંદર સાચું, ત્યાં આવા વિકલ્પો વ્યવહારે હોય છે. એ ચારિત્ર નથી. ચારિત્ર તો જેટલા અંશે રાગથી ભિન્ન પડીને, પહેલું જ્ઞાન તો કર્યું છે, પછી રાગથી ભિન્ન પડીને અરાગપરિણામમાં સ્થિર થાય એનું નામ ચારિત્ર છે. આહાહા! વસ્તુ અરાગી–વીતરાગી હી હૈ. વસ્તુ વીતરાગ જ છે આત્મા. એ વીતરાગમાં એકાગ્રતા થાય એ વીતરાગતા પર્યાય પ્રગટ થાય. પણ એને કઈ રીતે લીધું? ઓલો રાગ છે એનાથી ભિન્ન પડે છે એટલે સ્વરૂપમાં સ્થિર થાય છે, અરાગપરિણામ થાય છે. રાગથી ભિન્ન પડે ત્યાં અરાગપરિણામ થાય છે. એ અરાગપરિણામ એ ચારિત્ર. સમજાણું કાંઈ? હજી તો સમજવામાં જેને વાંધા, એને દૃષ્ટિ ક્યારે થાય, સ્થિરતા ક્યારે થાય એનો કાંઈ મેળ ન મળે. દુર્લભ ચીજ છે, દુર્લભ ચીજ.

**જીવનો અને કર્મપુદ્‌ગલનો**... એટલે વિકલ્પમાત્ર કર્મપુદ્‌ગલ છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હો, અવ્રતનો હો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો, વ્યવહાર રત્નત્રયનો રાગ—એનાથી ભેદ-અભ્યાસ થતાં.... આહાહા! વ્યવહારના રાગથી ભેદ-અભ્યાસ થતાં... વ્યવહારથી નિશ્ચય થતા એમ અહીં નથી કહ્યું. વ્યવહાર કારણ છે ને નિશ્ચય કાર્ય છે. છઢાળામાં આવ્યું છે. 'હેતુ નિયતકો હોઈ.' એ તો નિમિત્તપણાની ભૂમિકાનું જ્ઞાન કરાવે છે. અહીં શું કહે છે? હેતુનો અર્થ, ત્યાં નિમિત્ત હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. એને કારણ (કહ્યું, પણ) અહીં તો ના પાડે છે. જે રાગ છે એનાથી ભિન્ન પડતાં સ્થિરતા થાય તે ચારિત્ર છે.

**પંચમગતિના પ્રાપ્તિના હેતુભૂત એવો જીવનો અને કર્મપુદ્‌ગલનો** જુદાપણાનો અભ્યાસ... એકપણું તો તોડ્યું છે, અસ્થિરતા છે એનાથી જુદાપણાનો અભ્યાસ, એમ કહે છે. એ રાગ છે તેનો અભ્યાસ કરતાં એનાથી થાય, એમ નથી. આહાહા! જેને વ્યવહાર કારણ કહ્યું, હેતુ કહ્યો, મુખ્ય ઉપચાર મોક્ષમાર્ગ કહ્યો. છઢાળામાં તો એમ કીધું. નિમિત્ત કીધું. એ સત્યાર્થ કહ્યું, તો વ્યવહાર અસત્યાર્થ છે એમ આવ્યું છે. સત્યાર્થ, નિશ્ચય તે સત્યાર્થ છે, વ્યવહાર તે અસત્યાર્થ છે. સાચો માર્ગ એ નથી, જૂઠો છે. શું થાય? માણસને સત્ય હાથ ન આવે એટલે જ્યાં-ત્યાં ફાંફા મારે, ન્યાંથી થાશે, આમથી થાશે.

શ્રોતા : અનુકૂળ નિમિત્ત તો હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : નિમિત્તકી વ્યાખ્યા ક્યા? ન્યાં કાર્ય થાય ત્યાં પોતાથી, ત્યારે હોય છે એનું નામ અનુકૂળ નિમિત્ત. નિમિત્તથી કાર્ય જરીયે થયું નથી. પણ અહીં તો નિમિત્ત એવો રાગ

એનાથી ભિન્ન પડતાં ભાવ થાય છે એને ચારિત્ર કહે છે. એની સહાયથી ચારિત્ર થાય છે એમ નથી. ગાથા આવે છેને, નહીં? સર્વવિશુદ્ધિમાં આવે છે ભેદ-અભ્યાસની. .....નય-નિક્ષેપની.

બહુ વાત સરસ છે મૂળ પાઠમાં. **एरिसभेदब्भासे**... **एरिसभेदब्भासे**... આ રીતે પૂર્વે કહ્યું પાંચ ગાથામાં એવો જે ભેદભાવ, રાગભાવ આદિ એનાથી ભેદ-અભ્યાસ એટલે કે સ્વરૂપ તરફના વલણવાળી દશા અને રાગથી ભિન્ન પડેલી દશા તેને ચારિત્ર કહીએ. એ રાગભાવ છે માટે નિશ્ચય ચારિત્ર એનાથી થાય છે, એમ નથી. વ્યવહાર પહેલો, નિશ્ચય પછી, એમ કહે છેને ઘણા? એ બીજી અપેક્ષાએ વાત છે. છઠ્ઠા ગુણસ્થાનમાં જે રાગભાગ રહી ગયો છે એટલે એ રાગને વ્યવહાર કહ્યો, એનાથી રહિત થાય તેને નિશ્ચય કહે છે. તદ્દન ચારિત્ર એને (કહે છે) અભેદતાની અપેક્ષાએ.

**તેમાં જ જે મુમુક્ષુઓ...** રાગના ભેદના અભ્યાસમાં, પોતાના સ્વરૂપના અભ્યાસમાં જે રહે છે, લ્યો, **તેમાં જ જે મુમુક્ષુઓ**–મોક્ષના અર્થીઓ **સર્વદા સંસ્થિત...** રાગથી ભિન્ન પડેલા ભાવમાં સંસ્થિત રહે છે એમ કહે છે. રાગભાવમાં નહીં. રાગથી ભિન્ન પડેલા ભાવમાં જે સંસ્થિત સદાય રહે છે, દેખો! **સર્વદા સંસ્થિત રહે છે...** ઓહોહો! **તેઓ તે (સતત ભેદાભ્યાસ) દ્વારા મધ્યસ્થ થાય છે...** એટલે વીતરાગતા થાય છે. વીતરાગતા થઈ જાય છે. રાગથી ભિન્ન પડેલા ભાવમાં વીતરાગતા આવે છે. મધ્યસ્થ એટલે વીતરાગતા. સમજાણું કાંઈ?

**અને તે કારણથી તે પરમ સંયમીઓને વાસ્તવિક ચારિત્ર થાય છે.** લ્યો. આહાહા! અરે! એણે ચારિત્રનું શું સ્વરૂપ (એની) વ્યાખ્યા એ સાંભળ્યું ન હોય, કર્યું ન હોય અને થઈ ગયા ચારિત્ર. ભગવાન! એમાં કાંઈ છે નહીં. એ ખોટે (રસ્તે) છે. લીંબોળીએ કંઈ નીલમણિ નહીં મળે. લીંબોળી સમજતે હો? નીમકા ફલ. ઉસસે કોઈ નીલમણિ મળે? નહીં. વહ ભી લીલી (-હરી) હૈ, યે ભી લીલી હૈ. આહાહા! કહે છે, તે રાગથી ભિન્ન પડેલા પોતાના ભાવમાં સંસ્થિત સર્વદા રહે છે. રાગમાં રહે છે એમ ન આવ્યું? રાગથી ભિન્ન પડેલા ભાવમાં સંસ્થિત છે, એમ કીધું. આહાહા!

આવી ચારિત્રની વ્યાખ્યા તો શ્વેતામ્બરમાં ક્યાંય નથી. ભણી ભણીને મરી જાય ન્યાં. આ સંતોની ગાથા એક-એક ગાથામાં, આહાહા! અલૌકિક વાત છે. શ્વેતામ્બરના શાસ્ત્ર ભણી ભણીને... જયકુંજર..... કાલ કહેતો હતો એક. ભગવતીનું વાંચન શરૂ થયું છે ભાવનગર. જયકુંજર–હાથી એની ઉપમા ભગવતીને આપી છે. બે દંતુશ હોય, એમ બે નય હોય. બે નય એટલે શું? એક નય છોડવાલાયક છે, એક નય આદરવાલાયક છે. આહાહા! એમાં ભગવતીને એની ઉપમા છે જયકુંજર–હાથી. બે નયરૂપી દાંત, ફલાણું... વળી એ કાંઈ આપણે સાંભળ્યું નથી. પછી કાલ બોલ્યા હોય ઉપરથી એ ન સંભળાણું. ભાઈ કહેતા હતા. આહાહા! ભગવતીમાં

તો ક્યાં... ગોટેગોટા ખોટેખોટા... સાધુને દસ-દસ પાતરા, દસ પછેડી—આવા તો લખાણ પડ્યા છે ભગવતીમાં. .......

અહીં તો (કહે છે કે) વસ્ત્રનો એક ધાગો રાખે આટલો, તો એનો એ રાગ એવો છે કે એને સાધુપણું ન હોય. વસ્ત્ર.. વસ્ત્રકા ટુકડા. કપડા હૈ ન? કપડેકા તિલતુષમાત્ર ભી રખે, તો વહાં સાધુપના હૈ હી નહીં. કેમકે એ મમતા એવી છે કે ત્યાં સાધુપણું રહી શકે જ નહીં. કષાયનો ભાવ એવો છે. વસ્ત્રને કારણે નહીં. એક ટુકડો રાખે અને માને કે અમે સાધુ છીએ, તો નિગોદમ્ ગચ્છઈ. પાઠ છેને અષ્ટપાહુડ (સૂત્રપાહુડ ગાથા ૧૮)નો? નિગોદમ્ ગચ્છઈ..

શ્રોતા : બાત તો સત્ય હૈ, રખનેકો ઝોલા રખે..

પૂજ્ય ગુરુદેવશ્રી : ઝોલા-બોલા રખે તો નિગોદમ્ ગચ્છઈ... ઝોલા ક્યાં...?

હમણાં આવ્યું હતું ચશ્માનું. ચશ્માનું એક આવ્યું હતું. ચશ્મા રાખે છે. ચશ્મા રાખે શેના મુનિ? ચશ્મા હોય? ચશ્મા મેલા થાય તો લૂગડું જોઈએ સાફ કરવા. પછી એ લૂગડાંને સાફ કરવા પાણી જોઈએ. એ વસ્તુ ન હોય. બાપુ! મુનિપણું કોને (કહીએ)? આહાહા! ધન્ય જેના અવતાર! જેણે સફળ કર્યા. પૂર્ણ ચારિત્ર અંદર વીતરાગતા પ્રગટી છે. જેને વસ્ત્રનો ધાગો, પાત્રનો કટકો ન હોય. આહાહા! એ કરપાત્રી છે. વસ્તુની સ્થિતિ એવી છે. અહીં એ કહે છે, એ મધ્યસ્થ થયેલો... રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપમાં સ્થિત એ મધ્યસ્થ છે, વીતરાગ છે, એમ કહે છે. એ વીતરાગપણું એ ચારિત્ર છે. આહાહા! સમજાણું કાંઈ? **અને તે કારણથી તે પરમ સંયમીઓને**... દેખો! એ કારણથી તે પરમસંયમીઓને **વાસ્તવિક ચારિત્ર થાય છે**. એને ખરેખર ચારિત્ર હોય છે.

**તે ચારિત્રની અવિચળ સ્થિતિના હેતુએ...** એવું જે રાગથી ભિન્ન પડીને પોતાના સ્વભાવમાં સદાય સંસ્થિત એવું જે ચારિત્ર એની **અવિચળ સ્થિતિના હેતુએ**... એ ચળે નહીં એવી સ્થિતિને કારણે **પ્રતિક્રમણાદિ નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે.** લ્યો, જુઓ! આ ક્રિયા. પ્રતિક્રમણ આદિ... પણ એ નિશ્ચયક્રિયા છે, રાગ વિનાની ક્રિયા છે. જુઓ! આ ક્રિયા. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના વિગેરે **નિશ્ચયક્રિયા કહેવામાં આવે છે**. એ પ્રતિક્રમણની વ્યાખ્યા કરે છે. **અતીત (-ભૂતકાળના) દોષોના પરિહાર અર્થે...** ગયા કાળના કોઈ દોષ હોય એના છોડવા અર્થે (એટલે) પરિહાર અર્થે. સ્વરૂપમાં સ્થિર થાય એટલે છૂટી જાય, પણ ઉપદેશ તો એમ જ આવેને. **દોષોના પરિહાર અર્થે જે પ્રાયશ્ચિત્ત કરવામાં આ છે તે પ્રતિક્રમણ છે.** દોષોને છોડવા માટે જે સ્વરૂપમાં સ્થિરતા કરવામાં આવે છે, એવું સ્વરૂપની સ્થિરતારૂપ પ્રાયશ્ચિત્ત એને અહીંયા પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા!

**'આદિ' શબ્દથી પ્રત્યાખ્યાનાદિનો સંભવ કહેવામાં આવે છે.** પચ્ચખાણ પણ સ્વરૂપની સ્થિરતાની એકાગ્રતા (સહિત). આલોચના સંવર પણ સ્વરૂપની સ્થિરતા, રાગથી ભિન્નપણાની

એકાગ્રતા (સહિત). આહાહા! એ બધી નિશ્ચયક્રિયા, વીતરાગી પરિણતિ એ નિશ્ચયક્રિયા એ ચારિત્ર છે. આહા! શ્રદ્ધા... માન્યું છે, સમજ્યું નથી. વસ્તુ સીધી છે... પરમાત્મા પોતે પૂર્ણાનંદ પ્રભુ એને રાગથી ભિન્ન પાડીને સ્થિર થવું એવો સીધો માર્ગ છે. એને આવું કરવું, અપવાસ કરવા, ઢીકણું કરવું—એવું કાંઈ કષ્ટ એમાં છે નહીં. આહાહા! **(અર્થાત્ પ્રતિક્રમણાદિમાં જે 'આદિ' શબ્દ છે તે પ્રત્યાખ્યાન વગેરેનો પણ સમાવેશ કરવા માટે છે).** લ્યો.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૩૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—** પોતાની ગાથા છે એની ટીકા કરી એનો આધાર આપે છે.

**भेदविज्ञानतः सिद्धाः** દેખો! આહાહા! અમૃતચંદ્રાચાર્ય. સમયસારનો કળશ છે

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ।।**

બહુ જ ઊંચી વાત, પરમ સત્ય વાત. **શ્લોકાર્થ : જે કોઈ** અત્યાર સુધી અનંતા **સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે...** એ રાગથી ભિન્ન પાડીને સિદ્ધ થયા. સમ્યગ્દર્શનમાં પણ રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન, ચારિત્રમાં પણ રાગની અસ્થિરતાથી ભિન્ન પડીને સ્થિરતા. અત્યાર સુધી અનંત સિદ્ધ થયા એ બધા રાગ ને વિકલ્પથી ભિન્ન પાડીને ભેદજ્ઞાનથી સિદ્ધ થયા. કોઈ વ્યવહારના સાધન લઈને સિદ્ધ થયા એમ નથી. આહાહા! અનંત કાળમાં અનંત મુક્તિએ પધાર્યા એનો હેતુ–કારણ, કહે છે, **भेदविज्ञानतः सिद्धाः**. રાગ અને ભેદથી ભિન્ન પડીને અભેદમાં સ્થિર થયા એ ભેદજ્ઞાન, એનાથી સિદ્ધ થયા. કોઈ સિદ્ધ થયા, વ્યવહારના સાધનથી સિદ્ધ થયા એમ નથી. આહાહા! લ્યો, આ સાધન-બાધન કહ્યું છેને બીજે ઠેકાણે. એ તો જ્ઞાન કરાવ્યું છે. સાધન-બાધન કેવા? સાધન તો એક જ નિશ્ચય સ્વરૂપનું સાધન, મૂળ તો એક જ સાધન. વ્યવહાર સાધન-બાધન કોઈ છે જ નહીં.

શ્રોતા : સાધ્ય-સાધક...

પૂજ્ય ગુરુદેવશ્રી : એ આ. નિશ્ચય સાધ્ય-સાધક આત્મા. વ્યવહાર સાધન કહા વહ તો સાધનસે ભિન્ન પડે તો ઉસકો–(બાહ્ય)સાધનકો નિમિત્ત કહનેમેં આયા. વહ સાધનકો રખકર અપની સાધ્યદશા પ્રગટ હો ઐસા નહીં. આહાહા!

**ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે**.... આહાહા! બહુ ટૂંકું. ઘણું પરમ સત્ય. ભગવાન ચૈતન્ય રત્નાકર, ઉજળો જેનો અવતાર, ઉજળું જેનું સ્વરૂપ. એવો જે ભગવાન એ રાગથી ભિન્ન પાડીને બધા મુક્તિ પામ્યા. રાગનો સાથ લઈને–સાથે લઈને સમકિત પામ્યા, ચારિત્ર પામ્યા—એમ છે નહીં. લ્યો, વ્યવહારને કહ્યું છેને કે સાથે–સહચર હોય છે. હોય છે ને? પણ એનાથી મુક્તિ થાય છે એમ નથી. એનાથી જુદો પડે ત્યારે મુક્તિ થાય. આહાહા!

**अस्यैवाभावतो बद्धा...** જુઓ! એ ખુબી. **જે કોઈ બંધાયા છે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.** કોઈ કર્મના ઉદયથી બંધાણા એને લઈને, એમ નહીં એમ કહે છે. રાગનો અભાવ-ભેદ નહીં કરતાં... ભેદજ્ઞાનનો અભાવ એટલે રાગનો ભેદ નહીં કરતાં, રાગની એકતા કરતાં એ બંધાણા. કોઈ કર્મને કારણે બંધાણા, કર્મનું જોર આવ્યું માટે બંધાણા એમ નહીં. ભેદજ્ઞાનના અભાવથી બંધાણા. આહાહા! જે કોઈ મુક્તિને પામ્યા તે ભેદવિજ્ઞાનથી પામ્યા. જે કોઈ નથી પામ્યા અથવા બંધાણા તે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાણા. એનો અર્થ કે રાગથી ભિન્ન ન પાડ્યું અને રાગની સાથે એકતા કરી એનાથી બંધાણા. કર્મને કારણે બંધાણા, ફલાણે કારણે બંધાણા એમ નહીં. આહાહા! છે કે નહીં અંદર?

આ નિગોદના જીવ પણ બંધાય છે એ ભેદવિજ્ઞાનના અભાવથી બંધાય છે, એમ કહે છે. આહાહા! વાત તે વાત પણ! નિગોદના જીવને કર્મનું જોર છે માટે મિથ્યાત્વ થાય છે ને બંધાય છે એમ નહીં. એ રાગ ને વિકલ્પથી ભિન્ન કરતા નથી અને એકતા કરે માટે બંધાયેલા છે. આહાહા! જે કોઈ બંધાયા તે તેના અભાવથી બંધાયા. ભેદવિજ્ઞાનનો અભાવ. બે સિદ્ધાંત, બસ. પરથી ભિન્ન પાડીને છૂટ્યા અને પરથી ભિન્ન પાડવાના અભાવથી બંધાણા. આ બધું કર્મથી આમ થાય, દર્શનમોહનો તીવ્ર ઉદય આવે તો આમ થાય ને ચારિત્રમોહનો તીવ્ર ઉદય આવે તો આમાં જોડાવું પડે ને—એ વાત કાંઈ આમાં રહેતી નથી. બરાબર છે કે નહીં આ? બહારની ... બધી ખોટી છે ગપ્પા. વસ્તુની શૈલી જ આ, વસ્તુ જ આ છે. જેટલા મુક્ત થયા તે વિકલ્પથી ભિન્ન પડીને અને જેટલા બંધાણા તે વિકલ્પથી એકત્વ કરીને. બસ એક જ વાત. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**અષાઢ વદ ૧૩, મંગળવાર, તા. ૨૦-૭-૧૯૭૧**
**શ્લોક - ૧૧૦, ગાથા – ૮૩, પ્રવચન નં. ૭૨**

ચારિત્રનો પેટાભેદ પરમાર્થ પ્રતિક્રમણ. સાચું પ્રતિક્રમણ કોને કહેવું? આ કળશ છે ૧૧૦. ૮૨ ગાથાનો.

**વળી (આ ૮૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :—**

**इति सति मुनिनाथस्योच्चकैर्भेदभावे**
**स्वयमयमुपयोगाद्राजते मुक्तमोहः ।**
**शमजलनिधिपूरक्षालितांहःकलंकः**
**स खलु समयसारस्यास्य भेदः क एषः।।११०।।**

**શ્લોકાર્થ : એ રીતે જ્યારે મુનિનાથને...** મુનિની મુખ્યતાથી વાત છે. **મુનિનાથને અત્યંત ભેદભાવ...** અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે દ્રવ્યપ્રતિક્રમણ આદિના, આ વ્યવહાર પ્રતિક્રમણ કહેવાયને 'મિચ્છામિ દુક્કડમ્' એવો વિકલ્પ, એનાથી પણ જેને આત્માને ભેદ કર્યો છે. શુભ ને અશુભ રાગ એનાથી જેનો ભેદભાવ... **(ભેદવિજ્ઞાનપરિણામ)** જુદા પડ્યા છે. આત્મા વીતરાગ સ્વરૂપ છે એ જ્યારે રાગથી ભિન્ન પડીને વીતરાગપરિણામે પરિણમે છે, ત્યારે ભેદજ્ઞાનના પરિણામ કહેવામાં આવે છે. **ત્યારે આ (સમયસાર) સ્વયં ઉપયોગી હોવાથી...** શુદ્ધ-ઉપયોગ... સમયસાર ત્રિકાળ તો ઉપયોગ(સ્વરૂપ) છે, રાગથી ભિન્ન પડીને સ્વયં શુદ્ધ ઉપયોગ થયો. પડિકમણું કરવું અને આ સામાયિક કરવું એ બધા વિકલ્પ ને રાગ છે, એ કાંઈ ધર્મ નથી. એ સાચું પ્રતિક્રમણેય નથી. સાચું પ્રતિક્રમણ (એટલે) ભગવાન આત્મા વિકલ્પ જે શુભ-અશુભ રાગ એનાથી ભિન્ન પડીને સ્વયં ઉપયોગ શુદ્ધ થયો.

**મુક્તમોહ (મોહ રહિત) થયો થકો...** પોતાના આત્મામાં શુદ્ધ પરિણમનપણે–ઉપયોગપણે પરિણમ્યો, એ રાગાદિ મોહ એનાથી મુક્ત થયો, એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા! ભારે! આ ગડિયા હાંક્યે જાય છેને સાંજ-સવાર પડિકમણાના? એ તો, 'ભાષા હું કરું છું' એ માન્યતા જ મિથ્યાત્વ છે અને એનો જે વિકલ્પ ઊઠે છે એ તો રાગ છે. એ સાચું પ્રતિક્રમણ છે એમ માન્યતા એ મિથ્યાત્વ છે. ભગવાનભાઈ! કેટલા કર્યા હશે પડિકમણા? બહુ ઘણા કર્યા. જૂના માણસ ને. આહાહા! અહીં તો ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે એનું. રાગ છે એ દુઃખરૂપ છે. વ્યવહારપ્રતિક્રમણનો રાગ દુઃખરૂપ છે. આહાહા! એનાથી જેણે આત્માને જુદો પાડ્યો છે એવો જે મુનિનાથ, એનો સ્વયં ઉપયોગ–એ આનંદમાં સ્વયં ઉપયોગ થવાથી

મુક્તમોહ છે. મોહથી મુક્ત થયો થકો... રાગભાવ છે શુભવિકલ્પ એ પણ મોહ છે. એનાથી મુક્ત થયો થકો... આરે! હજી તો વાત શું કહે છે સમજવી કઠણ પડે.

**શમજલનિધિના પૂરથી (ઉપશમસમુદ્રની ભરતીથી)...** શું કહે છે? આત્મા પોતાના શુદ્ધ પરિણમનના ઉપયોગમાં આવ્યો એથી એને શમજલનિધિપૂર–ઉપશમસમુદ્રની ભરતી આવી. આહાહા! અકષાય શાંતિભાવ, વિકાર રહિતની ભરતી–ઉત્પાદ થયો. એનાથી **પાપકલંકને ધોઈ નાખીને...** પુણ્ય ને પાપના વિકલ્પો બેય પાપ છે. આહાહા! બેય પાપ, હિંસા છે. 'પાપ પાપકો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો ભી પાપ કહે.' કહે છે, શમજલનિધિ–ઉપશમનો દરિયો એનું પૂર એટલે ભરતી. આહાહા! એ અવશપર્યાયમાં રાગની ઉત્પત્તિ હતી, એને ઠેકાણે રાગથી ભિન્ન પડીને શાંતરસની ઉત્પત્તિ–ભરતી પર્યાયમાં આવી. આહાહા! ભરતી સમજતે હો? બાઢ. બાઢ કહતે હૈં. ભરતી–બાઢ આયી. અંતરમેં ઉપશમરસકી બાઢ આયી. આહાહા! ભગવાન આત્મા ચૈતન્યરસ અકષાયરસથી ભરેલું સત્ત્વ, એને જેણે રાગથી ભિન્ન કરીને સ્વભાવનું અવલંબન લીધું અને સ્વભાવનો શુદ્ધ ઉપયોગ પ્રગટ થયો એ ઉપશમરસ. ઓલો રાગ હતો એ કષાય દુઃખરૂપ રસ હતો, કષાય અગ્નિ હતી. વ્યવહારપ્રતિક્રમણ જે વિકલ્પ છે એ પણ કષાય અગ્નિ હતી. આહાહા!

ધર્મીની વાત છે હોં, અજ્ઞાનીનું વ્યવહારપ્રતિક્રમણ એ પડિકમણું છે જ નહીં. એ તો એકલો મિથ્યાત્વભાવ છે. જેણે આત્માને પુણ્ય-પાપના વિકલ્પથી દૂર ખસેડ્યો છે... આવે છેને ક્યાંક? પ્રવચનસારમાં આવે છે. આમ ખસેડ્યો. આમ પુણ્ય-પાપ ઉપર જે લક્ષ છે એનાથી છૂટો કર્યો છે–જુદો પાડ્યો છે. એ જુદો પાડતાં ઉપશમરસની ભરતી આવી. આહાહા! શાંત.. શાંત.. અકષાયભાવ એની બાઢ–પર્યાયમાં ભરતી ઉત્પન્ન થઈ છે. ઓહોહો! એથી પાપકલંકને ધોઈ નાખ્યા. શુભ ને અશુભ ભાવ બેય પાપ છે. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ પણ પાપ છે, અમૃતથી વિરુદ્ધ છે. પોતાનું સ્વરૂપ જે પવિત્ર આનંદ અમૃત, એનાથી પુણ્યભાવ વિરુદ્ધ છે, એથી એને પાપકલંક કહી દીધું છે અહીં. આહા!

પાપકલંકને ધોઈ નાખ્યા છે... જેણે પુણ્ય-પાપની ઉત્પત્તિને અટકાવી દીધી છે, એમ કીધું. સમજાણું કાંઈ? એના સ્થાનમાં ઉપશમરસની ઉત્પત્તિ થઈ છે. આહાહા! એ પુરુષાર્થ છે. અનંત પુરુષાર્થ અનંત કાલમેં કભી કિયા નહીં. આહાહા! અંતરના પુણ્ય-પાપના રાગના ભાગની ઉત્પત્તિનો નાશ કરી, એના સ્થાનમાં શાંતિ–અવિકારી વીતરાગપર્યાયનો સમુદ્ર ઉછળ્યો. આહાહા! એ **વિરાજે (-શોભે) છે...** વીતરાગપર્યાય એ શાંતરસે બિરાજે છે. આહાહા! ત્રિકાળ ભગવાન આત્મા અકષાય શાંતરસનો પિંડ એનો ઉપયોગ થયો પરથી ખસીને, એ પણ ઉપશમરસે બિરાજે છે, આનું નામ પ્રતિક્રમણ છે. આરે ભારે વાત! સાંભળી ન હોય. આહાહા! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે કહેલું પ્રતિક્રમણનું આ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

**તે આ ખરેખર, આ સમયસારનો કેવો ભેદ છે!** જેની શાંતિદશા પ્રગટ થઈ એ તે સમયસારનો પ્રકાર કેવો છે! એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પનો નાશ કરીને સ્વભાવ શુદ્ધ ઉપયોગની રમણતામાં શાંતરસ ઉછળ્યો, આ તે સમયસારનો કેવો ભેદ છે! એનું નામ નિશ્ચય–સાચું પ્રતિક્રમણ છે. કહો, સમજાય છે કાંઈ? પહેલું તો હજી શું કહેવા માગે છે એ પકડવું કઠણ પડે. ઓલા લાકડા ઊંધા ખોસ્યા છેને ઘણા. એ ૮૨ ગાથા થઈ. લ્યો, હવે ૮૩.

**मोत्तूण वयणरयणं रागादीभाववारणं किच्चा ।**
**अप्पाणं जो झायदि तस्स दु होदि त्ति पडिकमणं ।।८३।।**

નીચે એનું હરિગીત.

**રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.**

**ટીકા : દિને દિને મુમુક્ષુજનો વડે ઉચ્ચારવામાં આવતો...** મુનિ આત્મજ્ઞાની ધ્યાની અતીન્દ્રિય આનંદના સ્વાદિયા એવા જે સંત... એ હંમેશા–**દિને દિને મુમુક્ષુજનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ...** સાંજ-સવારમાં પ્રતિક્રમણનો વ્યવહારવિકલ્પ છેને, એની વાત કરે છે. જેને આત્માનું ભાન છે, જેણે રાગના વિકલ્પથી ચૈતન્યને જુદો અનુભવ્યો છે, એને જે પ્રતિક્રમણનો વિકલ્પ જે વચન છે એ **નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત...** સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને આત્માના આનંદના લક્ષે અનુભવીને, એવા મુનિને જે વચનનો વિકલ્પ ઉઠે પ્રતિક્રમણનો એ પાપક્ષયનો હેતુ છે. આ પાપ અશુભ છે. એ પોતે પુણ્યભાવ છે. પુણ્યભાવથી રહિત આત્માનું ભાન હોવા છતાં એને શુભભાવનો વિકલ્પ આવો પ્રતિક્રમણનો ભગવાને શાસ્ત્રમાં કહ્યું એ પ્રમાણે વચનની રચનામાં બોલતો હોય (અને) ભાવમાં શુભભાવ છે અંદર. એ **પાપક્ષયના હેતુભૂત સૂત્રસમુદાય...** દેખો! ભગવાને, સંતોએ પ્રતિક્રમણસૂત્રની રચના કરી, એ સૂત્રની રચના વચન દ્વારા બોલે છે અને અંદર શુભભાવ છે. 'બોલે છે' એ તો વ્યવહારથી (કહ્યું). બોલે કોણ? એ તો જડની ભાષા છે.

**સૂત્રસમુદાય તેનો આ નિરાસ છે.** દેખો! શું કીધું? એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને ચારિત્રની શુદ્ધપરિણતિ હોવા છતાં, તેને જ્યારે વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ ઉઠે છે, ત્યારે ભગવાને કહેલા પ્રતિક્રમણના શાસ્ત્રો વાણીથી બોલે છે (અને) અંદર શુભભાવ છે. એનો નિરાસ કર્યો છે અહીં તો. એ બંધનું કારણ છે. આહાહા! કોને? આ સમ્યગ્જ્ઞાનીની વાત ચાલે છે. અજ્ઞાની, જે દેહની ક્રિયા હું છું, રાગ તે પુણ્યનો ભાવ તે મને ધર્મ થાય—એવા મિથ્યાદૃષ્ટિની તો અહીં વાત છે નહીં. એ તો અજ્ઞાની છે. ધર્મી મુનિને... ભાવલિંગી સંત જંગલમાં વસતા હોય છે એ તો. નગ્ન દશા હોય છે એને. જૈનદર્શનમાં મુનિની દશા બાહ્યમાં નગ્ન હોય છે. આહાહા! અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય છે. એવા મુનિને જ્યારે દિને-દિને–હંમેશ સવાર-સાંજ

પ્રતિક્રમણનો જે વિકલ્પ આવે છે એ પાપક્ષયનો હેતુ છે, છતાં એનો નિરાસ છે અહીંયા. આહાહા!

પુણ્ય પરિણામ પણ બંધનું કારણ છે, એ સાચું પ્રતિક્રમણ નથી. **તેનો આ નિરાસ છે (અર્થાત્ તેનું આ નિરાકરણ–ખંડન કર્યું છે).** લ્યો, સમ્યગ્દૃષ્ટિને, સમ્યગ્જ્ઞાનીને, ત્રણ કષાયના અભાવ હોય એવા સંતને સવાર-સાંજ જે શુભવિકલ્પનું પ્રતિક્રમણ, શાસ્ત્રે બાંધેલું એ બોલે એવો એનો ભાવ હોય, એનો પણ આમાં નિષેધ કર્યો છે. કહો, સમજાય છે કાંઈ? એ પણ સાચું પ્રતિક્રમણ નથી, વ્યવહાર છે. કોને? ઓલો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયનો અભાવ હોય એને. શ્રાવકને અંશે.. અંશે હોય. સમજાય છે કાંઈ?

કહે છે, **પરમ તપશ્ચરણના કારણભૂત સહજવૈરાગ્યસુધાસાગરને માટે પૂર્ણિમાનો ચંદ્ર એવો જે જીવ...** આહાહા! જેમ પૂર્ણમાનો ચંદ્ર દરિયામાં પાણીને ઉછાળે છે. પૂનમને દિ' પાણી–દરિયો ઉછળે છે, નજીક આવે છે. એમ જે મુનિ, જેને આત્મજ્ઞાન, આત્મધ્યાન પ્રગટ્યું છે, દયા-દાન-વ્રત આદિના પરિણામ પણ જે બંધનું કારણ જાણે છે, મહાવ્રતના પરિણામ પણ જે બંધનું કારણ જાણે છે... આહાહા! ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ એનો આશ્રય લઈને પરમ તપશ્ચરણનું કારણભૂત–સાચા મુનિપણાનું કારણભૂત... એમ કહે છે.

**સહજવૈરાગ્યસુધાસાગરને માટે...** આહાહા! **સહજ વૈરાગ્યરૂપી અમૃતનો** સમુદ્ર–**સાગર,** એ માટે પૂર્ણિમાનો ચંદ્ર જેવો જીવ છે. આહાહા! જીવ એવો છે એમ કહે છે. **પરમતપનું કારણ એવો સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર...** એમ કેમ લીધું ત્યાં? કે પુણ્ય ને પાપના વિકલ્પથી ખસી જવું એનું નામ વૈરાગ્ય છે. આ પડિકમણું છેને એટલે એમ લીધું છે. આહાહા! ભગવાન આત્મા પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદનો નાથ એવો જેણે સમ્યગ્દર્શનમાં અનુભવ કર્યો છે, સમ્યગ્દર્શનમાં એ પરમ અતીન્દ્રિય આનંદ આત્મા છે એવો અતીન્દ્રિયનો સ્વાદ લીધો છે જેણે. આહાહા! એ અતીન્દ્રિય સ્વાદિયો જીવ, કહે છે કે પરથી એટલો બધો વૈરાગ્ય છે એને..... અહીં મુનિ છે ને? અહીં મુનિની વાત છે ને? પરમ મુનિપણું જે શાંત, આનંદરસ નિર્વિકલ્પ છે, વ્યવહારપ્રતિક્રમણના વિકલ્પ છે એ પણ જેમાં નથી એવી દશાને અહીં મુનિપણું કહે છે. આહાહા!

**સહજ વૈરાગ્યરૂપી અમૃતનો સાગર તેને ઉછાળવા માટે અર્થાત્ તેમાં ભરતી લાવવા માટે જે પૂર્ણ ચંદ્ર સમાન છે એવો જે જીવ...** લ્યો. શબ્દો જ સમજવા મુનિના (કઠણ). કહે છે કે સાચો મુનિ એને કહીએ કે... એણે નવ તત્ત્વમાં સંવર-નિર્જરાની ઓળખાણ કરવી પડશેને બરાબર. સાચા મુનિ એને કહીએ કે જેને અમૃતસાગર ઉછળ્યો છે અંદરથી. અમૃતથી ભરેલો ભગવાન આત્મા છે, અમૃત આનંદ. એ રાગ ને પુણ્ય-પાપના વિકલ્પથી ખસી ગયો છે–હઠી ગયો છે અને સ્વભાવ તરફની સન્મુખમાં અમૃતસાગર ઉછળી રહ્યો છે. આહાહા! એવા મુનિને

**અપ્રશસ્ત વચનથી પરિમુક્ત (–સર્વ તરફથી છૂટેલો)...** એટલે અશુભ પરિણામથી તો મુક્ત છે. એને અશુભ પરિણામ તો હોતા નથી.

એવો **હોવા છતાં પ્રતિક્રમણસૂત્રની વિષમ (વિવિધ) વચનરચનાને (પણ) છોડીને...** ઓહોહો! ભાષા જુઓ! પ્રતિક્રમણસૂત્રની વિષમ–વિવિધ પ્રકારની ભાષા એની રચના, એમાં લક્ષ દેવું એ શુભભાવ છે, પુણ્ય છે, એ પ્રતિક્રમણ સાચું નહીં. આહાહા! પાપથી તો હઠી ગયેલો છે એટલે પાપ તો એને છે જ નહીં. આહાહા! 'પરિમુક્ત છે' એનો અર્થ 'સર્વથા મુક્ત' એમ કીધું. સર્વથી મુક્ત છે. ઓહોહો! વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ જૈન પરમેશ્વરે જે આત્મા કીધો, એવો આત્મા અન્યમતમાં–અન્યમાં ક્યાંય હોઈ શકે નહીં. એવો જે ભગવાન આત્મા, કહે છે કે વૈરાગ્યરસથી અમૃત તો ઉછળે છે એને. હવે અશુભ રચના વચનની–પરિણામની એ તો એને નથી, પણ **પ્રતિક્રમણસૂત્રની વિષમ વચનરચના...** આહાહા! ભાષા દેખો! એ શબ્દોને યાદ રાખવા અને સરખા બોલવા એ બધી વિષમતા છે, કહે છે. એય! આહાહા! એ બધો શુભરાગ છે. સમજાય છે કાંઈ? આવું માર્ગનું સ્વરૂપ છે એ હજી એની શ્રદ્ધામાંય બેસે નહીં, જ્ઞાનમાં આવે નહીં, એને સ્થિરતા કે દિ' થાય? આહા!

કહે છે કે ભગવાને કહેલા પ્રતિક્રમણસૂત્રની રચના સંતોએ કહેલી, એની વિષમ વચનરચના એને છોડીને... એ વચનોમાં.... વચન તો જડ છે, પણ એમાં આમ બોલવું, આમ કરવું, આમાં ફેરફાર શબ્દોમાં આડોઅવળો ન થાય—એ બધો વિષમભાવ છે. એ સમભાવ નથી. જલ્પ, પણ એ વિષમભાવ છે, વિકલ્પ છે ને? શુભરાગ છે ને? પ્રતિક્રમણની ભાષા બોલવી એમાં શુભરાગ છે. ભાષા તો જડ છે. જલ્પ એ વિકલ્પ છે–રાગ છે એને છોડી દઈને... આહાહા! એવી વચનરચનાને પણ છોડીને, એમ. બાપુ! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો એ અલૌકિક માર્ગ છે. એ માર્ગની વાત પણ સાંભળવા મળે નહીં, એ સમજે કે દિ'? આહાહા! બહારથી અનંતી માથાકૂટ કરી કરીને મરી ગયો.

આત્માના અંતરજ્ઞાન ને અંતરભાન વિના એ 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' એવા દ્રવ્યલિંગીપણા અનંત વાર લીધા. પણ આતમ... એ પુણ્ય-પાપની ક્રિયાના પરિણામથી જુદો એના ભાન વિના સ્વરૂપની રચનાની ચારિત્રદશા એને હોય નહીં. આહાહા! અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યદેવ સાચું પ્રતિક્રમણની વ્યાખ્યા કરતાં એમ કહે છે કે ધર્માત્માએ, જેને અંતર આનંદસ્વભાવનું ભાન થયું છે એણે અશુભરાગની રચના તો છોડવી. એને તો હોતા જ નથી, એમ. આ શુભરાગમાં પ્રતિક્રમણનો વિકલ્પ ઉઠે છે ઓલા શાસ્ત્રની રચનામાં કે બોલતાં, એને પણ છોડી દે. આહાહા!

**સંસારલતાનાં મૂળ-કંદભૂત...** સંસારરૂપી વેલડી એનું મૂળ-કંદભૂત **સમસ્ત મોહરાગદ્વેષભાવોનું નિવારણ કરીને...** આહાહા! સંસારરૂપી વેલડી એનું મૂળિયું, મોહ ને રાગદ્વેષ

છે. લ્યો, એ શુભભાવ પણ સંસારલતાનું મૂળિયું કીધું. જુઓ, ભાઈ! મુનિને હોં, સાચા સંતને. જેની આત્મક્રિયા આનંદમય થઈ ગઈ છે. એવા જીવ સંસારરૂપી વેલડીનું મૂળિયું-કંદમૂળ મોહરાગદ્વેષભાવ નિવારણ કરીને (એટલે) છોડીને આત્માના આનંદમાં રમે છે, એને સાચું પ્રતિક્રમણ હોય છે. કહો, ભગવાનભાઈ! આવું તો સાંભળેલું નહીં કોઈ દિ'. લ્યો, વાત સાચી. આહાહા!

અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, એનું જેને પ્રથમ મિથ્યાત્વનું પ્રતિક્રમણ થઈને (એટલે) ભ્રમણાથી પાછો ખસીને... પુણ્યમાં ધર્મ છે, પાપમાં મજા છે, પરનું કાંઈ કરી શકું છું, પરથી મારામાં કાંઈ મદદ મળે છે—એવો જે મિથ્યાત્વભાવ, એણે પહેલાં સ્વરૂપના આનંદના સ્વાદિયા થઈને એ મિથ્યાત્વનું જેણે પડિકમણું કર્યું છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે. એણે હવે આગળ વધીને ત્રણ કષાયનો નાશ કર્યો છે અને સ્વરૂપનો આશ્રય ઘણો લીધો છે એવા મુનિને, કહે છે કે અશુભભાવ તો એને હોતો નથી, પણ પ્રતિક્રમણસૂત્રને બોલવાનો જે શુભભાવ છે એ પણ બંધનું કારણ છે એને છોડીને... આહાહા! એને છોડીને અશુભમાં જાવું એમ અહીં નથી કાંઈ. અશુભ તો છે જ નહીં. એ શુભરાગનું કારણ, બંધનું કારણ મુનિને પણ છે, એને છોડીને સ્વરૂપમાં રમણતા કરે, રાગથી હઠી-ખસી સ્વરૂપમાં લીનતા કરે.

**અખંડ આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે,** લ્યો. આહાહા! ભગવાન આત્મા અખંડ છે, એકરૂપ છે ચૈતન્યમૂર્તિ પ્રભુ. એવો **અખંડ આનંદમય**... પ્રભુ આત્મા તો આનંદ અતીન્દ્રિય આનંદમય છે. પુણ્ય-પાપના વિકલ્પ-દુઃખ તો એમાં છે નહીં. જુઓ! આનંદને લાવ્યા અહીંયા. **અખંડ આનંદમય નિજ કારણપરમાત્મા**... ત્રિકાળી ભગવાન સ્વરૂપ આત્માનું, ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ નિજ કારણપરમાત્મા, પોતાનો ભગવાન ત્રિકાળી એ શુભભાવથી ખસી અને સ્વરૂપનું ધ્યાન કરે છે **તે જીવને** સાચું પ્રતિક્રમણ હોય છે. કહો, સમજાય છે કાંઈ? આહા! ભારે વાતું. આ કુંદકુંદાચાર્યદેવ આમ કહે છે.

**તે જીવને...** જે કારણપરમાત્મા પોતાનો, જેમાંથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટ થાય એવો જે ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એનું જે **ધ્યાન કરે**-ધ્યાવે **છે, તે જીવને—કે જે ખરેખર પરમતત્ત્વનાં શ્રદ્ધાન...** પરમતત્ત્વ પોતાનું ભગવાન સ્વરૂપ, શુદ્ધ આનંદઘનની શ્રદ્ધા, પરમતત્ત્વ આનંદઘનનું **જ્ઞાન** અને **અનુષ્ઠાન**-આનંદઘનનું આચરણ. અનુષ્ઠાન છેને, ઓલું પ્રતિક્રમણ વ્યવહાર અનુષ્ઠાન ખરું ને? એને છોડીને અતીન્દ્રિય આનંદના અનુષ્ઠાનની સન્મુખ છે તેને સાચું પ્રતિક્રમણ છે. જે **પરમતત્ત્વનાં શ્રદ્ધાન**... કારણપરમાત્મા શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ આત્મા એની જેને અંતર સન્મુખ થઈને શ્રદ્ધા, **જ્ઞાન અને એના અનુષ્ઠાનની સન્મુખ છે...** એ

સ્વના આચરણની સન્મુખ એમ કહે છે. પર આચરણથી વિમુખ છે. શુભરાગનું વ્યવહાર પ્રતિક્રમણ એનાથી વિમુખ છે એમ કહે છે. આહાહા!

**જે ખરેખર પરમતત્ત્વનાં શ્રદ્ધાન...** ભગવાન પૂર્ણાનંદ અખંડ આનંદ છું એવા અનુભવમાં શ્રદ્ધા, એવા અનુભવનું જ્ઞાન અને તેનું આચરણ... એ રાગના આચરણથી વિમુખ થઈ વીતરાગી આચરણની સન્મુખ છે **તેને વચન સંબંધી સર્વ વ્યાપાર વિનાનું** (એટલે કે) વ્યવહારપ્રતિક્રમણનો વિકલ્પ ને વાણી વિનાનું **નિશ્ચયપ્રતિક્રમણ હોય છે.** આહાહા! કહો, સમજાણું આમાં? એ વિરાણી! આ બધું સમજવું પડશે. પણ એ ચૈતન્ય શું છે? કેવડો છે? સર્વજ્ઞે કહેલો એવડો પાછો હોં. અજ્ઞાની, આત્મા.. આત્મા.. કરે એ આત્માનું ભાન નથી એને.

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવા પરમેશ્વરે કહેલો તે આત્મા કે જે આત્મા કહીએ છતાં એમાં અનંત ગુણ છે. અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત આનંદ છે, અનંત સ્વચ્છતા છે, અનંત પ્રભુતા, અનંતા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવી અનંતી શક્તિઓ અને એકેક શક્તિઓનું અનંત સામર્થ્ય એવો આત્મા. એ આત્મા એવો બીજે હોઈ શકે નહીં અને કહી શકે નહીં. બીજે જાણ્યો નથી એટલે કહી શકે જ નહીં. સમજાણું? આત્મા.. આત્મા.. કરે, આત્મા આમ કરો, આત્માનો અનુભવ કરો. આત્મા છે કેવો? કેવડો? શું છે એમાં? આત્મા તો વસ્તુ થઈ, એનું ક્ષેત્ર કેટલું? એનો કાળ કેટલો? એના ભાવ કેટલા?

શ્રીમદ્દે કહ્યું છે એક ઠેકાણે ઓલા વેદાંતીની સામે. ઓલા હતોને વેદાંતી કોણ? ત્રિપાઠી. હા, મનસુખલાલ. એ વેદાંતી હતો. એનો પરિચય હતો જરીક ઓલો ભણેલો થોડુંક. શ્રીમદ્દે એકવાર લખ્યો પત્ર. આપણે કોઈપણ પદાર્થની વ્યાખ્યા કરવી હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી કરી શકાય. તો આત્માની પણ એ રીતે વ્યાખ્યા કરી શકાય. એમ કરીને ઓલાને (કહયું) કે આત્મા સર્વવ્યાપક છે ને ફલાણો છે એમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એક પત્ર છે. જ્યારે કોઈપણ ચીજની વ્યાખ્યા કરવી હોય તો એ ચીજ એટલે શું? એનું ક્ષેત્ર કેટલું? એની દશા શું? કેટલો કાળ રહે? અને એનો ભાવ શું? અને કેટલા ભાવ? એ વિના એ તત્ત્વનું સ્વરૂપ ખ્યાલમાં આવી શકે નહીં. ઓહોહો!

આ આત્મા એક દ્રવ્ય કહેવાય, એના અસંખ્ય પ્રદેશ છે એ ક્ષેત્ર કહેવાય એનું. એવું વીતરાગ સિવાય ક્યાંય અસંખ્ય પ્રદેશની વાત આવતી નથી. અને અસંખ્ય પ્રદેશમાં શક્તિઓ અનંત છે એને ભાવ કહેવાય. ત્રિકાળ રહે એને–દ્રવ્યને તત્ત્વ કહેવાય અને વર્તમાન અવસ્થાને કાળ કહેવાય. આ જ વસ્તુની મર્યાદા છે. વસ્તુ આ જ રીતે હોઈ શકે, બીજી હોઈ શકે નહીં. એવો આત્મા જેણે... પુણ્ય ને પાપના રાગની અવસ્થા છે એ પણ સિદ્ધ કરી. કંઈ મલિનતા નથી એમ

નહીં. એની દશામાં પુણ્ય-પાપના ભાવ મેલા છે. એનાથી હઠવું, ત્યારે અખંડ પ્રદેશી ભગવાન અનંત ગુણનું ધામ એમાં આવવું એનું નામ પ્રતિક્રમણ છે. કહો, સમજાણું આમાં? આહાહા!

જિનેશ્વરદેવ પરમાત્મા ત્રિલોકનાથ સિવાય આ વાત ક્યાંય હોય નહીં. વિશ્વધર્મ.. વિશ્વધર્મ કરે છે ને? બધાની સાથે સમન્વય કરો, કોની સાથે કરે? અમૃતના ને ઝેરના સમન્વય હોય નહીં. હોય કેટલું? કે અમૃત પણ છે ને ઝેર પણ છે એ અપેક્ષાએ. છે એ અપેક્ષાએ. પણ બેય એક છે અને સરખા છે એમ નહીં. આહાહા! કુંદકુંદાચાર્યે કેવળી પાસે જઈ, આઠ દિ' રહી આ શાસ્ત્રો રચ્યા. આહાહા! ગજબ વાત કરી છે ને! સર્વજ્ઞ પરમાત્મા સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ મહાવિદેહમાં બિરાજે છે અત્યારે. એ સંવત ૪૯માં કુંદકુંદાચાર્ય મુનિ દિગંબર થયા અહીંયા. એ ત્યાં ગયા હતા ભગવાન પાસે. આઠ દિ' રહી અને આવીને આ શાસ્ત્રો રચ્યા.

પોન્નુર હીલ. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ એક ટેકરી છે. પોન્નુર હીલ નામની ટેકરી છે. વંદેવાસ ગામ છે જોડે, દસ હજારની વસ્તીનું ગામ, એનાથી પાંચ મીલ દૂર છે. બે વાર જઈ આવ્યા છીએ ત્યાં. ત્યાં હતા અને ત્યાંથી ભગવાન પાસે ગયા હતા ને ત્યાંથી આવીને પછી આ શાસ્ત્રો રચ્યા. તાડપત્રમાં રચ્યા. એમાંનો આ પ્રકાર છે એક. આહાહા! લિખિતંગ અધ્ધરથી મફતલાલની સહી એમ નહીં. લિખિતંગ કુંદકુંદાચાર્યની હયાતી ભગવાનની પાસે હયાતી (હતી) ત્યાંથી આવીને લખ્યા છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યની સહી. મારા કરેલા છે આ. નિમિત્તથી તો લખાયને? આહાહા!

કહે છે... ભાષા કેવી કરી છે! **સંસારલતાનાં મૂળ-કંદ**... મૂળિયું. પછી મૂળિયું ફાલે. વૃક્ષ ફાલેને. એમ મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ મૂળ છે એમાંથી સંસારની વેલડી–સંસારની લતા ફાલે. અહીં કહે છે કે શુભભાવ–રાગ પણ સંસારલતાનું ફળ છે. આહાહા! એનું **નિવારણ કરીને**... અખંડાનંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદ, અખંડ આનંદમય નિજ કારણપરમાત્માને ધ્યાવે છે. આહાહા! ભગવાનના આત્માને નહીં. ભગવાનનો આત્મા તો પર છે. એનું ધ્યાન કરે તો વિકલ્પ ઉઠશે. આહાહા! અરિહંત ને સિદ્ધનું ધ્યાન કરવા જાય તો વિકલ્પ ઉઠે કેમકે પરદ્રવ્ય છે એ તો. આહાહા! આ તો પોતાનો–નિજ કારણપરમાત્મા, જેમાં કાર્ય થવાની શક્તિ પડી છે. સિદ્ધપદ થવાની શક્તિ એનામાં છે. આહાહા! સંસાર થવાની શક્તિ એનામાં નથી. આહાહા! સંસાર તો પર્યાયમાં અજ્ઞાનભાવે ઊભો કર્યો છે, વસ્તુમાં નથી. આહાહા!

કહે છે, એવો અખંડ આનંદમય નિજ કારણપરમાત્મા એને જે અંતર ધ્યાવે છે, એને ચૂસે છે, એનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઉગ્રપણે લે છે, એ જીવને કે જે ખરેખર પરમતત્ત્વના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની સન્મુખ છે–સ્વભાવ સન્મુખ છે. રાગથી વિમુખ છે, સ્વભાવથી સન્મુખ છે. આહાહા! તો પર્યાય હોય એ આમ થાય. જેણે પર્યાય–અવસ્થા જ માની નથી એને, પરથી

સન્મુખ છે ને સ્વથી વિમુખ છે અને સ્વથી સન્મુખ છે ને પરથી વિમુખ છે—એ પર્યાય જ થાય નહીં એનામાં. પર્યાય એટલે અવસ્થા-હાલત. ગુણ ને દ્રવ્ય એ કાયમી ચીજ છે અને બદલતી દશા એ સમયે સમયે પલટે છે. એવું જેને જ્ઞાન નથી આત્માનું અને આત્મા.. આત્મા.. કરે તો એને પલટવાનું તો રહેતું નથી. અનાદિ રાગ ને વિકાર ઉપર લક્ષ છે એને ફેરવીને અંતરમાં લાવવું એ તો પર્યાયમાં આવે છે. દશા પલટે છે, અવસ્થા પલટે છે, વસ્તુ એમને એમ રહે છે. સમજાણું કાંઈ?

આવું જ્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન નથી, એને કોઈ પણ આત્મા ને તત્ત્વનું જ્ઞાન છે નહીં, હોઈ શકે નહીં. આહાહા! શું થાય? ભાઈ! માર્ગ તો સાચો આ છે. સૂક્ષ્મ છે ને એમ છે. એવો છે ને એમ જ છે એ. ભગવાન આનંદકંદ પ્રભુ એ અનાદિથી રાગમાં જોડાઈ ગયો છે એ દુઃખ છે. જો રાગમાં જોડાણો ન હોય તો અતીન્દ્રિય આનંદનો એને સ્વાદ પ્રત્યક્ષ હોવો જોઈએ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ નથી, તો અહીં શુભાશુભરાગમાં જોડાઈ ગયેલો છે. મલિનભાવમાં નિર્મળભાવને અટકાવી દીધો છે. આહાહા! એ મલિનભાવથી છૂટી નિર્મળાનંદ ભગવાન પૂર્ણાનંદ કારણપ્રભુ એમાં જે ધ્યાન કરે છે અને એમાં આવે છે, એ જીવની શ્રદ્ધા-જ્ઞાન સ્વસન્મુખ છે, એનું અનુષ્ઠાન પણ સ્વસન્મુખ છે. આહાહા ! પરસન્મુખ હતો એ તો નક્કી થયું. પરસન્મુખ ન હોય અને સ્વસન્મુખ કરવો એ ક્યાંથી આવે? આ જ જ્યાં વસ્તુની સ્થિતિની ખબર નથી... કહો, ગુણવંતભાઈ! લોજીકથી ન્યાયથી તો કહેવાય છે અહીં. એમને એમ માની લેવું એ વાત જૈનદર્શનમાં હોય નહીં. એના ભાવમાં ખ્યાલ આવવો જોઈએ કે આ ચીજ આવી હોય ને આવી ન હોય. એ રીતે ખ્યાલ આવ્યા વિના ભાવની શ્રદ્ધા યથાર્થ થાય નહીં, ભરોસો ન આવે. એ તો આ હશે, આમ હશે, આમ હશે—એમ ન ચાલે. આહાહા!

એવા ભગવાન આત્માની સન્મુખ થયો છે અને વિકારથી વિમુખ થયો છે. ત્યારે એમ તો હતું કે વિકારની સન્મુખ અનાદિનો હતો. જો અનાદિનો સન્મુખ ન હોય તો તો એને સન્મુખની દશાનો-આત્માની સન્મુખનો આનંદ આવવો જોઈએ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-દશામાં. એ દશા પોતાના દ્રવ્ય-ગુણ ઉપર ન હોવાથી, દશાનું વલણ રાગ ઉપર હોવાથી એ મિથ્યાદૃષ્ટિ છે, એ અજ્ઞાની છે. રાગ ઉપર વલણ છે અને માને કે હું આત્માને માનું છું એ તો મિથ્યાત્વ છે. રાગને માને પોતાનો એ મિથ્યાજ્ઞાન છે. રાગમાં એકાગ્ર થાય એ આચરણ મિથ્યા છે. એ હઠવું... હવે જાણે ગુંલાટ ખાધી છે આમ. વસ્તુ ત્રિકાળ આનંદનો નાથ, અનંત શક્તિનો પિંડ એના તરફ પર્યાયને વાળી, એને અહીં 'સન્મુખ' કીધો છે. સમજાણું કાંઈ? આ એની મેળાએ ઘરે વાંચે તોય બહુ સમજાય એવું નથી.

આમ સન્મુખ થયો છે, અંદર પ્રભુ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અસંખ્યપ્રદેશી ક્ષેત્ર, અનંત ગુણનું ધામ એવું એકરૂપ એની જે સન્મુખ થયો છે. લ્યો, સન્મુખ.. સન્મુખ.. સન્મુખનું સત્-મુખ

થાય? સન્મુખ.. સન્મુખનો અર્થ આખો? સન્મુખનો સન્મુખ. મીંડાનો 'ન' થાયને? સમ્-મુખ—સમ્યક્ પ્રકારે, મુખ્ય કરવો છે આત્માને. એની સન્મુખ થયો છે. **તેને—વચન સંબંધી સર્વ વ્યાપાર વિનાનું...** સાચું પ્રતિક્રમણ ધર્માત્માને આવું હોય. એને વચન પણ નહીં, અને વચન સંબંધી એનો જે વિકલ્પ છે પડિકમણાનો કે આ મિચ્છામિ, આ ખોટું—એ વિકલ્પ શુભરાગ છે, એ વિનાનું નિશ્ચય પ્રતિક્રમણ હોય છે. પરમાત્મા અને સંતો, કુંદકુંદાચાર્ય... જુઓ! આવે છેને? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' એ ત્રીજે નંબરે આવેલા કુંદકુંદાચાર્ય આમ ફરમાવે છે. જૈનધર્મનું ........

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૨૪૪ મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—** લ્યો, સમયસારનો આધાર આપે છે.

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्नखलु समयसारादुत्तरं किंचिदस्ति।।**

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ આચાર્ય દિગંબર સંત હતાં, વનવાસી-જંગલમાં રહેનારા ૯૦૦ વર્ષ પહેલાં થયાં. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ સંવત ૪૯માં પહેલા થયાં. એ દિગંબર મુનિ જંગલવાસી હતાં. એમના સૂત્રો એની-સમયસાર આદિની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય હતાં. એ અમૃતચંદ્રાચાર્ય આમ કહે છે.

અરે! **શ્લોકાર્થ : બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ... अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै...** આહાહા! ઘણું શું કહીએ? ઘણા વિકલ્પથી શું થાય? બધા દુર્વિકલ્પો ઉઠે છે. બસ થાઓ. **અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો...** આહાહા! પરમ અર્થ-પદાર્થ પ્રભુ આત્મા ધ્રુવ એનો અનુભવ કરો. આ સારમાં સાર કરવાનું છે. જે અનાદિનો રાગ ને પુણ્યનો અનુભવ છે, એ સંસાર છે, દુઃખ છે, ક્લેશ છે. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એવો પરમ અર્થ-પરમપદાર્થ... અહીં 'પરમ અર્થ' શબ્દ વાપર્યો, (બીજે) કારણપરમાત્મા, એમ ભિન્ન-ભિન્ન રીતે....

પરમ અર્થ... એટલે કે પાપના ભાવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષભાવ—એ બધી પર્યાયો છે, એ પરમ અર્થ નથી. ત્રિકાળી આત્મા ભગવાન તે પરમ અર્થ છે. અવિનાશી પ્રભુ અસંખ્ય પ્રદેશી, અનંત ગુણનું એકરૂપ—એવો **પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો**. ભાષા જુઓ! 'એકને જ અનુભવો' એમાં અનેકાંત ક્યાં રહ્યું? બીજાનેય અનુભવો, એ અનેકાંત આમ થયું. એકને ભગવાન પૂર્ણાનંદ પ્રભુ હું છું એને અનુભવો. ત્રણ લોકના નાથ તીર્થંકરને પણ અનુભવો, એમ અહીં નથી કહ્યું. એને ન અનુભવો. કેમકે એના ઉપર લક્ષ જતાં તને રાગ થશે.

આહાહા! જુઓ! આ અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત–મુનિ વનવાસી ૯૦૦ વર્ષ પહેલાં થયાં, સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયની ટીકા કરનારાં.

**એકને જ.... પરમ અર્થને**... 'એક' શબ્દ. પરમ અર્થ એટલે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ આનંદ. અર્થને એટલે એ પદાર્થને. **એકને જ**.... બીજાને નહીં. એનો અર્થ કે ભગવાન ત્રિલોકના નાથને નહીં, રાગને નહીં ને એક સમયની પર્યાયનેય નહીં. આહાહા! **પરમ અર્થને એકને જ નિરંતર અનુભવો**... પાછું 'નિરંતર'. આહા! વસ્તુ નિષ્ક્રિય ભગવાન રાગથી ભિન્ન એવી ચીજ એનું નિરંતર દૃષ્ટિ ને અનુભવ એના તરફ હોય. આહાહા! કોઈ સમયમાત્ર પણ રાગની મુખ્યતા કરી રાગનો અનુભવ અને પર્યાયની મુખ્યતા કરીને..—એ હોઈ શકે નહીં એમ કહે છે. આહાહા! **આ**... પાછો એમ શબ્દ વાપર્યો છે ને? આ... 'આ' પ્રત્યક્ષ બતાવે છે. **આ પરમ અર્થને એકને જ**... ગુણ-ગુણીના ભેદને પણ નહીં. આહાહા! **નિરંતર અનુભવો**... સતત પરિણામ દ્રવ્ય તરફનો ધારાવાહી ચલવો, એમ કહે છે. આહાહા! વીતરાગી પરિણામ સ્વને સન્મુખ થયેલા એ પરિણામને નિરંતર કરો. સ્વસન્મુખના જ પરિણામ કરો, એ અનુભવો. આહાહા!

**કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી**... પોતાનો આનંદરસ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો રસ, એના ફેલાવથી પૂર્ણ એવું જે જ્ઞાન, એના સ્ફુરાયમાનથી પ્રગટ્યું પર્યાયમાં સમ્યગ્જ્ઞાન..... **થવામાત્ર જે સમયસાર તેનાથી ઊંચું ખરેખર કાંઈ પણ નથી**... એ પરમાત્મા એનાથી ઊંચું બીજું કાંઈપણ નથી. **(-સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).** પુણ્યના પરિણામ સાર નહીં. આહાહા! ભગવાનની ભક્તિનો ભાવ એ સાર નહીં, એમ કહે છે અહીં તો. એ તો રાગ છે. હો, પણ એ હેય છે. કહે છે, પૂર્ણ જ્ઞાન... જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્રથી જે સમયસાર તેનાથી ઊંચું કાંઈ નથી. કાંઈ પણ નથી. **સમયસાર સિવાય બીજું કાંઈપણ સારભૂત નથી**. અખંડાનંદ આત્મા એનું ધ્યાન કરવું એ સારભૂત છે અને એમાંથી જ્ઞાનની દશા પ્રગટ કરવી એ અત્યારે પર્યાયને સારભૂત કહેવામાં આવે છે. સાર તો ત્રિકાળી છે અને એના આશ્રયથી પૂર્ણ દશા પ્રગટ કરવી સારભૂત છે. બાકી બીજું કોઈ સાર છે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**અષાઢ વદ ૧૪, બુધવાર, તા. ૨૧-૭-૧૯૭૧**
**શ્લોક - ૧૧૧, ગાથા – ૮૪, પ્રવચન નં. ૭૩**

પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર છે. સાચું પ્રતિક્રમણ કોને કહેવું? સાચું કહો કે નિશ્ચય કહો કે સત્ય પ્રતિક્રમણ કોને કહેવું—એની વાત છે. ૮૩ની ગાથાનો ૧૧૧મો કળશ છે.

**अतितीव्रमोहसंभवपूर्वार्जितं तत्प्रतिक्रम्य ।**
**आत्मनि सद्बोधात्मनि नित्यं वर्तेऽहमात्मना तस्मिन् ।।१११।।**

પોતે પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે, ભાવલિંગી સંત છે, એ પોતે પોતાથી વાત કરીને પ્રતિક્રમણની વ્યાખ્યા કરે છે.

**શ્લોકાર્થ : અતિ તીવ્ર મોહની ઉત્પત્તિથી જે પૂર્વે ઉપાર્જેલું (કર્મ)...** પૂર્વે આત્માના ભાન વિના જે મિથ્યાત્વભાવથી, તીવ્ર મોહ એટલે મિથ્યાત્વ, એની ઉત્પત્તિથી જે પૂર્વે બાંધેલું કર્મ **તેને પ્રતિક્રમીને...** એમાંથી હવે હું હઠી જાઉં છું. કર્મનું નિમિત્ત અને કર્મના નિમિત્તથી થતાં વિકારભાવ, ચાહે તો શુભ હો કે અશુભ હો, બધા દોષરૂપ છે. એનાથી હું હઠી જાઉં છું, ખસી જાઉં છું, પાછો વળું છું. 'પ્રતિક્રમ' શબ્દ છે ખરોને? એટલે આત્માના સ્વભાવથી વિરુદ્ધ જેટલા પુણ્ય ને પાપ શુભ-અશુભભાવ બધાથી હું નિવર્તુ છું. અને ક્યાં જાઉં છું? પ્રતિક્રમણ છે ને? એટલે પાછો હઠીને **હું સદ્બોધાત્મક (સમ્યગ્જ્ઞાનસ્વરૂપ) એવા તે આત્મામાં...** સદ્બોધ–જ્ઞાનસ્વરૂપ આત્મા. સત્-બોધ-આત્મક—સત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા ત્રિકાળ, પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એવો હું જ્ઞાન સદ્બોધસ્વરૂપ એવો આત્મા. આ આત્માની વ્યાખ્યા કરી. એ સદ્બોધસ્વરૂપ આત્મા, **એવા આત્મામાં આત્માથી** એટલે કે નિર્વિકલ્પ પરિણતિથી **નિત્ય વર્તું છું.** આ પ્રતિક્રમણ, આ ધર્મ.

કર્મના નિમિત્તમાં જે પૂર્વે મિથ્યાત્વથી બાંધેલું કર્મ એનાથી હું પાછો ખસી–હઠી–વળી અને હું સદ્બોધસ્વરૂપ આત્મા–સાચા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એવા આત્મામાં આત્માથી, આત્માથી એટલે વીતરાગ પરિણતિથી, નિર્વિકલ્પ અવસ્થાથી નિત્ય વર્તું છું. આનું નામ પ્રતિક્રમણ ને આનું નામ ધર્મ. છે ને?

શ્રોતા : અશુભચાલ.... શુભ..

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, શુભ કુછ નહીં. શુભ અને અશુભ દોનોં હી દોષ હૈ.

શ્રોતા : શુભકો ઉડા દિયા

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉડા હી દિયા. આહાહા! કહ્યુંને અહીંયા?

હું તો સદ્બોધસ્વરૂપ... એમાં શુભાશુભ પરિણામસ્વરૂપ છું ને એ મારામાં છે—એમ છે નહીં, છે જ નહીં. આહાહા! હું સત્–શાશ્વત, જ્ઞાનસ્વરૂપ છું. એમાં કોઈ પુણ્ય-પાપ, દયા, વ્રત, ભક્તિના પરિણામ છે નહીં. એ સ્વરૂપે આત્મા છે જ નહીં. આહા! જેને ધર્મ કરવો હોય એને શું કરવું એ વાત ચાલે છે. વિકાર એ શુભ-અશુભભાવ... શરીર-વાણી આ તો જડ છે, એનાથી તો રહિત જ છે અને એનાથી હઠવું એ કાંઈ છે નહીં. (કેમકે) એનાથી રહિત જ છે. પુણ્ય ને પાપના ભાવ વિકારી, શુભ-અશુભ બેય એ દોષરૂપ છે. એ આત્માના સ્વરૂપમાં નથી. તેથી તેને દોષરૂપથી ખસીને–પાછો વળીને, શુદ્ધ.. શુદ્ધ.. સદ્બોધજ્ઞાનસ્વરૂપ આત્મા, એ આત્માથી એટલે રાગરહિત નિર્મળ વીતરાગપરિણતિથી આત્મામાં નિત્ય વર્તું એનું નામ ધર્મ ને પ્રતિક્રમણ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? પહેલું તો હજી પકડવું કઠણ કે શું કહે છે આ.

વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા અને વાણીમાં આવ્યું એ વાણીને આગમ કહીએ. એ આગમમાં એમ આવ્યું કે ભગવાન! પ્રતિક્રમણ એટલે વિકારના ભાવોથી ખસતાં ખસી જવું, હઠી જવું, પાછું વળી જવું. વિકારની સન્મુખ જે છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા! એ વિકારભાવથી પાછો વળી... હું તો સદ્બોધસ્વરૂપ છું, એકલો જ્ઞાનનો પુંજ–પિંડ પ્રભુ, જ્ઞાનસ્વભાવભાવવાળું મારું તત્ત્વ છે, એવા આત્મામાં આત્માથી (એટલે) એવો જે આત્મા તેની શુદ્ધ પરિણતિ દ્વારા આત્મામાં નિત્ય–કાયમ વર્તવું એનું નામ પ્રતિક્રમણ ને ધર્મ છે. કહો, સમજાણું આમાં? એ કળશ કીધો ૧૧૧.

મૂળ શ્લોકો કુંદકુંદાચાર્યના અને આ પોતે પદ્મપ્રભમલધારિદેવ ૯૦૦ વર્ષ પહેલા મુનિ દિગંબર સંત વનવાસી હતાં. એમણે ટીકામાં આ કળશ કહ્યો. પ્રતિક્રમણ તો આને કહીએ. એથી કહ્યુંને કે હું આમાં વસું છું. આહાહા! કો'કની વાત નથી. આમ પડિકમણું કોઈ કરે તો થાય... હું... આહાહા! હું નિજ સ્વરૂપમાં સદ્બોધ.. સત્-બોધસ્વરૂપ... સદ્બોધસ્વરૂપ—શાશ્વત જ્ઞાનસ્વરૂપ, એમ. એવું જે મારું સ્વરૂપ એવો જે હું આત્મા, એમ. એમ આત્માથી નિર્વિકલ્પ–વિકારદશા રહિત.. નિર્વિકલ્પ પરિણતિથી નિત્ય અંદરમાં ધ્રુવમાં વર્તવું એનું નામ પ્રતિક્રમણ છે. કહો, સમજાય છે કાંઈ?

મિથ્યાત્વનું પ્રતિક્રમણ પણ ક્યારે કહેવાય? મિથ્યા.. પુણ્યમાં ધર્મ છે, પાપમાં મજા છે એવી જે મિથ્યાશ્રદ્ધા એનું પ્રતિક્રમણ ક્યારે થાય? એવા ભાવના લક્ષને છોડી અને સદ્બોધસ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્ર થાય ત્યારે એને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય, ત્યારે એણે મિથ્યાત્વથી પડિકમણું કર્યું–એણે મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યું. આહાહા! સદોષભાવ, રાગભાવ એને પોતાનો માનવો અને એનાથી ધર્મ માનવો એ તો મિથ્યાત્વભાવ છે. વીતરાગમાર્ગ છે આ. વીતરાગમાર્ગમાં તો વીતરાગભાવ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

આહાહા! વસ્તુ એવી છે. દુનિયાને તો મળવી મુશ્કેલ થઈ ગઈ છે. આહાહા! બહારથી બધું માન્યું અને એમાં જાણે કાંઈક કલ્યાણ થઈ જશે એમ કરીને જિંદગી ચાલી જાય છે એની.

ભગવાન આત્મા સદ્બોધસ્વરૂપ એવો આત્મા, 'હું' એ આત્મા, એમ કહે છે. આત્મા આને કહીએ. દયા, દાન, વ્રતના પરિણામ એ આત્મા નહીં, તેમ એ આત્માથી વર્તું છું તો એ રાગાદિ આત્માથી નહીં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સદ્બોધ–શાશ્વત જ્ઞાનનો પિંડ પ્રભુ એવો જે આત્મા એમાં આત્માથી... એમ કીધુંને? પાછા ઓલા વ્યવહાર દયા, દાન, વ્રત વિકલ્પ છે એનાથી વર્તું છું.. એ તો દોષ છે. આહા! એ આત્મા નથી. 'આત્મામાં આત્માથી વર્તું છું' એમ શબ્દ પડ્યો છે ને? બહુ આકરું પડે માણસને તો. ... બાંધીને બેઠો હોય, પચાસ-પચાસ, સાંઈઠ વર્ષથી અમે આ બધા પડિકમણા કરીએ છીએ, ધર્મ કરીએ છીએ અને આ કરતાં ઘા વાગી જાય અંદરથી. હાય.. હાય! આ બધું પાણીમાં ગયું ત્યારે? પાણીમાં છે? આહાહા!

અહીં તો પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, પરમ આત્મા એટલે પરમસ્વરૂપ સદ્બોધસ્વરૂપ એવો જે નિજ આત્મા, એમાં આત્મા વડે એટલે વ્યવહારના વિકલ્પ વડે નહીં. એનાથી તો પાછો હઠ્યો. જેનાથી પાછો હઠ્યો એ વડે અંદરમાં શી રીતે એકાગ્ર થાય? સમજાણું કાંઈ? ભારે આ કામ. સંપ્રદાયવાળાને સાંભળતા તો એવું થઈ જાય અંદર. આહાહા! આ બધું પાણીમાં (ગયું). અમારી બધી ક્રિયાકાંડ છે એ ધર્મ નથી, એમ કહે, હાય.. હાય! સાંભળવામાં પરસેવા ઉતરી જાય. માર્ગ તો આ છે. અનાદિથી એમ વર્તે છે. આહાહા! કહ્યુંને? હું વર્તું છું નિત્ય, એમ કહ્યુંને? પાછું **નિત્ય વર્તું છું**. આહાહા! સદ્બોધાત્મક આત્મામાં આત્માથી કોઈવાર વર્તું છું, કોઈવાર નહીં, કોઈવાર વ્યવહારમાં આવું છું, આહાહા! એય! વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં કોઈવાર આવું છું ને કોઈવાર અંતરમાં—એમ નહીં. આહાહા!

કેવા કળશ કર્યા છે! લ્યો. હવે મુનિની પણ ટીકા માન્ય નહીં. ઠીક ન પડે એ માન્ય નહીં. શું કરે? આહાહા! પ્રભુ! આ તો તારા ઘરની વાત છેને ભાઈ! તારા ઘરમાં તારા ઘર દ્વારા જવાય. તારા ઘરમાં કોઈ પરના ઘર દ્વારા જવાય? કો'કના ઘરના બારણે તારા ઘરમાં જવાય? એમ રાગ ને પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ એ તો વિકારનું બારણું છે. એ દ્વારા આત્મામાં જવાય નહીં, એમ કહે છે જુઓને! પ્રતિક્રમણ છે ને? આહાહા! આ તો વ્યાખ્યા એમ આવીને. પ્રતિક્રમણની વ્યાખ્યા ખરી ને. પાછો હઠ્યો છે દોષથી, પણ દોષ વડે હવે અંતરમાં સ્થિર થાય એમ હોય? શુભભાવ છે ને? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ છે. હવે એનાથી તો હઠ્યો છે, કહે છે. હવે જેનાથી ખસ્યો છે એ વડે પાછો અંદરમાં સ્થિર થાય? કારણ કે રાગ છે એ તો પર દિશા તરફના લક્ષે ઉત્પન્ન થાય છે. એથી તો હઠીને અંદરમાં જાવું છે. આહાહા!

હું એક સદ્બોધસ્વરૂપ... એવો આત્મા સદ્બોધ છે (એટલે) એમ કે શાશ્વત જ્ઞાન છે મારામાં. ક્ષણિક નથી કંઈ. આહાહા! સદ્બોધસ્વરૂપ–શાશ્વત મારું જ્ઞાનસ્વરૂપ એવો હું આત્મા,

એને આત્માથી... વ્યવહારથી, નિમિત્તથી એનાથી તો ખસ્યો છે, પાછો વળ્યો છે. જેનાથી પાછો વળ્યો એનાથી વળી સ્થિર થાય એમ કેમ થાય? આ બધા (કહે), વ્યવહારથી થાય, વ્યવહારથી થાય—એ વાત ખોટી પાડે છે આહીં. સમજાણું કાંઈ? ચૈતન્યમૂર્તિ સ્વરૂપ ભગવાન આત્મા એમાં વિકલ્પનો અવકાશ નથી, કારણ કે વિકલ્પ છે એ તો આસ્રવતત્ત્વ છે. ચાહે તો દયા, દાન, પૂજા, ભક્તિ, નામસ્મરણ, દાન, સેવા, પરોપકાર, કરુણા, કોમળતા—બધો વિકલ્પ ને રાગ, આસ્રવતત્ત્વ છે.

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પાછો વળે લક્ષ છોડીને, એમ કહે છે. ઉસ પર લક્ષ હૈ, છોડ દે. અંતરમાં લક્ષ કરે.

શ્રોતા : અપનેમેં આ જાય તો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બસ વહી. યહાંસે લક્ષ છોડનેકા અર્થ હી યહી હૈ. સમજાના હો તો ઐસે સમજાયેને? ઉસસે લક્ષ છોડ, ઉસકા અર્થ કિ સ્વભાવ સન્મુખ જા. ભાષા તો એટલી છે. ઉપદેશ શૈલી કેમ હોય? પાછળ વળીને એટલે આ છે ને પાછળ વળું છું—એમ છે? પણ સમજાવવામાં શું સમજાવે?

પ્રતિક્રમણ શબ્દ છે. પ્રતિક્રમણ એટલે પાછું ફરવું, પહેલી વાત કરેને. પણ પાછું ફરે ક્યારે? કે અંતરમાં સન્મુખ થાય તો પાછો ફરે. સમજાણું કાંઈ? ભારે વાત એવી છે મૂળ વાત જ. જૈન પરમેશ્વરનું સત્ય–ત્રિકાળ સત્ય જ લોકોને સાંભળવા મળી ન હોય ને વાડા બાંધીને (માને કે) આ અમારો ધર્મ. ઓલો કહે કે અમારે પૂજા, ભક્તિ ને જાત્રા ધર્મ. આ કહે, અમારે સામાયિક, પડિકમણા ધર્મ. ઓલા કહે કે અમારે ખાવું ને લૂગડાં છોડવા એ અમારો ધર્મ. ચોથાવાળા કહે કે અમારે દેવ-ગુરુની ભક્તિ કરવી એ અમારો ધર્મ. અહીં તો કહે છે કે પ્રભુ! તારો ધર્મ–સ્વભાવ સદ્‌બોધસ્વરૂપ છે. એ વસ્તુનો સ્વભાવ અને સ્વભાવની પરિણતિ દ્વારા એ સ્વભાવમાં–ધ્રુવમાં વર્તવું, એનું નામ ધર્મ. આહાહા!

લોકો ગોટાળા વાળે, સરાગ.. સરાગ.. રાગની ક્રિયા કરો એનાથી વીતરાગ થવાશે. એમ કહે છે. ભાઈ! એ તો દોષરૂપ છે. સ્વભાવથી—સદ્‌બોધ ધર્મસ્વરૂપ ભગવાન એનાથી—તો વિરુદ્ધ ભાવ છે. એનાથી પાછો હઠીને એટલે એનાથી (-એના વડે) નહીં, પણ એનાથી પાછો હઠીને. કેનાથી? આત્માથી. ત્યારે આત્મા કોણ? કે સદ્‌બોધસ્વરૂપ. એવી જેની પરિણતિ થવી... સાચા જ્ઞાન, શ્રદ્ધા ને શાંતિ એ બધું સદ્‌બોધસ્વરૂપ છે. એવી પરિણતિ દ્વારા નિત્ય આત્મામાં વર્તવું આ પડિકમણું. માળે પડિકમણાની વ્યાખ્યા પણ સાંભળી ન હોય. મેઘાણી! બધા ભેગા થઈ મિચ્છામિ દુક્કડં.... એ ગુણવંતભાઈ! ભેગા થાય બધાય. અમે એમ કરતા હોં ન્યાં દુકાન પર પાલેજમાં. સાંઈઠ વર્ષ પહેલા. સાંઈઠ વર્ષ પહેલાં. સાંજે ભેગા થાઈએ. પર્યુષણનો દિ. આઠ દિ’

હોં, પછી નહીં. આઠ દિ’ ભેગા થઈએ બધાય. ચાર અપવાસ કરીએ. પર્યુષણમાં આઠ દિ’ હોય ને? શ્વેતામ્બરમાં આઠ છે ને? એમાં ચાર અપવાસ ચોવિહારા. સાંજે પડિકમણા, આખો દિ’ દુકાને.

શ્રોતા : આઠ દિ’માં બાર મહિનાનું (પાપ) ધોવાઈ જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધોવાઈ જાય...

શ્રોતા : અહીં તો એક સમયમાં બધાનું ધોવાય.

આહા! કહે છે.... બહુ સરસ વાત લીધી છે હોં. એ બધી અમૃતચંદ્ર આચાર્યની શૈલી છેને કળશમાં. એ ૮૪ ગાથા.

**आराहणाइ वट्टइ मोत्तूण विराहणं विसेसेण ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ।।८४।।**

તે માટે, પ્રતિક્રમણમય થઈ ગયો છે માટે તેને પ્રતિક્રમણ કહીએ, એમ ભાષા છે. આહાહા! નીચે હરિગીત.

**છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.**

આહાહા! લ્યો, આ કુંદકુંદાચાર્યના વચન. એની **ટીકા : અહીં... અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને...** આત્માની સેવના. આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ, એ જ્ઞાન ને આનંદની સેવના (એટલે) અંતરમાં એકાગ્રતા. એવી આરાધનામાં વર્તતા જીવને જ—પ્રતિક્રમણ એને જ, એમ પાછું. એ **જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.** એ ટૂંકી ભાષા લીધી. એનો અર્થ થયો કે આત્માની આરાધનામાં વર્તતા-તેમય થતાં જીવને, એમ. **પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે**. ટૂંકો અર્થ કર્યો. શું કીધું? જે કોઈ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એની આરાધનામાં, અંતરમાં એકાગ્ર સેવનમાં વર્તતા જીવને—એ પર્યાય થઈ. આવા આત્માની આરાધના એ પર્યાય છે, આત્મા એ ત્રિકાળી દ્રવ્ય છે. આરાધનારૂપ વર્તતા જીવ એ પર્યાય થઈ. એટલે કે જેની વીતરાગ પરિણતિમાં આત્મા વર્તે છે એવા જીવને... કેમ કે એ પ્રતિક્રમણમય થઈ ગયો છે. આરાધનારૂપ વર્તતા જીવને (એટલે) શુદ્ધ પરિણતિમાં વર્તતા જીવને... શુદ્ધ પરિણમતિમય આત્મા થયો તેથી તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે. એનો અર્થ કરશે. આ તો ટૂંકો અર્થ કર્યો.

**જે પરમતત્ત્વજ્ઞાની જીવ નિરંતર અભિમુખપણે (-આત્મસંમુખપણે) અતૂટ (-ધારાવાહી) પરિણામસંતતિ વડે સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં—આત્માની આરાધનામાં—વર્તે છે તે નિરપરાધ છે.** આહા! છે ને? **જે પરમતત્ત્વજ્ઞાની જીવ**... પરમતત્ત્વજ્ઞાન... આત્મા શુદ્ધ આનંદમૂર્તિ એનું જ્ઞાન તે પરમતત્ત્વજ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન કે બીજાનું જ્ઞાન એ અહીં નહીં. ભગવાન આત્મા

પરમાનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ અનાદિ-અનંત એવું જે પરમતત્ત્વ એનું જેને જ્ઞાન, એવા પરમતત્ત્વનું જ્ઞાન છે તેને પરમતત્ત્વજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા! એવો જીવ નિરંતર (એટલે) એક સમય પણ પરમાં ગયા વિના, **નિરંતર અભિમુખપણે**... વસ્તુ જે જ્ઞાનાનંદસ્વરૂપ એની નિરંતર સન્મુખપણે... સ્વસન્મુખપણે.. પરથી વિમુખપણે (અને) સ્વથી સન્મુખપણે આહાહા!

શ્રોતા : એક સમયકા અંતર ન પડે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ન પડે. પડે તો થઈ રહ્યું.

શ્રોતા : તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દૃષ્ટિ મિથ્યા થઈ જાય, રાગનું આલંબન–આશ્રય થઈ જાય અને કાં તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એવી વાત છે. બહુ માર્ગ બાપુ! અલૌકક છે. પણ જેના ફળેય અલૌકિક છે ને. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' આહાહા! અનંત-અનંત આનંદ ને અનંત જ્ઞાન-દર્શન પ્રગટ થાય અને અનંત આનંદ ને શાંતિ અનંત કાળ રહે એમને એમ. જેના ફળમાં આવું, એના કારણમાં તો આવું જ હોયને.

**જે પરમતત્ત્વજ્ઞાની જીવ**... પરમતત્ત્વ એટલે પોતાનું જે વસ્તુનું સ્વરૂપ તેનો જાણનાર જીવ, એમ. એના વાંધા ઉઠાવે, એ..ય પર્યાયનું જ્ઞાન. ઓલા આવ્યા છે. પ્રશ્ન ઉઠ્યા છે.... પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ—એ બરાબર છે? પ્રશ્ન ઉઠ્યા છે હમણાં. કોઈ પત્રમાં કાલે જ આવ્યો છે. પહેલાં તો આવી ગયું ઓલું જૈનગેજેટમાં વિરોધનું. પર્યાયદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ નહીં. ભાઈ! પર્યાયનો અંશ છે એની એટલી દૃષ્ટિ છે તો મિથ્યાત્વ જ છે, સાંભળને! અંશ છે એને આખો આત્મા માન્યો. પર્યાય નામ એક સમયની દશા, ચાહે તો જ્ઞાનની હો, વીર્યની હો, એ અંશને આત્મા માન્યો એ તો પર્યાયબુદ્ધિ મિથ્યાદ્રષ્ટિ છે, મૂઢ છે પર્યાયમાં.

શ્રોતા : યે ભી પર હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પર હૈ, વસ્તુ ક્યાં પોતાની છે એટલી? એક અંશ છે એ દ્રવ્યથી ભિન્ન છે. પણ એ અંશબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે. અને ત્રિકાળ જ્ઞાયકભાવ, વસ્તુસ્વભાવ ત્રિકાળ ધ્રુવ પરમતત્ત્વ એની દૃષ્ટિ એ દ્રવ્યદૃષ્ટિ છે, એ સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા! એના વાંધા.

જુઓને! આ 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' છેને સામે? આ માણેકચંદભાઈ આવ્યા હતાને એક ફેરી અહીં. થાનના છે ને? દેરાવાસી. પોટ્રી એવું કાંઈક છે, નહીં? પોટ્રી. આવ્યા હતા, ઘણા વર્ષ થઈ ગયા. ત્યાં પછી આપણે ગયા હતા... બિચારાને ખબર ન મળે કાંઈ. વાડા બાંધીને બેઠા. ઓલા કહે અમે દેરાવાસી, ઓલો કહે અમે દિગંબર, ઓલા કહે અમે સ્થાનકવાસી, ઓલા કહે અમે શ્રીમદ્દ્ને માનનારા. પણ માનનારા શું ચીજ છે એ? આ 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' તે'દિ એ ચાકળો અહીં હતો આ બાજુ. એને ઘણા વર્ષ થઈ ગયા, ૨૫ વર્ષ થઈ ગયા હશે. ભાઈ આવ્યા

માણેકચંદભાઈ થાનવાળા. મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એ કેમ? એ જાણે કે અહીં બધા કરોડપતિ બહુ આવે છે. કારણ કે નાનાલાલભાઈ કરોડપતિ, નાનાલાલ જસાણી. બધા કરોડપતિ બહુ માટે આ દ્રવ્યદૃષ્ટિ એટલે (પૈસાની દ્રષ્ટિ). હજી આની ખબર ન મળે. સાઠ-સાઠ વર્ષની ઉંમરું...

શ્રોતા : એનું નામ જ દ્રવ્ય કહેવાયને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય દ્રવ્ય કહેવાતું નથી. પૈસો દ્રવ્ય ક્યાં છે? એનો એકેક પરમાણુ એ દ્રવ્ય છે. પૈસો તો વિભાવિક દ્રવ્ય છે, એ વાસ્તવિક દ્રવ્ય નથી.

શ્રોતા : વિભાવિકનું શું કામ છે? દ્રવ્ય છે કે નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એનો એક પરમાણુ જે છે એ દ્રવ્ય છે. એમ આત્મા રાગ વિનાની, એક સમયની પર્યાય વિનાની ત્રિકાળી ચીજ એ ત્રિકાળી દ્રવ્ય છે. એ દ્રવ્યદૃષ્ટિ (એટલે) એની દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યક્ દ્રષ્ટિ છે.

ચાકળો છે ને? વેપારી ચાકળા નથી મૂકતા મોઢા આગળ? 'કાપડના વેપારી' લખેને? ટ્રેડમાર્ક એનો લખે. એમ આ ટ્રેડમાર્ક છે અહીંનો. ચાર છે—બે ને બે ચાર મોટા ચાકળા. 'દર્શનશુદ્ધિ તે આત્મશુદ્ધિ', 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે', 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' અને 'દંસણમૂલો ધમ્મો.' આ ટ્રેડમાર્ક છે વીતરાગના.

શ્રોતા : આ દુકાન વીતરાગની છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વીતરાગની દુકાને આ ટ્રેડમાર્ક છે. ઓલો વેપારી કરેને ઓલા ..... પડદો રાખે મોઢા આગળ અને પડદામાં નામ લખે મોટું. જાહેરાત. આહાહા!

**પરમતત્ત્વજ્ઞાની જીવ**.... લ્યો. પરમતત્ત્વજ્ઞાની જીવ... પરમતત્ત્વ એવો જીવ, એનો જ્ઞાની તે જીવ. આહાહા! **નિરંતર**–અંતર પડ્યા વિના. **નિરંતર**–અંતર નામ આંતરું પડ્યા વિના. **અભિમુખપણે**... અભિમુખ (એટલે) વસ્તુની સન્મુખ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પોતે એની સન્મુખ, એ પર્યાય થઈ. **અતૂટ (ધારાવાહી)**... આહાહા! દ્રવ્યસ્વભાવમાં પરિણામ અતૂટ–ધારાવાહી પરિણામ (એટલે) જેમાંથી તૂટ ન પડે. નિરંતર તો કહ્યા, પાછા અતૂટ ધારાવાહી (કહ્યા). એ પરિણામ.

નિરંતર સન્મુખ **અતૂટ (ધારાવાહી) પરિણામસંતતિ વડે**... આહાહા! એ પરિણામસંતતિ એ વીતરાગપર્યાય છે. એ વડે **સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં**... સાક્ષાત્ સ્વભાવની–**આત્માની આરાધનામાં વર્તે છે**, એમ. સ્વભાવસ્થિતિમાં એટલે આત્માની આરાધનામાં–સેવનામાં. ભગવાન પોતાનું સ્વરૂપ પોતે સેવે છે. આહાહા! અંતર્મુખ સેવના કરે છે. અનાદિથી રાગની સેવના કરતો, પુણ્યની ને પાપની સેવા કરતો, એ મિથ્યાદૃષ્ટિ વિરાધક–અણારાધક (હતો). આહાહા! જેને ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ એની આરાધના, અતૂટ પરિણામ

સંતતિ પાછી. ભાષા જુઓને! ઓહોહો! **નિરંતર અભિમુખપણે અતૂટ પરિણામસંતતિ** પાછી. પરિણામની સંતતિ ધારાવાહી–અતૂટપણે થઈ. દ્રવ્ય સન્મુખ છે જેની દૃષ્ટિ. યે આરાધના હૈ. આહાહા! એ ધર્મ છે, એ આરાધના છે. આહાહા!

આ બધી વાત ખરી, પણ કંઈ એનું સાધન-બાધન હશે કે નહીં બીજું? એવું ન્યાં પૂછતા હતા શ્રીમદ્માં. અગાસ ગયાને તે દિ'. વ્યાખ્યાન થયું, બધાએ સાંભળ્યું. રાત્રે એક મારવાડી આવ્યો. ગમે ત્યાંનો હોય. કે આ વાત બરાબર, પણ પછી એનું સાધન? એમ કે આ ભગવાનની ભક્તિ કરવી, ગુરુની ભક્તિ કરવી, દયા, દાન, પુણ્ય—(એવું) કંઈ સાધન ખરું કે નહીં? અરે ભગવાન! સ્વભાવનું સાધન વિભાવ? એ તો વિકલ્પ છે. આહાહા! આ સાધનમાં ગમ પડતી નથી.

અંદર અખંડાનંદ પ્રભુ પૂર્ણસ્વરૂપ સર્વજ્ઞ પરમાત્માએ પ્રગટ કર્યું એવું જ આનું સ્વરૂપ છે. એવા તત્ત્વનું જ્ઞાન જેને છે, કે આવું તત્ત્વ છે, આવું તત્ત્વ છે એનું જેને જ્ઞાન છે તે પરમતત્ત્વનો જ્ઞાની જીવ. એ જીવ પોતાના પરિણામને અંતરમાં નિરંતર (એટલે) તૂટ ન પડે એવી સંતતિ વડે આરાધે છે. સ્વભાવસ્થિતિમાં એટલે આત્માની આરાધનામાં અંતર્મુખ વર્તે છે. આત્માની અંતર્મુખ વર્તનારી વીતરાગી પર્યાય, એ પર્યાયમાં વર્તે છે તે નિરપરાધ છે. ઘરે પૂછે કે શું સાંભળીને આવ્યા તો કહેવુંય મુશ્કેલ પડે આ. શું કહેતા હતાં? કાંઈક કહેતા હતાં કે આમ છે ને તેમ છે. એક આત્મા આવો છે ને એમાં આમ વર્તવું.. આમ વર્તવું. આહાહા!

**પરમસંતતિ વડે સાક્ષાત્ સ્વભાવસ્થિતિમાં**, એમ. પ્રત્યક્ષ સ્વભાવસ્થિતિમાં–આત્માની આરાધનામાં વર્તે છે તેને પ્રતિક્રમણ અને નિરપરાધી કહેવામાં આવે છે. આહા! **જે આત્માના આરાધન રહિત છે...** જે કોઈ આવો આત્મા પરમતત્ત્વસ્વરૂપ નિર્મળાનંદ પ્રભુ એની એકાગ્રતાથી એ રહિત છે–**આરાધન રહિત છે તે સાપરાધ છે...** આવા શુદ્ધ ભગવાન આત્મા એની સન્મુખની સેવાથી રહિત છે અને વ્રત, દયા, દાન આદિ વિકલ્પની સેવા કરે છે કે એ મારું સ્વરૂપ છે, એ અપરાધી જીવ છે, ગુનેગાર છે. કહો!

**આત્માના આરાધન રહિત છે**.... બસ આ ટૂંકી ભાષા. આત્મા જે અખંડ આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે એના આરાધન નામ સેવના રહિત છે એટલે કે એના સન્મુખની પરિણતિ રહિત છે **તે સાપરાધ છે**. એ પરસન્મુખની ભાવમાં રહેલો છે. ચાહે તો શુભ કે અશુભ (હો), એ અપરાધી છે. કહો, મીઠાભાઈ! આવું સ્વરૂપ છે. ઓલાને આકરું પડે બિચારાને. જૈનશાસન. માર્ગ આવો છે એમાં કરવું શું? નહીંતર કરે નક્કી. આ ક્યાં કો'કની અધ્ધરની વાત છે? ધર્મનું આરાધન કોને કહેવું? શું વ્યવહાર વ્રત વિકલ્પને કરે એને? એ તો રાગ, દોષ છે. વસ્તુમાં જે સ્વભાવ છે એ સ્વભાવની સેવના કરવી. તો સ્વભાવની સેવના તો એના સન્મુખ થાય ત્યારે થાય. રાગાદિથી વિમુખ થાય. છે ને? હમણાં કહેશે. **मोत्तूण विराहणं विसेसेण** છે ને?

**તેથી જ, નિરવશેષપણે વિરાધન છોડીને...** એમ કહ્યું. એનો ખુલાસો કર્યો. આત્માના આરાધના રહિત છે એટલે 'સાપરાધ' એની વ્યાખ્યા. **તેથી નિરવશેષરણે વિરાધન છોડીને**, એમ કહ્યું છે. બીજું પદ. **मोत्तूणं विराहणं विसेसेण...** મૂળ પાઠ. **मोत्तूणं विराहणं विसेसेण...** વિશેષપણે પરની આરાધના છોડી દઈને એટલે પરનું આરાધન છોડી દઈને (એટલે) રાગનું આરાધવું, પુણ્યનું કરવું, વ્યવહારનું કરવું છોડી દઈને, એમ કહે છે. આરે! ભારે વ્યાખ્યા!

શ્રોતા : .... હો જાય તો યે બોલતે હૈં કિ વ્યવહારસે એકાંતવાદી બનતે હૈં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકાંતવાદી બનતે હૈં ત્યારે તો નિશ્ચય હોતા હૈ. નિશ્ચયમેં વ્યવહાર હૈ હી નહીં, તબ અનેકાંત હોતા હૈ. નિશ્ચય વ્યવહારસે હોતા હૈ વહ અનેકાંત નહીં હુઆ, વહ તો ફુદડીવાદ હુઆ. યહી એકાંતવાદ હૈ. આહાહા! છે, ફેર છે. એવું સાંભળવું... એને જે બેસે એમ કહે.

અહીં તો વ્યવહારથી રહિત થાય ને સ્વભાવનું આરાધન કરે એને ધર્મ થાય, એમ કહે છે. વ્યવહાર તો શુભોપયોગ, શુભરાગ છે, એ તો દોષ છે. ભગવાન અમૃતસ્વરૂપથી તો વિરુદ્ધ ભાવ છે. એનુંય આરાધન કરવું અને સ્વભાવનું આરાધન—બે હોય? રાગનો સેવનારો આત્માને ન સેવે ને આત્માનો સેવનારો રાગને ન સેવે, એનું નામ અનેકાંત છે. આહાહા! આવું છે. પોતાપણે અસ્તિ છે ને રાગપણે નાસ્તિ છે. સપ્તભંગી ત્યારે થાય કે નહીં? સપ્તભંગી. ભંગીનું નહોતું કહ્યું? સાંભળ્યું છે સપ્ત ભંગી? કાલ નહોતું કહ્યું? એક માણસ હતો તે કહે, એલા! પણ તમે આપણા બાપદાદાનો કુળ ધર્મ છોડી દીધો અને તમે આ બીજો અંગીકાર કર્યો સપ્તભંગી–સાત ભંગીનો. સપ્ત ભંગીયા. સ્વપણે છે, રાગપણે નથી, અસ્તિ-નાસ્તિ. એમ એની સપ્તભંગી. નિશ્ચયપણે છે અને વ્યવહારપણે નથી એની સપ્તભંગી કરવી. આહાહા! ત્યારે કહે, હું જે સમાજમાં હતો તમારામાં એમાં એટલો કચરો મને લાગ્યો કે એક-બે ભંગીએ સાફ થાય એવું નહોતું, સાત ભંગીએ સાફ થાય માટે એમાં આવ્યો છું. આહાહા!

ભગવાન સ્વરૂપથી શુદ્ધ છે એના આરાધનથી ધર્મની અસ્તિ છે, રાગની આરાધનાની નાસ્તિ છે—એ પહેલો ભંગ છે જુઓ! નાસ્તિ છે એ બીજો ભંગ થયો. અસ્તિ-નાસ્તિ—સ્વથી નિશ્ચયથી છે ને રાગથી નથી એવું એક સમયમાં સાથે અસ્તિ-નાસ્તિ. અવક્તવ્ય—એક સાથે બે શી રીતે કહેવું? સ્વથી લાભ છે ને પરથી નથી, અવ્યક્તવ્ય થઈ ગયું. અસ્તિ અવ્યક્તવ્ય—સ્વથી લાભ છે ને બેને એક સાથે નથી કહી શકાતું માટે અવ્યક્તવ્ય. અસ્તિ ધર્મની આરાધનાથી લાભ છે (અને) વ્યવહારથી નથી, પણ વ્યવહાર સાથે છે અને અસ્તિ-નાસ્તિ એક સાથે નથી કહી શકાતું માટે અસ્તિ અવક્તવ્ય થઈ ગયું. નાસ્તિ અવક્તવ્ય—રાગથી નથી, એ જ વખતે નિશ્ચયથી છે, પણ એક સાથે બોલી શકાતું નથી માટે નાસ્તિ અવક્તવ્ય થઈ ગયું. અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય સાતમો ભંગ.—સ્વથી અસ્તિનો ધર્મ છે, પરથી નથી એ અસ્તિ-નાસ્તિ. બે એક સાથે

કહી શકાય નહીં માટે અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. આ સપ્તભંગી છે. આહાહા! આ અનેકાંત છે. પણ એની ખબર ન મળે. શું સપ્તભંગી? જૈનદર્શન નહીં, એ તો વસ્તુનું સ્વરૂપ છે. એકેક આત્મામાં સપ્તભંગ સ્વરૂપ છે. સાત ધર્મો છે એના, એમ કહીએ છીએ.

પ્રવચનસારમાં છેલ્લે ન લીધા? છેલ્લા એટલે પાછળથી, એમ. ૪૭ નયોમાં. પ્રવચનસાર, ૪૭ નય, પ્રવચનસાર. ... દૃષ્ટાંત ધનુષ્ય-બાણ. **તેથી જ નિરવશેષ વિરાધન છોડીને,** એમ કહ્યું છે. આત્માનું આરાધન રહિત તે સાપરાધ છે, માટે તેને **નિરવશેષપણે વિરાધન છોડીને**, એમ કહ્યું. છે. રાગનો ભાગ બિલકુલ છોડીને, એમ કહે છે. આહાહા! ઓલાને એમ લાગે કે અરે! અમે ગુરુની ભક્તિ કરીએ છીએ અને ગુરુની કૃપાથી મુક્તિ થઈ જશે. ધૂળેય નહીં થાય, સાંભળને! ગુરુ તો પર છે. એના તરફની ભક્તિનો વિકલ્પ તો રાગ છે. વાત તો આવી છે. એની નાસ્તિથી અને સ્વભાવ સન્મુખની અસ્તિથી ધર્મ થાય. આવું ત્રિકાળી પરમ સત્ય છે. એમાં આડું-અવળું કોઈ કરવા જાય તો કંઈ થશે નહીં. વસ્તુસ્થિતિ જ એવી છે. આહાહા! સમજાય છે કાંઈ?

**જે પરિણામ 'વિગતરાધ' અર્થાત્ રાધ રહિત છે તે વિરાધન છે**... સમયસારની શૈલી. જે પરિણામ એટલે વીતરાગીદશા. **વિગતરાધ** (એટલે) રાધરહિત છે. વીતરાગ પરિણામ રહિત છે તે વિરાધન છે. રાગપરિણામ સહિત છે અને વીતરાગપરિણામ રહિત છે. આહાહા! સરાગ ને વીતરાગ—બે, આ બેની અંદર રમતું છે. સરાગ પરિણામ એ વિરાધન છે, એ રાધરહિત છે. આત્માની વીતરાગપરિણતિના સેવન રહિત રાગનું સેવન છે માટે તે અપરાધ છે. આહાહા! અપરાધ છે. શુભરાગ પુણ્યના પરિણામ એ અપરાધ છે. વીતરાગ પરિણામની સેવનારહિત, વિરાધનાસહિત એ અપરાધ છે. એ રાધરહિત-(આતમાની) સેવનારહિત છે તે અપરાધ છે. વીતરાગપરિણતિની સેવનારહિત, રાગપરિણતિની સેવનાસહિત એ અપરાધ છે. પહેલી શ્રદ્ધામાં તો લે, સમજણમાં તો લે. વહી બાત હૈ, દૂસરી હૈ નહીં. આહાહા!

**જે પરિણામ 'વિગતરાધ' નામ રાધરહિત છે તે વિરાધન છે**. લ્યો. **તે (વિરાધન વિનાનો-નિરપરાધ) જીવ,** લ્યો. એ રાગની સેવા વિનાનો અને આત્માની સેવાવાળો જીવ નિશ્ચયપ્રતિક્રમણ જ છે, **નિશ્ચયપ્રતિક્રમણમય છે**. પાઠ છેને એ? **पडिकमणमओ**... ચોથું પદ. માટે એને પડિકમણું કહેવું, એમ. આહાહા! એમને એમ વાંચે જાય. સમયસાર વાંચી ગયા હતા પંદર દિ'માં, (એમ) એક જણો કહે. એમાં શું વાંધો છે? કીધું. એકડિયાના ક, ખ, ગ, ઘ આવડતા હોય (તો) એમ એની ચોપડી ગુજરાતીમાં લખી હોય તો વાંચે. એ, મેં, મ, આ, આ ઈ.. એમાં શું થયું પણ? શબ્દની જોડણી આવડતી ન હોય, જોડણી પછી અર્થ ન આવડતો હોય, અર્થમાંથી ક્યો ખોટો અર્થ નીકળી જાય એ આવડતો ન હોય. વાંચી ગયા. એમ કહેતો હતો કો'ક. આ મહારાજ બહુ સમયસારના વખાણ કરે છે. પંદર દિ'માં વાંચી ગયો, પંદર દિ'માં આખું. નવ તત્ત્વનો અધિકાર છે ને? ના, ના, સાંભળને હવે! એક આત્માનો જ અધિકાર છે. આંખ્યું વિનાનો આંધળો, આમ

આમ જુએને આંધળા? નથી આવતું? ઉપસેલા અક્ષર હોયને, એ ઉપરથી અનુમાન કરીને આને 'ક' કહેવાય, 'ગ' કહેવાય. એ પણ જોતાં આવડ્યું નથી આને તો. કે આ કેવું લખાણ છે? વ્યવહારનું છે કે નિશ્ચયનું છે કે સ્વનું છે કે પરનું છે? વાંચી ગયા.

દલપતરામ કહેતા. પહેલા અમારે નિશાળ વખતે હતાને? દલપતરામ કવિ હતા. 'વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર.' દલપતરામ હતાને. પછી તો નાનાલાલ ને થઈ ગયા એના દીકરાઓ. અમે હતા અને આવ્યા હતા ૯૨માં, નાનાલાલ કવિ–એના દીકરા. સાંઈઠ વર્ષ.... એનો બીજો દીકરો વઢવાણમાં એ આવતો હતો વ્યાખ્યાનમાં. આનાથી વર્ષ દિ' મોટા હતા. દરિયાપરિયા .. હતાને ત્યાં આવ્યા હતા ૯૦ની સાલમાં. આ તો એના બાપ દલપતરામ. પહેલાં એ વખતે કવિ દલપતરામ 'ક.દ.ડા.' કહેતા. ક. દ. ડા.—કવિ દલપતરામ ડાહ્યાભાઈ. આ તો સાંઈઠ-સિત્તેર વર્ષ પહેલાની વાત છે, નિશાળે ભણતાને જ્યારે. 'ક.દ.ડા.' ક.દ.ડા. શું હશે આ? ક—કવિ, દ—દલપતરામ, ડા—ડાહ્યાભાઈ, એમ. એ એમાં ચોપડીમાં હતું પહેલું. 'વાંચે નહીં પણ કરે વિચાર...' વાંચે પણ વિચાર ન કરે કે આ શું છે? 'એ સમજે નહીં સઘળો સાર.' કાંઈ સમજે નહીં. મફતના તુંબડામાં કાંકરી. આહાહા! શું છે આ લખાણ? આ તો શાસ્ત્રો છે, સિદ્ધાંત છે. સર્વજ્ઞથી કહેલા સિદ્ધાંતો છે. આ કોઈ બાળબુદ્ધિના એકડા ને કક્કા નથી.

'ભૂ-પા' પહેલા ચોપડીમાં આવેને? ભૂ–પાણી પા. પાણી તો બોલી શકે નહીં. પાણી એમ ન બોલે, 'ભૂ' આમ. પણ ખેંચો એટલે 'ભૂ' એ પહેલો અનુકૂળ શબ્દ પડે એટલે બાળક ન્યાંથી શીખે. કંઠના અક્ષરો ન શીખે, હોઠના શીખે. 'ભૂ-પા.' ફક્ત ભૂ-પા. બસ આ જ બે ... ન્યાંથી શરૂ કરે એ. ભૂ-પા સમજતે હો? ભૂ નામ પાણી. પા નામ પાવ–પિલાઓ. જરી શબ્દ ઐસા ન સમજ સકે પાણી. પહલે બાળક હૈ ન? હોઠનો અવાજ કાઢતા તો આવડે, એમ કરતાં તો આવડે. 'ભૂ' એમ. ભૂ.. ફક્ત હોઠને જ આમ કરવું. 'પા'. એમ એને... કોઈ કંઠની, ગળાની, જીભની કાંઈ (જરૂર) નહીં. .... છેને ખબર છે. એ લોકો એ રીતે પાઠમાં જાય. એ બાળક છે એટલે એને હોઠથી શરૂ કરીએ. ભૂ-પા, બા, ચા પા. એક-એક અક્ષર. વીતરાગની નિરક્ષરી વાણી.... એક-એક અક્ષરી. બાળકને આ, ત્યારે મહાપ્રભુની વાણી આવી હતી. નિરક્ષરી... પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ કેવળજ્ઞાનીની ઓમ ધ્વનિ આખા શરીરમાંથી ઊઠે એકદમ ઇચ્છા વિના. એક ઓમમાં બીજું નહીં, એમ પાછું. પછી એમાં પેટા બધું આવી જાય સાતસો ભાષા ને બધું.

અહીં એ કહે છે, જે જીવ વિરાધન વિનાનો છે એટલે કે રાગની સેવા વિનાનો છે અને વીતરાગસ્વભાવ આત્મા એની સેવા કરનારો છે, એ જીવ નિશ્ચયપ્રતિક્રમણ છે. વીતરાગ પરિણતિથી અભેદ થઈ ગયો છે એ. **નિશ્ચયપ્રતિક્રમણમય છે**... નિર્વિકલ્પ વીતરાગદશાથી અભેદ છે માટે તે નિશ્ચયપ્રતિક્રમણમય હોવાથી **તેથી જ તેને પ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે.** આહાહા! જુઓને શૈલી! આહાહા! કેવળીની વાણી ખોલી છે ને. કુંદકુંદાચાર્ય કહે છે, **તે વિરાધન**

**વિનાનો**... રાધરહિત પરિણામ એ વિરાધન છે અને રાધરહિત પરિણામથી રહિત.. રાધરહિત પરિણામથી રહિત એ વિગતરાધ (એટલે) આરાધન-સ્વરૂપની વીતરાગ પર્યાય આહાહા! જુઓ! વીતરાગનો માર્ગ અહીંથી શરૂ થાય છે એટલે કે વસ્તુનો માર્ગ અનાદિ સનાતન સત્યસ્વરૂપ, રાગના વિકલ્પનું સેવન રહિત ભગવાન આત્માની સેવનાની શરૂઆત, એ વીતરાગ પરિણામમય થયો એથી પ્રતિક્રમણમય થયો માટે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા! એવી વસ્તુ છે. આવી વસ્તુ છે બાપુ! ભાઈ! પહેલાં ખ્યાલમાં તો લે. આહાહા!

એ ચોથો થયો. ત્રીજા પદનો (અર્થ) થઈ ગયોને. **सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा**... પડિકમણમય છે તે માટે તેને પ્રતિક્રમણ કહીએ. વીતરાગપર્યાયમય થઈ ગયો માટે વીતરાગપર્યાયને પ્રતિક્રમણ કહીએ. આહાહા! ઓલી કથા માંડેને વાર્તા, એ..ય રાજી રાજી થઈ જાય માણસ આમ. એક રાજા હતો, એક રાણી હતી, એ રીસાણી હતી... કારણકે ઘરમાં ... રાણી રીસાય એટલે મનાવે, એ બધું આવડે છે. એવી વાતું ઠીક લાગે એને. આહાહા! પણ આ રાજા ભગવાન એ પોતાથી રીસાઈને રાગમાં સેવે, એને મનાવ હવે, એમ કહે છે. રાગનું સેવન છોડીને તારા સ્વરૂપનું સેવન કર, તેને અહીંયા ધર્મ ને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા!

**એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમાં (૩૦૪મી ગાથા દ્વારા) કહ્યું છે કે**... લ્યો. **संसिद्धिराध**... એ બધા વીતરાગી પરિણતિ આરાધનના શબ્દો છે. વસ્તુ સદ્બોધાત્મકસ્વરૂપ પરમતત્ત્વજ્ઞાન એનું જે ભાન અને એની જે સેવા—એના આ બધા બોલો છે. **संसिद्धि**... સમ્યક્ પ્રકારે સિદ્ધિ. **રાધ = આરાધના**. નીચે છે બધા શબ્દો. **પ્રસન્નતા**. આહાહા! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એની એકાગ્રતા એ **રાધ** છે, એ **આરાધના** છે, એ **પ્રસન્નતા** છે, એ પ્રભુની **કૃપા** છે. આહાહા! પોતે પ્રભુ હોં. પુણ્ય-પાપના વિકલ્પથી ખસી અને ત્રિકાળી સદ્બોધસ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતા એ પ્રતિક્રમણ, એ **રાધ, આરાધના, પ્રસન્નતા, કૃપા** થઈ. પ્રભુ આત્માની કૃપા થઈ આત્મા ઉપર. આહાહા!

લ્યો, આમાં દેવ ને ગુરુની કૃપા ન હોય એમ કહે છે. આવે છેને. ઓલા દેવની કૃપા છે. એય! સુશાસ્ત્ર દેવથી ઉત્પન્ન થયા, એનાથી જ્ઞાન થયું, માટે કૃપાનું ફળ-ભગવાનની કૃપાનું ફળ મુક્તિ છે. બધું નિમિત્તથી કથન કરે ત્યારે... પરમાત્માની વાણી એને નિમિત્ત થાય છે ને? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા નિમિત્ત થાય છે એટલે એને 'નિમિત્તની કૃપા છે' એમ કીધું. અને ભગવાનના જ્ઞાનમાં પણ એમ આવ્યું હતું કે આ અત્યારે ધર્મ પામ્યો એવું એને તે સમયે જ્ઞાન પહેલેથી આવ્યું હતું એટલે એ સમયના જ્ઞાનમાં પણ એમ વર્તે છે ભગવાનને, (તેથી) એ ભગવાનની કૃપા છે મારા ઉપર, એમ. આહા!

**સિદ્ધિ**... આત્માની શાંતિનું આરાધન વિકલ્પ-રાગ રહિત એને સિદ્ધિ કહીએ, એને **પૂર્ણતા** કહીએ લ્યો. એ આરાધનને પૂર્ણતા કહીએ. છે તો સાધન હજી. એને પૂર્ણ કહીએ, હાલને. પૂર્ણ

ભગવાન આત્માને સેવે માટે પર્યાયને પૂર્ણ (કહીએ). **સિદ્ધ કરવું તે**... ભગવાન આત્મા વીતરાગી આનંદ પ્રભુ એની સેવા–એકાગ્રતા એ **સિદ્ધ કરવું**—સાબિત કરી એણે વાત. જે સિદ્ધ કરવું હતું એણે કર્યું, એમ કહે છે. સાબિત કરવું હતું એ કર્યું. કહે છેને, હવે સાબિત કરી દે એ વાતને, સિદ્ધ કરી દે એ વાતને. એ આત્માના આનંદનું સેવન કરીને સિદ્ધ કરી દીધી વાત–સાબિત કરી દીધી વાત. આહાહા! **પૂર્ણ કરવું તે**... પાછું જોયું! 'પૂર્ણતા' હતુંને એકલું? પૂર્ણ કરવું. એ વીતરાગમૂર્તિ પ્રભુ એની એકાગ્રતા એ જ પૂર્ણ કરવું છે. બીજામાં આવશે એમાં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧, શુક્રવાર, તા. ૨૩-૭-૧૯૭૧**
**શ્લોક - ૧૧૨, ગાથા – ૮૫, પ્રવચન નં. ૭૪**

નિયમસાર, પરમાર્થપ્રતિક્રમણ અધિકાર. (ગાથા) ૮૪નો કળશ છે. અમૃતચંદ્રાચાર્યનો કળશ છે ને? **શ્રી સમયસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત આત્મખ્યાતિ નામની) ટીકામાં પણ (૧૮૭ શ્લોક દ્વારા) કહ્યું છે કે** : પાનું ૧૬૦.

**अनवरतमनंतैर्बध्यते सापराधः**
**स्पृशति निरपराधो बंधनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।**

**શ્લોકાર્થ : સાપરાધ આત્મા** અર્થાત્ જે રાગ ને પુણ્યના પરિણામ જે અશુદ્ધભાવને સેવે છે... શુભ-અશુભભાવ જે અશુદ્ધ છે એની જે એકાગ્રતા છે અને એનું સેવન છે, એ સાપરાધી છે–એ ગુનેગાર છે. **સાપરાધ આત્મા નિરંતર અનંત (પુદ્ગલપરમાણુરૂપ) કર્મોથી બંધાય છે...** કેમકે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એના સ્વભાવના ભાન વિના અનાદિથી રાગની એકતાબુદ્ધિ છે, એ અપરાધી મિથ્યાદૃષ્ટિ કર્મથી બંધાય છે. એટલે મિથ્યાત્વથી માંડીને આઠેય.. સાત (કે) આઠ કર્મનું બંધન હોય છે.

**નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ.** નિરપરાધ એટલે ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ એની સેવા કરનાર એટલે કે નિરપરાધીસ્વરૂપ એની એકાગ્રતામાં (છે) એ નિરપરાધ પરિણામી છે. **નિરપરાધ આત્મા...** વસ્તુ જે આનંદ ને જ્ઞાન સ્વરૂપ એનો અનુભવ કરનાર, એ વસ્તુના સ્વભાવને સ્પર્શતો, અનુભવતો, વેદતો એ નિરપરાધી છે. એ બંધનને કદાપિ સ્પર્શતો નથી. એને બંધનભાવ નથી અને બંધનનું કાર્ય પણ નથી. અબંધસ્વરૂપી ભગવાન આત્મા ચૈતન્યબિંબ ભગવાન એવું દ્રવ્યસ્વરૂપ અબંધ, એની જેને એકાગ્રતા છે એ બંધને અડતો નથી. અબંધને સ્પર્શે છે તો બંધને સ્પર્શતો નથી એમ કહે છે. આહાહા! ભારે!

**જે સાપરાધ આત્મા...** હવે ખુલાસો આપે છે. અપરાધ કીધો સાધારણ. હવે અપરાધી કહેવો કોને? **જે સાપરાધ આત્મા છે...** છે એમ પાછું. **તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...** એ 'રાગવાળો જ આત્મા છું, અપવિત્ર પરિણામવાળો જ છું' એવા અશુદ્ધને સેવતો થકો અપરાધી છે. બહુ ટૂંકી વાત છે. કહો, સમજાણું આમાં? ચૈતન્ય ભગવાન આત્મા નિર્દોષ આનંદ ને જ્ઞાનસ્વરૂપ પ્રભુ એની જેને અંતર સેવના નામ એકાગ્રતા છે, એને બંધન નથી. પણ અપરાધી નિયમથી અશુદ્ધ સેવે છે. મિથ્યાદૃષ્ટિને જ અહીંયા અપરાધી લીધો છે. ભગવાન આત્મા પવિત્ર

આનંદઘન છે, છતાં રાગ દુઃખરૂપ છે એની જેને એકાગ્રતા છે, સેવના એટલે એકાગ્રતા, એ પ્રાણી આઠેય કર્મથી બંધાય છે.

**નિરપરાધ આત્મા તો...** નિરપરાધી-નિર્દોષ સ્વરૂપની સેવા કરનાર **ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.** લ્યો, સાધુ છે ને. **साधु शुद्धात्मसेवी...** સાધુ એટલે ભલી રીતે. આહાહા! પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા એની સેવા કરનાર... કઈ રીતે? શુદ્ધ આત્માને સેવનાર ભલી રીતે એટલે કે અંતરમાં એકાગ્રતા કરીને, એમ. વાણી દ્વારા કે એકલા જાણપણા દ્વારા નહીં. શુદ્ધ ભગવાન આત્મા ત્રિકાળી પવિત્ર પિંડ પ્રભુ એને સેવનાર નિરપરાધી છે, એ ગુનેગાર નથી. કહો, સમજાણું આમાં? બહુ આકરું ઝીણું છે આ. આ નિરપરાધી ભગવાન પ્રભુ આત્મા... **शुद्धात्मसेवी** એમ કહ્યું છે ને? શુદ્ધાત્મસેવી, ઓલો અશુદ્ધાત્મસેવી. અજ્ઞાની રાગનો સેવનાર એ અશુદ્ધ આત્મા, એ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની શુદ્ધનો સેવનાર એ સમકિતી, એ નિરપરાધી છે. ચોખ્ખી વાત છે. કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે... આજ પડિકમણાની વાત આવી હતીને ઝેરની, એની વાત છે આ બધી. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ ભાવનો સેવનારો છે, એમાં એકાગ્ર છે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ નિરપરાધી છે. કેમ? એ નિત્યાનંદ પ્રભુ આત્મા એની સેવના-એકાગ્રતા કરનારો છે, માટે તે બંધને અડતો નથી અને શુદ્ધાત્મને સેવે છે. આહાહા! બહુ ટૂંકી વાત. રાગની એકતાબુદ્ધિ પુણ્યની દયા-દાન-વ્રત-ભક્તિની હોં, એવો વિકલ્પ છે એ તો રાગ છે. રાગની એકતા સેવનાર મિથ્યાદૃષ્ટિ સંસારને બાંધે છે, રખડવાનું બાંધે છે એ. આહાહા! અને ભગવાન પવિત્ર પ્રભુ શુદ્ધ આનંદધામ એની સેવા નામ સન્મુખમાં એકાગ્ર થતાં એ શુદ્ધાત્માનો સેવી નિરપરાધી છે, એને બંધ નહીં થતાં શુદ્ધતા વધે છે. આહાહા! આવો માર્ગ છે. એ ૮૪મી (ગાથામાં) સમયસારનો આધાર આપ્યો. પોતે (પદ્મપ્રભમલધારિદેવ) કહે છે હવે.

**વળી (આ ૮૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :** પદ્મપ્રભમલધારિદેવ મુનિ-સંત જંગલવાસી હતા, આત્મધ્યાની મસ્ત હતા. જેના મુખમાંથી પરમ આગમ ઝરે છે, એ પોતે શ્લોક કહે છે.

**अपगतपरमात्मध्यानसंभावनात्मा**
**नियतमिग भवार्तः सापराधः स्मृतः सः।**
**अनवरतमखंडाद्वैतचिद्भावयुक्तो**
**भवति निरपराधः कर्मसंन्यासदक्षः।।११२।।**

આહાહા! **શ્લોકાર્થ : આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાનની સંભાવના રહિત છે...** ભગવાન આત્મા પરમ જ્ઞાન, આનંદ આદિ સ્વભાવથી સહિત છે એવો જે પરમાત્મા પોતે... દેખો! **(અર્થાત્ જે જીવ પરમાત્માના ધ્યાનરૂપ પરિણમનથી રહિત છે...** પાઠ છે ને?

**પરમાત્મધ્યાન**.. પરમાત્મ એટલે પોતાનું અનાદિ-અનંત શુદ્ધ આનંદસ્વરૂપ એ પોતાનું પરમાત્મસ્વરૂપ છે. **આ લોકમાં જે જીવ પરમાત્મધ્યાન...** એટલે કે રાગનું ધ્યાન નહીં, નિમિત્તનું ધ્યાન નહીં, પર્યાયનું ધ્યાન નહીં, એમ કહે છે. આહાહા! રાગમાં એકતા નહીં, નિમિત્તમાં એકતા નહીં, એક સમયની પર્યાયબુદ્ધિમાં એકતા નહીં. આહાહા! જે જીવ જગતની અંદર પરમાત્મ– પોતાનું આત્માનું પરમસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘન, અનાકુળ આનંદનું ધામ ભગવાન પૂર્ણ, એની ધ્યાનની સંભાવના રહિત છે (એટલે) એના અનુભવથી રહિત છે, એના પરિણમનથી રહિત છે... આહાહા!

ધ્યાનની–પરિણમનની સંભાવના, છે ને? સમ્યક્ પ્રકારે એકાગ્રતાનું પરિણમન. એ **પરમાત્મધ્યાને પરિણમ્યો નથી...** ચૈતન્યના ત્રિકાળી આનંદસ્વરૂપ એવું પરમસ્વરૂપ જીવનું– આત્માનું, એના પરિણમને પરિણમ્યો નથી. **તે ભવાર્ત જીવ**–એ ભવમાં રખડનારો જીવ... આહાહા! **ભવાર્ત**–ભવમાં દુઃખી એવો **જીવ નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે...** પોતાનું પરમસ્વરૂપ ભગવાન આત્મા, રાગ વિનાનું, એક સમયની અવસ્થા વિનાનું—એના ધ્યાનના પરિણમન વિનાનો જીવ એને અહીંયા અપરાધી ગણવામાં આવ્યો છે. આહાહા! આ અપરાધની વ્યાખ્યા કરી.

પોતાનું આનંદ સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદપણે જેનું સન્મુખ થઈને પરિણમન નથી (અને) એનાથી વિમુખ થઈને રાગના વિકલ્પનું સેવન છે, એ ભવાર્ત જીવ છે—ભવમાં આર્ત–પીડાયેલો જીવ છે, ભવમાં કચરાયેલો, પીલાયેલો, પીડાયેલો છે. આહાહા! ઘાણીમાં જેમ તલ પીલે, એમ આવો ભવાર્ત જીવ ભવમાં દુઃખથી પીડાયેલો છે. આહાહા! **નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે**... એટલે કે ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એની સેવના રહિત છે એટલે રાગની સેવના સહિત છે, એટલે ભવાર્ત પ્રાણી છે. ચોર્યાસીના અવતારમાં દુઃખી થયેલો આત્મા છે. આહાહા! એને અહીંયા સાપરાધી ગણવામાં આવ્યો છે.

**જે જીવ નિરંતર અખંડ–અદ્વૈત–ચૈતન્યભાવથી યુક્ત છે,** લ્યો. ત્રિકાળી આત્મા ત્રિકાળી અખંડ અદ્વૈત એકરૂપ એવો ચૈતન્યભાવ.. એવો ચૈતન્યભાવ ત્રિકાળી એનાથી જે યુક્ત છે, આવા ભાવથી સહિત આત્મા અંતરમાં એકાગ્ર છે. **તે કર્મસંન્યાસદક્ષ...** આહાહા! એ રાગાદિના પરિણામ જે વિકલ્પ (ભાવ)કર્મ જે વિકાર છે એના ત્યાગમાં એ નિપુણ છે. આહાહા! રાગના ત્યાગમાં એ નિપુણ છે, સ્વભાવની એકાગ્રતામાં એ નિપુણ ડાહ્યો છે. કહે છે, **જે જીવ નિરંતર અખંડ–અદ્વૈત–ચૈતન્યભાવથી** સહિત છે. હું તો ત્રિકાળ જ્ઞાયકભાવ અદ્વૈત અખંડ છું એવી જ્યાં અંતર પરિણતિ સહિત છે, એમ કહે છે. એની નિર્મળ અવસ્થા સહિત છે, **તે કર્મસંન્યાસદક્ષ...** જે

રાગના પરિણામ, પુણ્યાદિના અસંખ્ય પ્રકાર ભાવ—એ (ભાવ)કર્મ એના **ત્યાગમાં** એ **નિપુણ** છે. આહાહા! દેખો! આ રાગનો ત્યાગ.

પરમ નિરપરાધી ભગવાન સ્વરૂપ જેનું છે એની એકાગ્રતાવાળો... અહીં સ્વભાવમાં એકાગ્રતા છે, તેથી રાગના ત્યાગમાં એ નિપુણ છે એટલે રાગનું પરિણમન એને નથી. આહાહા! ભારે શ્લોકો ટૂંકા ને ભરેલા–ભાવથી ભરેલા. પ્રભુ મોટો સત્નો સાહ્યબો, સત્.. સત્.. એવું ત્રિકાળી ભગવાન આત્માનું સ્વરૂપ એનો સેવનાર (છે એ) રાગાદિ વિકારી પરિણામરૂપી કર્મ તેના ત્યાગમાં એટલે અભાવરૂપે પરિણમવામાં સમર્થ છે. આહાહા! શુદ્ધ પરમસ્વભાવમાં પરિણમવા સમર્થ છે, એમ રાગના અભાવસ્વરૂપે પરિણમવામાં સમર્થ છે, એમ કહે છે. અહીં તો હવે બહારનો ત્યાગ ને ગ્રહણ ને માથાકૂટ કરીને મરી જાય બિચારો પણ, અહો કષ્ટો, મહાકષ્ટો, લાભો કિંચિત્ નહીં. લાભ કાંઈ ન મળે. છે લાભ સંસારનો, ભવાર્તનો છે. આહાહા!

શ્રોતા : લાભ હૈ કિ અલાભ હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : લાભ છે રખડવાનો.

શ્રોતા : દુઃખી હોનેકા લાભ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દુઃખી કહા ન. 'ભવાર્ત જીવ' ઐસે કહા ન. **નિયમથી સાપરાધ ગણવામાં આવ્યો છે**. આહાહા! આવો માર્ગ છે.

કોઈ તારું નથી, રાગનો વિકલ્પેય તારો નથી. એવો આત્મા પોતાના પરમ નિજ સ્વભાવમાં એકાગ્ર થયો એને, રાગના ત્યાગમાં ડાહ્યો એટલે રાગના અભાવરૂપે એનું પરિણમન છે એમ કહે છે. આહાહા! વાત હજી તો સાંભળવામાં આવી નથી. પ્રભુ બિરાજે છેને અસ્તિ તત્ત્વ, મહાસત્તાવાળું તત્ત્વ ચૈતન્ય ભગવાન. એવા અસ્તિના સ્વભાવને પકડીને જે એકાગ્ર થયો, એને રાગની નાસ્તિનું પરિણમન હોય છે એટલે રાગના ત્યાગમાં ડાહ્યો છે એમ કહે છે.

શ્રોતા : હો ગયા ત્યાગ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હો ગયા ત્યાગ. હો જાતા હૈ, પર સમજાવે ક્યા? ઉપદેશમાં શું આવે? અસ્તિ-નાસ્તિ કરી. આહાહા! પરમાનંદ પ્રભુ એની સત્તાની સન્મુખ આવ્યો, મહાસત્તાની સન્મુખ આવ્યો, એને રાગના વિમુખરૂપે પરિણમન છે એમ કહે છે. આહા! આ તો પરમ સત્યની વાત છે. આહાહા! દૃષ્ટિકા વિષય. વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. આહા! સમજાય છે કાંઈ?

પદાર્થ છે કે નહીં આત્મા? વસ્તુ છે કે નહીં? વસ્તુ છે તેનો સ્વભાવ–ગુણ પણ અનાદિ-અનંત છે કે નહીં? તો અનાદિ-અનંત એવો જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ અને એ સ્વભાવ ધરનારો સ્વભાવવાન આત્મા. આહાહા! સ્વભાવવાન—સ્વભાવ જેનું રૂપ છે, સ્વભાવ જેનો વાન છે. આહાહા! એવો જે જ્ઞાનાનંદસ્વભાવ આત્મા એની સન્મુખની જેને સેવના છે, એને રાગની સેવના નથી. અને જેને રાગની સેવના છે, એને આત્માની સેવના નથી. એક રાગનો કણ

પુણ્યભાવ એની પણ જેને એકાગ્રતા ને સેવના છે, એને ભગવાન આત્માની સેવના નથી. આમ સીધી વાત છે. આહાહા! તે **જીવ નિરપરાધ છે,** લ્યો.

શ્રોતા : યે જો પંચમહાવ્રતધારી હૈં વે અપરાધી હૈં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અપરાધી હૈં. મહાવ્રત હૈ યે મેરા વિકલ્પ હૈ (ઐસા માનનેવાલા) વહ તો અપરાધી હૈ. (જ્ઞાનીકો) વિકલ્પ આતા હૈ પર ઉસકા જાનનેવાલા રહતા હૈ. વિકલ્પરૂપ પરિણમન નહીં કરના. વીતરાગરૂપ પરિણમન મેરા હૈ. અહીં તો પાંચ મહાવ્રતના વ્યવહારના ઠેકાણા ન મળે અને પંચ મહાવ્રતધારી એ ચારિત્રમાં જાઓ. જય ણમો લોએ સવ્વ સાહૂણં. ભાઈ! એમાં ટીકા નથી તારી, વસ્તુની સ્થિતિ આવી છે. છેતરાઈ જાય છે ભાઈ! આવા છૂટવાને ટાણે તું છેતરાઈ જાય છે. આહાહા! જેનાથી છૂટવું છે એનાથી મને લાભ થાય. પ્રભુ! એમાં નુકશાન છે તને, છેતરાય છે ભાઈ! આહાહા!

કાલ દાખલો નહોતો આપ્યો? ઓલો ચોરનો આવ્યો હતોને. શું કહેવાય? ચોરનો આવ્યો હતોને. નામ આવ્યું હતું માથે. 'વિચિત્ર ચોર.' આ પણ વિચિત્ર છે ચોર. રાગને પોતાનો માને એ મહાવિચિત્ર ચોર છે એમ કહે છે. આહાહા! કાલ દાખલો આવ્યો છે એક. એક વૃદ્ધ બાઈ હતી. દેખાય એવો વૃદ્ધ... વૃદ્ધ જેવો દેખાવ, પણ .... લૂગડાં ઊંચા પહેરેલા અને દાગીના પહેરેલા. મોટરમાં આવી. મોટર ઊંચી લઈને આવેને. પચાસ હજાર પડાવવા હોય, લાખ પડાવવા હોય એમાં મોટર લઈને આવે. મોટર લઈને આવી. એક ડોક્ટર હતા. ઉન્માદ છોકરાઓ, ઉન્માદ માણસ હોય એની–ઉન્માદની દવા કરતા. એ બધી એની .... આવડે.

ન્યાં આવી બાઈ. ડોક્ટરને કહે, સાહેબ! કાંઈ થોડીવાર–વખત દેશો ચર્ચા–વાત કરવાનો? હા, મા! બેન! મોટા દેખાવ સારા... જાણે કે ઘરાક હશે. ઓ.. મારા નસીબ ફૂટ્યા, ધણી ન મળે. છોકરો એકનો એક ગાંડો છે, મગજ ફાટ્યું છે. બધી ખોટેખોટી વાતું. જુઓ! કેવી રીતે લડાવે છે.... છોકરો એકનો એક અને મગજ ફેર. કેટલાક દિવસ કલાક-બબ્બે કલાક વાતું કરે તો કાંઈ ન લાગે. બબ્બે મહિના સુધી કાંઈ ન લાગે. અને બે મિનિટ પછી બોલે કે પચાસ હજાર લાવો, પચાસ હજાર લાવો, પચાસ હજાર લાવો ચૂકવો તો વયો જાઉં, પચાસ હજાર લાવો તો વયો જાઉં. આમ બોલે છે. પચાસ હજાર ચૂકવો તો ચાલ્યો જાઉં, એમ બોલે છે. લાવજો અહીંયા, બેન! ચાર વાગે લાવજો, ડોક્ટરે કહ્યું.

પછી ન્યાંથી ઝવેરીને દુકાને ગઈ. મોટર મૂકી દીધી. દાગીના જોવા માંડ્યા. દાગીનો ઊંચો હતો ૫૩ હજારનો. ઓલો ઝવેરી કહે, ૫૩ હજારનો છે. (બાઈ કહે), ૫૦ હજારમાં લેવો છે. કારણ કે ઓલા ૫૦ હજાર શીખવવા છે ને? ૫૦ હજારે દેવો હોય તો ૫૦ હજારે લઉં. ઓલો પછી કહે, ૫૦ હજાર લાવો. હું અહીં પૈસા લાવી નથી હોં, તમારે એક માણસ મોકલો મારી સાથે. અમારે ઘરે માણસ મોકલો, આહિરને મોકલો. ઓલાએ માણસ મોકલ્યો જુવાન. ગયો

દવાખાને. ઓલી બાઈ દવાખાને અંદર ગરી ગઈ એટલે જે લેવા આવ્યો એ ઓલાને એમ લાગ્યું કે ડોક્ટરની વહુ લાગે છે. એટલે ડોક્ટર પૈસા આપશે હવે. ડોક્ટર સાહેબ! લાવો પૈસા, ૫૦ હજાર લાવો. ઓલો ૫૦ હજાર શીખવ્યું હતું. એ ૫૦ હજાર બોલશે. ગાંડો કહેતી હતી. ૫૦ હજાર લાવો.. ૫૦ હજાર લાવો, ૫૦ હજાર લાવો તો ઝટ વયો જાઉં. હા, તને ૫૦ હજાર આપું. બાપુ! હમણા છે નહીં. હમણાં ચેક આપું. બેસો થોડીવાર. તમારું બ્લડપ્રેશર તપાસું.

ઓય મા! આ શું? પણ બ્લડપ્રેશર હું તો ક્યાં.... ઝાલ્યો બરાબર. એને કીધું હતું બાઈએ, જુઓ! જોર કરશે, તોફાન કરશે, છોકરો ગાંડો છે. પાછો આમ વાતચીત કરશો તો ડાહ્યો છે. જ્યારે મગજ ફાટે ત્યારે ફાટે. એવું શીખડાવ્યુંને. એ તો બાંધવા માંડ્યો. કાંઈક યંત્રો રાખ્યા હશે, શું કે ગાંડપણ ઓછું થાય. બાંધવા ન દીધો, જોર કર્યું. બે જણ આવ્યા ડોક્ટરના માણસ. પકડી રાખ્યો. હાય, હાય! આ શું? પણ પૈસા તો દો. પણ આપીએ છીએને, હમણાં ચેક દઈએ તમને ૫૦ હજારનો. આહાહા! ઓલી બાઈ તો અંદર ગઈ પછી વઈ ગઈ ઘરે. થઈ રહ્યું, ૫૦ હજારનો દાગીનો લઈ વઈ ગઈ. અહીં જુએ તો છોકરાને, હાય હાય! શું થયું આ? અંતે ડોક્ટર કહે, આ તો બધું તરકટ (હતું). એમ આ તરકટ કર્યું છે અનાદિથી. આહાહા! માળો કે રાગ કરે, પુણ્ય કરે અને માને કે એમાં ધર્મ, એમાં હળવે-હળવે ધર્મ થાશે હોં, હળવે-હળવે થાશે. શીખવી રાખ્યું હોય એના ગુરુએ.

કાલ નહોતું આવ્યું? વ્યવહાર કરતાં કરતાં... આવ્યું હતું બપોરના. મોક્ષ અધિકારમાં આવ્યું હતું. વળી કાલ આવ્યું એ જુદી જાત છે. 'છોડીને' એમ નહોતું આવ્યું, કરતાં કરતાં.... કરતાં કરતાં શું આવે? આહાહા! અરે! પણ એણે કર્યું છે એવું હોં. આહા! જીવને છેતર્યો છે. પોતે પોતાને છેતર્યો છે હોં. આહાહા! એને અવસર મળ્યા છૂટવાના. ભવ તો, ભવના અભાવ માટે આ ભવ છે. એને ઠેકાણે... 'ભવાર્ત' કીધુંને? રાગની એકતામાં લીનતા આનાથી થશે, હળવે હળવે વ્યવહાર કરશું ને એમાંથી નિશ્ચય થશે. લૂંટાઈ ગયો. આહાહા! અરે! આવા અવતાર. દેહ પૂરા થઈ જાય છે, સ્થિતિ ચાલી જાય છે, મરણની સન્મુખ દશા થઈ રહી છે અને રાગમાં ને પરમાં હોંશું ને હરખ કરે છે, કહે છે, એ સાપરાધી જીવ છે હોં. આહાહા!

**ભવાર્ત**–ભવમાં પીડાયેલો પ્રાણી છે, એમ કહે છે. આહાહા! **ભવાર્ત જીવ**... (પોતાના) ધ્યાનથી નથી પરિણમ્યો પ્રભુ! તારું સ્વરૂપ પવિત્ર ને શુદ્ધ છે. એ રૂપે દશા નથી એ ભવાર્ત પ્રાણી છે. આહાહા! રાગમાં પીડાયેલો દુઃખી છે, રાગ પોતે દુઃખ છે. એ દુઃખમાં એકાગ્ર થઈને માને છે કે હું કાંઈક ઠીક કરું છું. છેતરાઈ ગયો છે. અને એવા એને કહેનારા ઉપદેશક પણ મળ્યા. હા, એમ હોય. એમ પાધરા ચડાઈ જતા હશે ભણ્યા વિના? એકડા ઘૂંટયા વિના એલ.એલ.બી. થવાતા હશે? આહાહા! ભગવાન! છેતરાઈ જાય છે હોં ભાઈ! ભગવાન આત્મા

પવિત્ર ધામ પ્રભુ જેની સન્મુખની સેવના વિના, એ રાગની સેવનાથી તું કલ્યાણ માન, એ આપરાધિક ભવાર્ત પીડિત– ભવમાં પીડાયેલો અપરાધી છે એમ કહે છે. આહાહા!

આ સંન્યાસ છે. આહાહા! અખંડ અનંત ચૈતન્યસ્વરૂપ ભગવાન એના પરિણમનવાળો.. એના પરિણમનવાળો (એટલે) એ દ્રવ્યસ્વભાવના નિર્મળ પરિણમન–પર્યાયવાળો નિરપરાધી રાગના ત્યાગમાં ડાહ્યો છે એટલે કે રાગનો ત્યાગ સહજ એને થઈ જાય છે. આહાહા! એ જીવને નિરપરાધ કહ્યો છે. પહેલી સમજણમાં વાત લીધા વિના અંતર્મુખ થવાનો યોગ એને બને જ નહીં કોઈ દિ'. સત્ય સમજણ શું છે એનો જેને હજી ખ્યાલ નથી, એ વીર્ય અંતરમાં કેમ ગતિ કરે? જુઓ! ટીકાકારે પણ કેવું લખ્યું છે! ભવાર્ત જીવ અને ઓલો **कर्मसंन्यासदक्षः**.. આહાહા! આ કાંઈ વાદવિવાદે (પાર) પડે (એમ નથી). વીતરાગમાર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવી રહ્યા છે. સમવસરણમાં ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આમ કહેતા હતા, એ વાત અહીં આવી છે. આહાહા!

અહીં કહ્યું, પ્રભુ! તારા ઘરને સ્પર્શ્યા વિના અપરાધ નહીં ટળે. આહાહા! રાગને સ્પર્શવામાં નિરપરાધી નહીં થવાય એમ કહે છે. એ દયા, દાનના સૂક્ષ્મ વિકલ્પ અંદર, અરે! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ એને સ્પર્શવાથી નિરપરાધી નહીં થવાય. એ જીવ અખંડ ભગવાન આત્મા એને પડખે ચડ્યો... 'પડખે' કહતે હૈં ન? ક્યા કહતે હૈં? એ બાજુ. અંતરમાં સ્વભાવ સન્મુખ થયો એ નિરપરાધી છે. રાગ સન્મુખ થયો એ સાપરાધી છે. આહાહા! આવી વાત વીતરાગ સિવાય (ક્યાંય નથી). વીતરાગ કહે છે કે અમને ભજવામાં તારો રાગ તને આવે હોં. આહાહા! તને (પોતાને) ભજવામાં વીતરાગતા આવે છે. જુઓને! આ એક વાત કહે છે. તારું સ્વરૂપ પ્રભુ વીતરાગ છે હોં અંદર. વીતરાગ નામ દોષ વિનાનું–રાગ વિનાનું. વીત એટલે રહિત. રાગ વિનાનું, દોષ વિનાનું. એવું તારું સ્વરૂપ જ ધ્રુવ ચૈતન્ય છે. એની સેવાથી તને વીતરાગતા થશે. આહાહા! અમારી સેવાથી, તું આખો દિવસ–ચોવીસ કલાક રહે તોપણ રાગ થશે. લે! હો ભલે, પણ એ છે હેય.

ત્યારે ઘણા એમ કહે છે કે તમે આમ માનો છો તો પછી આવા મંદિર ને પૂજા શું કરવા માંડી પાછી? લે! એ તો એને કારણે થાય, જડની અવસ્થા ભજવાની હોય તે ભજે, એ કોઈ બીજો કરે (એમ નથી). પુદ્ગલ પરાવર્તનના પરિણમનના ક્ષેત્રે જ્યાં થવાનું હોય તે થાય. હા, એનું નિમિત્ત ભાવવાળો–શુભભાવવાળો જીવ હોય. તદ્દન વીતરાગતા ન થાય ત્યાં સુધી એવો ભાવ હોય. ધર્મીને હોય, સંતોને હોય, પણ છે એ અપરાધ. એ રાગમાં લાભ છે એમ માનનાર મિથ્યાત્વી અપરાધી છે. અને આ રાગ ત્યાગવાયોગ્ય છે, હેય છે, છતાં થાય છે, તો અસ્થિરતાનો અપરાધી છે. એટલો (ફેર છે). થોડા–અનંતમા ભાગમાં આવતો (રાગ). સમજાય છે કાંઈ? લ્યો, આ ૮૪ ગાથા થઈ. આ ચોર્યાસીના ભવાર્ત ફેરવવા માટેની આ વાત છે. આહાહા!

જુઓને! એક સમયમાં દેહ ફરી જાય, લ્યો. મોહનભાઈ હજી તો અહીં આવતા, બેસતા. મનિષ નથી આવ્યો? ઓલો છોકરો છેને ભત્રીજો. એના માટે બહુ...... .... ગુરુવારે તો અહીંયા હતા. મંગળવારે ગયા ઓલે ભવે. આહાહા! મારી બનવાની દશા એક સમયમાં રૂપાંતર, ભવ બીજો, ક્ષેત્ર બીજું, કાળ બીજો, ભાવ બીજો. આહાહા! એ મલુકચંદભાઈ! મલૂકચંદભાઈ જતા જતા રહી ગયા વળી. આ વચમાં..... ખરું કે નહીં? માટે તો આ જ કરવું જોઈએ હવે. એ જતા હતા હોં તૈયારી કરીને. અહીં આવ્યા હતાને છેલ્લે મંગળવારે...... મોટરમાં. એ સરખું થઈ ગયું પાછું. મોઢામાં થોડું સરખું લાગે છે. બહુ ફેર નથી લાગતો. બહુ ફેર નથી લાગતો. પહેલા ફેર હતો એ અત્યારે બહુ નથી લાગતો. એ શરીરની જડની ક્રિયા છે. આહાહા! જે અવસ્થા જે કાળે, જે પ્રકારે, જે ક્ષેત્રે, જે ભાવે થાય એ થવાની.. થવાની.. થવાની. એને ફેરવવા ઇન્દ્ર, નરેન્દ્ર કોઈ સમર્થ નથી. તું ફરી જા. આહાહા! દેહ અને રાગની રુચિને ફેરવી નાખ, બસ. તારે ફરે બધું પરિભ્રમણ મટી જવાનું છે. આહાહા! ૮૫ ગાથા. આ બે કળશ હતા હોં ૮૪ (ગાથા)ના. બાકી હતા. પ્રતિક્રમણ કેટલી વાર .... પાછું.

**मोत्तूण अणायारं आयारे जो दु कुणजि थिरभावं ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ।।८५।।**

પ્રતિક્રમણમય થાય છે માટે પડિકમણું કહીએ એને. આહાહા! પરિણમન બતાવે છે. રાગથી રહિત (અને) સ્વભાવના પરિણમન સહિત થાય છે માટે એને પડિકમણું કરનાર કે પ્રતિક્રમણવાળો કહીએ છીએ. આહાહા!

**જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.**

આહાહા! પ્રતિક્રમણમય થઈ ગયો છે એમ કહે છે. રાગરહિત શુદ્ધ પરિણમનમય જેની દશા થઈ ગઈ છે માટે તેને અમે પ્રતિક્રમણ કહીએ છીએ, એમ કહે છે. રાગથી પાછો ફરી અરાગી પરિણમન થયું છે, આહાહા! માટે તેને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. ગજબ વાત છે! કુંદકુંદાચાર્યની શૈલી! સંતોએ વાત તો બધી, મુનિઓ–દિગંબર સંતોએ તો સત્ય જ કહી છે ચારે અનુયોગથી. આમની શૈલી બહુ અદ્ભુત! ઘણી અદ્ભુત!

**ટીકા : અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક...** નિશ્ચયચારિત્રસ્વરૂપ–વીતરાગ પરિણામવાળું ચારિત્ર એ **પરમોપેક્ષાસંયમના ધરનારને...** ઓલું અપહૃત સંયમ નહીં. અપવાદ નહીં, આ તો ઉપેક્ષા, ઉત્સર્ગ. **પરમોપેક્ષા સંયમના ધરનારને...** રાગથી પણ ઉપેક્ષા કરીને સંયમમાં ઠર્યો છે એને **નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે**, લ્યો. એને સાચું પડિકમણું હોય છે.

**નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને...** નિશ્ચયથી ભગવાન આત્મા આનંદસ્વરૂપમાં સ્થિર થયેલો, નિર્વિકલ્પ ઉપયોગમાં રમતો એવા સંયમવાળાને **શુદ્ધ આત્માની આરાધના સિવાયનું...**

ભગવાન પૂર્ણાનંદ ને શુદ્ધ પવિત્ર એની સેવના સિવાયનું **બધુંય અનાચાર છે**... પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ અનાચાર છે એમ કહે છે. આહાહા! **मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं... थिरभावं...** કોઈ કહે, આને અણાચાર છે, પણ નીચે(ના ગુણસ્થાનમાં) હોય એને? શું કહ્યું? **નિયમથી પરમોપેક્ષાસંયમવાળાને**... વીતરાગ પરિણતિએ પરિણમ્યો છે સપ્તમ ગુણસ્થાનવાળો શુદ્ધોપયોગમાં, એને શુદ્ધાત્માની આરાધના સિવાયનું... ચૈતન્ય ભગવાન પરમાનંદ અમૃતનો સાગર, આહાહા! ઇન્દ્રિયના બધા વિષયોના પ્રેમ ને રુચિથી ખસી ગયો છે. આહાહા! એ ઉપેક્ષા થઈ ગઈને. પાંચેય ઇન્દ્રિયના વિષયમાં ક્યાંય સુખ નથી, બધું દુઃખ છે. પાંચ ઇન્દ્રિયના વિષયના વલણમાં દુઃખ છે એમાંથી ખસી ગયો છે. પંચમહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે. આહાહા! આ કાંઈ અત્યારની વાત નથી, આ તો ૨૦૦૦ વર્ષ પહેલાનો શ્લોક છે અને ટીકા ૯૦૦ વર્ષ પહેલાની. આમાં સોનગઢનું ક્યાંથી આવ્યું? આવું નિશ્ચય જ્યાં આવ્યું ત્યાં સોનગઢનું (કહે). છપાણું ગમે ત્યાં છપાણું હોય. છપાય છે ક્યાં અહીંયા? આહાહા!

આ આગમમાં નથી.. લખ્યું છે ને? લખ્યું છેને કો'ક નથુલાલે. લખ્યું છે એક જણાએ. સાગરવાળો, ક્યાંનો છે? નિશ્ચયની જ્યાં વાત આવે ત્યાં એમ થાય કે એ સોનગઢનું. બિચારો કોઈ મધ્યસ્થતાથી વાંચતો હોય શાસ્ત્ર, તોય કહે, એ સોનગઢનું. આ આગમમાં સોનગઢ ક્યાં આવ્યું? મીઠાલાલભાઈ! ..... કાલ લેખ આવ્યો છે. આ ક્યાં અત્યારની વાત છે? આ તો ૯૦૦ વર્ષ પહેલાની ટીકા અને ૨૦૦૦ વર્ષ પહેલા.... આ ભાવ તો અનાદિના આ જ છે. આ **मोत्तूण अणायारं आयारे जो दु कुणदि थिरभावं** પાછું એમ. પોતે પુરુષાર્થથી તે ભાવ કરે, એમ કહે છે. કર્મ કાંઈ માર્ગ આપે તો સ્થિર થાય, એ વાત અહીં છે જ નહીં. આહાહા! ચારિત્ર, નહીં? સ્થિર-અસ્થિર શક્તિ. આવી હતીને ઓલામાં–ઉપાદાન-નિમિત્તમાં? સ્થિર-અસ્થિર શક્તિ. અસ્થિર થાય, સ્થિર થાય એ તો પોતાના કારણે છે, પરને કારણે કાંઈ છે જ નહીં. આહાહા! આવો ભાવ હજી જેને શ્રદ્ધામાં રુચે નહીં, વ્યવહાર શ્રદ્ધા હોં, એને અંતરમાં સમ્યગ્દર્શનના પરિણમન મોંઘા પડશે, નહીં મળે એને. સમજાણું કાંઈ?

**પરમોપેક્ષાસંયમવાળાને શુદ્ધાત્માની આરાધના સિવાયનું**... એટલે કે એને આવો રાગ હોતો નથી એમ કહે છે. બીજાને રાગ હોઈ શકે (નીચેના) ગુણસ્થાને, પણ એ અપરાધ છે એમ સિદ્ધ કરવું છે. એને પણ એ અપરાધ છે. અને આ આત્માવાળાને–પરમસંયમવાળાને એ અનાચાર છે એટલે કે અત્યારે એના આચારમાં એ નથી. રાગનો ભાવ આ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય—પંચાચાર, વ્યવહાર પંચાચાર એ અણાચાર છે. પ્રવચનસાર એના પ્રતાપે... એય! ઠીક. ચરણાનુયોગની શૈલીના કથન એને ભારે પડે. એ બહુ સારું લખ્યું છે. ક્યા અનુયોગમાં કઈ નયનું કથન છે એ કથન નયને સમજીને વાંચવું જોઈએ. આ નિશ્ચયના અર્થ શું હશે એ ક્યાં કોઈએ નવા બનાવ્યા છે? આગમમાં આ ચાલ્યા આવે છે, અનાદિથી ચાલ્યા આવે છે. આહાહા!

પણ માણસને સાચી વાત આવેને (એટલે) એમ થઈ જાય કે હાય.. હાય! ત્યારે આ બધું ન કરવું? શું કર્યું? હવે સાંભળને! રાગ કર્યો તેં અને રાગમાં પણ પાછું એકતાબુદ્ધિ અને લાભબુદ્ધિ (કરી) મિથ્યાત્વને સેવ્યું છે. આહાહા!

અરે! એને પોતાની દયા નથી હોં. અરે! હું ક્યાં જઈશ? શું થશે મારું? આ ચોર્યાસીના અવતાર. એક દિ', બે દિ' વનમાં એકલો રહે અને કાંઈ નજર ન પડે. બાવળના કાટાં ને બાવળના ઝાડ લાખો-કરોડો. ઊભો હોય ને એમાંથી કંઈ કેડી દેખાય નહીં (તો) કેવું લાગે એને? ક્યાં જાવું, ક્યાંય નજર પડે નહીં, કેડી ન મળે. લાખો-કરોડો બાવળ એમાં કોઈ જઈ ચડ્યો (હોય તો) કેટલો મૂંઝાય. એમાં તો કાંઈ ધૂળેય નથી, કહે છે, સાંભળને! આ ચોર્યાસીના અવતારની કાંટાની ઝાળ એમાં સલવાઈ ગયો છે, ન્યાંથી કેમ નીકળવું?

શ્રોતા : સંસ્કૃત ટીકામેં......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો સહજ ટીકાકાર છે. વહ તો ઉસકા હૈ. હિન્દી હૈ. હિન્દી બનાયા હૈ ન નિયમસાર ભાઈ શીતલપ્રસાદને. પહેલા ઓલું બનાવ્યું. પહેલા નિયમસાર બહારમાં નહોતું, વહ ભંડારમેં થા. જયપુરમેં ભંડારમેં થા. એક બાર શીતલપ્રસાદકા ચોમાસા થા વહાં, તો ભંડારમેં દેખા, તબ ઉન્હોંને બનાયા હિન્દી. પહલે હિન્દી નહીં થા. હિન્દી ઉન્હોંને પહલે યે બનાયા. યહાં તો સબ કુછ સબ દેખા હૈ ન. પહલે યે પઢા થા. પહલે પાઠમેંસે હિન્દીમેં બનાયા. અહીંયા ગુજરાતી.... પહેલું આ બન્યું. બહાર પુસ્તક હતું નહીં. શ્રીમદ્‌ને આ મળ્યું નથી. શ્રીમદ્ રાજચંદ્રને નિયમસાર ને પંચાધ્યાયી બે પુસ્તક મળ્યા નથી–મિલા નહીં. પંચાધ્યાયી હમણાં ગોપાલદાસ બરૈયાથી બહાર આવ્યું. અને આ નિયમસાર શીતલપ્રસાદે (બનાવ્યું). ચોમાસું હતુંને, ભંડારમાં જોયું. ઓહો! એમણે હિન્દી બનાવ્યું. આ પુસ્તક હજારો છપાણા છે હજારો. .... આ પાનું ફાટી ગયું લાગે છે.

અહીં તો કહે છે, વ્યવહાર જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર છે એ બધો વિકલ્પ છે અને એ ખરેખર તો અણાચાર છે. આહાહા! વ્યવહાર આચાર તે નિશ્ચયથી અણાચાર છે. આહાહા! અરે ભગવાન! બાપુ! તારું સ્વરૂપ છે, જ્ઞાન ને આનંદનો ભંડાર તું છો. એમાં રાગ–વિકલ્પ છે એનો ભંડાર છે એ? એ તો વિકલ્પ નવો ઉત્પન્ન કરે છે, એમાં નથી એવી (વિપરીતતા) ઉત્પન્ન કરે છે. આ વસ્તુમાં છે નહીં. વસ્તુ તો ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ ભગવાન આત્મા છે. એને શરણે જઈને જે સ્થિરતા થાય એ આચાર. એ સિવાય પરના લક્ષે જેટલા વિકલ્પ ઉઠે એ અણાચાર. આવું સ્વરૂપ છે એને ખ્યાલમાં લેવું પડશે. આહાહા! ચોર્યાસીના અવતાર... આહાહા! નહીં, નહીં. અનાદિ-અનંત ભગવાને દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું છે અને તે બેસી જાય એવું છે. એમ કાંઈ... પણ માણસને તકરાર–વાદવિવાદ જ કરવા હોય તો બાપુ! આ એ માર્ગ નથી કાંઈ આ.

**નિયમથી પરમોપેક્ષા સંયમવાળાને શુદ્ધાત્માની આરાધના સિવાયનું...** આહાહા! શુદ્ધ ભગવાન પરમ પવિત્ર દ્રવ્યસ્વભાવ એની સેવના સિવાયનું **બધુંય અનાચાર છે**. આહાહા! વ્યવહારની ક્રિયાકાંડના જેટલા પરિણામ બધા અણાચાર છે. આહાહા! આ તે વાત! વીતરાગમાર્ગમાં વીતરાગભાવ એ જ હોયને. આ તો રાગભાવ છે. અને રાગભાવથી ધર્મ થાય, વિકલ્પની ક્રિયાથી નિશ્ચય થાય—એમ બને નહીં ભાઈ! લસણ ખાધું હોય અને ઓડકાર આવે કસ્તૂરીના. લસણ ખાય અને ડકાર આવે કસ્તૂરીના, બને કભી? લહસુન હોતા હૈ ન? ખાય પછી ઓ.. કસ્તૂરીકા ડકાર આયા. આવે કોઈ દિ'? લસણમાંથી ક્યાંથી આવે?

શ્રોતા : એ ગરીબ લોકોની કસ્તૂરી કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ગરીબને.... છે એ તો સાંભળ્યું છે. ગરીબની કસ્તૂરી ડુંગળી કહેવાય. લસણ નહીં, ડુંગળી. લસણમાં એટલી બધી ઓલી નથી, ડુંગળી બહુ તીખી. આમ કાપતાં આંખમાંથી પાણી આવે. એકવાર કાપવાનો મોકો.... એકવાર હોં ગારીયાધાર. એકવાર ન્યાં. ડુંગળી ખાતા હતા ત્યાં.... એટલે કોઈ વખત.... આમ કાપતાં આંખમાં પાણી આવે. બહુ ગરમ ને બહુ ગરમ. ડુંગળીના દડા. ખાધી તો નથી, કાપી હતી એકવાર. આહાહા! ..... આંખમાંથી ગરમ.. ગરમ.. ગરમ. એ ગરીબોની કસ્તૂરી કહે છે લોકો. પૈસાવાળાને આ કસ્તૂરી છે. કાંઈ બીજી વાત હતી, નહિ? દવામાં કસ્તૂરી. ફલાણાની દવા આ હોય ગૃહસ્થોને. ગરીબોને માટે એ ઠીક છે એમ કહીને બહુ સાદી.... આવી હતી ખરી કાંઈક, નામ ભૂલી ગયા.

**તેથી જ સઘળો અનાચાર છોડીને...** એટલે કે વ્યવહારના આચરણના વિકલ્પ છોડી દઈને **સહજચિદ્વિલાસલક્ષણ નિરંજન નિજ પરમાત્મતત્ત્વની ભાવનાસ્વરૂપ...** આહાહા! છોડીને શું કરવું પણ? એમ કહે છે. કે સહજચિદ્વિલાસલક્ષણ નિરંજન નિજ પરમાત્મા–પોતાનો નિજ પરમાત્મા, ત્રિકાળી સ્વભાવ અવિનાશી ભગવાન આત્મા એનું પરમાત્મ ચિદ્વિલાસ... **સહજ ચિદ્વિલાસલક્ષણ...** સ્વભાવિક જ્ઞાનવિલાસનું લક્ષણ–સ્વરૂપ જેનું–ભગવાન આત્માનું છે. સ્વભાવિક જ્ઞાનવિલાસના લક્ષણવાળું **નિરંજન નિજપરમાત્મતત્ત્વ...** અંજન વિનાનું–મેલ વિનાનું પરમાત્મ પોતાનો, શુદ્ધ આનંદઘન ભગવાન એવું જે પરમાત્મતત્ત્વ. 'નિજ પરમાત્મતત્ત્વ' શબ્દ વાપર્યો છે. અરિહંત ને સિદ્ધ નહીં. આહાહા! **નિરંજન**—જેને અંજન નથી–મેલ નથી એવો નિજ પરમાત્મ પોતાનો સ્વભાવ કાયમ અનાદિ એની **ભાવનાસ્વરૂપ** (એટલે) એની એકાગ્રતાસ્વરૂપ, લ્યો. ભાવના એટલે ભાવના કરવી કે આમ કરો તો આમ થાય એમ નહીં, એની એકાગ્રતાસ્વરૂપ.

**આચારમાં...** એવો એકાગ્રસ્વરૂપ આચારમાં, એમ. **જે (પરમ તપોધન) સહજવૈરાગ્યભાવનારૂપે પરિણમ્યો થકો સ્થિરભાવ કરે છે...** લ્યો. આહાહા! ઓલું પણ સહજ

વૈરાગ્યભાવનારૂપે, પાછું એમ. સહજ રાગના અભાવ-સ્વભાવરૂપ વૈરાગ્યભાવનારૂપે **પરિણમ્યો થકો સ્થિરભાવ કરે છે** એ નિરપરાધી છે. મોક્ષનો પંથ એ છે. આહાહા! કહો, સમજાણું?

નીચે. **સહજ ચૈતન્યવિલાસાત્મક નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને ભાવવું–અનુભવવું તે જ આચારનું સ્વરૂપ છે**. લ્યો, આ આચાર. એ આ આચાર. નહીં તો આચાર તો આથણાને પણ કહે છે. આથણા સમજતે હો? આથણા–અથાણા ઉસકો આચાર કહે છે. આ તો નિજસ્વરૂપમાં પોતાના પરમાત્મતત્ત્વને ભાવવું–અનુભવવું... એવા આચારમાં જે પરમ તપોધન સ્થિરતા કરે છે તે પોતે જ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણની પર્યાય કાંઈ એના દ્રવ્યથી જુદી નથી. આહાહા! વીતરાગપર્યાયપણે અભેદ પરિણમ્યો છે એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૨, શનિવાર, તા. ૨૪-૭-૧૯૭૧
## શ્લોક – ૧૧૩-૧૧૪, ગાથા – ૮૫, ૮૬, પ્રવચન નં. ૭૫

નિયમસાર, પરમાર્થપ્રતિક્રમણ, ૮૫ ગાથા. પ્રતિક્રમણની વ્યાખ્યા છે. છેલ્લી એક લીટી રહી ગઈ છે. **કારણ કે તે પરમ સમરસીભાવનારૂપે પરિણમ્યો થકો...** મુનિની મુખ્યતાએ વાત છે ને? આત્મા વીતરાગસ્વભાવે સહિત છે, ત્રિકાળ એનું સ્વરૂપ જ વીતરાગ છે. તેના વીતરાગસ્વભાવે પરિણમન થવું.... વ્યવહાર જે આચારના પરિણામ જે વિકલ્પ છે એ નિશ્ચયથી અણાચાર છે. એનાથી રહિત શુદ્ધ જ્ઞાન, ચૈતન્ય, આનંદ એ રૂપે પરિણમન–અવસ્થા થવી એ પરમ સમરસીભાવનારૂપે પરિણમ્યો છે. વીતરાગની અવસ્થારૂપે–દશારૂપે થયો થકો સહજ નિશ્ચય પ્રતિક્રમણ છે, એને સ્વભાવિક સાચું પ્રતિક્રમણ છે. લ્યો, આ પ્રતિક્રમણની વ્યાખ્યા.

શ્રોતા : પરમ સમરસીભાવ એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી : વીતરાગતા, કીધુંને? પરમ સમરસીભાવ. વ્યવહાર આચારના વિકલ્પો છે એ વિષમભાવ છે. વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર સામાયિકનો વિકલ્પ વિગેરે એ તો અણાચાર છે, વિષમભાવ છે. આહાહા!

શ્રોતા : વ્યવહારસે સમન્વય..

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહાર છે એ વિષમભાવ છે.

શ્રોતા : વ્યવહાર પોતે જ વિષમભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહાર પોતે વિષમ, રાગભાવ, ઊલટા ભાવ હૈ. એનાથી રહિત ચૈતન્ય વીતરાગસ્વરૂપ એ સમરસીભાવે એટલે વીતરાગભાવે છે, એમ. સમતા–અકષાયભાવરૂપે પરિણમવું–થવું એને અહીંયા નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે. હવે એનો કળશ.

**હવે આ ૮૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :** પદ્મમલધારિદેવ બે શ્લોક કહે છે. ૧૧૩ કળશ.

**अथ निजपरमानन्दैकपीयूषसान्द्रं**
**स्फुरितसहजबोधात्मानमात्मानमात्मा**
**निजशममयवार्भिर्निर्भरानंदभक्त्या**
**स्नपयतु बहुभिः किं लौकिकालापजालैः ।।११३।।**

**શ્લોકાર્થ : આત્મા નિજ પરમાનંદરૂપી અદ્વિતીય અમૃતથી ગાઢ ભરેલા...** આહા! ભગવાન આત્મા પોતાનો પરમાનંદરૂપી અદ્વિતીય અમૃત.. અમૃતના આનંદથી ગાઢ ભરેલો

પદાર્થ આત્મા છે. આહાહા! વસ્તુ આત્મા પદાર્થ એ અતીન્દ્રિય અમૃત આનંદથી ભરેલું પૂર્ણ તત્ત્વ છે. આહાહા! એવા અતીન્દ્રિય આનંદથી ભરેલા **સ્ફુરિત-સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને** પ્રગટ છે એ તો, એમ કહે છે. વસ્તુ તો પ્રગટ જ છે ને. જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ પ્રગટ છે. **સહજ-જ્ઞાનસ્વરૂપ આત્માને...** આનંદ ને જ્ઞાન બેય લીધા. **નિર્ભર (-ભરચક) આનંદ-ભક્તિપૂર્વક...** આહાહા! **નિર્ભર**–ભરચક. અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાન આત્મા અને સ્ફુટ–પ્રગટ જ્ઞાનસ્વરૂપ આત્મા એને **ભરચક આનંદ-ભક્તિપૂર્વક...** ઓહોહો! આનંદની ભક્તિપૂર્વક, એમ કહે છે. સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે એવી પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભક્તિ કરી એણે. આહાહા! અતીન્દ્રિય આનંદનું ભજન. એ અતીન્દ્રિય આનંદ એ પર્યાય છે.

એ **આનંદ-ભક્તિપૂર્વક...** આહા! વિકલ્પ જે રાગ છે, એ તો આકુળતા દુઃખરૂપ છે, એ તો દુઃખની ભક્તિ છે. **આનંદ-ભક્તિપૂર્વક નિજ શમમય જળ વડે સ્નાન કરાવો.** આહાહા! કહે છે કે અતીન્દ્રિય અમૃતમય આત્મા અને જ્ઞાનસ્વભાવરૂપ પ્રગટ વસ્તુ એને આનંદની ભક્તિથી (એટલે કે) અતીન્દ્રિય આનંદની દશાથી **નિજ શમમય જળ વડે...** પોતાની સમતારૂપ... સમતા–રાગ વિનાની પરિણતિ શુદ્ધ એવા **જળ વડે સ્નાન કરાવો.** આહાહા! ભાષા હજી અગમ્ય જેવી લાગે. કોઈ દિ' સાંભળી ન હોય. બાપુ! તારો માર્ગ તો અંદર અતીન્દ્રિય આનંદથી ભરચક ભરેલો છે, આહાહા! એને આત્મા કહીએ. વિકલ્પો જે ઉઠે પુણ્ય-પાપ, દયા, દાન વ્રતના એ તો આકુળતા છે, એ કોઈ આત્મા નથી, એ તો અણાત્મા છે. આહાહા! આવો આત્મા છે એ હજી એણે અંદર કોઈ દિ' દ્રષ્ટિમાં લીધો નથી.

અતીન્દ્રિય આનંદની મૂર્તિ શમજળ વડે, કહે છે, સ્નાન કરાવો. વીતરાગભાવ વડે એને સ્નાન કરાવો કે જેથી એનો મેલ ટળી જાય. આહાહા! ભારે ભઈ નિશ્ચયવાળા! એનું કારણ કોઈ વ્યવહાર-બ્યવહાર સાધન હશે કે નહીં? પાધરું આવું નિશ્ચય? આહાહા! વ્યવહાર સાધન-બાધન છે જ નહીં. વ્યવહાર તો વિકલ્પ છે, શુભરાગ છે, એ તો દુઃખરૂપભાવ છે. આહાહા! પરમેશ્વરનો માર્ગ સૂક્ષ્મ છે. પરમેશ્વર એટલે તું. આત્મા વસ્તુ છે તેનો કોઈ કાયમી અનાદિ સ્વભાવ છે કે નહીં? તેનો અનાદિ સ્વભાવ અતીન્દ્રિય આનંદ ને પ્રગટ જ્ઞાનસ્વભાવ એ એનું અવિનાશી સ્વરૂપ છે. આહાહા!

એમાં આનંદ-ભક્તિથી... એમ કહ્યુંને? દુઃખરૂપ ભક્તિ નહીં. આહાહા! ભગવાનની ભક્તિ, પરમેશ્વરની ભક્તિ, પંચ પરમેશ્વરની ભક્તિનો રાગ એ આનંદ-ભક્તિ નથી, એ રાગની ભક્તિ છે, એ રાગનું ભજન છે. આહાહા! ભારે વાત ભાઈ! પ્રભુ ચૈતન્ય ભગવાન... મૃગની નાભિમાં કસ્તૂરી છે એની એને કિંમત નથી, એમ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથે પ્રગટ કર્યો તે આત્મા, એ જ આત્મા તું એવડો છો. આહાહા! નિજનિધાનમાં તો, કહે છે કે અતીન્દ્રિય આનંદ ને એકલું જ્ઞાન જ ભર્યું છે. એમ કહે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય

અમૃત સાગરનું પૂર છે. આહાહા! અને સમરસભાવથી-વીતરાગ પરિણતિથી-સ્વસન્મુખની દશાથી એને સ્નાન કરાવો, કહે છે. પરસન્મુખના વિકલ્પો એ સ્વસન્મુખની સ્થિરતા દ્વારા નાશ થાય છે. આહાહા! ભારે વાત ભાઈ! વીતરાગમાર્ગને દુનિયા પાસે બીજી રીતે મૂકાણો છે. જે એનું સ્વરૂપ છે એ રીતે મૂકાણું નથી એટલે લોકોને, આ તો નિશ્ચય.. આ તો નિશ્ચય એમ થઈ જાય છે. નિશ્ચય એટલે સાચું, નિશ્ચય એટલે સત્ય, નિશ્ચય એટલે પરમસ્વભાવભાવ છે તે. આહાહા!

વીતરાગમાર્ગ છેને આ? વીતરાગમાર્ગ તો અંદર આત્મા અમૃતથી ભરેલો પ્રભુ એને અમૃત અતીન્દ્રિય આનંદનું ભજન કરતાં જે અતીન્દ્રિય આનંદની પર્યાય પ્રગટ થાય, એમાં સમરસ વીતરાગતા સાથે છે એ વડે રાગાદિનો ભાવ નાશ થાય છે. એ સ્વરૂપમાં પ્રવેશ કરે છે ત્યારે સ્નાન કર્યું કહેવાય, રાગનું સ્નાન કર્યું (અર્થાત્) રાગને ટાળ્યો આહાહા! **સ્નાન કરાવો.** જુઓ! મુનિ કહે છે જરી. **બહુ લૌકિક આલાપજાળોથી શું...** લૌકિક શબ્દે વ્યવહાર. વ્યવહારને લૌકિક કહેવામાં આવે છે. ભગવાન તીર્થંકરે કહ્યો એવો વ્યવહાર હોં. એ વ્યવહારનયને અહીંયા લૌકિક કહેવામાં આવે છે. એ **લૌકિક આલાપજળથી શું પ્રયોજન છે?** આહાહા! પ્રભુ! તારું પ્રયોજન એમાં શું છે? વિકલ્પોની જાળ ઉઠે રાગ-શુભરાગ હોં, એવા શુભરાગથી તને શું પ્રયોજન છે? આવો માર્ગ ભગવાનનો શરૂઆતથી જ છે. આહાહા!

શ્રોતા : જો વ્યવહાર..... વિકલ્પકો........

પૂજ્ય ગુરુદેવશ્રી : એ બધાને લૌકિક વ્યવહાર કહેવાય છે. લૌકિક કહીએ છીએ.

શ્રોતા : વ્યવહાર તો સામાન્ય-વિશેષમેં હોતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ વળી પર્યાય. એ બીજી વાત. પર્યાય વિશેષ વ્યવહાર ને દ્રવ્ય સામાન્ય નિશ્ચય. એ સિવાયનો વિકલ્પ વ્યવહાર એ અસદ્ભૂત વ્યવહાર. પર્યાય એ સદ્ભૂત વ્યવહાર. આહાહા! એક સમયકી-એક સમયની નિર્મળ અવસ્થા એ સદ્ભૂત વ્યવહાર અને વિકલ્પ છે એ અસદ્ભૂત વ્યવહાર.

શ્રોતા : વહ દોનોં અપનેમેં હૈં, પરમેં કહાં વ્યવહાર આયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : પરમેં હૈ ક્યા? અલગ વાત છે. આહાહા! અરે! વીતરાગસ્વરૂપ પરમાત્મા પોતે જ છે. એવો ભગવાન વીતરાગમૂર્તિ એની સન્મુખ થઈને (અને) રાગાદિથી વિમુખ થઈને સ્વરૂપમાં સ્થિર કરવો, એનું ધર્મ ને એનું નામ પ્રતિક્રમણ છે. આહાહા! એ પાછો ફર્યો છે. એ લૌકિકજાળ વ્યવહારથી પાછો ફર્યો એમ કહે છે. હમણાં થોડું સાંભળવું ગુજરાતી. પછી આવશે. હિન્દી લોકો આવશે ને પછી હિન્દી ચાલશે હોં. હિન્દી આવ્યા છે. હમણાં તો ગુજરાતી ચાલશે. રવિ ને સોમ બે દિ' છે. મંગળવારે તો છે ને. શું કહેવાય તમારું? ક્લાસ.

અહીં તો કહે છે, આહાહા! આ વાત એણે સ્પષ્ટ કરી નાખી છે એટલે બીજા સાધારણને એવું લાગે આની ટીકા ભારે છે. અહીં તો લૌકિક આલાપજાળ... એ બધો વિકલ્પ ઊઠે એ

આલાપજાળ છે. આહાહા! એનાથી પ્રયોજન શું છે? પ્રયોજન તો, ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ એની સન્મુખમાં લીનતા થાય એ પ્રયોજન છે. આહાહા! જ્યાં શરણ મળે ને શાંતિ મળે. સ્વરૂપ શુદ્ધમાં જાય તો શરણ મળે ને શાંતિ મળે. રાગમાં જાય તો અશાંતિ મળે, શરણ મળે નહીં કાંઈ. આહાહા! સમજાણું કાંઈ?

આઠ-આઠ દિ' જુઓને! શરીરમાં રહ્યા આઠ-આઠ દિ', મહિનો-મહિનો, બાવીસ દિ' અસાધ્ય. આહાહા! જીવતી જાગતી જ્યોત ચૈતન્ય. મરતાં... બાવીસ દિ', નહીં? બેચરભાઈ બાવીસ દિ'. કાનજી પાનાચંદની માને આઠ દિ'. કાનજી પાનાચંદ છેને દેવળિયાવાળા, કલકત્તા. એય મલૂકભાઈ! વાડીભાઈને પ્રેમ થઈ ગયો છે હોં હવે કે માર્ગ આ સાચો છે. આ શેઠિયા કરોડપતિ શેઠિયા ત્યાં. જરી બહારથી ... લાગે. સત્ય છે તે સત્ય ત્રિકાળ છે. અસત્ય તે અસત્ય જ છે. આહાહા! દેહની ક્રિયા તો પર છે, કેમકે આ તો જડની અવસ્થા છે. આ તો માટીની અવસ્થા છે, જડ છે. પણ અંદર દયા, દાન, વ્રત, પૂજાનો વિકલ્પ પણ આસ્રવ ને રાગ છે, એને અહીં લૌકિક કહેવામાં આવે છે. આહાહા!

આવે છે ક્યાંય બીજું 'લૌકિક'? દ્રવ્યસંગ્રહમાં. આ ગાથાનું નામ નથી? વ્યવહાર કીધો લૌકિક... 'જલોદિત'. ન્યાં આવ્યું છે. હા, એમાં કીધું છે. દ્રવ્યસંગ્રહ. વ્યવહાર હૈ વહ જલોદિત હૈ. લૌકિકની વાત છે. દ્રવ્યસંગ્રહ. છોટા દ્રવ્યસંગ્રહ..... પણ વ્યવહાર એટલે જ લૌકિક છે. નિશ્ચય એટલે જ લોકોત્તર છે. આહાહા! અરે પ્રભુ! તારે લૌકિક જલ્પ ને વિકલ્પથી શું પ્રયોજન છે? આહાહા! **શું પ્રયોજન છે (અર્થાત્ બીજા અનેક લૌકિક કથનસમૂહોથી શું કાર્ય સરે એમ છે)?** કાંઈ કાર્ય થાય એવું નથી. ૧૧૪.

**मुक्त्वानाचारमुच्चैर्जननमृतकरं सर्वदोषप्रसंगं**
**स्थित्वात्मन्यात्मनात्मा निरुपमसहजानंददृग्ज्ञप्तिशक्तौ ।**
**बाह्याचारप्रमुक्तः शमजलनिधिवार्बिन्दुसंदोहपूतः**
**सोऽयं पुण्यः पुराणः क्षपितमलकलिर्भाति लोकोद्घसाक्षी ।।१९४।।**

ઉદ્ઘ.. ઉદ્ઘ કીધું છે ને? ઉદ્ઘ.. ઉ-દ્-ઘ. ઉદ્ઘ (એટલે) ઉત્કૃષ્ટ. **શ્લોકાર્થ : જે આત્મા જન્મ-મરણને કરનારા...** આહાહા! **સર્વ દોષોના પ્રસંગવાળા અનાચારને...** દેખો! પુણ્યપરિણામ એ અનાચાર છે. આહાહા! જગત રાડ નાખી જાય છે. **સર્વ દોષોના પ્રસંગવાળા**... રાગનો.. રાગભાગ તો સર્વ દોષનો પ્રસંગ છે, એમાં કાંઈ નિર્દોષનો પ્રસંગ નથી. આહાહા! જુઓ! આ સંતો–દિગંબર મુનિઓ જગત પાસે સત્યને જાહેર કરે છે. આવું સત્ય પરમેશ્વરે કહ્યું છે એ સત્ય અમે કહીએ છીએ, એમ કહે છે. આહાહા!

**જે આત્મા જન્મ-મરણને કરનારા**... જન્મ-મરણને કરનારા... એક વાત. પુણ્યનો ભાવ એ જન્મ-મરણનો કરવાવાળો છે. વ્યવહાર આચાર એ જન્મ-મરણનો કરનારો છે. આહાહા! ગજબ

વાત છે! અને **સર્વ દોષોના પ્રસંગવાળા**... આહાહા! બે. સર્વ દોષો એમાંથી ઊભા થાય છે. રાગ જે છે એમાંથી બધા દોષો ઊભા થાય છે. **અનાચાર**... એવો જે અણાચારભાવ (એટલે) સ્વરૂપના આચરણ વિનાનો વિકલ્પભાવ. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એનો જે વિકલ્પ છે એ બધો અણાચાર છે. સાચી વાત છે ભાઈ!

એને દોષરહિત થવું છે ને? દોષરહિત થવું છે તો ક્યાંથી દોષરહિત થશે? દોષરહિત એવો એનો ત્રિકાળી સ્વભાવ છે એટલે કે રાગરહિત એનો સ્વભાવ છે. એમાં જે રાગનો પ્રસંગ તે દોષનો પ્રસંગ છે. આહા! રાગનો પ્રસંગ છે તે દોષનો સંબંધ છે, એ નિર્દોષ ભગવાનનો સંબંધ નહીં. આહાહા! **(પ્રસંગ) = સંગ, સહવાસ, સંબંધ, જોડાણ.** લ્યો, જોડાણ. એવા **અનાચારને**... મુનિની ભાષા જુઓ! પાછી **અત્યંત છોડીને...** વ્યવહારનો જેટલો વિકલ્પ છે એનું લક્ષ છોડી દે, તારે ધર્મ કરવો હોય તો.

ભગવાન આત્મા કેવો છે? જુઓ! **નિરુપમ સહજ આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળા આત્મામાં...** આહાહા! વ્યવહારથી વાત લીધીને? પર તરફના સંબંધવાળો રાગ, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રના સંબંધવાળો રાગ (હો), છે તો એ આકુળતા. એ અણાચાર છે. સ્વરૂપનું આચાર–આચરણ નહીં, એ રાગનું આચરણ છે. આહાહા! **છોડીને નિરુપમ સહજ આનંદ-દર્શન-વીર્યવાળા આત્મા**... ભગવાન આત્મા, જેને ઉપમા નથી. ઉપમા કોની દેવી એને? એના જેવો એ. સહજ, જેમાં સહજ અતીન્દ્રિય આનંદ છે, સહજ દર્શન છે, સહજ જ્ઞાન છે, સહજ વીર્ય–બળ છે. એવા આત્મામાં... સ્વભાવિક આનંદ-દર્શન-જ્ઞાન છે એવો આત્મા. શાસ્ત્રથી કર્યું જ્ઞાન એ આત્મા નહીં, એમ કહે છે. ગજબ વાત છે! પરલક્ષી જ્ઞાન એ આત્મા નહીં.

અંતરના જ્ઞાન ને આનંદથી ભરેલા આત્મામાં... આહાહા! **આત્માથી સ્થિત થઈને...** એવો સ્વભાવિક ઉપમા વિનાનો અતીન્દ્રિય આનંદ-દર્શન-જ્ઞાન-વીર્યવાળો ભગવાન એ આત્માથી એટલે નિર્વિકલ્પદશાથી સ્થિત થઈને, એમ. આહાહા! ભારે કળશો પણ ભર્યા છે ને! કળશામાં તો અમૃત જ ભર્યું હોયને! તૃષા લાગી હોય ને મોસંબીનું પાણી હોય કળશામાં. લોટો. લોટા કહતે હૈં ન? તૃષા લાગી હોય ઘણી, ઉનાળો હોય, ૧૧૮ ડિગ્રી તડકો હોય ને એમાં મોસંબીનું પાણી લોટો ભરીને આવ્યું હોય, ગટક ગટક કરે. એમ અહીં કહે છે, અનંત કાળની તને તૃષા લાગી છે. દુઃખની (ભરમાર) હતી, એને છોડવું હોય તો અંતર આત્મા આનંદ છે એમાં ગટક ગટક કર (એટલે) અંદર એકાગ્ર થા. પુરુષોત્તમજી! આવો માર્ગ હશે? તો પછી આ વ્યવહાર શું કર્યું અત્યાર સુધી આ બધુ? આ સિદ્ધચક્ર ને ફલાણું, લ્યો. કર્યું કે નહીં હમણાં? હોય છે, પણ એ શુભભાવ છે. એ ક્રિયા છે એ જડની છે. અંદર રાગની મંદતાનો ભાવ શુભ છે, એ પુણ્યબંધનું કારણ છે.

એને ન ભજતાં... જેમાં સ્વભાવિક નિરુપમ આનંદ-દર્શન-જ્ઞાન ને વીર્ય ભર્યાં છે એવો પ્રભુ—એવા આત્મામાં આત્માથી... રાગ વડે ને વ્યવહાર વડે સ્થિર થાય, એમ નથી કહ્યું આમાં. આહાહા! એક તો માખણ બેસવું કઠણ પહેલું એને. શું કહે છે આ? ભગવાન! તું પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છો, મહાદેવાધિદેવ છો. આહાહા! એવો તારો અંદર દિવ્ય સ્વભાવ આનંદ, વીર્ય, જ્ઞાનથી, દર્શનથી ભરેલો છે એવા દર્શન, જ્ઞાન ને આનંદ વીર્યની પરિણતિ દ્વારા સિદ્ધ થઈને...

**બાહ્ય આચારથી મુક્ત થયો થકો...,** લ્યો. બાહ્યાચાર એટલે વિકલ્પ વ્યવહાર. આવી વાત સ્પષ્ટ ચોખ્ખી પડી છે. વાંચે નહીં, વિચારે નહીં, બાપા! આવો અસર કે દિ' મળશે? આહાહા! આ તો પોતાને માટે વાત છે. આ કંઈ... દુનિયા દુનિયાને જાણે. હિત કરવું હોય તો આ છે. વચ્ચે રાગ આવે ખરો, આવે, પણ એ પોતે આચરણીય નિશ્ચયથી નથી. આહાહા! ભગવાન પૂર્ણાનંદ એમાં ક્યાં ખોટ ને અપૂર્ણતા છે (કે) કંઈ પરનું શરણ લે? આહાહા! એવા આત્મામાં **બાહ્ય આચારથી મુક્ત થયો થકો**... વ્યવહારથી છૂટો થઈને, એમ કહે છે. આહાહા! **मोत्तूण** છે ને? **उम्मग्गं परिचत्ता**... એ ૮૬માં આવશે. આ તો ૮૫... **मोत्तूण** છેને **मोत्तूण. मोत्तूण अणायारं**... ૮૫. આહા! ભારે કામ માણસને... આ તો કહે છે કે એલ.એલ.બી.ની વાત છે. એમ.એ.ની વાત છે એમ કોઈક કહે. અહીં તો પ્રથમ સમ્યગ્દર્શનમાં આવી સ્થિતિ હોય છે એમ કહે છે. સમ્યગ્દર્શન, એ વ્યવહારના રાગનું લક્ષ છોડી અને પરમાનંદથી ભરેલો પરમાત્મા એના અનુભવમાં આવીને પ્રતીત કરે એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આચારથી–**બાહ્ય આચારથી મુક્ત થયો થકો, શમરૂપી સમુદ્રના જલબિંદુઓના સમૂહથી પવિત્ર થાય છે...** આહાહા! સમતા... વિકલ્પ જે આચાર હતો એ અણાચાર તે વિષમતા હતી. આહાહા! એનાથી ખસી ભગવાન આત્મામાં.... પહેલી સમજણ ને શ્રદ્ધામાં તો વાત લે કે માર્ગ આ છે. એ સિવાય બીજો રસ્તો છે નહીં. ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. સર્વજ્ઞના સમવસરણમાં જાય તો પણ આ મળે એવું છે, બીજું કાંઈ છે નહીં. એવો પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન-આનંદ-વીર્ય-દર્શન-સુખથી ભરેલો એવા આત્માને, એને આત્મા કહીએ. આહા! પાછું એમાં રાગ નહીં, પણ એક સમયની પર્યાયેય નહીં.

એવા **આત્મામાં આત્માથી સ્થિત થઈને**... આહા! એ પર્યાય છે પાછી. આવો જે આત્મા એમાં નિર્વિકલ્પ વીતરાગી પર્યાયથી સ્થિર થઈને.... રાગથી તો અસ્થિર થાય છે. અરે! એ ભાવ.. ત્યાં શું છે એ ભાવ? એની શું કિંમત છે? રાગની શું કિંમત છે? કાંઈ કિંમત નથી. અનુપાદેય ફળ નીપજ્યું, આવે છે ને? રાગના પરિણામમાં અનુપાદેય ફળ (એટલે) આદરણીય નથી એવું ફળ આવ્યું ચાર ગતિનું, એમ કહે છે. આહાહા! થોડું પણ સત્ય હોવું જોઈએ. લાંબું, મોટું ને મોટા ગોટા વાળે, એમાં કાંઈ કસ હાથ ન આવે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ-લબાલબ ભરેલો છે. એની સન્મુખમાં જઈને વીતરાગ પરિણતિ દ્વારા... આહાહા! **શમરૂપી સમુદ્રના જલબિંદુ**થી... સમતારૂપી સમુદ્ર ભગવાન એના જળબિંદુઓ... આત્મા તો શમરૂપી મોટો સમુદ્ર ભરેલો છે આખો. એના જળબિંદુથીઓ... આહાહા! એના જળબિંદુઓ થોડા-વીતરાગ પરિણતિએ પવિત્ર થાય છે. એનાથી પવિત્ર થાય છે. વ્યવહારના વિકલ્પથી પવિત્ર થતો નથી. એ તો પોતે અપવિત્ર છે. આહાહા! કહો, મનુભાઈ! સાંભળ્યું આ? ન્યાં ક્યાંય હતું નહીં. રખડારખડ કરે જ્યાં-ત્યાં જાય. આહીં હશે, આહીં હશે, આહીં હશે. ક્યાંક વેદાંતમાં હશે, ફલાણામાં હશે. આહાહા! પોતે જ તું ભરેલો ભગવાન છો, દેવાધિદેવ તું પોતે છો. આહા! એવો ભગવાન પૂર્ણાનંદથી ભરેલો એના આનંદની પરિણતિ દ્વારા પવિત્ર થાય છે. એ રાગની પરિણતિ દ્વારા મલિન થાય છે.

**તે આ પવિત્ર પુરાણ (-સનાતન) આત્મા...** લ્યો, હવે શું કહે છે? પવિત્રથી ભરેલો પ્રભુ પુરાણ આત્મા-સનાતન આત્મા... એ અનાદિનો છે, એ કંઈ નવો નથી. **આ પવિત્ર-સનાતન આત્મા મળરૂપી કલેશનો ક્ષય કરીને...** આહાહા! એવા રાગના પરિણામ મેલ... જુઓ! અહીં મળ કીધો એને. રાગરૂપી મળરૂપી ક્લેશ. એ પુણ્યપરિણામ પણ રાગરૂપી મળરૂપી કલેશ છે. આહાહા! એનો **ક્ષય કરીને લોકનો ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે.** ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે એમ કહે છે. સમ્યગ્દર્શનમાં સાક્ષી છે, પણ આ તો પૂર્ણ કેવળજ્ઞાન પામીને ઉત્કૃષ્ટ સાક્ષી થાય છે. લ્યો, આ નિશ્ચય-સાચું પ્રતિક્રમણ. સાંજ-સવાર ગડિયા હાંક્યે જાય પડિકમણાના. સંવત્સરીનો દિ' હોય, હજારો માણસ ભેગા થાય. આલોચના કરો, આ કરો. શેની પણ? તું કોણ છો પણ? ક્યાં ગયો હતો તે આલોચના કરવી છે તારે? એની તો ખબર ન મળે. એ પુણ્ય-પાપમાં ગયો હતો એની આલોચના કરવી છે. એને પાછો વાળીને આત્મામાં ઠરવું એનું નામ આલોચના છે. આહાહા! લ્યો, ૧૧૪ કળશ થયો. ૮૬મી ગાથા.

**उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ।।८६।।**
**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.**

જિનમાર્ગ કહો કે વીતરાગ પરિણતિ કહો. આહાહા! ... થઈ જાય છે માટે તે પ્રતિક્રમણ કહેવાય છે એમ કહે છે.

એની **ટીકા : અહીં ઉન્માર્ગનો પરિત્યાગ...** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે માર્ગ કહ્યો એનાથી જેટલા ઊંધા કરનારા બધા ઉન્માર્ગ છે. **ઉન્માર્ગનો પરિત્યાગ** કરી **અને સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર** કરવામાં-**વર્ણવવામાં આવેલ છે.** સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એણે જે માર્ગ કહ્યો સર્વજ્ઞપદથી જાણેલો... સર્વજ્ઞ જ્ઞાનમાં જાણવામાં બધું-ત્રણ કાળ, ત્રણ લોક આવ્યું. એમનો જે

માર્ગ એનો સ્વીકાર... ઉન્માર્ગનો ત્યાગ અને વીતરાગ માર્ગનો સ્વીકાર એ વર્ણવવામાં આવે છે આમાં. જે કોઈ **શુદ્ધનિશ્ચયસમ્યગ્દૃષ્ટિ જીવ...** બીજી લીટીનો છેલ્લો શબ્દ. સાચો–નિશ્ચય–સત્ય સમ્યગ્દૃષ્ટિ જીવ... એ શંકાને છોડી દઈને... કેમ હશે માર્ગ? આમ હશે કે નહીં? એ શંકા સમકિતીને હોતી નથી. આહાહા! નિશ્ચય વીતરાગમાર્ગ છે તે જ એક સત્ય છે, બાકી કોઈ માર્ગ (સત્ય નથી). વીતરાગ એટલે પોતાનો ભાવ. વીતરાગપરિણતિ જે ઉત્પન્ન થઈ વીતરાગસ્વભાવના આશ્રયે, એ જ વસ્તુ છે. એમાં એને શંકા સમ્યગ્દૃષ્ટિને હોતી નથી. કેટલાક આમ કહે છે કે ધ્યાન કરો, ફલાણું કરો. સમજ્યા વિના અજ્ઞાનીઓ વાતું કરે છે. આંખ્યું મીચીને ધ્યાન કરો, બસ નાચો, કૂદો, ફલાણું કરો. જુઓને! અત્યારે ચાલ્યું છે ને?

શ્રોતા : નાચે એ ધ્યાન ક્યાં આવ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી : નાચે, એમ કે બહુ લીનતા થઈ ગઈ માટે બધું ભૂલી ગયો. હજી જૈનની, એના તત્ત્વની ખબર નથી, એના ઘરમાં રહ્યાને. જ્યાં-ત્યાં કહે ત્યાં ચાલી નીકળે. રજનીશ આવે છેને તમારે ત્યાં મુંબઈ. અઢાર દિવસનું છે ત્યાં મોટું તોફાન. જૈનમાં જન્મ્યા સ્થાનકવાસી, દેરાવાસી કે દિગંબર, નામ ધરાવે, વસ્તુની ખબર નહીં. નાચે એવું... ‘નાચવાનું’ આવ્યું હતું પત્રમાં હોં. કે નાચવાનું... એ બાજીગર પણ કરે છે. આ તમે શું કરો છો ધર્મના નામે? એમ આવ્યું હતું.

શ્રોતા : ઇન્દ્રને તો તાંડવનૃત્ય કિયા..

પૂજ્ય ગુરુદેવશ્રી : તાંડવ... પણ એ તો પરમાત્મા પાસે ભક્તિ છે. એ તાંડવની ક્રિયા તો જડની છે, અંદર શુભભાવ....

આ રજનીશ છે ને. એ અમથા માનતા હોય ઘણા... જાદુગર છે, અમારા ભાઈ કહેતા હતા. કેવા છેને એક મોટો જાદુગર? તમારે ત્યાં કલકત્તામાં છેને દુકાન એની. કે. લાલ. આવ્યો હતો. કાંતિલાલ. હમણાં આવ્યો હતો, ત્યાં હતો. અમે રાજકોટ હતા ત્યાં હતો. ૧૬ દિ’ ત્યાં હતો. પછી આવ્યો હતો છેલ્લે દર્શન કરવા. ૨૦ મિનટ બેઠો હતો અમારી પાસે. હમણાં રાજકોટ હતાને ત્યારે. પહેલા પણ આવ્યો હતો અહીં. આવીને બોલ્યો, મહારાજ! અમારૂં બધું ધતિંગ છે હોં. ..... લાખો રૂપિયા પેદા કરે છે. હમણાં પરદેશમાં જશે, કેટલાય લાખો લાવશે. ન્યાંથી ભૂજમાં ગયો હતો. ત્રણ વરસ પરદેશમાં રહ્યો ખરોને. પરદેશના માણસો ગાંડા થઈ જાય અમને દેખીને. એવો જાદુગર. એ ત્રણ કલાકના પાંચ લાખ આપ્યા હતા સરકારે. બતાવે.. શું કહેવાય એ? ટેલિવિઝન. ત્રણ કલાક બતાવ્યું હતું. પાંચ લાખ. બહુ પૈસા પેદા કરે છે. એને હાથચાલાકી....

પણ પોતે કહેતો બિચારો, મહારાજ! અમારું ધતીંગ છે હોં. હમણા હતાને રાજકોટ. ક્યો મહિનો? વૈશાખ. વૈશાખ સુદમાં બીજ પછી નીકળ્યા. એ કહેતો હતો રજનીશનું (કે) બે વર્ષથી આ જાદુગરી શીખ્યો છે. જાદુગર છે, બીજું કાંઈ નથી. બહારમાં ત્યાગી છે એટલે (એની) શક્તિ

માને. અમે બાયડી છોકરાવાળા એટલે અમારું હાથચાલાકી માને. (એને) ચોપડી આપી હતી (કે) આ વાંચો, આ સમજો. કીધું, તમારા પુણ્ય બળી જાય છે. પૂર્વના પુણ્યે બધા લાખોની પેદાશ. મહિનામાં લાખોની પેદાશ હોં. કીધું, એ તો પૂર્વનું પુણ્ય છે માટે આવે છે. બળી જાય છે પુણ્ય, કીધું. અમારી પાસે શું કહે બીજું? આહાહા!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો જે આત્માનો માર્ગ એમાં સમ્યગ્દૃષ્ટિને ક્યાંય **શંકા** ન હોય કે આમાં કાંઈક હશે, ફલાણામાં હશે. શંકા ન હોય. શંકાને છોડી દે. આહાહા! **કાંક્ષા** ન હોય–ઇચ્છા ન હોય કાંઈ પણ. પુણ્યનીય ઇચ્છા નથી ધર્મીને તો. આહાહા! અન્ય ધર્મ પાખંડ ઘણા ચાલે છે એમાં ક્યાંય ઇચ્છા સમકિતીને હોતી નથી. એક સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એમણે કહેલો માર્ગ એવો સમકિતીને અંદર બેઠો હોય છે. સમજાણું કાંઈ? અને કાંક્ષા છોડી દઈને **વિચિકિત્સા...** અરે! આમ કરીએ છીએ છતાં કેમ ફળતું નથી? એ દુર્ગંછા છોડી દઈને. **અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવરૂપ...** એ મિથ્યાદૃષ્ટિનો પરિચય છોડી દઈને, એમ કહે છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમણે કહેલો એક આ દિગંબર ધર્મ એ એક જ વીતરાગે કહેલો માર્ગ છે. સમજાણું કાંઈ? એ સિવાય વીતરાગે કહેલો બીજો કોઈ માર્ગ છે જ નહીં. અન્યદૃષ્ટિનો–મિથ્યાદૃષ્ટિનો પરિચય છોડી દે. મિથ્યાદૃષ્ટિની સ્તુતિ છોડી દે. ઓહો! તમે બહુ ત્યાગ કર્યો હોં. ઘણા આટલા ઉપવાસ કર્યા. મિથ્યાદૃષ્ટિનો ત્યાગ (પ્રશંસવો) એ મિથ્યાત્વનું પોષણ છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવ એવા કુમાર્ગની સ્તુતિ પણ ન કરે. **મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો એ અન્યદૃષ્ટિપ્રશંસા છે**. કંઈક હશે પણ. નાગા બાવા ફરે છે જંગલમાં. અડધા-એક રૂપિયાભાર કંદમૂળ ખાઈને મહિનો ચલાવે છે આહાર ને પાણી વિના. શું છે બધું? અજ્ઞાન છે. ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનો રાશી–ઢગલો પ્રભુ, એના અંતરના ભાન વિના એ બધી ક્રિયાકાંડો મિથ્યા છે. **મનથી મિથ્યાદૃષ્ટિનો મહિમા કરવો...** ઓહો! કેટલું કામ કરે છે જુઓને! લાખો કરોડો માણસોને વાળે છે, આમ કરે છે. ધૂળેય નથી, સાંભળને હવે! **મિથ્યાદૃષ્ટિના મહિમાના વચનો બોલવા એ અન્યદૃષ્ટિસંસ્તવ છે**. વાણીથી વખાણ કરવા. શું એક જ માર્ગ તમારો સાચો? તમારો નહીં, આ આત્માનો. આ એક જ માર્ગ સાચો છે. એ સિવાય કોઈ માર્ગ જગતમાં સાચો ક્યાંય છે જ નહીં. ઇન્દ્ર ડગાવવા આવે તો સમકિતી ડગે નહીં. સમજાણું કાંઈ?

છેને અંદર જુઓને! એવા **અન્યદૃષ્ટિપ્રશંસા... મળકલંકપંક...** મળ-કલંક-પંક... એ મેલરૂપી કલંકનો કાદવ છે બધો. એનાથી **વિમુક્ત (–મળકલંકરૂપી કાદવથી રહિત)...** અત્યારે સમન્વય ચાલે છેને. સમન્વય કરે છે ઘણા. એય ઈશ્વરચંદજી! આ પણ સાચો, આ પણ સાચો, થોડા દોકડા સાચા ક્યાંક—એમ કરીને સમન્વય કરે છે. એ સમન્વય, વીતરાગમાર્ગ સાથે કોઈનો સમન્વય થાય નહીં. નેતરની છાલ અને સૂતરનો દોરો બેને વણવા માંડે તો દોરી થાય કે

નહીં? દોરી. નેતરની છાલ આવે છે ને? છાલ ઉતારે, એ કઠણ હોય, સીધી જ રહે. અને દોરો. દોરડું કરવા જાય તો દોરડું થાય જ નહીં. વળ ખાય જ નહીં. એમ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહેલો, કુંદકુંદાચાર્યે કહેલો, એ માર્ગનો જેને અંતર અનુભવમાં પ્રતીત થઈ છે એ, કહે છે કે આ બધા મળકલંકથી વિમુક્ત છે. ક્યાંય પણ સ્વપ્નેય પણ એને એમ આવતું નથી કે ક્યાંક હશે. બીજે હશે? સમજાણું કાંઈ?

એવા **શુદ્ધનિશ્ચય સમ્યગ્દૃષ્ટિ (જીવ) બુદ્ધાદિપ્રણીત મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસરૂપ...** આ કેમ લીધું? કે ઓલો વ્યવહાર લેવો છે પાછો આમાં. જૈનદર્શનનો વ્યવહાર ને નિશ્ચય—બેય લેવું છે એટલે આને વિપરીતમાં આ નાખ્યું. બુદ્ધાદિપ્રણીત બીજા... બૌદ્ધ.. બૌદ્ધધર્મ એનો કરેલો માર્ગ તદ્દન જૂઠો છે. બૌદ્ધ છેને બૌદ્ધ. મોટો પંથ છે અત્યારે ચીનમાં. વસ્તી જ એની અત્યારે ઝાઝી છે બધી પ્રજામાં. બૌદ્ધ, વેદાંત, વૈશેષ, સાંખ્ય (આદિ) એનો કહેલો **મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રાત્મક માર્ગાભાસ....** માર્ગ નહીં, પણ માર્ગનો આભાસ. ખોટા (માર્ગ). આહાહા! આ તો જૈનમાં જન્મ્યા હોય એને ખબર ન મળે. વાડાનો વ્યવહાર હોં, નિશ્ચય તો એકકોર રહ્યો. એ જ્યાં-ત્યાં ભાળે કંઈક ત્યાગ ને પીળા લૂગડાં ને રાતા લૂગડાં. જય નારાયણ, હાલો. કહે છે, વીતરાગ સર્વજ્ઞનું તત્ત્વ જે આત્મા એ વસ્તુ એક અને અનંત ગુણ અને અનંતી એની પર્યાય, એવું તત્ત્વ છે એ જૈન વીતરાગ સિવાય બીજે ક્યાંય હોતું નથી. એવું જેને અંતરમાં બેઠું છે એણે આ શંકા-કુશંકા છોડી છે અને આ બુદ્ધાદિપ્રણીત ધર્મને—ઉન્માર્ગને પરિત્યાગ્યો છે.

બધા ઉન્માર્ગ છે. વેદાંત આદિ બધા એક જ આત્મા માનનારા, વિજ્ઞાન આદિ જડ જ એકલું માનનારા, કાં જગતના કર્તા કોઈક છે એમ માનનારા. ઈશ્વર કર્તા હોયને? વસ્તુ હોય એનો કર્તા તો હોય કે નહીં? પણ છે એને કોણ કરે? છે અનાદિથી વસ્તુ. આત્મા છે, જડ છે, અનાદિ-અનંત છે. કરે કોણ? એવા બધા કર્તા માનનારા માર્ગાભાસ... એવો ઉન્માર્ગ એને છોડીને... ક્યા કરે? વસ્તુમેં યે ચીજ હૈ કહાં? વિદ્વાન મોટા ફરે ને લાખો માણસોને રંજન કરે ને... બધા માર્ગાભાસ છે. આહાહા! આ માર્ગ તો કોઈકને કાને પડે એવો માર્ગ છે. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ.' આવે છેને, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે. આહા!

પરમેશ્વર એવો આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે પ્રગટ કર્યો પર્યાયમાં—અવસ્થામાં, એવા દરેક આત્મા છે. એવો આત્મા અંતરમાં અનુભવમાં બેઠો જેને, કહે છે કે એને શંકા-કુશંકા મળનો ત્યાગ હોય છે અને ઉન્માર્ગનો પરિત્યાગ હોય છે. લ્યો, એમાંય વિમુક્ત કહ્યું છે. વિમુક્ત છે (એટલે) વિશેષ મુક્ત છે. એ પરિત્યાગ છે. એ બધું એક જ છે. વિમુક્ત અને પરિત્યાગ. 'વિશેષ' ઉત્સર્ગ કર્યોને? **ઉન્માર્ગને પરિત્યાગીને...** સપનામાં એને બેસે નહીં. કોઈ માનનારા ન નીકળે એથી કરીને સત્ય બીજું થઈ જાય, એમ છે નહીં. આને થોડા માનનારા છે (માટે ખોટું) અને આના બહુ માનનારા છે માટે સાચું—એમ નથી. સત્યને સંખ્યાની જરૂર નથી. સત્ને સત્ના

સ્વભાવની જરૂર છે. આહાહા! સમજાણું કાંઈ? મોટા મોટા વિદ્વાનો માને છે, આવા માને છે. મૂર્ખાઓ બધા જગતમાં ઘણાય છે. ભાન ન મળે કાંઈ.

કહે છે કે **બુદ્ધાદિપ્રણીત...** આદિ છે ને? બૌદ્ધ વેદાંત, વૈશેષિક, સાંખ્ય, મીમાંસક આદિ બધા મતો. એક સર્વજ્ઞ પરમેશ્વરે આત્માનો જે માર્ગ કહ્યો એ સિવાય બધાય માર્ગો વિપરીત છે. એની શ્રદ્ધા, એનું જ્ઞાન ને એનું ચારિત્ર માર્ગાભાસ છે. એવા **ઉન્માર્ગને પરિત્યાગીને...** છેને પાઠમાં છે ને? **उम्मग्गं परिचत्ता जिणमग्गे जो दु कुणदि थिरभावं...** એમ છે લ્યો. હવે કહે છે, વ્યવહાર અને નિશ્ચય બેય હોય છે. એમ સહિત લઈને નિશ્ચયથી એકલું એને કહેશે. અહીં મુનિની મુખ્યતાએ વાત છે ને?

**વ્યવહારે પાંચ મહાવ્રત...** એના વિકલ્પો હોય છે. સ્વરૂપમાં ઠરી શકે નહીં ત્યારે એને છઠ્ઠા ગુણસ્થાનમાં નગ્નદશા, અંતરમાં છઠ્ઠી ભૂમિકા હોય એને પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે. **પાંચ સમિતિ** હોય છે. જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહારપાણી (એવો) વિકલ્પ. એને માટે પાણીનું બિંદુ કર્યું કે ચોકા કરીને (બનાવેલો) લે, એવો વ્યવહાર મુનિને હોતો નથી. એને મુનિ કહેતા નથી. **પાંચ સમિતિ...** ઈર્યા, ભાષા, એષણા વિગેરે. આ વ્યવહાર છે બધો. **પાંચ ઇન્દ્રિયોનો નિરોધ...** ૨૮ મૂળગુણ છે ને? **છ આવશ્યક...** સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ ને કાયોત્સર્ગ ને પચ્ચખાણ. **ઇત્યાદિ અઠ્યાવીસ મૂળગુણસ્વરૂપ...** લ્યો. ઇત્યાદિમાં ઊભા ઊભા આહાર કરવો, અદંતધોવન વિગેરે (આવે). **અઠ્યાવીસ મૂળગુણસ્વરૂપ મહાદેવાધિદેવ-પરમેશ્વર-સર્વજ્ઞ-વીતરાગના માર્ગમાં** આવા સહિત **સ્થિર પરિણામ કરે છે,** એમ કહે છે. આવા પરિણામ હોય એ એને સ્વરૂપમાં સ્થિર કરે છે એમ વ્યવહારે કહે છે.

**અને શુદ્ધ નિશ્ચયનયે સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત...** લ્યો. ઓલા વ્યવહારને જરી કહ્યું છે. શુદ્ધ નિશ્ચયથી તો સહજજ્ઞાન–સ્વભાવિક અંતરજ્ઞાન, સ્વભાવિક અંતર દર્શન, આનંદાદિ શુદ્ધ ગુણોથી શોભિત એવો જે ભગવાન આત્મા **સહજ પરમ ચૈતન્યસામાન્ય અને (સહજ પરમ) ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે...** એ આત્મા–નિજ પરમાત્મદ્રવ્ય કેવું છે એમ કહે છે. એમાં ઠરવું એ સાચું પ્રતિક્રમણ છે. **સહજજ્ઞાનાદિ શુદ્ધગુણોથી અલંકૃત, સહજ પરમ ચૈતન્યસામાન્ય** (એટલે) દર્શન. પરમ ચૈતન્ય સામાન્ય દર્શનસ્વભાવ, **સહજ (પરમ) ચૈતન્યવિશેષ** (એટલે) જ્ઞાનસ્વભાવ. એવો ભગવાન આત્મા જેનો પ્રકાશ છે **એવા નિજ પરમાત્મદ્રવ્યમાં...** પોતાનું પરમ સ્વરૂપ એવો પદાર્થ ભગવાન આત્મા **શુદ્ધચારિત્રમય સ્થિરભાવ કરે છે...** લ્યો, એ નિશ્ચયથી આવ્યું. ઓલું વ્યવહારથી હતું. અંતર સ્વરૂપમાં અમૃતથી ભરેલા ભગવાનમાં જે સ્વરૂપમાં સ્થિર કરે છે–સ્થિર થાય છે એને પ્રતિક્રમણ સાચું હોય છે, લ્યો.

કૌંસમાં. **(અર્થાત્ જે શુદ્ધનિશ્ચય—સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહારે અઠ્યાવીશ મૂળગુણાત્મક માર્ગમાં અને નિશ્ચયે શુદ્ધ ગુણોથી શોભિત દર્શનજ્ઞાનાત્મક પરમાત્મદ્રવ્યમાં સ્થિર ભાવ કરે છે),**

**તે મુનિ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે...** ઓલો ભાવ નિશ્ચય છેને એ અપેક્ષાએ એને નિશ્ચયપ્રતિક્રમણ કહેવાય છે. વ્યવહાર સહિત નિશ્ચય લીધો. તે **નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવાય છે, કારણ કે તેને પરમતત્ત્વગત નિશ્ચયપ્રતિક્રમણ છે**, એમ. આવા અભેદ પરિણતિવાળાને પરમતત્ત્વગત **(-પરમાત્મતત્ત્વ સાથે સંબંધવાળું)...** ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એની સાથે સંબંધવાળું... **નિશ્ચયપ્રતિક્રમણ છે તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે.** તેથી જ તે તપોધન સદા શુદ્ધ છે. સ્વરૂપમાં નિર્વિકલ્પ આનંદની પરિણતિ છે તેથી તે સદા શુદ્ધ છે. વ્યવહારના વિકલ્પ ભલે હો. એ તો વાત કહી (કે) એવો વ્યવહાર એને હોય છે નિમિત્ત તરીકે, પણ શુદ્ધતા તો આને લઈને છે. એને અહીંયા સાચું પ્રતિક્રમણ છે (એટલે) મિથ્યાત્વથી હઠ્યો છે, વ્યવહાર આચરણથી ખસ્યો છે અને સ્વરૂપમાં લીન થઈને શુદ્ધ વર્તે છે, એને સાચું પ્રતિક્રમણ હોય છે. લ્યો. એને મુનિ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૩, રવિવાર, તા. ૨૫-૭-૧૯૭૧**
**શ્લોક – ૧૧૫, ગાથા – ૮૭, પ્રવચન નં. ૭૬**

આ નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ (અધિકાર). સાચું પ્રતિક્રમણ કોને કહેવું? ૮૬ ગાથા થઈ એનો કળશ છે.

**એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—** પાનું ૧૬૪.

**इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-**
**रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः ।**
**आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-**
**श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम् ।।**

**શ્લોકાર્થ : એ પ્રમાણે વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ...** વિશિષ્ટ **આદર એટલે કાળજી**વાળા, **સાવધાન, પ્રયત્ન અને બહુમાન**વાળા. પુરાણ પુરુષે... અનાદિ સનાતન વીતરાગનો માર્ગ એને જેણે સેવ્યો, એવા પુરુષે **સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ...** પોતાનો મેળ કરે છેને. ઓલો વ્યવહાર નાખ્યો છેને ટીકામાં એટલે એની સાથે (મેળ કરે છે). વ્યવહારમાર્ગ પંચ મહાવ્રતાદિ, નિશ્ચયસ્વરૂપ આત્માના આનંદસ્વરૂપમાં લીનતા, એ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને... જુઓ! ત્યાં છટ્ઠે ગુણસ્થાને સમ્યગ્દર્શન નિશ્ચય લીધું છે. શુદ્ધ કહો કે નિશ્ચય—એક જ છે. શુદ્ધ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ. કોઈ કહે છેને કે નિશ્ચય સમ્યગ્દર્શન તો આઠમે હોય, બારમે હોય. અહીં તો છટ્ઠે કહ્યું. એ કાલ વાંચ્યા પછી રસ્તામાં વિચાર આવ્યો હતો. આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યની અંદરમાં રમણતા, વીતરાગતા એ નિશ્ચય પ્રતિક્રમણ છે. એની સાથે પંચમહાવ્રત આદિ ૨૮ મૂળગુણનો વિકલ્પ હોય છે તો એ અપવાદિક છે અને ઓલો જે સ્થિરતા અંતરમાં એ ઉત્સર્ગ છે. અંતરમાં સ્થિરતા એ નિશ્ચય છે, પંચ મહાવ્રતનો ભાવ તે વ્યવહાર અપવાદ છે. અરે! ભાષા બધી એવી છે.

ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરે કહેલો, એવો જે ત્રિકાળ આનંદ, ધ્રુવ એની અંતર સેવા–અંતર એકાગ્રતા એ પર્યાય છે. અંતરના આનંદની એકાગ્રતા (છે) એ દુઃખ ને રાગથી પાછો ફરી ગયો છે અને આનંદમાં રમે છે માટે એને પ્રતિક્રમણ કહેવાય છે. એ છોકરાઓ! જુદા જુદા બેસી જાઓ. બધા વાતું કરો છો અહીંયા. જુદા જુદા બેસી જાઓ. ઊભા થઈ જાઓ ત્યાંથી. શું કહ્યું? દેખો! અહીં મુખ્ય મુનિપણાની અપેક્ષાએ વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વનું પ્રતિક્રમણ હોય છે. મિથ્યાત્વ એટલે? પુણ્યમાં ધર્મ થાય, પાપમાં મજા

પડે, પરનું કરી શકું—એવી જે મિથ્યાત્વ માન્યતા એનું પ્રતિક્રમણ તો સ્વભાવની અંતર અનુભવની દૃષ્ટિ કરે એ મિથ્યાત્વનું પ્રતિક્રમણ થાય. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. આહાહા! એનો અંતરમાં આશ્રય લઈ અને અનુભવમાં ઠરે એને સમ્યગ્દર્શન થાય, એ મિથ્યાદર્શનનું એને પ્રતિક્રમણ કહેવાય. સમજાણું કાંઈ? આગળ જતાં વિશેષ આનંદસ્વરૂપમાં સ્થિર થાય, વીતરાગ પરિણતિ ઉગ્રપણે વધી જાય એને નિશ્ચય સાધુપણું અથવા પ્રતિક્રમણ કહે છે. એને વ્યવહાર જે અસ્થિરતા રાગાદિ મહાવ્રતાદિના પરિણામ (હોય) એ આચાર નથી, પણ એ અનાચાર છે. એનાથી ખસીને આનંદસ્વરૂપમાં રમે, એને સાચું આચાર અને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એને વ્યવહાર હોય છે. વીતરાગે સર્વજ્ઞે કહેલો ૨૮ મૂળગુણનો વિકલ્પ હોય છે, પણ એ વ્યવહાર છે, અપવાદ છે. વ્યવહારે આચાર છે, નિશ્ચયથી અણાચાર છે. અને નિશ્ચયથી આચાર, જ્ઞાન ને આનંદમાં પ્રચૂર સ્વસંવેદન–વેદન થઈને આનંદની મોજમાં લીનતામાં રહેવું એને ખરેખર આચાર અને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

એને, કહે છે, **વિશિષ્ટ આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું...** મહાસંતો, ધર્માત્મા અનાદિના ચાલ્યા આવે છે. વીતરાગમાર્ગમાં અનાદિના આત્માના સ્વરૂપમાં રમતાં... **પુરાણ પુરુષોએ સેવેલું...** દેખો! અનાદિ ધર્માત્માએ આનંદને સેવેલો. આહાહા! પુણ્યાદિના પરિણામ એ દુઃખરૂપ છે એમાંથી ખસીને આનંદસ્વરૂપમાં પુરાણ પુરુષો અનાદિના રમતા હતાં એવું જે મુનિપણું, એમ કહ્યું, **ઉત્સર્ગ અને અપવાદ દ્વારા...** ઉત્સર્ગ નામ નિશ્ચય. વીતરાગસ્વભાવની પરિણતિ તે નિશ્ચય, સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ થયેલી વીતરાગદશા તે નિશ્ચય. ઉત્સર્ગ કહો કે નિશ્ચય કહો, વીતરાગ કહો કે નિશ્ચય કહો. અપવાદ કહો કે રાગવાળો કહો. પંચમહાવ્રતના પરિણામ આદિ બધા રાગવાળા છે, વિકલ્પ છે. આહા! એવા **દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપ્તું...** કોઈ વખતે છઠ્ઠાના વિકલ્પમાં હોય છે અને કોઈ વખતે છઠ્ઠો વિકલ્પ છૂટીને સાતમામાં નિર્વિકલ્પમાં હોય છે. એમ પૃથક્-પૃથક્ ભૂમિકા... નિર્મળતાના અંશો પણ વધે છે અને રાગની પરિણતિ પણ ઘટતી જાય છે.

એવી **ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ (-ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને...** નિશ્ચયપ્રતિક્રમણનો અધિકાર છે ને. સ્વરૂપમાં રમણતાને પ્રાપ્ત કરી **ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને...** ક્રમે ક્રમે એ રાગથી છૂટીને... અપવાદમાર્ગ જે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હતો એનાથી છૂટીને–ક્રમે ક્રમે ખસીને, **અતુલ નિવૃત્તિ કરીને...** આહાહા! ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં ઉપમા નહીં એવી નિવૃત્તિ કરીને–અતુલ નિવૃત્તિ કરીને... એની તુલના શું! આહા! પૂર્ણાનંદમાં રમણ, નિજાનંદના સ્વરૂપાચરણની સ્થિરતા એ અતુલ નિવૃત્તિ, એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા!

**ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે...** આ અમૃતચંદ્રાચાર્યનો કળશ છે પ્રવચનસારનો. ચૈતન્યસામાન્ય એટલે દર્શન અને ચૈતન્યવિશેષ એટલે જ્ઞાન. દર્શન ને જ્ઞાન જે આત્માનો પ્રકાશ છે. ભગવાન આત્માનો તો દર્શન ને જ્ઞાન પ્રકાશ છે. પુણ્યાદિની ક્રિયા એ ચૈતન્યના પ્રકાશની ક્રિયા નહીં એમ કહે છે. પંચ મહાવ્રતના પરિણામ, ૨૮ મૂળગુણનો વિકલ્પ એ ચૈતન્યનો પ્રકાશ—દર્શન ને જ્ઞાન પ્રકાશ—એના એ પરિણામ નહીં. આહાહા! **ચૈતન્યસામાન્ય ને ચૈતન્યવિશેષ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં...** પોતાનું તત્ત્વ કેવું છે? કહે છે. નિજદ્રવ્ય એટલે વસ્તુ, જેમાં દર્શન ને જ્ઞાન પ્રકાશ છે એવું નિજતત્ત્વ. જેમાં દર્શન સામાન્ય ને જ્ઞાન વિશેષ એવો, જે વસ્તુ એનો એ પ્રકાશ છે. એવા નિજદ્રવ્યમાં **સર્વતઃ સ્થિતિ કરો.** વ્યવહાર અપવાદિક વિકલ્પ પંચમહાવ્રતથી પણ છૂટી અને અંતરમાં સ્થિર કાળ થાઓ, એનું નામ મોક્ષનો સાચો–નિશ્ચય–ઉત્સર્ગ માર્ગ છે. આહાહા! એ અમૃતચંદ્રાચાર્યમાં આવે છે. કહ્યું એ (કે) સામાન્ય-વિશેષ જેનો (પ્રકાશ છે) એવું જે નિજદ્રવ્ય. ભગવાન આત્મા પોતાનો સ્વભાવ સામાન્ય ને વિશેષ પ્રકાશ એવું નિજદ્રવ્ય–એવું નિજતત્ત્વ એમાં સ્થિર થાઓ, એ મુક્તિનો ઉપાય છે. આહાહા!

કેવા વૈરાગ્યના પ્રસંગ આવે છે જુઓને! દરરોજ જુદું જુદું સાંભળીએ છીએ. મોહનભાઈ અત્યારે ગુજરી ગયા, ત્યાં બિચારો છોકરો પરણેલો ભટ્ટીનો. અહીંથી જોવા ગયેલા રાત્રે બસમાં. પોતાની બસ અને છોકરાઓ ઘણા લઈને જોવા ગયેલા. જ્યાં ઊભો હશે બહાર આમ ત્યાં ખટારો નીકળ્યો ધોકો. રાત્રે દસ વાગ્યે. આહાહા!.. પકડશે એને. શું કરે? આ સંસાર.. આ સંસાર.. કોઈ શરણ નથી. એનું શરણ તો ચૈતન્ય ભગવાન છે. એની મા અને એની વહુને કાને પડતાં રાડ નાખી ગઈ. મરી ગયો. બધા ચીંથરા થઈ ગયા ભૂક્કો. એટલે એને ઘેન આપ્યું બિચારી બેયને. સહન કરી શક્યા નહીં. મરી ગયા ને આ બધું ચીંથડી ગયેલું. બધું હાડકા-બાડકા ભૂક્કો થઈ ગયો. આહાહા! જુઓ, આ દશા! એવા ભવ અનંતા કર્યા છે હોં. આહાહા! એવા ચોરાશીના પ્રવાહમાં આવા અનંતા ભવ કર્યા ભાઈ! એણે આત્માની દરકાર કર્યા વિના.

પુરાણ પુરુષો.. આહાહા! અનાદિના સનાતન ધર્માત્મા એણે આ આત્માના સ્વભાવનો આશ્રય લઈ નિશ્ચય વીતરાગતા પ્રગટ કરી, વ્યવહારે ભગવાને કહેલા વિકલ્પ આદિનો ભાવ હતો, પણ એનેય છોડીને... આહાહા! અરે! જ્યાં ઠરવાનું છે... બહારમાં ક્યાંય છે નહીં. એ શુભ ને અશુભ વિકલ્પ ઊઠે એ બધું દુઃખ છે. આહાહા! અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એમાં જેની દૃષ્ટિ અને સ્થિરતા પડી છે, એ **અતુલ નિવૃત્તિ કરીને** પળ્યો છે એમ કહે છે. આહાહા! એને **સર્વતઃ સ્થિતિ કરો**. નિજદ્રવ્યમાં સર્વતઃ પ્રકારે સ્થિત કરો એમ કહે છે. વ્યવહાર વિકલ્પ હોય એ કાંઈ નિજ સ્વરૂપ નથી. આહાહા! પંચમહાવ્રત કે ૨૮ મૂળગુણ એ કાંઈ નિજસ્વરૂપ–નિજદ્રવ્ય–નિજ આત્મા નથી. વિકલ્પની ઉપાધિ છે. આહાહા! મેઘાણી! લ્યો, આ પંચમહાવ્રતના પરિણામ

એ ઉપાધિ છે એમ કહે છે આહીં તો. વિકલ્પ છેને (કે) આમ કરું, કોઈને ન મારું, અહિંસા પાળું. એ બધી વૃત્તિઓ છે, રાગ છે, એ આત્માનું સ્વરૂપ નથી. ગુણવંતભાઈ! આહાહા!

હજી જેની સમજણમાં ઠેકાણા નથી એને એ રુચિ કેમ થાય ને એમાં પરિણમન કેમ કરે એ? અરે! હું તદ્દન જગતના પદાર્થથી નિરાળો છું, મારે ને પરને કાંઈ સંબંધ નથી. આહાહા! ક્ષણમાં સંબંધ થઈ આવ્યા, ક્ષણમાં છૂટ્યા. આહાહા! છૂટેલા જ હતા. ક્ષેત્રથી છૂટ્યા ત્યારે એમ જાણ્યું કે આ છૂટ્યું. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના અમૃતનો સાગર પ્રભુ એમાં **સર્વતઃ સ્થિતિ કરો**, કહે છે. આહાહા! એમાં આનંદ છે, બાકી બધે દુઃખ છે. આહાહા! હોંશુ હોય એવો જ હોંશનો કાળ, એટલો જ પ્રતિકૂળતાના કાળે રાડ નાખી જાય. બે ભાગ પાડી નાખ્યા. અનુકૂળતામાં જે હરખ હતો, એટલો જ પ્રતિકૂળતામાં દ્વેષ હોય એને.

હમણા હિંમતભાઈ કહેતા હતા અમારા. આ બળવાનું ઓલું સળગ્યુંને? જેટલી હોંશ કરી હતી એટલો જ દ્વેષ આવ્યો, કહે છે. કહ્યું હતુંને? હમણા હિંમતભાઈ ગયાને? જેટલું હોંશ્યું કરી હતી, એટલો જ અંદર અણગમો આવ્યો હતો એ પ્રમાણે. લાકડાની ... બળી ગઈ ત્યાં મુંબઈમાં. પૈસા તો આવ્યા કંઈ ૯૪ હજાર કે કેટલા. આ બધી પ્રવૃત્તિ કરતાં કરતાં કેટલા મહિના જાય? હમણા સરખાઈ કરી, હવે છોકરા રળિયાત થાશે, વિલાયતથી આવવાનો છે. આવી ગયો? કાલે.

કહેતા હતા હોં. અમારા નારણભાઈ કહેતા હતા ૮૫માં. લાઠી ચોમાસું હતું. લોંચ કરતા હતા જ્યારે, ત્યારે. કેટલું લાગે છે? કેમ લાગે છે? જેટલો ખાવાના ભાવમાં રાગ ને પ્રેમ છે, એટલો અણગમો લાગે છે. ૮૫ની સાલ લાઠી. ઓલી છેને ધર્મશાળા, શું કહેવાય? ભોજનશાળા. પાછળ, નહીં? હમણાં તો નવી કરી. પૈસા આપ્યાને બધાએ. ભોજનશાળા... મેડી છે ને? ત્યાં કરતા હતા પર્યુષણમાં. કેમ લાગે છે? જેટલો શરીર પ્રત્યેનો રાગ છે અને ખાવામાં જેટલો પ્રેમ લાગે છે, તેટલો અણગમો લાગે છે અહીં. આત્માના સ્વભાવમાં પ્રેમ અને દ્વેષ બેય છે નહીં. એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. મેરુ પર્વત–ડુંગરા ડોલી જાય આખા, તોપણ ધર્મી-ધર્માત્મા જ્ઞાતા-દૃષ્ટા છે અને અનુકૂળતામાં હાથીથી ઉતરીને ઇન્દ્રો આદિ આવીને ઢળી પડે, તોપણ જ્ઞાતા-દૃષ્ટા છે. કંઈ હરખનો હીલોળો આવતો નથી અને શોકમાં ખેદાઈ જતા નથી. એવું ચૈતન્યનું સામાન્ય-વિશેષ (એટલે) દર્શન-જ્ઞાન સ્વરૂપ એમાં ઠરતાં આનંદ આવે, એને આ વિકલ્પો હોઈ શકે નહીં. આહાહા!

ભાઈએ કાલ કહ્યું એક-બે જણાનું. એક ડોક્ટર મરી ગયા ન્યાં જામનગરમાં. વાત કરતા હતા. દેહની સ્થિતિ ક્યારે પૂરી થાય? આ જડ છે એ જેટલી મુદતે રહેવાનું એટલું જ રહેવાનું. એક સમયમાત્ર એના ઉપચાર કરો, આમ કરો, ઢીંકણું કરો. ડોક્ટર ચાલ્યા જાય છે કે નહીં? શાંતિભાઈ! ડોક્ટર જાય છે કે નહીં? નહીં મોટો ડોક્ટર અહીંનો? વૈદ્ય–ડોક્ટર અહીં હેમંતકુમાર.

આખા હોસ્પિટલના ઉપરી. એક મિનિટમાં. આમ કરતા હતા કંઈક ઓપરેશન. મને કાંઈ થાય છે. બસ આમ થયું ને ઢળી પડ્યા, મરી ગયા. હોસ્પિટલના... અહીં આવતા, એક-બે-ત્રણ વાર આવ્યા હતા. આખા હોસ્પિટલના મોટા ડોક્ટર. આમાં શું? આહાહા! જડ ને પર, અરે! રાગ પણ રાખ્યો રહે નહીં. પુણ્ય ને પાપના વિકલ્પ પણ કર્મના નિમિત્તના સંબંધમાં જે ક્ષણે ઉપજ્યા, એ બીજે ક્ષણે નાશ થઈ જવાના. નાશ ન કર તોય નાશ થઈ જવાના–વ્યય થઈ જવાના. આહાહા!

અહીં તો ત્યાં સુધી કહ્યુંને ૫૪ કળશમાં. આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરવા જેવી છે. બાકી તો ચાર ભાવ તે નાશવાન છે. આહાહા! શરીર નાશવાન, કર્મ નાશવાન, વાણી નાશવાન, સંધ્યાના રંગ જેવા દેખાવ બધા નાશવાન છે. પણ અહીં તો કહે છે કે રાગ નાશવાન છે. પણ રાગને જાણવાની પર્યાય ક્ષાયિકજ્ઞાન, ક્ષાયિક સમકિત એ પણ નાશવાન છે. કારણ એક સમયમાત્ર રહે છે. આહાહા! વીતરાગ પરિણતિ ઊભી થઈ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર—મોક્ષનો માર્ગ, ક્ષયોપશમભાવે કે ક્ષાયિકભાવે જે દશા હોય તે કે ઉપશમભાવે, પણ એ એક સમયની પર્યાય છે, નાશવાન છે. અવિનાશી ધ્રુવ ચિદાનંદ ભગવાન પોતે તો એક સમયની પર્યાયના નાશથી ભિન્ન છે. આહાહા!

અવિનાશી પ્રભુ એવો નિજદ્રવ્ય, એમ કીધુંને આમાં? જેનો દર્શનપ્રકાશ સામાન્ય, જ્ઞાનપ્રકાશ વિશેષ એવું જે ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય એ નિજદ્રવ્યમાં... એમ. એવા પ્રકાશને પ્રગટેલા પરમાત્મામાંય નહીં. આહાહા! પરમાત્મા અરિહંત સર્વજ્ઞદેવ પણ પર છે. એનું લક્ષ કરતાં પણ રાગ ને વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા! **નિજ દ્રવ્યમાં**... દ્રવ્ય એટલે તારી લક્ષ્મી, તારું સ્વરૂપ. આહાહા! પણ કોઈ દિ' અભ્યાસ નહીંને. આવું દ્રવ્ય મારું છે એવો એને વિશ્વાસ આવ્યો નથી. હું ત્રિકાળી અવિનાશી સામાન્ય ને વિશેષ પ્રકાશનો પુંજ એવું મારું એકરૂપ દ્રવ્ય, એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એને આશ્રયે પ્રગટ થાય. ચારિત્ર પણ એવા દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય અને સમ્યગ્જ્ઞાન પણ એ દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. આહાહા!

**વળી (આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—** પદ્મપ્રભમલધારિદેવ. આહાહા! હમણાં ભણશું, ભણશું પછી પાસ થાશું, પાસ થાશું પછી નોકરી ને ધંધો કરીશું, ધંધો કરીને પછી પરણશું, પરણશું પછી વૃદ્ધાવસ્થા થાશે, પછી મરશું, મરશું પછી બીજા ભવે જાશું. ન્યાંને ન્યાં એને એ પાછું. હિંમતભાઈ! એક જણાને પૂછ્યું હતું, શું કરશો તમે? હમણાં ભણશું. ક્યાં સુધી? ૨૨-૨૫ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી કોલેજમાં. પછી શું કરશો? પછી કાંઈક ધંધો.. પૈસા થાશે તો ધંધો કરશું, નહીં તો નોકરી કરશું. પછી પરણશું, પછી છોકરાઓ થાશે, પછી ધંધો કરશું... પછી વૃદ્ધાવસ્થા આવશે, પછી મરશું. પછી ક્યાં જાશો? બીજે ભવે જાશું. આહાહા! તારે કે દિ' કરવું તારું? આ કરશું, આ કરશું, આ કરશું ને પછી મરશું.

અહીં કહે છે, આહાહા! ભગવાન! તારો આત્મા સામાન્ય ને વિશેષ પ્રકાશનો પુંજ છેને પ્રભુ! એમાં કર્મ તો નથી, શરીર તો નથી, વિકલ્પ તો નથી, એક સમયની પર્યાય પણ જેમાં નથી. આહાહા! એવો ત્રિકાળી ધ્રુવ અવિનાશી નિત્યાનંદ પ્રભુ એમાં સ્થિતિ કરો. સ્થિતિ કરવાલાયક એ ચીજ છે. આહાહા! ૧૧૫ કળશ.

**विषयसुखविरक्ताः शुद्धतत्त्वानुरक्ताः**
**तपसि निरतचित्ताः शास्त्रसंघातमत्ताः ।**
**गुणमणिगणयुक्ताः सर्वसंकल्पमुक्ताः**
**कथममृतवधूटीवल्लभा न स्युरेते ।।११५।।**

કેમ ન હોય એ મુક્તિ? એમ કહે છે. આહાહા! **શ્લોકાર્થ : જેઓ વિષયસુખથી વિરક્ત છે...** ભાષા પહેલી આ. ધર્મી વિષયસુખના પ્રેમ ને રુચિથી તો વિરક્ત છે. ઇન્દ્રના ઇન્દ્રાસન હો, ચક્રવર્તીને ૯૬ હજાર પદ્મિણી જેવી સ્ત્રી હો, સમ્યગ્દૃષ્ટિને વિષયથી વિરક્તતા છે. વિરક્તની વ્યાખ્યા? એમાં સુખ ભાસતું નથી. વિષયમાં ક્યાંય રુચિ નથી. આહાહા! વિષય એટલે પર તરફના સુખથી વિરક્ત છે. પાંચે ઇન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શ એમાં પ્રેમથી, રુચિથી, એમાં સુખબુદ્ધિ એનાથી વિરક્ત છે. લ્યો, સમકિતી પરમાં સુખબુદ્ધિથી વિરક્ત થયો છે. કાંતિભાઈ! આહાહા! સમ્યગ્દૃષ્ટિને આત્મા સિવાય ક્યાંય સુખ, લાભ દેખાતું નથી. કરોડો ઇન્દ્રાણીઓના ભોગમાં પણ સુખ દેખાતું નથી, ઝેર દેખે છે. ઓહો! ભગવાન આત્મા સુખનો સમુદ્ર પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ, એને ઇન્દ્રિય વિષયમાં પ્રેમ હોતો નથી. આહાહા!

**શુદ્ધ તત્ત્વમાં અનુરક્ત છે...** અહીંથી જ્યારે વિરક્ત કીધો ત્યારે શુદ્ધ આનંદતત્ત્વમાં અનુરક્ત નામ લીન છે, તેમાં જેની રુચિ જામી ગઈ છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો, સમજાણું? એ આ રીતે શુદ્ધતત્ત્વમાં અનુરક્ત છે. હવે આગળ વધીને. **તપમાં લીન જેમનું ચિત્ત છે...** હવે આગળ મુનિ થાય છે. તપ શબ્દે મુનિપણું છે હોં. તપ એ અપવાસ ને એ આહીં વાત નથી. તપ એટલે ચારિત્ર અંદર, સ્વરૂપમાં ચારિત્ર–ચરવું, રમવું, જમવું, એ આનંદના ભોજન લેવા. આહાહા! જામી જાવું અથવા જમવું, એમ. અતીન્દ્રિય આનંદનો વિશેષ અનુભવ એને અહીંયા તપ અને ચારિત્ર કહે છે. **તપમાં લીન જેનું ચિત્ત છે, શાસ્ત્રસમૂહમાં જેઓ મત્ત છે...** મત્ત છે. સમ્યગ્જ્ઞાનની કળા ખીલવામાં મત્ત છે એમ કહે છે. **ઘેલા** છે, **અતિશય પ્રીતિવંત** છે, **અતિ આનંદિત** છે. સમ્યગ્જ્ઞાનમાં અતિ આનંદિત છે. શાસ્ત્રના સમૂહના દ્રવ્યનુયોગ, ચરણાનુયોગ આદિ હો એમાંથી વીતરાગતા કાઢવાને કળાબાજ છે. સમજાણું કાંઈ?

કળાબાજ એટલે? જેમ ચકલાને બાજ પકડે છે, એમ સમ્યગ્જ્ઞાની–ધર્માત્મા કળાને પકડે છે. કળાબાજ છે. આવે છેને આ બાજ, નહીં? શકરો. શું આવે છે, નહીં? 'તેતર ઉપર બાજ, મચ્છને બગલો, તારી કંચનવરણી કાય કરી દેશે ઢગલો.' કાળ પૂરો થશે. એ આમ લાગે રૂપાળું

ને સારું, એક સેકંડ રહે. આવે છેને એ? 'તેતર ઉપર બાજ..' તેતર નથી આ? તેતર. જંગલમાં બોલતાને તેતર. એની વાણી ઉપર ઓલા હોય છે શુકન. તેતર હોય છેને તેતર પંખી. જીવડા ખાય. એની વાણી બહુ ઓલી હોય. એના ઉપરથી ઓલું કરે, શું કહેવાય? શુકન. કેની કોર બોલ્યું? કેમ બોલ્યું? આમ ઉગમણું બોલ્યું તો શુકન છે. પણ એ તેતરને જ્યારે બાજ પકડવા આવે, અરેરે! લપાઈ જાય થોરની વાડમાં. 'તેતર ઉપર બાજ, મચ્છને બગલો...' મચ્છને બગલો આવે પકડવા, આમ નીકળે, ચાંચ.. બેઠો હોય, ફટ પકડે. એમ 'તારી કંચનવરણી કાય કરી દેશે ઢગલો.' કાળ આવે તો હાય! હાય! જુઓને! આ છોકરાને બિચારાનો ભૂકો. લ્યો. પરણેલો, બે મહિનાની દીકરી છે. રામસંગ એના ભાઈના દીકરા. આહાહા! વૈરાગ્ય... ઓળખ હતો તું એને પ્રદીપ? ભણતો હશે અહીં. ના, ના, પહેલા ભણતો હશે. બટુક કહેતો હતો કે આશીષ સાથે ભણતો હતો. આશીષ ભણતો હતોને જ્યારે અહીં એની સાથે ભણતો હતો. ઓહોહો!

નિરાળું તત્ત્વ. આહાહા! નિરાળું... પર છૂટ્યું, પોતે છોડ્યું નથી. આહાહા! એની મુદત થઈ એટલે છૂટી ગયું. અહીં તો મુદત હોય, છતાં છોડીને જ બેઠો અંદરમાં. એ મારામાં નથી હોં, શરીર નહીં, રાગ નહીં. આહા! એવા ચારિત્રમાં જ્યાં લીન છે અને શાસ્ત્રના સમૂહમાં મત્ત-ઘેલો લાગે, ગાંડા જેવો લાગે, કહે છે. શાસ્ત્રની કળા ખીલવવામાં મત્ત હોય છે. મુનિની વાત છેને મુખ્ય. **ગુણરૂપી મણિઓના સમુદાયથી યુક્ત છે**... ગુણરૂપી મણી... સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ વીતરાગી પરિણતિરૂપી ગુણરૂપી મણિ એનાથી સહિત છે. આહાહા! **અને સર્વ સંકલ્પોથી મુક્ત છે...** આમ ગુણથી સહિત છે ને સંકલ્પથી રહિત છે. આહાહા! **તેઓ મુક્તિસુંદરીના વલ્લભ કેમ ન થાય? (અવશ્ય થાય જ.)** ઓહોહો! આવી જેની તૈયારી છે એ કેમ મોક્ષ ન જાય? એમ કહે છે.

ઓલા લગનમાં ગાતા હતા લગનમાં. અમારે કુંવરજીભાઈના લગ્ન હતા ત્યારે સાંભળેલું બધું. ખુશાલભાઈના લગ્નની બહુ ખબર નથી. બોલેલા. આ તો બીજી વાર પરણવા આવ્યા હતાને ગઢડે. હું અપાસરામાં હતો. 'નાણાનો બળિયો વર..' એમ કાંઈક બોલે છે. શું કાંઈ કહે છે? પાછો નહીં ફરે. એમ કંઈક કહેતા હતા. 'નાણાનો બળિયો વર તો પાછો નહીં ફરે.' એવી કંઈક ભાષા હતી.... એમ આ આત્મજ્ઞાન ને દર્શનનો બળિયો મુક્તિથી મુક્તિથી પાછો નહીં ફરે એમ કહે છે. આહાહા! એવું ગાય છે બાઈયું કંઈક, નહીં? પહેલા બધું ગાતા, હવે તો બધું ફરી ગયું છે. નાણાનો બળિયો વર પાછો નહીં ફરે. એમ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્રનો બળિયો એ મુક્તિસુંદરીને વર્યા વિના રહેશે નહીં, એમ કહે છે. આહાહા!

છે ને? **કથમમૃતવધૂટી**... ભેગો? **વધૂટી**... અમૃતરૂપી વધૂટી સ્ત્રી-મુક્તિસુંદરી. આહાહા! '**ટી**' કેમ નાખ્યું હશે **વધૂટી**માં? આ ભગવાન આત્મા જેણે આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું સ્વરૂપના પૂર્ણ આનંદના પ્રતીતના ભાનમાં અને જેણે આત્માને આશ્રયે જ્ઞાનનો કણ સ્વસંવેદન

પ્રગટ કર્યો અને જેણે સ્વરૂપમાં ચારિત્રની મંડાણદશા પ્રગટ કરી, આહાહા! સ્થિરતા માંડી, અરે! કહે છે કે એને મુક્તિરૂપી સુંદરી કેમ ન હોય? એને મુક્તિની પર્યાય પ્રગટ થશે જ. આવું કારણ સેવે એને મુક્તિનું કાર્ય આવ્યા વિના રહે જ નહીં, એમ કહે છે. અરે! આ સંસાર ચોર્યાસીના અવતાર એને છોડીને એની મુક્તિરૂપી નિર્મળ પરિણતિ એને પ્રગટ કરશે જ. આહાહા! જે મુક્તિ થયા પછી ફરીને અવતાર હોય નહીં સાદિ-અનંત. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત જો..' એવું આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

એ ૮૬મી ગાથા પૂરી થઈ. વલ્લભ કેમ ન થાય એટલે? એ વીતરાગી પૂર્ણ પર્યાય એને નહીં છોડે હવે. વીતરાગી પૂર્ણ પર્યાયનો વલ્લભ છે એ. આહાહા! પૂર્ણ દશા–મુક્ત પર્યાય, અનાકુળ આનંદની પૂર્ણ દશા, એનો એ વલ્લભ થશે. એ પર્યાય એને નહીં છોડે, એમ. આહાહા! ધન્ય અવતાર છે ને! આ વસ્તુ છે. કરવા જેવું આ છે. કરવા જેવું અહીં છે આત્મામાં. ચોર્યાસીના અવતારમાં ક્યાંય સુખની ગંધેય નથી. મફત મૂઢ થઈને રખડે છે, માને છે. ૮૭, ગાથા ૮૭.

પડિકમણામાં આવે છેને? ચોથા ...... ત્રણ શલ્યથી પાછો ફરું છું. નથી આવતું? કર્યું હતું? પ્રતિક્રમણ કર્યું હતું? એમ ઠીક. ચોથા ............ એમ એક, બે, ત્રણ, ચાર તે તેત્રીસ સુધી. તેત્રીસ સુધી આવતુંને. એ આવે છે. પણ એ ભાષા બોલતા એટલું, કાંઈ ભાન ન મળે. સાંજ-સવાર બોલે. ...... ચોથું શ્રમણસૂત્ર આવે છે. સ્થાનકવાસીમાં તો ઘણા ગૃહસ્થોને મોઢે છે. દેરાવાસીમાં નથી કરતા. એ શ્રમણસૂત્ર કહેવાય સાધુનું. આ લોકોમાં કરે છે. એક દરિયાપરીવાળા આઠ કોટીવાળા ન કરે. ખબર છે. આ છ કોટીવાળા કરે. ...... હું ત્રણ શલ્યથી પાછો ફરું છું. ત્રણ શલ્ય કોણ? મિથ્યાદર્શન શલ્ય, નિદાન શલ્ય, માયા-કપટ શલ્ય. એનાથી પાછો ફરું છું. 'પાછો ફરું'નો અર્થ?

તસ્સ ઉતરીમાંય આવે છે. 'તસ્સ ઉતરી કરણેણ, વિસોહિ કરણેણ, વિસલ્લી કરણેણ...' અર્થ-બર્થની ખબર નહીં. તસ્સ ઉતરીમાં આવે છે. 'તસ્સ ઉતરી કરણેણ, પાયચ્છિત કરણેણ..' એકેય અર્થની ખબર ન મળે. સાધુને ખબર ન મળે, બિચારા લઈને બેઠા હોય. મિથ્યાત્વરૂપી શલ્યથી પાછો ફરું છું. 'વિસલ્લી કરણેણ.' શલ્યરહિત થવા માટે હું કાયોત્સર્ગ કરું છું–ધ્યાનમાં આવું છું, એમ. કાયોત્સર્ગ આવડે છે કે નહીં કાયોત્સર્ગ? ચીમનભાઈ! કાયોત્સર્ગ આવે છે. તસ્સ ઉતરી તો આવે છે તમારે. 'વિસોહિ કરણેણ, વિસલ્લી કરણેણ, પાવાણં, કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ..' ભૂલી ગયા હોય. હોય તો ખરું મોઢે. આહાહા!

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય, ત્રણ શલ્ય રહિત મુનિએ થવું એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે એ વાત કરે છે.

**मोत्तूण सल्लभावं णिस्सल्ले जो दु साहु परिणमदि ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ।।८७।।**

વીતરાગી પરણતિથી અભેદ થઈ ગયો તેથી એને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહાહા! નીચે.

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭**

**ટીકા : અહીં નિઃશલ્યભાવે પરિણત...** જેને મિથ્યાદર્શનનું શલ્ય નથી.. હવે મિથ્યાદર્શન શલ્ય પડ્યું હોય ને સાધુ થઈ જાય, એ સાધુ (ખરેખર) સાધુ નથી. 'નિઃશલ્યોવ્રતી' આવે છે ને? વ્રતી તો નિઃશલ્યોવ્રતી હોય. ચારિત્રવંત જે હોય મુનિ એને ત્રણેય શલ્ય ન હોય. **અહીં નિઃશલ્યભાવે પરિણત...** મિથ્યાત્વ શલ્ય, નિદાન શલ્ય... નિદાન એટલે કંઈક ક્રિયા કરીને ફળ ઇચ્છવું કે સ્વર્ગાદિ મળે, શેઠાઈ મળે એવું શલ્ય અને કપટનું શલ્ય–માયા શલ્ય. વિશલ્યા નહીં ઓલી બાઈ? એનું–બાઈનું નામ વિશલ્યા હતુંને? વિશલ્યા. ઓલું ગંધ છાંટ્યું, નહીં? પાણી છાંટ્યું. વિશલ્યા–શલ્યરહિત છે. **નિઃશલ્યભાવે પરિણત મહાતપોધનને જ...** મહા આવાને જ, એમ. મહાતપોધન. **નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.**

**પ્રથમ તો, નિશ્ચયથી નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને...** શું કહે છે? ભગવાન પરમાત્મસ્વરૂપ તો નિશ્ચયથી નિઃશલ્ય જ છે. કોણ પરમાત્મા? આ આત્મા. આહાહા! વસ્તુ ધ્રુવ આત્મા નિત્યાનંદ પ્રભુ એવો જે નિજ પરમાત્મા, એ ધ્રુવ આત્મા ખરેખર તો નિઃશલ્યસ્વરૂપ જ છે. ધ્રુવસ્વભાવમાં શલ્યપણું બિલકુલ નથી. એવો ખરેખર નિશલ્યસ્વરૂપ પરમાત્મા પોતે જ, એને **વ્યવહારનયના બળે...** એને પર્યાયદૃષ્ટિએ (એટલે કે) વ્યવહારનયે એની પર્યાયમાં શલ્ય હોય છે. શું કીધું સમજાણું? નિશ્ચયથી તો નિઃશલ્યરૂપ દ્રવ્યસ્વરૂપ છે. પર્યાયમાં વિકાર મિથ્યાત્વ, નિદાન, માયા એ વ્યવહારનયે છે. પર્યાયમાં છે એ વ્યવહાર છે. વસ્તુમાં નથી તે નિશ્ચય છે. **નિઃશલ્યસ્વરૂપ પરમાત્માને, વ્યવહારનયના બળે** એટલે વ્યવહારનયે, એમ. **કર્મપંકથી યુક્તપણું હોવાને લીધે...** વ્યવહારનયથી–વર્તમાન સંબંધનયથી. વ્યવહારનયથી કર્મથી સહિત કહેવામાં આવે છે. વસ્તુદૃષ્ટિથી નિશ્ચયથી તેમાં પદાર્થમાં–સ્વભાવમાં–ધ્રુવમાં શલ્ય-બલ્ય છે નહીં.

**(–વ્યવહારનયે કર્મરૂપી કાદવ સાથે સંબંધ હોવાને લીધે) 'તેને નિદાન, માયા અને મિથ્યાત્વરૂપી ત્રણ શલ્યો વર્તે છે'...** પર્યાયમાં ત્રણ શલ્ય અજ્ઞાનીને હોય છે. આહાહા! પર્યાયમાં હોય અને દ્રવ્યમાં ન હોય ને.. આ શું કહે છે? વસ્તુ છે એમાં ક્યાં છે? વસ્તુ તો વસ્તુ છે, આનંદકંદ છે. શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્ય સદૃશસ્વભાવ એ તો એકલો પવિત્રનો પિંડ છે, અત્યારે અને અનાદિથી. ખરેખર તો નિઃશલ્યસ્વરૂપ જ પ્રભુ છે આત્મા–પરમાત્મા પોતે. પણ પર્યાયમાં–હાલતમાં... આ દશા નથી માનતાને વેદાંત આદિ? જુઓને! તો પછી ભૂલ છે એ ભૂલ સુધારવી રહેતી નથી કાંઈ.

બહુ ચર્ચા ચાલી હતી ત્યારે એટલું કબૂલ્યું હતું ભાઈએ, નહીં? મોતીલાલ. મોતીલાલ હતાને. પરમહંસ છે. અહીં આવ્યા હતા. વેદાંતી સાધુ. છેને અમદાવાદ પાસે પાટણ છે. પહેલા ન્યાં આવતા, ૯૫માં આવતા. ૮૯માં આવતા વ્યાખ્યાનમાં. પછી થઈ ગયા સાધુ પરમહંસ. દશાશ્રીમાળી વાણીયા. પછી ન્યાંય આવ્યા હતા ગોંડલ ભાઈને ત્યાં. ચર્ચા થઈ હતી ઘણી. પછી અહીં ચર્ચા થતાં થતાં, કીધું, કાંઈ ભૂલ છે કે નહીં એની દશામાં? ભૂલ ન હોય તો સમજવું ને ટાળવું એ કાંઈ રહેતું નથી. ભૂલ તો છે, કબૂલ તો કરું છું. ત્યારે એ ભૂલ કબૂલ કરવી એ પર્યાય થઈ ગઈ. કૂટસ્થ દ્રવ્ય છે એમાં એ ન આવ્યું, પર્યાયમાં આવ્યું એ. અને ભૂલ છે... જો ભૂલ ન હોય તો આનંદનો અનુભવ જોઈએ. વસ્તુ છે એ તો નિઃશલ્ય આનંદસ્વરૂપ છે. એની દશામાં ભૂલ ન હોય તો અતીન્દ્રિય આનંદનું વેદન હોવું જોઈએ. અતીન્દ્રિય આનંદ નથી તો એના સ્થાનમાં દુઃખ છે. દુઃખ છે તે ભ્રમ છે, વાસ્તવિક આત્મામાં છે નહીં, પણ પર્યાયમાં છે. આવું ન માને એને આત્મા દ્રવ્ય ને પર્યાયનું કાંઈ જ્ઞાન સાચું નથી. સમજાણું કાંઈ?

બે વાત અહીં સિદ્ધ કરી છે. વસ્તુમાં નથી6 ધ્રુવ તરીકેમાં, પણ એની પર્યાયમાં જો દુઃખ ન હોય ને શલ્ય ન હોય તો એને સમજવું ને ટાળવું ને સ્વભાવ સન્મુખ થવું ને વિભાવથી વિમુખ થવું એ કાંઈ રહેતું નથી. એ તો બધું પર્યાયમાં છે. આહાહા! સમજાણું કાંઈ? પર્યાય એટલે અવસ્થા–હાલત. કાલ પૂછતો હતોને ભાઈ એક, નહીં? રાજકોટવાળા. આત્મધર્મમાં તમે પર્યાયને પણ સત્ કીધી છે, કહે. એવું આવ્યું હોયને કે દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્? એને વેદાંતનો અભ્યાસ, એટલે જાણે પર્યાય સત્ છે એટલે હું ત્રિકાળ છું, એમ. પર્યાય અવસ્થા તરીકે સત્ છે. છે, એ નથી એમ નહીં. સસલાના શિંગડા નથી કાંઈ. એક સમયની પર્યાય પણ સત્ છે. છે, પણ છે માટે એ ત્રિકાળ છે એમ નહીં. એક સમયની દશામાં... એ કહે છેને જુઓને!

વ્યવહારનયે નિદાન, માયા (આદિ) ત્રણ શલ્યો વર્તે છે **એમ ઉપચારથી કહેવાય છે.** ઉપચાર કહો કે વ્યવહાર કહો. શું કહ્યું સમજાણું કાંઈ? વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ અને પર્યાય બે થઈને આખો આત્મા. હવે એમાં જે ધ્રુવ નિત્ય અવિનાશી છે એમાં તો શલ્ય-બલ્ય કાંઈ નથી. પણ પર્યાયમાં એટલે વર્તમાન અવસ્થામાં, વ્યવહાર કહો કે પર્યાય કહો, વર્તમાન વ્યવહારની પર્યાયમાં એ છે. ત્રણ દોષ છે એમ ઉપચારથી કહેવાય છે એટલે વ્યવહારથી કહેવાય છે. **આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને...** જુઓ! જ્યારે એની દશામાં મિથ્યાત્વ છે, નિદાન શલ્ય છે, માયા છે તો છોડીને... હોય એને છોડવુંને, ન હોય એને શું છોડવું? **આમ હોવાથી જ ત્રણ શલ્યો પરિત્યાગીને**... ઠીક. આહાહા! ભગવાન આનંદસ્વરૂપમાં પેસતાં–અંદરમાં જતાં આ ત્રણ શલ્યોનો અભાવ થઈ જાય છે–પરિત્યાગ થઈ જાય છે–વ્યય થાય છે. સમજાણું કાંઈ?

**જે પરમ યોગી પરમ નિઃશલ્ય સ્વરૂપમાં રહે છે...** એ પર્યાય થઈ. ઓલી ત્રણ શલ્યની પર્યાયનો વ્યય થયો અને એના રહિત પરમ યોગી પરમ નિઃશલ્ય સ્વરૂપની પર્યાયમાં રહે છે.

**તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે,** દેખો! પર્યાયમાં નિઃશલ્યતા થાય છે. વસ્તુ તો નિઃશલ્ય ત્રિકાળ છે, પણ પર્યાયમાં-અવસ્થામાં જે આ મિથ્યાત્વાદિ છે એનાથી નિવૃત્ત થાય છે એટલે નિવૃત્ત થઈને નિઃશલ્ય પરિણતિ થાય છે. નિઃશલ્ય પરિણતિનો ઉત્પાદ, શલ્ય પરિણતિનો વ્યય, ત્રિકાળ ધ્રુવસ્વરૂપ નિઃશલ્ય તે ત્રિકાળ. આરે, ભારે વાતું ભાઈ! એકલા સામાયિક, પોષા, પડિકમણા, અપવાસ કરનારને કાંઈ ભાન ન હોયને. એલા! શું કહે છે આ? સામાયિક કરવી કે નહીં અમારે? એ તો કહો. અહીં શેની વાત ચાલે છે? સાંભળને! સામાયિક કહેવી કોને? જેને પુણ્ય-પાપના વિકલ્પો રાગ-વિકાર એની પર્યાયમાં છે, ત્રિકાળમાં નથી, એ વિકારનો ત્યાગ કરીને સ્વરૂપમાં સ્થિરતારૂપી વીતરાગ પરિણતિ કરે એને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**પરમ યોગી પરમ નિઃશલ્ય સ્વરૂપમાં રહે છે...** ઓલી પર્યાય હોં. પરમ નિઃશલ્ય એટલે ત્રિકાળી નહીં, પરિણતિ છે આ. **તેને નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે,** લ્યો. આહાહા! **કારણ કે તેને...** કહે છે કે નિશ્ચયપ્રતિક્રમણસ્વરૂપ કહેવામાં આવે છે. કેમ? કે **સ્વરૂપગત વાસ્તવિક પ્રતિક્રમણ છે જ,** એમ. **(-નિજ સ્વરૂપ સાથે સંબંધવાળું) વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.** ભગવાન સ્વરૂપ નિજ શુદ્ધ આનંદકંદ એના સંબંધવાળું... વીતરાગી પરિણતિ-નિર્દોષ દશા એને સ્વરૂપગત (એટલે) નિજસ્વરૂપ સાથે. 'ગત'નો અર્થ કર્યો કે સંબંધવાળું. **સ્વરૂપગત વાસ્તવિક પ્રતિક્રમણ છે જ.** આહાહા! પરમાનંદનું ધામ ભગવાન એના તરફ વળતાં, સ્વરૂપ તરફ સન્મુખ થતાં, નિઃશલ્ય પરિણતિરૂપ દશા એ પ્રતિક્રમણ છે. શલ્યની અવસ્થાથી છૂટી ગયો છે. પ્રતિક્રમણ કહેવું છે ખરૂંને. 'છોડીને' કહેવું છે ને. મિથ્યાત્વ, નિદાન આદિને છોડી એટલે વ્યય કરી, પ્રતિક્રમણ (એટલે) પાછો ફરી, દ્રવ્યસ્વભાવમાં એકાગ્રતારૂપ પ્રતિક્રમણ કરે છે એને ખરેખર પ્રતિક્રમણ છે, બીજાને પ્રતિક્રમણ હોતું નથી.

આ ગડીયા હાંક્યે જાય સાંજ-સવાર. ઘણા કર્યા છે? ભાઈ બહુ કરતા હોં મનસુખભાઈ. મનસુખ તારાચંદ ડોક્ટર. મૂળી, મૂળીના ને? મૂળી ભણ્યા હતા. મનસુખભાઈ તારાચંદ આવતાને. આ આખ્યુંનું ઓપરેશન એણે કર્યું છેને. સ્થાનકવાસી કરોડપતિ. મુંબઈમાં છે ને. કરોડપતિ છે. ગુજરી ગયા બિચારા. આવતા હતા. નિવૃત્તિ લેવી છે એમ કહેતા હતા. ગુજરી ગયા. નાઈરોબી આફ્રિકામાં ગુજરી ગયા. મોટો સંચો છે વીસ લાખનો. અહીં મળતો હશે વીસ લાખનો. આહા! આમ કરશું, આમ કરશું. કરતાં.. કરતાં.. આ તમારે કર્યું છેને કામ? લાખ રૂપિયા. લાખ નહીં, કેટલા લાખની? અઢાર લાખની. અઢાર લાખનું કર્યું છે. ૫૦ હજાર પોતે આપ્યા. અહીંયા આવતા. અહીં .... રહેતા પંદર-પંદર દિ'. નિવૃત્તિ ઘણી છે ત્યાં. આહાહા!

કાલ કરશું, કાલ કરશું, કાલ કરશું. ઓલા ધોબીની જેમ. લુગડાં લઈને ગયો ધોવા. ઉના-ઉના બાજરાના રોટલા ને લસણનું શાક ખાધેલું. બસ્સો કપડા (લઈને) ગયો. ઓલા શું? પોટલું બાંધીને ગયો ધોવા. પાણીમાં ગયો ઓલું શીલા ઉપર ધોવા. દસ જ્યાં ધોયા ત્યાં તૃષા લાગી.

બાજરાનો રોટલો ખાધેલો ઉનો ને લસણનું શાક. નહીં તો અડદની દાળ ને મગ. તૃષા લાગી, પણ માળે બસ્સો કપડા. દસ ધોવાણા. લાવને દસ ધોઈ લઉં, લાવને દસ ધોઈ લઉં. એમ કરતાં કરતાં એવી તૃષા લાગી કે પાણી નિરાંતે પીધું (એટલે કે) પડ્યો પાણીમાં. આ ધોબીની વાત એવીને એવી છે. એ ચીમનભાઈ! એ તો કહે છે કે આ ધોબીની વાત છે આ. આ પણ હમણાં નહીં, હમણાં નહીં, આટલું કરી લેશું, પછી આટલું કરી લેશું, પછી આટલું કરી લેશું—કરતાં કરતાં જાય. આહાહા! અહીં કહે છે, આવો જેણે તત્કાળ, ભગવાન આત્મા અંતરમાં છે તેવી પર્યાય પ્રગટ કરી છે અને શલ્યથી નિવર્ત્યો છે, એ સાક્ષાત્ પ્રતિક્રમણસ્વરૂપ છે, એ મોક્ષગામીને મોક્ષ થવાનો છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૪, સોમવાર, તા. ૨૬-૭-૧૯૭૧
## શ્લોક – ૧૧૬-૧૧૭, ગાથા – ૮૮, પ્રવચન નં. ૭૭

નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. નિયમ એટલે આત્મા પવિત્ર શુદ્ધ ધ્રુવ એની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન કરવું, અંતર્મુખનું સ્વસંવેદનજ્ઞાન અને અંતર્મુખમાં ઠરવું, એ નિયમ એને કહેવામાં આવે છે. મોક્ષનો માર્ગ, નિશ્ચયથી નિયમથી કરવાલાયક તે આ છે. એમાં સાર એટલે વ્યવહારરહિત—વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન ને જે રાગ આદિ છે એનાથી રહિત—એવો જે આત્માના નિર્મળ વીતરાગી પરિણામ, એવા સહિત આત્માને નિયમસાર કહેવામાં આવે છે. વ્યવહારથી વિરુદ્ધ. વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર આચરણ—એનાથી રહિત શુદ્ધ આત્માના ધ્યેયે જે જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય થાય એને ખરેખર નિયમસાર કહેવામાં આવે છે. તેની આ ૮૭ ગાથા એનો ૧૧૬ કળશ છે. ૧૧૬ કળશ. આમાં તો ૧૬૬ (પાનું) છે, હિન્દીમેં ક્યા હૈ પાના? ૧૬૬. થોડા-ઘણા આવ્યા છે. હવે આજથી (હિંદી) શરૂ કરીએ છીએ. કહતે હૈં... ૧૬૬ પાના. ૧૧૬ કલશ હૈ.

**शल्यत्रयं परित्यज्य निःशल्ये परमात्मनि ।**
**स्थित्वा विद्वान्सदा शुद्धमात्मानं भावयेत्स्फुटम् ।।११६।।**

સત્ય પ્રતિક્રમણ કિસકો કહતે હૈં? સચ્ચા પ્રતિક્રમણ–નિશ્ચય પ્રતિક્રમણ. મિથ્યાત્વ ને રાગ-દ્વેષકે પરિણામસે હઠકર સ્વભાવ આત્મા... એ કહે છે જુઓ! **શ્લોકાર્થ : तीन शल्योंका परित्याग करके...** પાઠમાં છે ને? નાસ્તિથી પહેલી વાત કરી છે. નાસ્તિસે પહલે બાત કી હૈ. તીન શલ્યોંકા પરિત્યાગ કર... મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય, માયાશલ્ય—તીનોંકોં છોડકર... ઉપદેશકી પદ્ધતિ હૈ ન? વ્યવહાર પહલે બતાયા, ઉસકો છોડકર, કહતે હૈં. પહલે વ્યવહાર બતાયા કિ તીન શલ્ય હૈં. પર્યાયમેં તીન શલ્ય હૈં—મિથ્યાત્વશલ્ય, નિદાનશલ્ય ઔર માયાશલ્ય. યે દુઃખરૂપભાવ શલ્ય હૈ. ઉસકો છોડકર... હૈ ઉસકો છોડના હૈ ન? વહ તો ઉપદેશકી એક પદ્ધતિ હૈ. આ મિથ્યાશલ્ય છોડું, ત્યાગું. ઐસે વે નહીં છૂટતે. પણ વહ ઉપદેશકી વિધિ ઐસી પહલે હૈ ન?

**तीन शल्योंका परित्याग करके निःशल्य परमात्मामें स्थित रहकर...** આ અસ્તિ. આત્મા પરમ આનંદસ્વરૂપ ધ્રુવ અવિચળ નિત્ય અવિનાશી પ્રભુ એક સમયકી પર્યાય બિનાકા, ઐસે **निःशल्य परमात्मामें...** વહ ત્રિકાળી પરમાત્મા આત્મા હૈ, ત્રિકાળ જો આત્મા હૈ વહ પરમાત્મા હી હૈ એમ કહતે હૈં. પરમ આત્મા પરમસ્વરૂપ. રાગ-દ્વેષ ને વિકલ્પ તો નહીં, પણ એક સમયકી પર્યાય ભી જિસમેં નહીં. ઐસે **निःशल्य परमात्मामें...** નિઃશલ્ય (અર્થાત્) શલ્ય રહિત ઐસા અપના નિજસ્વરૂપ ધ્રુવ ઉસમેં **स्थित रहकर**–ઉસમેં સ્થિર રહકર શલ્ય છૂટ જાતા હૈ. શલ્ય

છૂટ જાતા હૈ ઉસકો 'શલ્ય છોડો' ઐસા કહનેમેં આતા હૈ. આહા! વ્યવહારકી પદ્ધતિ ઐસી ઉપદેશકી (હૈ કિ) પહલે વ્યવહાર બતાકર નિષેધ કરતે હૈં. કહતે હૈં, જિસકો અપના સ્વરૂપ પુણ્ય-પાપ અને મિથ્યાત્વસે રહિત પકડના હો, અનુભવ કરના હો અર્થાત્ જિસકો ધર્મ કરના હો અર્થાત્ જિસકો સચ્ચી નિઃશલ્ય પ્રતિક્રમણદશા પ્રગટ કરની હો, તો **निःशल्य परमात्मामें स्थित रहकर...** યે મહા શબ્દ હૈ.

વિકાર શલ્ય રહિત પરમસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગને જો પ્રગટ કિયા, ઐસા હી અપના ધ્રુવ નિજસ્વરૂપ હૈ. ઉસમેં રહકર–સ્થિત રહકર... અબ પુરુષાર્થ આયા. સમજમેં આયા? અપની શુદ્ધ ચૈતન્યવસ્તુ અતીન્દ્રિય આનંદકા ધામ ઔર અનંત અવિચળ જ્ઞાનકા પિંડ પ્રભુ ઐસા અપના આત્મા ઉસકો યહાં પરમ આત્મા.. પરમ આત્મા, પરમ સ્વરૂપ કહનેમેં આયા હૈ. નિઃશલ્ય હોકર... નિઃશલ્ય હૈ અને નિઃશલ્ય હોકર... સ્થિત રહકર... **विद्वानको...** વહ ક્યા કહા? જ્ઞાનીકો... જ્ઞાની ઉસકો કહતે હૈં, વિદ્વાન ઉસકો કહતે હૈં કિ અપને નિઃશલ્ય પરમાત્મામેં સ્થિત ઠરના–રહના વહ વિદ્વાન હૈ. પંડિતજી! આહાહા! **विद्वानको सदा शुद्ध आत्माको...** સદા એક શુદ્ધ ધ્રુવ ચૈતન્ય નિષ્ક્રિય પરમાત્મા, રાગ અને પર્યાયકી ક્રિયાસે રહિત. આહાહા! ઐસા **सदा शुद्ध आत्माको स्फुटरूपसे भाना चाहिये.** અર્થાત્ પ્રગટ રીતસે સ્વરૂપમેં એકાગ્રતા હોની ચાહિયે. આહાહા! ઉસકા નામ પ્રતિક્રમણ હૈ. આહાહા!

**सदा शुद्ध आत्मा...** દૃષ્ટિમેં તો ધ્રુવ સદા નિરંતર રહતા હૈ. ધર્મીકો–સમ્યગ્દૃષ્ટિકો, સમ્યગ્જ્ઞાનીકો... 'વિદ્વાન' લિયા હૈ ન? નિત્યાનંદવસ્તુ ધ્રુવ નિત્ય વસ્તુ યે દૃષ્ટિમેં કાયમ રહતી હૈ ઔર કાયમ રખકર શુદ્ધાત્માકો લક્ષ્ય કરકે સદા ઉસકો લક્ષ કરતે હૈં. સ્ફૂટપને ભાના ચાહિયે... પ્રગટપને... શક્તિ હૈ ઉસમેંસે વીતરાગદશા પ્રગટ હો, ઐસી આત્માકી ભાવના કરની ચાહિયે. ભારે ભાઈ! વાતું ઝીણી ઘણી. પોતે વસ્તુ સૂક્ષ્મ છે, ઘણી સૂક્ષ્મ છે, પરમ સૂક્ષ્મ છે. એને પકડવા માટે ઘણી જ ધીરજ (જોઈએ). સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી નિર્વિકલ્પ પર્યાય દ્વારા વહ પકડનેમેં આતા હૈ. ઐસે શુદ્ધાત્માકો ને સદા... ભાષા કેટલી વાપરી એક નાના પદમાં! આહા! બહુ ટૂંકું ઘણું. ભાઈ! તું કોણ છો? કોણ છો એમાં પર્યાય નહીં, પણ ત્રિકાળ કોણ છો? ત્રિકાળ આનંદઘન પ્રભુ પૂર્ણ આનંદનો દળ–પિંડ ઐસા સદા શુદ્ધાત્મા જો હૈ ઉસકી ભાવના પ્રગટપને કરો. પ્રગટપણે એટલે ધારણા અને જાણવું એમ નહીં. આહાહા! એવો પરમાત્મા પોતાનો સ્વભાવ એમાં એકાગ્ર થાઓ તો ત્રણ શલ્યથી રહિત થઈ શકશે. આહાહા!

સ્ફૂટપને ભાના ચાહિયે. ભાના એટલે ભાવના કરની ચાહિયે. ભાવના એટલે અંતરમેં એકાગ્રતા કરની ચાહિયે. આહા! લ્યો, એનું નામ સમ્યગ્દર્શન. એ શુદ્ધસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય એની સન્મુખમાં જઈને એકાગ્રતાથી એની ભાવના કરવી, એ ભાવનાને વીતરાગી અને મોક્ષમાર્ગ પર્યાય કહેવામાં આવે છે. ધ્રુવ છે એ તો મોક્ષમાર્ગની પર્યાયથી પણ ભિન્ન છે, પણ ઉસમેં

એકાગ્ર હોકર જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસકો યહાં ભાવના-શુદ્ધાત્માકી એકાગ્રતા (કહતે હૈં), વહી મોક્ષકા માર્ગ હૈ, વહી ધર્મ હૈ, વહી સચ્ચા પ્રતિક્રમણ હૈ. આહાહા! ભારે ઝીણું ભાઈ! માણસને અંદર પરિચય (નહીં). બાપુ! આખો આત્મા અંદર છે. એવી ચૈતન્યધાતુ.. જેણે ચૈતન્ય ને આનંદ ધારી રાખ્યો છે-ટિકા હૈ ઉસમેં. ઐસી ચીજ જો ભગવાન આત્મા નિજસ્વરૂપ ઉસમેં એકાગ્રતાકી ભાવના કરના. એકાગ્ર હોનેસે તીન શલ્ય છૂટ જાતે હૈં. તીન શલ્ય છોડના વહ વ્યવહાર કહનેમેં આયા થા. છોડના પડતા નહીં, અંતર વસ્તુમેં એકાગ્ર હોતે હી યે દોષકી ઉત્પત્તિ નહીં હોતી ઉસકો 'દોષ છોડના' ઐસા કહનેમેં આયા હૈ. વીતરાગ માર્ગ તો અલૌકિક હૈ. યે માર્ગ દૂસરે કહીં હૈ નહીં. પણ ઉસકો સમજના, પ્રાપ્ત કરના અનંત પુરુષાર્થ હૈ. ૧૧૭ કળશ, ૮૭ ગાથાકા.

**कषायकलिरंजितं त्यजतु चित्तमुच्चैर्भवान्**
**भवभ्रमणकारणं स्मरशराग्निदग्धं मुहुः।**
**स्वभावनियतं सुखं विधिवशादनासादितं**
**भज त्वमलिनं यते प्रबलसंसृतेर्भीतितः।।११७।।**

લ્યો, ભાષા તો એમ જ આવેને. **श्लोकार्थ : हे यति!**... મુનિકી પ્રધાનતાસે કથન હૈ ન? હે યતિ! હે મુનિ! **जो (चित्त) भवभ्रमणका कारण है...** આહાહા! જે ચિત્તમાં રાગ-દ્વેષ ને મિથ્યાત્વભાવ આદિ ઉત્પન્ન થાય છે એ ભવભ્રમણનું કારણ છે. **भवभ्रमणका कारण है और बारम्बार कामबाणकी अग्निसे दग्ध है...** આહાહા! પ્રભુ એમ કહે છે, અરે! તને કંઈપણ અનુકૂળતા, શરીરની સુંદરતા દેખીને ઉત્સાહિત વીર્ય થઈ જાય છે, આહા.. આકર્ષાઈ જાય છે, એ કામના બાણ તને દગ્ધ કરી દે છે. આહાહા! કામકે બાણ તુજે જલાતે હૈં. કોઈપણ સુંદર શરીર, આકૃતિ દેખકર આકર્ષણ હો જાતા હૈ કિ ઠીક હૈ.. ઠીક હૈ.., વહ કામબાણસે તેરા ચિત્ત દગ્ધ હો જાતા હૈ. આહાહા! અગ્નિસે દગ્ધ... આહાહા! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ઉસમેં આનંદ હૈ, ઉસ આનંદકો છોડકર અનાદિસે... જુઓ! આ શલ્યમાં નાખ્યું. કંઈપણ વિષયની કોઈપણ લાગણીમાં ઠીકબુદ્ધિ થઈ જાય, ઉત્સાહિત બુદ્ધિ હો જાય (વહ) મિથ્યાત્વશલ્ય હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા!

અપના આત્મા આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદઘન તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ પ્રગટ કર્યો એવો જ આ આત્મા છે. આહાહા! એવા આત્માના આનંદના ભાવમાંથી ખસીને, કોઈપણ બહારની પદાર્થ-ચીજ અનુકૂળ સ્વર્ગાદિ કે ઇન્દ્ર-ઇન્દ્રાણી કે આબરૂ કે સુંદરતામાં આકર્ષણ થઈ જાય, ખેંચાઈ જાય કે આ શું! આહાહા! કામના બાણ વાગીને તારું ચિત્ત દગ્ધ-બળી ગયું છે. સમજાણું કાંઈ! **बारम्बार कामबाणकी अग्निसे दग्ध है—ऐसे कषायक्लेशसे रंगे हुए चित्तको...** દેખો! કષાયના ક્લેશથી રંગાયેલું ચિત્ત... આહાહા! તેરા આનંદસ્વરૂપ ભગવાન

ઉસકા પ્રેમ છોડકર કોઈ ભી બાહ્યચીજમેં પ્રેમ હો જાય, ઉસમેં કુછ ઠીક હૈ ઐસી સુખબુદ્ધિ હો જાય, યે કામબાણસે તેરા ચિત્ત બળી ગયું–જલા હુઆ હૈ. આહાહા! સમજમેં આયા?

વહ મિથ્યાત્વશલ્ય હૈ એમ કહતે હૈં. પરમેં સુખ નહીં, ઇન્દ્રિયોંમેં પાંચ ઇન્દ્રિયોં—શબ્દ, રૂપ સ્પર્શ, રસ, ગંધ, આબરૂ સુનતે હૈં ઉસમેં ઠીક હૈ ઐસા હો જાય, તો યે મિથ્યાશલ્ય હૈ એમ કહતે હૈં. કેમકે ઉસમેં ઠીકપના હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? શેઠ! આહાહા! આબરૂ.. આબરૂ.. બડા શેઠ સાહેબ હૈ, લો! બડા સુંદર હૈ, લડકા અચ્છા હૈ ઔર... ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ ઐસે ફરમાતે હૈં, ભાઈ! તેરી ચીજમેં આનંદ હૈ ઉસકા તું અનાદર કરકે, કોઈ ભી બાહ્ય ચીજમેં લોભાયમાન હોકર કષાયસે તેરા ચિત્ત રંગ જાતા હૈ–રંજાયમાન હો જાતા હૈ, આહાહા! યે મિથ્યાશલ્ય હૈ. આહાહા! સમજમેં આયા? વીતરાગમાર્ગ હૈ યે. વીતરાગમાર્ગમેં અપને સ્વરૂપમેં વીતરાગતા ભરી પડી હૈ. ઐસી વીતરાગતાકી રુચિ છોડકર બાહ્યમેં કોઈ ભી અનુકૂલ ચીજકા આકર્ષણ હો જાય, ઉલ્લસિત વીર્ય હો જાય, ઉત્સાહ આ જાય, આહાહા! એમ કહે છે. ઉસસે તેરે ચિત્તમેં કષાયકે રંગસે રંગ ચડ ગયા હૈ, વીતરાગકા રંગ તુજે નહીં હુઆ. સૂક્ષ્મ છે ભાઈ! પરમાત્માકા માર્ગ સૂક્ષ્મ હૈ, સૂક્ષ્મ હૈ.

ભવભ્રમણકા કારણ ઐસા ચિત્ત, એમ છે ને? **और बारम्बार कामबाणकी अग्नि...** આહાહા! શબ્દ જ્યાં અનુકૂળ પડે અને પ્રસન્નતા આ જાય, રૂપ અનુકૂળ દેખે તો પ્રસન્નતા આ જાય, ભોજન અનુકૂળ ખાકર પ્રસન્નતા આ જાય, ખાનેકી ક્રિયાકે કાલમેં હોં, ક્રિયા તો જડકી હૈ, સુગંધ આદિ દેખકર પ્રસન્નતા આ જાય, આહાહા! સ્પર્શમેં પ્રસન્નતા આ જાય, પંચેન્દ્રિયકા વિષય ભોગાદિ, માખણ જૈસા સુંદર શરીર ઉસમેં પ્રસન્નતા આ જાય, મિથ્યાત્વશલ્ય હૈ એમ કહતે હૈં. આહાહા!

શ્રોતા : પ્રભુ! આવા ભાવોનું ........ એ એકાંત છે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : દોષ છેને. વાત એ માટે છેને ભાઈ! વીતરાગનો માર્ગ પહેલો તો સત્ય ક્યા હૈ સુનનેમેં આયા નહીં. આહાહા! એમને એમ પુણ્યની ક્રિયા (કરે ઔર) બાહરમેં પ્રસન્નતા આ જાય, મિથ્યાત્વ હૈ એમ કહતે હૈં. ક્યા કહતે હૈં?

શ્રોતા : શુભભાવમેં લગ જાય તો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : લગ જાય (ઔર) પ્રસન્નતા આ જાય વહ મિથ્યાત્વ હૈ. એ પુણ્યની વાત કરી હતીને. આહાહા!

અહીંયા તો, વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા હૈ તો ઉસમેંસે વીતરાગતા પ્રગટ હોતી હૈ. વહ બહારસે આતી હૈ? તો વીતરાગતા અપને નિજ સ્વરૂપકા અંતરકા પ્રેમ, રુચિ ઔર આદર છોડકર પરકી કોઈ ભી ચીજ નાનામાં નાનો રાગનો કણ કે અનુકૂલતા દેખકર પ્રસન્નતા, ઉલ્લસિત વીર્ય, હોંશ, હરખ આ જાય (તો) મિથ્યાત્વ હૈ એમ કહતે હૈં, એમ વાત કરે છે. ક્યોંકિ

કોઈ પરમેં હોંશ કરનેકી ચીજ હૈ નહીં. આહાહા! ઐસા માર્ગ સૂક્ષ્મ હૈ ભગવાન! તેરી ચીજમેં તો, અતીન્દ્રિય આનંદસે લબાલબ ભરા હૈ તેરા આત્મા. ઉસ તરફકા અનાદર કરકે કોઈ ભી ચીજમેં લીનતા, પ્રસન્નતા (હૈ), અનુકૂલ હૈ ઐસા વિકલ્પ ઉઠતા હૈ, તો કહતે હૈં કિ મિથ્યાત્વશલ્યને તેરી શાંતિકો જલા દિયા. આહાહા! સમજમેં આયા? યે પંચમહાવ્રતકા પરિણામ હૈ વહ શુભરાગ હૈ. રાગમેં ભી પ્રસન્નતા આ જાય કિ મૈં ઠીક કરતા હૂં, મિથ્યાત્વશલ્ય હૈ. બાત ઐસી હૈ ભગવાન! આહાહા!

શ્રોતા : યે ચીજ તો અનાદિકી પડી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે અનાદિકી પડી હૈ ઉસકો યહાં બતાતે હૈં. ભાઈ! તુજે ખબર નહીં હૈ. પ્રભુ! સૂક્ષ્મ શલ્ય અંદર રહતા હૈ તુજે. શલ્યકી બાત હૈ ન?

ભગવાન આત્મા આનંદકા કંદ હૈ પ્રભુ, ઉસમેં સન્મુખ હોકર દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ક્યોંકિ આત્મા નિઃશલ્યસ્વરૂપ હૈ. નિઃશલ્યસ્વરૂપકા આશ્રય કરનેસે નિઃશલ્ય પરિણતિ ઉત્પન્ન હોતી હૈ. ઔર નિઃશલ્ય ભગવાન આત્મા સુખકા સુંદર સમુદ્ર, સુખકા સરોવર, ઓહો! ઉસ તરફકા ઉત્સાહિત વીર્ય છોડકર, છોટેમેં છોટી કોઈ ભી ચીજકી અનુકૂલતામેં ઉત્સાહિત હો જાના, સ્વરૂપકા લક્ષ, રુચિ છૂટ જાના વહ મિથ્યાત્વશલ્ય હૈ. એ વ્યાખ્યા મિથ્યાત્વશલ્યની છે. કામબાણમાં તો પાંચેય કહ્યું છે ને? પાંચેય છેને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. આહાહા! ભગવાન તો અતીન્દ્રિય હૈ ન. પ્રભુ આત્મા તો અતીન્દ્રિય આત્મા હૈ. અતીન્દ્રિય પરિણતિ દ્વારા અતીન્દ્રિય પદાર્થકા અનુભવ હોતા હૈ. ઐસા (આત્મા) છોડકર શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઉસમેં પ્રસન્નતા (આયે), સ્વભાવકી પ્રસન્નતા છોડકર ઉસમેં રાગ આ જાય કિ બડા અચ્છા હૈ, (તો) મિથ્યાત્વ શલ્ય હૈ.

અરે! 'બારંબાર' ભાષા એમ વાપરી છે ને. **मुहुः मुहुः**... '**मुहुः**' એક શબ્દ છે લ્યોને. **मुहुः** છેને? **मुहुः**—વારંવાર. ભગવાન! વારંવાર તેરા આનંદસ્વરૂપ તરફ (દ્રષ્ટિ કરકે) સદા શીવમાર્ગકો પ્રગટ કરના ચાહિયે. યે ન કરકે બારંબાર બાહ્યકે કોઈ ભી પદાર્થમેં સુખબુદ્ધિ– પ્રસન્નબુદ્ધિ હો જાય, (તો) ભગવાન! તેરા ચિત્ત જલ જાય. આહાહા! ઉસ કારણસે **कषायक्लेशसे रंगे हुए चित्त**... ચાહે તો અશુભરાગ હો કિ ચાહે તો શુભરાગ હો, યે **कषायक्लेशसे रंगे हुए चित्तको तू अत्यन्त छोड़**... '**मोत्तूणं**' છેને. **मोत्तूणं** (એટલે) છોડ. આહાહા! મૂળ તો **मोत्तूणं** પાઠમાં હતુંને એ વાત પાછી કળશમાં 'છોડ' ને ... એમ કરીને કહે છે. આહાહા!

ઐસે **कषायक्लेशसे रंगे हुए चित्तको तू अत्यन्त छोड़... उच्चइ**... ક્યાંથી આવ્યું? **चित्तंउच्चइ... जो विधिवशात्** (-**कर्मवशताके कारण**) **अप्राप्त है**... આહાહા! અરે! વિકારકે વશ હુઆ, ભગવાન આત્મા પ્રાપ્ત નહીં હુઆ તુજે. રાગ ને વિકાર–શુભ કે અશુભ ઉસકે વશ હુઆ **ऐसे निर्मल विधिवशात्** (-**कर्मवशताके कारण**) **अप्राप्त है** પ્રભુ. ક્યા કહતે હૈં? શુભ-

અશુભરાગકે ભાવમેં તું વશ હૈ ઉસ કારણસે વીતરાગતા તુજે પ્રગટ નહીં હુઈ. શુભ-અશુભરાગસે અપ્રાપ્ત હૈ ભગવાન આત્મા. ઉસમેં વશ હોતા હૈ, રાગકે વશ હોકર શુદ્ધ ભગવાન આત્માકી અપ્રાપ્તિ હુઈ તુજે. ઐસે નિર્મળ સ્વભાવકો યે અપ્રાપ્ત હૈ, રાગકે તાબે–વશ હોકર તુજે આનંદકી અપ્રાપ્તિ હૈ, કહતે હૈં. આહાહા!

**विधिवशात् अप्राप्त है...** કોઈ એમ કહે કે કર્મને વશે (છે). યે કર્મકે વશ આત્માકી પર્યાય હુઈ હૈ, કર્મને વશ કિયા નહીં. **विधिवशात्** હૈ ન? સ્વયં વિધિકો વશ હોતા હૈ, કર્મ ઉસકો પરાધીન કરતા હૈ ઐસા નહીં. સ્વદ્રવ્યકો આધીન નહીં હોતા હૈ તો વિધિવશાત્ રાગ-દ્વેષકે આધીન હો જાતા હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? અનંતકાલમેં મુનિવ્રત ભી ધારણ કિયા, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો', છતાં મિથ્યાત્વશલ્ય રહ ગયા. ઉસકા અર્થ કિ સ્વભાવકી રુચિ, આશ્રય છોડકર પરમદેવ ત્રિલોકનાથ તીર્થંકર ઉસકે પ્રતિ ઉત્સાહિત પરદ્રવ્યમેં હો જાના, આહાહા! વહ ભી શલ્ય હૈ. ઐસા શલ્ય અનંત કાલમેં રહ ગયા હૈ. સમજમેં આયા?

અરે! **निर्मल स्वभावनियत सुखको...** ભાષા દેખો! **स्वभावमें निश्चित रहता हुआ, स्वभावमें नियमसे रहा हुआ,** સ્વભાવમેં કાયમ રહા હુઆ.' ક્યા? સુખ. ઓહોહો! ભગવાન આત્મામેં આનંદ હૈ. **निर्मल स्वभावनियत** (અર્થાત્) સ્વભાવમેં નિશ્ચિત રહા હુઆ ઐસે સુખકો **तू प्रबल संसारकी भीतीसे डरकर...** આહાહા! ઓહો! ચાર ગતિકે દુઃખસે ડરકર... ચારોં ગતિ દુઃખરૂપ હૈં. દેવ, નરક, પશુ, મનુષ્ય દુઃખરૂપ ગતિ હૈં, પરાધીનતા હૈ. આહાહા! ઐસે **प्रबल संसारकी भीती...** આહાહા! સંસારનો ડર... **भीतीसे डरकर...** દેખો! સંસારના દુઃખના ભયથી ડરકર... કોઈ નારકીના દુઃખથી ડરીને, ઐસા નહીં. ચાર ગતિકા દુઃખ હૈ ઉસસે ડરકર. આહાહા!

શ્રોતા : નારકીના દુઃખથી તો મિથ્યાદૃષ્ટિ પણ ડરે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ નથી ડરતો, એ બહારના દુઃખથી ડરે છે. અંતરની આકુળતાના દુઃખથી ડરતો નથી. સંયોગ પ્રતિકૂળતા આવે છે એનાથી ડરે છે. પણ પુણ્ય ને પાપકા વિકલ્પ યે દુઃખરૂપ હૈ ઉસસે નહીં ડરતા. પુણ્યકે ભાવમેં પ્રેમ કરતા હૈ, પાપસે ડરતા હૈ, મિથ્યાત્વભાવ હૈ. આહાહા! શલ્ય હૈ–મિથ્યાત્વશલ્ય હૈ. ભાઈ! આહાહા! નવમી ગ્રૈવેયક ગયો ને કાંઈ રહી ગયું? સમજણમેં આયા? સૂક્ષ્મ શલ્ય રહ ગયા હૈ. ઉસમેં તો લિયા હૈ ન વહ? વ્યવહારકા સૂક્ષ્મ શલ્યકા આશ્રય રહ ગયા હૈ, અભવિ ને ભવિ સબકો. નવમી ગ્રૈવેયક ગયા તો અંદરમેં સૂક્ષ્મ રાગ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનો પ્રેમ ઉસમેં 'ઠીક હૈ' ઐસા શલ્ય રહ ગયા હૈ. ઉસ કારણસે અપરાધ હૈ, .... અપરાધ હૈ. આહાહા! સમજમેં આયા? ઓહો! નિર્મળ સ્વભાવમાં નિયત–નિશ્ચિત–નિયમથી ભરેલો આનંદ, આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એના સુખને **प्रबल संसारकी भीतीसे डरकर भज.** સંસારના દુઃખથી ડરીને આત્માના આનંદને ભજ એમ કહે છે. ક્યા કહા સમજમેં આયા? આહાહા!

યે તીનોં શલ્ય ઇસમેં આ ગયે. નિદાનશલ્ય ભી દુઃખ હૈ ન? યે ફલ હો તો ઠીક હો મુજે. ક્યા ફલ દુઃખ? રાગકી ક્રિયાસે સ્વર્ગ મિલે તો દુઃખ. માયા, કપટ, કુટીલતા, દંભ કરના વહ સબ શલ્ય હૈ. રાગસે ધર્મ હૈ નહીં (ઔર) માનતા હૈ વહ ભી માયા-કપટ શલ્ય હૈ. આહાહા! માર્ગ તો ઐસા હૈ ભાઈ! વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માને સમવસરણમેં ઇન્દ્ર ને ગણધર સમક્ષ યે બાત કી થી (કિ) માર્ગ યે હૈ. ઓલો ડર લાગે. કાલ છોકરો મરી ગયોને એક... ઘરમાં ત્રાસ.. ત્રાસ.. ત્રાસ.. ચાર ભાઈઓ આમ છાતીફાટ રોતા હતા. ૨૫ વર્ષનો જુવાન. કલ યહાં અકસ્માત હો ગયા. ૨૫ વર્ષકા જુવાન ઐસા બસમેં બૈઠા થા. આધા અંગ બહાર થા (ઔર) કમાડ (-દરવાજા) ખુલ્લા થા. કમાડ ક્યા? બસકા દરવાજા ખુલ્લા થા. ખટારા આયા તો દરવાજા ઔર વો આદમી ઐસે રોટી જેસૈ દબ ગયે. પરસોં રાત સાડા નવ, દસ બજે થે. સારે ગાંવમેં બહોત..... એવું સાંભળ્યું કે એના ચારે ભાઈઓ એવું રોયા છાતીફાટ. બાપુ! કોને રોવું ભાઈ! કિસકો રોના? 'રોનારા નહીં રહેનાર રે..' રોનેવાલા કહાં રહનેવાલા હૈ યહાં? કિસકો તુમ રોતે હો? આહાહા! ભગવાન આત્મા... અરે! એવું તો અનંતવાર કર્યું છે હોં.

અહીં તો જરી સૂક્ષ્મ વાત મુનિએ લીધી છે. જેને પાંચ ઇન્દ્રિયોના વિષયોના તરફની કંઈપણ સુખબુદ્ધિ હો જાય તો યે શલ્ય હૈ. એ શલ્યને સ્વભાવનિયત સુખ ઉસકા આશ્રય કરકે-ઉસકા ભજન કરકે છોડ. આહાહા! ક્રિયાકાંડમેં ભી રાગ હૈ ન પુણ્ય ઔર ઉસસે મુજે સુખ હોગા, મોક્ષ હોગા તો વહ ભી મિથ્યાત્વશલ્ય હૈ. આહાહા! સુખ તો, ભગવાન આત્મામેં અતીન્દ્રિય આનંદ હૈ. જિસકે એક સમયકે આનંદમેં સારી દુનિયા (કિ) ઇન્દ્રકે ઇન્દ્રાસન સડા હુઆ... ક્યા કહતે હૈં? તિનકા, કૂડેકા ઢેર. ઉકરડા હોતા હૈ ન ઉકરડા? કુડા, કુડેકા ઢેર. ઐસે જ્ઞાનીકો અપને આનંદકી રુચિકે આગે સારે ઇન્દ્રકે ઇન્દ્રાસન સડે હુએ તૃણ જૈસા દિખે. જિસમેં કુછ ભી પ્રીતિ-પ્રેમ અંદર આ જાય... આસક્તિ દૂસરી ચીજ હૈ. ધર્મીકો રાગકી આસક્તિ હોતી હૈ, પણ રાગમેં રુચિ ને સુખબુદ્ધિ નહીં હોતી. સમજમેં આયા?

સમ્યગ્દૃષ્ટિ ચૌથે ગુણસ્થાનમેં ૯૬ હજાર સ્ત્રીકે ભોગમેં દિખતા હૈ. રાગ હૈ, પણ રાગમેં રસ નહીં હૈ, રાગકા પ્રેમ નહીં. નહીં, નહીં. દુઃખ.. દુઃખ.. દુઃખ. વિષયભોગકી વાસના ધર્મીકો દુઃખ(રૂપ) લગતી હૈ. આહાહા! જૈસે કાલા નાગ દેખકર ડર જાય, ઐસે ધર્મીકો અશુભરાગસે તો દુઃખ લગતા હૈ, ડર જાતા હૈ. આહાહા! અજ્ઞાની ઉસકે પ્રેમમેં રંગા જાતા હૈ. ઇતના ફેર હૈ. ઓહો! રાગને વશે જે ચૈતન્ય અપ્રાપ્ત છે, એ નિર્મળ સ્વભાવ નિશ્ચય સુખકો **प्रबल संसारकी भीती...** જોયું! **प्रबल संसारकी भीतीसे डरकर...** આહાહા! સંસારના ભયથી ડરકર, ઐસે કહા હૈ. નરકના દુઃખ ને ઢોરના દુઃખ-પશુકે દુઃખસે ડરકર ઐસા નહીં કહા હૈ. કેમકે સારી આકુલતા હૈ (વહ) સબ દુઃખ હૈ. ચીમનભાઈ! આ પૈસા-બૈસામાં મજા લાગે એ દુઃખ છે-દુઃખ હૈ એમ કહતે હૈં. પાંચ-પાંચ લાખના બંગલા... એ શેઠ! એને વળી છ લાખનો બંગલો. ઉસમેં રહતે હૈં, હીંડોળે

હીંચકે છે. ક્યા કહતે હૈં? ઝૂલા.. ઝૂલા.. આહાહા! દુઃખકે ગંજમેં પડા હૈ. દુઃખકી પર્યાયકે વેદનમેં પડા હૈ વહ આત્મા, એમ કહતે હૈં. આનંદ તો આત્મામેં હૈ ઉસકી તો ખબર નહીં, શ્રદ્ધા નહીં, શ્રદ્ધાકી ખબર નહીં. આહાહા! ૧૧૭ કળશ હુઆ.

**प्रबल संसारकी भीतीसे डरकर**... એમ છે ને? **भज**. કોને? નિર્મળ સ્વભાવનિયત સુખ. આહાહા! સ્વભાવમેં ભરા હુઆ આનંદ ઉસ સન્મુખ હો તો ભજન હોતા હૈ. રાગસે વિમુખ હોકર, વ્યવહારકે વિકલ્પસે વિમુખ હોકર, સ્વભાવ સુખરૂપકે સન્મુખ હોકર એકાગ્રતા કરના વહ સુખકા ભજન કહનેમેં આતા હૈ. આહાહા! સુખ(રૂપ)કે ભજનમેં સુખ હોતા હૈ. આહાહા!

**चत्ता अगुत्तिभावं तिगुत्तिगुत्तो हवेइ जो साहू ।**
**सो पडिकमणं उच्चइ पडिकमणमओ हवे जम्हा ।।८८।।**
**जो साधु छोड अगुप्तिको त्रय-गुप्तिमें विचरण करे,**
**प्रतिक्रमणमयता हेतुसे प्रतिक्रमण कहते हैं उसे. ८८**

**टीका : त्रिगुप्तिपना (-तीन गुप्ति द्वारा गुप्तपना) जिसका लक्षण है ऐसे परम तपोधनको निश्चयचारित्र होनेका यह कथन है.** સચ્ચે સંત ચારિત્રવંત... સચ્ચે સંત ચારિત્રવંત ઉસકા લક્ષણ કહતે હૈં. વે તો ત્રિગુપ્તિ-ગુપ્ત હૈ. આહાહા! સચ્ચે સંતકી ચારિત્રદશા... અચારિત્રસે પ્રતિક્રમણ હુઆ... કહા ન? મનમેં અશુભસે છૂટના વહ વ્યવહારગુપ્તિ, પણ શુભસે છૂટના વહ નિશ્ચયગુપ્તિ. શુભભાવ જો હૈ યે તો પ્રતિક્રમણ કરનેલાયક હૈ–ઉસસે હઠનેલાયક હૈ, ઉસમેં રહનેલાયક નહીં. **त्रिगुप्तिपना जिसका लक्षण है ऐसे परम तपोधन**–મુનિ... જિસકે પાસ ચારિત્રરૂપી ધન હૈ. આનંદમેં રમણતાકી દશા વહ ચારિત્રધન હૈ. આહાહા! તપોધન કહા ન? ચારિત્રરૂપી ધન. ચીમનભાઈ! પૈસારૂપી ધન નહીં. સુખકા સાગર ભગવાન આત્મા ઉસમેં લીનતા કરકે વીતરાગદશારૂપ પરિણામ હુઆ વહ ચારિત્ર. વહ ચારિત્રકા ધન હૈ ઉસકે પાસ. મન-વચન-કાયાકે શુભાશુભ(ભાવ)સે રહિત ઉસકા નામ યહાં (નિશ્ચય) ગુપ્તિ કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા?

વીતરાગદર્શનની વાત જ બહુ... શ્રીમદ્દે કહ્યુંને, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે કે વસ્તુ આવી છે. આમ કહેવા માગે છે. જેને ક્ષણે-ક્ષણે અને સમયે-સમયે જે કાંઈ શુભપરિણામ આવે એ દુઃખરૂપ છે. એનાથી હઠી જાય ત્યારે ગુપ્તિ કહેવામાં આવે છે. આહાહા! હજી તો અહીં નિશ્ચય ભાન વિનાની વ્યવહારસમિતિ એનાય ઠેકાણે ન મળે. અહીં તો કહે છે ભગવાન... પ્રતિક્રમણ છેને એટલે અગુપ્તિથી છૂટવું ને ગુપ્તિમાં આવવું, એમ. મન-વચન ને કાયાના શુભાશુભભાવ એ અગુપ્તિભાવ છે–અગુપ્તિભાવ હૈ. ઉસમેં હઠકર આત્મામેં આના વહ ગુપ્તિભાવ હૈ. સમજમેં આયા? પરમ તપોધન, પાછા. એમ લીધી ભાષા છે જોયું! પરમ. આહાહા! તપોધન કહો કે નિશ્ચય ચારિત્ર કહો. સચ્ચા ચારિત્ર, મન-વચન-કાયાકી શુભાશુભ

પરિણતિ જો વિકલ્પ–રાગ હૈ ઉસસે હઠકર સ્વરૂપમેં લીનતા હોના વહ ગુપ્તિભાવ ને નિશ્ચયચારિત્ર હૈ. યે ગુપ્તિભાવ વહ નિશ્ચયચારિત્ર હૈ. પંચમહાવ્રતકે પરિણામસે ભી હઠકર સ્વરૂપમેં ઠહરના વહ નિશ્ચયગુપ્તિ ને નિશ્ચયચારિત્ર હૈ. આહાહા!

**परम तपश्चरणरूपी सरोवरके कमलसमूहके लिये...** આહાહા! દિગંબર મુનિ ટીકાકે કરનેવાલે ઔર કુંદકુંદાચાર્ય ગાથા(કર્તા). દો હજાર વર્ષ પહલે સંવત ૪૯મેં કુંદકુંદાચાર્ય હુએ, ભગવાનકે પાસ ગયે, આઠ દિન રહે. પરમાત્મા બિરાજે છે. આહાહા! આઠ દિન સુનકર આયે, યે શાસ્ત્ર બનાયા. હજાર વર્ષ પીછે મુનિ હુએ પદ્મપ્રભમલધારિ મુનિ–દિગંબર સંત ધ્યાની, જ્ઞાની, આત્મામેં ભાવલિંગ સહિત. નિર્વિકલ્પદશા યે ભાવલિંગ હૈ. આહાહા! પરમાત્મપ્રકાશમાં કહ્યું છેને. ભાવલિંગ ભી જિસમેં નહીં. પરમાત્મપ્રકાશમાં છે. છેને આ બાજુ છે. આ બાજુ છે. નિર્વિકલ્પ–રાગના વિકલ્પ વિનાની વીતરાગી પરિણતિ એ ભાવલિંગ સંતકા, યે ભાવલિંગ ભી વસ્તુમેં નહીં. આહાહા! વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ હૈ. સમજમેં આયા?

શરીર, કર્મ તો નહીં ભગવાન આત્મામેં, પુણ્ય-પાપ તો નહીં, પણ નિર્વિકલ્પચારિત્ર વીતરાગીદશા મોક્ષકા માર્ગ ગુપ્તભાવ, શુભસે ભી ગુપ્ત હોકર સ્થિર હોના, વહ ભી એક સમયકી પર્યાય હૈ, વસ્તુમેં નહીં–સમ્યગ્દર્શનકા વિષય ધ્રુવ ઉસમેં નહીં. વહ પર્યાય હૈ. આહાહા! આવો માર્ગ સાંભળવા મળે નહીં એ સમજે કે દિ'? કબ સમજે ઔર કબ રુચિ કરે ને કબ પ્રગટ હો? આહાહા! ઐસા માર્ગ.... પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં. વહ તો પર્યાય હૈ. પર્યાય હૈ ન વહ? ક્ષણિક હૈ. મોક્ષમાર્ગકી પર્યાય ક્ષણિક હૈ. જિસકે આશ્રયસે પ્રગટ હો વહ ધ્રુવ હૈ. ધ્રુવમેં વહ પર્યાય હૈ નહીં. ભારે આકરું કામ જગતને. આહાહા! આ મરી જાય છે આમને આમ જુઓને! જન્મ-મરણ કરી કરીને ઘાણીમાં પિલાય છે. એ માને છે કે કાંઈક ઠીક છે અમારે. ધૂળમાંય ઠીક નથી. શરીર ઠીક હોય, પૈસા ઠીક હોય, બાયડી ઠીક હોય... ક્યા ઠીક હૈ? ભગવાન! ઠીક(પના) તો તેરી ચીજમેં હૈ. ઐસા અપના સુખ અપનેમેં હૈ ઐસી પ્રતીત નહીં કરકે, કુછ ભી શુભભાવ આદિમેં ઠીક હૈ (ઐસા માનના), આહાહા! યે અગુપ્તિભાવ હૈ, ગુપ્તભાવ નહીં. આહાહા!

શું કહે છે? અરે! પરમ ચારિત્રરૂપી સરોવર... તપશ્ચરણ છેને મુનિમાં...? તપશ્ચરણ એટલે મુનિપણું, ચારિત્રપણું. સમ્યગ્દર્શન-જ્ઞાન ને અનુભવ સહિત સ્વરૂપમેં લીનતારૂપ ચારિત્ર, આનંદ. ઓહોહો! **परम तपश्चरणरूपी सरोवरके कमलसमूहके लिये प्रचंड सूर्य समान ऐसे जो अति आसन्नभव्य मुनीश्वर...** મુનિશ્વરની વ્યાખ્યા કરી છે. આહાહા! કૈસે હૈં મુનિશ્વર? અપને વીતરાગી પરિણતિ–ચારિત્રરૂપી સરોવરકે કમળસમૂહકે લિયે... એ સરોવરનું કમળસમૂહને પ્રચંડ સૂર્ય સમાન... ચારિત્રને વિકાસ કરવા અને વીતરાગી પરિણતિને વિકાસ કરવા મુનિ સૂર્ય સમાન છે. કમળને ખીલવામાં જેમ સૂર્ય નિમિત્ત છે... સવેરેમેં કમળ ખીલતા હૈ ન કમળ? ઐસે

ભગવાન સંત ઉસકો કહે કિ જિસકી વીતરાગી પરિણતિ ખીલનેમેં સૂર્ય સમાન હૈ. આહાહા! વ્યવહાર દયા, દાન, વ્રતના પરિણામ ખીલનેમેં વહ (આશ્રય) હૈ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ કુછ?

ઐસે આસન્નભવ્ય મુનિશ્વર... ઓહોહો! જિસકી મુક્તિ નજીકમેં હૈ. ઐસા ચારિત્ર... ચારિત્રવંત તો અલૌકિક હૈં, પણ ઐસા ચારિત્ર ક્યા ચીજ હૈ વહ સુનનેમેં દુર્લભ હો ગઈ લોગોંકો. આહાહા! ઐસે આસન્નભવ્ય... **प्रचंड सूर्य समान...** પાછી ભાષા લીધી છેને. આહા! અપને ચારિત્રરૂપી સરોવરકે કમળકે સમૂહકો–નિર્મળ વીતરાગીદશાકો પ્રચંડ સૂર્ય સમાન... આહાહા! **ऐसे जो अति आसन्नभव्य मुनीश्वर बाह्य प्रपंचरूप अगुप्तिभाव छोड़कर...** આહાહા! કહતે હૈં, શુભવિકલ્પ હૈ વહ તો સબ પ્રપંચ હૈ. સમજમેં આયા? પંચ મહાવ્રતકા પરિણામ, ૨૮ મૂળગુણકા પરિણામ, શ્રાવકકે ૧૨ વ્રતકા પરિણામ—સબ વિકલ્પ પ્રપંચ હૈ, રાગકા પ્રપંચ હૈ. કેવી ટીકા કરી છે લ્યો! એ પસંદ ન પડ્યું. આહાહા! **बाह्य प्रपंचरूप अगुप्तिभाव छोड़कर...** બાહ્યપ્રપંચ નામ શુભવિકલ્પ યે બાહ્ય પ્રપંચ હૈ, યે અગુપ્તિભાવ હૈ. **छोड़कर... चत्ता** છેને ૮૮માં? **त्रिगुप्तिगुप्त निर्विकल्प-परमसमाधिलक्षणसे लक्षित...** આહાહા! મન, વચન ને કાયા ઉસકા શુભભાવ ઉસસે હટકર **त्रिगुप्तिगुप्त...** આનંદસ્વરૂપમેં ગુપ્ત હો ગયે.

**निर्विकल्प-परमसमाधि...** આહાહા! શુભરાગ થા વહ આકુલતા થી, દુઃખ થા, ઉસે છોડકર **त्रिगुप्तिगुप्त निर्विकल्प-परमसमाधि...** પરમ શાંતિ, પરમ આનંદકી લહેર ઐસે લક્ષિત **अति-अपूर्व आत्माको ध्याते हैं...** આહાહા! ઐસે અપૂર્વ આત્માકો... આત્મા તો હૈ હી હૈ, પણ વીતરાગ પરિણતિકે દ્વારા ધ્યાતે હૈં યે અપૂર્વ આત્માકો ધ્યાતે હૈં. આહાહા! કભી નહીં કિયા થા, અનંતકાલમેં નહીં. **अपूर्व आत्माको ध्याते हैं...** પૂર્વમેં કભી તીન કાલમેં નહીં ધ્યાયા થા. પાછો અતિ અપૂર્વ, એમ. **वे मुनीश्वर प्रतिक्रमणमय परमसंयमी होनेसे ही...** લ્યો. અંતરકી વીતરાગ આનંદકી દશામેં રમનેવાલે... પ્રતિક્રમણમય... યે પર્યાય અભેદ હો ગઈ. **परमसंयमी होनेसे ही...** એ પરમસંયમી. **निश्चय-प्रतिक्रमणस्वरूप ही हैं.** સચ્ચી પ્રતિક્રમણસ્વરૂપ પર્યાય અભેદ હો ગઈ. આહાહા! આ પ્રતિક્રમણ. સાંજ-સવાર કરે છેને ગડિયા. એ મેઘાણી! પડિકમણા કર્યા હશે કે નહીં? ગયા હશે નહીં પર્યુષણમાં બધા? સંવત્સરીમાં જાવું પડે..... ચાલો નહીં તો જૈન નહીં ગણાઈએ, નાત બહાર કરશે. અરેરે! એ પડિકમણા... બાપા! હજી ધર્મ, આત્મા શું ચીજ છે અને દોષ કઈ પ્રકારના છે—બેના ભેદવિજ્ઞાન કર્યા વિના પરથી હઠીને સ્વરૂપમાં આવી શકે નહીં–આ સકતે નહીં. ઐસે મુનિકો પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૫, મંગળવાર, તા. ૨૭-૭-૧૯૭૧**
**શ્લોક – ૧૧૮, ગાથા – ૮૯, પ્રવચન નં. ૭૮**

યહ નિયમસાર ચલતા હૈ, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. સચ્ચા-યથાર્થ-નિશ્ચય પ્રતિક્રમણ કિસકો કહતે હૈં વહ અધિકાર હૈ. ૧૧૮ કલશ હૈ. ૧૧૮ કલશ હૈ ન ઉપર? ટીકા તો હો ગઈ ૮૮ ગાથાકી.

**अथ तनुममनोवाचां त्यक्त्वा सदा विकृतिं मुनिः**
**सहजपरमां गुप्तिं संज्ञानपुंजमयीमिमाम्।**
**भजतु परमां भव्यः शुद्धात्मभावनया समं**
**भवति विशदं शीलं तस्य त्रिगुप्तिमयस्य तत्।।११८।।**

ક્યા કહતે હૈં? **श्लोकार्थ : मन-वचन-कायकी विकृतिको सदा छोड़कर...** જિતને શુભ-અશુભભાવ હૈં વે સબ વિકૃતિભાવ હૈં. ઉસકો છોડકર... પ્રતિક્રમણ હૈ ન? (અર્થાત્) ઉસસે હઠકર... મન-વચન-કાયાકે નિમિત્તમેં હોનેવાલે શુભ અને અશુભભાવ જો અશુદ્ધભાવ (હૈં ઉસ) વિકૃતિકો સદા છોડકર... યે તો નાસ્તિસે બાત કી. **भव्य मुनि** (અર્થાત્) લાયક આત્મા-ધર્માત્મા **सम्यग्ज्ञानके पुंजमयी इस सहज परम गुप्तिको...** કહતે હૈં કિ અપના ત્રિકાળી સ્વભાવ જો જ્ઞાન ને આનંદ હૈ, ઉસમેં જ્ઞાનમેં એકાગ્રતા હોના, અશુદ્ધતાકો છોડકર શુદ્ધતામેં એકાગ્રતા હોના, યે ગુપ્તિ હૈ, વહ પ્રતિક્રમણ હૈ, વહ ધર્મધ્યાન હૈ, વહ મોક્ષકા માર્ગ હૈ. આહાહા!

**परम गुप्तिको शुद्धात्माकी भावना सहित...** ક્યા કહતે હૈં? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ ઐસા જો શુદ્ધ આત્મા, ઉસકી ભાવના-દ્રવ્યમેં એકાગ્રતા-ગુપ્તિકો યહાં પ્રતિક્રમણ કહતે હૈં (ઔર) અગુપ્તિકો અપ્રતિક્રમણ કહતે હૈં. અગુપ્તિકા ભાવ શુભ ને અશુભ દો ભાવ વહ અગુપ્તિભાવ હૈ. ઉસસે રહિત અપના જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ઉસમેં જ્ઞાનકી એકાગ્રતા વહ ગુપ્તિ ઔર ઉસકે સાથ પૂરે દ્રવ્યમેં એકાગ્રતા, યૂં કહતે હૈં. આહાહા! સૂક્ષ્મ બાત હૈ, અનંત કાલમેં કભી કિયા નહીં. વસ્તુ પૂરી અખંડ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા—સત્ નામ શાશ્વત-અવિનાશી, ચિદ્ ને આનંદ જિસકા ત્રિકાળી અવિનાશી સ્વભાવ હૈ ઐસા શુદ્ધાત્મા, ઉસકી ભાવના... ભાવનાકા અર્થ શુદ્ધ ચૈતન્યદ્રવ્યમેં એકાગ્રતા. આહાહા!

જો પુણ્ય ને પાપ તરફકી દશા ને દિશા હૈ, ઉસકી દિશા પર તરફ હૈ, દશા અશુદ્ધ હૈ. શુભ-અશુભભાવ યે અશુદ્ધ દશા હૈ ઔર ઉસકી દિશા પર તરફ હૈ. આહાહા! તો શુદ્ધદશા, અશુદ્ધકો છોડકર-વ્યય કર શુદ્ધદશાકા ઉત્પન્ન કરના... કિસકે આશ્રયસે? ત્રિકાળી ધ્રુવકે

આશ્રયસે. આહાહા! નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદ શાશ્વત વસ્તુ ધ્રુવ જો એક સમયકી પર્યાયસે ભી

પૃથક્ હૈ, આહાહા! ઐસા શુદ્ધાત્મા ઉસકી ભાવના, વહ પર્યાય હૈ. શુદ્ધાત્મા વહ ત્રિકાળી દ્રવ્ય હૈ ઔર ઉસકી ભાવના (અર્થાત્ દ્રવ્ય) સન્મુખમેં એકાગ્રતા વહ પર્યાય હૈ. દેખો! દ્રવ્ય ને પર્યાય—દો લે લિયે. ઐસી ચીજ જૈનદર્શન સિવા દૂસરે હોતી નહીં. વહ વસ્તુકા યથાર્થ સ્વરૂપ હૈ. ભગવાન આત્મા... યહાં દો બાત લી. અશુદ્ધભાવકો છોડકર જ્ઞાનકા પુંજરૂપ સમ્યગ્જ્ઞાનકી પર્યાય, ઉસકે સાથ, અકેલે જ્ઞાનમેં એકાગ્રતા નહીં, પણ પૂરે દ્રવ્યમેં એકાગ્રતા. આહાહા! સમજમેં આયા?

**सहज परम गुप्तिको शुद्धात्माकी भावना सहित...** ભગવાન પૂર્ણાનંદસ્વભાવકી અપની એકાગ્રતા સહિત **उत्कृष्टरूपसे...** યહાં તો મુનિકી બાત લેની હૈ ન. ચૌથે ગુણસ્થાનમેં સમ્યગ્દર્શનમેં ભી શુદ્ધ ધ્રુવ આત્મામેં અપની એકાગ્રતા તો હોતી હૈ. ઉસકે બિના સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા નહીં. ....ભાવ વહાં ભી ઐસા તો હોતા હૈ. આહાહા! ચૈતન્યકંદ પ્રભુ સહજાનંદકી મૂર્તિ આત્મા પરમેશ્વરસ્વરૂપ ઐસા શુદ્ધાત્મા, ઉસ સન્મુખકી એકાગ્રતા વહ જઘન્ય એકાગ્રતા, વહ સમ્યગ્દર્શન હૈ. જઘન્ય સમજતે હો? થોડા. યહાં તો મુનિકી વ્યાખ્યા હૈ, તો **भावना सहित उत्कृष्टरूपसे...** અંદરમેં ધ્રુવમેં ઉગ્રપણે લીન હોના, દ્રવ્યકા આશ્રય ઉગ્રપણે લેના. આહાહા! અગમ્ય વાત. યહી વસ્તુ હૈ. ધ્યાનકી પર્યાય, ધ્યાન તો પર્યાય હૈ–અવસ્થા હૈ. ઔર અવસ્થા, ત્રિકાળી દ્રવ્યમેં એકાગ્ર હોતી હૈ તો યહ અવસ્થા ઉત્પન્ન હોતી હૈ. દયા, દાન, વ્રત આદિ શુભાશુભ પરિણામમેં એકાગ્ર હોતી હૈ તો તો અશુદ્ધતા હૈ વહ તો. આહાહા! ઔર ઉસમેં એકાગ્રતાસે લાભ માનના, શુભપરિણામમેં એકાગ્રતા, અશુભ પરિણામમેં એકાગ્રતા વહ તો મિથ્યાત્વ હૈ. ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ શુદ્ધાત્મા... આહાહા! પુણ્ય-પાપકા ભાવ તો અશુદ્ધ હો ગયા, વહ અણાત્મા હૈ. પર્યાયમેં વહ અણાત્મા હૈ. આહાહા!

શુદ્ધાત્મા ત્રિકાળીબિંબ પ્રભુ ધ્રુવ ઉસકી એકાગ્રતા (અર્થાત્) ઉસકી ભાવના... ભાવના અર્થસે વિકલ્પ નહીં. ચિંતવન કરના કિ યે ઐસા હૈ—ઐસા નહીં. શુદ્ધસ્વરૂપમેં એકાગ્રતા ઉસકા નામ ભાવના કહનેમેં આતા હૈ. આહાહા! વહ નિર્વિકલ્પ પર્યાય હૈ. ભાવના (અર્થાત્) રાગકે સંબંધ બિનાકી શુદ્ધ આત્મામેં એકાગ્રતા વહ વીતરાગી પર્યાય હૈ. આહાહા! હૈ પર્યાય–અવસ્થા–હાલત, પણ હૈ વીતરાગી, ઉસકા નામ પ્રતિક્રમણ ને ઉસકા નામ સચ્ચી ગુપ્તિ કહનેમેં આતા હૈ. આહાહા! જુઓ! જિનેન્દ્રનો માર્ગ. જિનેન્દ્રકે સિવા દૂસરે ઐસી ચીજ કહીં હોતી નહીં. ક્યોં? 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્' અશુદ્ધતાકા વ્યય કરકે, શુદ્ધ ધ્રુવકા આશ્રય કરકે, શુદ્ધતા ઉત્પન્ન (કી), તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ તીનોં આ ગયે. સમજમેં આયા? આહાહા!

ઐસી ચીજ સંતોને જગતકે પાસ જાહેર કી. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્માકી સભામેં ઇન્દ્રકે સમક્ષ ઔર ગણધરકે સમક્ષ પરમાત્માની દિવ્યધ્વનિમેં યહ આયા. લાલચંદજી! આહાહા! ભગવાન! એક બાર સુન તો સહી, કહતે હૈં. તેરી ચીજ તો અંતર અનંત.. અનંત.. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત પ્રભુતાસે ભરા પડા પ્રભુ આત્મા હૈ. આહાહા! ઉસમેંસે અનંતવે ભાગમેં પ્રભુતા પ્રગટ હો ઉસકા નામ સચ્ચા પ્રતિક્રમણ ઔર સચ્ચા જ્ઞાન ઔર સચ્ચી ગુપ્તિ કહનેમેં આતા હૈ. આહાહા! લોકોને નિશ્ચયનું એવું લાગે (કે) કાંઈ અંદર વ્યવહાર.. વ્યવહાર... વ્યવહાર હોય છે, પર વહ તો છોડને લાયક હૈ. હૈ ખરા. વ્યવહાર બીચમેં (નહીં) આતા હૈ ઐસા નહીં, આતા હૈ, પણ વહ વસ્તુ(સ્વરૂપસે) ધર્મ નહીં. આહાહા!

શ્રોતા : ધર્મનું કારણ તો ખરા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કારણ-ફારણ હૈ નહીં, યે તો વ્યવહારસે કહનેમેં આતા હૈ. કારણ-ફારણ કૈસા? કારણકા નિરૂપણ દો પ્રકારકા હૈ, કારણ તો એક હી હૈ. સમજમેં આયા? આયા ન? કિ મોક્ષમાર્ગકા નિરૂપણ દો પ્રકારસે હૈ. મોક્ષમાર્ગપ્રકાશક ૨૫૬ પાનું. હમારે ગુજરાતીમેં હૈ. હિન્દીમાં (જે) પાનું હોય એ ખરું. ઐસા હી હોગા. 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' ભગવાન ઉમાસ્વામીકા સૂત્ર હૈ. યે નિશ્ચય સમ્યગ્દર્શનકી બાત હૈ, વ્યવહારકી બાત હૈ નહીં વહાં. 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ' હૈ, યે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ધ્રુવકે આશ્રયસે ઉત્પન્ન હોનેવાલી પર્યાય હૈ. સમજમેં આયા? (એક) પર્યાય ઉત્પન્ન હોતી હૈ, એક પર્યાય વ્યય હોતી હૈ, ધ્રુવપને કાયમ રહતા હૈ. આહાહા! સમજમેં આયા? ધ્રુવ યે સામાન્ય હૈ, ઉત્પાદ-વ્યય વહ વિશેષ હૈ. ઉત્પાદ-વ્યય હૈ વહ વ્યવહાર(નય)કા વિષય હૈ, ધ્રુવ નિશ્ચય(નય)કા વિષય હૈ. સમજમેં આયા?

તો યહાં કહતે હૈં... ઓહો! બહુ ટૂંકામાં, પદ્મમલધારિદેવ મુનિ થે ૯૦૦ વર્ષ પહલે. અમૃતચંદ્રાચાર્યકે બાદમેં હુએ હૈં. દિગંબર મુનિ–સંત જંગલમેં રહતે થે. પરમાગમ જિસકે મુખમેંસે નિકલતા થા. છદ્મસ્થ મુનિ. મુનિ વે ક્યા? છઠવેં-સાતવેં ગુણસ્થાનમેં ઝૂલનેવાલે. આહાહા! વહ કોઈ દશા પરમેષ્ઠી દશા! ઉનકે મુખમેંસે વીતરાગભાવ હી નિકલતા થા, એમ કહતે હૈં. સમજમેં આયા? વહ યે વીતરાગભાવ. ભગવાન આત્મા શુદ્ધાત્મા... પહલે તો ઐસા કહા કિ ગુપ્તિ તો જ્ઞાનસ્વરૂપ ભગવાનમેં એકાગ્ર હોના વહ ગુપ્તિ. પણ અકેલે જ્ઞાનમેં નહીં, પૂરે આત્મામેં એકાગ્ર હોના ઇસલિયે 'શુદ્ધાત્માકી ભાવના સહિત' ઐસા લિયા. આહાહા! સમજમેં આયા? સૂક્ષ્મ ભાવ હૈં ભૈયા! યે તો નિયમસાર હૈ ન? નિયમસારકી વ્યાખ્યા. નિયમ નામ મોક્ષકા માર્ગ, સાર નામ વ્યવહાર રહિત. વહ પહલે આ ગયા હૈ. સમજમેં આયા?

અરે! જન્મ-મરણના ફેરા ચોર્યાસીના અવતાર અનંત વાર કર્યા ભાઈ! ઉસને નવવીં ગ્રૈવેયક અનંત બૈર લી. ઓહોહો! પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ આદિ પાલ કરકે પુણ્યભાવસે સ્વર્ગ લિયા, પણ આત્મા ક્યા હૈ ઉસકા પતા લિયા નહીં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો...' પંડિતજી! છઢાળામેં આતા હૈ ન? દોલતરામજી. આહાહા! 'પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' ઉસકા ક્યા અર્થ હુઆ? કિ જિતના પંચમહાવ્રત આદિ પાલા વહ સબ તો દુઃખરૂપ થા. પંડિતજી! બરાબર હૈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' ઉસકા અર્થ ક્યા હુઆ? છઢાળામેં કહા હૈ.

(આત્મા સન્મુખ હોના) યે સુખરૂપ હૈ અને પંચમહાવ્રત આદિકી ક્રિયા યે દુઃખરૂપ હૈ. ઇતના કિયા પણ સુખ ન પાયા, ઉસકા અર્થ ક્યા હુઆ? આહાહા! બરાબર હૈ? છઢાળામેં હૈ યે તો. બહોતોંકો કંઠસ્થ હૈ. પાઠશાલામેં પઢાતે હૈં. ચીજ, યે તો મૂલ ચીજ હૈ. નવવીં ગ્રૈવેયક જૈન સાધુ દિગંબર હોં, ઉસકે બિના કોઈ નવવીં ગ્રૈવેયક જા સકે નહીં. અન્યમતિકા સાધુ નવવીં ગ્રૈવેયક ન જા શકે. દિગંબર મુનિ પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ ઔર જિસકો ચમડા ઉતારકર ખાર-લવણ છાંટે, તો ભી ક્રોધ ન કરે, ક્ષમા (ધારે). પણ વહ સબ બાહ્યવ્રત હૈ, યે અશુદ્ધપરિણામ હૈ. આહાહા! ગજબ વાત છે. યે અશુદ્ધ પરિણામ દુઃખરૂપ હૈ, એમ કહતે હૈં. 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો'કા ક્યા અર્થ હુઆ? યે અશુદ્ધ પરિણામસે રહિત.... અશુદ્ધ પરિણામ જો દુઃખરૂપ થા ઉસમેં આનંદ આયા નહીં, આત્માકે સુખકા અંશ આયા નહીં. આહાહા!

વહ કહતે હૈં, યે વિકૃતિકો છોડ પ્રભુ! યે અશુદ્ધભાવકા આશ્રય, લક્ષ છોડ દે. આહાહા! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ઉસકી પર્યાયમેં જ્ઞાનકા પુંજ પ્રગટ હો, રાગકા નહીં, વિકલ્પકા નહીં ઔર જ્ઞાનકે પૂંજકે સાથ પૂરે દ્રવ્યમેં એકાગ્રતા હો... આહાહા! ઉસમેં અનંતગુણકી એકાગ્રતા હૈ. જિતની ગુણકી સંખ્યા હૈ ઉતનેમેં એકાગ્રતા હૈ. ઉસમેં ઇતના અંશ નિર્મળ આનંદકા અંશ, શાંતિકા અંશ, શાંતિ એટલે ચારિત્ર, આનંદ એટલે સુખ, સ્વચ્છતાકા અંશ, પ્રભુતાકા અંશ, પરમેશ્વરતાકા અંશ સબ પ્રગટ હો, અશુદ્ધતા બિનાકી યે ચીજ (-પર્યાય)કો યહાં ગુપ્તિ અને પ્રતિક્રમણ ને ધર્મ કહતે હૈં. આહાહા!

**भजो. उत्कृष्टरूपसे भजो**. ઐસા શબ્દ હૈ ન? આહાહા! **भजतु.. भजतु** એમ ત્રીજા પદમાં છે. .... ભજતાકા અર્થ વહ હૈ. આહાહા! પ્રભુ શુદ્ધ આત્મા હૈ ઉસકો અનુસરકે, અનુભવ (અર્થાત્) ઉસકો અનુસરકે હો. નિમિત્તકો કિ રાગકો અનુસરકે હોના વહ તો મલિનભાવ હૈ. સમજમેં આયા? કહો, પૂનમચંદજી! ક્યા વીતરાગદેવ સિવા યે કહીં હોગા દૂસરેમેં? કિસકે સાથ સમન્વય કરના? આહાહા! સર્વ ધર્મ-બર્મ નહીં. વીતરાગમાર્ગ એક હી ધર્મ હૈ, દૂસરા કોઈ ધર્મ હૈ હી નહીં. કહીં ધર્મ દૂસરે હૈ હી નહીં. સમજમેં આયા? આહાહા! વસ્તુકી સ્થિતિ યે જૈનધર્મ હૈ.

જૈનધર્મ કોઈ સંપ્રદાય નહીં હૈ. વસ્તુ ત્રિકાળી જિનસ્વરૂપી પ્રભુ વીતરાગભાવકા પુંજ પ્રભુ આત્મા હૈ, ઉસમેં એકાગ્ર હોનેસે જો વીતરાગપર્યાય પ્રગટ હો વહ જૈનધર્મ હૈ. સમજમેં આયા?

દ્રવ્ય હૈ, પર્યાય હૈ, પર્યાયમેં ઉત્પાદ-વ્યય હૈ, દ્રવ્ય સદશ હૈ. આહાહા! જુઓને! 'છોડકર'માં વ્યય કીધું ભાઈ! ભાવના કીધી એ ઉત્પાદ કીધી, શુદ્ધાત્મા તેને ધ્રુવ કહ્યો. આહાહા! ગજબ! સંતોની કથની–દિગંબર મુનિઓની કથની પરમેશ્વરના પેટને સ્પર્શી દે એવી કથની છે. આહાહા! અનાદિ સનાતન પરમ માર્ગ યહ હૈ. સમજમેં આયા? કિતના એક ગાથામેં–એક કલશમેં ડાલા હૈ! તીન લીટી ભી પૂરી નહીં હૈ. લીટી સમજતે હો, પંક્તિ. પંક્તિ તીન પૂરી નહીં, ઉસમેં ઐસા ડાલ દિયા હૈ દેખો! આહાહા!

**त्रिगुप्तिमय ऐसे उस मुनिका वह चारित्र निर्मल है.** ઐસે, અશુદ્ધતાકો છોડકર ભગવાન શુદ્ધાત્મામેં એકાગ્ર હોના ઔર વીતરાગી પર્યાયકી ઉત્પત્તિ હોના, યે મુનિકા ચારિત્ર નિર્મળ હૈ. સમજમેં આયા? યે પ્રતિક્રમણ આદિ સબ ચારિત્રકે પેટા ભેદ હૈં. યે ચારિત્રકા અધિકાર ચલતે હૈ. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના યે સબ ચારિત્રકે (ભેદ હૈં). પહલે આ ગયા હૈ. 'અબ ચારિત્ર કહુંગા.' હૈ ન ભાઈ? પ્રતિક્રમણની શરૂઆત કરતાં. શરૂઆતમાં કહ્યું છે. ચારિત્ર નિશ્ચયચારિત્રકા અધિકાર હૈ. પાંચ ગાથા રતનની આવી ગઈને? જુઓ! ७૬, નહીં? અબ પરમ ચારિત્ર કહુંગા. જુઓ! પાનું છે ૧૪७. **शुद्धनिश्चयात्मपरमचारित्रं दृष्टव्यं...** આખિરકી લીટી હૈ. ૧૪७ પન્ના. આખિરકી લીટી. **शुद्धनिश्चयात्मपरमचारित्रं दृष्टव्यं...** 'શુદ્ધનિશ્ચયચારિત્ર દેખનેલાયક હૈ.' આખિરકી લીટી હૈ. હિન્દી.. હિન્દી.. છે ને. યે ચારિત્રકી સૂચનાકા કથન હૈ. છેલ્લે છે ઓલું. ઓલામાં આગળ છે. મૂળ પાઠ છે. યે તો હિન્દીમેં અર્થ લિયા હૈ દેખો! મૂળ પાઠ ક્યા હૈ દેખો! **एरिसयभावणाए ववहारणयस्स होदि चारित्तं णिच्छयणयस्स चरणं एत्तो उड्ढं पवक्खामि.** સચ્ચા ચારિત્ર જો નિશ્ચય હૈ... વહ અભી કહેંગે. પ્રતિક્રમણકે અધિકારમેં ચારિત્રકા હી અધિકાર હૈ. સમ્યગ્દર્શન અનુભવ સહિત સ્વરૂપકી રમણતા શુદ્ધતા વહ ચારિત્ર હૈ. બીચમેં પંચમહાવ્રતાદિ વિકલ્પ ઉઠતે હૈં વહ ચારિત્ર નહીં, યે ચારિત્રમેં મલ હૈ. આહાહા! ગજબ વાત છે.

અહીં (અજ્ઞાની) તો કહે, પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ પાળે એ સાધુ. ૨૮ મૂળગુણ ને પંચમહાવ્રત તો રાગ હૈ, વિકલ્પ હૈ. યે અશુદ્ધતાકો પાલે? યે તો વ્યવહારનયકા કથન હૈ. ઉસમેં ઐસા (ભાવ) બીચમેં આતા હૈ. વ્યવહાર હોતા હૈ, નહીં હોતા હૈ ઐસા નહીં. પણ વહ વ્યવહાર હૈ વહ મલિન હૈ, ઉસકો 'છોડકર' ઐસા કહા યહાં. આહાહા! 'ભવ્ય મુનિ' ઐસા લિયા હૈ ન? લાયક આત્મા, મોક્ષ જાનેકે લાયક હો ગયા હૈ. લ્યો, **त्रिगुप्तिमय ऐसे उस मुनिका वह चारित्र निर्मल है.** લ્યો, યે ચારિત્રકી વ્યાખ્યા હૈ. આત્માકે ત્રિકાલી સ્વભાવમેં એકાગ્રતા જઘન્યપને હોના વહ સમ્યગ્દર્શન હૈ ઔર વહ સમ્યગ્જ્ઞાન હૈ ઔર દ્રવ્યમેં ઉત્કૃષ્ટપને એકાગ્રતા હોના યે મુનિપના

ચારિત્ર હૈ. આહાહા! સમજમેં આયા? યહ ગાથા પૂરી હુઈ લ્યો. ૮૮. ૮૯. ધ્યાનકી વ્યાખ્યા કરતે હૈં અબ.

**मोत्तूण अट्टरुद्दं...** ૮૯ ગાથા. ૮૯ કહતે હૈં ન? આઠ ઔર નવ. **मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।** જુઓ! આ ધર્મનું ધ્યાન કરવું એમ કહે ધર્મધ્યાન. ઓલા કેટલાક ધર્મધ્યાન એટલે શુભભાવ. અહીં તો કહે, ધર્મનું સ્વ-આશ્રયે ધ્યાન કરવું એ ધર્મધ્યાન. ધન્નાલાલજી! ઊંચી (અને) આ સત્ય વાત. અમારા પંડિતજી ખુલાસા કરાવે છે. વહી સત્ય હૈ. શુભભાવ વહ ખરેખર સત્યકી અપેક્ષા અસત્ય હૈ. માર્ગ તો ઐસા હૈ ભગવાન! ઐસા નિર્ણય કરે બિના કભી આગે બઢેગા નહીં. આહાહા! અભૂતાર્થ કહો, અસત્યાર્થ કહો. વ્યવહાર અસત્યાર્થ હૈ, નિશ્ચય સત્યાર્થ એક હી ચીજ હૈ. આહાહા! અરેરે! આવા વખત મળ્યા મનુષ્યપણું, એમાં જિનેન્દ્રદેવની વાણી, ઇસમેં ઇસ બાતકા નિર્ણય યથાર્થ ન કરે.... આહાહા! પરસોં એક પત્ર આયા હૈ. ભાઈ હેમચંદ, નહીં? બાધા લી હૈ. તુમ્હારે ભોપાલકા હૈ ભૈયા!. ઇજનેર. ઇજનેર હૈ ન વહ? વહ નહીં? હેમચંદ. ૬૦૦કા પગાર. અપને બાળબ્રહ્મચારી હુઆ ન? ૨૫ વર્ષકી ઉંમર હૈ. પંડિતજી!

ભોપાલકા હૈ. હમારે લાલચંદજીકે ગાંવકા હૈ. ૬૦૦કા પગાર, ૨૫ વર્ષ ઉંમર હુઈ, બાલબ્રહ્મચારી. છ ભાઈ હૈં, મા-બાપ હૈં, બધુ છે. ગત સાલમેં આયા થા યહાં. મહારાજ! બાધા લેના (ચાહતા હૂં) જાવજીવ બાળબ્રહ્મચારી. અરે ભાઈ! ૨૪ વર્ષકી ઉંમરમેં રજા વિના હમ નહીં દઈ શકતે. કિસીકી રજા–પિતાજીકી આજ્ઞા બિના... ૨૪ વર્ષકી ઉંમર થી ગત સાલમેં. અબ તો ૨૫ હૈ. સારા કુટુંબ લેકર આયા થા વહાં જયપુર. જયપુર બાધા લી ન સભામેં. પરસો પત્ર આયા હૈ. અરે મહારાજ! અરેરે! ઐસા મનુષ્યપના મિલા અને જો સમ્યગ્દર્શન પાયા નહીં, અરે! ચોર્યાસીના અવતાર ક્યાં સુધી? માણસ આમ વૈરાગી છે. ૬૦૦નો પગાર, ૨૫ વર્ષની ઉંમરે બાળબ્રહ્મચારી થયા. ઇજનેર છે. ભાઈ એમના ગામના છે લાલચંદજી. વહ દૂસરી (જગહ) રહતે હૈં, પીપલાની કિ કહાં? પાસ હી હૈ.

વહ પત્ર આયા થા પરસોં. બહુ વૈરાગ્ય... અરે! ચોર્યાસીના અવતાર, જન્મ-મરણ મિટા નહીં અને સમ્યગ્દર્શન જો પાયા નહીં તો હાલ ક્યા હોગા? અનંતકાળ ભવિષ્યનો ક્યાં કાઢે? ઐસા પહલે દુઃખકા ડર હોના ચાહિયે. ચાર ગતિકા દુઃખ હોં, નારકીકા ઐસા નહીં. ચારોં ગતિ દુઃખરૂપ હૈ. સ્વર્ગમેં ભી દુઃખી હૈ. કષાય અગ્નિસે જલા હુઆ હૈ વહ ભી. સમજમેં આયા? વ્યવહારસે સ્વર્ગકા ..... હૈ, નિશ્ચયસે તો ચારોં ગતિ દુઃખરૂપ દશા હી હૈ. ઉસમેં રહના, રુલના.. આહાહા! કહાં અવતાર હો? યહ મિથ્યાત્વ જબ લગ હૈ, તો મિથ્યાત્વમેં તો અનંત ભવ કરનેકી તાકાત હૈ. નિગોદ યા એકેન્દ્રિયાદિકા ભવ કરનેકી તાકાત હૈ ભાઈ! ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથ ઉસકા આશ્રય લે, સમ્યગ્દર્શન હો, બસ વહી સંવર-નિર્જરા ને મોક્ષ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સાથમેં સ્વરૂપાચરણ (ચારિત્ર)—વહ સબ સ્વદ્રવ્યકે આશ્રયસે

હોતા હૈ. આહાહા! બધા દુઃખી છે. ઇન્દ્રેય દુઃખી છેને? ક્યા બાહરમેં સુખ હૈ? ઇન્દ્રાણી પર લક્ષ જાતા હૈ તો રાગ હોતા હૈ. અંગારા હૈ, શાસ્ત્ર તો એમ કહતે હૈં.

પંચાસ્તિકાયમેં કહતે હૈં કિ અંગારામેં જલતા હૈ. પુણ્યભાવ કરકે સ્વર્ગમેં ગયા, અંગારામેં જલતા હૈ વહ. ધૂળમેં સુખ નહીં વહાં. વિષયમેં સુખ હૈ? ઇન્દ્રાણી જૈસી કરોડો ઇન્દ્રાણી હો તો ભી ક્યા હૈ? ઉસ તરફકા લક્ષ જાતા હૈ તો અશુભભાવ અંગારા હૈ. શુભભાવ રાગ હૈ (વહ ભી) અંગારા હૈ તો અશુભકી બાત ક્યા? વો રાગ આયા ન પંડિતજી? છઢાલામેં આખિરમેં હૈ. 'રાગ આગ દાહ દહૈ સદા, તાતૈં સમામૃત પીજીએ.' શુભ-અશુભભાવ દોનોં રાગ દાહ હૈ. અમે ઘણીવાર ભજ્યા, કહે છે. વિષયકષાયમેં ધૂળમેં (સુખ) હૈ નહીં. સ્ત્રીમેં સુખ હૈ, પૈસામેં સુખ હૈ, ઇન્દ્રાણીમેં સુખ હૈ (ઐસા) માનનેવાલા મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ એમ કહતે હૈં. જિસમેં (સુખ) નહીં ઉસમેં માનના વહી મિથ્યાત્વભાવ હૈ. આહાહા! પંડિતજી! હૈ હી નહીં (ઔર) માનના, કહાંસે હૈ? કહાંસે હોતા હૈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા નાથ અતીન્દ્રિય આનંદસે લબાલબ ભરા હૈ. વહાં સુખ હૈ. (પરમેં) ધૂળમેં સુખ નહીં. પરમેં તો નહીં, પણ પુણ્યભાવ ને પાપભાવમેં સુખ નહીં. યૂં તો પહલે કહા કિ નવમી ગ્રૈવેયક ગયા, પંચમહાવ્રત પાલા, વહ તો દુઃખ હૈ, રાગ હૈ, આગ હૈ, અગ્નિ હૈ, શુભભાવ ભી ભઠ્ઠી હૈ કષાય-અગ્નિકી. ભગવાન આત્મા શીતળ સત્‌રૂપ હૈ. આહાહા! વીતરાગ સ્વભાવ અપના ત્રિકાળી, અકષાયસ્વભાવ પ્રભુકા ત્રિકાળી, અનંત આનંદ ને અનંત જ્ઞાનકી પ્રભુતાસે ભરા પ્રભુ ત્રિકાળી, આહાહા! ઉસકે આશ્રયસે જો ધ્યાન હોતા હૈ વહ ધર્મધ્યાન ને શુક્લધ્યાન કહનેમેં આતા હૈ. વહ કહતે હૈં. દેખો!

**मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा ।**
**सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिट्ठसुत्तेसु।।८९।।**

દેખો! જિનવરે કહેલા શાસ્ત્રમાં આ વાત છે. પૂનમચંદજી! **जिणवरणिद्दिट्ठसुत्तेसु...** કુંદકુંદાચાર્ય પોકાર કરતે હૈં. આહાહા! જિનવરના કહેલા આગમમાં–ભગવાનને કહે હુએ પરમાગમ–વાણીમેં ઐસા આયા હૈ. સમજમેં આયા? નીચે...

**जो आर्त रौद्र विहाय वर्ते धर्म-शुक्ल सुध्यानमें,**
**सो प्रतिक्रमण कहते हैं उसे जिनदेवके आख्यानमें।।८९।।**

**आख्यानमें... जिनदेवके आख्यानमें...** આહાહા! જિનેન્દ્રદેવકો વીતરાગ પરિણતિસે પૂરા પ્રાપ્ત હુઆ, ઉસકી વાણીમેં યે આયા હૈ. ઉસકે સિવા દૂસરેમેં યે બાત હૈ નહીં. ક્યોંકિ પર્યાય માને, અશુદ્ધતા માને, ઉસસે હઠકર દૂસરા પરિણમન હો સકે (ઐસા) માને ઔર વહ પરિણમન બિનાકી ચીજ ધ્રુવ ત્રિકાળી ભી હૈ વહ માને, તબ જિનવરકા ઉપદેશકા યથાર્થ ભાન હો ઉસકો. સમજમેં આયા? અશુદ્ધતા માને પર્યાયમેં, અશુદ્ધતા છોડ સકતે હૈં પરિણમન કરકે ઐસા

પરિણમન માને ઔર ધ્રુવમેં અશુદ્ધતા નહીં તો ઉસકે આશ્રયસે (શુદ્ધતા) હોતી હૈ (ઐસા) ધ્રુવકો માને તબ જિનવરકે ઉપદેશકા સાર ઉસકો મિલા. ઐસી બાત જિનવર સિવા કહીં તીન કાલમેં હોતી નહીં. સમજમેં આયા? દૂસરેસે સમન્વય કરો.

પર્યાયમેં અશુદ્ધતા ન હો તો ટાલના કિસકો? તો સિદ્ધ હો ગયા. સિદ્ધ સમાન તો દ્રવ્ય હૈ. પર્યાયમેં અશુદ્ધતા માને. (નહીં તો) ટાલે કિસકો? હૈ ઉસકા ટાલના કિ નહીં હૈ ઉસકો ટાલના? આહાહા! આચાર્ય સ્વયં જિનવર જૈસે તો હૈં કુંદકુંદાચાર્ય. વે કહતે હૈં કિ **जिणवरणिद्दिट्ठसुत्तेसु**... આહાહા! જિનવર ભગવાનકી વાણી, ઉસકે આગમમેં આયા (કિ) દો ધ્યાનકો છોડના ઔર દો ધ્યાનકો કરના, ઉસકા નામ પ્રતિક્રમણ ભગવાનકે આગમમેં કહા હૈ. પ્રતિક્રમણકા અર્થ ક્યા હુઆ? હઠના. તો હઠના કહાંસે? કોઈ ચીજ હૈ ઉસમેંસે હઠના? યહાં ધર્મધ્યાનકો શુદ્ધભાવ લિયા હૈ યહાં પર. આયેગા આગે. નિશ્ચય સ્વાશ્રિત ધર્મધ્યાન હોતા હૈ. વિકલ્પ શુભ હૈ વહ ધર્મધ્યાન હૈ હી નહીં, વહ તો ઉસકો–વ્યવહારકો ધર્મધ્યાનકા ઉપચાર કરતે હૈં. હૈ નહીં. વહ આયેગા અભી. ટીકા દેખો. ટીકા હૈ ન.

**टीका : यह, ध्यानके भेदोंके स्वरूपका कथन है.** ૮૯. ચારોં ધ્યાન. (૧) **स्वदेशके त्यागसे**... આર્તધ્યાન હોતા હૈ ન? સ્વદેશકા ત્યાગ (અર્થાત્) અપના દેશ છોડકર કહીં બાહર જાના (ઉસમેં) દુઃખ હોતા હૈ. આર્તધ્યાન હોતા હૈ. **और द्रव्यके नाशसे**... લક્ષ્મી, મકાન આદિકા નાશ હોનેસે આર્તધ્યાન હોતા હૈ. **मित्रजनके विदेशगमनसे**... પોતાનો વ્હાલામાં વ્હાલા મિત્ર હો, વિદેશ જાતા હો, તો ભી આર્તધ્યાન હોતા હૈ. **कमनीय (इष्ट सुन्दर) कामिनीके वियोगसे**... સુંદર સ્ત્રી.. સ્ત્રીનો વિયોગ ઉસસે દુઃખ હોતા હૈ અજ્ઞાનીકો, આર્તધ્યાન હોતા હૈ. **अथवा अनिष्टके संयोगसे उत्पन्न**... અને પ્રતિકૂલકા સંયોગ ઉસસે **होनेवाला जो आर्तध्यान**... ઉત્પન્ન હોનેવાલા આર્તધ્યાન... પર્યાયમેં આર્તધ્યાન ઉત્પન્ન હોતા હૈ એમ કહતે હૈં. દ્રવ્યમેં તો હૈ નહીં, યે આર્તધ્યાન પરમેં હૈ નહીં. આહાહા! સમજમેં આયા? અપની પર્યાયમેં ઉત્પન્ન હોતા હૈ ઉસકો આર્તધ્યાન કહતે હૈં. આહાહા!

પરસો શનિવાર રાતકો યહાં લડકા ગુજર ગયા, ૨૪ વર્ષકા જુવાન. ગામમેં ત્રાસ બહોત હુઆ. ભાઈ! ગામમાં હડતાળ કરી નાખી. બસકા માલિક થા ઉસકા ભાઈકા લડકા. બસમેં જાતા થા, દરવાજા ખુલ્લા થા, આધા શરીર બહાર થા. ઐસે ટ્રક આયા. ક્યા કહતે હૈં? ટ્રક? ખટારા. દરવાજા ખુલ્લા થા. આયા ઐસે તો દરવાજેકો ફાડકર... ઉસકા અર્ધા શરીર બહાર થા તો વહ ભી ઘસીટ ગયા. દોનોંકે બીચમેં રોટી જૈસે વણે ઐસે.... શનિવારકી રાત્રિકો ૧૨ બજે લગભગ. ત્રાસ.. ૨૪ વર્ષકા થા. દો વર્ષકા લગ્ન. બહોત ત્રાસ હુઆ ગાંવમેં. દો દિન હુએ. શનિવાર.. ઓહોહો! ઐસે જન્મ અનંત બૈર કિયે હૈં ભગવાન! એક બાજુ બસ ને એક બાજુ ખટારા. ઐસા દબા દિયા ઉસકો. ત્યાંને ત્યાં એક મિનિટમાં ખલાસ થઈ ગયો. આહાહા! યહાં મકાન હૈ ન?

સમિતિકે સામને. સોસાયટીકે સામને મકાન હૈ વહાં. ત્રાસ ગામમેં હો ગયા. હડતાલ કર દી પૂરે ગામમેં. યે તો અનંતબૈર હુઆ હૈ ભગવાન! આહાહા!

સંયોગકા વિયોગ ને વિયોગકા સંયોગ. આહાહા! ભગવાન આત્મા પરકે સંયોગ બિનાકી ચીજ હૈ, આહાહા! રાગકે સંયોગ-વિયોગ બિનાકી ચીજ હૈ. વહ તો ઠીક હૈ, પણ નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસે ભી સંયોગ કહનેમેં આતા હૈ. પુરાની વ્યય હોતી હૈ ઉસકો વિયોગ કહનેમેં આતા હૈ. દ્રવ્યકે સાથ પર્યાયકા ઉત્પાદ-વ્યય સંયોગ-વિયોગ હૈ. આહાહા! વહ હૈ, પંચાસ્તિકાયમેં પાઠ હૈ. શાસ્ત્રમેં સબ પાઠ હૈ. સંયોગ હૈ ન? પર્યાય ઉત્પન્ન હોતી હૈ ન. સંયોગ હૈ, વહ કોઈ ત્રિકાળી નહીં હૈ. પરકા સંયોગ-વિયોગ.. વહ તો ચીજ હૈ હી, વહ પર તો પરરૂપ હૈ હી. ઔર રાગકા સંયોગ-વિયોગ... રાગ આતા હૈ ઉત્પન્નધ્વંસી... વહ તો અશુદ્ધતાકા સંયોગ-વિયોગ હૈ. પણ યહાં તો પર્યાય શુદ્ધ ઉત્પન્ન હો, આહાહા! ઉસકો ભી દ્રવ્યકે સાથ સંયોગ કહનેમેં આતા હૈ. દો (ભિન્ન) ચીજ હૈં ન? પર્યાય ને દ્રવ્ય. આહાહા! એવો માર્ગ ભગવાનનો, વીતરાગ જિનવરદેવ... આહાહા!

ત્રિકાલી ભગવાન ધ્રુવસ્વરૂપ પરમાત્મા નિજ પરમેશ્વર ઉસમેં પર્યાય ઉત્પન્ન હો, ઉસકો ભી સંયોગ કહનેમેં આતા હૈ. આહાહા! જિનવરકી વાણી તો દેખો! અને પુરાની પર્યાયકા વ્યય વહ દ્રવ્યકે સાથ પર્યાયકા વિયોગ હુઆ. ભગવાન દ્રવ્યસ્વભાવ તો સંયોગ-વિયોગ બિનાકી ચીજ હૈ. સંસાર તો રાગ હૈ. યે તો પર્યાય–સાધારણ નિર્મળ પર્યાય. સંસાર તો ઉદયભાવ હૈ, વહ તો વિકારભાવ હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : સંસારકી પર્યાયકા તો સંયોગ-વિયોગ તો આયા સમજમેં, પણ અપની પર્યાયકા...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અપની પર્યાયકા સંયોગ-વિયોગ યે કહા. વહ ન સમજમેં આયા તો વિશેષ કહતે હૈં. દ્રવ્યસ્વભાવ જો ધ્રુવ એકરૂપ ત્રિકાલી પરમાત્મા અપના સ્વરૂપ હૈ ઉસમેં પર્યાયકા ઉત્પન્ન હોના (અર્થાત્) નહીં થા ને ઉત્પન્ન હુઆ (વહ) સંયોગ હુઆ અને પર્યાય થી ઉસકા નાશ હુઆ (વહ) વિયોગ હુઆ. યે પંચાસ્તિકાયમેં હૈ પાઠ. સંસ્કૃત ટીકા અમૃતચંદ્રાચાર્ય. કેટલામી ગાથામાં છે? ખબર નથી. છે પંચાસ્તિકાય? હા, એ. ૧૮, ૧૮. ૧૮ ગાથા હૈ.

**सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पणो ।**
**उप्पण्णो य विणट्ठो देवो मणुसो त्ति पज्जाओ ।।१८।।**

૧૮વીં ગાથા હૈ. પંચાસ્તિકાય. 'ટીકા : જે દ્રવ્ય પૂર્વપર્યાયના વિયોગથી...' ધન્નાલાલજી! ભગવાન આત્મા... સબ દ્રવ્યકી બાત હૈ, પણ અપને તો યહાં (આત્મા) લેના હૈ ન. જો દ્રવ્ય પૂર્વ નામ પહલી પર્યાયકે વિયોગસે ઔર ઉત્તર પર્યાયકે સંયોગસે 'થતી ઉભય અવસ્થાને આત્મસાત્ કરતું થતું, વિનાશ પામતું અને ઉપજતું જોવામાં આવે છે.' આહાહા! સંસ્કૃત પાઠ હૈ

ઉસકી ટીકા. દેખો! **यदेव पूर्वोत्तरपर्यायविवेकसंपर्का**.. ઐસા પાઠ હૈ. પૂર્વ-ઉત્તર પર્યાય. (ઉત્તર) પર્યાયકા ઉત્પન્ન હોના, પૂર્વ પર્યાયકા વિવેક હોના, વિવેક નામ વ્યય હોના, ઉત્તર પર્યાયકા સંપર્ક હોના. દેખો! દ્રવ્યમેં ઉત્તર પર્યાયકા સંપર્ક હોના. ...સંયોગ.. **पूर्वोत्तरपर्यायविवेकसंपर्कापादित**... લ્યો, આહાહા! ભગવાન! કહે છે કે બાહરકે અભ્યાસકી ક્યા બાત કરતે હો? ભગવાન આત્મામેં... ઓહોહો!

કહા થા ન વહાં? જયપુરમેં કહા થા પહલે સ્વાગતમેં. સ્વાગતમેં કહા થા. ક્યા? ક્યા કહતે હો? સંવરભાવ ભી ઉત્પાદ હૈ, સંયોગ હૈ. પર્યાય હૈ ન. દ્રવ્યકી પર્યાય વહ ભી સંયોગ હૈ. વિકારી પર્યાય–ભાવ તો સંયોગીભાવ હૈ હી. યે તો તાદાત્મ્ય, એક સમયકી પર્યાય યહાં તાદાત્મ્ય હૈ. એક સમયકી કેવલજ્ઞાન પર્યાય... સંવર એકકોર રખો, કેવલજ્ઞાનકી પર્યાયકો સંયોગ કહતે હૈં અને વ્યયકો વિયોગ કહતે હૈં. ૫૪વેં કલશમેં લિયા હૈ યહાં. નિયમસાર હૈ ન. દેખો! એ ૩૮ ગાથા. લ્યો, એ જ પાનું નીકળ્યું. ઓહોહો! ક્યારે ક્યાં..? આમ પાનું કરતાં એ જ પાનું. પાનું ૭૮. જુઓ! ત્યાંય લખી નાખ્યું હોં. પન્ના ૭૮ હૈ. નીચે શ્લોક હૈ ૫૪. કળશ.. કળશ.

**सर्व तत्त्वोंमें जो एक सार है, जो समस्त नष्ट होनेयोग्य भावोंसे दूर है**... દેખો! વહાં કહા થા જયપુરમેં સ્વાગતમેં. દસ હજાર માણસ થા ન. ઉનકે બીચમેં કહા થા, ભગવાન! સુન તું એક બાર. યહાં તો ક્ષાયિકભાવકો ભી નાશ હોનેલાયક (કહા). ઉસસે ભી ભગવાન આત્મા દૂર હૈ. આહાહા! 'દૂર' પીછે આયા. ખબર હૈ ન. આ તો પહેલે દિ' સ્વાગત ગામમાં થયુંને. પંડાલ તો બહુત દૂર થા ન. પાંચ માઈલ દૂર થા. ગામમેં સ્વાગત હુઆ. દસ હજાર માણસ. રામલીલા ને? રામલીલા મૈદાન. વહાં કહા થા. ભગવાન એમ કહતે હૈં ભાઈ! ચાર ભાવસે દૂર ઐસા આત્માકો પરમાત્મા પારિણામિકભાવ કહતે હૈં. દેખો! **जो समस्त नष्ट होनेयोग्य भावोंसे दूर है**... કેવલજ્ઞાનકી પર્યાય ભી નષ્ટ હોનેલાયક હૈ ઉસસે ભી ધ્રુવ દૂર હૈ. આહાહા! યે તો પરમેશ્વર જિનવરકા પંથ હૈ. યે કોઈ કલ્પિત નહીં. સમજમેં આયા? વહ પહલે આ ગયા હૈ ટીકામેં. સાત તત્ત્વ બહિર્તત્ત્વ હૈ. લ્યો, દેખો! પહલે આયા હૈ ન.

'જીવાદિ સાત તત્વોંકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ...' મોક્ષકી પર્યાય ભી પરદ્રવ્ય હૈ. રાડ નાખી જાય. દેખો! ૩૮ ગાથા. પહલી લીટી હૈ. ૩૮ છે ને? 'જીવાદિ સાત તત્ત્વોંકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ વાસ્તવમેં ઉપાદેય નહીં હૈ.' દેખો! આહાહા! જીવાદિ સાત તત્ત્વ... સંવર, નિર્જરા ને મોક્ષ સહિત યે પરદ્રવ્ય હૈં, અપના સ્વદ્રવ્ય નહીં. ત્રિકાળી (સ્વદ્રવ્ય નહીં) ઉસ અપેક્ષાસે પરદ્રવ્ય. સમજમેં આયા? મોક્ષકી પર્યાય હૈ ન. પર્યાય વહ પર. ઉસસે ભી દ્રવ્ય પર. ક્યોંકિ વહ તો અંશ હૈ. યે ત્રિકાળી તો અંશી હૈ. બડી સૂક્ષ્મ બાત હૈ. ભાઈ! આ તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની જિસને એક સમયમેં તીન કાલ, તીન લોક જાના વહ ચીજ ક્યા હૈ? આહાહા! જિનવરે કહેલા આગમો... બીજામાં તો કલ્પિત કરેલા આગમો હોય, એ

આગમ નહીં. આહાહા! મુનિઓએ તો ગજબ કામ કર્યા છે! આ કહે છે કે મોક્ષ ને સંવર-નિર્જરાની પર્યાય ઉપાદેય નહીં. ત્રિકાલી દ્રવ્ય જ્ઞાયકભાવ વહી એક ઉપાદેય હૈ. આહાહા!

જુઓ! ટીકા છે. **जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्..** આહાહા! લોગોંકો પરમ સત્યકી બાત ઐસી લગતી હૈ... આહાહા! ધન્નાલાલજી! યહાં દેખા ન. બીસ દિન જયપુરમેં દેખા ન. બહોત લોગોંકી લાગણી. ઓહોહો! સવેરે સાતસે લેકર રાતકે દસ બજે તક એક હી બાત. વ્યાખ્યાન દો. ... શિક્ષણ. રાત્રિકો ચર્ચા, ધમાધમ સબ. વિરોધકા અંશ કહીં નહીં. કહીં વિરોધકા અંશ નહીં. બાપા! માર્ગ ઐસા હૈ, સુનો! વિરોધ કરનેકી ચીજ હૈ નહીં. આહાહા! બહોત, પૈસા ભી બહોત ખરચા થા ભાઈ ગોદિકાને. દો-તીન લાખ તો ખરચા હોગા. તીન લાખ હોગા. ૨૫૦૦ માણસ જિમતે થે સુબહ-સાંજ બીસ દિન. ઔર બસસે ગામમેંસે લાનેકા ખર્ચ ઉસકા થા. તીન બસ ચલતી થી. પાંચ માઈલ જાના-આના સુબહસે સાંજ મુફ્ત. સબ ખર્ચ ઉસકા. ભાઈ આયા થા ડાલચંદજી. આહાહા!

યહાં તો કહતે હૈં, સંવર (ક્યા)? કેવલજ્ઞાન ભી ઉપાદેય નહીં (ઐસા) યહાં તો કહતે હૈં. કેવલજ્ઞાનકી પર્યાય ભી દ્રવ્યમેં સંયોગસે ઉત્પન્ન હુઈ હૈ. સંયોગી ઉત્પન્ન હુઈ ઉસકા નામ સંયોગ. આહાહા! દૂસરે સમય કેવલજ્ઞાનકી પર્યાય વ્યય હોગા વહ વિયોગ. એક સમયકી પર્યાય દૂસરે સમય રહતી નહીં. કેવલજ્ઞાન પર્યાય હૈ, ગુણ નહીં. સમજમેં આયા? આહાહા! યહાં કહતે હૈં... અહીં તો અનિષ્ટના સંયોગમાં ઉત્પન્ન થવાવાળું આર્તધ્યાન આવ્યુંને? ઉસમેંસે યે બાત આયી. આહાહા!

પછી દૂસરા (૨) **तथा चोर-जार-शत्रुजनोंके बध-बन्धन सम्बन्धी महा द्वेषसे...** આહાહા! **उत्पन्न होनेवाला जो रौद्रध्यान...** ચોર લોકો આવે, કાપે, છરા મારે, એ વખતે રૌદ્રધ્યાન.. મારી નાખવાને આમ કરશું. **वे दोनों ध्यान स्वर्ग और मोक्षके अपरिमित सुखसे प्रतिपक्ष...** યહાં સ્વર્ગકે સુખકો ભી અપરિમિત લિયા. બહોત કાળ રહતે હૈં ન? વ્યવહાર.. વ્યવહાર.. સમજમેં આયા? હૈ તો દુઃખ, પણ વ્યવહારસે સુખ કહનેમેં આતા હૈ. આહાહા! સ્વર્ગ ને મોક્ષકે અપરમિતિ સુખસે... દેખો! દોનોંમેં 'અપરમિત' શબ્દ લિયા હૈ. સ્વર્ગમેં ભી અસંખ્ય વર્ષ (રહતે) હૈં ન? અસંખ્ય અબજ વર્ષકા આયુષ્ય હૈ ન બડા. ૩૧-૩૧ સાગર, ૩૩-૩૩ સાગર. **अपरिमित सुखसे प्रतिपक्ष...** ભગવાન આત્માકે મોક્ષસુખકી સુખ બાત હી ક્યા? વહ તો અતિન્દ્રિય આનંદ હૈ. ઐસા જો આત્માકા સુખ ઉસસે પ્રતિપક્ષ... વિજાતીય, યે તો વિજાતીય (સુખ હૈ અર્થાત્) દુઃખ હી હૈ, પણ ઉસકો વ્યવહારસુખકા આરોપ દિયા વ્યવહારનયસે. (વે તો) દુઃખ હી હૈ, અંગારા હૈ. ક્યા ધૂલમેં સુખ હૈ? સુખ તો આત્મા આનંદમૂર્તિ પ્રભુ, જિસકા અતીન્દ્રિય આનંદકા એક સમયકા સ્વાદ(કે આગે) સારે ઇન્દ્ર ને ઇન્દ્રાણીકા સુખ સડા હુઆ તૃણ જેસા લગે. આહાહા! સમજમેં આયા?

સમ્યગ્દર્શનમેં જો અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ, સમ્યગ્દર્શનમેં ચૌથે ગુણસ્થાનમેં... અનંત ગુણકી પર્યાય વ્યક્ત હોતી હૈ તો આનંદકી પર્યાય ભી સ્વાદમેં આયી. ઉસ

આનંદકે આગે સારે દેવ ઔર દેવીકા સુખ સડા હુઆ તૃણ હૈ. આહાહા! સુખ હૈ નહીં ભાઈ! માને અજ્ઞાની મૂઢ. શરીર સુંદર, ખાના-પીનેકી ઐસી અચ્છી (સુવિધા હૈ તો) સુખ હૈ. યે સુખ નહીં પ્રભુ! યે તો રાગ હૈ. અગ્નિ દાહ હૈ, આહાહા! દુઃખકો સુખ માનના વહી મિથ્યાત્વભાવ હૈ. હૈ ઉસસે ઊલટા માના યે વિપરીત અભિનિવેશ હૈ. આહાહા! પંડિતજી! 'સ્વર્ગ-મોક્ષના સુખ' લખ્યું.

**संसारदुःखके मूल होनेके कारण उन दोनोंको निरवशेषरूपसे (सर्वथा) छोड़कर...** દેખો! ભગવાન તુજે આત્માકી શાંતિ લેના હો તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન સબ નિઃશેષપણે છોડના. આહાહા! ખરેખર તો શુભરાગ ભી આર્તધ્યાન હૈ. આત્માકા પ્રાણ પીડિત હોતે હૈં ઉસમેં. આહાહા! ચૈતન્ય હીરો ચમકતો પ્રભુ અંદર નિર્મળાનંદનો નાથ પ્રભુ ઉસમેં સુખ હૈ. ઉસકે સિવા દૂસરી કોઈ ચીજમેં સુખ હૈ નહીં. તો કહતે હૈં કિ કલ્પના જો હૈ શુભ-અશુભકી (ઉસે) સર્વથા છોડકરકે... લ્યો, છે ને? નિરવશેષ છે ને? નિર્-અવશેષઃ.. કાંઈપણ બાકી રાખ્યા વિના સર્વથા વિકલ્પ છોડ દે. ભગવાન નિર્વિકલ્પાનંદ પ્રભુ ઉસકા આશ્રય કર. હવે કહે છે જુઓ!

(૩) **स्वर्ग और मोक्षके निःसीम** (-**अपार**) **सुखका...** ઓલા અપરિમિત હતું, અહીં નિઃસીમ લીધું. એક જ (અર્થ) છે. **मूल ऐसा जो स्वात्माश्रित निश्चय परमधर्मध्यान...** દેખો! ધર્મધ્યાન એને કહીએ યથાર્થ. સ્વ-આત્મા આશ્રિત. શુભવિકલ્પ ધર્મધ્યાન કહા હૈ વહ તો વ્યવહાર હૈ, પરમાર્થ નહીં. આહાહા! કેટલું સ્પષ્ટ કર્યું છે! **स्वात्माश्रित निश्चय परमधर्मध्यान...** ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ અપના પરમેશ્વર ઉસકે આશ્રયસે, ઉસકો ધ્યેય બનાકર જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ યે નિશ્ચય ધર્મધ્યાન હૈ. હૈ તો વહ પર્યાય. આહાહા! ભારે વાત ભાઈ! વહ નિશ્ચય-ધર્મધ્યાન... યહ ૩૮ ગાથામેં આ ગયા હૈ ભાઈ! વહ ભી પરતત્ત્વ હૈ, બહિર્તત્ત્વ હૈ. આહાહા! ગજબ વાત છે! મહાપ્રભુ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ આત્મા ધ્રુવ ઉસકો સ્વદ્રવ્ય કહતે હૈં. ઉસમેં યે પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉસકો ખરેખર તો બહિર્તત્ત્વ કહતે હૈં. અંતઃતત્ત્વસે બાહ્ય ઉસકો બહિર્તત્ત્વ (કહા). આહાહા! ભારે વાત ભાઈ! દિગંબર મુનિઓની કથની કેવળજ્ઞાનીને સ્પર્શીને થઈ છે. ઓહોહો!

માણસો સ્વાધ્યાય મધ્યસ્થતાથી કરતા નથી ને પછી, એ એકાંત હૈ.. એ એકાંત હૈ. ભગવાન! સુન તો સહી, પ્રભુ! તેરા સ્વભાવ–ધર્મ શુદ્ધ એકાંત હી હૈ. આહાહા! વહ પર્યાયસે દૂર હૈ. એકાંત પર્યાયસે દૂર હૈ. (ઉસમેં) અનેકાંત? એવો ભગવાન ધ્રુવ ચૈતન્ય પ્રભુ... કહે છે, ઐસા સ્વાત્મા ઉસકે આશ્રિત નિશ્ચય પરમધર્મધ્યાન... વહ કહતે હૈં અભી કિ ધર્મધ્યાન તો શુભભાવ હૈ. શુક્લધ્યાનમેં શુદ્ધોપયોગ ભાવ હોતા હૈ. જૂઠી બાત હૈ. આહાહા! અરે ભગવાન! તું આત્મા શુદ્ધ હો ન? તો શુદ્ધકા ધ્યાન શુદ્ધ હી હૈ. આહાહા! નિમિત્તકા ધ્યાન લગાના વહ અશુદ્ધતા હૈ. આહાહા! સર્વજ્ઞ પરમાત્મા અને સમવસરણ ઉસકા ધ્યાન લગાના યે શુભભાવ હૈ– અશુદ્ધભાવ હૈ. સમજમેં આયા? ભારે વાત ભાઈ!

કહતે હૈં, **स्वात्माश्रित निश्चय परमधर्मध्यान...** સચ્ચા પરમધ્યાન-ધર્મધ્યાન... યહાં તો જરીક પંચમહાવ્રત કિ દયા, દાન કિ ભગવાનકા ધ્યાન સામને ખડા હોકરકે કાયોત્સર્ગ કરતે હૈં ન, વહ તો વિકલ્પ હૈ, રાગ હૈ, પરાશ્રિતભાવ હૈ. સ્વ ચૈતન્ય ભગવાનકે આશ્રિત ઉત્પન્ન હુઆ ઐસા નિશ્ચય ધર્મધ્યાન, પરમ નિશ્ચય ધર્મધ્યાન યે હી એક પ્રગટ કરનેલાયક હૈ. વિશેષ શુક્લધ્યાનકી બાત આયેગી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૬, બુધવાર, તા. ૨૮-૭-૧૯૭૧**
**શ્લોક – ૧૧૯, ગાથા – ૮૯, પ્રવચન નં. ૭૯**

યે નિયમસાર શાસ્ત્ર હૈ, પરમાર્થ પ્રતિક્રમણ (અધિકાર). સચ્ચા–સત્ય સ્વરૂપ અપના જો આત્મા પૂર્ણાનંદ હૈ ઉસ તરફકે ઝુકાવસે દોષકા નાશ હોતા હૈ ઉસકા નામ પ્રતિક્રમણ કહતે હૈં. મિથ્યાત્વસે લેકર સબકે પ્રતિક્રમણકી વ્યાખ્યા આયેગી. યહાં આયા હૈ દેખો! ૮૯ ગાથા.

(૩) **स्वर्ग और मोक्षके निःसीम (-अपार) सुखका मूल ऐसा...** મોક્ષમાર્ગ બતાના હૈ ન. તો સ્વર્ગ ઔર મોક્ષકા અપાર સુખ ઉસકા મૂલ ઐસા **जो स्वात्माश्रित निश्चय परमधर्मध्यान...** દેખો! અપના આત્મા દ્રવ્યસ્વભાવ ધ્રુવસ્વભાવ અવિનાશી નિત્યસ્વભાવ, ઉસકા આશ્રય કરનેસે ધર્મધ્યાન ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? પ્રથમમેં પ્રથમ ધર્મધ્યાન. **स्वात्माश्रित...** સ્વ-આત્મા વહ પુણ્ય-પાપસે રહિત હૈ, કર્મ-શરીરસે રહિત હૈ ઔર એક સમયકી પર્યાયસે ભી રહિત હૈ. આહાહા! ઐસા જો સ્વ-આત્મા દ્રવ્યસ્વભાવ પરમપારિણામિકભાવ... આહાહા! ઐસા અપના નિજ આનંદસ્વભાવ ઉસકા આશ્રય કરનેસે... છે ને? **स्वात्माश्रित...** અપને આત્માકે આશ્રિત... તીન શબ્દ પડે હૈં. સ્વ-આત્મા. ભગવાનકા આત્મા ભી નહીં. સ્વ-આત્મા—અખંડ આનંદ ધ્રુવસ્વરૂપ સ્વ ઐસા આત્મા—ઉસકે આશ્રિત, વહ પર્યાય હૈ. ત્રિકાળ ધ્રુવસ્વરૂપ ઉસકે આશ્રિત **निश्चय परमधर्मध्यान...** આહાહા! ઉસકો સચ્ચા પરમધ્યાન ઔર ઉસકો યથાર્થમેં પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. બીચમેં થોડી શુદ્ધતા હૈ ધર્મધ્યાનમેં... સ્વાત્માશ્રિતમેં થોડી શુદ્ધતા હૈ, શુક્લધ્યાનમેં બહોત શુદ્ધતા હૈ.

યહાં કહતે હૈં, પરમ ધ્રુવ ઉસકા આશ્રય લેકર જો શુદ્ધતા ઉત્પન્ન હુઈ વહ તો નિશ્ચય પ્રતિક્રમણ અને નિશ્ચય મોક્ષકા માર્ગ હૈ, પણ સાથમેં થોડા વિકલ્પ રહતા હૈ—નિશ્ચય સહિતકા વ્યવહાર, વહ સિદ્ધ કરના હૈ યહાં. સમજમેં આયા? કિસકો? ચૈતન્યધ્રુવ ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવ પરમેશ્વરને કહા હૈ વહ, ઐસા જો આત્મા ધ્રુવ નિત્ય ઉસકે આશ્રયસે અંતરકી દૃષ્ટિ લગાકર જો નિર્મલતા ઉત્પન્ન હોતી હૈ વહ તો મુક્તિકા કારણ હૈ. પણ બીચમેં થોડી શુદ્ધતા હૈ (ઉસકે સાથમેં) અશુદ્ધતાકા વિકલ્પ–રાગ હૈ, ઉસકા ફલ સ્વર્ગ હૈ. પંડિતજી! જબ લગ પૂર્ણતા ન હો, તબ લગ વિકલ્પકા વ્યવહાર હોતા હૈ, પણ વહ વ્યવહાર નિશ્ચયકા કારણ હૈ ઐસા નહીં. યે વ્યવહાર પુણ્યબંધકા કારણ હોકર સ્વર્ગકે સુખકા કારણ હોતા હૈ.—એમ કહે છે. પંડિતજી!

દુઃખ હૈ, યહાં તો વ્યવહારકો કહતે હૈં ન. દુઃખ હી હૈ, પણ તીન ગતિકી અપેક્ષાસે સગવડતા–અનુકૂલતા હૈ તો જરી ઉપચારસે ઉસકો સુખ કહનેમેં આતા હૈ. ઐસે નિશ્ચય-વ્યવહાર—દો લેને હૈં ન? કિ સ્વ ચૈતન્ય ભગવાન અપના આશ્રય લેકર જિતની પવિત્રતા પ્રગટ હુઈ વહ તો મુક્તિકા કારણ હૈ. સાથમેં જિતના વિકલ્પ વ્યવહારકા રહતા હૈ વહ નિશ્ચય

મોક્ષમાર્ગકા કારણ નહીં, પર વહ સ્વર્ગસુખકા કારણ ઐસા બતાના હૈ. સમજમેં આયા? આહાહા! કિતની ગંભીર ટીકા ઓહોહો! **स्वात्माश्रित निश्चय परमधर्मध्यान...** પાછું એમ લીધુંને? જિતના અંદરમેં વ્યવહારકા ભાવ વિકલ્પ રહતા હૈ, ઉસકા ફલ તો સ્વર્ગ હૈ. આહાહા! સમજમેં આયા?

શ્રોતાઃ નિર્વિકલ્પદશામેં વિકલ્પ કૈસા?

પૂજ્ય ગુરુદેવશ્રી : નિર્વિકલ્પદશામેં નહીં, જો નિર્વિકલ્પતા હૈ વહ તો સ્થિરતા હી હૈ. સાથમેં દૂસરા વિકલ્પ હૈ. સાથમેં કહા ન યહાં? પૂર્ણ નિર્વિકલ્પતા હો તો શુક્લધ્યાન હૈ. યહાં તો ધર્મધ્યાન કહના હૈ ન પ્રથમ દરજ્જેકા. આહાહા! બહુત અલૌકિક બાત કહતે હૈં.

કહતે હૈં કિ નિશ્ચય જહાં સ્વદ્રવ્યકા આશ્રય લિયા વહ તો નિશ્ચય હી હૈ ઔર ઉસમેં જરી રાગકી મંદતાકા ભાવ, વ્રતકા, ભક્તિકા વિકલ્પ ઐસા રહ જાતા હૈ તો દો (ભાવ)કા દો ફલ હૈ. દો (ભાવ)કા એક ફલ નહીં. સમજમેં આયા? સ્વભાવકે આશ્રયસે જો પવિત્રતા હુઈ વહ તો મુક્તિકા કારણ હૈ ઔર બીચમેં વિકલ્પ રહતા હૈ થોડા, વહ સ્વર્ગસુખકા કારણ હૈ ઐસે (કહા) ભાઈ! નિશ્ચયકા કારણ નહીં, સ્વર્ગસુખકા કારણ હૈ એમ બતાના હૈ. દો કા દો ફલ.

શ્રોતા : સ્વર્ગ, મોક્ષ દો હી બતાના હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : બસ, દો હી બતાના હૈ. અપવર્ગ નામ મોક્ષ ને સ્વર્ગ નામ દેવ. વહ સમકિતી તો વૈમાનિક દેવ હોતા હૈ ન. સમકિત હુએ પીછે સમકિતી ભવનપતિ, વ્યંતર, જ્યોતિષીમેં ભી ઉત્પન્ન નહીં હોતા, સ્ત્રીમેં ઉત્પન્ન નહીં હોતા. નરકમેં ઉત્પન્ન નહીં હોતા. આયુષ્ય પહલે બંધ ગયા હો વહ દૂસરી બાત હૈ. સમજમેં આયા?

કહતે હૈં, જુઓ! આ પદ્મમલધારિદેવ મુનિ દિગંબર સંત વનવાસી છે. ૯૦૦ વર્ષ પહલે (હુએ). શ્લોક તો ૨૦૦૦ વર્ષ પહલેકા કુંદકુંદાચાર્યકા હૈ. ઉસકી ટીકા કરતે કહતે હૈં કિ ધર્મધ્યાન... કોઈ ઐસે કહતે હૈં કિ શુભરાગકો હી ધર્મધ્યાન કહના.—ઉસકા યહાં નિષેધ કરતે હૈં. શુભરાગકો વ્યવહાર ધર્મધ્યાન (કહા) ઔર સ્વકા આશ્રય કરકે જો એકાગ્રતા, શુદ્ધતા ઉત્પન્ન હુઈ વહ નિશ્ચય ધર્મધ્યાન હૈ. નિશ્ચયકે સાથમેં વ્યવહાર હૈ તો દો કા દો ફલ હૈ એમ બતાતે હૈં. આહાહા! સમજમેં આયા? અરે! યે મનુષ્યપના મિલા ઉસમેં ક્યા કરના હૈ વહ યથાર્થ બાત સમજમેં ન આવે, વહ મનુષ્યજન્મકા ફલ ક્યા? સત્ય તો યે હૈ. કુંદકુંદાચાર્ય મહારાજ સર્વજ્ઞકે કેડાયત થે. ઓહોહો! તીસરે નંબર પર આયે હૈં ન વે? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસે ગયે થે (ઐસા) જો સિદ્ધ હો જાયે તો દિગંબર ધર્મ એક હી સત્ય હૈ ઐસા હો જાય. તો કિતનોંકો યે ખટકતા હૈ અંદર. ભગવાન સિદ્ધ હો જાય, ભગવાનકે પાસે ગયે થે, વહાંસે યે લાયે થે (ઐસા માને તો) યે ધર્મ હી એક સત્ય

જાય. ડાલચંદજી! ઐસી વસ્તુ યે એક હી હૈ. આહાહા! ક્યા કહેં? વાણી તો દેખો! વાણીમેંસે કૈસા નિતરતા હૈ! સમજમેં આયા?

અબ શુક્લધ્યાનકી બાત કરતે હૈં. ધર્મધ્યાનકી કી. ધર્મધ્યાનકે દો પ્રકાર. એક ભગવાન આત્મા પરમપારિણામિક ચૈતન્યમૂર્તિ પ્રભુ ઉસકે આશ્રયસે જો નિર્મલતા હુઈ વહ તો વીતરાગી પર્યાય હૈ. પણ પૂર્ણ વીતરાગતા નહીં તો સાથમેં શુભરાગ હૈ. વહ રાગકા ફલ સ્વર્ગકા સુખ હૈ. અરાગીપરિણતિકા સુખ મોક્ષકા સુખ હૈ. દોનોંહીકો અસીમ કહા હૈ. અસંખ્ય અબજ વર્ષ રહતે હૈં ન સ્વર્ગમેં. અમર કહતે હૈં ન ઉસકો? દૂસરી તીન ગતિકી અપેક્ષાસે અમર કહતે હૈં ન ઉસકો? દેવકો અમર કહતે હૈં. બહોત કાલ રહતે હૈં ઉસ અપેક્ષાસે.

શ્રોતા : અમરા નિર્જરા દેવા..

પૂજ્ય ગુરુદેવશ્રી : અમરા દેવા.. વે ભી મર જાતે હૈં દેહ છૂટકર. પણ બહોત કાલકી અપેક્ષા ઉસકો અમર કહનેમેં આયા હૈ. આહાહા!

**तथा** (૪) **ध्यान और ध्येयके...** ઐસા ક્યોં લિયા? ઐસા ક્યોં લિયા? ક્યોંકિ પંચમકાલકે મુનિ હૈં. પંચમકાલકે મુનિકો મોક્ષ તો હૈ નહીં. શુક્લધ્યાન તો અભી હૈ નહીં. અપના સ્વરૂપ ભગવાન ઉસકા આશ્રય લેકર જિતની પવિત્રતા પ્રગટ હુઈ વહ નિશ્ચય પરમધ્યાન, પરમ નિશ્ચય ધર્મધ્યાન. અને મુનિ હૈ—પંચમકાલકે સંત હૈં. (ઉન્હેં) કેવલ તો હોગા નહીં તો વહ સાથમેં લિયા હૈ કિ રાગ બાકી રહ જાતા હૈ પુણ્યકા, ઉસકે (ફલમેં) સ્વર્ગ જાયેંગે. સમજમેં આયા? ઔર અબ શુક્લધ્યાન. ઉત્કૃષ્ટ બાત. હૈ નહીં અભી, પણ ધ્યાનકી વ્યાખ્યા તો કરે ન. સ્વરૂપ તો સમજાવે ન. **ध्यान और ध्येयके विविध विकल्प रहित...** દેખો! ઉસમેં **विविध विकल्प रहित** ઐસા લિયા. એકલા આત્મા ભગવાન પૂર્ણાનંદકો ધ્યેય બનાકર વિકલ્પ રહિત અંતરમેં લીન હો જાના. એક વાત. મૈં ધ્યાન કરતા હૂં, ધ્યેય આત્મા હૈ—ઐસા વિકલ્પ નહીં ઉસમેં. શુક્લ નામ ઉજ્જ્વલ, ધોળા, પવિત્ર ધર્મધ્યાન, શુક્લધ્યાન. **अंतर्मुखाकार...** સર્વથા અંતર્મુખ જિસકા સ્વરૂપ હૈ. ધર્મધ્યાનમેં તો પૂર્ણતા નહીં થી તો (જિતના) અંતર્મુખ આકાર હૈ ઉતના નિશ્ચય પરમધ્યાન (ઔર) જિતના વિકલ્પ રહતા હૈ વહ પરલક્ષી હૈ વહ બહિર્મુખાકાર હૈ. સમજમેં આયા?

યહાં તો **अंतर्मुखाकार...** અકેલા ભગવાન આનંદકા ધામ પ્રભુ જો અપના સ્વરૂપ હૈ ઉસકે અંતર્મુખ હો ગયા હૈ. **सकल इन्द्रियोंके समूहसे अतीत (-समस्त इन्द्रियातीत)...** દો વિશેષણ કહેંગે. સકળ ઇન્દ્રિયોકા સમૂહ ઉસ તરફકા લક્ષ પૂર્ણ છોડકર **निर्भेद...** દો બાત—ઇન્દ્રિયોંસે રહિત, ભેદસે રહિત. ધર્મધ્યાનમેં તો થોડા વ્યવહાર ભેદ થા વિકલ્પ, પૂર્ણ શુદ્ધતા નહીં હૈ ન. યહાં તો નિર્ભેદ... આહાહા! **परम कला सहित...** કેવળજ્ઞાન લેનેકી પરમ કલા સહિત... શુક્લધ્યાનકી બાત સાથમેં કહ દી. ક્યોંકિ ભવિષ્યમેં શુક્લધ્યાન હોકર મુનિકો કેવલજ્ઞાન પ્રાપ્ત કરના હૈ. વર્તમાનમેં ભલે શુક્લધ્યાન ન હો, પણ જો શુદ્ધ (ઉપયોગી) મુનિ હૈ પંચમ આરાકા,

એકાવતારી હો જાતા હૈ–એક ભવતારી. સ્વર્ગમેં જાકર મનુષ્ય હોકર શુક્લધ્યાન (લેકર) કેવલજ્ઞાન પાયેગા. યે શુક્લધ્યાનકા ઐસા સ્વરૂપ હૈ. આહાહા!

શ્રોતા : એમાં આનંદ તો ખરોને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આનંદ તો બેયમાં છે. યહાં અપૂર્ણ હૈ–ધર્મધ્યાનમેં અપૂર્ણ આનંદ હૈ. શુક્લધ્યાનમેં બહોત આનંદ હૈ, પૂર્ણ આનંદ તો બારહવે (ગુણસ્થાનમેં હૈ), અનંત આનંદ તો તેરહવે (ગુણસ્થાનમેં) હૈ, અનંત અવ્યાબાધ આનંદ તો ચૌદહવે (ગુણસ્થાન) સિદ્ધમેં હૈ—ઇતના ફેર હૈ. આનંદકા અંશ તો ચૌથે ગુણસ્થાનસે શુરૂ હોતા હૈ. ક્યોંકિ દ્રવ્યદૃષ્ટિ હુઈ ન? સ્વદ્રવ્ય કહા ન? સ્વદ્રવ્યમેં તો અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ અનંત શક્તિયાં પડી હૈ. દ્રવ્યદૃષ્ટિ જ્યાં હુઈ અંતર સમ્યક્, તો અનંત ગુણ હૈં વે સબ પ્રગટ હો ગયે અંશમેં.. અંશમેં. ઉસ કારણસે સમકિતકો સર્વગુણાંશ તે સમકિત કહનેમેં આયા હૈ. 'સર્વગુણાંશ તે સમકિત.'

અપને ચિઠ્ઠી–રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં ઐસા આયા હૈ કિ જ્ઞાનાદિ ગુણકા સબકા એક અંશ પ્રગટ હોના વહ ચૌથા ગુણસ્થાન. જ્ઞાનાદિ સર્વ સંપૂર્ણ પર્યાય પ્રગટ હોના વહ કેવળજ્ઞાન. સમજમેં આયા? તો ઉસમેં આનંદ આયા. આયા કિ નહીં? આયા. વસ્તુ હૈ તો આનંદ ને અનંત જ્ઞાન આદિ શક્તિયોંકા પિંડ હૈ. તો વસ્તુકી જહાં દૃષ્ટિ ઝુક ગઈ ઉસમેં તો જિતની શક્તિયાં હૈ ઉસકી પ્રગટ વ્યક્તતા–અનંતગુણકી પર્યાયકા પ્રગટપના ચૌથે ગુણસ્થાનસે હોતા હૈ. સમજમેં આયા? થોડા આનંદ હૈ વહાં, સ્વસંવેદન થોડા હૈ. પંચમ (ગુણસ્થાનમેં) વિશેષ હૈ, છઠવેં (ગુણસ્થાનમેં ઉસસે) વિશેષ હૈ, સાતવેં (ગુણસ્થાનમેં ઉસસે) વિશેષ હૈ, બારહવે (ગુણસ્થાનમેં) પૂર્ણ હૈ. પૂર્ણ આનંદ હૈ, અનંત નહીં. અનંત (આનંદ) તો કેવળજ્ઞાન (હો તો) અનંત આનંદ હૈ. ઔર સિદ્ધ હો તો અનંત અવ્યાબાધ આનંદ હૈ. વહ વેદનીય(કર્મ)કા અભાવ હો ગયા ન?

શ્રોતા : સિદ્ધોંકે આનંદમેં ઔર અરિહંતોંકે આનંદમેં અંતર હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, અંતર આનંદમેં જરીએ ફેર નહીં. થોડા-બહોતકા ફેર હૈ, આનંદકી જાતમેં ફેર નહીં. (ઉસકી ચર્ચા) રાતકો કરો. ગોટા ઉઠી ગયા છે. અનંત આનંદ હૈ, જહાં કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ (તો) અનંત–બેહદ આનંદ હુઆ. બારહવેં ગુણસ્થાન તક આનંદ હૈ, પર જ્ઞાનમેં તીન આવરણ હૈં ઉસકા નાશ હોકર અનંત આનંદ હૈ. યે આનંદમેં ફેર હૈ નહીં. વહ આનંદકી જાતકા હી અંશ ચૌથેમેં હૈ, પૂર્ણ નહીં. હૈ ન? દ્રવ્ય આશ્રય (પૂર્ણ) હો ગયા ન. આહાહા!

શ્રોતા : બારહવેં (તક) મર્યાદિત (આનંદ) હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : મર્યાદિત હૈ. સુખ હૈ, પણ અનંત નહીં. જ્ઞાન ને દર્શન ને વીર્ય જહાં અનંત પ્રગટ હુઆ, અનંત આનંદ હો ગયા.

યહાં કહતે હૈં, **निर्भेद परम कला सहित...** આહાહા! એક તો શુક્લધ્યાન ઇન્દ્રિયસે રહિત... નિમિત્તપણા ભી ઉસમેં નહીં, કહતે હૈં. વ્યવહાર ધર્મધ્યાનમેં તો થોડા મનકા નિમિત્ત થા, નિશ્ચયમેં તો સ્વકા આશ્રય થા. યહાં તો અકેલા ઇન્દ્રિયોંસે રહિત નિર્ભેદ-ભેદ નહીં. ભગવાન આનંદકંદમેં અકેલા એકાકાર અભેદ **परम कला...** દેખો! પૂર્ણ મોક્ષકી પર્યાય પ્રાપ્ત કરનેમેં પરમ કલા હૈ. આહાહા! ઐસે સહિત... **ऐसा जो निश्चय-शुक्लध्यान उन्हें ध्याकर**– એને ધ્યાવીને-ધ્યાન કરીને... ભાવના કરતે હૈં મુનિ. ભવિષ્યમેં હોના હૈ ન ઉનકો? કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ ભવિષ્યમેં એક ભવ કરકે મોક્ષ જાનેવાલે હૈં. વર્તમાનમેં સ્વર્ગમેં હૈં. કુંદકુંદાચાર્ય ભી વર્તમાનમેં તો સ્વર્ગમેં હૈં. કેવલ(જ્ઞાન) નહીં હૈ. આગેકે કાલમેં ઉનકો મનુષ્યપના હોકર કેવલજ્ઞાન હોગા. વહ કહતે હૈં કિ શુક્લધ્યાનમેં કેવલજ્ઞાન હોગા. આહાહા!

ઉન્હેં ધ્યાકર **जो भव्य पुंडरीक...** આહાહા! ભવ્યમેં પણ પ્રધાન-ઉત્તમ. 'વર પુંડરિક' એમ છેને? **(-भव्योत्तम) परमभावकी (पारिणामिक भावकी) भावनारूपसे...** દેખો! યહાં યે લિયા. ઉસમેં સ્વદ્રવ્યાશ્રિત ઇતના લિયા થા થોડા. યહાં તો, પરમભાવકી ભાવના ઉસસે પરિણમિત હુઆ... પરમભાવ જો ધ્રુવ ચૈતન્ય ભગવાન ઉસકી ભાવના નામ એકાગ્રતા... પરમભાવકી... પરમ ભાવ વહ ધ્રુવ, ભાવના વહ પર્યાય. ત્રિકાળી ધ્રુવમેં એકાગ્ર હોકર **परिणमित हुआ...** વીતરાગીપર્યાય-દશા પ્રગટ હુઈ **वह निश्चयप्रतिक्रमणस्वरूप है...** લ્યો, વહ નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ હૈ. આહાહા!

**ऐसा परम जिनेन्द्रके मुखारविंदसे...** દેખો! કુંદકુંદાચાર્ય કહતે હૈં. પાઠમેં હૈ ન? **जिणवरणिद्दिट्ठसुत्तेसु...** જિનવર-જિનેન્દ્ર તીર્થંકરદેવ પરમાત્મા ઉનકે મુખારવિંદસે-મુખરૂપી કમલસે **निकले हुए द्रव्यश्रुतमें कहा है.** આગમમેં ઐસા કહા હૈ. પરમાગમ ભગવાનકી વાણી ઉસમેં યે કહા હૈ કિ સ્વદ્રવ્યકે આશ્રયસે ધર્મધ્યાન હોતા હૈ, ઉસમેં અપૂર્ણ શુદ્ધતા હૈ તો રાગ હૈ. દો કા દો ફલ હૈ ઔર અંતર્મુખાકાર શુક્લધ્યાન નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપ મોક્ષકા કારણ હૈ. ઐસા જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્મા સો ઇન્દ્રસે પૂજનિક હૈં વે (ઉનકે) મુખારવિંદસે નિકલી યે વાણી હૈ (ઔર) દ્રવ્યશ્રુતમેં ઐસા કહા હૈ. સમજમેં આયા? આહાહા!

**चार ध्यानोंमें प्रथम दो ध्यान हेय हैं...** આર્ત ને રૌદ્ર. આર્તધ્યાન ને રૌદ્રધ્યાન તો છોડનેલાયક હૈ. **तीसरा प्रथम तो उपादेय है...** પ્રથમ ઉપાદેય હૈ. **और चौथा सर्वदा उपादेय है.** ઉપાદેય તો દ્રવ્ય કહા થા પહલે. યે પ્રગટ કરનેકી અપેક્ષાસે ઉપાદેય કહનેમેં આયા હૈ. સમજમેં આયા? પહલે તો કહા થા. ૩૮ ગાથા શરૂ કી થી તબ. એક અંતર્તત્ત્વ ત્રિકાળી ધ્રુવ હી ઉપાદેય હૈ, બાકી સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધાદિ હેય હૈં. યહાં સંવર-નિર્જરા ધર્મધ્યાન (કહા) હૈ. ઉસમેં બહોત સંવર-નિર્જરા વહ શુક્લધ્યાન (કહા) હૈ. ઉસે ભી હેય કહા થા. અબ યહાં ઉપાદેય કહા. યે પ્રગટ (કરનેકી અપેક્ષાસે) ઉસકો ઉપાદેય કહનેમેં આતા હૈ. કહો, સમજમેં આયા?

આહાહા! **तीसरा प्रथम तो उपादेय है**... સ્વ ચૈતન્ય ભગવાન નિષ્ક્રિય, અભેદ ઉસકા આશ્રય લેકર જો ધર્મધ્યાન ઉત્પન્ન હોતા હૈ ઉસે ઉપાદેય કહનેમેં આયા હૈ. ચૌથા તો સર્વદા ઉપાદેય હૈ. શુક્લધ્યાન સ્વકે આશ્રયસે અંતર્મુખાકારસે પ્રગટ હોનેલાયક હૈ, યે ઉપાદેય કહનેમેં આયા હૈ. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, આસ્રવ, બંધ તો હેય હી હૈં એમ કહતે હૈં. આર્તધ્યાનમેં વ્યવહારરત્નત્રયકા વ્યવહાર વિકલ્પ આદિ આ ગયા. યે હેય હૈ, (પર) ઉપાદેય કહા હૈ.

**इसीप्रकार (अन्यत्र श्लोक द्वारा) कहा है कि :–**

**निष्क्रियं करणातीतं ध्यानध्येयविवर्जितम्।**
**अन्तर्मुखं तु यद्ध्यानं तच्छुक्लं योगिनो विदुः।।**

આહાહા! **श्लोकार्थ : जो ध्यान निष्क्रिय है**... નિષ્ક્રિય કહનેકા અર્થ રાગકી ક્રિયા ઉસમેં બિલકુલ નહીં. **इन्द्रियातीत है**... અણીન્દ્રિય પરમાત્મા અપના સ્વરૂપ ઉસમેં લીન હૈ. **ध्यानध्येयविवर्जित (अर्थात् ध्यान और ध्येयके विकल्पोंसे रहित) है और अन्तर्मुख है**... બિલકુલ અંતર્મુખ હૈ, અંતર દ્રવ્યકે સ્વભાવ સન્મુખ હૈ. આહાહા! અપની પર્યાય દ્રવ્યકે સન્મુખ હૈ, યૂં કહતે હૈં. આહાહા! દેખો! વાણી તો જુઓ! ક્યા હૈ? ઐસી વાણી વીતરાગ સિવા કહીં દૂસરે હૈ હી નહીં. સમજમેં આયા? કિસકે સાથ સમન્વય કરના? કિસકે સાથ મિલાન કરના? વહ ભી સચ્ચા ને યહ ભી સચ્ચા. જૈનદર્શનમેં ઐસી ચીજ હૈ હી નહીં. સમજમેં આયા? **उस ध्यानको योगी शुक्लध्यान कहते हैं**. દેખો! અંતર્મુખ સ્વરૂપકા પૂર્ણ અવલંબન, નિર્ભેદ ઇન્દ્રિયાતીત અંતર્મુખાકરસ્વરૂપ ઉસકો સંતો-યોગીયોં શુક્લધ્યાન કહતે હૈં.

**[अब इस ८९ गाथाकी टीका पूर्ण करते हुए टीकाकार मुनिराज दो श्लोक कहते हैं :]**
૧૧૯ આયા ન? ૧૧૯.

**ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति**
**व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे ।**
**सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-**
**स्तत्त्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम् ।।११९।।**

આહાહા! ઇન્દ્રજાલ કહતે હૈં યહાં. ઓલો શું કહેવાય? જાદુગર. એ જાદુ, અહીં ઇન્દ્રજાળ. જાદુ હૈ ન જાદુ? વહ કરતા હૈ ન જાદુ? બડા આદમી હૈ ન? કે. લાલ. ગયે થે ન દેખને? શેઠ દેખને ગયે થે. ૧૦ હજાર ભરકર દેખને ગયે થે. હમ રાજકોટ થે ન. આહા! બડા જાદુગર હૈ. છોટી ઉમ્ર હૈ. લાખો રૂપિયા પેદા કરતા હૈ લાખો. જૈન હૈ શ્વેતામ્બર. હમારે પર પ્રેમ હૈ. વહાં આયા થા હમારે પાસ. લાખોમાં શું ધૂળ છે? એ તો ત્રણ કલાકમાં પાંચ લાખ આપ્યા હતા સરકારે. એકવાર ત્રણ કલાકના પાંચ લાખ દીધા. ઐસા બડા જાદુગર હૈ. ઉસકી યહાં બહન હૈ

ન? ભાણી. બ્રહ્મચારી હૈ ઉષાબેન. વહાં થોડે દિન રહે થે. ઉસકા મામા હોતા હૈ. યહાં આયા થા, સોનગઢ આયા તબ હમારે પાસ આયા થા. બડા જાદુગર હૈ. અભી તો પરદેશ ગયા હૈ. બહોત લાખો રૂપિયા એક મહિનેમેં પ્રાપ્ત કરેગા. ઐસા કોઈ ચપલ હૈ, જુવાન હૈ.

હમારે પાસ આયા, બીસ મિનિટ બૈઠા, અભી જબ રાજકોટ થે ન તબ. 'મહારાજ! હમારા તો સબ ધતીંગ હૈ, હમારા સબ ધતીંગ હૈ.' મૈંને કહા, ભાઈ! યે ધતીંગમેં તુમ્હારા પૂર્વકા પુણ્ય નાશ હો જાતા હૈ. યે પુણ્યસે મિલતા હૈ, તેરી જાદુગરીસે નહીં મિલતા. આહાહા! સંસારમેં એવા જાદુગર લોકો હોયને, મોટા મોટા રાજા-મહારાજા આમ સ્તબ્ધ થઈ જાય એવી એનામાં...... ફક્ત વચનચાતુરી, હાથચાલાકી. દુનિયા એને પસંદ કરે. કહતે થે, અભી પરદેશમેં જાનેવાલા હૈ. પરદેશ.... બહુત પૈસા ભાઈ! વહ તો પૂર્વકા પુણ્ય હોતા હૈ તો મિલતા હૈ. ઉસમેં કુછ હૈ નહીં. પુસ્તક દિયા, એક-દો પુસ્તક દિયા. વાંચો, આ વાંચો. ઇસમેં ધૂલમેં કુછ હૈ નહીં. જાદુગરીમેં ઠગા જાયેગા. આહાહા! યે ઇન્દ્રજાલ હૈ દેખો! ક્યા કહતે હૈં? દેખો! આહાહા!

**श्लोकार्थ** : **प्रगटरूपसे सदाशिवमय...** ક્યા કહતે હૈં? વસ્તુ ભગવાન આત્મા પ્રગટરૂપ સદા કલ્યાણમૂર્તિ હી હૈ. પ્રગટ હી હૈ દ્રવ્ય.. દ્રવ્ય. આહાહા! **प्रगटरूपसे सदाशिवमय...** પ્રભુ! શુદ્ધ આનંદ અને જ્ઞાન આદિ શક્તિયોંકા પિંડ દ્રવ્ય–વસ્તુ સદા શિવમય પ્રગટ હૈ. સદા શિવમય પ્રગટ હૈ દ્રવ્ય.. દ્રવ્ય. આહાહા! **सदाशिवमय (-निरंतर कल्याणमय)...** ત્રિકાળ કલ્યાણમય ઐસા ભગવાન આત્મા પ્રગટ દ્રવ્ય હૈ. આહાહા! **ऐसे परमात्मतत्त्वमें ध्यानावली होना भी शुद्धनय नहीं कहता.** આહાહા! શુદ્ધનય ત્રિકાળી જો દ્રવ્યસ્વભાવ સદા કલ્યાણમૂર્તિ પ્રભુ ઉસમેં–દ્રવ્યમેં ધ્યાનકા પ્રકાર નહીં હૈ. આહાહા! યે તો પર્યાયમેં હૈ. આહાહા! દેખો! રાગ ને પુણ્ય તો હૈ હી નહીં દ્રવ્યમેં, સંસાર તો હૈ હી નહીં, ઉદયભાવ સંસાર વહ તો દ્રવ્યમેં હૈ હી નહીં, ત્રિકાળી ભગવાન આનંદકા ધામ પ્રભુ જિસકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, આહાહા! ઐસે ભગવાન આત્મા... શબ્દ કૈસા લિયા હૈ? જુઓ!

**सदाशिवमय ऐसे परमात्मतत्त्व...** તો પરમાત્મત્ત્વ એટલે ભગવાન નહીં, યે (સ્વ-આત્મા) પરમાત્મતત્ત્વ. આહાહા! જિસકી દૃષ્ટિસે, જિસકે આશ્રયસે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ હો ઐસી ચીજમેં ધ્યાનાવલી ભી નહીં. ધર્મધ્યાન અને શુક્લધ્યાનકા પ્રકાર ભી અંતર સ્વરૂપમેં નહીં. આહાહા! શેઠ! વહ પર્યાય હૈ. ધર્મધ્યાન, શુક્લધ્યાન તો ભાવના–પર્યાય હૈ. એક-એક સમયકી શુદ્ધ દશા હૈ. ભગવાન ત્રિકાલીમેં તો પર્યાય ભી નહીં. આહાહા! ધ્યાનાવલી ધ્યાનકી... છેને નીચે? 'ધ્યાનપંક્તિ, ધ્યાન પરંપરા.' ધર્મધ્યાનની શુદ્ધતા ને શુક્લધ્યાનની શુદ્ધતા—વહ તો સબ પર્યાય વ્યવહાર હૈ. આહાહા! ઉસકો વ્યવહાર કહતે હૈં. સમજમેં આયા?

**शुद्धनय नहीं कहता.** શુદ્ધ ચૈતન્ય ભગવાનકી દૃષ્ટિ હૈ ઉસકો ધ્યાનાવલી અંતરમેં હૈ ઐસા કહતા નહીં. **वह है (अर्थात् ध्यानावली आत्मामें है)' ऐसा (मात्र) व्यवहारमार्गने सतत**

**कहा है.** દેખો! વળી ન્યાં 'સતત.' વારંવાર કહા હો, નિરંતર કહા હો, તો યે તો પર્યાય હૈ, યે તો વ્યવહારમાર્ગમેં કહનેમેં આયા હૈ. આહાહા! લોગોંકો વીતરાગકા પરમ તત્ત્વ.... પર્યાય હૈ, ધર્મધ્યાન-શુક્લધ્યાન પર્યાય હૈ, પર વહ વ્યવહાર હૈ. આહાહા! ત્રિકાળી ભગવાન સદાશિવમય પ્રગટરૂપ હી વસ્તુ હૈ. વહ શુદ્ધનય ઉસમેં (-દ્રવ્યમેં) ધ્યાનકા પ્રકાર ભી નહીં કહતા. ઇસમેં હૈ હી નહીં. આહાહા!

ઐસા ભગવાન આત્મા પરમાનંદકી અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, આહાહા! અવિનાશીતત્ત્વ પરમાત્મા અપના સ્વરૂપ. કહો, હીરાભાઈ! ઉસમેં પર્યાય નહીં કહતે. ધ્યાનાવલી પર્યાય ઉસમેં નહીં, શુક્લધ્યાન ઉસમેં નહીં. ધ્યાન તો પર્યાય હૈ, કેવલજ્ઞાન ભી પર્યાય હૈ. કેવલજ્ઞાન ભી સદ્ભૂતવ્યવહારનયકા વિષય હૈ, નિશ્ચયકા વિષય હૈ નહીં. નિશ્ચય(નયકા) તો ધ્રુવ વિષય હૈ. આહાહા! (પર્યાયસે) રહિત હૈ દ્રવ્ય. અંતરમગ્ન અર્થાત્ રાગ તરફ થી વહ (દ્રવ્ય તરફ હુઈ) વહ અંતર્મગ્ન. પર્યાય તો પર્યાય રહતી હૈ (ઔર) દ્રવ્ય દ્રવ્ય રહતા હૈ. પર્યાય દ્રવ્યરૂપ હો જાતી નહીં. સમજમેં આયા? અંતર્મગ્ન કહનેસે જો પર્યાયમેં રાગમેં એકત્વ થી વહ પર્યાય દ્રવ્યમેં આયી. પર્યાય પર્યાય રહ ગઈ ને દ્રવ્ય દ્રવ્ય રહા હૈ. આહાહા! ઇન્દ્રજાળ... હે નાથ! તેરી યે બાત કૈસી હૈ! એક બાજુ કહે કિ ધ્યાન હૈ, મોક્ષકા માર્ગ હૈ. એક બાજુ કહે કિ દ્રવ્યમેં હૈ હી નહીં. પ્રભુ! તેરા માર્ગ ન સમજે ઉસકો ઇન્દ્રજાલ જૈસા દિખતા હૈ. હા ને ના, ના ને હા. શુક્લધ્યાન, ધર્મધ્યાન હૈ? હા. આહાહા! દ્રવ્યમેં નહીં? ના. દ્રવ્યમેં નહીં? ના. પર્યાયમેં હૈ? હા. કહો, સમજમેં આયા?

શ્રોતા : શુક્લધ્યાનમેં ધ્યાનમાં પડવાનું કહ્યું છે....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં. પડવા-ફડવાની અહીં વાત નથી. દ્રવ્ય પડે તો પર્યાય પડે. પડવા-ફડવાની વાત જ નથી અહીં. ભગવાનના ઘરે પડવાનું હોય નહીં. દરબાર! અહીં ચડીને કેવળજ્ઞાન પામે એની વાત છે. પડવા-બડવાની વાત અહીંયા છે નહીં. દ્રવ્ય પડે તો પર્યાય પડ જાય. દ્રવ્યકા આશ્રય હૈ જિસકો, ઉસે પડના-ફડના હૈ નહીં. સમજમેં આયા? આહાહા! .... પૂર્ણ રખે ન. અપ્રતિહતભાવથી ભરેલો... વહ યહાં કહા ન. જુઓ! ઝાડસે ફલ ખિર ગયા વહ ફિર નહીં ચોંટતા. આયા હૈ ન સમયસારમેં? આયા હૈ. **पक्के फलं**... સમયસાર, આસ્રવ અધિકાર (ગાથા ૧૬૮)મેં આયા હૈ. પકા ફળ ગિર જાય, ફિર નહીં ચોંટતા. ઐસી બાત હૈ. રાગ ગયા, ગયા વહ ગયા. યે વ્યય ઉત્પાદ વિનાકા વ્યય હૈ. આહાહા!

વહ પ્રવચનસારમેં લિયા હૈ ન ભાઈ! સિદ્ધકા સંસાર વ્યય હુઆ હૈ, યે કૈસા વ્યય હૈ? પ્રવચનસારમેં ગાથા–શ્લોક હૈ. ઉત્પાદ વિનાકા વ્યય હૈ અર્થાત્ વહ વ્યય ફિરસે ઉત્પન્ન હોતા નહીં. ઔર ઉત્પન્ન કૈસા હુઆ પરમાત્મપદ? વ્યય બિનાકા. આહાહા! ઉત્પન્ન હુઆ જો કેવલજ્ઞાન વ્યય હુએ બિના. અબ વ્યય નહીં હોગા. ઉત્પાદ વ્યય બિનાકા ઔર વ્યય ઉત્પાદ

બિનાકા. આહાહા! શ્લોક હૈ પ્રવચનસારમેં. મૂલ પાઠમેં હૈ. સમજમેં આયા? કુંદકુંદાચાર્યકી ઝપટ તો તીર્થંકરદેવ વીતરાગ જૈસી હૈ. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : વ્યય બિનાકા ઉત્પાદ તો સંસારમેં....

પૂજ્ય ગુરૂદેવશ્રી : લિખા હૈ. પાઠમેં હૈ. કેટલામું છે? ખબર છે? ૧૭મી (ગાથા)? ૧૬મીમાં સ્વયંભૂ. લ્યો ૧૭. **भंगविहूणो य भवो... भंगविहूणो य भवो...** ભગવાનકો કેવલજ્ઞાન હુઆ વહ ભંગ બિના ઉત્પન્ન હુઆ હૈ, અબ ઉસકા ભંગ કભી હોતા નહીં. **संभवपरिवज्जिदो विणासो हि...** સંસારકા જો વિનાશ હુઆ વહ **संभवपरिवज्जिदो**—ફિરસે ઉત્પન્ન હોગા નહીં. **विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवाओ...** પાઠમેં હૈ દેખો! 'ઉત્પાદ તે ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી વિનાશરહિત છે.' ટીકા : 'ખરેખર આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલા શુદ્ધાત્મસ્વભાવ– સિદ્ધ(દશા) ઉત્પાદ તે, ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી...' પ્રલય નહીં, ઉત્પાદ હુઆ વહ હુઆ, ઉસકા પ્રલય કભી નહીં હોતા. સંસ્કૃત હૈ. **आत्मनः शुद्धोपयोगप्रसादात् शुद्धात्मस्वभावेन यो भवः...** ઉત્પાદ હુઆ. **पुनस्तेन रूपेण प्रलयभावाद्भङ्गविहीनः**. આહાહા! સમજમેં આયા? તો યહાં નીચે(કી ભૂમિકામેં) ભી ઐસા લેના. જો વીતરાગ પર્યાય ઉત્પન્ન હુઈ, વહ વ્યય હુએ બિના રહ ગઈ ઐસી અને મિથ્યાત્વાદિકા વ્યય હુઆ વહ ઉત્પાદ બિનાકા હુઆ. ફિર વહ ઉત્પન્ન હોગા નહીં. સમજમેં આયા? આહાહા!

જુઓ! 'વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે..' ગુજરાતી છે. હિન્દીમેં હૈ નહીં. સત્તરહ—એક ઔર સાત. હમ તો સત્તર કહતે હૈં. દસ ઔર સાત. ગાથા હૈ. એ સોળમીમાં સ્વયંભૂ. સ્વયંભૂ હુઆ—કેવળજ્ઞાન અપનેસે પ્રગટ હુઆ, કોઈ દૂસરે કારણસે નહીં. વ્યય (હોકર) સ્વયંભૂ ઉત્પન્ન હુઆ વહ હુઆ, વ્યય બિના રહતા હૈ–ઉસકા નાશ કભી નહીં હોતા. પર્યાય તો એક સમય હી રહેગી, દૂસરે સમય પર્યાય વ્યય હોગી. વહ યહાં બાત નહીં લેની હૈ. જો શુદ્ધ પરિણતિ ઉત્પન્ન હુઈ સો હુઈ, ઉસકા અભાવ કભી હોગા નહીં. અને સંસારકા અભાવ હુઆ સો હુઆ, કભી સંસાર ઉત્પન્ન હોગા નહીં. આહાહા! દેખો! વાણી તો દેખો કિ ક્યા હૈ! યે ભગવાનકે સમીપમેં ગયે બિના ઐસી (વાણી) હોતી નહીં. સમજમેં આયા? ડાલચંદજી! આહાહા! પરમ સત્ય. બાત ઐસી હૈ.

એક છોટા લકડા હૈ બારહ વર્ષકા. બારહ વર્ષકી ઉંમર હૈ. યે સુનકર ઐસા કહતા હૈ. સંસ્કાર લેકર આયા હૈ. અભી યહાં નહીં હૈ. ગૃહસ્થ હૈ, બહોત લાખોપતિ હૈ ઉસકે પિતાજી. અભી આયા નહીં. સોસાયટીમેં ઉસકા કમરા હૈ. તો યે ૧૧વીં ગાથા સુનકર ઐસે કહે... **भूदत्थमस्सिदो खलु...** ભાઈ! ત્રિકાલી ભૂતાર્થકા આશ્રય કરના વહ સમ્યક્ હૈ. યે ચીજ ઐસી ત્રિકાળી આનંદકંદ હૈ. આહાહા! બારહ વર્ષકી ઉમ્ર હૈ. બારહ વર્ષ પુરે હુએ, અભી ૧૩વાં બૈઠા. પણ આત્મા ચીજ હૈ... ગમે ત્યાંથી થોડું લીધું હોય... કહતા હૈ બાલક, ઓહો! ઐસી ચીજ! ક્યોં

જગતકો નહીં બૈઠતી? એ હીરાભાઈ! દેખ્યો છે કે નહીં? નથી દેખ્યો. શું નામ એનું? દિલીપ.. દિલીપ. આપણે ત્યાં ગયા હતાને નહીંતર તો આવે ક્લાસમાં વૈશાખમાં આવે. અભી તો શાલા હૈ ન. વૈશાખમેં રજા હોતી હૈ ન, તો યહાં આતા હૈ. અબ તો વહાં થે હમ જયપુર. ઐસે કહે અને પીછે બોલે, ઓહો! ઐસી બાત ભાગ્યવાનકો કાનમેં પડતી હૈ. ભાગ્યવાન... ઐસી ચીજ! અંતર વીર્યસે બોલે હોં. ઐસે ઐસે નહીં. વાણિયાની જેમ એ.. એ.. એ... એમ નહીં. ઐસી ચીજ ક્યોં જગતકો નહીં બૈઠતી? વસ્તુ, ઐસી હી વસ્તુ કહતે હૈં. ઔર ઐસી બાત સુનનેવાલા ભી ભાગ્યવાન હૈ. યે ચીજ પરમાત્માકે ઘરકી હૈ–પરમાત્માકી દિવ્યધ્વનિકા સાર હૈ. આહાહા!

કહતે હૈં, હે ભગવાન! વહ ધ્યાનાવલી હૈ ઐસા વ્યવહારમાર્ગને સતત કહા હૈ. પહેલી ના પાડી. 'ના પાડી'કો ક્યા કહતે હૈં? મના કિયા. થોડી તો હમારી ગુજરાતી આતી હૈ. પહલે નિષેધ કિયા. ભગવાન ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ સદશ સ્વભાવ ઉસમેં ધ્યાનાવલી હૈ હી નહીં. પર (પર્યાયમેં) હૈ ન? હૈ, વ્યવહારમાર્ગને સતત કહા હૈ. જહાં-જહાં પર્યાયકી સિદ્ધિ કી હૈ (વહ) વ્યવહારમાર્ગકી સિદ્ધિ કી હૈ. આહાહા! દેખો! નિશ્ચય મોક્ષમાર્ગકો ભી વ્યવહારમાર્ગ યહાં કહા. આહાહા! વિકલ્પકા વ્યવહારમોક્ષમાર્ગ તો હૈ હી નહીં, પણ યે તો નિશ્ચય મોક્ષકા માર્ગ હૈ ઉસકો વ્યવહારમાર્ગ કહા. યે તો પર્યાય હૈ ન? પંડિતજી! આહાહા!

'રણે ચઢ્યો રજૂપત છૂપે નહીં..' આવે છેને? વહ શ્લોક આતા હૈ. 'ચંચળ નારીકો નૈન છૂપે નહીં, ભાગ્ય છૂપે નહીં ભભૂત લગાયા...' બાવો થાય, સાધુ થાય, પણ કાંઈ પુણ્ય ખસી જાય? પુણ્ય દિખે કે નહીં કિ યે પુણ્યશાલી હૈ? 'દાતા છૂપે નહીં ઘેર માગણ આયા...' માગણ ઘરે આવે અને દાતા છૂપાય? કહે, લઈ જા ભાઈ! 'ચંચળ નારીકો નૈન છૂપે નહીં, ચંદ્ર છૂપે નહીં બાદલ છાયા, રજપૂત છૂપે નહીં....' સમજમેં આયા? 'રણે ચઢ્યો રજપૂત છૂપે નહીં...' ગરાસિયા એ કાંઈ વાણિયા જેવા વેવલા હોતા હશે? રણે ચડે એટલે મારફાડ મારી નાખું. ઐસે આત્મા અપને સ્વરૂપકે રણમેં ચડતા હૈ, (ફિર કહે કિ) હમ નીચે પડ જાયેંગે? અરે! ચાલ પામર! ઐસી બાત યહાં કહાં આયી? સમજમેં આયા? એ તો કેવળજ્ઞાન લીધે છૂટકો. આહાહા!

શ્રોતા : ખરો રજપૂત તો આ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આ રજપૂત છે, ઓલા રજપૂત તો સમજ વિનાના અભિમાની છે. દરબાર! તમે કહેતા હતા કે એ બધા અભિમાની છે. અંદર ચૈતન્યપ્રભુ અપના નિજ રાજ ઉસકા પુત્ર... નિજ સામ્રાજ્ય ત્રિકાળી ભગવાન ઉસકા પુત્ર નામ પ્રજા વીતરાગી સમ્યગ્દર્શનાદિ પર્યાય પ્રગટ હુઈ, યે રજપૂત હૈ. આહાહા!

આ તો મુનિ કહે છે પદ્મમલધારિદેવ. ૯૦૦ વર્ષ પહલે દિગંબર સંત જંગલવાસી (હુએ). આહાહા! અવધૂત જોગી. આનંદમેં મસ્ત, નગ્નપના. મુનિ હોતે હૈં ઉનકો નગ્નપના હી હોતા હૈ. વસ્ત્રકા ધાગા રહે ઔર મુનિપના આતા હૈ (ઐસા) તીન કાલ તીન લોકમેં (હોતા) નહીં. સમજમેં

આયા? અને વસ્ત્ર છૂટ ગયા માટે મુનિપના હો ગયા—ઐસા ભી નહીં. આહાહા! હા ને ના. ભગવાન આત્મા... આચાર્ય કહતે હૈં.. મુનિ છે આ તો, આચાર્ય નથી. ટીકાકાર મુનિ હૈં. અમૃતચંદ્રાચાર્ય આચાર્ય થે, કુંદકુંદાચાર્ય આચાર્ય થે, પદ્મનંદિ આચાર્ય થે, જયસેન આચાર્ય થે. યે પદ્મપ્રભમલધારિદેવ મુનિ હૈં.

મુનિ કહતે હૈં, અરે, સુન તો સહી નાથ! તેરી ચીજમેં તો ધ્યાનવલી હૈ હી નહીં. આહાહા! ઐસા ભરા ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસમેં પર્યાય હૈ હી નહીં. ત્યારે કહે, ધ્યાનકો મોક્ષકા માર્ગ કહતે હૈં ન? વહ વ્યવહારમાર્ગ હૈ. **सततं** કહા હૈ. હૈ ન? લ્યો, **सततं** તીસરે પદમેં હૈ. **सास्तीत्युवाच.. सा-अस्ति**, એમ. **अस्ति वाच सततं व्यवहारमार्ग...** ૧૧૯ કલશ હૈ. આહાહા! એ દિગંબર સંતો સિવાય આવી વાણી ક્યાંય હોય નહીં. સમજમેં આયા? માર્ગ ઐસા હૈ, પહલે નિર્ણય તો કરે. સમજમેં આયા? નિર્ણય કરે બિના સ્વભાવ સન્મુખ હોગા હી નહીં કભી. સ્વભાવ સન્મુખ હુએ બિના અનુભવ હોગા નહીં. આહાહા! 'સન્મુખ હો' ઉસકા અર્થ—દ્રવ્ય હૈ ઉસકે અનુસરકે હોના. રાગકે અનુસરકે હોના નહીં.

કહતે હૈં, **हे जिनेन्द्र** ! આહાહા! **ऐसा वह तत्त्व (-तूने नय द्वारा कहा हुआ वस्तुस्वरूप), अहो! महा इन्द्रजाल है.** આહાહા! એક બાજુ કહે કિ વસ્તુમેં ધર્મધ્યાન હૈ નહીં, શુક્લધ્યાન હૈ નહીં. દૂસરી બાજુ કહે કિ સ્વકા આશ્રય કરનેસે ધર્મધ્યાન, શુક્લધ્યાન ઉત્પન્ન હોતા હૈ. યે ઉત્પન્ન હુઆ વહ વ્યવહારમાર્ગ હૈ. ઉત્પાદ ને વ્યય વ્યવહાર હૈ, ધ્રુવ નિશ્ચય હૈ. આહાહા! એક હી દ્રવ્યમેં દો ભાગ. ઉત્પાદ-વ્યય વહ વ્યવહાર હૈ, ધ્રુવ નિશ્ચય હૈ. નિશ્ચયમેં વ્યવહાર નહીં, વ્યવહારમેં નિશ્ચય નહીં. આહાહા!

શ્રોતા : ધ્રૌવ્ય ભી તો પર્યાય હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, ઉત્પાદ-વ્યય પર્યાય હૈ, પણ એક હી હૈ.

શ્રોતા : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધ્રુવ ત્રિકાળ હૈ. ત્રિકાળી વસ્તુ ધ્રુવ. ત્રિકાળી ધ્રુવકો દ્રવ્ય કહા, ઉત્પાદ-વ્યયકો પર્યાય (કહા). યે તીન અંશકો ગિનકે ભેદ લિયે હૈં. યહાં નહીં. યહાં તો ત્રિકાળી ધ્રુવ હૈ વહ દ્રવ્ય હૈ. દ્રવ્યાર્થિકકા વિષય દ્રવ્ય વહ ત્રિકાળી ધ્રુવ હૈ ઔર ઉત્પાદ-વ્યય વર્તમાન પર્યાયકા વિષય હૈ, વ્યવહારનયકા વિષય હૈ. વહ આયા ન. શુદ્ધનય ધ્રુવકો કહતા હૈ. આયા ન અગિયારમી ગાથામેં આયા, નહીં? તીન અવસ્થામેં દો અવસ્થા હૈ વહ વ્યવહારનયકા વિષય હૈ. ધ્રુવ હૈ નિશ્ચયનયકા વિષય. ૧૧મી ગાથામાં આવ્યું. **भूदत्थदेसिदो सुद्धणओ...** ૧૧વી ગાથાકા મહા સિદ્ધાંત. ભૂતાર્થ હૈ વહ શુદ્ધનય હૈ. અશુદ્ધનય કહા ન યહાં? ત્રિકાળીભાવ જ્ઞાયકભાવ ધ્રુવભાવ વહી શુદ્ધનય, પર્યાય વહ વ્યવહારનય. આહાહા!

કહતે હૈં, હે ભગવાન! એક બાજુ કહો કિ શુદ્ધનય ધ્રુવ ઉસમેં પર્યાય હૈ નહીં, ભેદ હૈ નહીં. યે પર્યાય તો ભેદ હુઆ. પણ ભેદ પર્યાયમેં હૈ. વ્યવહારમાર્ગમેં સતત કહનેમેં આતા હૈ. આહાહા! વ્યય હૈ કિ નહીં? નથી? પર્યાય પર્યાયમેં નહીં હૈ? વ્યવહાર ઉડ જાતા હૈ. હૈ સહી, ત્રિકાળીમેં નહીં. જિસકા આશ્રય કરના હૈ ઉસમેં નહીં. આશ્રય કરનેવાલી પર્યાય હૈ વહ વ્યવહાર હૈ. આહાહા! યે કહતે હૈં ન. ક્યા કહતે હો પ્રભુ તુમ? એક બાજુ કહતે હો કિ શુદ્ધનયમેં ધ્યાનાવલી નહીં. દૂસરી બાજુ કહતે હૈં કિ વ્યવહારમાર્ગમેં સતત કહનેમેં આયા હૈ. પ્રભુ! તેરી ઇન્દ્રજાલ હૈ યે. ઉસકા અર્થ કિ તેરી ચીજ ગંભીર હૈ. તેરી ચીજકો સમજના ગંભીર હૈ, યૂં કહતે હૈં. ઇન્દ્રજાલ કહકર મશ્કરી નહીં કરતે. તેરી ચીજ .... નાથ! તેરી દિવ્યધ્વનિમેં આયા તત્ત્વ સમજનેમેં મહા ગંભીરતા હૈ, બડા પુરુષાર્થ હૈ, અનંત પ્રયત્ન હૈ. ઉસકે બિના સમજમેં આતા નહીં. આહાહા! સારાંશ ઉસમેં હી હૈ. વહ બાત હૈ.

પઢા-લિખા ભી સમજ નહીં સકતા. ૧૧ અંગ પઢા, ૯ પૂર્વ પઢા... યે પીછે આયેગા. **मिच्छत्तं पवई भावाः** ૯૦મેં આયેગા. ઉસકા નામ અનેકાંત હૈ કિ દ્રવ્યમેં પર્યાય નહીં ને પર્યાય પર્યાયમેં હૈ ને પર્યાયમેં દ્રવ્ય નહીં. એનું નામ અનેકાંત છે. દ્રવ્યમેં દ્રવ્ય હૈ ને દ્રવ્યમેં ભી પર્યાય હૈ—યે અનેકાંત નહીં. આહાહા! સમજમેં આયા? લોગ અનેકાંતકો ફુદડીવાદ કર દેતે હૈં. ઐસા ભી હોતા હૈ, ઐસા ભી હોતા હૈ. ઐસે નહીં ભાઈ! વ્યવહારસે વ્યવહાર હૈ, નિશ્ચયસે નિશ્ચય હૈ. નિશ્ચયમેં વ્યવહાર નહીં ઔર વ્યવહારમેં નિશ્ચય નહીં. સમજમેં આયા? યે તો તત્ત્વકી બાત ઐસી હૈ. થોડા અભ્યાસ હો તો ઉસકો ખ્યાલ આ જાયે. નહીંતર તો યે ચીજ હૈ.

શ્રોતા : અભ્યાસ આપ કરાઓ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ કરાવે? કરાવે કોણ? કિસીકો કોઈ કરા સકતા નહીં. કૌન કરાવે? વહ કરતા હૈ તો દૂસરી ચીજકો નિમિત્ત કહનેમેં આતા હૈ. આહાહા! સમવસરણમેં ભી અનંતબૈર ગયા સુનનેકો. 'કેવળી આગળ રહી ગયો કોરો..' ઐસા એક સ્તવન હૈ. હે નાથ! તેરે સમવસરણમેં ગયા, પણ કોરા રહ ગયા. ક્યા આપને કહા વહ છુઆ નહીં. આહાહા! યે સ્તવન આતા હૈ.

શ્રોતા : ક્યોં રહ ગયા કોરા?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાન નહીં કિયા, સ્વકા આશ્રય નહીં લિયા. પરસે કુછ હોગા, પરસે હોગા ઐસે માન રખા. રહી ગયા કોરા. કોરા કહતે હૈં? યે હમારી કાઠીયાવાડી ભાષામેં હૈ. સ્તવનમેં હૈ. 'કેવળી આગળ રહી ગયો કોરો..' વહ બોલતે હૈં ન સજ્ઝાયમાળા? એમાં છે. યહાં કહતે હૈં, પ્રભુ! તેરા તત્ત્વ ઇન્દ્રજાલ જૈસા હૈ. ઐસે કહકર ગંભીરતા બતાઈ હૈ. પ્રભુ! તેરી તત્ત્વકી ચીજ સમજના મહા ગંભીર રહસ્ય હૈ. ઉસકા પતા લેનેવાલા મોક્ષકા માર્ગી હો જાતા હૈ એમ કહતે હૈં. વિસ્તારથી હવે કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૭, ગુરુવાર, તા. ૨૯-૭-૧૯૭૧**
**શ્લોક – ૧૨૦, ગાથા – ૯૦, પ્રવચન નં. ૮૦**

પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. ૮૯ ગાથા હૈ ન. ઉસકા કળશ ૧૨૦.

**सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात् ।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता ।।१२०।।**

૧૨૦. ૧૭૦ પાને છે. ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય અનાદિ-અનંત ઉસકે આશ્રયસે મોક્ષમાર્ગ પ્રાપ્ત હોતા હૈ. યહાં તો કહતે હૈં કિ જો.. **श्लोकार्थ :सम्यग्ज्ञानका आभूषण...** આત્મા તો જ્ઞાન(રૂપ) આભૂષણ, જ્ઞાનસ્વરૂપ હી હૈ. ઉસમેં કોઈ રાગકા વિકલ્પ કરના કે વિકલ્પ છોડના યે વસ્તુકે સ્વરૂપમેં હૈ નહીં. આહાહા! **सम्यग्ज्ञानका आभूषण...** આભૂષણ કહતે હૈં ન? જેવર. એટલે કે સમ્યગ્જ્ઞાનકા પિંડ. એક સમયમેં ચૈતન્ય ધ્રુવ સમ્યગ્જ્ઞાનકા પિંડ ચૈતન્યવસ્તુ **ऐसा यह परमात्मतत्त्व समस्त विकल्पसमूहोंसे सर्वतः मुक्त (-सर्व ओरसे रहित) है.** કહતે હૈં કિ કોઈ ભી નયકા વિકલ્પ કિ રાગકા વિકલ્પ ભાવ ઉસસે વસ્તુ તો મુક્ત હૈ. ચૈતન્યતત્ત્વ જ્ઞાનસ્વભાવ, આનંદધામ, ત્રિકાળ એકરૂપ રહનેવાલી ધ્રુવ ચીજ વહ પરમાત્મતત્ત્વ હૈ અપના.. અપના. આહા! **ऐसा यह परमात्मतत्त्व समस्त विकल्पसमूहोंसे सर्वतः मुक्त है.** ઉસમેં કોઈ, આત્મા ઐસા હૈ ને ઐસા નહીં હૈ—ઐસા વિકલ્પ ઉસમેં હૈ નહીં. આહાહા!

**(इसप्रकार) सर्वनयसमूह सम्बन्धी...** નયસંબંધી **यह प्रपंच परमात्मतत्त्वमें नहीं है...** દૂસરી બાત. કોઈ રાગાદિ વિકલ્પ નહીં હૈ ઔર નયકા વિકલ્પ ભી ઉસમેં કોઈ હૈ નહીં કિ નિશ્ચયનય હૈ ઐસા વિકલ્પ, વ્યવહારનય હૈ ઐસા વિકલ્પ. શુદ્ધ ચૈતન્યઘન કારણપરમાત્મા... યે પરમાત્મા લિયા હૈ ન. અપના કારણપરમાત્મા નિત્યાનંદ ઉસમેં **सर्वनयसमूह...** વિકલ્પાત્મક યહાં લેના હૈ. નહીંતર તો ધ્રુવ હૈ વહ શુદ્ધનયસ્વરૂપ હૈ. યે ૧૧મી ગાથામેં ઐસા લિયા. ભૂતાર્થ ત્રિકાળ ધ્રુવ વહી શુદ્ધનય હૈ. પણ વહ નય તો, અભેદસ્વભાવમેં નય ને નયકા વિષયકા ભેદ છોડકર અકેલા શુદ્ધનય સ્વરૂપ ત્રિકાળ હૈ. યહાં તો વિકલ્પાત્મક નય હૈ કિ સામાન્ય આત્મા હૈ, વિશેષ નહીં હૈ, વિશેષ પર્યાયમેં હૈ—ઐસા વિકલ્પવાલા નય ઉસમેં હૈ નહીં. આહાહા!

પ્રપંચ હૈ સબ. ભિન્ન હૈ. વહ તો નયાતીત–વિકલ્પાતીત હૈ. આમ તો શુદ્ધનયસ્વરૂપ હૈ, હૈ તો શુદ્ધનય અભેદ. અધ્યાત્મમેં નય ને નયકા વિષય (ઐસે) દો (ભેદ) નહીં કરતે. પરમ અધ્યાત્મ વસ્તુ અકેલી **भूदत्थोसिस्दो खलु** અથવા **भूदत्थो देसिदो शुद्धनयो...** ૧૧વીં ગાથા સારે જૈનશાસનકા મૂલ. ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ પરમાત્મા કારણપરમાત્મા વહી શુદ્ધનય.

વહાં તો ઐસા કહા. પણ વહ તો નય ને નયકા વિષય અભેદ કરકે કહા. યહાં નયભેદ કરકે (કહના કિ) યે નિશ્ચય હૈ, ઐસા વિકલ્પ સ્વરૂપમેં નહીં. આહાહા! ઐસા તત્ત્વ! સર્વજ્ઞ સિવા-પરમ જિનેન્દ્રદેવ સિવા ઐસી ચીજ કહીં હો સકે નહીં.

કહતે હૈં, અરે! **तो फिर वह ध्यानावली इसमें किस प्रकार उत्पन्न हुई?** આહાહા! કહતે હૈં, ભગવાન પરમસ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ હી વહ હૈ. વિકલ્પસે તો સર્વથા મુક્ત હૈ, નયકા વિકલ્પ (ઐસા) સંબંધ ઉસમેં કુછ હૈ નહીં. ઔર ધ્યાનાવલી ઉસમેં કૈસે હોતી હૈ? ઓહોહો! ગજબ બાત હૈ. ધ્યાન—શુક્લધ્યાન ને ધર્મધ્યાન વહ પર્યાય હૈ વહ દ્રવ્યમેં નહીં, એમ કહતે હૈ. આહાહા! કારણપ્રભુ એક-એક... અપના નિજ આત્મા કારણપરમાત્મા... કહે છે, અરે! જબ કોઈ નયસમૂહકા વિકલ્પ નહીં તો ધ્યાનાવલી ઇસમેં કિસપ્રકાર ઉત્પન્ન હુઈ? ધ્યાનાવલી-ધ્યાનકી પંક્તિ. ધર્મધ્યાન ને શુક્લધ્યાન ને શુક્લધ્યાનની નિર્મળતા ને વિશેષ નિર્મળતા.. વિશેષ નિર્મળતા.. વહ સબ તો પર્યાય હૈ. આહાહા! દ્રવ્યમેં હૈ નહીં. સમજમેં આયા? આહાહા!

કૈસે હો સકતી હૈ? (**अर्थात् ध्यानावली इस परमात्मतत्त्वमें कैसे हो सकती है**) **सो कहो.** એમ પ્રશ્ન છે. અર્થાત્ ઉસમેં નય હૈ નહીં. ધ્યાનાવલી નહીં હૈ, શુક્લધ્યાન દ્રવ્યમેં નહીં હૈ. વહ તો પર્યાય હૈ. કહો, શેઠ! આવી વાત છે. આહાહા! મોક્ષકા માર્ગ જો શુક્લધ્યાન કે ધર્મધ્યાન, નિશ્ચય મોક્ષમાર્ગ હોં, સ્વદ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હુઆ. આહાહા! ઐસી ધ્યાનકી ધારા દ્રવ્યમેં કૈસે સંભવે? આહાહા! ઐસી ચીજ હૈ તું અનાદિ-અનંત, અનંત-અનંત સિદ્ધપર્યાય, અનંત કેવળજ્ઞાનપર્યાય ઐસી તેરી શક્તિમેં-તેરે ધ્રુવમેં પડા હૈ. ઉસમેં ઐસી પર્યાયકા ભેદ કહાંસે આયા? કહતે હૈં. આહાહા! સમજમેં આયા? બહુ ભાઈ! આ માર્ગ... આ વ્યવહારવાળાને તો એટલું આકરું લાગે. વકીલજી! વ્યવહાર.. વ્યવહાર.. આગે આયેગા.

શ્રોતા : કેવલી ભી શુક્લધ્યાન લગાતે હૈં?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં લગાતે હૈં. યે તો પર્યાય હૈ, દ્રવ્ય નહીં. શુક્લધ્યાન વહ પર્યાય હૈ. પર્યાયમેં હૈ, દ્રવ્યમેં નહીં. સમજમેં આયા?

વહ તો આપ્તમીમાંસામેં આયા હૈ. પંડિતજી! ધર્મી ઔર ધર્મ દો નિરપેક્ષ ચીજ હૈ. આપ્તમીમાંસા. ધર્મી, વહ ધર્મ હૈ તો ધર્મી હૈ—ઐસે નહીં. વહ ધર્મી હૈ તો ધર્મ હૈ ઐસા નહીં. આપ્તમીમાંસામેં આયા હૈ. સ્વામી સમંતભદ્ર. દો ધર્મ નિરપેક્ષ અપનેસે હૈ. એમ પર્યાય પર્યાયસે હૈ, દ્રવ્ય દ્રવ્યસે હૈ. આવી વાત! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહતે હૈં કિ હમારી સર્વજ્ઞ પર્યાય દ્રવ્યમેં નહીં. સમજમેં આયા? તો ઉસમેં સંસાર ને રાગ-દ્વેષ ને વિકલ્પ કહાંસે હો? ઐસી નિર્મળાનંદ ચીજ ઉસકી દૃષ્ટિ કરના, ધ્યેય બનાના, અપની વર્તમાન જ્ઞાનપર્યાયમેં ઉસકો ત્રાટક કર ધ્યેય બનાના વહ સમ્યગ્દર્શન હૈ. છતાં વહ સમ્યગ્દર્શનકી પર્યાય દ્રવ્યમેં નહીં. સમજમેં આયા?

ઇન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી–એકભવતારી છે. શક્રેન્દ્ર અને એની રાણી બન્ને એક ભવતારી છે. ઔર વે સુનનેકો આતે હૈં ભગવાનકે પાસ વહ કૈસી કથા હોગી? તીન જ્ઞાન, ક્ષાયિક સમકિત હૈ શક્રેન્દ્રકો. ઔર ઉસકી પટરાની–રાની હૈ ઇન્દ્રાણી વહ ભી એકાવતારી હૈ. ક્ષાયિક સમકિત નહીં, પણ હૈ એકભવતારી. વહાંસે નિકલકર દોનોં પતિ-પત્ની દોનોંકો એક મનુષ્યભવ ધારણ કરકે મોક્ષ હોગા. ઔર તીન જ્ઞાન તો દોનોંકો હૈ મતિ, શ્રુત, અવધિ. ભગવાનકે પાસ, સંતોકે પાસ સુનતે હોંગે વહ કૈસી કથા હોગી? યે અલૌકિક બાત હૈ ભાઈ! યે બાત હી કોઈ લોકોત્તર ચીજ હૈ.

કહતે હૈં કિ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, આભૂષણ–દાગીનો–જેવર, જ્ઞાનકા જેવર–દાગીના... સોનાકા દાગીના કહતે હૈ ન? સુવર્ણકા. યે તો જ્ઞાનકા જેવર હૈ. ઐસે જ્ઞાનકા પિંડ પ્રભુ જો સમ્યગ્દર્શનકા વિષય હૈ ઉસમેં ધ્યાનાવલી કહાંસે આયી? ભાઈ! એમ કહતે હૈં. પર્યાય દ્રવ્યમેં કહાંસે આયી? આહાહા! સમજમેં આયા? જિનવરેન્દ્ર વીતરાગદેવ ત્રિલોકનાથ સમવસરણમાં ઇન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આ વાત ફરમાવતા હતા. યે કુંદકુંદાચાર્ય જાકર લાયે. સમજમેં આયા? હજી કેટલાકને, કુંદકુંદાચાર્ય ગયા મહાવિદેહમાં ગયા હતાં કે નહીં? (એ શંકા છે). નહીં, યે સોનગઢવાલોંને નિકાલા હૈ. અરે ભગવાન! ક્યા કહતે હો તુમ?

શ્રોતા : વે જાતે તો દિખતે ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : દિખે કૌન? વીતરાગી મુનિ ક્યા દિખે?

શ્રોતા : ઇસીસે શંકા હોતી હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યા શંકા હોતી હૈ? બતાયા નહીં પંચાસ્તિકાયમેં? જયસેન આચાર્ય મુનિ પંચમહાવ્રતધારી, સત્ય બોલનેવાલે ઉન્હોંને ટીકામેં લિખા નહીં–બતાયા નહીં? બતાયા ન? પંચાસ્તિકાય હૈ ન. આ ટીકા છે આમાં? જયસેનાચાર્યની ટીકામાં ક્યાં છે? ફૂટનોટમેં લિયા હૈ. જુઓ! સંસ્કૃત ટીકા હૈ જયસેનાચાર્યકી, ઉસકા ગુજરાતી બનાયા હૈ. 'આ શાસ્ત્રના કર્તા ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે. એમનું બીજું નામ પદ્મનંદિ, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃદ્ધપિચ્છાચાર્ય છે.' ગૃદ્ધપિચ્છાચાર્ય નામ કહાંસે આયા? ભગવાન પાસે જાતે થે, મોરપીંછી ગિર ગઈ. કહાં? જાતે થે તબ ગિર ગઈ ન? જયસેનાચાર્ય શાસ્ત્રકી તાત્પર્યવૃત્તિ ટીકામેં પ્રારંભ કરતે કહતે હૈં કિ 'જેમણે પ્રસિદ્ધકથાન્યાય પૂર્વવિદેહમાં જઈ...' પૂર્વ વિદેહમેં સીમંધર પરમાત્મા બિરાજતે હૈં. વર્તમાનમેં મૌજૂદ હૈં, ૫૦૦ ધનુષકા દેહ હૈ, કરોડપૂર્વકી દેહકી સ્થિતિ હૈ. આહાહા! મુનિસુવ્રત ભગવાનકે સમયમેં તો ભગવાનકી દીક્ષા હુઈ થી. અભી કેવળજ્ઞાનમેં બિરાજતે હૈં. અગલી

ચોવીસીમેં ૧૩વેં તીર્થંકર જબ હોંગેં તબ મુક્તિ પાયેંગે, દેહ છૂટકર સિદ્ધ હોંગેં. અભી તો અરિહંતપદમેં બિરાજતે હૈં.

કહતે હૈં, 'પૂર્વવિદેહમાં જઈ વીતરાગ સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકર પરમદેવના દર્શન કરી તેઓશ્રીના મુખકમળથી નીકળેલી દિવ્ય વાણી... યે સંસ્કૃત હૈ ઉસકા ગુજરાતી બનાયા હૈ. શ્રવણ વડે અવધારિત...' દિવ્યવાણીના છોળો વડે અવધારિત... આહાહા! ઐસા નક્કી હો જાય તો દિગંબર ધર્મ નક્કી હો જાય, ઇસકે સિવા દૂસરા ધર્મ સચ્ચા હો નહીં (ઐસે નક્કી હો જાય). તો ઇસે ઉડા દેના. સબ ધર્મ સચ્ચા હૈ. સમજમેં આયા? ઐસી બાત હૈ નહીં ભાઈ! કહતે હૈં, 'શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહી..'. પરમાત્મા પાસે સાક્ષાત્ સંવત ૪૯(માં ગયા હતાં). સાક્ષાત્ ભગવાન પાસે 'અર્થને ગ્રહી ત્યાંથી પાછા આવી અંતઃતત્ત્વ ભગવાન(આત્મા) અને બહિર્તત્ત્વ સાત ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે અથવા શિવકુમાર મહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા પંચાસ્તિકાયપ્રાભૃત શાસ્ત્રનું યથાક્રમે અધિકારશુદ્ધિપૂર્વક તાત્પર્યાર્થરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.' સમજમેં આયા? યે તો આચાર્યકા કથન હૈ. જયસેન આચાર્ય. ઔર દેવસેન આચાર્યકા આયા હૈ. દેવસેન આચાર્ય, દર્શનસાર. 'અરે! કુંદકુંદાચાર્ય...' દર્શનસાર કરનેવાલે મુનિ આચાર્ય હૈં. આચાર્ય જૂઠ બોલતે હૈં?

શ્રોતા : જૈનશાસનકી મહિમા બતાનેકે લિયે...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં. યથાર્થ બાત હૈ. જૈનશાસનમેં કોઈ ઐસા જૂઠા બોલે? 'મહાવિદેહમેં ગયે થે, વહાંસે આકર જો હમકો સંબોધન ન કરતે તો હમ મોક્ષમાર્ગ કૈસે પાતે?' ઐસા લિખા હૈ. સમજમેં આયા? આહાહા! શિલાલેખ હૈ. ચંદ્રાગિરિમેં હૈ. સબમેં હૈ. દેખના કિસકો હૈ? અપની પકડસે... ઐસા હો (નક્કી) જાય કિ મહાવિદેહમેં સીમંધર પરમાત્મા પાસે નગ્ન દિગંબર ગયે થે. તો દિગંબર ધર્મ નક્કી પક્કા હો ગયા. ઉસકા શાસ્ત્ર યથાર્થ, ઉસકા ગુરુ યથાર્થ, ઉસકા દેવ યથાર્થ, ઉસકા કથન યથાર્થ. સમજમેં આયા? એ ઉથાપવા માટે (કહે કે) એ મહાવિદેહમાં ગયા નહોતા. એ તો સોનગઢવાલોંને ઉઠાયા હૈ. ઐસા લિખા હૈ. ઉસમેં બતાયા ન. આહાહા! ક્યા કહતે હૈં? દેખો! આગે કહેંગેં. ગાથા ૯૧મેં કહેંગેં.

**भगवान अर्हत् परमेश्वरके मार्गसे प्रतिकूल मार्गाभासमें मार्गका श्रद्धान वह मिथ्यादर्शन है....** ૯૧મેં કહેંગેં. ૯૧ ગાથા હૈ ન. ૯૦ ઔર ૧. ૯૧ હૈ પીછે. ટીકા હૈ. **भगवान अर्हत् परमेश्वरके मार्गसे प्रतिकूल मार्गाभास...** માર્ગ હૈ નહીં, પણ માર્ગાભાસ હૈ. યે **श्रद्धान वह मिथ्यादर्शन है...** વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથને જો માર્ગ કહા વહ દિગંબરમાર્ગ કહા, વહી દિગંબર ધર્મ હૈ. વહ કોઈ પક્ષ નહીં હૈ. સમજમેં આયા? ઉસસે વિરુદ્ધ માનના મિથ્યાદર્શન, અજ્ઞાન હૈ. ૯૧ ગાથામેં હૈ. **उसीमें कही हुई अवस्तुमें वस्तुबुद्धि...** ભગવાનને જૈસે છ દ્રવ્ય, ઉનકે

અનંત ગુણ, અનંતી પર્યાય, આહાહા! એક-એક આત્મા પર્યાયરહિત હૈ, પર્યાય પર્યાયસહિત હૈ, પર્યાય દ્રવ્યરહિત હૈ—ઐસા ભગવાનકે મુખસે આયા ઉસસે વિપરીત માનના વહ મિથ્યાજ્ઞાન હૈ ઔર ઉસ માર્ગકા આચરણ યહ મિથ્યાચારિત્ર હૈ. ભગવાન આત્મા...

શ્રોતા : પર્યાય દ્રવ્યરહિત નહીં લિખી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે ક્યા આયા ન? પહલે આયા ન? ગાથા દીઠ લિખે? કહા થા ન? પંચાસ્તિકાયમેં ૧૮મી ગાથા. ઇસમેં તો સબ પ્રત્યેક ગાથામેં આતા હૈ. પંચાસ્તિકાયમેં લિયા નહીં? પર્યાય ઉત્પન્ન હુઈ વહ સંયોગ હૈ, વ્યય યે વિયોગ હૈ–વિવેક હૈ, ઉત્પાદ પર્યાયકા વહ સંયોગ હૈ દ્રવ્યકો. આહાહા! પંચાસ્તિકાયકી ગાથામેં. ૧૭. ૧૭ ને? દસ ને સાત. સમજમેં આયા ને? ફરીથી કહીએ. ૧૭ હોં ૧૭. સંસ્કૃત હૈ. **पूर्वोत्तरपर्यायविवेकसंपर्कापादिता**... દ્રવ્ય પૂર્વપર્યાયકે વિયોગસે, ઉત્તરપર્યાયકે સંયોગસે... દેખો તો ખરા. આહાહા! બહારકી ચીજકા સંયોગ-વિયોગ તો કહીં રહ ગયા. દ્રવ્ય જો અનાદિ-અનંત પરમાત્મતત્ત્વ ધ્રુવ (ઉસમેં) કેવલજ્ઞાનાદિ પર્યાય જો ઉત્પન્ન હો વહ સંયોગ હૈ. દ્રવ્યમેં સંયોગ હુઆ. ઔર પૂર્વ પર્યાયકા વ્યય યે વિયોગ નામ વિવેક હુઆ. પૂર્વપર્યાયકા વિયોગ હો ગયા. આહાહા! વ્યયકો વિયોગ ઔર ઉત્પાદકો સંયોગ (કહતે હૈં) દ્રવ્યકે સાથ. સમજમેં આયા? ઇતના સ્પષ્ટીકરણ, ઇતની સ્વચ્છતા ને નિર્મળતા સૂર્ય જૈસા પ્રકાશ હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં, અહો! ઐસે પરમાત્મતત્ત્વમેં કૈસે ધ્યાનાવલી હો સકતી હૈ? આયા ક્યા? પરમાત્મતત્ત્વમેં પર્યાય કહાંસે હુઈ એમ કહતે હૈં યહાં. પર્યાય પર્યાયમેં હૈ. પર્યાય સત્ હૈ કિ નહીં? તીનોં સત્ હૈં. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તીનોં સત્ હૈં. સત્ સત્સે હૈ. દ્રવ્યસે નહીં. આગળ જતા તો આ વાત પણ કરી હતી. આ ગયા હૈ આત્મધર્મમેં. અમિતગતિ આચાર્ય. યોગસાર હૈ ઉનકા. ઉસમેં તો ઐસા પાઠ હૈ કિ આત્મા અપની પર્યાયકા દાતા નહીં. વહ આત્મધર્મમેં આ ગયા હૈ. યોગસાર હૈ, યોગસાર. અમિતગતિ આચાર્ય, યોગસાર. વ્યાખ્યાન હો ગયા હૈ સારે ગ્રંથકા. યહાં તો ૩૭ વર્ષ હુએ ન. ૩૭. ૩૦ ઔર ૭ ચોમાસા. યોગસારમેં (કહા કિ) આત્માકી અપની નિર્મળ પર્યાય ઉસકા દાતા દ્રવ્ય નહીં. આહાહા! આયા હૈ, આત્મધર્મમેં આયા હૈ. શશીભાઈ! આવ્યું છે કે નહીં? યાદ છે? નહીં. લે! પૈસાનું યાદ રાખે, આ યાદ નથી? આત્મા દાતા નથી. અહીં પુસ્તક નથી. યોગસારમેં હૈ. વ્યાખ્યાન દિયા હૈ. આત્મદાતા નહીં, નહીં દાતા. પર્યાય પર્યાયસે ઉત્પન્ન હુઈ, એમ કહતે હૈં. સમજમેં આયા?

સત્ હૈ ન. સત્કો હેતુકી જરૂર નહીં, એમ કહતે હૈં. સત્ધર્મલક્ષણમ્ સ્વતઃ હૈ. .... તીન હૈ, પણ તીન તીનસે હૈ, કિસીકે કારણસે નહીં, એમ કહતે હૈં. ઔર વહ ગાથા હૈ ન પ્રવચનસાર. ના, આ તો ૧૦૧. પ્રવચનસારમેં ૧૦૧મેં (કહા કિ) ઉત્પાદ ઉત્પાદસે હૈ, ઉત્પાદ વ્યયસે નહીં, વ્યય ઉત્પાદસે નહીં, ઉત્પાદ ધ્રુવસે નહીં, ધ્રુવ ઉત્પાદસે નહીં. ૧૦૧ ગાથા, પ્રવચનસાર. આચાર્યને તો સ્પષ્ટ કર દિયા હૈ. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તીનોં.. તીનોં.. તીનોંસે તીન હૈં. એક-એક અપનેસે હૈ, પરસે નહીં. સત્ હૈ ન. સત્કો હેતુકી જરૂર નહીં.

યહાં કહતે હૈં, ઐસે પરમાત્મતત્ત્વમેં ધ્યાનાવલી કૈસે? ૯૦. હવે ૯૦ ગાથા. પ્રવચનસાર ૧૦૧ ગાથા બહુત તાત્ત્વિક હૈ. કુંદકુંદાચાર્યકા શાસ્ત્ર સર્વજ્ઞકી ધ્વનિસે સીધા આયા હૈ. આહાહા! બીચમેં વે આડત હુએ. માલ તો ભગવાનકા થા. સમજમેં આયા? ૯૦.

**मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं ।**
**सम्मत्तपहुदिभावा अभाविया होंति जीवेण ।।९०।।**

નીચે હરિગીત.

**मिथ्यात्व आदिक भावकी की जीवने चिर भावना,**
**सम्यक्त्व आदिक भावकी न करी कभी भावना. ९०.**

**टीका : यह, आसन्नभव्य और अनासन्नभव्य जीवके पूर्वापर (-पहलेके और बादके) परिणामोंके स्वरूपका कथन है.** અનાદિસે અજ્ઞાનીજીવકા ક્યા પરિણામ થા ઔર જ્ઞાનીકા કૈસા પરિણામ હુઆ ઉસકા કથન હૈ. પૂર્વાપર હૈ ન? કોઈ એક જીવકા પૂર્વમેં પરિણામ ક્યા થા ઔર પીછે પરિણામ ક્યા હુઆ? પહલે મિથ્યાત્વાદિકા પરિણામ થા, પીછે સમ્યગ્દર્શનકા પરિણામ હુઆ. વહ બાત યહાં કહતે હૈં. **मिथ्यात्व, अव्रत, कषाय और योग...** પ્રમાદ ઉસમેં આ ગયા કષાયમેં. પાંચ હૈં ન બંધકે કારણ? કષાયમેં પ્રમાદ આ ગયા. **मिथ्यात्व, अव्रत, कषाय और योगरूप परिणाम सामान्य प्रत्यय (आस्रव) हैं...** આસ્રવ હૈં ચારોં, બંધકે કારણ હૈં. ઔર **उनके तेरह भेद हैं...** તેરહ ગુણસ્થાન. **कारण कि 'मिच्छादिट्ठीआदि जाव सजोगिस्स चरमंतं' ऐसा (शास्त्रका) वचन है,** સમયસારમેં આતા હૈ. નીચે હૈ અર્થ. **(प्रत्ययोंके, तेरह प्रकारके भेद कहे गये हैं-) मिथ्यादृष्टिगुणस्थानसे लेकर सयोगकेवली गुणस्थानके चरम समय तकके.** ૧૩. આહાહા! **मिथ्यादृष्टिगुस्थानसे लेकर सयोगीगुणस्थानके अंतिम समय तक प्रत्यय होते हैं-** આસ્રવ હોતે હૈ—**ऐसा अर्थ है.** કહતે હૈં અબ.

**निरंजन निज परमात्मतत्त्वके...** ભગવાન આત્મા... દૂસરી રીતસે પરમાત્મતતત્ત્વ કહા. નિરંજન-જિસમેં સંસારકા કોઈ અંજન-મૈલ હૈ હી નહીં. નિજ પરમાત્મા-અપના પરમાત્મતત્ત્વ. પરમાત્મા ભગવાનકા ભગવાનકે પાસ રહા. **निज परमात्मतत्त्वके श्रद्धान रहित...** ઐસે પરમાત્માકી શ્રદ્ધા રહિત મિથ્યાદૃષ્ટિ. આહાહા! દેખો! નિજ પરમાત્મતત્ત્વકા શ્રદ્ધાન વહ સમ્યગ્દર્શન. ઉસ શ્રદ્ધાન રહિત **अनासन्नभव्य जीवने...** અર્થાત્ મુક્તિસે દૂર ઐસે પ્રાણીને **वास्तवमें सामान्य प्रत्ययोंको पहले सुचिरकाल भाया है...** મિથ્યાત્વકો ભાયા, અવ્રત, પ્રમાદ, કષાય જો આસ્રવ હે ઉસકી ભાવના કી. અનંત કાલમેં ઉસને ઐસી ભાવના કી. આહાહા! ઉસકા અર્થ વહ હુઆ કિ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી દિગંબર સાધુ હોકર નવવીં ગ્રૈવેયક ગયા, ઉસને યે ભાવના ભાયી. નિજ પરમાત્માકી ભાવના ન ભાયી. આહાહા! પંચમહાવ્રત પાળ્યા. ૨૮ મૂળગુણ પાળ્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો.'.. તો કહતે હૈં કિ ઉસને આસ્રવકી

ભાવના ભાયી થી. આહાહા! મૈં પંચમહાવ્રત પાલું, ૨૮ મૂળગુણ પાલું...? ઐસી આસ્રવકી ભાવના થી ઉસકો. સમજમેં આયા?

નિજ પરમાત્મા અખંડાનંદ પ્રભુ ઉસકે શ્રદ્ધાનસે રહિત યે આસ્રવકી ભાવના ભાનેવાલા થા. આહાહા! અરે પ્રભુ! વહ પંચમહાવ્રત પાલત હૈ ન? ૨૮ મૂળગુણ રખતા હૈ ન? વહ આસ્રવ હૈ. આસ્રવકી ભાવના ભાયી થી. આહાહા! અમૂલખચંદજી! આહાહા! કથન પદ્ધતિ તો જુઓ આચાર્ય, દિગંબર સંતોની! દિગંબર મુનિ થયો, ૨૮ મૂળગુણ પાળ્યા, હજારો રાણી છોડી, જંગલમેં રહા, નગ્નપને રહા, પણ વહ રાગકી ભાવના ભાતા થા. ક્યોંકિ નિજ પરમાત્મતત્ત્વકી શ્રદ્ધાન રહિત થા. આહાહા! અનાત્માકી ભાવના થી. અનાસન્નભવ્ય–આસન્નભવ્ય નહીં. આસન્નભવ્ય તો સમ્યક્, મોક્ષકે નજીક હૈ. યે અનાસન્ન તો મોક્ષસે દૂર હૈ. અનાસન્ન (અર્થાત્) દૂર હૈ મોક્ષસે. આહાહા! નિયમસાર. ઇસ બાર ક્લાસમેં નિયમસાર આ ગયા અને નાટક (સમયસાર) આયા. દો આયે ન. દોનોં શાસ્ત્ર ફિર લિયે. આહાહા!

ભગવાન! અનાદિકાલકા તું અજ્ઞાનપને અનંત બાર નવવી ગ્રૈવેયક ગયા મિથ્યાદૃષ્ટિ (હોકર). સમકિતી જાય વહ દૂસરી બાત હૈ. સમકિતી ભી વહાં જાતે હૈં. સમ્યગ્દર્શન બિના... નવવીં ગ્રૈવેયેક સમ્યગ્દૃષ્ટિ ભી જાતે હૈં, મિથ્યાદ્રષ્ટિ ભી જાતે હૈં, ચૌથે ગુણસ્થાનવાલે જાતે હૈં. મુનિ, ગૃહસ્થ નહીં. ગૃહસ્થ તો... દિગંબર સંત ૨૮ મૂળગુણ (લિયે) બિના નવમી ગ્રૈવેયક જા સકતે નહીં. મિથ્યાદૃષ્ટિ અન્યમતિકા મિથ્યાદૃષ્ટિ હો વહ નવવીં ગ્રૈવેયક જા સકે હી નહીં. દિગંબર જૈનકા જો મિથ્યાદૃષ્ટિ સાધુ હૈ વહી જા સકે. ઔર ચૌથા ગુણસ્થાનવાલા ભી જા સકે ઐસા પાઠ હૈ. પણ ક્રિયા છઠવેં ગુણસ્થાન (જૈસી હો તો). ઉસકો ભી દ્રવ્યલિંગી ભી કહતે હૈં. મિથ્યાદૃષ્ટિકો ભી દ્રવ્યલિંગી કહતે હૈં. અંતર આત્મભાન હુઆ, અનુભવ હુઆ હૈ, પંચમહાવ્રતાદિ ક્રિયા(રૂપ) સાધુપના લે લિયા, ગુણસ્થાન... ચૌથા ગુણસ્થાને અંદર હૈ, બાહ્યમેં છઠવે ગુણસ્થાનકી ચોખ્ખી નિર્મળ આગમ પ્રમાણ ક્રિયા હૈ. વહ નવવીં ગ્રૈવેયક તક જાતા હૈ. ઔર તીસરા—પાંચવા ગુણસ્થાનવાલા. અંદર પંચમગુણસ્થાન હો, બાહરમેં છઠવે ગુણસ્થાનકી ક્રિયા પૂરી ચોખ્ખી, આચાર જૈસા હૈ વૈસા, વહ ભી નવવીં ગ્રૈવેયક જાય. ઔર છઠ્ઠા ગુણસ્થાનવાલા વહ ભી નવવીં ગ્રૈવેયક જાતા હૈ. ઇતને જાતે હૈં—મિથ્યાદૃષ્ટિ, સમકિતી, પંચમ ગુણસ્થાન(વાલા), છઠવાં, સાતવાં. મિથ્યાદૃષ્ટિ પણ વહ દિગંબર સંત હો તો. દૂસરા વસ્ત્ર-પાત્ર રખકર મિથ્યાદૃષ્ટિ જીવ હો વહ નવવીં ગ્રૈવેયક સુધી જા સકતા નહીં. સમજમેં આયા?

શ્રોતા : બહારમેં મિથ્યાદૃષ્ટિ... બહારમેં ચૌથા ગુણસ્થાનવાલા અંતરંગમેં તો..... હી હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા?

શ્રોતા : મુનિકી ક્રિયા છટ્ઠે-સાતમે અંતરંગમેં....

પૂજ્ય ગુરુદેવશ્રી : છટ્ઠે-સાતમે નહીં, છઠ્ઠાવાળા. છઠવેકી ક્રિયા.

શ્રોતા : ક્રિયાકી દૃષ્ટિસે બાહ્યદૃષ્ટિ...

પૂજ્ય ગુરુદેવશ્રી : અંદરમેં મિથ્યાત્વ હૈ, રાગકી ભાવના ભાનેવાલા હૈ. ક્યોંકિ નિજ પરમાત્મા રાગ ને વિકલ્પસે રહિત હૈ ઐસી દૃષ્ટિ ઉસને કી નહીં. આહાહા!

**अनासन्नभव्य जीवने वास्तवमें सामान्य प्रत्ययोंको पहले सुचिरकाल भाया है...** દેખો! સુચિર (અર્થાત્) અનંત કાલ. ઓહો! નવવી ગ્રૈવેયક ભી અનંતબૈર ગયા હૈ. સમજમેં આયા? અનંતા પુદ્ગલપરાવર્તન કિયા. ઐસા શાસ્ત્રમેં હૈ. નવમી ગ્રૈવેયકકા ભી અનંત પુદ્ગલપરાવર્તન કિયા. ઓહોહો! પણ વહ....

શ્રોતા : ......... લેકર અભવિ ગયા, ભવિ નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે! દોનોં ગયે ભવિ-અભવિ. ભવિ ગયા મિથ્યાદૃષ્ટિ ભવિ, મિથ્યાદૃષ્ટિ અભવિ, સમ્યગ્દૃષ્ટિ ભવિ, સમ્યગ્દૃષ્ટિ પાંચવેંવાલા, સમ્યગ્દૃષ્ટિ છઠવેંવાલા—ઇતની તો બાત કી પહલે. સમજમેં આયા?

કહતે હૈં, **पहले सुचिरकाल भाया है...** આહાહા! ઉસકા અર્થ વહ હુઆ કિ નિજપરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ ઉસકે અનુભવ બિના, ઉસકી શ્રદ્ધા બિના... ઉસકી શ્રદ્ધા હો તો તો ભાવના વીતરાગકી ભાવના ભાતા હૈ. ધર્મીજીવ તો વીતરાગકી ભાવના ભાતા હૈ. અજ્ઞાની નિજ પરમાત્મતત્ત્વકી શ્રદ્ધાસે રહિત અનંતબૈર સુચિર આસ્રવકી ભાવના ભાતા હૈ. ક્યોંકિ ઉસકી દૃષ્ટિમેં આસ્રવ હી હૈ, પરમાત્મતત્ત્વ દૃષ્ટિમેં નહીં. યે ક્રિયા જો મંદ રાગકી કી પંચમહાવ્રત આદિ, બસ વહ ક્રિયા ઉસકા લક્ષણ, ઉસકી ભાવના ભાયી. વહ કહતે હૈં દેખો!

**जिसने परम नैष्कर्म्यरूप चारित्र प्राप्त नहीं किया है...** જિસને પરમસ્વરૂપાચરણરૂપ ચારિત્ર..., એમ કહતે હૈં. વહ તો આસ્રવકી ભાવના, પરકી ભાવના હુઈ. સમજમેં આયા? અનાસન્નભવ્ય....

શ્રોતા : દસવે ગુણસ્થાનકે અંતમેં હોગા પરમ નિશ્ચય ચારિત્ર?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા કહતે હૈં?

શ્રોતા : દસવે ગુણસ્થાનકે અંતમેં હોગા પરમ નિશ્ચય ચારિત્ર?

પૂજ્ય ગુરુદેવશ્રી : ચૌથેસે હોગી શુરૂઆત. ચૌથેસે ભૈયા!

શ્રોતા : શ્રદ્ધા હોગી ....

પૂજ્ય ગુરુદેવશ્રી : શ્રદ્ધા, જ્ઞાન ને સ્વરૂપાચરણ તીનોં ચૌથેસે હોતે હૈં. અનંતાનુબંધી ગયા તો અનંતાનુબંધી તો ચારિત્રકા ભેદ હૈ, ચારિત્રકે દોષકા ભેદ હૈ. વહ ગયા તો ક્યા કુછ હુઆ કે નહીં ચારિત્ર? વહ તો પૂછતે હૈં જાનનેકો હોં. ઐસી ચર્ચા ચલતી હૈ ન. સમજમેં આયા? આહાહા!

અરેરે! વાસ્તવિક તત્ત્વ... અંતરમેં જહાં નિજ પરમાત્માકી પ્રતીત, અનુભવ હુઆ વહાં તો અનંતાનુબંધી ગયા (ઔર) ઉસમેં સ્વરૂપકી શાંતિ ભી આયી. સ્વરૂપાચરણ ભી ઉસમેં આ ગયા. સમજમેં આયા? પણ અનંતાનુબંધી નહીં હૈ ઇતની (શાંતિ). જિસકો સંયમ કહે વહ નહીં, વહ તો પંચમગુણસ્થાનમેં હૈ. સમજમેં આયા? તો યહાં સમુચ્ચય અર્થ કિયા હૈ ન? **परम नैष्कर्म्य** એટલે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રાપ્ત નહીં કિયા. સમજમેં આયા? આસ્રવકી ભાવના ભાવનેવાલેને સ્વરૂપકે ચારિત્રકા આચરણ નહીં કિયા. આસ્રવકે ચારિત્રકી ક્રિયા કી. આહાહા!

શ્રોતા : કષાયમેં ભી સમ્યગ્દર્શન હો જાતા હૈ? તીવ્ર કષાયમેં ભી સમ્યગ્દર્શન હો જાતા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : વહ અનંતાનુબંધી ન હો, અપ્રત્યાખ્યાનીય હો. ..... પણ એ વખતે તો કષાય મંદ હો, પહલે કષાય મંદ હો, છતાં દૂસરે અનંતાનુબંધી સિવા સબ કષાય હૈં. ઇસમેં કુછ નડતર નહીં હૈ. ખરેખર તો અનંત સંસારકા કારણ અનંતાનુબંધી હૈ. ઉસકા નામ હી અનંત મિથ્યાત્વ, ઉસકા અનુસંધાન કરનેવાલા અનંતાનુબંધી. અનંતકા અર્થ મિથ્યાત્વ. અનંત-અનુબંધી, મિથ્યાત્વકે સાથ સંબંધ રખનેવાલા અનંતાનુબંધી કષાય. આહાહા!

કહતે હૈં, નિષ્કર્મ ચારિત્ર–સ્વરૂપાચરણરૂપ ચારિત્ર નહીં કિયા, ક્યોંકિ આસ્રવકી ભાવના તો ચારિત્ર હૈ નહીં, અચારિત્ર હૈ. આસ્રવની ભાવના હૈ તો મિથ્યાદૃષ્ટિ હૈ, મિથ્યાજ્ઞાની હૈ, મિથ્યાચારિત્રી હૈ. આહાહા! **परम नैष्कर्म्यरूप चारित्र प्राप्त नहीं किया है,ऐसे उस स्वरूपशून्य...** દેખો! સ્વરૂપશૂન્ય... ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ઉસકી દૃષ્ટિમેં શૂન્ય હૈ, (વહ) બહિરાત્મા હૈ. આહાહા! રાગકી ભાવના ભાનેવાલા... રાગ અપનેમેં નહીં, વિકલ્પ અપનેમેં નહીં, વહ તો બહિર્ હૈ. ઉસકી ભાવના ભાનેવાલા બહિરાત્મા હૈ. સમજમેં આયા? મિથ્યાદૃષ્ટિ હૈ. બહિર્ હૈ, ભગવાન આત્મામેં હૈ નહીં. ઐસે આસ્રવકા વિકલ્પ ઉસકી ભાવના ભાનેવાલા બહિરાત્મા હૈ, અંતરાત્મા નહીં. આહાહા! સમજમેં આયા?

જિસને–**बहिरात्म-जीवने सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यकचारित्रको नहीं भाया है.** અપને નિજ સ્વરૂપકી ભાવના ઉસને કભી કી નહીં. આહાહા! એવા બહિરાત્મા જીવે... અનાસન્નભવ્યકી બાત ચલતી હૈ ન? બહિર્ હૈ, અપને સ્વરૂપમેં નહીં ઐસે દયા-દાન-વ્રતકે વિકલ્પ જો હૈં ઉસકી ભાવના ભાનેવાલા (ઉસને) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રકો નહીં ભાયા. આસ્રવકો ભાનેવાલેને આત્માકી ભાવના નહીં કી, એમ કહતે હૈં. અને આત્માકી ભાવના કરનેવાલે આસ્રવકી ભાવના કરતે નહીં. આ જાવે ભલે, (પર) ભાવના (કરતે) નહીં. સમજમેં આયા? આહાહા! સમ્યગ્દર્શન હુઆ ઉસ હી ક્ષણમેં આસ્રવસે, વ્યવહારસે તો મુક્ત હી હૈ. ક્યોંકિ વહ તો અશુદ્ધભાવ હૈ. ઔર ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ હૈ. ઐસી પ્રતીતિ અનુભવમેં હુઈ, વહ તો શુભ પરિણામસહિત હૈ, અશુદ્ધ પરિણામસહિત નહીં. અશુદ્ધ

પરિણામસે તો મુક્ત હૈ સમ્યગ્દૃષ્ટિ. 'વ્યવહારસે મુક્ત હૈ' વહ આયા ન? સમજમેં આયા? 'નિશ્ચયમેં લીન, વ્યવહારસે મુક્ત..' વહ બંધ અધિકાર, (નાટક સમયસાર)મેં આયા હૈ.

શ્રોતા : ફિર ક્યોં સાધુ બને?

પૂજ્ય ગુરુદેવશ્રી : સાધુ (બના) રાગકી અસ્થિરતા છોડનેકો. શ્રદ્ધામેં ઉસકા ત્યાગ હૈ. હૈ હી નહીં. ઉસકી શ્રદ્ધામેં આયા તો ચારિત્ર આયે બિના રહે હી નહીં. અસ્થિરતાસે મુક્ત હૈ. અસ્થિરતાસે મુક્ત ન હો તો મિથ્યાદૃષ્ટિ હૈ. અસ્થિરતા હૈ ખરી, દૃષ્ટિમેં–શ્રદ્ધામેં મુક્ત હૈ. વહ આયા, નહીં? કહા થા ન? વહ આયા ન? 'અસંખ્યાત્ લોકપ્રમાણ' હૈ ન? બંધ અધિકાર. 'અસંખ્યાત લોક પરવાન જે મિથ્યાત્વભાવ, તેઈ વિવહાર ભાવ કેવલી ઉકત હૈ.' વ્યવહારકી રુચિ ને વ્યવહાર મેરા વહી મિથ્યાત્વભાવ હૈ. 'જિન્હકૌ મિથ્યાત્વ ગયૌ સમ્યક દરસ ભયૌ, તે નિયત લીન વિવહારસૌ મુકત હૈ.' યે બંધ અધિકારકી ૩૨ ગાથા (પદ) હૈ.

શ્રોતા : વ્યવહાર .... તો એકતા થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી : બંધ ને અબંધ બે એક થઈ જાય. સમ્યગ્દૃષ્ટિકી તો અબંધદૃષ્ટિ હૈ. રાગસે તો મુક્ત હૈ. (રાગ) હો, પણ અંતર્દૃષ્ટિમેં મુક્ત હૈ. ચારિત્ર તો, અસ્થિરતાકે ત્યાગકે લિયે ચારિત્ર કરતે હૈં. દૃષ્ટિમેં તો મુક્ત હી હૈ. મુક્ત ન હો તો અશુદ્ધતા સહિત ઐસે આત્માકો માના તો મિથ્યાદૃષ્ટિ હૈ. પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમેં આયા ન? ૧૪વીં ગાથા. અમૃતચંદ્રાચાર્ય. ભગવાન આત્મા... ૧૪વીં ગાથા હૈ ન. પુરુષાર્થસિદ્ધિ હૈ? વહ વહાં બતાયા થા, ચાર વર્ષ પહલે બતાયા થા. દૃષ્ટિકી અપેક્ષાસે...

શ્રોતા : દૃષ્ટિમેં .... હોતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : હોતા હૈ તો જૈસે છહ દ્રવ્ય હૈં વૈસે હોતા હૈ. વહ ઉસસે મુક્ત હૈ એમ કહતે હૈં. હોતા હૈ વહ દૂસરી ચીજ હૈ. ઉસસે મુક્ત હૈ. જુઓ! આ ૧૪મી ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

આહાહા! ભગવાન આત્મા રાગાદિ ને શરીરાદિ ભાવોંસે સંયુક્ત ન હોતે છતે... સંયુક્ત હૈ હી નહીં આત્મા. સંયુક્ત માનના વહી મિથ્યાત્વભાવ હૈ. અજ્ઞાની જીવોંકો સંયુક્ત જૈસા પ્રતિભાસતા હૈ. **प्रतिभाति बालिशानां... असमाहितोऽपि युक्त इव...** આસ્રવ ને શરીરસે રહિત હોને પર ભી અજ્ઞાનીકો યુક્ત (લગતા હૈ). **प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्...** યે મિથ્યાત્વ ભવકા બીજ હૈ. સમજમેં આયા?

શ્રોતા : આપ તો હમકો એડવાન્સમેં મિથ્યાદૃષ્ટિ સિદ્ધ કર દેતે હો?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા? જૈસે હો ઐસા સિદ્ધ કરતે હૈં. હમારા કહના હૈ કિ ભગવાનકા કહના હૈ? ધન્નાલાલજી! આ અમૃતચંદ્રાચાર્ય... ચાર વર્ષ પહલે તો કહા થા જયપુરમેં. દસ હજાર માણસ થે, પંડિત લોગ થે સબ. આ કૈલાસચંદજી, બંસીધરજી. કોણ બીજા? જયપુરના એ પાલચંદજી. બહોત પંડિત થે. દસ હજાર માણસ થા વ્યાખ્યાનમેં. ઉસ વક્ત બતાયી થી ગાથા. દેખો! ક્યા કહતે હૈં? ભગવાન આત્મા ચૈતન્ય (જિસે) પરમાત્મતત્ત્વ કહે વહ રાગ અને શરીરસે સહિત નહીં. **असमाहितो**... પણ જિસકો સહિત ભાસતા હૈ, મિથ્યાત્વી, અભવિ હૈ. નહીં તો તત્ત્વ તીન ક્યોં રહે? જ્ઞાયકતત્ત્વ, આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ—તીન ક્યોં રહે? તીન તો દોસે રહિત હૈ તો જ્ઞાયકતત્ત્વ હુઆ, પણ દોસે સહિત હો જાય તો તીનકા એક હો જાય. સમજમેં આયા? આહાહા!

આચાર્યોંને તો બાત કિતની સ્પષ્ટ (કી) હૈ! ઓહોહો! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી કોઈ ભી આચાર્ય લો, નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, સમંતભદ્ર... વાત ટંકોત્કીર્ણ છે. જૈસે સર્વજ્ઞકે મુખમેંસે આયી હૈ યે બાત હૈ. શ્રદ્ધામેં બડા ફેર હૈ, આચરણ તો અનંત બાર કિયા. દેખોને! યહાં કહા ન? પીછે ઉસમેં કહા. 'નિર્વિકલ્પ નિરુપાધિ આત્મસમાધિ, સાધિ જે સુગુન મોખ પંથકૌ ઢુકત હૈ, તેઈ જીવ પરમ દશામૈં થિરરૂપ વ્હૈકૈ, ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૈ.' બનારસીદાસ. વહ કલશ હૈ ૧૧વાં, બંધ અધિકાર.

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः ।**

અન્યનો આશ્રય તે માટે વ્યવહાર ત્યાજ્ય છે. આહાહા!

**सम्यकनिश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्।।११।।**

અરે સમકિતી! તું નિશ્ચયકો (ક્યોં અંગીકાર) નહીં કરતા? વ્યવહારસે તો તુમ મુક્ત હો. આહાહા! સમજમેં આયા? અગમ પ્યાલા હૈ યે તો. વીતરાગદર્શન હૈ યહાં. અલૌકિક બાત હૈ. જ્યાં ઇન્દ્રો પણ કુત્તીના બચ્ચા.. ક્યા કહતે હૈં? ભગવાનકે સમવસરણમેં દક્ષિણકે અર્ધલોકકે સ્વામી શકેન્દ્ર, ઉત્તરકે અર્ધલોકકા ઇશાનેન્દ્ર (સુનને આતે હો) વહ ચીજ કૈસી હૈ? અને વહ કથા હી કૈસી હોગી? યે તો અલૌકિક બાત હૈ.

યહાં કહતે હૈં, **इस मिथ्यादृष्टि जीवसे विपरीत गुणसमुदायवाला अति-आसन्नभव्य जीव होता है.** દેખો! અજ્ઞાની આસ્રવકી ભાવના ભાતા હૈ, તબ **मिथ्यादृष्टि जीवसे विपरीत गुणसमुदायवाला**... આહાહા! આ બધા–અનંત ગુણો પર્યાયમાં આવી ગયા. (મિથ્યાદૃષ્ટિ જીવસે વિપરીત) ગુણસમુદાયવાલા અતિ આસન્ન ભવ્યજીવ હોતા હૈ. ઉસકો આસ્રવકી ભાવના હૈ તો અકેલા અવગુણ હૈ. સમ્યગ્દૃષ્ટિકો સારે દ્રવ્યકા આશ્રય હૈ તો પર્યાયમેં અનંત ગુણકી પર્યાય

નિર્મળ પ્રગટ હો ગઈ હૈ. કહો, સમજમેં આયા? **मिथ्यादृष्टि जीवसे विपरीत**... પર્યાયકી બાત હૈ હોં. **गुणसमुदायवाला अति-आसन्नभव्य जीव होता है.** ઓહોહો! નિજ પરમાત્મા અનંતગુણકા પિંડ ઉસમેં જબ આશ્રય કરકે એકાગ્ર હુઆ તો દ્રવ્યમેં જિતની શક્તિયાં–ગુણકી સંખ્યા હૈ સબ અંશમેં પ્રગટ હો ગઈ. આહાહા! સમજમેં આયા? મિથ્યાદૃષ્ટિ બહિરાત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન ભાયા નહીં, મિથ્યાદૃષ્ટિ જીવસે વિપરીત ઉસને–(સમ્યગ્દ્રષ્ટિને) ભાયા હૈ, યૂં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (આદિ) અનંતગુણકી પર્યાય, સમુદાય-ગુણકા સમુદાય સારા પર્યાયમેં પ્રગટ હુઆ હૈ. આહાહા! સમજમેં આયા? **विपरीत गुणसमुदायवाला अति-आसन्नभव्य...** અલ્પકાલમેં કેવલજ્ઞાન હૈ ઉસકો.

શ્રોતા : આપ જો કુછ કહ રહે હો ઉસે યાદ કર લે તો બન જાયેગા?

પૂજ્ય ગુરુદેવશ્રી : યાદ કરે ક્યા? અંદર સમજના અંદર. અંદર પરિણમાના. યાદ કરે ધારણા વહ તો અનંતબાર કી. સુનનેકા ભાવ વહ વિકલ્પ હૈ, યાદ કરનેકા ભાવ ભી વિકલ્પ હૈ. અહીં તો માર્ગ ભગવાન! તું પરકા લક્ષ છોડકર, વિકલ્પકા લક્ષ છોડકર, વસ્તુ નિજ પરમાત્મતત્ત્વ ઉપર દૃષ્ટિ લગાકર સમ્યગ્દર્શન-જ્ઞાનકી ભાવના કરના.—વહ બાત હૈ. વહ કોઈ ભાષાકી ચીજ નહીં. આહાહા! પહલે ઉસકે નિશ્ચયમેં–નિર્ણયમેં તો ઐસા લે (કિ) ભગવાન આત્મા પૂર્ણાનંદ હૈ ઉસકા આશ્રય કરનેસે હી ધર્મ હોગા. લાખ-કરોડ પરકા ભાવ પંચ મહાવ્રત ને ૨૮ મૂલગુણસે બિલકુલ કિંચિત ધર્મ હોતા નહીં. વીતરાગમાર્ગ હૈ ભાઈ!

શ્રોતા : નિશ્ચયકી બાત.... પીછે આપ જો કહ રહે હૈં યહી બાત જરા ખટક જાતી હૈ. પંચમહાવ્રતમેં...

પૂજ્ય ગુરુદેવશ્રી : પંચમહાવ્રત ક્યા? પંચમહાવ્રત વસ્તુ ક્યા હૈ? વહ તો આસ્રવ હૈ, ઉદયભાવ હૈ.

શ્રોતા : મહાવ્રતમાં નામ મોટું આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો અણુવ્રત ને બીજાની અપેક્ષાએ ઉસકો મહાવ્રત કહા હૈ. સ્વભાવકી અપેક્ષાસે તો ઉસકો અણુ કહા, અણુ લિયા હૈ. મહાવ્રત.... અણુમેં ભી આસ્રવ હૈ વહ તો. આહાહા! કહા ન? જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે યે ભાવ આસ્રવ હૈ. આહાહા! ઔર વહ અપરાધ હૈ. પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમેં લિયા હૈ અમૃતચંદ્રાચાર્યને. મહારાજ! તીર્થંકરગોત્ર ને આહારક શરીર તો સમકિતી ને મુનિ હી બાંધતે હૈં. મહારાજ! યે ચીજ ક્યા હૈ? તો કહા કિ સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રસે બંધ નહીં હોતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર યોગ ને કષાયરૂપ નહીં. અને આહારક શરીરકા બંધ ને તીર્થંકરગોત્રકા બંધ પડતા હૈ વહ યોગ, કષાયસે પડતા હૈ. યે શ્લોક હૈ પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમેં. સારા ભરા હૈ. આહાહા! તબ હૈ ક્યા? ભગવાન! વહ અપરાધ, શુભ ઉપયોગકા અપરાધ હૈ. સમજમેં આયા?

શ્રોતા : શુભ ઉપયોગને અપરાધ કીધો?

પૂજ્ય ગુરુદેવશ્રી : લિયા હૈ કિ નહીં યહાં? કેટલામો છે શ્લોક? ૨૨૦. લ્યો, આયા. ૨૨૦. 'આ લોકમાં રત્નત્રયરૂપધર્મ નિર્વાણનું જ કારણ થાય છે, અન્ય ગતિનું નહીં. જે રત્નત્રયમાં પુણ્યનો આસ્રવ થાય છે તે આ અપરાધ શુભ ઉપયોગનો છે.' સંસ્કૃત મૂલ પાઠ હૈ. **शुभउपयोगो अयं अपराधः** પંડિતજી! તીર્થંકરગોત્ર બાંધે વહ ભાવ અપરાધ હૈ એમ કહતે હૈં. અને તીર્થંકરગોત્ર બંધા વહ ઉસી ભવમેં મોક્ષ નહીં જા સકેગા. એકબાર સ્વર્ગમેં જાયેગા કિ નર્કમેં જાયેગા, પહલે કોઈ નર્ક આયુકા બંધ પડા હો તો. જેમ શ્રેણિક રાજા નરકમેં ગયે ન? તીર્થંકરગોત્ર બંધા હૈ. પહલે આયુષ્ય નર્કકા બંધ ગયા થા, પીછે તીર્થંકરગોત્ર બંધા તો ભી નર્કમેં જાના પડા. યે પર્યાયકી યોગ્યતા હૈ. સમજમેં આયા?

યહાં તો કહતે હૈં, અપરાધ હૈ. યે શુભ ઉપયોગકા અપરાધ હૈ, ઐસા પાઠ હૈ દેખો! **शुभउपयोगो अयं अपराधः** લોકો તો રાડ નાખે છે. પણ શુભ ઉપયોગ તો આસ્રવ હૈ, ભાવબંધ હૈ, આત્મા અમૃતસ્વરૂપસે વિપરીત ઝેર હૈ. આહાહા! કઠણ પડે કે ન પડે, પણ યે સમજે હી છૂટકા હૈ જગતકો. જન્મ-મરણકા ચોરાશીકા અવતાર, આહાહા! ઉસકા અંત કરના હો તો યે સમજે છૂટકા હૈ. લાલાપેઠા કરેગા તો નહીં મિલેગા માર્ગ. લાલાપેઠા સમજતે હો? ઐસા હોતા નહીં, ઐસા હોગા, ઐસા હોગા—ઐસે નહીં ચલેગા. માર્ગ તો જો અનાદિકા પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવને દિવ્યધ્વનિ દ્વારા જો કહા વહી માર્ગ રહેગા. સત્ સત્ હી રહેગા. સત્ કભી અસત્ હોગા નહીં. આહાહા! લોકોને એમ કે અરે! પુણ્યકો હેય કહતે હૈં? પંડિતજી! ચર્ચા હુઈ થી. શુભ ઉપયોગ, ભગવાન! શુભ ઉપયોગ જૈનધર્મ હૈ? વહ તો રાગ હૈ. વીતરાગમાર્ગ તો વીતરાગભાવસે હૈ. આહાહા!

શ્રોતા : પ્રશસ્ત રાગ તો મોક્ષકા કારણ હૈ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય કારણ નહીં, બંધકા કારણ હૈ. એ કાંઈ નહીં. આ તો આપણે તત્ત્વની વાત.... યે તો તત્ત્વ ઐસા હૈ. કોઈ વ્યક્તિ માટે નહીં, વહ તો ઉસકી સ્વતંત્રતા હૈ. અનાદિસે ચલી આયી હૈ, કોઈ નયી ચીજ નહીં.

વહ તો કહા ન? વહ ભાવ તો અનાદિસે ભાયા નહીં. પાઠમેં આયા ન? **मिच्छत्तपहुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं...** વહ કોઈ નયી ચીજ નહીં. વ્યક્તિ સ્વતંત્ર હૈ, પ્રાણી સ્વતંત્ર હૈ. ઉસે ભી દુઃખી હોનેકા ભાવ નહીં, પણ ભાન નહીં. અજ્ઞાન હૈ. યે અજ્ઞાનકા ફલ ક્યા હૈ? અજ્ઞાનકા ફલ બહોત નુકશાન હૈ. યહાં તો કુંદકુંદાચાર્ય ઐસે કહતે હૈં, આત્માકા ભાન હો તો તો વસ્ત્રકા ધાગા રખકર મુનિપના માનતા નહીં. પણ વસ્ત્રકા એક ધાગા ભી રખકર હમ મુનિ હૈં (ઐસે) માને, મનાવે, માનતેકો અચ્છા જાને 'નિગોદમ્ ગચ્છઈ.' યહાં કોઈકી સિફારીશ ચલે નહીં. સિફારશ કહતે ન? ક્યા કહતે હૈં? એક ઇતનેમેં નિગોદ, તો વિપરીત શ્રદ્ધાકા પરિણામ ઊલ્ટા કિતના? ઉસકા ફલ પ્રભુ! કરુણા લાનેકી બાત હૈ. તિરસ્કાર કરનેકી

બાત નહીં. વિપરીત શ્રદ્ધાવાલે જીવકા તિરસ્કાર કરના નહીં. વહ તો અપના સ્વયં તિરસ્કાર કરતા હૈ, ઉસકા તિરસ્કાર ક્યા? આહાહા!

કહતે હૈં, **मिथ्यादृष्टि जीवसे विपरीत गुणसमुदायवाला अति-आसन्नभव्य जीव होता है.** ઓહોહો! **इस (अतिनिकटभव्य) जीवको सम्यग्ज्ञानकी भावना किसप्रकारसे होती है ऐसा प्रश्न किया जाये तो** (आचार्यवर) **श्री गुणभद्रस्वामीने** (आत्मानुशासनमें २३८वें श्लोक द्वारा) **कहा है कि** :.. ગુણભદ્રાચાર્યકા આધાર લેતે હૈં. આત્માનુશાસન. ભાષા દેખો!.

**भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।**

**भावये भाविता नेति भवाभावाय भावनाः।।**

બધા ભભા ઘણા. આહાહા! મુનિઓ, જ્ઞાની ધર્માત્મા, પણ ક્ષયોપશમ ભી કિતના!

**भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।**

**भावये भाविता नेति भवाभावाय भावनाः।।**

ભવના અભાવની ભાવના કદી કરી નહીં. આહાહા! ઉસકા અર્થ હોગા કલ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ સુદ ૯, શનિવાર, તા. ૩૧-૭-૧૯૭૧
## શ્લોક – ૧૨૧, ગાથા – ૯૧, પ્રવચન નં. ૮૧

નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર હૈ. પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. ૧૭૧ પાનું છે. શ્લોક બોલ ગયે હૈં. ફરીને. ગુણભદ્રસ્વામી આત્માનુશાસનમેં ઇસ સંબંધી અધિકાર વર્ણન કરતે હૈં.

**भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः।**
**भावये भाविता नेति भवाभावाय भावनाः।।**

અરેરે! આ જીવે **भवावर्तमें...** ચોર્યાસીના અવતારના ચક્રમાં, ચાર ગતિના ભવ નરક, નિગોદ, એકેન્દ્રિય, ઈયળ, કીડા, મકોડા, ઢોર, પશુ આદિ અવતાર, અરે! અનંતવાર કર્યા. એવા ભવાવર્ત ભવચક્રમાં ભવનો ભંવરજાળ... સમુદ્રમેં ભંવર હોતી હૈ ન ચક્કર? ઉસમેં, વહાણ ઉસમેં હી (ફંસા) રહતા હૈ, છૂટ સકતા નહીં. એવો ભવચક્ર–ભવપરાવર્તન, કહતે હૈં, **पहले न भायी हुई...** અનંતકાળમેં, અપના આત્મા આનંદસ્વરૂપ ઉસકી ભાવના અનંતકાળમેં કભી કી નહીં. નવમી ગ્રૈવેયક પણ અનંતબૈર ગયા, દિગંબર દ્રવ્યલિંગ સાધુ પંચમહાવ્રત આદિ ધારણ કર, પણ અંતરકી ભાવના 'આત્મા આનંદ હૈ' ઐસી ભાવના કભી કી નહીં. આહાહા! **भवावर्तमें पहले न भायी हुई भावनाएँ (अब) मैं भाता हूँ.** એમ આચાર્ય કહતે હૈં. અબ મૈં યે ભવાવર્તમેં નહીં ભાયી હુઈ ભાવનાકો ભાતા હૂં.

**वे भावनाएँ (पहले) न भायी होनेसे मैं भवके अभावके लिये उन्हें भाता हूँ...** ભવનો અભાવ... જિસસે ચાર ગતિ મિલે ઐસી ભાવના આસ્રવકી અને બંધકી યે તો અનંતબૈર ભાયી. આહાહા! આગે તો કહેંગે. વ્યવહારરત્નત્રયકી ભાવના ભી અનંતબૈર કી. આહા! યે તો ભવકા કારણ થા. **मैं भवके अभावके लिये उन्हें भाता हूँ.** ક્યોં? **(कारण कि भवका अभाव तो भवभ्रमणके कारणभूत भावनाओंसे विरुद्ध प्रकारकी, पहले न भायी हुई ऐसी अपूर्व भावनाओंसे ही होता है).** ક્યા કહતે હૈં? ભવભ્રમણના કારણભૂત પુણ્ય ને પાપ–વિકારની ભાવના હો, વધો, એ મિથ્યાદર્શનની ભાવના છે. આહાહા! ઐસી ભાવના ભવભ્રમણકા કારણ હૈ. ઉસસે વિરુદ્ધ... પુણ્ય-પાપકી ભાવના વહ ભવભ્રમણકા કારણ હૈ. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા પરિણામ (હો), પણ ભવભ્રમણકા કારણ હૈ એમ કહતે હૈં. યે હી હૈ. આજકલ વહી ચલતા હૈ (ઐસા) કહતે હૈં પંડિતજી.

શ્રોતા : જાનબૂઝકે કોઈ ભાતા હોગા મહારાજ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાન નહીં, ભાન નહીં (કિ) મૈં ચીજ ક્યા હૂં. આત્મા આનંદકા ધામ જિસમેં અતીન્દ્રિય આનંદ અનંત-અનંત ભરા હૈ, ઐસી અંતર્મુખ હોકર રુચિ કભી કી હી નહીં.

રુચિ, સમ્યગ્દર્શનકી બાત હૈ યહાં. સમ્યગ્દર્શન ને મિથ્યાદર્શન. વ્યવહાર જો દયા, દાન, વ્રત આદિ પરિણામ હૈ ઉસકી ભાવના ભાના વહ મિથ્યાદર્શનકી ભાવના હૈ એમ કહતે હૈં.

શ્રોતા : આ વાત સાંભળ્યા વિના ક્યાંથી.... ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાંભળે ત્યારે તો કરે કે નહીં? એમ કહતે હૈં. એ આગળ કહેશે હમણાં-અભી. સુના હૈ બારંબાર, પણ અંતરકી દૃષ્ટિમેં આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ, નિષ્ક્રિય-રાગકી ક્રિયા બિનાકી ચીજ હૈ ઉસકી અંતર દૃષ્ટિ કી નહીં. ચાહે તો અગિયાર અંગ પઢ ડાલા. પઢ ડાલા (અર્થાત્) પઢકર છોડ દિયા. અરે! કહતે હૈં કિ ભગવાન આત્મા શુદ્ધ આનંદકા ધામ પુણ્ય-પાપકે રાગસે રહિત હૈ ઐસી કભી ભાવના ભાયી નહીં. આહાહા! જુઓ! આચાર્ય સ્વયં કહતે હૈં. આત્માનુશાસન.

**भवका अभाव तो भवभ्रमणके कारणभूत भावनाओंसे विरुद्ध...** વ્યવહાર રાગાદિ હૈ વહ વ્યવહાર તો ભવભ્રમણકા કારણ હૈ. ઉસસે વિરુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યમૂર્તિ ભગવાન ઉસકી એકાગ્રતા વહ આત્માકી ભાવના હૈ. પન્નાલાલાજી! યે અપૂર્વ ભાવના મૈં ભવકે અભાવકે લિયે ભાતા હૂં, એમ કહતે હૈં. કોઈ ભવ મિલે સ્વર્ગાદિકા વહ ભાવના તો મિથ્યાત્વકી ભાવના હૈ. આહાહા! પુણ્ય મૈં કરૂં ઔર પુણ્યકે ફલ મુજે મિલે વહ ભી મિથ્યાત્વભાવના હૈ. અહો! મેરી ચીજ સચ્ચિદાનંદ નિર્મલ વીતરાગમૂર્તિ ઉસ સન્મુખકી એકાગ્રતાકી ભાવના મૈંને ભવભ્રમણમેં કભી કી નહીં. સમજમેં આયા? વહ ભાવના આચાર્ય કહતે હૈં. દુનિયાકો સમજાતે હૈં ઔર અપની ભાવનાકો પ્રસિદ્ધ કરતે હૈં. મૈં તો અપના આત્મા આનંદમૂર્તિ હૂં. ઉસમે એકાગ્રતાકી ભાવના મૈં તો ભાતા હૂં. દૂસરી કોઈ ચીજ મેરે પાસ હૈ નહીં. વ્યવહાર રત્નત્રયકી ભાવના ભી મૈં તો નહીં ભાતા હૂં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? વહ શ્લોક ટીકાકાર કહેંગેં. દેખો! ૧૨૧ શ્લોક હૈ. માખણ હૈ, માખણ હૈ. મખ્ખન કહતે હૈં?

**अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं**
**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत् ।**
**तदपि भवभवेषु श्रूयते वाह्यते वा**
**न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्।।१२१।।**

પદ્મપ્રભમલધારિ મુનિ કહતે હૈં, અરે! **श्लोकार्थ : जो मोक्षका कुछ कथनमात्र...** કથન હૈ ન, નિરૂપણ. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર યે તો કથનમાત્ર હૈ. વાસ્તવિક મોક્ષમાર્ગ હૈ હી નહીં. આયા કિ નહીં આયા? વચનમાત્ર નિવૃત્તિ... મોક્ષનું નિરૂપણ-કથનમાત્ર છે. યે મોક્ષમાર્ગપ્રકાશકમેં આયા ન? મોક્ષમાર્ગપ્રકાશકમેં. દો મોક્ષકા માર્ગ તો નિરૂપણમાત્ર હૈ-કથનમાત્ર હૈ. વાસ્તવિક તો એક નિશ્ચય મોક્ષમાર્ગ હી મોક્ષમાર્ગ હૈ. યે ક્યા કહતે હૈ યહાં? આચાર્યકા વાક્ય હૈ મુનિકા. યે ક્યા કહતે હૈં? દેખો! **भवजलराशौ मग्नजीवेन पूर्वं किमपि**

**वचनमात्रं निर्वृतेः कारणं...** નિવૃત્તિ નામ મોક્ષનું કારણ કથનમાત્ર–નિરૂપણમાત્ર. ક્યા આયા? વહ આયા ન ઉસમેં ભી? હીરાભાઈ ક્યાં ગયા? કથનમાત્ર આવ્યુંને? નિરુપણ છેને ત્યાં? સમ્યગ્દર્શન દો પ્રકારકા નહીં, ઉસકા કથન દો પ્રકારકા હૈ. સમ્યગ્જ્ઞાન દો પ્રકારકા નહીં, કથન દો પ્રકારકા હૈ. સાથમેં લેકર આરોપ કરકે કહતે હૈં. ચારિત્ર દો પ્રકારકા નહીં, એક હી પ્રકારકા હૈ, પણ કથન દો પ્રકારકા હૈ. આહાહા!

મોક્ષમાર્ગપ્રકાશક અધિકારમેં યહી ખુલાસા કિયા હૈ. ઉસમેં શાસ્ત્રકે આધારસે ખુલાસા કિયા હૈ. ટોડરમલજીને અપની કલ્પનાસે કોઈ શબ્દ નહીં (રખા). એકબાર કૈલાસચંદ્રજી કહતે થે કિ મહારાજ! યે મોક્ષમાર્ગપ્રકાશકમેં કિસ કિસ આધારસે લિયા હૈ (ઉસકા વિવરણ) બનાઓ. ભઈ! હમકો તો વખત નહીં. હૈ શાસ્ત્રકે આધારસે સબ. સમજમેં આયા? ઉન્હોંને કહા થા. કૈલાસચંદજી આયે થે ન? એમ કે ક્યા ક્યા આધાર હૈ યહાં શાસ્ત્રકા? ઉસમેં તો શબ્દે-શબ્દે શાસ્ત્રકા આધાર હૈ. પણ એટલો બધો વખત ને નિવૃત્તિ હમકો તો હૈ નહીં. હમારે આત્માકે કામ આગે ઇસકા વખત તો હમકો હૈ હી નહીં.

એકે કહ્યું હતું, એમ કે મોક્ષમાર્ગપ્રકાશક અધિકાર સિદ્ધાંતમેં જો સબ સામાન્યરૂપ, રહસ્યરૂપ થા ઉસકા વિશેષરૂપ ખુલાસા કર દિયા હૈ. ઉન ઘરકી બાત એક ભી નહીં હૈ. યે ક્યા કહતે હૈં? દેખો! આચાર્ય સ્વયં પદ્મપ્રભમલધારિદેવ મુનિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો **वचनमात्रं निर्वृतेः कारणं...** નિવૃત્તિ નામ મોક્ષ. કથનમાત્ર કારણં.. આવી ગયુંને ભાઈ? પંડિતજી! આહાહા! એ જ આવ્યું છે ત્યાં મોક્ષમાર્ગપ્રકાશકમાં. સમજમેં આયા? વહી બાત વહાં લી હૈ ન. શાસ્ત્રકે આધારસે બહુત ગજબ કામ કિયા ઉન્હોંને. કેટલામે પાને આવ્યું? ૨૫૫ (ગુજરાતી). દેખો!

‘હવે મોક્ષમાર્ગ તો બે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે.’ નિરૂપણ–આ કથન. મોક્ષમાર્ગકા નિરૂપણ બે... ‘જ્યાં સાચા મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે, તથા જ્યાં મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે.’ નિશ્ચય-વ્યવહારકા સર્વત્ર ઐસા હી લક્ષણ હૈ. નિરૂપણ કરના દો પ્રકારકા (ઔર) વાસ્તવિક (મોક્ષમાર્ગ) એક હૈ. આહાહા! અરે! આત્મા અંતર નિજ ચીજ જ્ઞાન ને આનંદકા પિંડ ભંડાર પ્રભુ... યે વિકલ્પ ઉઠતે હૈં દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રય યે તો રાગ હૈ, સંસાર હૈ, યે તો ઉદયભાવ હૈ. ઉસકી ભાવના તો અનંતબૈર કી. કહા ન યહાં? અભી આયેગા ખુલાસા પીછેકે કલશમેં. ‘સમસ્ત વિભાવ ને વ્યવહારમાર્ગકે રત્નત્રયકો છોડકર...’ ઇસ બાજુ આયેગા. ૧૭૩, નીચેકી લીટી, આખિરકી છેલ્લી લીટી. તદ્દન આખિરકી. હૈ? ‘વ્યવહારમાર્ગ રત્નત્રયકો છોડકર...’ વહ રાગ હૈ. બહુત સ્પષ્ટ કિયા હૈ. સમજમેં આયા?

કહતે હૈં, અહો! **मोक्षका कुछ कथनमात्र (-कहनेमात्र) कारण है उसे भी (अर्थात् व्यवहार-रत्नत्रयको भी)**... કૌંસમેં ખુલાસા લિખા હૈ. હૈ? વ્યવહાર રત્નત્રય તો કથનમાત્ર હૈ, વસ્તુ હૈ નહીં વહ. વહ છહ ઢાલામેં ભી આયા ન? નિશ્ચય સત્યાર્થ, વ્યવહાર ઉસકા કારણ વહ અસત્યાર્થ. ઉસકા અર્થ હુઆ કિ સત્યાર્થ સો નિશ્ચય, વ્યવહાર સો કારણ.. આયા ન? વ્યવહાર વહ અસત્યાર્થ કથનમાત્ર હૈ. આહાહા! છહ ઢાલામેં આયા હૈ. (જો સત્યારથ રૂપસો નિશ્ચય કારણ સો વ્યવહારો). પણ દરકાર ક્યાં (કરી છે) તમે શેઠીયા થઈને? બહારકે પૈસેમેં યે દરકાર કહાં? પન્નાલાલજી! એ શેઠિયાને.... એક બાત ઐસી હૈ છહ ઢાલામેં. સત્યાર્થ.... ઐસા શેઠીયાને કંઠસ્થ તો કિયા થા થોડા. સત્યાર્થ વહ નિશ્ચય, ઉસકા અર્થ વહ હુઆ કિ વ્યવહાર વહ અસત્યાર્થ હૈ–જૂઠા હૈ. ઐસી બાત હૈ. હૈ ખરા, વહ રાગ હૈ ખરા, પણ મોક્ષમાર્ગ તરીકે જૂઠા હૈ. વહ યહાં કહતે હૈં દેખો! મોક્ષકા કુછ કહનેમાત્ર કારણ હૈ. પાઠમેં હૈ ન વહ?

**किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत्**... દૂસરી લીટી હૈ. ઉસે **भवसागरमें डूबे हुए जीवने**... ઓહોહો! અશુભરાગ તો અનંતબૈર કિયા, પણ યે શુભરાગ ભવાવર્તકા કારણ ભી અનંતબૈર કિયા. આહાહા! વીતરાગકી વાણી ક્યા કહતી હૈ (ઉસકી) ખબર નહીં. ભગવાન! તેરી ચીજકો ભૂલકર, ઐસા વ્યવહારરત્નત્રયકા શુભરાગ, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ, પંચમહાવ્રતકા વિકલ્પ–રાગ, શાસ્ત્રકા પઢનેકા પરલક્ષી રાગ—ઐસા વ્યવહાર રત્નત્રય **भवसागरमें डूबे हुए जीवने पहले भवभवमें (-अनेक भवोंमें) सुना है और आचरा (-आचरणमें लिया) है**... યે વ્યવહાર સુના ભી હૈ, આચરા ભી હૈ. નિશ્ચય કભી સુના નહીં ને આચરા નહીં કભી. સમજમેં આયા?

**परन्तु अरेरे! खेद है कि जो सर्वदा एक ज्ञान है**... ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ હૈ. યે વ્યવહાર રત્નત્રય તો વિકલ્પ હૈ–રાગ હૈ. યે રાગ આત્મસ્વરૂપ હૈ? નહીં. ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રજ્ઞાસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા હૈ. ઐસે જ્ઞાનકે સાથ અનંત ગુણ સાથમેં આ ગયે. યે તો **सर्वदा**.. 'સર્વદા' લિયા ન? તીનોં કાલ... ભગવાન આત્મા તો જાણન-દેખન સ્વરૂપ હૈ. ઉસમેં વ્યવહારરત્નત્રયકા વિકલ્પ ભી હૈ નહીં. આહાહા! **उसे (अर्थात् जो सदा एक ज्ञानस्वरूप ही है ऐसे परमात्मतत्त्वको)**... દેખો! પરમાત્મત્ત્વ અપના. યે **जीवने सुना-आचरा नहीं है, नहीं है.** દો બાર હૈ. **न चन न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्**... આહાહા! મૈં તો એક જ્ઞાનક્રિયાવાલા હૂં, રાગક્રિયાવાલા મૈં નહીં. આહાહા! ચોર્યાસીના ભવાવર્તમાં અનંત-અનંત કાલમેં મૈંને વ્યવહાર રત્નત્રય સુના હૈ, આચરા ભી હૈ–આચરણ ભી કિયા હૈ મૈંને. વહ કોઈ (વાસ્તવિક) ચીજ નહીં. આહાહા! નિશ્ચય આચરણ અપના જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યપ્રભુ ઉસકી એકાગ્રતા, ઉસકી ધ્યેય કરકે એકાગ્રતા યે સમ્યગ્દર્શન, ઉસકા લક્ષ કરકે વેદન–

સ્વસંવદન યે જ્ઞાન ઔર ઉસમેં લીનતા—ઐસી જ્ઞાનકી એકાગ્રતાકી ભાવના કભી કી નહીં. આહાહા!

શ્રોતા : આપ જૈસા સુનાનેવાલા નહીં મિલા હોગા.

પૂજ્ય ગુરુદેવશ્રી : સુના, ભગવાનકી વાણી ભી અનંતબૈર સુની. આહાહા! યહાં તો મના કરતે હૈં કિ સુની હી નહીં. સાંભળી–સુના કહનેમેં હી આતા નહીં. સમવસરણમેં અનંતબૈર ગયા. આહાહા! ત્રણ લોકના નાથના સમવસરણ જેમાં સો-સો ઇન્દ્રોની ઉપસ્થિતિ, સો-સો ઇન્દ્રોની ઉપસ્થિતિ, વાઘ ને સિંહ ઐસે હાથ જોડકર સુનતે થે. ઐસે સમવસરણમેં ભી અનંત... પરમાત્મપ્રકાશમેં આતા હૈ. 'ભવોભવો જિનવર પૂજિયા...' ભવોભવ જિનવર પૂજિયા યે આતા હૈ. પણ આત્મા જ્ઞાનાનંદ હૈ ઉસકી કભી ભાવના કી નહીં. આહાહા!

સમ્યગ્જ્ઞાનદીપિકામેં તો વહાં તક આતા હૈ. ધર્મદાસ ક્ષુલ્લક. સમજમેં આયા? વહ પ્રશ્ન આયા થા ન, વહ યાદ આ ગયા. કોઈ કહતા થા ન? કોઈ પુસ્તક બતાતા થા હમારે સોનગઢકા. ઉસે બતાયા ભીંડમેં. દેખો! પતિ માથે હૈ ઉસ (સ્ત્રી)કા કિસીકે સાથમેં વ્યભિચાર હો જાય તો દોષ નહીં. યે દૃષ્ટાંત હૈ સમ્યગ્જ્ઞાનદીપિકામેં. સમ્યગ્જ્ઞાનદીપિકાકા દૃષ્ટાંત હૈ. યહાં હૈ નહીં. સમ્યગ્જ્ઞાનદીપિકાકા હૈ. યે હમારે ઘરકી બાત નહીં. વ્યાખ્યા તો યહાં હોતી હૈ. સમ્યગ્જ્ઞાનદીપિકા હૈ. દોપહરકો લાના. નહીં, નહીં, પહલેસે હૈ. અભી કહાં? હિંદીમેં પહલેસે હૈ. ઐસા હૈ... વહ બતાતા થા કોઈ ભીંડમેં. યે હિન્દી તો પહલેસે હૈ, હમારે પાસ પુરાની હિંદીમેં હૈ, પુરાની હિંદી. હમને પહલે પુરાની હિંદીમેં દેખા થા જંગલમેં. ૭૮કી સાલ, ૪૯ વર્ષ હુઆ. હમારે પાસ પુસ્તક હૈ પુરાની હિંદીમેં, બડે અક્ષર હૈં. પુરાની–જૂની. હમ તો બોટાદમેં રહતે થે. જંગલમેં રહકર દેખા થા ૭૮કી સાલ. ૪૯ વર્ષ હુઆ. હમારે પાસ પુસ્તક તો બહોત આતે થે ન પહલે? સારા ૫૦-૫૦ વર્ષ... પહલે વહી વાંચતે થે. શ્વેતાંબર શાસ્ત્ર તો સબ વાંચ લિયા થા ૭૮કી સાલ પહલે. કરોડો શ્લોકો સબ વાંચ લિયા થા. ૭૮કી સાલસે. આયા. ક્યાં હશે એ ખબર પડે? ૧૧૫. ૧૧૫ હૈ. દેખો!

દિગંબર જૈન મુમુક્ષુ મંડલ, ભાવનગર (સૌરાષ્ટ્ર)ને છપાયા હૈ. હમારે જ્યંતિભાઈને, હિંમતભાઈને છપાયા હૈ. 'જૈસે જિસ સ્ત્રીકે મસ્તક પર અપના પતિ હૈ...' યે ધર્મદાસ ક્ષુલ્લકકા હૈ. પદમચંદજી! યાદ આ ગયા યે. શું કારણે આવી ગયું? ભવે ભવે... દૂસરા લેના થા મુજે તો. ઐસે આયા હૈ ઉસમેં કિ સમવસરણમેં અનંતબૈર ગયા ઔર મણિરત્નકે દીપક, કલ્પવૃક્ષકે ફૂલસે ભગવાનકી પૂજા કી. વહ યાદ આ ગયા. ઉસમેંસે યે યાદ આયા. મણિરત્નના દીવા ભગવાનકે સમવસરણમેં, કલ્પવૃક્ષકે ફૂલ. જય નારાયણ.. જય ભગવાન.. વહ સબ તો શુભભાવ હૈ. પન્નાલાલજી! ઐસા હૈ ઉસમેં. યે તો હમને બહોત બાર–સેંકડો બાર દેખા હૈ ૭૮કી સાલસે. કિતનેકા તો જન્મ ભી નહીં હોગા. ૭૮કે માગસર માસમેં. ૭૯માં ગુજરી ગયા હતાને

માણેકચંદજી તપસી. માગસર સુદ પૂનમ. ત્યારે અમે બોટાદમાં હતા. ત્યાં આગળ આ પુસ્તક મળ્યું હતું. પણ આ જૂનું, મૂળ જૂનું છે મારી પાસે બોટાદનું. જૂનું એ વખતનું. એ હરિભાઈ લાવ્યા હતા. તમારે હરિભાઈ, હરિભાઈ ભાયાણી લાવ્યા હતા ત્યાં બોટાદ. અમે બહાર જંગલમાં જતાને ત્યારે વ્યાખ્યાન નહીં વાંચતા. અમુક વખતે વ્યાખ્યાન નહીં વાંચતા. .... ઉસ વક્ત તો વાંચકર હમકો.. ઓહોહો! વાહ! યહાં દેખો! યહ લિખા હૈ. આ કહે કે સોનગઢ એમ કહતે હૈં. પણ યે સોનગઢકી બાત હૈ કિ (ભગવાનકી બાત હૈ)? હમારે પાસ જુના-પુરાના પુસ્તક યહાં હૈ. યે તો છપાયા પણ ઉસકે પહલેકી એક હિન્દી હૈ. તીસરી આવૃત્તિ હૈ, દો આવૃત્તિ હો ગઈ હૈ.

'જૈસે જિસ સ્રીકે મસ્તક પર અપના પતિ હૈ, તથાપિ યહ સ્ત્રી પરપુરુષકે નિમિત્તસે ગર્ભ ભી ધારણ કરે તો ભી ઉસે દોષ લગતા.' 'દોષ લગતા'કા અર્થ ઉસકો આળ નહીં આતા. પતિ માથે હૈ તો આળ નહીં આતા. આળ નહીં કહતે? આક્ષેપ. 'આળ' હમારી ગુજરાતી ભાષા હૈ. બદનામી ન હો, લ્યો ભાઈ! એવો અર્થ છે આ... બદનામી ન હો. દેખો! 'પરપુરુષકે નિમિત્તસે ગર્ભ હો તો ઉસકો દોષ લગતા નહીં...' બાહર બદનામી નહીં હો, વહ બાત ખુલી નહીં પડતી. 'વૈસે હી...' હવે દષ્ટાંતકા સિદ્ધાંત દેતે હૈં. 'કોઈ પુરુષકે મસ્તકપે...' તન્મયસ્વરૂપ મસ્તકકે ઉપર 'સ્વસમય જ્ઞાનરૂપી પરમબ્રહ્મ પરમાત્મા હૈ...' જ્ઞાનકે સાથ, આનંદકે સાથ તન્મય અનુભવ હુઆ હૈ ઐસા જિસકે માથે પરમાત્મા હૈ દૃષ્ટિમેં, એમ કહતે હૈં. 'વહ પુરુષ કદાપિ કર્મવશ દોષ ભી કરે તો વહ પુરુષકો દોષ લગતા નહીં, બડેકા શરણ લેનેકા યહી ફળ હૈ.' અભિપ્રાયકા દોષ હૈ. રાગાદિકા દોષ હૈ, પણ માથે કોઈ....

શ્રોતા : દૂસરી બાત બતાતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દૂસરી બાત બતાતે હૈં.

શ્રોતા : વહ કહતા હૈ કિ વ્યભિચાર ભી કરે તો કોઈ દોષ નહીં હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઐસા ઊંધા લગાતે હૈં? ક્યા કરે? યે તો સમ્યગ્જ્ઞાનદીપિકા તો સબકે પાસ હૈ. ૧૧૫ પાને હૈ ઉસમેં. આહાહા! ક્યા કરે? યહાં તો સબ પુસ્તક વ્યાખ્યાનમેં ચલ ગયે હૈં ભાઈ! અને ઉસકા વ્યાખ્યાન ચલ ગયા હૈ. ઇતની બાત હૈ.

ઐસે આત્મા આનંદસ્વરૂપકા જહાં અનુભવ હુઆ, મસ્તક-માથે પરમાત્મા અપના હૈ, યે પરમાત્માકો કદાચિત્ નિમિત્તાદિસે રાગકા દોષ આ જાય તોપણ ઉસકો આળ લગતા નહીં- આક્ષેપ નહીં કિ વહ દોષકા કરનેવાલા હૈ. એમ કહતે હૈં. અથવા દોષકા કરનેવાલા કર્તા હૈ ઐસા નહીં એમ કહતે હૈં. મૂલ તો ઐસા કહતે હૈં. આહાહા!

શ્રોતા : કોઈ ઐસા આક્ષેપ.... સમ્યગ્દૃષ્ટિ ઐસા......

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરે! એ કરે નહીં, સમ્યગ્દૃષ્ટિ ઐસા કરે હી નહીં. યે તો દષ્ટાંત દિયા હૈ. અરેરે! લોકોને તત્ત્વકી ખબર નહીં અને બહારમાં ઐસા...

યે યાદ ક્યોં આ ગયા? કિ વહ સમ્યગ્જ્ઞાનદીપિકામેં ઐસા હૈ ઔર પરમાત્મપ્રકાશમેં ઐસા હૈ કિ 'ભવોભવ જિનવર પૂજિયા.' પણ આત્મા ક્યા ચીજ હૈ ઉસકા કભી દર્શન ને જ્ઞાનમેં દરકાર કી નહીં. આહાહા! સમ્યગ્જ્ઞાનદીપિકામેં હૈ કહીં. અભી યાદ આ ગયા. વહ ભીંડકે હૈં ન હમારે પંડિતજી, તો યાદ આ ગયા.

શ્રોતા : વહ .... કે લિયે અચ્છા બતાના હૈ, પર આપકા વિરોધ કરનેકે લિયે.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરે ભગવાન! વિરોધ કિસીકા કૌન કરે? કૌન કરે? કિસકા કરે? ભાઈ! હમ કૌન હૈં, ક્યા હૈં ઉસકી ખબર બિના વિરોધ કૌન કરે હમારા? કોઈ કિસીકા વિરોધ કરતા નહીં. વહ આતા હૈ ન યોગસારમેં? કૌન મૈત્રી... યોગસારમેં આતા હૈ. કૌન કિસકી મૈત્રી કરે, કૌન કિસકા વિરોધ કરે? કોઈકા કોઈ કર સકતા નહીં. યોગસારમેં આતા હૈ. યોગસાર, અમિતગતિ આચાર્ય. આ યોગીન્દ્રદેવ. અમિતગતિ આચાર્ય..... એ અમિતગતિ આચાર્ય.

યહાં કહતે હૈં કિ મોક્ષકા વ્યવહારરત્નત્રય તો કથનમાત્ર હૈ. આહાહા! અભી આયેગા શ્લોક. ચોખ્ખા શ્લોક પીછે ૧૨૨મેં આયેગા. **त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग रत्नत्रयं च**... વ્યવહાર રત્નત્રય ભી રાગ હૈ ઉસકો છોડકર આત્માકા આશ્રય કરો. ઉસકે બિના ધર્મ કભી હોતા નહીં. આહાહા! અરે! **भवसागरमें डूबे हुए जीवने पहले भवभवमें सुना है और आचरा है**... આહાહા! પરંતુ અરેરે! ખેદ હૈ, સર્વદા એક ભગવાન ચૈતન્યમૂર્તિ જિસમેં વ્યવહારરત્નત્રય વિકલ્પકા ભી અભાવ હૈ ઐસી જ્ઞાનમાત્ર ચીજકી કભી ભાવના કી નહીં. અપની ભાવના કી નહીં (ઔર) પરકી, રાગકી કી, એમ કહતે હૈં. આહાહા! રાગ તો પર હૈ, વિભાવ હૈ. આહાહા! સમજમેં આયા?

જીવને સુના, આચરા નહીં, નહીં, યહાં તો એમ કહતે હૈં. આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકી દૃષ્ટિ કરકે રમના યે બાત કભી સુની નહીં. આહાહા! સુના નહીં તો આચરે તો કહાંસે? 'સુના' ઇસકો કહતે હૈં કિ સુનકર આચરણ કરે અંદરમેં, એકાગ્ર હો તો 'સુના' કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહાહા! ચૌથી ગાથામેં આયા ન? **कामभोगबंधकहा... सुदपरिचिदाणुभूदा**... ચૌથી ગાથા સમયસાર. **सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**... કામ નામ રાગ, ભોગ નામ ભોગના. રાગકા-પુણ્યકા-વ્યવહારકા કરના અને ઉસકા ભોગના યે બાત તો અનંતબૈર સુની હૈ. **सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा. एयत्तस्सुवलंभो**... પણ વિકલ્પસે ભિન્ન (ઔર) અપને સ્વભાવસે અભિન્ન ઐસી બાત કભી ઉસને સુની નહીં. અપની નિજ હિતકી બાત કભી સુની નહીં. સુના હો તો અંતરમેં એકાગ્રતા સમ્યગ્દર્શન પ્રગટ હુએ બિના રહે નહીં, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

અરેરે! એમ છે ને? ઓલામાં આવે છેને ભાઈ! છોકરો ભાઈ વીંછીયાવાળો. અરેરે! 'સરોવર કાંઠે મૃગલા તરસ્યા..' આવે છેને એમાં? આમાં હશે. રમેશ.. રમેશ. ના, ના, આ તો બીજા. 'માર્ગ જુદા જગતથી સંતના રે લોલ...' મુંબઈ વ્યાખ્યાન હુઆ થા તો વિંછીયાકી મંડલી હૈ ભજનમંડલી, ઉસને બનાયા હૈ. 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ..' ચૈતન્ય સરોવર ભગવાન આત્મા. 'સરોવર કાંઠે મૃગલા તરસ્યા રે લોલ, દોડે હાંફી ઝાંઝવા જળની કાજ..' મૃગજળ. મૃગજળ પીનેકો હરણ હાંફીને દોડકર જાતા હૈ. 'અરેરે! સાચા વારિ રે એને ના મળે રે લોલ..' રખો એક. સમજે? હૈ? દેખો! તીસરા બોલ હૈ. 'સરોવર કાંઠે મૃગલા તરસ્યા રે લોલ..' હરણિયા. સરોવર કાંઠે તરસ્યા છે. 'દોડે હાંફે ઝાંઝવા જળની કાજ..' 'દોડે' સમજે? ઔર હાંફી.. હાંફકર દોડે. 'અરેરે! સાચા વારિ..' વારિ એટલે પાણી. 'સાચા વારિ રે એને ના મળે..' મુંબઈ વ્યાખ્યાન હુઆ થા ઉસકા (૫૬) હમારે મુમક્ષુને બનાયા હૈ. 'એમ મનના મૃગલાને પાછા વાળજો રે લોલ...' એ મનનું મૃગલું રાગની ભાવનામાં છે ભાઈ! પાછા વાળજો. 'પાછા' સમજે? 'જોડી દ્યો આતમ સરોવર આજ, એને મળશે આતમ સુખ અમુલા રે લોલ...' એ બધું છે લાંબુ. 'અરેરે!' ઉપરથી યાદ આવ્યું. રખો એક. કહો, સમજમેં આયા? આહાહા! યહાં અરેરે! આયા ન? ઉસમેં યે લિયા હૈ. બડા ભજન કરતા હૈ. અભી પોરબંદરમેં આયા થા. બહોત ભજન કરતા હૈ. લડકા છોટા હૈ ૨૧-૨૨ વર્ષકા. વહ પ્રેમચંદભાઈ નહીં હૈં વીંછીયાકે? પ્રેમચંદભાઈ આતે હૈં ઉનકે લડકેકા લડકા હૈ. ભજનમંડલી બનાયી હૈ સાત-આઠ માણસ... કહતે હૈં, વહ શુભભાવ હૈ. આહાહા! યે ૧૨૧ કલશ હુઆ. ૯૧ ગાથા.

**मिच्छादंसणणाणचरित्तं चइऊणं णिरवसेसेण ।**
**सम्मत्तणाणचरणं जो भावइ सो पडिक्कमणं ।।९१।।**

૯૧ ગાથા.

**जो जीव त्यागे सर्व मिथ्यादर्शन-ज्ञान-चरित्र रे,**
**सम्यकत्व-ज्ञान-चरित्र भावे प्रतिक्रमण तहते उसे. ૯૧.**

ઉસકી **टीका : यहां (इस गाथामें), सम्यग्दर्शनज्ञानचारित्रका निरवशेष (-सम्पूर्ण) स्वीकार करनेसे...** દેખો! અપના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ-નિર્વિકારી પર્યાય જો વસ્તુ ત્રિકાળી ધ્રુવકે આશ્રયસે પ્રગટ હુઈ, ઉસકા સંપૂર્ણ સ્વીકાર કરનેસે... અભેદપણે આત્મામેં આનેસે, એવો અર્થ છે. ચિદાનંદ ભગવાન ધ્રુવ અનંત આનંદકા સરોવર સાગર પ્રભુ ઉસમેં દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતાકા સ્વીકાર કરનેસે **और मिथ्यादर्शनज्ञानचारित्रका निरवशेष त्याग करनेसे...** ઓલામાં નિરવશેષ સ્વીકાર (એટલે) કાંઈ બાકી રાખ્યા વિના. ત્યાગ કરનેસે **परम मुमुक्षुको निश्चयप्रतिक्रमण होता है ऐसा कहा है.** આહાહા! ધર્માત્માકો સચ્ચા પ્રતિક્રમણ કહતે હૈં. ઉસકો હોતા હૈ, ઐસા કહતે હૈં. હવે ખુલાસા કરતે હૈં ટીકાકાર.

શ્રોતા : નિરવશેષ માને ........

પૂજ્ય ગુરૂદેવશ્રી : રાગકા સર્વથા ત્યાગ કરતે હૈં. સર્વથા ત્યાગ એ નિરવશેષ. રાગકા અંશમાત્ર ભી—ગુણ-ગુણીકા ભેદરૂપ વિકલ્પ ભી—નિરવશેષ ત્યાગ કર... સબ ત્યાગ કર, યૂં. કુછ બાકી રખે બિના ત્યાગ કર... ઔર યહાં બાકી રખે બિના આશ્રય કરકે... સ્વભાવ તરફમેં બાકી રખે બિના આશ્રય કરકે ઔર રાગકા (કુછ) બાકી રખે બિના ત્યાગ કરકે સબ ત્યાગ કિયા. આહાહા!

શ્રોતા : રાગ બના રહે તો સમ્યગ્દર્શન હો જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : હો.

શ્રોતા : પ્રતિક્રમણ હોતા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રતિક્રમણ કહા ન? નિશ્ચય પ્રતિક્રમણ હૈ. મિથ્યાત્વકા નિશ્ચય પ્રતિક્રમણ હો ગયા. રાગ હો, પણ મિથ્યાત્વકા પ્રતિક્રમણ હો ગયા. સ્વભાવકી દૃષ્ટિ હુઈ, સમ્યગ્દર્શન હુઆ ને મિથ્યાત્વકા પ્રતિક્રમણ હો ગયા. પીછે અવ્રતકા ત્યાગ કર, સ્વરૂપમેં સ્થિરતા હો જાય તો અવ્રતકા ત્યાગ–પ્રતિક્રમણ હો ગયા. સ્વરૂપમેં સ્થિર હો ગયા.

શ્રોતા : અનંતાનુબંધીકા રાગ બના રહે?

પૂજ્ય ગુરુદેવશ્રી : બના રહે. અનંતાનુબંધી બના રહે તો પ્રતિક્રમણ નહીં. વહ તો મિથ્યાત્વ હૈ. નિરવશેષ...

શ્રોતા : સ્વીકાર સર્વથા નિરવશેષ ઉપચાર કરકે...?

પૂજ્ય ગુરુદેવશ્રી : યહાં (સ્વભાવકા) નિરવશેષ સ્વીકાર કરકે, યહાં (રાગકા) નિરવશેષ ત્યાગ કરકે. દો શબ્દ હૈં ન? હવે કહતે હૈં.

શ્રોતા : અનંતાનુબંધી ઔર મિથ્યાત્વકા અવિનાભાવી સંબંધ હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : સાથ હી હૈ. વહ તો ચલતા હૈ.

દેખો! પૂનમચંદજી! ક્યા હૈ ઉસમેં? પુસ્તક હૈ? ઠીક અચ્છા. **भगवान अर्हत् परमेश्वरके मार्गसे प्रतिकूल...** યહાં તો વિરોધ કરતે હૈં. ભગવાનકે માર્ગસે વિરુદ્ધ... ઉસકી નિંદા કરતે હૈ યહાં.

શ્રોતા : સહી બાતકી નિંદા કરતે હૈં તો ક્યા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કિસીકી નિંદા નહીં કરના, કિસીકા વિરોધ નહીં કરના. નિંદાકા અર્થ? વસ્તુ હૈ ઉસકા વિરોધ... જૂઠી દૃષ્ટિ હૈ ઉસકી. સમજમેં આયા? ૩૬૩ પાખંડ વીતરાગ સર્વજ્ઞ માર્ગસે વિરુદ્ધ... ગોમ્મટસારમેં દિયા હૈ. ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી. આહાહા! ભગવાન અરિહંત પરમેશ્વરકા માર્ગ, પરમાત્મા સર્વજ્ઞપ્રભુને જો માર્ગ કહા, અરે!

ઉસસે પ્રતિકૂલ માર્ગાભાસ (અર્થાત્) માર્ગ નહીં પણ માર્ગ માનતે હૈં. માર્ગાભાસ (અર્થાત્) માર્ગ જૈસા દેખે. આહાહા! સમજમેં આયા?

સર્વજ્ઞ પરમેશ્વર ઉસને જો માર્ગ કહા, ઉસસે જો વિરુદ્ધ હૈ યે સબ માર્ગાભાસ હૈ. માર્ગ નહીં, પણ માર્ગ જૈસા દિખે. આહાહા! સૂક્ષ્મ બાત હૈ ભાઈ! જૈનમેં ભી વીતરાગને કહા હુઆ માર્ગ, પરમેશ્વરને કહા હુઆ માર્ગ. ત્રણ લોકના નાથ જિસે એક સમયમેં અનંત જ્ઞાન, આનંદ પ્રગટ હુઆ ઉસને જો આગમ કહા વાણી, ઉસમેં કહા માર્ગ ઉસકે સિવા દૂસરા માર્ગાભાસ હૈ. આહાહા! જૂઠા હૈ. માર્ગ નહીં, જૂઠા હૈ. ઐસી શ્રદ્ધાન એવા **मार्गाभासमें मार्गका श्रद्धान वह मिथ्यादर्शन है...** યે તો કૌન કહતે હૈં? યે મુનિ ટીકાકાર કહતે હૈં અને આચાર્ય સ્વયં કહતે હૈં. આ કુંદકુંદાચાર્ય કહે છે કે **मिच्छादंसणणाणचरित्तं चइऊणं णिरवसेसेण...** કિસીકા માર્ગ જૂઠા નહીં કહના. આહાહા! યે માર્ગ સચ્ચા એક હી હૈ. દૂસરે સબ માર્ગ સચ્ચે હૈ હી નહીં. આહાહા!

યે પૂનમચંદકે ગાંવમેં હોતા હૈ ન? આહાહા! યે મિથ્યાદર્શન હૈ. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ જિનવરેન્દ્ર ઉસને તીન કાલ, તીન લોક દેખા, ઉસને જો માર્ગ કહા ઇસકે સિવા દૂસરા માર્ગાભાસ હૈ. સબ સૂક્ષ્મ બાત હૈ ભૈયા! યહાં તો શ્વેતામ્બરકો ભી માર્ગાભાસમેં ડાલા હૈ ભાઈ! દુઃખ લગે કિસીકો ઐસી બાત હૈ. મોક્ષમાર્ગપ્રકાશકમેં તો ઉસકો ભી અન્યમતમેં ડાલા હૈ. આહાહા! વહ કોઈ પક્ષ નહીં, વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. ક્યા કરે? પક્ષવાલેકો દુઃખ હો, ક્યા કરે? મોક્ષમાર્ગપ્રકાશકમેં લિયા હૈ કિ દારૂકી નિંદા કરનેસે દારૂ બેચનેવાલેકો દુઃખ હો તો ક્યા કરે? મોક્ષમાર્ગપ્રકાશકમેં લિયા હૈ. વેશ્યાકી નિંદા કરનેસે કિ વેશ્યા પરસ્ત્રીકા ત્યાગ કરો ઉસકો ઐસા કહનેસે વેશ્યાકો દુઃખ લગે તો ક્યા કરે? તો ઐસા તો કોઈ સત્ય ઉપદેશ નહીં કિ સબકો જંચે. ઐસા લિખા હૈ. લિખા હૈ ન ઉસમેં? પાંચવે અધ્યાયમેં હૈ. સમજમેં આયા? ઐસી તો કોઈ એક બાત નહીં કિ સબકો સચ્ચી લગે. ક્યા કરે? પ્રભુ! કોઈ વ્યક્તિકા દ્વેષ નહીં. વ્યક્તિને વિરુદ્ધ માન્યતા કી હૈ ઉસકા દ્વેષ હૈ. આહાહા! સમજમેં આયા?

ઓહોહો! આચાર્ય કિતના વિશેષણ લગાતે હૈં. ભગવાન, અર્હત્. અર્હત્ નામ કુછ ખાના બાકી નહીં, સબ રસ જાન લિયા હૈ. પૂજનીક હૈં. પરમેશ્વર-પરમ ઈશ્વર પરમાત્મા. ઓહો! માર્ગસે પ્રતિકૂલ-ઉસકે માર્ગસે વિરુદ્ધ માર્ગાભાસકે માર્ગકી શ્રદ્ધાન કરના કિ યે ભી માર્ગ હૈ, યે ભી સચ્ચા હૈ ઐસી શ્રદ્ધા કરના મિથ્યાદર્શન હૈ. માર્ગ ઐસા હૈ ભગવાન! કોઈ પક્ષકે કારણસે યે બાત હૈ નહીં, યે તો વસ્તુકા સ્વરૂપ હૈ.

**उसीमें कही हुई अवस्तुमें वस्तुबुद्धि...** ભગવાનને કહા ઉસકે સિવા માર્ગાભાસસે સિદ્ધ કિયા હો કિ એક હી આત્મા હૈ, જડ હી અકેલા હૈ, છ દ્રવ્ય નહીં—ઐસી બાત કી હો તો અવસ્તુમેં વસ્તુબુદ્ધિ હૈ. સમજમેં આયા? ભગવાનને તો જાતિસે છહ દ્રવ્ય કહે હૈં. સંખ્યાસે અનંત. જાતિસે છહ, સંખ્યાસે અનંત. અનંત આત્મા, અનંતગુણા પરમાણુ, અસંખ્ય કાલાણુ,

એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ. સર્વજ્ઞકે સિવા છહ દ્રવ્ય કહીં હો સકે નહીં. સમજમેં આયા? ઔર છહ દ્રવ્ય જાનનેકી શક્તિ આત્માકી એક પર્યાયમેં હૈ. એક સમયકી શ્રુતજ્ઞાનકી પર્યાયમેં ઇતની તાકાત હૈ. ઐસા વીતરાગકા માર્ગ જો હૈ ઉસસે વિરુદ્ધ કોઈ કહે... પાંચ હી દ્રવ્ય હૈં, કાલદ્રવ્ય નહીં હૈ, જીવ હી અકેલા હૈ જગતમેં—ઐસા કહનેવાલા માર્ગાભાસ હૈ. આહાહા! પુણ્યમેં ધર્મ મનાતે હૈં, પાપમેં ખુશી બતાતે હૈં—યે સબ માર્ગાભાસ હૈ, માર્ગ નહીં. આહાહા! જે રસ્તે મુક્તિ મળે એ માર્ગ. માર્ગ ક્યા? કે ભઈ, યે માર્ગમેં હમ જાતે હૈં તો ગાંવમેં પહોંચ જાતે હૈં. તો અપને આત્માકે આનંદકા આશ્રય લે વહ માર્ગ. વહ માર્ગ પર જાનેસે મુક્તિકી પૂર્ણ પર્યાય પ્રગટ હોતી હૈ. ક્યા રાગકે માર્ગમેં જાનેસે મુક્તિમાર્ગ આતા હૈ? આહાહા! ભગવાનસે વિરુદ્ધ અવસ્તુમેં વસ્તુબુદ્ધિ... ભગવાનને છહ દ્રવ્ય કહે, આત્મા અખંડાનંદ કહા, એક-એક આત્મા સર્વજ્ઞસ્વભાવી કહા, ઉસસે (વિરુદ્ધ) કોઈ કહે કિ આત્મા એક હી હૈ, આત્મા અલ્પજ્ઞ હી હૈ, એક ઈશ્વર હી પૂર્ણ જ્ઞાનવાલા હૈ, સર્વ પ્રાણી અલ્પજ્ઞ હી હૈં, સર્વજ્ઞ હો સકતે નહીં—યે સબ માર્ગાભાસ હૈ. સમજમેં આયા? આહાહા!

**अवस्तुमें वस्तुबुद्धि...** 'વસ્તુ' શબ્દ વાપરા હૈ. જિસમેં અનંત શક્તિયાં વર્તતી હૈં ઐસી ચીજ ભગવાને કહી, ઉસકે સિવા દૂસરા કહે... સમજમેં આયા? હમારે થા એક સંપ્રદાયકા. ધર્માસ્તિકાય(કે બારે)મેં પૂછા એકબાર. એ મલૂકચંદભાઈ ક્યાં ગયા? એમના ગુરુ હતા. એમના બાપના હતા. ઉસને પૂછા, ધર્માસ્તિમેં ગુણ કિતને? બેરિસ્ટર કહેવાતા. બે ગુણ—એક અરૂપી ને એક ગતિ. ધર્માસ્તિકાયમેં દો ગુણ. ઐસા પ્રશ્ન ચલા થા બહોત વર્ષ પહલે સંપ્રદાયમેં. અરે! અનંત ગુણ હૈં. એક ધર્માસ્તિમેં અનંત ગુણ હૈં. કલ કહા થા ન પરસો. આકાશકે પ્રદેશસે અનંત ગુને એક જીવમેં ગુણ હૈં, ઇતને હી ગુણ એક પરમાણુમેં ભી હૈં. ઇતને હી ગુણ એક કાલાણુમેં ભી હૈં, ઇતને હી ગુણ એક ધર્માસ્તિકાયમેં ભી હૈં. ગુણકી સંખ્યામેં ફેર નહીં. આત્મામેં ચૈતન્ય, આનંદ હૈ (ઔર) જડમેં ચૈતન્ય, આનંદ નહીં. પણ ગુણ તો સરિખે હી હૈં. આહાહા! ભગવાનકે માર્ગમેં ઐસી બાત હૈ. ઉસસે વિરુદ્ધમેં... ઔર **उस मार्गका आचरण वह मिथ्याचारित्र है...** સર્વજ્ઞ ભગવાનને કહા ઉસસે વિરુદ્ધ કોઈ ભી માર્ગ ઉસકા આચરણ કરના વહ મિથ્યાચારિત્ર હૈ. અજ્ઞાનીને કહે વ્રત, તપ, નિયમ પાલના યે મિથ્યાચારિત્ર હૈ. આહાહા!

**इन तीनोंको निरवशेषरूपसे छोड़कर...** લ્યો. બિલકુલ એક અંશ ભી મિથ્યાદર્શન, મિથ્યાચારિત્રકા અંશ ન લેના. સબ જૂઠ માર્ગ હૈ. આહાહા! દરબાર! **निरवशेषरूपसे छोड़कर. अथवा...** બીજી વાત. હવે પોતાનું. **निज आत्माके श्रद्धान-ज्ञान-अनुष्ठानके रूपसे विमुखता...** આત્માકા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસે વિમુખ... અકેલે વ્યવહારરત્નત્રયમેં રાગ હૈ વહ સમકિત હૈ, વહ મિથ્યાદર્શન માન્યતા હૈ. નિશ્ચય બિનાકા અકેલા વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ખરેખર તો મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હી હૈ. સમજમેં આયા? આહાહા! એનો જ કળશ છે ભાઈ! પાછળ. 'રત્નત્રય છોડકર' છેને? એનો જ છે. અકેલા વ્યવહાર રત્નત્રય યે તો મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ. ક્યોંકિ રાગમેં અપનાપન માના હૈ. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ વહ રાગ

હૈ. રાગમેં ધર્મ હોગા ઐસા માને તો મિથ્યાદર્શન હૈ. વાત બહુ આકરી ભાઈ! આહાહા! યહાં તો સર્વજ્ઞમાર્ગ સિવા કોઈ માર્ગ સચ્ચા નહીં એમ કહતે હૈં. સબ માર્ગ સચ્ચા ને વિશ્વધર્મ સચ્ચા ઐસા તો યહાં કહતે નહીં. આ મીઠી મધુરી બાપા! અરે! તારા હિતની વાત છે નાથ! આહાહા! જન્મ-મરણકા નાશ કરનેકી બાત પ્રભુ! આ કોઈ વ્યક્તિનો દ્વેષ કે એની માટે નથી ભાઈ! આહાહા!

'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ.' વહાં તો ઐસા લિયા હૈ. શ્રીમદ્ રાજચંદ્ર. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા..' રાગની ક્રિયામાં ધર્મ (માને). કોઈ શુષ્કજ્ઞાનની વાતું કરે, પણ અંતરકી દૃષ્ટિકા અભાવ હૈ. સ્વસન્મુખ હોકર સમ્યગ્દર્શન કરતે નહીં અને અકેલી બાત કરનેવાલે હૈં યે શુષ્કજ્ઞાની હૈં ઔર રાગમેં ધર્મ માનનેવાલે ક્રિયાકાંડી હૈં. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, મારગ માને મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' બાપુ! ભાઈ! ઉસ રસ્તે પ્રભુ! તું સુખી નહીં હોગા. એ રસ્તે દુઃખી થઈશ ભાઈ! આહાહા! મિથ્યાશ્રદ્ધા વહી દુઃખ હૈ. દુઃખમેં તુમ ગરકાવ (-ડૂબ) હો જાતે હો ભાઈ! તુજે ખબર નહીં. ભગવાન આનંદસ્વરૂપ હૈ, વિકલ્પસે રહિત હૈ—ઐસી અંતરમેં દૃષ્ટિ, જ્ઞાન કરના ઔર અંતર રમના વહ સચ્ચા મોક્ષમાર્ગ હૈ. આહાહા! ભગવાન! યે તો તેરી હિતકી બાત હૈ, દ્વેષકી વિરોધકી બાત નહીં ભાઈ! તુમ ભગવાન હો. પર્યાયમેં ભૂલ હૈ બાપા! તુમ તો, સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ હી તેરી ચીજ હૈ. પંડિતજી! આહાહા!

**वही मिथ्यादर्शन-ज्ञान-चारित्रात्मक (मिथ्या) रत्नत्रय है...** દેખો! મિથ્યા રત્નત્રય. આહાહા! રાગમેં–વિકલ્પમેં, અલ્પજ્ઞતામેં પૂર્ણતા માનના, રાગમેં ધર્મ માનના ઔર રાગકા કર્તા હોકર લાભ માનના—યે સબ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર હૈ. **इसे भी...** ઉપરકા છોડના કહા, પણ આને પણ **(निरवशेषरूपसे) छोडकर.** આહાહા! **त्रिकाल-निरावरण, नित्य आनन्द जिसका एक लक्षण है...** આહાહા! પ્રભુ! તેરા લક્ષણ તો યે હૈ ન નાથ! **त्रिकाल-निरावरण...** તેરી ચીજ તો તીનોં કાલ નિરાવરણ દ્રવ્ય પડા હૈ ન. **त्रिकाल-निरावरण, नित्य आनन्द...** જિસમેં નિત્ય–ત્રિકાળી અવિનાશી અતીન્દ્રિય આનંદ પડા હૈ યે તેરા લક્ષણ હૈ. આહાહા! **नित्य आनन्द जिसका एक लक्षण.....** એક હી લક્ષણ હૈ, એમ ભાઈ! **नित्य आनन्द जिसका एक लक्षण है...** ઓહોહો! આનંદથી ઉપાડ્યું છે. જ્ઞાનલક્ષણ હૈ, પણ યહાં તો આનંદલક્ષણ હૈ તેરા ભાઈ! આહાહા! મિથ્યાદર્શન-જ્ઞાન આદિ દુઃખરૂપ હૈ, સંસારકા માર્ગ હૈ, આત્મા આનંદ એક લક્ષણ હૈ, ઉસકા આનંદકા અનુભવ, દૃષ્ટિ આદિ યે મોક્ષકા માર્ગ હૈ.

**ऐसा, निरंजन निज परमपारिणामिकभावस्वरूप...** કિતને વિશેષણ હૈં! ઐસા નિત્યાનંદ, નિરાવરણ ભગવાન વસ્તુ.. ત્રિકાળ નિરાવરણ અને નિત્ય આનંદલક્ષણ ઐસા **निरंजन निज परमपारिणामिकभाव...** અપના પરમપારિણામિક ધ્રુવસ્વભાવ... **परमपारिणामिकभावस्वरूप कारणपरमात्मा वह आत्मा है...** ઉનકો આત્મા કહીએ. આહાહા!

શ્રોતા : કારણપરમાત્મા એટલે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ત્રિકાળી કારણ. યે કારણ ત્રિકાળી હૈ ન. કેવળજ્ઞાન પ્રાપ્તિ(રૂપ) કાર્યકા વહ કારણ હૈ. વસ્તુ જો હૈ વહ કારણપરમાત્મા હૈ. ઉસમેંસે કાર્ય હોતા હૈ ન. ત્રિકાળી કારણપરમાત્મા.. આહાહા!

**निरंजन निज परमपारिणामिकभावस्वरूप...** આહાહા! કારણપરમાત્મા ત્રિકાળી દ્રવ્યસ્વભાવ વહી આત્મા. કારણપ્રભુ વહી આત્મા. યહાં તો પર્યાય ભી આત્મા નહીં, રાગ ભી નહીં, સબ નિકાલ દિયા. આહાહા! એક સમયકી પર્યાય ભી અભૂતાર્થ હૈ–અસત્યાર્થ હૈ. સત્યાર્થ આત્મા યે હૈ. આહાહા! સમજમેં આયા? અતીન્દ્રિય આનંદકા નાથ, નિજ નિરંજન પરમાત્મસ્વરૂપ પારિણામિકભાવસ્વરૂપ કારણપ્રભુ પોતે... 'પોતે' કહતે હૈં? સ્વયં. કોઈ ગુજરાતી આ જાય. **निज परमपारिणामिकभावस्वरूप कारणपरमात्मा...** અપના નિજ અંદર ધ્રુવ યે આત્મા, ઉસકો આત્મા કહતે હૈં. આહાહા!

શ્રોતા : તીનોં કાલ જાણનાર..

પૂજ્ય ગુરૂદેવશ્રી : જાનનાર એ અત્યારે નથી લેવું. યહાં તો આનંદકા લક્ષણવાલી ત્રિકાળી ચીજ અપના ભગવાન આત્મા. લોગ દુઃખસે ડરતે હૈં ન, તો આનંદકા લક્ષણવાળા આત્મા બતાયા. ભગવાન તુજે આનંદ ચાહિયે તો આત્મામેં આનંદ હૈ. સમ્યગ્દર્શનમેં આત્માકા આનંદકા સ્વાદ આતા હૈ ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા! નિત્યાનંદ હૈ આત્મા. આહાહા! ત્રિકાળી આનંદકી મૂર્તિ હૈ પ્રભુ, અમૃતકા સાગર હૈ આત્મા. જિસકા સ્વભાવ હૈ ઉસકી મર્યાદા ક્યા? સ્વભાવ અવિનાશી અપરિમિત શક્તિકા સાગર નિત્યાનંદ પ્રભુ તેરી ધ્રુવચીજ અંતરકી ઉસકો યહાં કારણપરમાત્મા કહતે હૈં. આહાહા!

શ્રોતા : પણ વર્તમાનમેં તો કષાયકા રંગ લગા હૈ ન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, યે પર્યાયમેં હૈ. દ્રવ્ય રંગા નહીં તીન કાલમેં. દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળમેં રંગા નહીં. પહલે કહા ન? ત્રિકાળ નિરાવરણ. પર્યાયમેં રાગકી એકતા હૈ, દ્રવ્યમેં એકતા કહાં હુઈ? આહાહા! સમજમેં આયા? અલૌકિક બાત હૈ ભૈયા! આહાહા! સંસારકા અંત અને મોક્ષકી શુરૂઆત અલૌકિક બાત હૈ ભાઈ! યે કોઈ સાધારણ ચીજ નહીં. આહાહા! કેટલા વિશેષણ લીધા! આહાહા!

**त्रिकाल-निरावरण, नित्य आनन्द जिसका एक लक्षण है ऐसा, निरंजन**–અંજન બિનાકા **निज**–અપના **परमपारिणामिकभाव** ત્રિકાળી શુદ્ધ, પર્યાય બિનાકા કારણસ્વરૂપ ત્રિકાળ યહ આત્મા. **उसके स्वरूपके श्रद्धान...** ઐસા સ્વરૂપકા શ્રદ્ધાન વહ સમ્યગ્દર્શન હૈ. આહાહા! સમજમેં આયા? ઉસકે સ્વરૂપકા **ज्ञान...** શાસ્ત્રકા જ્ઞાન આદિ નહીં. આહાહા! નિજ પરમાત્મા નિત્યાનંદ લક્ષણ ઉસકા જ્ઞાન... ઉસકા જ્ઞાન યે સમ્યગ્જ્ઞાન, ઔર ઉસકા **आचरण...** આનંદલક્ષણ ભગવાન ધ્રુવ ઉસમેં એકાગ્રતા(રૂપ) પરિણમન, શુદ્ધતા યે આચરણ યે ચારિત્ર. પંચમહાવ્રતાદિ યે ચારિત્ર નહીં. આહાહા! યે તો અચારિત્ર હૈ, વિકલ્પ હૈ. **वह वास्तवमें**

**निश्चयरत्नत्रय है**... ખરેખર તો નિશ્ચય મોક્ષમાર્ગ તો યે હૈ. સત્યાર્થ તો યે માર્ગ હૈ. પછી વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૦, રવિવાર, તા. ૧-૮-૧૯૭૧**
**શ્લોક – ૧૨૨, ગાથા – ૯૧, ૯૨, પ્રવચન નં. ૮૨**

નિયમસાર સિદ્ધાંત હૈ. પરમાર્થ પ્રતિક્રમણ (અર્થાત્) સચ્ચા પ્રતિક્રમણ. કિસસે હઠના અને કહાં સ્થિર હોના, ઉસકા નામ યહાં પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. ૯૧ ગાથા હૈ. યહાંસે લો. **त्रिकाल-निरावरण...** ૯૧ હૈ. પ્રતિક્રમણકા અર્થ પહલે આયા કિ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રાદિ રત્નત્રય ઉસે છોડકર, પરસે હઠકર, યે પ્રતિક્રમણ.. જૈનદર્શન સિવા અન્ય જો માર્ગ હૈ, વહ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર હૈ. ઉસસે હઠકર... 'છોડકર' હૈ ન? **त्रिकाल निरावरण, नित्य आनन्द जिसका एक लक्षण है...** હઠકર કહાં સ્થિર હોના, કિસકા આશ્રય કરના—વહ બાત હૈ. ભગવાન આત્મા ત્રિકાળ નિરાવરણ દ્રવ્યસ્વભાવ(રૂપ) વસ્તુ હૈ ઔર નિત્ય આનંદ જિસકા એક લક્ષણ હૈ. અતીન્દ્રિય આનંદ વહ જિસકા લક્ષણ હૈ. જ્ઞાનલક્ષણ કહનેમેં આતા થા, યહાં આનંદ લક્ષણ કહા. **ऐसा, निरंजन निज परमपारिणामिकभावस्वरूप कारणपरमात्मा...** ધ્રુવસ્વભાવ નિત્યસ્વભાવ વહી આત્મા.. વહી આત્મા. સંયોગી ચીજ આત્મા નહીં, રાગ–વ્યવહારરત્નત્રયકા વિકલ્પ વહ આત્મા નહીં, એક સમયકી પર્યાય ભી આત્મા નહીં. ત્રિકાળ નિરાવરણ નિજ આનંદ લક્ષણસે લક્ષિત.. આનંદલક્ષણસે લક્ષિત ઐસા અપના–નિજ સ્વરૂપ યે આત્મા, ઉસકો આત્મા કહતે હૈં. નિશ્ચય આત્મા–ખરેખર આત્મા–પરમાર્થ આત્મા, ત્રિકાળ નિરાવરણ પરમાત્મકારણસ્વરૂપ વહ આત્મા. ત્રિકાળ કારણસ્વરૂપ જિસમેંસે કેવલજ્ઞાન આદિ કાર્ય પ્રગટ હો. યે કાર્યપરમાત્મા કારણપરમાત્મામેંસે હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા યે આત્મા. ઉસકા અર્થ તો વહ હુઆ કિ મોક્ષમાર્ગકી પર્યાયમેંસે ભી મોક્ષકાર્ય નહીં હોતા, એમ કહતે હૈં. આહાહા! મોક્ષરૂપી કાર્ય ત્રિકાળ કારણપરમાત્માકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. યે તો સ્વભાવકી બાત હૈ. અનંત કાલમેં કભી કિયા હી નહીં ઉસને અને વર્તમાનમેં તો ગરબડ બહોત હૈ. કોઈ કહે વ્યવહારસે હોતા હૈ, કોઈ કહે નિમિત્તસે હોતા હૈ. વકીલજી! મંદ કષાયકા પરિણામ કરતે કરતે હોતા હૈ. સમજમેં આયા? યે સબ બાત છોડ દી. યે સબ જૂઠ હૈ. ભગવાન કારણસ્વરૂપ પ્રભુ જિસકા આશ્રય લેનેસે **उसके स्वरूपके श्रद्धान...** દેખો! ત્રિકાળ શુદ્ધ ધ્રુવ આત્મા **उसके स्वरूपके श्रद्धान...** વ્યવહારકી શ્રદ્ધા, નિમિત્તકી શ્રદ્ધા, પર્યાયકી શ્રદ્ધાકી બાત યહાં કી હી નહીં. આહાહા! લોગોંકો કૈસે લગે કિ યે તો નિશ્ચય.. નિશ્ચય હોતા હૈ. પણ નિશ્ચય વહી સત્ય હૈ.

યહાં તો કહા ન. એક સમયકી પર્યાયસે ભી રહિત જો ત્રિકાળસ્વરૂપ વહી આત્મા, ઉસકો હી આત્મા કહનેમેં આયા હૈ. પર્યાય તો વ્યવહાર આત્મા હૈ. વ્યવહાર આત્મા હૈ, અભૂતાર્થ આત્મા હૈ. સત્યાર્થ આત્મા તો વહ હૈ. આહાહા! કહતે હૈં કિ ઐસા આત્મા **उसके**

**स्वरूपके श्रद्धान**... ઉસકા સ્વરૂપ ભાવસ્વભાવ ત્રિકાળ ઉસકી શ્રદ્ધા... દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કિ નવ તત્ત્વકી શ્રદ્ધા વહ સમ્યગ્દર્શન નહીં. રત્નકરંડ શ્રાવકાચારમેં કહા હૈ ન. આપ્ત આગમ...

શ્રોતા : આપ્ત આગમ સરોવર જાન....

પૂજ્ય ગુરુદેવશ્રી : ઉસકા તો અર્થ કિ આપ્ત ક્યા ચીજ હૈ ઐસા સ્વભાવકા જિસકો ભાન હો, ઉસકો નિશ્ચયકા આશ્રય હો ગયા. સમજમેં આયા? આપ્ત નામ અરિહંતકી પર્યાય જિસકે ખ્યાલમેં આ જાય તો પર્યાયકી શ્રદ્ધા કબ હોતી હૈ કિ અપના નિશ્ચય દ્રવ્યકા આશ્રય લેતા હૈ તબ દ્રવ્યકી શ્રદ્ધા હોતી હૈ, તો પર્યાયકી શ્રદ્ધા હોતી હૈ. ઐસી બાત હૈ. આહાહા!

**वह आत्मा है; उसके स्वरूपके श्रद्धान**... હૈ ટીકા? દેખો! સ્પષ્ટ હૈ. આહા! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ઉસકે સ્વરૂપકા... સ્વરૂપ લિયા હૈ. 'ઉસકી શ્રદ્ધા' ઐસા ભી નહીં લિયા. **उसके स्वरूपके श्रद्धान**... ત્રિકાળ જ્ઞાયકભાવ ઐસે સ્વરૂપકી શ્રદ્ધા... બાપુ! અપૂર્વ બાત હૈ! સમજમેં આયા? ઐસે સ્વરૂપકા **ज्ञान**... અપના ત્રિકાળી ભગવાન ઉસકા સ્વરૂપ જ્ઞાયકભાવ, ઉસકા જ્ઞાન... શાસ્ત્રકા જ્ઞાન કિ વ્યવહારુ જ્ઞાન યે (જ્ઞાન) નહીં. આહાહા! ઔર ઉસકા **आचरण**– સ્વરૂપકા આચરણ, દેખો! યે ચારિત્ર. જ્ઞાનાનંદસ્વભાવ ઉસકા આચરણ, ઉસમેં લીન હોના નિર્વિકલ્પદશા, વીતરાગ પર્યાયસે લીન હોના વહ ચારિત્ર હૈ. આહાહા! યહાં તો (કહા કિ) પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ ચારિત્ર નહીં. યે તો વિકાર હૈ, અચારિત્ર હૈ. આહાહા!

ભગવાન નિજસ્વરૂપકે **आचरणका रूप वह वास्तवमें निश्चयरत्नत्रय है**... પહલે આત્મા કહા થા કિ વહ આત્મા, ત્રિકાળીસ્વરૂપ જો હૈ વહ આત્મા. ઔર ઉસકે આશ્રયસે જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હો, ઉસકી શ્રદ્ધા, ઉસકા જ્ઞાન, ઉસમેં આચરણ વહ નિશ્ચયરત્નત્રય. વહ પર્યાય હૈ. પહલે કહા થા વહ આત્મા, ત્રિકાળી આત્મા વહી આત્મા. ધ્રુવ આત્મા વહી આત્મા, નિત્યાનંદસ્વરૂપ એકરૂપ–સદૃશ ભગવાન પરમપારિણામિકસ્વભાવભાવ કારણપરમાત્મા વહી આત્મા. ઔર ઉસ આત્માકી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ વહ નિશ્ચયરત્નત્રય. આહાહા! ઐસી બાત હૈ ભાઈ! માર્ગ તો ઐસા હૈ. એકાંત હી હૈ. સમ્યક્ એકાંત હુએ બિના અનેકાંતકા યથાર્થ જ્ઞાન હોતા હી નહીં. ઐસી બાત હૈ ભાઈ! આહાહા! અંતરમેં ઝુકે બિના– દ્રવ્યસ્વભાવકે તરફ ઝુકે બિના પર્યાયકા જ્ઞાન યથાર્થ હોતા હી નહીં. સમજમેં આયા?

વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ હૈ ભાઈ! અપૂર્વ માર્ગ હૈ. દુનિયાકે પાસ વીતરાગમાર્ગ દૂસરી રીતસે કહનેમેં આયા હૈ. યે માર્ગ ઐસા નહીં. અનાદિ-અનંત ત્રિકાળમેં ત્રિકાળકા જાનનેવાલેકા વિરહ હોતા હીં નહીં. ક્યા કહા? ત્રિકાળમેં ત્રિકાળકે જાનનેવાલેકા કભી વિરહ હોતા હી નહીં. અનાદિસે સર્વજ્ઞ પરમાત્મા હૈં. પહલે સર્વજ્ઞ નહીં થે ઐસા હૈ કભી? ત્રિકાળમેં ત્રિકાળકે જાનનેવાલેકા કભી વિરહ હૈ નહીં. ભૂતકાળમેં ભી અનંત.. અનંત.. અનંત.. ત્રિકાળ જાનનેવાલે હો ગયે, અભી હૈં, ભવિષ્યમેં હોંગેં. વહ ત્રિકાલજ્ઞાની એમ કહતે હૈં કિ ત્રિકાળી તેરા

તત્ત્વ જો હૈ.. આહાહા! ત્રિકાળી તેરા તત્ત્વ હૈ, એક સમયકી પર્યાય (તેરા તત્ત્વ) નહીં. હીરાભાઈ! ગડબડ હૈ કિ નહીં બહોત. યહાં તો, પર્યાય યે આત્મા નહીં, અનાત્મા હૈ, એમ કહતે હૈં. વ્યવહાર આત્મા હૈ. નિશ્ચય આત્મા તો ત્રિકાળી ભગવાન પર્યાય ને રાગકી ક્રિયા બિનાકા, આહાહા! ઐસી ચીજકી ઔર યે ચીજકે સ્વરૂપકી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ વહ નિશ્ચયરત્નત્રય હૈ. યે નિશ્ચયરત્નત્રય પર્યાય હૈ. ત્રિકાળી ધ્રુવ આત્મા કારણપરમાત્મા યે આત્મા હૈ. આહાહા! વહાં તક તો કલ આયા થા. યે તો સંધિ કરનેકો લિયા.

**इसप्रकार भगवान परमात्माके सुखका अभिलाषी...** આહાહા! અપનેમેં અતીન્દ્રિય આનંદ હૈ ઉસકા અભિલાષી, યે સમકિતી. આહાહા! **भगवान परमात्मा...** ભગવાન પરમાત્મા એટલે અપના પરમાત્મા. આહાહા! ઉસકે સુખકા અભિલાષી... ભગવાન આત્મામેં અતીન્દ્રિય અનંત.. અનંત.. આનંદ અમૃત પડા હૈ. ઐસે અતીન્દ્રિય સુખકા અભિલાષી... **ऐसा जो परमपुरुषार्थपरायण...** દેખો! મુનિપના લેના હૈ ન? સમ્યગ્દર્શનમેં અલ્પ પુરુષાર્થપરાયણતા હૈ. અપને દ્રવ્યસ્વભાવકે સમ્યગ્દર્શનમેં ચૌથે ગુણસ્થાનમેં અલ્પ પુરુષાર્થપરાયણતા હૈ, પંચમમેં ઉસસે ઉગ્ર પુરુષાર્થપરાણયતા હૈ, મુનિ પરમપુરુષાર્થપરાયણ હૈં. આહાહા! શેઠ! યે માર્ગ હૈ. **परमपुरुषार्थपरायण...** કૌંસમેં લિખા હૈ ન **परम तपोधन...** મુનિકી બાત હૈ ન. પરમપુરુષાર્થ... પંચમ ગાથા સમયસારમેં ઐસા લિયા હૈ, પ્રચૂર સ્વસંવેદન હમકો પ્રગટ હુઆ હૈ. આચાર્ય કહતે હૈં મુનિ. પ્રચૂર સ્વસંવેદન–બહોત અતીન્દ્રિય આનંદકા વેદન હમકો પ્રગટ હુઆ હૈ. યે હમારા નિજવૈભવ હૈ. આહાહા! પંચમ ગાથા.

**तं एयत्तविहत्तं...** એકત્વ-(વિભક્ત આત્મા) કહીશ તો પ્રમાણ કરજે. **जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं...** વ્યાકરણમાં કે કોઈ શબ્દોમાં ત્રુટિ રહી જાય તો, યે ન ગ્રહણ કરના. હમારા ભાવ ક્યા હૈ ઔર ઉસકા આશય ક્યા હૈ વહ પકડના. કહતે હૈં, ભગવાન આત્મા અપના પૂર્ણાનંદ સુખકા અભિલાષી પ્રાણી, આહા! જિસકો રાગકી અભિલાષા નહીં, સ્વર્ગકે સુખકી અભિલાષા નહીં, વ્યવહાર રત્નત્રયકી અભિલાષા નહીં. આહાહા!

શ્રોતા : દો તરહકા સુખ હોતા હોગા?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, લોગ માનતે હૈં ન સુખ સ્વર્ગમેં. મૂઢ લોગ સ્વર્ગમેં સુખ માનતે હૈં. યે સુખ નહીં. વહ કહેંગેં આગે. ઝેર હૈ વહ તો. આહાહા! પીછે આયેગા. આઠ બોલ આયેંગેં. ઝેર હૈ, વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ભી ઝેર હૈ, આહાહા! રાગ હૈ.

ઐસે **परमपुरुषार्थपरायण शुद्धरत्नत्रयात्मक आत्माको भाता है...** લ્યો, પહલે તો કહા કિ ઐસે સ્વરૂપકા શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર, પછી ઐસા શુદ્ધરત્નત્રયસ્વરૂપ આત્માકો ભાતા હૈ, એમ. ઐસી નિર્મળ અભેદ દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા ઐસે આત્માકો ભાતા હૈ. આહાહા! ભારે વાત. વકીલ! યે સુના નહીં વાસ્તવિક તત્ત્વજ્ઞાન. અપની કલ્પનાસે માન લિયા કિ ભગવાન ઐસે કહતે

हैं, ઐસા કહતે हैं ने ઐસા કહતે हैं. આહાહા! સત્ય અભી સુનનેમેં ન આયે તો સત્યકા શરણ ઔર સમજ કહાંસે હો? આહાહા! **शुद्धरत्नत्रयात्मक आत्माको भाता है...** દેખો! યહાં પર્યાય સહિત આત્મા લિયા. નિશ્ચયરત્નત્રય ઉસકો યહાં શુદ્ધરત્નત્રય કહા. વ્યવહારરત્નત્રય અશુદ્ધ રત્નત્રય હૈ. આહાહા! આયેગા થોડા નીચે. **उस परम तपोधनको ही...** એસે ભગવાન આત્મામેં ઉગ્ર પરમપુરુષાર્થપરાયણ અંદરમેં હૈ ઉસકો **निश्चयप्रतिक्रमण-स्वरूप कहा है.** યે સચ્ચી પ્રતિક્રમણદશા ઉસકો ઉત્પન્ન હુઈ. વિકલ્પસે હઠકર સ્વભાવકે આશ્રયસે નિશ્ચય સત્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયદશા વહ નિશ્ચયપ્રતિક્રમણ દશા હૈ. આહાહા! સમજમેં આયા?

**अब इस ९१वीं गाथाकी टीका पूर्ण करते हुए टीकाकार मुनिराज श्लोक कहते हैं** : પદ્મપ્રભમલધારિદેવ સંત મુનિ આગે કહેંગેં કિ હમારે મુખમેંસે પરમાગમ ઝરતા હૈ. મુનિ પોતે. ૧૨૨ કળશ.

**त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्ग-**
**रत्नत्रयं च मतिमान्निजतत्त्ववेदी ।**
**शुद्धात्मतत्त्वनियतं निजबोधमेकं**
**श्रद्धानमन्यदपरं चरणं प्रपेदे ।।१२२।।**

અહો ધર્માત્મા! અપના શુદ્ધસ્વરૂપ ઉસકા આશ્રય કરનેમેં... **श्लोकार्थ : समस्त विभावको** છોડકર... શુભ-અશુભ વિકલ્પ ચાહે જો હો. આહાહા! ભગવાનકા સ્મરણ હો, ભગવાનકી ભક્તિ—વહ સબ વિકલ્પ–રાગ હૈ. **समस्त विभावको...** એક બાત **तथा व्यवहारमार्गके रत्नत्रयको...** આહાહા ! વ્યવહારમાર્ગ દેવ-ગુરુ, સચ્ચે દેવ-ગુરુ હોં. કુદેવ, કુગુરુ, કુશબ્દ (-કુશાસ્ત્ર) ઉસકી શ્રદ્ધા તો મિથ્યાશ્રદ્ધા હૈ. પણ સચ્ચે દેવ-ગુરુ ને શાસ્ત્રકી શ્રદ્ધાકા ભાવ ભી રાગ હૈ. આહાહા! યે શ્રદ્ધાકા વિકલ્પ વ્યવહારસમકિત, શાસ્ત્ર જો સર્વજ્ઞને કહે ઐસી વાણી સુનકર જ્ઞાન હો વહ વ્યવહારજ્ઞાન ઔર પંચમહાવ્રતકા વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ યે વ્યવહારચારિત્ર. યે **व्यवहारमार्गके रत्नत्रयको छोड़कर...** આહાહા! પ્રતિક્રમણ હૈ ન. 'પ્રતિક્રમણ' શબ્દ વ્યાખ્યાનમેં હૈ. છોડના ક્યા? છોડ સકતા હૈ? અંતરકા આશ્રય કરતા હૈ તો (રાગ) ઉત્પન્ન નહીં હોતા ઉસકો 'છોડકર' કહનેમેં આતા હૈ. પ્રતિક્રમણકી વ્યાખ્યા હૈ કિ પીછે હઠના.. હઠના ઐસા. ઉસકે લિયે 'છોડકર' લિયા હૈ. સમજમેં આયા?

નિશ્ચયમેં તો અપના આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ઉસકે આશ્રયમેં લીન હોતા હૈ તો વિકલ્પકી ઉત્પત્તિ હોતી નહીં, ઉસકો 'છોડતે હૈં' ઐસા કહનેમેં આતા હૈ. .... ઉપદેશ કયા કરના? ઉપદેશકી પદ્ધતિ હી ઐસી હૈ. આહાહા! સમ્યગ્જ્ઞાનદીપિકામેં કહા હૈ ધર્મદાસ ક્ષુલ્લકને કિ હાથીકા દાંત બાહ્યકા દૂસરા ને ચબાનેકા દૂસરા. ચાવના કહતે હૈં ન? અંદરકા દાંત દૂસરા ને બાહરકા દૂસરા. ઐસે આચાર્યોંકા કથન દૂસરા, આશય કુછ દૂસરા, ઐસા લિખા હૈ. પંડિતજી!

ધર્મદાસ ક્ષુલ્લક. વહ કલ પઢતે થે ન સમ્યગ્જ્ઞાનદીપિકા, ઉસમેં હૈ. હાથીકા દાંત બાહર જો દિખાનેકા હૈ. એ કાંઈ ખાવામાં કામ ન આવે. અંદરકા દાંત (કામ) આવે. ઐસે બાહરકા કથન ઐસા છોડો ને ઐસા મૂકો–યે સબ બાહરકા કથન હૈ. આહાહા! સમજમેં આયા? અંદરકા કથન–અંદરકા ભાવ... ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ નાથ ઉસમેં એકાગ્ર હોના, તો વિકારકી ઉત્પત્તિ હોતી નહીં. ઉસકો 'છોડો' ઐસા કહનેમેં આતા હૈ. કિસકો છોડે? આહાહા! સમજમેં આયા?

**व्यवहारमार्गके रत्नत्रयको छोड़कर...** દેખો! આ કઠણ લાગે લોકોને. ટીકા ઐસી સ્પષ્ટ કર દી હૈ પદ્મપ્રભમલધારિદેવને. લોગ કહે, પંડિતકા નહીં, એ નહીં, એ નહીં. દુર્ગમ કર દી ટીકા, એમ કહતે હૈં કિતનેં. પાઠ હૈ. **त्यक्त्वा विभावमखिलं व्यवहारमार्गरत्नत्रयं...** રત્નત્રય કહના ને છોડનેયોગ્ય કહના. આરે! આરે! ગજબ વાત છે. યે તો નિમિત્તસે કથન હૈ. નિશ્ચયરત્નત્રય તો અપના ભગવાન આત્મા ઉસકે સન્મુખ હોકર સ્વદ્રવ્યકે આશ્રયસે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ–ચારિત્ર ઉત્પન્ન હો વહ નિશ્ચયરત્નત્રય. પણ સાથમેં નિમિત્ત હૈ ઐસા વ્યવહાર, ઉસકો આરોપ દેકર રત્નત્રય કહનેમેં આયા, પણ હૈ વહ છોડનેલાયક. આહાહા! ભારે વાત! પહલે દૃષ્ટિમેં છોડનેલાયક ન માને તો દૃષ્ટિ સ્વસન્મુખ નહીં જાયેગી. સમજમેં આયા? **व्यवहारमार्गके रत्नत्रय** શબ્દ ઐસા લિયા ન. પાઠમેં 'વ્યવહારમાર્ગ' હૈ. 'વ્યવહારમાર્ગ રત્નત્રય' ઐસે લિયા હૈ. જિતના વ્યવહારમાર્ગ ચરણાનુયોગમેં કહનેમેં આયા હૈ, આહાહા! યે સબ વ્યવહારમાર્ગ રત્નત્રયકો છોડકર... આહાહા! પંડિતજી! ક્યા કરના જબ વ્યવહાર છોડના (કહા) તો? આહાહા!

મુનિરાજ કહતે હૈં... ભાવલિંગી સંત હૈં. આહાહા! પદ્મપ્રભમલધારિદેવ છઠ્ઠે-સાતવે ગુણસ્થાનમેં ઝૂલનેવાલે એક અંતર્મુહૂર્તમેં હજારો બાર છઠવા-સાતવા આતા હૈ. ઐસા ધવલમેં મુનિકા લેખ હૈ. સચ્ચે મુનિકો એક અંતર્મુહૂર્ત–બે ઘડીમેં હજારો બાર છઠવા ને સાતવા (ગુણસ્થાન) આતા હૈ. આહાહા!

શ્રોતા : જમનેવાલી બાત નહીં. જમતી નહીં હૈ ઐસી.

પૂજ્ય ગુરુદેવશ્રી : ન જમે તો ક્યા કરે? ભોજન કરનેકી ઇચ્છા હો તો જમે. સત્ય રુચિ હો તો જમે. આહાહા! વકીલજી! જમતા નહીં હૈ. દૂસરી જમ ગઈ હૈ એમ કહતે હૈં. આહાહા!

વ્યવહારરત્નત્રયકા લક્ષ પર ઉપર હૈ. એની દશા ને દિશા બેય બીજી છે. વ્યવહારરત્નત્રયકી દશા રાગવાલી હૈ ઔર ઇસકી દિશા પર ઉપર હૈ. નિશ્ચયરત્નત્રય દશા વીતરાગી હૈ ઔર ઉસકી દિશા દ્રવ્ય ઉપર હૈ. સમજમેં આયા? આહાહા! અરે! સ્વાધ્યાય નિસ્પૃહપને કરે નહીં, અપની દૃષ્ટિ રખકર વાંચે, ઉસમેં ક્યા...? શાસ્ત્રકા જો આશય હૈ ઉસ તરફ તો દૃષ્ટિ નહીં લે જાતે. અપના આશય હૈ ઐસા શાસ્ત્રકા અર્થ કરતે હૈં. આહાહા! સમજમેં આયા? યે શાસ્ત્ર બોલતા હૈ કિ નહીં વકીલજી? આહાહા! શાસ્ત્ર કહતા હૈ, **व्यवहारमार्गके**

**रत्नत्रय...** દેખો! ભાષા કૈસી લી હૈ. વ્યવહારરત્નત્રય ઐસા નહીં કહા. વ્યવહારમાર્ગ જિતના હૈ યે સબ રત્નત્રયકો છોડકર... આહાહા! વહ દૃષ્ટિકા વિષય નહીં. આહાહા!

શ્રોતા : છોડકર બાદમેં કહા પહલે ઉસે રત્નત્રય કહા.

પૂજ્ય ગુરુદેવશ્રી : નામ લિયા. કહતે હૈં ન? પહલી નરકકા નામ ક્યા હૈ? પહલી નરકકા નામ ક્યા હૈ? રત્નપ્રભા. લો, એક સાધુ હતા મશ્કરા. એક સાધુ થા સ્થાનકવાસી. એક ડોસી આયી, ડોસી-બુઢ્ઢી. માતાજી! તુમ્હેં રત્નપ્રભા જાના હૈ? મશ્કરી કી. રત્નપ્રભા જાના હૈ? મહારાજ! હમારે જૈસે પામર કહાં (જાયેંગે), આપકે જૈસે જા સકતે હૈં. મશ્કરી કી. એને બિચારીને ખબર નહીં, ડોસીને કાંઈ ખબર નહીં. એ જાણે કે રત્નપ્રભા કોઈ ચીજ હોગી, ઊંચી ચીજ હોગી. રત્નપ્રભા કોઈ ઊંચી ચીજ હોગી. એ ચંદુભાઈ! આ બનેલી વાત છે. ડોસી-બુઢ્ઢી આયી. બુઢીયાજી! માતા! રત્નપ્રભા જાના હૈ આપકો? વહ તો બિચારી નિર્દોષ થી. એને કાંઈ (ખબર નહીં કે) રત્નપ્રભા ક્યા હોગા. મહારાજ! અમે દીન પ્રાણી, રત્નપ્રભા જાનેલાયક હમ નહીં. આપ જૈસે જાયેંગે. આહાહા! રત્નપ્રભા.

યે તો વ્યવહારરત્નત્રય આયા ન. ઉસકા નામ રત્નપ્રભા હૈ. રત્ન હૈ વહાં? આહાહા! કહો, શેઠ! આહાહા! ઓલો સાધુ એવું કહે કે હાય! હાય! મેં ક્યાં આની મશ્કરી કરી. આપ જૈસા, મહારાજ! આપ જૈસા પવિત્ર આત્મા રત્નપ્રભા જા સકે. આહાહા! ઐસે વ્યવહારરત્નકી રુચિ કરના હૈ? સમજાય છે? અજ્ઞાની કરતા હૈ એમ કહતે હૈં. આહાહા! જ્ઞાની વ્યવહારરત્નત્રયકી રુચિકો છોડતે હૈં. સમજમેં આયા? આહાહા! અરે ભગવાન! યે તો સર્વજ્ઞકા પંથ-માર્ગ હૈ બાપુ! યે કોઈ અલ્પજ્ઞકા કહા, કલ્પિત કહા (માર્ગ હૈ)—યે બાત નહીં. ઓહો! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળજ્ઞાની પરમાત્મા. આ તો કુંદકુંદાચાર્ય ભગવાન સીમંધર પરમાત્મા પાસે ગયા હતાં. વહાંસે લાયે. આમાંય આવે છેને પહેલી ગાથામાં? એ યાદ આવ્યું. સવારના આવ્યો હતો વિચાર. પહલી ગાથામેં વહ હૈ ન.

દેખો! નિયમસાર. **केवलिसुदकेवलीभणिदं...** યે કોઈ કહતા હૈ ન? ભાઈ! **सुदकेवलीभणिदं** ઐસા પાઠ હૈ. 'કેવલીને કહા' ઐસા પાઠ નહીં, એમ કહતે હૈં. પહલી ગાથા. ચૌથા પાના. આહાહા! **वंदित्तु सव्वसिद्धे**મેં ભી **सुदकेवलीभणिदं**નો અર્થ અમૃતચંદ્રાચાર્યને ટીકામેં દો અર્થ કિયે ભિન્ન પાડકર. **केवलीप्रणितम्** ઔર **श्रुतकेवलीप्रणितम्** ઐસે દો (અર્થ) લિયે હૈં ટીકામેં. પાઠમેં ઐસા આયા **सुदकेवलीभणिदं...** તો કોઈ ઐસે લે લેતે હૈં કિ શ્રુતકેવળીકા કહા હૈ. કેવલીકી બાત ઇસમેં હૈ નહીં. તો અમૃતચંદ્રાચાર્યને ટીકા કર દી કિ કેવળીને કહા ઔર શ્રુતકેવળીને કહા—દો (અર્થ) હૈં. ઔર ઇસ પાઠમેં તો દો ભિન્ન હૈં દેખો! પહલી ગાથા. હૈ?

**वोच्छामि णियमसारं..** કુંદુકંદાચાર્ય પ્રભુ કહતે હૈં. કેવળી, શ્રુતકેવળી—બેય આવ્યા. આહાહા! યહાં તો શ્રુતકેવળી નહીં થે, કેવળી નહીં થે. ભગવાનકે પાસે દોનોં થે. ભગવાનકે

પાસ દોનોં થે. **केवलिसुदकेवलीभणिदं**.... ધન્નાલાલજી! ક્યા કહા? કહતે હૈં કિતનેં. ઓ વકીલજી! એમ કે **सुदकेवलीभणिदं** કહા હૈ. **केवलिभणिदं** નહીં કહા હૈ. વહાં કહા હૈ ઔર ટીકામેં દોનોં લિયે હૈં. અમૃતચંદ્રાચાર્યને દોનોં લિયે હૈં. **केवलिसुदकेवलीभणिदं**... શ્રુતકેવળી... શ્રુત એટલે શ્રુતજ્ઞાની, કેવળી એટલે સર્વજ્ઞ—ઐસે દો (અર્થ) ટીકામેં લિયે. અમૃતચંદ્રાચાર્ય. આ અમૃતચંદ્રાચાર્યની વાત, આ તો કુંદકુંદાચાર્યની વાત. **वोच्छामि णियमसारं**... ભગવાન કુંદકુંદાચાર્ય. ઓહોહો! કુંદકુંદાચાર્ય એટલે સર્વજ્ઞના કેડાયત અલ્પ કાલમેં સર્વજ્ઞ હો જાયેંગેં. આહાહા! યે કહા ન દેખો! અર્થ અંદર. **केवलिसुदकेवलीभणिदं**... કેવલી તથા શ્રુતકેવલિયોંકા કહા હુઆ... હૈ અર્થમેં? ગાથા કહ રહી હૈ. પહલી ગાથા. ચૌથા પન્ના.

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं ।।१।।**

દો ભિન્ન કર દિયે. લોગ સ્વાધ્યાય કરતે નહીં ઔર (કરે તો) અપની કલ્પનાસે કરતે હૈં. ભગવાન! ઐસે ચલે કોઈ? યે તો સંતોંકા માર્ગ હૈ. યે તો વીતરાગી સંતોકા માર્ગ હૈ. આહાહા! સમજમેં આયા? કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પુષ્પદંત મહારાજ, ભૂતબલિ, ધરસેનાચાર્ય—યે સબ વીતરાગી મુનિ થે. આહાહા! ધવલમેં ઉનકો વીતરાગી મુનિ કહે હૈં ભાઈ! ભગવાન વીતરાગી વીતરાગ એમ કહા હૈ. પુષ્પદંત હોં. ષટ્ખંડાગમ. ... વ્યવહારકા કથન, પણ વીતરાગી ભગવાન મુનિ થે. પુષ્પંદત-ભૂતબલિ વીતરાગ ભગવંત વીતરાગ પુષ્પદંત, ઐસા લિખા હૈ. આહાહા! સમજમેં આયા. યે તો કુંદકુંદાચાર્ય આહાહા! જિનકા નામ તીસરે નંબરપર આયા. ‘મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..’ ઓહોહો! ધન્ય અવતાર! સમજમેં આયા?

કહતે હૈં, મૈં નિયમસાર–મોક્ષકા માર્ગ કહૂંગા. કૈસા? કેવલી અને શ્રુતકેવલીને કહા ઐસા. દેખો! લોગ માને ઐસા નહીં. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથકો એક સમયમેં ત્રિકાળ જ્ઞાનકા ભાન હો ગયા. ઉસકે **भणिदं**.. છે ને? ઉસકે **भणिदं**.. **केवलिभणिदं** ને **सुदकेवलीभणिदं**.. દો ભાવ લાયે. આહાહા! ભાઈ! મધ્યસ્થતાસે સમજના ચાહિયે. ભાઈ! યે વીતરાગપંથકા માર્ગ હૈ. યે કોઈ રાગીકા કહા હુઆ નહીં. આહાહા! સમજમેં આયા? શાંત.. શાંત.. શાંતરસ–વીતરાગીરસ. (જિન્હેં) તીન કષાયકા અભાવ હો ગયા પ્રગટ ઐસે સંતોને કહા. વહ સંત કહતે હૈં કિ મૈં કેવલી ઔર શ્રુતકેવલીને કહા વહ મોક્ષમાર્ગ કહૂંગા. અકેલા શ્રુતકેવલીને કહા ઐસા નહીં. પૂનમચંદજી! આહાહા! વહ તો મુનિ કહે તો ભી ઉનકા પ્રમાણ હૈ. ભાવલિંગી સંત હૈં, અનુભવી આનંદકે, આહાહા! ચારિત્રકે આનંદકે અનુભવી. સમકિતમેં તો અમુક અનુભવ હૈ. ચારિત્ર સહિતકા અનુભવ વહ તો પ્રચૂર સ્વસંવેદન હૈ. પાંચવી ગાથામેં આયા ટીકામેં. અમૃતચંદ્રાચાર્ય. મુજે ઐસા પ્રચૂર સ્વસંવેદન હૈ યે મેરા નિજવૈભવ હૈ. યે નિજવૈભવસે મૈં કહૂંગા. ભલે

ભગવાનસે સુના હૈ, ભગવાન કહતે હૈં, પણ વર્તમાનમેં કહનેવાલા તો મૈં હૂં. સમજમેં આયા? મેરે નિજવૈભવસે મૈં કહતા હૂં સમયસાર. આહાહા! યે વસ્તુ ઐસી હૈ.

આ તો એકવાર કોઈ પ્રશ્ન કરતા.. શ્રુતકેવળી અકેલા કહા હૈ, કેવળી નહીં. શ્રુતકેવળી લેના. ભગવાન! ઐસા આગ્રહ છોડ દે. યે તો શ્રુતકેવળીમેં દોનોં આ ગયે—કેવળી ઔર શ્રુતકેવળી. યહાં તો દોનોં શબ્દ ભિન્ન કર દિયે. યે અમૃતચંદ્રાચાર્યને ટીકામેં દોનોં (શબ્દ) ભિન્ન કર દિયે. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ કેવળીને કહા હુઆ, દિવ્યધ્વનિમેં આયા. ઓમકાર દિવ્યધ્વનિ સુનકર જો રચા થા. આહાહા!

શ્રોતા : શ્રુતકેવલીકા ભી જ્ઞાન પ્રમાણિક હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રમાણિક હૈ. શ્રુતકેવળી પ્રમાણ... સમ્યગ્દૃષ્ટિ કહે તો ભી પ્રમાણ હૈ. ચારિત્રમેં ફેર હૈ, પણ સમ્યગ્દ્રષ્ટિકે જ્ઞાન-શ્રદ્ધામેં ફેર નહીં. ઐસા તિર્યંચકા સમકિત, ઐસા સિદ્ધકા સમકિત હૈ. સિદ્ધ અને તિર્યંચકે સમકિતમેં ફેર બિલકુલ નહીં. વહ આયા હૈ. મોક્ષમાર્ગપ્રકાશકમેં. સમજમેં આયા? આહાહા! યે કોઈ કલ્પનાકા વિષય નહીં. યે કોઈ અનુમાન કરકે કહના હૈ ઐસા નહીં. પ્રત્યક્ષ હો ગયા હૈ ઐસી ચીજ હૈ, એમ કહતે હૈં. ઐસા કેવળીપ્રત્યક્ષ હુઆ ઉસે, કહતે હૈં. શ્રુતકેવળીકો પ્રત્યક્ષ હુઆ વહ પરોક્ષ હૈ. યહાં (કેવલીકો) પ્રત્યક્ષ હૈ, પણ હૈં તો દોનોં હી પ્રમાણ. આહાહા! સમજમેં આયા?

તો કહતે હૈં, **व्यवहारमार्गके रत्नत्रयको छोड़कर...** યહાં વજન આયા. કેવલી અને શ્રુતકેવલીને કહા યે મૈં કહૂંગા. ક્યા? કે ભગવાન ઐસે કહતે હૈં ઔર શ્રુતકેવલી ઐસે કહતે હૈં કિ વ્યવહારમાર્ગકો છોડકર સ્વભાવમેં આ જા. વ્યવહારમાર્ગસે નિશ્ચયમાર્ગ હોગા ઐસા નહીં. કિસી જગહ કથન આતા હૈ ન છહ ઢાલામેં. સત્યાર્થ... (જો સત્યારથ રૂપસો નિશ્ચય, કારણ સો વ્યવહારો.) કારણ સો વ્યવહારો. કયા કરના? કારણ પહલે ને કાર્ય પીછે—ઐસા અર્થ કરતે હૈં. ઐસા હૈ નહીં. વહ તો નિમિત્તકારણકા આરોપ દિયા હૈ. આહાહા! યહાં ક્યા કહતે હૈં?

**व्यवहारमार्गके रत्नत्रयको छोड़कर...** જો વહ કારણ હો તો ઉસે છોડકર કૈસે આતા હૈ? આહાહા! સમજમેં આયા? યે તો પંચાસ્તિકાયમેં આયા હૈ પીછે ૧૭૨ ગાથામેં. સાધ્ય-સાધક. વ્યવહાર સાધક હૈ, નિશ્ચય સાધ્ય હૈ, લ્યો. પણ કિસકા? કિસકો કહતે હૈં વહ? જો અપના નિશ્ચય સાધન કિયા હૈ (તબ) ઉસકો–રાગકો વ્યવહાર સાધનકા આરોપ દિયા હૈ. આહાહા! ક્યા કરે? ઐસી બાત હૈ. પણ અર્થ જ ઊંધા કરે ત્યાં શું કરે? સમજમેં આયા? યે તો ભાઈ! તેરે આત્માકો દુઃખ હોગા વિપરીત અર્થ કરનેસે હોં. અનંત સર્વજ્ઞ, અનંત સંતોંકી વાણીકો નુકશાન હોગા તુજસે. ઐસે તુજે ભી નુકસાન હોગા. ભાઈ! તેરી દયા હૈ કિ નહીં તુજે? આહાહા! ચાર ગતિકા ડર–ભય હો તો શાસ્ત્ર કહતે હૈં, કેવળી કહતે હૈં ઉસ તરહ સમજના ચાહિયે. અપની કલ્પનાસે નહીં.

કહતે હૈં, **समस्त विभावको**... ક્યોં યે લિયા? વ્યવહારમાર્ગ હી વિભાવ હૈ. વહ તો શુભભાવ હૈ માટે. પહલે 'શુભ-અશુભ સર્વકો છોડકર' ઐસા સામાન્ય અર્થ લિયા ભાઈ! વિભાવકો છોડકર... દોનોં. પણ સ્પષ્ટ કરને લિયે (કહા કિ) શુભરાગકો છોડકર વ્યવહાર (રત્નત્રય)કો છોડ. સમજમેં આયા? તો કહતે હૈં, વહ વ્યવહાર કારણ હો ને નિશ્ચય કાર્ય હો તો છોડના કૈસે ઉસકો? ઉસકો તો પકડના હૈ. પણ વહ તો ઉપચાર–વ્યવહારનયસે કથન હૈ. કારણ ને હેતુ આતા હૈ ન? નિશ્ચયકા હેતુ, આતા હૈ ન છ ઢાળામેં? 'હેતુ નિયતકો હોઈ.' વ્યવહારકો નિમિત્તકા આરોપ હૈ. કારણ હૈ હી નહીં ઉસકો કારણ કહતે હૈં, યે વ્યવહાર હૈ.

યહાં તો કહા, **व्यवहारमार्गके रत्नत्रयको छोड़कर**... શાસ્ત્રમેં ચરણાનુયોગમેં જિતના વ્યવહારમાર્ગ કહા વહ ભી રાગ હૈ. તો ઉસે છોડકર... કહતે હૈં ન, શુભભાવસે શુદ્ધ હોતા હૈ. અહીં તો ના પાડે છે. પંડિતજી! આહાહા! ભાઈ! વાદવિવાદ કૈસા? 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' પ્રભુ! માર્ગ તેરા સહજ હૈ. ઐસી કબૂલાત તો લાવ. આહાહા! કહતે હૈં, **समस्त विभावको तथा व्यवहारमार्ग**... ભાષા લી હૈ દેખો! 'વ્યવહારરત્નત્રયકો છોડકર' ઐસા શબ્દ ન લિયા, પણ **व्यवहारमार्गके रत्नत्रयको छोड़कर**... જિતના વ્યવહારમાર્ગમેં કથન આયા, સમજમેં આયા? યે સબ બંધકા કારણ હૈ. ચાહે તો પંચમહાવ્રત હો, ચાહે તો શાસ્ત્રકા જ્ઞાન હો, ચાહે તો નવ તત્ત્વકી શ્રદ્ધા હો, પણ વિકલ્પ હૈ, રાગ હૈ, બંધકા કારણ હૈ. આહાહા!

એક તત્ત્વકી શ્રદ્ધા, એમ કહતે હૈં. આહાહા! લ્યો. **निजतत्त्ववेदी**... ભાષા દેખો! વ્યવહારરત્નત્રયકા વિકલ્પ–રાગ છોડકર નિજતત્ત્વવેદી... આહાહા! યે વ્યવહાર નિજતત્ત્વ નહીં થા, વહ પરતત્ત્વ થા. **निजतत्त्ववेदी (निज आत्मतत्त्वको जाननेवाला-अनुभवन करनेवाला)**... મૈં તો જ્ઞાનાનંદસ્વરૂપ હૂં ઐસા ઉસ તરફસે અનુભવ (અર્થાત્) જ્ઞાનરૂપ અનુસરકે હોના, આનંદરૂપ હોકર હોના, દ્રવ્યકે દ્રવ્યરૂપસે હોના, જો સ્વભાવ હૈ યે રૂપસે હોના—ઐસી નિર્વિકલ્પ સ્વસંવેદન શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ ઐસા અનુભવ કરનેવાલા **मतिमान पुरुष**... યે મતિમાન પુરુષ હૈ. આહાહા! અહીં શાસ્ત્રની મોટી-મોટી વાત કરે ને ઐસા ને ફૈસા.. યે મતિમાન નહીં. આહાહા! વિકલ્પકો છોડકર... ભગવાન! તેરા નિજતત્ત્વ હૈ ન! 'નિજતત્ત્વને વેદી' ઐસા શબ્દ પડા હૈ. અપના નિજ આત્મા ભગવાન ધ્રુવ વહ નિજતત્ત્વ. ઉસકા વેદી–અનુભવ કરનેવાલી પર્યાય. સમજમેં આયા?

એક ઠેકાણે એવું આવ્યું હતું. શ્વેતામ્બરમેં ઐસા હૈ કિ જાતિસ્મરણજ્ઞાન ક્યોં નહીં હોતા અભી? ઐસા લેખ હૈ. કે જ્ઞાનીકો ભી વિપરીત બાતકો સમજાનેમેં ઉસકા ઇતના કાલ જાતા હૈ... ક્યા કહા? કિ જાતિસ્મરણજ્ઞાન સબકો ક્યોં નહીં હોતા? સબ પરભવસે આયે હૈં. આહાહા! કાલ તો વળી એક ભાઈ આયા થા ૨૫-૩૦ વર્ષકા જવાન. એ રતિભાઈના સાળા. રતિલાલ માસ્તર હતાને એના સાળા વઢવાણવાળા. નારણભાઈના દીકરા. એ બધા ૨૫-૩૦ માણસ હતા

જુવાન બધા. બાઈયું નહોતી. મહારાજ! કે પુનર્જન્મ હશે? અરર! આવા માણસને હજી પુનર્જન્મ હશે એની (ખબર નથી). કીધું, આ રાજુલ છે છોકરી. રાજુલ આવી છે? છે. બતાવી હતી. ત્યાં આવ્યા હતાને. આવ્યા હતા? રાજુલ આવી હતી? અહીં આવ્યા હતા બધા. કહે, એ અમારે જોવી છે રાજુલને. ... ગયા હતા ન્યાં.

પુનર્જન્મ, અહીં તો કીધું, પુનર્જન્મ સબ પ્રત્યક્ષ હો ગયા હૈ. સુન તો સહી! યે લડકીકો દેખો, કીધું, જાનના હો તો. ગયા હતા.. આમાંથી કોઈ ગયા હતા. ........ યે તો લડકી આયી હૈ અભી, ખડી હુઈ. પૂર્વભવકા જાતિસ્મરણ હૈ. સાડે સાત વર્ષ પહલેકા. અભી તો દસ વર્ષની ઉંમર હો ગઈ. ઢાઈ વર્ષમેં હુઆ. સમજમેં આયા? વહ તો ... હૈ. ઐસે હમારે પાસ આયા થા ઉસકા રીપોર્ટ લેનેકો, અમેરિકાકા આદમી આયા થા. જેતપુરમાં મોટું.. બે હજારનો પગાર છે. યહાં આયે થે. પણ આ તો આપણે અમેરિકાના આવ્યા હતા માણસ. એ કહેતા હતા કે એક હજાર (કેસ) મારી પાસે છે. સબ દેશકા હોં. અકેલા હિન્દુસ્તાનકા નહીં. યુરોપમેં, સબમેં હૈ. થોડા-થોડા સબમેં હૈ. મુસલમાનમેં ભી હૈ પુનર્જન્મકા. ૧૦૦૦ કેસ હૈં હમારે પાસ. એક વળી બે, એક વળી ત્રણ એમ કહેતા હતા. હા, હોય કોઈને. (આત્મા) અનાદિકા હૈ.

અરે! જુવાન માણસ એમ પૂછે કે પુનર્જન્મ હૈ મહારાજ? તુમ માનતે હો? અરે ભગવાન! ક્યા કરે? હા, એની કોલેજ છે કાંઈક, કીધું. નવી કાઢી છે. હા, એ. બંધ પાસે. નારણભાઈના દીકરા છે. કંઈક કહ્યું તો હોં. એ છોકરા જુવાન હતા. પછી તો કહ્યું, જોવું હોય તો જાવ. આ છોડી પ્રત્યક્ષ છે એક. એક બેન છે એ તો તમને જવાબ નહીં દે. એના બાપના ફૈબા છે, કીધું. ચંપાબેનને ચાર ભવનું જ્ઞાન છે, કીધું. એ જોડે બેઠા. પણ એ જવાબ નહીં દે. સમજમેં આયા? હજી તો પુનર્જન્મની શ્રદ્ધા પણ નહીં આહાહા! એને ત્રણ કાળ, ત્રણ લોક જાનનેવાલી પર્યાય, આહાહા! કૈસે શ્રદ્ધામેં આયે?

યહાં તો કહતે હૈં, ઓહો! ભગવાન! તુજે મોક્ષકા સુખ ચાહિયે... ઐસે કહા ન ઉપર. ઉપર કહા થા ન? 'પરમાત્માકે સુખકા અભિલાષી' ઉસકા સારરૂપ કળશ હૈ યે. તુજે અતીન્દ્રિય આનંદકી અભિલાષા હો, ભગવાન! અંતરમેં એકવાર વ્યવહારરત્નત્રય ને વિભાવકા લક્ષ છોડ દે ન. મહાપ્રભુ બિરાજતા હૈ અંદરમેં. કારણભગવાન યે નિજતત્ત્વ હૈ વહ તેરા તત્ત્વ હૈ. આહાહા! રાગ નહીં, વ્યવહારરત્નત્રય નહીં, એક સમયકી પર્યાય નિજતત્ત્વ નહીં. આહાહા! ઉસમેં હૈ કિ નહીં? નિજતત્ત્વ એ તો વસ્તુ થઈ ત્રિકાળી, યે નિજતત્ત્વ. ઉસકા વેદી, વહ પર્યાય હુઈ. આહાહા! **मतिमान पुरुष शुद्ध आत्मतत्त्वमें नियत...** શુદ્ધ ભગવાન આત્મામાં નિયત નામ પરાયણ... શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત... બાત તો અલૌકિક હૈ ભાઈ ! લૌકિકકે સાથ મિલાન કરે તો મિલેગા નહીં. આહાહા!

હમ તો કહતે થે સંપ્રદાયમેં. એક પાંચવા અધ્યાય હૈ આચારાંગકા. વહ બનાયા હૈ નયા. પણ ઉસમેં લેખ હૈ. ..... હે ગૌતમ! ઐસે ઉસમેં કથન આતા હૈ. ..... ઐસે કહતે થે. મહાવીર કહતે હૈં, હે ગૌતમ! ..... મેરે માર્ગકા દુનિયાકે સાથ મિલાન નહીં કરના. મેરે માર્ગકા દુનિયાકે માર્ગકે સાથ મિલાન નહીં કરના. .... લોગ ક્યા કહતે હૈં ઉસકે સાથ હમારા મિલાન નહીં કરના. સમજમેં આયા? વહ ૪૦-૪૫ વર્ષ પહલે કહતે થે સંપ્રદાયમેં. સભામેં.. પહલે ભી સભામેં હમારી પ્રતિષ્ઠા થી બહુત. હજારો માણસ આતે થે. એવી ભરાતી હતી. તીન-તીન હજાર. રાજકોટમેં ૮૯મેં તીન-તીન હજાર. ૮૯કી સાલ. હમારે બોટાદમેં ૩૫૦ ઘર હૈં. ...... બહોત પ્રતિષ્ઠા થી ન હમારી. હમ તો પ્રવચન કરનેકો બૈઠે તો માણસ મકોડાની જેમ ભરાય. ઐસા માણસ.. માણસ... ઉસમેં યહી કહા થા. બહોત બાર કહતે થે. પ્રભુ વીર એમ કહતે હૈં, ..... લોકના માર્ગની સાથે હમારા મિલાન નહીં કરના. હમારા માર્ગ દૂસરા હૈ. સમજમેં આયા? આહાહા!

યહાં વહ કહા દેખો! **मतिमान पुरुष शुद्ध आत्मतत्त्वमें नियत (-शुद्धात्मतत्त्वपरायण) ऐसा जो एक निजज्ञान...** એક નિજજ્ઞાન એકાકાર. ભેદ નહીં. હૈ પર્યાય યે. **दूसरा श्रद्धान...** એક શ્રદ્ધાન સ્વભાવકી નિર્વિકલ્પ પ્રતીતિ **और फिर दूसरा चारित्र...** ઉસકા આશ્રય કરતા હૈ. વહ તો પર્યાયકા અભેદ સહિત આશ્રય કરતા હૈ, યૂં લેના. વહ તો પહલે આ ગયા ન? 'શુદ્ધરત્નત્રયાત્મક આત્માકો ભાતા હૈ' ઐસા આયા ન ટીકામેં? ટીકામેં આ ગયા. 'શુદ્ધરત્નત્રયાત્મક આત્માકો ભાતા હૈ.' નહીં તો, વહ તો પર્યાય હૈ, પણ વહ તો અભેદ કરકે (કહા). ઉસકા યહ કળશ હૈ. 'શુદ્ધરત્નત્રયાત્મક આત્માકો ભાતા હૈ.' યહાં લિયા ન. 'આત્મતત્ત્વમેં નિયત.' આત્મતત્ત્વ તો લિયા, ઉસમેં નિયત વહ પર્યાય હુઈ. **शुद्धात्मतत्त्वपरायण ऐसा जो एक निजज्ञान, दूसरा श्रद्धान और फिर दूसरा चारित्र** અંતર આહાહા! **उसका आश्रय करता है.** ઉસકો કલ્યાણમાર્ગ પંથ ઔર ઉસકો કેવલજ્ઞાન હોગા. યે ૯૧ (ગાથા) હુઈ. ૯૨. ગાથા ૯૨. નિશ્ચય ઉત્તમાર્થ પ્રતિક્રમણકા સ્વરૂપ.

**उत्तमअट्ठं आदा तम्हि ठिदा हणदि मुणिवरा कम्मं ।**
**तम्हा दु झाणमेव हि उत्तमअट्ठस्स पडिकमणं ।।९२।।**

લ્યો, અહીં તો પહેલો **उत्तमअट्ठं आदा**.

**है जीव उत्तम अर्थ, मुनि तत्रस्थ हन्ता कर्मका,**
**अतएव है बस ध्यान ही प्रतिक्रमण उत्तम अर्थका. ९२**

**टीका : यहां (इस गाथामें), निश्चय उत्तमार्थ प्रतिक्रमणका स्वरूप कहा है.**

**जिनेश्वरके मार्गमें...** દેખો! જિનેશ્વરકે માર્ગમેં મુનિયોંકી સંલ્લેખના હોતી હૈ. જબ સલ્લેખનાકા–આખિરી દેહ છૂટનેકા કાલ આતા હૈ... આહાહા! **जिनेश्वरके मार्गमें...** જિનેશ્વર

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માને કહે માર્ગમેં મુનિયોંકી... યે માર્ગમેં **मुनियोंकी सल्लेखनाके समय...** દેખો! આખિર દેહ છૂટનેકા કાલ... આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો હૈ ઔર દેહ છૂટનેકા સમય આયા. **ब्यालीस आचार्यों द्वारा...** આહાહા! બેતાલીસ. બ્યાલીસ કહતે હૈં ન? ચાલીસ ને દો. યે આચાર્યકે પાસ પૂછના, એમ કહતે હૈં. અપની સલ્લેખનામેં દેહ છૂટનેકે લિયે શાંતિ... એક આચાર્ય, દૂસરા આચાર્ય, બેતાલીસ તક શાંતિ ઐસી કાયમ રહતી હૈ કિ નહીં? પૂછના. મહારાજ! અપને ગુરુ આયે હૈં ધર્માત્મા, આચાર્ય. એ વખતે તો બહુ હશેને? **ब्यालीस आचार्यों द्वारा, जिसका नाम उत्तमार्थप्रतिक्रमण है वह दिया जानेके कारण...** યે આચાર્ય કહતે હૈં કિ લો! સલ્લેખના કરો. તુમ્હારી સ્થિતિ હો ગઈ ભૈયા! બેતાલીસ આચાર્ય પાસે જાય ને ભાવ ટીક રહે. શાંતિકા માર્ગ અંદરમેં... આચાર્ય કહે કે જાઓ, સંથારો લો. સમજમેં આયા? આહાહા!

કપડા બદલનેકા તુમ્હારા કાલ હૈ. કપડા (એટલે) શરીર. શરીર બદલનેકા કાલ હૈ. જાઓ, તુમ્હારા અંદર આરાધન (કરો). આહાહા! એક, બે, ત્રણ, ચાર, બ્યાલીસ. તબ તક ઉસકી (સલ્લેખના) લેનેકી સ્થિરતા ટીક રહી... બેતાલીસ-ચાલીસ ઔર દો આચાર્ય. આચાર્યકે પાસ જાકર પૂછતે હૈં. આચાર્ય દેતે હૈં, સલ્લેખનાકી આજ્ઞા દેતે હૈં.

શ્રોતા : બ્યાલીસ આચાર્યકી આજ્ઞા લેતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા. એ વખતે... હૈ, કથનયોગ્ય નહીં... હૈ ન પાઠમેં? અંદર પડા હૈ ન? ટીકા હૈ ન? વહ તો હૈ ચરણાનુયોગમેં. બધે આવે છે. ચરણાનુયોગમેં આતા હૈ. પાઠ હૈ ન? **ब्यालीस आचार्यों द्वारा... मुनिनां सल्लेखनासमये हि द्विचत्वारिंशद्भिराचार्यैः...** હૈ ન? વહ તો હૈ. ભગવતી આરાધનામેં હૈ. ઐસા બહોત ઠિકાને હૈ. ચરણાનુયોગમેં બહોત ઠિકાને હૈ. ભગવતી આરાધનામેં બહોત હૈ. મુજે તો દૂસરા કહના હૈ કિ ઇતની આરાધનાકી તૈયારી હો ગઈ આત્માકી, બ્યાલીસ આચાર્ય પાસે જાકર (ભી) વહ ભાવ ટીક રહા (સંલ્લેખના) કરનેકા. તો આચાર્યને હુકમ દિયા. કરો સંથારો. જાઓ, તુમ્હારા આત્મા તૈયાર હો ગયા હૈ.

આહાહા! ધન્ય અવતાર! દેહ છોડનેકે કાલમેં... ઉત્તમ અર્થ હૈ ઐસા ભગવાન આત્મા, એમ કહતે હૈં દેખો! **वह दिया जानेके कारण...** દેખો! ઉત્તમાર્થ પ્રતિક્રમણ દિયા. મુનિયોંકો દિયા. મુનિકો આચાર્યને દિયા. વિકલ્પ છોડ દો, સબ છોડ દો, ઉત્તમાર્થમેં ઘુસ જાઓ. ઉત્તમ અર્થ ઐસા આત્મા... **निश्चयसे—नव अर्थोंमें उत्तम अर्थ आत्मा है...** નવ પદાર્થમેં ઉત્તમ આત્મા હૈ. આહાહા! આસ્રવ, બંધસે તો ભિન્ન હૈ, ઉત્તમ હૈ હી, પણ સંવર-નિર્જરા ને મોક્ષસે ભી ઉત્તમ અર્થ આત્મા હૈ. આહાહા! બંધ-મોક્ષ યે તો પર્યાય હૈ. ત્રિકાળ ભગવાન આત્મા હૈ. આહાહા! યે આત્મા હૈ, યૂં કહતે હૈં આચાર્ય. ઉસકા આશ્રય કરો, શાંતિ હો જાયેગી તુમ્હારી. નિર્વિકલ્પ મરણ હોગા, સમાધિમરણ હો જાયેગા. વિશેષ કહેંગે. (પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૧, સોમવાર, તા. ૨-૮-૧૯૭૧**
**ગાથા - ૯૨, પ્રવચન નં. ૮૩**

આ નિયમસાર, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. પ્રતિક્રમણકા અર્થ—કિયે હુએ દોષોંકા નિરાકરણ કરના. આ બાજુ અર્થ છે. ૧૭૫ પાને. નીચે હૈ. પ્રતિક્રમણ (અર્થાત્) કિયે હુએ દોષોંકા નિરાકરણ કરના. યે નિશ્ચય પ્રતિક્રમણકી બાત હૈ. ૯૨ ગાથા ચલતી હૈ.

**जिनेश्वरके मार्गमें...** સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ ઉસને કહા માર્ગ ઉસમેં મુનિયોંકી સલ્લેખનાકે સમયકી બાત ચલતી હૈ. દેહકે છૂટનેકે કાળમેં સમાધિમરણ કૈસે હોતા હૈ? બાહરકી અકેલી ક્રિયા, અપવાસ કરકે દેહ છોડના વહ ક્રિયા કોઈ સલ્લેખના નહીં. ઐસે તો અનંતબૈર નવમી ગ્રૈવેયક ગયા, તબ દો-દો માસકા વ્યવહારસલ્લેખના કિયા થા. સાઠ-સાઠ દિ' સુધી ઝાડકી ડાલ પડે... વહ (સલ્લેખના) નહીં. વહ તો ક્રિયા જડકી, રાગકી હૈ. યથાર્થ પ્રતિક્રમણ અને સમાધિમરણ... પૂછતા થા યહાં એક ગૃહસ્થ. 'મહારાજ! આ કાળમાં સમાધિમરણ, તડપકર તડપકર મરના ઐસા સમાધિમરણ હોતા હૈ? ઐસા પ્રશ્ન કિયા. ભાઈ હતા. તરફડતે સમજે ન? કારણ કિ ઐસા દેખે કિ (સમાધિ)મરણ કરે, (પર) હૈ તો અજ્ઞાન, ભાન તો હૈ નહીં. અપના શુદ્ધ આનંદસ્વરૂપ ઐસા દૃષ્ટિમેં, અનુભવમેં આયા નહીં તો ક્યા કરના, કિસમેં રમના અને કિસસે હઠના વહ તો ખબર નહીં. યે ક્રિયાકાંડમેં રહે. તો કાલ પૂછતા થા ગૃહસ્થ બિચારા. હમને તો જિતના મરણ દેખા ઐસા.. ઐસા ને ઐસા.. તરફડિયા કહતે હૈં? ક્યા કહતે હૈં? તડપ.. તડપકર. હા, એને કહીએ.

ભાઈ! સમાધિમરણ ઇસકો નહીં કહે. આત્મા આનંદસ્વરૂપ ઉસકા જિસકો અંતરમેં... ઓહો! મિથ્યાત્વકા જો મહાદોષ, ઉસકા જિસને અપના નિજસ્વરૂપમેં અનુભવ કરકે મિથ્યાત્વદોષકા નિરાકરણ કિયા હૈ, ઉસકો પ્રથમ સમ્યગ્દર્શનમેં સમાધિમરણ હોતા હૈ. યહાં તો કહતે હૈં, મુનિ હૈં ઉનકો સમાધિમરણ–સલ્લેખના કૈસે હોતી હૈ? આહાહા! **जिनेश्वरके मार्गमें** અર્થાત્ વીતરાગસ્વભાવકે માર્ગમેં અંદર—વહ નિશ્ચય. વ્યવહારમેં **मुनियोंकी सल्लेखनाके समय, ब्यालीस आचार्यों द्वारा...** બ્યાલીસ કહતે હૈં ન તુમ્હારે? ચાલીસ ઔર દો. આચાર્યકે પાસ ઉસે જાના, જિસે સમાધિમરણ કરના હો. આહાહા! યે કાલ કૈસા હોગા? બેતાલીસ-બેતાલીસ આચાર્ય તો આત્મજ્ઞાની, ભાવલિંગી. આહાહા! ધન્ય અવસર! અવસર!!

શ્રોતા : દેહકાળની એને ખબર પડી જતી હશે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : શરીર કૃશ હો જાય તો ખ્યાલ આ જાય કિ અબ ટાઈમ હો ગયા હૈ. એક બારહ વર્ષકા ભી હૈ. સૂક્ષ્મ બાત હૈ. એક બારહ વર્ષકા સલ્લેખનામરણ હૈ. બારહ વર્ષ હૈ. હૈ, વહ તો શ્વેતામ્બરમેં ભી હૈ. હમારે બહોત ચર્ચા હુઈ થી ૭૫કી સાલમેં સલ્લેખનામરણકી.

બારહ વર્ષકી એક હૈ. અપને દિગંબરમેં ભી હૈ. ઓહો! બારહ વર્ષ. પહલેસે ઐસી વિધિ હૈ. સપ્તપ્રત્યાખ્યાન બાર વર્ષકી ઉત્કૃષ્ટ સલ્લેખના હૈ. વહ ચર્ચા હમારે ૭૫કી સાલમેં બહોત હુઈ થી. કિતને હુએ? ૫૨ વર્ષ હુએ. પાળિયાદમેં. આહાહા! ક્રમે ક્રમે છોડતે હૈં ઐસા લિખા હૈ. ઉત્તરાધ્યયનમેં હૈ. આપણે એમાં આવે–ભગવતી આરાધનામેં હૈ. ઓહોહો! જિસને આત્મા હસ્તગત કિયા હૈ. હસ્તગત નામ જૈસે હથેલીમેં ચીજ હો ને દિખે, ઐસા જિસને અપના આત્મા પુણ્ય-પાપકે વિકલ્પસે હઠકર અપને સ્વરૂપમેં આનંદકા અનુભવ કિયા હૈ, સમ્યગ્દર્શનમેં પહલી ભૂમિકા ઐસી હોતી હૈ. આહાહા!

દેહ તો છોડતે હૈં, અનંતબૈર છૂટા, પણ અંતર આનંદકી સમાધિમેં લહેર કરતે આનંદમેં દેહ છૂટ જાય ઉસકા નામ શાંતમરણ–સમાધિમરણ હૈ. **ब्यालीस आचार्यों**... દેખો! ક્યા કહતે હૈં? જિસકો આત્માકી શાંતિ.. શાંતિ.. શાંતિ ચાહિયે. સલ્લેખના... શોધન કરતે કરતે... કાયા ને કષાય–ઐસા દો હૈ. કાયા ને કષાયકી સંલ્લેખના. કૃશ કરતે કરતે ઉસમેં ઐસા હો કિ મુજે તો અબ અલ્પકાલમેં દેહ છૂટનેકા કાલ હૈ. અકસ્માત આ જાય કોઈ સિંહ આદિ કિ ઉપદ્રવ હો તો તુરંત હી અંદરમેં વૃત્તિ સમેટ લેતે હૈ–સંકેલ લેતે હૈં, આનંદકંદમેં ઝૂલ જાતે હૈં. ઔર ક્રમસર જો કિસીકા કાલ લંબા હો તો બેતાળીસ આચાર્ય પાસે જાય. યે ક્યા કહતે હૈં ઉસમેં? કિ ઉસકી સમાધિમરણ શાંતિકી જો ભાવના હુઈ હૈ વહ બ્યાલીસ આચાર્યકે પાસ ગયા તબ તક ઉસકી (ભાવના) ટીક રહી હૈ કિ નહીં? સમજમેં આયા? આહાહા!

આખિર દેહ છૂટના હૈ. જિસને પચાસ.. સાઠ-સાઠ, અરે! કરોડ પૂર્વ. પહલે તો આયુષ્ય બહુત થા. અબજો વર્ષકા થા. કરોડ પૂર્વકા આયુષ્ય સીમંધર ભગવાનકા. એક પૂર્વમેં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એક પૂર્વમેં ૭૦ લાખ કરોડ... એક કરોડ, દો કરોડ ઐસા નહીં. ૭૦ લાખ કરોડ (ઔર ઉપર) ૫૬ હજાર કરોડ ઇતને વર્ષકા એક પૂર્વ કહનેમેં આતા હૈ. ઐસા કરોડ પૂર્વ અનંતબૈર હુઆ, ઉસમેં કોઈ નવીન બાત હૈ નહીં. આહાહા! ત્રણ-ત્રણ પલ્યોપમકા આયુષ્ય દેવકુરુ-ઉત્તરકુરુ જુગલિયામેં હૈ. વહાં ભી અનંત બૈર રહા હૈ. ત્રણ-ત્રણ પલ્યોપમ. એક પલ્યોપમકે અસંખ્યવે ભાગમેં અસંખ્ય અબજ વર્ષ જાતે હૈં. આહાહા! એક પલ્યોપમકે અસંખ્યવે ભાગમેં અસંખ્ય અબજ વર્ષ. ઐસા તીન પલ્યોપમ. વહાં ભી અનંતબૈર ગયા મિથ્યાત્વ સહિત. ઔર મિથ્યાત્વ સહિત નિકલા. વહ કોઈ મરણ નહીં. સમજમેં આયા?

કહતે હૈં, **जिसका नाम उत्तमार्थप्रतिक्रमण है वह दिया जानेके कारण**... આહાહા! દેખો તો ખરા! બ્યાલીસ આચાર્યોંને દિયા. વ્યવહાર હૈ ન? સંતો! સમાધિમરણ કરો, હમારી આજ્ઞા હૈ. તુમ સમાધિમરણકે લાયક હો. આહાહા! '**दिया**' હૈ ન પાઠ? ભાઈ! **दिया जानेके कारण**... વહ પ્રવચનસારમેં આ ગયા હૈ (ચરણાનુયોગકે) શુરૂઆતમેં. ગુરુ પાસે મુનિપણું લે છે. ચરણાનુયોગમેં હૈ, પ્રવચનસાર. સર્વસ્વ દિયા, ગુરુને સર્વસ્વ દિયા. વ્હહારમેં ઐસા આરોપ .....

ઉપકારકા વિનય તો હૈ. ગુરુને સર્વસ્વ દિયા. ભાવલિંગ દિયા, દ્રવ્યલિંગ દિયા—ઐસે આતા હૈ. આહાહા! મુનિપનેમેં તો નગ્ન હો જાતા હૈ. વસ્ત્રકા ટુકડા ભી ન રહે ઔર અંતર તીન કષાયકા અભાવ હૈ, ઉસકો મુનિ કહતે હૈં. વસ્ત્ર-પાત્ર રખના ઔર મુનિપનેકા નામ ધરના વહ તો મિથ્યાત્વકા પોષણ હૈ. આહાહા! માર્ગ ઐસા હૈ. મુનિપના તો દૂસરી ચીજ હૈ–અલૌકિક ચીજ હૈ.

શ્રોતા : અગૃહીતકા (દોષ) હૈ, ગૃહીતકા તો નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગૃહીત મિથ્યાત્વ હૈ. આહાહા! ઝીણી વાત છે. વસ્ત્ર-પાત્ર રખકર મુનિ માનતે હૈં ન? મનાતે હૈં ન? ઉસકો તો ગૃહીતમિથ્યાત્વમેં ડાલા હૈ મોક્ષમાર્ગપ્રકાશકકે પાંચવે અધ્યાયમેં. બાત તો યથાર્થ હૈ. તુજે દુઃખ લગે-ન લગે, ઉસકે ઉપર સત્યતાકા (નિર્ભર) નહીં હૈ. સમજમેં આયા? ભગવાન કુંદકુંદાચાર્ય તો વહાં તક કહતે હૈં કિ એક વસ્ત્રકા તુષમાત્ર ભી રહે, રખે અને મુનિપના માને અને મનાવે અને માનતેકો અનુમોદે, 'નિગોદં ગચ્છઈ.' તત્ત્વકા વિરાધક હૈ. આહાહા! ભલે સમ્યગ્દર્શન હો, મુનિપના ન હો, પણ આત્માકા સમ્યક્ અનુભવ કરકે દેહ છૂટતા હૈ તો યે સમાધિમરણ હૈ ઉસ પ્રકારકા જઘન્ય. યે તો ઉત્કૃષ્ટ મરણકી બાત ચલતી હૈ. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : મહારાજ! ચશ્મા તો રાખે છે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ચશ્મા-બશ્મા.. અપને વ્યક્તિગતકી બાત નહીં. ચશ્મા-બશ્મા તો હોતે નહીં. એક તુષમાત્ર વસ્ત્ર નહીં તો ચશ્મા કહાં આયા? માર્ગ ઐસા હૈ. કોઈ વ્યક્તિગતકી બાત હૈ નહીં યહાં. વ્યક્તિ, ઉસકે પરિણામકા વહ જવાબદાર હૈ. આહાહા!

શ્રોતા : સબ આ ગયા તિલતુષમાત્રમેં?

પૂજ્ય ગુરુદેવશ્રી : બસ, તિલતુષમાત્રમેં આ જાતા હૈ. ઓહોહો! જિનેશ્વરકા મુનિપના, વીતરાગમાર્ગકા મુનિપના બાપુ! યે તો અલૌકિક હૈ. આહાહા! જિસમેં પ્રચૂર આનંદકા સંવેદન આતા હૈ. સમ્યગ્દર્શનમેં આનંદકા જઘન્ય સંવેદન આતા હૈ. જઘન્ય સમજતે હો? થોડા. ઔર મુનિકો પ્રચૂર સ્વસંવેદન.. આહાહા! અતીન્દ્રિય આનંદકે ઝૂલેમેં ઝૂલતે હૈં. ઉસકી નગ્ન દિગંબર દશા તો નિમિત્તરૂપે હો જાતી હૈ. હો જાતી હૈ, કરની પડતી નહીં. સમજમેં આયા? આહાહા! વિકલ્પ હો તો ૨૮ મૂળગુણકા વિકલ્પ હોતા હૈ, દૂસરા વિકલ્પ–રાગ હોતા નહીં.

અહીં તો સંથારો... આહાહા! ધન્ય અવતાર! અપને સ્વરૂપકા શોધ કરતે.. કરતે-કરતે-કરતે રાગકી કૃશતા હો ગઈ ઔર શરીરકી કૃશતા હો ગઈ બાહરમેં. આહાહા! વહ મુનિકે પાસ–આચાર્યકે પાસ જાતે હૈં, મહારાજ! હમેં શાંતિ લેના હૈ પ્રભુ! આહા! હમેં સમાધિ આનંદમેં દેહ છોડના હૈ નાથ! આપ પરીક્ષા કરકે મુજે આજ્ઞા દો. આહાહા! ભાઈ! સર્વસ્વ દિયા હૈ. અહીં આવ્યુંને? સર્વસ્વ દિયા હૈ. પ્રવચનસારમેં, ચરણાનુયોગમેં. ગુરુને સર્વસ્વ દિયા. શ્રીમદ્મેં આતા હૈ, નહીં? 'તે તો પ્રભુએ આપિયો..' શ્રીમદ્માં આવે છે. '....આત્માથી સૌ હીન, તે તો પ્રભુએ

આપિયો, વર્તુ ચરણાધીન.' વહ વિનયકા શબ્દ હી ઐસા હોતા હૈ. વિનયભાવ હોતા હૈ... વિનય.. વિનય.. વિનય.. વિનય.. સંત સંતોકે પાસ ભી વિનય કરતે હૈં. આહાહા!

કહતે હૈં કિ આચાર્યોંને બ્યાલીતાસ આચાર્યોંને સમાધિમરણ દિયા. ઉસકી લાયકાત દેખકર કહા, કરો ભૈયા! તુમ્હેં શાંતિ હોગી, તુમ્હેં આનંદ સહિત દેહ છૂટ જાયેગા. તુમ્હારી ભાવના હમને ઐસી દેખી હૈ. આહાહા! સમજમેં આયા? **देहत्याग व्यवहारसे धर्म है.** હૈ ન ઉસમેં? **निश्चयसे—नव अर्थोंमें उत्तम अर्थ आत्मा है..** દેખો! નવ તત્ત્વ હૈં નવ પદાર્થ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. ઉસમેં-નવમેં ઉત્તમ તો ભગવાન આત્મા હૈ. આહાહા! પૂર્ણ અતીન્દ્રિય આનંદસે ભરા પડા, શાંતિ ને આનંદસે લબાલબ ભરા હૈ આત્મા. આહાહા! ઐસે સંવર, નિર્જરા ને મોક્ષમેં ભી ઉત્તમ તો આત્મા હૈ. વહ તીન તો પર્યાય હૈં. સમજમેં આયા? પન્નાલાલજી! યે પ્રજ્ઞાકી બાત ચલતી હૈ. આહાહા!

પહલે હમારે સ્વાધ્યાયમેં આતા થા. સજ્જાય હૈ ન, ઉસમેં હૈ. 'એક રે દિવસ એવો આવશે, એ મને ... સાલે જી..' યે ચાર સજ્જાયમાળા આતી થી. હમ તો દુકાન પર બહોત વાંચતે થે. હમેં નિવૃત્તિ બહોત થી ન. ઉસમેં યે આતા થા. યે ૬૪-૬૫કી બાત હૈ. સંવત ૬૪-૬૫. ઔર હમકો રાત્રિકો ભી નિવૃત્તિ થી બહોત. ૬૪ વર્ષસે તો હમેં રાત્રિકો પાની-આહારકા ત્યાગ હૈ. ૬૪ વર્ષ. ૫૮ વર્ષ તો યહાં (સંસાર છોડે) હુએ. ૬ વર્ષ દુકાન પર બૈઠે થે. રાત્રિકો પાનીકા બિંદુ નહીં. મણિભાઈ! રાત્રિકો નિવૃત્તિ બહોત થી. આ પુસ્તકો વાંચતા હતા. ૬૫ વર્ષ પહલે. ઉસમેં યે આયા થા. 'એક રે દિવસ એવો આવશે..' ગુજરાતી હૈ ન. 'એ મને ... સાલે જી, સગી રે નારી રે તારી કામિની, ઊભી ટગટગ જોવે જી, આ રે કાયામાં હવે કંઈ નથી, એ ધ્રુસકે ધ્રુસકે રોવે જી, એક રે દિવસ એવો આવશે.' એ વખતે ભાઈ! વૈરાગ્ય બહુ પસંદ હતોને.. કાઢો રે કાઢો એને સૌ કહે, જોને જાણે જન્મ્યો જ નહોતો.' આહાહા!

કહતે હૈં, ભગવાન! એક દિન તો સબકો આયેગા. આયેગા કિ નહીં? દેહ સંયોગી હૈ તો સંયોગ છૂટ જાયેગા હી. આહાહા! પ્રભુ! તેરી ચીજકી સંભાલ કરકે, શોધ કરકે દેહ છૂટે, વહ દેહ છૂટા કહનેમેં આયેગા. શોભાલાલજી! આહાહા! અહીં તો હજી શરીરની રુચિ કે મેરા શરીર, મેરી લક્ષ્મી, મેરા રાગ—વહ તો સબ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! ઉસકા મરણ તો અસમાધિ, અજ્ઞાનમરણ હો જાયેગા. આહાહા! કહતે હૈં, નવ તત્ત્વમેં તો એક ઉત્તમ ભગવાન (આત્મા)... આહાહા! પર્યાયકો શોધના છોડ દે, કહતે હૈં. દ્રવ્યકો શોધ. ત્રિકાળી ભગવાન આત્મા મહા આનંદસે લબાલબ ભરા હૈ, ઠસોઠસ ભરા હૈ. આહાહા! યે આનંદકી ઝલકમેં ઇન્દ્રકા ઇન્દ્રાસન સડા હુઆ તૃણ દેખનેમેં આવે ઐસી ચીજ સમ્યગ્દર્શનમેં ભાસતી હૈ, એમ કહતે હૈં. વકીલજી! ઐસા હૈ ભગવાન!

શ્રોતા : ક્યા ભગવાનની વાત છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : યે આત્માકે ભગવાનકી બાત કરતે હૈં. યે રહા. દૂસરા ભગવાન– ઉસકા ભગવાન તો ઉસકે પાસ રહા.

શ્રોતા : ઐસા અનુભવ પહલે હો સકતા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પહલે હો સમ્યગ્દર્શનમેં. શુદ્ધોપયોગકે કાલમેં સમ્યગ્દર્શન હોતા હૈ તબ ઐસા હોતા હૈ, ઐસી બાત હૈ.

શ્રોતા : બારાખડી સિખાતે નહીં ઔર કુછ સિખાતે નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : બારાખડી-ફારકડી વહ આત્મા હૈ અક્ષર. અ-ક્ષર. ખરે નહીં ઐસા અક્ષર હૈ. યે અક્ષરકા જ્ઞાન હુઆ (તો) બારાખડીકા જ્ઞાન હો ગયા સબકા. આહાહા! પશુકો તો ક્યા? પશુકો તો નવ તત્ત્વકા નામ ભી નહીં આતા. ક્યોં પંડિતજી? છતાં સમકિત હોતા હૈ. પાંચવે ગુણસ્થાનમેં અસંખ્ય પડે હૈં બાહર અઢી દ્વીપ બાહર. અસંખ્ય પંચમ ગુણસ્થાનવાલા પશુ. એક હજાર યોજન લંબા મસ્ત્ય. ઐસા અસંખ્ય પડે હૈં પાંચવે ગુણસ્થાનવાલે. નવ તત્વકા નામ ભી નહીં (આતા).

અરે! આત્મા હૈ ન. આત્માકા અનુભવ હુઆ તો સબ આ ગયા. ઉસકા–તત્ત્વકા ભી ઐસા લિયા હૈ મોક્ષમાર્ગપ્રકાશકમેં કિ અતીન્દ્રિય આનંદ(સ્વરૂપ) આત્મા હૈ, વહ આનંદકા ભાન હુઆ તો પૂર્ણ આનંદ હૈ વહ આત્મા, ધ્યાનકી પર્યાય હુઈ સંવર-નિર્જરા ઔર જો રાગાદિ, રાગકા નામ નહીં આતા, પણ આનંદસે યે દૂસરી ચીજ હૈ, દૂસરી હૈ ઐસે ભાસતી હૈ, યે આસ્રવ પુણ્ય-પાપકા ભાવ, ઉસકા જ્ઞાન હુઆ યે દુઃખ.. યે દુઃખ. યે (વેદન વહ) આનંદ. ભગવાન પૂર્ણાનંદ ઐસી આનંદકી દૃષ્ટિ હુઈ તો પર્યાયમેં આનંદ આયા, વહ આનંદ આયા વહ સંવર-નિર્જરા, પૂર્ણાનંદ પ્રભુ આત્મા યે આત્મા ઔર દુઃખ લગતા હૈ, પુણ્ય-પાપકા વિકલ્પકા દુઃખ લગતા હૈ 'યે નહીં' તો વહ આસ્રવ-બંધકા જ્ઞાન હો ગયા ઔર અપનેમેં પ્રયત્ન કરતે સંવર-નિર્જરા તો હુઈ હૈ, પ્રયત્ન કરતે પૂર્ણ કરનેકા ભાવ હૈ, પૂર્ણ હોગા વહ મોક્ષ હૈ. નવોં તત્ત્વકા જ્ઞાન હો ગયા. આહાહા! સમજમેં આયા?

મોક્ષમાર્ગપ્રકાશકમેં લિયા હૈ. સમજમેં આયા? નામ ન આયે (તો ક્યા હુઆ), ભાવ આ ગયા ન. નામ તો અગિયાર અંગ પઢ લિયા અનંતબૈર, નવ પૂર્વ ભી પઢ લિયા, ઉસમેં હુઆ ક્યા? આહાહા! દૃષ્ટિ બદલતે, દૃષ્ટિ બદલતે શાંતિ હો જાતી હૈ. મિથ્યાત્વમેં અશાંતિ હૈ. આહાહા! વસ્તુ ઐસી હૈ. રાગકી એકતામેં મિથ્યાત્વભાવ યે અશાંતિ હૈ. રાગસે પૃથક્ હોકર ભગવાન આત્મા અપના શુદ્ધ આનંદ ઉસ તરફકી દૃષ્ટિ હુઈ તો દુઃખકી પર્યાયકા વ્યય હુઆ, આનંદકી પર્યાય ઉત્પન્ન હુઈ, અતીન્દ્રિય આનંદકા ધ્રુવપના વહ આત્મા રહા. આહાહા! સમજમેં આયા? યે નવ અર્થમેં આત્મા અર્થ હૈ. કૈસા હૈ? એક પ્રયોજનભૂત તત્ત્વ હૈ. આહાહા!

**सच्चिदानंदमय कारणसमयसारस्वरूप...** દેખો! કૈસા હૈ યહ ભગવાન? **सच्चिदानंद**— સત્ હૈ, જ્ઞાન હૈ ને આનંદ હૈ. સચ્ચિદાનંદમય પ્રભુ આત્મા **कारणसमयसार...** વહ કારણસમયસાર કહો, કારણપરમાત્મા કહો કિ ધ્રુવસ્વભાવ કહો. સમજમેં આયા? ધ્રુવકે પિંડકો કારણસમયસાર કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, કારણધ્રુવ કહો, નિત્ય કહો, સદૃશ કહો—વહ સબ ધ્રુવ આત્માકે વિશેષણ હૈં. આહાહા! **ऐसे उस आत्मामें...** દેખો! **सच्चिदानंदमय...** લ્યો, સચ્ચિદાનંદમય નામ આયા તો લોગ કહે, સચ્ચિદાનંદ તો આપણામાં ન હોય જૈનમાં. સ્વામિનારાયણમાં તો સહજાનંદ (આવે). 'સહજાનંદી શુદ્ધસ્વરૂપી' આતા હૈ ન? સ્વામિનારાયણ(વાળા) કહે, જુઓ! હમારા (સહજાનંદ) હૈ ન વહાં. અરે ભગવાન! યે સહજાનંદ નહીં. સહજાનંદ તો યે આત્મા સહજાનંદસ્વરૂપ હૈ. સમજમેં આયા?

અહીં **सच्चिदानंदमय...** સચ્ચિદાનંદ કહતે હૈં વે. લોટ માંગને આતે હૈં ન? 'સચ્ચિદાનંદમય' એમ કાંઈક કહે છે. નારાયણ હરિ એમ કહે છે. હા, એમ બોલે છે. આ પણ કાંઈક બોલતા અમારે ત્યાં અપાસરાની જોડે... આ સચ્ચિદાનંદ તો ભગવાન આત્મા છે. (સચ્ચિદાનંદ) = સત્-શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ. વહી શાશ્વત. ઐસા કારણસમયસારસ્વરૂપ... ઐસા વીતરાગી કેવળજ્ઞાનાદિ પર્યાયકા કારણસ્વરૂપ, ઉસ આત્મામેં... **उस आत्मामें जो तपोधन स्थित रहते हैं...** આહાહા! જિસકે પાસ નિર્વિકલ્પ તપોધનદશા હૈ, ધન હૈ. આહાહા! વીતરાગી પરિણતિ(રૂપ) જિસકે પાસ ધન હૈ. તપોધન કહા ન? આત્મામેં સ્થિત હોકર વીતરાગી પરિણતિ ઉત્પન્ન હુઈ ઐસા તપોધન (અર્થાત્) જિસકે પાસ આનંદકી લક્ષ્મી હૈ. આહાહા! સમજમેં આયા?

**स्थित रहते हैं...** ઐસે ભગવાન આત્મામેં જામી જાતે હૈં–જમ જાતે હૈં **वे तपोधन नित्य मरणभीरु हैं...** આહાહા! સમ્યગ્દર્શન બિના દેહ છૂટે તો કિસીકા કષાય મંદ હો ઔર ઐસે દેહ છૂટે, પણ હૈ ભાવમરણ. યહાં તો તૃષા લગી હો, ભૂખ લગી હો ઐસે.. ઐસે ઔર આત્માકા જ્ઞાન, અનુભવ તો હૈ નહીં, તો સહનશક્તિ તો હૈ નહીં. પછી તરફડે. દેહ છૂટે. દેહ તો છૂટ હી જાય ઉસમેં ક્યા હૈ?

શ્રોતા : તડપના તો પુદ્ગલકી પર્યાય હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પુદ્ગલકી પર્યાય... અંદર આકુળતા-વ્યાકુળતા હૈ ન? ઠીક કહતે હૈં. અંદર વ્યાકુળતા હૈ ન? યે વ્યાકુળતા અજ્ઞાન ને દુઃખ હૈ. આહાહા! શરીરમેં તડપન ન ભી હો (અગર) પક્ષઘાત હો ગયા હો તો. પણ અંદરમેં આત્મા આનંદસ્વરૂપકા વિકાસ તો કિયા નહીં ઔર મિથ્યાશ્રદ્ધાકા વિકાસ ને અવલંબન લિયા તો વ્યાકુળતા હૈ. આહાહા! અજ્ઞાન હી દુઃખ હૈ. સમજમેં આયા?

કલ કહા થા ન? નહીં કહા થા? રાજકોટકી જેલમેં. જેલમેં લિખા થા ઐસા દિવાલ પર. ‘અજ્ઞાન યે દુઃખ હૈ.’ સબ કેદી લોગ, સારે આયે થે કેદી લોગ. અમારી ત્યાં વાતું બહુ જાય છે ને. આબરૂ બહોત હૈ... તો કેદીકો દર્શન કરનેકી ભાવના હુઈ. હમેં પા કલાક સુનના હૈ મહારાજકા, વખત મિલે તો. અમદાવાદસે હુકમ આયા. જાઓ. દો દરવાજા રખે હોં. એક દરવાજા ખૂલે, દૂસરા દરવાજા બંધ રખે. (દૂસરા) ખુલે તો યે દરવાજા બંધ રાખે. કારણકે કોઈ ભાગે તો? ચોર-કેદી... જેલર સબ ઓફીસર... દેખો ભૈયા! ‘અજ્ઞાન યે દુઃખ હૈ.’

દૂસરી યે ચીજ કહી કિ સિંહકે બચ્ચેકો સિંહકા (ભય)દુઃખ નહીં. (ભય)દુઃખ લગે? ક્યોંકિ ઉસે ભાન હૈ કિ મારી માતા હૈ. અજ્ઞાન નહીં ન યે જાતકા. સિંહણકે બચ્ચેકો સિંહણકા ખ્યાલ હૈ કિ મેરી માતા હૈ. અજ્ઞાન નહીં. યે કૌન હૈ ઐસે ભાનરહિત નહીં. ભાન હૈ કિ મેરી માતા હૈ. સિંહણકા બચ્ચા સર પર ચડે, કાન પકડે, યહાં પકડે, ડર નહીં લગતા. ક્યોંકિ ઉસકો ભાન હૈ કિ યે મારી માતા હૈ. સિંહણ માતા હૈ. બકરીકો.... એ તો આમ દેખે ત્યાં... આહાહા! વહી બાત હૈ કિ આત્માકા જિસકો ભાન નહીં ઉસકો દુઃખ હૈ. સમજમેં આયા? આ તો અંતરની વાત છે ભગવાન! આહા! જિસકો આત્માકા હિત કરના હો તો યહ બાત હૈ. બાકી દુનિયા દુનિયાની જાણે. આહાહા! દુનિયાકા અંત કોઈ લાયા નહીં. આસ્રવ ને બંધ અનાદિ-અનંત રહેંગેં સંસારમેં તો. તું (અંતરસે) નિકાલ દે. આહાહા! સમજમેં આયા?

ઓહો! **नित्य मरणभीरु...** મરણકા ત્રાસ હૈ ઉસકો, ડર લગતા હૈ. આત્માકી શાંતિમેં આ જાતા હૈ. ઓહો! દેહ છૂટનેકે કાલમેં કૈસા શ્વાસ રહેગા? કૈસા .. રહેગા? હાથ કૈસે-પગ કૈસે..? અસાધ્ય હો જાય. અસાધ્ય હો જાતા હૈ ન? અસાધ્ય સમજતે હો? ક્યા કહતે હૈં? દુઃસાધ્ય– બેહોશ. બેહોશ હો જાય, ભાન ન મળે. આહાહા! આઠ-આઠ કલાક, ચોવીસ-ચોવીસ કલાક, બાવીસ-બાવીસ દિવસ. ભાઈ! બાવીસ દિવસ, આ બેચરભાઈને બાવીસ દિવસ. આ કાનજી પાનાચંદ કરોડપતિ છે એની મા આઠ દિ’. કંઈ ખબર ન મળે. આઠ દિવસ સુધી.... દેહકી સ્થિતિ તો ભગવાન! ઐસી હૈ હી. વહ તેરેસે હુઈ નહીં, તેરેસે બદલતી નહીં. તું બદલ જા. આહાહા! શરીરમેં મૈં નહીં, રાગમેં મૈં નહીં, મૈં એક સમયકી પર્યાયમેં પૂરા નહીં. આહાહા! ઐસે ભગવાન આત્મામેં સંતોં રમણ કરતે હૈં, કહતે હૈં. મરણકા ભય હૈ.

**इसलिये वे कर्मका विनाश करते हैं.** ઓહો! જિસમેં કર્મ ને કર્મકા કારણ નહીં ઐસી ચીજમેં અંતર રહતે હૈ, કર્મકા નાશ હોતા હૈ. કર્મકા ઉદય આકર ચલે જાતા હૈ. આહા! સમજમેં આયા? હાથ જોડકર પ્રતિક્રમણ કર દે, ઐસા કર દે, યે ક્રિયા નહીં, વહ તો શુભરાગ હૈ. સમજમેં આયા? યે આયેગા અભી. વહ કોઈ પ્રતિક્રમણ હૈ નહીં, વહ સચ્ચી ચીજ હૈ નહીં. **इसलिये अध्यात्मभाषासे पूर्वोक्त भेदकरण रहित...** આહાહા! ઉસકી બાત કરતે હૈં પહલે. શુક્લધ્યાન... ઐસે દેહ છૂટે અલૌકિક.... આહાહા! વહ ન છૂટે તો ધર્મધ્યાન. ઐસે દો લેંગેં પહલે. પહલે

શુક્લધ્યાન લેકર પીછે ધર્મધ્યાન લિયા. **भेदकरण रहित, ध्यान और ध्येयके विकल्प रहित...** આત્મા ધ્યેય હૈ ને મૈં ધ્યાન કરતા હૂં વહ ભી વિકલ્પ હૈ, વહ ભી રાગ હૈ. ઉસસે રહિત... આહાહા! **निरवशेषरूपसे अंतर्मुख जिसका आकार है...** શુક્લધ્યાન. નિરવશેષ અંતર્મુખ–પૂર્ણ અંતર્મુખ હોતા હૈ. સમ્યગ્દર્શનમેં અલ્પ અંતર્મુખ હૈ, ચારિત્રમેં વિશેષ અંતર્મુખ હૈ ઔર ધર્મધ્યાનમેં અંતર્મુખ હૈ, શુક્લધ્યાનમેં નિરવશેષ અંતર્મુખ હૈ. આહાહા! અકેલા ભગવાન ધ્યેયમેં લેકર લીન હોતા હૈ આનંદમેં.

**ऐसा और सकल इन्द्रियोंसे अगोचर...** ઇન્દ્રિયોંસે અગોચર હૈ. **निश्चय-परम शुक्लध्यान ही निश्चय-उत्तमार्थ प्रतिक्रमण है ऐसा जानना.** ઉસકો પ્રતિક્રમણ પ્રગટ હોતા હૈ. **और, निश्चय-उत्तमार्थप्रतिक्रमण...** અબ ખુલાસા કરતે હૈં વિશેષ. **स्वात्माश्रित...** દેખો! ઐસે નિશ્ચય ધર્મધ્યાન... નિશ્ચયધર્મધ્યાન સ્વાત્માશ્રિત હોતા હૈ. આહાહા! કહતે હૈં કિતનેં કિ ધર્મધ્યાન તો શુભભાવ હી હૈ, શુક્લધ્યાનમેં શુદ્ધભાવ હૈ. જૂઠ બાત હૈ. સમજમેં આયા? અરે ભગવાન! તેરે શરણ બિના ધર્મધ્યાન કૈસા? **निश्चय-उत्तमार्थप्रतिक्रमण स्वात्माश्रित...** દેખો! પરમાત્મા તીન લોકકે નાથકે આશ્રયમેં ભી નિશ્ચય ધર્મધ્યાન નહીં હોતા. આહાહા!

શ્રોતા : નિશ્ચય ધર્મધ્યાન પંચમ ગુણસ્થાનસે હોતા હૈ..?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ચોથેથી. નિશ્ચયધર્મધ્યાન ચૌથે ગુણસ્થાનસે ઉત્પન્ન હોતા હૈ. છટ્ઠે-સાતવેં તક ધર્મધ્યાન ગિનનેમેં આયા હૈ. પીછે શુક્લધ્યાન... ધવલમેં ૧૧વે ગુણસ્થાન તક ધર્મધ્યાન ગિનનેમેં આયા હૈ. યહાં તત્ત્વાર્થસૂત્રમેં સાતવે ગુણસ્થાન તક ધર્મધ્યાન, આઠવેંસે શુક્લધ્યાન. તત્ત્વાર્થસૂત્રમાં 'ધોકમાર્ગ' કહે છે એને.

યહાં કહતે હૈં, જબસે સમ્યગ્દર્શન સ્વદ્રવ્યકે આશ્રયસે હુઆ. તો સ્વદ્રવ્યઆશ્રિત જો હૈ વહ ધર્મધ્યાન હૈ. આહાહા!

શ્રોતા : દરેક સમયે હોતું હશે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : દરેક સમય. વહ તો અંદર આત્માકી દૃષ્ટિ પરિણમ ગઈ હૈ. દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી વહ તો પરિણમ ગઈ. સમયે-સમયે ધર્મધ્યાન હૈ.

શ્રોતા : નિશ્ચય ધર્મધ્યાન કે વ્યવહાર ધર્મધ્યાન?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિશ્ચય. વ્યવહારકી કહાં બાત હૈ? વહ આયેગા આગે. ક્યાંક આવે છેને? 'ધ્યાન વિહીણો'. 'ધ્યાન વિના' આવશે આગળ. ધ્યાન વિનાના મુનિ નથી. ધ્યાન વિનાના મુનિ (નહીં) તો (શુદ્ધ) ઉપયોગવાલા હો તો હી મુનિ કહતે હૈં—ઐસા નહીં. ક્યાંક છે. **झाणविहीणो समणो..** એ તો ધ્યાનમાં લીન છે. પણ ધ્યાનવિહીણો એમ આવે છે ક્યાંક. લીન નહીં. લીન તો છે, પણ 'ધ્યાન વિહીણો સાહુ..' એમ આવે છે. ધ્યાન વિના એટલે (શુદ્ધ) ઉપયોગ

હોય તો જ સાધુ? આગળ આવે છે એક ઠેકાણે. ક્યાંક આવે છે. જરા ખુલાસો કર્યો હતો એક ફેર. પહલે કહા થા એકબાર હોં.

ક્યાંક છે. પચખાણમાં કે આલોચનામાં હોય. ક્યાંક હશે ખરૂં. ધ્યાનરહિત હૈ, વહ આયેગા. ધ્યાનરહિત યે સાધુ નહીં, ઐસા આતા હૈ. આવે છે, ખ્યાલ છે. પહેલા કહેલું છે. એ પહેલા એકવાર વાત થઈ છે. નહીંતર તો ઉપયોગમેં હો તો જ ધર્મધ્યાન? અહીં તો લબ્ધરૂપ છે તો પણ ધર્મધ્યાન. ઉપયોગ ભલે પરમાં હોય. ઐસા આતા હૈ. અબ કહાં દેખે? ૧૭૬ પાનું. ૧૭૬ પાનું **'આત્મધ્યાન સિવાયનું બીજું બધું એ ઘોર સંસારનું કારણ છે.'** યે પાઠ હૈ દેખો! **आत्मध्यानके अतिरिक्त अन्य सब घोर संसारका मूल है.** હા, વહ આતા હૈ. (કળશ) ૧૨૩. પણ ઇસકે સિવા મૂલ પાઠ ભી હૈ. આગે આયેગા. આ તો ટીકા. વહ મૂલ પાઠમેં હૈ. કુંદકુંદાચાર્યકે શબ્દ હૈં. કાંઈ બધું યાદ રહે છે? ખ્યાલમાં આવે. ક્યા કહતે હૈં? દેખો! **निश्चय-उत्तमार्थप्रतिक्रमण स्वात्माश्रित...** ચૌથે ગુણસ્થાનસે ધર્મધ્યાન શુરૂ હોતા હૈ. સંવર-નિર્જરા સ્વકે આશ્રય બિના કભી હોતી નહીં. પરકે આશ્રયસે જિતના વિકલ્પ ઉઠતા હૈ વહ પુણ્યબંધકા કારણ હૈ, આસ્રવ હૈ. વહ આયેગા અભી, દેખો!

**ऐसे निश्चयधर्मध्यान तथा निश्चयशुक्लध्यानमय होनेसे अमृतकुम्भस्वरूप है...** અપના સ્વદ્રવ્યાશ્રિત નિશ્ચય ધર્મધ્યાન ને સ્વદ્રવ્યાશ્રિત નિશ્ચય શુક્લધ્યાન—દોનોં સ્વદ્રવ્યાશ્રિત હૈ. અંખડાનંદ પરમાત્મા ઉસકે આશ્રયસે ઉત્પન્ન હુઆ ધર્મધ્યાન, ઉસકે આશ્રયસે ઉત્પન્ન હુઆ શુક્લધ્યાન અમૃતકુંભસ્વરૂપ હૈ. યે નિશ્ચયપ્રતિક્રમણ નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાન અમૃતસ્વરૂપ હૈ, આનંદસ્વરૂપ હૈ. આહાહા! **व्यवहार-उत्तमार्थप्रतिक्रमण व्यवहारधर्मध्यानमय होनेसे विषकुम्भस्वरूप है.** આહાહા! કહો, મૂલચંદભાઈ! આહાહા! દેખો! વ્યવહારધર્મધ્યાન... ધર્મધ્યાનકે દો પ્રકાર—નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચય સ્વાશ્રિત હૈ, વ્યવહાર પરાશ્રિત (હોનેસે) વિકલ્પ ઉઠતે હૈં. આહાહા! **व्यवहारधर्मध्यानमय होनेसे...** વ્યવહારધર્મધ્યાનમય હોનેસે... વ્યવહાર ઉત્તમાર્થપ્રતિક્રમણ હોનેસે, આહાહા! વિષકુંભ હૈ, જહરકા ઘડા હૈ. ૨૦વીં ગાથામેં લિયા, ૨૧ ગાથા આયી. સમયસારકી ગાથા લેતે હૈં દેખો!

**इसी प्रकार (श्रीमद्भगवत्कुन्दकुन्दाचार्यदेवप्रणीत) श्री समयसारमें (३०६वीं गाथा द्वारा) कहा है कि :—** યે કુંદકુંદાચાર્યકા આધાર દેતે હૈં. મોક્ષ અધિકાર. સમયસાર.

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य ।**
**णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो ।।३०६**

**गाथार्थ : प्रतिक्रमण, प्रतिसरण, परिहार, धारणा, निवृति, निंदा, गर्हा शुद्धि—इन आठ प्रकारका विषकुम्भ है.** જહરકા ઘડા હૈ. પાપ તો જહરકા ઘડા હૈ હી. ઉસકી તો બાત (હૈ હી નહીં). ઉસકો છોડકર શુભભાવ હૈ વહ ભી વિષકા કુંભ-ઘડા હૈ. ઉસકો છોડકર ફિર જાના, એમ

કહતે હૈં. ઉસકો છોડકર પાપ કરના ઐસા નહીં. ક્યાં? ૧૫૧. પહેલું આવી ગયું છે, નહીં? આહાહા! હવે આવશે. કેટલું? ૩૦૪. છેને. કીધું, આવી ગયું છે. આપણે વ્યાખ્યાન કરી ગયા છીએ. ૩૦૪ આ ગયા. વહ આયા દેખો! બસ એ ૧૫૧ ગાથા.

**झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि...** ધ્યાન વિનાના સાધુને બહિરાત્મા કહ્યો છે. તો વિકલ્પમેં હૈ તો ભી ધ્યાન તો હૈ, એમ કહના હૈ. આ ૧૫૧. પરમ-આવશ્યક અધિકાર. દો શબ્દ લિયે દેખો! **धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा...** ધર્મ ને શુક્લધ્યાનમેં અંતરમેં પરિણત હુઆ હૈ. અને **झाणविहिणो...** ધર્મ અને શુક્લધ્યાન દોનોં નહીં યે **समणो बहिरप्पा...** બહિરાત્મા હૈ. ક્યા? વિકલ્પમેં હૈ તો ધર્મધ્યાન નહીં? ધર્મધ્યાન હૈ અંદરમેં નિર્વિકલ્પ કાયમ–નિરંતર. આહાહા! સમજમેં આયા? ધ્યાન બિનાકે સાધુકો બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ કહા હૈ. વહ ધ્યાનકા અર્થ ક્યા? ઉપયોગમેં જમ જાય યે ધ્યાન, એમ નહીં. શુદ્ધ દ્રવ્યકે આશ્રયસે પરિણતિ શુદ્ધ ઉત્પન્ન હુઈ વહી ધર્મધ્યાન. વહ ઉપયોગ તો પર (ઉપર) હૈ, (ફિર ભી) ધ્યાન તો ધ્યાન હી હૈ.

શ્રોતા : ચોથાથી વ્યવહારધર્મધ્યાન?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, નહીં, નિશ્ચયધર્મધ્યાન હૈ ચૌથેસે. યે તો દૂસરા ... વહ પૂછતે હૈં. નહીં, કહતે હૈ ભાઈ! કહતે હૈં, ઐસા હી કહતે હૈં. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહારધર્મધ્યાન, સાતમે નિશ્ચયધર્મધ્યાન અથવા આઠમે. શુક્લધ્યાનમેં શુદ્ધોપયોગ. નીચે શુદ્ધોપયોગ નહીં. અરે ભગવાન! તેરા આશ્રય ન લિયા હો ઔર ધ્યાન હો, ધર્મ હો (ઐસા હો સકતા નહીં). આહાહા! લ્યો, યે ગાથામેં બહોત લિયા હૈ. ધ્યાનવિહીન તો બહિરાત્મા હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. ઉસકા અર્થ કિ ધર્મધ્યાન ચૌથે ગુણસ્થાનમેં હૈ. આયા કિ નહીં ભાઈ? યે બહિરાત્મા કહા ન. ધ્યાન વિનાનો પ્રાણી બહિરાત્મા. ભૈયા! આહાહા! અંતરાત્મા દો પ્રકારકે હૈં. એક ધર્મધ્યાનમય, એક શુક્લધ્યાનમય. ધર્મધ્યાનમય ચૌથેથે શુરૂ હોતા હૈ, નહીં તો બહિરાત્મા હો જાતા હૈ.

શ્રોતા : ...

પૂજ્ય ગુરુદેવશ્રી : યે અનુભૂતિ હૈ યે હી ધ્યાન હૈ અંતરમેં કાયમ.

શ્રોતા : ધર્મધ્યાનનો અર્થ શું?

પૂજ્ય ગુરુદેવશ્રી : કહા ન, એકાગ્રતા દ્રવ્યમેં. ક્રિયા કઈ હોય? યે ક્યા કહતે હૈં? સ્વ-આશ્રિત

શ્રોતા : ભેદરહિત પહલે બતાયા ન?

પૂજ્ય ગુરુદેવશ્રી : યે શુક્લધ્યાન. સ્વ-આત્માશ્રિત નિર્વિલ્પપરિણતિ વહ ધર્મધ્યાન. આ બીજી જાત છે મૂલચંદભાઈ! અત્યાર સુધી બધું કાઢ્યું છે સમજ્યા વિનાનું. આહાહા!

શ્રોતા : ધ્યાન તો.......

પૂજ્ય ગુરુદેવશ્રી : યે ધ્યાન, આગે કાયમ ધ્યાન હૈ એમ બતાના હૈ. એ માટે તો આ ગાથા લીધી. યે ધ્યાન તો અંદર ધ્યાતા, ધ્યેય (ભેદ) છૂટકર ઉપયોગ લગ જાય વહ. યે તો **झाणविहिणो...** ધ્યાન–ધર્મધ્યાન કે શુક્લધ્યાન ન હો તો મિથ્યાદૃષ્ટિ ઐસા કહા. તબ ચૌથે ગુણસ્થાનમેં મિથ્યાદૃષ્ટિ હૈ? ધ્યાન નહીં હૈ? ધ્યાન હૈ તો ક્યા હૈ? ધર્મધ્યાન હૈ. આહાહા! અપના નિજસ્વભાવ પૂર્ણ શુદ્ધકા આશ્રય લિયા વહી ધર્મધ્યાન. ઉત્કૃષ્ટ ઉગ્ર આશ્રય લે વહ શુક્લધ્યાન. પણ વહ સ્વદ્રવ્ય આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. આહાહા! આવી જાત! ધ્યાનકી વ્યાખ્યા ઐસે નહીં કિ અંદર જમ જાય તો હી ધ્યાન. વહ તો ઉત્કૃષ્ટ વિશેષ ધ્યાન હૈ. કાયમ, અપના સ્વભાવ શુદ્ધ આનંદ આદિ ઉસમેં એકાગ્રતા જો હૈ વહ કાયમ હૈ, ઉસકો યહાં ધર્મધ્યાન કહા હૈ. વહ તો ધર્મધ્યાન ન હો તો તો વિકલ્પકા ને રાગકા ધ્યાન હૈ તો બહિરાત્મા હૈ. સમજમેં આયા? વ્યાખ્યા ... કી થી.

**झाणविहिणो बहिरप्पा...** આહાહા! કુંદકુંદાચાર્યની શૈલી પરમાત્માકે પેટ ખોલનેકી હૈ. ભાઈ! તેરી ચીજકા તુજે ધ્યાન ન હો તો તું બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ હૈ ઐસે કહા. આહાહા! કાયમ, જિતની એકાગ્રતા હુઈ હૈ તો ધર્મધ્યાન કાયમ હૈ. યે ધર્મધ્યાન ન હો તો રાગકી એકતાબુદ્ધિમેં મિથ્યાત્વ હો જાતા હૈ. આહાહા! ભારે ભાઈ! વીતરાગમાર્ગ એ ચીજ ક્યાંય બીજે છે નહીં. તીન કાલમેં કહીં નહીં. ઐસા સંતોં દિગંબર મુનિયોંને કેવલીકા પેટ ખોલકર આત્મા ખોલ દિયા હૈ. કાયમ મુનિ... ચૌથે ગુણસ્થાને કાયમ ધર્મધ્યાન હૈ, યે કહા ન અભી. યે તો યહાં મુનિકી બાત હૈ. પણ પહલે ૧૫૧ ગાથામેં કહા ન. ધર્મધ્યાન બિનાકા ધ્યાનવિહીન પ્રાણી મિથ્યાદૃષ્ટિ હૈ. વહ ૧૫૧મેં કહા ન. ઉસકા અર્થ ક્યા હુઆ? ચૌથે ધર્મધ્યાન ન હો તો મિથ્યાદૃષ્ટિ હો જાય. યે તો મુનિકી વિશેષ બાત હૈ. પણ યહાં તો સર્વ ધ્યાન બિના–કોઈ ભી ધ્યાન ન હો ધર્મ કે શુક્લ... આર્ત-રૌદ્રધ્યાન તો (ધ્યાન) હી નહીં, ફિર પ્રશ્ન કહાં હૈ? વહ અનુભવ થોડા હૈ, પણ ધ્યાનકી એકાગ્રતા તો કાયમ હૈ. જિતની એકાગ્રતા હુઈ, (ઉતની) પરિણતિ કાયમ હૈ ઉસકો યહાં ધર્મધ્યાન કહનેમેં આતા હૈ. વહ લબ્ધ ઉપયોગમેં, યે તો ધ્યાનમેં એકાગ્ર હી હૈ. વહ તો લબ્ધ ઉપયોગમેં હૈ.

શ્રોતા : ધ્યાન ઉપયોગકો માન લિયા ઇસલિયે ગરબડ હો ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, ગરબડ હો ગઈ. ઉપયોગ પરમેં હો ભલે, ઉસમેં ક્યા હૈ? રાગમેં, શુભાશુભરાગરૂપ ઉપયોગ હો, પણ અંતર જિતની કષાય રહિત એકાગ્રતા હુઈ હૈ વહ તો કાયમ હૈ. ચૌથે ગુણસ્થાનમેં મિથ્યાત્વ ને અનંતાનુબંધી રહિત એકાગ્રતા હુઈ વહાં ઉસકો આર્તધ્યાન કહના? ઉસે રૌદ્રધ્યાન કહના? યે પરાશ્રિત હૈ. હૈ ન. ધર્મધ્યાનકે પ્રકાર હૈં. ચાર પ્રકારમેં તીન લે લિયા. હા, હૈ. એ ગમે તે હો, પણ ધર્મધ્યાન હૈ. એ પરમ અધ્યાત્મ ....મેં આયા હૈ. સમજમેં

આયા? પણ યે ધર્મધ્યાન શુભ નહી, સ્વદ્રવ્યાશ્રિત. યહાં તો વહ સિદ્ધ કરના હૈ. આહાહા! વહ તો કહતે હૈં દેખો! ભગવાન કહતે હૈં કિ સ્વ-આત્માશ્રિત ધર્મધ્યાન હોતા હૈ. ઉસકા નામ સચ્ચા પ્રતિક્રમણ અને સચ્ચા ધ્યાન કહતે હૈં.

હવે નીચે ઉસકા અર્થ કરતે હૈં. **प्रतिक्रमण**.. હૈ ન? **किये हुए दोषोंका निराकरण करना.** યે વ્યવહાર પ્રતિક્રમણ, શુભ વિકલ્પ, જો જહર સમાન હૈ વિષકુંભ. **किये हुए दोषोंका निराकरण करना.** યે શુભરાગ હૈ. યે સ્વદ્રવ્યાશ્રિત નહીં, યે પરલક્ષી ભાવ હુઆ. આહાહા!

શ્રોતા : ...... ખટકતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : ખટકતા હૈ, પણ પાઠ શાસ્ત્રમેં હૈ. દેખો! ઉસમેં લિખા હૈ ન. યે આઠ પ્રકારકા વિષકુંભ હૈ. અકેલા જહર નહીં, જહરકા કુંભ–ઘડા. કુંભ તો પાનીકા હો, પાનીસે ભરા કુંભ. યે તો જહરસે ભરા કુંભ. યે તો સંતો, વીતરાગકી વાણી હૈ ભૈયા! ઉસમેં રાગકો તો જહર હી કહતે હૈં, ચાહે તો શુભ હો કે અશુભ. 'રાગ આગ દાહ દહે...' નહીં આતા હૈ? 'રાગ આગ દાહ..' શુભ કિ અશુભ હો, રાગ દાહ હૈ. આહાહા! વહાં ઐસે નહીં કહા કિ અશુભરાગ યે આગ દાહ હૈ. સબ રાગ આગ દાહ હૈ. સમજમેં આયા?

પ્રશ્ન કિયા હૈ ન? નિહાલચંદભાઈ સોગાનીને લિખા હૈ ન? શુભભાવ તો ભટ્ઠી હૈ. ઉન્હોંને ખોલ દિયા હૈ–ખુલ્લી બાત કી હૈ. યહાં કહા કિ શુભભાવ જહર હૈ. તો ઉસમેં ક્યા હુઆ? ભટ્ઠી અગ્નિ હૈ, કષાય અગ્નિ હૈ. જલતા હી હૈ. કષાયમેં અગ્નિ હૈ તો જલતા હૈ–બળે છે, શાંતિ તો છે નહીં.

શ્રોતા : પહલે તો શુભભાવ હોતા હો વહ ભટ્ઠીમેં જલ જાયેગા ફિર માલ કહાંસે આયેગા?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઉસમેંસે કહાંસે આતા હૈ? ઉસકો છોડકર સ્વદ્રવ્યકા આશ્રય લે તો ઉસમેંસે આતા હૈ. રાગમેંસે કહાંસે આતા હૈ? તબ પ્રશ્ન ઉઠતા હૈ ન? જુઓ! સોગાની કહતે હૈં કિ શુભભાવ અગ્નિ ભટ્ઠી હૈ. ભગવાનકી ભક્તિ ઉપર હમારા લક્ષ હૈ તો વહાં કહાં અગ્નિ આ ગઈ? વહ રાગ હૈ. આહાહા! રાગ હૈ, ભગવાન ઉપર લક્ષ કરના વહી રાગ હૈ, યે કષાય હૈ. સમજમેં આયા?

બહોત પ્રશ્ન આયે હૈં ન. ઉસ બાજુસે પ્રશ્ન આયે થે બહોત. શેઠિયાકા પ્રશ્ન આયા થા. ભાઈ ક્યા? શોભાલાલ... શોભાચંદજી. વહ કરોડ રૂપિયા ... શેઠીયા, નહીં? દીપચંદજીના મામા આ રતનગઢવાળા. જોયા છે તમે? ઉસકા એક પ્રશ્ન આયા થા. યે શુભભાવકો ક્યોં ભટ્ઠી કહા? ભાઈ! મંદ રાગ હૈ. રાગ હૈ ન? રાગકા અર્થ માયા ને લોભ. દ્વેષકા અર્થ ક્રોધ ને માન. સબ ... દાહ કહા. પણ શાંતિકી ખબર નહીં ન. 'સમામૃત પીજીયે.' તો યે (રાગ) સમામૃત હૈ? માંડ આવ્યા ઘણા વખતે. અંબલા આવ્યા હતા અંબલા. ધ્રુજે છે. નબળાઈ... ભાઈ! અહીં બેસી જાઓ.

હાર્ટની વ્યાધિ છે. હાર્ટની વ્યાધિ બહુ વધી ગઈ છે. આ હાર્ટની વ્યાધિ છે. રાગકો અપના માનના વહ મિથ્યાત્વ હાર્ટકી વ્યાધિ હૈ. આહાહા! ઉસમેં હાર્ટ ફેલ હો જાતા હૈ. રાગકો અપના માનનેમેં આત્માકા પ્રાણ ચલા જાતા હૈ, નાશ હોતા હૈ. આહાહા!

**प्रतिसरण = सम्यकत्वादि गुणोंमें प्रेरणा**. વહ વિકલ્પ શુભરાગ. સમકિત ઐસા હૈ, મિથ્યાત્વ ઐસા હૈ—ઐસે વિકલ્પ ઉઠતે હૈં ન. યે શુભરાગ જહરકા ઘડા હૈ. આહાહા! ભારે વાત! સમાજને તો વાત બેસવી કઠણ. યહ રાગ વહ જહર હૈ, જહરકી ધારા હૈ. આત્મા અમૃતકા કુંભ હૈ. ઔર શુદ્ધપરિણતિ અમૃતકા કુંભ હૈ, શુભ પરિણતિ જહરકા કુંભ હૈ. અમૃતસે વિરુદ્ધ હૈ. પન્નાલાલજી! ઠંડા હો ગયા.

શ્રોતા : દુઃખકે કુંભકો અમૃતકા કુંભ માન રખા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : માન રખા હૈ. યહાં તો અભી અશુભભાવમેં ભી મીઠાશ આ જાતી હૈ. આહાહા! પાપભાવ—હિંસા, જૂઠું, વિષય, ભોગ, કમાના પાપભાવ ઉસમેં મીઠાશ, યે તો બડા ઝેર હૈ. ઉસકો છોડનેકો, શુભભાવકો છોડકર અંતરમેં જાના ઇસલિયે બાત કરતે હૈં. શુભ છોડકર અશુભમેં આના, સ્વચ્છંદી હોના ઐસી બાત હૈ નહીં. સમજમેં આયા? વહ ઉસમેં હૈ. અરે પ્રાણી! ઊંચે ઊંચે ક્યોં નહીં ચડતા હૈ? આતા હૈ. હા, એ. આતા હૈ. અભી આયેગા. અભી કળશમેં આયેગા. ઊંચે ઊંચે ક્યોં નહીં ચડતે? નીચે-નીચે ક્યોં ઉતરતે હો? હમ તો, શુભભાવકો જહર બતાકર શુદ્ધોપયોગમેં આના, વહ બતાતે હૈં. શુભ છોડકર અશુભ કરના ઐસા કહાં તુજે કહા? નીચે નીચે ક્યોં ઉતર જાતે હો? હા, હૈ ન. આયેગા પીછે. નીચે નીચે ક્યોં...? આયેગા. પ્રતિસરણ.

**परिहार = मिथ्यात्वरागादि दोषोंका निवारण**. યે ભી શુભભાવ હૈ. શુભભાવ હૈ હોં જહર. **धारणा = पंचनमस्कारादि मंत्र...** યે પંચ નમસ્કારાદિ મંત્ર યે શુભભાવ, જહરકા ઘડા. રાડું નાખે.

શ્રોતા : વહ તો અનાદિ મંત્ર હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : અનાદિ મંત્રની કોણ ના પાડી? અનાદિ મંત્ર પર હૈ કિ અપના હૈ? અપના મંત્ર(રૂપી) પ્રભુ તો યહાં બિરાજતા હૈ. યે પંચપરમેષ્ઠી પરદ્રવ્ય હૈં. પરદ્રવ્યકા સ્મરણ શુભરાગ હૈ. મૂલચંદભાઈ! આકરૂં લાગે કે ન લાગે. તમે તો બધું કરીને આવ્યા છો બધું. આહાહા! **पंचनमस्कारादि मंत्र...** દેખો! યે પંચનમસ્કાર તો અનાદિ મંત્ર યથાર્થમેં હૈ. ઔર દૂસરે ભી મંત્ર હૈં ન? ઓમ જાપ, ઓમ હ્રીં હ્રી આદિ. યે જ્ઞાનાર્ણવમેં આતા હૈ. સબ મંત્ર જપના વહ વિકલ્પ હૈ. અપના સ્વદ્રવ્ય આત્માકા આશ્રય છોડકર પરદ્રવ્યકા જાપ કરના, સબ શુભભાવ જહરકા ઘડા હૈ. આતા હૈ તો બતાતે હૈં. નહીં આતા હૈ? હોતા તો હૈ, પણ હૈ દુઃખરૂપ ને જહર.

ઉસમેં તેરી દૃષ્ટિ રુચિ ન હોની ચાહિયે, એમ કહતે હૈં. રુચિ ભગવાન આત્મા પ્રતિ હોની ચાહિયે. આહાહા!

શ્રોતા : વહ તો ચાહે જબ કર લેંગે, પહલે અભીકી બાત બતાઓ.

પૂજ્ય ગુરુદેવશ્રી : યે અભીકી બાત કરતે હૈં. ક્યા હૈ? કરના તો યે હૈ. શુભભાવકી રુચિ છોડકર નિશ્ચયકી રુચિ કરના વહી કરનેલાયક હૈ. **णियमेण य जं कज्जं...** વહ પહલે આ ગયા હૈ તીસરી ગાથામાં. નિયમસે કરનેલાયક હો... દેખો! અર્થ. નિયમસાર હૈ ન. તીસરી ગાથા હૈ. વહ તો આ ગયા. યહાં તો બહોત વર્ષસે ચલતા હૈ. ત્રીજી ગાથા **णियमेण य जं कज्जं...** પાનું સાત. **णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं...** નિયમસે કરનેલાયક હો તો ભગવાન આત્માકા સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, બસ. તીસરી ગાથામેં લિયા. સમજમેં આયા?

**धारणा = प्रतिमा आदि बाह्य द्रव्योंके आलम्बन द्वारा चित्तको स्थिर करना.** ભગવાનકા લક્ષ રખકે પ્રતિમા, જાત્રા આદિમેં સ્થિર કરના વહ શુભભાવ હૈં. જાત્રાકા ભાવ શુભભાવ હૈ. એ મલુકચંદજી! હૈ કિ નહીં વકીલજી? ઉસમેં હૈ તો ક્યા હૈ? ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં. ઉનકા તો તીસરે નંબરપર નામ હૈ. 'મંગલં કુંદકુંદાર્યો.' ભગવાન કહે કે કુંદકુંદાચાર્ય કહે—દોનોં એક હી બાત હૈ. સમજમેં આયા? વહ સબ શુભભાવ હૈ. બીજા ચાર બોલ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૨, મંગળવાર, તા. ૩-૮-૧૯૭૧**
**ગાથા - ૯૨, શ્લોક ૧૨૩, પ્રવચન નં. ૮૪**

નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર હૈ, પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. પરમાર્થ નામ સચ્ચા પ્રતિક્રમણ કિસકો કહતે હૈં. વહ બાત આ ગઈ હૈ પહલે. અપના આત્મા શુદ્ધ આનંદ ને જ્ઞાનમૂર્તિ હૈ. ઉસકે આશ્રયસે જો એકાગ્રતા હોતી હૈ ઉસકા નામ સ્વદ્રવ્યાશ્રિત ધર્મધ્યાન, નિશ્ચય પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ. ઉસ નિશ્ચય પ્રતિક્રમણકે કાલમેં જબ સ્વરૂપ શુદ્ધોપયોગ ન હો, શુદ્ધ પરિણતિ હો, પણ ઉસમેં જો વ્યવહાર વિકલ્પ ઉઠતે હૈં વહ વ્યવહાર પ્રતિક્રમણ હૈ, યે વિષકુંભ હૈ. આહાહા! નિશ્ચય સહિત હો તો ભી ગૃહસ્થકો જિતના શુભભાવ હૈ ઇતના હી જહર હૈ. **सदव्वादो हु सुग्गई... परदव्वादो दुग्गई...** ઐસા સિદ્ધાંત હૈ. મોક્ષપ્રાભૃત (ગાથા ૧૬), અષ્ટપાહુડમેં. **सदव्वादो सुग्गई...** અપના આત્મા જ્ઞાનાનંદ સહજાનંદસ્વરૂપ નિત્યાનંદ **सदव्वादो...** ઉસમેં એકાગ્રતા વહ સુગતિ નામ મુક્તિકા કારણ હૈ. જિતના **परदव्वादो...** પરદ્રવ્ય ઉપર રાગ જાતા હૈ યે દુર્ગતિ હૈ, ભલે સ્વર્ગ મળે પણ યે દુર્ગતિ હૈ. સમજમેં આયા? વહ આયા ન પહલે? **स्वात्माश्रित ऐसे निश्चयधर्मध्यान तथा निश्चयशुक्लध्यानमय होनेसे अमृतकुम्भस्वरूप है...** આહાહા! સૂક્ષ્મ બાત હૈ. **व्यवहार-उत्तमार्थप्रतिक्रमण व्यवहारधर्मध्यानमय होनेसे विषकुम्भस्वरूप है.** ...હોનેસે વિષકુંભસ્વરૂપ હૈ. વહી અપને ચલતે હૈં આઠ બોલ. સમયસારકી ગાથા ૩૦૬. નીચે હૈ ન? પ્રતિક્રમણ. ચાર બોલ આ ગયે હૈં કલ.

**प्रतिक्रमण = किये हुए दोषोंका निराकरण करना.** યે શુભરાગ હૈ, શુભવિકલ્પ હૈ. યે જહરકા ઘડા હૈ. ભગવાન આત્મા અમૃતકા કુંભ હૈ. આહાહા! પરમાત્મા નિજસ્વરૂપ શુદ્ધ આનંદ ઉસકે આશ્રયમેં એકાગ્રતા જિતની હોતી હૈ, ઇતના સચ્ચા પ્રતિક્મણ ને સચ્ચા ધર્મ કહનેમેં આતા હૈ. રાગ આતા હૈ પ્રતિક્રમણકા વ્યવહાર, હો, પણ હૈ શુભરાગ જહર. આમ તો કહતે હૈં ન. આજ મણિભાઈ કહતે થે ન, સોનાકી બેડી... યે તો સુના થા. પાપ અને પુણ્ય.. પાપ લોહેકી બેડી, પુણ્ય સોનેકી બેડી ઐસે તો કહતે થે, પણ સ્પષ્ટ નહીં કરતે થે કિ યે પુણ્ય શુભભાવ યે દુઃખરૂપ હૈ. સોનાની બેડી... ચાલેને... સુવર્ણકી બેડી, પણ દોનોં હી કેદમેં બંધનકા કારણ હૈ.

શ્રોતા : સુવર્ણની બેડીનો કટકો કાપીએ તો ઘણા રૂપિયા આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય નહીં આવે. કેદમાં જઈશ ને મરી જશે. સુવર્ણની બેડીની વાત છે અહીં તો. સુવર્ણસે ભી બંધતે હૈં ને લોહેસે ભી બંધતે હૈ, યહ બાત યહાં પર હૈ. કટકો ક્યાં એના બાપનો હતો? સરકારે સોનાની બેડી નાખી હોય. યહાં તો કહતે હૈં કિ નિશ્ચય આત્માકા

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત, સ્વરૂપકી અંશમેં સ્થિરતા સહિત જો શુભભાવ આતા હૈ પ્રતિક્રમણકા, યે શુભભાવ વિષકા ઘડા હૈ.

**प्रतिसरण = सम्यक्त्वादि गुणोंमें प्रेरणा.** ઓહો! મૈં શુદ્ધ હૂં, આનંદ હૂં ઐસા સ્વદ્રવ્યાશ્રિતકી દૃષ્ટિમેં વિકલ્પ ઉત્પન્ન હોના. ઐસા મૈં હૂં, ઐસા હૂં, નિશ્ચય સમ્યગ્દર્શનકા વિષય દ્રવ્ય હૈ ઐસા વિકલ્પ ઉઠના વહ શુભભાવ ભી જહરકા ઘડા હૈ. આહાહા!

શ્રોતા : સમ્યગ્દૃષ્ટિકો ઐસા વિકલ્પ.......

પૂજ્ય ગુરુદેવશ્રી : સમ્યગ્દૃષ્ટિકી બાત હૈ યહાં. વહ ભી ઝેર હૈ. મિથ્યાદૃષ્ટિકો તો હૈ હી ક્યા? બસ, અંતર ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અમૃતકા સાગર.. અમૃતકા સાગર પ્રભુ ઉસકા અંતર આશ્રય કરકે નિર્વિકલ્પતા જિતની ઉત્પન્ન હો, ઇતના સચ્ચા ધર્મ હૈ. ઉસકે સાથમેં જિતના વિકલ્પ ઉઠતા હૈ યે વ્યવહારધર્મ, વ્યવહારનય આશ્રિત જહરકુંભ હૈ. પણ દો નય હૈ તો દોનોંકા ફલ ભી જુદા હોતા હૈ કિ નહીં? નિશ્ચયકે આશ્રયસે ઉત્પન્ન હો તો અમૃત હૈ, વ્યવહારકે આશ્રયસે, પરકે આશ્રયસે ઉત્પન્ન હો વહ જહર હૈ. સીધી બાત હૈ.

શ્રોતા : જિસે સ્વભાવકા આનંદ આયા નહીં ઉસે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ખલાસ હુઆ. કહતે હૈં કિ કુછ હૈ નહીં. દુઃખ હૈ અકેલા. વહ કહેંગે.

**परिहार = मिथ्यात्वरागादि दोषोंका निवारण.** કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ઉસકી માન્યતા છોડના, વહ મૈં છોડતા હૂં ઐસા વિકલ્પ-શુભરાગ વહ ભી વ્યવહાર હૈ. આહાહા! કહો, મિથ્યારાગાદિ પરિહાર.

**धारणा = पंचनमस्कारादि मंत्र**કી ધારણા, જપના અંદર. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરીયાણં..' ઐસા વિકલ્પ શુભરાગ. આહાહા! જિસકો અપને આત્માકા નિશ્ચય આશ્રય હુઆ હૈ... સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ, ચૈતન્ય ભગવાન પૂર્ણ સ્વરૂપકે અવલંબનસે, આશ્રયસે, આધારસે જો અંતર્મુખ દૃષ્ટિ હોકર સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ હૈ ઉસકો ભી ઐસા શુભભાવ જો હૈ... આહાહા! તો પીછે કરના ક્યા? દેરાસર-બેરાસર શું કરવા કરવું? પ્રતિમા શું કરવા સ્થાપવી?

શ્રોતા : બાબુભાઈ તો કરાતે હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી : જુઓ! યે બાબુભાઈ બડા સમવસરણ કરાતે હૈં. તીન લાખકા સમવસરણ કરતે હૈં. યહાં હમારે રામજીભાઈ કરાતે નહીં? રામજીભાઈ કરાતે હૈં ન. રામજીભાઈ પ્રમુખ..... યે બાર લાખકા મકાન હોતા હૈ દેખો! પરમાગમ (મંદિર). કૌન કરાતા હૈ? ઐસા હો.

શ્રોતા : આપે કીધું કે કરાવે છે ને વળી નથી.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ શું કરે? બોલવાની ભાષા જ એવી છે. ભાષા જડ હૈ ઉસસે કામ લેના. કામ કોણ લે? આહાહા!

કહતે હૈં, **पंचनमस्कारादि मंत्र**... જિતને મંત્ર હૈં સબ શુભભાવ હૈ, લ્યો. આહાહા! ભક્તામર સ્તોત્ર આતા હૈ કિ નહીં? સવારમાં ભક્તામર ગણે, ઉસકો ઐસે ઐસે લખે. આપણને કપડા મળે, આહાર મિલે, શરીર ઠીક રહે, ભક્તામર ગણો. વહ તો પાપભાવ હૈ. સમજમેં આયા? પણ યહાં તો નિશ્ચયસ્વભાવકે આશ્રયપૂર્વક મંત્ર જપતે હૈં 'ભક્તામર પ્રણિત મૌલિ પ્રભાણાં...' તો કહતે હૈં કિ શુભરાગ હૈ. ઉસમેં ઇચ્છા નહીં કોઈ કિ ઉસકા મુજે ફલ મિલે કિ મુજે અનુકૂલતા મિલે. તો ભી શુભરાગ આયા વહ જહર હૈ, જહરકા ઘડા હૈ. આહાહા!

શ્રોતા : મહારાજ! હમેં ભક્તામરકા પાઠ કરના કિ નહીં કરના?

પૂજ્ય ગુરુદેવશ્રી : વહ વિકલ્પ આતા હૈ ઇતના. કરના, પાઠ-પાઠ કરનેકી બાત નહીં. પાઠ તો જડ હૈ.

શ્રોતા : ક્યા રાગ કરનેકા કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ ભક્તામર સવારના કરતા હશે એટલે. અબ ક્યા કરના હમારે? આહાહા! હો, પણ ઉસકો દુઃખરૂપ અને જહર જાનના, હેય જાનના. ઉપાદેય તો એક અપના નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ હૈ. 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આણો..' આતા હૈ કિ નહીં છહ ઢાલામેં? 'તોરિ સકલ જગત દ્વંદ ફંદ આતમ ઉર ધ્યાવો.' છહ ઢાલામેં ઐસા આયા હૈ. ઇસકો તો બહોતોને પઢા હૈ. 'જગત દ્વંદ્વ-ફંદ...' દ્વંદ–દો. યે શુભ ને અશુભ—દોનોં જગત દ્વંદ ફંદ હૈ. આહાહા! વહ તો સચ્ચી બાત રખી અનાદિકી. યે કોઈ નયી બાત હૈ? અનાદિ-અનંત મહાવિદેહમેં, ભરતમેં, ઐરાવતમેં જિતને તીર્થંકર અનંત હુએ, વર્તમાનમેં હૈં, ભવિષ્યમેં હોગેં વહી બાત કરતે હૈં. ઉસકે પાસ જાઓ તો ભી વહી બાત હૈ. સમજમેં આયા? આહાહા!

**प्रतिमा आदि बाह्य द्रव्योंके आलम्बन द्वारा चित्तको स्थिर करना.** વે કહતે હૈં, દેખો! તુમ્હારે લિયે લિખા હૈ. પ્રતિમામેં (ચિત્ત) સ્થિર કરના યે રાગ હૈ, જહર હૈ. માટે અમે પ્રતિમા-બ્રતિમા માનતા નથી. યે તો અશુભભાવ હુઆ. યે પ્રતિમા હૈ વહ (સ્થાપના)નિક્ષેપ હૈ. ઐસે ન માને તો મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? ઔર ઉસસે ધર્મ હોતા હૈ ઐસે માને તો મિથ્યાત્વ હૈ. આહાહા! સમજમેં આયા? પ્રતિમા અનાદિ હૈ. શાશ્વત પ્રતિમા હૈ સ્વર્ગમેં. ઇન્દ્રો ભી નંદીશ્વરદ્વીપાદિમેં જાતે હૈં. રત્નપ્રતિમા હૈ ઔર વહાં નાચતે હૈં ઇન્દ્રો એકભવતારી, ક્ષાયિક સમકિતી. ઇન્દ્ર ઇન્દ્રાણી–શક્રેન્દ્ર ઔર ઉસકી શચી પત્ની દોનોં એકાવતારી–એકભવતારી હૈ. નંદીશ્વરદ્વીપમેં કારતક, અષાઢ ને ફાગણ આઠ-આઠ દિન જાતે હૈં ન. વહ ભાવ હોતા હૈ, પણ અંતરમેં જાનતે હૈં કિ યે હેય હૈ.

શ્રોતા : હેય કહો ત્યાં સુધી વાંધો નહીં, પણ વિષકુંભ કહો...

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ યે તો જહરકા ઘડા કહો કિ હેય કહો. હેય શું કરવા કહે છે? અમૃત હો તો હેય હોતા હૈ? આહાહા! હોતા હૈ જરૂર, પણ વહ હેય સમકિતી જાનતે હૈં. અને ઐસા શુભભાવ પ્રતિમા વંદન આદિકા નહીં આતા તો વહ ભી મિથ્યાદૃષ્ટિ હૈ, ક્યોંકિ વહ પ્રતિમા આદિકો માનતા નહીં ઔર વસ્તુકી સ્થિતિ અનાદિ ઐસી હૈ. એય!

શ્રોતા : માનવું કે ન માનવું?

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રતિમા હૈ, વ્યવહાર હૈ, શુભભાવ હૈ, ઐસા ન માને તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઔર શુભભાવસે, પ્રતિમાસે ધર્મ હોતા હૈ ઐસે માને તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઐસી બાત હૈ, દો બાત હૈ. આહાહા! સમજમેં આયા?

વસ્તુ જૈસી હૈ ઐસી ન માને તો વિપરીત માન્યતા હૈ ઔર રાગ હૈ ઉસકો ધર્મ માને તો ભી તત્ત્વસે વિપરીત (માન્યતા) હુઈ, આસ્રવમેં ધર્મ માના વહ ભી તત્ત્વસે વિરુદ્ધ હૈ. ઔર સર્વજ્ઞ પરમાત્માકે વિરહમેં... અરે! વિરહ ન હો તો ભી મહાવિદેહમેં પ્રતિમા, મંદિર હૈં. શાશ્વત હૈ વિદેહમેં. આતા હૈ કિ નહીં? ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક સબમેં શાશ્વત મંદિર હૈં, મણિરત્નકી પ્રતિમા હૈં. ઇન્દ્રો સમકિતી ભી જિસકો પૂજતે હૈં. જબ ઉપજતે હૈ તો પહલે વહી યાદ આતા હૈ સમકિતીકો. ઓહો! મેરે શુભ અપરાધસે મેરા યહાં જન્મ હુઆ. ભગવાનકી પ્રતિમા, મંદિર કહાં હૈ? પહલે ઉનકો નમતા હૈ. તો દેવ કહતે હૈં, અન્નદાતા! યહાં પ્રતિમા, મંદિર હૈ, પધારો. તબ પૂજન કરને જાતે હૈં. દેહકી ક્રિયા તો દેહસે હો, પણ ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. પણ સમકિતી જાનતે હૈં કિ વહ હેય હૈ. ધન્નાલાલજી! બેય વાત. કહો, બાહ્યકે આલંબન દ્વારા ચિત્તકો સ્થિર કરના વહ ભી શુભભાવ હૈ.

શ્રોતા : દોનોં બાત માનનેસે... ?

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારસે અમૃતકુંભકા અર્થ ક્યા? વ્યવહારસે અમૃતકુંભ હી હૈ વહ. ક્યા? ઔર વ્યવહારકા અર્થ ક્યા? યહાં અમૃતકુંભ જો નિશ્ચય પ્રગટ હુઆ હૈ ઉસકે નિમિત્તમેં આરોપ દિયા કિ અમૃતકુંભ હૈ, નહીંતર હૈ તો જહર. પર નિમિત્તકો આરોપ દિયા. જૈસે અપના સ્વભાવ શુદ્ધ ચૈતન્યકે આશ્રયસે નિશ્ચય સમ્યગ્દર્શન હુઆ, સાથમેં દેવ-ગુરુકી શ્રદ્ધાકે રાગકો વ્યવહાર સમકિત કહતે હૈં. સમકિત હૈ વહ? રાગ હૈ યે તો. યહાંકા ઉસકો આરોપ દિયા. 'હૈ નહીં' ઉસકો કહના ઉસકા નામ વ્યવહાર હૈ. હૈ ઐસા માનના ઉસકા નામ નિશ્ચય હૈ. તો વ્યવહાર અમૃતકુંભ હી કહા હૈ.

યહાં તો નિશ્ચયકા અર્થ હૈ. નિશ્ચય અપના સ્વભાવ અમૃતસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદકા સાગર આત્મા હૈ ઐસી અંતરમેં દૃષ્ટિ હોકર શુદ્ધતા જિતની પ્રગટ હોતી હૈ ઇતના તો અમૃત હૈ. પણ સાથમેં શુભરાગ આ ગયા ઉસકો ભી વ્યવહાર અમૃત.. વ્યવહાર અમૃત કહતે હૈં. નિશ્ચયસે જહર કહતે હૈં. ઇસલિયે અમૃત હો જાય? વ્યવહાર સમકિત કહા તો વ્યવહાર

સમકિત હૈ? વહ તો રાગ હૈ. પંચમહાવ્રતકો વ્યવહાર ચારિત્ર કહા, યે ચારિત્ર હૈ? યે તો નિશ્ચય સ્વરૂપકા આશ્રય કરકે અમૃતકી લહર ઉઠી હૈ અંદરમેં પ્રચૂર સ્વસંવેદન, ઉસમેં જો પંચમહાવ્રતકા વિકલ્પ આયા ઉસકો વ્યવહાર ચારિત્રકા આરોપ દિયા. વ્યવહારચારિત્ર કહો કિ નિશ્ચય અચારિત્ર કહો. આહાહા! ભાઈ! યે તો માર્ગ હૈ ભાઈ! યે કોઈ કિસીકી કલ્પનાકી બાત હૈ નહીં. ઉસે જન્મ-મરણસે છૂટના હો તો સ્વદ્રવ્યકે આશ્રય બિના છૂટેગા નહીં કભી. સમજમેં આયા? વહ કહતે હૈં. જરી કડક તો લગે ભૈયા! દ્રષ્ટાંત આચાર્ય મુનિને યે દિયા હૈ.

**निवृत्ति = बाह्य विषयकषायादि इच्छामें वर्तते हुए चित्तको मोडना.** ચિત્તકો પીછે મોડના વહ ભી શુભ હૈ. પાછા કહતે હૈં? ક્યા કહતે હૈં? પીછે હઠાના. અશુભસે પીછે હઠના વહ ભી શુભ હૈ. આહાહા! શુભ-અશુભ દોનોંસે હટકર સ્વદ્રવ્યકા આશ્રય લેના વહ અમૃત હૈ. આહાહા! અરે ભગવાન! દુઃખી તો અનાદિસે હૈ ન. રાગકો દુઃખકા કારણ કહા ન. કલ આયા થા ન તુમ્હારે? ૭૨ ગાથા, ત્રીજો બોલ. અશુચિ, વિપરીત, દુઃખ કારણં. આનંદકા કારણ હૈ રાગ? આહાહા! વહ તો યહાં કહતે હૈં, શુભભાવ હૈ ઝેરકુંભ. અકેલા ઝેર નહીં કહા, ઝેરકા ઘડા કહા. આહાહા! સંતોની વાણી સર્વજ્ઞને અનુસારિણી. આહાહા! ઐસી બાત હૈ. અંતરમેં જચની ચાહિયે ભાઈ! આ કાંઈ બોલે વળે એવું નથી. આહાહા!

ભગવાન આત્મા શરીર ને રાગસે રહિત, રજકણ અને રાગ દોનોંસે રહિત ચૈતન્યમૂર્તિ પ્રભુ હૈ ઐસી દૃષ્ટિ અંતરમેં જમની ચાહિયે, તો વહ સમ્યગ્દર્શન હૈ. ઔર ઉસમેં સ્થિર હો સકે નહીં તો અશુભકો ટાલનેમેં ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. ઐસે નહીં કહતે હૈં... આગે કહેંગેં અભી, કિ નિશ્ચય ભી નહીં હૈ તો વ્યવહાર શુભ છોડકર અકેલા પાપ કરના ઐસા નહીં કહા હૈ. સમજમેં આયા? નિશ્ચય ભી નહીં અને શુભ વ્યવહાર ભી નહીં નિશ્ચય સહિત, તો અકેલા અશુભ પાપ કરના? ઐસા તો હૈ હી નહીં.

શ્રોતા : શુભને છોડવાનું કહ્યું ને પાપ કરવાનું કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી : શુભભાવ છૂડાનેકો જહર કહા, તો અશુભ કરનેકો કહા? પાપ કરનેકો કહા? સ્વચ્છંદ હોનેકો કહા? આગળ વધવા માટે. આયેગા, અભી વહ કલશ આયેગા. અભી આયેગા. યહાં તો જૈસા હૈ ઐસા હોના ચાહિયે ભાઈ! આહાહા! આગે-પીછે થોડા ભી ફેરફાર વીતરાગમાર્ગમેં ન ચલે. આહાહા! આંખમેં કણા ઘૂસા હો, ખટક ખટક હોતી હૈ, છોટી ભી કણી હો તો. ઐસે શુભરાગ યે શાંતિમેં ખટક હૈ. સમજમેં આયા?

**निंदा = आत्मसाक्षीसे दोषोंका प्रगट करना.** વહ ભી શુભભાવ હૈ. આહાહા! ગજબ વાત છે. વીતરાગમાર્ગ છે ભાઈ! અને ચારોં શાસ્ત્રકા સાર–તાત્પર્ય વીતરાગતા હૈ. પંચાસ્તિકાયમેં કહા ૧૭૨ ગાથામેં કિ ચારોં અનુયોગકા તાત્પર્ય વીતરાગતા હૈ. વીતરાગતા કબ હોતી હૈ? પરકી ઉપેક્ષા ને સ્વકી અપેક્ષા. ત્રિકાલી આનંદકંદકી અપેક્ષા અને ભેદ ને રાગકી

ઉપેક્ષા હો તબ વીતરાગતા હોતી હૈ. આહાહા! સમજમેં આયા? **निंदा = आत्मसाक्षीसे दोषोंका प्रगट करना.**

**गर्हा = गुरुसाक्षीसे दोषोंका प्रगट करना.** યે ભી શુભ વિકલ્પ હૈ.

**शुद्धि = दोष हो जाने पर प्रायश्चित्त लेकर विशुद्धि करना.** વહ ભી શુભરાગ હૈ. આહાહા! અબ દેખો!

**और इसीप्रकार श्री समयसारकी (अमृतचंद्राचार्यदेवकृत आत्मख्याति नामक टीकामें (१८९वें श्लोक द्वारा) कहा है कि** : આયા દેખો!

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।**

આહાહા! **श्लोकार्थ : (अरे! भाई,) जहां प्रतिक्रमणको ही विष कहा है...** જહાં શુભભાવકો ઝેર કહા. **वहाँ अप्रितक्रमण**–પાપભાવ **अमृत कहाँसे होगा?** એમ કહતે હૈં. અપ્રતિક્રમણ એટલે પાપભાવ. વહ તીસરી પ્રતિક્રમણરહિત (ભૂમિ) વહ નહીં. પ્રતિક્રમણ (ઔર) અપ્રતિક્રમણ રહિત (ઐસા) અપ્રતિક્રમણ–આત્માકી શુદ્ધતા, વહ નહીં. યહાં તો પ્રતિક્રમણ નામ શુભભાવ, જ્ઞાનીકા શુભભાવ ભી જહાં જહર કહા, વહાં અપ્રતિક્રમણ (-પાપભાવ) અમૃત કહાંસે હોગા? વહાં પાપભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ ઐસા પાપભાવ કૈસે અમૃત હોગા? વહ તો બડા જહર હૈ. આહાહા! શુભભાવ મંદ જહર હૈ, અશુભભાવ તીવ્ર જહર હૈ. હળાહળ ઝેર છે. અરે ભાઈ! યે દેહ છૂટનેકે કાલમેં તુજે શરણ હો તો આત્મા હૈ, દૂસરા કોઈ શરણ હૈ હી નહીં. ભગવાન-ભગવાન કરેગા તો ભી શુભભાવ હૈ. આહાહા! અને પૂર્વમેં શુભભાવ બહોત કિયા હો (ઔર) ઉસસે પુણ્યબંધ–રજકણ બંધા હો તો ઉસમેં શરણ ક્યા આયા? સમજમેં આયા? આહાહા!

શ્રોતા : વસ્તુ જાણ્યા વિના શાંતિ.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : વસ્તુકી દૃષ્ટિ હુએ બિના, ભાન હુએ બિના શાંતિ કહાંસે આતી હૈ? શાંતિ કહીં બાહરસે આતી હૈ? શાંતિકા સાગર પરમાત્મા, જિસકે આશ્રયસે, એકાગ્રતાસે શાંતિ પ્રગટ હોતી હૈ, શાંતિકા અંકુર ફૂટતા હૈ. આહાહા! ઐસી શાંતિમેં જહાં શુભભાવકો ભી જહર કહા, વહાં અશુભભાવ અમૃત કૈસે હોગા? આહાહા! તો શુભ છોડકર અશુભ કરના ઐસે નહીં કહા યહાં. સમજમેં આયા?

અરે! **तो फिर मनुष्य नीचे नीचे गिरते हुए प्रमादी क्यों होते हैं?** અરે! હમ તો આત્માકે નિશ્ચય સ્વભાવકે ભાનમેં શુભભાવકો જહર કહકર સ્વરૂપમેં ઠહરનેકો કહતે હૈં. સમજમેં આયા? ભગવાન આત્મા અંતર્મુખ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ હી હૈ, ઉસકા–સ્વભાવકા અનુભવ હુઆ, તો શુભકો જહર કહને(કા અર્થ) ઉસે છોડકર સ્વરૂપમેં લીન હોના વહ હમ કહતે હૈં. શુભકો છોડકર અશુભમેં આના ઐસા હૈ? ઐસે કહાં આયા તેરે સ્વચ્છંદમેં? સમજમેં આયા? આહાહા! ઓહો! **वहाँ अप्रतिक्रमण अमृत कहाँसे होगा?** ઓલામાં એ અર્થ કર્યો છે ને. 'અપ્રતિક્રમણ સુધાસાર' એ અર્થ કર્યો છે. અપ્રતિક્રમણ યે તીસરી ચીજ હૈ. જો શુભ હૈ વહ જહર હૈ, તો શુભસે રહિત અંદર સ્થિરતા કરના યે અપ્રતિક્રમણ કહા, નિશ્ચય અપ્રતિક્રમણ, યે સુધા **सुधा कुतः** ઐસા શબ્દ લિયા હૈ સંસ્કૃતમેં.

યે પ્રશ્ન કિયા થા ભાઈ ટીકમગઢવાલે પંડિતજીને. ગુજર ગયે ન વે? ઠાકુર. ઉસકે સાથ ચર્ચા હુઈ થી તો ઉસને કહા થા. ટીકામેં ભી ઐસા અર્થ હૈ. **सुधा कुतः** વહાં ઐસે લેના. સુધા–અમૃત હૈ. કૌન? યે શુભભાવ રહિત અપને સ્વરૂપમેં ઠહરના તીસરા અપ્રતિક્રમણ. અપ્રતિક્રમણકે દો અર્થ હૈં—એક શુભ-અશુભ રહિત હોકર અપને સ્વરૂપમેં (જમના) યે અપ્રતિક્રમણ અને એક અશુભભાવ કરના યે અપ્રતિક્રમણ. સમજમેં આયા? યહાં અપ્રતિક્રમણ, શુભ-અશુભસે રહિત જો અપ્રતિક્રમણ હૈ યે તો અમૃતકા ઘડા હૈ. **सुधा कुतः** ઐસા આતા હૈ સંસ્કૃતમેં. સમજમેં આયા?

યહાં તીસરી (ભૂમિકી) બાત હૈ. ઐસા કહા કિ અરેરે પ્રભુ! તેરી શુદ્ધ ચીજ સ્વદ્રવ્યકે આશ્રયસે પરમાત્માકા જહાં ભેટા હોતા હૈ, અપના પરમાત્મા હોં. પંડિતજી! આહાહા! ભગવાન! તેરી મહાચીજ હૈ ન અંદર, ઉસકા જહાં ભેટા–ભગવાનકા સાક્ષાત્કાર હોતા હૈ વહાં તો અમૃત હી બરસતા હૈ. યે તો અમૃત હી હૈ. સમજમેં આયા? પણ બીચમેં શુભભાવ આતા હૈ વહ જહર હૈ. ઉસે છોડકર અંદર જમ જાના, ઊંચે જાના—ઐસા હમ કહતે હૈં. નીચે ઉતર જાના ઐસા કહતે હૈં તુજે? સમજમેં આયા? અરેરે! **फिर मनुष्य नीचे नीचे गिरते हुए प्रमादी क्यों होते हैं?** અશુભભાવમેં ક્યોં આતે હૈં? એમ કહતે હૈં. હમ તો શુભરાગકો જહર કહકર (ઉપર) ચડાના ચાહતે હૈં–અંદરમેં અનુભવમેં જાનેકો કહતે હૈં. આહાહા!

શ્રોતા : શુભભાવ હોય ને જરી પડી જાય તો?

પૂજ્ય ગુરુદેવશ્રી : પડી જાય તો... સમ્યગ્દર્શન હો તો આનંદ હૈ. સમ્યગ્દર્શન હો તો પંડિત મરણ હૈ ઉસ અપેક્ષાસે હૈ. રાગ હો. સમજમેં આયા? અને સમ્યગ્દર્શન ભી નહીં ને અકેલા શુભ હૈ તો અકેલા જહર હૈ. યે તો અનંતબેર હુઆ, દિગંબર જૈન સાધુ હોકર નવમી ગ્રૈવેયક ગયા. ૨૮ મૂળગુણ (પાલે), ચમડી ઉતરકર ખાર છાંટ દે (તો ભી) ક્રોધ નહીં કિયા. વહ શુભભાવ થા. અપને દ્રવ્યકે આશ્રય બિના શુદ્ધતાકા ધર્મ હોતા નહીં. સમજમેં આયા?

**सद्दव्वादो हु सुग्गई** ઐસા શબ્દ લિયા હૈ અષ્ટપાહુડમેં. સમજમેં આયા? નવું અષ્ટપાહુડ આવ્યું છે હોં. અષ્ટપાહુડ હૈ ન. મોક્ષપાહુડ હૈ. ઉસમેં તો મોક્ષ અધિકાર ઐસા હી લિયા હૈ. આહાહા! **सद्दव्वादो**.. કહાં આતા હૈ? ૧૬મી. પહેલેથી આવે છે. **परदव्वरओ बज्झजि विरओ मुच्चेइ विविहकम्मेहिं। एसो जिणउवदेसो... परदव्वरओ बज्झजि...** પરદ્રવ્યકે લક્ષસે તો બંધન હી હોતા હૈ. આહાહા! ૧૩વીં ગાથા હૈ.

**परदव्वरओ बज्झजि विरओ मुच्चेइ विविहकम्मेहिं ।**
**एसो जिणउवदेसो समासदो बंधमुक्खस्स ।।१३।।**

બંધ-મોક્ષકા સંક્ષેપમેં ભગવાનકા યે કથન હૈ. **सद्दव्वरओ सवणो सम्माइट्ठी हवेइ साहू।** દેખો! **सद्दव्वरओ सवणो...** સ્વદ્રવ્યમેં રમણ કરનેવાલા શ્રમણ યે **सम्माइट्ठी** હૈ. આહાહા! ભગવાન કહતે હૈં કિ હમારે તરફકા લક્ષ, હમારા સ્મરણ વહ ભી પુણ્યબંધકા કારણ હૈ. આહાહા! ત્રણ લોકના નાથ. દૂસરા તો કહે, હમકો તુમ ભજો, તુમ્હારી મુક્તિ હોગી, હમારી ભક્તિ કરો, હમકો જીમાઓ તુમ્હારી (મુક્તિ હોગી). યહાં તો કહતે હૈં કિ હમકો-મુનિકો (આહાર દો) તો ભી શુભભાવ હૈ. ભગવાનકો તો આહાર હૈ નહીં. સચ્ચે ભાવલિંગી મુનિકી ભક્તિ, ભોજન દેના યે શુભભાવ હૈ, ધર્મ નહીં. ક્યોંકિ પરદ્રવ્ય હૈ. વહ પરદ્રવ્યકા લક્ષ હૈ. આહાહા ! એ મણીભાઈ! માર્ગ તો ઐસા હૈ. આહાહા!

કહતે હૈં, **जो पुण परदव्वरओ मिच्छादिट्ठी हवेई सो साहू...** દેખો! એની સામે. જો કોઈ પરદ્રવ્યમેં લીન હૈ, એકાગ્ર હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! તીર્થંકર કહતે હૈં, હમારી પ્રતિ એકાગ્રતા, અપની દૃષ્ટિ છોડકર એકાગ્ર હો (તો) મિથ્યાદૃષ્ટિ હૈ. એ પન્નાલાલજી! બાત ઐસી હૈ. આહાહા! ૧૬મી ગાથા.

**परदव्वादो दुग्गइ सद्दव्वादो हु सुग्गई होई ।**
**अय णाऊण सदव्वे कुणह रई विरई इयरम्मि ।।१६।।**

ઇતર પરદ્રવ્યસે વિરક્ત કર તેરે ઘરમેં લીન હો ભગવાન! આહાહા! મોક્ષ અધિકાર. ગજબ વાત! કુંદકુંદાચાર્ય તો આમ સ્પષ્ટ (કહે છે). સમાજકી સમાનતા રહેગી કિ નહીં વહ કોઈ લક્ષમેં નહીં. માર્ગ યે હૈ. સમાજ વહ માનેગા કિ નહીં, સમાજ પક્ષમેં રહેગા કિ નહીં—(ઉસકી પરવા નહીં). એ નંદકિશોરજી! આહાહા! ભગવાન! માર્ગ ઐસા હૈ. તીન કાલ તીન લોકમેં અનાદિકા ઐસા હી માર્ગ ચલા આતા હૈ, યે નયા હૈ નહીં. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ...' વહ તો તીન કાલમેં એક હી પંથ હૈ. આહાહા! અરે! તેરી પ્રભુતા તુજે ભાસે નહીં ઔર પામરતા ઉપર તેરી દૃષ્ટિ હૈ, વહ તો મિથ્યાત્વભાવ હૈ. આહાહા!

**णाणविग्गहं...** જુઓ! કોઈ પુસ્તક.... ૧૮વીં ગાથા હૈ દેખો! અહીંયા. **दुट्ठट्ठकम्मरहियं अणोवमं णाणविग्गहं णिच्चं...** આત્મા જ્ઞાનવિગ્રહ હૈ-જ્ઞાનશરીર ઉસકા હૈ. 'શરીર આદ્યમ્ ખલુ

ધર્મ સાધનં...' સવારે પૂછતા હતા. શરીર, યે શરીર નહીં. વહાં તો નિમિત્તકો કથન હૈ. શરીરકી બાત હો, નિમિત્તકી બાત હૈ. યે તો **ણાણવિગ્ગહં**.. ૧૮મી ગાથા છે. જ્ઞાનરૂપી શરીર જિસકા અંદરમેં હૈ. યે જ્ઞાનશરીર હી સાધન હૈ. સમજમેં આયા? ઓહોહો! અષ્ટપાહુડ કુંદકુંદાચાર્ય... અલૌકિક બાત હૈ. સમજમેં આયા?

યહાં મૂલ શ્લોક સબ આયેંગેં ઉસમેં–પરમાગમ (મંદિરકે) સંગેમરમરમેં. મૂલ શ્લોક આયેંગેં. સમયસાર, પ્રવચનસાર, નિમયસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ ઉસકા મૂલ શ્લોક. મૂલ શ્લોક આયેંગેં, ટીકા નહીં. ટીકા નહીં. ટીકા જરી કલ કહા થા ન. વકીલજી! યે યહાં......નહીં હુઆ. ક્યા આયા? ઉસને જરી ભાષા ઐસી લિખી હૈ. વહાં ઐસા લિયા હૈ ટીકામેં દર્શનપાહુડમેં કિ કોઈ પ્રતિમાકો પૂજે નહીં, માને નહીં, શાસનદેવકો માને નહીં, સમજે? તો ઉસકો જૂતેમેં વિષ્ટા લગાકર મારના, (તો) પાપં નાસ્તિ. કૈસી બાત? પ્રભુ! વીતરાગમાર્ગમેં ઐસી ભાષા હોતી હૈ? નંદકિશોરજી! દોપહરકો બતાયેંગેં. અભી પુસ્તક નહી હૈ. ટીકા સંસ્કૃતમેં હૈ, સબ હમને તો દેખા હૈ ન. એક-એક સારા, સબમેં ચિન્હ ભી કર દિયા હૈ. ષટ્પાહુડ, ઉસકી શ્રુતસાગર ટીકા હૈ. યે ટીકા માન્ય નહીં. યે ટીકા યહાં નહીં.

યહાં તો અમૃતકી અકેલી ભગવાનકી શૈલી હોં. ભગવાનકા મુખસે નિકલાં વહ શાસ્ત્ર હૈં સબ. અમૃતચંદ્રાચાર્ય પરમાત્મા જૈસા મહામુનિ થે ઉનકી ટીકા અને યે પદ્મપ્રભમલધારિદેવ. આહાહા! ગજબ પંથ! મુનિ છટ્ઠે-સાતવે ઝૂલનેવાલે. આહાહા! ધન્ય અવતાર! યે ક્ષેત્ર, કાળ, ભાવ... આહાહા! ઐસે મહામુનિ ઉનકી ટીકા દેખો તો અમૃતકા સાગર હૈ. કોઈ વ્યક્તિ પ્રતિ દ્વેષ નહીં હોના ચાહિયે. ઉલટી માન્યતા હો તો જવાબદારી ઉસકો હૈ. ઉસકો મારના, જૂતામેં વિષ્ટા લગાકર.... ઐસા પાઠ હૈ. ઐસે દ્વેષ હોતા હૈ. યે તો વીતરાગમાર્ગ હૈ. વહ તો ઇન્દ્રોંકો ખબર નહીં કિ યે સબ ઊલ્ટા હૈ. ક્યેં મારનેકો આતે નહીં? ઇન્દ્ર તો એકાવતારી હૈં, ક્ષાયિક સમકિતી હૈં. વિરોધપંથ નિકલા દો-તીન... લો! કોઈ આયા ઇન્દ્ર? અને કિસીકો મારા?

પહલે શુરૂઆતમેં હુઆ થા. ઋષભદેવ ભગવાનકે સાથ જો ચાર હજાર (દીક્ષિત) હુએ. વે જબ ભ્રષ્ટ હોને લગે તબ દેવ આયે કિ ઇસ વેષમેં દૂસરા નહીં હોગા, કંદમૂલ નહીં ખાના. વેષ બદલ દો. ચાર હજાર સાધુ બિગડ ગયે. ક્યોંકિ ઉસકે... ક્યા કહતે હૈં? ચૌથે કાલમેં ક્યા હૈ? ચૌથે કાલમેં ભી ઐસા હુઆ. શ્વેતામ્બર તો અભી હુએ, ભગવાનકે ૬૦૦ વર્ષ બાદ. યે તો ભગવાનકે વખતમેં ઇતના ફેર હુઆ. વે કંદમૂળ ખાતે થે, વેષ નગ્ન થા. દેવ કહે, નહીં બનેગા, છોડ દો. એ કાળ સારો હતો તો પણ આવું થયું. આ તો ભાઈ! ... પડી ગયા, ખંડ પડી ગયા. આહાહા! ઇન્દ્રોંકો ખબર હૈ. તીન જ્ઞાન હૈં, ક્ષાયિક સમકિત હૈ, પરમાત્મા પાસે જાતે હૈં મહાવિદેહમેં. પંચમ આરાકી ખબર દેતે હૈં લોકપાલ દેવ. શાસ્ત્રમેં પાઠ હૈ. ઐસે ચારોં દિશાકી

ખબર દે ઉસકો કિ યહાં ઐસા હુઆ, ઐસા હોતા હૈ, ઐસા હોતા હૈ. ક્યોં નહીં આતે? ક્યા આવે? જિસકી પાત્રતા ઐસી નહીં તો સમજાને પર સમજ સકે નહીં. આહાહા!

શ્રોતા : ઇન્દ્રને કેવળજ્ઞાન થોડી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઇન્દ્રને કેવળજ્ઞાન હોય? વળી કાંઈ એટલી ખબર નથી. જ્ઞાન ખરું. કેવળજ્ઞાન તો મનુષ્યને હોય. હજી અજાણ્યા છે ને. થોડા અભ્યાસ કરો, અભ્યાસ બરાબર. કેવળજ્ઞાન તો મનુષ્યપણામાં નગ્નમુનિ હોય, અંતર્ધ્યાનમેં ચડે, ઉસકો કેવલજ્ઞાન હોતા હૈ. ઇન્દ્રને તો સાધુપદેય નથી, શ્રાવકેય નથી. એ દરબાર ગરાસીયા છે. સમજમેં આયા? યહાં તો તીન જ્ઞાન હૈં ઉસકો, ક્ષાયિક સમકિત હૈ પતિ-પત્ની દોનોંકો. ખબર નહીં હૈ કિ પંચમ આરામેં ઐસા ચલતા હૈં? આહા! પણ જિસકા પાપકા ઉદય ઐસા હો અને ઉસકા ફલ આનેવાલા હો ઉસમેં ઇન્દ્ર ક્યા કરે? ઓહોહો! ...બિરાજતે હૈં, ભગવાનકી ભક્તિ કરતે હૈં, મહાવિદેહમેં આતે હૈં... આહાહા! તો યહાં ભરત-ઐરાવતમેં ક્યોં નહીં આતે? ભાઈ! ઐસા પુણ્યકા ઉદય નહીં અને ઐસા કોઈ પાત્ર જીવ નહીં કિ ઉસકો સમજાનેસે સમજેગા. સમજમેં આયા? નંદકિશોરજી!

ઓહોહો! હે ભાઈ! **निष्प्रमादी होते हुए ऊँचे-ऊँचे क्यों नहीं चढ़ते**? આહાહા! હમને તુમકો શુભભાવ જહર કહા, તો છોડકર પાપ કરના ઐસા કહા તુમકો? વહ તો અંતરમેં જાનેકો સ્થિરતા કરનેકો જૈસા સ્વરૂપ હૈ ઐસા બતાયા.

**और (इस ९२वीं गाथाकी टीका पूर्ण करते हुए टीकाकार मुनिराज श्लोक कहते हैं** ) :—
લો. હવે પોતે પદ્મપ્રભમલધારિદેવ.

**आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं**
**ध्यानध्येयप्रमुखसुतपःकल्पनामात्ररम्यम् ।**
**बुद्ध्वा धीमान् सहजपरमानन्दपीयूषपूरे**
**निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे ।।१२३।।**

આહાહા! **श्लोकार्थ : आत्मध्यानके अतिरिक्त...** ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્–શાશ્વત જ્ઞાન ને આનંદકા ધ્યાન–ઉસકી એકાગ્રતા, સ્વ-સ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા ઉસકા ધ્યાન (અર્થાત્) ધ્યેય બનાકર એકાગ્ર હોના ઉસસે અતિરિક્ત–ઉસસે દૂસરી કોઈ ભી ચીજ **अन्य सब घोर संसारका मूल है...** શુભ ને અશુભ દોનોં ભાવ ઘોર સંસારકે મૂલ હૈં. હૈ? અરેરે! લોગ એમ કહતે હૈં કિ સોનગઢસે યે બાત નિકલી હૈ. એકાંત.. એકાંત.. અરે! પણ યે કૌન કહતા હૈ? ભગવાન! આરે! સમજમેં આયા? યે તો આચાર્ય મુનિ–મહામુનિ હૈં. આગે કહેંગે. હમારે મુખમેંસે પરમાગમ ઝરતા હૈ ઐસા કહેંગે. મુનિ ભાવલિંગી સંત, આહાહા! ધન્ય અવતાર હૈ. ચારિત્ર સહિત છઠ્ઠા-સાતવા ગુણસ્થાન. સફળ કર્યો અવતાર જેણે. આહાહા! જેણે મોક્ષના મંડપ નાખ્યા. આહાહા!

ચારિત્ર એટલે શું! ગજબ વાત છે. સમ્યગ્દર્શન સહિત સ્વરૂપકી રમણતા, યે ચારિત્ર તો ધન્ય અવતાર હૈ, સફલ અવતાર હૈ. જો ભવ હોકર ભવકા અભાવ કર દિયા, આહાહા! યે બાતકી બાત ક્યા! ઇન્દ્ર, ગણધરોને પૂજ્ય છે. ગણધર ભી શાસ્ત્ર રચતે હૈં તબ 'ણમો લોએ સવ્વ સાહૂણં' કહતે હૈ કિ નહીં? કિ સાધુકો નિકાલ દેતે હૈં? બડે હૈં ન ગણધર? ચાર જ્ઞાન ચૌદહ પૂર્વકી રચના એક અંતર્મહૂર્તમેં હુઈ. તો ભી કોઈ સંત સચ્ચે છઠ્ઠે-સાતવે ગુણસ્થાનવાલે ઉનકો ગણધર કહતે હૈં 'ણમો લોએ સવ્વ સાહૂણં.' ઇસ લોકમેં અપને આનંદસ્વરૂપકે સાધનકી રમતમેં રમતે હૈં ઉનકે ચરણમેં મેરા નમસ્કાર. આહાહા!

જિસકો ભગવાનકા વજીર, ભગવાન રાજા, ગૌતમ દીવાન–પ્રધાન, યે દિવાન અંજલિ દેતે હૈં. આહાહા! હે સંત! તેરે ચરણકમલમેં મેરા નમસ્કાર હૈ. સીધા તો નમસ્કાર બાહ્ય ન કરે. બડા સાધુ હૈ તો છોટેકા નમસ્કાર ન કરે. પણ પંચ નવકારમેં (કરે). દો ઘડી પહલે ભી છઠ્ઠે-સાતવે ગુણસ્થાનમેં આત્માકે સ્વસંવેદન આનંદમેં આ ગયા હો અને વહ અબજો વર્ષસે ગણધર(પદ)મેં હો... આહાહા! શેઠ! આહાહા! ઐસી ચારિત્રદશા ભગવાન! ધન્ય અવતાર! ધન્ય કાલ! ધન્ય ભાવ! ઓહોહો! યે તો કરના હી પડેગા. ઇસકે બિના કભી મુક્તિ નહીં હોગી. આહાહા! અકેલે સમ્યગ્દર્શન-જ્ઞાનસે તો મુક્તિ નહીં હોગી. સાથમેં ચારિત્રકી રમણતા પ્રાપ્ત કરે બિના કભી કેવલજ્ઞાન નહીં હોગા. આહાહા!

ઉસકી ચારિત્રકી.. ચારિત્રકી જાતકા ચારિત્ર. અકેલા પંચમહાવ્રત લે લિયા ને ચારિત્ર હૈ, ધૂળેય નહીં. પન્નાલાલજી! આહાહા! જિસકો મુક્તિકા સુખ લેના હો, ઉસકો ઐસી ચારિત્રકી રમણતા લિયે બિના કભી મુક્તિ મિલેગી નહીં. આતા હૈ કિ નહીં? વહ અષ્ટપાહુડમેં આતા હૈ ન. તીર્થંકરકો ધ્રુવ મુક્તિ હૈ–નિશ્ચયસે મુક્તિ હૈ, તો ભી જબ લગ ગૃહસ્થાશ્રમ છોડકર ચારિત્ર અંગીકાર નહીં કરેંગેં તબ લગ ઉનકો ભી મુક્તિ નહીં હોગી. અષ્ટપાહુડમેં હૈ. **ध्रुवं तित्थयरे...** નિશ્ચયસે તો મુક્તિ ઇસ ભવમેં હૈ (ફિર ભી) જબ લગ વસ્ત્ર (સહિત) રહતે હૈં, ગૃહસ્થાશ્રમમેં વસ્ત્રાદિસે (સહિત) હૈં, મુક્તિ નહીં હોગી. આહાહા! અંતરમેં રમણતા કરેંગેં... એ નંદકિશોરજી! બાત તો જૈસી હૈ ઐસી આતી હૈ.

શ્રોતા : સાધુકો માનતે હૈં કિ નહીં માનતે હૈં?

પૂજ્ય ગુરુદેવશ્રી : સાધુકો નહીં માનતે? આહાહા! ધન્ય અવતાર બાપા! અરે! એકવાર તો મૈં જંગલમેં થા. યહાં આગે જંગલમેં ગયે થે. અકેલા થા. અભી સાથમેં આતે હૈં, પહલે કોઈ સાથમેં નહીં આતા થા. અકેલે આગે ગયે થે. ઐસા વિકલ્પ આયા કિ અરે! કોઈ મુનિ દર્શન તો દ્યો ઇસ પંચમ કાલમેં. અને આંખમાંથી આંસુ (ચાલ્યા ગયા). અરે! કોઈ ચારિત્રવંત–સાક્ષાત્ જિસકો ચારિત્ર હૈ ઐસેકા દર્શન દુર્લભ હો ગયા ભરતમેં. કોઈ ઉપરસે તો ઉતરો, ઐસા હો ગયા. કોઈ ચારણ મુનિ નિકલતે હો તો યહાં આઓ તો ખરા પ્રભુ! કૈસે ચારિત્રવંત હોતે હૈં!

સમજમેં આયા? ઐસી ભાવના તો સમકિતીકો હોતી હૈ. ઐસે નહીં કિ ચારિત્ર બિના મુક્તિ હો જાયેગી હમારી. પણ વહ ચારિત્ર યે ચારિત્ર. બ્રહ્મચારીજી! આ ચારિત્ર અંદર! આહાહા!

કહતે હૈં, અહો! શુભકો જહર કહકરકે અંતરમેં રમણતા કરનેકો હમ કહતે હૈં. અરે! તુમ અધો.. અધો.. નીચે ક્યોં ઉતરે? ક્યોંકિ વહ તો ઘોર સંસારકા મૂલ હૈ. આહાહા! યે પુણ્ય પરિણામ, મહાવ્રતકા પરિણામકો ઘોર સંસારકા મૂલ કહા. રાગ હૈ, ઉદયભાવ સંસાર હૈ. રાગ યે સંસાર હૈ. આહાહા! ઘોર સંસાર... યે તો રાગ હૈ. સારા ઉદયભાવ હી સંસાર હૈ.

શ્રોતા : પણ ઘોર વિશેષણ કેમ વાપર્યું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે ઘોર વિશેષણ હૈ, સ્વભાવકી અપેક્ષા ઘોર હૈ. અશુભકી અપેક્ષા શુભ ઠીક હૈ વ્યવહારસે. શુદ્ધકી અપેક્ષાસે તો ઘોર સંસાર હૈ ભગવાન! આહાહા! અરે! શુભભાવસે તીર્થંકર બન જાયે લ્યો. ભાવતીર્થંકર બન જાય તો યે ભવમેં કેવળજ્ઞાન નહીં લે સકેગા. દૂસરે ભવમેં નહીં લે સકેગા, તીસરે ભવમેં લે સકેગા. આહાહા! શુભભાવમેં તીર્થંકરગોત્ર બંધ ગયા, ખલાસ હો ગયા, દો ભવ તો કરના હી પડેગા. આહાહા!

જુઓ! અહીંયા પાંડવો. શેત્રુંજય. પાંચ પાંડવ ધ્યાનમેં થે. અતીન્દ્રિય આનંદમેં રમતે થે. ઉસમેં દૂર્યોધનકે ભાનજેને આકર લોહેકે દાગીના-લોહેકે જેવર (પહનાયે). સહદેવ ને નકુલકો વિકલ્પ આયા. મુનિ હૈં-ભાવલિંગી સંત હૈં. સાધર્મી મેરે ભાઈ અને સાધુ, અરે! ઉનકો ક્યા (હોતા) હોગા, કૈસે હોગા? ઐસા વિકલ્પ આયા. સર્વાર્થસિદ્ધિકા બંધ પડ ગયા. સર્વાર્થસિદ્ધિ. આ શેત્રુંજય. શેત્રુંજય પરસે પાંચમેંસે તીન મોક્ષમેં ગયે, દો સર્વાર્થસિદ્ધિમેં ગયે. ઇતના વિકલ્પ કિ આ મુનિ મહારાજ, આહા! મેરે બંધવ હૈં, સાધુ હૈં. દો ભવ હો ગયે. હૈ તો શુભભાવ. આહાહા! તીન તો મોક્ષકો ગયે કેવલજ્ઞાન. ક્યા હોતા હૈ...? અરે! આવા સંત મુનિ મહા ધર્મરાજા, ભીમ અને અર્જુન ચરમશરીરી. ઉનકો દેખકર... અપને ભી થે લોહેકે દાગીના. ભાઈકો કૈસા હોતા હોગા? બડે ભાઈકો. આહા! સાધર્મી તરીકે હોં. ઇતના વિકલ્પ (હુઆ), દો ભવ હો ગયે. સમજમેં આયા? ૩૩ સાગર સર્વાર્થસિદ્ધિમેં રહેના પડેગા. સંસાર.. સંસાર.. સંસાર. વહાંસે નિકલકર કહીં રાજકુમાર હોંગેં. આરાધક હૈં ન વે તો. વહાંસે મોક્ષ જાયેંગેં. સર્વાર્થસિદ્ધિમાં એક જ ભવ હોય. મુનિ પદ્મપ્રભમલધારિ મુનિરાજ કહે છે... અપની મસ્તીમેં આકર કહતે હૈં.

શ્રોતા : કાયમ વિકલ્પવાળાને તો.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિકલ્પ હૈ યે તો સંસારી હૈ. ઐસી બાત હી ક્યા કરના?

**આતમધ્યાનકે અતિરિક્ત**... ભાષા કૈસી હૈ? ભગવાન આત્મામેં એકાગ્રતાકે સિવા કોઈ ભી વિકલ્પ શુભ-અશુભ હો, **अन्य सब**... દો ભાગ નહીં પાડ દિયે કિ અશુભભાવ સંસારકા મૂલ હૈ ને શુભ સંસારકા મૂલ નહીં. યે મુનિકો ભી શુભભાવસે ભવ હો ગયા. આહાહા! ૩૩ સાગર ચૌથે ગુણસ્થાને રહના પડે. આનંદકી અલ્પતા, રાગકી (બહુલતા). તીન કષાયકા રાગ હૈ.

સર્વાર્થસિદ્ધિમેં તીન કષાયકા રાગ હૈ. અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ને સંજ્વલન. આહાહા! રાગ દાહ... શિકાના પડે. સ્વર્ગમેં સુખ હૈ. ધૂળેય નથી સુખ. સુખ તો ભગવાન આત્મામેં હૈ. ઉસમેંસે હટકર ઐસા શુભભાવ આયા. આહાહા!

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં પ્રશ્ન કિયા હૈ અમૃતચંદ્રાચાર્ય મહારાજકો. મહારાજ! યહ આહારક શરીર ને તીર્થંકરગોત્ર તો સમકિતીકો હી બંધતે હૈં. તીર્થંકરગોત્ર સમકિતીકો બંધતા હૈ, આહારકશરીર મુનિકો હોતા હૈ. તો ઉન્હેં બંધકા ક્યા કારણ? અપને જ્ઞાન-દર્શન-ચારિત્રસે બંધ હોતા હૈ કિ નહીં? ના ભાઈ! યે શુભોપયોગકા અપરાધ હૈ. સમજમેં આયા? યે તીર્થંકરગોત્ર સમ્યગ્દૃષ્ટિકો હી હોતા હૈ, પણ હૈ વહ અપરાધ. આહારકશરીર ભી મુનિકો હી બંધતા હૈ. આહારક શરીર (નિકલતા) હૈ ન, વહ પ્રશ્ન હો તો. પણ હૈ અપરાધ. આહાહા! ઐસા નિર્લેપ વીતરાગમાર્ગ અંદર ઉસકો અનાદિ કાલસે રુચા નહીં. કોઈ રાગ હોય તો લાભ હોગા, રાગ હો તો લાભ હોગા, ભઈ! પુણ્ય બંધેગા. નંદકિશોરજી! ભગવાન પાસે જાયેગા, મહાવિદેહમેં જાયેગા. પુણ્ય બંધે તો સ્વર્ગમેં જાયેગા ને ... જાયેગા લ્યો. આહાહા!

શ્રોતા : વાયદા છે વાયદા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાયદા, યે વાફળકા વાયદા હૈ. વાફળ ક્યા કહતે હૈં તુમ્હારી ભાષામેં? વાફળ કાઠિયાવાડી ભાષા આપણી. વાફળ વાયદા કરે.

શ્રોતા : બોલે ને ફળે નહીં એ વાફળ.

યહાં તો કહતે હૈ. આહાહા! ઘોર સંસારકા મૂલ હૈ. આહા! અરે! સમકિતીકો, જ્ઞાનીકો ભી રાગ હૈ વહ રાગ સંસારકા કારણ હૈ. સ્વભાવ જો હૈ અપના, વહ ઉસકો મુક્તિકા કારણ હૈ. દો ધારા હૈ—એક રાગકર્મધારા (ઔર એક) સ્વભાવકે આશ્રયકે નિર્મળ જ્ઞાનધારા. આહાહા! દો ધારા ચલતી હૈ. અને એક ધારા તો સંસારકા કારણ હૈ. આહાહા! આપણે આવશે, નહીં? મોક્ષ (અધિકાર)મેં આ ગયા, (સમયસાર)નાટકમેં. પ્રમાદી, પ્રમાદી સંસાર તરફ ઝુકતે હૈં, અપ્રમાદી આત્મા તરફ ઝુકતે હૈં. ઐસા આયા. મોક્ષ અધિકારમેં આ ગયા. પ્રમાદી છટ્ઠે ગુણસ્થાને હોં, વિકલ્પ... આહાહા! ઐસે ઝુકતે હૈં ઇસ બાજુ. સંસારપક્ષ હૈ યે રાગ. આદરણીય નહીં માનતે. પણ હૈ રાગ ન? અપ્રમાદી આત્મામેં ઝુકતે હૈં. સમજમેં આયા? માર્ગ ઐસા હૈ ભગવાન!

અરે! નિયમસારમેં કહ્યું છેને ભાઈ! આ નિયમસાર છેને? પાછળ. ઐસે માર્ગકી કોઈ નિંદા કરે, ઇર્ષ્યાસે નિંદા કરે તો તું અભક્તિ નહીં કરના. આવો માર્ગ આત્મા...? એવો માર્ગ? ઇર્ષ્યા મત નહીં કરના. હૈ ન છેલ્લી.. છેલ્લી–આખિરકી લીટી હૈ ન. આહા! ૧૮૬, લ્યો.

**ईसाभावेण पुणो केई णिंदंति सुंदरं मग्गं ।**
**तेसिं वयणं सोच्चाऽभत्ति मा कुणह जिणमग्गे ।।१८६।।**

કુંદકુંદાચાર્ય પોકાર કરતે હૈં. લ્યો, ઐસી વીતરાગકી બાત સુનકર... લ્યો, યે બડા હો ગયા, વીતરાગ.. વીતરાગ.. વીતરાગભાવ.. ઐસે વીતરાગમાર્ગમેં રાગસે કુછ લાભ હૈ નહીં? ઐસે કોઈ ઈર્ષાભાવસે **णिंदंति सुन्दरं मग्गं...** ઐસા વીતરાગમાર્ગકો કોઈ નિંદે, **तेसिं वयणं सोच्चाऽभत्ति...** હે જીવ! આ વચન સાંભળીને **अभत्ति मा कुणह जिणमग्गे**.. વીતરાગમાર્ગનું બહુમાન છોડીશ નહીં કે અરે! દુનિયા તો... લાખો માનતે હૈં, કરોડો માનતે હૈં, રાગસે ધર્મ મનાનેવાલેકો કરોડો માનતે હૈં. યે માનકર વીતરાગમાર્ગમેં તું અભક્તિ નહીં કરના. આહાહા! સમજમેં આયા? આ રાગકો (ધર્મ) મનાનેવાલેકો કરોડો માનતે હૈં, હમકો તો માનતે નહીં, હમારી તો નિંદા કરતે હૈં. ભૈયા! વહ (નિંદા) કરો (તો) કરો, પણ તેરી વીતરાગભાવમેં કભી અભક્તિ ન હોની ચાહિયે. આહાહા! ચાહે તો સંખ્યા થોડી હો કિ જ્યાદા હો, ઉસકે સાથ સંબંધ નહીં. અકેલા હોંઉં, પણ માર્ગ તો યે હી હૈ. સમજમેં આયા? દૂસરા સાથમેં ન હો તો અભક્તિ ન કરીના. અરે! ઐસા સત્ય માર્ગકો ક્યોં માણસ નહીં માનતે? ક્યોં નહીં હમારે સાથમેં આતે? યે ક્યા માર્ગ હૈ? માર્ગ તો હૈ વહી હૈ ભગવાન! આહાહા! 'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ..' એ તો આવશે. લ્યો, હો ગયા વખત. દૂસરા આ ગયા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૩, બુધવાર, તા. ૪-૮-૧૯૭૧**
**શ્લોક ૧૨૩-૧૨૪, ગાથા-૯૩, પ્રવચન નં. ૮૫**

મુક્તિકા માર્ગ, ઉસમેં ચારિત્ર અધિકાર હૈ. ચારિત્રકે વિષયમેં પરમાર્થ પ્રતિક્રમણકા અધિકાર હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન સહિત અપના આત્મા શુદ્ધાત્મ-પરમાત્મસ્વરૂપ ઉસકે સન્મુખ દૃષ્ટિ હોકર સ્વભાવકે આશ્રયસે સમ્યગ્દર્શન જો હોતા હૈ ઉસ સમ્યગ્દર્શનપૂર્વક ઔર સાથમેં સમ્યગ્જ્ઞાન ભી હોતા હૈ ઉસપૂર્વક ચારિત્ર કૈસા હૈ ઉસકી બાત ચલતી હૈ. ચારિત્રકા પેટાભેદ પરમાર્થ પ્રતિક્રમણ. પ્રત્યાખ્યાન (આદિ) યે સબ ચારિત્રકે ભેદ હૈં. યહાં ૧૨૩ કળશ ચલતા હૈ.

કહતે હૈં, **आत्मध्यानके अतिरिक्त...** ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ ઉસકી એકાગ્રતા, ઉસકા આશ્રય કરના વહી સબ ધર્મ હૈ. ઇસકે સિવા **अन्य सब घोर संसारका मूल है...** ભગવાન આત્મામેં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન ઔર અતીન્દ્રિય શાંતિ અર્થાત્ વીતરાગતા પડી હૈ અંદર. ઐસા જો દ્રવ્યસ્વભાવ-અપના વસ્તુસ્વભાવ ઉસકે આશ્રયસે જો ધ્યાન હોતા હૈ વહ ધર્મધ્યાન હૈ, યે મોક્ષકા માર્ગ હૈ. વસ્તુ જો અખંડ અભેદ ચૈતન્યદ્રવ્ય પરમાત્મસ્વરૂપ ધ્રુવ હૈ, ઉસકા આશ્રય કરકે જો ભાવ ઉત્પન્ન હો વહી શુદ્ધભાવ હૈ, વહી સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર હૈ. આહાહા! ઉસસે અતિરિક્ત-**आत्मध्यानके अतिरिक्त अन्य सब...** ચાહે તો પંચમહાવ્રતકા વિકલ્પ હો, ગુણ-ગુણીકે ભેદકા રાગ હો, અનેક પ્રકારકી વ્યવહાર સમિતિ, ગુપ્તિકા શુભરાગ—યે સબ ઘોર સંસારકા મૂલ હૈ. આહાહા! સમજમેં આયા? પરમપારિણામિકપ્રભુ સહજ સ્વભાવ ઉસકે આશ્રયસે જો ભાવ હો, વહ એક હી ધર્મધ્યાન ને મોક્ષકા માર્ગ હૈ. પરકે લક્ષસે પંચમહાવ્રતાદિ, ૨૮ મૂળગુણાદિ, ભક્તિ, પૂજા આદિકા ભાવ.... એ પંડિતજી! ક્યા કરના? રાત્રિકો પ્રશ્ન આયા થા. હોતા હૈ, પણ વહ રાગ હૈ ભાઈ! યે સંસારકા મૂલ હૈ. ભગવાન આત્મા મોક્ષકા મૂલ હૈ. પૂર્ણાનંદસ્વરૂપ યે મોક્ષકા મૂલ હૈ, રાગ સંસારકા મૂલ હૈ—દો ભેદ હૈં. આહાહા! યે સબ ઘોર સંસારકા મૂલ હૈ.

**(और) ध्यान-ध्येयादि सुतप (अर्थात् ध्यान, ध्येय आदिके विकल्पवाला शुभ तप भी)...** કહતે હૈં, વ્યવહારચારિત્ર ને વ્યવહારમુનિપના **कल्पनामात्र रम्य है...** આહાહા! કલ્પનામાત્ર રમ્ય કહનેમેં આતા હૈ. વ્યવહાર મોક્ષમાર્ગ કલ્પનામાત્ર રમ્ય હૈ. ધ્યાન-ધ્યેયકે ભેદ પડતે હૈં ન. વિકલ્પ ઉઠતે હૈં. **ध्यान-ध्येयादि सुतप** એટલે ભેદ વહ તો વ્યવહાર હૈ. વ્યવહાર ચારિત્ર કહો, વ્યવહાર તપ કહો, શુભરાગ કહો—યે વિકલ્પ હૈ. પાઠ હૈ કિ નહીં? **सुतप**. ઐસા હૈ ન? **कल्पनामात्र रम्य है...** 'સુતપ'કા અર્થ નિશ્ચય અપના સ્વભાવકે આશ્રયસે દૃષ્ટિ-જ્ઞાન આદિ હુઆ હૈ ઔર ઉસ પર્યાયમેં શુભવિકલ્પકા ભાવ વ્યવહારચારિત્રકા અને વ્યવહાર ધ્યાન-ધ્યેયકા

આતા હૈ વહ વ્યવહાર સુતપ કહનેમેં આતા હૈ. વ્યવહાર સુતપ, પણ હૈ કલ્પનામાત્ર રમ્ય. આહાહા! સમજમેં આયા?

નિજઘરમેં ગયે બિના જિતના પરઘરકે લક્ષસે ઉત્પન્ન હુઆ રાગ, વહ કલ્પનામાત્ર રમ્ય હૈ. કલ્પનામાત્ર મોક્ષમાર્ગ કહનેમેં આયા હૈ. રમ્યકા અર્થ વહ હૈ. કલ્પનામાત્ર મોક્ષકા માર્ગ કહો કિ વ્યવહાર કહો. યે (ભોક્ષમાર્ગ) હૈ નહીં. આહાહા! **ऐसा जानकर...** ક્યા કહા? સ્વદ્રવ્યકે આશ્રયસે જો ધ્યાન ઉત્પન્ન હો, વહી મોક્ષકા માર્ગ હૈ. પરલક્ષસે પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ, શાસ્ત્રશ્રવણ, મનન, ચિંતવન, વિકલ્પ વિગેરે ઉસે સુતપ વ્યવહારસે કહનેમેં આતા હૈ, પણ હૈ અરમ્ય. આહાહા! સમજમેં આયા? કલ્પનામાત્ર રમ્ય હૈ. રમનેલાયક નહીં એમ કહતે હૈં. ઉસમેં એકાગ્ર હોનેલાયક નહીં એમ કહતે હૈં. આહાહા! આ તો ભાઈ! અંતરના માર્ગ છે. કોઈ શબ્દસે, શાસ્ત્રસે વહ ચીજ નહીં મિલતી. વહ તો અંતરસે મિલતી હૈ. સમજમેં આયા?

**ऐसा जानकर धीमान...** ધી–(-**बुद्धिमान पुरुष**)... **ऐसा जानकर** બુદ્ધિમાન... ઉસકો બુદ્ધિમાન કહતે હૈં. દ્રવ્ય ચિદાનંદ ભગવાન અપને આનંદસ્વરૂપકા આશ્રય લેકર ધ્યાન હુઆ વહ મોક્ષમાર્ગ હૈ. વિકલ્પ કલ્પનામાત્ર રમ્ય હૈ, વહ મોક્ષમાર્ગ નહીં. **ऐसा जानकर धीमान...** દેખો! યે બુદ્ધિમાન. સમજમેં આયા? **सहज परमानंदरूपी पीयूषके पूरमें डूबते हुए (-निमग्न होते हुए)**... આહાહા! ભગવાન આત્મા સ્વભાવિક પરમાનંદરૂપી અમૃત હૈ. કૈસા હૈ આત્મા અંદર? વિષયસુખ આદિ આબરૂમેં તો સુખ હૈ હી નહીં, વહ તો અકેલા દુઃખ હૈ, પણ વ્યવહાર ચારિત્ર જિસે વ્યવહારસે સુતપ કહા યે ભી દુઃખરૂપ હૈ. આહાહા! ભગવાન આત્મા સ્વભાવિક પરમાનંદરૂપી પિયૂષ–અમૃત–પીનેલાયક અમૃત, પીનેલાયક ઐસા આત્મા.. આહા! 'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરનકી ક્યા કીજે.' વિકલ્પ આદિ ભાવમેં કુછ ઠીક હૈ ઐસી આશા ક્યા કરના? 'જ્ઞાન સુધારસ પીજે..' જ્ઞાન એટલે? ચૈતન્ય ભગવાન આનંદકંદ વહ સુધારસ–અમૃતકા રસ હૈ. યે નિર્વિકલ્પરસ પીના. આહાહા! સ્વભાવિક પરમાનંદસ્વરૂપ... અરે! એને વિશ્વાસ પણ ક્યાં બેસે છે? મૈં સ્વભાવિક પરમ અતીન્દ્રિય આનંદકી મૂર્તિ હૂં. સમજમેં આયા?

યે ચૂસતે હૈં ન, ક્યા? છોકરાઓ આઈસ્ક્રીમ કે કુલ્ફી. તો કહતે હૈં... કુલ્ફી ચૂસતે હૈં ન. ભગવાન કહતે હૈં, ભગવાન! તેરા અમૃતસે ભરા... પિયૂષ–અમૃત, પરમાનંદરૂપી અમૃત ઉસકો ચૂસ ન! પન્નાલાલજી! જુઓ! આ તમારે ધૂળ-બૂળમાં સુખ નથી, એમ કહતે હૈં. બંગલામાં, ફલાણામાં, ધૂળમાં. એવું બધું સાંભળ્યું છે. સાંભળ્યું છે ને. તમને અનુભવ ઘણો થઈ ગયો છે. કહો, સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ? અરે! તેરે પાસ તો અમૃત સાગર પડા હૈ ન, કહતે હૈં. અરે! થોડા તો પી. યે ઝેર પીતા હૈ. રાગકા ભાવ પીતા હૈ (વહ) તો ઝેર પીતા હૈ. આહાહા! સમજમેં આયા? યે શુભરાગ ભી અનુભવમેં આતા હૈ તો યે તો જહરકા અનુભવ હૈ. સ્વસ્વભાવકે આશ્રયસે અંતરમેં પર્યાય ઉત્પન્ન હો, ધ્રુવકે આશ્રયસે, ધ્રુવકે ધ્યાનસે, ધ્રુવકે

ધ્યેયસે જો અમૃતપર્યાય ઉત્પન્ન હો, આહાહા! યહાં તો આનંદરૂપી પિયૂષકા પૂર આત્મા હૈ અંદર. ઉસમેં ડૂબતે હુએ (વહ) પર્યાય હૈ. આહાહા!

ઇતને શબ્દમેં દોનોં માર્ગ દે દિયે. એક તો ભગવાન આત્મા સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતનું પૂર. પાણીકા પૂર આતા હૈ નદીમેં, દેખનેકો જાતે હૈં. ઓહો! હમારે પાણીકા પૂર આયા, પૂર તો આયા. વહ આયા નહીં, વહ જાતા હૈ. સમજમેં આયા? ઉસકે ગામમેં દિખતા હૈ કિ હમારે પૂર આયા. આયા ક્યા? વહ તો ચલતા જાતા હૈ. સમજમેં આયા? તેરે ગાંવકા ક્ષેત્ર તો અલ્પ ક્ષેત્ર રોકતા હૈ, વહ તો ચલતા જાતા હૈ. વહ તો અનિત્યપૂર હૈ. આહાહા! યે નિત્યપૂર આયા વહાં તો નજર દે. આહાહા! ભાઈ! તેરી રુચિ તો કર વહાં. તેરે અંદરમેં પોષાણ તો યે માલકા હૈ. વેપારીકા માલ પોષાતા હૈ તો લેતે હૈ કિ નહીં? સાડા ત્રણ રૂપિયે મણ લાવે ને ચાર ઉપજે તો લાવે. પણ ચાર રૂપિયે લાવે ને અહીં પોણાચાર રૂપિયે ખપે યે માલ ‘પોષાતા’ કહનેમેં આતા હૈ? આહાહા!

તેરે આત્માકા અમૃત પિયૂષ–અમૃતરૂપી પિયૂષ, યે તુજે પુસાતા હૈ? તુજે રુચતા હૈ? તુજે આશ્રય કરના હૈ? **डूबते हुए**.. આહાહા! ત્રિકાળી ભગવાન પરમાનંદરૂપી અમૃત વહ તો ધ્રુવ હૈ, ઉસમેં નિમગ્ન હોના વહ પર્યાય હૈ. **डूबते हुए**.. અંદરમેં પ્રવેશ કરતે હૈં. **ऐसे सहज परमात्माका-एकका आश्रय करते हैं.** દેખો! આહાહા! મુનિ પણ તત્ત્વના ભાવમાં ઉછળી ગયા છે. ઐસે એક સહજ પરમતત્ત્વ અપના. ઐસે એક સ્વભાવિક પરમતત્ત્વ અપના (ઉસકા) **आश्रय करते हैं.** ઉસકા આશ્રય કરતે હૈં. ધર્મી ઉસકા આશ્રય કરતે હૈં. આહાહા! એક. દૂસરા વ્યવહારતપ ઉસકા આશ્રય કરતે નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? દૂસરા વ્યવહારતપ, વ્યવહારચારિત્ર નિશ્ચય સહિત હો, ઉસકા ભી જ્ઞાની આશ્રય કરતા નહીં. આહાહા! ભારે કઠણ જગતને. હૈ તો તું હી ઉસ સ્વરૂપ. તેરે પાસ કહના વહ ભી વ્યવહાર હૈ. આહાહા! ઐસે એક... એટલે બીજું નહીં. વ્યવહારતપ, વ્યવહાર કલ્પના, ધ્યાન-ધ્યેયકી વિકલ્પ દશા—યે દૂસરા નહીં. સમજમેં આયા? આહાહા! નિચોડ હૈ ભાઈ! બારહ અંગકા નિચોડ હૈ વહ. એક સહજ પરમસ્વરૂપ ભગવાન આત્માકા આશ્રય કરતા હૈ ઉસકો આનંદકી દશાકા વેદન હોતા હૈ. યે આનંદકા વેદન વહ ધર્મ હૈ. (કોઈ કહતા હૈ), ‘ધર્મ દુઃખદાયક હૈ અને, અરે! ચારિત્ર મહાદુઃખદાયક હૈ.’ યે ચારિત્ર નહીં. ચારિત્ર તો આનંદદાયક હૈ. યે ચારિત્રકી વ્યાખ્યા ચલતી હૈ ન.

છહ ઢાલામેં આતા હૈ ન? વહ દુઃખરૂપ, નહીં? જ્ઞાન-વૈરાગ્ય. ‘આતમકે હિત હેતુ વિરાગ જ્ઞાન, તે લખે આપકે કષ્ટદાન.’ (ઢાળ ૨, છંદ ૬). ચારિત્ર તો કષ્ટદાન હૈ. અરેરે! તુજે ચારિત્રકી ખબર નહીં ભાઈ! ‘આપકો કષ્ટદાન..’ અરે! ચારિત્ર કષ્ટ(દાયક) હૈ. અરે ભગવાન! તું ચારિત્રકી અશાતના કરતા હૈ. ચારિત્ર તો આનંદદાયક હૈ, ઉસકો ચારિત્ર કહીએ. ધર્મ તો આનંદદાતા હૈ. ધર્મ દુઃખદાતા હૈ? હમેં કિતના કષ્ટ સહન કરના પડે, જંગલમેં રહના પડે. અરે!

કષ્ટ તો રાગ હૈ અથવા દ્વેષ હૈ. યે ચારિત્ર હૈ? ભગવાન આત્મા આનંદકા ધામ પ્રભુ હૈ. ધામમેં નિવાસ કરતા હૈ ઉસમેં આનંદ આતા હૈ, ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? શુદ્ધાનુભૂતિ લક્ષણવાલી રમણતા વહ ચારિત્ર હૈ. શુદ્ધાત્માનુભૂતિકી રમણતા વહ ચારિત્ર હૈ. સમજમેં આયા? આહાહા! યહ રાગમેં, મહાવ્રતમેં રમના વહ કોઈ ચારિત્ર હૈ નહીં. વહ કલશ પૂરા હુઆ ૧૨૩. ૯૩ ગાથા. વહ ૯૨કા (કલશ) થા ન? આ ૯૩. ધ્યાન એક ઉપાદેય હૈ. અપને સ્વરૂપકી એકાગ્રતા કરના વહ સર્વ અતિચારોંકા નાશકા ઉપાય હૈ. જુઓ!

**झाणणिलीणो साहू परिचागं कुणइ सव्वदोसाणं ।**
**तम्हा दु झाणमेव हिं सव्वदिचारस्स पडिकमणं ।।९३।।**

આહાહા! નિયમસાર અલૌકિક રત્ન હૈ.

**रे साधु करता ध्यानमें सब दोषका परिहार है,**
**अतएव ही सर्वातिचार प्रतिक्रमण यह ध्यान है. ९३**

આહાહા! **टीका : यहाँ (इस गाथामें), ध्यान एक उपादेय है ऐसा कहा है.** ઉસકા અર્થ? પૂર્ણાનંદ પ્રભુ આત્મા ઉસમેં એકાગ્રતા વહ ધ્યાન, વહી આદરણીય હૈ. આદરણીય તો દ્રવ્ય હૈ, પણ રાગકી આદરણીયતા છોડનેકી અપેક્ષાસે, વ્યવહારકે રાગકી હેયકી અપેક્ષાસે યે એક ઉપાદેય કહનેમેં આયા હૈ. સમજમેં આયા? **जो कोई परमजिनयोगीश्वर साधु...** મુખ્ય તો સાધુકા અધિકાર હૈ ન. ગૌણમેં સમકિતી ને પંચમ ગુણસ્થાનકા અધિકાર ભી આ જાતા હૈ. જિતના અંતર સ્વદ્રવ્યકા આશ્રય લેતા હૈ, ઇતના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ હૈ. ચૌથા ગુણસ્થાન હો, પાંચવા હો કે છઠ્ઠે હો. બારવેમેં આગે પૂર્ણ હો ગયા. યે તો સાધક હૈ ત્યાં તક. સમજમેં આયા? વહ વિકલ્પ હૈ ન સાથમેં. ચૌથે, પાંચવે, છઠવે ગુણસ્થાનમેં જિતના સ્વદ્રવ્યકા આશ્રય હુઆ ઇતના ધર્મ હૈ. ચૌથે ભી ઇતના, પાંચવે ભી ઇતના (કિ જિતના) આશ્રય લિયા. સમજમેં આયા?

એક વિચાર સવારમાં આવ્યો હતો. ઓલો આવ્યો હતો. આવે છેને કે અવ્રત છોડીને વ્રતમાં આવવું. એ સમાધિશતકમાં. 'વ્રતં આદાયં..' અવ્રત છોડીને... છાયામાં રહેવું ઠીક છે, તડકામાં રહેવું ઠીક નથી. ધૂપમેં રહના ઠીક નહીં. ઐસા આતા હૈ ન. સમાધિશતકમેં આતા હૈ, અષ્ટપાહુડમેં આતા હૈ. વહ પહલે કહા થા થોડા. વહ અવ્રતકો છોડકર વ્રતમેં રહનેકા અર્થ ક્યા? છાયા-તડકાકા દૃષ્ટાંત આયા હૈ ન? છાયામેં ખડા રહના વહ ધૂપસે અચ્છા હૈ. તડકા સમજે ન? ધૂપ. ઐસે અવ્રતમેં રહના ઉસ અપેક્ષા વ્રતમેં રહના અચ્છા હૈ. પણ ઉસકા અર્થ ક્યા? જબ સમ્યગ્દર્શન હૈ ઔર વ્રતકા વિકલ્પ આતા હૈ, તબ ઉસકી સ્થિરતા બઢ ગઈ હૈ. અકેલા વ્રત વિકલ્પ નહીં. ભાઈ! પહલે કહા થા એકબાર. એકવાર અર્થ કર્યો હતો અહીંયા.

આજ વળી સવારના એ યાદ આવ્યું રસ્તામાં. આ વ્રત-તપ... અવ્રતને છોડીને વ્રતમાં... અંદર શુદ્ધતા વધી છે, તબ વહ વ્રતકા વિકલ્પ હોતા હૈ. બાબુભાઈ! યહાં ઐસા કહા ન. ઓલામાં કહ્યું છે, બે-ત્રણ ઠેકાણે કહ્યું છે. અષ્ટપાહુડમાં પણ છે, સમાધિશતકમાં છે. ‘વ્રતં આદાયં..’ છોડકર... છે ને? અવ્રતમેં રહના, સમકિતીકો ભી હોં, વહ ધૂપમેં રહના હૈ. ઔર વ્રતમેં આના હૈ યે છાયામેં રહના હૈ. જબ લગ શુદ્ધોપયોગ પૂર્ણ ન હો તબ લગ ઉસે છાયામેં રહના. ઉસકા અર્થ ક્યા? અપને સ્વરૂપકા આશ્રય લિયા હૈ ઔર અવ્રતત્યાગમેં વ્રતકા વિકલ્પ જબ આત્માકો–જ્ઞાનીકો આતા હૈ, જબ ભલે પહલે વિકલ્પ આયા ઉસ વક્ત ન હો, પણ યથાર્થપને વ્રત જબ ઉસે કહનેમેં આતા હૈ તબ સ્વરૂપકે આશ્રયસે સ્થિરતા બઢ ગઈ હૈ. ત્યારે ઓલા વ્યવહારવ્રત ને વિકલ્પને વ્યવહારવ્રત કહેવામાં આવે છે.

અકેલા સમ્યગ્દર્શન સહિત અવ્રત છોડના, વ્રત–અકેલા વ્યવહારવ્રત લેના, ઐસા નહીં. આહાહા! એમ કહતે હૈં. સમજમેં આયા? શાસ્ત્રોકે અર્થમેં ફેર હૈ બહોત. ઐસે મહાવ્રત લે લો, ચારિત્ર લે લો ભૈયા! પણ કિસકો ચારિત્ર (કહતે હૈં)? વ્યવહારચારિત્ર કિસકો કહતે હૈં? જિસકો અપને આત્માકા આનંદકા વેદન અનુભવમેં આયા હૈ, સમ્યગ્દર્શનમેં આત્માકા સ્વાદ આયા હૈ, ઐસે સમ્યગ્દ્રષ્ટિકો જબ અવ્રત છોડકર વ્રતકા વિકલ્પ આતા હૈ, તબ આત્માકા આશ્રય ઉગ્ર હો જાતા હૈ. સમજમેં આયા? પણ વહ મુનિ જૈસા નહીં, માટે ત્યાં છાયાની વાત કરી. સમજમેં આયા? શ્રાવકકો હોતા હૈ ઐસા શુદ્ધોપયોગમેં અકેલા રમતા હૈ ઐસી દશાકો દેખે, પણ વ્રતકે વિકલ્પકે કાલમેં ભી અંદર સ્વરૂપકી સ્થિરતા હૈ, તબ વ્યવહારવ્રત કહનેમેં આતા હૈ. દો કષાયકા નાશ, અરે! તીન કષાયકા નાશ જબ હોતા હૈ, તબ વ્યવહારવ્રતકે વિકલ્પકો વ્યવહાર (મોક્ષમાર્ગ) કહનેમેં આતા હૈ. યે શુદ્ધ ઉપયોગકી રમતમેં–ધ્યાનમેં નહીં હૈ, વહાં લગ ‘ઇસમેં–(વ્રતમેં) આના’ ઐસે કહતે હૈં. આહાહા!

પંડિતજી! ઐસા અર્થ હૈ. નહીં તો કરો નક્કી. ઉસમેં અપને ક્યા? યહાં તો બાતકો છેડકર નક્કી કરનેકી બાત હૈ. યે કોઈ ગુપ્ત રખનેકી બાત નહીં હૈ. સમ્યગ્દ્રષ્ટિકો વ્રત લેના અને વ્રત કરના, ઉસકી વ્યાખ્યા ક્યા? આહાહા! ક્યા ચૌથે ગુણસ્થાનમેં વ્રતકા વિકલ્પ હોતા હૈ? સમજમેં આયા? વ્યવહારચારિત્ર ચૌથે આતા હૈ? પંચમસે હી આતા હૈ ઔર છટ્ઠે વિશેષ (હોતા હૈ). સમજમેં આયા? ઉસમેં આત્માકા ઉગ્ર અવલંબન લિયા હૈ. ઉગ્ર અવલંબન હૈ તો વ્રતકે વિકલ્પકો વ્યવહારચારિત્ર કહનેમેં આયા હૈ. ઉસે છોડકર જબ શુદ્ધોપયોગમેં રમતે હૈં, ઓહોહો! વહ તો ધન્ય અવતાર! વહ તો શુદ્ધ ઉપયોગ જો કરના થા વહ કિયા, અબ ઉસકા ફલ મોક્ષ હૈ. સમજમેં આયા?

**ध्यान एक उपादेय है...** ઐસા કહા યહાં તો. ઉપર પ્રશ્ન આયા ન. સ્વરૂપમેં અંતર ધ્યેયકો પકડ કરકે એકાગ્ર હોના વહ એક હી ઉપાદેય હૈ. (ધ્યાનકો) ઉપાદેય કહનેમેં આયા વહ

તો વ્યવહારવ્રતકો હેય (કહા ઉસ) અપેક્ષાસે ઉસકો ઉપાદેય કહા, ખરેખર ઉપાદેય તો દ્રવ્ય ઉપાદેય હૈ. વહ પહલે આ ગયા હૈ. સમજમેં આયા? યહાં આ ગયા. પરમાત્માકા આશ્રય કરતે હૈં. એક પરમાત્મતત્ત્વકો હી ઉપાદેય માનકર આશ્રય કરતે હૈ. યહાં વહ વ્યવહારતપ... પ્રતિક્રમણ અધિકાર હૈ ન. વ્યવહારચારિત્ર ને વ્યવહારપ્રતિક્રમણકા જો વિકલ્પ હૈ વહ હેય હૈ, જ્ઞેય હૈ, ઉસ અપેક્ષાસે આત્માકા ધર્મધ્યાન જ્ઞેય હૈ, પણ ઉપાદેય હૈ. સમજમેં આયા? આહાહા! ભારે માર્ગ. થોડા પણ સત્ય માર્ગ હોના ચાહીયે. અસત્યકી ગડબડ કરે માર્ગ હો જાય ઐસા હૈ નહીં. ભૈયા! હમારી શક્તિ નહીં. પણ શક્તિ ન હો તો પ્રગટ કરના. ઉસકે લિયે તો બાત ચલતી હૈ. અનંત કાલસે ઐસા હી બચાવ કિયા હૈ. નિરંતર પ્રતિક્રમણ રહતા હૈ સમકિતીકો.

વહ આતા હૈ, નહીં? સમયસારમેં પીછે. 'નિત્યં પડિકમણે કુણઇ, નિત્યં પ્રત્યાખ્યાન કુણઇ' ઐસા પાઠ આતા હૈ. મુનિ તો નિત્ય પ્રતિક્રમણ ને નિત્ય પચ્ચક્ખાણ કરતે હૈં, અપને દ્રવ્યકે આશ્રયસે નિત્ય હી રમતે હૈં. ઐસા પાઠ હૈ, શ્લોક હૈ સમયસારકે આખિરમેં. જેમાં ૪૯ ભંગ ચાલ્યાને. ૧૪૭ ભંગ ઉસકે બાદ હૈ ઐસા. આહાહા! વહ તો નિશ્ચય સ્વભાવકે આશ્રયસે હર સમય હૈ. પશ્ચાતાપ કરના ઐસા ભી કહાં હૈ? યે તો વિકલ્પ હૈ. સમજમેં આયા? વહ પહલે આયા થી કલ. પશ્ચાતાપ, નિંદા, ગૃહણા વહ તો શુભભાવ હૈ, વ્યવહારપ્રતિમક્રણ યે શુભભાવ હૈ—વહ (પ્રતિમક્રણ) નહીં. દ્રવ્યકે આશ્રયસે દ્રવ્યકી એકાગ્રતા જિતની પ્રગટી યે તો નિરંતર રહતી હૈ. આહાહા!

ઇસલિયે તો ઐસા કહા ન કિ સમકિતી તો પ્રશમ હૈ, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા..... આતા હૈ ન. વહ પ્રશમ હૈ, અનંતાનુબંધીકા અભાવ હુઆ ઉતના પ્રશમ તો નિરંતર હૈ. આહાહા! સમજમેં આયા? ... ભી નિરંતર હૈ ઔર પહલા કષાય ગયા, ઇતની પ્રશમતા-શાંતિ તો નિરંતર હૈ. પંચમ ગુણસ્થાનમેં સમ્યગ્દર્શન તો નિરંતર હૈ, પણ દો કષાય ગયે ઇતની શાંતિ-પ્રશાંતિ નિરંતર હૈ. આહાહા! ચાહે તો દુકાનકે ધંધે પર બૈઠા હો, સમજમેં આયા? અરે! વિષયકી વાસનાકે સંયોગમેં દેખનેમેં આવે, પણ દો કષાયકા અભાવ હૈ ઇતની શાંતિ તો કાયમ રહતી હૈ. નંદકિશોરજી! નંદકા આનંદ તો કાયમ રહતા હૈ એમ કહતે હૈં. આહાહા! નંદકિશોર હૈ-બાલક હૈ. ચૌથે ગુણસ્થાને નંદકિશોર હૈ. યે આગે બઢતે-બઢતે પંડિત હો જાતા હૈ. આહાહા!

કહતે હૈં, **ध्यान एक उपादेय है...** આહાહા! તો પછી આ ભગવાનની મૂર્તિ અને પ્રતિમા ને ભગવાનના દર્શન એ ઉપાદેય નથી—યે તો વહ આયા. અરે પંડિતજી! ક્યા કરના કિ નહીં અબ? શ્રાવકકો છહ વ્યવહાર આવશ્યક કાયમ કહતે હૈં. કહતે હૈં કિ નહી? દેવદર્શન, ગુરુપૂજા, સ્વાધ્યાય, સંયમ, તપ ને દાન—છ આવશ્યક વ્યવહાર. વહ આતા હૈ, ઐસા ભાવ ઉસ ભૂમિકાકે યોગ્ય આતા હૈ, પણ હૈ હેય. આહાહા! ગજબ છે ને! છ આવશ્યક કહના વ્યવહાર અને (ફિર) કહના હેય હૈ. પણ વ્યવહાર હૈ ન?

સોગાની થે ન, સોગાની નિહાલચંદભાઈ. ઉન્હોંને એક આત્મધર્મ લિયા, પહલે દેખા. તો ઉસમેં ઐસા આયા આત્મધર્મમેં કિ ભાઈ, છ આવશ્યકસે આત્મામેં એકાગ્ર હોના હી એક આવશ્યક હૈ. સ્વભાવમેં અવશ્ય કરનેલાયક આત્માકા આશ્રય વહી આવશ્યક હૈ. યે વાંચકર ઐસા હો ગયા ઉનકો, ઓહો! યે બાત યથાર્થ હૈ. આત્મધર્મ દેખા. અર્ઘ ચડાયા, જબ આત્મધર્મ દેખા. સમજમેં આયા? લિખા હૈ દો-તીન ઠિકાને. મુજે આત્મધર્મમેં 'એક આવશ્યક' પઢકર ઐસા અંતરમેં આનંદ આયા કિ મૈં હી જાનતા હૂં ક્યા આયા? છહ આવશ્યક વહ તો વિકલ્પ હૈ, વહ તો વ્યવહાર હૈ. નિશ્ચયસે યે દુઃખરૂપ હૈ, નિશ્ચયસે વહ અગ્નિ ભઠ્ઠી હૈ. પંડિતજી! ભારે. શાંતિ તો, જિતના કષાય ગયા ઔર આત્મામેં એકાગ્રતા હુઈ, યે એક આવશ્યક હૈ. શેઠ! પઢા હૈ ન? તુમકો દિયા હૈ. ખાનગી ... દિયા હૈ તુમકો. સમજમેં આયા? તીસરા ભાગ હૈ ન વહ શેઠકો દિયા થા. .... કોઈ સાધારણકો દેતે નહીં, ઐસી ગુપ્ત ચીજ હૈ યે. ધારણ કરના કઠણ હૈ.

વહાં તો (કહા કિ) દેવ-ગુરુ-શાસ્ત્ર અનાયતન હૈ. જહાં વ્યવહારસમકિતકા લખાણ આયા, વહાં (આયા કિ) છહ આયતન—દેવ-ગુરુ-શાસ્ત્ર ને દેવ-ગુરુ-શાસ્ત્રકે માનનેવાલે ઉનકો માનના છહ આયતન હૈં, યે વિકલ્પ હૈ. યે આયતન નહીં. આયતન એટલે સ્થાન, આયતન એટલે ઘર, આયતન એટલે નિલય–મકાન. યે અપના આત્મા આયતન હૈ. આહા! યે તો પરદ્રવ્ય હૈં. પરદ્રવ્યમેં રહનેકા સ્થાન યે આયતન હૈ? એ નવરંગભાઈ! નવરંગભાઈ કહે, એ સાંભળીને... યાદ છે કિ નહીં? છહ આયતન આયા થા ન રાત્રિકો? આહાહા! પંડિત લોગ વિરોધ કરેંગે, કહે. યાદ હૈ નવરંગભાઈ? એકવાર ખ્યાલમાં આવ્યું હોય પછી કાંઈ... સ્વાધ્યાય મંદિરમેં રાત્રિકો વાંચતે થે. પાટકે પાસ બૈઠે થે. યે આયા કિ દેવ-ગુરુ-શાસ્ત્ર ભી અનાયતન હૈં. એ મૂળચંદભાઈ! નવરંગભાઈ આવ્યા. કહે, લોકો વિરોધ કરશે. માર્ગ તો ઐસા હૈ. યે તો ક્યા કહતે હૈં? દેખો! આયતન તો આત્મા હૈ. ઉસમેં એકાગ્ર હોના વહી નિશ્ચય આયતન હૈ. ઐસા વિકલ્પ આતા હૈ. જબ લગ વીતરાગતા ન હો, તબ લગ ઐસા ભાવ આતા હૈ, પણ યે ખરેખર આયતન નહીં. વહાં રહનેસે જો મુક્તિ હો જાય તો તો વ્યવહારસે મુક્તિ હો ગઈ. વહાંસે લક્ષ છોડકર જબ સ્વરૂપમેં એકાગ્ર હોતા હૈ તબ મુક્તિ હોતી હૈ. વહ આયતન તો આત્મા હૈ. આહાહા! કહો, ભીખાભાઈ! આહાહા!

**जो कोई परमजिनयोगीश्वर साधु—अति आसन्नभव्य जीव...** આહાહા! જિનકા સંસારકા કિનારા નજીક આ ગયા હૈ. કુંદકુંદાચાર્ય માટે લિયા હૈ ન પ્રવચનસારમેં કિ સંસારકા કિનારા આ ગયા હૈ. આહાહા! મોક્ષકા પાટન જિસકો નજીક હો ગયા હૈ. આહાહા! સમજમેં આયા? અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્ય માટે કહે છે. પંચમહાવ્રતધારી હૈં ઔર તીન કષાયકા અભાવ હૈ અમૃતચંદ્રાચાર્યકો. સમજમેં આયા? વહ કહતે હૈં કિ કુંદકુંદાચાર્ય ઐસે થે. અરે! પરોક્ષ હૈં ન? આપકો ને ઉનકો ૯૦૦ વર્ષકા અંતર પડ ગયા. તો ઐસે કૈસે આપને નિર્ણય કર લિયા? ઉનકા ભાવ દેખકર નિર્ણય કર લિયા. સમજમેં આયા? છદ્મસ્થ ભી નિર્ણય કર સકતે હૈં. આતા હૈ કિ નહીં વહ? પ્રવચનસાર.

સંસાર સમુદ્રકા કિનારા જિનકો નિકટ હૈ... સંસ્કૃત ટીકા હૈ હોં. **कश्चिदं आसन संसार पारावारं पार**.. સંસ્કૃત ટીકા હૈ. આહાહા! અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સંત (જિન્હેં) સત્યકા બોલના  હૈ ઔર અસત્યકા ત્યાગ હૈ. વે કુંદકુંદાચાર્ય માટે કહતે હૈં, 'જિનકે સંસાર સમુદ્રકા કિનારા નિકટ હૈ, સાતિશય ઉત્તમ વિવેકજ્યોતિ પ્રગટ હો ગઈ હૈ... ઐસે આસન્નભવ્ય મહાત્મા શ્રીમદ્ ભગવંત કુંદકુંદાચાર્યદેવ...' આહાહા! ઉસકા ધ્વનિ સુને, ઉસકા ભાવ દેખે તો ખબર પડે કિ ક્યા હૈ યહ ચીજ! જિનકો સાતિશય વિવેકજ્યોતિ... એમ લિખા હૈ. ઐસી સાતિશય વિવેકજ્યોતિ કિ જો જ્યોતિ પડનેવાલી નહીં. ઐસે કે ઐસે વિવેકસે કેવળજ્ઞાન લેંગે. આહાહા! સમજમેં આયા?

'પરમ ભેદવિજ્ઞાનકા પ્રકાશ ઉત્પન્ન હો ગયા હૈ તથા સમસ્ત એકાંતવાદરુપ વિદ્યાકા અભિનિવેષ અસ્ત હો ગયા હૈ..' એકાંતવાંદ નાશ હો ગયા. અનેકાંતસ્વરૂપ ભગવાન આત્મા... અપનેમેં હૈ, પરસે નહીં, અપનેસે હૈ ઔર પરસે નહીં, નિશ્ચયસે હૈ ઔર વ્યવહારસે નહીં.— ઐસી અનેકાંત વિદ્યા જિનકો પ્રગટ હુઈ હૈ. 'પારમેશ્વરી અનેકાંતવાદવિદ્યાકો પ્રાપ્ત કરકે...' આહાહા! 'સમસ્ત પક્ષકા પરિગ્રહ (શત્રુ-મિત્રાદિ સમસ્ત પક્ષપાત)...' હમારે સંપ્રદાયકે લિયે ઐસા કહના ઉસકા..... સમભાવ હો ગયા હૈ. 'અત્યંત મધસ્થ હોકર, સર્વ પુરુષાર્થમેં સારભૂત, હોનેસે આત્માકે લિયે અત્યંત હિતતમ ભગવંત પંચપરમેષ્ઠીકે પ્રસાદસે ઉત્પન્ન હોનેયોગ્ય...' દેખો! નિમિત્ત હૈં ન પરમાત્મા. પંચપરમેષ્ઠી નિમિત્ત હૈં. અપના આત્મા ઉપાદાન હૈ. તો કહતે હૈં, અહો! ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદ–પ્રસન્નતા–ભગવાનકી કૃપા... વીતરાગકી કૃપા હોતી હૈ? વીતરાગકો પ્રસન્નતા હોતી હૈ? આહાહા! હમારી નિર્વિકલ્પ પ્રસન્નતા હમકો પ્રગટ હુઈ, ભગવાનકે જ્ઞાનમેં ઉસ સમયમેં ઐસા આયા વહી હમારે પ્રતિ ભગવાનકી પ્રસન્નતા હૈ. આહાહા! સમજમેં આયા? સર્વજ્ઞ પરમાત્મા, પંચ પરમેષ્ઠી આદિ સબ, પંચ પરમેષ્ઠીકી હમારે પર કૃપા હૈ એમ કહતે હૈં.

'પ્રસાદસે ઉત્પન્ન હોને યોગ્ય પરમાર્થસત્ય અક્ષય મોક્ષલક્ષ્મીકો ઉપાદેયરુપસે નિશ્ચિત કરતે હુએ પ્રવર્તમાન તીર્થકે નાયક (શ્રી મહાવીરસ્વામી) પૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીકો પ્રણમન ઔર વંદનસે હોનેવાલે નમસ્કારકે દ્વારા સન્માન કરકે સર્વારંભસે (ઉદ્યમસે) મોક્ષમાર્ગકા આશ્રય કરતે હુએ પ્રતિજ્ઞા કરતે હૈં.' આહાહા! મૈં પ્રવચનસાર કહૂંગા. આહાહા! દેખો! મુનિકી નિશ્ચય દશા વહ મુનિકો અનુભવમેં આ ગઈ, છદ્મસ્થકો. કોઈ કહતે હૈં ન કિ કેવલી જાને. દ્રવ્યલિંગ હૈ કિ ભાવલિંગ હૈ (યે) કેવલી જાને. અરે ભગવાન! ક્યા કહતે હો તુમ? સમજમેં આયા? બાબુભાઈ! યે ભાવલિંગ હૈ વહ નિર્ણય કિયા કિ નહીં છદ્મસ્થને? કેવલી હૈં વે? અમૃતચંદ્રાચાર્ય છદ્મસ્થ હૈં, ભાવલિંગી મુનિ થે, સંસાર કિનારા નજીક આ ગયા હૈ. મોક્ષકે પાટનમેં પગ દિયા હૈ. આહાહા!

સંસાર દાવાનલકા અંત (ઔર) અનંત-અનંત આનંદકી શુરૂઆત ઐસા મોક્ષ જિસકો નજીક હૈ. એકાદ ભવમેં કેવલજ્ઞાન પાયેગા. કુંદકુંદાચાર્ય મહારાજ વર્તમાનમેં તો સ્વર્ગમેં હૈં.

પંચમ આરાકે મુનિ થે, કેવલજ્ઞાન નહીં થા. રાગ બાકી રહ ગયા, અપરાધ હુઆ શુભકા. આહાહા! અપરાધકા ફલ ગતિ હૈ. ક્યા નિરપરાધ ગુણકા (-પર્યાયકા) ફલ ગતિ હૈ? નિરપરાધ ફલકી ગતિ હૈ, પણ સિદ્ધ. સમજમેં આયા? ચાર ગતિ તો અપરાધકા ફલ હૈ. ચાહે તો સ્વર્ગમેં સર્વાર્થસિદ્ધિમેં જાઓ. આહાહા! ભારે ગજબ સંતોએ કામ કર્યા છે ને! આહાહા! પ્રદેશ, અસંખ્ય પ્રદેશ ખીલ જાય ઐસી બાત હૈ. સમજમેં આયા?

અરે ભગવાન! કહતે હૈં કિ એક ધ્યાન હી ઉપાદેય હૈ. ભગવાન! આપ કહતે હો કિ આપ ઉપાદેય નહીં હમકો? આપ ઐસે કહતે હો? ભગવાન! આપને તો કહા હૈ ન. તુમ્હારે પ્રસાદસે તો પઢા હૈ. યહાં કહતે હૈં કુંદકુંદાચાર્ય કિ ધ્યાન હી એક ઉપાદેય હૈ. **झाणणिलीणो साहू...** તો પ્રભુ! આપકી વાણી ને આપ? આપ કહતે હો કિ હમ ને હમારી વાણી ઉપાદેય નહીં.—ઐસે આપ કહતે હો? હા, હમ ઐસે કહતે હૈં. નંદકિશોરજી! આહાહા! આ તો મોક્ષમાર્ગની રમતું છે. ભજન ગાય છે ને? ઓલા નંદ શ્રીકૃષ્ણ, નહીં? નંદનું. પરમ દિ' ગાતા નહીં ત્યાં? એ આવે છે ભજન એક. 'નંદરાજ નહીં રે આવું, રે ઘરે કામ છે.' એ ગાય છે એ લોકો. ભાષા ભૂલી ગયા. એ ગાય છે આપણે ખાખરીયામાં કણબી લોકો બધાય. હા, એ. 'નંદરાજ નહીં રે આવું, રે ઘરે કામ છે, કામ છે, કામ છે, કામ છે રે, નંદરાજ નહીં રે આવું, રે ઘરે કામ છે.' એમ અહીં તો નંદરાજ એટલે આત્મા હોં. મારે ઘરે કામ છે, હવે હું રાગમાં નહીં આવું, એમ. એ હરિ એટલે આ આત્મા. 'પાપં–ઓઘં હરતિ ઇતિ હરિ.' પાપ ને પુણ્યના ઓઘને નાશ કરનાર ભગવાન આત્મા તે હરિ. પંચાધ્યાયીમેં લેખ હૈ. પંચાધ્યાયીમેં હરિકી વ્યાખ્યા હૈ. 'પાપં હરતિ ઇતિ હરિ.' ઐસા પંચાધ્યાયમેં શ્લોક હૈ. ભગવાન આત્મા હી હરિ હૈ. અજ્ઞાન ને રાગ-દ્વેષકા હનન કરનેવાલા યે હરિ, યે હરિ આત્મા હૈ. આહાહા! યે આત્માકા ધ્યાન, આહાહા! એક ઉપાદેય ઐસા કહા.

**जो कोई परमजिनयोगीश्वर साधु...** પરમ, જિન ને યોગીશ્વર—આટલા શબ્દ વાપર્યા છે. આહાહા! યે સમકિતી જિન હૈ, યોગી ભી હૈ, પણ પરમજિનયોગીશ્વર તો સાધુ હૈ. સમજમેં આયા? જિતના સ્વરૂપમેં યોગ–એકાગ્રતા કી હૈ ઇતના યોગી તો સમકિતી ભી હૈ. પણ યહાં તો પરમજિનયોગીશ્વર... આહાહા! 'સંત નિરંતર ચિંતત ઐસે..' આતા હૈ કિ નહીં? ભજનમેં આતા હૈ. આહાહા! 'સંત નિરંતર ચિંતત ઐસે, આતમરૂપ અબાધા.' આહાહા! પરમાત્મા નિજાનંદસ્વરૂપ જિસમેં કોઈ બાધા, વિઘ્ન, વેરવિરોધ હૈ હી નહીં. ઐસા આનંદકા કંદ નાથ ઉસકા ચિંતવન મુનિ કરતે હૈં. 'સંત નિરંતર ચિંતત ઐસે..' આહાહા! .... રાગાદિ. બરાબર હૈ. રાગ.. રાગ હૈ. રાગ સબ છોડનેલાયક હૈ. ઉસકા–વ્યવહારકા મેરે સાથ કામ નહીં. યે રાગ હૈ.

**जो कोई परमजिनयोगीश्वर साधु—अति आसन्नभव्य जीव...** ઓહો! જેના મુક્તિના આસન નજીક થઈ ગયા છે. આસન્ન એટલે નજીક. **अति आसन्नभव्य जीव, अध्यात्मभाषासे पूर्वोक्त स्वात्माश्रित निश्चयधर्ममें लीन होता हुआ...** દેખો! આ ધર્મધ્યાન, કહતે હૈં, શુભભાવ

વહી ધર્મધ્યાન હૈ, ઐસા અભી ચલતા હૈ. પત્રોમેં ભી આતા હૈ. યહાં ભગવાન કહતે હૈં કિ પૂર્વોક્ત સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન... શુભભાવ તો વ્યવહાર હૈ. વહ તો પહલે કહા કિ કલ્પનામાત્ર રમ્ય હૈ. સ્વાત્માશ્રિત-ભગવાન આત્માકે આશ્રિત નિશ્ચયધર્મધ્યાન... દેખો! આત્મામેં, નિશ્ચયધર્મધ્યાન આત્માકે આશ્રયસે હોતા હૈ. **लीन होता हुआ अभेदरूपमें स्थित रहता है...** અભેદ ભગવાનમેં સ્થિર રહતા હૈ. આહાહા! નિધાન જિસકો ખુલ ગયા હૈ. આહાહા! અજ્ઞાનીને રાગ ને સ્વભાવકી એકતાબુદ્ધિમેં નિધાનકો તાલા દે દિયા હૈ. કહતે હૈં કિ મુનિ અને જ્ઞાનીકો રાગ ઔર સ્વભાવ (બીચ)કી એકતા તૂટ ગઈ હૈ. આહાહા! નિધાન ખુલ ગયા હૈ. બસ જિતના એકાગ્ર હો ઇતની શાંતિ પ્રગટ હોગી. સમજમેં આયા? ધર્મીકો આત્મનિધાનકી કૂંચી ખુલ ગઈ હૈ. તાલા બંધ થા યે ખોલ દિયા હૈ. પુણ્યકે વિકલ્પકી એકતાબુદ્ધિસે મિથ્યાત્વરૂપી તાલા દે દિયા થા. આહાહા! મલૂકચંદજી! આહાહા! અલૌકિક બાત હૈ ભગવાન! અરેરે! એવા અવસર ક્યાં..? આહાહા! સુનનેમેં ઐસી ચીજ (મિલતી નહીં ઔર) સુનનેકા કાલ ભી બહોત થોડા મિલતા હૈ. આહાહા!

કહતે હૈં, **अभेदरूपमें स्थित रहता है...** અભેદરૂપ તો દ્રવ્ય હૈ, પણ ઉસમેં અભેદરૂપસે સ્થિર રહતા હૈ, ભેદ નહીં કરતા એમ કહતે હૈં. વિકલ્પકા ને રાગકા ભેદ (ખડા) કરતા નહીં. આહાહા! ઐસા નિર્વિકલ્પ અનુભવ ચૌથેસે હોતા હૈ, પણ વહાં સ્થિરતા અલ્પ હૈ, પંચમમેં વિશેષ સ્થિરતા હૈ, છટ્ઠેમેં વિશેષ, સાતમેમેં વિશેષ. સમજમેં આયા? **अभेदरूपमें स्थित रहता है अथवा सकल क्रियाकांडके आडम्बर रहित...** વહ ધર્મધ્યાનકી બાત કી પહલે. અબ શુક્લધ્યાનકી. **सकल क्रियाकांडके आडम्बर...** દેખો! ક્રિયામેં સબ આડંબર હૈ વિકલ્પકા. આહાહા! **और व्यवहारनयात्मक भेदकरण... भेदकरण—भेद करना वह, भेद डालना वह (समस्त भेदकरण—ध्यान-ध्येयके विकल्प भी व्यवहारनयस्वरूप है.)** ધ્યાન કરનેલાયક ધ્યેય આત્મા ઔર મૈં ધ્યાન કરતા હૂં—વહ ભેદ ભી વિકલ્પ-રાગ હૈ, વ્યવહારનયસ્વરૂપ હૈ. ઓહોહો!

ઉસસે રહિત... ઉસસે રહિત **समस्त इन्द्रियसमूहसे अगोचर...** ઇન્દ્રિયસે ગમ્ય નહીં **ऐसा जो परम तत्त्व—शुद्ध अन्तःतत्त्व...** પાછું 'પરમતત્ત્વ'ની વ્યાખ્યા... સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, પુણ્ય-પાપ યે પરમતત્ત્વ નહીં, યે અપરમતત્ત્વ હૈં. આહાહા! ત્રિકાળી ભગવાન પૂર્ણ તત્ત્વ, **परम तत्त्व—शुद्ध अन्तःतत्त्व, तत्सम्बन्धी भेदकल्पनासे...** ઉસ સંબંધી ભેદકલ્પનાસે રહિત... **निरपेक्ष निश्चयशुक्लध्यान-स्वरूपमें स्थित रहता है...** બે—એક સ્વદ્રવ્યાશ્રિત નિશ્ચય ધર્મધ્યાન અને સ્વદ્રવ્યાશ્રિત વિકલ્પરહિત નિર્વિકલ્પ શુક્લધ્યાન. નીચે હૈ ન. **निरपेक्ष—उदासीन, निःस्पृह, अपेक्षारहित । (निश्चयशुक्लध्यान शुद्ध अंतःतत्त्व सम्बन्धी भेदोंकी कल्पनासे भी निरपेक्ष है.)**

**वह (साधु) निरवशेषरूपसे अंतर्मुख होनेसे...** નિરવશેષરૂપસે... બિલકુલ વિકલ્પકા ભાગ નહીં. અંતર્મુખ.. અંતર્મુખ.. અંતર્મુખ.. પર્યાયકો અંતર્મુખ કિયા (અર્થાત્) દ્રવ્યકે સન્મુખ કિયા. આહાહા! ભાષા પણ કઠણ. **प्रशस्त-अप्रशस्त समस्त मोहरागद्वेषका परित्याग करता है...** લ્યો. શુભ કે અશુભરાગ સર્વકા ત્યાગ હો જાતા હૈ. ઉપદેશ તો ક્યા કરે? **इसलिये (ऐसा सिद्ध हुआ कि) स्वात्माश्रित ऐसे दो निश्चयधर्मध्यान...** દેખો! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વભાવ ઐસા અપના નિજ અનંત ગુણકા પિંડ પ્રભુ, ઉસકે આશ્રયસે નિશ્ચય ધર્મધ્યાન–સ્વાત્માશ્રિત ઐસા નિશ્ચયધર્મધ્યાન **और निश्चयशुक्लध्यान वे दो ध्यान ही सर्व अतिचारोंका प्रतिक्रमण है.** લ્યો. મુજે પાપ લગ ગયા હૈ તો મુજે પ્રાયશ્ચિત દો, યે તો સબ શુભવિકલ્પ હૈ. સ્વરૂપમેં લીન હોના, ધ્યેયમેં ધ્યાનસે લીન હોના, યે સર્વ પાપકા નાશ કરનેકા ઉપાય હૈ. ઉસકો વાણીકી ભી જરૂર નહીં, ગુરુકે પાસ જાનેકી જરૂર નહીં એમ કહતે હૈં. અપને ગુરુકે (-આત્માકે) પાસ જાકર લીન હોના. પહલે તો કહા કિ ગુરુકી સાક્ષીસે કરના યે શુભરાગ હૈ. અપના ગુરુ ભગવાન આત્મા નિજાનંદ ઉસકે સમીપ જાકર ધ્યાન કરના, યે સર્વ દોષકા નાશ કરનેકા ઉપાય હૈ, યે પ્રતિક્રમણ હૈ. ઉસકા નામ ભગવાન પ્રતિક્રમણ કહતે હૈં, લ્યો.

**(अब इस ९३वीं गाथाकी टीका पूर्ण करते हुए टीकाकार मुनिराज श्लोक कहते हैं)** :

**शुक्लध्यानप्रदीपोऽयं यस्य चित्तालये बभौ।**
**स योगी तस्य शुद्धात्मा प्रत्यक्षो भवति स्वयम्।।१२४।।**

શુક્લ નામ ઉજળું ધ્યાન. **श्लोकार्थ : यह शुक्लध्यानरूपी दीपक जिसके मनोमंदिरमें प्रकाशित हुआ...** ઐસા ઉજ્જ્વલ ધ્યાન, પવિત્ર ધ્યાન, આત્મા તરફકે ઝુકાવસે ઉત્પન્ન હોનેવાલા ધ્યાન, સ્વદ્રવ્યકે આશ્રયસે ઉત્પન્ન હોનેવાલા ધ્યાન **प्रकाशित हुआ, वह योगी है...** યે યોગી, આ યોગી કહનેમેં આતા હૈ. ઓલા પ્રાણાયમ (કરનેવાલેકો) યોગી કહતે હૈં, યે યોગી નહીં. સમજમેં આયા? આહાહા! આ સમાધિ. ઓલા તો આમ કરીને બેસે, આમ કરીને બેસે. શું ધૂળ છે? એક આયા થા. અહીંયા રામજીભાઈને મળ્યા હતા ભાઈ. પંદર દિવસ સુધી અહીંયા ખાડો ગાળીને અંદર રહેતો. માથે ધૂળ વાળી નાખે ધૂળ. પંદ્રહ દિન. પણ આચરણ સમજવા જેવા. વ્યવહારની રીતિ-નીતિમાં ફેર. સબ હમકો ખબર હૈ. યહાં આયા થા. પંદર દિન સુધી... ઐસી વિદ્યા હૈ. પંદર દિન વાળ ભી ન વધે, ક્ષુધા, તૃષા ભી.... નખ ન વધે પંદર દિન. આયા થા. પણ વહ તો અજ્ઞાન હૈ. સમજમેં આયા? અહીં ગુરુકુળમાં આવ્યો હતો. ના, ના, એ તો એ જાતની વિદ્યા.

યહાં તો અંતરકા આનંદ ધ્યાનકી ગુફામેં જાકર... ૪૯ ગાથામેં લિયા હૈ સમયસાર. જયસેનાચાર્યને લિખા હૈ. 'નિર્વિકલ્પ ધ્યાનરૂપી ગિરિગુફા' ઐસા પાઠ હૈ. ૪૯ ગાથા. જયસેના આચાર્ય. સમજમેં આયા? ઐસી ગુફામેં જાકર **दीपक जिसके मनोमंदिरमें प्रकाशित हुआ** આત્મા... આહાહા! ઝળહળ જ્યોતિ જેના પ્રકાશની પર્યાય પ્રગટ થઈ. **उसे शुद्ध आत्मा स्वयं**

**प्रत्यक्ष होता है.** ઉસકો પરમાત્મા-આત્મા પ્રત્યક્ષ હો જાતા હૈ. આનંદકે વેદનમેં ઉસકી પ્રત્યક્ષતા આ જાતી હૈ. ઉસકા નામ ધ્યાન ને ઉસકા નામ યથાર્થ પ્રતિક્રમણ કહનેમેં આતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૪, ગુરુવાર, તા. ૫-૮-૧૯૭૧**
**ગાથા-૯૪, શ્લોક ૧૨૫-૧૨૬, પ્રવચન નં. ૮૬**

નિયમસાર ચલતા હૈ. નિયમ ઔર સાર–દો શબ્દ હૈં ન ઉસમેં? નિશ્ચયસે કર્તવ્ય–(કરને)લાયક જો હૈ ઉસકો નિયમ કહતે હૈં. નિયમસાર મોક્ષમાર્ગકી પર્યાયકા અધિકાર હૈ. નિયમસાર(કા અર્થ) મોક્ષમાર્ગ હૈ ન. મોક્ષમાર્ગ તો પર્યાય હૈ, પણ વહ નિયમસાર ઐસા મોક્ષકા માર્ગ, સાર નામ વ્યવહાર રહિત... અકેલા ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્યમેં અંતર્મુખ હોકર અંતરકી એકાગ્રતામેં જ્ઞાન-દર્શન-ચારિત્રકી પર્યાય હોતી હૈ ઉસકો યહાં નિયમસાર (કહા). સાર નામ વ્યવહાર રહિત. 'વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે' એ આવી ગયું છે. ત્રીજી ગાથા. અપના આત્મા પરસે... પ્રતિક્રમણ હૈ ન. વહ ચારિત્રકા પેટા ભેદ હૈ. જબ આત્મા પરસે હઠકર—વિકલ્પસે, નિમિત્તસે અને એક સમયકી પર્યાયકી રુચિસે હઠકર—અંતર જ્ઞાયકભાવમેં અંતર્મુખ દૃષ્ટિ, જ્ઞાન ને વલણકો કરતા હૈ, ઉસકા નામ નિયમ હૈ. અને વ્યવહારસે... વહ વ્યવહાર પરલક્ષી હૈ, ઉસસે રહિત ઐસા આત્માકી વીતરાગી પરિણતિ–વ્યવહારકે રાગરહિત આત્માકી વીતરાગીદશા વહ નિયમસાર, વહ મોક્ષકા માર્ગ હૈ. આહાહા!

સુબહમેં પૂછતે થે કિ અંતર્મુખ કૈસે હોના? વહ બાત તો ચલતી હૈ સાંજ-સવાર. સાંજ-સવાર વહી ચલતી હૈ. વર્તમાન પર્યાય પર તરફકે લક્ષમેં હૈ ઉસકો અંતરમેં મોડના ઉસકા નામ અંતર્મુખ હોના. (પહલેકી) પર્યાય જો હૈ વહ તો બહિર્મુખ હૈ. જો વર્તમાન જ્ઞાનાદિકી પર્યાય હૈ વહ બહિર્મુખ હૈ. અબ વહ પર્યાય તો અંતર્મુખ હો સકતી નહીં. સમજમેં આયા? ઔર પીછેકી પર્યાય હજી ઉત્પન્ન હુઈ નહીં, તો પર્યાયકો અંતરમેં મોડના ઉસકા અર્થ ક્યા? એ ધન્નાલાલજી! સમજમેં આયા? ભગવાન ચૈતન્યસાગર પ્રભુ અનંત આનંદકા ધામ ધ્રુવધામ ઉસ તરફ પર્યાયકો ઝુકાના, ઉસકા અર્થ ક્યા? વર્તમાન પર્યાય તો રાગ ઉપર, પર ઉપર હૈ. વહ પર્યાય ઉત્પાદ હો ગયી, તો ઉસ પર્યાયકો દ્રવ્ય તરફ ઝુકાના હોતા નહીં. ઔર પીછેકી પર્યાય જો પીછે (આનેવાલી) હૈ વહ તો ઉત્પન્ન હુઈ નહીં, તો ઉસ પર્યાયકો દ્રવ્યમેં મોડના કૈસે કહતે હૈં? ઉસકા અર્થ યે હૈ કિ જો પર્યાય પરસન્મુખ હૈ ઉસ કાલકે પીછે અંતર્મુખ હો, અંતર્મુખ હો, તો યે પર્યાય 'અંતર્મુખ લાયે' ઐસા કહનેમેં આતા હૈ. ઐસી બાત હૈ. ધન્નાલાલજી! કઈ પર્યાય...? આહાહા!

દુબારા. નયે હૈં ન નયે. પૈસેમેં ફંસ ગયે હૈં ન. કમાણી.. કમાણી. ધન્નાલાલજી! દુબારા કહો, એમ કહે છે. કહતે હૈં, જો યે આત્મા હૈ વહ તો ધ્રુવ ચિદાનંદ આત્મા, ખરેખર તો પરમાત્મા હૈ. ઉસ તરફકા ઝુકાવ તો અનાદિસે હૈ નહીં. ઝુકાવ કરનેવાલી તો પર્યાય હૈ–અવસ્થા પ્રગટ હૈ વહ. વહ પર્યાય જો અવસ્થા હૈ વહ તો રાગ તરફકે ઝુકાવવાલી હૈ, વહ બહિરાત્મબુદ્ધિ હૈ. સમજમેં આયા? બહિર્ નામ રાગ અપનેમેં હૈ નહીં ઉસ તરફ જ્ઞાનકી પર્યાય ઝુક ગઈ, ઉસકા

નામ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ હૈ. અબ ઉસે–અપની પર્યાયકો દ્રવ્ય સન્મુખ લેના. કિસ પર્યાયકો લેના? વહ પર્યાય તો બહિર્બુદ્ધિ હૈ. સમજમેં આયા? પણ ઉસકા અર્થ યે હૈ કિ જો પર્યાય પરસન્મુખ હૈ ઉસકા લક્ષ છોડ દો ઔર દ્રવ્યકા લક્ષ કરો અંદર, તો લક્ષ કરનેસે જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ યે પર્યાય અંતરમેં મુડી ઐસે કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા?

માર્ગ વીતરાગકા અમૂલ્ય હૈ. અમૂલખચંદજી! અમૂલ્ય હૈ. આહાહા! બાહ્ય વાણીસે પ્રાપ્ત હો ઔર વિકલ્પસે પ્રાપ્ત હો, યે ચીજ ઐસી નહીં. અંતરમેં ભગવાન... યહાં કહેંગે ૯૪મેં. વ્યવહાર પ્રતિક્રમણ ભગવાન આચાર્યોંને બતાયા હૈ, ઐસા મુનિકો વ્યવહાર વિકલ્પ આતા હૈ. સમજમેં આયા? પણ મુનિ તો સમ્યગ્દૃષ્ટિ અનુભવી હૈં. અપને આત્માકા આનંદકા સ્વાદ આ ગયા હૈ ઔર ચારિત્રદશા તીન કષાયકે અભાવકી હૈ તો બહોત આનંદકા સ્વાદ આ ગયા હૈ, પ્રચૂર સ્વસંવેદન. પણ જબ લગ ઉસમેં–અંદરમેં સ્થિર ન હો સકે, તો પહલે વ્યવહાર પ્રતિક્રમણકા વિકલ્પ આતા હૈ. પહલે નામ મિથ્યાદૃષ્ટિકી બાત નહીં યહાં. સમજમેં આયા? છટ્ઠે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ મુનિ ઉસકો તીન કષાયકે અભાવ(રૂપ) પ્રતિક્રમણ–ચારિત્ર તો હૈ હી, પણ અંદરમેં સ્થિરતારૂપ શુદ્ધ ઉપયોગ નહીં, તો કહતે હૈં કિ પહલે અશુભકો છોડકર પ્રતિક્રમણમેં આના ઐસા શુભભાવ આતા હૈ, શુભભાવ હોતા હૈ ઔર વ્યવહારનયસે ઐસા કહનેમેં આતા હૈ કિ વ્યવહાર પ્રતિક્રમણ કરના.—ઐસે બોલનેમેં આતા હૈ.

શ્રોતા : .....

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાવ તો અભી હોતા હૈ. પ્રચાર નહીં હૈ દિગંબરમેં. શ્વેતામ્બરમેં બહોત હૈ. સાંજ-સવાર પ્રતિક્રમણ શ્રાવક ભી કરે. સમજમેં આયા? ... તો વસ્તુસ્થિતિ નહીં. સામાયિક હૈ, પ્રતિક્રમણ ભી હૈ. અપને દિગંબરમેં સબ પ્રતિક્રમણકે પુસ્તક હૈં સારે. સામાયિકમેં... સામાયિકમેં ક્યા હૈ તુમ્હારે? સામાયિકકા પાઠ હૈ અંદરમેં. લોગ્ગસ્સકા પાઠ, નમોત્થુણકા પાઠ. લોગસ્સ નામ ચોબીસ તીર્થંકરકી સ્તુતિકા પાઠ હૈ. ઔર નમોત્થુણ.. 'નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં..' ઐસા પાઠ હૈ. પુસ્તકમેં હૈ, પણ પ્રચાર નહીં. શ્વેતામ્બરમેં સાંજ-સવાર કરતે હૈં. વહ સામાયિક ભી યે લોગ કરતે હૈં, પણ દૃષ્ટિકી તો ખબર નહીં. ચીજકી ખબર બિના સામાયિક ને પ્રતિક્રમણ કૈસા? સમજમેં આયા? યહાં તો સચ્ચી ચીજ જહાં અંતરમેં સ્વભાવ સન્મુખ હોકર, વિભાવસે વિમુખ હોકર, ભગવાન સર્વજ્ઞદેવને જો આત્મા કહા ઉસ તરફકે ઝુકાવસે લીનતા હૈ, જો શાંતિ ઉત્પન્ન હુઈ વહ તો નિશ્ચય હૈ, પણ વહ શાંતિમેં સ્થિર જબ લગ ન હો તબ ઉસકો વ્યવહારપ્રતિક્રમણકા વિકલ્પ આતા હૈ. મુનિકો ભી આતા હૈ. પણ ઉસ વિકલ્પકે પીછે ઉસકા ફલ ક્યા? યે વ્યવહારપ્રતિક્રમણકા ફલ ક્યા? ઐસે વિકલ્પ (આયે) ઉસે છોડકર સ્થિર હો જાના. સમજમેં આયા? વહ કહતે હૈં ૯૪મેં. દેખો!

**पडिकमणणामधेये सुत्ते जह वण्णिदं पडिक्कमणं ।**

**तह णच्चा जो भावइ तस्स तदा होदि पडिक्कमणं।।९४।।**

નીચે હરિગીત.

**प्रतिक्रमण नामक सूत्रमें प्रतिक्रमण वर्णित है यथा,**
**होता उसे प्रतिक्रमण जो जाने तथा भावे तथा. ९४.**

આહાહા! દેખો! **टीका : यहाँ व्यवहारप्रतिक्रमणकी सफलता कही है...** સફલતાકા અર્થ કિ વ્યવહાર પ્રતિક્રમણ નિશ્ચય અનુભવી જીવકો જબ આતા હૈ તો ઉસે છોડકર અંદરમેં સ્થિર હોના, વહ વ્યવહાર પ્રતિક્રમણકા ફલ હૈ. ભાઈ! એક ઓર કહા કિ વ્યવહારપ્રતિક્રમણકા ફલ બંધ હૈ. કિસ અપેક્ષાસે કહા? વ્યવહારપ્રતિક્રમણ નિશ્ચયપ્રતિક્રમણસે વિરુદ્ધ હૈ. વ્યવહારપ્રતિક્રમણસે નિશ્ચયપ્રતિક્રમણ વિરુદ્ધ હૈ. નિશ્ચય આત્માકે સ્વરૂપકી સ્થિરતા મુક્તિકા કારણ હૈ ઔર વ્યવહાર આવશ્યકાદિકા ફળ તો બંધ હૈ. પણ યહાં ક્યા કહતે હૈં? યહાં તો યે કહા દેખો! વ્યવહાર પ્રતિક્રમણકી સફળતા કહી હૈ. સફળતાકા અર્થ વહ કહેંગે.

**(अर्थात् द्रव्यश्रुतात्मक प्रतिक्रमणसूत्रमें वर्णित प्रतिक्रमणको सुनकर...** મહા નિર્યાપક આચાર્યોં–સંતો–ભાવલિંગી મુનિયોંને જો પ્રતિક્રમણ રચા હૈ વહ તો દ્રવ્યશ્રુતાત્મક હૈ ન. રચા હૈ ઉસકો સુનકર—**जानकर, सकल संयमकी भावना करना...** દેખો! વહ વિકલ્પ આયા હૈ, પણ ઉસકો છોડકર સ્થિર હોના વહ સફળ હૈ, તો સફળ હૈ. તબ વહ નિમિત્તસે હઠકર... આહાહા! સમજમેં આયા? પહલે તો યહ કહા થા, પ્રતિક્રમણ અધિકાર ઉઠાયા તબ. હૈ ન વહ? પ્રતિક્રમણ હૈ ન. કૌનસી ગાથા હૈ? પરમાર્થ પ્રતિક્રમણ નહીં? પહલી. પહલી હૈ ન શુરૂઆતમેં. દેખો! પહલે પાનું ૧૪૯ હૈ. પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર શુરૂ.

**सकल व्यावहारिक चारित्रसे और उसके फलकी प्राप्तिसे प्रतिपक्ष...** શુરૂઆતમેં હૈ. પ્રતિક્રમણકા અધિકાર. **सकल व्यावहारिक चारित्र...** એટલે પ્રતિક્રમણાદિ **और उसके फल...** વ્યવહાર પ્રતિક્રમણ રાગ હૈ ઉસકા ફળ બંધ હૈ. ઉસસે **प्रतिपक्ष...** નિશ્ચય ઉસસે પ્રતિપક્ષ હૈ. **ऐसा शुद्धनिश्चयनयात्मक परम चारित्र उसका प्रतिपादन करनेवाला परमार्थ-प्रतिक्रमण अधिकार कहा जाता है**. લ્યો, યહાં ઐસા કહા. છહ આવશ્યકમેં ભી ઐસા હૈ. આગે આયેગા. છહ આવશ્યક હૈ—સામાયિક, ચૌવિસંથો, વંદન (આદિ) વહ તો વિકલ્પ હૈ. વિકલ્પસે પ્રતિપક્ષ નિર્વિકલ્પ આત્માકી દશા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર હૈ. આહાહા! દોનોં ભાવ ભિન્ન હૈં, દોનોંકે ફળ ભિન્ન હૈં. યહાં જો કહતે હૈં કિ આગમકે જાનનહાર મુનિયોંને, સંતોને, આચાર્યોંને ઉન્હોંને જો પ્રતિક્રમણકી રચના કી (વહ) બરાબર જાનના. જાનકર પ્રતિક્રમણ સુનના. ઐસા વિકલ્પ ભી આતા હૈ. પણ જાનકર સકલ સંયમકી ભાવના કરના. આહાહા! પીછે વહ રાગકો છોડકર સ્વરૂપમેં લીનતા હોના યે ઉસકા ફળ હૈ. અભાવ કર્યો ત્યારે ફળ આવ્યું. વાત એ છે. એ તો બે હતા એમ બતાવ્યું. સમજમેં આયા? આહાહા!

પહલી ક્યા હૈ (ઉસે) સમજના ચાહિયે ન પહલે? યે વસ્તુ તો મહાપ્રભુ હૈ. અરે! અંતર્મુખ હોના, બહિર્મુખ પર્યાયકો અંતર્મુખ લેના અર્થાત્ પીછેકી (પર્યાય મોડના)—યે અલૌકિક બાત હૈ. વહી પુરુષાર્થ હૈ, વહીં મોક્ષમાર્ગકી દિશા પલટ જાતી હૈ. પર ઉપર જો દિશા હૈ વહ સ્વ ઉપર આ જાતી હૈ. આહાહા! સ્વદ્રવ્યકે આશ્રયસે જો પર્યાય ઉત્પન્ન હુઈ, બસ વહી મોક્ષકા માર્ગ હૈ. લોકોને કઠણ ભગવાનનો સત્ય માર્ગ. પરમ સત્ય પ્રભુ પરમાત્મા અપના નિજ સ્વરૂપ ઉસ તરફકી દૃષ્ટિ કરના (કિ) ક્યા ચીજ હૈ યે. સમજમેં આયા? એકદમ બહિર્લક્ષ હૈ ઉસે છોડકર અંતર જ્ઞાયકભાવમેં લક્ષ કરના. અનંત કાલમેં નહીં કિયા ઐસા યે પુરુષાર્થ હૈ. સમજમેં આયા? અને ઉસે કિયે ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા! કહો, જેઠાભાઈ! યે દેવ-ગુરુ-શાસ્ત્રસે નહીં હોતા હૈ એમ કહતે હૈં. ક્યાં ગયા હીરાલાલ? તમારા બાપ કહેતા હતાને? એ ફરી ગયા છે હવે તો અંદર. આહાહા!

કહતે હૈં, ભઈ! ગુરુ બિના જ્ઞાન નહીં, ગુરુ બિના ધ્યાન નહીં. આતા નહીં હૈ? બહોત ઠિકાને આતા હૈ. આહાહા! આવેને. વસ્તુ છે ને. પણ ઉસ તરફકા લક્ષ છોડકર ભગવાન પરમગુરુ ચિદાનંદ, સર્વજ્ઞદેવ પરમગુરુ, સર્વજ્ઞસ્વભાવી અપના પરમગુરુ ઉસ તરફકા ઝુકાવ હો... આહાહા! લાવવું તો પડેને થોડું. એમ કે સમજાવ્યું તમે, પણ સમજ્યો કોણ? 'સમજ્યા' કિસકો કહનેમેં આતા હૈ? સમજમેં આયા? અંતર્મુખ દૃષ્ટિ કરકે જ્ઞાન હો વહ સમજમેં આયા ને 'સમજ્યા' કહનેમેં આતા હૈ. આહાહા! યે માર્ગ અશક્ય નહીં, પણ દુર્લભ તો હૈ. સકળ(કા અર્થ) મુનિ હૈ ન. મુનિકી વ્યાખ્યા હૈ ન. વહ પ્રતિક્રમણકા રાગ હૈ ન, ઉતના દોષ હૈ, પણ આયે બિના રહતા નહીં. અને છોડકર અંતરમેં ગયે બિના રહતા નહીં. આ વાત.. આહા! વ્યવહાર તો આતા હૈ ઐસા કહા ન.

શાસ્ત્રમેં ઐસા આતા હૈ હોં, ભાવપાહુડમેં. ઓહોહો! પંચપરમેષ્ઠીકે વિનયસે જ્ઞાન હોતા હૈ. કહો, ઐસા આતા હૈ. ... ઉસકા વિનય આતા હૈ કિ નહીં? બીચમેં વિકલ્પ બહુ(માનકા) ભાવ આતા હૈ, પણ વહ છોડકર જબ અંતરકા આશ્રય કરતા હૈ ત્યારે સમ્યગ્જ્ઞાન-આત્માકા વિનય કહનેમેં આયા. ધન્નાલાલજી! યે કરના હૈ વહ બાકી હેરાન.. હેરાન.. દુઃખી હો. ઠીક હૈ? સબ દુઃખી હો તુમ? ઓલા પૈસા સાથે વળગ્યા છેને? વચ્છરાજજી સેઠ પાસે રહી ગયા બહુ. સુખી હોગા? દુઃખી હૈ. કોણ કહેતું હતું? આહાહા! કલ બતાયા થા ન. ઉસકા લકડા યહાં હૈ ન. ભાણેજ હૈ. ઉસકા મામા પાસે દો અબજ ચાલીસ કરોડ રૂપિયા. યહાં હૈ ન, લડકા હૈ... બેન છે પણ બાળબ્રહ્મચારી છે. ઉસકી બહેનકી લડકી. ઉસકે પાસ દો અબજ ચાલીસ કરોડ. દો અબજ... બસે ને ચાલીસ કરોડ. ધૂળ છે. ક્યાં ગયા તમારે? સમજમેં આયા?

શ્રોતા : તુમ્હારે પાસ હૈ નહીં ઇસલિયે ધૂળ કહતે હો.

પૂજ્ય ગુરુદેવશ્રી : કિસીકે પાસ હૈ નહીં. ધૂળ કિસકે પાસ હૈ? ધૂળ તો ધૂળમેં હૈ. પૈસા પૈસાકા હોકર રહા હૈ કિ આત્માકા હોકર રહા હૈ? દેખો! લક્ષ્મી અજીવ હોકર રહી હૈ કિ લક્ષ્મી અપની પર્યાયમેં આકર રહી હૈ? (જીવકી) પર્યાય તો અરૂપી હૈ. ઉસમેં આકર રહી હો તો વહ અરૂપી હો જાય. વહ તો રૂપી હૈ. શેઠ! માનતા હૈ, બસ. માનતા હૈ કિ મેરી હૈ. ધૂળમેં હૈ નહીં તેરી. શરીર તેરા નહીં, વળી લક્ષ્મી કહાંસે આ ગઈ? જો સંબંધમેં નજીકમેં પડા હૈ વહ ભી અજીવ હોકર રહા હૈ. આત્માકી અરૂપી પર્યાય હોકર રહા હૈ શરીર? આહાહા! યે તો પ્રત્યક્ષ દેખનેમેં આતા હૈ. વહ તો જડ હોકર દ્રવ્ય-ગુણ-પર્યાય તીનોં જડ હોકર રહે હૈં. અપની પર્યાયમેં વહ આયા નહીં. અપની પર્યાયમેં ઉસકા તો અત્યંત અભાવ હૈ. અત્યંત અભાવ હૈ તો ઉસકે 'પાસ હૈ' ઐસા કહાંસે આયા? આહાહા! નંદકિશોરજી! આહાહા!

પરમાણુકા પરિણમન હોતે-હોતે યહાં રજકણકી પર્યાય ઐસે હો ગઈ હૈ. એ તો અજીવતત્ત્વ છે આખું. ઉસકા દ્રવ્ય અજીવ, ગુણ અજીવ ને પર્યાય અજીવ. ભગવાનકા દ્રવ્ય જીવ, ગુણ જીવ ને પર્યાય જીવ. તો ઉસમેં અજીવ આયા કહાંસે? સમજમેં આયા? પદમચંદજી! પૈસાવાલા કહતે હૈં ન તુમકો? ધન્નાલાલજી આતે હૈં તુમ્હારે વહાં આગ્રામેં બહોત. મિત્ર હૈ. કહો, યે પૈસા કિસકા કહના? આહાહા!

કહતે હૈં... આચાર્ય કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાન સમાન–પરમેષ્ઠી સમાન હૈં. 'ણમો લોએ સવ્વ આયરિયાણં.' અરેરે! ભરતક્ષેત્રમેં તો વિરહ હો પડા. તીર્થંકરોના વિરહ, આવા સંતોના વિરહ આહાહા! સમજમેં આયા? કહતે હૈં, ભગવાન! એક વાર બાત તો સુન ન ભાઈ! સંત જો અપને સ્વરૂપકા આનંદકા વેદન કરતા હૈ, ઉસકો જબ લગ શુદ્ધોપયોગમેં રમણતા ન હો, તબ લગ આચાર્યોંને રચા ઐસા વ્યવહારપ્રતિક્રમણ ઉસકે વિકલ્પમેં આતા હૈ. આહાહા! પણ યે જાને. એમ 'જાનકર' છેને પાછું? અંતર જાને કિ ઐસા હૈ. આહાહા!

**सकल संयमकी भावना करना...** (રાગકો) છોડકર... સકલ સંયમકી ભાવના કરના. વહ તો રાગકો નહીં કરના (ઔર) સકલ સંયમકી ભાવના કરના ઐસા કહા હૈ, નહીંતર તો દ્રવ્યકી ભાવના કરના ઐસા હૈ. સમજમેં આયા? વહ વ્યવહાર વિકલ્પકી ભાવના છોડના હૈ (અર્થાત્) કરના નહીં, તો કહતે હૈં કિ સકલ સંયમકી ભાવના કરના. વહ તો પર્યાયકી ભાવના હૈ. સમજમેં આયા? આહાહા! **वही व्यवहारप्रतिक्रमणकी सफलता—सार्थकता है ऐसा इस गाथामें कहा है**). લ્યો.

**समस्त आगमके सारासारका विचार...** મહા સંતો, ધર્માત્મા, ચારિત્રવંત આચાર્યોં વીતરાગકે પંથમેં પાયા પંથ જિન્હોંને, ઐસે આગમકે સારાસારકે વિચાર **करनेमें सुन्दर चातुर्य** મુનિ **तथा गुणसमूहके धारण करनेवाले निर्यापक...** દેખો! શિક્ષાસૂત્રકો દેનેવાલે ઉનકો નિર્યાપક કહતે હૈં. સમજમેં આયા? સમ્યક્ શ્રુતજ્ઞાનકી શિક્ષા દેનેવાલે મુનિ–સંત–જ્ઞાની છઠ્ઠે ગુણસ્થાનમેં

આહાહા! ઇનકો નિર્યાપક (કહતે હૈં). એ ગુણસમૂહના ધરનાર નિર્યાપક. આહાહા! ગુણ શબ્દસે પર્યાય. ગુણ તો ત્રિકાળ હૈં, પણ ત્રિકાળીકે આશ્રયસે જો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ અનંત ગુણકી પરિણતિ શુદ્ધ હો ગઈ ઐસે ગુણસમૂહકો ધારણ કરનેવાલે... આહાહા! જિતની સંખ્યા શક્તિ-ગુણકી હૈ આત્મામેં, વહ સબકી વર્તમાન પર્યાય... ગુણસમૂહ નામ પર્યાયસમૂહ. આહાહા!

**निर्यापक आचार्योंने जिसप्रकार द्रव्यश्रुतरूप प्रतिक्रमणनामक सूत्रमें प्रतिक्रमणका अति विस्तारसे वर्णन किया है...** આચાર્યોંને, ગુણકે ધરનાર ધર્માત્મા, ભાવલિંગી સંતોને, દિગંબર મુનિયોંને. સમજમેં આયા? બાહરસે દિગંબર થે, અંતરસે ગુણસમૂહકા ધરનેવાલે થે. આહાહા! સમજમેં આયા? ઉન્હોંને રચા (હુઆ) સૂત્ર, ભાઈ! એમ કહેવું છે. ઉન્હોંને જો પ્રતિક્રમણસૂત્રકી રચના કી... અજ્ઞાનીને કલ્પનાસે કિયા વહ પ્રતિક્રમણ નહીં, એમ બતાતે હૈં. સમજમેં આયા? આહાહા! સૂત્ર અર્થસે ભ્રષ્ટ... વહ તો આયા ન ભાઈ! અષ્ટપાહુડમેં. વહ સૂત્રપાહુડ. સૂત્રપાહુડમેં આયા હૈ. જો કોઈ સૂત્ર ને અર્થસે ભ્રષ્ટ હૈ ઉસકી રચના વહ શાસ્ત્ર નહીં. સમજમેં આયા? અષ્ટપાહુડમેં સૂત્રપાહુડમેં હૈ. **सुत्तत्थ...** સર્વજ્ઞ પરમાત્મા ઉસને કહા પરંપરામાર્ગ, ઉસકે સમ્યગ્જ્ઞાનસે ભ્રષ્ટ હૈ ઔર ઉસકા અર્થ કરનેમેં ભી ભ્રષ્ટ હૈ, ઉસકા બનાયા શાસ્ત્ર વહ શાસ્ત્ર નહીં. સમજમેં આયા? યહાં આયેગા. આમાં ક્યાં હશે શી ખબર પડે? અષ્ટપાહુડ હૈ, સૂત્રપાહુડ હૈ. લ્યો, એ ગાથા ભાઈ આવી. ઓહોહો! જુઓ! ચિન્હ પણ કર્યું છે. એ સાતમી ગાથા.

**सुत्तत्थपयविणट्ठो मिच्छादिट्ठी हु सो मुणेयव्वो ।**
**खेडे वि ण कायव्वं, पाणिप्पत्तं सचेलस्स ।।७।।**

સચેલ હો અને હાથમેં આહાર લેના... વહ ભી નહીં કરના. સમજમેં આયા? જિસકે સૂત્રકા અર્થ ઔર પદ વિનષ્ટ હૈ. લ્યો, ચિન્હ કર્યા છે અહીંયા. સમજમેં આયા? સાતમી ગાથા, સૂત્રપાહુડ. પહલા દર્શનપાહુડ હૈ, દૂસરા સૂત્રપાહુડ હૈ, તીસરા ચારિત્રપાહુડ હૈ. આઠ પાહુડ હૈં ન. આહાહા! **સૂત્રમેં મુનિકા રૂપ નગ્ન દિગંબર કહા હૈ. જિસકે ઐસા સૂત્રકા અર્થ તથા અક્ષરરૂપ પદ વિનષ્ટ હૈ ઔર આપ વસ્ત્ર ધારણ કરકે મુનિ કહલાતા હૈ, જિનાજ્ઞાસે ભ્રષ્ટ હુઆ પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ.** ઉસકા બનાયા શાસ્ત્ર વહ શાસ્ત્ર નહીં. સમજમેં આયા? માર્ગ તો ઐસા હૈ ભાઈ! યે તો સ્પષ્ટ કરતે હૈં. પદમચંદજી! ઐસા હૈ (તો) ભ્રષ્ટ હૈ એમ કહતે હૈં. તો કોઈ કહે, ઐસા નહીં કરના. વસ્તુકા સ્વરૂપ ન બતાના? સમજમેં આયા? આહાહા! '**જિનસૂત્રસે ભ્રષ્ટ હરિહરાદિકે તુલ્ય હો તો ભી મોક્ષ નહીં પાતા...**' યે આઠવી ગાથા હૈ. આ સાતમી.

**हरिहरतुल्लो वि णरो सग्गं गच्छेइ एइ भवकोडी ।**
**तह वि ण पावइ सिद्धिं संसारत्थो पुणो भणिदो ।।८।।**

સંસાર હૈ. ભગવાનકી, સૂત્રકી આજ્ઞા (ઔર) ઉસકા ભાવ, ઉસસે ભ્રષ્ટ હૈ. ચાહે સો બડી ક્રિયા લાખો, કરોડો, અબજો વર્ષ કરે, મુક્તિ નહીં, ધર્મ નહીં ઉસકો. સમજમેં આયા? કલ નયા આયા હૈ. યે નયા છપા હૈ અષ્ટપાહુડ. પુરાના હૈ? ભઈ હમારે ધન્નાલાલજી શેઠ હૈ ન શેઠ. ખુલાસો તો કરેને બરાબર. ન કરે? દેખો! સાતવીં દેખો. ઉસમેં ભી ચિહ્ન કિયા હૈ દેખો! **सुत्तत्थपयविणट्ठो मिच्छादिट्ठी हु सो मुणेयव्वो**... આગે કહા કિ **સૂત્રકે અર્થ પદસે ભ્રષ્ટ હૈ ઉસકો મિથ્યાદૃષ્ટિ જાનના**. યે પહલા હૈ. આ તો ખોટા અર્થ કરેને..... આ જરી ચરણાનુયોગ... **જો સૂત્રકે અર્થ ઔર પદસે વિનષ્ટ હૈ વહ પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ. ઇસલિયે જો સચેલ હૈ, વસ્ત્ર સહિત હૈ**... લ્યો. **હાસ્ય કુતુહૂલમેં ભી પાણિપાત્ર અર્થાત્ હસ્તરૂપ પાત્રસે આહારદાન નહીં કરના**. કુતુહૂલસે ભી નહીં કરના—કુતુહલસે નહીં દેના એમ કહતે હૈં. અર્થમેં ઐસા હૈ. પીછે ભી આયા. **हरिहरतुल्लो वि णरो**... લ્યો, આહાહા! ભારે! યે તો બડા અક્ષર હૈ.

યહાં તો કહતે હૈં, નિર્યાપક આચાર્ય, ભગવાને કહા ઐસે શાસ્ત્રકી રચના સંતોને કી હો, ઉસકા નામ પ્રતિક્રમણ કહનેમેં આયા હૈ. યે દ્રવ્યશ્રુતરૂપ પ્રતિક્રમણ... યે દ્રવ્યશ્રુત હુઆ ન. ભાવશ્રુત તો અંદરમેં આનંદમેં હૈ. **द्रव्यश्रुतरूप प्रतिक्रमणनामक सूत्रमें प्रतिक्रमणका अति विस्तारसे वर्णन किया है तदनुसार जानकर**.. દેખો! ઉસ અનુસાર જાનકર, બસ, **जिननीतिको अनुल्लंघता हुआ**... જિનનીતિ, વ્યવહાર પ્રતિક્રમણ વહ વ્યવહાર જિનનીતિ હૈ વ્યવહાર. યે વ્યવહાર નીતિ હૈ. **जिननीतिको अनुल्लंघता हुआ जो सुन्दरचारित्रमूर्ति महामुनि सकल संयमकी भावना करता है**... સાર ને અસાર—દોનોંકા વિચાર કરકે સાર બનાયા હૈ. એમ બનાયા હૈ. અસાર... સારાસારકા વિચાર કરનેમેં સુંદર ચાતુર્ય... યે તો મુનિ કહતે હૈં ઇતની બાત. મુનિ કૈસે હૈં? કિ સાર-અસારકા વિવેક જિનકો હૈ ઉસને બનાયા હૈ, યૂં. સમજમેં આયા?

ભગવાનને કહા વાસ્તવિક માર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રકી ખબર હૈ, મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રકી ભી જિસે ખબર હૈ. ઐસા ચાતુર્ય જ્ઞાની–ધર્માત્મા દિગંબર મુનિ ઉસને રચા હુઆ પ્રતિક્રમણ હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! યે ચારિત્ર બિના કભી મુક્તિ નહીં હોગી. પહલે ચારિત્ર ક્યા હૈ, ઉસકો સમજના ચાહિયે. ક્યોંકિ નવ તત્ત્વમેં સંવર-નિર્જરા આતે હૈં કિ નહીં? તો સંવર-નિર્જરા વહ ચારિત્ર હૈ. વહ નવ તત્ત્વકે શ્રદ્ધાનમેં સંવર-નિર્જરા કિસકો હોતા હૈ, કિતને પ્રકારસે હોતા હૈ—ઐસી ઉસકી શ્રદ્ધા તો કરની ચાહિયે. સમજમેં આયા? આહાહા! દુનિયા સાથે તો.... દુનિયા રાજી રહે એ વાત કરવી..... લોક-એષણા–દુનિયા કૈસે ખુશી હો, યે માર્ગ તે હૈ નહીં. યે તો માર્ગ વીતરાગકા હૈ. આહાહા! સારાસાર–સાર-અસાર એટલે સત્ય ક્યા ને અસત્ય ક્યા? સારકા સાર ઉસકા યહાં પ્રશ્ન હૈ હી નહીં. યહાં તો સાર-અસાર શબ્દ હૈ. 'સાર-અસારકા વિચાર કરનેમેં તત્પર' ઐસે બાત કી હૈ ન. વહ સારકા સાર... યે કોઈ દૂસરે ઠેકાણે 'દંસણસાર, જ્ઞાનસાર, ચારિત્રસાર' ગાથા હૈ. યે અષ્ટપાહુડમેં હૈ. યહાં તો

સાર અને અસાર–સત્ય ને અસત્ય જિસકો વિવેક હૈ ઐસા સુંદર ચાતુર્ય મુનિ ઉસને બનાયા હુઆ પ્રતિક્રમણ, એમ કહતે હૈં. વ્યવહારપ્રતિક્રમણ ભી ઉસને બનાયા વહ વ્યવહાર હૈ. સમજમેં આયા?

ઔર **तदनुसार जानकर जिननीतिको अनुल्लंघता हुआ...** એ વ્યવહારનીતિ એને હોય છે, એમ કહે છે. **सुन्दरचारित्रमूर्ति...** આહાહા! વ્યવહાર વિકલ્પસે ભી ઉદાસ હો ગયા. **महामुनि सकल संयमकी भावना करता है...** વીતરાગી પર્યાયકી ભાવના કરતે હૈં એમ કહતે હૈં. વ્યવહાર પ્રતિક્રમણકા વિકલ્પ છોડકર.. આહાહા! ઉસકે સ્વરૂપમેં સ્થિર રહ સકે નહીં, તબ ઐસા વ્યવહાર પ્રતિક્રમણકા વિકલ્પ આતા હૈ મુનિકો. સવાર-સાંજ મુનિ ભી કરતે હૈં, પણ રાગસે હઠકર... આહાહા! સફલપના તો ઉસકો ઐસે હૈ કિ ઉસકો છોડકર સ્વરૂપકી રમણતા કરના, તો વ્યવહાર વ્યવહારકો નિમિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહાહા!

અરે! અનાદિ કાળના પ્રાણી ચોર્યાસી લાખના... આહાહા! ભાવપાહુડમેં પાઠ હૈ ન. તુને દિગંબર (સાધુ)પના લિયા. તેરી મોરપીંછીકા કટકા–ટુકડા એક-એક કરકે લો તો અનંતા મેરુ ભરે ઇતના દ્રવ્યલિંગ ધારણ કિયા તુને. એકવાર દ્રવ્યલિંગ (લિયા તબકા) એક મોરપીંછીકા ટુકડા લેં, ઐસા અનંતબાર દ્રવ્યલિંગ લિયા કિ મોરપીંછીકે ટુકડેકા અનંત મેરુ ભરે. આહાહા! પણ અપની ચીજ ક્યા હૈ ઉસ તરફકા ઝુકાવ હુઆ નહીં. આહાહા! અનંતબૈર ચોર્યાસીકે અવતારમેં દ્રવ્યલિંગી ભી કોઈ પ્રદેશમેં જન્મા ન હોય, મરા ન હો ઐસા કોઈ પ્રદેશ નહીં. ઐસા પાઠ હૈ. દ્રવ્યલિંગી (હુએ) પીછે હોં. આહાહા! અરે! યે તો ચીજ દૂસરી હૈ. પંચમહાવ્રતના વિકલ્પ ને નગ્નપના... દ્રવ્યલિંગ તો તબ કહનેમેં આતા હૈ જબ બરાબર ચોખે આગમ પ્રમાણસે હો તો. બેયને–ભવિ ને અભવિ દોનોંકો. દ્રવ્યલિંગ અભવિકો ભી હો ને અભવિકો ભી હોતા હૈ. ભવિ અનંતબાર નવમી ગ્રૈવેયક ગયા. કહાંસે ગયા? ભાવલિંગસે ગયા? ભાવ(લિંગ) અનંતબાર હોતા હી નહીં. ભાવ(લિંગ) તો ૨૮... કેટલીવાર કહે છે? ૨૮ વાર? ૩૨ વાર. ગોમ્મટસારમેં પાઠ હૈ. ભાવસંયમ ૩૨ બાર આતા હૈ. ગોમ્મટસાર. દ્રવ્યસંયમ તો અનંતબાર હુઆ. નવમી ગ્રૈવેયકમેં અનંતબાર કૌન હુઆ? ભવિ ને અભવિ દોનોં ગયે. ઉસમેં ક્યા હૈ? યે કોઈ નયી ચીજ નહીં હૈ. આહાહા!

યહાં કહતે હૈં, સકલસંયમકી ભાવના... **उस महामुनि को–कि जो (महामुनि) बाह्य प्रपंचसे विमुख है...** આહાહા! **पंचेन्द्रियके फैलाव रहित...** પંચેન્દ્રિયકા વિસ્તાર ગુમ હો ગયા, અંદર અતીન્દ્રિય હો ગયા. **देहमात्र जिसे परिग्रह है...** યે દેહ તો છોડા જાતા નહીં ઇસલિયે એક શરીરમાત્ર રહ જાતા હૈ. દેખો! વસ્ત્ર નહીં, પાત્ર નહીં, યહાં તો મોરપીંછી (આદિ) સબકો નિકાલ દિયા. આહાહા! સમજમેં આયા? દેહમાત્ર.. પણ ક્યા (કરે)? શરીર જાતું નથી. આહાહા! **और परमगुरुके चरणोंके स्मरणमें आसक्त जिसका चित्त है...** દેખો! ઐસા મુનિ. મહાગુરુ

પરમગુરુના ચરણના સ્મરણમાં આસક્ત જિસકા ચિત્ત ઐસેકો પ્રતિક્રમણ હૈ. ઉસકો પ્રતિક્રમણ હૈ. આહાહા!

**(अब इस परमार्थ-प्रतिक्रमण अधिकारकी अंतिम गाथाकी टीका पूर्ण करते हुए टीकाकार मुनिराज श्री पद्मप्रभमलधारिदेव दो श्लोक कहते हैं )** :

**निर्यापकाचार्यनिरुक्तियुक्ता-**
**मुक्ति सदाकर्ण्य च यस्य चित्तम् ।**
**समस्तचारित्रनिकेतनं स्यात्**
**तस्मै नमः संयमधारिणेऽस्मै ।।१२५।।**

પદ્મપ્રભમલધારિદેવ ભાવલિંગી સંત ભી સંતોકો નમસ્કાર કરતે હૈં. આહાહા! **श्लोकार्थ** : **निर्यापक आचार्योंकी निरुक्ति (-व्याख्या) सहित...** નિરુક્તિનો અર્થ વ્યાખ્યા. મહામુનિ–સંત કુંદકુંદાચાર્ય જૈસે, અમૃતચંદ્રાચાર્ય જૈસે, પૂજ્યપાદસ્વામી... સમજમેં આયા? નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તી—મહાસંતો ધર્મના થાંભલા, કેવળજ્ઞાનીના પંથ જેને સંભાળી રાખ્યા છે. એવા મુનિઓએ રચેલા વ્યાખ્યા સહિત **(प्रतिक्रमणादि सम्ब्धी) कथन सदा सुनकर जिसका चित्त समस्त चारित्रका निकेतन (-धाम) बनता है...** દેખો! 'સુનકર' લિયા. 'કરકે' ઐસે ન લિયા. સાંભળ્યું ત્યારે ઓલો વિકલ્પ છે ને. સુબહ-શામ પ્રતિક્રમણ બોલતે હૈં ન પ્રતિક્રમણ વ્યાખ્યા, તબ વિકલ્પ હૈ. **जिसका चित्त समस्त चारित्रका निकेतन...** ઓહો! રાગકો છોડકર અંતર ઘરમેં રમને લગા **ऐसे उस संयमधारीको नमस्कार हो.** લ્યો. મુનિ કહતે હૈં. આહાહા! ધન્ય અવતાર! સફળ જિંદગી! જેણે આત્મામાં ચારિત્ર વીતરાગી પર્યાય (પ્રગટ કરી), આહાહા! ઉનકો હમ ચરણમેં નમસ્કાર કરતે હૈં, એમ કહતે હૈં. ૧૨૬ ને?

**यस्य प्रतिक्रमणमेव सदा मुमुक्षु-**
**र्नास्त्यप्रतिक्रमणमप्यणुमात्रमुच्चैः ।**
**तस्मै नमः सकलसंयमभूषणाय**
**श्रीवीरनन्दिमुनिनामधराय नित्यम् ।।१२६।।**

દેખો! ઓલો 'નિર્યાપક' (શબ્દ) આવ્યોને તો અપને ગુરુકો યાદ કિયા. પદ્મપ્રભમલધારિ મુનિ હૈં, ભાવલિંગી સંત હૈં. **श्लोकार्थ** : **मुमुक्षु ऐसे जिन्हें (-मोक्षार्थी ऐसे जिन वीरनन्दि मुनिको)...** આહા! **सदा प्रतिक्रमण ही है...** હમારે ગુરુકો સદા પ્રતિક્રમણ હૈ. દેખો! સમજમેં આયા? **और अणुमात्र भी अप्रतिक्रमण बिलकुल नहीं है...** દેખો! આહાહા! ઉનકે ગુરુ ... લેતે હૈં (ઐસા) ઉનકો ખ્યાલમેં આ ગયા. કેવલીકો હી ખ્યાલમેં આતા હૈ ઐસા નહીં. સમજમેં આયા? યે ભાવલિંગી હૈં ઐસા (સિર્ફ) કેવલી હી જાને, ઐસા નહીં. ધર્માત્મા ભી જાન સકતે હૈં. સમજમેં આયા? પદમચંદજી! ક્યાં ગયા બાબુજી? દેખો! યહાં ઐસા આયા. રતનલાલ ગંગવાલજી! ક્યા

કહતે હૈં? કિ હમારે ગુરુ ભાવસંયમી થે, ભાવલિંગી થે, હમકો ખબર હૈ. સમજમેં આયા? દોનોં પંચમ આરાકે મુનિ હૈં. દોનોં છદ્મસ્થ હૈં. દોનોં કેવળી નહીં હૈં. કહતે હૈં કિ હમારે વીરનંદી ગુરુ સદા પ્રતિક્રમણ હી હૈ ઉનકો. જૂઠ બોલતે હૈં યે? આહાહા! હમારે જ્ઞાનમેં આ ગયા હૈ હમારા દોષ. સદા રાગસે રહિત સ્વરૂપકી રમણતામેં હી સદા બિરાજતે હૈં. આહાહા! સમજમેં આયા? ઇતના મતિ-શ્રુતજ્ઞાન કામ કરતા હૈ. છદ્મસ્થકે મતિ-શ્રુતજ્ઞાનમેં ભી, અપને ગુરુ ઐસે થે ઐસા ભાન હો ગયા, પ્રતિબુદ્ધ હો ગયા, સમજમેં આયા? નિઃશંક રીતસે હો ગયા. ઓહો! **अणुमात्र भी अप्रतिक्रमण बिलकुल नहीं है...** ગુરુ તો અભી છદ્મસ્થ હૈં. અંતરમેં રમણતા હૈ, નિર્વિકલ્પ પ્રચૂર સ્વસંવેદન હૈ ઉસકો જરા ભી અપ્રતિક્રમણ નહીં હૈ. આહાહા!

**उन सकलसंयमरूपी भूषणके धारण करनेवाले श्री वीरनन्दी नामके मुनिको नित्य नमस्कार हो.** આહાહા! અતીન્દ્રિય આનંદમેં રમનેવાલે છદ્મસ્થ મુનિ હોકર ભી સ્વરૂપમેં અપ્રતિક્રમણ જરા ભી નહીં. આહાહા! ઉસ સમયમેં રાગ આતા હૈ વહ ન લિયા, સ્વરૂપમેં સ્થિરતા વહી ઉસ સમયકી ચીજ હૈ. આહાહા! નિર્વિકલ્પ આનંદ આના. જિસકો વિકલ્પ છૂટકર, વ્યવહાર પ્રતિક્રમણકા વિકલ્પ છૂટકર આનંદકા સ્વસંવેદન તો હૈ, પણ છૂટકર વિશેષ આનંદ આયા ઐસે મુનિકો મેરા નમસ્કાર. ક્યા રાગકો નમસ્કાર કરના હૈ? પાંચ મહાવ્રતકે વિકલ્પ ઉસકો નમસ્કાર હૈ? નમસ્કાર તો ગુણકો હૈ. નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટ હુઈ ઉસે નમસ્કાર. યે પાંચવાં અધિકાર પૂરા હુઆ. પાંચવા અધિકાર હૈ ન. પહલા જીવ અધિકાર, દૂસરા અજીવ અધિકાર, તીસરા શુદ્ધતત્ત્વ અધિકાર, ચૌથા વ્યવહાર (ચારિત્ર) અધિકાર, યે પાંચવા પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર. હવે નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર આયા. લ્યો, અપના દસવાં દિન હુઆ યહાં. આજ દસવાં દિન હૈ ન ક્લાસકા. ઉસમેં પ્રતિક્રમણકા અધિકાર આયા ઇતના. હવે પ્રત્યાખ્યાનકા અધિકાર.

છઠ્ઠા નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર. **अब निम्नानुसार निश्चय-प्रत्याख्यान अधिकार कहा जाता है....** પ્રત્યાખ્યાન નામ જ્ઞાનકી રમણતા. રાગકા ત્યાગ અને જ્ઞાનરૂપ પરિણમન હોના ઉસકા નામ પ્રત્યાખ્યાન કહનેમેં આતા હૈ. પ્રતિક્રમણ (ભૂતકાલ)કા હૈ, પ્રત્યાખ્યાન ભવિષ્યકા હૈ. ભવિષ્યમેં રાગાદિ ન હોના ઐસી વર્તમાનમેં એકાગ્રતા હૈ. ભવિષ્યમેં નહીં હોગા. સમજમેં આયા? પ્રતિક્રમણ ભૂતકાલકી અપેક્ષાસે હૈ. પ્રત્યાખ્યાન ભવિષ્યકાલકી અપેક્ષા, પણ હૈ તો વર્તમાન. પીછે આલોચના વહ વર્તમાનકી અપેક્ષાસે. હૈં તો તીનોં વર્તમાનકી અપેક્ષાસે, પણ એને ભૂતકી અપેક્ષા, ભવિષ્યકી અને વર્તમાન. ગયા કાળનું પડિકમણું, ભવિષ્યનું પચખાણ, વર્તમાનમાં સંવર—ઐસા શબ્દ આતા હૈ. ભૂતકાળકા પ્રતિક્રમણ, ભવિષ્યકા પ્રત્યાખ્યાન ને વર્તમાનકી આલોચના. કહતે હૈં કિ અપને સ્વરૂપમેં પ્રત્યાખ્યાનરૂપ જ્ઞાન હોના... આગે લેંગે. પ્રત્યાખ્યાનકા અર્થ, યે વિકલ્પસે પ્રત્યાખ્યાન લેના યે પ્રત્યાખ્યાન નહીં. હાથ જોડકે લિયા, યે પ્રત્યાખ્યાન નહીં. સ્વરૂપમેં રાગરહિત પરિણમન (કિ) ભવિષ્યકે કાલમેં મુજે શુભ-અશુભ હોગા હી નહીં. સમજમેં આયા? ઐસા જો વર્તમાનમેં જોર ડાલકર અંતરમેં એકાગ્ર હોના વહ નિશ્ચય

પ્રત્યાખ્યાન–સચ્ચા પ્રત્યાખ્યાન હૈ. આહાહા! ગાથા મૂકશે સમયસારની. **सव्वे भावे जम्हा पच्चक्खाई** આવે છેને. એ પછી આવશે. ૩૪મી ગાથા આવશે સમયસારની.

કહતે હૈં, ભગવાન આત્મા અપના નિશ્ચય સમ્યગ્દર્શન, અપના સ્વાશ્રયી નિશ્ચયજ્ઞાન ઔર સ્વરૂપમેં સ્થિરતા (કિ જિસસે) ભવિષ્યમેં રાગ-દ્વેષ ન હોના ઐસા પ્રત્યાખ્યાન, યે કૈસા હૈ? **कि जो निश्चयप्रत्याख्यान सकल प्रवज्यारूप साम्राज्यकी विजय-ध्वजाके विशाल दंडकी शोभा समान है...** આહાહા! સકળ પ્રવજ્યારૂપ સામ્રાજ્ય... યે વીતરાગી પ્રવજ્યારૂપ સામ્રાજ્ય. આહાહા! એની વિજયધ્વજા... સામ્રાજ્યની વિજયધ્વજા... ઉસકા દંડ. ધ્વજાને દંડ હોયને. **विशाल दंडकी शोभा समान है...** આહાહા! મુનિ ભી પ્રમોદમેં આ ગયે હૈં. સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય... યે સામ્રાજ્ય ધૂળકા નહીં. શેઠ! બુદેલખંડકા બાદશાહ નહીં. એ શેઠીયા કહેવાય ત્યાં. શોભાલાલ ભગવાનદાસ. યે સામ્રાજ્ય હૈ. શેઠ!

વહ કહા થા ન. હમ જામનગર... કરોડકા તાલુકા હૈ ન. કરોડ રૂપિયેકા તાલુકાદાર હૈ. જામનગર. હમ ગયે થે (સંવત) ૧૦કી સાલમેં. ઉસકો ખબર પડી દરબારકો. ઉસકી આંખ દુઃખતી થી. મહારાજ! ઉસકે બંગલેકે પાસ હમ જંગલ–દિશા જાતે થે સુબહમેં. પાંચ મિનિટકા રાસ્તા થા ઉસકે બંગલેસે. ઉસકો ખબર પડી કિ મહારાજ યહાં સુબહમેં આતે હૈં જંગલ જાનેકો. તો માણસ પાસે કહેવરાવ્યું, મહારાજ! દર્શન દેના બંગલેમેં. હમ જાતે થે (વહાંસે) પાંચ મિનિટકા રાસ્તા થા. હમ ગયે અંદર. દરબાર બૈઠા થા. ઉસકી રાણીસાહેબ. ગુલાબરાણી કહેવાય. ગુલાબરાણી ઘણી ક્રોધી હતી–બહોત ક્રોધી થી. ગયે થે તો રંગોલી કી થી. રંગોલી સમજે? આંગનમેં રંગોલી કી થી. હમ ગયે, રાણી આયી સામને. ..... વહ ખડા થા અંદર. ગયે, પાવ ઘંટા સુનાયા.

કીધું, દરબાર! આ સામ્રાજ્ય નથી. યે તો પાપકા સામ્રાજ્ય હૈ. રાણીસાહેબ તો .... હતા. સુબહમેં, અભી તો દૂધ ભી નહીં પિયા થા. સવારમેં ગયે થે. આ નહીં સામ્રાજ્ય. સામ્રાજ્ય અનંત ગુણકા નાથ આત્મા, ઉસકા સામ્રાજ્યકા પતા લગ જાય તો વહ સામ્રાજ્ય હૈ. રાણી બોલ્યા હોં. મહારાજ! સામ્રાજ્ય તો યે હૈ, આ સામ્રાજ્ય નહીં. એમ બોલી ...થી. પા કલાક બેઠા. એક હજાર મૂક્યા એક હજાર. પા કલાક ગયાને. જ્ઞાન ખાતે રાખજો. આપણે નાખ્યું છે ભાઈ સત્તાસ્વરૂપમાં, મોક્ષશાસ્ત્રમાં નાખ્યા છે. દરબારે ૧૦૦૦ આપ્યા. પા કલાક બેઠા તે એક હજાર મૂક્યા. વહ તો બડા કરોડપતિ હૈ, એને હજારની ક્યાં (ગણત્રી)? પણ સામ્રાજ્ય આ નહીં, કીધું. ધૂળકા સામ્રાજ્ય હૈ. ચલા જાયેગા ..કો છોડકર. આહાહા!

યહાં ક્યા કહતે હૈં? પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય. જિસકી પ્રવ્રજ્યા ચારિત્ર હુઆ, યે સામ્રાજ્ય હુઆ. આહાહા! ધન્ય અવતાર! સમજમેં આયા? અનંત ગુણકા સામ્રાજ્ય હાથમેં લે લિયા. ઐસા પ્રવ્રજ્યારૂપ... અહીં તો પ્રવ્રજ્યાને, ભાઈ! સામ્રાજ્ય કીધું છે. આહાહા! ચારિત્રરૂપી ધન પ્રાપ્ત હુઆ. તપોધન કહતે હૈં ન. આહાહા! અતીન્દ્રિય આનંદકી ચારિત્રમેં રમણતા વહ ઉસકા ધન હૈ. યે ધૂળકા ધન–માટીકા ધન તો કિસીકા હૈ નહીં, વહ તો ઉસકા જડકા હૈ. સામ્રાજ્યની

વિજયધ્વજા... પીછે કહતે હૈં, હમારા ચારિત્ર વિજયધ્વજા હૈ. હમારી જીત હુઈ હૈ. અજ્ઞાન ને રાગ-દ્વેષકા પરાજય હુઆ હૈ. હમારી જયસે હમ મોક્ષ લેંગે. ઐસી પ્રવ્રજ્યાસે મોક્ષ લેંગે. અમારી વિજય ધ્વજા ફરકે છે. સમજમેં આયા?

ચારિત્ર મુક્તિકા કારણ હૈ ન મૂલ તો. 'ચરિતં ખલ્લુ ધમ્મો.' આતા હૈ ન. ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાન હો તો ચારિત્ર હૈ. એના વિના ચારિત્ર-ફારિત્ર હોતા નથી. વિજયધ્વજા, એમ કહતે હૈં. આહાહા! મુનિ તો જુઓ! હમારી પ્રવ્રજ્યા યે સામ્રાજ્ય હૈ, વિજયધ્વજા હૈ. હમારા વિજય હુઆ હૈ. વહી વિજયસે હમ કેવલજ્ઞાન લેંગે. આહાહા! **विशाल दंडकी**... જુઓ! પાછું. એ પ્રવ્રજ્યાની ધ્વજા એનો વિશાળ દંડ. દંડ હોયને. આહાહા! **दंडकी शोभा समान है**... આહાહા! યે પ્રવ્રજ્યા.

**समस्त कर्मोंकी निर्जराके हेतुभूत है**... આહાહા! અપને દ્રવ્યકે આશ્રયસે સમ્યગ્દર્શન પ્રગટ કિયા, દ્રવ્યમેંસે જ્ઞાન આયા ઔર દ્રવ્યકે આશ્રયસે લીનતા હુઈ, વહ સબ કર્મોંકી નિર્જરાકા હેતુ હૈ. સંવર હૈ ન વહ? ચારિત્ર સંવર હૈ. કર્મકી નિર્જરા કહે કોઈ. યે **मोक्षकी सीढ़ी है**... આહાહા! કોણ ઓલો? નિશ્ચય પ્રત્યાખ્યાન, એમ કહતે હૈં. નિશ્ચય પ્રત્યાખ્યાન કૈસા હૈ? કિ સકળ પ્રવ્રજ્યાના સામ્રાજ્યના ધ્વજના દંડની શોભા સમાન. યે નિશ્ચય પ્રત્યાખ્યાન ઐસા હૈ એમ કહતે હૈં. આહાહા! સ્વરૂપમેં રમણતા, જ્ઞાન જ્ઞાનરૂપ રહના, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આહાહા! યે મોક્ષકી સીઢી હૈ. આહાહા! નિસરણી–સીઢી. નિશ્ચય પ્રત્યાખ્યાન રાગરહિત અપના શુદ્ધ પરિણમન હુઆ, તો વહ સીઢી મુક્તિકી હૈ. ઉસ શ્રેણીસે કેવળજ્ઞાન લેગા. ઉસ ધારાસે મુક્તિ લેગા. હમારી મુક્તિ ફિરે નહીં ઐસા હમારા વિજય હૈ એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

**और मुक्तिरूपी स्त्रीके प्रथम दर्शनकी भेंट है.** કૌન? નિશ્ચય પ્રત્યાખ્યાન. આહાહા! રાગ– વિકલ્પસે રહિત, આકુળતાસે રહિત અપના અનાકુળ આનંદકા પરિણમનરૂપી નિત્ય નિશ્ચય પ્રત્યાખ્યાન, એ મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે. આહાહા! પ્રથમ ભેટ. આહા! લગ્નમેં પહલે દિનકી ભેટ કરતે હૈં ન. ક્યા કહતે હૈં? યે કહતે હૈં. આહાહા! એ રાજા હતોને. લગ્ન કિયા, પહેલી રાત્રે એક કરોડ રૂપિયા ખરચ્યા. એક કરોડ. શું દિવસ કહેવાય એને? ઇરાકનો રાજા. પણ નામ કહેવાય છે... પહેલી રાતનું નામ કહેવાય છે. આપણે ભૂલી ગયા. સુહાગરાત. આ દુનિયાની વાત આપણને યાદ ન રહે. સુહાગરાત કહેવાય એ. અહીં કહે છે, અમારી સુહાગરાત.. આહાહા! નિશ્ચય પ્રત્યાખ્યાન યે હમારી પ્રથમ મુક્તિરૂપી સ્ત્રીકી ભેંટ હૈ. સમજમેં આયા? એમ કહે છે કે હમેં કિતના આનંદ હૈ અને કિતના આનંદકા ભેટા હો જાયેગા એક નિશ્ચય પ્રત્યાખ્યાનકે કારણસે. આહાહા! સમજમેં આયા! વહ ગાથા આગે કહેંગે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ સુદ ૧૫, શુક્રવાર, તા. ૬-૮-૧૯૭૧**
**ગાથા-૯૫, પ્રવચન નં. ૮૭**

યે નિયમસાર સિદ્ધાંત હૈ, પ્રત્યાખ્યાન અધિકાર ચલતા હૈ. આજ બળેવ હૈ ન બળેવ? રક્ષાબંધન. ઉસકા અર્થ ક્યા? ઉસ સમય સાતસો મુનિ થે... ઉજ્જૈન નગરીમેં પહલે થે ન? ઉનકે સાથ બલિ મંત્રીકા વિરોધ હુઆ. શાસ્ત્રાર્થ કિયા એક મુનિને (તો) વિરોધ હુઆ. મારનેકો આયે, પણ નગરકે દેવને ઉસકા હાથ પકડ લિયા તો અપમાન હુઆ. ગાંવકા સારા... નિકલ ગયા. હસ્તિનાપુરમેં ગયે. સાતસો મુનિ આત્મધ્યાનમેં વિચરતે-વિચરતે વહાં આ ગયે. ઉસકો (-રાજાકો) ખબર પડી. સારે લોગ દર્શન કરનેકો જાતે થે. રાજાને પૂછા મંત્રીકો (કિ) ક્યા હૈ? કિ જૈનકે નગ્ન મુનિ આયે હૈં ઉનકે દર્શન કરનેકો જાતે હૈં. વિરોધી થા ન, વહ તો વિરોધી થા. આહાહા! ઐસે કાલમેં ભી ઐસે સંત ઉનકા ભી વિરોધી થા. આત્મધ્યાનમેં અમૃતકે સ્વાદમેં મસ્ત થે સંત.

વિરોધીને તો પહલે સાત દિનકા વચન દિયા થા ન પહલે. તો રાજ માગ લિયા. સાત દિનમેં તો નરયજ્ઞ શરૂ કર દિયા. ત્રાસ.. ત્રાસ. સંતો તો ધ્યાનમેં બૈઠે થે. ચારેકોર હાડકાં, માંસ ને લાકડા સળગતાં. જલા દિયા... જબ ખબર પડી ક્ષુલ્લકકો કિ (મુનિકો) ત્રાસ હૈ. નક્ષત્ર પણ ધ્રુજી ઊઠ્યા, શ્રવણ નક્ષત્ર. ક્યા હૈ? આ શ્રાવણ છે ને? તો રાત્રિકા શ્રવણ નક્ષત્ર હોતા હૈ. ઉસકો ઐસા લગા કિ યે ક્યા હૈ? ઉપદ્રવ હૈ. મુનિકો કૈસે બચાઉં? આચાર્યકો પૂછા કિ ક્યા હૈ? હસ્તિનાપુર નગરમેં બડા ઉપદ્રવ હૈ. જાવ વિષ્ણુકુમારકે પાસ. વિષ્ણુકુમારકો વિક્રિયાલબ્ધિ થી યે ભી (સ્વયંકો) ખબર નહીં થી. અપને સ્વરૂપકા ધ્યાન કરનેમેં યે (લબ્ધિ) હો ઉસમેં ક્યા હૈ? અપના સ્વરૂપ કેવલજ્ઞાનકો સાધના હો, સાધે (સો) સાધુ. અપના નિજ સ્વરૂપકા સાધન કરતે થે ઉસમેં લબ્ધિ હો કિ ન હો, ખબર હી કહાં હૈ? આહાહા!

વહાં ક્ષુલ્લકને જાકર કહા કિ સાહેબ! આપકો વિક્રિયાલબ્ધિ હૈ. સાતસો મુનિકો બડા ઉપદ્રવ હો ગયા હૈ, ત્રાસ હૈ. હસ્તિનાપુરમેં શ્રાવકોંને અન્ન-પાન ત્યાગ કર દિયા હૈ. જબ લગ મુનિકા ઉપસર્ગ ન ટલે, તબ લગ(કે લિયે) શ્રાવકોંને આહાર-પાણી છોડ દિયા હૈ. બડા ઉપદ્રવ હૈ, આપ પધારો. ઓહોહો! હાથ લમ્બા કિયા તો લમ્બા હો ગયા. ઓહો! હૈ વિક્રિયલબ્ધિ. તબ તક ખબર ભી નહીં થી. આહાહા! ઇતને નિસ્પૃહી સંત હૈં. અપની વિક્રિયલબ્ધિ ઉત્પન્ન હુઈ ઇતની ભી ખબર નહીં થી. ક્યા કામ હૈ પણ ઉસમેં? આહાહા! અપને નિર્મળ આનંદસ્વરૂપકી સાધના અંદરમેં કરતે થે, વહી ઉનકા કર્તવ્ય થા. આહાહા! ખબર પડી, પીછે સાધુપના છોડ દિયા. નહીંતર તો ઐસા ન કરના ચાહિયે. પણ ઐસા પ્રસંગ આ ગયા તો ઉસકો વાત્સલ્ય આ ગયા. વાત્સલ્ય આ ગયા. રાગ આયા.. રાગ આયા. (ઐસા) શુભરાગકા વિકલ્પ ઉસ ભૂમિકામેં શોભતા

નહીં મુનિકો, પણ આ ગયા (ઔર) મુનિપના છૂટ ગયા. આહાહા! બ્રાહ્મણકા વેષ લિયા. કપટ હો ગયા ન કપટ. ઔર વહાં જાકર બલિરાજાકો.... બહોત લંબી કથા હૈ. યે તો સુની હૈ સબને. યહાં તો ઇતના કહના હૈ કિ કિતના પ્રેમ! ઓહો! ધર્માત્મા પ્રતિ ધર્માત્માકા પ્રેમ કિતના! વાત્સલ્ય. સમજમેં આયા? અપના મુનિપદ છોડકર ભી ઉનકો–સાતસો મુનિકો વાત્સલ્ય કિયા. આહાહા! વહ તો ઐસે હી બનના થા, પણ ઉનકો ઐસા વિકલ્પ આયે બિના રહે નહીં.

શ્રોતા : વાત્સલ્યભાવ આપકો ભી તો હૈ હમ લોગોંકે પ્રતિ..

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઐસા વિકલ્પ હો, પણ હૈ બંધકા કારણ. નંદિકશોરજી! આતા હૈ, આયે બિના રહે નહીં. (પૂર્ણ) વીતરાગ નહીં હૈ (તબ તક) ધર્માત્મા પ્રતિ પ્રેમ આયે બિના રહે નહીં. આહાહા! ધન્ય અવતાર! જો આત્માકા સાધન કરતે હૈં ઐસે પ્રતિ પ્રેમ, ઉત્સાહ, વાત્સલ્ય આતા હૈ. યે સમકિતકે આઠ આચાર હૈં. હૈ કિ નહીં? નિઃશંક, નિઃકાંક્ષિત, ... વાત્સલ્ય. હો ભલે વ્યવહાર, પણ આયે બિના રહે નહીં. વ્યવહાર હૈ, વ્યવહાર નહીં હૈ ઐસા નહીં. આહાહા! હૈ, પણ ઉસકા અર્થ ક્યા હૈ? ઉસસે કોઈ આત્માકા નિશ્ચય લાભ હુઆ? આતા હૈ, આતા હૈ જબ લગ (પૂર્ણ) વીતરાગ નહીં.

ધર્માત્મા પ્રતિ..., અહો! ધર્મકી જિસકી અંદર રુચિ હૈ... 'ન ધર્મો ધાર્મિકૈ બિના' આતા હૈ કિ નહીં? રત્નકરંડ શ્રાવકાચાર. ધર્મ ધાર્મિકજીવ બિના હોતા નહીં કહીં. ધાર્મિકજીવ પ્રતિ પ્રેમ નહીં તો ધર્મ પ્રતિ પ્રેમ નહીં ઉસકો. આહાહા! રત્નકરંડ શ્રાવકાચાર. સમંતભદ્ર આચાર્ય. ઓહો! દિગંબર સંતો મહા ભગવતીસ્વરૂપ, જો અપના ભગવાન સાક્ષાત્ સાધતે હૈં. ઉસકો ભી ઐસા ભાવ હો ગયા વિષ્ણુકુમારકો. પીછે તીન પૈર ભૂમિ લી, વામન શરીર બડા લમ્બા કિયા. યે કોઈ મુનિકી દશામેં હોતા હૈ? ઐસા વાત્સલ્યભાવ આયા અને ઉસ વક્ત વહાં (મુનિયોંકા) જીવન રહનેકા થા, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઐસા હો ગયા. આહાહા! દેખો! ઐસે અચ્છે કાલમેં ઐસે મુનિકો ઉપદ્રવ... વહ કાલ તો બડા (અચ્છા) થા ન. ઓહોહો! અચ્છે કાલમેં સાતસો.. સાતસો મુનિયોંકો જલાનેકી (ચેષ્ટા). ગજબ બાત હૈ. સમજમેં આયા?

પ્રેમસે સબ કામ કિયા, લેકિન (બાદમેં) મુનિપના લે લિયા. (બ્રાહ્મણ વેશ) છોડ દિયા. યે મેરા કર્તવ્ય નહીં. વાત્સલ્ય આ ગયા થા. ફિરસે મુનિપના લે લિયા, આત્મસાધના કર લી. સમજમેં આયા? ઐસે ધર્મી પ્રતિ ધર્માત્માકો વાત્સલ્ય (આના) યે સમકિતકે આઠ લક્ષણમેંસે (એક) લક્ષણ હૈ. આઠ આચારમેંસે આચાર હૈ. સમકિતકે આઠ ચિહ્ન ઉસમેં વહ ચિહ્ન હૈ. સમજમેં આયા? વ્યવહારકે સ્થાનમેં વ્યવહાર હોતા હૈ, પણ વહ સમજતા હૈ ધર્માત્મા કિ યે રાગ હૈ. હેયબુદ્ધિસે આયે બિના રહતા નહીં. શાંતિ કિતની! અમૃતકે સ્વાદમેં અંદર આનંદમેં રહતે થે સાતસો મુનિ ઔર અગ્નિ જલતી થી ચારોં ઓર. આહાહા! અને નજીક આતી થી અગ્નિ

જલતી-જલતી. અમૃતકે સરોવરમેં, જૈસે (પાનીકે સરોવરમેં) ડૂબકી મારતે હૈં, ઐસે અંદરમેં ડૂબકી મારતે થે. હમેં કુછ હૈ નહીં. આહાહા!

ધન્ય અવતાર! જિસને અપના સ્વરૂપ સાધન કરકે સફલ કિયા જીવન. સમજમેં આયા? આ વાત્સલ્ય સ્મરણને માટે આ દિન છે. આહાહા! બાલક હો આઠ વર્ષકા અને સમકિત હો જાય, બાલિકા હો શરીરસે (ઔર) સમકિત હો જાય. ઉસકે પ્રતિ ભી... બડા રાજા હો, ચક્રવર્તી હો, તો ભી ધર્મ પ્રતિ ધર્મી(કો) પ્રેમ હોતા હૈ. ઉસકે પ્રતિ (દ્વેષ કિ) છોટી બાલિકાકો ઇતના ધર્મ હો ગયા, હમ તો ઇતને ઇતને વર્ષસે કરતે હૈં, અભી આગે બઢે નહીં ને ઇસે હો ગયા—ઐસે ધર્મી પ્રતિ અનાદર–તિરસ્કાર નહીં હોતા. વાત્સલ્ય ધન્ય અવતાર, એમ કહે છે. સમજમેં આયા?

ક્ષાયિક સમકિત હો જાય આઠ વર્ષકે બાલકકો, અંતર્મુહૂર્તમેં કેવલ, મોક્ષ. ઓહોહો! નિગોદમેંસે નિકલકર ૯૨૭ ભરત ચક્રવર્તીકે પુત્ર, ૯૨૭. આહાહા! નિગોદમેંસે નિકલકર મમોલા હુએ. મમોલા સમજતે હો? વહ લાલ નહીં હોતા? કીડા લાલ હોતા હૈ માખણ જૈસા. નિગોદમેંસે નિકલકર ઉસમેં વહાં આયે ઔર ..... ચક્રવર્તીકા... ચક્રવર્તીકે યહાં ૯૨૭ પુત્ર રાજકુમાર. ઓહોહો! દેખો! કિતની..... એક નિગોદમેંસે સીધા મમોલા. ... કહતે હૈં હમારે યહાં. આહાહા! લાલ હોતા હૈ મક્ખન જૈસા. ...કા ભૂકા હોકર વહાં ૯૨૭ ઉત્પન્ન હુએ. ઓહોહો! કુદરત પરિણામ તો દેખો! ઔર બોલે નહીં–ભાષા નહીં. ચક્રવર્તીકે સબ પુત્ર ભગવાનકે પાસ ગયે વંદન કરનેકો. ભરતને પ્રશ્ન કિયા, પ્રભુ! ચક્રવર્તીકે પુત્ર કિતની ઋદ્ધિ, કિતની સંપદા, કિતની શરીરકી સુંદરતા! આહાહા! મણિરતનના પુતળા જેવા હતા. મહારાજ! મેરે ઘર પુત્ર આયે ને બોલતે નહીં, ક્યા હૈ? ઐસા પ્રશ્ન કિયા.

એકદમ કુંવર ઉઠે, ખડે હો ગયે. મહારાજ! હમકો દીક્ષિત કરો. લ્યો, યે બોલે. આહાહા! અમે અમારું આત્મસાધન કરીશું. ક્ષણભર પણ અમને બહારની રુચિ રહી નથી હવે. આહાહા! અમે તો અંદર સાધન કરશું. અરે! તુમ મણિરતનકે મકાનમેં રહનેવાલે, ભોજન ૩૨ પ્રકારકા અનુકૂળ લેનેવાલે ક્યા...? ઓહોહો! હમારા આનંદ, અંતરમેં અમૃતરૂપી પિયૂષ ઉસકે હમ પિયેંગેં, નિર્વિકલ્પ આનંદ પિયેંગેં ઉસમેં હમારી મસ્તી હૈ. એક ક્ષણમેં રાજ...... છોડ દિયા. જિસકો આત્માકા..... દૂસરા આતા હૈ ન. ભરતના પુત્ર. કોણ? હા, એ. નામ શું? રવિકીર્તિ. રવિકીર્તિ આદિ ૧૦૮ રાજકુમાર હોં. સોનાની ગેડીએ આમ રમતા હતા. રમતે થે ઉસમેં જયકુમારકી ખબર મિલી. સેનાધિપતિ મુનિ હો ગયા. આતા હૈ ન. સુલોચના... ક્યા? જયકુમાર ને ઓલી સ્ત્રી સુલોચના. હમકો ઇતિહાસકા નામ બહુત નહીં આતા. ભાવ આતા હૈ.

યે દીક્ષિત હો ગયા જયકુમાર. યે રાજકુમાર ૧૫-૧૫, ૧૬-૧૬ વર્ષકી ઉમ્રકે. મણિરતનના પૂતળા. હાથમેં ગેડી રતનકી (ઉસસે) રમતે થે. સુના કિ જયકુમાર મુનિ હો ગયા.

ઓહોહો! સાથમેં પુલિસ (-સૈનિક) થા ન. રક્ષણ માટે મૂક્યા હતાને એના મા-બાપે. ચલો ભૈયા! અપને યહાંસે.. ચલો ભૈયા યહાંસે. ભગવાન પાસે જઈએ. કરતે કરતે લે ગયે ભગવાનકે પાસ. જાકર વહાં મુનિપના લે લિયા. એક સાથ. ઉસમેં ક્યા હૈ? આહાહા! અરેરે! કરના હો તો યે કર્તવ્ય હૈ. એક રજકણ ભી ઉસકા નહીં, શરીરકા ટુકડા નહીં, મરતે સમય શ્વાસ ભી ઉસકી ક્રિયા નહીં કરે. આહાહા! અકેલા છોડકર ચલે જાના હૈ, તો અપને અંદરમેં ચલે જા ન પરકો છોડકર. આહાહા! ઐસે કિતને વૈરાગ્યકે અધિકાર શાસ્ત્રમેં હૈં. બહોત.. બહોત પડે હૈં. સબ દીક્ષિત હો ગયે, નગ્ન મુનિ. ૧૬-૧૬ વર્ષકી ઉંમર રાજકુમાર. સમજમેં આયા?

એક તો બાત ઐસી આતી હૈ કિ રાજકુમાર જબ દીક્ષિત હોતા હૈ, માતાકે પાસ જાતા હૈ. માતા કહે, રજા કેમ દઉં? ભાઈ! ઐસી સુંદર અવસ્થા હૈ. એક શર્ત પર રજા દું, માતા કહતી હૈ. ક્યા? બેટા! ફરીને માતા ન કર તો રજા દઉં. માતા કહતી હૈ, મુજે રુદન આતા હૈ, બેટા! રજા દઉં, પણ ફરીને માતા ન કર તો રજા દઉં. માતા! કોલકરાર કરીએ છીએ કે ફરી માતા નહીં, અવતાર નહીં. આહાહા! સમજમેં આયા?

હમારે જીવરાજજી હૈં ન જીવરાજજી. પત્ની હૈ અભી. દીક્ષિત હુએ ૫૬ વર્ષ હુએ, ૫૬. પત્ની હૈ, માતા થી. (દીક્ષાકે સમય) આઠ વર્ષકા લગ્ન થા, આઠ વર્ષ. સ્ત્રી ઉસસે છ મહિના બડી હૈ. ઉનકી ૧૩ વર્ષની ઉંમર થી, ઉનકી પત્નીકી ૧૩.૫ વર્ષકી થી. લગ્ન હુઆ ઔર આઠ વર્ષ લગ્નકો હુઆ વહાં વૈરાગ્ય હો ગયા. માતા-પત્ની અને યે—તીન થે ઘરમેં. માતા! મને રજા દો. માતા કહે, ભાઈ! તું રોઈશ નહીં હોં. ભદ્રિક હતા એ લોકો. સ્થાનકવાસીમેં દીક્ષા લી થી ન. માતા કહે, બેટા! રોઈશ નહીં હોં. તને રજા આપીશ. એકલી સ્ત્રી અને પોતે સાસુ—બે. ઘરમાં કોઈ ત્રીજું નહોતું. અભી ઐસી ભી સ્થિતિ હૈ ન. ઉસ વક્ત તો આત્મજ્ઞાન સહિત... આહાહા! ભાન સહિત માતા કહતી હૈ, બેટા! એક શર્તસે રજા દું કિ દૂસરી માતા નહીં કરના. માતા! કોલકરાર કરીએ છીએ. 'અજેવ ધમ્મં પરિવજ્યામ્ જહિ પવન્ના ન પુણમ ભવામો.' આજે જ અમે ચારિત્ર અંગીકાર કરીશું માતા! કોલકરાર કરીએ છીએ માતા! જનેતા! 'જહિ પવન્ના ન પુણમ ભવામો.' અમે ચારિત્ર અંગીકાર કરીશું, કોલકરાર કરીએ છીએ કે ફરીને ભવ નહીં કરીએ, જાઓ. ઇસ ભવમેં મૈં કેવલ લેકર સિદ્ધપદ પ્રાપ્ત કરુંગા. આહાહા! સમજમેં આયા?

આત્મામેં કિતના પુરુષાર્થ હૈ! આજ સવારમાં 'પુરુષાર્થ' આવ્યું. ગૌતમ(સ્વામી) તો મિથ્યાદૃષ્ટિ થે ને ક્ષણમેં મુનિ હો ગયા. ગૃહિત મિથ્યાદૃષ્ટિ થે ગૌતમસ્વામી. આત્મામેં અનંત પુરુષાર્થ પડા હૈ. આહાહા! પુરુષાર્થ કરના હૈ વહ તો પુરુષાર્થ જો પડા હૈ ઉસકે અનંતવેં ભાગમેં પુરુષાર્થ હૈ. ક્યા કહા? આહાહા! અંદરમેં ભગવાન આત્મા તો વીર્યકા–પુરુષાર્થકા પિંડ હૈ. અનંત અનંત વીર્ય પુરુષાર્થકા... અભી આયેગા. **केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ केवलसत्तिसहावो...** ૯૬મેં આયેગા. આહાહા! અનંત-અનંત વીર્યશક્તિ આત્મામેં હૈ કિ પુરુષાર્થ

કરનેવાલેકો જો અનંત બલ પ્રગટ હોતા હૈ વહ તો અનંત શક્તિકે અનંતવેં ભાગમેં હૈ. ક્યા કહા સમજમેં આયા?

જો અનંત વીર્ય પ્રગટ હોતા હૈ કેવલીકો, વહ ભી જો અનંત-અનંત વીર્ય(શક્તિ) હૈ ઉસકે અનંતવેં ભાગમેં હૈ. યે તો પર્યાય હૈ ને વહ તો ગુણ હૈ. આહાહા! તેરી ખાણમેં અનંત જ્ઞાન, આનંદ, અનંત પુરુષાર્થ પડા હૈ પ્રભુ! આહાહા! ઉસમેં વર્તમાન પુરુષાર્થ કરના વહ તો અનંતવેં ભાગમેં હૈ. આહાહા! અનંતવેં ભાગમેં, સમજે? બહોત થોડા. આહાહા! કેવળ વીર્ય કિસકો કહતે હૈં, ભગવાનકા અનંત વીર્ય? વહ ભી જો અનંત વીર્યગુણ હૈ ઉસકે અનંતવેં ભાગમેં પર્યાય હૈ અને યે તો ગુણ હૈ. આહાહા! ઐસે આત્માકા અંતરમેં વિશ્વાસ લાકર સ્વરૂપમેં રમના, ઉસકા નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર કહનેમેં આતા હૈ. યે અધિકાર અપને ચલતા હૈ. આહાહા!

હમ તો સંપ્રદાયમેં કહતે થે. એક બાર કડી કહી ન? ઉત્તરાધ્યનકે ૧૪વે અધ્યાયમેં હૈ, ઉત્તરાધ્યન સૂત્ર હૈ ૪૫ સૂત્રમેં. ઉસકા ૧૪વાં અધ્યાય હૈ. સારા કંઠસ્થ બહુત કિયા થા ન ઉસ સમય. સારા છ-સાત હજાર શ્લોક કંઠસ્થ કિયા થા, છ-સાત હજાર. યે કડી બોલતે થે હમ તો ૮૦કી સાલ પહલે, ૫૦ વર્ષ પહલે. 'છ જીવનિકાય.....' છહ જીવ થે—રાજા, રાણી, બ્રાહ્મણ, પત્ની ને ઉસકે દો પુત્ર. દો પુત્રકો જાતિસ્મરણ હુઆ થા. જાતિસ્મરણ હોકર માતા-પિતાકે પાસ આજ્ઞા લેતે હૈં. માતા! રજા દો. હમ આજ ચારિત્ર અંગીકાર કરેંગેં. 'અજેવ ધમ્મં પડિવજ્જયામો.' યે શબ્દ હૈ ઉત્તરાધ્યનમેં. ૧૪મો અધ્યાય. કંઠસ્થ કિયા થા સારા. 'જહિ પવન્ના ન પુણમ ભવામો, અણાગયં નૈવ અસ્તિ તેંસિ...' માતા! અણપામેલ જગતની કોઈ ચીજ બાકી રહી નથી. જગતમેં અનંત ચીજ અનંત બાર હમેં સબ પ્રાપ્ત હો ગઈ હૈ. 'અણાગયં નૈવ અસ્તિ તેંસિ...' અણપામેલ જગતની ચીજ કોઈપણ બાકી રહી નથી. હમારા આત્મા એક બાકી રહા હૈ. આહાહા! ....... હે માતા! વિશ્વાસ કર, વિશ્વાસ કર. હમ (ઉસ) પ્રતિ રાગ છોડકર... અનંત બાર અનંત ચીજ મીલી હૈ. એક આત્માકા અનુભવ નહીં મિલા. સમજમેં આયા? યે અપૂર્વ ચીજ હમકો પ્રાપ્ત હુઈ હૈ તો સાધનેકે લિયે હમ નિકલ જાતે હૈં. વનમેં ચલે જાતે હૈં. આહાહા! સમજમેં આયા?

અપને યહાં અધિકાર પ્રત્યાખ્યાનકા ચલતા હૈ. દેખો! ત્યાગ. આ ત્યાગ. સ્વરૂપમેં રમણતા–જ્ઞાનમેં રમણતા કરના વહ પ્રત્યાખ્યાન હૈ. પ્રત્યાખ્યાન કોઈ બાહ્યકા ત્યાગ ને વિકલ્પ ઉઠાના કિ યે છોડ દૂં, છોડ દૂં—યે પ્રત્યાખ્યાન નહીં. આહાહા! પ્રત્યાખ્યાન સમજે? પચક્ખાણ નથી કરતા? હમેં પચક્ખાણ હૈ–ત્યાગ હૈ. પણ કિસકા? અપને સ્વરૂપમેં રાગ નહીં લાના ઐસા હમેં પચક્ખાણ હૈ. આહાહા! વહ કહતે હૈં દેખો! ગાથા નથી બોલાણીને? ૯૫.

**सूत्रावतारः** ભાષા દેખો! સૂત્રકા અવતાર.

**मोत्तूण सयलजप्पमणागयसुहमसुहवारणं किच्चा।**

**अप्पाणं जो झायदि पच्चक्खाणं हवे तस्स।।९५।।**
**भावी शुभाशुभ छोडकर, तजकर वचन विस्तार रे,**
**जो जीव ध्याता आत्म, प्रत्याख्यान होता है उसे. ९५.**

**ટીકા : યહ, નિશ્ચયનયકે પ્રત્યાખ્યાનકે સ્વરૂપકા કથન હૈ.** રાગકા-વિકારકા, ત્યાગ અને વીતરાગકી પરિણતિ ઐસા સચ્ચા પચક્ખાણ ઉસકા સ્વરૂપ હૈ. આહાહા! સમજમેં આયા? આચાર્ય મુનિ જરી વ્યવહાર સમજાતે હૈ પહલે. **યહાં ઐસા કહા હૈ કિ—વ્યવહારનયકે કથનસે, મુનિ દિન-દિનમેં (-પ્રતિદિન) ભોજન કરકે ફિર યોગ્ય કાલ પર્યંત અન્ન, પાન, ખાદ્ય ઔર લેહ્યકી રુચિ છોડતે હૈં...** એકવાર મુનિ ભોજન લેતે હૈં. વ્યવહાર વિકલ્પ આતા હૈ. ઔર આહાર આયા (તો) ૨૪ કલાક, ૪૮ કલાક, ૭૨ કલાક વગેરે અન્ન-પાણીકા ત્યાગ કર દેતે હૈં. યે વ્યવહાર, યે શુભ વિકલ્પ હૈ. સમજમેં આયા? હમારા અણાહારીપદ.. અણાહારી પદ–જિસમેં આહાર નહીં અને આનંદકા જિસકા નિત્ય ભોજન હૈ.

'નિત્યભોજી' આવે છેને કળશ (૧૬૩)માં. બંધ અધિકાર. 'નિત્યભોજી.' આનંદકા નિત્યાનંદ ભોજી પ્રભુ તું હૈ. આહાહા! સુધારસ. હમને તો હમારા અમૃતરસ પિયા. અમૃત પિયા. હમારા અમૃતકા પ્યાલા–પીના પીતે હૈં. રાગાદિ વહ ઝેર હૈ. આહાહા! ઉસે છોડ દેતે હૈં, વહ તો યહાં કથનમાત્ર હૈ. પણ અંતર આનંદકા પ્યાલા પીતે મસ્તી હો જાય અંદર... 'જૈસે અમલી અમલ કરત સમય લાગ રહી ખુમારી.' અમલી. આહાહા! દારૂ-બારૂ પીતે હૈ ન? અમલ પીતે હૈં. આંખ્યું લાલ આમ, ખુમારી ચડ જાતી હૈ. 'જૈસે અમલી અમલ કરત સમય લાગ રહી ખુમારી, તૈસે જિનરાજ સુજસ સુન્યો મૈં...' સારા સુજસ વીતરાગભાવકા સુના, ઉસકા પ્યાલા હમકો ચડ ગયા અંદરમેંસે. સમજમેં આયા? 'કાહુકે કહે કબહુ ન છૂટે, લોકલાજ સબ ડારિ...' દુનિયા ક્યા કહેગી? ક્યા હૈ? હમેં કોઈ દરકાર નહીં. હમેં તો હમારા આનંદસ્વરૂપ ભગવાન ઉસકા સમ્યગ્દર્શન હુઆ, તબ ઉસમેં લીન હોનેકા, આનંદ પીનેકા પ્રયત્ન હૈ. ઉસકા નામ પચક્ખાણ હૈ. એ નંદકિશોરજી! કાયરકા તો કંપ ઊઠે હૃદય અરરર! આહાહા! સમજમેં આયા? વીતરાગકા માર્ગ અલૌકિક હૈ. આહાહા! મુનિ પ્રતિ વાત્સલ્ય હુઆ, યહાં આત્મા પ્રતિ વાત્સલ્ય (હુઆ).

શ્રોતા : કિસકે આત્માકે પ્રતિ?

પૂજ્ય ગુરુદેવશ્રી : અપના. દૂસરા ક્યા? આહાહા! જ્ઞાન ને આનંદના પુરુષાર્થનો પિંડ આત્મા. આનંદસે લો તો આનંદકા પિંડ. પુરુષાર્થસે લો તો પુરુષાર્થકા પિંડ, જ્ઞાનસે લો તો જ્ઞાનકા પિંડ, શ્રદ્ધાસે લો તો શ્રદ્ધાકા પિંડ, ચારિત્રસે લો તો શાંતિકા પિંડ. સ્વચ્છતાસે લો તો સ્વચ્છતાકા પિંડ, પ્રભુતાસે લો તો પ્રભુતાકા પિંડ. શક્તિ હૈ ન સબ. ૪૭ શક્તિ આયી હૈ. આત્મવૈભવ દેખા હૈ? આત્મવૈભવ પઢા હૈ? ૪૭ શક્તિ. .... આયા હૈ. એક પહલે આત્મપ્રસિદ્ધિ આયી થી હિન્દીમેં. યે ગુજરાતીમેં હૈ. ના, અભી આત્મવૈભવ નયા છપા હૈ. વો આત્મપ્રસિદ્ધિ હૈ,

વહ નહીં. વહ સાધારણ બાત હૈ. પહલે બહોત વર્ષ પહલે... યે તો અભી ગુજરાતીમેં છપી હૈ આત્મવૈભવ. બહોત... જૈસે જૈસે આગે બઢતે હૈં ઐસે વિશેષ સ્પષ્ટતા હોતી હૈ ન. આત્મપ્રસિદ્ધિ તો બહોત વર્ષ પહલે આયી થી. વો તો હિન્દી હૈ. યે તો આત્મવૈભવ હૈ. બડા પુસ્તક હૈ.

આત્માકા વૈભવ તો, આત્મામેં અનંત જ્ઞાન, આનંદ વહ આત્માકા વૈભવ હૈ. આહાહા! ઉસમેં મુનિ ચાર પ્રકારકે આહારકી રુચિ... એકબાર ભોજન હોતા હૈ, પીછે છોડ દેતે હૈં. ૨૪ ઘંટા, ૪૮ ઘંટા...૧૫ દિન કિ માસ આહાર ન લેના વહ વ્યવહાર પ્રત્યાખ્યાન કહનેમેં આતા હૈ. યે શુભવિકલ્પ હૈ. **યહ વ્યવહાર-પ્રત્યાખ્યાનકા સ્વરૂપ હૈ**. હૈ ઉસમેં? દેખો. આહાહા! પણ વહ નિશ્ચય હૈ તો યે વ્યવહાર હૈ એમ કહતે હૈં. હવે નિશ્ચય. **નિશ્ચયનયસે, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાકે પ્રપંચકે પરિહાર દ્વારા...** વચન કહા, પર રાગ અંદરમેં હોં, યહાં તો વચનપ્રપંચ કહા હૈ. **પ્રપંચ = વિસ્તાર. (અનેક પ્રકારકી સમસ્ત વચન રચનાકો છોડકર શુદ્ધજ્ઞાનકો ભાનેસે...** દેખો! **ઉસ ભાવનાકે સેવનકી કૃપાસે—ભાવકર્મોંકા તથા દ્રવ્યકર્મોંકા સંવર હોતા હૈ.)** ક્યા કહતે હૈં? દેખો! **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચના**.. વહ તો વાણીકા કથન હૈ, પણ પ્રશસ્ત-અપ્રશસ્ત સબ પરિણામ શુભ ને અશુભ. **પ્રપંચકે પરિહાર દ્વારા**... શુભ-અશુભ વિકલ્પ પ્રપંચ હૈ. આહાહા! વિભાવ હૈ, પ્રપંચ હૈ, દુઃખ હૈ. ભગવાન શાંતસરોવરમેંસે બહાર આતા હૈ તો વહ પ્રપંચમેં આયા એમ કહતે હૈં. આહાહા!

**શુદ્ધજ્ઞાનભાવનાકી સેવાકે પ્રસાદ દ્વારા**.... દેખો! ભાષા. સચ્ચા પ્રત્યાખ્યાન, સચ્ચા ત્યાગ, સચ્ચા ચારિત્ર કૈસે હોતા હૈ? **શુદ્ધજ્ઞાનભાવનાકી સેવા**... દેખો! આહાહા! વ્યવહાર વિકલ્પ પ્રત્યાખ્યાન તો રાગ થા. હવે કહે છે, ઉસકો ભી છોડકર, અપની શુદ્ધજ્ઞાનભાવના... ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પ્રભુ ઉસકી ભાવનાકી સેવા... કહો, ગુરુકી સેવા, અરિહંતકી સેવા યે (ચારિત્ર) નહીં એમ કહતે હૈં. આહાહા! **શુદ્ધજ્ઞાનભાવનાકી સેવાકે પ્રસાદ દ્વારા...** દેખો! આહાહા! દેખો! યે ચારિત્ર, ઉસકા નામ પચક્ખાણ, ઉસકા નામ રાગકા ત્યાગ. યે નાસ્તિસે બાત હૈ, અસ્તિસે તો વીતરાગ પરિણતિકા હોના યે અસ્તિસે પ્રત્યાખ્યાન હૈ. આહાહા! અંતરકી ચીજકી ખબર નહીં ને અકેલા બાહરસે ક્રિયાકાંડ કરે, ઉસમેં કુછ આત્મા હૈ નહીં. આહાહા! જિસમેં આત્માકા સ્પર્શ ન હો યે ક્રિયા હી જૂઠી ક્રિયા હૈ. વ્યવહારરત્નત્રયકી ક્રિયા કથનમાત્ર હૈ. આયા થા ન પહલે. નિયમસારમેં આ ગયા હૈ. વ્યવહારરત્નત્રય કથનમાત્ર હૈ. યે વસ્તુ હી જૂઠી હૈ. આહાહા! ભગવાન અપના શુદ્ધજ્ઞાનભાવ, જ્ઞાનની મૂર્તિ આત્મા હૈ. જ્ઞાનવિગ્રહં–જ્ઞાન જિસકા શરીર હૈ. વિગ્રહ નામ શરીર. આહાહા! યે હાડકા (આદિ) યે તો જડકા શરીર હૈ. સમજમેં આયા?

ઓહો! જિસકી દૃષ્ટિ શરીર, રાગ ને પર્યાયસે ઊઠ ગઈ હૈ ઔર ત્રિકાળી જ્ઞાયકભાવકી સેવાકે પ્રસાદસે... યે સેવાકે પ્રસાદસે... દેખો! આહાહા! **પ્રસાદ દ્વારા**... આહાહા! હમારા આત્મા

અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ ઉસકી સેવાસે, ભાવનાકી સેવાસે, એકાગ્રતાકી સેવાસે... યે સેવાકે પ્રસાદ દ્વારા... આહાહા! **જો નવીન શુભાશુભ દ્રવ્યકર્મોંકા તથા ભાવકર્મોંકા સંવર હોના સો પ્રત્યાખ્યાન હૈ.** જડકર્મ ભી આતે નહીં, ભાવકર્મ હોતા નહીં. આહાહા! 'આતે નહીં'કા અર્થ આનેવાલે થે ને આતે નહીં—ઐસા નહીં. ઉસ વક્ત આનેવાલા હી નહીં થા. આહાહા! ભારે માર્ગ વીતરાગનો. અરે! અંતર ચીજકા પતા આયે બિના જો કુછ કરે યે સબ સંસારકે ખાતે હૈ. સમજમેં આયા? **શુભાશુભ દ્રવ્યકર્મોંકા તથા ભાવકર્મોંકા સંવર હોના સો પ્રત્યાખ્યાન હૈ.** સંવર નામ રુક જાના. રાગકા રુક જાના ને દ્રવ્યકર્મકા રુક જાના ઔર સ્વરૂપમેં આનંદકી લહર–મોજ આના. આહાહા! સુખરૂપ હૈ ચારિત્ર. પ્રત્યાખ્યાન સુખરૂપ હૈ, દુઃખરૂપ નહીં. સમજમેં આયા?

યે ભગવાન વિશલ્યસ્વરૂપ હૈ. વહ વિશલ્યા આતી હૈ ન વિશલ્યા? જિસકે (સ્પર્શ કિયે) પાની છીંટનેસે લક્ષ્મણ જગ ગયા. યે આત્મા તો વિશલ્યસ્વરૂપ હી હૈ. સમજમેં આયા? આહાહા! વહ વિશલ્યાકી (કથા)મેં આતા હૈ ન. કહો, સ્ત્રી! પૂર્વે ચક્રવર્તીકી દીકરી થી. જંગલમેં છોડ દિયા થા. તો અજગરને.... ઉસકા પિતા શોધતે હુએ આયા. ઓહોહો! ઐસે ઉઠાયા બાણ મારનેકો. પિતાજી! મારના નહીં બાણ. મૈંને તો ચાર આહારકા ત્યાગ કિયા હૈ. મૈં યહાંસે બાહર નીકલું તો ભી મુજે આહાર-પાણી તો લેના નહીં હૈ. યે અજગરકો મારકર ક્યા કરોગે? સમજમેં આયા? ચક્રવર્તીકી લડકી, ચક્રવર્તી... આહા! જુઓ! ઇતને ભાવસે ઐસા પુણ્ય આયા કે જિસકે શરીરકે (સ્પર્શ કિયે પાનીસે) લક્ષ્મણ જૈસા વાસુદેવ (જિસે) રાવણકી શક્તિ લગી થી... સબ ઉપદ્રવમેં થે. રામચંદ્રજી જૈસા મહાપુરુષ, પુરુષોત્તમ પુરુષ, મોક્ષગામી છેલ્લા–આખિરકા શરીર હૈ. આહાહા! વો ભી વિચારમેં પડ ગયા કિ અરેરે! .... ક્યા હોગા? લક્ષ્મણ બોલતા નહીં. સમજમેં આયા?

આ તો ભાઈ! અમે ત્યાં દુકાને ઉપર આ બોલતા. ૬૪, સંવત ૬૪કી સાલ હૈ. સમજમેં આયા? રામચંદ્રજી કહતે હૈ લક્ષ્મણકો. શક્તિ લગી હૈ ન. 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક.' સીતાજી રાવણ લઈ ગયો, તું જા છો તો મારે શું કરવું? 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક, એ માતાજી ખબરું પૂછશે, તેને શા શા ઉત્તર દઈશ, લખમણ જાગને રે જી, બંધુ એકવાર બોલ દે એકવાર જી.' યે દુકાન પર બોલતે થે હમ. થોડા થોડા તો સમજ લેના તુમ્હારે. રામચંદ્રજી કહતે હૈં લક્ષ્મણકો, બંધવ! હમ વનમેં તીન આયે થે. સીતાજી રાવણને ઘરે, તુમ ઐસે પડે હો. યહાંસે હમ ઘર જાયેંગેં, માતાજી પૂછશે (તો) શું ઉત્તર દઈશ? ભાઈ! એકવાર તો બંધવ! જવાબ દે. ... છે. 'ભાઈ મૂએ ભવ હારીએ, બેની મૂએ દિશ જાય, નાનપણામાં જેની મા મરે એને ચારે દિશાના વા વાય લખમણ.'

આ ૬૪ની વાત છે. કેટલા વરસ થયા? ૬૩. પડીકમણું કરીએને સાંજે. ઓહો! આઠ દિના પર્યુષણ આવેને શ્વેતામ્બરના. ચાર અપવાસ કરતા હોં ચાર તે દિ'. આઠ દિ'માં ચાર અપવાસ. એક અપવાસ ને એક..... ચોવિહારા હોં, પાણી-બાણી નહીં. ૬૪કી સાલકી બાત હૈ.

પાણી નહીં. પાણી પીતે નહીં થે હમ તો. હમ ચોવિહાર તો, લગભગ ૬૬કી સાલસે રાત્રિકા આહાર-પાણીકા ત્યાગ હૈ. ૬૬કી સાલ દીક્ષાકે ચાર વર્ષ પહલે. પાણી નહીં ને આહાર નહીં રાત્રિકો. હમ તો પહલેસે ભગત થે ન. દૂધ-બૂધ પીતે નહીં. હમ તો કુછ પીતે નહીં. પાણી નહીં, આહાર નહીં, કોઈ ચીજ નહીં. ૬૨ વર્ષ હુએ. રાત્રિકો પ્રતિક્રમણ કરકે ઐસે બોલતે થે. 'ભાઈ મૂએ ભવ હારીએ, બેની મૂએ દિશ જાય,' 'દિશ જાય' સમજતે હો? બેની જ્યાં હોય ને મરી જાય એ દિશા તરફ જાવું પડેને. અને 'નાનપણમાં જેની મા મરે એને ચારે દિશાના વા વાય.' ચારેકોર અરે! મા ક્યાંય નહીં મળે. બોલતે થે વૈરાગ્યની વાતું. લક્ષ્મણ ને રામની હોં. આહાહા!

અહીં કહે છે, ભગવાન આત્માકી સેવા કરતા હૈં. આહાહા! ભગવાન.. ભગવાન તીર્થંકરકી નહીં, રાગકી નહીં. આહાહા! કેવા શબ્દ મૂક્યા છે દેખો! લોકો કહે છેને કે કો'કની સેવા કરવી. યે સેવા હૈ. કૌન સેવા કરતા હૈ પરકી? પરકી સેવા કર સકતા હૈ કૌન? વિકલ્પ આઓ, (તો) રાગ હૈ શુભ. સમજમેં આયા? યહાં, અપની સેવા કર સકતા હૈ—યે બાત હૈ. કહો, ભીખાભાઈ? સેવા-બેવા હીરાભાઈ નહીં કરે ને કોઈ નહીં કરે, એમ કહતે હૈં.

**શુદ્ધજ્ઞાનભાવનાકી સેવાકે પ્રસાદ દ્વારા...** આહાહા! ભાષા તો જુઓ! પહલે શુદ્ધજ્ઞાનમેં આત્મા ઐસા અનુભવ હુઆ હો, વહ આત્માકી સેવા કર સકતા હૈ. ક્યોંકિ સેવા જિસકી કરના હો વહ ખ્યાલમેં આયા નહીં તો સેવા કરના કિસકી? સમજમેં આયા? પહલે, યે આત્મા જ્ઞાન ને આનંદમય હૈ, ઉસમેં સંસારમાત્ર નહીં. આહાહા! સંસારસે મુક્ત પ્રભુ હૈ. તીનોં કાલ સંસારસે મુક્ત પ્રભુ હૈ આત્મા. આહાહા! ઐસી વસ્તુ દૃષ્ટિમેં આયે બિના... આ માણસની સેવા કરવી રોગીની, પણ રોગી પહલે હૈ ઉસ પર નજર પડે પીછે સેવા (કરે)ને? એમ યે આત્મા, સચ્ચિદાનંદસ્વરૂપ શાશ્વત જ્ઞાન ને આનંદકા ધામ યે આત્મા, ઉસકી સેવા. યે આત્માકા ભાન તો સમ્યગ્દર્શનમેં હોતા હૈ એમ કહતે હૈં, પણ સેવા વહ ચારિત્ર હૈ. આહાહા! જુઓ! સંતોની વ્યાખ્યા તો દેખો! દુનિયાસે, સારી દુનિયાસે ઊલટી હૈ. આહાહા!

**પ્રસાદકે દ્વારા નવીન શુભાશુભ દ્રવ્યકર્મોંકા તથા ભાવકર્મોંકા સંવર હોના સો પ્રત્યાખ્યાન હૈ...** આહાહા! **જો સદા...** ઉસકા નામ પચ્ચખાણ ને ત્યાગ કહનેમેં આતા હૈ. બાહરકા ત્યાગ કરકે બૈઠે વહ ત્યાગ નહીં. આહાહા! **જો સદા અંતર્મુખ પરિણમનસે પરમકલાકે આધારરૂપ અતિ-અપૂર્વ આત્માકો ધ્યાતા હૈ...** ઔર સદા અંતર્મુખ પરિણમનસે... અંતર્મુખ, ભગવાન વીતરાગમૂર્તિ જહાં અંતર્મુખ હૈ ઉસ તરફ અંતર્મુખ કરકે... પરિણમનસે, **અંતર્મુખ પરિણમનસે...** આહાહા! વ્યવહાર પ્રત્યાખ્યાન હૈ વહ તો બહિર્મુખ પરિણમન હૈ, રાગકા પરિણમન હૈ. આહાહા! યે તો **અંતર્મુખ પરિણમનસે...** લ્યો. કોઈ પૂછતા થા (કિ) અંતર્મુખદૃષ્ટિ કૈસે કરના? વહ તો ચલતા હૈ સાંજ-સવાર. પહલી ત્રિકાળી ચીજ ક્યા હૈ—યે પહલે ભાવમેં ખ્યાલમેં આના ચાહિયે. રાગ નહીં, શરીર નહીં, વાણી નહીં, કર્મ નહીં, એક સમયકી પર્યાય ભી

નહીં. ઐસી ચીજ ક્યા હૈ ઐસે પહલે શાસ્ત્રજ્ઞાનસે સુનકર, વિકલ્પ દ્વારા ઉસ ચીજકા પહલે નિર્ણય હોના ચાહિયે. પીછે યે વિકલ્પકો છોડકર અંતર્મુખ—અંતરમેં દૃષ્ટિ લગાના. કૈસે લગાના? આજ તક લગા નહીં કૈસે લગાનેકા? ભાષા તો, ભાવ સમજે તો યે સમજે. અંતર... હૈ મહાપ્રભુ દ્રવ્યસ્વભાવ ઉસકે ઉપર દૃષ્ટિ દેના. ...... પર્યાયકો અંદરમેં લાના. યે ક્યા ભાષા... ભાષા? અનુભવ તો અપનેસે હોતા હૈ કિ કોઈ કર દે તો હોતા હૈ? અને સુનનેસે જ્ઞાન હુઆ ઉસસે ભી નહીં હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

**સદા અંતર્મુખ પરિણમનસે**... આહાહા! દિગંબર મુનિની વ્યાખ્યા તો જુઓ! શ્વેતામ્બરમાં એ ઝલક નહીં મળે. આહાહા! વસ્તુકા સત્ય સ્વરૂપ ઐસા હૈ. સમજમેં આયા? આહાહા! અન્યમેં તો હૈ હી નહીં કહીં. એ પૂનમચંદજી! સબ સરીખે ધર્મ હૈ હી નહીં. વિશ્વધર્મ... નામ 'ધર્મ'મેં ક્યા આયા? નામ લક્ષ્મીચંદ હોય અને હોય ભીખારી. આવે છેને ક્યાંક? નિશાળમાં આવતું. ....એવું કાંઈક આવતું. ધનપાળ નામ હોય ને ભીખ માગતો હોય, લક્ષ્મીચંદ હોય ને લાકડા.... ક્યા કહતે હૈં? લકડી બેચતા હૈ વહ. ઉસમેં ક્યા આયા? એ આવે છે ધનપાળ ને. ધનપાળ... એ આવે છે. લોકો વાતું કરતા. આહાહા!

**સદા અંતર્મુખ પરિણમનસે પરમકલાકે આધારરૂપ...** આહાહા! ક્યા કહતે હૈં? વર્તમાન સમ્યગ્જ્ઞાનકી પરમકળા, ઉસકા આધાર વહ દ્રવ્ય. આહાહા! વર્તમાન મોક્ષમાર્ગકી પર્યાયરૂપ કળા... નિયમસાર હૈ ન. વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમકલા, ઉસ કલા દ્વારા કેવળજ્ઞાન કલા પ્રાપ્ત હોતી હૈ, પર ઉસ કલાકા આધાર દ્રવ્ય હૈ. આહાહા!

શ્રોતા : વર્તમાનમેં તો રાગ હૈ ન?

પૂજ્ય ગુરુદેવશ્રી : રાગ હૈ હી નહીં અંદરમેં. અપની પર્યાય હૈ વહ તો રાગ બિનાકી હૈ. વહ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરમકલા હૈ અને ઉસ કલાકા આધારરૂપ **અતિ અપૂર્વ આત્માકો ધ્યાતા હૈ**. આહાહા! **અપૂર્વ આત્માકો**... આ ભઈ આત્મામાં અપૂર્વ...? એનો અર્થ કે કભી આત્મા હૈ ઐસા ધ્યાયા હી નહીં. જો કુછ કિયા વહ પુણ્ય-પાપકી ક્રિયા ને પરિણામ કિયા, વહ કોઈ ચીજ નહીં, વહ તો સંસાર હૈ. આહાહા! આ પચક્ખાણ દેખો! સમજમેં આયા? ચારિત્રકા પેટાભેદ હૈ યે. **પરમકલાકે આધારરૂપ**... કૌન? **અતિ અપૂર્વ આત્મા...** અતિ અપૂર્વ આત્મા. પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ ભગવાન યે અપની મોક્ષમાર્ગકી પર્યાયરૂપ પરમકલા ઉસકા આધાર હૈ. ઉસકે આધારસે પરમકલા પ્રગટ હોતી હૈ. કોઈ વ્યવહારરત્નત્રયકે રાગકે આધારસે પરમકલા ઉત્પન્ન હોતી નહીં એમ કહતે હૈં. આહાહા! કહે છેને જુઓને, કલ બહોત આયા હૈ. મક્ખનલાલ બહોત.... સોનગઢકા તો બિલકુલ પૂર્ણ અસત્ય હૈ—જૂઠા હૈ. અરે ભગવાન! તુને સુના નહીં નાથ! તેરી ચીજ ક્યા હૈ?

શ્રોતા : વો જૂઠા બતાયે, તુમ ભગવાન કહો.

પૂજ્ય ગુરુદેવશ્રી : યકીન કૈસે કરે? 'જામે જિતની બુદ્ધિ હૈ ઇતનો દિયો બતાય, વાકો બુરો ન માનીયે ઔર કહાંસે લાય.' આહાહા! વ્યવહારકો તો હેય કહતે હૈં, ઐસે આયા હૈ. વ્યવહાર હેય કહતે હૈં, (પર) વ્યવહાર હી ધર્મ હૈ પહલે છટ્ઠે ગુણસ્થાનમેં, ઐસે કહતે હૈં. અરર! ભગવાન! પ્રભુ! યે તુજે શરણ નહીં હોગા ભાઈ! એ દુનિયામાં બહારમાં લોકો ભલે માની લે, પણ ચીજ હાથ નહીં આયેગી. (તુજે) તેરી દયા નહીં હૈ ભગવાન! ભાઈ! આહાહા!

યહાં તો ક્યા કહતે હૈં? દેખો! **સદા અંતર્મુખ પરિણમનસે પરમકલાકે આધારરૂપ અતિ અપૂર્વ આત્મા**... ઐસે ન કહા કિ વ્યવહાર આધાર હૈ, વ્યવહાર..... વહ કારણ કહા ન. એ માટે લખ્યું છે. વ્યવહાર સાધન કહા હૈ, નિશ્ચય સાધ્ય કહા હૈ. સાધન પહલે હોતા હૈ, સાધ્ય પીછે હોતા હૈ. અરે ભગવાન! ભાઈ! તેરી સબ બાતકી હમકો ખબર હૈ, સુન તો સહી. સમજમેં આયા? હમને તો સંપ્રદાયમેં ભી સારે દિગંબર ગ્રંથ–શાસ્ત્ર સબ દેખે હૈં. સંપ્રદાયમેં દેખે થે, સબ દેખા થા. ઓહોહો! વાહ! યે તો હમારી ..... યે તો અશરીરી (હોનેકી) ચીજ હૈ. યે તો ૭૮મેં કહા થા હોં. આહાહા! યે તો હમારે ઘરકી ચીજ હૈ.

પહલે એક સમયસાર દેખા. નાદકા હૈ નાદકા. મહારાષ્ટ્રમેં એક નાદ હુઆ. નાદ નામકા પંડિત ગૃહસ્થ થા. ઉસને સમયસાર નાટક બનાયા. યહાં હૈ. નહીં, નહીં, અપના દિગંબર ગૃહસ્થ. પંડિત હોય કે ગૃહસ્થ હોય. પંડિત કહેવાય એને. પહલે બનાયા થા. હમકો પહલે ૭૮મેં મિલા થા. યહાં હૈ. સમયસાર નાટક. નાદકા હૈ. યહાં તો સબ પ્રકારકા મિલા હૈ ન. બતાવ્યું હતું ત્યાં. નીચે પંક્તિ આયી દેખનેમેં. યે સમયસાર નાટક ક્યોં માન્ય હૈ? લીટી હૈ, દેખના. વહાં લાઇન કી હૈ. યહાં હૈ. પહલે દેખા થા ૭૮મેં. યે માન્ય ક્યોં હૈ? કિ કુંદકુંદાચાર્ય મહાવિદેહમેં ગયે થે ને વહાંસે આયે, માટે સમયસાર નાટક માન્ય છે. સમજમેં આયા? ઐસે દેખકર હમકો... હમ તો સ્થાનકવાસી થે, ઢુંઢિયા થે. બાત યે સત્ય હૈ. ના, આ તો ઠીક છે... સમ્યગ્જ્ઞાનદીપિકા.... સમ્યગ્જ્ઞાનદીપિકા વહ ભી ૭૮મેં દેખા થા. પુરાના પહલા બડા અક્ષર. વહ ઝીર્ણ હો ગયા. ...... નીચે લીટી હૈ ત્રીજે પાને, નીચે. મહાવિદેહમેં ગયે થે કુંદકુંદાચાર્ય, માટે આ વાત માન્ય છે. સમજમેં આયા?

શ્રોતા : ... ભી લિખા હોગા મહારાજ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ... નહીં લિખા હૈ. ઇતના લિખા હૈ. વહ ખબર નહીં. પુસ્તકમેં ક્યા લિખા હૈ (ઉસકી) મુજે ખબર નહીં. મુજે તો ભાવકી ખબર હૈ.

યહાં કહતે હૈં... કિતને શબ્દ સમા દિયા કિ પ્રત્યાખ્યાન ચારિત્ર ઇસકો કહતે હૈં કિ સદા અંતર્મુખ પરિણમન ઔર પરિણમન એ પરમકળા. **પરિણમનસે પરમકલાકે આધારરૂપ**... યે પરિણમન જો હૈ વહ પરમકલા હૈ. વીતરાગ સમ્યગ્દર્શન, વીતરાગ જ્ઞાન ને વીતરાગ ચારિત્ર યે **પરિણમનસે પરમકલાકે આધારરૂપ**... આહાહા! વીતરાગી શ્રદ્ધા, સમ્યગ્દર્શન વીતરાગી શ્રદ્ધા

હોતી હૈ. સરાગ સમકિત-ફમકિત હોતા નહીં. વહ તો ઉપચારસે કથન હૈ. સમ્યગ્દર્શન ચૌથે ગુણસ્થાનસે વીતરાગી સમ્યક્ હોતા હૈ, સ્વસંવેદન વીતરાગી હોતા હૈ, ચારિત્રકા અંશ ભી ચૌથેસે સ્વરૂપાચરણ વીતરાગી હોતા હૈ. યે તો મુનિકી બાત હૈ. કહતે હૈં, **પરમકલાકે આધારરૂપ**... કૌન? **અતિ અપૂર્વ આત્મા**. પર્યાયમેં વ્યક્ત નહીં–અવ્યક્ત (ઔર) વસ્તુ તરીકે વ્યક્ત. પદાર્થ તરીકે વ્યક્ત, પ્રગટ તરીકે પર્યાય વ્યક્ત ને આ (દ્રવ્ય) વ્યક્ત. વસ્તુ તરીકે વ્યક્ત હૈ તીનોં કાલ. ઐસા અતિ અપૂર્વ આત્માકો પરમકલાકે દ્વારા **ધ્યાતા હૈ.** આહાહા! **ઉસે નિત્ય પ્રત્યાખ્યાન હૈ.** એને ચોવીસે કલાક પ્રત્યાખ્યાન છે. સમજમેં આયા?

સંવર-નિર્જરાકી વ્યાખ્યા તો સુને પહલે કિ ક્યા હૈ. આ સંવર આયા ન. પ્રત્યાખ્યાન કહો કિ સંવર કહો. વિકલ્પસે હઠકર, અપની નિર્મળ પર્યાયકા આધાર દ્રવ્ય ઉસકે અવલંબનસે શુદ્ધ પરિણમન જો વીતરાગી હોતા હૈ ઉસકા નામ નિત્ય પ્રત્યાખ્યાન કહનેમેં આતા હૈ. આહાહા! યે દિગંબર સંતોમેં હોતા હૈ, દૂસરે કહીં હોતા નહીં. આહાહા! સમજમેં આયા? એ પદમચંદજી! સબમેં હોતા હૈ, ઐસેમેં હોતા હૈ—ઐસા નહીં. સર્વજ્ઞને પૂર્ણાત્મા દેખા, અનુભવા ને પ્રગટ કિયા, ઉસને જો કહા વો માર્ગમેં જો પરિણમા વહ ધન્ય હૈ. દૂસરે યે માર્ગ હોતા નહીં. વહ ભી સચ્ચા ને વહ ભી સચ્ચા—ઐસા યહાં વીતરાગમાર્ગમેં હૈ નહીં. સમજમેં આયા?

**ઈસીપ્રકાર (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસારમેં (૩૪વીં ગાથા દ્વારા) કહા હૈ કિ :** આધાર આપે છે. છેને એ ગાથા ૩૪મી સમયસારની.

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं ।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेयव्वं ।।**

લ્યો, જ્ઞાન તે પ્રત્યાખ્યાન, આત્મા જ્ઞાનમૂર્તિમેં ઠરના વહ જ્ઞાન સો પ્રત્યાખ્યાન. ઠરના સમજતે હો? જ્ઞાનમેં જ્ઞાન જમ જાના, બસ વહ પ્રત્યાખ્યાન. આહાહા!

**ગાથાર્થ : અપને અતિરિક્ત સર્વ પદાર્થ પર હૈં...** લ્યો, અપના આનંદસ્વરૂપ ભગવાન ઉસસે સબ પર હૈં. વિકલ્પમાત્ર સબ ચીજ પર હૈં. દેવ-ગુરુ-શાસ્ત્ર, સમ્મેદશિખર, શત્રુંજય અને વ્યવહારરત્નત્રય સબ પદાર્થ પર હૈં. **ઐસા જાનકર પ્રત્યાખ્યાન કરતા હૈ—ત્યાગ કરતા હૈ...** પર હૈ યે મેરી ચીજ નહીં. દૃષ્ટિ હટાકર સ્વરૂપમેં સ્થિર હોતા હૈ ઉસકા નામ પ્રત્યાખ્યાન. આહાહા! **ઐસા જાનકર પ્રત્યાખ્યાન કરતા હૈ ઇસીલિયે પ્રત્યાખ્યાન જ્ઞાન હી હૈ...** દેખો! બસ જ્ઞાન, જ્ઞાન હી જ્ઞાન. ભગવાન જ્ઞાન-આનંદકી મૂર્તિ અનંત ગુણકા પરિણમન જો નિર્મળ હો, યે સબ જ્ઞાનકી ધારા કહનેમેં આતી હૈ. રાગકી નહીં, તો જ્ઞાનકી. જ્ઞાનકે સાથ શ્રદ્ધા, શાંતિ, ચારિત્ર, વીતરાગતા, આનંદ, સ્વચ્છત્તા, પ્રભુતા સબ હૈ. ઐસા જાનકર ત્યાગ કરતા હૈ અથવા લક્ષ છોડ દેતા હૈ ને ઇસમેં સ્થિર હોતા હૈ, યે પ્રત્યાખ્યાન તો જ્ઞાન હી હૈ. **(અર્થાત્ અપને જ્ઞાનમેં ત્યાગરૂપ અવસ્થા**

**હી પ્રત્યાખ્યાન હૈ).** અપને સ્વભાવમેં રાગકે અભાવરૂપ સ્વભાવકા પરિણમન વહ પ્રત્યાખ્યાન હૈ. આહાહા!

વ્યવહારકે અભાવરૂપ સ્વભાવકા પરિણમન વહ પ્રત્યાખ્યાન હૈ. હવે આ કહે કે વ્યવહારસે નિશ્ચય હોતા હૈ. આહાહા! વ્યવહાર ક્યા? ભાઈ! યે સાધન-કારણ કહા વહ તો નિમિત્તકા જ્ઞાન કરાયા હૈ. અરે! ભગવાન તો પ્રત્યક્ષ સ્વભાવી હૈ. અપને સ્વભાવસે પ્રત્યક્ષ જાના જાતા હૈ ઉસકા નામ આત્મા. પરોક્ષમેં વ્યવહારકા અવલંબન લેને જાના પડે યે આત્મા હી નહીં. ઐસા અલિંગગ્રહણમેં કહા હૈ. ૨૦ બોલમેં છટ્ઠા બોલ હૈ. **ઐસા નિયમસે જાનના.** ઐસા આયા ન? **णाणं णियमा मुणेयव्वं...** અપના જ્ઞાનાનંદસ્વભાવ ઉસમેં લીનતા જ્ઞાનકી, શ્રદ્ધાકી, સ્થિરતાકી હુઈ, યે પર્યાય જો હુઈ વહી ચારિત્ર, યે પ્રત્યાખ્યાન. એ શ્લોક દ્વારા અમૃતચંદ્રાચાર્ય આગળ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ વદ ૨, રવિવાર, તા. ૮-૮-૧૯૭૧
## શ્લોક-૧૨૭, ગાથા-૯૬, પ્રવચન નં. ૮૮

નિયમસાર શાસ્ત્ર હૈ, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. આ ૨૨૮ શ્લોક આવ્યો છેને સમયસારનો, નહીં?

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोह: ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ।।**

ચારિત્ર કિસકો કહતે હૈં, પ્રત્યાખ્યાન કિસકો કહતે હૈં વહ બાત ચલતી હૈ. પ્રત્યાખ્યાન(કા) વિકારકે ત્યાગસે કથન કરતે હૈં, ખરેખર તો ભગવાન આત્મા અનંત આનંદ ને જ્ઞાનકી મૂર્તિ હૈ, ઉસકા અનુભવ કરકે ઉસમેં સ્થિર હોના, રમણતા કરના, ઉસકા નામ ચારિત્ર હૈ. યે રસ્તેમેં ચલતી બાત થી કિ આપ ચારિત્રકા તો ત્યાગ કરાતે હો. કૌનસા ચારિત્ર? પંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ જો હૈ વહ તો વિકલ્પ–રાગ હૈ, યે ચારિત્ર નહીં. સમજમેં આયા? ચારિત્ર તો અપના નિજાનંદ સહજાનંદસ્વરૂપ ઐસા પ્રથમ અનુભવ કરના. અનુભવ કિયે પહલે ઉસકા નિર્ણય કરના. સમજમેં આયા? આત્મા તો અકેલા જ્ઞાન ને આનંદમય હૈ, ઉસમેં પંચમહાવ્રતકા વિકલ્પ કે દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ હૈ નહીં. ઐસે પહલે વિકલ્પસે–રાગમિશ્રિત વિચારસે જૈસા સ્વરૂપ હૈ ઐસા નિર્ણય કરકે, પીછે વિકલ્પ છોડકર નિર્વિકલ્પ અનુભવ કરના, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? વિકલ્પ નામ રાગ ઉસકો છોડકર... ઉપદેશકી શૈલી તો ઐસી આતી હૈ ન. અર્થાત્ અંદર આનંદમેં રમના, તો વિકલ્પ છૂટ જાતે હૈં, ઉત્પન્ન નહીં હોતે (ઉસે) 'છોડતે હૈં' ઐસા કહનેમેં આતા હૈ. ચારિત્ર, કોઈ બાહ્ય ક્રિયાકાંડ કિ શરીરકી ક્રિયા વહ ચારિત્ર નહીં. હજી શ્રદ્ધામાંય ઠેકાણા નહીં કે ચારિત્ર કિસકો કહતે હૈં? આહાહા!

શ્રોતા : ચારિત્ર જાણ્યા વિના ચારિત્રમાં મિથ્યાત્વ ન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : ચારિત્ર કિસકો કહના ઇસકી ખબર નહીં અને ચારિત્ર તો સમ્યગ્દર્શન હો ઉસકો પ્રથમ ઉત્પન્ન હોતા હૈ. અંતર આનંદકા અનુભવ કિયે બિના, યે 'આત્મા સારા આનંદમય હૈ' ઐસી પ્રતીત હુએ બિના 'ઉસમેં લીન હોના વહ ચારિત્ર હૈ' ઐસી શ્રદ્ધા કહાંસે આયેગી? સમજમેં આયા? નિરાલંબી માર્ગ હૈ ભગવાન! આહાહા! સત્ય તો યે હૈ. અપના નિજસ્વરૂપ તદ્દન જ્ઞાનમય, અતીન્દ્રિય આનંદમય અકેલા શુદ્ધ પૂર્ણ સ્વભાવ ઉસકે અંતર્મુખ હોકર, નિર્વિકલ્પ રાગકા અવલંબન છોડકર, નિર્વિકલ્પ વેદન, શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરના વહ પ્રથમ દરજ્જેકા સમ્યગ્દર્શન ધર્મ હૈ. પહલે નિર્ણય તો કરે કિ ક્યા ચીજ હૈ. નિર્ણયકા

ઠિકાના નહીં. પરલક્ષી જ્ઞાનકે નિર્ણયમેં જિસકો અયથાર્થતા હૈ ઉસકો યથાર્થ દૃષ્ટિ કભી હોતી નહીં.

શ્રોતા : આપ કહ રહે હો વહ હમકો યાદ હૈ બરાબર.

પૂજ્ય ગુરુદેવશ્રી : યે યાદ હૈ ઐસે નહીં. યાદ (કરના) તો બોજા હૈ. ઐસી બાત હૈ. યાદ રખના વહ તો વિકલ્પ હૈ. આહાહા! માર્ગ પ્રભુ! જન્મ-મરણકા અંત લાના હૈ, ચોરાશીકે અવતારમેં અનંત કાલસે ઘાણીમાં જેમ તલ પિલાય, તલ પીલતે હૈં ન ઘાણીમેં? ઐસે દુઃખમેં પિલાતા હૈ અનાદિસે. ખબર નહીં. કષાય અગ્નિસે–ઝળહળ અગ્નિસે જલતા હૈ આત્મા. આહાહા! ઉસે ચોરાશીકે અવતારમેં કહીં સુખ નહીં. સુખ તો ભગવાન આત્મા આનંદમેં હૈ. આનંદમેં હૈ વહાં સુખ હૈ. આહાહા! ઐસી દૃષ્ટિ કરકે પહલે નિર્વિકલ્પ ભાન હોના કિ સારા આત્મા શુદ્ધ ને ધ્રુવ આનંદકંદ હૈ. ઐસી પ્રથમ પ્રતીતિ હો તો વહ પ્રતીતિમેં ઐસા આતા હૈ કિ ઉસમેં મૈં લીન હોઉંગા તબ મુજે અશુદ્ધતા નાશ હોગી. ઐસે મૈં લીન હોઉં તો અશુદ્ધતાકા નાશ હોગા ઐસા પ્રતીતમેં–સમ્યગ્દર્શનમેં આતા હૈ. નંદકિશોરજી! આહાહા! ઐસી ચીજ ન સુની હો ઉસકો ઐસા લગે કિ ક્યા હૈ યહ? યે વિષય તો દેખો!

**શ્લોકાર્થ : (પ્રત્યાખ્યાન કરનેવાલા જ્ઞાની કહતા હૈ કિ—ભવિષ્યકે સમસ્ત કર્મોંકા પ્રત્યાખ્યાન કરકે (ત્યાગકર)...** શુભ-અશુભ વિકલ્પ ભી ઉત્પન્ન નહીં હોગા મુજે અબ. આહાહા! ઐસા લક્ષ છોડકર **જિસકા મોહ નષ્ટ હુઆ હૈ...** મોહ નામ મિથ્યાત્વ. રાગકી એકતા જો થી વહ મિથ્યાત્વભાવ થા. સ્વભાવકી એકતા કરકે જિસકા મોહ નષ્ટ હુઆ હૈ. આહાહા! ઐસે સમ્યગ્દૃષ્ટિકો ચારિત્ર ને પ્રત્યાખ્યાન હોતા હૈ. આહાહા! જિસકા મોહ... જુઓ! યહાં યે યાદ કિયા હૈ કિ મિથ્યાત્વકા નાશ હુઆ હૈ. જિસકી નિમિત્તબુદ્ધિ, રાગબુદ્ધિ ઔર એક સમયકી પર્યાયકી રુચિ નાશ હો ગઈ હૈ. અપના પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ અખંડ અભેદ વહી આત્મા, ઐસી અંતરમેં સ્વવસ્તુકા જ્ઞાન કરકે રુચિ અંદર હો, ઉસકા મોહકા નાશ હોતા હૈ. ધન્નાલાલજી! સૂક્ષ્મ બાત હૈ.

**ઐસા મૈં...** દેખો! ભાષા કૈસે કી હૈ! આચાર્ય સ્વયં કહતે હૈં, **ઐસા મૈં...** આહાહા! ખબર પડ ગઈ? છદ્મસ્થકો ખબર પડતી હૈ કિ મેરા મોહ નાશ હો ગયા ઔર મૈં સ્વરૂપમેં રમણ કરનેવાલા, રાગકા ત્યાગ કરકે રમણ કરનેવાલા મૈં ચારિત્રવંત હૂં? આહાહા! કોઈ કહતે હૈં ન કિ દ્રવ્યલિંગ ને ભાવલિંગ કેવળી જાણે. યહાં તો કહતે હૈં કિ મૈં ભાવલિંગી હૂં. મેરા મોહ નષ્ટ હુઆ હૈ. કહા ન અમરચંદભાઈ? આહાહા! ઇસમેં લિખા હૈ વહી સબ સત્ય હૈ. આહાહા! હૈ કિ નહીં નંદકિશોરજી? અભી સમકિત હૈ કિ નહીં વહ કેવલી જાણે. આરે ભારે ભાઈ!

શ્રોતા : કિસીસે પૂછ લિયા હોગા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પૂછ લિયા ક્યા? પૂછે કૈસે? આહાહા!

પહલે આતા હૈ. ...મેં આતા હૈ ન? દૂસરેકો ન પૂછ. ભાઈ! આવે છેને? આહાહા! નિર્જરા અધિકારમેં. દૂસરેકો ન પૂછ. તેરે આનંદકે અનુભવમેં તું જા. તેરા સબ સમાધાન હો જાયેગા. સમજમેં આયા? આ પૂછવાનો પ્રશ્ન છે. સમયસાર હૈ ન. ૨૦૬ ગાથા. નિર્જરા અધિકાર હૈ. નિર્જરા અધિકાર હૈ ન. બહોત બાર યહાં તો ચલ ગયા હૈ ન. જુઓ! આતા હૈ ૨૦૬. 'હે ભવ્ય! ઇતના સત્ય આત્મા હૈ જિતના યહ જ્ઞાન હૈ.' 'ઇતના હી સત્ય આત્મા...' ભાષા દેખો! સત્ય આત્મા. આહાહા! કુંદકુંદાચાર્ય, આ સમયસાર. કહતે થે ન કલ ભૈયા? રાત્રિકો યાદ કિયા થા. વહ હીરાલાલજી કહતે થે ન. સમયસાર... ભાઈ! નંદકિશોરજીકો. આહાહા! સમયસાર કોઈ ઐસી ચીજ હૈ. ક્યા કહતે થે?

શ્રોતા : તીન લોકમેં ઐસી કોઈ પુસ્તકકા નિર્માણ આજતક હુઆ નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હુઆ નહીં હૈ. હીરાલાલજી યહાં આયે થે. .... આ તો ઘણા વર્ષ થઈ ગયા. યહાં કહતે હૈં, ભગવાન! તુમ ઇતને હો કિ જિતના જ્ઞાન. જાણગ.. જાણગ.. જાણગ સ્વભાવી ઇતના આત્મા, ઇતના સત્ય આત્મા. આહા! 'ઐસા નિશ્ચય કરકે...' દેખો! 'ઐસા નિશ્ચય કરકે જ્ઞાનમાત્રમેં હી સદા રતિ કર.' ભગવાન જ્ઞાનસ્વરૂપ ઉસમેં પ્રેમ કર, રુચિ પામ. એક બોલ. 'ઇતના સત્ય કલ્યાણ હૈ જિતના યહ જ્ઞાન હૈ.' આહાહા! સમજણ.. સમજણ જ્ઞાનકા પિંડ ઇતના કલ્યાણ. તો કલ્યાણ, કોઈ પુણ્ય-પાપકે વિકલ્પસે કલ્યાણ હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

ઔર 'ઐસા નિશ્ચય કરકે...' મૈં તો જ્ઞાનસ્વરૂપમૂર્તિ હૂં ઐસા નિશ્ચય કરકે... વહી કલ્યાણ હૈ, દૂસરા કોઈ કલ્યાણ નહીં. 'જ્ઞાનમાત્રથી જ સદા સંતોષ પામ.' જ્ઞાનમાત્રસે સંતોષ કર.. સંતોષ કર. સંતોષ–આનંદ. તેરે અતીન્દ્રિય આનંદમેં સંતોષ કર. ઇચ્છા ને બાહ્ય સંયોગમેં કહીં સુખ ને કલ્યાણ હૈ નહીં. 'ઇતના હી સત્ય અનુભવનીય હૈ...' દૂસરા બોલ. 'ઇતના હી સત્ય અનુભવનીય હૈ જિતના યહ જ્ઞાન હૈ...' આહાહા! જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનસ્વભાવ વહી અનુભવ કરનેલાયક હૈ. પુણ્ય-પાપકા વિકલ્પ વહ અનુભવ કરનેલાયક નહીં. પરકા તો અનુભવ હોતા નહીં. શરીર, મન, વાણી, કર્મ, માંસ, હાડકા ઉસકા તો અનુભવ હોતા હી નહીં આત્માકો. વિકારકા અનુભવ હોતા હૈ તો યે અનુભવનીય નહીં, વહ તો જહર હૈ. આહાહા! 'ઐસા નિશ્ચય કરકે જ્ઞાનમાત્રસે હી સદા તૃપ્તિ પ્રાપ્ત કર. ઇસપ્રકાર સદા હી આત્મામેં રત, (આત્માસે) સંતુષ્ટ (અને આત્માસે) તૃપ્ત ઐસે તુજકો વચનસે અગોચર સુખ હોગા.' આહાહા! અમૃતચંદ્રાચાર્ય ટીકા કરતે હૈં. 'ઔર ઉસ સુખકો ઉસી ક્ષણ તું હી સ્વયમેવ દેખેગા, દુસરોંસે મત પૂછ.' વહ આયા લ્યો. પન્નાલાલજી! આનંદકા સ્વાદ તુજે આયેગા, તું દૂસરેસે ન પૂછ. તેરે પાસ હૈ અર્થાત્ તું હી હૈ, પણ તેરી પર્યાયકે પાસ હૈ. આહાહા! ક્યા દેખતે હૈં?

જુઓ! અમૃતચંદ્રાચાર્ય હોં. **तत्तु तत्क्षण एव त्वमेव स्वमेव द्रक्ष्यसि, मा अन्यान् प्राक्षीः.. मा अन्यान् प्राक्षीः**. બીજાને ન પૂછ ભાઈ! હૈ તેરી ચીજ, તેરેમેં હૈ. આહાહા! સમજમેં આયા? પહલે સમ્યક્ શ્રદ્ધામેં ઐસા વ્યવહારમેં નિર્ણય તો કરે. આહાહા! મૈં તો જ્ઞાન વહ સત્ય આત્મા, જ્ઞાન વહ કલ્યાણ આત્મા, જ્ઞાન યે અનુભવનીય હૈ. યે અનુભવ કરકે તુજે સુખ હોગા તો તું સુખકો દેખેગા. સુખકે અનુભવમેં તુજે સુખકા આનંદ આયેગા. ન પૂછ બીજાને. આહાહા! ટીકા તો ટીકા છેને! અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય. કુંદકુંદાચાર્યને પંચમ આરામેં તીર્થંકર જૈસા કામ કિયા હૈ અને અમૃતચંદ્રાચાર્યને તીર્થંકરકે ગણધર જૈસા કામ કિયા હૈ. એ કુંદકુંદાચાર્યના ગણધર હતાં. આહાહા! સમજમેં આયા? 'બીજાને શા માટે પૂછવું પડે?' ઐસા લિખા હૈ. દૂસરોંકો ક્યા પૂછનેલાયક હૈ તેરી ચીજ? ભગવાન! તું તો જ્ઞાનમય હો ન! કલ્યાણસ્વરૂપ હી તુમ હો ન! અનુભવ કરનેલાયક તુમ ચીજ હો તેરે પાસ. પર્યાયકે પાસ અનુભવ કરનેકી ચીજ હૈ, દૂર નહીં હૈ વહ. આહાહા! સમજમેં આયા?

તો કહતે હૈં, **જિસકા મોહ નષ્ટ હુઆ હૈ**... આહાહા! **ઐસા મૈં**... આચાર્ય કહતે હૈં કિ **ઐસા મૈં**... આહાહા! આ પંચમકાળના મુનિ! અમૃતચંદ્રાચાર્ય તો અભી ૯૦૦ વર્ષ પહલે હુએ, કુંદકુંદાચાર્ય ૨૦૦૦ વર્ષ પહલે હુએ. વે કહતે હૈં કિ **ઐસા મૈં નિષ્કર્મ (અર્થાત્ સર્વ કર્મોંસે રહિત)**... રાગસે રહિત ઐસી મેરી ચીજ **ચૈતન્યસ્વરૂપ આત્મામેં**... નિશ્ચય લિયા હૈ. મૈં કૈસા હૂં? મૈં તો ચૈતન્યસ્વરૂપ આત્મા હૂં. વ્યવહારરત્નત્રય વિકલ્પસ્વરૂપ મૈં નહીં. વહ નાસ્તિ આ જાતી હૈ. અસ્તિમેં મૈં તો ચૈતન્યસ્વરૂપ આત્મા હૂં. આત્માકી વ્યાખ્યા કી. **ચૈતન્યસ્વરૂપ આત્મામેં આત્માસે હી**... ઐસા પડા હૈ. ક્યા કહતે હૈં? મૈં આત્મામેં આત્માસે હી–વીતરાગી નિર્વિકલ્પ પરિણતિસે મૈં આત્મામેં રમણ કરતા હૂં. યે આત્મા. આહાહા! પાઠમેં હૈ ન દેખો! **निष्कर्मणि नित्यमात्मना वर्ते... आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते**... આહાહા! ભગવાન આત્મા... યે પ્રત્યાખ્યાન, ઉસકા નામ ચારિત્ર, ઉસકા નામ સંવર ઔર ઉસકા નામ નિર્જરા. આહાહા! અભી સંવર-નિર્જરા કૈસે હોતી હૈ ઇસકી ખબર નહીં, શ્રદ્ધાકા ઠિકાના નહીં, ઉસકો સમ્યગ્દર્શન કૈસે હો? આહાહા! સમજમેં આયા?

તો કહતે હૈં, **(સ્વયંસે હી)**... આત્માસે હી, એમ કહતે હૈં ન. **(સ્વયંસે હી)**... સ્વયં એટલે આત્મા આત્માસે હી. આત્મા ત્રિકાળી વસ્તુ હૈ, તો આત્માસે હી (અર્થાત્) નિર્વિકલ્પ વીતરાગ પરિણતિસે હી **નિરંતર વર્તતા હૂં**. આહાહા! મોહ નષ્ટ હુઆ વહ ભી મૈંને કિયા ને યહાં કહા કિ મૈં નિરંતર વર્તતા હૂં (ઐસા) ભાન હૈ. પંડિતજી આહાહા! ૯૦૦ વર્ષ પહલે ભરતક્ષેત્રમેં ચાલતા સિદ્ધ. મુનિ એટલે શું! આહાહા! જિસકા કપાટ ખુલ ગયા હૈ, રાગકી એકતામેં નિધાનકો તાલા દિયા થા.. આહાહા! પુણ્યકે વિકલ્પકે સાથ સ્વભાવકા એકત્વ માનના યે તેરે નિધાનકી કૂંચી (-ચાબી) બંધ કર દિયા થા, ખોલનેકા (પ્રયાસ) બંધ કર દિયા થા. આહાહા! વિકલ્પ ને સ્વભાવ બે

ભિન્ન છે ઐસે અંતરમેં ભાન હુઆ (તો) નિધાન ખુલ ગયા. તો નિધાનમેંસે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર પરિણતિ (આયી) ઉસમેં વર્તતા હૂં, એમ કહતે હૈં. સમજમેં આયા? અપનેકો ખબર પડતી હૈ કિ નહીં ડાલચંદજી? યે છદ્મસ્થ પંચમ આરાકે (સંત)... અરે ભગવાન! તેરી તુજે ખબર નહીં, મહિમા ન મળે. ક્યા ન જાને, ક્યા ન દેખે અને ક્યા અંદર અનુભવમેં અપની ચીજ ન આવે? અલૌકિક ચીજ હૈ.

**ઔર (ઇસ ૯૫વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહતે હૈં) :–** હવે પોતે. વહ (શ્લોક) તો અમૃતચંદ્રાચાર્યકા થા, હવે આ પદ્મમલધારિદેવ.

**सम्यग्दृष्टिस्त्यजति सकलं कर्मनोकर्मजातं**
**प्रत्याख्यानं भवति नियतं तस्य संज्ञानमूर्तेः ।**
**सच्चारित्राण्यघकुलहराण्यस्य तानि स्युरुच्चैः**
**तं वंदेहं भवपरिभवक्लेशनाशाय नित्यम् ।।१२७।।**

આહાહા! મુનિ મુનિને (નમસ્કાર કરે છે). જુઓ! પ્રમોદ આયા હૈ. મુનિ હૈં ભાવલિંગી સંત વે કહતે હૈં (કિ) ઐસે ચારિત્રવંતકો મૈં નમન કરતા હૂં.

આહાહા! જુઓ! ક્યા કહતે હૈં? **શ્લોકાર્થ : જો સમ્યગ્દૃષ્ટિ...** પહલે સમ્યગ્દૃષ્ટિ તો હોના ચાહિયે, ઉસકે બિના ચારિત્ર હોતા નહીં. આહાહા! **જો સમ્યગ્દૃષ્ટિ સમસ્ત કર્મ-નોકર્મકે સમૂહકો છોડતા હૈ...** સમસ્ત. જો ભાવસે તીર્થંકરગોત્ર બંધે ઉસ ભાવકો ભી દૃષ્ટિમેંસે છોડતા હૈ. આહાહા! કર્મ—ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ–શરીર આદિ છોડતા હૈ. છૂટ જાતા હૈ ઉસકો 'છોડતા હૈ' ઐસા કહનેમેં આતા હૈ. ઉપદેશ કૈસે કરે? **ઉસ સમ્યગ્જ્ઞાનકી મૂર્તિકો...** સમ્યગ્જ્ઞાનની મૂર્તિ ભગવાન આત્મા, ઉસમેં જિસકી દૃષ્ટિ ને રમણતા હૈ યે **સદા પ્રત્યાખ્યાન હૈ...** ચોવીસે કલાક ચારિત્ર ને પ્રત્યાખ્યાન છે. દૃષ્ટિમેંસે, સ્થિરતામેંસે અસ્થિરતા છૂટ ગઈ, પરપરિણતિ છૂટ ગઈ. આહાહા! અપની પરિણતિને નિજઘર દેખા. ઉસમેં ઉત્કૃષ્ટ.. ઉત્કૃષ્ટ પરિણતિ હુઈ, ઉસકા નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર હૈ. સમજમેં આયા?

લોકો મૂંઝાય છે. માણસ (કહે), આ નહીં આ... મહાવ્રત એ ચારિત્ર, ૨૮ મૂળગુણ એ ચારિત્ર. તો કહતે હૈં કિ યે છોડનેલાયક હૈ, યે ચારિત્ર નહીં, યે તો રાગ હૈ. ઐસા પંચમહાવ્રતાદિ તો અભવિને ભી અનંત બૈર કિયા હૈ ને કરતા હૈ. અભી ભી અભવિ કરતા હૈ. અરે! ભવિ ભી કરતા હૈ. આહાહા!

શ્રોતા : ફર્ક ક્યા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ફર્ક અંદર અનુભવમેં ફર્ક હૈ. જબ લગ ભવિકો ભી અનુભવ નહીં, વહ ભી અભવિ જૈસા હૈ. ઐસા કહા હૈ પ્રવચનસારમેં. ભાઈ! અભવિ જૈસા હૈ વહાં તક તો.

દૂરભવિ ને ભવિ આયા હૈ ન? હૈ ન. આસન્નભવ્ય, દૂરભવ્ય અને અભવ્ય. જહાં તક ભાન નહીં.., અહો! અભવિકો ભી ભાન નહીં ઔર તુજે ભી ભાન નહીં. ભાનકી અપેક્ષા તુમ દોનોં સરિખે હો. આહાહા! અપના નિજ નિધાન ભગવાન, નિજ પૂંજીકી જહાં પરખ નહીં.. નિજ પૂંજીકી પરખ નહીં અને પરકી પરખ કરને ગયા. .... બાત હૈ. નિજવૈભવ અપના ભગવાન અનંત-અનંત... એક મકાનમેં ભી લાખ-દો લાખકા ફર્નિચર લગાતા કિ નહીં? ફર્નિચર કહતે હૈં ન? બડા ગૃહસ્થ હો તો .... પાંચ લાખ-દસ લાખ લગાવે. શોભા, યે તો બાહ્યકી શોભા હૈ, ભગવાન! તેરેમેં ફર્નિચર પડા હૈ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત કર્તા, અનંત કર્મ સ્વભાવ (આદિ) અનંત શક્તિકા વૈભવ તેરેમેં પડા હૈ. આહાહા! યે વૈભવ, કહતે હૈં કિ સમ્યગ્જ્ઞાનકી મૂર્તિકો યે વૈભવ હૈ. વૈભવ ખ્યાલમેં, શ્રદ્ધામેં, અનુભવમેં નહીં આયા તો 'યે વૈભવ હૈ' ઉસકી પ્રતીત હુઈ નહીં. આહાહા!

યે **સદા પ્રત્યાખ્યાન હૈ...** દેખો! **ઔર ઉસે પાપસમૂહકા નાશ કરનેવાલા ઐસે સત્ ચારિત્ર અતિશયરૂપ હૈં.** પાપસમૂહ શબ્દસે પુણ્ય-પાપ દોનોં. યહાં તો પુણ્યકો ભી પાપ કહા હૈ. આહાહા! હૈ ન. આહાહા! પુણ્ય-પાપકે અધિકારમેં આખિરમેં લિયા હૈ જયસેનાચાર્યને. વ્યવહારરત્નત્રય વ્યવહારસે પવિત્ર કહનેમેં આતા હૈ, નિશ્ચયસે તો વ્યવહારરત્નત્રય પાપ હૈ. આહાહા! સમજમેં આયા? જયસેનાચાર્ય. યે લિખા હૈ. રામજીભાઈ કોર્ટમાં કાઢતા હશેને બધું?

શ્રોતા : એ વિના ઓલા માનતા નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : માને નહીં. એ કેટલામી ગાથા? આહા! પુણ્ય-પાપ અધિકાર(માં છેલ્લે છે). પાછળ છે. યે આયા. ૨૩૪ પાને. **व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं, तिष्ठति कथं पापाधिकार इति?** મહારાજ! વ્યવહારરત્નત્રયકા અધિકાર હૈ ને આપને પાપ અધિકાર ક્યોં ચલાયા? વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્જ્ઞાન ને વ્યવહાર મહાવ્રત ઉસકા તો અધિકાર ચલતા હૈ અને આપ કહતે હો કિ યે પાપ અધિકાર હૈ? ધર્મીની વાત છે, અજ્ઞાનીને છે જ ક્યાં? સમજમેં આયા? **तत्र परिहारः यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः...** વ્યવહારસે કહનેમેં આતા હૈ. **परंपरया जीवस्य पवित्रताकारणत्वात् पवित्रस्तथापि बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति नश्यतीत्येकं कारणं। निर्विकल्पसमाधिरतां व्यवहारविकल्पावलंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीय कारणम्। इति निश्चयनयापेक्षया पापम्।** સમજમેં આયા? આહાહા!

શ્રોતા : અપેક્ષાસે પાપ હૈ, વૈસે નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અપેક્ષાકા ક્યા અર્થ? અપની પવિત્રતાસે વિરુદ્ધ માટે પાપ. વ્યવહારસે પુણ્ય. વ્યવહારસે પુણ્ય ને નિશ્ચયસે પાપ.

શ્રોતા : અપેક્ષાકી કોઈ વેલ્યુ નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હૈ ન. યહાં ક્યા કહા? નિશ્ચયનય અપેક્ષા... વ્યવહાર અપેક્ષા કહો વ્યવહાર પુણ્ય. નિશ્ચયકી અપેક્ષા પાપ હૈ. આહાહા! જયસેનાચાર્યકી ટીકા હૈ, દેખો! યહાં તો સબ ચિહ્નન કિયા હૈ દેખો! સમજમેં આયા?

ભાઈ! તેરી ચીજમેંસે નિકલના વહી પાપ હૈ. આહાહા! અમૃતકા સાગર પ્રભુ ઉસમેં ડૂબકી મારના (નહીં ઔર) વહ છોડકરકે બાહરમેં જાના, યે તો વિકલ્પ, પાપ, જહર હૈ. આહાહા! યે અધ્યાત્મકા માર્ગ લોગોંકા પચતા નહીં. સુનનેમેં આયા નહીં, સમજમેં આયા નહીં. આહાહા!

શ્રોતા : પરંપરાકા ભી લિયા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, વહ વ્યવહાર પ્રરંપરા. ઉસકા અભાવ હો તો.... નિશ્ચયસે તો વર્તમાન પાપ હી હૈ. ઐસા વ્યવહારસે પહલે કહા. રાગ છોડકર આગે જાયેગા, પણ નિશ્ચયસે વર્તમાન પાપ હી હૈ. આહાહા!

શ્રોતા : પરંપરાકા ક્યોં અર્થ કિયા મહારાજ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરંપરા વ્યવહાર. કહા ન? વ્યવહાર પવિત્ર. નિશ્ચય પવિત્ર હૈ તો ઉસકા આરોપ દેકર વ્યવહાર(કો પવિત્ર) કહા, પર ઉસકો છોડકર જાયેગા માટે વ્યવહારસે પરંપરા કહનેમેં આયા. પણ નિશ્ચયસે સાક્ષાત્.. સાક્ષાત્ પાપ હૈ. આહાહા!

અજર પ્યાલા હૈ. પચી જાય એવા છે. પચી જાય શું? આહાહા! પ્રત્યક્ષ તૈયાર કરે તો સબ પચ જાય. બદામકા રોટી ભી પચ જાતી હૈ. બદામ.. બદામ. રોટી નહીં કરતે બદામકી? ભાવનગર બહોત આતી હૈ. ખબર હૈ ન. ભાવનગર ગયા હતા એક ફેરી ઘણા વર્ષ પહલા. હમેં પાલેજ જાના થા. ક્યાંક ગયે થે, શેર-બશેર લીધી હતી. પૂરી આવે છેને બદામની? મેં બરાબર નહીં દેખ્યું હોય તે સગાને નાખ્યો વચમાં. એ થોડુંક ચાર આના ખાઈ ગયો વચમાં. એ દુકાનની ખબર નહીં મને. એ લીધી હતી. પાલેજ લઈ જવી હતી. ઘણા સાલ (પહેલા)ની વાત છે. ૬૪-૬૫ની વાત છે. ૬૦-૬૦ની. એ સગા હતા ખાસ હોં. એણે એમાંથી ચાર આના ખાધા. બહોત વર્ષકી બાત હૈ. બદામકી પૂરી વહ ભી પચ જાતી હૈ ધર્મીકો તો. એટલે? પવિત્રતા પચ જાતી હૈ. યે બદામકી પૂરી હૈ. આહાહા! એય! ભાવનગરમાં વચમાં દુકાન ખીચોખીચ... ઊંચે થડે... ગમે તે હોય. આ તો ઘણા વર્ષની... જરી થડો ઊંચો છે આમ. (આજે બદામની પૂરી પિરસાણી). આ બદામની પૂરી પિરસાય છે. બેનનો જન્મદિન છેને આજ. આહાહા! આ બદામની પૂરી છે ભાઈ! મલીદા છે અંદર. હજમ હો ગયા, સમ્યગ્દષ્ટિકો હજમ હો ગયા.

એકવાર કહતે થે. ઓલું .... છે ને? અમરેલી. અમરેલી ચોમાસું. ઓલા રામજી હંસરાજ. પૈસા તે દિ' દસ લાખ હતા. હવે બે-ત્રણ કરોડ થઈ ગયા હશે. દસ લાખ રૂપિયા. પણ તે દિ' ૮૬માં દસ લાખ. અહીં સાંભળવા આવે ભાઈ બેય. નારણભાઈ કહે, મહારાજ! આપકા ઉપદેશ જઠરમેં પચતા નહીં. અજીર્ણ હો જાતા હૈ ઐસા ઉપદેશ હૈ કહે છે. ભૈયા! બદામ ખાનેકી ચીજ હો તો જઠર તૈયાર કરતે હો કિ નહીં? ઐસી ચીજ(કે લિયે) જઠર તૈયાર કરો. રામદેવ હંસરાજ પૈસાવાળા કહેવાતા. અત્યારે બે-ત્રણ કરોડ છે. તે દિ' દસ લાખ હતા. ૮૬નું ચોમાસું. પહેલા તે દિ' પૈસા બહુ ક્યાં હતા? હવે પૈસા થઈ ગયા. (સંવત) ૮૬ એટલે ૧૪ ને ૨૭ = ૪૧ વર્ષ હુઆ. ઉપદેશ આપકા ઐસા હૈ કિ પચતા નહીં. કરો જઠર તૈયાર. બદામ ખાનેકો તૈયાર ક્યોં હોતા હૈ? કે હમારા જઠર નહીં કામ કરતા (ઇસલિયે) બદામ નહીં ખાયેંગે એમ કહતે હૈં? વહાં તો તૈયાર હૈ તૈયાર. પચેગા, લાઓ. મૈસૂબ લાવ.

મૈસૂબ આતા હૈ કિ નહીં? એક શેર લોટ ને ચાર શેર ઘી. ચનેકા આટા. ઘઉં ખાતે હૈં. ઘઉંકા આટા, એક શેર લોટ ને ચાર શેર ઘી ઉસકો સક્કરપારા કહતે હૈં. ઘઉંકા હોતા હૈ એક શેર લોટ. લોટ સમજે? આટા. ચાર શેર ઘી. યે ઘઉંકા આટા હોતા હૈ. એક શેર આટા ને ચાર શેર ઘી ઉસકો સક્કરપારા કહતે હૈ. ઔર મૈસૂબ, ચનેકા લોટ. લોટ ક્યા કહતે હૈં? આટા. એક શેર બેસન, ચાર શેર ઘી ઉસકો મેસૂબ કહતે હૈં. સમજમેં આયા? યહાં તો સબ દેખા હૈ–જોયા છે. ખાયા હૈ, સબ દેખા હૈ. આહાહા!

યહાં કહતે હૈં, ઓહોહો! જુઓ! યે પાપ-પુણ્ય પર ચલા. પુણ્ય ને પાપ દોનોં પાપ હૈં. ઉસ **સમૂહકા નાશ કરનેવાલા ઐસે સત્ ચારિત્ર અતિશયરૂપ હૈં. ભવ-ભવકે ક્લેશકા નાશ કરનેકે લિયે ઉસે મૈં નિત્ય વંદન કરતા હૂં.** ઐસે ચારિત્રકો મૈં વંદન કરતા હૂં, હૈ તો યે વિકલ્પ, પણ અંદરમેં આદર હૈ. આહાહા! પૂર્ણાનંદકા નાથ મેરી ચીજ ઉસમેં મૈં રમતા હૂં, વહી મેરા વંદન ચારિત્રકા હૈ. આહાહા! ૯૫ હુઆ, ૯૬.

**केवलणाणसहावो केवलदंसणसहावसुहमइओ ।**
**केवलसत्तिसहावो सो हं इदि चिंतए णाणी ।।९६।।**

આ તો દ્રવ્યસ્વભાવની વાત કરશે હોં. પાઠમાં દ્રવ્યસ્વભાવ લેશે. બેય લેશે, ટીકામાં બેય લેશે. પાઠ ત્રિકાળની વાત છે.

**कैवल्य दर्शन-ज्ञान-सुख, कैवल्य शक्ति स्वभाव जो,**
**मैं हूं वही, यह चिन्तवन होता निरन्तर ज्ञानिको. ९६.**

આહાહા! **ટીકા : યહ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્મકે ધ્યાનકે ઉપદેશકા કથન હૈ.** આત્મામેં અનંત ચતુષ્ટય પડા હૈ અનાદિ-અનંત. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. યે અનંત ચતુષ્ટયકી મૂર્તિ આત્મા હૈ અનાદિસે. ઉસકા ધ્યાન... ઉસકા ધ્યાન કરના,

ઉસમેં એકાગ્ર હોના વહ પ્રત્યાખ્યાન હૈ. હવે જરી થોડી વ્યવહારની વાત કરશે. પાઠ તો ઐસા હી હૈ નિશ્ચયકા. નિશ્ચય......

**સમસ્ત બાહ્ય પ્રપંચકી વાસનાસે વિમુક્ત...** દેખો! સમસ્ત બાહ્ય પ્રપંચકી વાસનાસે મુક્ત... શુભ-અશુભ વિકલ્પ જો હૈ યે બાહ્ય વાસના હૈ. બાહ્ય પ્રપંચકી વાસના. આહાહા! વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ ભી બાહ્યકા પ્રપંચ હૈ. ઐસી વાસનાસે વિમુક્ત **નિરવશેષરૂપસે અન્તર્મુખ...** બિલકુલ બાકી રાખ્યા વિના–સર્વથા અંતર્મુખ. **પરમતત્ત્વજ્ઞાની જીવકો શિક્ષા દી ગઈ હૈ.** પરમતત્ત્વજ્ઞાની જીવકો શિક્ષા દી હૈ કિ તેરા સ્વરૂપ ઐસા હૈ. **કિસપ્રકાર? ઇસપ્રકાર :– સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાલે...** કેવલજ્ઞાન હૈ યે સાદિ હૈ. ઉત્પન્ન હુઆ, પણ અંત નહીં. કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ, કેવલદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય યે ઉત્પન્ન હુઆ ઇસ અપેક્ષાસે સાદિ હૈ. ગાથામેં ત્રિકાલીકી બાત કી હૈ, પણ ટીકામેં દો બાત કરતે હૈં. અનંત ચતુષ્ટય જો પ્રગટ હૈ ઉસકી બાત પહલે કરતે હૈં. ઉસકી ભાવના ધર્મી ભાયે, ઐસે પહલે પરમાત્મા કહતે હૈં.

**સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાલે શુદ્ધસદ્ભૂતવ્યવહારસે...** દેખો! આત્મામેં કેવળજ્ઞાન પ્રગટ હો, કેવળદર્શન, આનંદ, વીર્ય—યે સદ્ભૂત વ્યવહાર હૈ. નિશ્ચય નહીં. પર્યાય હૈ ન. દેખો! ઐસે **સ્વભાવવાલે શુદ્ધસદ્ભૂતવ્યવહાર...** સમજમેં આયા? આહાહા! કેવલજ્ઞાન, કેવલદર્શન પરમાત્માકી દશા હોં, સિદ્ધકી દશા, અરિહંતકી દશા. કેવળજ્ઞાન, કહતે હૈં કિ વહ તો શુદ્ધસદ્ભૂતવ્યવહારનય હૈ (ક્યોંકિ) એક સમયકા અંશ હૈ. આહાહા! પૂર્ણ અંશ હૈ, પણ શુદ્ધસદ્ભૂતવ્યવહાર કહનેમેં આયા હૈ. **શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણકે આધારભૂત...** દ્રષ્ટાંત દેતે હૈં. જૈસે પરમાણુ શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ... શુદ્ધ નામ અકેલા પરમાણુ, એમ. વિભાવ–દો (મિલકર સ્કંધ) આદિ નહીં, દો પરમાણુ નહીં.

**શુદ્ધ સ્પર્શ-રસ- ગંધ-વર્ણકે આધારભૂત શુદ્ધ પુદ્ગલ-પરમાણુકી ભાંતિ...** ક્યા કહતે હૈં? અકેલા પરમાણુ હૈ અકેલા, ઉસમેં જો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ હૈ શુદ્ધ ઉસકા વહ પરમાણુ આધાર હૈ. સમજમેં આયા? અકેલે પરમાણુકી બાત હૈ યહાં. દો પરમાણુ હો તો વિભાવ હો જાય. એક પરમાણુ હૈ ઉસમેં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હૈ વહ શુદ્ધ હૈ, ઉસકા આધાર પરમાણુ હૈ. વહ ભી સદ્ભૂતવ્યવહાર હુઆ. આહાહા! સમજમેં આયા? નિશ્ચયમેં પરમાણુ ઉસમેં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ શુદ્ધ હૈ, ઉસકા વહ (પરમાણુ) આધાર—યે વ્યવહાર હો ગયા. વ્યવહાર પર્યાયકા આધાર દ્રવ્ય. **પરમાણુકી ભાંતિ**–એની પેઠે. ભગવાન આત્મામેં જો કેવલજ્ઞાન... આહાહા! એક સમયકી પર્યાયમેં ત્રિકાળ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય (જાનનેમેં આયે), યે પરમેં નહીં, પણ અપની પર્યાયમેં ઇતના સામર્થ્ય હૈ. સમજમેં આયા?

ઐસા **કેવલજ્ઞાન**, ઐસા **કેવલદર્શન, કેવલસુખ તથા કેવલશક્તિ** એટલે વીર્ય ઐસા **યુક્ત પરમાત્મા સો મૈં હૂં...** પર્યાયપરમાત્માકી બાત કરતે હૈં. સમજમેં આયા? હા, વહ તો કાર્ય હૈ યે પર્યાય હૈ વહ મૈં હૂં—ઐસા પહલે ભાવના કરતે હૈં. ત્રિકાળ મૈં હૂં ઐસી ભાવના પીછે કરેંગેં. સમજમેં આયા? મૈં અલ્પજ્ઞ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન યે નહીં ઔર મૈં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન યે નહીં ઔર મૈં અલ્પ વીર્યવાલા ભી નહીં, રાગવાલા તો નહીં. સંપૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ દર્શન પ્રગટકી અપેક્ષાસે, સંપૂર્ણ સુખ ને સંપૂર્ણ શક્તિ યે પરમાત્મા સો મૈં હૂં. અલ્પજ્ઞતા, રાગકા નિષેધ હો ગયા. ઐસી પૂર્ણ પર્યાય યે મૈં હૂં.

**ઇસપ્રકાર જ્ઞાનીકો ભાવના કરની ચાહિયે...** ધર્મીકો ઐસી એકાગ્રતા અંતરમેં કરની ચાહિયે. આહાહા! ભારે વાત ભાઈ! ક્યા હૈ વસ્તુ? અલૌકિક વાત! આત્માકી બાત ને આત્માકે ઘરકી બાત લોગોંકો સુનનેમેં ન આયી એટલે એને લાગે કે આહાહા! આ બધા વ્રત પાળે ને અપવાસ કરે, તપ કરે, એ ભારે કરે છે. ધૂળેય નહીં. યે તો અભવિને ભી ઐસા અનંતબૈર કિયા. આહાહા! ચૈતન્યમૂર્તિ ભગવાન મૈં પરમાત્મા જૈસા હૂં ઐસી કભી ભાવના કી નહીં. સમજમેં આયા? પોણા આઠ છે ને. પોણા નવ. ક્યા કહા સમજમેં આયા? મૈં કેવલજ્ઞાન આદિ... અલ્પજ્ઞાન હોને પર ભી, વર્તમાનમેં અલ્પજ્ઞાન, અલ્પદર્શન, અલ્પવીર્ય અને રાગ હોને પર ભી મૈં યે નહીં. આહાહા! મૈં તો પ્રગટ હોનેલાયક પર્યાય યે મૈં હૂં. સમજમેં આયા? આહાહા!

તો ઉસકી દૃષ્ટિ દ્રવ્ય પર જાતી હૈ એમ કહતે હૈં. ઐસી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાતી હૈ તો યે પર્યાય જિતના મૈં હૂં, વહી પરમાત્મા મૈં હૂં. આહાહા! ઔર... વહ વ્યવહાર હુઆ. કેવલજ્ઞાન, કેવળદર્શન યે વ્યવહાર હૈ. સદ્‌ભૂતવ્યવહાર આયા ન પહલે? શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. મતિજ્ઞાનાદિ અશુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. યથાર્થ અનુપચાર સદ્‌ભૂત રખે બિના.... મૈં ઐસા હૂં. ઉસકો પ્રત્યાખ્યાન ને ચારિત્ર હોતા હૈ. મૈં અલ્પજ્ઞ, અલ્પદર્શી ને અલ્પવીર્ય, સમ્યગ્દૃષ્ટિકી બાત ચલતી હોં, યે નહીં. મૈં તો પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શી, પૂર્ણવીર્ય, પૂર્ણસુખ યે મૈં હૂં. ઉસકા ઝુકાવ દ્રવ્ય ઉપર જાતા હૈ. સમજમેં આયા? ઉસકો ચારિત્ર ને પ્રત્યાખ્યાન હોતા હૈ. આહાહા!

**ઔર નિશ્ચયસે...** અબ નિશ્ચય લિયા. પાઠમેં હૈ વહ. પાઠમેં હૈ યે. **चिंतए णाणी...** હતુંને? **चिंतए णाणी...** ત્રિકાળ.. ત્રિકાળ પૂર્ણ સ્વરૂપ મેરા. નિશ્ચયસે મૈં સહજજ્ઞાનસ્વરૂપ હૂં. યહાં ત્રિકાળી સ્વભાવ આયા. કેવળજ્ઞાનાદિ વ્યવહાર આયા. વહ સાદિ-અનંત હૈ, યે અનાદિ-અનંત હૈ. સમજમેં આયા? કલ આયા થા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય હૈ સમ્યક્, યે સાદિ-સાંત હૈ. ઉત્પન્ન હોતા હૈ ને અંત હોતા હૈ. કેવળજ્ઞાન સાદિ-અનંત હૈ. ભગવાન આત્માકે ગુણ જો જ્ઞાન (આદિ) હૈં વે અનાદિ-અનંત હૈં. સમજમેં આયા? નહીં, યે બાત અભી નહીં. એ તો ૧૫મી ગાથામાં હતી. યહાં તો કહતે હૈં... કારણપર્યાય તો અનાદિ-અનંત ધ્રુવ હૈ. યહાં તો ગુણકી બાત ચલતી હૈ.

મૈં નિશ્ચયસે સહજ.. સહજ.. સ-હ-જ.. દ્રવ્યકે સાથ સહજ જ્ઞાનભાવ ત્રિકાળ અવિનાશી યે જ્ઞાનસ્વરૂપ હૂં, યે મૈં હૂં. આહાહા! **મૈં સહજદર્શનસ્વરૂપ હૂં**... મૈં સ્વભાવિક ત્રિકાળ દ્રષ્ટા–દર્શનગુણ સ્વભાવ ત્રિકાળી યે મૈં હૂં. **મૈં સહજચારિત્રસ્વરૂપ હૂં**... ત્રિકાળીકી બાત હૈ યહાં. ઉસમેં ચારિત્ર નહીં લિયા થા, સુખ લિયા થા કેવલસુખ. સુખમેં દર્શન-જ્ઞાન સમા ગયે. મૈં સહજચારિત્ર સ્વભાવિક.. સ્વભાવિક.. અવિનાશી ત્રિકાળીસ્વરૂપ રમણતારૂપ ભાવ યે ત્રિકાળ ચારિત્ર મૈં હૂં. મૈં ત્રિકાળ હૂં ઐસા. આહાહા! 'અખંડાનંદ' એ ભાષા એમ નહીં, આ રીતે છે. એ પાછું ભાષામાં આવ્યું. મિલાન કરના જરી કઠણ હૈ. અનંત... એક-એક ગુણ ચાર પાડ્યા.... કારણ કે વહ ચાર વ્યવહાર લિયા થા ન. અખંડ ત્રિકાળ કેવળજ્ઞાનમય હૂં ઉસમેંસે કેવળજ્ઞાન હોતા હૈ. કેવળદર્શનમય હૂં ઉસમેંસે દર્શન હોતા હૈ, કેવળચારિત્રમય હૂં ઉસમેંસે સમ્યગ્દર્શન ને સુખ હોતા હૈ. સમજમેં આયા? ભઈ વિચાર બહુ સમજ માંગે છે. આ તો જૈનદર્શન એવી સૂક્ષ્મ..... ગંભીર ચીજ.. ગંભીર ચીજ. આહાહા!

અખંડાનંદ તો બધા વેદાંતવાળા પણ કહે છે. અખંડાનંદ તો સૌ કોઈ કહે. માસિક છે, એ નહીં. અખંડાનંદ વહ દ્રવ્યસ્વભાવ હૈ ઉસમેં એક-એક ગુણ અખંડ હૈ, પૂર્ણ હૈ. પર્યાયસે ઐસા ચિંતવન હોતા હૈ એમ કહતે હૈં. જિસને પર્યાય માની નહીં ઉસકો ઐસા આયા કહાંસે? સમજમેં આયા? મૈં યે હૂં વહ તો પર્યાયમેં હોતા હૈ. સમજમેં આયા? પર્યાયમેં ઐસા હોતા હૈ કિ મૈં તો ત્રિકાળ જ્ઞાનમય હૂં. પર્યાય ઐસે જાનતી હૈ. આહાહા! પર્યાય તો એક સમયકી હૈ, પણ પર્યાય ઐસે જાનતી હૈ કિ મૈં ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ હૂં. ધ્રુવમેં, મૈં ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા તો આતા નહીં (ક્યોંકિ) પરિણતિ તો ઉસમેં હૈ નહીં. વહ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ હૈ વહ પરિણતિ–પર્યાય કહતી હૈ કિ મૈં ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ હૂં. આહાહા! સમજમેં આયા? ભારે વાત. પર્યાય હૈ, ત્રિકાળ ગુણ હૈ, યે ગુણકા પિંડ દ્રવ્ય અનાદિ-અનંત હૈ.

શ્રોતા : આપકે પાસ સમજને આયે હૈં, આપ પાર લગાઓ મહારાજ!

પૂજ્ય ગુરુદેવશ્રી : પાર લગાનેકી ચીજ ભી અંદર પડી હૈ. દૂસરેસે પાર લગાના હૈ?

**મૈં સહજ દર્શનસ્વરૂપ હૂં...** મૈં સહજ દર્શનસ્વરૂપ હૂં યે ધ્રુવ કહતા હૈ? ધ્રુવ જાનતા હૈ? મૈં યે હૂં. મૈં પર્યાય હૂં ઐસા નહીં. પર્યાય ઐસે જાનતી હૈ, પણ (ઐસા નહીં) કહતી કિ મૈં ઐસી (-પર્યાય) હૂં. મૈં યે (ત્રિકાલી) હૂં. સમજમેં આયા? આહાહા! **મૈં સહજચારિત્રસ્વરૂપ હૂં...** આહાહા! જ્ઞાનકી વર્તમાન પર્યાયમેં ઐસા ભાન હોતા હૈ કિ મૈં તો ત્રિકાળ ચારિત્રસ્વરૂપ હી હૂં. ચારિત્રકી પર્યાય નિકલી યે તો અનંતવે ભાગમેં આયી હૈ. આહાહા! કેવળજ્ઞાન ઉત્પન્ન હુઆ વહ તો અનંતવે ભાગમેં, ગુણમેંસે અનંતવે ભાગમેં આયા હૈ. કેવળદર્શન ભી અનંત દર્શનસ્વરૂપ હૈ (ઉસકે) અનંતવે ભાગમેં કેવળદર્શન આયા. આહાહા!

**મૈં સહજચિત્શક્તિ...** ઇસમેં સુખ ન લિયા. મૈં સહજચિત્શક્તિ... વહ સુખ ચારિત્રમેં આ ગયા, સુખ ને સમ્યગ્દર્શન. **સહજચિત્શક્તિસ્વરૂપ હૂં...** મૈં તો સ્વભાવિક જ્ઞાન, વીર્યસ્વરૂપ હૂં. ચિત્શક્તિ હૈ ન. જ્ઞાનકા વીર્યસ્વરૂપ હૂં, કોઈ રાગકે વીર્યમેં ને નિમિત્તકે વીર્યમેં કામ કરતા હૂં ઐસા મૈં હૂં નહીં. આહાહા! મૈં સહજચિત્શક્તિરૂપ... **ઐસી ભાવના** સમ્યગ્દષ્ટિકો **કરની ચાહિયે.** સમ્યગ્દષ્ટિકો ઐસી ભાવના કરની ચાહિયે. આ પંચમકાળના મુનિ પંચમકાળના પ્રાણીને તો કહે છે. કે આ વાત ચોથા આરા માટે છે? શેઠ! અભી કહતે હૈં, તું કર. ભાવના કરની ચાહિયે. આહાહા! આ ઉપદેશ પંચમ આરાના સાધુ પંચમ આરાના પ્રાણીને દે છે કે ચોથા આરા(વાળાને) દે છે? આહાહા! ભાઈ! ભગવાન આત્મા કહાં ચૌથા આરા કિ પંચમ આરાકા હૈ? આત્મા તો કાળસે અતીત હૈ. આહાહા!

કહતે હૈં, અરે ભગવાન! તું ઐસી ભાવના કર. મૈં પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન, પૂર્ણચારિત્ર, પૂર્ણવીર્ય, જ્ઞાનકા વીર્ય હોં. ઇસલિયે ચિત્શક્તિ લિયા ન. ઐસી ભાવના... બસ ભાવના વહ ચારિત્ર હૈ, વહ પ્રત્યાખ્યાન હૈ. સમજમેં આયા? યે ભાવના વહ પર્યાય હૈ. હમણા ચાર બોલ કહ્યા એ ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ અવિનાશી છે. પોપટભાઈ! બહુ ઝીણું. આહાહા!

હવે આચાર્ય મહારાજ એકત્વસપ્તતિનો આધાર આપે છે. એકત્વસપ્તતિ હૈ ન, પદ્મનંદી.. પદ્મનંદી પંચવિંશતિ ઉસકા આધાર દેતે હૈં.

**केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्पर महः।**
**तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टे श्रुते श्रुतम्।।**

જુઓ! આવ્યું. અરે ભગવાન! **શ્લોકાર્થ : વહ પરમ તેજ કેવલજ્ઞાન...** પરમતેજ કેવલજ્ઞાન અંદર. પરમતેજ કેવળજ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ ભગવાન... **કેવલદર્શન...** કેવળ તેજ દર્શન અંદર... **કેવલ સૌખ્યસ્વભાવી...** કેવળ આનંદસ્વભાવી મૈં. **ઉસે જાનને પર ક્યા નહીં જાના?** ઉસે જાના તો ક્યા નહીં જાના? આહાહા! ત્રણ લોકનો નાથ જાણ્યો, હવે શું નહીં જાણ્યું? એમ કહે છે. સમજમેં આયા? આહાહા! આ પદ્મનંદીપંચવિંશતિ આવે છેને. અધિકાર છવ્વીસ છે, પણ ઉસકા નામ ઐસા હૈ. અહો! ઉસે જાનકર ક્યા ન જાના? પૂર્ણાનંદકા ભેટા હુઆ તો અબ કિસકા ભેટા ન હુઆ? **ઉસે દેખને પર ક્યા નહીં દેખા?** ઔર **ઉસકા શ્રવણ કરને પર ક્યા નહીં સુના?** ઐસી બાત સુનનેમેં આયી કિ પૂર્ણ ભગવાન આનંદકંદ હૈ, ઐસા સુનનેમેં આયા તો અબ ક્યા નહીં સુના? સબ આ ગયા. સમજમેં આયા? ઐસી આત્માકી ભાવના અંતરમેં કરના વહ પ્રત્યાખ્યાન ને ચારિત્ર કહનેમેં આતા હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ વદ ૩, સોમવાર, તા. ૯-૮-૧૯૭૧
## શ્લોક-૧૨૮, ગાથા-૯૭, પ્રવચન નં. ૮૯

નિયમસાર, પ્રત્યાખ્યાન અધિકાર. ૧૨૮ કળશ હૈ. પ્રત્યાખ્યાન, કહતે હૈં કિ ત્યાગ. કિસકા ત્યાગ? રાગાદિકા ત્યાગ ઐસે વ્યવહારસે કહનેમેં આતા હૈ. વસ્તુસ્વરૂપ હૈ ઉસમેં એકાગ્ર હોના, ઉસમેં રાગકી ઉત્પત્તિ નહીં હોના, ઉસકા નામ ત્યાગ ને પ્રત્યાખ્યાન કહતે હૈં. કળશ ૧૨૮.

**जयति स परमात्मा केवलज्ञानमूर्तिः**
**सकलविमलदृष्टिः शाश्वतानंदरूपः ।**
**सहजपरमचिच्छक्त्यात्मकः शाश्वतोयं**
**निखिलमुनिजनानां चित्तपंकेजहंसः ।।१२८।।**

જરી અધ્યાત્મકી સૂક્ષ્મ બાત હૈ, અંતરની મૂળ વાત. એ તો હુશિયાર છે, એ તો હુશિયાર લખે છે. સમજમેં આયા? આત્મા હૈ ન. વહ કહતે હૈં દેખો! **શ્લોકાર્થ : સમસ્ત મુનિજનોંકે હૃદયકમલકા હંસ...** ઓહો! ભગવાન આત્મા રાગ અને સ્વભાવકો ભિન્ન કરનેવાલા હૈ ઐસા હંસ હૈ. ભિન્ન કરના નહીં, યે ઐસા હી હૈ હંસ, એમ કહતે હૈં. વસ્તુ ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ વસ્તુ હૃદયકમળમેં હંસ, ઐસા જો યહ શાશ્વત હંસ હૈ. જૈસે હંસ (અનાજ)કા ચારા કરતા હૈ ઉસસે રહિત હૈ, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? જૈસે હંસ અનાજકા ચારા કરતા હૈ ઐસા તો નહીં, ઐસે આત્મા હંસ સમાન, રાગકો તો લેતા નહીં, પણ અંતર નિર્મળ પર્યાયકો ભી ગ્રહણ કરતા નહીં. સમજમેં આયા? આહાહા! એવી ચીજ છે ભાઈ! આહાહા!

**મુનિજનોંકે હૃદયકમલકા હંસ...** આહાહા! હરેક ભગવાન આત્મા ચૈતન્ય આનંદકા ધામ વહ હંસ હૈ. આહાહા! કૈસા હૈ? **શાશ્વત, કેવલજ્ઞાનકી મૂર્તિરૂપ** હૈ યે તો. કેવલ જ્ઞાન, ઓલી પર્યાયકી બાત નહીં હૈ. કેવળજ્ઞાનપર્યાયકી બાત નહીં. એક જ્ઞાનમૂર્તિ વસ્તુ હૈ ધ્રુવ. ઓહોહો! એક હી કેવળજ્ઞાનમૂર્તિ-સ્વરૂપ... મૂર્તિ એટલે સ્વરૂપ. **સકલવિમલ દૃષ્ટિમય (–સર્વથા નિર્મલ દર્શનમય)**... જ્ઞાનમય ઐસા દર્શનમય, યૂં કહતે હૈં. ત્રિકાળ જ્ઞાનમય હૈ ઔર ત્રિકાળ દર્શનમય આત્મા હૈ.

**શાશ્વત આનન્દરૂપ...** ત્રીજો (બોલ) લીધો. ત્રિકાળ જિસમેં આનંદ પડા હૈ ત્રિકાળ અતીન્દ્રિય આનંદ... સ્વભાવ ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનમય, પૂર્ણ દર્શનમય, અતીન્દ્રિય આનંદમય. આહાહા! **સહજ પરમ ચૈતન્યશક્તિમય...** વીર્ય લિયા. પરમ ચૈતન્યકે વીર્યમય... પરમ ચૈતન્યની શક્તિમય.. આહાહા! ઐસા ભગવાન આત્મા અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ

**પરમાત્મા યહ જયવંત હૈ.** મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ કહે છે, આહાહા! યે ચીજ તો જયવંત ત્રિકાળ બિરાજતી હૈ. જયવંત હી હૈ. ધ્રુવ વસ્તુ નિત્ય. આહાહા! જયવંતકા અર્થ, યે 'હૈ'. એમ કાયમ જયવંત બિરાજતી હૈ. અનાદિ-અનંત કેવળજ્ઞાનકી મૂર્તિ, દર્શનસ્વરૂપ, આનંદરૂપ, ચિત્શક્તિરૂપ–ચિત્શક્તિમય... મય એટલે અભેદ લેવું છેને. આહાહા! ઐસા આત્મા અથવા વહ પરમાત્મા, અપના સ્વરૂપ વહ **પરમાત્મા યહ જયવંત હૈ**. સમ્યગ્દૃષ્ટિના દર્શનમાં–સમ્યક્માં એ ધ્રુવ ચીજ જયવંત વર્તે છે. આહાહા! સમજમેં આયા? અલૌકિક વાત છે. નિયમસાર હૈ ન. મોક્ષમાર્ગકી વ્યાખ્યા હૈ ન. તો મોક્ષમાર્ગકા ધ્યેય ક્યા? ધ્રુવ ઐસા અનાદિ-અનંત વહ મોક્ષમાર્ગકા ધ્યેય હૈ. આહાહા! નંદકિશોરજી! એવી વાત સાંભળી–સુની નહીં ને બહારસે ઐસા વાડા બાંધકર.... આહાહા!

શ્રોતા : આજ તક પ્રત્યાખ્યાન નહીં કિયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં કિયા કભી. વહ કહતે હૈં. અભી ૯૭મેં આયેગા. ઉસ વસ્તુકો ગ્રહણ કિયા હી નહીં, પીછે ક્યા પ્રત્યાખ્યાન કરના? એમ કહતે હૈં. ઐસી ચીજ સત્–શાશ્વત વસ્તુ અપની જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્યકી મૂર્તિ યે તો હૈ પ્રભુ. યે જયવંત વર્તતી હૈ. ઐસી દૃષ્ટિ અંદરમેં કરના, યે દૃષ્ટિ ઐસે કહતી હૈ કિ યે જયવંત વસ્તુ ઐસી ત્રિકાળ બિરાજતી હૈ. આહાહા!

શ્રોતા : દ્રષ્ટિ બિના જયવંત વર્તે તો પ્રતીતિ....?

પૂજ્ય ગુરુદેવશ્રી : કૌન કરે? કૌન જાને? આહાહા! અંતરકી પ્રતીતિ, યે પ્રતીતિ પર્યાય હૈ. ઔર અંતરકા સારા જ્ઞેય બનાકર જ્ઞાન જો સ્વસંવેદન હુઆ, વહ હૈ પર્યાય, પણ પર્યાય કહતી હૈ કિ યે જયવંતરૂપ બિરાજતા હૈ. આહાહા! સમજમેં આયા? મૈં તો નયી પર્યાય ઉત્પન્ન હુઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન તો નયી પર્યાય ઉત્પન્ન હુઈ, પણ યે (ધ્રુવ) તો જયવંત બિરાજતા હૈ. આહાહા! દેખો! પરમાત્માકા પંથ. આહાહા! જિનેન્દ્રદેવ જિનવર ત્રિલોકનાથ ઇન્દ્રોં ને ગણધરોંકે સમક્ષ દિવ્યધ્વનિ દ્વારા ઐસે કહતે થે. શેઠ! આહાહા! ઐસે પરમાત્મા 'આ' એમ પાછું છે ને? ક્યાંથી કાઢ્યું આ? **अयं... शाश्वतोयं... अयं**માંથી કાઢ્યું 'આ'. દૃષ્ટિ અને જ્ઞાનકી પર્યાયમેં આયા હૈ કિ યહ જયવંત વર્તતા હૈ. યે તો સમજાનેમેં ક્યા કહે? વિકલ્પ નહીં હૈ. આહાહા! પહલે નિર્ણયમેં લે તો કિ યે ચીજ હી ઐસી હૈ. સમજમેં આયા? પરમાત્મા, દૂસરા પરમાત્મા નહીં, યહ (સ્વયં) પરમાત્મા.

શ્રોતા : **अयं** શબ્દ પ્રત્યક્ષકે અર્થમેં લિયા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રત્યક્ષ હૈ. જ્ઞાનકી પર્યાયમેં–મતિ-શ્રુતજ્ઞાનકી પર્યાયમેં ભી વહ પ્રત્યક્ષ હોતા હૈ. આહાહા! સમજમેં આયા? **अयं शाश्वत...** કિસને જાના? અપની જ્ઞાનપર્યાયને, રાગકી અપેક્ષા છોડકર, મનકી અપેક્ષા છોડકર, જ્ઞાનકી પર્યાયને સીધા શાશ્વતકો જાના, તો

કહતે હૈં કિ યહ આત્મા મુજે પ્રત્યક્ષ હૈ, વહ જયવંત વર્તતા હૈ. આહાહા! દેખો! વીતરાગસ્વરૂપ આત્મા. આહાહા! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય ને અનંત સુખ—એ ચાર લીધા, ચતુષ્ટય ત્રિકાળ. ત્રિકાળ ચતુષ્ટમય પ્રભુ 'આ' પ્રત્યક્ષ.. મેરે જ્ઞાનમેં 'આ' પ્રત્યક્ષ જયવંત વર્તો. ૯૭.

યે પ્રત્યાખ્યાનકા અધિકાર હૈ ન. કોઈ રાગકો છોડના હૈ કિ લેના હૈ ઐસા દ્રવ્યમેં હૈ નહીં, યે પહલે બતાતે હૈં. આહાહા! કિસકો છોડે? જો ચીજ અંદરમેં હૈ હી નહીં શરીર, વાણી, મન, કર્મ, (ફિર) કિસકો છોડના? યહાં તો કહતે હૈં કિ રાગકો–કિસકો છોડના? ઉસકે ગ્રહણ-ત્યાગરહિત હી આત્મા હૈ. રાગકો કભી ગ્રહણ કિયા નહીં ઔર અપના નિજસ્વભાવ કભી છોડા નહીં. આહાહા! મૂલચંદભાઈ! ઇતના સ્વતંત્ર.. ઇતના સ્વતંત્ર. ડંકેકી ચોટ યહાં કહતે હૈં. ભગવાન! તું ઐસા હૈ ધ્રુવસ્વરૂપ. **णियभावं णवि मुच्चइ**... ૯૭, પહેલું પદ. આ તો અધ્યાત્મના મંત્રો છે. સમજમેં આયા? જૈસે સર્પ બિલમેં ગયા હો, વહ ગારુડી મંત્ર કરકે... ચલમ.. ચલમ મંત્રતે હૈં ન. ગારુડી અંદરમેં ચલે જાય (ઉસે) પકડકર લાયે–ખેંચી લાવે. ઐસા મંત્ર હૈ યહ. અરે ભગવાન! તુમ કૈસે હો? મેરે જ્ઞાનમેં આયે, તુમ આશ્રય હો એમ કહતે હૈં. સમજમેં આયા?

**णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं ।**
**जाणदि पस्सदि सव्वं सो हं इदि चिंतए णाणी ।।९७।।**

નીચે હરિગીત. યે તો હિન્દી બનાયા હૈ. હમારે પંડિતજીને તો ગુજરાતી બનાયા હૈ ઉસમેંસે હિન્દી બના હૈ. હમારા પંડિતજી હિંમતભાઈ, ઉસને સબ બનાયા હૈ.

**निजभावको छोडे नहीं, किंचित् ग्रहे परभाव नहिं,**
**देखे व जाने मैं वही, ज्ञानी करे चिन्तन यही. ९७.**

**ટીકા : યહાં, પરમ ભાવનાકે સમ્મુખ ઐસે જ્ઞાનીકો શિક્ષા દી હૈ.** યે સમજાનેમેં તો ઐસી ચીજ (આવે) ન. જિસકા આત્મા પૂર્ણાનંદકે તરફ ઝુકાવ હૈ, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન ઉસકે તરફ જિસકા ઝુકાવ હૈ ઉસકો સમજાતે હૈં, એમ કહતે હૈં. એ તો સમજાવેને કે તેરી ચીજ ઐસી હૈ. **જો કારણપરમાત્મા...** ભગવાન ધ્રુવસ્વરૂપ સત્કા પિંડ, શાશ્વત વસ્તુ, ઉત્પાદ-વ્યય બિનાકા... સમજમેં આયા? યે કારણપરમાત્મા અપના સ્વરૂપ કારણપરમાત્મા **(૧) સમસ્ત પાપરૂપી બહાદુર શત્રુસેનાકી વિજય-ધ્વજાકો લૂટનેવાલે** હૈ. ઓહોહો! સમસ્ત પાપ ને પુણ્ય ઐસી બહાદુર શત્રુસેના.. બહાદુર શત્રુસેના... ઇતના તો વિશેષણ દિયા હૈ. આહાહા! ઉસકી વિજયધ્વજા... યે અનાદિસે વિકારકી પર્યાયકી વિજયધ્વજા ફરકતી થી. મૈં હૂં, વિકાર મૈં હી હૂં. સમજમેં આયા? દુશ્મનકી વિજયધ્વજા ફરકતી થી. મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષયવાસના આદિ વિકાર—પુણ્ય-પાપ આદિ સબ બહાદુર શત્રુસેનાકી વિજય ધ્વજા ફરકતી થી. ઉસકો લૂટનેવાલા હૈ આત્મા. અનાદિસે લૂટનેવાલા હૈ એમ કહતે હૈં. ઉસકો નાશ કરકે પ્રગટ કરના, એમેય નહીં

અહીંયા તો. આહાહા! વિકારકા વિજય જો પર્યાયમેં દિખતા થા, દ્રવ્યમેં યે હૈ હી નહીં. વિકારકા લૂટનેવાલા દ્રવ્ય હૈ એટલે કે દ્રવ્યમેં વિકાર હૈ નહીં. વિકારકા ત્રિકાલ અભાવ હૈ. આહાહા! ભારે વાત ભાઈ!

કેટલાકને એવું લાગે કે આ બધું જાણે વેદાંત હશે? અરે ભાઈ! આ તો અલૌકિક વીતરાગદર્શન છે. વેદાંતમેં યે બાત કૈસી? પર્યાય કૈસી? દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ કૈસા? સમજમેં આયા? ભૂલ હોતી હૈ યે કૈસી? ભૂલ નાશ હોતી પર્યાયમેં વહ કૈસા? યે તો હૈ નહીં ઉનમેં. આહાહા! યે તો વીતરાગદર્શનકા અંતર મર્મ હૈ. સમજમેં આયા? કહતે હૈં, અહો! **ત્રિકાલ નિરાવરણ**... પુણ્ય-પાપ તો જિસમેં હૈ હી નહીં એમ કહતે હૈં. આહાહા! ખરેખર તો ત્રિકાળી ભગવાન આત્મા યે મોક્ષકી પર્યાયમેં ભી આતા નહીં. આહાહા! સમજમેં આયા? બંધમેં તો આતા નહીં, રાગકે બંધભાવમેં તો આતા નહીં અથવા લૂટનેવાલા હૈ, પણ ખરેખર ત્રિકાળી વસ્તુ તો મોક્ષકી પર્યાયસે ભી રહિત હૈ. સમજમેં આયા? ત્રિકાળ કહા ન. કારણપરમાત્મા પહલે સામાન્ય બાત કી, પીછે 'ત્રિકાળ' લગા દિયા. ત્રિકાળ નિરાવરણ. આવરણ થા ને આવરણરહિત હુઆ—ઐસા હૈ નહીં. આહાહા! ભારે વાત ભાઈ! ભગવાન! તારી કેટલી બલિહારી છે એની ખબર નથી. **ત્રિકાલ નિરાવરણ**... ત્રિકાળ નિરાવરણ... દ્રવ્યકો આવરણ કૈસા? યે તો પર્યાયમેં રાગકા સંબંધ ને ભાવ-આવરણ કહનેમેં આતા હૈ. પર્યાયમેં હૈ, દ્રવ્યમેં કૈસા? આહાહા! સમજમેં આયા?

જો સમ્યગ્દર્શનકા વિષય, મતિ-શ્રુતજ્ઞાનકા ધ્યેય ઐસી ચીજ હૈ વહ ચીજ તો ત્રિકાળ નિરાવરણ હૈ. ઔર **નિરંજન**—અંજન હૈ હી નહીં. આવરણ હૈ નહીં ને મેલ નહીં હૈ. **નિજ પરમભાવકો કભી નહીં છોડતા**... આહાહા! નિજ પરમભાવ, શુદ્ધભાવ, ત્રિકાળ શુદ્ધભાવ, ત્રિકાળ પરમભાવ, ત્રિકાળ સદૃશ ગુણસ્વભાવભાવ ઉસકો કભી છોડતા નહીં. સમજમેં આયા? આહાહા! **કભી નહીં છોડતા**... ક્યા છોડે? દ્રવ્ય છોડે? દ્રવ્ય છોડે તો દ્રવ્યકા અભાવ હો જાય. ઉસકા ક્યા અર્થ? ઉસકા અર્થ ક્યા? કિ કભી દ્રવ્ય અપને સ્વભાવકો ત્રિકાળ છોડતા નહીં. ઐસા ને ઐસા હૈ. આહાહા! યે વીતરાગમાર્ગ તો દેખો! સર્વજ્ઞ પરમાત્મા... રાતકો પ્રશ્ન હુઆ થા ન કિ વ્યવહાર સાધન કહા હૈ, કારણ કહા હૈ, હેતુ કહા હૈ. એ પન્નાલાલજી! આતા હૈ શાસ્ત્રમેં, વ્યવહાર સાધન. પણ વહ તો નિમિત્તકા જ્ઞાન કરાયા હૈ. યહાં તો કહતે હૈં કિ દ્રવ્યસ્વભાવમેં સાધનપના અનાદિ-અનંત પડા હૈ. આહાહા! ઉસ સાધનને કભી અપના સાધનસ્વભાવ છોડા નહીં. આહાહા! અનાદિ-અનંત ઉસમેં કર્તા, કર્મ, કરણ (આદિ) સબ શક્તિ હૈં ન. કર્તા, કર્મ, કરણ... કરણ કહો કિ સાધન કહો. સબ શક્તિ અનાદિ- અનંત પડી હૈ અંદર. ત્રિકાળ પડી હૈ. સમજમેં આયા? શુદ્ધ પરિણમનકા કર્તા, પણ યે શક્તિ ત્રિકાળ પડી હૈ. શુદ્ધ પરિણમનકા કાર્યકા કર્મ હોના ઐસી કર્મશક્તિ ત્રિકાળ પડી હૈ. શુદ્ધ પરિણમનકા સાધન હોના ઐસી શક્તિ

સાધનકી આત્મામેં ત્રિકાળ ધ્રુવ પડી હૈ. આહાહા! વાત આકરી ભારે. બાત તો ઐસી હૈ. સત્ય તો ઐસા હૈ. સર્વજ્ઞને કહા ને સર્વજ્ઞને જાના અને સર્વજ્ઞને પ્રસિદ્ધ કિયા. કહો, નેમચંદભાઈ! આહાહા!

કભી અપને ભાવકો છોડા નહીં. અપના ભાવ–વસ્તુ શાશ્વત હૈ યે કહાં છૂટે? આહાહા! સમજમેં આયા? **નિજ પરમભાવકો**... ભાષા દેખો! ક્યા લિયા હૈ? **જો કારણપરમાત્મા...** ઐસે લિયા ન ભાઈ? કારણપરમાત્માને નિજભાવકો છોડા નહીં, એમ કહતે હૈં. કારણપરમાત્મા યે દ્રવ્ય હુઆ વસ્તુ, પણ ઉસકા જો ત્રિકાળી સ્વભાવ... કારણપરમાત્મા વહ તો સ્વભાવવાન હુઆ, ઉસકા સ્વભાવ અનાદિ-અનંત જ્ઞાન-દર્શન આદિ જો સ્વભાવ, કારણપરમાત્માને ઉસ સ્વભાવકો કભી છોડા નહીં. આહાહા! અરે! ભાગ્યવાનકો હી સુનનેમેં મિલે ઐસી ચીજ હૈ. માર્ગ ઐસા હૈ ભગવાન! વસ્તુ તો ઐસી હૈ ભાઈ! ભગવાન હૈં સબ. પર્યાયમેં ભૂલ હૈ વહ દૃષ્ટિ છોડ દે. આહાહા! શેઠ! સબ ભગવાન.. ભગવાન.. ભગવાન હૈં. કિસકો અપૂર્ણ માનના, કિસકો વૈરી માનના કિસકો? આહાહા! પૂર્ણાનંદ પ્રભુ... આહાહા! સબ ભગવાન આત્મા પૂર્ણાનંદસે ભરે હૈં. સબ આત્માને અપના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવકો કભી છોડા નહીં. આહાહા!

ભાષા ક્યા કી હૈ? **જો કારણપરમાત્મા**... ઓહોહો! ટીકા તે પણ! સમસ્ત પુણ્ય-પાપકા વિકાર ઉસમેં હૈ હી નહીં. ઔર **ત્રિકાલ નિરાવરણ, નિરંજન, નિજ પરમભાવ**... ભગવાન આત્માને અપના સ્વભાવ–અપના ભાવ–અપની ત્રિકાળ શક્તિયાં કભી છોડી નહીં. આહાહા! સમજમેં આયા? પણ ક્યા છોડે? દ્રવ્ય સ્વભાવવાન ને સ્વભાવ, સ્વભાવ ને સ્વભાવવાન—એક હી હૈ. છોડે કિસકો? આહાહા! સમજમેં આયા? કહો, હીરાભાઈ! યે પર્યાયકી તો બાત ભી લી નહીં.

શ્રોતા : પર વહ ગ્રહા હી નહીં તો છોડે...?

પૂજ્ય ગુરુદેવશ્રી : વહ બાત તો લી હૈ.

શ્રોતા : બાત તો હૈ, પણ દ્રવ્યસ્વભાવ ત્રિકાલ ઐસા પડા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : ત્રિકાળી ત્રિકાળ પડા હૈ. વહ ત્રિકાળ પડા હૈ ઐસી દૃષ્ટિ કરનેવાલા કહતા હૈ કિ ત્રિકાળ મૈં હૂં ઐસા. ઐસી ને ઐસી ચીજ હૈ યે તો. ઓહોહો! સમજમેં આયા? મેરી ચીજને સંસાર છૂઆ હી નહીં ઔર મેરી ચીજ મોક્ષકી પર્યાયમેં આતા હી નહીં. પર્યાયકી નાસ્તિ હૈ. આહાહા! સમજમેં આયા? આ દેખો તો ખરા પ્રભુનો માર્ગ! પ્રભુ નામ તેરા માર્ગ. આહાહા! કહતે હૈં, **નિજ પરમભાવકો કભી નહીં**... કભી નામ એક સમય ભી ક્યા છોડે? વસ્તુ શાશ્વત હૈ, જ્ઞાન શાશ્વત, આનંદ શાશ્વત, શ્રદ્ધા શાશ્વત, શાંતિ નામ ચારિત્ર શાશ્વત—ઐસા જો અપના સ્વભાવ હૈ, વહ સ્વભાવવાનને–કારણપરમાત્માને સ્વભાવકો કભી છોડા નહીં. ક્યા સ્વભાવકો છોડે? સમજમેં આયા?

**ઔર (૨) પંચવિધ (–પાંચ પરાવર્તનરૂપ) સંસારકી વૃદ્ધિકે કારણભૂત...** અબ ગ્રહણકી બાત હૈ, વહ છોડનેકી બાત થી. અરે! મોહ ને રાગ-દ્વેષ કભી ગ્રહણ કિયા હી નહીં ઉસને. આહાહા! **પંચવિધ–પંચ પરાવર્તનરૂપ સંસારકી વૃદ્ધિકે કારણભૂત...** દેખો! સંસારકી વૃદ્ધિકે કારણભૂત. કૌન? **વિભાવપુદ્ગલદ્રવ્યકે સંયોગસે જનિત...** યે વિભાવપુદ્ગલદ્રવ્ય નહીં. વિભાવ પુદ્ગલદ્રવ્યસે જનિત **રાગાદિ પરભાવકો ગ્રહણ નહીં કરતા.** ભગવાન શાશ્વતવસ્તુ ઉસને કભી વિકલ્પકો–રાગકો, વિભાવરૂપ પુદ્ગલ પરમાણુ–કર્મ ઉસસે જનિત–ઉસસે ઉત્પન્ન હુઆ વિભાવ, ઉસ વિભાવકો કભી દ્રવ્યને ગ્રહા હી નહીં. ઉદયભાવકો કભી આત્માને ગ્રહા નહીં એમ કહતે હૈં. આહાહા!

ઉદય (આદિ)કે બોલ આતે હૈં ન. કિતને? ૨૧. ક્ષયોપશમકે ૧૮. આહાહા! એ વિશ્વાસ તો લાવે વિશ્વાસ કિ તેરી ચીજ ઐસી હૈ. આહાહા! નિજના વિશ્વાસ નહીં ને પરના વિશ્વાસ (આવે). સમજમેં આયા? પરસે મૈં પ્રગટ હોઉંગા, પરસે મૈં પ્રગટ હોઉંગા. યે પરમેં તાકાત માનતા હૈ. મૈં રાગસે પ્રગટ હોઉંગા તો રાગમેં તાકાત માની. મેરેમેં તાકાત ઇતની હૈ કે મૈંને કભી રાગ ગ્રહણ કિયા હી નહીં. ઐસી મેરી ચીજ ઉપર દૃષ્ટિ દેતે હી, રાગ પર્યાયમેં હૈ ઉસકા અભાવ હો જાતા હૈ. અંદરમેં તો હૈ હી નહીં. સમજમેં આયા? આહાહા!

મેરી ચીજને કભી રાગ ગ્રહા નહીં. આહા! અર્થાત્ ઉદયભાવ, વિકારી ઉદયભાવ હોં, જડકર્મ તો ભિન્ન હી હૈં. જડકર્મકે નિમિત્તકે સંગમેં ઉત્પન્ન હોનેવાલા વિકાર વહ કભી મૈંને– વસ્તુસ્વભાવને ગ્રહા નહીં. ઐસા કૌન જાનતા હૈ? જ્ઞાનકી પર્યાય. આહાહા! જ્ઞાનકી, શ્રદ્ધાકી પર્યાય ઐસે જાનતી હૈ. જાણે તો જ્ઞાનની પર્યાય. મૈં.. મૈં.. મૈં કૌન? મૈં તો ધ્રુવ આત્મા હૂં. પર્યાય ઐસે જાનતી હૈ કિ મૈં.. 'યહ પર્યાય મૈં' એમ નહીં. ગજબ વાત છે. મૈં ધ્રુવ હૂં. 'મૈં ધ્રુવ હૂં' (ઐસા) કૌન જાનતા હૈ? પર્યાય તો ધ્રુવ નહીં. પણ વહ પર્યાય એમ કહતી હૈ કિ મૈં યહ (દ્રવ્ય). મૈં જો દ્રવ્ય હૂં યહ મૈં. મૈંને કભી રાગકો ગ્રહા નહીં ઐસે પર્યાય જાનતી હૈ. આહાહા!

ભગવાન! તેરી ચીજ હી ઐસી હૈ નાથ! તેરા કૌન રક્ષણ કરે? અને તુજે કૌન લે જાય? અને તેરેમેં કહાંસે સંસાર આ જાય? આહાહા! ઉદયભાવરૂપી સંસાર... દ્રવ્યકો પર્યાય કહતી હૈ, જાનતી હૈ કિ મેરા દ્રવ્ય મેરો ધણી દ્રવ્ય. આહાહા! ઉદયભાવ તો કભી કિયા હી નહીં હોં. ગ્રહણ નહીં કિયા તો છોડના ક્યા? એમ કહતે હૈં. યે વીતરાગકા માર્ગ ઐસી ચીજ હૈ, વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. યે કોઈ કલ્પિત કહના હૈ, અનુમાન કરકે કહના—ઐસા હૈ? યે તો વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. સર્વજ્ઞને જાના ત્રિકાળ, યે જાના ત્રિકાળ. વાણી નીકળી, ઇચ્છા વિના વાણી નીકળી. વે કહતે હૈં, પરમાગમ એમ કહતે હૈં કિ પર્યાય ઐસે જાનતી હૈ કિ, જ્ઞાનકી પર્યાય ઐસે જાનતી હૈ કિ ધ્રુવ મૈં હૂં જો ચીજ ઉસને ઉદયકો ગ્રહા નહીં કભી. યે લોજીકસે બાત ચલતી હૈ. આહાહા!

ભગવાનનો માર્ગ નિરાલંબ છે. ન્યાયસે (કહા હૈ), ઐસા કચડમચડ કરકે કહના યે બાત નહીં. ન્યાય નામ 'નિ' ધાતુ હૈ. તો જૈસી સબ ચીજ હૈં ઐસે જ્ઞાનકો લે જાના, ઉસકા નામ ન્યાય, યે સર્વજ્ઞકા ન્યાય. આ બધા વકીલોના બહારના બાંધેલા ન્યાય સરકારના. એ તો ફરી જાય બધા. ના, ના, એ તો કાયદા બધા ફરી જાય છેને. એક રાજા નીકળે, ફેર બીજા કરે.... એમાં શું? એમાં છે શું? આહાહા! અફર! આહાહા! ફરે નહીં તીન કાલમેં. બે ને બે ચાર ફરે કોઈ દિ'? કભી દો ઔર દો તીન હોગા? કભી દો ઔર દો પાંચ હોગા? ઐસી, વસ્તુસ્થિતિ ઐસી હૈ. આહાહા!

શ્રોતા : નયા પંથ તો નહીં હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પંથ પર્યાયમેં નયા હૈ, દ્રવ્યમેં નયા નહીં. પર્યાયમેં નયા હૈ, પર્યાય અભૂતપૂર્વ નિકલી, પૂર્વમેં નહીં થી. વસ્તુ તો હૈ યે હૈ. કહા ન. 'અભૂત ચીજ' કહા હૈ શાસ્ત્રમેં. અભૂતપૂર્વ સિદ્ધ હોગેં. પંચાસ્તિકાયમેં પાઠ હૈ. સબ પડા હૈ શાસ્ત્રમેં. ઓહોહો! 'અભૂતપૂર્વં સિદ્ધં.' પૂર્વમેં કભી સિદ્ધપર્યાય નહીં હુઈ ઐસી સિદ્ધપર્યાય હોગી. હમ ત્રિકાળ શુદ્ધ ધ્રુવ હૈં ઇસમેં તો અનંતી સિદ્ધ પર્યાયકા પોટલા પડા હૈ અંદર. હમારી દૃષ્ટિને પૂરે દ્રવ્યકો કબજે કર લિયા હૈ. ઉસમેંસે કેવલજ્ઞાન આયે બિના છૂટકા નહીં. સમજમેં આયા?

આ શું કરે છે નહીં સરકાર? ..... બાંધેને શું? આવે પછી જપ્ત કરે. ફોજદાર આવેને, જપ્ત કરે. જપ્તી કરે, બહાર નીકળવા ન દે એકેય માલને. પડા રહને દો, પીછે નિકાલો. આમ કેટલા...? ફલાણા હૈ, દાગીના ઉસમેં.... ઐસે સમ્યગ્દર્શનને પૂરે દ્રવ્યકો જપ્ત કર દિયા હૈ. હવે માલ લખો. નોંધો, કહે, ઇતના જ્ઞાન નિકલા, ઇતની શ્રદ્ધા હુઈ, ઇતની શાંતિ હુઈ, ઇતના આનંદ આયા. પૂનમચંદજી! યે પૂનમકી બાત ચલતી હૈ. પૂર્ણ.. પૂર્ણ.. પૂનમકો પૂર્ણ કહતે હૈં ન. પૂનમકો પૂર્ણમાસ કહતે હૈં ઔર અમાસકો અધમાસ કહતે હૈં. હમારે કાઠિયાવાડમેં ઊલટા હૈ. પહલી સુદ બૈઠતી હૈ. પૂનમે પૂર્ણ આત્મા. પૂનમમેં મહિના પૂર્ણ હો જાતા હૈ અને અમાસમેં આધા માસ હુઆ. પહલી વદમેં આધા માસ ને પૂનમમેં આખા માસ. ઐસા પૂર્ણાનંદ ભગવાન આત્મા હૈ. આહાહા!

કહે છે કે સંસારની વૃદ્ધિનું કારણ કોણ? મોહ ને રાગ-દ્વેષ. સમજાય છે? સંસારકી વૃદ્ધિ, રખડનેકા કારણ કોણ? રાગ ને દ્વેષ. યે વિભાવ પુદ્ગલસે ઉત્પન્ન–સંયોગસે જનિત, એમ. સ્વભાવજનિત નહીં. સંયોગસે જનિત–ઉત્પન્ન હુઆ ઐસા મિથ્યાત્વ રાગાદિ. યે રાગાદિમેં મિથ્યાત્વ આ ગયા. **રાગાદિ પરભાવકો ગ્રહણ નહીં કરતા**. ભગવાનને અપને નિજ સ્વરૂપસે કભી સંસારકો ગ્રહણ કિયા હી નહીં. સંસાર કિસકો કહતે હૈં? સ્ત્રી-કુટુંબ, પૈસા–લક્ષ્મી સંસાર નહીં. સંસાર જીવકી ઊલટી પર્યાય હૈ. તો સંસાર જીવકી પર્યાયમેં રહતા હૈ. સમજમેં આયા? સંસાર પરમેં રહતા નહીં, સંસાર દ્રવ્યમેં હૈ નહીં. આહાહા! સંસાર જો સ્ત્રી-કુટુંબ ને શરીર હો,

તો તો દેહ છૂટનેકે કાલમેં છૂટ જાતા હૈ. તો સંસાર છૂટ ગયા? મુક્તિ હો જાયેગી. યે સંસાર હી નહીં. સંસાર (અર્થાત્) વિપરીત માન્યતા ને રાગ. જાહેર હો કિ મિથ્યાત્વ યે સંસાર હૈ. સમજમેં આયા? યે સંસાર જીવદ્રવ્યને કભી ગ્રહા નહીં. આહાહા! સમજમેં આયા? વિશેષ લે છે.

**નિરંજન સહજજ્ઞાન-સહજદૃષ્ટિ-સહજચારિત્રાદિ...** આનંદની વાત કરી. સહજજ્ઞાન ત્રિકાળી, સહજદૃષ્ટિ ત્રિકાળી, સહજચારિત્ર ત્રિકાળી. **સ્વભાવધર્મોંકે આધાર...** યે સ્વભાવ ધર્મ હૈ અને કારણપરમાત્મા ધર્મી આધેય હૈ—ઐસા ભી વિકલ્પ જિસમેં નહીં. કારણપરમાત્મા લિયા થા ન પહલે? તો વહ કૈસા હૈ? કિ યે સ્વભાવ આધેય હૈ ઔર ભગવાન કારણપરમાત્મા આધાર હૈ. ઐસે આધાર... **સ્વભાવધર્મોંકે આધાર** ઐસે લિયા હૈ. સ્વભાવધર્મ હૈ ઉસકા આધાર આત્મા અને સ્વભાવધર્મ આધેય—ઐસા જિસમેં ભેદ નહીં. આહાહા! સમજમેં આયા? **નિરંજન સહજ જ્ઞાન-સહજદૃષ્ટિ** ત્રિકાળી હોં, **સહજચારિત્રાદિ સ્વભાવધર્મોંકે આધાર...** આધેય આત્મા અને આ (સ્વભાવ) આધાર—ઉસ **સંબંધી વિકલ્પોંસે રહિત...** આહાહા!

**સદા મુક્ત...** સદા મુક્ત.. ઔર આત્મા યે આનંદ. **સદા મુક્ત તથા સહજ મુક્તિરૂપી સ્ત્રીકે સંભોગસે ઉત્પન્ન હોનેવાલે સૌખ્યકે સ્થાનભૂત...** આનંદ લેના હૈ. ત્રિકાળી હોં ત્રિકાળી આનંદ. કહતે હૈં, **સહજ મુક્તિરૂપી સ્ત્રી...** અંતર મુક્તરૂપ સ્વભાવ. આહાહા! મુક્તિરૂપી સ્ત્રી, ઉસકે સંભોગસે ઉત્પન્ન હોનેવાલા સૌખ્ય, ઉસકે સ્થાનભૂત... એનું સ્થાન–ઠેકાણું એ આત્મા છે. અતીન્દ્રિય આનંદના અનુભવરૂપ–સ્વરૂપ આત્મા, વહ દ્રવ્યસ્વભાવ હૈ એમ કહતે હૈં. પર્યાયકી બાત નહીં. પર્યાય તો જાનતી હૈ. અતીન્દ્રિય આનંદ જિસકી સુખસ્વરૂપ પરિણતિસે... ધ્રુવમેં હોં, ઉત્પાદ-વ્યયમેં નહીં. ધ્રુવમેં ધ્રુવકા અનુભવ હોકર અતીન્દ્રિય આનંદકા અનુભવ હો, ઐસા સ્થાન વહ મૈં હૂં. આહાહા! સમજમેં આયા?

અંદરમેં ને અંદરમેં મુક્ત આત્મા ને મુક્તરૂપી દશા. અંદરની, અંદરની વાત છે હોં. બહારની બીજી વાત નહીં. ઉસમેં એકાગ્ર હોનેસે આનંદકી ઉત્પત્તિ ઉસકા સ્થાન વહ દ્રવ્ય હૈ, ઉસકા ક્ષેત્ર વહ દ્રવ્ય હૈ. આહાહા! ક્યાં લઈ જવા માગે છે જુઓને! ઊંડે જા.. ઊંડે જા.. ઊંડે તેરા આત્મા રહા હૈ. સમજમેં આયા? અંદર. ગહરા. ના, ના, એ 'ઊંડા' શબ્દ આપણે ગુજરાતીમાં છે. ગહરા. આમાં છે. ૨૭ છેને? ૨૭ પાને છે? પ્રવેશ હોતા હૈ. 'પ્રવેશ' લિયા. ગહરા. 'ગહરા' લિયા દેખો! આપણે ગુજરાતીમાં 'ઊંડા' લીધું. જુઓ! એ ૨૭ પાના. ગહરા. ૧૦મી ગાથા છેને. **વિશતિ** ને? (૧૭મો શ્લોક) હા, પણ ઓલો વિશતિનો અર્થ છે.

**सपदि विशति यत्चित्चमत्कारमात्रं...** 'વિશતિ'નો અર્થ પ્રવેશ કરતા હૈ. ઊંડે જાય છે–ગહરેમેં જાતા હૈ. યે **વિશતિ** શબ્દ પડા હૈ સંસ્કૃતમેં. **सपदि विशति यत्चित्चमत्कारमात्रं...** આહાહા! મુનિએ પણ ગજબ કામ કર્યા છે! **વિશતિ..** ભગવાન ધ્રુવમેં પ્રવેશ કર. વહાં જા, ગહરાઈમેં જા–ઉંડાઈમાં જા. સમુદ્રમેં ગહરાઈમેં જાતે હૈં તો મોતી મિલતે હૈં, ઐસે ભગવાન

ધ્રુવસ્વરૂપ હૈ વહાં તેરી પર્યાયકો લે જા. આહાહા! સમજમેં આયા? એ અમારે ગુજરાતીમાં 'ઊંડાઈ' શબ્દ છે. યહાં 'ગહરાઈ' હૈ ન. ઊંડો ઉતરી જાય છે. આ ગુજરાતી છેને. ઊંડો ઉતરી જાય છે. ગુજરાતી યાદ રહેને. જુઓ! ઊંડો ઉતરી જાય છે. ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે. **વિશતિ...** ઊંડો ઉતરી જાય છે–ગહરાઈમેં ઉતર જાતા હૈ. યહાં 'ઊંડા' હૈ ગુજરાતીમેં. પાનું એ જ છે. ક્યા કહતે હૈં સમજમેં આયા? આહાહા!

ભગવાન આત્મા અપને-અપને સ્થાનમેં અપને અનુભવમેં ધ્રુવમેં હોં, મુક્તિરૂપી સ્ત્રી અપની અંદર, ઉસકા સૌખ્ય–ઉત્પન્ન હોનેવાલા આનંદ, યે આનંદકા સ્થાન આત્મા હૈ. ધ્રુવ.. ધ્રુવ.. **ઐસે કારણપરમાત્મકો...** દેખો! **'સ્વયં આધાર હૈ ઔર સ્વભાવધર્મ આધેય હૈં' ઐસે વિકલ્પોંસે રહિત હૈ, સદા મુક્ત હૈ ઔર મુક્તિસુખકા આવાસ હૈ,** એમ. સદા મુક્ત હૈ આત્મા અને મુક્તિસુખકા સ્થાન હૈ. આવાસ કહા ન સ્થાન. પાઠમાં સ્થાન (શબ્દ) છે. સદા યે હૈ, લ્યો. **निलयं** છે ને? **निलयं... संभोगसंभवपरतानिलयं कारणपरमात्मानं...** આહાહા! ટીકા પણ કરી છે, ગજબ કરી છે! દિગંબર સંતો એ તો ધર્મના થાંભલા છે. આહાહા! ધર્મને આમ થંભાવી રાખ્યો છે. આ વસ્તુ.. આ વસ્તુ.. પદમચંદજી! કેવળીઓના કેડાયત.. કેવળીઓના કેડાયત.. ... આ વસ્તુ નથી.. આ તો કર્યું છે આ. આ વાંચવાનું છેને રાજકોટ નિયમસારની ગાથા, એમાં લખ્યું છે. કહતે હૈં... રાજકોટમાં જઈએને તો ક્યા ક્યા વાંચના યે લાલુભાઈ તૈયાર કરતે હૈં ગાથાઓ. પરમાત્મપ્રકાશમેંસે, નિમસારમેંસે યે વાંચના. માખણ માખણ નિકાલતે હૈં.

કહતે હૈં, **ઐસે કારણપરમાત્માકો નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ...** દેખો! યે ભી ત્રિકાળકી બાત હૈ હોં. **નિજ નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ...** અંદરમેં. જ્ઞાન હૈ વહ ત્રિકાળી દ્રવ્યકો જાનતા હૈ ઐસી શક્તિ હૈ ઇસકી બાત હૈ. આહાહા! પર્યાયકી બાત નહીં. પર્યાય તો કહતી હૈ કિ યે મેરા ભગવાન નિરાવરણ પરમાત્મા પરમજ્ઞાન દ્વારા... વહ અપને જ્ઞાન દ્વારા અપનેકો જાનતા હૈ ઐસા ધ્રુવ હૈ.

શ્રોતા : પર્યાયમેં ક્ષાયિકજ્ઞાન નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, યે ક્ષાયિકજ્ઞાન નહીં યે તો ત્રિકાળીજ્ઞાનકી બાત હૈ. પારિણામિકભાવકી બાત હૈ. પારિણામિકભાવરૂપી જો જ્ઞાન યે અપને દ્રવ્યકો જાનતા હૈ, એમ કહતે હૈં. પર્યાય તો કહતી હૈ. ત્રિકાળીજ્ઞાન અપનેકો જાનતા હૈ ઐસા લેના હૈ. સમજમેં આયા? વહ પહલે અધિકાર આ ગયા હૈ. ૧૦-૧૧ ગાથામેં આ ગયા હૈ ઉપયોગમેં. ઉપયોગમાં આવી ગયું છે. આત્મા ત્રિકાળીજ્ઞાન દ્વારા ત્રિકાળીકો જાનતા હૈ. ત્રિકાળીદર્શન દ્વારા ત્રિકાળીદ્રવ્યકો દેખતા હૈ. આહાહા! ઉપયોગમેં હૈ. હમણાં વાચ્યું નથી. એમાં છે.... સમજમેં આયા? જ્ઞાન દ્વારા નામ અંદર ધ્રુવ ત્રિકાળ. પર્યાય નહીં. સમ્યગ્જ્ઞાનકી પર્યાય ઐસે જાનતી હૈ કિ યે દ્રવ્ય અપને ત્રિકાળીજ્ઞાનસે અપનેકો જાનતા હૈ. ત્રિકાળ લિયા ન યહાં. આહાહા! સમજમેં આયા?

**ઐસે કારણપરમાત્માકો નિશ્ચયસે નિજ નિરાવરણ પરમજ્ઞાન**... જો ત્રિકાળી નિરાવરણ દ્રવ્ય હૈ, ઐસા જ્ઞાન ભી ત્રિકાળી નિરાવરણ હૈ. આહાહા! ઇન્દ્રો જિસકો સુનતે હોંગેં યે વાણી કૈસી હોગી? સાધારણ કથા હો તો ઇન્દ્રોં તો તીન જ્ઞાનકે ધણી હૈં. ઔર શક્રેન્દ્ર ને (ઉસકી) પત્ની દોનોં એકાવતારી હૈં. શક્રેન્દ્ર.. એક ભવમેં મોક્ષ જાનેવાલે હૈં. અભી જો હૈ શક્રેન્દ્ર ને ઉસકી શચી. પતિ-પત્ની દોનોં એક ભવમેં મોક્ષ જાનેવાલે હૈં. ભગવાનના..... ઓહો! અને અવધિજ્ઞાની દોનોં. મતિ, શ્રુત, અવધિ... ભગવાન પાસે સુનને જાતે હૈં. બાપુ! યે કથા કૈસી હોગી? આહાહા! જિસકો તીન તો જ્ઞાન ઔર શક્રેન્દ્ર તો ક્ષાયિક સમકિતી. સ્રીકો ક્ષાયિક સમકિત નહીં હોતા. એ (સમકિત) લઈને નહોતી ગઈ. સમકિત લેકર નહીં ગઈ થી. સ્રીમેં ઉત્પન્ન હુઈ ન. મિથ્યાત્વ(દશા)મેં ગઈ થી. પીછે સમકિત પાયા હૈ. એકાવતારી–એક ભવમેં દોનોં મોક્ષ જાનેવાલે હૈં. ભગવાનકે સમવસરણમેં ખડે હોંગેં ઔર સંતોકે પાસ ભી જાતે હૈં. આહાહા! બાપુ! યે ધર્મકથા અલૌકિક હૈ. સમજમેં આયા?

વીતરાગકે શ્રીમુખસે દિવ્યધ્વનિ દ્વારા જો સારા માર્ગ આયા યે અલૌકિક હૈ. યે ભી વારંવાર સુનનેકો જાતે હૈં હોં. સીમંધર ભગવાનકે પાસ જાતે હૈં. કારણ કે ઉસકા આયુષ્ય તો દો સાગરોપમ હૈ. બે સાગરોપમમેં અસંખ્ય તીર્થંકર મોક્ષ જાયે. કહાંસે? મહાવિદેહમેંસે. ક્યા કહા યે? અસંખ્ય. ક્યોંકિ તીર્થંકરકા આયુષ્ય ૮૪ લાખ પૂર્વ યા ક્રોડ પૂર્વકા (હોતા હૈ). ઐસે ક્રોડપૂર્વ તો એક પલ્યમેં અસંખ્ય આતે હૈં. એક પલ્યમેં અસંખ્ય ક્રોડ પૂર્વ. ઐસે દસ ક્રોડાક્રોડી પલ્યોપમકા સાગરોપમ. ઐસા દો સાગરોપમકા આયુષ્ય શક્રેન્દ્રકા. અસંખ્ય તીર્થંકરકે જન્મ મહોત્સવ આદિમેં જાતે હૈં. સમજમેં આયા? વહાં ભગવાન બિરાજતે હૈં. (એક મોક્ષ) જાય તો દૂસરે (તીર્થંકર). ઐસે અસંખ્ય.. એક ભવમેં અસંખ્ય તીર્થંકરકે જન્મ મહોત્સવ, દીક્ષા મહોત્સવ, કેવળ મહોત્સવ, ગર્ભ મહોત્સવ. આહાહા! સમજમેં આયા? ઓહોહો! એની આસ્થા તો કરે કે આ તે શું ચીજ છે. આહાહા!

આયુષ્ય ઇતના કે એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ઐસા એક પલ્યોપમ, ઐસા દસ ક્રોડાક્રોડી પલ્યોપમકા એક સાગરોપમ. ઓહોહો! ઇસલિયે ઉસે અમર કહનેમેં આયા હૈ ન. અમર તો હૈ નહીં. દો સાગરમેં દેહ છોડ દેંગેં. ઇતના લમ્બા (આયુષ્ય) ઓહોહો! એક ભગવાનકા જન્મોત્સવ કરે, ઐસે દૂસરેકા, (ઐસે) અસંખ્યકા. આહાહા! વહાં હોં મહાવિદેહમેં. યહાં તો દસ ક્રોડાક્રોડી સાગરોપમમેં ૨૪ તીર્થંકર હોતે હૈં. દસ ક્રોડાક્રોડી સાગરોપમમાં ૨૪ તીર્થંકર થાય. યે તો બહોત લમ્બા (કાલ) હૈ. ઉસકા (આયુષ્ય) દો સાગર હી હૈ. યહાં તો દસ ક્રોડાક્રોડી સાગરોપમમેં એક ચોબીસી હોતી હૈ. દસ ક્રોડાક્રોડી સાગરોપમમેં એક ચોબીસી. એક ક્રોડાક્રોડી... એક કરોડ, ઐસા લાખ કરોડ, ઐસા એક ક્રોડાક્રોડ, દસ ક્રોડાક્રોડી, ઐસા સાગરોપમ. (ઉતને કાલમેં) ઐસે ઇન્દ્ર તો

બહોત હોતે હૈં. પણ આ તો એક ઇન્દ્રના (કાળમાં) મહાવિદેહમાં અસંખ્ય તીર્થંકર થાય છે. આહાહા! સમજમેં આયા કિ નહીં?

યે તો ગણિતકા વિષય હૈ. જન્મ ઔર તપકા પ્રસંગ ઇન્દ્રોંકે એક ભવમેં અસંખ્ય. આહાહા! હજાર નેત્રસે ઐસા કરકે દેખે (ફિર ભી) તૃપ્તિ ન હો ઇતની તો પુણ્યકી પ્રકૃતિ હૈ. પવિત્રતાકી બાત તો ક્યા કરના? હજાર નેત્રસે બાલ(તીર્થંકર)કો દેખે. ઐસે અસંખ્ય તીર્થંકરકો એક ભવમેં (દેખે). ઉસ કારણસે એકાવતારી હૈ ઐસા નહીં. ઉસકે સાથ દેવતા ભી બહુત જાતે હૈં ભગવાનકે પાસ. (ઉસમેં) કિતને હી મિથ્યાદૃષ્ટિ હો. ઇન્દ્ર ભી જાતે હૈં તો અપને ભી ચલો. હો મિથ્યાદૃષ્ટિ, કાંઈ અડવા ન દે કાંઈ. અડવા ન દે–છૂતે નહીં. આત્માકો છૂતે નહીં. યે તો આત્માકો છૂનેવાલા જાતા હૈ વહાં.

યે યહાં કહતે હૈં, ઐસે નિજ **નિરાવરણ પરમજ્ઞાન દ્વારા જાનતા હૈ ઔર ઉસ પ્રકારકે સહજ અવલોકન દ્વારા**... વહ ભી ત્રિકાળ. **(-સહજ નિજ નિરાવરણ પરમદર્શન દ્વારા) દેખતા હૈ**... ભગવાન ત્રિકાળી અપના જ્ઞાન ત્રિકાળી ને ત્રિકાળી દર્શન ઉસસે જાનતા હૈ-દેખતા હૈ વહ આત્મા. આહાહા! ત્રિકાળીકી બાત ચલતી હૈ ન. આહાહા! ધીમે ધીમે કહીએ. બધા વિચાર કરે તો સમજાય એવું છે, પકડાય એવું છે. એકદમ ઓલા પ્રોફેસરો કલાક બોલે...

શ્રોતા : વાચક શબ્દમેં વાચ્ય પકડા હી ન જાય તો......

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એને ખ્યાલમાં આવવું જોઈએ આ ભાવ.. ભાવ.. આ ભાવ. મૂલ ચીજ હૈ. અનંત કાલસે ઉસે ઉસ ભાવકા માહાત્મ્ય આયા હી નહીં. પર્યાયકા માહાત્મ્ય આયા, રાગકા આયા, નિમિત્તકા આયા, તીર્થંકરકા આયા. ઉસમેં ક્યા? વહ તો પુણ્યભાવ હુઆ. સમજમેં આયા? આહાહા!

**વહ કારણસમયસાર મૈં હૂં**... દેખો! ભાષા યહાં. જો દ્રવ્ય અપને ત્રિકાળીજ્ઞાન દ્વારા અને ત્રિકાળીદર્શન દ્વારા અપનેકો જાનતા-દેખતા હૈ ઐસા જો ત્રિકાળી સ્વભાવ... **વહ કારણસમયસાર મૈં હૂં**. કૌન ધ્રુવ કહતા હૈ કિ મૈં હૂં? (પર્યાય). એ અમરચંદજી. આહાહા! યહ મૈં હૂં, યહ મૈં હૂં. પર્યાય કહે કિ દ્રવ્યસ્વભાવ યે મૈં હૂં. આહાહા! સમજમેં આયા? **દેખતા હૈ વહ કારણસમયસાર મૈં હૂં**. યે કારણસમયસાર, ઉપરમેં કારણપરમાત્મા કહા થા. સમજમેં આયા? અંદરમેં અનંત જ્ઞાન-દર્શન-આનંદાદિ ગુણ લિયે થે, પણ સ્વભાવ, ગુણ કહો કે સ્વભાવ કહો, અને સ્વભાવવાન—દો ભેદ નહીં ઉસમેં. ઐસી અભેદ ચૈતન્યમૂર્તિ કારણસમયસાર મૈં હૂં. સમજમેં આયા?

સમ્યગ્જ્ઞાનકી પર્યાય–વર્તમાન સમ્યગ્જ્ઞાનકી સ્વસંવેદનપર્યાય,યે પર્યાય ઐસે જાનતી હૈ કિ મેરા કારણસમયસાર યે મૈં હૂં. આહાહા! 'મૈં હૂં' શબ્દ આયા ન? ધ્રુવ કહે કિ મૈં હૂં? ધ્રુવ તો કૂટસ્થ હૈ. આહાહા! અરે! તેરી બલિહારી હૈ ન. તેરી ચીજ ક્યા હૈ ઉસકો ખબર નહીં ઔર

ચારેકોર દોડાદોડ કરે. યહાંસે આયેગા.. યહાંસે આયેગા. ધૂળમેં નહીં, તેરે પાસ સબ હૈ. આહા! વહાંસે ખૂટી ખોલ, નિકલ જાયેગા સારા. આહાહા! ભાષા ટીકા કેવી કરી છે! ઓલામાં આવે છેને ભાઈ સોગાનીમાં. એમ કે યે મૈં નહીં, યે મૈં નહીં. પ્રશ્ન ઊઠા કિ યે મૈં નહીં, પણ ધ્રુવમેં તો ઐસા હૈ નહીં. તો યે ક્યા કહતે હૈં? એય શેઠ! યે મૈં હૂં, મૈં ત્રિકાળી હૂં. ઐસા બહોત આતા હૈ. મૈં કિસકા ધ્યાન કરું? પર્યાય મેરા ધ્યાન કરે તો કરો.—ઐસા આતા હૈ. એ શેઠ! મૈં કિસકા ધ્યાન કરું? મૈં તો ધ્રુવ હૂં. મૈં ધ્રુવ હૂં વહ જાનતા હૈ કૌન? (પર્યાય).

સોગાની હુએ ન સોગાની. નિહાલચંદ સોગાની. આત્મજ્ઞાની. ઔર સ્વર્ગમેં ચલે ગયે. કલકત્તા. કલકત્તા ને? વહ મૂલ અજમેરકે થે. બહોત આત્મજાગૃતિ, પુરુષાર્થ. યહાં (આત્માકા) સ્પર્શ કિયા અપને (સમિતિકે) કમરેમેં. સમિતિ હૈ ન રસોડા? ...જમે. ઇતના કહા થા, ભૈયા! રાગ ઔર જ્ઞાન જુદા હૈ–જુદા છે. અહીં ગુજરાતી ભાષા છેને. આ જ્ઞાન ને આ વિકલ્પ તદ્દન જુદા છે. બસ, ઇતના સુનકર ધૂન લગ ગઈ. રાગ ને ચૈતન્ય જુદા કરકે અનુભવ કરકે શરણ ઢૂંઢ લિયા. વહ તો અપની શક્તિ હૈ, અપની વસ્તુ હૈ, વહ ક્યા ન કરે? કેવલજ્ઞાન લેના વહ ભી એક સમયકી પર્યાય હૈ. ઐસી અનંતી પર્યાયકા પિંડ જહાં પ્રતીતમેં, અનુભવમેં આયા, લેના ક્યા? યે તો આયેગા હી. આહાહા! સમજમેં આયા?

કેવળજ્ઞાન આયેગા હી. કહાં જાયેગા? પકડા હૈ ન યહાં. જ્ઞાનકી પર્યાયને પકડા હૈ કિ યે આત્મા ગુણકા પિંડ હૈ યે મૈં હૂં, પર્યાય જિતના મૈં નહીં. જાનતી હૈ પર્યાય કિ યે મૈં હૂં, ઉસ પર્યાય જિતના ભી મૈં નહીં. આહાહા! ભારે વાતું! શિખરચંદજી! યે વીતરાગકા માર્ગ ગણધરોને આગમમેં રચા, કુંદકુંદાચાર્યને સ્પષ્ટ કરકે સમયસારમેં બતાયા. આહાહા! ઐસી ચીજ અભી કહાં હૈ નહીં. આહાહા! સમયસાર! ઉસકા નિયમસાર..... ગજબ વાત છે. કાપડીયા કહે છેને? 'ગજબ' બહુ કહે છે. મૂળચંદ કાપડીયા હૈ ન. 'ગજબકી બાત હૈ' એમ બહોત બોલતે હૈં. એને ટેવ પડી ગઈ છે. એ ગજબ બહુ બોલતા વારંવાર. આહાહા! ગજબકી બાત, યે ભગવાને કહી વહ ગજબકી બાત હૈ. **ઐસી સમ્યગ્જ્ઞાનિયોંકો સદા ભાવના કરના ચાહિયે**. લ્યો, મૈં ત્રિકાળ ઐસા હૂં—ઐસી અંતરમેં એકાગ્રતા કાયમ કરના ચાહિયે. એકાગ્રતા વહી પ્રત્યાખ્યાન હૈ. રાગકી ઉત્પત્તિ ન હોના અને સ્વભાવકી એકાગ્રતા હોના, વહી પ્રત્યાખ્યાન ને વહ ધર્મ ને મોક્ષકા માર્ગ હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ વદ ૪, મંગળવાર, તા. ૧૦-૮-૧૯૭૧
## શ્લોક-૧૨૯-૧૩૦, પ્રવચન નં. ૯૦

યે નિયમસાર, મોક્ષકે માર્ગકી વ્યાખ્યા હૈ. નિશ્ચય પ્રત્યાખ્યાન. સ્વરૂપકે આનંદકે ભાનમેં રમણ કરના ઔર ઉસ સમય રાગાદિકી ઉત્પત્તિ ન હોના, ઉસકા નામ ત્યાગ ને ઉસકા નામ પ્રત્યાખ્યાન કહતે હૈં. વહ બાત ચલતી હૈ. એક શ્લોક આયા. સમાધિશતક. એ આવ્યોને ૨૦મો.

**यदग्राह्यं न गृह्णति गृहीतं नापि मुंचति।**
**जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम्।।**

ધર્માત્મા, ઉસકા વિચાર ઔર દૃષ્ટિ કૈસી હોતી હૈ? કિ **શ્લોકાર્થ : જો અગ્રાહ્યકો (–ગ્રહણ ન કરને યોગ્યકો) ગ્રહણ નહીં કરતા...** મૈં જો આત્મા ધ્રુવ નિત્ય અવિનાશી ઐસા કાયમી અસલ સ્વભાવ હૂં, ઉસને ગ્રહણ નહીં કિયા–સંસારકા વિકલ્પ–ઉદયભાવ ગ્રહણ કભી નહીં કિયા. પરચીજ તો ગ્રહણ કિયા નહીં વહ તો દૂર રહી, ધર્મી ઐસે વિચાર કરતે હૈં કિ મૈં જો હૂં વહ તો ધ્રુવ, સહજ અવિનાશી આત્મા હૂં, જૈસા તીર્થંકર સર્વજ્ઞદેવને દેખા હૈ. ઐસા મૈં **ન ગ્રહ્ણતિ...** વિકારકો કભી મૈંને ગ્રહણ કિયા હી નહીં. મેરી પંચમશક્તિ, પંચમભાવ ઐસા તત્ત્વ, ઐસા મૈં અગ્રાહ્યકો ગ્રહણ નહીં કરતા. મૈંને કભી ભી સંસારકે વિકલ્પકો ગ્રહણ કિયા હી નહીં, (તો) ક્યા છોડું? આહાહા! એવો માર્ગ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહ્યો, ઐસા માર્ગ દૂસરે કહીં હૈ નહીં. પર્યાયમેં રાગાદિ હૈ વહ ભી, કહતે હૈં કિ મેરી ચીજમેં મૈંને રાગકા ગ્રહણ કિયા હી નહીં. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ ધર્માત્મા અપનેકો ઐસા માનતા હૈ કિ મૈંને તો અગ્રાહ્યકો કભી ગ્રહણ કિયા હી નહીં. આહાહા! ઔર ગ્રાહ્યકો કભી છોડા હી નહીં. મેરા શાશ્વત સ્વભાવ, જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણ શાશ્વત (ઐસા) અપના સ્વભાવ કભી છોડા નહીં. સ્વભાવકો કભી છોડા નહીં, વિભાવકો કભી ગ્રહણ કિયા નહીં, ઐસે કહતે હૈં. સમજમેં આયા?

ઐસા મૈં હૂં.. ઐસા મૈં હૂં. મૈં તો ધ્રુવતત્ત્વ વહ મૈં હૂં. સમજમેં આયા? ઐસા અપના નિજ નિત્યાનંદ ભગવાન આત્મા ઉસને ઉદયભાવકો ગ્રહણ કિયા નહીં, અરે! ઉસને અપની અવિકારી પર્યાયકા ભી ગ્રહણ કિયા નહીં. સમજમેં આયા? ધ્રુવમેં કહાં ઉત્પાદકા ગ્રહણ હૈ? અને ધ્રુવમેં વિકાર કહાં થા કિ વ્યય કરના હૈ? એમ કહતે હૈં. સમ્યગ્દૃષ્ટિકી દૃષ્ટિ અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદકા નાથ, આહાહા! સમજમેં આયા? ઉસમેં પડી હૈ, તો વહ જો ચીજ હૈ ઉસને કભી સંસાર પકડા નહીં, સંસારરૂપ કભી દ્રવ્ય હુઆ હી નહીં ઔર મેરી ચીજ હૈ શુદ્ધ આનંદઘન, ઉસકો કભી એક સેકંડમાત્ર ભી છોડા નહીં. છોડે તો અભાવ હો જાય. આહાહા! શેઠ! આવી ચીજ છે ભગવાન!

**સર્વકો સર્વ પ્રકારસે જાનતા હૈ...** યે ચીજ હોં. સર્વકો જાનનેકા સ્વભાવ રખતા હૈ વહ મૈં હૂં. પર્યાયકી બાત યહાં નહીં. સર્વકો, સર્વથા—દો પ્રકાર હૈં ન. **સર્વકો સર્વપ્રકારસે... सर्वथा सर्वं** એમ પડ્યો છે શબ્દ. આહાહા! કભી મૈંને રાગકો ગ્રહણ કિયા નહીં. મૈં તો સર્વથા સર્વં ત્રિકાળી જાનનેકા સ્વભાવ રખતા હૂં. આહાહા! ઐસી ચીજ દેખો! સર્વજ્ઞ પરમાત્માને પર્યાય પ્રગટ કી, પણ કહતે હૈં કિ મૈંને સંસાર કભી ગ્રહા નહીં થા ઔર પર્યાયકો કભી પકડા નહીં થા, પર્યાયરૂપ મૈં કભી હુઆ હી નહીં. આહાહા! ઐસી ચીજ ઉપર દૃષ્ટિ દેનેસે મોક્ષમાર્ગકી પર્યાય પ્રગટ હોતી હૈ. સાધારણ જનતાને બીજે રસ્તે દોરી ગયા છે (અને) માર્ગ દૂસરા રહ ગયા હૈ. બરાબર હૈ?

ભગવાન અંતર્મુખ પ્રભુ શાશ્વત સ્વભાવકા પિંડ હૈ. તો કહતે હૈં કિ મૈંને અપની ચીજ છોડી નહીં–ત્યાગી નહીં અને રાગકા મૈં ગ્રહણ કિયા નહીં. કિસકો મૈં છોડૂં? સમજમેં આયા? અપના સ્વભાવ સર્વથા સર્વપ્રકારસે જાનના-દેખના યે મેરી ચીજ હૈ. ઐસી દૃષ્ટિ કરનેસે અપનેમેં આનંદકી પર્યાય પ્રગટ હો, ઉસકા નામ મોક્ષકા માર્ગ હૈ. સમજમેં આયા? આહાહા! દેખો! **વહ સ્વસંવેદ્ય (તત્ત્વ) મૈં હૂં.** એમ શબ્દ છેને પાછા. **तत्स्वसंवेद्यमस्म्यहम्**... સ્વસંવેદ્ય–અપની પર્યાયસે મૈં અનુભવનેલાયક ઐસા મૈં હૂં. મૈં મેરી મતિ ને શ્રુતજ્ઞાનકી પ્રત્યક્ષતાસે સ્વ–અપનેસે, સમ્–પ્રત્યક્ષ... સ્વસંવેદ્ય હૈ ન? અપની ચીજ અપની જ્ઞાનકી પર્યાય સ્વસે ઔર સમ્–પ્રત્યક્ષસે વેદનેવાલી વહ પર્યાય. ....હૈ વહ તો છૂટી નહીં, રાગકો ગ્રહણ કિયા નહીં. (વસ્તુ) ઉપર દૃષ્ટિ દેનેસે અપની પર્યાયમેં સ્વસંવેદ્ય આનંદકા વેદન–અનુભવ હો, તો ઉસ દ્વારા કહતે હૈં કિ યે મૈં હૂં. સમજમેં આયા? આનંદકે વેદન દ્વારા કહતે હૈં કિ યે મૈં હૂં, ધ્રુવ મૈં હૂં. આહાહા! સમજમેં આયા?

શ્રોતા : આનંદ ન હો તો ફિર ક્યા...?

પૂજ્ય ગુરુદેવશ્રી : આનંદકે અંશ દ્વારા વેદન હુઆ, પણ વહ આનંદકે અંશસે ઐસે જાનનેમેં આયા કિ ત્રિકાળ ધ્રુવ મૈં હૂં. આહાહા! જૈસા આનંદકા અંશ સમ્યગ્દર્શનમેં આયા ઐસા હી પૂર્ણાનંદ મૈં હૂં, મૈં પૂર્ણાનંદ હૂં. આહાહા!

દેખો! શબ્દ ઐસા હૈ ન? સ્વસંવેદ્ય મૈં હૂં. ધ્રુવ અપનેસે વેદનેલાયક હૈ. વેદન તો પર્યાયકા અનુભવ હૈ. સમજમેં આયા? ધ્રુવકા અનુભવ નહીં હોતા. બહોત સૂક્ષ્મ બાત હૈ. આહાહા! યે માર્ગ દૂસરેમેં હૈ કહીં? સમજમેં આયા? રાત્રિકો કહા થા એક બોલ. કિ કર્મકા ઉદય જો હૈ વહ જડકી પર્યાય હૈ, ઉસકો રાગ સ્પર્શતા નહીં ઔર ઉદયકી પર્યાય રાગકો સ્પર્શતા નહીં. આહા! પણ અસ્તિત્વ રખતા હૈ. અભાવ હૈ ન. રાગમેં ઉદયકા અભાવ હૈ, ઉદયમેં રાગકા અભાવ હૈ. ભાવકર્મ વિકારી પર્યાય હૈ, અસ્તિ હૈ ઔર કર્મકા ઉદય અસ્તિ–સત્તા હૈ, પણ ઉસ સત્તાકા સ્પર્શ રાગકો નહીં અને રાગકા સ્પર્શ ઉદયકો નહીં. આહાહા! ઔર રાગકા સ્પર્શ જ્ઞાનકી પર્યાયકો નહીં ઔર જ્ઞાનકી પર્યાયકા સ્પર્શ દ્રવ્યકો નહીં. આ તે કંઈ...! આહાહા! સમજમેં

આયા? ડાલચંદજી! ઐસા ભગવાન.... આહાહા! દિગંબર સંતોને પરમાત્મા(એ કહેલા તત્ત્વ)ની રેલમછેલ કરી દીધી છે. આહાહા!

દેખો! તેરા સત્. રાગકે સત્મેં અજીવકે સત્કા સ્પર્શ નહીં ઔર રાગકા સ્પર્શ ચૈતન્યકી પર્યાયકો નહીં ઔર ચૈતન્યકી પર્યાયકા સ્પર્શ દ્રવ્યકો નહીં. દ્રવ્ય પર્યાયકો સ્પર્શ (કરતા) નહીં, પર્યાય રાગકો સ્પર્શ (કરતા) નહીં, રાગ ઉદયકો સ્પર્શ (કરતા) નહીં. આહાહા! અસ્તિત્વ સ્વીકાર કિયા. ઐસી ભિન્ન ચીજ હૈ ઐસા ભાન હોતે હી યે ચાર ભિન્ન-ભિન્ન હૈં ઐસા સ્વસંવેદનમેં આ જાતા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? અલૌકિક માર્ગ હૈ ભાઈ! લોકોત્તર માર્ગકા લૌકિકકે સાથ મિલાન નહીં કરના.

હમ તો કહતે થે સંપ્રદાયમેં. આચારાંગ હૈ ન. કંઠસ્થ કિયા થા આચારાંગ. અધ્યાત્મકા થોડા હૈ. મૂળ તો કથન શ્વેતામ્બર..... પણ ઉસમેં કોઈ કોઈ બોલ ઐસા આયા હૈ વ્યવહારકા. એક શબ્દ ઐસા થા, નોલોયસ્સ એસણં ચરે. ઐસા એક ટુકડા થા. હે ગૌતમ! ઇસમેં તો કહાં ગૌતમ(કો સંબોધન) હૈ? વહ તો દિવ્યધ્વનિ આતી હૈ. પણ વહ શ્વેતામ્બરમેં ઐસા આતા હૈ. હે ગૌતમ! હમારા માર્ગ નોલોયસ્સ–લૌકિકકે સાથ મિલાન નહીં કરના. પરકે સાથ કિતના મિલાન હોતા હૈ? મિલાન નહીં કરના. હમારા માર્ગ સ્વતંત્ર ભગવાન આત્માકા હૈ. સમજમેં આયા? નંદકિશોરજી! સંપ્રદાયમેં બહોત ચલતા થા..... આહાહા! નોલોયસ્સ... નોલોયસ્સ એસણં ચરે... લોકની એષણા કરીશ નહીં. લોકમેં ક્યા ક્યા કહતે હૈં, ઉસકે સાથ ભગવાનકે માર્ગકા મિલાન કૈસે હોતા હૈ—ઐસા મત કરના. પદમચંદજી! ૫૦-૫૦ વર્ષ પહલેકી બાત હૈ, ૫૦ વર્ષ પહલેકી. સભા તો બહોત ભરાતી થી ન. પ્રતિષ્ઠા થી ન હમારી બહોત સંપ્રદાયમેં. એ તો મુહપત્તિ ઉતરી ગઈ એટલે લોકો ભડકી ગયા બધા. બહોત માણસ, હજાર-હજાર, પંદરસો-પંદરસો માણસ. બોટાદમેં બૈઠે પ્રવચનમેં.... મકોડેકી તરહ માણસ આતે થે. એટલા માણસ કે માય નહીં.

ખેદ હો ગયા અરેરે! ટુકડો આવે છે ભાઈ! ......... ભગવાનકી આજ્ઞામેં આતા હૈ. વહાં શબ્દ ઐસે નહીં આતે, વહ તો દિવ્યધ્વનિ હૈ. હે સંતો! હમારી આજ્ઞામેં અણ-ઉત્સાહ, અણ-ઉદ્યમી ન હોના અને આજ્ઞા બાહરમેં ઉદ્યમ નહીં કરના. હમારી આજ્ઞા હૈ ઉસસે બાહર ઉદ્યમ બાહ્ય લૌકિકકે સાથ નહીં કરના. અને હમારી આજ્ઞા હૈ ઉસમેં ઉદ્યમ કરે બિના રહના નહીં–અણ-ઉદ્યમી નહીં રહના. આહાહા! આચારંગકે પહલે ટુકડેમેં હૈ. આઠ અધ્યાય હૈ ન. કંઠસ્થ કિયા થા ન છ-સાત હજાર શ્લોક. કંઠસ્થ હતા સારા. એ ટુકડા આવે લોકો સભા આમ ..... અને એમાં મૂર્તિ આવી ને મુહપત્તિ ગઈ, ત્યાં એ.. ફડફડાટ. આપણે મૂર્તિ માનતા નથી, સ્થાનકવાસી કહે, અપના તો (માર્ગ) મુહપત્તિકા હૈ. આહાહા! અરે ભગવાન! સુન તો સહી પ્રભુ! સંતોને શાંતિકે માર્ગકા પ્રવાહ કર દિયા હૈ જગતમેં. સંતોને માર્ગ સહેલા કર દિયા હૈ. વહ આતા હૈ ન દીપચંદજી, અનુભવપ્રકાશ. સંતોને–દિગંબર મુનિયોંને ધર્મકા માર્ગ સહેલા કર દિયા હૈ. સહજમેં

સમજમેં આયે ઐસા કર દિયા હૈ. દેખો! કિતની ભાષા! આહાહા! આ સમાધિકશતકમાં પૂજ્યપાદસ્વામી કહે છે હોં. પૂજ્યપાદસ્વામી. મૈં તો સ્વસંવેદન હૂં, રાગસે જાનનેમેં આયે ઐસા મૈં નહીં, નિમિત્તસે જાનનેમેં આયે ઐસા મૈં નહીં. મેરી ચીજ જો ધ્રુવ ચિદાનંદ ભગવાન... આહાહા!

રાજકુમાર જબ દીક્ષિત હોતે થે, દીક્ષિત. માતાકો કહતે થે, માતા! મેરી રુચિ અંતરમેં જમી હૈ, (ઔર) કહીં રુચિ જમતી નહીં. મુજે એક બાર રજા દો. મૈં તો અપને આત્માકા વનવાસમેં સાધન કરૂંગા માતા! સમજમેં આયા? અને માતા હમ કોલકરાર કરતે હૈં કિ દૂસરી જનેતા હમ નહીં કરેંગે. (બીજી) માતા અમે નહીં કરીએ. ઇસી ભવમેં કેવલજ્ઞાન લેકર મુક્તિ જાયેંગે. અજેવ ધમ્મ પરિવજ્જયામો જહિ પવન્ના પુણ ભવામો.. ઐસી એક કડી આતી હૈ. વહ સબ કંઠસ્થ હતા ન. આજ હી હમ આત્માકે આનંદસ્વરૂપકા વેદન... વહ આતા હૈ ન ભાઈ! ચરણાનુયોગમેં. હમારી અનુભૂતિ અનાદિકી... ચરણાનુયોગમેં આતા હૈ, પ્રવચનસારમેં. માતા-પિતા પાસે રજા લે છેને. સ્ત્રીકે પાસ રજા લેતા હૈ. ચરણાનુયોગમેં પાઠ હૈ, પ્રવચનસાર. સ્ત્રીકે પાસ રજા લેતા હૈ. અરે! ઇસ શરીરકી સ્ત્રી! શરીરકી સ્ત્રી હૈ, હમારી કહાં હૈ આત્માકી? ઇસ શરીરકો રમાનેવાલી... મેરી અનુભૂતિ સ્ત્રી તો અનાદિકી પડી હૈ અંદરમેં, ઉસકે પાસ મૈં તો જાઉંગા, રજા દે દે. સમજમેં આયા? આહાહા!

યે વૈરાગ્ય અને યે અંતરમેં જાનેકી ધગશ. ધગશ સમજતે હો? અહીં કહેશે હમણાં. વહ કહેંગે અભી. લગની.. લગની. હમકો હમારા પ્રભુ આત્મા શાશ્વતભાવકા ભંડાર ઉસ તરફ હમારી દૃષ્ટિ ઝુક ગઈ હૈ. અબ હમારી રુચિમેં કોઈ પદાર્થ પ્રસન્નતા લે લે ઐસી ચીજ નહીં હૈ. કહતે હૈં, મૈં તો સર્વકા સર્વપ્રકારે જાનનેવાલા... ત્રિકાલીકી બાત હૈ હોં, પર્યાયકી નહીં. ત્રિકાળી મૈં તો જાનને-દેખનેવાલા ચૈતન્યભગવાન હૂં, મેરે સ્વસંવેદન મૈં જાનતા હૂં વહ મૈં હૂં. મેરી પર્યાય સ્વ-પ્રત્યક્ષ વેદન કરતી હૈ આનંદકા, ઉસસે મૈં જાનતા હૂં કિ યે ધ્રુવ મૈં હૂં. એક સમયકી પર્યાય જિતના ભી નહીં. ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ હવે પદ્મમલધારિદેવ... ટીકા કરનેવાલે હૈં ન, વે ચાર શ્લોક કહતે હૈં. ૧૨૯ કળશ.

**आत्मानमात्मनि निजात्मगुणाढ्यमात्मा**
**जानाति पश्यति च पंचमभावमेकम् ।**
**तत्याज नैव सहजं परभावमन्यं**
**गृह्णाति नैव खलु पौद्गलिकं विकारम्।।१२९।।**

આહાહા! **શ્લોકાર્થ : આત્મા આત્મામેં...** ઓહોહો! પદ્મપ્રભમલદેવ ભી મુનિ થે હોં, આચાર્ય નહીં થે. પણ મુનિ તે છે ને. મુનિ એટલે અપને સ્વરૂપમેં રમણ કરનેવાલે, આનંદકી મોજ કરનેવાલે. આહાહા! નિજાનંદકી શય્યામેં લીન હોનેવાલે. સમજમેં આયા? ઐસે મુનિ કહતે

હૈં, **આત્મા આત્મામેં**... લ્યો, ભગવાન આત્મા આત્મામેં-આત્માકે અંદર **નિજ આત્મિક ગુણોંસે સમૃદ્ધ આત્માકો**... નિજ આત્મિક ગુણોંસે સમૃદ્ધ આત્મા હૈ. વહ રાગસે, નિમિત્તસે સમૃદ્ધ નહીં. અપને અનંત ગુણસે સમૃદ્ધ આત્મા હૈ. અનંત ગુણ હૈં. ..... કિતને ગુણ હૈં? અનંતા-અનંતા. આ ગયા થા પહલે વ્યાખ્યાનમેં. અનંત-અનંત હૈં. ગિનનેમેં કિતને આવે? આહાહા!

**નિજ આત્મિકગુણોંસે**... જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ-ચારિત્ર, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, .... ઐસે ઐસે અનંત-અનંત ગુણકી સમૃદ્ધિ.. ગુણસે ભરા હુઆ સમૃદ્ધ હૂં. આહાહા! મેરી સમૃદ્ધિ અનંત ગુણકી હૈ. આહાહા! સામ્રાજ્ય, વહ કહેંગે. અહો! વસ્તુ એક મૈં, પણ અનંત ગુણકી સમૃદ્ધિવાલા મૈં હૂં. કોઈ માનતા હૈ કિ અકેલા હૂં—ઐસા નહીં. મુજે પુત્ર હૈ, પુત્રી હૈ, જમાઈ હૈ, પૈસા હૈ, લક્ષ્મી હૈ, આબરૂ હૈ, સામ, દામ, ઠામ.. કહતે હૈં કિ નહીં? સામ હૈ, દામ હૈ ને ઠામ હૈ. ઠામ એટલે શેઠના મકાન. યહાં કહતે હૈં કિ મેરી સમૃદ્ધિ મેરેમેં અનંતી હૈ. આહાહા! કઈ સમૃદ્ધિ? **નિજ આત્મિકગુણોંસે સમૃદ્ધ**. આહાહા! સમજમેં આયા?

આકાશકા પ્રદેશ હૈ વ્યાપક. કોઈ મર્યાદા હૈ આકાશકી કિ કહાં પૂરા હોગા? કહાં પૂરા હોગા? ઐસે અમાપ આકાશ, ઉસ પર એક પોઈંટ મૂકો પરમાણુકા, વહ પ્રદેશ હૈ. ઇતની સંખ્યાકે પ્રદેશ સારે આકાશકે, ઉસસે અનંતગુને આત્મામેં ગુણ હૈં. ઉસસે અનંત ગુને એક આત્મામેં ગુણ હૈં ઔર ઇતને હી ગુણ હૈં પરમાણુમેં. પરમાણુમેં અચેતન હૈં, ઇસમેં ચેતન આદિ. આહાહા! સમજમેં આયા? **એક પંચમભાવકો**... સમૃદ્ધ આત્માકો અર્થાત્ (પંચમભાવકો), એમ. એક પંચમભાવ... ત્રિકાળી જ્ઞાયકભાવ, આત્મસ્વરૂપલાભ-હયાતીરૂપ ભાવ. વહ પંચાસ્તિકાયમેં કહા હૈ, દ્રવ્ય આત્મલાભ. દ્રવ્યકે સ્વરૂપકી હયાતી ત્રિકાળી વહ પંચમભાવ.

**જાનતા હૈ ઔર દેખતા હૈ**... પંચમભાવ પંચમભાવકો જાનતા હૈ, દેખતા હૈ. આહાહા! પર્યાયકી બાત નહીં હૈ. સમજમેં આયા? ભાવ સાધારણ લિયા. પંચમભાવ તો પરમાણુમેં ભી હૈ. દ્રવ્યપરમાણુ, ધર્માસ્તિ આદિ સબ પંચમભાવ હૈં. પણ યે પંચમભાવ જાનના-દેખનેવાલા મેરા પંચમભાવ હૈ. સમજમેં આયા? અનંત-અનંત જાનના, અનંત-અનંત દેખના ઐસી શક્તિરૂપ સ્વભાવ ઐસે **સહજ એક પંચમભાવકો ઉસને છોડા નહીં હી હૈ**... ઐસે અનંત જ્ઞાન ને દર્શન ઐસા મેરા પંચમભાવ. વહ ચાર ભાવ નહીં—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. ચાર ભાવ પર્યાય હૈં, યે ગુણ હૈ ત્રિકાળીભાવ-સ્વભાવ. પાંચ ભાવ હૈં. સમજમેં આયા? ઇસમેં ચાર ભાવ પર્યાયભાવ હૈં. એક ઉદય વિકારીપર્યાયભાવ હૈ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક યે અવિકારી નિર્મળ પર્યાયભાવ હૈં, પણ હૈં પર્યાય. મેરી ચીજ તો પંચમભાવ ધ્રુવ હૈ. સમજમેં આયા?

અરે! ઇસકા ગાના સુના નહીં ઉસને. ભગવાન તીન લોકકા નાથ અંદર પડા હૈ. સમજમેં આયા? અપના દેહસ્થ-દેહમેં રહા ભગવાન. યે આતા હૈ મોક્ષપાહુડમેં. દેહસ્થ હૈ. ઐસી ચીજ

કોઈ દૂસરેમેં કહીં હૈ નહીં. દેહસ્થ રહા ભગવાનને પંચપરમેષ્ઠીકા પદ ધારણ કરકે રખા હૈ, એમ કહતે હૈં. ક્યા? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુકા પદ અંદર પડા હૈ. સમજમેં આયા? અંદર સ્વભાવ હી પંચપરમેષ્ઠીકા હૈ. આહા! ઔર મેરા આત્મા, જો નમન કરનેલાયક તીર્થંકર હૈં વે ભી ઉસ આત્માકો નમતે હૈં. છદ્મસ્થ હૈ.. સ્તુતિલાયક જો દેવ હૈં વે દેવ ભી જિસ આત્માકો નમતે હૈં ઐસા મૈં હૂં. **णवणणविएहिं जं णविज्जइ**, એવું આવે છે. સમજમેં આયા? અષ્ટપાહુડમેં, મોક્ષપાહુડ.

**णवणणविएहिं जं णविज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं ।**
**थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणह ।।१०३।।**

ઇસ દેહમેં ભગવાન બિરાજતા હૈ. સ્થ.. દેહસ્થ.. હે ભવ્યજીવો! ઇસ દેહમેં સ્થિત ઐસા જો કુછ હૈ... કુછ ક્યોં હૈ, ક્યા હૈ—ઉસે જાનો. લોકમેં નમસ્કાર કરનેયોગ્ય ઇન્દ્રાદિ હૈં ઉનસે તો નમસ્કાર કરનેયોગ્ય આત્મા હૈ. ધ્યાન કરનેયોગ્ય હૈ. અરિહંતકા આત્મા ધ્યાન કરનેયોગ્ય હૈ, પણ વે અરિહંત ભી... આત્મા હી અરિહંત હૈ અંદર આહાહા! ધ્યાન કરનેયોગ્ય હૈં. સ્તુતિ યોગ્ય કરનેયોગ્ય તીર્થંકરાદિ ઉનસે ભી સ્તુતિ કરનેયોગ્ય યહ આત્મા હૈ. ઐસા કુછ હૈ તો દેહ હી મેં.. ઇસ દેહ હી મેં... દેહ હી મેં સ્થિત હૈ ઉસકો યથાર્થ જાનો. લ્યો, એ જ ગાથા છે. ૧૦૪મેં યહી હૈ. ના, મોક્ષપાહુડ.

**अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेठ्ठी।**
**ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०४।।**

આહાહા! હૈ પાઠ? દેખો! ૧૦૪, મોક્ષપાહુડ. ૧૦૪ ગાથા. ૧૦૩ ગાથા વહ **णविएहिं.** આ ૧૦૪. બહુત સરસ આયા હૈ. અભી અષ્ટપાહુડ આયા ન, નયા છપા હૈ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—પંચપરમેષ્ઠી હૈં વે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં. આત્મામેં રહે હૈં. **ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं...** મેરા આત્મા ધ્રુવ અખંડાનંદ પ્રભુ યે મુજે શરણ હૈ. લ્યો, 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' આતા હૈ ન. યહાં તો આત્મા શરણ હૈ. યે તો વ્યવહાર શરણ કહનેમેં આયા હૈ. આહાહા! ૧૦૪ હૈ. પછી એ લીધું ૧૦૫.

**सम्मत्तं सण्णाणं सच्चारित्तं हि सत्तवं चेव।**
**चउरो चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।**

યે ભી લિયા હૈ કિ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ **चउरो चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं...** આદા નામ આત્મા. અર્થમેં લિયા હૈ. આહાહા! છેલ્લે–આખિરમેં હૈ. **एवं जिणपण्णत्तं...** ઐસા **जिणपण्णत्तं**–ત્રિલોકનાથ તીર્થંકરદેવને સમવસરણમેં કહા, **मोक्खस्स य पाहु सुभत्तीए । जो पढइ सुणइ भावइ सो पावइ सासयं सोक्खं।** યહાં ભી ઐસે લિયા હૈ. એય! જો **पढइ**–ભણે, સુને ઔર ભાવે. લિયા હૈ ન .... એય! હૈ ન વહ નિહાલભાઈકા? પઢના

વહ ભી આત્માકા નાશ કરતા હૈ. ક્યોંકિ વિકલ્પ ઉઠતે હૈં ઇસ અપેક્ષાસે. ... કરના કઠન બાત હૈ. સમજમેં આયા? સુનના વહ (આત્માકા) નાશ હોતા હૈ, કહતે હૈં. આહાહા! રાગ હોતા હૈ. દૃષ્ટિમેં, વિકલ્પ હૈ વહ આત્માકો લાભદાયક નહીં, ઇતના બતાના હૈ. સમજમેં આયા?

યહાં તો આચાર્ય સ્વયં કહતે હૈ દોનોં પાહુડમેં—ભાવપાહુડ ને મોક્ષપાહુડ. યે શબ્દ હૈ હોં મોક્ષપાહુડમેં. **जो पढइ सुणइ भावइ सो पावइ सासय्रं सोक्खं...** અંતર પણ, સુણી-ભણીને... તો થાયને, ભાવે તો થાયને. યે શબ્દ ભાવપાહુડમેં થે. યે મોક્ષપાહુડ હૈ. ભાવપાહુડમાં છેલ્લા શબ્દ છે. ગાથા ઘણી છે ૧૦૬ અને (ત્યાં) ૧૬૫ ગાથા છે. ભાવપાહુડમાં ૧૬૫. મોટામાં મોટું છે. ઉસમેં ભી હૈ. **इय भावपाहुडमिणं सव्वंबुद्धेहि देसियं सम्मं।** અનંત તીર્થંકરોને કહા વહ મૈંને કહા હૈ. **जो पढइ...** કુંદકુંદાચાર્ય કહે છે કે પઢે, ભણે **सुणइ भावइ सो पावइ अविचलं ठाणं**. પહેલા ભણે, સાંભળે, સુણે, તબ અંદર ઐસા ખ્યાલ આવે, તબ અંતરકી ભાવના કરે. સમજમેં આયા? કોઈને એમ લાગે કે આમાં પઢઈ, સુણઈનું આમ કહ્યું છે. કિસ અપેક્ષાસે હૈ ઐસા મિલાન કરના ચાહિયે ન. એ પંડિતજી! સુનનેમેં (આત્માકા) નાશ હોતા હૈ ઐસા લિખા હૈ. તીસરે ભાગમેં નિહાલભાઈને. સુનના વહ અપના નાશ હૈ, પઢના... દોનોંકા મિલાન કરના ચાહિયે ન. વિકલ્પકી અપેક્ષાસે વહાં છોડનેકો કહા હૈ. યહાં વિકલ્પ આતા હૈ ઉસકો સમજાયા પહલે. સમજમેં, પઢનેમેં, સુનનેમેં આતા હૈ, પણ પીછે ભાવના કરે તબ વિકલ્પ છૂટ જાતા હૈ. સમજમેં આયા? આહાહા!

યહાં કહતે હૈં, **ઔર દેખતા હૈ, ઉસ સહજ એક પંચમભાવકો ઉસને છોડા હી નહીં હૈ.** આહાહા! **તથા અન્ય ઐસે પરભાવકો—કિ જો વાસ્તવમેં પૌદ્ગલિક વિકાર હૈ...** લ્યો, યે રાગાદિ-વિકલ્પાદિ સબ પૌદ્ગલિક વિકાર હૈ. આહાહા! પંચમહાવ્રતકા પરિણામ, ભગવાનકી ભક્તિ યે પરિણામ પુદ્ગલ વિકાર હૈ. વિકલ્પ હૈ ન, રાગ હૈ ન. યે ચૈતન્યકી જાત કહાં હૈ?

શ્રોતા : પૌદ્ગલિક વિકાર એ સમજનેમેં નથી આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી : યે પૌદ્ગલિક વિકાર હી હૈ. નિમિત્તકા લક્ષસે ઉત્પન્ન હુઆ નિમિત્તકી જાતકા હૈ, અપની જાતકા નહીં. મૂળચંદભાઈ! મૂળચંદભાઈ કહેતા હતા કાલે. અરે! આ વરસ વયા ગયા. ગયા એની વાત નહીં. એમ કે નકામા ગયા અત્યાર સુધી. ગયા એનું કાંઈ નહીં, આ સરવાળો સારો આવ્યો એનું લેવું. કેમ મૂળચંદભાઈ? આવ્યાને, અંતે અહીં આવ્યાને સાંભળવા. બસ થઈ રહ્યું. ગયું એનું શું છે? આ વાત એવી છે. ત્યારે તો પહેલા તો બધું એ જ હતુંને. એમાં શું? આહાહા!

શ્રોતા : તીર્થંકરોને એમ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : તીર્થંકરો અજ્ઞાનમાં હતા પહેલાં. તીર્થંકર હુએ પહલે નિગોદમેં થે. ઔર કુલીંગકી ક્રિયા ગૃહીતમિથ્યાત્વ ગ્રહણ કિયા થા અનંત બૈર. મહાવીરકા જીવ ભી ગયા થા

અનંત બાર. ઋષભદેવના વખતમાં મરિચિ, ભગવાનના (પૌત્ર) મરિચિકુમાર. ભગવાનસે વિરુદ્ધ સાંખ્યકી પ્રરૂપણા કી. કૂટસ્થ હૈ આત્મા, પરિણમન નહીં. તબ વહ પ્રકૃતિકે આધારમેં હૈ, આત્મામેં નહીં. ભગવાનકી હયાતી થી. ક્યા કરે? સમજમેં આયા? અને વહ ભગવાન હોનેવાલા થા ચોવીસવાં તીર્થંકર. એક ક્રોડાક્રોડી સાગરોપમકા અંતર. ઋષભદેવસે મહાવીર પર્યંત એક ક્રોડાક્રોડી સાગરોપમકા અંતર હૈ. બીચમેં કિતના ભવ કિયે? સમજમેં આયા? ભગવાનને સમવસરણમેં કહા થા ભરતકો. સમજમેં આયા? હે ભરત! તેરા મરિચિ ભવિષ્યમેં મેરે જૈસા તીર્થંકર હોગા. લ્યો, ઐસા કહા વહ સુનકર નાચ ઉઠા. ઇતના તો ખ્યાલ આયા કિ મુજે યહ હૈ. પણ પ્રરૂપણા બધી ઊંધી. આહાહા! સમજમેં આયા?

યહાં કહતે હૈં, અરે! મૈંને પંચમભાવકો કભી છોડા નહીં ઔર પરભાવકો–પૌદ્ગલિક વિકારકો મૈંને વાસ્તવમેં કભી ગ્રહણ કિયા નહીં. આહાહા! ઐસા અંદર પ્રતીતિમેં આના યે કોઈ અલ્પ પુરુષાર્થ હૈ? સમજમેં આયા? મૈંને સંસાર ગ્રહા હી નહીં. આહાહા! ઔર મેરી ચીજ ઐસી ને ઐસી હૈ, કભી છૂટી હી નહીં. આહાહા! કિસકી પ્રતીતમેં ઐસા આતા હૈ? સમ્યગ્દર્શનકી પ્રતીતિમેં ઐસા આતા હૈ. સમજમેં આયા? એ ૧૨૯. ૧૩૦. શ્લોક મુનિરાજકા હૈ.

**मत्स्वान्तं मयि लग्नमेतदनिशं चिन्मात्रचिंतामणा-**
**वन्यद्रव्यकृताग्रहोद्भवमिमं मुत्त्वाधुना विग्रहम् ।**
**तच्चित्रं न विशुद्धपूर्णसहजज्ञानात्मने शर्मणे**
**देवानाममृताशनोद्भवरुचिं ज्ञात्वा किमन्याशने ।।१३०।।**

મત્સ્વ અંત મયિ... લ્યો, લગ્ન આયા. આહા! ભગવાન પદ્મપ્રભમલધારિદેવ સંત મુનિ દિગંબર મુનિ હૈં. આહાહા! જેને અમૃતકા પ્યાલા ભારે ફાટી નીકળ્યા છે અંદરથી. અમૃતકા પ્યાલા પીતે હૈં. તૃષા લાગી હોય ને મોસંબી પીવેને. ગટ.. ગટ.. ગટ. ઔર ગન્ના.. ગન્ના. તૃષા બહોત લગી હો, ગન્ના પીવે છેને ગન્ના. શેરડી અમારે કહતે હૈં. ઘૂંટ ઉપર ઘૂંટ પીતે હૈં. ભાઈમાં આવ્યું છે નિહાલભાઈમાં. નિહાલભાઈમેં યહ આયા હૈ. જૈસે ગન્નાકા રસ ઘૂંટ ઘૂંટ કર પીતે હૈં, ઐસે હમારે અનુભવમેં આનંદકા ઘૂંટ ઘૂંટ પીતે હૈં (તો) બહાર નિકલનેકી ઇચ્છા હોતી નહીં. સમજમેં આયા? પણ અંતમેં જીત રાગકી હો જાતી હૈ, એમ કહતે હૈં. બાહરમેં ... રાગ હો જાતા હૈ. ઇતને સ્થિર રહ સકતે નહીં. સમજમેં આયા?

કહતે હૈં, **શ્લોકાર્થ : અન્ય દ્રવ્યકા આગ્રહ કરનેસે ઉત્પન્ન હોનેવાલે...** .... છે ને. **ઇસ વિગ્રહકો અબ છોડકર... આગ્રહ** નામ **પકડ, ગ્રહણ, લગે રહના વહ.** આગ્રહ.. આગ્રહકી વ્યાખ્યા હૈ. આગ્રહકો છોડકર... પહલે આગ્રહ હૈ ન. **વિગ્રહ** નામ **શરીર** અથવા **રાગ-દ્વેષાદિ કલહ.** આગ્રહસે ઉત્પન્ન હોનેવાલા વિગ્રહ, એમ કહતે હૈં ન. અજ્ઞાનસે ઉત્પન્ન હોનેવાલા કષાય અથવા શરીર **અબ છોડકર, વિશુદ્ધ-પૂર્ણ સહજજ્ઞાનાત્મક સૌખ્યકી પ્રાપ્તિકે હેતુ...** અરે! મૈં તો

નિર્મળ પૂર્ણ સહજજ્ઞાનસ્વરૂપ સૌખ્યકી-આનંદકી મૂર્તિ ઉસકે પ્રાપ્તિ હેતુ... **મેરા યહ નિજ અંતર...** દેખો! પહેલા શબ્દ હૈ ન **મત્સ્વાન્તં...** મેરા યહ નિજ અંતર... **મુજમેં—ચૈતન્યમાત્ર-ચિંતામણિમેં નિરન્તર લગા હૈ**. ઓહોહો! મેરા અંતર મુજમેં લગા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? જુઓ આ મુનિ! મેરા અંતર મેરેમેં લગા હૈ આનંદમેં. સમજમેં આયા? (સમકિતી)કો રુચિમેં તો આનંદ જમા હૈ. કહીં (ઓર) ઉસકો આનંદ દિખતા નહીં. આ ગઈ ન બાત.

'ચિન્મૂર્તિધારીકી મોહે રીત લગત હૈ અટપટી, બાહ્ય નારકીકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી...' આમ ભોગ ભોગવે છતાં આસ્રવકી ઝટાઝટી... આસ્રવ ખિર જાતા હૈ. આહાહા! આનંદકે પ્રેમમેં કહીં (ઓર) આનંદ ભાસતા નહીં. વિષયકી વાસના કાલે નાગ જૈસા જહર દિખે. પણ છૂટ સકે નહીં (ક્યોંકિ) પુરુષાર્થકી કમી હૈ. સમજમેં આયા? ચારિત્ર હો તો તો વહ ભાવ હોતા નહીં. ચારિત્ર નહીં તો ઇતની કમજોરી ઐસી વાસના જિસકો હો, કાલા નાગ-સર્પ ફૂંફાડા મારે તો જૈસા દુઃખ લગે, ઐસા દુઃખ લગે. સમકિતીકો વિષયવાસનામેં ઇતના દુઃખ હૈ. કહીં મજા ને સુખ સમકિતી માનતા નહીં. આહાહા! મિથ્યાદૃષ્ટિ, જહાં-તહાં સુખ હૈ, મજા હૈ (માનતા હૈ તો) દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. આત્માકો છોડકર કહીં ભી પુણ્યભાવમેં, પાપભાવમેં, સંયોગમેં સુખ માનના, મહા મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? આહાહા!

કહતે હૈં, અરે! મેરે ચિત્તમેં **યહ નિજ અંતર મુજમેં—ચૈતન્યમાત્ર ચિંતામણીમેં નિરંતર લગા હૈ**. મેરી અવસ્થા, મેરી અવસ્થા યે તત્ત્વમેં લગી હૈ એમ કહતે હૈં. મેરી દશા દશાવાનમેં લગી હૈ. બીચમેં યે બોલતે હૈં ને લખતે હૈં (ઐસા) વિકલ્પ ઉસમેં ભી મેરી અંતર લગની હૈ હી નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? **મેરા (યહ નિજ) અંતર મુજમેં..** મુજમેં એટલે **ચૈતન્યમાત્ર ચિંતામણિમેં**, એમ. ચૈતન્યમાત્ર ઐસા ચિંતામણિમેં **મેરા યહ નિજ અંતર...** અરે! મેરી અંતર ધારા, પરિણતિકી-દશાકી મેરી ધારા ભગવાન ચૈતન્યમૂર્તિ ચિંતામણિ આત્મામેં નિરંતર લગી હૈ, વહાં લગી હૈ. આહાહા!

લાગી લગની હમારી જિનરાજ સુજશ સુન્યો મૈં,<br>
કાહૂકે કબહૂ ન છૂટે લોકલાજ સબ ડારી,<br>
જૈસે અમલી અમલ કરત સમૈ લાગ રહી ખુમારી..

અફીણ પીતે હૈ ન અફીણ. મસ્ત... અફીણ કરતે હૈં ન અફીણ. લ્યો, ભાઈ રૂપાની રાબ, એમ કહતે હૈં. એમ કહે, રૂપાની રાબ. રૂપા સમજે? ચાંદી. મહંગા હૈ ન અફીણ. આ તો અમે નજરે દેખ્યું છે. રીબડા થા. ગોંડલ ને રાજકોટ વચ્ચે. ચોરામાં ઉતર્યા હતા ને બાવો બરાબર અફીણ લઈને બેઠો હતો. ચડાવો.. ચડાવો.. મહારાજ! ગામડામાં તો ક્યાં મકાન અપાસરાનું હોય? ચોરા હોય, ચોરા. બાવો પછી, રૂપાની રાબ બાપા! એમ બોલે. રૂપું સમજે? ચાંદી. મોંઘું ખરુંને. મોંઘવારી.... આ વાત તો ૭૧કી સાલકી બાત હૈ ૭૧કી. ૫૬ વર્ષ હુએ. અભી તો બહોત

મહંગા હો ગયા ન અફીણ. એમાં એક ગરાસિયો જોડે હતો. જો એને અફીણ પીતા પીતા એમ કહે કે ચડ્યો.. ચડ્યો.. ચડ્યો.. તો ચડે. ઉતર્યો કહે તો થઈ રહ્યું. હાય હાય! ચડ્યો એ ચડ્યો અમલ, ઉસકા અમલ ઉતરતા નહીં. આહાહા!

કહતે હૈં, મેરા અંતર, ચૈતન્ય ચિંતામણિ ઐસા મેરા આત્મા ઉસમેં મેરા અંતર લગા હૈ. આહાહા! ત્યાં વીણાની ઝણઝણાટ વાગે છે ત્યાં. સમજમેં આયા? હમારા આનંદમૂર્તિ ભગવાન ઉસમેં હમારી અંતર દૃષ્ટિ લગી હૈ. વહાં હમારે આનંદકી વીણા બજતી હૈ, વહાં હમ હૈં. હમ રાગમેં, શરીરમેં, વાણીમેં હૈં નહીં. સમજમેં આયા? સમકિતી ભી ઐસે હૈં. રાગ કિ શરીરમેં આત્મજ્ઞાની હૈં હી નહીં. અપના દ્રવ્ય ને ગુણ ને નિર્મળ પર્યાય ઉસમેં આત્મા હૈ. **ઉસમેં આશ્ચર્ય નહીં હૈ...** એમ કહતે હૈં. હમારા અંતર ધ્રુવમેં લગા ઉસમેં કોઈ આશ્ચર્ય નહીં. વહ તો વસ્તુકી સ્થિતિ હૈ. મુનિની ધારા તો જુઓ! આહાહા! **ઉસમેં આશ્ચર્ય નહીં**... યે મુનિપના. પ્રત્યાખ્યાન અધિકાર હૈ ન.

**કારણ કિ અમૃતભોજનજનિત સ્વાદકો જાનકર...** અરે! દેવોને કંઠમાં અમૃતના ભોજનના સ્વાદ આવે છે. **દેવોંકો અન્ય ભોજનસે ક્યા પ્રયોજન હૈ?** ઉસકો દૂધપાક ને રોટીસે ક્યા પ્રયોજન હૈ? એક સાગર (આયુષ્ય)વાલેકો હજાર વર્ષમેં આહારકી ઇચ્છા ઉઠતી હૈ, દો સાગરવાલેકો દો હજાર, ૩૩ સાગરવાલેકો ૩૩ હજાર. એક પખવાડિયે તો શ્વાસ લેતે હૈં. એક સાગર (આયુષ્ય)વાલા દેવ એક પખવાડિયે.. એક પખવાડિયે–પંદ્રહ દિનમેં શ્વાસ લેતા હૈ. પંદ્રહ દિન. આહાહા! ઇતના તો પુણ્ય ફલમેં હૈ. યે તો આત્માકો અંતર લગની લગી ઉસકી બાત યહાં હૈ. જો દેવોને **અમૃતભોજનજનિત સ્વાદકો જાનકર...** આહાહા! અન્ય ભોજનસે ક્યા પ્રયોજન હૈ? રોટી ને દૂધપાકસે ક્યા પ્રયોજન હૈ? દૂધપાક ભી ધૂલ હૈ. આહાહા! સમજમેં આયા?

**(જિસ પ્રકાર અમૃતભોજનકે સ્વાદકો જાનકર દેવોંકા મન અન્ય ભોજનમેં નહીં લગતા, ઉસી પ્રકાર જ્ઞાનાત્મક સૌખ્યકો જાનકર...** સમકિતી જ્ઞાનસ્વરૂપ આનંદમૂર્તિ ભગવાન ઉસકો જાનકર.. **હમારા મન ઉસ સૌખ્યકે નિધાન ચૈતન્યમાત્ર—ચિન્તામણિકે અતિરિક્ત અન્ય કહીં નહીં લગતા.** આહાહા! સમજમેં આયા? રાજકુમાર જબ અંતરમેં ઉતરને આતે હૈં, અનુભવ હુઆ, નિલમની... ... ક્યા કહતે હૈં? પત્થર નીચે... જેના મહેલમાં નિલમની લાદી, હીરાની પાટું, અબજોપતિ રાજકુમાર... ધૂળેય નહીં, યે કહતે હૈં. ઉસમેં દુઃખ લગતા હૈ માતા! અરે! આ સ્ત્રી જુવાન. ૭૨-૭૨ સ્ત્રી હૈ પદમણી જૈસી. મા! મેરે આનંદકે આગે સબ જહર લગતા હૈ. સંસારમેં રહતે હુએ ભી... વહ કહતે હૈં દેખો! મૈં તો ચૈતન્યમાત્ર ચિંતામણિકા નિધાન (હૂં). જ્ઞાનસ્વરૂપકે નિધાન આગે–ઐસી રુચિ આગે મેરા મન કહીં નહીં લગતા. કહીં મેરે મનકા એકત્વ તો હોતા નહીં. આહાહા!

છહ ખંડકા રાજ ભરતકો... મુજે કહીં મન નહીં લગતા. મેરા મન જહાં લગા હૈ વહાંસે

ખસતા નહીં–હટતા નહીં. પરથી ઉદાસ.. ઉદાસ.. અપની–સમ્યગ્દૃષ્ટિકી અંતરમેં ધ્રુવ ઉપર લગની હૈ. નિત્યાનંદ ભગવાન ઉપર જિસકી રુચિ ને પ્રેમ હૈ. ઉસકા પ્રેમ કોઈ લૂટ જાય, ભાગ પાડ દે—ઐસી કોઈ ચીજ નહીં જગતમેં. આહાહા! સમજમેં આયા? કોઈ પુણ્યમેં ભી સ્વાદ દિખતા હૈ, વહ મિથ્યાદૃષ્ટિ હૈ. અપના ચૈતન્યમાત્ર આનંદ ઐસા સ્વભાવ ઉસકા પ્રેમ છોડકર કહીં ભી પ્રેમ લગા, (તો) વ્યભિચારી મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા? આહાહા! વ્યભિચાર સંયોગમેં હોતા હૈ ન. ઐસે રાગકી એકતા કી, રાગમેં સુખ હૈ (ઐસા માના તો) વ્યભિચાર હૈ. આહા! .... ગાથામેં હૈ. વ્યભિચાર હૈ હોં. આહાહા! સમજમેં આયા?

સમયસાર (ગાથા) ૨૦૩. 'ખરેખર ભગવાન આત્મામાં...' ઐસા શબ્દ લિયા સંસ્કૃત ટીકામેં. **भगवत्यात्मनि बहूनां**... 'દ્રવ્ય-ભાવો મધ્યે અતત્સ્વભાવે અનુભવાતા અનિયત અવસ્થાવાળા અનેક, ક્ષણિક વ્યભિચારી ભાવો' છે. સંસ્કૃત. દયા, દાન, વ્રતકા વિકલ્પ વ્યભિચારભાવ હૈ. અમૃતચંદ્રાચાર્યને ખુલ્લા કર દિયા હૈ. ગુપ્ત કહાં રખના હૈ? પાંચ બોલ લિયે હૈં. પુણ્યભાવ અનિયત હૈ–અનિતયત અવસ્થાવાલા હૈ, અનેક હૈ, ક્ષણિક હૈ ઔર પર હૈ ઔર વ્યભિચારી હૈ. 'એ અસ્થાયી હોવાને લીધે...' સ્થાયી રહનેકા સ્થાન નહીં. અસ્થિર હૈ યે સ્થાયી રહનેકા સ્થાન (નહીં). સ્થાયી આ ભગવાન આત્મા છે. જો સ્થિર રહનેકા સ્થાન હૈ... ઐસા પાઠ હૈ દેખો! યે સ્થાતાકા સ્થાન નહીં. આહાહા! 'એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાકા સ્થાન હૈ.' સંસ્કૃત હૈ. રહનેવાલેકા–રહનેકા સ્થાન તો ધ્રુવ હૈ. આહા! લ્યો, આ મકાન-બકાન નહીં. ભાઈએ મકાન બનાવ્યું છેને. ૩૬ હજારકી જમીન લી હૈ. જમીન લી હૈ ૩૬ હજારકી. પીછે બંગલા બનાયેગા. એ રહેવાનું સ્થાન છે ને? પોપટભાઈ! વ્યવહાર ધૂળેય નહીં. બોલનેકી રીત હૈ. આહાહા!

યહાં તો કહા, સ્થાતાકા સ્થાન... ટીકા હૈ ૨૦૩. રહનેવાલેકા રહેઠાણ હો તો ધ્રુવ હૈ. રાગાદિભાવ ભી રહનેવાલેકા સ્થાન નહીં. તો ફિર શરીર, વાણી, ધૂળ, મકાન કહાં રહા? એ તો ક્યાંય રહી ગયા. યે નિર્જરાકા અધિકાર હૈ. નિર્જરાકા અધિકાર. અરે! અમૃતકા ભોજન જિસકો મિલતા હૈ દેવકો, ઉસે અન્ય ભોજનસે ક્યા (પ્રયોજન)? સમજમેં આયા? દૂધપાક મિલે ઉસકે (આગે) વહ જુવારકી, રાતી જુવારકી ફોતરીકી રોટી ક્યા? અહીંયા તો આત્માના આનંદ આગળ દૂધપાક (તો) પણ શું? સમજમેં આયા? સુંદર શરીર, ખાના-પીના, માખણ, સુંવાળા ગાદલા, વાજા વાગે, સુગંધ આવે, પ્રકાશ હો... આહાહા! ધૂળેય સુખ નહીં. સુન તો સહી! ભિખારી! તેરેમેં આનંદ નહીં હૈ કિ બહાર આનંદ દેખને જાતા હૈ? સ્વયમેવ દેવ... જિસમેં જ્ઞાન ને આનંદ ભરા હૈ. બહાર ક્યાં છે? રુચિમેં વિપરીતતા હૈ. સાધુ હોકર ભી પુણ્યભાવમેં પ્રેમ લગે તો મિથ્યાદ્રષ્ટિ હૈ, એમ કહતે હૈં. વ્યભિચારી હૈ યે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

**શ્રાવણ વદ ૫, બુધવાર, તા. ૧૧-૮-૧૯૭૧**
**શ્લોક-૧૩૧-૧૩૩, ગાથા-૯૮, પ્રવચન નં. ૯૧**

નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. આત્મામેં સચ્ચા રાગકા ત્યાગ કિસકો કહતે હૈં ઔર ચારિત્રકા પેટા ભેદ ઐસા પ્રત્યાખ્યાન યે ક્યા ચીજ હૈ વહ બતાતે હૈં. અપને કળશ આ ગયા હૈ, ૧૩૦ આ ગયા હૈ. ૧૩૧ કળશ.. કળશ. ૧૮૮ પાનું.

**निर्द्वन्द्वं निरुपद्रवं निरुपमं नित्यं निजात्मोद्भवं**
**नान्यद्रव्यविभावनोद्भवमिदं शर्मामृतं निर्मलम् ।**
**पीत्वा यः सुकृतात्मकः सुकृतमप्येकद्विहयाधुना**
**प्राप्नोति स्फुटमद्वितीयमतुलं चिन्मात्रचिंतामणिम् ।।१३१।।**

આહાહા! દેખો! કૈસા હૈ ભગવાન આત્મા અંદર? **શ્લોકાર્થ : દ્વન્દ્વ રહિત...** ચૈતન્યમૂર્તિ, આનંદકંદ અતીન્દ્રિય આનંદકી મૂર્તિ આત્મા હૈ, ઉસમેં રાગ-દ્વેષકા દ્વંદ્વ નહીં, પુણ્ય-પાપકે વિકલ્પકા ભેદ ઉસમેં નહીં. યે આત્મા **ઉપદ્રવ રહિત...** જિસમેં કોઈ જાતકા ઉપદ્રવ નહીં, આકુલતા નહીં. ઐસા ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ **ઉપમા રહિત**–જિસકો ઉપમા નહીં. અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ આત્મા ઉસકો ઉપમા ક્યા? ઐસી ચીજ ઉપમારહિત પ્રભુ **નિત્ય...** ત્રિકાળ ધ્રુવ હૈ વહ તો. જિસમેં રાગ-દ્વેષ તો નહીં, કર્મ-શરીર તો નહીં, એક સમયકી અવસ્થા ભી જિસમેં નહીં, આહાહા! ઐસા નિત્ય ભગવાન **નિજ આત્મા**–અપના આત્મા... ભગવાનકા આત્મા ભગવાનકે પાસ રહા. ઐસે **નિજ આત્માસે ઉત્પન્ન હોનેવાલે** આનંદ... ઐસા આત્મા ઉસમેં એકાગ્ર હોનેસે અતીન્દ્રિય આનંદ જો ઉત્પન્ન હોતા હૈ યે પ્રત્યાખ્યાન અને વહ ચારિત્ર ને વહ ધર્મ હૈ. આહાહા! સમજમેં આયા? **નિજ આત્માસે ઉત્પન્ન હોનેવાલે...** અપના ભગવાન નિત્યાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદસે પૂરા ભરા પડા હૈ. આહાહા! ઉસકી એકાગ્રતા અંતરમેં ઉત્પન્ન હોકર જો અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન હોતા હૈ વહી પ્રત્યાખ્યાન ને વહી ધર્મ ને વહી મોક્ષકા માર્ગ હૈ. આહાહા!

**અન્ય દ્રવ્યકી વિભાવનાસે (–અન્ય દ્રવ્યોં સમ્બન્ધી વિકલ્પ કરનેસે) ઉત્પન્ન ન હોનેવાલે...** દેખો! અન્ય દ્રવ્યોં સંબંધી વિકલ્પ કરનેસે નહીં ઉત્પન્ન હોનેવાલા... જો રાગકા અંશ હૈ ઉસસે આનંદ ઉત્પન્ન નહીં હોતા. અપને આત્મામેં અતીન્દ્રિય આનંદ હૈ ઉસમેં એકાગ્ર હોનેસે અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન હોતા હૈ. આહાહા! ભારે માર્ગ કઠણ. જગતને સમજવો પહેલો કઠણ. સમજમેં આયા? ઐસે અન્ય દ્રવ્યોંકી વિભાવના... વિભાવના નામ વિકલ્પ, ઉસસે નહીં ઉત્પન્ન હોનેવાલા... ધર્મીકો અપને ભગવાન આત્મામેંસે જો અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન હોતા હૈ, યે અન્ય દ્રવ્યકે વિકલ્પસે ઉત્પન્ન નહીં હોતા અર્થાત્ વ્યવહાર વિકલ્પ વ્યવહારરત્નત્રયસે ભી

ઉત્પન્ન નહીં હોતા. આહાહા! સમજમેં આયા?

**અન્ય દ્રવ્ય સંબંધી વિકલ્પ કરનેસે ઉત્પન્ન નહીં હોનેવાલે—ઐસે ઇસ નિર્મલ સુખામૃતકો પીકર...** આહાહા! અતીન્દ્રિય આનંદ અમૃતરસકા ઘૂંટ પીકર... ભારે ભાઈ ધર્મ! ઐસા ધર્મ! કહતે હૈં કિ દયા, દાન ને વ્રત, ભક્તિ, તપ યે તો સબ અન્ય દ્રવ્યકા વિકલ્પ હૈ. આહાહા! સમજમેં આયા? ઇસસે ઉત્પન્ન નહીં હોનેવાલા, પણ અપના જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ પ્રભુ ઉસકી એકાગ્રતાસે ઉત્પન્ન હોનેવાલા... કૈસે? **ઐસે ઇસ નિર્મલ સુખામૃત...** આહા! 'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે...' આત્મામેં જ્ઞાનસ્વભાવ અમૃતસે ભરા હૈ. આહાહા! ઉસ સન્મુખ દૃષ્ટિ કરકે અમૃતકા પીના–નિર્વિકલ્પ આનંદકા ઘૂંટ લેના. આહાહા! ભારે માર્ગ ભાઈ! સમજમેં આયા? પોપટભાઈ! આવી વાત છે આ... અરે! આહાહા!

**નિર્મલ સુખામૃતકો પીકર (–ઉસ સુખામૃતકે સ્વાદકે પાસ સુકૃત ભી દુઃખરૂપ લગનેસે)...** દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાકા વિકલ્પ હૈ વહ ભી અપને આત્માકી એકાગ્રતાકે આનંદ આગે દુઃખ હૈ. આહાહા! ભારે કઠણ વાત છે. સમજમેં આયા? યે તો રાગ હૈ. રાગ દાહ આગ.. છહઢાળામેં આતા હૈ. 'રાગ દાહ દહે...' રાગ તો દાહ હૈ. આહાહા! ઉસ રૂપ કર્તવ્ય જો હૈ, વહ ભી વિકલ્પ હૈ, રાગ હૈ, દુઃખ હૈ. આહાહા! અપના નિજાત્મ ભગવાન દ્વંદ્વ-ઉપમા (રહિત) ને કલ્યાણમૂર્તિ, ઉસમેં એકાગ્ર હોનેસે જો અમૃતકા ઘૂંટ લેતા હૈ, અમૃતકો પીતા હૈ, ઉસકો ધર્મી કહનેમેં આતા હૈ. આહાહા! ભારે! સમજમેં આયા?

**જો જીવ સુકૃતાત્મક હૈ વહ અબ ઇસ સુકૃતકો ભી છોડકર...** આહાહા! જો કોઈ શુભ વિકલ્પ ઉઠતે હૈં, મુનિકો પંચમહાવ્રતાદિ, ગૃહસ્થકો ભક્તિ આદિ, યે સબ વિકલ્પ–રાગ ને દુઃખ હૈ. આહાહા! શ્રાવકકા ષટ્ આવશ્યક જો હૈ વહ વિકલ્પ હૈ, વહ ભી દુઃખ હૈ, કહતે હૈં. ગજબ વાત છે. આહાહા! જૈનદર્શન વીતરાગમાર્ગ... પૂરા ભગવાન આત્મા નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદસે ભરા પડા પ્રભુ અપના નિજ સ્વરૂપ હૈ, ઉસમેં એકાગ્ર હોનેસે જો આનંદ આતા હૈ વહી ધર્મ, યે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, વહી નિશ્ચય સુકૃત. વ્યવહાર સુકૃતકે વિકલ્પકો છોડકર.., એમ કહતે હૈં. પાઠમેં હૈ ન દેખો!

**सुकृतमप्येकद्विहयाघुना...** તીસરા પદ હૈ ન. અભી છોડકર... આહાહા! **सुकृतात्मकः सुकृतमप्येकद्विहयाघुना...** આહાહા! ભાષા પણ કેવી લીધી છે! સંતો–દિગંબર મુનિ આનંદમેં ઝૂલનેવાલે, અતીન્દ્રિય આનંદમેં ઝૂલતે થે, અતીન્દ્રિય આનંદકે ઝૂલેમેં ઝૂલતે થે, ઐસી દશા ચારિત્ર હૈ. આહાહા! યે ચારિત્રવંત ઐસે કહતે હૈં કે જિસકો આત્માકી શાંતિ લેના હો, યે અપના નિર્દ્વન્દ્વ, નિરુપદ્રવ, ઉપમા રહિત પ્રભુ ઐસે સ્વભાવ સન્મુખમેં એકાગ્ર હોના. ઉસ આનંદકે પીનેમેં સુકૃત જો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા—શુભવિકલ્પ ભી જિસકે આગે દુઃખરૂપ લગે. આહાહા! ભારે આકરું. એ શેઠ! 'આસ્રવ દુઃખકાર ઘનેરે..' પુણ્ય-પાપ દોનોં આસ્રવ હૈં. આહાહા! અરે ભગવાન! તેરી ચીજ આસ્રવ–રાગસે તો ભિન્ન હૈ ભગવાન! અરે! યે ચીજ સુનનેમેં ભી ન આવે, તો વહ ચીજકી પ્રાપ્તિ કૈસે હો? સમજમેં આયા? યહાં તો પરમાત્મા

ત્રિલોકનાથ વીતરાગ જિનવરદેવને કેવળજ્ઞાનસે જાના ઔર જો કહા, યે સંતો કહતે હૈં. સમજમેં આયા? વહી દિગંબર સંત મુનિ પદ્મપ્રભમલધારિદેવ હૈં.

કહતે હૈં, જો જીવ સુકૃત સ્વરૂપ... નીચે હૈ. **સુકૃતવાલા, શુભકૃત્યવાલા, પુણ્યકર્મવાલા, શુભભાવવાલા.** આહાહા! છોડકર... યે શુભ વિકલ્પ હૈ યહ ભી અપને આનંદકી અપેક્ષાસે આસ્રવરૂપ, દુઃખરૂપ હૈ. હજી તો શ્રદ્ધાના ઠેકાણા નહીં, ઉસકો ચારિત્ર ને શાંતિ કહાંસે મિલે? સમજમેં આયા? અભી તો યે પુણ્ય કિયા હૈ વહ ધર્મ હૈ. ઉસકે કારણસે ધર્મ હોગા (અર્થાત્) દુઃખસે સુખ હોગા. સમજમેં આયા? પર તરફકા જો શુભ વિકલ્પ હૈ યે તો દુઃખ હૈ. ઇસ દુઃખસે સુખ હોગા? તો કહતે હૈં કિ દૃષ્ટિમેં યે શુભવિકલ્પકો ભી છોડકર નિજાનંદ ભગવાનમેં લિપટ જા. આહાહા! લિપટ કહતે હૈં? હમારેમેં લપેટ કહતે હૈં. તુમ્હારી હિન્દી નહીં આતી. થોડી-થોડી આવે. સમજમેં આયા? આહાહા!

ભગવાન! યે તો તેરે ઘરકી બાત હૈ નાથ! તેરી ચીજમેં તો અતીન્દ્રિય આનંદ છલોછલ–લબાલબ ભરા હૈ. જૈસે મધકે ઘડેમેં મધ ભરા હો, મધ.. મધ કહતે હૈં? શહદ. શહદકે ઘડેમેં શહદ હી ભરા હો, ઐસે ચૈતન્ય અસંખ્ય પ્રદેશી શરીરસે ભિન્ન અપના નિજ ઘટ, અપને ઘટમેં તો અતીન્દ્રિય આનંદ છલોછલ ભરા હૈ. સમજમેં આયા? ઐસા પહલે સમ્યગ્દર્શન હોના ચાહિયે. પહલે સમ્યગ્દર્શનમેં 'મૈં પૂર્ણ આનંદ ને પૂર્ણ શુદ્ધ હૂં' ઐસા અનુભવમેં આતા હૈ તબ સ્વરૂપમેં લીનતા કરતા હૈ, તબ ઉસકો પ્રત્યાખ્યાન ને ચારિત્ર હોતા હૈ. ત્રિકાળ પૂર્ણ શુદ્ધ હૂં. પૂર્ણ શુદ્ધ કહના (ક્યા)? એ તો છે એ છે. આહાહા! સમજમેં આયા? યે તો અપૂર્ણકી અપેક્ષાસે પૂર્ણ કહનેમેં આતા હૈ. વસ્તુ પૂર્ણ ભરી હી હૈ. અરે ભગવાન! તેરા સ્વભાવ, જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતસ્વભાવ, વીતરાગસ્વભાવ ઐસે એક-એક સ્વભાવમેં અનંતતા–અપરિમિતતા–બેહદતા હૈ. આહાહા!

ઐસે ભગવાન આત્મામેં સુકૃતકો ભી છોડકર **અદ્વિતીય અતુલ ચૈતન્યમાત્ર-ચિન્તામણિકો...** અદ્વિતીય–દૂસરી ઐસી ચીજ નહીં, અતુલ નામ તુલના નહીં—ઐસે **ચૈતન્યમાત્ર ચિંતામણિકો સ્ફુટરૂપસે (–પ્રગટરૂપસે) પ્રાપ્ત કરતા હૈ.** આહાહા! યે ચિંતામણિ રત્ન ભગવાન શુભવિકલ્પકો છોડકર અંતરમેં એકાગ્ર હોતા હૈ, ઉસકો શુદ્ધ ચૈતન્ય ચિંતામણિ પ્રાપ્ત હોતા હૈ. આહાહા! સમજમેં આયા? પહલી સમજમેં તો યથાર્થતા કરે કિ ચીજ યે હૈ. અને આત્માકે આશ્રયસે ધર્મ હોતા હૈ, દૂસરે શુભવિકલ્પસે ભી ધર્મ હોતા નહીં. પણ પુણ્યની મીઠાશ જિસકો અંદર હૈ ન, વહ મિઠાશવાલેકો ઐસે લગે, આહાહા! આવો માર્ગ..... એકાંત નિશ્ચયાભાસ હૈ.

અરે! સુન તો પ્રભુ! સુન તો સહી. જહાં આનંદકા સ્વાદ આતા હૈ વહાં નિશ્ચયાભાસ રહે કૈસે? સમજમેં આયા? આનંદકા સ્વાદ ન હો અને એકલી નિશ્ચયકી બાત કરે ઔર અંદર હૈ નહીં અનુભવ અને રાગકી રુચિ છૂટી નહીં હૈ, તો નિશ્ચયાભાસ હૈ. આહાહા! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભગવાન! અહો! તેરી મહિમા ક્યા! તેરી ચીજકી મહિમા સર્વજ્ઞ ભી ગા સકે નહીં. આહાહા! ઐસી ચીજ (કહનેમેં) આચાર્યોંકો શબ્દોંકી કમી પડતી હૈ. ચીજ કહનેમેં શબ્દોંકી કમી

પડતી હૈ. ક્યા કહે, ક્યા કહે આત્મા? ક્યા કહે? શબ્દ જડ, ભગવાન ચૈતન્ય. ચૈતન્યકા દુશ્મન ભાષા જડ. આહાહા! ભાષા દ્વારા ભગવાનકો કહના... ઇશારા આતા હૈ. નંદકિશોરજી! આહાહા! શ્રીમદને કહા ન. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો, તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?' એ ગુંગાનો ગોળ છે. ગુંગો ગોળને ખાય, પણ ગુંગો (કહી શકે નહીં કે) સ્વાદ કેવો. શેઠ! બોલ સકે નહીં. ગુડકા સ્વાદ લે. કેમ ભૈયા કૈસા ગુડ હૈ?

(જ્ઞાનવંત અપની કથા કહૈ આપસે આપ..) આપસે આપ. આહાહા! સમ્યગ્દર્શનકા વિષય ઐસા પ્રભુ કૈસા હૈ ને ઉસમેં ક્યા હૈ. કભી ઉસકી રુચિ ઔર સન્મુખ હુઆ હી નહીં. ઉસકે સન્મુખ હુએ બિના સબ ક્રિયાકાંડ કર-કરકે મર ગયે. સમજમેં આયા? નિર્જરા અધિકારમેં આતા હૈ, ક્લેશ હૈ સબ. ક્લેશ કિયા. પંચમહાવ્રતાદિ ક્લેશ... આહાહા! આનંદનાથ પ્રભુ, સચ્ચિદાનંદ નાથ ઉસકે સન્મુખ કભી દેખા નહીં ઔર રાગસે કભી વિમુખ હુઆ નહીં. આહાહા! પહલી દૃષ્ટિમેં તો નક્કી કરે કિ મેરે સન્મુખ જાના વહી ધર્મ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, અરે! **અદ્વિતીય અતુલ ચૈન્યમાત્ર-ચિંતામણિ**... ચિંતામણિમેં, જૈસે ઇચ્છે ઐસે મિલે. વહ દેવ અધિષ્ઠિત હોતા હૈ. યે ભી દેવાધિદેવ ભગવાન આત્મા હૈ ઉસકી જિસકો દૃષ્ટિ હુઈ, ચિંતામણિરત્ન પ્રાપ્ત હુઆ. ઇસમેં જિતની એકાગ્રતા કરે ઇતની આનંદકી છોળ આતી હૈ. સમજમેં આયા? આહાહા! વ્યવહારની રુચિવાળાને આ વાત ગોઠે–રુચે નહીં. વ્યવહાર હોતા હૈ, પણ વહ હૈ રાગ ને ઉસકી રુચિ છોડનેલાયક હૈ પ્રભુ! જબ લગ વીતરાગતા પૂર્ણ ન હો, તબ લગ વ્યવહાર બીચમેં આતા હૈ, પણ હૈ વહ રાગ, યે હેય હૈ અને દુઃખરૂપ હૈ. અપને આત્માકા અનાદર હોકર રાગ ઉત્પન્ન હોતા હૈ. જબલગ રાગકા આદર હૈ તબલગ આત્માકા અનાદર હૈ. સમજમેં આયા? કહતે હૈં, અહો! ભાષા કિતની કી હૈ!

અજોડ **અતુલ ચૈતન્યમાત્ર ચિંતામણિ**... જો અંતરમેં એકાગ્ર હોતે હૈં ઔર સુકૃતકો છોડતે હૈં દૃષ્ટિમેંસે, ઉસકો ચૈતન્ય ચિંતામણિરત્નકી પ્રાપ્તિ હોતી હૈ. ઉસકો આત્માકી પ્રાપ્તિ હોતી હૈ એમ કહતે હૈં. આત્માકી પ્રાપ્તિમેં સ્થિરતા વહ ચારિત્ર. ચારિત્ર, કોઈ ક્રિયાકાંડ ચારિત્ર હૈ નહીં. આહાહા! પહલી બાત રુચના હી કઠીન હૈ. ઓહોહો! સમજમેં આતા હૈ ન ભૈયા? ઐસી બાત હૈ. આહાહા! આ દેહ તો (હાડ)પિંજર જડ હાડકા, માંસ ને ચામડા... ઉસ પર ચમડેકા ગાર હૈ. ગાર ક્યા કહતે હૈ? લીંપણ. અંદર હાડ-માંસ હૈ, ઉપર ચમડીકા લીંપણ હૈ. એક ચમડી ખેંચે... ઐસી ધૂલ હૈ યે તો. આહાહા! અમૃતકા સાગર દેહદેવલકી મૂર્છામેં... આયા હૈ ન વહાં? મૂર્ચ્છિત.. દેહમેં મૂર્છિત હોકર, અમૃતસાગર દેહમેં મૂર્છિત હોકર અમૃત સ્વરૂપકો ખો બૈઠા હૈ. આહાહા! સમજમેં આયા?

કાયા.. આતા હૈ ન વહ ૯૬ ગાથામેં ભાઈ! ૯૬માં આવે છે. 'અમૃતસાગર પ્રભુ દેહમેં–મૃતક ક્લેવરમેં મૂર્છિત હુઆ' ઐસા પાઠ હૈ. આહાહા! સમજમેં આયા? સમયસાર તો ભગવાન સાક્ષાત્, વાણી વીતરાગકી વાણી સારી હૈ. ૯૬ દેખો. 'કેવળ બોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી અને

મૃતક ક્લેવર (-શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી...' સંસ્કૃત ટીકા હૈ **मृतककलेवरमूर्च्छितपरमामृत-विज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति...** ભગવાન આત્મા અપના અમૃતસ્વરૂપ, અમૃતસ્વરૂપ યે મૃતક્ ક્લેવરમેં મૂર્છિત હુઆ કિ યે મૈં હૂં. રાગ ભી મૃતક ક્લેવર હૈ, રાગ યે અચેતન હૈ. વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ અચેતન હૈ, ઉસમેં જ્ઞાનકી પર્યાય નહીં. આહાહા! ઐસે રાગ અચેતન ને શરીર અચેતન મૃતક્ ક્લેવર હૈ ઉસસે મૂર્છિત હુઆ... મૃત ક્લેવરમેં મૂર્છિત હુઆ... આહાહા! અમૃતરૂપ વિજ્ઞાનઘન... ભગવાન આત્મા તો અમૃત વિજ્ઞાનઘન હૈ. આહાહા! યે મૂર્છિત હુઆ (તો) રાગકા કર્તા અજ્ઞાની પ્રતિભાસતા હૈ. વ્યવહાર રત્નત્રયકા કર્તા ભી અજ્ઞાની પ્રતિભાસતા હૈ. આહાહા! ભારે કામ ભાઈ! આકરું કામ છે બહુ.

શ્રોતા : જ્ઞાનીકો ક્યા દિખતા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : જ્ઞાનીકો આનંદ દિખતા હૈ. અમૃતસ્વરૂપમેં ભગવાન કભી મરતા નહીં. ઐસી ૯૬ ગાથા હૈ, સમયસાર. ટીકા ભી અલૌકિક! અમૃતચંદ્રાચાર્ય. લગભગ ચાર હજાર (શબ્દોંકી) ટીકા હૈ. ૪૧૫ (ગાથા) હૈં કુંદકુંદાચાર્યકી. ભરતક્ષેત્રમેં અમૃતકા ઝરના હૈ વહ. સમજમેં આયા? દિવ્યધ્વનિકા ધોધ હૈ વહ. કહતે હૈં, અરે ભગવાન! તેરી ચીજકી તુજે મહિમા નહીં ઔર રાગાદિ અને પુણ્યાદિકી મહિમા હૈ, બડા મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા?

યહાં કહતે હૈં, ચૈતન્યમાત્ર ચિંતામણિ ઐસા ભગવાન સ્ફુટરૂપસે પ્રાપ્ત હોતા હૈ. પ્રત્યક્ષ ભાસમેં... આનંદકે અનુભવવાલે જ્ઞાનીકો આત્મા પ્રગટ-પ્રગટ ભાસતા હૈ, એમ કહતે હૈં. આહાહા! ૧૩૧ હુઆ કળશ. ૧૩૨.

**को नाम वक्ति विद्वान मम च परद्रव्यमेतदेव स्यात् ।**
**निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम् ।।१३२।।**

ઉત્પન્ન હુઆ. અહો! જ્ઞાની ધર્માત્મા, સંતો ઐસે **ગુરુચરણોંકે સમર્ચનસે...** ઐસે ધર્માત્માકે ચરણકી પૂજાસે... દેખો ભાષા! સમજમેં આયા? **ઉત્પન્ન હુઈ નિજ મહિમા...** સંતોને આત્માકી મહિમા બતાયી. સંતોકા વિનય કિયા, બહુમાન કિયા, તો સંતોને બતાયા કિ ભગવાન! તેરી ચીજ મહામહિમાવંત હૈ પ્રભુ! આહાહા! સમજમેં આયા? **ગુરુચરણોંકે સમર્ચનસે... (સમર્ચન) = સમ્યક્ અર્ચન, સમ્યક્ પૂજન, સમ્યક્ ભક્તિ. ઉત્પન્ન હુઈ નિજ મહિમા...** ગુરુમુખસે સુના, આહાહા! ભગવાન! તેરી ચીજ ક્યા કહે! વાણીકા વિલાસ જહાં પહુંચતા નહીં, વિકલ્પ જહાં છૂતા નહીં ઐસી ચીજકી મહિમા ગુરુકી ભક્તિસે ઉત્પન્ન હોતી હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? **નિજમહિમાકો જાનનેવાલા કૌન વિદ્વાન 'યહ પરદ્રવ્ય મેરા હૈ' ઐસા કહેગા?** રાગ મેરા હૈ, પુણ્ય મેરા હૈ (ઐસા) કૌન કહેગા? આહાહા! અપના સ્વદ્રવ્ય ઉસકી મહિમા જિસને ગુરુમુખસે સુની અને નિજ મહિમાકા ભાન હુઆ ઐસા વિદ્વાન, 'વ્યવહારરત્નત્રયકા રાગ મેરા હૈ' ઐસા કૌન કહેગા? ઔર વ્યવહારરત્નત્રયસે મુજે ધર્મ હોગા

ઐસા કૌન કહે? કહો, પૂનમચંદજી! ક્યા હૈ યે? દિગંબર સંતોએ આ વાત (કહીને) સનાતન કેવળીના પ્રવાહ વહાવ્યા છે. ઐસી ચીજ કહીં તીન કાલ તીન લોકમેં દૂસરેમેં હૈ હી નહીં. દૂસરેસે સમન્વય કરો. કિસકે સાથ કરે ભગવાન? સમજમેં આયા? મલમલકા એક ટુકડા ઔર એક સૂતળી.. ક્યા કહતે હૈં? શણ.. શણ. શણકા ટુકડા. દોનોંકી સંધિ કરે.

અમારે સંપ્રદાયમેં હતાને ગુરુ..... પણ પહલી શ્રદ્ધા તો કરે ઐસી. નહીં 'રહતા'કા પ્રશ્ન કહાં હૈ? તેરી શ્રદ્ધા ભ્રષ્ટ હૈ. શ્રદ્ધાકા ઠિકાના નહીં. શ્રદ્ધા તો પહલે નક્કી કરે કિ ઐસા હૈ, પીછે રહ ન સકે તો ઐસા શુભભાવ આતા હૈ. આતા હૈ, પણ વહ દુઃખરૂપ હૈ ઐસે જાને. યે હેય હૈ. મુનિકો ભી શુભભાવ આતા હૈ પંચમહાવ્રતકા, ૨૮ મૂળગુણકા. નહીં આતા હૈ? ભગવાનકી ભક્તિકા નહીં આતા હૈ? આતા હૈ, પણ પહલી શ્રદ્ધામેં લેના કિ દુઃખરૂપ હૈ. ઉસસે મુજે ધર્મકા લાભ હોગા નહીં. ઐસી શ્રદ્ધા તો પક્કી કરે પહલી. આ તો શ્રદ્ધાના ઠેકાણા નહીં અને હવે આમાં રહી શકે નહીં.... યે તો હમારે કરના ન? 'કરના' યે કર્તૃત્વબુદ્ધિ વહી મિથ્યાત્વભાવ હૈ. કરના યે તો મરના હૈ. અમારે ભાઈ કહે છે સોગાની.

સોગાની હૈં ન. હો ગયે ન. ક્યા નામ હૈ? નિહાલભાઈ. કલકત્તા. આત્મજ્ઞાન પાકર ચલે ગયે સ્વર્ગમેં. બહોત લાખોપતિ થે. કલકત્તામેં દુકાન હૈ બડી. ઔર યહાં આયે થે. એક દિનમેં અનુભવ હો ગયા, એક રાતમેં. ૩૨-૩૫કી ઉમ્રમેં આયે થે. ૫૩ વર્ષમેં દેહ છૂટ ગયા. મુંબઈ આયે થે આખિરમેં. ભાન લેકર ચલે ગયે. ઐસી કોઈ શક્તિ થી ઉનકી. વે ઐસે કહતે થે કિ કરના વહ મરના હૈ. બરાબર ન જાને તો આત્માકા પતા નહીં લગેગા. મૂળચંદભાઈ! આ બધા જૂની રૂઢીના માણસ હતા બધા. હવે એ વખત ગયો કહે છે. એનું કાંઈ નહીં. સવળું આવ્યુંને હવે. આહાહા! જાગ્યા ત્યારથી સવાર. હવે શું છે? કરના વહ મરના બરાબર હૈ, ઐસા લિખા હૈ તીસરે ભાગમેં. વહ તીસરા ભાગ હૈ ન ઉનકા.

શ્રોતા : સબકે મુંહમેં પાની આયા થા કિ તીસરા ભાગ તો બતાઓ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એને ક્યાં નવરાશ છે? યે દિયા હૈ ઉસકો. નવરાશ ક્યાં છે? પંદ્રહ દિનકે બાદ તો આયા. યહાં તો ઐસી બાત હૈ. શેઠિયાકો ભી ઉડા દેતે હૈં. શેઠિયા હૈ કહાં? શેઠ તો ઉસકો કહતે હૈં કિ અપના સામ્રાજ્ય અનંત ગુણકા પિંડ પ્રભુ ઉસકા સ્વામી હો, તો શેઠ કહનેમેં આતા હૈ. બાકી બધા હેઠ છે. બાકી બધા હેઠ હૈ. ભગવાન આત્મા... કહા થા ન કલ. અપના સ્વરૂપ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ઐસી અનંત શક્તિયાં પડી હૈ. ઐસા શક્તિ(વાન) ચિંતામણિરત્ન ભગવાન, ઉસકા સ્વામી હો સન્મુખ હોકર ઔર રાગકા સ્વામી(પના) છૂટ જાય, ઉસકા નામ ભગવાન 'શેઠ' કહતે હૈં. સમજમેં આયા?

શેઠીયાને લિખા હૈ ન. શેઠીયાને લિખા હૈ. સરદારશહરવાલે. આયા ન ઉસમેં. ...... અપના સ્વરૂપ સંભારે સો શેઠ, બાકી અનુચર જાણજો. બાકી બધા ભિખારા હૈ. એ શેઠ! આ બધા તમે કરોડપતિને ભિખારા કહે છે. હૈ કિ નહીં હૈ? કેટલામું છે એ? પહેલામાં. આ બીજો ભાગ છે. આ ભાગ બીજો આ. તેરમે પાને, નહીં? 'ગુણીજન સંભાલે સો હી છે શેઠ...'

સરદારશહરવાલે હૈં ન, ઉસને બનાયા હૈ. ગૃહસ્થ હૈં. સ્થાનકવાસી થે, અભી તો... ઉસકે મામાકે પાસ ૪૦ વર્ષ પહલે ૬૦ લાખ રૂપિયા થા. ૬૦ લાખ દેતે થે. લે ભૈયા! મુજે પુત્ર નહીં હૈ. ૬૦ લાખ. ચાલીસ વર્ષ પહલે ૬૦ લાખ એટલે? તમારી પાસે કરોડ હોય તો પૂર્વના પાંચ લાખ (બરાબર કહેવાય). ૨૦-૨૦(વાં ભાગ) હો ગયા. પહલેકે ૧ લાખ અભીકે ૨૦ લાખ એટલે વીસમો ભાગ થયો. તો ૬૦ લાખ થે, દેતે થે. ન લિયા. ક્યા કરે હમ? મુજે જાના હૈ પરલોક.... ૬૦ લાખ. વહ યહાં આતે હૈં.... ઉસને બનાયા હૈ. વહ કહતે હૈં જુઓ!

'ગુણીજન સંભાલે સો હી છે શેઠ...' ગુણીજન આત્મા. અનંત ગુણકા પિંડ ઉસકી સંભાલ કરે વહ શેઠ. 'અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' યે કબ બનાયા થા? ઉસકા લડકેકા લડકા ગુજર ગયા છોટી ઉમ્રમેં. ડોક્ટર..... કંઈ ખબર નહીં. ગુજર ગયા. બડા ઘર થા. શેઠીયાકા ઘર થા તો... બહુત માણસ આયે. તો ઉસકી માકો કહા, ક્યોં બેટા? રોના હૈ? રોતે હૈં ન. હમારે યહાં કહતે હૈં ન. અહીં અમારે કાઠિયાવાડમાં છે ભાષા. તુમ્હારી ભી હોગી ખરી. 'મારા પેટ' એમ રોવે. મરી જાયને. 'એ મારા પેટ' એમ કરીને રોવે. મારા પેટ એટલે પેટમાં જન્મ્યો હોયને છોકરો એટલે મારા પેટ કહે. ઐસા ગાયન હૈ રોનેકા. તો (ઇન્હોંને) બનાયા 'મારા જ્ઞાન.' પેટ તેરા કૈસા? 'મારા જ્ઞાન' બનાયા દેખો! 'અન્ય તો અનુચર જાણજો જી..' બીજા તો અનુચર, ભિખારી છે. એ શેઠ! નિજસંપદાકા ભાન નહીં ને પરસંપદાકી પ્રીતિ હૈ, (તો) ભિખારી હૈ. બાહરસે માગતે હૈં, ઐસા લાઓ, ઐસા લાઓ, ઐસા લાઓ.

રાજા આયા થા યહાં. ભાવનગર દરબાર હૈ ન. એક કરોડકા તાલુકા હૈ. એક કરોડકી ઉપજ. દરબાર આયે થે વ્યાખ્યાનમેં. તો ઉસકો કહા મૈંને, દરબાર! દરબાર નરમ થા બિચારા. એક કરોડકા તાલુકા. યહાં દો બાર આ ગયે. એક માસમેં પાંચ હજાર માંગે વહ છોટા-નાના માગણ હૈ. માગણ સમજે ન? ભિખારી. નાના ભિખારી. ઔર એક લાખ મહિને માગે વહ બડા ભિખારી અને કરોડ માગે યે (ઉસસે) બડા ભિખારી હૈ. થોડા માગે (છોટા) માગણ–કમ માગણ.

એ પુસ્તક છે આપણે. બીજો ભાગ છેને કે એક જ છે? બીજો ભાગ છે? બીજો ભાગ હશે. પહલા ભાગ. પહલા ભાગ ખલાસ હો ગયા હૈ. બીજો ભાગ હૈ. આ ગુજરાતી છે. લિયા હૈ?

યહાં કહતે હૈં, વહ સ્ફુટરૂપસે–પ્રગટ(રૂપસે) પ્રાપ્ત હોતા હૈ. ભગવાન પરમાનંદકી મૂર્તિ દૃષ્ટિમેંસે રાગકા ભી ત્યાગ કરકે... છોડ રાગ દૃષ્ટિમેંસે, રુચિ છોડ. ભગવાન આનંદકંદકી દૃષ્ટિમેં આયા તો ચિંતામણિ રત્ન પ્રાપ્ત હુઆ. ઉસકો સમકિતી અને ધર્મી કહતે હૈં. અને પીછે સ્વરૂપમેં રમણતા કરતે આનંદ.. આનંદ.. આનંદ.. આહા! ધન્ય અવતાર! ચારિત્ર. ઉસકો પ્રત્યાખ્યાન ને ચારિત્ર કહતે હૈં. આ બાહ્યક્રિયા કરે દ્રવ્યલિંગની ને (કહે) ચારિત્ર હૈ. યે ચારિત્ર-ફારિત્ર હૈ હી નહીં. સમજમેં આયા? લ્યો, ઐસે **ગુરુચરણોંકે સમર્ચનસે.... નિજ મહિમાકો જાનનેવાલા કૌન વિદ્વાન 'યહ પરદ્રવ્ય મેરા હૈ' ઐસા કહેગા?** રાગ–વિકલ્પ મેરા હૈ યે કૌન કહે? એમ કહતે હૈં. આહાહા! મેરા તો પૂર્ણ આનંદઘન, જ્ઞાનઘન, વિજ્ઞાનઘન યે મૈં હૂં. ઉસકે સિવા કોઈ દૂસરી ચીજ મૈં હૂં નહીં. ઐસી પહલી સમ્યગ્દર્શનમેં પક્કી શ્રદ્ધા અનુભવ કરકે હોના ચાહિયે. અનુભવ કરકે

હોં, ઐસી શ્રદ્ધા ઉપરસે નહીં. સમજમેં આયા? બસ ૧૩૨ હુઆ. ૯૮ ગાથા. ૯૭ પૂરી હુઈ.

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा ।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं ।।९८।।**

આહાહા! કુંદકુંદાચાર્ય કહતે હૈં, ઐસે આત્માકા ચિંતવન કરો. મૈં તો ચાર—પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ બંધસે રહિત હૂં. **सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं**.. ઔર અંતરકા જ્ઞાન કરકે સ્થિર હોના.. સ્થિર હોના વહ ચારિત્ર હૈ, વહ પ્રત્યાખ્યાન હૈ.

**जो प्रकृति, स्थिति, अनुभाग और प्रदेश बँधविन आत्मा,**
**मैं हूँ वही, यों भावता ज्ञानी करे स्थिरता वहाँ ।। ९८।।**

**ટીકા : યહાં (-ઇસ ગાથામેં), બન્ધરહિત આત્મા ભાના ચાહિયે...** આહાહા! જુઓ! ભગવાન કુંદકુંદાચાર્ય પંચમ આરાકે આત્માકો કહતે હૈં. **બંધરહિત આત્મા**... ભગવાન તો રાગ ને કર્મકે બંધરહિત હૈ. ભાવકર્મ ને જડકર્મકે બંધરહિત હૈ. ઐસા વર્તમાનમેં બંધરહિત હૈ. જુઓ! **जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं**. ૧૫વી ગાથા હૈ ન. જૈનશાસન વહ જાનતા હૈ. ૧૫વી ગાથા હૈ. જો કોઈ અપને આત્માકો અબદ્ધસ્પૃષ્ટ—પરસે સ્પર્શા હી નહીં, પરસે બંધ હૈ હી નહીં. ઐસે અપને આત્માકો અનુભવસે જાનતા હૈ, ઉસને સારા જૈનશાસન જાના. સમજમેં આયા? આહાહા! ભારે પણ! આ કર્મ છે, નિમિત્ત સંબંધ છે. પર્યાય પર્યાયકો નિમિત્ત સંબંધ હૈ, દ્રવ્યમેં કહાં હૈ? સમજમેં આયા? એક સમયકી પર્યાય નૈમિત્તિક, ઉસમેં કર્મકા નિમિત્ત, બસ ઇતના સંબંધ હૈ, વહ તો વ્યવહાર હૈ, અભૂતાર્થ હૈ. સમજમેં આયા? ભૂતાર્થ ભગવાન આત્મા બંધરહિત હૈ. આહાહા!

જૈસે જલમેં કમળ... દૃષ્ટાંત દિયા હૈ ૧૪વી ગાથામેં. જલમેં કમલ દિખતા હૈ. બાહરસે દેખો તો જૈસે જલમેં કમલ હૈ ઐસા દિખે, પણ કમલકે સ્વભાવસે દેખો તો કમલસ્વભાવમેં પાનીકા લેપ હૈ હી નહીં. સમજમેં આયા? કમલકી રૂંવાટી ઐસી લૂખી હોતી હૈ લૂખી.. રૂંવાટી સમજે? રોમ.. રોમ.. રૂંવાટી—ઝીણી રોમ ઐસી લૂખી હોતી હૈ કિ જલમેંસે ઉપર કરો લેપ (હુઆ હી નહીં—પાની) છૂઆ હી નહીં. ઐસે ભગવાન આત્માકા ઐસા સ્વભાવ હૈ કિ જરી દૃષ્ટિમેંસે ઉપર કર દે રાગસે અધિક ભિન્ન (તો) કભી રાગમેં લિપ્ત હુઆ હી નહીં. આહાહા! સમજમેં આયા? જલસે ઉપર લે કમલકો (તો) છૂઆ હી નહીં. ઐસે દેખે સંયોગસે તો જલમેં સમાહિત દિખે. કમલકી દૃષ્ટિસે દેખે તો કભી કમલ છૂઆ હી નહીં કભી જલકો. ઐસે કર્મસંબંધકી વર્તમાન દૃષ્ટિસે દેખો તો કર્મકા સંબંધ દિખતા હૈ, પણ સ્વભાવકી દૃષ્ટિસે દેખો, દૃષ્ટિ સ્વભાવ (સન્મુખ) કરકે દેખો તો સ્વભાવ કભી રાગસે લિપ્ત હુઆ હી નહીં. સમજમેં આયા? આહાહા! ક્યા સમયસાર! અજોડ અજોડ શાસ્ત્ર હૈ. નિયમસે...

નિયમસાર, કુંદકુંદાચાર્ય એટલે ઓહોહો! ભગવાનકે પાસ ભેટા લેકર આયે થે. મહાવિદેહમેં ગયે થે ભગવાનકે પાસ. એ હજી લોકો શંકા કરે છે. ભગવાનકે પાસ ગયે નહીં,

મહાવિદેહમેં ગયે નહીં. અરે ભગવાન! પંચાસ્તિકાયમેં ટીકામેં હૈ. ટીકામેં હૈ. જયસેનાચાર્ય ૯૦૦ વર્ષ પહલે (કહતે હૈં કિ) સીમંધરસ્વામીકો પાસ ગયે, ઉપદેશ લેકર આયે ને શાસ્ત્ર બનાયા. ઐસા સંસ્કૃત ટીકા ૯૦૦ વર્ષ પહલેકી આચાર્યકી હૈ. આહાહા! દર્શનપાહુડમેં હૈ, દેવસેન આચાર્ય. અરે! પદ્મનંદી આચાર્ય ભગવાન સીમંધર પ્રભુકે પાસ જાકર યહ બોધ ન લાયે હોતે (તો) મુનિ કૈસે ધર્મ પાતે? ઐસા પાઠ હૈ.

શ્રોતા : ભક્તિમેં બહુમાન હોતા હૈ ન. ભક્તિમેં અપને આદમીકી બહોત બહોત...

પૂજ્ય ગુરુદેવશ્રી : બહોત એટલે અધિક જૂઠી કિ સચ્ચી? એમ કે મહાવિદેહમેં ગયે નહીં થે, પણ યે ભક્તિકા વચન હૈ, એમ કહે છે. અરે ભગવાન! ઇસમેં હૈ. અરે! પણ ગૃદ્ધપિચ્છ લિખા હૈ ન. કુંદકુંદાચાર્યકા 'ગૃદ્ધપિચ્છ' પાંચ નામમેંસે (એક નામ) હૈ. વહ જાતે થે, પીંછી ગિર ગઇ તો ગીધકી પીંછી લી થી. ભગવાનકે પાસ ગયે થે. બધે આવે છે, બહોત આતા હૈ. ઔર ષટ્પાહુડ હૈ. ષટ્પાહુડમેં પાહુડ દીઠ પીછે લિખા હૈ શ્રુતસાગરને (કિ) સીમંધરસ્વામી સંબોધિત કુંદકુંદાચાર્ય. યહાં આયે કળિકાળ સર્વજ્ઞ. ઐસા લિખા હૈ. કળિકાળ સર્વજ્ઞ. આહાહા! સમજમેં આયા? ઓહોહો! મહાવિદેહમેં ભગવાનકે પાસ ભેટા હુઆ.

ઇતિહાસમેં ભી આતા હૈ અપના દિગંબર ઇતિહાસ. વહાં ગયે. છોટા શરીર થા પતંગ જૈસા. વહાં તો ૫૦૦ ધનુષકા દેહ (ઔર ઇનકા) છોટા દેહ. ...... નીચે બૈઠ ગયે કુંદકુંદાચાર્ય. ચક્રવર્તીને હાથમેં લિયા. મહારાજ! યે કૌન હૈં? આ પતંગિયા... ઐસા કૌન હૈ? યે છોટા મનુષ્ય કૌન દિખતા હૈ? ભગવાનકી વાણીમેં આયા, અરે ચક્રવર્તી! ભરતક્ષેત્રકે આચાર્ય, નેતા, (સમર્થ) આચાર્ય હૈં. ભરતક્ષેત્રકે આચાર્ય હૈં. ઐસા આતા હૈ, ઇતિહાસમેં આતા હૈ. લોકોને કાંઈ શ્રદ્ધાના ઠેકાણા ન મળે. કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસ (ગયે થે વહ) સિદ્ધ હો જાય તો દિગંબર ધર્મ હી સત્ય હોગા, દૂસરા ખોટા હોગા, માટે ઉડાવો. મહાવિદેહમેં ગયે નહીં થે. મહાવિદેહમેં ગયે થે, આઠ દિન રહે થે. વહાંસે આકર યે શાસ્ત્ર પોન્નુર હિલ ટેકરીમેં બનાયા. મદ્રાસસે ૮૦ માઈલ આ બાજુ છે પોન્નુર હિલ નામની ટેકરી. સમજમેં આયા? આહાહા!

યહાં કહતે હૈં, અરે આત્મા! તુજે બંધરહિત આત્મા ભાના ચાહિયે. આહા! ભાવના યહ કિ અંતર્મુખ બંધરહિત મૈં હૂં, ઐસી આત્મામેં એકાગ્રતા કરના ચાહિયે, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. ઐસી **ભવ્યકો શિક્ષા દી હૈ**. અભવ્યકો શિક્ષા તો લાગુ પડતી નહીં. ભવ્ય પ્રાણી–જિસકા મોક્ષ નજીક હૈ, સંસાર કિનારા આ ગયા હૈ, ચોરાશીકા અવતાર છૂટનેકી તૈયારી હો ગઈ હૈ. ઉસકો યે ઉપદેશ કુંદકુંદાચાર્ય દેતે હૈં. **શુભાશુભ મનવચનકાયસમ્બન્ધી કર્મોંસે પ્રકૃતિબન્ધ ઔર પ્રદેશબન્ધ હોતા હૈ...** શુભ ને અશુભ પરિણામકા જો ભાવ ઉસસે કર્મમેં પ્રકૃતિ એટલે સ્વભાવ અને પ્રદેશ–સંખ્યા બનતી હૈ. **ચાર કષાયોંસે સ્થિતિબન્ધ ઔર અનુભાગબન્ધ હોતા હૈ...** વહ દ્રવ્યસંગ્રહમેં આતા હૈ. દ્રવ્યસંગ્રહ. કષાય—ક્રોધ, માન, માયા, લોભ ચાહે તો પુણ્ય હો કિ પાપ હૈ, સબ કષાય હૈ. ઉસસે સ્થિતિબંધ ને અનુભાગબંધ હોતા હૈ. **ઇન ચાર બન્ધોં રહિત...** આહાહા! અરે! બંધ વ્યવહારસે હોને પર ભી નિશ્ચયસે બંધરહિત હૈ.

ઐસા બંધરહિત ઔર **સદા નિરુપાધિસ્વરૂપ...** સદા નિરુપાધિસ્વરૂપ... બંધકી ઉપાધિ ને રાગકી ઉપાધિ નહીં હૈ ઐસી મેરી ચીજ હૈ. સમ્યગ્દૃષ્ટિકો ઐસા આત્મા સો મૈં હૂં... યે **આત્મા સો મૈં હૂઁ—ઐસી સમ્યગ્જ્ઞાનીકો નિરન્તર ભાવના કરની ચાહિયે.** લ્યો. આહાહા! નિરંતર... કોઈ સમયમેં બંધ હૈ ને કોઈ સમયમેં અબંધ હૈ—ઐસા નહીં. સમજમેં આયા? પણ કહતે હૈં કિ રહ સકતે નહીં. (ભલે) રહ સકતે નહીં, પણ પહલે નિર્ણય તો કરે કિ મૈં ઐસા હી હૂં, મેરેમેં બંધ નહીં, રાગ નહીં. આહાહા! અજ્ઞાનીકો ભાન કહાં હૈ? અપના સ્વભાવ નિર્લેપ અબંધસ્વરૂપ યે આત્મા મૈં હૂં. **ઐસી સમ્યગ્જ્ઞાનીકો નિરંતર ભાવના કરની ચાહિયે**. અજ્ઞાનીકો તો ખબર નહીં. રાગ મેરા હૈ, શરીર મેરા હૈ (ઐસે માનતા હૈ) તો અજ્ઞાની હૈ. ઉસકો તો અંદર ઉસસે રહિત હૈ ઐસી શ્રદ્ધા, જ્ઞાન હૈ નહીં. સમજમેં આયા?

શ્રોતા : ઐસે કહ લેનેસે અબંધ હો જાયેગા?

પૂજ્ય ગુરુદેવશ્રી : અનુભવ કરતા હૈ. કહનેકી-ભાષાકી બાત હૈ કિ અંતરકી બાત હૈ? અંદરમેં બંધરહિત હૂં ઐસી દૃષ્ટિ કરના ઔર અંદરમેં લીન હોના—યે ભાવ હૈ. ભાષા તો જડ હૈ. ભાષામેં ક્યા હૈ? આહાહા! રાગ ને કર્મકે સંબંધકી રુચિ છોડકર, અબંધસ્વરૂપી ભગવાન પર રુચિ કર, વહ બાત કહતે હૈં. સમજમેં આયા?

શ્રોતા : અબંધસ્વરૂપ ભગવાન આત્મા તો સિદ્ધ પરમેષ્ઠી હૈં.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, આત્મા અબંધ હૈ. પહલે યે લેના. સબ આત્મા અબંધ હી હૈં દ્રવ્યસે તો. વહ તો કહા ન પંદરવી ગાથામેં.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं ।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।**

સારે જૈનશાસનકો જાનતા હૈ. જો આત્માકો અબદ્ધ દેખે, વહ સારે જૈનશાસનકો દેખતા હૈ. જૈનશાસનમેં આત્મા અબદ્ધ કહા હૈ.

શ્રોતા : ક્યા કરના ચાહિયે?

પૂજ્ય ગુરુદેવશ્રી : અંતર્મુખ દૃષ્ટિ કરના ચાહિયે. સમજમેં આયા? અંતર ભગવાન આત્મા અસ્તિ-સત્તાવાન, ચૈતન્ય સત્તાવાન, સત્તા જિસકા રૂપ હૈ, આનંદ જિસકા સ્વરૂપ હૈ, જ્ઞાન જિસકા ભાવ હૈ—ઐસા ભગવાન મૈં બંધરહિત હૂં ઐસી શ્રદ્ધામેં દૃષ્ટિ લગાકર, શ્રદ્ધાકી દૃષ્ટિ અબંધમેં લગાકર એકાકાર હોના, ઉસકા નામ સમકિત ને ચારિત્ર હૈ. સમજમેં આયા?

**સદા નિરુપાધિસ્વરૂપ જો આત્મા સો મૈં હૂં—ઐસી સમ્યગ્જ્ઞાનીકો નિરંતર ભાવના...** ભાવના શબ્દસે એકાગ્રતા. કલ્પના નહીં. આહાહા! ચૈતન્યબિંબ પ્રભુ ચિંતામણિ ભગવાન વહ બંધરહિત સ્વરૂપ હૈ ઉસકી નિરંતર ભાવના એટલે એકાગ્રતા કરની ચાહિયે. આહા! ઉસકા નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર હૈ. રાગમેં એકાગ્રતા વહ મિથ્યાત્વ, અજ્ઞાન ને અચારિત્ર હૈ. સમજમેં આયા? આહાહા! રાગમેં એકાગ્રતા તો મિથ્યાત્વભાવ હૈ, જ્ઞાન યે અજ્ઞાન હૈ ઔર

એકાગ્રતા અચારિત્ર હૈ. ભગવાન બંધરહિત ઐસી શ્રદ્ધા કરકે અબંધસ્વભાવમેં લીન હોના ઉસકા નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર હૈ. બહુ ટૂંકું ને ઘણું મીઠું. મીઠું હોં. લોકોને આ વાત સાંભળવા મળતી નથીને, પછી બિચારાને એવું લાગે કે એ તો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. વ્યવહારકી તો બાત આતી નહીં.

અરે ભગવાન! સુનના યે વ્યવહાર નહીં હૈ. આ સાંભળવું એ વિકલ્પ વ્યવહાર નહીં હૈ. વ્યવહાર આતા હૈ, પણ બંધરહિત દૃષ્ટિ કરના વહ વ્યવહાર બતાતા હૈ. સમજમેં આયા? સુનનેમેં વિકલ્પ આતા હૈ, વિકલ્પમેં ઐસા બતાના હૈ કિ તેરી ચીજ વિકલ્પસે રહિત હૈ. વહાં દૃષ્ટિ કરના, ઇસકી શ્રદ્ધા કર. આહાહા! યે શ્રદ્ધા બિના, સમ્યગ્જ્ઞાન બિના ઉસને વ્રત નિયમ અનંતબૈર લિયા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' આતમજ્ઞાન વહ આત્મા તરફ ઝુકે તો આનંદ આતા હૈ. પંચમહાવ્રત તરફ ઝુકે તો દુઃખ હૈ, રાગ હૈ, (વહ તો) અનંતબૈર હુઆ. સમજમેં આયા?

**(અબ ઇસ ૯૮વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં :)**

**प्रेक्षावद्भिः सहजपरमानंदचिद्रूपमेकं**
**संग्राह्यं तैर्निरुपममिदं मुक्तिसाम्राज्यमूलम् ।**
**तस्मादुच्चैस्त्वमपि च सखे मद्वचःसारमस्मिन्**
**श्रुत्वा शीघ्रं कुरु तव मतिं चिच्चमत्कारमात्रे ।।१३३।।**

આહાહા! મુનિ સખા તરીકે બોલાવે છે હોં. હે સખે! હે મિત્ર! સમજમેં આયા? હમારી ચીજ જૈસી તેરી ચીજ હૈ. ઇસ ચીજમેં તુમ દૃષ્ટિ લગાઓ, સ્થિર હો, હમારા સખા–મિત્ર હો તુમ. આહાહા! મુનિકો ભી ઇતના પ્રેમ આતા હૈ દેખો! આહાહા!

**શ્લોકાર્થ : જો મુક્તિસામ્રાજ્યકા મૂલ હૈ...** જે મુક્તિ સામ્રાજ્યનું મૂલ છે, કોણ? આત્મા. એ મુક્તિરૂપી સામ્રાજ્યનું મૂળ શુદ્ધાત્મા. રાગ સંસારકા મૂલ હૈ. આત્મા મુક્તિસામ્રાજ્યકા મૂલ હૈ. આહાહા! **ઐસે ઇસ નિરુપમ, સહજપરમાનંદવાલે ચિદ્રૂપકો (-ચૈતન્યકે સ્વરૂપકો)...** આહાહા! ઉપમા કિસકી દેના? રાગરહિત, બંધરહિત ચીજ આત્મા હૈ, ઉસકો ઉપમા ક્યા દેના? **સહજપરમાનંદવાલે ચિદ્રૂપ...** કેવો છે જ્ઞાનરૂપ? સ્વભાવિક આનંદવાલા જ્ઞાનરૂપ, એમ. સ્વભાવિક અતીન્દ્રિય આનંદવાલા જ્ઞાનરૂપ **(ચૈતન્યકે સ્વરૂપકો) એકકો બુદ્ધિમાન પુરુષોંકો...** એક ભગવાન અપના ચિદાનંદ આનંદ સહિત પ્રભુ ઐસે એકકો હી **બુદ્ધિમાન પુરુષોંકો સમ્યક્ પ્રકારસે ગ્રહણ કરના યોગ્ય હૈ...** બુદ્ધિમાન, મતિજ્ઞાની ધર્માત્માકો તો દ્રવ્ય હી ગ્રહણ કરનેલાયક હૈ. સમજમેં આયા? **સમ્યક્ પ્રકારસે ગ્રહણ કરના યોગ્ય હૈ...** ગ્રહણ કરના નામ એકાગ્ર હોના. આહાહા!

શ્રોતા : મુનિયોંકી બાત હૈ..

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુનિયોંકી બાત કી હૈ, પણ સખે (કહકર) ભવ્યકો ઉપદેશ દેના હૈ ન.

ઐસી ભવ્યકો શિક્ષા દી હૈ. મુનિકી પ્રધાનતાસે સબ ભવ્યકો ઉપદેશ દિયા હૈ. સમજમેં આયા?

સખા તરીકે મિત્ર.... **બુદ્ધિમાન પુરુષોંકો...** દેખો! સમ્યગ્જ્ઞાનીકો. ઇસ સમ્યક્ પ્રકારસે અપના આત્મા ગ્રહણ કરનેયોગ્ય હૈ. **ઇસલિયે હે મિત્ર! તૂ ભી મેરે ઉપદેશકે સારકો સુનકર...** આહાહા! ઉપદેશકા સાર વહ હૈ કિ દ્રવ્યસ્વભાવમેં ઘૂસના. અપના દ્રવ્ય ચૈતન્યસ્વભાવમેં અંદર પ્રવેશ કરના ઔર રાગસે પ્રવેશ હટા દેના. આહાહા!

શ્રોતા : ઉસ સમય પરિસ્થિતિયાં કૈસી બનાના ચાહિયે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકાગ્ર હોના વહ.

શ્રોતા : શરીરકી ક્રિયા કૈસી...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : શરીરકી ક્રિયા ક્યા? શરીર એટલે આત્મા. જ્ઞાનશરીર એ આત્મા. યે ઉસકા શરીર હૈ. 'જ્ઞાનવિગ્રહં.' જ્ઞાનમેં એકાગ્ર હોના યે જ્ઞાનશરીરકી ક્રિયા હૈ. જડકી ક્રિયા યે તો માટી-ધૂળ હૈ. કોણ કરે? આહાહા!

જુઓને! હમણા ૨૪ વર્ષકા લકડા બિચારા રોટીની જેમ વણાઈ ગયો. વીસેક દિન થયા. ૨૪ વર્ષકા હોં. દો વર્ષકા લગન. ઐસા ખટારા આ ગયા, ઉસકા આંત નિકલ ગયા. બાહર બૈઠા થા. દો મિનિટમેં, રોટી વણે ઐસે પીસ ગયા. યે તો દેહકી સ્થિતિ હોનેવાલી હૈ વહ હોતી હૈ. આહાહા! વહ તેરે રોકે રુકે નહીં (ઔર) તેરેસે હો ઐસા હો હી નહીં (સકતા). તું રોક રખે કિ ઐસા હોતા હૈ... યે તો ઉસ સમયમેં દેહકી અવસ્થા હોનેવાલી થી. તેરી દૃષ્ટિ ઉસસે હટાકર આત્મા ઉપર લે જા. ઇસકે સિવા તેરા ઉદ્ધાર હૈ નહીં. વિશેષ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૬, ગુરુવાર, તા. ૧૨-૮-૧૯૭૧**
**ગાથા-૯૯, પ્રવચન નં. ૯૨**

નિયમસાર સિદ્ધાંત શાસ્ત્ર હૈ. સિદ્ધાંત ઉસકો કહીયે કિ સર્વજ્ઞકી વાણીમેં ઉસ સમય જો નિશ્ચય હોકર તત્ત્વ આયા, ઉસકા જો આગમમેં ઉદ્ધરણ હુઆ વહ આગમકો સિદ્ધાંત કહનેમેં આતા હૈ. યે વસ્તુકી સિદ્ધિ સિદ્ધ હુઈ હૈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, વિકારાદિ જૈસે હૈં ઐસે સિદ્ધ–સાબિત હુએ, યે ભગવાનકી વાણીમેં આયા ઉસકો યહાં સિદ્ધાંત કહતે હૈં. યે સિદ્ધાંતમેં નિયમસાર સિદ્ધાંત હૈ. ૯૯ ગાથા. પ્રત્યાખ્યાનકા અધિકાર હૈ. ચારિત્રકા અધિકાર હૈ. ચારિત્રકા પેટા ભેદ હૈ પ્રત્યાખ્યાન.

**ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो ।**
**आलंबणं च मे आदा अवसेसं च वोसरे ।।९९।।**
**मैं त्याग ममता, निर्ममत्व स्वरूपमें स्थिति कर रहा,**
**अवलम्ब मेरा आत्मा, अवशेष वारण कर रहा. ९९.**

**ટીકા : યહાં સકલ વિભાવકે સંન્યાસકી (–ત્યાગકી) વિધિ કહી હૈ.** ચારિત્ર હૈ ન. સકલ વિભાવકે સંન્યાસકા ત્યાગ. સંન્યાસકી વિધિ–ત્યાગકી વિધિ. સમ્યગ્દર્શનમેં સકલ વિભાવકી રુચિકા ત્યાગ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં, પુણ્ય-પાપ આદિ સર્વ વિભાવ ઉસકી દૃષ્ટિકા ત્યાગ હૈ ઔર સ્વભાવકી દૃષ્ટિકા આદર હૈ ઔર ચારિત્રમેં યે પુણ્ય-પાપકી મમતાકા ત્યાગ હૈ ઔર સ્વરૂપમેં લીનતા વહ ચારિત્ર હૈ. સમજમેં આયા?

શ્રોતા : વૃત્તિકા ત્યાગ ઔર મમતાકે ત્યાગમેં ફેર હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : દોમેં ફેર હૈ. દૃષ્ટિમેં તો પહલે પુણ્ય-પાપકા ભાવ હોતે છતે ઉસકા આશ્રય અને રુચિ છોડકર અંતર અખંડ આનંદ પ્રભુ પૂર્ણાનંદકી અંતર દૃષ્ટિ ને અનુભવ કરના, ઉસમેં પુણ્ય-પાપકા ત્યાગ દૃષ્ટિમેં આયા, પણ હજી પુણ્ય-પાપકા ભાવ નાશ નહીં હુઆ. સમજમેં આયા? ઔર યહાં તો ચારિત્રકા અધિકાર હૈ. પુણ્ય-પાપ જો મમતા હૈ ઉસકા ભી અભાવ, ઉસકા નામ ચારિત્ર હૈ. આહાહા! કહતે હૈં ક્યા? દેખો! વિધિ કહતે હૈ ન. વિધિ કહી હૈ, એમ છે. દેખો! **સકલ વિભાવકે ત્યાગકી વિધિ કહી હૈ.**

**સુંદર કામિની**–સુંદર સ્ત્રી, **કાંચન**–સુવર્ણ આદિ ધન **આદિ સમસ્ત પરદ્રવ્ય...** ઉસકા ગુણ ને ઉસકી પર્યાય... પરદ્રવ્યકા દ્રવ્ય, ઉસકે **ગુણ** ઔર ઉસકી **પર્યાય**–અવસ્થા ઉસકે **પ્રતિ મમકારકો મૈં છોડતા હૂં.** મમકારકો મૈં છોડતા હૂં. આહાહા! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો કિ સ્ત્રી-કુટુંબ-પરિવાર હો—સબ પર દ્રવ્ય-ગુણ-પર્યાય વહ મેરે હૈં ઐસી દૃષ્ટિ તો ગઈ હૈ, સમજમેં આયા? પણ ઉસકી જો મમતા–આસક્તિ, અસ્થિરતા થી, વહ કહતે હૈં કિ મૈં મમકારકો છોડતા

હૂં. આહાહા! પ્રત્યાખ્યાન.... ઉપદેશકી પદ્ધતિ હૈ યે એક. **પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત**... દેખો! નિર્મમત્વકા સ્વરૂપ ક્યા? નિર્મમત્વકા સ્વરૂપ ક્યા? કિ **પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત...** રાગાદિ કોઈ ભી શુભ વિકલ્પ હો, ઉસસે ઉપેક્ષા ઔર ત્રિકાળી જ્ઞાયકભાવકી અપેક્ષા, સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં ભી સકલ વિભાવકી ઉપેક્ષા હૈ દૃષ્ટિમેં ઔર પૂર્ણાનંદ ભગવાનકી અપેક્ષા હૈ દૃષ્ટિમેં. ઔર ચારિત્રમેં, મમત્વકા જો આસક્તિભાવ થા વહ સર્વકી ઉપેક્ષા ઔર સ્વરૂપકી અપેક્ષા અને સ્થિરતા. આહાહા! ઐસે... હૈ ન?

**પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત**... પુસ્તક નહીં હૈ? **પરમોપેક્ષાલક્ષણસે લક્ષિત**.. નીચે હૈ. નિર્મમકારાત્મકકા લક્ષણ ક્યા? દેખો! નીચે. **નિર્મમત્વમય; નિર્મમત્વસ્વરૂપ. (નિર્મમત્વકા લક્ષણ પરમ ઉપેક્ષા હૈ.)** સમ્યગ્દર્શન ને ચારિત્ર દોમેં ફેર ક્યા હૈ? તો કહે, સમ્યગ્દર્શનમેં અપના પૂર્ણ આત્માકી અપેક્ષા નામ શ્રદ્ધા હૈ ઔર આત્મા સિવા, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ ઉસકી ભી રુચિકા ત્યાગ હૈ. ક્યાં ગયા હીરાભાઈ? બાપા કહે છે, બહુ જબરું કામ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! અરે! જિસમેં એક સમયકી પર્યાયકી રુચિકા ત્યાગ હૈ. ભગવાન પૂર્ણાનંદ એક સમયમેં–સૂક્ષ્મકાળમેં ધ્રુવ ચિદાનંદ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ઉસકી દૃષ્ટિમેં વિકલ્પ ને નિમિત્ત ને એક સમયકી પર્યાયકી રુચિકા ત્યાગ (હો), તબ સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા? ઔર ચારિત્ર... ચારિત્ર બાકી હૈ. સમ્યગ્દર્શન હુઆ તો ચારિત્ર હો ગયા સાથમેં (ઐસા નહીં હૈ). સ્વરૂપાચરણ અંશે હુઆ. પીછે, ચારિત્ર બિના મુક્તિ નહીં અને ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન બિના નહીં અને સમ્યગ્દર્શન-જ્ઞાન આત્માકે આશ્રય બિના નહીં.

હૈ પાઠમેં હૈ ન? **आलंबणं च मे आदा**... તીસરા પદ હૈ. મેરા આત્મા હી મુજે આલંબન હૈ. આહાહા! સમજમેં આયા? મૈં નિત્યાનંદ પ્રભુ પરમસ્વભાવભાવ ઐસા પરિપૂર્ણ પ્રભુ યે મુજે આલંબન હૈ દૃષ્ટિમેં. મેરી દૃષ્ટિમેં આલંબન કોઈ દૂસરી ચીજ નહીં. આહાહા! હવે અહીં તો દૂસરી બાત વિશેષ કહતે હૈં. ચારિત્રમેં ભી આલંબન મૈં આયા. પ્રથમ મેરે સ્વરૂપકા આશ્રય જો કમ ઉગ્રતાસે લિયા થા, (અબ) વિશેષ ઉગ્રતાસે મૈં આશ્રય લેતા હૂં આત્માકા, ઉસકા નામ ચારિત્ર હૈ. તીસરા પદ હૈ ન. **आलंबणं च...** આ તો ભાઈ! શ્લોક સ્થાનકવાસીમાં આ ચાલે ભાઈ! આ બધા. ઓલા નાના-નાના શ્લોક હોય છે ને. પહેલેથી ચાલે છે, ૬૮ની સાલથી. સ્થાનકવાસીમાં આ બધી ગાથાઓ આવે. આ નિર્મમત્વ ને આ બધી. .... એ નહીં, પણ બીજા આવે છે. હા, બધા .... **एगो मे मरदि जीवो एगो य जीवदि, एगो मे सासदो अप्पा**.. એ ૧૦૨. એ બધા આવે છે. સ્થાનકવાસીમાં પણ છૂટી છૂટી ગાથા હોયને. મૂળ પાઠમાં નથી એને. છૂટી-છૂટી ગાથા હોય ઉસમેંસે વાંચે. પણ ઉસકા અર્થ કરતે હૈં સ્થૂલ.

યહાં તો કહતે હૈં કિ મેરે આત્મામેં, મૈં સુંદર, સ્ત્રી શરીરકી સુંદરતા, કોમળતા—ઉસ પ્રતિ ભી મેરી ઉપેક્ષા હૈ. મેરી નહીં હૈ યે તો દૃષ્ટિમેં આ ગયા પહલે. સમજમેં આયા? યે સ્ત્રી મેરી નહીં, મેરા તો આત્મા આનંદકંદ હૈ—ઐસે તો પહલી દૃષ્ટિમેં આયા હૈ. યે તો ઉસ પ્રતિ જરી આસક્તિ થી, મમત્વ થા, વો ભી મૈં છોડતા હૂં. સમજમેં આયા? આહાહા! **પરમોપેક્ષાલક્ષણસે**

**લક્ષિત નિર્મમકારાત્મક આત્મામેં સ્થિત રહકર તથા આત્માકા અવલમ્બન લેકર...** દેખો! મૈં તો નિત્યાનંદ પ્રભુ હૂં, ઉસકા અવલંબન તો મુજે સમ્યગ્દર્શનમેં હૈ હી, પણ વિશેષ ઉગ્રપને મૈં આલંબન લેતા હૂં. સમજમેં આયા? મમતાકી ઉપેક્ષા ઔર સ્વભાવકી અપેક્ષાકા આલંબન લેતા હૂં. ઐસી ચીજ હૈ. ચારિત્ર કોઈ સાધારણ ચીજ નહીં.

જિસકો ગણધર નમસ્કાર કરે. શાસ્ત્રરચના કરતે હૈં તો 'ણમો લોએ સવ્વ સાહૂણં' (બોલે). બાહ્યમેં ઉનસે છોટેકો વંદન ન કરે, બાહ્યમેં વ્યવહારમેં, પણ પંચ નવકાર જહાં આતા હૈ 'ણમો લોએ..' અરે સંત! તેરે ચરણમેં મેરા નમસ્કાર હૈ. તીર્થંકર, ઉસકા વજીર... તીર્થંકર રાજા પરમાત્મા, ઉસકા દિવાન ગણધર, ધર્મકા દિવાન. ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વકી એક અંતર્મુહૂર્તમેં રચના કરનેવાલે. ઐસી તાકાતવાલે ને ઉસી ભવમેં મોક્ષમેં જાનેવાલે. વે જબ લગ છદ્મસ્થ હૈં ઔર શાસ્ત્રકી રચના જબ કરતે હૈં 'ણમો અરિહંતાણં, ણમો લોએ સવ્વ અરિહંતાણં' ઐસા અર્થ હૈ. 'અરિહંતાણં' .... આખિરકા જો 'લોએ સવ્વ' હૈ ન વહ સબમેં લાગુ હોતા હૈ. ધવલમેં ઐસા પાઠ હૈ. 'ણમો લોએ સવ્વ અરિહંતાણં..' ગણધર ઐસે કહતે હૈં. 'ણમો લોએ સવ્વ સિદ્ધાણં.' આહાહા! 'ણમો લોએ સવ્વ આઇરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં.' કૈસે સાધુ?

કોઈ કહતે હૈં કિ દેખો! 'ણમો લોએ સવ્વ સાહૂણં' કહા હૈ ઉસમેં કોઈ જૈનકા હી સાધુ આતા હૈ ઐસા નહીં. અરે ભગવાન! સમજમેં આયા? ઐસા અર્થ કરતે હૈં. એક હૈ ન સુશીલકુમાર સ્થાનકવાસી. ઐસા અર્થ કરતે હૈં. દેખો! 'ણમો લોએ સવ્વ સાહૂણં' કહા હૈ. પણ 'લોએ સવ્વ સાહૂણં' કૌન? જૈન પરમેશ્વરકા જો ભાવ હૈ ઉસે જો અંતર અનુભવમેં લિયા હૈ ઔર ભગવાનને જો કહા ઐસા ચારિત્ર-સ્વરૂપમેં સ્થિર હુઆ હૈ, ઉસકો યહાં સાધુ કહતે હૈં. સમજમેં આયા? અન્યમતમેં ઐસા સાધુ હોતા નહીં. 'ણમો લોએ સવ્વ સાહૂણં' કહા ન. ઉસમેં ક્યા આયા? કિ 'ણમો લોએ સવ્વ જિનસાહૂણં.' અરે! જૈનકા હી સાધુ કહનેમેં આતા હૈ, સુન તો સહી. ગરબડ ઐસી કરે. લોકોને બહુ સમન્વય લાગેને. સમન્વય મીઠું લાગે. આહાહા! ભારે ભાઈ! વિશાળ હોં. ઐસા માર્ગ હૈ નહીં.

ચાર જ્ઞાન, ચૌદ પૂર્વકી રચના અંતર્મુહૂર્તમેં કરનેવાલે (કહે), 'ણમો લોએ સવ્વ સાહૂણં'. હે સંત! દો ઘડી પહલે ભી મુનિપના-આત્માકે આનંદકી રમતમેં આયે હો, ગણધર કહતે હૈં કિ તેરે ચરણમેં મેરા નમસ્કાર હો. 'ણમો લોએ'મેંસે નિકાલ દેગા ઉસકો? આહાહા! અંતરમેં, આનંદધામકા ભાન (હોકર) આનંદકી દશા હુઈ હૈ અનુભવમેં ઔર અનંત આનંદમેં જિસકી મસ્તી હૈ, અનંત આનંદમેં જિસકી મસ્તી ચડ ગઈ હૈ, પાવર ચડ ગયા અંદરમેં. ઐસી રમણતા (ઔર) પરપદાર્થકા દ્રવ્ય-ગુણ-પર્યાયકે મમત્વ છોડકર-ઉસકી ઉપેક્ષા કરકે, આત્માકા ઉગ્ર અવલંબન લેકર મૈં સ્વરૂપમેં સ્થિર હોતા હૂં. આહાહા! શેઠ!

.... બતાતે હૈં ન? યે દે દેતે હૈં? હમારી .... તુમ્હારે પાસ હૈ? ભગવાન કહે, તેરે પાસ પૂરા પડા હૈ પ્રભુ. તુજે સ્વીકાર કરના-ન કરના અધિકાર તેરા હૈ. આહાહા! દિશા ફેરવી નાખવી.

'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે, આશા...' અભી આયેગા પુણ્ય-પાપ અધિકારમેં. મહારાજ! શિષ્ય પૂછતા હૈ. યે શ્લોક આયેગા સમયસારમેં. આપ તો પુણ્ય ને પાપ દોનોંકા નિષેધ કરતે હો પ્રભુ! તો શ્રાવક ઔર મુનિકા શરણ ક્યા? જો શુભક્રિયા હૈ ઉસકા તો તુમ નિષેધ કરતે હો કિ યે ધર્મ નહીં. વો આયેગા કલશમેં. સમયસારકા કલશ હૈ. સમજમેં આયા? ઉસકા ઉત્તર દેંગે. અરે! મેરા આત્મા મુજે શરણ હૈ. આહાહા! સમજમેં આયા? પૂર્ણાનંદકા નાથ, નિત્યાનંદ સહજાનંદકી મૂર્તિ, અપના સહજાનંદસ્વભાવ વહ મેરે આલંબનમેં આયા ઔર ઉસકા મુજે આશ્રય હૈ. શ્રાવકકો ભી વહ આશ્રય હૈ, ઐસે લિયા હૈ. યે શ્લોકમેં આયેગા. શ્લોક હૈ ન ૧૦૪ સમસારકા. સમયસાર નાટકમેં હૈ. દેખો! ક્યા હૈ?

**सिष्य कहै स्वामी तुम करनी असुभ सुभ,**
**कीनी है निषेध मेरे संसै मन मांही है।**

યે શ્લોક આયેગા અભી. ભગવાન! આપ તો કહતે હો કિ શુભક્રિયા, શુભરાગકા ધર્મકી દૃષ્ટિમેં નિષેધ હૈ, યે ધર્મ નહીં. ઐસે નિષેધ કિયા તો **मेरे संसै मन मांही है. मोखके सधैया ग्याता देसविरती मुनीस...** સમકિતિ, શ્રાવક પંચમ ગુણસ્થાનવાલા તથા છઠ્ઠે (ગુણસ્થાનવાલા) મુનિ. **मोखके सधैया ग्याता देसविरती मुनीस, तिनकी अवस्था तो निरालंब नांही है**. વે કોઈ કેવલી નહીં હુએ હૈં. ઉનકો આલંબન ક્યા? ભાવ શુભ હૈ (ઉસકા) તો તુમ નિષેધ કરતે હો કિ યે ધર્મ નહીં, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા વહ ધર્મ નહીં, પંચમહાવ્રત ધર્મ નહીં. તો હમેં કિસકા આશ્રય લેના? શિષ્ય પ્રશ્ન કરતા હૈ.

**कहै गुरु करमकौ नास अनुभौ अभ्यास...** આહાહા! પંચમ ગુણસ્થાનવાલેકો ભી હોં. ખરેખર તો જ્ઞાતા, દેશવિરતિ ને મુનિ—તીનોં લે લિયે હૈં. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો ભી અપના ચિદાનંદસ્વભાવ હી આલંબન ને આશ્રય–આધાર હૈ. પુણ્ય-પાપકા પરિણામ વહ આશ્રય–આધાર હૈ નહીં. આહાહા! હોતા હૈ બીચમેં, પણ વહ જાનનેવાલા હૈ. આહા! સમજમેં આયા? ભૂમિકા પ્રમાણસે રાગકી મંદતાકી મર્યાદા આતી હૈ, વે જ્ઞાતા-દૃષ્ટા રહતે હૈં. અપનેમેં નહીં ગિનતે. સમજમેં આયા? **ऐसौ अवलंब उनहीकौ उन पांही है...** ખુલાસો કર્યો. ધર્મીકો કર્મકા નાશ, પુણ્ય-પાપકા વિકારકા અભાવ કરકે અનુભવ અભ્યાસ... અપને આનંદકા અનુભવકા અભ્યાસ કરતે હૈં. **ऐसौ अवलंब उनहीकौ उन पांही है...** ધર્માત્માકા અવલંબન આત્મા હી હૈ ઉસકો. કોઈ દૂસરા આલંબન હૈ નહીં. **निरुपाधि आतम समाधि सोई सिवरूप, और दौर धूप पुद्गल परछांही है।** આહાહા! પુણ્ય ને પાપકા વિકલ્પ વહ પુદ્ગલકી છાયા હૈ, અપની ચીજ હૈ નહીં. આહાહા! યહાં કહતે હૈં દેખો!

મૈં તો **નિર્મમકારાત્મક આત્મામેં સ્થિત રહકર તથા આત્માકા અવલંબન લેકર સંસૃતિરૂપી સ્ત્રીકે સંભોગસે ઉત્પન્ન...** ઉદય, રાગ, સંસાર, પુણ્ય-પાપકા ભાવ દોનોં હી સંસાર હૈ. શુભ-અશુભકા વિકલ્પ સંસાર હૈ. ઉસસે ઉત્પન્ન **સુખ-દુઃખાદિ...** ઉસસે ઉત્પન્ન સુખ-દુઃખ.. કલ્પનામેં યે 'સુખ હૈ' ઐસા ઔર કલ્પનામેં 'દુઃખ હૈ' ઐસા. **અનેક વિભાવરૂપ પરિણતિકો મૈં**

**પરિહરતા હૂં.** ઉદયકી પરિણતિ પુણ્ય-પાપકી ઉસકો મૈં છોડતા હૂં. સમજમેં આયા? આહાહા! બાપુ! માર્ગ તો કોઈ અલૌકિક હૈ. પહલે અભી નિર્ણયમેં ઠિકાના નહીં, ઉસકો સમ્યગ્દર્શન કૈસે હો? આહા! વસ્તુ સત્કા પોકાર હૈ અંદરમેં. મૈં તો શુદ્ધ આનંદઘન હૂં, મેરેમેં કુછ રાગાદિ–વિકલ્પાદિ નહીં હૈ. ઐસા આત્મા હી પોકાર કરકે ઉઠતા હૈ. ઐસા ભગવાન... શિષ્ય પૂછતે હૈં તો ભગવાન ઉત્તર દેતે હૈં કિ ઉસકા આલંબન ઐસે આત્મામેં હૈ. વહ (બાહ્યકા) આલંબન છૂટ ગયા માટે આલંબન નહીં હૈ કુછ, ઐસા નહીં. આહાહા! મૈં પરિહરતા હૂં.

**ઇસી પ્રકાર (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિને (શ્રી સમયસાર આત્મખ્યાતિ નામક ટીકામેં,** યે અભી પઢા ન. **૧૦૪વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :**

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः संत्यशरणाः।**
**कदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विंदंत्येते परममृतं तत्र निरताः।।**

શિષ્ય પ્રશ્ન કરતે હૈં. આહાહા! છંદ શિખરણી ને? શિખરણી હૈ શિખરણી. એ શીખંડ. શીખંડ ભી દેશી (-રાગ) હૈ. શીખંડ ખાતે હૈં તો મજા કૈસી આતી હૈ અજ્ઞાનકી. .... અજ્ઞાન હૈ ન. યે તો આત્માકા શીખંડ ખાતા હૈ. અમૃત પીતા હૈ આત્મા એમ કહતે હૈં.

**શ્લોકાર્થ :** જુઓ! **શુભ આચરણરૂપ** કાર્ય, **કર્મ** એટલે કાર્ય... હૈ ન? શુભ આચરણ—દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, નામસ્મરણ આદિ શુભરાગ **ઔર અશુભ આચરણરૂપ કર્મ...** હિંસા, ચોરી, વિષયભોગ, કામ, ક્રોધ.**—ઐસે સમસ્ત કર્મોંકા નિષેધ કિયા જાને પર...** સર્વ કાર્યકા તો નિષેધ કિયા આપને. જો કરના થા વહ તો નિષેધ કિયા. હમારી નજરમેં કર્તવ્ય તો યે દિખતા થા. તો વહ કર્તવ્યકા તો નિષેધ કિયા કિ યે ધર્મ નહીં, યે ધર્મ નહીં. તો અબ કરના ક્યા હમેં? સમજમેં આયા? યે પ્રશ્ન ઉઠતા હૈ ન સબકો? ભાઈ! ધર્મીકો શરણ તો, ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જિસકો દૃષ્ટિમેં ઉપાદેયરૂપ ગ્રહણ કિયા હૈ વહી ઉસકો શરણ હૈ. આહાહા! ચૌથે ગુણસ્થાનસે આત્મા ઉપાદેયરૂપ ગ્રહણ કિયા, ઉસમેં દૃષ્ટિ પડી હૈ જ્ઞાનીકી. રાગકા આદર ચૌથેસે હૈ નહીં, પણ આયે બિના રહતા નહીં. (પૂર્ણ) વીતરાગ ન હો તો ક્યા કરે? સમજમેં આયા? પણ ઉસકા આશ્રય, શરણ નહીં. આહાહા!

કહતે હૈં, **ઐસૈ સમસ્તકર્મોંકા નિષેધ કિયા જાને પર ઔર ઇસપ્રકાર નિષ્કર્મ અવસ્થા વર્તને પર...** દેખો! નિષ્કર્મ અવસ્થા ચૌથેસે... જિતની પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત દૃષ્ટિ કરકે નિષ્કર્મ અવસ્થા વર્તતી હૈ, વહી ધર્મ હૈ, વહ શરણ હૈ. આહાહા! પન્નાલાલજી! આ ભારે વાત આકરી! લોકોને બેસવી કઠણ પડે. કહતે હૈં, નિષ્કર્મ અવસ્થા વર્તતી હૈ... યે ક્યા કહતે હૈં? સમકિતીકો તો પુણ્ય-પાપ હેય દૃષ્ટિમેં હૈ ઔર ચારિત્રવંતકો તો ચારિત્રકી દશામેં પુણ્ય-પાપ

ઉત્પન્ન હોતા હી નહીં. ઉત્પન્ન નહીં હોતા હૈ તબ શરણ ક્યા? કિ નિષ્કર્મ અવસ્થા શરણ હૈ. આહાહા! જિતની નિર્વિકલ્પ સ્થિરતા હુઈ યે નિષ્કર્મ દશા હૈ, યે સમ્યગ્દર્શન હૈ, સમ્યગ્જ્ઞાન હૈ, સમ્યક્ ચારિત્ર હૈ, વહ મોક્ષકા માર્ગ હૈ.

શ્રોતા : રાગકા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, અપની પુરુષાર્થકી કમીસે આતા હૈ. જબરદસ્તીકા અર્થ–કર્મકે કારણસે નહીં. અપની રુચિ નહીં હૈ, તો ભી આસક્તિ હૈ તો જબરદસ્તીસે રાગ આતા હી હૈ, પણ ઉસકો જ્ઞાની હેય માનતે હૈં. આયે બિના રહે? ભગવાનકા સ્મરણ આતા હૈ, જાત્રાકા ભાવ આતા હૈ. વહ પુરુષાર્થકી કમીસે આતા હૈ. સમજમેં આયા? ધર્મીકો ઉસકા આદર નહીં. આદર તો, ત્રિકાળી જ્ઞાયકભાવ નિષ્કર્મ અવસ્થામેં આદર(ભાન) આત્મા હૈ. પંડિતજી! આહાહા!

યે શ્લોક હી ઐસા હૈ. **निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते...** સુકૃત-દુષ્કૃત દોનોંકા આપને નિષેધ કર દિયા. પ્રભુ! ક્યા કરતે હો આપ? અબ શરણ ક્યા? શરણ હમ માનતે થે વહ તો આપ છુડાતે હો. ભગવાન! શુભ ને અશુભ દોનોં આચરણ તો કર્મ હૈં, રાગ હૈ. આહાહા! યહાં તો બાપુ! વીતરાગમાર્ગ હૈ. વીતરાગમાર્ગ વીતરાગભાવસે શુરૂ હોતા હૈ. રાગસે શુરૂ હોતા હૈ? તો વીતરાગભાવ કૈસા? અપની ચીજ વીતરાગસ્વરૂપ હી અનાદિ-અનંત હૈ. અકષાયસ્વભાવ ઐસા આત્મા ઉસકે આશ્રયમેં નિષ્કર્મ અવસ્થા જો ઉત્પન્ન હો, બસ વહી આત્મા અથવા વહી ધર્મ. રાગાદિ આતા હૈ બીચમેં, પણ હેય હૈ.

**મુનિ કહીં અશરણ નહીં હૈ...** દેખો! અરે! વ્રતાદિકે વિકલ્પકો છોડતે હૈં તબ (ભી) કોઈ અશરણ નહીં. ભગવાન (આત્મા) અંદર શરણ પડા હૈ. આહાહા! અરે! ચૈતન્યકી કિંમત નહીં લોગોંકો. મહાપ્રભુ આનંદકા ચોસલા, આનંદકા ધામ પડા હૈ અંદર. નિત્યાનંદ શાશ્વત પ્રભુ... પુણ્ય-પાપકે વિકલ્પકી રુચિ છૂટી તો અંતરકે આનંદકી–પૂર્ણાનંદકી રુચિ હુઈ ઔર આસક્તિકી જિતની અસ્થિરતા છૂટી તો સ્વરૂપમેં સ્થિરતાકા આનંદ આયા. ક્યોંકિ આસક્તિ થી પુણ્ય-પાપકી, વહ તો જહર થા, ઔર વહ છોડા તો આત્મામેં અમૃત આયા. આહાહા! ભારે વાત ભાઈ! જુઓને! પર્યાય સિદ્ધ કરતે હૈં, વિકારકા વ્યય સિદ્ધ કરતે હૈં, નિર્વિકાર નિષ્કર્મ અવસ્થા સિદ્ધ કરતે હૈં, ઔર નિષ્કર્મ અવસ્થાકા આલંબન ધ્રુવ હૈ યે સિદ્ધ કરતે હૈં. આહાહા! આ ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય. ઐસી ચીજ વીતરાગ સિવા કહીં હોતી નહીં. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્દ્રવ્યલક્ષણમ્'. વહ બાતકી બાત હૈ. સમજમેં આયા? ઉમાસ્વામી સત્કા અર્થ કરતે હૈં. જુઓ! ઓહોહો! ગજબ વાત છે. સારે જૈનશાસ્ત્ર ભર દિયા હૈ, ગાગરમેં સાગર ભર દિયા હૈ. એક-એક શબ્દકા એક-એક સૂત્રકા બડા ગંભીર ... હૈ.

વહ કહતે હૈં યહાં. મહારાજ! પ્રભુ! આપ તો શુભ-અશુભ દોનોં આચરણકા ધર્મમેં તો નિષેધ કરતે હો. અબ ક્યા કરના ધર્મીકો? ધર્મીકો નિષ્કર્મ અવસ્થા ધારણ કરના. નિષ્ક્રિય આત્મા જો શુદ્ધ ભગવાન આત્મા અંદરમેં ઊંડા–ગહરેમેં અંદર ઊંડે જાતે હૈં, આશ્રય (લેતે હૈં) તો નિષ્કર્મ અવસ્થા–અમૃતમય નિષ્કર્મ અવસ્થા પ્રગટ હોતી હૈ. પુણ્ય-પાપકી આસક્તિ જહર હૈ

(વહ) છૂટ ગઈ–વ્યય હો ગયા, સ્વરૂપકા આશ્રય લિયા (તો) અમૃતમય દશા પ્રગટ હોતી હૈ. આહાહા! જુઓ! વીતરાગમાર્ગ, જિનવરદેવે કહેલ માર્ગ. પરમાત્મા ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજતે હૈં મહાવિદેહમેં. ઐસે અનંત તીર્થંકરો યે હી બાત કરતે હૈં. બીસ તીર્થંકર બિરાજતે હૈં. ..કી સભામેં તો લાખો તો કેવળી બિરાજતે હૈં. તીર્થંકર લાખો નહીં હોતે. તીર્થંકર તો બીસ હી હૈં. સભામેં કેવલીયોં લાખોં હોતે હૈં. સુનનેકે લિયે નહીં, (પર) ઐસે સભામેં બૈઠતે હૈં. સમજમેં આયા? લાખો સંતો હૈં, અનેક ગણધર હૈં ઔર તીન જ્ઞાનકે ધણી ઇન્દ્રો ભી સુનનેકો આતે હૈં. વહ પાઠ ભગવાન ઐસે કહતે હૈં. સમજમેં આયા?

શ્રોતા : .... સુનનેસે તો (સમ્યગ્દર્શન) હો જાતા હોગા ન?

પૂજ્ય ગુરુદેવશ્રી : સુનનેસે ક્યા હો? સુનના તો વિકલ્પ હૈ. શેઠ કહતે હૈં, યે સુનનેસે હોતા હૈ કિ નહીં? ઐસા સ્પષ્ટ કરાતે હૈં. શુભરાગ હૈ ભૈયા! સુનના વહ વિકલ્પ હૈ રાગ. કહના ભી અંદર વિકલ્પ હૈ રાગ. વહ તો કહતે હૈં યહાં કિ દૃષ્ટિકો બદલ દો. રાગ ઉપર જો રુચિ હૈ વહ દ્રવ્ય ઉપર રુચિ લે જાઓ. યે અનંત પુરુષાર્થ હૈ. ઉસમેં અનંત-અનંત પુરુષાર્થ હૈ. આહાહા! દિશા બદલવી ને દશા બદલી જાય. દિશા બદલનેસે દશા બદલ જાય. યે ક્યા કહા? જો પુણ્ય-પાપકી દશામેં દિશા થી, પર દિશા તરફકી દશા થી, યે દિશા પલટી કિ યે મૈં નહીં. 'મૈં તો અખંડ આનંદકંદ હૂં' ઐસી દિશામેં ગયા, દશા પલટ ગઈ. સમ્યગ્દર્શનદશા પલટ ગઈ. આહાહા!

નંદકિશોરજી! ઐસે નંદકી બાત આત્માને કભી સુની હી નહીં, આનંદકી બાત. એ તો સરળ માણસ છે ને. પહલેસે કહતે થે. પણ અભી તક નહીં કી. આકરી ચીજ છે ભગવાન! તુમ કૌન હો? આહાહા! વિકલ્પ દ્વારા તેરા પતા ન લગે ઐસા તુમ હો, વાણી દ્વારા પતા ન લગે. પરમાત્મપ્રકાશમેં લિખા હૈ, દિવ્યધ્વનિસે ભી સમજમેં નહીં આતા, મુનિયોંકી વાણીસે ભી સમજમેં નહીં આતા. પરમાત્મપ્રકાશ. ઐસા સ્વસંવેદ્ય આત્મા.. સ્વ-સંવેદ્ય.. ભગવાન પૂર્ણાનંદ ઉપર દૃષ્ટિ પડનેસે સ્વ નામ અપનેસે, સમ્ નામ સમ્યક્ પુરુષાર્થસે ઔર પ્રત્યક્ષ આનંદકા વેદન હોના વહ તેરી ચીજ હૈ. શેઠ! યે સબ દાન-બાન દેનેસે ધર્મ હોતા હૈ ઉસકી મના કરતે હૈં. ચોથા કાળની કથની? આ પાંચમા આરાના સાધુ છે. યે પંચમ કાળકે સાધુ હૈં કુંદકુંદાચાર્ય. ભગવાનકે ૬૦૦ વર્ષ પીછે હુએ. ઉસ વક્ત પંચમ આરા થા, ચૌથા આરા નહીં થા. ઔર યે અમૃતચંદ્રાચાર્ય તો અભી ૯૦૦ વર્ષ પહલે હુએ. યે પદ્મપ્રભમલધારિદેવ અમૃતચંદ્રાચાર્યકે પીછે થોડે વર્ષમેં હુએ. સબ પંચમ કાલમેં (હુએ) હૈં.

શ્રોતા : આ વખતનો પંચમકાળ .....

પૂજ્ય ગુરુદેવશ્રી : 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' પરમાર્થકા પંથ દો હોતા નહીં. સુખડી બનતી હૈ આટા, ઘી ને સક્કરસે. સુખડી નહીં સમજતે? યે પકવાન. હલવા કહો. હમારે સુખડી કહતે હૈં. હલવા તો શીરાકો કહતે હૈં. શીરા હોતા હૈ. યે સુખડી કૈસે હોતી હૈ?

ઘીમેં ઘઉંકા લોટ શેકકર ઐસે ઐસે પાક કરતે હૈં, એ સુખડી કહે. પણ શીરા લ્યો. શીરા આટા ઔર ઘી ઔર ગુડ તીનોંસે બનતા હૈ. પાંચવે આરેમેં દૂસરેસે હો જાય. ઘીકે બદલે પિસાબ, પાની, આટાકે બદલે ધૂલ, ગોળને બદલે ગારા-પંક ઐસા હોતા હૈ? પાંચવે આરેમેં દૂસરી સુખડી કિ શીરા હોતા હૈ (ઔર) ચૌથા આરાકા દૂસરા શીરા હોતા હૈ? મીઠાશમેં ફેર હો, પણ વસ્તુ ફિર જાય-દૂસરી હો (ઐસા હોતા નહીં). (દૂસરા હો તો વહ) શીરા નહીં. હા, ગરીબ માણસ ઘી ન નાખે તો તેલ નાખે. તેલકા ભી શીરા બનતા હૈ. તેલ સમજતે હૈં? તેલ.. તેલકા. ગરીબ માણસ. તેલકા ભી શીરા કરતે હૈં. પણ તેલ જોઈએને? અભી કરતે હૈં. એમ લેવું. તેલને ઠેકાણે કોઈ પાણી નાખે તો શીરા હોતા હૈ-હલવા હોતા હૈ? ઐસે તીન કાલ, તીન લોકમેં એક હો પરમાર્થકા પંથ. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.'

યહાં કહતે હૈં, આહાહા! પંચમ આરાકે સમકિતીકો જો આનંદ અનુભવ હો અને ચૌથે આરાકે સમકિતીકા આનંદ અનુભવ હો, કોઈ ફેર હોગા? પંચમ આરાકે સમકિતીકો આત્માકી દૃષ્ટિ હોકર અનુભવ આનંદ હો અને ચૌથા આરાકા હો ને તિર્યંચ હો. સમજમેં આયા? યે તો અતીન્દ્રિય આનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઐસી જહાં દૃષ્ટિ જમી, ખલાસ. આહાહા! ચૌથા આરાકા હો, પાંચવે આરાકા હો, પશુ હો, માણસ હો, દેવ હો કિ નારકી હો. વહ આયા હૈ 'બાહ્ય નારકીકૃત દુઃખ ભોગત...' સમકિતીકો અંદરમેં સુખકી ગટાગટી. આતા હૈ ન? (બાહર નારકીકૃત દુઃખ ભોગત અંતર સુખરસ ગટાગટી) ગટાગટી. 'ચિન્મૂરત દ્રગધારીકી મોહે રીત લગત હૈ અટાપટી.' ચિન્મૂર્તિધારીકી.. બાપુ! યે ચીજ દૂસરી હૈ. સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ? સમજમેં આયા? નારકી ભી દુઃખ ભોગતે છતે... એમ દેખાય બહારમાં, અંદરમેં આનંદકી ગટાગટી હૈ. આહાહા! ચૌથે ગુણસ્થાનમેં. વહ તો ચૌથેમેં હૈ. વહાં તો પાંચવા, છટ્ઠા ભી નહીં હૈ. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : ચૌથા ગુણસ્થાન ક્લિષ્ટ હૈ...

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્લિષ્ટ હૈ? ચૌથેમેં આનંદ હૈ. છટ્ઠેમેં વિશેષ આનંદકી જમવટ હૈ. પરમાત્મપ્રકાશમેં લિયા હૈ. ચૌથે આનંદ હૈ, પાંચવેમેં ઇસસે વિશેષ હૈ, છટ્ઠે ઇસસે વિશેષ હૈ, સાતવેમેં (ઇસસે વિશેષ). જાઓ. બારવે પૂર્ણ (આનંદ) હૈ. ઐસા લિયા હૈ. હૈ ન, પણ ઐસા વસ્તુકા સ્વરૂપ હૈ ન્યાય-લોજીકસે. બારવેમેં પૂર્ણ સુખ હૈ, અનંત નહીં. કેવળજ્ઞાન હો તો અનંત (સુખ). સમજમેં આયા? વહ છઢાળામેં નહીં આતા? .... ના, વહ નહીં. 'જ્ઞાન સમાન ન આન જગતમેં..' (ઢાળ ૪, છંદ ૪). સમકિત શબ્દ (ખ્યાલમેં) રહા. જ્ઞાન સમાન ન સુખ.. અમૃતસ્વરૂપ... જ્ઞાનકા ભાન હુઆ સમ્યકમેં, ઐસા સુખ કોઈ જગતમેં તીન કાલમેં કહીં હૈ નહીં. લિયા હૈ વહ છઢાળામેં. દૌલતરામને બહુત કામ કિયા હૈ. ગાગરમેં સાગર ભર દિયા હૈ. પર અર્થ નહીં કરતે. કંઠસ્થ કરતે હૈં, ગડિયા બોલતે હૈં. મુનિકો ભી ઐસા કહા હૈ. પીછલી રાતમેં...

નહીં પંડિતજી? રયનીમેં.... એક કરવટ. (ઢાળ ૬, છંદ ૫). નિદ્રા પોણી સેકંડકી. છટ્ઠે ગુણસ્થાનકી દશા ઇતની હૈ. ભાવલિંગી સંત કિસકો કહે? મુનિકો પોણી સેકંડકી નિદ્રા અંદરમેં. આહાહા! ..... આનંદમેં... ....રહિત અંદર ચારિત્ર હૈ, પણ થોડા રાગ હૈ ઇતની થોડી નિદ્રા.... યે દશા મુનિકી હૈ, પરમાત્માકે વજીર–દિવાન. પરમાત્મ(પદ) લેનેકી તૈયારી. સમજમેં આયા?

યે ચારિત્રકી ભાવના સમકિતીકો ક્યોં ન હો? છ ઢાળામેં આતા હૈ ન? '...પૈ શિવનાથ જજૈ હૈ.' ચારિત્રકી ભાવના રખતે હૈં સમકિતી. રાગકી ભાવના રખતે હૈં કિ રાગ રહો? પુરુષાર્થકી કમી હૈ તો રાગ હોતા હૈ. ચારિત્રકી ભાવના સમકિતીકો હોતી હૈ. કબ ચારિત્ર મેરી આનંદદશામેં રમું? ઓહો! યહી મેરી દશામેં ચરણ નામ રમના... વહ યહાં કહતે હૈ દેખો! આહાહા! ઇસપ્રકાર નિષ્કર્મ અવસ્થા વર્તને પર મુનિ કોઈ અશરણ નહીં. વિકલ્પકો છોડ દિયા તો કોઈ શરણ નહીં હૈ ઐસા નહીં. ક્યા શરણ હૈ? એમ. **તબ જ્ઞાનમેં આચરણ કરતા હુઆ...** દેખો! **જબ નિષ્કર્મ અવસ્થા વર્તતી હૈ...** વિકલ્પસે રહિત સ્વભાવ સન્મુખકી નિર્વિકલ્પ અવસ્થા વર્તતી હૈ **તબ જ્ઞાનમેં આચરણ કરતા હુઆ...** દેખો! જ્ઞાનમેં આચરણ કરતા... જ્ઞાનાનંદ સ્વભાવમેં આચરણ કર રમતા... આહાહા!

શ્રોતા : ...... આચરણ હોતા હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર આતા હૈ કિ નહીં? વહ વ્યવહાર હૈ, યે નિશ્ચય હૈ. સમજમેં આયા? અંતર ભગવાન જ્ઞાનસ્વરૂપ ઉસમેં રમના યે નિશ્ચય જ્ઞાનાચાર હૈ. વ્યવહાર નામ વિકલ્પ હૈ મૈં પઢું, ભણું. જ્ઞાનાચાર.... કહા થા ન. વિકલ્પ હોતા હૈ, પણ યે વિકલ્પ બંધકા કારણ હૈ. આહાહા! ..... ઢીલું કરવું... અહીં કાંઈ વાણીયા જેવી રીત છે? પરંપરાકા અર્થ વહ હુઆ કિ ઉસસે નહીં હુઆ. યે છોડ દેગા. પહલે અશુભ છોડા હૈ સ્વરૂપકે ભાન સહિત, ફિર શુભ છોડ દેગા ઉસ કારણસે પરંપરા કહા હૈ. આહાહા! યહાં તો કહતે હૈં, ભગવાન! તેરી ચીજ અતીન્દ્રિય આનંદકા ધામ ઉસકા શરણ તુજે હૈ. **જ્ઞાનમેં આચરણ કરતા હુઆ...** ભાષા દેખો! જો પુણ્ય-પાપ રાગ થા વહ વિભાવમેં આચરણ થા. આહાહા! ઉસકી ઉપેક્ષા કરકે ભગવાન આત્મા આનંદકંદમેં જહાં રમતા હૈ, જ્ઞાનમેં રમણ કરના વહ શરણ હૈ. કોઈ ચીજ હૈ કિ નહીં ત્રિકાળી? ઉસમેં રમના ઉસકા નામ ચારિત્ર હૈ.

**રમણ કરતા હુઆ—પરિણમન કરતા હુઆ જ્ઞાન હી ઉન મુનિયોંકા શરણ હૈ...** લ્યો, યે જ્ઞાનસ્વભાવ ત્રિકાળ હૈ વહી મુનિયોંકો શરણ હૈ. આહાહા! આયા ન 'અરિહંતા શરણં, સિદ્ધા શરણં' વહ તો સબ વ્યવહારકી બાત હૈ. વિકલ્પ હો તો ઐસે કહનેમેં આતા હૈ. ચિંદાનંદસે ભરા પડા આત્માકા જ્ઞાન વહ શરણ હૈ. સમજમેં આયા? જેમ અમૃતસે ઘડા ભરા હો, ઐસે અતીન્દ્રિય આનંદસે આત્મા ભરા પડા હૈ. ઉસ તરફકી દૃષ્ટિ કરનેસે અમૃતકા ઝરના ઝરતા હૈ (વહ) ઉસકા શરણ હૈ. આહાહા! દેખો! પુણ્ય-પાપકે અધિકારમેં યે ગાથા હૈ. સમયસાર, પુણ્ય-

પાપકે અધિકારકી. પુણ્ય-પાપ દોનોંકા નિષેધ કરતે હૈં. ક્યા કરના અબ શ્રાવકકો? છ આવશ્યક કરના ઉસકો તો તુમ રાગ કહતે હો. શોભાલાલજી! દેવદર્શન, ગુરુપૂજા, દાન, દયા, સંયમ, તપ, આતે હૈં ન સબ. છ આવશ્યક આતે હૈં ન? આપ તો છ આવશ્યકકે રાગકો શુભ આચરણ કહકર નિષેધ કરતે હો, વહ તો ધર્મ નહીં. તો અબ કરના ક્યા? ભીખાભાઈ!

**ज्ञाने ज्ञानं... तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं...** આહાહા! સંતોકો જબ યે કલશ ચલતા હોગા. જંગલમેં બનાયા હૈ. વનવાસી સાધુ હૈં ન વે તો. નગ્ન દિગંબર વનવાસી. યે કલશ જબ હુઆ હોગા, વિકલ્પ જો નિકલતે હૈં... **ज्ञाने ज्ञानं... तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं, स्वयं विंदंत्येते...** યે તો અનુભવી અમૃતકો જાને. અજ્ઞાની ક્યા જાને? કહતે હૈં. **स्वयं विंदंत्येते** એમ કહ્યુંને? **परममृतं तत्र निरताः...** ધર્મી જીવ–અપને મુનિયોંકો શરણ... જ્ઞાનમેં લીન હોતે હુએ... જ્ઞાન શબ્દસે ભગવાન આત્મા. જ્ઞાન શબ્દસે રાગકે પરિણામકી ક્રિયા રહિત. આહાહા! અરે! અભી ઉસકી પ્રતીતમેં ન બૈઠે કિ ઐસી ચીજ હૈ. વિકલ્પરહિત વહ ચીજ હૈ આત્મા. ઉસમેં તો અકેલા જ્ઞાન ને આનંદ હી ભરા હૈ, આહાહા! દૂસરા પ્રકાર હૈ હી નહીં ઉસમેં. વહ તો આસ્રવ હુઆ. રાગ તો આસ્રવ હૈ. આસ્રવતત્ત્વ ભિન્ન હૈ, જ્ઞાયકતત્ત્વ ભિન્ન હૈ. (ભિન્ન ન હો) તો દો એક હો જાતે હૈં. આહાહા! ભિન્ન તત્ત્વકો જાનનેસે ક્યા શરણ હૈ? કહતે હૈં. આહાહા!

**જ્ઞાનમેં લીન હોતે હુએ**... જ્ઞાન એટલે બોલના, સમજના યે નહીં. અંદર જ્ઞાનસ્વભાવમેં લીન હોતે હૈં, યૂં કહતે હૈં. અકેલા શાસ્ત્રકા જાનપના વહ જ્ઞાન નહીં. સમજમેં આયા? બોલના આયા વહ જ્ઞાન નહીં. અંતર સ્વરૂપ જો જ્ઞાનસે ભરા ચૈતન્યબિંબ પ્રજ્ઞાબ્રહ્મ ઉસમેં–**ઉસ જ્ઞાનમેં લીન હોતે હુએ પરમ અમૃતકા સ્વયં અનુભવન કરતે હૈં...** દેખો! આહાહા! પંચમ ગુણસ્થાનવાલા ને છઠ્ઠાવાલા... ચૌથેવાલા ભી લે લેના. જ્ઞાતા, દેશવિરતિ, મુનિ—સબ તીનોં લે લિયે. ....મેં લે લિયા. **પરમ અમૃતકા સ્વયં અનુભવન કરતે હૈં**... ધર્મી જીવ પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત અપને આત્મામેં લીનતા કરતા હૈ તો પરમ અમૃતમેં નિરત હૈ. **तत्र निरताः...** વિશેષે રત હો ગયા હૈ. આહાહા! સમજમેં આયા? યે પરમ અમૃતકા આસ્વાદન કરતે હૈં, યે આનંદકા આસ્વાદન કરતે હૈં. આહાહા!

શ્રોતા : આનંદકા આસ્વાદન કરતે હૈં તો કર્મ રોકતા નહીં હોગા?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ રોકે? ધૂળ રોકે? કોઈ રોકતા નહીં. યે તો પહલે કહા થા ન. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ..' ચંદ્રપ્રભુ ભગવાનકે સ્તવનમેં આતા હૈ. 'કર્મ બિચારે કૌન..' ભિખારા જડ હૈ, માટી. 'ભૂલ મેરી અધિકાઈ..' મૈંને ભૂલ કી તો કર્મકો નિમિત્ત કહનેમેં આયા હૈ. કર્મ ભૂલ કરાતે હૈં? દોપહરકો આયેગા વહ. સમજમેં આયા?

ટોડરમલજીને તો વહાં તક કહા હૈ, અરે! જો તુમ જિન આજ્ઞા માનો તો કર્મસે વિકાર હોતા હૈ ઐસી અનીતિ સંભવે નાંહી. ઐસા લિખા હૈ. અનીતિ કરતે હો તુમ ઐસી? દોષ કરતે

હો તુમ ને કર્મ માથે ડાલતે હો. બડા અન્યાય કરતે હો. જિન આજ્ઞા વ્યવહારસે જો માને તો ઐસા અન્યાય હો સકે નહીં. શેઠ કહે કે વિસ્તાર કરો. એમ કહતે હૈં. ટોડરમલમેં આયા હૈ. ....ઐસે નહીં કહા. રાગ કરના તેરી ભૂલ હૈ ઔર તુમ ડાલતે હો કર્મકે ઉપર. જો જિનાજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે નાંહી. એ છે. સાતમામાં છે? નવવે અધ્યાયમેં હૈ. ટોડરમલ, મોક્ષમાર્ગ પ્રકાશક. હિન્દી હૈ કિ નહીં? હિન્દી કહાં હૈ યહાં? ગુજરાતી હૈ. નવમો. કેટલામું (પાનું)? ૩૧૩. કોઈ કોઈ.... બરાબર, ૩૧૩ બરાબર હૈ. જુઓ! 'તત્ત્વનિર્ણય ન કરનેમેં કર્મકા તો દોષ હૈ નહીં, પણ તેરા હી દોષ હૈ. તું સ્વયં તો મહંત રહના ચાહતા હૈ...' યે દોષ હુઆ (વહ) કર્મસે હુઆ. મંહત રહના ચાહતા હૈ. વાહ! 'તું સ્વયં તો મહંત રહના ચાહતા હૈ ઔર અપને દોષ કર્માદિકમેં લગાતા હૈ, પણ જિનાજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે નાંહી.' શેઠ!

યે તો હમારે ૮૨કી સાલસે (પઢા) હૈ. સેંકડો વાર પઢા હૈ સેકડોં બાર. ૮૨કી સાલમેં પહલે મિલા થા. સમયસાર ૭૮કી સાલમેં મિલા. ૭૮. ૪૯ વર્ષ હુએ. ઇસકો ૪૫ વર્ષ હુએ. સમજમેં આયા? ૮૨કી સાલ. ૧૮ ને ૨૭=૪૫ વર્ષ. ગુજરાતી હમકો મિલા થા. યે નહીં, દૂસરા મિલા થા. લાહોરથી પ્રસિદ્ધ થયું હતું. યે તો પુસ્તક હૈ ઐસા પાના.... વહ પહલે મિલા થા ૮૨કી સાલ. સંવત ૧૯૮૨. અહીંયા રાજકોટમાં આપણે છેને દામોદરભાઈ. ...... પૈસાવાલા હૈ. એક રખા થા ઘરપે પુસ્તક. .... મોક્ષમાર્ગ લાવો ભાઈ! ઘરમેં થા. આહાહા! ઉસ વક્ત ધૂન લગી થી. ખાના-પીના-સોના નહીં. .... ઐસી ધૂન લગી થી. જીવણલાલજી હતાને એને વળી કૂતરું કરડી ગયું એટલે બહાર જઈ શકે નહીં વહોરાવવા. સારા મોક્ષમાર્ગ પ્રકાશક ૮૨કી સાલમેં દેખા થા.

સમયસાર ૭૮મેં મિલા. ઉસસે પહલે સમયસાર ૭૭મેં મિલા થા. ૭૭મેં પઢા નહીં થા. હાથમેં લેકર છોડ દિયા. ૭૮મેં પઢા જંગલમેં જાકર. દામનગર. યે દેખો! .... કહાં લિખા હૈ? શેઠ! તેરા દોષ... મહંત રહના ચાહતે હો ઔર અપના દોષ કર્માદિકમેં લગાતે હો. કર્માદિક ક્યા? ઉસને મુજે ગાલી દી તો મુજે ક્રોધ હુઆ, કર્મકા ઉદય આયા... પરસે દોષ હૈ તુજે? હમેં કુગુરૂ મિલે તો હમ ક્યા કરે? એય શેઠ! હમારા ઊલટા માનના હુઆ. અરે! તેરે દોષ કર્માદિકમેં લગાતા હૈ. પણ જિનાજ્ઞા માને તો ઐસી અનીતિ સંભવે નાંહી. તુજે વિષયકષાયરૂપ રહના હૈ ઇસલિયે ઐસા જૂઠ બોલતા હૈ. તેરી રુચિ હૈ ઇસલિયે મુજે રહના હૈ વહાં. તો કર્મ કરાતે હૈં ઐસા માનકર ભૂલ કબૂલ કરતે નહીં. કિતના લિખા હૈ!

શ્રોતા : પંડિત લોગોંકે લિયે હૈ સબ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા કહતે હૈં? યે તો ભગવાનકા કહા હુઆ હૈ. સબકે લિયે હૈ. પંડિતોંકે લિયે નહીં, સબકો સમજનેકે લિયે હૈ. ઓલંભા હૈ. સમજમેં આયા? આહાહા! જુઓ! જૂઠું બોલે છે? આવી યુક્તિ શા માટે બનાવે? વિષયકષાય માટે આવું જૂઠું બોલે છે. મોક્ષની સાચી અભિલાષા હો તો તું આવી યુક્તિ શા માટે બનાવે? સંસારકે કાર્યમેં અપને પુરુષાર્થસે

સિદ્ધિ હોતી ન જાને તો કરે પુરુષાર્થ અને ઉદ્યમ કર્યા કરે. 'અહીં પુરુષાર્થ ગુમાવી બેસે છે, તેથી જણાય છે કે તું મોક્ષને દેખાદેખી માટે ઉત્કૃષ્ટ કહે છે.' કિતના કામ કિયા હૈ! મોક્ષમાર્ગ પ્રકાશકમેં તો હજારોં બોલકા ખુલાસા કિયા હૈ. ઓહોહો! ટોડરમલને આચાર્યકલ્પ જૈસા કાર્ય કિયા હૈ. એક-એક બોલ ઐસા તો હજારો બોલ સાતવે અધ્યાયમે, પાંચવેમેં ને છટ્ઠેમેં. ઓહોહો!

શ્રોતા : આખો ગ્રંથ થઈ ગયો ઉદ્ધરણ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હો, ઉદ્ધરણ હૈ, સાર હૈ. હમકો તો મિલા, દેખા. યે રખનેકા વિચાર હુઆ તો પુસ્તક તો હમ રખતે નહીં (થે) ઔર પુસ્તક રખનેકી ઇચ્છા ભી નહીં (થી). તો યે સાતવા અધ્યાય લિખ લિયા. ૮૪કી સાલ. પૂરા લિખ લિયા સાતવાં અધ્યાય. સાતવાં (અધ્યાય) હોં. મોક્ષમાર્ગ પ્રકાશક નહીં, સાતવાં હૈ ન વહ સારા લિખ લિયા. બગસરા હૈ. બગસરા....... અમારે જીવણલાલ હતા એ ગુજરી ગયા. પુસ્તક પડા હૈ અભી. સાતવા અધ્યાય લિખા લિયા. ૮૪કી સાલ. ૧૬ ને ૨૭=૪૩ વર્ષ પહલે સાતવા અધ્યાય. ઓહો! આખો સાતમો અધ્યાય ગજબની વાત છે! આહાહા! વીતરાગકે માર્ગકા રહસ્ય ખૂલ ગયા હૈ. સમજમેં આયા?

કહતે હૈં ક્યા? દેખો! **પરમ અમૃતકા સ્વયં**... 'સ્વયં' ભાષા દેખો! આહાહા! પુણ્ય-પાપકે વિકલ્પકો છોડકર સમકિતી જ્ઞાની અને મુનિયોં અપને સ્વરૂપકે અમૃતકા સ્વાદ લેતે હૈં. **સ્વયં અનુભવન કરતે હૈં**–આસ્વાદન કરતે હૈં. અજ્ઞાનીકો ક્યા પતા લગે કિ વહ ચીજ ક્યા હૈ? અજ્ઞાની તો ઉપર ટપકે–ઉપરસે દેખતે હૈં. યે ચીજ તો અંદરકી હૈ. આહાહા! સમજમેં આયા? ઇતના શ્લોક હૈ. આહાહા!

શ્રોતા : મુનિઓ કે લિયે સંબોધન ક્યોં કિયા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, નહીં. યહાં તો મુનિકે લિયે મુખ્યપને હૈ. ગૃહસ્થકા લકડા હો ચાર, તો બડે લકડેકો સંબોધન કરે (તો) સબકો સમજના. આહાહા! ભૈયાજી! સમજમેં આયા? ભૈયા! ચાર લડકે હો પિતાજીકો, તો ચારોં લડકેકો છૂટા-છૂટા (અલગ-અલગ) કહાં કહે? જો બડા હો ઉસે કહે ઔર સબ સુનતે હો તો સબકો લાગુ પડતા હૈ. ઐસા આતા હૈ. બડેકો સમજાવે ઉસમેં સબ નહીં આ જાતે? કિ અપના ઘરકા રિવાજ હૈ ભૈયા! આપણા ઘરનો એ રિવાજ છે. શેઠીયાકે લડકેકા લગન હોતા હૈ તો ઉસે નાળિયેર ઔર પાંચ રૂપિયા અપન દેતે હૈં. અપના ભી લડકા બ્યાહતા હૈ તો પાંચ રૂપિયા ને એક નાળિયેર દેના પડતા હૈ, ઐસા કહે. એકકો કહે તો સબ સમજ લેના. મુખ્ય તો મુનિ હૈં ન. મુનિમાર્ગ યે મુખ્ય હૈ. ચારિત્ર મુક્તિકા કારણ હૈ. ચારિત્રવંતકો પહલે વહ ચીજ કહકર સબકો કહતે હૈં. આ ૯૯મી ગાથા પૂરી કરતા મુનિરાજ શ્લોક કહે છે, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૮, શુક્રવાર, તા. ૧૩-૮-૧૯૭૧**
**શ્લોક-૧૩૪, ગાથા-૧૦૦, પ્રવચન નં. ૯૩**

નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. સચ્ચા ત્યાગ અને સચ્ચા પ્રત્યાખ્યાન કિસકો કહતે હૈં, વહ અધિકાર હૈ. ૧૩૪ કળશ હૈ.

**अथ नियतमनोवाक्कायकृत्स्नेन्द्रियेच्छो**
**भववनधिसमुत्थं मोहयादःसमूहम् ।**
**कनकयुवतिवांच्छामप्यहं सर्वशक्त्या**
**प्रबलतरविशुद्धध्यानमय्या त्यजामि ।।१३४।।**

પ્રત્યાખ્યાન હૈ ન. તો કહતે હૈં, **શ્લોકાર્થ : મન-વચન-કાયા સમ્બન્ધી** જો કોઈ ઇચ્છા **ઔર સમસ્ત ઇન્દ્રિયોં સમ્બન્ધી ઇચ્છાકા જિસને નિયંત્રણ કિયા હૈ...** આત્માને સબ ઇચ્છાકો કાબૂમેં લે લિયા હૈ. સમજમેં આયા? અંતરમેં ઇન્દ્રિયાં સંબંધી ઔર મન-વચન-કાય સંબંધી ઇચ્છાકો નિયંત્રણ–સંયમિત ઔર કાબૂમેં લે લિયા હૈ ઔર આત્માકા અંદર આશ્રય કિયા હૈ. આહાહા! **ઐસા મૈં...** મુનિ સ્વયં કહતે હૈં અપની બાત. અપનેકો ખબર પડતી હૈ કિ નહીં? પૂછે છેને કે સમકિત (થયું) હોય તો કેવળી જાણે. યહાં કહતે હૈં, હમને... પંચમ આરાકે મુનિ હૈં પદ્મપ્રભમલધારિદેવ... હમને નિયંત્રણ કિયા હૈ. યોગકી ઇચ્છા અને ઇન્દ્રિયકી ઇચ્છા મૈંને છોડ દી હૈ. ઔર મૈં **અબ ભવસાગરમેં ઉત્પન્ન હોનેવાલે મોહરૂપી જલચર પ્રાણિયોંકે સમૂહકો...** આહાહા! મોહરૂપી જળચર પ્રાણી પુણ્ય-પાપકે વિકલ્પ આદિ.

**તથા કનક ઔર યુવતીકી વાંછાકો અતિપ્રબલ-વિશુદ્ધ-ધ્યાનમયી સર્વ શક્તિસે...** અંતરના આનંદસ્વભાવ ભગવાન ઉસકે અવલંબન ને આશ્રયસે યે ઇચ્છા છોડતા હૂં. આહાહા! ઉસકા નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર હૈ. આહા! સમજમેં આયા? **સર્વ શક્તિસે છોડતા હૂં.** અપના સ્વરૂપ જ્ઞાન ને આનંદકા ધામ પ્રભુ ઉસકા ધ્યાન કરકે સર્વ શક્તિ–પુરુષાર્થકા વીર્ય સ્વરૂપ તરફ ઝુકનેસે સર્વકા ત્યાગ કરતા હૂં. ઇસ બાજુ સ્થિર હોતા હૂં તો અસ્થિરતાકા ત્યાગ હો જાતા હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન સહિત પ્રત્યાખ્યાન અને ત્યાગ અને ચારિત્ર કહનેમેં આતા હૈ. આહાહા!

હવે (ગાથા ૧૦૦). એ ૯૯ ગાથા (થઈ). સર્વ પુરુષાર્થ અપના વીર્ય સ્વરૂપ તરફ ઝુકતા હૈ એકાકાર હોકર... પુસ્તક-બુસ્તક નહીં ચાહિયે શેઠી? પુસ્તક. ચશ્મા ભૂલ ગયે. ઇતને દૂરસે આયે ને ચશ્મા ભૂલ ગયે? કહો, સમજમેં આયા? હવે ૧૦૦ ગાથા. અલૌકિક ગાથા ૧૦૦. વહ સમયસારમેં ૨૭૭ ગાથા હૈ, ભાવપાહુડમેં ૫૮ ગાથા હૈ, યહાં ૧૦૦ ગાથા હૈ. આને આ ગાથા

ત્રણ ઠેકાણે આવી છે. સમયસાર ૨૭૭, ભાવપાહુડ ૫૮. ૫૮ સમજે? સાઠમેં દો કમ. ઔર આ ૧૦૦. ૫૮—પાંચ ઔર આઠ. અમારી ગુજરાતી થોડી થોડી ભાષા સમજ લેના. સબ તો આતી નહીં હૈ. ૧૦૦ ગાથા.

**आदा खु मज्ज णाणे आदा मे दंसणे चरित्ते य ।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे ।।१००।।**

નીચે હરિગીત.

**मम ज्ञानमें है आतमा, दर्शन चरितमें आतमा,**
**है और प्रत्याख्यान, योगमें भी आतमा. १००.**

આહાહા! મેરે જ્ઞાનકે કાર્યમેં આત્મા કારણ હૈ, એમ કહતે હૈં. અભી આયેગા. દેખો! પહલે. મૈં કૈસા હૂં વહ પહલી બાત કરતે હૈં. આત્મા વાસ્તવમેં... જુઓ! **ટીકા : યહાં (-ઇસ ગાથામેં), સર્વત્ર આત્મા ઉપાદેય (–ગ્રહણ કરને યોગ્ય) હૈ ઐસા કહા હૈ. સર્વત્ર...** કોઈ ભી ધર્મકી પર્યાયમેં આત્મા હી ઉપાદેય ને આત્મા હી કારણ હૈ. વિકલ્પ, સુનના ઔર નિમિત્તાદિ કોઈ કારણ હૈ નહીં, એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ઇસ ગાથામેં સર્વત્ર–સર્વ ધર્મકી દશામેં આત્મા હી એક ગ્રહણ કરને યોગ્ય હૈ. અથવા ધર્મકી દશામેં આત્મા હી સમીપ–સન્નિહિત–નિકટ વર્તતા હૈ. સમજમેં આયા? આહાહા! **આત્મા વાસ્તવમેં**–યથાર્થમેં **અનાદિ-અનંત...** મૈં તો અનાદિ-અનંત હૂં. ઔર **અમૂર્ત** હૂં. રંગ-ગંધ-સ્પર્શ-રૂપ ઉસમેં હૈ નહીં. અરૂપી.. 'ચેતનરૂપ અનૂપ અમૂરતિ.. સદા..' વર્ણ, ગંધ, સ્પર્શ હૈ નહીં. અમૂર્ત મૈં ચીજ હૂં. કૈસા હૂં? **અતીન્દ્રિયસ્વભાવવાલા...** આહાહા! અતીન્દ્રિય સ્વભાવ મેરા હૈ. ઇન્દ્રિયસે ગમ્ય નહીં, વિકલ્પસે ગમ્ય નહીં. સમજમેં આયા? ઐસા મેરા ભગવાન આત્મા અતીન્દ્રિય સ્વભાવવાલા હૈ.

**શુદ્ધ** હૂં. તદ્દન પવિત્રતાકા પિંડ હૂં મૈં તો. ઔર **સહજ-સૌખ્યાત્મક હૈ.** સ્વભાવિક આનંદરૂપ મૈં તો હૂં. મેરે સ્વભાવમેં અતીન્દ્રિય આનંદ પડા હૈ. સમજમેં આયા? એમ પદ્મપ્રભમલધારિ મુનિ ટીકા કરતે અપની બાત સાથમેં કહતે હૈં ઔર હરેકકો ઐસે સમજાતે હૈં. કહતે હૈં, ઐસા ભગવાન આત્મા સૌખ્યાત્મક અતીન્દ્રિય આનંદકે સ્વભાવકી મૂર્તિ મૈં હૂં. ઐસે હરેક આત્માકી બાત કરતે હૈં. યહ આત્મા... કૈસા આત્મા? એમ. સ્વભાવિક જ્ઞાનચેતનારૂપે પરિણમ ગયા મૈં... દેખો! કહતે હૈં, **સહજ શુદ્ધજ્ઞાનચેતના...** યે સ્વભાવિક વર્તમાન પર્યાયકી બાત હૈ. સમ્યગ્જ્ઞાન જો હૈ, વહ સમ્યગ્જ્ઞાન જો સહજજ્ઞાનચેતનારૂપ પરિણમન હૈ, યે જો મૈં હૂં ઉસમેં–મેરે **સમ્યગ્જ્ઞાનમેં સચમુચ વહ આત્મા હી હૈ**. મેરે સમ્યગ્જ્ઞાનમેં એક આત્મા હી કારણ હૈ. મેરે સમ્યગ્જ્ઞાનરૂપી કાર્યમેં આત્મા હી કારણ હૈ. આહાહા!

'સચમુચ' શબ્દ વાપર્યો છે ને? ખલુ એટલે નિશ્ચય. ખલુ તો નિશ્ચય આત્મા. યે સચમુચ–વાસ્તવિક. ક્યા કહા? માખણ હૈ અકેલા, સારે બાર અંગકા સાર. કહતે હૈં, મેરે જ્ઞાનકા

પરિણમન–જ્ઞાનચેતના... અવસ્થા હૈ હોં. સમ્યગ્જ્ઞાન સ્વસંવેદનજ્ઞાન, સમ્યગ્જ્ઞાનરૂપી પરિણમન પર્યાય ઉસમેં મેરા આત્મા કારણ હૈ. મેરે સમ્યગ્જ્ઞાનકી પર્યાયમેં આત્મા સન્નિહિત–સમીપમેં હૈ, મેરે સમ્યગ્જ્ઞાનકે કારણમેં આત્મા હી નજીકમેં પર્યાયમેં વર્તતા હૈ. આહાહા! સમજમેં આયા? મેરે જ્ઞાનમેં– સમ્યગ્જ્ઞાનમેં... સમ્યક્ મતિ અને શ્રુત... યહાં મતિ-શ્રુતજ્ઞાન હૈ ન છદ્મસ્થકો? મેરે મતિ ઔર શ્રુતજ્ઞાનમેં ઔર મેરે મતિ-શ્રુતજ્ઞાનરૂપી કાર્યમેં, મેરે મતિ-શ્રુતરૂપી સ્વસંવેદનરૂપી વર્તમાનભાવમેં વહ ત્રિકાળી.. આયત ઉપર કહા, ઐસા ત્રિકાળી આત્મા મુજે કારણ હૈ. સુનના-બુનના કારણ નહીં એમ કહતે હૈં. આહાહા!

ભગવાનકી વાણી સુની તો સમ્યગ્જ્ઞાન હુઆ... અજ્ઞાનીકો ગિના હી નહીં. અજ્ઞાનીકો જ્ઞાન હૈ હી કહાં? યે તો જ્ઞાનીકી બાત ચલતી હૈ. અજ્ઞાનીકો ... શ્રુતજ્ઞાન હોતા હૈ ન. જો હોતા હૈ તો અજ્ઞાનમેં અપની પર્યાયકે ક્ષયોપશમસે હોતા હૈ, પણ હૈ અજ્ઞાન. યે તો સમ્યગ્જ્ઞાન. ચૈતન્યમૂર્તિ ઐસા... ઉપર કહા ન? મૈં અનાદિ-અનંત, અમૂર્ત સિદ્ધ સ્વભાવવાલા શુદ્ધ સહજસ્વરૂપ ઐસા આત્મા મેરા વર્તમાન સમ્યગ્જ્ઞાન–મતિ-શ્રુતજ્ઞાનકે કાર્યમેં, મતિ-શ્રુતકી દશામેં, વર્તમાન મેરે સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન–મોક્ષકે અવયવમેં મેરા આત્મા કારણ હૈ. આહાહા! કારણ-ફારણ દૂસરા હૈ હી નહીં. યે તો આરોપસે કહનેમેં આયા. ઐસી બાત હૈ. ગજબ કામ કુંદકુંદાચાર્યકા! ઐસે અંતરમેં પહલે સમજમેં તો બાત લે. બાત ઐસી હૈ. આહાહા!

શ્રોતા : સમજમેં આયે તભી લે...

પૂજ્ય ગુરુદેવશ્રી : સમજમેં આવે તો કભી પુરુષાર્થ કરકે પ્રયોગ કરે. પણ સમજમેં હી નહીં કિ ચીજ ક્યા હૈ, યે ક્યા પુરુષાર્થ કરે ને ક્યા પ્રયોગ કરે? સુનનેમેં આયા ન અભી તો. શેઠ કહે, અભી તક સુના નહીં થા. એમ કહતે હૈં. શોભાલાલજી! પૈસાકા સુના થા ન કિ ઐસે મિલતા હૈ, ઐસે મિલતા હૈ ધૂલકા. આહાહા! ગજબ બાત હૈ, અદ્ભુત વાત! ... ધૂલમેં હૈ નહીં. ધુમાડાનો બાચકો છે. ધુમાડા સમજતે હોં? ધૂંએકા કોથળા ભરે. .... બાચકા ભરે, યહાં સુખ હૈ. ધૂલમેં હૈ, પૈસામેં હૈ, મકાનમેં હૈ, શરીરકે ભોગમેં હૈ. ધૂલમેં નહીં, મૂઢ અજ્ઞાની યે માન લેતા હૈ. આહા!

અહો! મેરા આત્મા... પહલી લીટીમેં આત્મકી વ્યાખ્યા કી. **आदा** શબ્દ પડા હૈ ન પહલા. **आदा... आदा**કી પહલી વ્યાખ્યા કી. હવે **आदा खु मज्ज णाणे** ઉસકા અર્થ કરતે હૈં. **आदा** એટલે આત્મા. કૈસા? અનાદિ-અનંત સુખસ્વરૂપ, અતીન્દ્રિય સ્વભાવવાલા, શુદ્ધ સહજાનંદકી મૂર્તિ. આહાહા! વહ આત્મા. યે આત્મા... પહેલી **आदा**કી વ્યાખ્યા કી. **खु**–નિશ્ચયસે **मज्ज णाणे**... મેરી સમ્યગ્જ્ઞાનકી દશામેં નિશ્ચયસે આત્મા કારણ હૈ. ઉસકા હી આશ્રય હૈ, ઉસકા અવલંબન હૈ, ઉસકા આધાર હૈ, વહ આત્મા અપને સમ્યગ્જ્ઞાનમેં નિકટમેં વર્તતા હૈ. બાકી વિકલ્પ ને વાણી સબ દૂર રહતે હૈં. આહાહા! સમજમેં આયા? સર્વજ્ઞકી ત્રિલોકનાથ પરમાત્માકી દિવ્યધ્વનિ ભી મેરે સમ્યગ્જ્ઞાનમેં કારણ નહીં, એમ કહતે હૈં યહાં. આહાહા! અમરચંદભાઈ! ક્યા મૈં પરિપૂર્ણ

નહીં હૂં? ઔર મેરે પાસ ક્યા નહીં હૈ કિ મૈં પરકા આશ્રય લું? ગજરાજજી! વાણી-બાણી જડ હૈ, વાણીકા આધાર હમકો નહીં. ભગવાનકી વાણીકા આધાર નહીં હમકો. વાણી સુનનેમેં જો વિકલ્પ આતા હૈ યે વિકલ્પ ભી મેરે સમ્યગ્જ્ઞાનમેં કારણ નહીં.

શ્રોતા : અવિનય હો જાતા હૈ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉસે હી વિનય કહતે હૈં ભગવાન. ઉસકી–વીતરાગકી આજ્ઞા વહ હૈ કિ હમારે સન્મુખ (દેખના) છોડકર તેરે સન્મુખ દેખ. વહી હમારી આજ્ઞા ઔર વિનય હૈ. શેઠ! આહાહા! વ્યાખ્યા તો જુઓ ટીકા. **आदा**–આત્મા વાસ્તવમેં અનાદિ-અનંત, અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાલા, શુદ્ધ ને સહજસુખસ્વરૂપ—વહ આત્માકી વ્યાખ્યા કી. ઉસ આત્મામેં જબ સમ્યગ્જ્ઞાન હુઆ... મતિ-શ્રુતજ્ઞાન–સમ્યગ્જ્ઞાન મોક્ષકે માર્ગકા અવયવ–અંશ. સમ્યગ્દર્શન એક અવયવ, એક સમ્યગ્જ્ઞાન અવયવ, એક સમ્યક્ ચારિત્ર અવયવ—તીનોં મિલકર મોક્ષકા માર્ગ હૈ. તો ઉસમેં કહતે હૈં, સમ્યગ્જ્ઞાન કૈસે હુઆ? ક્યા પઢનેસે હુઆ? સુનનેસે હુઆ? યાદ કરનેસે હુઆ? વહ સુનનેકા વિકલ્પ આયા તો વિકલ્પસે હુઆ?

શ્રોતા : ભગવાનકો જાનના જરૂરી નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઇસ ભગવાનકો જાના તબ હુઆ. આહાહા!

**સહજ શુદ્ધ જ્ઞાનચેતનારૂપસે પરિણમિત જો મૈં...** આહાહા! એક સમ્યગ્જ્ઞાનરૂપસે પરિણમિત મૈં (ઐસા) ભાન હો ગયા. ભગવાનકો પૂછના નહીં પડે કિ મુજે સમ્યગ્જ્ઞાન હૈ કિ નહીં. એમ કહતે હૈં દેખો! સમજમેં આયા? કિતનેં કહતે હૈં ન કિ, સમ્યગ્દર્શન અભી હૈ કિ નહીં—વહ કેવલી જાને, અપને ખબર નહીં પડે. મૂઢ હૈ. યે તો પ્રત્યક્ષ મિથ્યાદૃષ્ટિ હૈ. એય! કહતે હૈં, સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતનારૂપસે... અપના ભગવાન આત્મા અપના મતિ-શ્રુતજ્ઞાનકા નિર્મળ સમ્યગ્જ્ઞાનરૂપી કાર્ય ઉસમેં જો આત્મા પહલે કહા વહ કારણ હૈ, વહ નિકટમેં હૈ. અપની પર્યાયકી સમીપમેં વહ આત્મા હૈ. અપની પર્યાયકે સમીપમેં વિકલ્પ ને વાણી હૈ તો જ્ઞાન હુઆ હૈ—ઐસા નહીં. ડાલચંદજી! આહાહા! યે શરાફીકા ધંધા હૈ. કિસીકા આશ્રય નહીં. ઘરકી મૂડીમેંસે નિકાલા હૈ એમ કહતે હૈં. મૂડી સમજતે હોં? પુંજી. આહાહા! ગજબ વાત. ઐસી ચીજ સુનને મિલની પણ મહા પુણ્યોદય હૈ ભાઈ! ઐસી ચીજ હૈ ભૈયા! ક્યા કરે? આહાહા!

**आदा खु मज्ज णाणे**, બસ. આહાહા! જ્ઞાનથી ભાઈ ઉપાડ્યું પહેલું. મુજકો મેરેમેં મેરે કારણસે મેરે આધારસે મેરા જ્ઞાન–સમ્યગ્જ્ઞાન મેરેમેં હુઆ (કિ) જો મોક્ષકા માર્ગ હૈ, ઉસમેં તો મેરા આત્મા કારણ હૈ. ઉસકા લક્ષ કિયા તો સમ્યગ્જ્ઞાન હુઆ. વાણીકા લક્ષ કિયા ને શ્રવણ કિયા ને વિકલ્પ કિયા તો ઉસસે જ્ઞાન હુઆ—ઐસા તીન કાલમેં હૈ નહીં. આહાહા! દેખો! વીતરાગી માર્ગ. દેખો! ભગવાનકા નિરપેક્ષ નિરાલંબી માર્ગ. સમજમેં આયા? મેરી શુદ્ધજ્ઞાનચેતના... શુદ્ધ ક્યોં લિયા? કિ રાગકા પરિણમન હૈ યે કર્મચેતના ને કર્મફળચેતના હૈ.

વહ નહીં. વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ જો હૈ વહ તો કર્મચેતના હૈ, અશુદ્ધચેતના હૈ. ઉસકા મૈં કારણ નહીં. સમજમેં આયા? મૈં તો મેરી શુદ્ધ જ્ઞાન સમ્યક્ પરિણતિ–સમ્યગ્જ્ઞાન અપૂર્વ–અનંત કાલમેં કભી નહીં હુઆ ઐસા સમ્યગ્જ્ઞાનકી કલામેં મેરા આત્મા હી કારણ હૈ. કલાબાજ ભગવાન આત્મા. સમજમેં આયા?

હૈ ન દેખો! અંદર હૈ પાઠ. ઇસલિયે તો પુસ્તક સામને રખતે હૈં. નહીં તો પુસ્તક નીચે ઔર ઉપર બૈઠના... પણ ઉસમેં સ્પષ્ટતાકા કારણ વિનય હૈ કિ ઇસકા ક્યા (અર્થ) હૈ. સમજમેં આયા? પુસ્તક નીચે ઔર ઉપર બૈઠના યે ઠીક નહીં. પણ યે તો પુસ્તકા–શાસ્ત્રકા વિનય હૈ. શાસ્ત્ર ક્યા કહતા હૈ ઉસકો સમજનેમેં ઉસકા વિનય હૈ. સમજમેં આયા? ઓહો! યે શબ્દોમેં ઐસા ભાવ કહનેમેં આયા હૈ, તો ઉસકો બહુમાન આતા હૈ. આહાહા! હમકો ખ્યાલ નહીં હૈ કિ ઐસે (પર બૈઠનેસે) ક્યા હોતા હૈ? ઉસકા હેતુ હૈ. સમજમેં આયા?

મૈં **ઉસકે (અર્થાત્ મેરે) સમ્યગ્જ્ઞાનમેં સચમુચ... खलु**–નિશ્ચયસે **વહ (આત્મા) હૈ...** આહાહા! સબ નિકાલ દિયા. મૈંને વિકલ્પ કિયા, મનન કિયા, સુના ને શાસ્ત્ર પઢા, ભગવાનકે સમવસરણમેં ગયા ને સત્સમાગમમેં આયા તો મુજે જ્ઞાન હુઆ (ઐસા હૈ નહીં). ગજબ બાત કરતે હૈં. ચીમનભાઈ! યે સબ હો, પણ સબ વ્યવહાર હૈ. ઉસકા લક્ષ છોડકર જબ આત્માકા અંતર લક્ષ ને આશ્રય કિયા, તબ સમ્યગ્જ્ઞાન હુઆ. મેરે જ્ઞાનકી પ્રાપ્તિમેં સમીપમેં–નજીકમેં–નિકટમેં, આશ્રયમેં–આધારમેં વહ તો આત્મા હૈ. પોપટભાઈ! તબ કહે કિ સુનનેસે આતા નહીં તો સુના નહીં ન? સુનનેકા (ભાવ) આયે બિના રહતા નહીં. વિકલ્પ ભી આતા હૈ, પણ જબ પ્રાપ્ત હોતા હૈ તબ તો સમ્યગ્જ્ઞાન આત્માકે આશ્રયસે હોતા હૈ. આહાહા! કહો, શેઠ! કભી સુના હી નહીં, કહતે હૈં. ઐસા અબ ક્યા નિકાલા? પૈસા? (ધીરે ધીરે..) ધીરે ધીરે નહીં, એકદમ હોના, યહાં કહતે હૈં. પ્રવચનસારમેં કહતે હૈં અમૃતચંદ્રાચાર્ય 'આજ હી' ઐસી ટીકા હૈ. આહાહા! આજ તૈયારી કર. કલ કૈસા? વાયદા કરે એ વાફળ છે. વાયદા... ઐસા પાઠ હૈ, પ્રવચનસારકે આખિરમેં હૈ. આહાહા!

વહ જ્ઞાનકી બાત આયી. પહલે જ્ઞાનકી બાત લી ક્યોંકિ જ્ઞાનમેં જાનનેમેં આતા હૈ ન આત્મા. જાના હુઆ પ્રતીતિમેં આતા હૈ. જાને બિના પ્રતીતિ કિસકી? જો ચીજ જાનનેમેં ન આયી તો શ્રદ્ધા કિસકી? સસલેકે–ખરગોશકે સીંગ જૈસા હો. યહાં તો કહતે હૈં, પહલે ભગવાન આત્મા જૈસા હૈ ઐસા સમ્યગ્જ્ઞાનમેં આયા અને વહ સમ્યગ્જ્ઞાનમેં કારણરૂપ દ્રવ્ય આત્મા પડા. કારણપરમાત્મા વહ સમ્યગ્જ્ઞાનકી પર્યાયમેં કારણ હુઆ. ભગવાન કિ વિકલ્પ કિ વાણી કોઈ કારણ પડતે નહીં. આહાહા! અબ સમ્યગ્દર્શનકી બાત કરતે હૈં. મેરા સમ્યગ્દર્શન–શ્રદ્ધા–આત્માકી નિર્વિકલ્પ પ્રતીતિ ઐસે સમ્યગ્દર્શનકે ધ્યેયમેં, વિષયમેં કૌન આધાર હૈ?

**પૂજિત પરમ પંચમગતિકી પ્રાપ્તિકે હેતુભૂત...** જુઓ! સમ્યગ્દર્શનકો વિશેષ બતાતે હૈં. સમ્યગ્જ્ઞાનસે વિશેષ કહા. **પૂજિત પરમ પંચમગતિ**–સિદ્ધપદ... **પૂજિત પરમ પંચમગતિકી પ્રાપ્તિકે હેતુભૂત પંચમભાવકી ભાવનારૂપસે...** વહ ભાવના. પંચમભાવ જો પહલે કહા આત્મા, યે પંચમભાવવાલા આત્મા. પહલે કહા ન? ત્રિકાળી પંચમભાવ અમૂર્ત સૌખ્યસ્વરૂપ ઐસા સ્વભાવ—ઐસે પંચમભાવકી ભાવના, ભાવના નામ ઉસકી એકાગ્રતા... ત્રિકાળી જ્ઞાયકભાવકી એકાગ્રતા. ઐસી ભાવનારૂપસે પરિણમિત... મૈં સમ્યગ્દર્શનરૂપસે પરિણમિત... આહાહા! જો મૈં... ઐસે પરિણમિત **જો મૈં ઉસકે સહજ સમ્યગ્દર્શનવિષયમેં...** ઐસા સ્વભાવિક સમ્યગ્દર્શન. સ્વભાવિક નામ વર્તમાન પર્યાય. ત્રિકાળી નહીં. સ્વભાવિક સમ્યગ્દર્શનકે વિષયમેં **(અર્થાત્ મેરે સહજ સમ્યગ્દર્શનમેં) વહ (આત્મા) હૈ...** આહાહા! ખબર પડતી હૈ કિ નહીં? પંચમ આરાકે મુનિ હૈં. ૯૦૦ વર્ષ પહલે હુએ હૈં. આચાર્ય તો **आदा सो मज्झं णाणं** કહતે હૈં, વે દો હજાર વર્ષ પહલે હુએ. યે કહતે હૈં કિ મેરે સમ્યગ્દર્શનકે વિષયમેં... જો પંચમભાવકી ભાવના યે સમ્યગ્દર્શન. આહાહા! સમજમેં આયા?

પૂજિત પંચમગતિ જો મુક્તિ, ઉસકા કારણ પંચમભાવકી ભાવના ઐસા જો સમ્યગ્દર્શન, ઐસે સમ્યગ્દર્શનમેં મેરા આત્મા કારણ હૈ. સમજમેં આયા? યે દેવ-ગુરુ-શાસ્ત્ર ભી મેરે સમ્યગ્દર્શનમેં કારણ નહીં, એમ કહતે હૈં. એ ભીખાભાઈ!

શ્રોતા : ....... વિકલ્પરૂપ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગળે ઉતરતાં... ગળે ક્યાં ઉતારવું છે? યહાં તો આત્મામેં ઉતારના હૈ. ગલા તો જડ હૈ. એમ કહીને કાંઈક ઢીલું કરવું હતું, પણ બોલાઈ ગયું બીજું. આહાહા! ગજબ વાત છે. ઐસી ચીજ.... દર્શન લિયા.... વહ જાનનેમેં આતા હૈ ઐસા આતા હૈ ન. પણ જાના ઉસકી પ્રતીત, યૂં. યે આત્મા જ્ઞેય પૂર્ણાનંદ પ્રભુ હૈ ઐસા જ્ઞાનમેં આયા તો પ્રતીત હુઈ, યૂં. વહ સમયસાર ૧૭-૧૮ ગાથામેં ઐસા લિયા હૈ. ૧૭-૧૮ ગાથા હૈ ન. પહલે જાનતા હૈ તો પીછે શ્રદ્ધા હોતી હૈ, યૂં લિયા હૈ. જાને બિનાકી શ્રદ્ધા કૈસી? ગધેકા સીંગ જાના હી નહીં, પર માનો. કિસકો માને પણ? જો વિષય દૃષ્ટિમેં આયા નહીં, જો જ્ઞાનમેં જ્ઞેય આયા નહીં, 'યે જીવ હૈ' ઐસા આયા નહીં, (તો) કિસકી પ્રતીત કરના? સમજમેં આયા? આહાહા! ગજબ વાત છે.

મુનિ કહતે હૈં કિ મેરે સમ્યગ્દર્શનકે વિષયમેં અર્થાત્ મૈં પંચમભાવ ધ્રુવભાવ ઉસકી ભાવના–ઉસકી એકાગ્રતા અથવા સમ્યગ્દર્શનકા વિષય જો ધ્રુવ ઉસમેં મેરી એકાગ્રતા—ઐસે મેરે સમ્યગ્દર્શનમેં આત્મા કારણ હૈ. મેરા સમ્યગ્દર્શનરૂપી કાર્ય ઉસમેં મેરા આત્મા કારણ હૈ. લ્યો, દૂસરે ઠિકાને લિયા હૈ ન. દેવદર્શન, દેવઋદ્ધિ, જાતિસ્મરણ, વેદના, નર્કમેં વેદના આદિ. યે તો સબ નિમિત્તકા કથન હૈ. આત્મા કારણ હૈ વહ યથાર્થ કારણ હૈ. વહ તો વ્યભિચાર કારણ હૈ. વહ હો ને ઉસમેં (સમ્યગ્દર્શન) ન હો, પણ યે તો આત્માકે આશ્રયસે હોતા હૈ, હોતા હૈ ને હોતા

હૈ. સમજમેં આયા? આહાહા! સર્વાર્થસિદ્ધ (ટીકા)મેં ઐસા લિયા હૈ. જાતિસ્મરણસે હોતા હૈ, નર્કમેં વેદનાસે હોતા હૈ. વેદના તો અનંતબૈર હુઈ ક્યોં નહીં હુઆ? યે તો જબ અપને આશ્રયસે હોતા હૈ, તબ વેદનાકા લક્ષ થા (વહ) છૂટ ગયા, તો વહ નિમિત્તકારણ કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા?

મૈં... આહાહા! જ્યાં-ત્યાં મૈં. પાઠમેં હૈ ન. **आदा खु मज्झ... मज्झ णाणे**.. મેરે જ્ઞાનમેં–સમ્યગ્જ્ઞાનમેં મેરા આત્મા. **आदा में दंसणे**... મેરે સમ્યગ્દર્શનમેં **आदा** હી કારણ હૈ–આત્મા કારણ હૈ. સમજમેં આયા? મેરે સમ્યગ્દર્શનકે વિષયમેં એટલે કે સમ્યગ્દર્શનમેં, એમ. યહ આત્મા હૈ. મેરે સમ્યગ્દર્શનમેં આધાર સમીપ–સન્નિહિત... સન્નિહિત આગે આયેગા. (ગાથા ૧૨૭) સમીપ... પાઠ હૈ. **जस्स सण्णिहिदो अप्पा** ઐસા હૈ. **जस्स सण्णिहिदो अप्पा...** જિસકા આત્મા ધર્મકી પર્યાયમેં સન્નિહિત–નિકટ હૈ, ઉસકો સમ્યગ્દર્શન-જ્ઞાનકી પર્યાય કહનેમેં આતી હૈ. સમજમેં આયા? યે ભગવાનને ક્યા કહા? અજ્ઞાની કહે આત્મા.. આત્મા.. વહ (વાસ્તવિક) આત્મા નહીં. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવને જો આત્મા અસંખ્યપ્રદેશી અનંત ગુણકા ધામ સહજાનંદ (દેખા), યે ચીજ સર્વજ્ઞ સિવા કિસીને દેખી નહીં હૈ. સમજમેં આયા? ઉસને કહા ઐસા સમ્યગ્દૃષ્ટિ અંતર અનુભવમેં માનતા હૈ. આહાહા! સમ્યગ્દર્શનમેં... ઓલો વિષય લીધો હતોને? સમ્યગ્દર્શનનો વિષય ન લેતા સમ્યગ્દર્શનમાં, એમ. **વહ આત્મા હૈ**. હવે ચારિત્ર.

**સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકે ઉપાયભૂત...** દેખો! આ ભાષા વાપરી છે. ચારિત્ર તો સાક્ષાત્ મોક્ષકા કારણ હૈ. સમ્યગ્દર્શન ચારિત્રકા કારણ હૈ, પણ મોક્ષકા કારણ તો ચારિત્ર હૈ. આહાહા! વીતરાગ પરિણતિ અંદર નિર્વિકલ્પ આનંદકી શાંતિ, સમજમેં આયા? યે **સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકે ઉપાય...** એમ લિયા. દેખો! ભાષા. સમ્યગ્દર્શન-જ્ઞાનમેં ઐસા નહીં લિયા થા. પણ યહાં તો હેતુ તો તીનોંમેં આત્મા હૈ, પર યે ચારિત્ર મોક્ષકા સાક્ષાત્ હેતુ હૈ. સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિનો હેતુ. સમ્યગ્દર્શન તો અભી પરંપરા કારણ હૈ, સમજમેં આયા? 'દંસણમૂલો ધમ્મો' આતા હૈ ન અષ્ટપાહુડમેં. 'દંસણમૂલો ધમ્મો.' ધર્મ યે ચારિત્ર, પણ ઉસકા મૂળ સમ્યગ્દર્શન. પણ વહ ચારિત્ર સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ. આહાહા! **चरित्तं खलु धम्मो...** પ્રવચનસાર **धम्मो जो सो समो.. मोहक्खोहविहीणो परिणामो..** (ગાથા ૭) ઐસા પાઠ હૈ પ્રવચનસારમેં. આહાહા! કહતે હૈં, સાક્ષાત્ મુક્તિકા કારણ– ઉપાય... પ્રાપ્તિકા ઉપાય.. ઉપાય કહો કે કારણ કહો.

**નિજ સ્વરૂપમેં અવિચલ સ્થિતિરૂપ...** દેખો! યે ચારિત્ર. આહાહા! ભગવાન! ઉપર કહા, શુદ્ધ સહજ આનંદરૂપ ઉસમેં–ઐસે સ્થિત વસ્તુમેં–નિજ સ્વરૂપમેં... ભગવાન અરિહંત પરમાત્માકે સ્વરૂપમેં લીન નહીં. અપના નિજ સ્વરૂપ શુદ્ધ વીતરાગસ્વભાવ, અતીન્દ્રિય આનંદકા કંદ–દળ. દળકા લડ્ડુ હોતા હૈ, નહીં? હમારે યહાં હોતા હૈ કાઠીયાવાડમેં. ... ઘઉંના દળના લાડવા કરે, દળના લાડવા કરે. કસદાર હોય કસદાર. એમ આત્મા સારા આનંદકા કસદાર હૈ, કસ.. કસ

ભરા હૈ. કસ સમજતે હૈં? નિચોડ. કસ નામ સત્ત્વ. સારા આનંદકે સત્ત્વસે ભરા હૈ. સાર. આહાહા! કહતે હૈં, **સાક્ષાત્ નિર્વાણપ્રાપ્તિકે ઉપાયભૂત નિજ સ્વરૂપમેં...** પંચમહાવ્રતાદિ વિકલ્પમેં નહીં, વહ ચારિત્ર નહીં. આહાહા! **નિજ સ્વરૂપમેં અવિચલ સ્થિતિરૂપ...** અવિચળ–ન ચળે–ન અસ્થિર હો. ઐસી અંદર સ્થિતિ આનંદમેં... પરમાનંદ ભગવાન આત્મામેં લીનતા, વીતરાગતા, શાંતિકી સ્થિરતા. **સહજ પરમચારિત્રપરિણતિવાલા...** પરમચારિત્ર (અર્થાત્) સ્વભાવિક પરમચારિત્ર, યૂં. પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ(કા) વિકલ્પ હૈ તો (વહ) વ્યવહારચારિત્ર કહનેમેં આયા. યે ચારિત્ર નહીં. યે તો કથનમાત્ર કહનેમેં (આયા હૈ). સ્વભાવિક પરમચારિત્ર પરિણતિવાલા... આહાહા! દેખો! મુનિ કહતે હૈં કિ હમારી ચારિત્રકી પરિણતિ ઐસી હૈ. હમકો ભાન હૈ, હમકો ખબર હૈ.

**સહજપરમચારિત્રપરિણતિવાલા જો મૈં...** આહાહા! સમજમેં આયા? દિગંબર મુનિઓ તો આભના થાંભલા–આકાશના સ્થંભ (હોય) એમ ધર્મના સ્તંભ છે. મૈં ઐસા હૂં, ઐસા કહતે હૈં. આહાહા! મુજે ચારિત્ર પરિણતિ હૈ કિ નહીં? ભગવાન જાણે.—ઐસે નહીં. આહાહા! ભગવાન આત્મા અપને નિજ સ્વરૂપમેં અવિચળ–ચળે નહીં ઐસી સ્થિતિરૂપ સહજપરમચારિત્ર પરિણતિ... ચારિત્રરૂપી પરિણતિ... પર્યાય હૈ ન. ચારિત્ર પર્યાય હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-(ચારિત્ર)— તીનોં પર્યાય હૈ, તીનોં મોક્ષમાર્ગ અવસ્થા હૈં. અવસ્થાયી નહીં. અવસ્થાયી તો ત્રિકાળી હૈ. આહાહા! સુનનેમેં આયા નહીં ગજરાજજી! ઐસી બાત સુનનેમેં આયી નહીં. ગડબડી બાત સુને તો મુક્તિ હોવે નહીં. આહાહા! ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાનકે સમીપમેં આયે કુંદકુંદાચાર્યદેવ, યહાં આકર યહ (શાસ્ત્ર) બનાયા. આહાહા! દેખો! હરેક મુનિ ઐસે માનતે હૈં હોં (જો) સચ્ચે મુનિ હૈં. અપને જ્ઞાનમેં આત્મા, અપને દર્શનમેં આત્મા, અપની ચારિત્ર પરિણતિમેં મૈં.

**ઉસકે (અર્થાત્ મેરે) સહજ ચારિત્રમેં ભી...** દો આયે ન. જ્ઞાન ને દર્શન આયે. મૈં ભી **વહ પરમાત્મા સદા સંનિહિત (-નિકટ) હૈ...** લ્યો, પરમાત્મા મૈં હૂં પૂર્ણાનંદ. શેઠ! **अप्पा सो परमप्पा** આતા હૈ. તારણસ્વામીમેં બહોત આતા હૈ યહ શબ્દ. ખબર નહીં? **अप्पा सो परमप्पा**... એની ખબર નહીં, પૈસા કિતના હૈ (ઉસકી) ખબર હૈ. **अप्पा सो परमप्पा** ઐસા આતા હૈ તારણસ્વામીમેં. એ શેઠ! ઉસકો ખબર હૈ. યે થોડા થોડા તાજા હૈ. કિસમેં આતા હૈ? મમલપાહુડમેં, જ્ઞાનસમુચ્ચયમેં. **अप्पा सो परमप्पा**.. આત્મા સો પરમાત્મા હૈ. વહ આયા દેખો!

મેરા પરમાત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન, પરમ આત્મા નામ પરમસ્વરૂપ. એક સમયકી પર્યાય તો અપરમસ્વરૂપ હૈ. સમજમેં આયા? મેરા પરમસ્વરૂપ પરમાત્મા, યે મેરે ચારિત્રમેં સદા.. સદા–નિરંતર મેરે ચારિત્રમેં પરમાત્મા નિકટ હૈ. પંચમહાવ્રતકા વિકલ્પ હૈ તો મેરે ચારિત્રમેં નિકટ હૈ ઐસા નહીં. આહાહા! મેરી ચારિત્ર પરિણતિસે વિકલ્પ તો દૂર વર્તતે હૈં. વહ

મેરે સમીપમેં નહીં. ૨૮ મૂળગુણ ને પંચમહાવ્રતકા વિકલ્પ હૈ તો યહાં ચારિત્ર હૈ ઐસા નહીં. મેરે ચારિત્રમેં તો ભગવાન આત્મા સમીપમેં વર્તતા હૈ. આહાહા! સમજમેં આયા?

મુનિ હૈં યે તો, આચાર્ય નહીં, અમૃતચંદ્રાચાર્ય (આદિ) તો બધા આચાર્ય હતા ને આ મુનિ છે. પણ મુનિ ભી પંચપરમેષ્ઠીમેં હૈં ન. ઉસમેં ક્યા હૈ?

શ્રોતા : ગુણસ્થાન દોષ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગુણસ્થાન એક હી હૈ દોનોંકા. આચાર્ય-ઉપાધ્યાયકા ગુણસ્થાન આઠવા-નવવા ને સાધુકા છઠ્ઠા-સાતવા—ઐસા હૈ? આચાર્ય-ઉપાધ્યાય-મુનિ તીનોંકા છઠ્ઠા-સાતવા ગુણસ્થાન હૈ. સમજમેં આયા? ખરેખર તો જબ કેવળજ્ઞાનકી શ્રેણી ધારતે હૈં તો આચાર્ય-ઉપાધ્યાય પદકો છોડકરકે ધ્યાનમેં બૈઠતે હૈં તો ધ્યાન આતા હૈ–એમ છે. શાસ્ત્રમેં ઐસા હૈ. સમજમેં આયા? પંચાધ્યાયમેં હૈ વિસ્તાર. પંચાધ્યાય હૈ ન. આચાર્ય-ઉપાધ્યાય સબ પદવી છોડ દેતે હૈં. સાધુ.. સાધુ.. ભગવાન આત્માકો ત્રાટક કરકે ધ્યેયમેં લેકર સાધતે હૈં વે સાધુ. આહાહા! સમજમેં આયા?

મેરા ભગવાન આત્મા... 'સદા' શબ્દ વાપર્યો છે દેખો! કિસી વક્ત મેરી ચારિત્ર પરિણતિમેં રાગ આયા તો મેરી ચારિત્ર પરિણતિ ઐસી હૈ—ઐસે નહીં. મેરી ચારિત્ર પરિણતિ તો સદા સ્વભાવકે આશ્રયસે રહતી હૈ. નહીં, સદા રહતી હૈ સદા સંનિહિત. પરમાત્મા સદા સંનિહિત, મેરી પરિણતિમેં સદા નજીક હી હૈ. મેરી ચારિત્રકી પરિણતિમેં સદા નજીક હી હૈ. મેરા આત્મા હી ચારિત્રમેં નિકટ હૈ, મેરે ચારિત્રમેં. મેરે ચારિત્રમેં પંચમહાવ્રત નિકટ હૈ તો ચારિત્ર ટિકતા હૈ—(ઐસા નહીં). આહાહા! યે તો રાગ હૈ. ચારિત્ર તો વીતરાગી દશા હૈ. એ પૂનમચંદજી! દુનિયાને દુઃખ લાગે..... પાઘડી નહીં દિખતી.... કહો, સમજમેં આયા? આહાહા!

યે તીન બોલ હુએ. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને સમ્યક્ચારિત્ર તીનોંમેં—મેરી શુદ્ધ પરિણતિમેં—મેરા આત્મા આધાર ને કારણ હૈ. તીનોં કાર્ય હૈં. પર્યાય કહો કિ કાર્ય કહો. સમજમેં આયા? અપની નિજ પરિણતિકી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી, પર્યાયરૂપી કાર્ય ઉસમેં કારણ દ્રવ્ય હૈ. આહાહા!

શ્રોતા : પરમ ચારિત્ર ક્યોં કહા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિર્મલ હૈ ન. નિર્મલ પડા હૈ ન. સ્વરૂપાચરણ ચારિત્ર તો ચૌથે હોતા હૈ, પાંચવેમેં થોડા (વિશેષ) હોતા હૈ ને યે તો પરમચારિત્ર હૈ મુનિકા. ચારિત્રકા અંશ ભી ચૌથે ભી હોતા હૈ. ક્યોંકિ અનંત ગુણ જિતને હૈં સબકી દશા અંશે ચૌથે ગુણસ્થાને વ્યક્ત હો જાતી હૈ. યે તો પરમચારિત્ર હૈ, પરમ ઉપયોગ હૈ. શુદ્ધ લો ને. **સહજ પરમચારિત્ર પરિણતિવાલા જો મૈ** હૂં. વિકલ્પમેં તો દિખતે હૈં. લિખતે વક્ત વિકલ્પમેં હૈં, છતાં ઉસ વિકલ્પમેં મૈં નહીં. મેરે ચારિત્રકે

સમીપમેં તો ભગવાન (આત્મા) વર્તતા હૈ. યે વિકલ્પ હુઆ તો મુજે ચારિત્રમેં નિર્મલતા હોતી હૈ—(ઐસા હૈ નહીં). આહાહા! પંડિતજી! હૈ પુસ્તક? આહાહા! અમૃતકા સાગર ઉછલતા હૈ.

હવે, મુજે પ્રત્યાખ્યાનમેં... **आदा पच्चक्खाणे**.. યે શબ્દ આયા ન? ચૌથા આયા, ચૌથા. યે પ્રત્યાખ્યાન ભી વીતરાગ પરિણતિ હૈ. યે વીતરાગ પરિણતિકે કાર્યમેં મેરા આત્મા કારણ હૈ. વ્યવહાર પ્રત્યાખ્યાનકા વિકલ્પ કારણ હૈ ને નિશ્ચય પ્રત્યાખ્યાન (કાર્ય) હૈ, ઐસા નહીં. આહાહા! મૈં **ભેદવિજ્ઞાની...** દેખો! મૈં તો ભેદવિજ્ઞાની હૂં, રાગસે ભિન્ન પડા ઐસા મૈં આત્મા હૂં. આહાહા! **પરદ્રવ્યસે પરાઙ્મુખ...** દેખો! મૈં પરદ્રવ્યસે તો ઊલટા હૂં–પરાઙ્મુખ હૂં. મેરા મુખ હી બદલ ગયા હૈ. રાગ ને નિમિત્ત તરફ મેરા જો મુખ થા દિશા, યે દિશા બદલ ગઈ હૈ. સમજમેં આયા? આહાહા! એક ટીકા તો દેખો! ઐસી ટીકામેં સમજકર વાંચનેમેં આયી નહીં. સમજમેં આયા? વાંચે તો ઐસે ઓઘે.. વાંચ લિયા. એક મહિનેમેં નિયમસાર વાંચ લિયા. પણ અરે ભૈયા!

એક કહતા થા કિ મહારાજ! આપ સમયસારકા બહોત વખાણ કરતે હો, હમને તો પંદર દિનમેં પઢ લિયા. પણ પંદર દિનમાં વાંચે કે આઠ દિ' રાત-દિ' વાંચે, ઉસમેં ક્યા હુઆ? એક આત્માકા વાંચન યથાર્થપને કરે, અરે! લાખ વર્ષ વાંચે, પણ એક ઘંટેમેં ઉસકા અનુભવ કરે (તો) આત્માકા ભાન હો જાય ઐસી ચીજ હૈ. અંતરકા અભ્યાસ (કરે). કહતે હૈં કિ મેરે પચ્ચકખાણમેં (આત્મા) ક્યોં હૈ? કિ મૈં ભેદવિજ્ઞાની હૂં. રાગકા ત્યાગ કરના હૈ ન. રાગકે ત્યાગ(સ્વરૂપ) હી મૈં હૂં–રાગકે અભાવવાલા હી મૈં હૂં. મૈં ભેદવિજ્ઞાની હૂં. રાગ અને દયા-દાનકા વિકલ્પ મેરા હૈ ઐસા મૈં નહીં. આહાહા!

**ભેદવિજ્ઞાની પરદ્રવ્યસે પરાઙ્મુખ**... દેખો! ભેદ તો કિયા રાગસે, પરસે ભિન્ન, હવે પરસે પરાઙ્મુખ. રાગાદિ ભાવસે મૈં ઊલટા હો ગયા હૂં. પહલે સ્વભાવસે ઊલટા થા અને રાગકે સન્મુખ થા, અબ રાગસે વિમુખ હુઆ (ઔર) સ્વભાવકે સમીપ આયા. આહાહા! સમજમેં આયા? **તથા પંચેન્દ્રિયકે વિસ્તાર રહિત...** પાંચ ઇન્દ્રિયકા વિસ્તાર ભી મુજે નહીં. મૈં તો અણીન્દ્રિય હૂં. સમજમેં આયા? મુનિ અપની બાત કહતે હૈં દેખો! **પંચેન્દ્રિયકે વિસ્તાર રહિત દેહમાત્રપરિગ્રહવાલા...** એક દેહમાત્ર પરિગ્રહ રહી ગયો છે. મુનિકો દૂસરા—વસ્ત્ર, પાત્ર ને આ ને તે ને મેરા સંગ હૈ, મેરા શિષ્ય હૈ—યે કુછ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? જિસકે પ્રત્યાખ્યાનમેં આત્મા કારણ હૈ ઐસા પ્રત્યાખ્યાન કૈસા? દેહમાત્ર પરિગ્રહવાલા મૈં હૂં. એક દેહ છોડા જાતા નહીં, પડા રહા હૈ. અપૂર્વ અવસરમેં ઐસા આતા હૈ. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' શું આવ્યું? માત્ર દેહ.. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' શ્રીમદ્ રાજચંદ્ર સમ્યગ્જ્ઞાની ચારિત્રકી ભાવના ભાતે હૈં. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો... સર્વ ભાવથી ઔદાસિન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો..'

દેખો! શ્રીમદ્‌ને ઐસા લિયા હૈ. છતાં આ શિષ્યો કહે કે નહીં, વસ્ત્ર દેખા, વસ્ત્ર દેખા. ભાઈ! આવે છેને એવું? 'જાતિ વેશનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય.' હવે ન્યાં એ લગાડે કે દેખો! શ્રીમદ્ એ કહે છે કે જાતિ ને વેષ ગમે તે હોય, પણ કેવળજ્ઞાન હો જાતા હૈ, મુનિપના આ જાતા હૈ. પણ યહાં તો લિયા, દેહ માત્ર સંયમનો હેતુ હોય, દૂસકા કુછ મુનિકો હોતા નહીં. સમજમેં આયા? વેશ-બેશ કૈસા? કપડાં ને ફપડાં. મુનિપના કિસકો કહે? અંતર જહાં ચારિત્રદશા તીન કષાયકા અભાવરૂપ પરિણમન હુઆ, વહાં વસ્ત્ર-પાત્ર લેનેકા વિકલ્પ આયા કહાંસે? ઉસ ભૂમિકામેં ઐસા વિકલ્પ હોતા હી નહીં. ઐસા વિકલ્પ હૈ વહાં મુનિપના હૈ નહીં. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : ઐસા વિકલ્પ હો તો કમજોરી માની....

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, નહીં, મુનિપના નહીં. આહારકા, સુનનેકા વિકલ્પ આતા હૈ, પણ વસ્ત્ર-પાત્ર લેનેકા વિકલ્પ આયા, (તો વહ મુનિ) હૈ હી નહીં. કમ(જોરી) નહીં. મુનિપના નહીં. વસ્ત્રકો એક ટુકડા રખનેકા વિકલ્પ હૈ યે મુનિપના નહીં. યે તો વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. યે કોઈ બનાયી નહીં હૈ કિસીને. વસ્તુ ઐસી હૈ. સમજમેં આયા? **જો મૈં**... ભાષા કૈસી હૈ? **आदा पच्चक्खाणे आदा मे... आदा मे...** છે ને? ઓહોહો! મેરા શુદ્ધ પરિણતિરૂપ ચારિત્ર ઉસમેં મેરા આત્મા કારણ હૈ. યે ચારિત્રકે કાર્યમેં આત્મા કારણ હૈ, ઓલા પ્રત્યાખ્યાનમાં. પ્રત્યાખ્યાનકે કાર્યમેં મેરા આત્મા કારણ હૈ, પ્રત્યાખ્યાનકે કાર્યમેં વિકલ્પ ને નિમિત્ત કારણ-ફારણ હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

**જો મૈં ઉસકે નિશ્ચયપ્રત્યાખ્યાનમેં—કિ જો (નિશ્ચયપ્રત્યાખ્યાન)**... અબ વિસ્તાર કરતે હૈં. આહા! **શુભ, અશુભ** ભાવ, **પુણ્ય, પાપ** કર્મ, **સુખ, ઔર દુઃખ** સંયોગ—**ઇન છહકે સકલસંન્યાસસ્વરૂપ હૈ (અર્થાત્ ઇન છહ વસ્તુઓંકે સંપૂર્ણ ત્યાગસ્વરૂપ હૈ)**... સમજમેં આયા? શુભ-અશુભ પરિણામકા ત્યાગ હૈ. પ્રત્યાખ્યાનમેં શુભ-અશુભ પરિણામકા ત્યાગ હૈ ઔર શુભ-અશુભ કર્મ હૈં ન બંધે હુએ ઉસકા અભાવ હૈ. ઔર સંયોગ જો શુભ-અશુભ પુણ્ય-પાપસે મિલતા હૈ ઉસસે ભી મેરા અભાવ હૈ. આહાહા! સમજમેં નહીં આયા. રાત્રિકો પ્રશ્ન કરના. શુભ-અશુભ, પુણ્ય-પાપ—દોનોંસે રહિત મેરા પ્રત્યાખ્યાન હૈ. સમજમેં આયા? પુણ્ય-પાપ કર્મબંધન—દો ઉસસે રહિત મેરા પ્રત્યાખ્યાન હૈ ઔર સુખ-દુખકા સંયોગ ઉસસે ભી રહિત મેરા પ્રત્યાખ્યાન હૈ. છ ટુકડા થયા છ. સમજમેં આયા?

**ઇન છહકે સકળ સંન્યાસસ્વરૂપ**... દેખો! છહકા સર્વથા ત્યાગ– સંપૂર્ણ ત્યાગ. આહાહા! ઐસી મેરી દશા... ચારિત્રવંત મુનિ સંત કહતે હૈં. 'સંત નિરંતર ચિંતત ઐસે' આતા હૈ ન. 'સંત નિરંતર ચિંતત ઐસે.' ક્યા હૈ પીછે? 'આતમરૂપ અબાધ..' આહાહા! મેરી ચીજમેં રાગકા વિઘ્ન કૈસા? કર્મકા બંધન કૈસા? મેરી ચીજ તો અંદર આનંદકંદ શુદ્ધ હૈ, ઐસા દૃષ્ટિવંત ધર્માત્મા

અપની સ્વરૂપકી રમણતામેં–પચક્ખાણમેં જબ હો, તો સંપૂર્ણ ત્યાગકો સમયમેં **વહ આત્મા સદા આસન્ન (-નિકટ) વિદ્યમાન હૈ,** લ્યો. મેરે પ્રત્યાખ્યાનમેં આત્મા નિકટ હૈ. સમજમેં આયા? અપના શુદ્ધસ્વરૂપ ધ્રુવ ઉસકા કારણ હૈ અને કાર્ય હુઆ પ્રત્યાખ્યાન. રાગકા અભાવસ્વભાવરૂપ વીતરાગ પરિણતિ. વીતરાગ પરિણતિરૂપી કાર્યમેં મેરા આત્મા કારણ હૈ. સમજમેં આયા?

હવે, **आदा मे संवरे**... સંવર આયા ન સંવર? સંવરમેં કૌન હૈ નિકટ? સંવરરૂપી કાર્યમેં કારણ કૌન હૈ? સમજમેં આયા? **સહજ વૈરાગ્યરૂપી મહલકે શિખરકા શિખામણિ...** આહાહા! ચારિત્ર લેના હૈ ન. ઉત્કૃષ્ટ સંવર લેના હૈ ન. કૈસા હૂં મૈં? સહજ વૈરાગ્યરૂપી મહેલનું શિખર, એનું શિખામણિ–ટોચ. આહાહા! પરકે અભાવસ્વભાવરૂપ વીતરાગભાવ વહ વૈરાગ્ય. આહાહા! સમજમેં આયા? પુણ્ય-પાપ અધિકારમેં તો ઐસા લિયા હૈ ભગવાન કુંદકુંદાચાર્યને કિ શુભ-અશુભ રાગસે રહિત હોના વહી વૈરાગ્ય હૈ. વૈરાગ્ય તો બાયડી-છોકરા છોડકર ચાલી નીકળ્યા, વહ વૈરાગ્ય-ફૈરાગ્ય નહીં. એ બધા બેરાગી છે. સમજમેં આયા? આહાહા! અંતરમેં પુણ્ય ને પાપકા વિકલ્પ નામ રાગ, બંધકા દો ભાવ ઉસસે વિરક્ત હૈ વહ વૈરાગી હૈ. અને આત્મામેં રત હૈ, રાગસે વિરક્ત હૈ વહ વૈરાગી હૈ. યે પુણ્ય-પાપ અધિકારમેં આયા હૈ. સમજમેં આયા?

**वैराग्य संपत्तो**.. ઐસા પાઠ હૈ. આહાહા! ગજબ કામ કિયા. 'કુંદકુંદ આચાર્ય ન હુએ ન હોયેંગે.' વૃંદાવનદાસ કહે છે ને. 'ન હુએ ન હોયેંગે.' જૈસા (કહા) ઐસે તો વે હૈં ન. મુનિ હુએ હૈં, પણ ઉનકી દશામેં તો વહી આતા હૈ. આહાહા! જિનકી પવિત્રતા ઔર જિનકા ભગવાનકે સમીપમેં જાના ઔર જિનકે મુખમલસે પરમાગમકા ઝરના... વહ ભી કહતે હૈં અભી. સહજ વૈરાગ્ય... હઠકા વૈરાગ્ય નહીં, સ્મશાન વૈરાગ્ય નહીં. લડકા મર જાય પચ્ચીસ વર્ષકા ને ઐસે જલતા હો તો આહા! યે તો સ્મશાન વૈરાગ્ય હૈ. સમજમેં આયા? ઘરે આવે ને પાછા ખલાસ, જાઓ. બે વર્ષે વળી (બીજા) દીકરાના લગ્ન કરે ને ધામધૂમ હાથી ને ઘોડા. ક્યાં ગયા તારા વૈરાગ્ય? છોટે લડકેકા લગ્ન કરે, ભૂલ જાયે ઉસકો. અરે દીકરા! આહાહા.. 'હાડ બળે જ્યું લકડી, કેશ બળે જ્યું ઘાસ..' ઘર બળે એમ ત્યાં દેખે અરરર! આહાહા! યે તો ક્ષણિક વૈરાગ્ય હૈ. પુણ્ય ને પાપકે વિકલ્પસે હઠકર સ્વભાવમેં લીનતા કરના યે યથાર્થ વૈરાગ્યતા હૈ. સમજમેં આયા? યે વિશેષ વ્યાખ્યા હૈ, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૯, શનિવાર, તા. ૧૪-૮-૧૯૭૧**
**ગાથા-૧૦૦, પ્રવચન નં. ૯૪**

આ નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. પ્રત્યાખ્યાન યે ત્યાગકે ભાવકી નાસ્તિકતા સૂચન કરતા હૈ. ઇસકા અર્થ કિ અપને આત્મામેં શુદ્ધતા ને ધ્રુવતા જો ત્રિકાળ હૈ ઉસકા આશ્રય કરકે પરિણતિમેં વીતરાગતા પ્રગટ હો વહ પ્રત્યાખ્યાન હૈ. ઔર ઉસ પ્રત્યાખ્યાનમેં આત્મા સમીપ હૈ. પ્રત્યાખ્યાનકી પર્યાયમેં આત્મા ધ્યેય હૈ, આત્માકા આશ્રય હૈ, આત્માકા શરણ હૈ. પ્રત્યાખ્યાન શુભ-અશુભ વિકલ્પસે ઉત્પન્ન હોતા હૈ ઐસા નહીં. યે ચારિત્રકા પેટાભેદ પ્રત્યાખ્યાન આત્માકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. યે પ્રત્યાખ્યાન આ ગયા. સંવરકી વ્યાખ્યા આવી. સંવર, મુનિ અપની અપેક્ષા રખકર દુનિયાકો સંવર ક્યા હૈ વહ બતાતે હૈં.

**સહજ વૈરાગ્યરૂપી મહલકે શિખરકા શિખામણિ...** પુણ્ય ને પાપકે રાગસે વિરક્ત જિસકી બુદ્ધિ હૈ ઉસે વૈરાગ્ય કહતે હૈં. શુભ-અશુભ રાગ ઉસસે વિરક્ત... રક્તબુદ્ધિ હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. ઔર શુભાશુભ પરિણામસે વિરક્ત ઐસા સહજ વૈરાગ્યકા મહેલ, ઉસકે શિખરકા શિખામણિ. **સ્વરૂપગુપ્ત..** મૈં તો, સ્વરૂપસે બહાર નિકલનેકા ભાવ શુભાશુભ યે મૈં નહીં. આહાહા! આ સંવર. **સ્વરૂપગુપ્ત...** મૈં તો અંતરમેં ગુપ્ત હૂં. **ઔર પાપરૂપી અટવીકો જલાનેકે લિયે પાવક સમાન** હૂં. આહાહા! પાપ શબ્દે શુભ ને અશુભ રાગ દોનોં પાપ હૈં. જલાનેકો મૈં તો પાવક–અગ્નિ સમાન હૂં. ઐસા **જો મૈં ઉસકે શુભાશુભસંવરમેં (વહ પરમાત્મા હૈ)...** લ્યો, શુભ-અશુભ પરિણામકો રોકનેમેં કારણ આત્મા હૈ. સમજમેં આયા? શુભ-અશુભભાવ જો આસ્રવ હૈ ઉસકો રોકનેમેં કારણપરમાત્મા કારણ હૈ. આહાહા! સમજમેં આયા? યે સંવરકા રૂપ–સંવરકા સ્વરૂપ. સંવર, કોઈ બાહ્યક્રિયાકાંડ કરના વહ સંવર હૈ નહીં. સમજમેં આયા?

પંચ મહાવ્રતકા પરિણામ વહ શુભભાવ આસ્રવ હૈ ઔર હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના અશુભભાવ–પાપભાવ હૈ. દોનોંકો યહાં પાપ કહતે હૈં. ઇસકો રોકનેમેં, પરમાત્મા હૈ મેરા પરમસ્વરૂપ જો નિત્યાનંદ ધ્રુવ વહ સંવરમેં કારણ હૈ. ઉસકે આશ્રયસે સંવર ઉત્પન્ન હોતા હૈ. આહાહા! લ્યો, સમજમેં આયા? તો ભગવાનકી ભક્તિ કરનેસે આસ્રવ રુકતા હૈ ને સંવર હોતા હૈ ઐસા નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? ભગવાન પરમાત્મા અપના નિજ સ્વરૂપ વહી શરણ અને આશ્રય હૈ જિસકો ઐસી મેરી શુભ-અશુભ રાગકો રોકનેવાલી નિર્મલદશા, યે નિર્મલદશામેં કારણપરમાત્મા હૈ. આહાહા! સમજમેં આયા?

**તથા...** હવે યોગ.. યોગ. જોગ છેને છેલ્લો શબ્દ? જોગની વ્યાખ્યા... અહીંયા સમયસારમાં આ જ ગાથા છે ત્યાં જોગની વ્યાખ્યા સમાધિ અને ધ્યાન કરી છે. યહાં ઉસકી

વ્યાખ્યા શુદ્ધ ઉપયોગ (કી હૈ).—દોનોં એક હી બાત હૈં. શુદ્ધ ઉપયોગ. પુણ્ય-પાપકા વિકલ્પ હૈ અશુદ્ધ ઉપયોગ, યે તો આસ્રવ હૈ. ઉસસે રહિત અપના શુદ્ધસ્વભાવકા ઉપયોગ નામ આચરણરૂપ પરિણામ ઐસે શુદ્ધ ઉપયોગમેં ભી આત્મા–પરમાત્મા હી કારણ હૈ. શુભરાગ થા, તો શુદ્ધ ઉપયોગ હુઆ ઐસે નહીં એમ કહતે હૈં. સમજમેં આયા? શુભ ઉપયોગ થા, તો શુદ્ધ ઉપયોગકા કારણ શુભરાગ હુઆ ઐસે નહીં. આહાહા! અપના... કહતે હૈં, **અશુભોપોગસે** તો **પરાઙ્મુખ** હૂં મૈં. અશુભ ઉપયોગ તો મેરેમેં હૈ નહીં. ઔર **શુભોપયોગકે પ્રતિ ભી ઉદાસીનતાવાલા** હૂં... આહાહા! જોગ વર્ણન કરના હૈ  ન જોગ. ઉપયોગ, ધ્યાન અને સમાધિ. તીનોં એક અર્થમેં હૈં. ઉદાસીનવાલા, શુભ ઉપયોગસે ભી મૈં ઉદાસીન હૂં. ઉસસે મેરા આસન ભિન્ન પડા હૈ. સમજમેં આયા?

**ઔર સાક્ષાત્ શુદ્ધોપયોગકે સમ્મુખ...** એ જોગની વ્યાખ્યા. **જોગે**... સાક્ષાત્ શુદ્ધ ઉપયોગ... દેખો! મુનિ અપની ચીજ (-બાત) કહતે હૈં. આહાહા! અશુભ ઉપયોગસે તો મૈં પરાઙ્મુખ હૂં–વિમુખ હૂં. પણ શુભ ઉપયોગ પરિણામ, પંચમહાવ્રત ઉસસે ભી મૈં ઉદાસીન હૂં. આહાહા! સમજમેં આયા? ઔર અપની ખબર ભી પડી હૈ ઉસકો કિ મૈં તો શુદ્ધોપયોગકે સન્મુખ હૂં. આહાહા! ઐસા **જો મૈં...** શુદ્ધ ઉપયોગકા કારણ જો પરમાત્મા ઐસા જો મૈં... આહાહા! **પરમાગમરૂપી પુષ્પરસ જિસકે મુખસે ઝરતા હૈ...** દેખો! મુનિ કહતે હૈં, પરમાગમરૂપી મકરંદ– ફૂલકા રસ–પુષ્પકા રસ જિસકે મુખસે ઝરતા હૈ **ઐસા પદ્મપ્રભ...** ઐસે પદ્મપ્રભ મુનિ... સમજમેં આયા? **ઉસકે શુદ્ધોપયોગમેં ભી...** શુદ્ધ ઉપયોગ હી ધર્મ હૈ, ચારિત્ર હૈ, પ્રત્યાખ્યાન હૈ. તો યે શુદ્ધોપયોગમેં ભી **વહ પરમાત્મા વિદ્યમાન હૈ...** અર્થાત્ શુદ્ધોપયોગકે કારણરૂપ આત્મા હૈ. મેરે શુદ્ધોપયોગકે સમીપમેં આત્મા નજીકમાં વર્તતા હૈ. આહાહા!

**કારણ કિ વહ (પરમાત્મા) સનાતન સ્વભાવવાલા હૈ.** ધ્રુવ ચૈતન્યસ્વભાવ સનાતન સ્વભાવ હૈ, અનાદિકા વહ સ્વભાવ હૈ. અપના નિજ સ્વભાવ, નિજ પરમાત્મા, નિજ ત્રિકાળી સ્વરૂપ, સનાતન સ્વરૂપ હૈ. વહ કોઈ નયા ઉત્પન્ન હુઆ હૈ ઔર નાશ હોગા ઐસી ચીજ નહીં. સનાતન. આહાહા! દેખો! યે સનાતન ધર્મ. આહાહા! મેરી ચીજ સનાતન હૈ. ઉસકે આશ્રયસે જો પરિણામ ઉત્પન્ન હોતા હૈ વહ સનાતન ધર્મ હૈ. સમજમેં આયા? દયા, દાન ને વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ યે તો સબ વિકલ્પ–રાગ હૈ, ઉસસે મેરે સંવરદશા કે શુદ્ધોપયોગ ઉત્પન્ન હોતા હૈ ઐસા નહીં. આ યોગ, સમાધિ, ધ્યાન ને શુદ્ધોપયોગ. શુદ્ધોપયોગ હૈ પર્યાય.

શ્રોતા : પ્રત્યક્ષ દર્શન હોંગે?

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રત્યક્ષ હી હૈ. સુખ હૈ ન. હા, હા, સાક્ષાત્ છે ને. **પરમાત્મા સનાતનસ્વભાવત્વાત્તિષ્ઠતિ...** એમ છે. **आदा में संवरे जोगे...** મેરા આત્મા હી સાક્ષાત્ શુદ્ધોપયોગકા કારણ હૈ, એમ કહતે હૈં. શુદ્ધોપયોગમેં ધર્મ હૈ, શુદ્ધોપયોગ યે મુનિપના હૈ,

પરમશુદ્ધોપયોગ પરિણામ વહ મુનિપના હૈ, પણ પરમશુદ્ધોપયોગકા કારણ દ્રવ્ય આત્મા હૈ, વ્યવહારચારિત્રાદિ શુદ્ધોપયોગકા કારણ હૈ ઐસે નહીં. આહાહા! મૂળચંદભાઈ! આવો માર્ગ છે. આહાહા! ભગવાન આત્મા... સનાતન કહા ન? પાઠમેં સનાતન શબ્દ હૈ. સંસ્કૃતમેં સનાતન હૈ. **सनातनस्वभावत्वात्तिष्ठति...** આહાહા! સંસ્કૃતમેં હૈ. સબ સંસ્કૃતમેં હૈ (ઉસમેંસે) હિન્દી બનાયા હૈ. મેરી ચીજ જો નિજ પરમાત્મા નિજ સ્વરૂપ વહ તો સનાતન હૈ. યે સનાતનકે આશ્રયસે જો ધર્મ–શુદ્ધોપયોગ હુઆ તો યે શુદ્ધોપયોગ સમીપમેં તો ભગવાન બિરાજતા હૈ. મેરે પાસ હૈ, શુદ્ધોપયોગ કહે, મેરે પાસ પરમાત્મા હૈ. આહા! અર્થાત્ શુદ્ધોપયોગરૂપી ચારિત્ર જો ધર્મ ઉસકા કારણ તો પરમાત્મા દ્રવ્યસ્વરૂપ હૈ, સમજમેં આયા? આહાહા!

યહી વિદ્યમાન પરમાત્મા વિદ્યમાન હૈ. દેખો! સાક્ષાત્ શુદ્ધોપયોગ કહા ન ઉસમેં? સાક્ષાત્ ઉપયોગ એટલે સીધો શુદ્ધોપયોગ. જુઓ! વર્તમાન હૈ સાક્ષાત્ શુદ્ધોપયોગ પરિણામ. આત્મા ઉપયોગસ્વરૂપ હૈ ત્રિકાળ. યે તો ત્રિકાળ ઉપયોગસ્વરૂપ. ત્રિકાળ શુદ્ધોપયોગ... **उवएगे उवओगो** આતા હૈ ન સંવર અધિકારમેં? (ગાથા ૧૮૧-૧૮૩). ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ક્રોધાદિ નહીં, ઉપયોગમાં ઉપયોગ છે અર્થાત્ શુદ્ધ પરિણતિરૂપી સંવરમેં આત્મા હૈ. વહાં ઐસા લિયા હૈ ભાઈ! સંવર અધિકાર. પહેલી જ ગાથા. **उवएगे उवओगो...** ઉપયોગે ઉપયોગઃ એટલે? અર્થાત્ મેરા શુદ્ધ પરિણામ જો ઉપયોગ ઉસમેં આત્મા ઉપયોગ હૈ. આહાહા! સમજમેં આયા? અરે! માર્ગ તો જુઓ! વીતરાગી માર્ગ યે હૈ. લોગોંકો યે બાત ઐસી લગે કિ યે ક્યા હૈ? વ્યવહાર ક્રિયાકાંડના રુચિવાળાને આ વાત... આહાહા! વ્યવહાર હો, પણ વ્યવહાર યે આસ્રવ હૈ. આહાહા!

માર્ગ તો યે હૈ પ્રભુ! અરેરે! જન્મ-મરણના આરા... ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો. દુઃખી.. દુઃખી.. એ રાજા દુઃખી, શેઠિયા દુઃખી. એ શેઠ! દુઃખી હૈ. ધૂળમાંય સુખી નહીં. લોકો સુખી કહે મૂરખ છે. એ પણ મૂરખ છે એમાં સુખ માને તો. એ શેઠ! વસ્તુ તો જે હોય એ હોય કે નહીં? જિસમેં સુખ નહીં ઇસમેં સુખ માનના યે મૂર્ખપના હૈ.

શ્રોતા : જબ તક નહીં જાનેંગે તબ તક..?

પૂજ્ય ગુરુદેવશ્રી : તબ તક મૂર્ખાઈ હૈ, યે તો કહતે હૈં. અજાણ્યા એ મૂર્ખા છે. આહાહા!

ત્રણ લોકનો નાથ, ત્રિલોકનો નાયક પરમાત્મા અપના નિજસ્વરૂપ ઉસમેં સુખ હૈ, તો ઉસકે આશ્રયસે પરિણતિમેં સુખ ને આનંદ પ્રગટ હોતા હૈ. યે શુદ્ધોપયોગમેં આનંદ હૈ. શુભ-અશુભ પરિણામમેં દુઃખ હૈ. સમજમેં આયા? દુઃખ યે કોઈ બહારકી ચીજમેં નહીં રહતા. દુઃખ તો અપને પરિણામમેં, શુભ ને અશુભ પરિણામ વહી દુઃખ હૈ. અને સુખ કોઈ બહારમેંસે નહીં આતા. ભગવાન આત્મા સનાતન આનંદની મૂર્તિ પ્રભુ, જિસમેં અતીન્દ્રિય આનંદ હૈ. આ શરીર માંસના ચૂંથણા, હાડકાના ચૂંથણા અને એમાં માને કે મને મજા છે, મૂઢ હૈ, મિથ્યાદૃષ્ટિ હૈ.

આહાહા! કેટલા છ છ દિકરા હોય, પૈસા લાખો હોય, મજા કેટલી લાગે? લો. છ માળ ઉપર .... લાગે મજા. મજા હતી કે દિ'? એ ચીમનભાઈ! આ બેય વેવાઈ છે પૈસાવાળા. લ્યો, ધૂળવાળા. માને છે ને? હતો કે દિ'? રાગવાલા ભી આત્મા નહીં તો ફિર ધૂળવાલા કહાંસે આયા? આહાહા!

કહતે હૈં આચાર્ય.... ટીકા તો જુઓ! મેરે શુદ્ધોપયોગમેં તો મેરા પરમાત્મા નિકટમેં હૈ હોં. ઉસ કારણસે–પરમાત્મા ધ્રુવસ્વરૂપકે કારણસે મેરા શુદ્ધોપયોગ ઉત્પન્ન હુઆ હૈ. યે શુભ પરિણામ હૈ તો શુદ્ધોપયોગ ઉત્પન્ન હુઆ હૈ—(ઐસા નહીં). સમયસારમેં ઓલું નાખ્યું છે... કેવું? મોક્ષમાર્ગપ્રકાશકમેં. કોઈ કહતે હે કિ શુભોપયોગ કારણ હૈ ને શુદ્ધોપયોગ કાર્ય હૈ. ઐસા હૈ નહીં. લિયા હૈ, મોક્ષમાર્ગમેં બહોત લિયા હૈ. હજારો બોલકા ખુલાસા હૈ મોક્ષમાર્ગપ્રકાશમેં. સાતવે અધ્યાયમેં. કહતે હૈં, ઓહો! મેરા આત્મા, સનાતન પ્રભુ પરમેશ્વર મેરા આત્મા હૈ. આહાહા! મૈં હી દેવાધિદેવ હૂં. સમજમેં આયા? ઐસા દેવાધિદેવ પરમાત્મા અપના નિજ સ્વરૂપ સનાતન, ઉસકે સાક્ષાત્ શુદ્ધોપયોગમેં કારણ તો યે આત્મા હૈ. સમજમેં આયા?

એ એકત્વસપ્તતિનો આધાર આપે છે. પદ્મનંદી પંચવિંશતિ હૈ ન? અધિકાર છબ્બીસ હૈં, પણ ઉસકા નામ પચ્ચીસ ચલતા હૈ. 'પદ્મનંદી પંચવિંશતિ' હૈ ન નામ? અધિકાર છબ્બીસ હૈ, પણ પદ્મનંદી પંચવિંશતિ ઐસા નામ પ્રસિદ્ધ હૈ. યે ગ્રંથ પ્રસિદ્ધ ઐસે હૈ. અધિકાર તો છબ્બીસ હૈં. એકત્વસપ્તતિ નામકા અધિકાર વહ યહાં વાંચા હૈ. એકત્વસપ્તતિ. વ્યાખ્યાન નહીં દિયા. આ ૯૫માં ત્યાં રસ્તામાં ચાલ્યું હતું. રસ્તામાં ઓલું ગામ નહીં? નિશાળમાં ચાલ્યું હતું. એકત્વસપ્તતિ. કેવું? ૯૫માં તમે નહોતા. ૯૫માં આપણે અહીં બહાર કાઠકોરડા... બહાર...... ઓલો આવ્યો હતો. ..... જમાદારના મકાનમાં નહીં? ઓલો ડાકુ આવ્યો નહોતો પાણી પીવા? કોટડાપીછા.

કોટડાપીછામાં બહાર એક ફેરી હતાને એક ડાકુ આવ્યો હતો. એક ડાકુને રાખેલો.. તમારે શું કહેવાય કોર્ટમાં એને? સાક્ષી. તાજનો સાક્ષી. નહીંતર હતો તો ડાકુ મોટો. અને અમે જ્યાં ઉતર્યા હતા ત્યાં પાણી પીવા આવ્યો હતો. જીવોબચિયો. એ તો ઓલા કહે, મહારાજ! આ ડાકુ છે લૂંટારે મોટો. પણ એને સરકારનો તાજ... શું કીધું? તાજનો સાક્ષી કરીને અમે છૂટો કર્યો છે એટલે બધી માહિતી ચોરીની જાણીને આપશે. નામ જીવાબચીયા. પણ એને સરકારને કહે તાજનો સાક્ષી એમ છે ને. એ ચોર હોય, ગુનેગાર બહોત બડા હો, પણ બધા ગુનેગાર.... ને સાચી સાક્ષી આપે તો એને તાજનો સાક્ષી... એવું કાંઈ છે, માણેકચંદભાઈ ને રામજીભાઈ..... કહો, સમજાણું કાંઈ? એના પહેલાં આપણે ૯૫માં નિશાળમાં ગયા હતા. તમે હતા ત્યારે. ઓલા નિશાળમાં ત્યાં આ વાચ્યું હતું. એકત્વ અધિકાર. ૯૫. બધા હતા, દામોદરભાઈ હતા ખાટડીયાવાળા. બીજીવાર ઉતર્યા હતા બહાર. પહેલા ૯૫માં ત્યારે તમે નહોતા. એ અધિકાર.

**ઇસીપ્રકાર એકત્વસપ્તતિમેં (–શ્રી પદ્મનંદિ-આચાર્યવરકૃત પદ્મનંદિ પંચવિંશતિકાકે એકત્વસપ્તતિ નામક અધિકારમેં ૩૯, ૪૦ તથા ૪૧ વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :—** લ્યો,

**तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम्।**
**चारित्रं च च तदेकं स्यात् तदेकं निर्मलं तपः।।** ૧૮૩

આહાહા! ક્યા કહતે હૈં? પદ્મનંદી મહારાજ દિગંબર સંત વનવાસી. જિસકે શાસ્ત્રકો શ્રીમદ્ વનશાસ્ત્ર કહતે હૈં. પદ્મનંદી શાસ્ત્રકો વનશાસ્ત્ર કહતે હૈં. એ પદ્મનંદી. આ કુંદકુંદાચાર્ય નહીં. ૯૦૦ વર્ષ પહલે વનવાસમેં રહનેવાલે. મુનિ તો જંગલમાં માણસના પગરવ નહીં ત્યાં ધ્યાનમાં મસ્ત રહેતા હતા. સમજમેં આયા? એ પદ્મનંદી આચાર્ય ઉન્હોંને બનાયા શ્લોક. શ્રીમદ્ રાજચંદ્ર પદ્મનંદીકો વનશાસ્ત્ર કહતે હૈં, વનશાસ્ત્ર. વન સમજે? જંગલ. જંગલમેં બનાયા માટે જંગલકા શાસ્ત્ર હૈ વહ. એ નહીં. એ તો કુંદકુંદાચાર્ય. યે દૂસરે. દૂસરે કહા ન? આ તો પદ્મનંદી ૯૦૦-૧૦૦૦ વર્ષ પહલે હુએ અને વે ૨૦૦૦ વર્ષ પહલે હુએ. કુંદકુંદાચાર્યકા નામ પદ્મનંદી હૈ યે વહ નહીં. સમજમેં આયા? માથે શ્લોક.

**શ્લોકાર્થ : વહી એક (–વહ ચૈતન્યજ્યોતિ હી એક) પરમ જ્ઞાન હૈ...** ઉસકા અર્થ કિ અપને સમ્યગ્જ્ઞાનકી દશા ચૈતન્યજ્યોતિકે આશ્રયસે ઉત્પન્ન હોતી હૈ. શ્લોકમેં ઐસા હૈ ન? **तदेकं परमं ज्ञानं..** એ આ. આત્મા હી પરમજ્ઞાન અથવા આત્માકા ભાન હુઆ ઉસ જ્ઞાનમેં પરમજ્ઞાન ઐસા આત્મા કારણ હૈ, તો ઉસકો હી પરમજ્ઞાન કહનમેં આતા હૈ. પર્યાયકો પરમજ્ઞાન કહનેમેં આતા હૈ, સમ્યગ્જ્ઞાન. સમજમેં આયા? ઓહો! જ્ઞાનકા નિધાન ભગવાન, અપની જ્ઞાનદશામેં તો જ્ઞાનકા નિધાન હી આશ્રય, કારણ હૈ. વહ તો પહલે આ ગયા ૧૦૦ ગાથામેં. **आदा खु मज्ज णाणे...** મેરે જ્ઞાનકી સમ્યક્ દશાકા કાર્યમેં કારણ તો મેરા આત્મા હૈ. ગુરુ નહીં, દેવ નહીં, શાસ્ત્ર નહીં, વિકલ્પ નહીં, એક સમયકી પર્યાય નહીં. આહાહા! તે જ એક ચૈતન્યજ્યોતિ એક પરમજ્ઞાન છે. એ પર્યાય છે. યે પર્યાય હૈ. આ ગયા યહાં અધિકાર. ૧૦૦મી ગાથાનો આધાર આપે છે.

**વહી એક પવિત્ર દર્શન હૈ... शुचि** હૈ ન? **शुचि दर्शनम्..** સમ્યગ્દર્શન. પવિત્ર સમ્યગ્દર્શન યે આત્મા હી હૈ. ક્યોંકિ આત્માકે આશ્રયસે ઉત્પન્ન હુઆ વહ આત્મા હૈ. વહ તો સમયસારમેં લિયા હૈ. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. આહાહા! સમજમેં આયા? ત્રિલોકનાથ ત્રણ લોકનો જ્ઞાયેકપ્રભુ અપના નિજ સ્વભાવ વહી પરમજ્ઞાનકા કારણ હૈ. મતિજ્ઞાનકા વહ કારણ, શ્રુતકા વહ કારણ, અવધિકા વહ કારણ, મનઃપર્યયકા વહ કારણ ને કેવળજ્ઞાનકા વહ કારણ હૈ. આહાહા! સમજમેં આયા? કેવળજ્ઞાનકે પૂર્વે ચાર જ્ઞાન હો અને વ્યય હોકર કેવળજ્ઞાન ઉત્પન્ન હો—ઐસા નહીં, યહાં તો કહતે હૈં. પૂર્વકે જ્ઞાનકે કારણસે કેવળજ્ઞાન

ઉત્પન્ન હુઆ ઐસા નહીં. યે કેવળજ્ઞાન ત્રિકાળી જ્ઞાયકભાવસે ઉત્પન્ન હુઆ હૈ. આહાહા! સમજમેં આયા?

મોક્ષ મોક્ષમાર્ગસે ઉત્પન્ન નહીં હોતા એમ કહતે હૈં. ગજબ વાત છે ને! નહીં, મોક્ષ કહો કિ કેવળજ્ઞાન કહો કિ અનંત આનંદ અને અનંત વીર્ય, અનંત દર્શન કહો. ઐસી અનંતચતુષ્ટય પર્યાય ઉસકા કારણ દ્રવ્ય હૈ–વસ્તુ હૈ ધ્રુવ. જિસકી ખાણમેં અનંત આનંદ ને અનંત જ્ઞાન પડા હૈ ઐસા મેરા સનાનત પ્રભુ અનાદિ-અનંત.. આદિ નહીં, અંત નહીં, અપૂર્ણતા ને વિકાર નહીં. આહાહા! ભાવમાં આટલું આવવું જોઈએ હોં. ભાષા યે દૂસરી ચીજ હૈ. સમજમેં આયા ન? સમજમેં અંતરમેં ભાન... આહાહા! અંતર્મુખ ચીજ જે પરમજ્ઞાનનું કારણ.. યે જ્ઞાનકા કારણ અંતર્મુખ ચીજ હૈ, કહતે હૈં. જ્ઞાન ઉત્પન્ન હુઆ પર્યાયમેં, પણ પર્યાયકા કારણ દ્રવ્ય હૈ એમ કહતે હૈં.

**आदा खु मज्झ णाणे...** ઐસે સમ્યગ્દર્શનમાં ભી હમારા આત્મા હી કારણ હૈ. વહી ચારિત્ર. આત્મા ચારિત્ર હૈ. ઉસકા અર્થ ચારિત્રકા આશ્રય આત્મા હૈ. સમજમેં આયા? વીતરાગ અતીન્દ્રિય આનંદકી દશા ઐસા ચારિત્ર.. આહાહા! યે ચારિત્રકા... ચારિત્ર હી આત્મા, બસ. અર્થાત્ આત્માકે આશ્રયસે ઉત્પન્ન હોતા હુઆ તો વહ આત્મા હી હૈ. આહાહા! ચારિત્ર કોઈ દેહકી ક્રિયા, પંચમહાવ્રતકા વિકલ્પ વહ ચારિત્ર કોઈ હૈ નહીં અને ઉસ કારણસે ચારિત્ર હૈ ઐસા ભી નહીં. આહાહા! યહાં તો ભગવાન પદ્મનંદી, જેમ કુંદકુંદાચાર્ય... દિગંબર સંતોકી હરેકકી એક હી બાત હૈ. કોઈમેં કોઈ ફેર હૈ નહીં. દો હજાર વર્ષ પહલે હો કિ કલકે હો, સચ્ચે હોં, કિ અનંત કાળકે હો, બાત તો સર્વ સંતોંકી 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' આહાહા!

**વહી એક ચારિત્ર હૈ તથા વહી એક નિર્મલ તપ હૈ.** દેખો! અમૃતકી ધારા વહે યે તપ. અમૃતકી ધારા સુખકે સાથ.. સુખકા ફવારા ફટે. સમજમેં આયા? જિસમેંસે અનંત આનંદકા ફવારા ફટે (વહ) ફવારેકા આત્મા કારણ હૈ. લોકોને વ્યવહાર એવો લાગે છે... હો વ્યવહાર, પણ કારણ કાંઈ નહીં. અને કહીં કહનેમેં આયા હો કારણ ને હેતુ, યે તો નિમિત્તકા જ્ઞાન કરાનેકો કહા હૈ. વહ આયા ન છઢાળામેં? 'હેતુ નિયતકો હોઈ...' (ઢાળ ૩, છંદ ૨). જ્ઞાન તો, નિમિત્ત હૈ તો જ્ઞાન તો (હોતા હૈ). 'સત્યાર્થ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.' (ઢાળ ૩, છંદ ૧). યે આતા હૈ છઢાળામેં. હા, એ. પણ એ કારણ એટલે સત્યાર્થ. ખેંચાતાણ એ અસત્યાર્થ. આહાહા! સત્યાર્થ ભગવાન આત્મા ત્રિકાળી એને આશ્રયે ઉત્પન્ન થયેલો મોક્ષમાર્ગ તે સત્યાર્થ (અને) પરને લક્ષે ઉત્પન્ન થયેલો વ્યવહાર મોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ અસત્યાર્થ ને જૂઠો છે. સમજમેં આયા? આહાહા!

શ્રોતા : કથંચિત્ કારણ...?

પૂજ્ય ગુરુદેવશ્રી : કથંચિત્ કારણ નહીં, એકાંત કારણ આત્મા. પરકા કારણ નહીં. સર્વથા પરકા કારણ નહીં ઐસા આત્મા, ચારિત્ર-જ્ઞાન-તપ ઉસકા આધાર સર્વથા આત્મા હૈ. થોડુંક ઝેર કારણ ને થોડુંક અમૃત કારણ—ઐસા હૈ?

શ્રોતા : વ્યવહારકારણ ઝેર હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઝેર હૈ. વિષકુંભ ન કહા? શુભરાગ યે તો જહરકા ઘડા હૈ. ઝેરનો ઘડો. મીઠું.. મીઠું.. લાગે. વેરી મીઠો લાગે. આત્માકે સ્વભાવસે વિરુદ્ધ વેરી–દુશ્મન રાગ મીઠા લગે. આહાહા! સમજમેં આયા? માર્ગ હૈ ઐસા ભાઈ! અરે! ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈ થઈને રખડ્યો. સમ્યગ્દર્શનકી કિતની કિંમત! જો સમ્યગ્દર્શન દ્રવ્યકે આશ્રયસે પ્રગટ હો કિ જિસસે ભવભયકા નાશ હો જાય. આહાહા! સમજમેં આયા?

**વહી એક નિર્મલ તપ**... એમ છેને? **निर्मलं तपः**.. તપકી વ્યાખ્યા આજ પૂછતા થા કોઈ. 'તપસા નિર્જરા' કહા ન તત્ત્વાર્થસૂત્રમેં? યે તો નિમિત્તકા કથન હૈ, યે તપ નહીં. 'નહીં'કો કહના યે વ્યવહાર. ભગવાન આત્મામેં ઉગ્રપને શુદ્ધતાકે આશ્રયસે નિર્મલ અમૃતકી ધારા વહે ઉસકા નામ સચ્ચા તપ હૈ અને યે તપકા કારણ પ્રભુ આત્મા હૈ. સમજમેં આયા? 'ઇચ્છા નિરોધ તપ' કહતે હૈં કિ નહીં? ઇચ્છાકા નિરોધ–રુક જાતી હૈ તો ઉત્પન્ન ક્યા હોતા હૈ? અણિચ્છા એટલે અમૃતકી ધાર વહે. આહાહા! અમૃતકી ધાર. અમૃતકા સાગર નાથ, નિજ સ્વરૂપ અમૃતકા–અતીન્દ્રિય સુખકા સાગર ઉસકા આશ્રય લેકર જો અમૃતધારા ઉત્પન્ન હુઈ, તો કહે છે, યે આત્મા હી હૈ. આત્માસે ઉત્પન્ન હુઆ યે આત્મા હૈ. પુણ્ય-પાપ જો પરસે ઉત્પન્ન હો યે આત્મા નહીં. આહાહા! અરે! અપની નિજશક્તિકા મહાત્મ્ય સુના નહીં. મહાત્મ્ય કભી આયા નહીં. બહારકા માહાત્મ્ય વિરોધી વિકલ્પ, નિમિત્ત ને આ ને તે... દુશ્મકા મહાત્મ્ય. કહતે હૈ, નિર્મલ... દૂસરા શ્લોક. પહલે ૩૯મેં આયા, હવે ૪૦મેં.

**नमस्यं च तदेवैकं तदेवैकं च मंगलम् ।**
**उत्तमं च तदेवैकं तदेव शरणं सताम् ।।**

આ 'અરિહંતા શરણં, અરિહંતા મંગલં' એ બધા વ્યવહાર. આ ભગવાન આત્મા... **શ્લોકાર્થ : સત્પુરુષોકો વહી એક નમસ્કારયોગ્ય હૈ...** નમનેયોગ્ય, ઢલનેયોગ્ય, ઝુકનેયોગ્ય, આદરનેયોગ્ય હો તો આત્મા.

શ્રોતા : સબકા નિષેધ હો ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : સબ છૂટ ગયા. હો વિકલ્પ ભગવાનકો નમસ્કાર આદિકા, પણ યે વ્યવહાર હૈ. આહાહા! યે તો **णविजिय**.. આતા હૈ અષ્ટપાહુડમાં.

શ્રોતા : ઐસા મત હી કહો મહારાજ! મંદિરોંકે તાલે પડ જાયેંગે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આ મંદિરમેં તાલા,,, કૌન જાતૈ હૈ મંદિરમેં? આહાહા! સત્યકો સુનનેસે, સત્યકા ભાન હોનેસે ઐસા બહુમાનકા શુભભાવ આયે બિના રહતા નહીં. અજ્ઞાનીકો સચ્ચા બહુમાન આતા હી નહીં. પંચાસ્તિકાયમેં કહા હૈ, ટીકા. પંચાસ્તિકાયમેં ટીકામેં લિખા હૈ, જ્ઞાનીકી ભક્તિ વહી સચ્ચી ભક્તિ હૈ. અજ્ઞાનીકી ભક્તિ રાગમેં ભક્તિ હૈ. આહાહા!

અરે! મહા પ્રભુ બિરાજે છે અનંતગુણકા પિંડ પ્રભુ, ઉસકા આશ્રય લિયે બિના દૂસરા મંગલિક હો, ઉસકી મના કરતે હૈં. સત્પુરુષો... લખ્યુંને એમાં? **सताम्... सताम्** એટલે સત્પુરુષ. **सताम्**–સત્–ચૈતન્યપુરુષકા આશ્રય જિસને લિયા હૈ ઐસે **સત્પુરુષોંકો વહી એક નમસ્કાર યોગ્ય હૈ**... ભગવાન પૂર્ણાનંદકા નાથ યે નમસ્કાર યોગ્ય હૈ. નમસ્કારકી પર્યાય ઉસકે આશ્રયસે હોતી હૈ. વીતરાગકી પર્યાય વીતરાગ આત્માકે આશ્રયસે હોતી હૈ. **नमः समयसाराय** નહીં આતા? પહેલો શ્લોક. **नमः समयसाराय**.. સમયસારકો મૈં નમસ્કાર કરતા હૂં. યે આત્મા સમયસાર. ઉસમેં મૈં ઢલતા હૂં, ઝૂકતા હૂં, ઉસમેં મૈં નમન કરતા હૂં–નમ જાતા હૂં. રાગસે જો નમન હૈ ઉસસે છૂટ જાતા હૂં. આહાહા! સમજમેં આયા?

અરે! થોડા દુઃખ સહન હો નહીં, વહ મિથ્યાત્વ જૈસા બડા દુઃખ પાતા હૈ ફિર ભી ઉસકી દરકાર નહીં. થોડી પ્રતિકૂલતા આ જાય તો સહન ન હો. શરીરમેં આલસ-વિલસ હોય જાય, તૃષા લગે ઐસી લાગે, ફાટ ફાટ.. બુખાર આવે લ્યોને. ૧૦૬-૧૦૮ ડિગ્રી. વહ હમારે યહાં કહતે કાઠીયાવાડમેં કિ ધાણી ફૂટે એવો તાવ આવ્યો. ધાણી સમજતે હો? નહીં સમજતે. યે જુવાર નહીં હોતી? જુવાર. જુવારકો ભુંજતે ધાણી હોતી હૈ. એ ફૂલી. ફૂલી. યે જુવારકા ફૂલ. હમારે યહાં ધાણી કહતે હૈં. ભુંજતે હૈં ન. ઉસમેંસે વહ ધાણી ફૂલ.. ફૂલ જૈસા લગતા હૈ. યહાં કહતે હૈં, અરે! જગતમેં ધાણી જૈસા પિલા જાય ચોર્યાસીકે અવતારમેં. ભાઈ! તને ખબર નથી. જન્મ-મરણ કરના ઉસકા જો ભાવ મિથ્યાત્વ મહા દુઃખકા દાયક હૈ અને પ્રીતિસે ઉસકો ભેટતા હૈ. ........મિથ્યાત્ન છોડા અચ્છા હૈ. અરે! મિથ્યાત્વકા ભેટા ઉસકે ફળમેં અનંતી આકુળતા વર્તમાનમેં ભી હૈ અને ભવિષ્યમેં ભી હોગી. આકુલતાકા કારણ હૈ. આહાહા!

દુઃખફ્લા આવ્યુંને? **दुखफलादिणादोणं निवत्ते ते ही**... પુણ્યભાવ યે દુઃખરૂપ હૈ અને દુઃખકા કારણરૂપ હૈ. ભગવાન આત્મા સુખરૂપ અને સુખકા કારણરૂપ હૌ. આહાહા! **વહી એક મંગલ હૈ...** યે મંગલિક હૈ. મંગ નામ પુણ્ય, પવિત્રતા અને લ નામ લાતિ. પવિત્રતાકી પ્રાપ્તિ વહ ભગવાન આત્માસે હોતી હૈ. તો પવિત્રતા વહ મંગલ વહી આત્મા હૈ. આહાહા! વીતરાગી પર્યાય વહ મંગલ અને વહી મંગલકા કારણ આત્મદ્રવ્ય હૈ. 'અરિહંતા મંગલં' યે તો વિકલ્પ હૈ. આહાહા! સમજમેં આયા? 'મંગલમ્.' મંગલ.. મંગલકે દો અર્થ હોતે હૈં ન? મમ્–પાપ, ઉસકો ગાલે યે મંગલ અથવા મંગલ–પવિત્રતા, લ–લાતિ–પ્રાપ્તિ કરે વહ મંગલ. અસ્તિ-નાસ્તિસે. આહાહા!

**सताम्**–સત્પુરુષોંકો... દેખો! અહીં ભાષા. અરે! ધર્માત્મા સત્પુરુષોંકો મંગલ તો આત્મા હૈ. અને ઉસકે આશ્રયસે મંગલિક દશા ઉત્પન્ન હોતી હૈ વહી આત્મા હૈ. મંગલકે પરિણામકે સમીપમેં તો આત્મા હૈ. મંગલ પરિણામકે સમીપમેં અરિહંત હૈ (નહીં). આહાહા! યે તો પરમાત્મા કહા ને પરમસ્વરૂપ હી હૈ. આહાહા! ઐસા વિશ્વાસ લાના યે કોઈ સાધારણ ચીજ નહીં. ઉસકા ફલ ભવકા અભાવ. આહાહા! યે કોઈ બાતસે, વિકલ્પસે પૂરા નહીં પડતા. કહતે હૈં કિ યે મંગલિક હૈ. ભગવાન આત્મા મંગલિક, પણ મંગલ પરિણામકા કારણ આત્મા હૈ ઇસલિયે આત્મા મંગલિક હૈ. અપના આત્મા હી મંગલિકકા કારણ હૈ એમ કહતે હૈં. કહો સમજમેં આયા?

**વહી એક ઉત્તમ હૈ...** મંગલિકમેં ચાર આતા હૈ ન. વહી ઉત્તમ ને શરણ ને... લોગુત્તમા, મંગલિક ઔર શરણ—તીન આતે હૈં. 'ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં.., ચત્તારિ શરણં, ચત્તારિ લોગુત્તમા...' પણ યહાં તો કહતે હૈં કિ યે સબ વ્યવહાર હૈ. અપના ભગવાન આત્મા ઉસકે આશ્રયસે જો અવિકારી વીતરાગી પરિણતિ ઉત્પન્ન હુઈ વહ મંગલ ને ઉત્તમ હૈ અને યે ઉત્તમકા આધાર ભગવાન હૈ. અપના આત્મા ઉત્તમ આધાર હૈ. આહાહા! ભારે. એકત્વસપ્તતિ અધિકારમેં ઐસી ગાથા હૈ. પદ્મનંદી. યે હૈ ન. કહા ન ઉસમેં એકત્વસપ્તતિ નામકા અધિકાર હૈ. ના, યે તો ગાથા. અધિકાર કિતના? યે તો ગાથાકા નામ હૈ. ગાથાનો નંબર. કેટલામો અધ્યાય છે? એમ હું કહું છું. આપણે વંચાઈ ગયો છે. ઓહો!

**વહી એક ઉત્તમ**... આત્મપદાર્થ મહા ઉત્તમ–મહાન ઉત્તમ. ઔર ઉસકે આશ્રયસે દશા ઉત્પન્ન હો યે ઉત્તમ. એ ઉત્તમનો આધાર આત્મા એ ઉત્તમ. શુભાદિ પરિણામ યે ઉત્તમ નહીં. અરિહંત ભગવાન ભી આત્માકે ઉત્તમ પરિણામમેં વે ઉત્તમ નહીં. આહાહા! કહો, સમજમેં આયા? યે જાત્રાકા ભાવ–રાગ યે ઉત્તમ નહીં એમ કહતે હૈં. આ સાંભળવાનો ભાવ વિકલ્પ એ ઉત્તમ નહીં.

શ્રોતા : મધ્યમ તો હૈ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પંડિત મારગ નિકાલતે હૈં. ઉત્તમ નહીં, યે અનુત્તમ હૈ. મધ્યમ-ફધ્યમ હૈ નહીં. આહાહા!

**વહી એક ઉત્તમ**... ભગવાન આત્મા ઉસકે આશ્રયસે જો વિજ્ઞાનઘનકી પર્યાય ઉત્પન્ન હુઈ વહી ઉત્તમ હૈ અને ઉસ ઉત્તમમેં આધાર ભગવાન આત્મા ઉત્તમ હૈ. ગજબ વાત. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉત્તમ એમ નહીં, એમ કહે છે. આકરી વાત લાગે લોકોને. ભીખાભાઈ! આહાહા! **વહી એક શરણ હૈ**. પર્યાયમેં–વર્તમાનદશામેં ત્રિકાળી ભગવાન આત્માકે આશ્રયસે જો વિજ્ઞાનઘન શાંતિકી ધારા આઈ વહ શરણ અને ઉસ શરણમેં આત્મા શરણ. ઉસકા શરણ આત્મા. સમજમેં આયા? વાત એવી છે ભાઈ! આ તો જડની ભાષા ક્યાંય.... પર પર્યાયરૂપ હુઆ, વહ શક્તિરૂપ હૈ. અપના આત્મા સાક્ષાત્ હુઆ વહ પર્યાય હુઈ. અપનેમેં હોં. પર સાક્ષાત્ હો વહ તો પર હૈ.

પર સાક્ષાત્ પરમાત્મા સમવસરણમેં બિરાજમાન ઉસકા શરણ લેને જાય તો શુભરાગ હૈ. એ પંડિતજી! પંડિતજીને માર્ગ નિકાલા થા કિ ઉત્તમ નહીં તો મધ્યમ હૈ કિ નહીં?

શ્રોતા : પહેલે જાવું તો પડશે?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ જાય? અપને સ્વરૂપમેં જાના પડેગા. સમજમેં આયા? વિકલ્પ હો ને ઐસી દેહકી ક્રિયા હોનેવાલી હો, વહાં ભી અપને સમીપમેં જાયેગા તો લાભ હોગા. ભગવાનકે સમીપમેં જાયેગા તો લાભ હોગા (ઐસા નહીં). નિજ ભગવાન આત્મા... પન્નાલાલજી! ભારે વાત ભાઈ! લોકોને... શાસ્ત્રમેં સબ બાત પડી હૈ, પણ વાંચતે નહીં. પછી (કહે), સોનગઢ એકાંત હૈ, સોનગઢ એકાંત હૈ. આહાહા!

યે નિશ્ચયકે આગે વ્યવહાર તો તુચ્છ ચીજ હૈ. સમજમેં આયા? સમાધિશતકમેં લિયા હૈ, ઇસમેં અપને અષ્ટપાહુડમેં લિયા હૈ. જે માણસ એક દિનમાં પાંચસો જોજન કાપે, ઉસકો એક ગાઉ કાટના, એક કોસ કાટના ઉસકી ક્યા વિશેષતા હૈ? એમ જો પરિણામસે આત્માકો મુક્તિ મિલે, ઉસકો સ્વર્ગકે પરિણામકી ક્યા કિમત હૈ? વહ તો અંદર આયેગા હી .... પાઠ હૈ. અષ્ટપાહુડમેં હૈ ઔર સમાધિશતક પૂજ્યપાદસ્વામી. પૂજ્યપાદસ્વામી સર્વાર્થસિદ્ધિ ટીકા. આહાહા! એકેક શાસ્ત્ર અમૃત છે, પણ સમજે એને. ના સમજે એને પાના છે જડ. આહાહા! કહતે હૈં, જિસકી શક્તિ એક દિનમેં પચ્ચીસ કોસ ચાલનેકી હૈ વહ ક્યા એક ગાઉકા.. એક ઘંટેમેં એક ગાઉ ચલના મુશ્કેલ હૈ? સમજમેં આયા? ઐસે જિસે આત્માકે આશ્રયસે પરિણામમેં મુક્તિ લેનેકી તાકાત હૈ, ઉસમેં બીચમેં સ્વર્ગ લેનેકા પરિણામ તો સહજ આયે બિના રહેગા નહીં, એમ કહતે હૈં. આહાહા!

સ્વર્ગકી રુદ્ધિ તો સમકિતીકો તો દાહ સમાન હૈ. કહા ન ઉસમેં. 'ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરીખે ભોગ, કાગ વીટ સમ માનત હૈ એ સમ્યગ્દૃષ્ટિ લોક.' આહાહા! શેઠી! ન્યાં મંદિરમાં લખ્યું છે અજમેરમાં... ઓલા શું કહેવાય? ઇન્દોરમાં. કાચના ઓલામાં. 'ચક્રવર્તીકી સંપદા ને ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ...' મનુષ્યની વિષ્ટા તો હજી ભૂંડેય ખાય. કાગ વિષ્ટા તો કોઈ ખાઈ શકે નહીં. ઐસી સુકી ને ઐસી ખરાબ. કાગ.. કાગ–કૌઆ. ઐસે ભાગ્યોદયકો સમકિતી કાગ વીટ સમ માનતે હૈં. આહાહા! અપને આનંદકા ઉદયકો અમૃતકા સાગર ઉછલતા હૈ ઐસે માનતે હૈં. સમજમેં આયા? **તથા વહી એક શરણ હૈ.** યે પદ્મનંદી પંચવિંશતિમેંસે નિકાલા હૈ.

**आचाराश्च तदेवैकं तदेवावश्यकक्रिया ।**
**स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः ।।**

આહાહા! **શ્લોકાર્થ : અપ્રમત્ત યોગીકો...** જિસકી ધારા શુદ્ધ ઉપયોગમેં પડી હૈ... આહાહા! **વહી એક આચાર હૈ...** સ્વરૂપમાં એકાગ્રતાના આનંદનો આચાર તે એક આચાર છે. વ્યવહાર આચાર યે તો વિકલ્પ હૈ હી. આહાહા! જ્ઞાનાચાર, દર્શનાચાર આતા હૈ કિ નહીં?

ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર—યે તો વિકલ્પ ને રાગ હૈ. યે એક આચાર હૈ, આનંદકંદ સનાતન પ્રભુ ઉસમેં એકાગ્રતા હો અને અમૃતકી ધારા વહે યે આચાર હૈ. ઇસ આચારકા આધાર આત્મા હૈ. ઇસ આચારકા આધાર વ્યવહારકા વિકલ્પ નહીં. આહાહા! પ્રવચનસારમેં લિયા હૈ ઐસા, ચરણાનુયોગમેં. પંચવ્યવહાર આચારકા હોં. મૈં જાનતા હૂં, તું મેરી ચીજ નહીં, મેરા સ્વરૂપ નહીં, પણ જબ લગ મુજે (પૂર્ણ) વીતરાગતા ન હો તબલગ તેરે પ્રતાપસે મૈં અંદરમેં જાઉં—ઐસા ચરણાનુયોગમેં કથન વ્યવહારકા હૈ. પંચાચાર વ્યવહાર હોં. કહતે હૈં મુનિ કિ તુમ મેરી ચીજ નહીં. મુજે ખ્યાલ હૈ, પણ તુમ આયે બિના રહતે નહીં. તુમ્હારે આધારસે હમ નિશ્ચયમેં જાયેંગેં ઐસા વ્યવહારકા કથન વહાં કિયા હૈ. ચરણાનુયોગ. પ્રવચનસાર ત્રીજો ભાગ. સમજમેં આયા?

આ આચાર. જિસકે પાસ નિશ્ચય આચાર હૈ, સ્વભાવકે આશ્રયસે નિર્વિકલ્પ આનંદકી અનુભૂતિ, આનંદકી અનુભૂતિ આત્મા, આનંદકી અનુભૂતિ, આનંદમય એની અનુભૂતિ, યે આચરણ આત્માકા હૈ. અને ઇસ આચરણકી ભૂમિકામેં જ્ઞાનાચાર, વિનય, તપ આદિ આતા હૈ ન? વિનયસે પઢના, આચરણ, સૂત્ર અર્થ... યે સબ વિકલ્પ હૈ. વ્યવહાર હૈ, પણ વહ વ્યવહાર વાસ્તવિક તત્ત્વ હૈ નહીં. યે આચાર નહીં એમ કહતે હૈં. 'નહીં' ઉસકો કહના, ઉસકા નામ વ્યવહાર હૈ. આહાહા!

શ્રોતા : .... કહેવું વ્યવહારથી, એ વાત જ ગળે ઉતરતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : ગળે ઉતરતી નથી સાચી વાત છે. વહ કહા ન મોક્ષમાર્ગ(પ્રકાશક)મેં. વ્યવહાર કારણ-કાર્યકો.. કારણ-કાર્યકો એકદૂસરેમેં મિલાકર કહતા હૈ. યે માન્યતા મિથ્યાત્વ હૈ. ઐસા લિયા હૈ.

શ્રોતા : પક્કી-પક્કી બાત બતાઓ.

પૂજ્ય ગુરુદેવશ્રી : યે ક્યા બતાતે હૈ? યહાં કચ્ચી તો ચલતી હી નહીં. આયા કિ નહીં ઉસમેં? પક્કી લગાઓ પક્કી એમ કહતે હૈં, શેઠ!

દેખો! ક્યા કહતે હૈં? ક્યા આયા? યહાં ૨૫૫ દેખો! વ્યવહારકા શ્રદ્ધાન છોડકર નિશ્ચયકા શ્રદ્ધાન કરના. વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યકો, ઉસકે ભાવકો કારણ-કાર્ય કિસીકે કિસીમેં મિલાકર નિરૂપણ કરતા હૈ. ઐસે શ્રદ્ધાનસે મિથ્યાત્વ હૈ. (પાનું) ૨૫૫, મોક્ષમાર્ગપ્રકાશક. ભગવાન કહતે હૈં યે આધાર. ભગવાન કહતે હૈં ઉસકા સ્પષ્ટીકરણ કિયા ઉન્હોંને. ઘરકા કહા હૈ કોઈ? સમજમેં આયા? સબ શાસ્ત્રકે આધારસે લિખા હૈ સબ. હા, છેને દરેકમાં. વ્યવહાર હેય હૈ, ઝેર હૈ. વ્યવહાર તે હેય ને નિશ્ચય તે ઉપાદેય હૈ તો ઉસકા અર્થ ક્યા હુઆ? સમજમેં આયા? વ્યવહાર બાત કરતા હૈ ઐસા માનના વહ મિથ્યાત્વ હૈ. દેખો! વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યકો.. એક દ્રવ્યમેં દૂસરે દ્રવ્યકી બાત કરે, એક ભાવમેં દૂસરે ભાવકી બાત કરે, એક

કારણમેં દૂસરે કારણકી બાત કરે, એક કાર્યમેં દૂસરેકા કાર્ય બતાવે—ઐસા નિરૂપણ કરતા હૈ. ઐસે શ્રદ્ધાનસે મિથ્યાત્વ હૈ. ઇસલિયે ઉસકા ત્યાગ કરના ઔર નિશ્ચય યથાયોગ્ય નિરૂપણ કરતા હૈ, કિસીકા કિસીમેં મિલાન કરતા નહીં—ઐસે શ્રદ્ધાની સમકિતી હોતા હૈ. કિતના સ્પષ્ટ કર દિયા હૈ દેખો! સમજમેં આયા?

યહાં કહતે હૈં, એક હી આચાર... આહાહા! **વહી એક આવશ્યક ક્રિયા હૈ...** એ સામાયિક, ચોવિસંથો યે સબ.... આત્મા વીતરાગમૂર્તિકે આશ્રયસે વીતરાગતા પ્રગટ હો યે આવશ્યક ક્રિયા. આહાહા! કહીં સમજમેં આયા? યે શ્રાવકકો આવશ્યક હૈ ન છ? યે તો વિકલ્પ હૈ, વ્યવહાર હૈ. એક હી આવશ્યક યહ હૈ.

શ્રોતા : યે તો મુનિકે લિયે અર્થ હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે! સમકિતીકો, સબકો. સરાગકી બાત કરતે હૈં, નીચેમેં ગૌણમેં સબ આ જાતે હૈં. પણ સમ્યગ્દૃષ્ટિકો શ્રદ્ધામેં તો ઐસી બાત હૈ ન ઉસકો. વ્યવહાર નહીં, વ્યવહાર નહીં. નિશ્ચય આવશ્યક ક્રિયા તો, હમારે જ્ઞાનાનંદકે આશ્રયસે હો વહ આવશ્યક ક્રિયા હૈ. આ ઉસમેં હૈ ન. યે નિયમસાર હૈ ન. ઉસમેં આયા ન. **णियमेण य जं कज्जं...** ત્રીજી ગાથા. **णियमेण य जं कज्जं...** વહાં નિયમ ક્યા કર્તવ્ય હૈ? નિશ્ચયકી બાત હૈ. નિયમસે કરનેલાયક... દેખો! **णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं...** નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા આધાર ભગવાન આત્મા હૈ અને યેહી નિયમસે કરનેલાયક હૈ. સમજમેં આયા? **विवरीयपरिहरत्थं...** અને નિશ્ચયસે વિરુદ્ધ રાગ ઉસકો છોડનેકે લિયે **भणिदं खलु सारमिदि...** નિયમસાર—નિયમ નામ નિશ્ચયમોક્ષમાર્ગ, સાર નામ વ્યવહાર રહિત, ઉસકા નામ નિયમસાર કહનેમેં આતા હૈ. આહાહા! બહુ આકરું. કુંદકુંદાચાર્યાદિ દિગંબરો સંતોએ ઘણું સ્પષ્ટ કર્યું છે! ઘણું સ્પષ્ટ કર્યું છે! કંઈ ફુદો રહેવા દીધો નથી. સમજમેં આયા?

વીતરાગી સંત હતાને! વીતરાગકી બાત કરે ગુરુ ઉસે કહીએ. આવે છેને આત્મ-અવલોકનમાં. આત્મ-અવલોકન હૈ ન દીપચંદજી. ઉસમેં શ્લોક લિખા હૈ. ગુરુ કિસકો કહીએ? 'મુહુ મુહુ વીતરાગભાવ કહે' વારંવાર વીતરાગતાકી હી બાત કરે, ઉસકો ગુરુ કહીએ. આત્મ-અવલોકન. દીપચંદજી સાધર્મી કૃત. આહાહા! **मुहु मुहु**–વારંવાર વીતરાગ.. વીતરાગ.. વીતરાગભાવ વહ ધર્મ, રાગ યે ધર્મ નહીં. વારંવાર કહે યે ગુરુ. પણ રાગસે માને ધર્મ અને મનાવે યે કુગુરુ હૈ. ભાઈ! પણ ઓલાને એમ થાય. આહાહા! જુઓ! વ્યવહારસે લાભ નહીં હોતા, કહતે હૈં. આ કહે, વ્યવહારસે લાભ હોતા હૈ. કારણ હૈ, હેતુ હૈ. યે તો નિમિત્તકા જ્ઞાન કરાયા હૈ. રાગ કોઈ હેતુ હોતા હૈ આત્માકા? વીતરાગ... યે તો પહલે લિયા ઉસમેં. પરસે નિરપેક્ષ સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ. રાગકી અપેક્ષા ઉસકો હૈ નહીં. વહ તો આયા હૈ પહલે શુરૂઆતકી ગાથામેં. સમજમેં આયા? આહાહા! અમૃત ભરા હૈ અમૃત.

**વહી એક આવશ્યક ક્રિયા હૈ**. કૌનસી આવશ્યક ક્રિયા? અવશ્ય કરનેલાયક વીતરાગી પર્યાય વહ આવશ્યક ક્રિયા, ઉસકા આધાર ભગવાન આત્મા હૈ. ઉસકી ધારામેંસે ધારા નિકલતી હૈ. વ્યવહાર રાગસે આવશ્યક ક્રિયા હોતી નહીં. આહાહા! ભાઈને કહા ન ઓલા નિહાલચંદભાઈ. નિહાલચંદભાઈને યહાંકા એક પઢા આત્માધર્મમેં કિ આવશ્યક છ નહીં, એક આવશ્યક અંતરકા આશ્રય કરના વહ આવશ્યક હૈ. ઐસે સુનકર તો ઉનકો ઐસે લગી, ઐસા આનંદ આયા. આહાહા! દેખા હૈ ઉનકો? યે આનંદ ક્યા કહું? એક આવશ્યક હૈ. અપને સ્વભાવકા આશ્રય લેકર સ્થિરતા કરના વહ આવશ્યક હૈ. ... વ્યવહાર ઉસમેં હો, યે અવશ્ય કરનેલાયક ચીજ હૈ નહીં. સમજમેં આયા? ઔર **તથા વહી એક સ્વાધ્યાય હૈ.** અપને આનંદકંદકી એકાગ્રતા કરના વહ એક સ્વાધ્યાય હૈ. સમજમેં આયા? સ્વ-અધ્યાય–અપના અધ્યાય. અપના સ્વરૂપ ઉસમેં વીતરાગતા પ્રગટ કરના વહ સ્વાધ્યાય હૈ અને ઉસ સ્વાધ્યાયકા કારણ ત્રિકાળી દ્રવ્ય હૈ. આહાહા! અબ ટીકાકાર સ્વયં......

(પ્રમાણ વચન ગુરુદેવ)

## શ્રાવણ વદ ૧૦, રવિવાર, તા. ૧૫-૮-૧૯૭૧
## શ્લોક- ૧૩૫, ૧૩૬, ગાથા-૧૦૧, પ્રવચન નં. ૯૫

યે નિયમસાર, નિશ્ચય ચારિત્ર અધિકારમેં પેટાભેદ પ્રત્યાખ્યાન હૈ. ઉસમેં ૧૩૫ શ્લોક હૈ, કળશ ૧૩૫.

**मम सहजसुदृष्टौ शुद्धबोधे चरित्रे**
**सुकृतदुरितकर्मद्वन्द्वसंन्यासकाले ।**
**भवति स परमात्मा संवरे शुद्धयोगे**
**न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्तयै पदार्थः।।१३५।।**

સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ અપનેમેં ક્યા વિચાર કરતે હૈં? જિસકો આત્મા શુદ્ધ અખંડ આનંદ અભેદકા અનુભવ હોકર પ્રતીત હુઈ વે ઐસે વિચાર કરતે હૈં. **શ્લોકાર્થ : મેરે સહજ સમ્યગ્દર્શનમેં** પરમાત્મા હૈ. મેરા સ્વભાવિક નિશ્ચય... 'સહજ' શબ્દ પડા હૈ ન? નિશ્ચય છે એના અર્થ. સહજ એટલે નિશ્ચય. નિશ્ચય સમ્યગ્દર્શનમેં મેરા ભગવાન આત્મા હી સમીપ હૈ, સમ્યગ્દર્શનમેં આત્મા હી આશ્રય હૈ. આહાહા! જુઓ! આ મુદ્દાની રકમ. રાગાદિ કષાયકી મંદતા વહ મેરે સમ્યગ્દર્શનમેં કારણ હૈ ઐસા નહીં. સમ્યગ્દર્શનમેં દેવ-ગુરુ-શાસ્ત્ર કારણ હૈં ઐસા ભી નહીં. કર્મકા ઉપશમ-ઉપશમ ઉસકે ઘર રહા, વહ ભી કારણ નહીં. મેરા સમ્યગ્દર્શન અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ ઉસકે અવલંબનસે ઉત્પન્ન હુઆ. દર્શનમેં આધાર ને અવલંબન તો આત્મા–પરમાત્મા મેરી ચીજ હૈ. આહાહા!

ઔર **શુદ્ધજ્ઞાનમેં...** ઓલામાં 'સહજ' શબ્દ વાપર્યો છે અને અહીં 'શુદ્ધ' વાપર્યો છે, એટલે સમ્યગ્જ્ઞાન. શુદ્ધ નામ સમ્યગ્જ્ઞાન વહ નિમિત્તસે, શ્રવણસે–સુનનેસે, વિકલ્પસે, વિચાર-મનનસે નહીં હોતા. ઐસા સમ્યગ્જ્ઞાન ચૈતન્ય સમ્યક્ સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન વિજ્ઞાનપિંડ યે મેરે સમ્યગ્જ્ઞાનમેં આશ્રય ને આધાર હૈ. ઉસસે મેરા સમ્યગ્જ્ઞાન પ્રગટ હુઆ હૈ. આહાહા! ગુરુકે પાસ કહના કિ આપકી કૃપાસે હમકો સમ્યગ્દર્શન હુઆ (ઔર) અંદરમેં ઐસે સમજના કિ અપને આશ્રયસે સમ્યગ્દર્શન (હુઆ)—વહ માયા નહીં? વહ કહતા થા કોઈ. નામ નહીં લેતે. તુમ ઐસે કહો... અંદરમેં ઐસે સમજો કિ હમારા સમ્યગ્જ્ઞાન-દર્શન હમારે આશ્રયસે હુઆ, બહારમેં ઐસે કહના કિ ગુરુ આપકી કૃપાસે હુઆ હૈ. યે તો માયા હૈ. ઇસલિયે નક્કી કરો કિ નિમિત્તસે ઉત્પન્ન હોતા હૈ યે બરાબર હૈ.—ઐસા હૈ નહીં. સમજમેં આયા?

યે ઉત્તર ખંડ... ઉત્તરખંડમેંસે આયી થી બાત. તુમ્હારા ઉત્તર.... અપના પરમાત્મા હી કારણ હૈ. દેવ-ગુરુ-શાસ્ત્ર યે કારણ હૈ હી નહીં. યે તો ઉપચારસે કારણ કહનેમેં આયા હૈ.

સમ્યગ્જ્ઞાનમેં વાસ્તવિક કારણ ભગવાન આત્મા હૈ. પૂર્ણાનંદકા નાથ અખંડ અભેદ ચીજ પરકી તો કર્તા નહીં, પણ રાગકી કર્તા નહીં ને એક સમયકી પર્યાયકી કર્તા નહીં. આહાહા! ઐસી ચીજ હૈ. અપને સમ્યગ્જ્ઞાનમેં અપના ભગવાન પરમાત્મા આધાર હૈ. આખિરમેં હૈ દેખો! **વહ પરમાત્મા હી હૈ**. તીસરી લીટી. વહી પરમાત્મા... એક સમયમેં-સેકંડકા અસંખ્યવાં ભાગ એક સમય-કાળ, ઉસમેં પૂર્ણાનંદ પ્રભુ અપના નિજાત્મા ધ્રુવ વહી સમ્યગ્જ્ઞાનમેં હેતુ હૈ.

લ્યો, ઓલામાં કહ્યુંને કે નિશ્ચયનો વ્યવહાર હેતુ છે. કહાં કહા? છઢાળા. 'હેતુ નિયતકો હોઈ..' કહો, પંડિતજી! નિયત યે તો વ્યવહારસે કથન હૈ. મેરે સમ્યગ્જ્ઞાનમેં ઔર સમ્યગ્દર્શનમેં હેતુ એટલે કારણ તો અપના પરમાત્મા હૈ જહાં નજર ડાલનેસે નિધાન ખૂલતા હૈ, યે નિધાન મેરે સમ્યગ્જ્ઞાનમેં કારણ હૈ. આહાહા! શાસ્ત્રમેં કહાં જ્ઞાન હૈ? વ્યવહાર મોક્ષમાર્ગ વિકલ્પ-રાગ હૈ, ઉસસે ભી હોતા નહીં એમ કહતે હૈં. મૂલચંદભાઈ! વ્યવહારમોક્ષમાર્ગ યે તો રાગ હૈ, બંધકા કારણ હૈ, પરલક્ષસે.. પરલક્ષસે ઉત્પન્ન હુઆ હૈ. યે આત્માશ્રયી ભાવ કહાં હૈ? સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. ભગવાન અંતર દ્રવ્યસ્વભાવમેં અંતર્મુખ હોનેસે સમ્યગ્જ્ઞાન-દર્શનકી પર્યાય પ્રગટ હોતી હૈ. બાહરસે હોતી નહીં. આહાહા!

ઔર મેરે **ચારિત્રમેં...** મુનિ હૈં ન. મેરી સ્વરૂપકી રમણતામેં, મેરી અતીન્દ્રિય આનંદકી મોજમેં મેરા પરમાત્મા સમીપ હૈ. આહાહા! સમજમેં આયા? પંચમહાવ્રતકા વિકલ્પ કિ ૨૮ મૂળગુણકા શુભરાગ વહ મેરે ચારિત્રમેં કારણ હૈ નહીં. આહાહા! ખજાનેમેં કહાં ખોટ હૈ કિ પરકા આશ્રય લે? અપના ખજાના પરિપૂર્ણ પડા હૈ. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય શાંતિ ને અતીન્દ્રિય પ્રભુતા-પરમેશ્વરતા. આહાહા! અતીન્દ્રિય પ્રભુતા આત્મામેં પૂર્ણ પડી હૈ. ઉસ પ્રભુતાકે આશ્રયસે મુજે જ્ઞાન ને ચારિત્ર હોતા હૈ. આહાહા! આ સંહનનને લઈને-વજનારાચસંહનનકો લેકર કેવલજ્ઞાન હોતા હૈ, મનુષ્યપના હો તો કેવલજ્ઞાન હૈ, મનુષ્યપનેમેં ક્ષયોપશમ મિલા તો હી ઉસકો કેવલજ્ઞાન હોતા હૈ—યે સબ બાત ઉપચારસે કથન હૈ. ઐસા હૈ નહીં. આહાહા! સત્ય ભગવાન સત્યાર્થ પ્રભુ, ભૂતાર્થ-છતો-હયાતી-મોજુદગીવાળું પૂર્ણ તત્ત્વ અનાદિ-અનંત વહી તત્ત્વ મેરે ચારિત્રમેં કારણ-હેતુ હૈ. જુઓ! આ નિશ્ચય સત્યની વાત. બાકી બધી ઉપચારની વ્યવહારની વાત. ઐસે માન લે વ્યવહારસે તો મિથ્યાત્વ હૈ એમ કહતે હૈં. પરસે હોતા નહીં. સ્વસે હોતા હૈ ઉસકા તો અનાદર કરતા હૈ. પરસે હોતા નહીં, (પણ) પરસે હોતા હૈ ઐસે માનતા હૈ. સમજમેં આયા?

મેરે **સુકૃત ઓર દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વકે સંન્યાસકાલમેં (અર્થાત્ પ્રત્યાખ્યાનમેં)...** શુભ ને અશુભ જો વિકલ્પ-રાગ હૈ યે કર્મદ્વંદ્વ હૈ. એ કર્મના બે જોડલા છે. સમજમેં આયા? મેરા નહીં. શુભ-અશુભભાવ કર્મદ્વંદ્વ એ કર્મની બે જોડલી છે દશા. આહાહા! ભાવકર્મ હોં. ધર્મ હૈ હી નહીં. ઇસકે સંન્યાસકાલમેં.. યૂં કહતે હૈં. શુભ-અશુભભાવકે ત્યાગકે કાળમેં મેરા પરમાત્મા આશ્રય હૈ,

આધાર હૈ. વૈદરાજજી! ઐસી ચીજ હૈ. એ દવા કરે શરીરની. કેપ્સુલ... આહાહા! આ દવા તો અંદરથી... આહાહા! લાગુ જ પડે. ઉસમેં ન પડે ઐસા (હૈ નહીં). વહ (બાહરકી દવા) તો લાગુ ન ભી પડે, મર જાય, ઇન્જેક્શન લગાવ્યું ને મરી ગયા. બાહરમેં ક્યા કરે?

વૈદ્ય–ડોક્ટર નહીં થા બડા સર્જન ભાવનગરમેં? ડોક્ટર થા, પણ ઉસકી અટક 'વૈદ્ય' થી. વૈદ્ય.. વૈદ્ય. થા ડોક્ટર, યહાં સર્જન થા ભાવનગરકી બડી હોસ્પિટલમેં. ઓપરેશન કરતા થા કિસીકા. ઐસા બૈઠ ગયા. પરકા ઓપરેશન કરતા થા વહાં અપના હો ગયા. પ્રેમ ચલા ગયા. આમ... અહીં. પોતે બેસવા જાય છે ત્યાં ખલાસ થઈ ગયા. અહીંયા આવ્યા હતા, બે-ત્રણવાર આવ્યા હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા એકવાર. વૈદ્ય 'ડોક્ટર' કહેવાતા વૈદ્ય. કેવા? હેમંતકુમાર. હેમંતકુમાર સર્જન. ક્યા કરે? દેહની સ્થિતિ પૂરી હોનેકા જો સમય હૈ, ઉસમેં કોઈ રખ સકે? આહાહા! કહતે હૈં, શુભ ને અશુભભાવ ઉસકે ત્યાગકે કાલમેં શરણ કૌન? આધાર કૌન? આશ્રય કૌન? આશ્રય પરમાત્મા મેરી ચીજ. મૈં પૂર્ણાનંદસ્વરૂપ હૂં ઉસકા આશ્રય લેતે હી શુભાશુભભાવકા ત્યાગ હો જાતા હૈ, વહ પ્રત્યાખ્યાન. સમજમેં આયા?

ઔર **સંવરમેં ઔર શુદ્ધ યોગમેં (–શુદ્ધોપયોગમેં)...** અપની વીતરાગી સંવરદશા ઔર શુદ્ધોપયોગ.. શુદ્ધોપયોગમેં **વહ પરમાત્મા હી હૈ.** 'પરમાત્મા હી હૈ' ઐસે લિખા હૈ. દૂસરા નહીં. 'હી' હૈ ન? **भवति स परमात्मा... न च न च भुवि कोऽप्यन्योस्ति मुक्तयै पदार्थः** આહાહા! અર્થાત્ **(અર્થાત્ સમ્યગ્દર્શનાદિ સભીકા આશ્રય-અવલંબન** ભગવાન **શુદ્ધાત્મા હી હૈ)...** શુદ્ધસ્વરૂપ જો ત્રિકાળ વહી, ધર્મકી–પ્રત્યેક ધર્મકી પર્યાય ઉસકા આશ્રય વહ શુદ્ધાત્મા હૈ. ધર્મકી પર્યાયમેં કોઈ ભેદ કિ પર્યાય કિ રાગ કિ નિમિત્ત (આશ્રય) હૈ હી નહીં. અસ્તિ-નાસ્તિ કી દેખો! આશ્રય શુદ્ધાત્મા હી હૈ. **મુક્તિકી પ્રાપ્તિકે લિયે જગતમેં અન્ય કોઈ ભી પદાર્થ નહીં હૈ, નહીં હૈ. न च न च...** યે અનેકાંત કિયા. ઐસે નહીં કિ વ્યવહારસે ભી હોતા હૈ ઔર નિશ્ચયસે ભી હોતા હૈ વહ અનેકાંત હૈ. યે અનેકાંત નહીં, યે તો ફુદડીવાદ હુઆ. ફુદડી સમજતે હૈં ન? ચક્કર.. ચકરડી. સમજમેં આયા? આહાહા!

મુક્તિ નામ અપની પરમાનંદ સિદ્ધદશા ઉસકી **પ્રાપ્તિકે લિયે જગતમેં અન્ય કોઈ ભી પદાર્થ નહીં હૈ, નહીં હૈ.** તીન લોકકે નાથ તીર્થંકર ભી મેરી મુક્તિકા હેતુ નહીં હૈં. એ શેઠ! હૈ કિ નહીં ઉસમેં? પઢા નહીં કભી? એમ કે દેશ-દેશની ભાષા શીખી છેને. દેશ-દેશકા ભાવ જુદા હૈ એમ શેઠ કહતે હૈં. દેશ-દેશકી ભાષા જુદી હૈ ને દેશ દેશકી શ્રદ્ધા ને પ્રરૂપણા ભી જુદી-જુદી હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા! દેશ-દેશમેં જહાં જાઓ વહાં હલવા તો આટા, ઘી ને ગુડસે હી હોતા હૈ. યથાર્થ દેશમેં તો યે ચીજ હૈ. **મુક્તિકી પ્રાપ્તિકે લિયે જગતમેં અન્ય કોઈ ભી પદાર્થ...** આહાહા! સમ્મેદશિખર ને શેત્રુંજય ને ગિરનાર ને ત્રણ લોકના નાથ સમવસરણમાં —

કોઈ કારણ (નથી). દિવ્યધ્વનિ આ ગઈ કિ નહીં? દિવ્યધ્વનિ નહીં, શાસ્ત્રકા વાંચન નહીં, શાસ્ત્રકા સુનના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમેં કારણ નહીં. કહો, સમજમેં આયા?

શ્રોતા : હમારા દિમાગ ખરાબ હો ગયા હૈ જો હમ યહાં આયે હૈં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યથાર્થ ક્યા હૈ વહ સમજને આયે હો. સમજમેં આયા? ભગવાન ઐસે કહતે હૈં... વહ તો વીતરાગ એક હી કહે કિ હમારે સન્મુખ દેખનેસે તુજે સમ્યગ્દર્શન નહીં હોતા. હમારે સંતોકો આહાર-પાણી દેનેસે–સુપાત્ર (દાન) દેનેસે તેરે સમ્યગ્દર્શન નહીં હોતા. સમજમેં આયા? યે તો એક વીતરાગ કહે અને વીતરાગકા શ્રદ્ધાવંત સમકિતી કહે. દૂસરા તો ન કહે. આહાહા!

અસ્તિ-નાસ્તિ કિયા દેખો! મેરા પરમાત્મા... શ્રદ્ધામેં તો (નક્કી) કરે કિ સ્વસન્મુખસે સબ પ્રાપ્ત હોતા હૈ. પરસન્મુખસે બિલકુલ કુછ ભી પ્રાપ્ત હોતા નહીં. ધર્મકા લાભ હોં. પ્રાપ્ત તો હોતા હૈ પરસન્મુખતાસે રાગ. સમજમેં આયા? આહાહા! પદાર્થ, કોઈ ભી પદાર્થ... બે વાર નકાર કિયા. **न च न च**... નહીં રે નહીં. મૈં હૂં પૂર્ણ પરમાત્મા, ધ્રુવ નિત્યાનંદ, સહજાનંદકી મૂર્તિ. યે મેરી પ્રત્યેક ધર્મ–વીતરાગી પર્યાયરૂપી ધર્મ—સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય, સમ્યગ્જ્ઞાન વીતરાગી પર્યાય, ચારિત્ર વીતરાગી પર્યાય, પ્રત્યાખ્યાન વીતરાગી પર્યાય, સંવર વીતરાગી પર્યાય, શુદ્ધોપયોગ વીતરાગી પર્યાય, સમજમેં આયા? ઉસમેં મેરા આત્મા હી કારણ હૈ, આશ્રય હૈ. દૂસરી કોઈ ચીજ નહીં, નહીં. આહાહા! ત્રણ લોકના નાથ એમ કહે છે. સમજમેં આયા? વહ મુનિ કહતે હૈં (ઔર) ઐસી ચીજ હૈ. ૧૩૬ કળશ.

**क्वचिल्लसति निर्मलं क्वचन निर्मलानिर्मलं**
**क्वचित्पुनर्निर्मलं गहनमेवमज्ञस्य यत्।**
**तदेव निजबोधदीपनिहताघभूछायकं**
**सतां हृदयपद्मसद्मनि च संस्थितं निश्चलम्।।१३६।।**

**अज्ञस्य** એટલે અજ્ઞાની. **શ્લોકાર્થ : જો કભી નિર્મલ દિખાઈ દેતા હૈ** ભગવાન આત્મા. અપને સન્મુખ દેખનેસે તો યે નિર્મલ દેખનેમેં આતા હૈ. સમજમેં આયા? અપના નિર્મળાનંદ શુદ્ધ પ્રભુ ધ્રુવ ઉસ તરફ દેખનેસે તો પર્યાયમેં ભી નિર્મલતા ને વસ્તુ ભી નિર્મલ દિખતી હૈ. **કભી નિર્મલ તથા અનિર્મલ દિખાઈ દેતા હૈ...** દ્રવ્યસ્વભાવસે દેખો તો નિર્મલ દિખતા હૈ, પર્યાયમેં રાગાદિ હૈ તો અનિર્મલ દિખતા હૈ. ઐસે પ્રમાણજ્ઞાનમેં દોનોં દિખતે હૈં. આહાહા! અપનેમેં અપને કારણસે હૈ, પરકે કારણસે નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ઉસ તરફ દેખનેસે તો નિર્મલ હૈ ઔર કભી ઉસ ઓર ભી દેખે ને રાગ તરફ દેખતા હૈ તો નિર્મલ અને અનિર્મલ દોનોં દેખનેમેં આતે હૈં. સમજમેં આયા? પર્યાયમેં ભી નિર્મલતા ને અનિર્મલતા દોનોં દેખનેમેં આતે હૈં. દેખો! તારા ઘરની વાત છે ને. આહાહા!

તારા દ્રવ્યની વાત... જો અપને સમ્યગ્દર્શનમેં દેખતે હૈ તો સમ્યગ્દર્શન નિર્મલ, વસ્તુ નિર્મલ, પણ પર્યાયમેં રાગ હૈ તો અનિર્મલ ભી દેખનેમેં આતા હૈ. દેખનેમેં આતા હૈ, જાનનેમેં આતા હૈ. સમજમેં આયા? યે અનિર્મલતા પરકે કારણસે નહીં. અપની પર્યાયમેં અપરાધ રાગકા હોતા હૈ તો ઐસે ભી દેખનેમેં આતા હૈ. આહાહા! **તથા કભી અનિર્મલ દિખાઈ દેતા હૈ...** ઔર કભી અકેલે રાગ ઉપર દૃષ્ટિ હો તો મલિન હી દેખનેમેં આવે. સમ્યગ્દૃષ્ટિકી બાત ચલતી હૈ હોં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં રાગ નહીં હૈ, વહ દૂસરી બાત હૈ. સમજમેં આયા? વહ તો સ્વભાવમેં નહીં હૈ, પણ પર્યાયમેં રાગ હૈ ઐસા સમ્યગ્દૃષ્ટિ અપની પર્યાયમેં અનિર્મલતા હૈ વહ ભી દેખતા હૈ. આરે! ગજબ છે. સમજમેં આયા?

**ઔર ઇસસે અજ્ઞાનીકે લિયે જો ગહન હૈ...** હૈ ન? **गहनमेवमज्ञस्य.. गहनमेवमज्ञस्य..** અજ્ઞાનીકો તો ગહન હૈ. ક્યા યે ચીજ હૈ? ઐસી ક્યા હૈ? વસ્તુ શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાયમેં શુદ્ધતા ને અશુદ્ધતા—યે ક્યા? જિતની પર્યાય નિર્મલ હુઈ વહ શુદ્ધ, બાકી અશુદ્ધ (ઐસે) એક સમયકી પર્યાયમેં દો ભાગ.

શ્રોતા : પર્યાયમેં અશુદ્ધદશા હૈ કિ જ્ઞાતા-દ્રષ્ટાભાવ હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : જ્ઞાતાદ્રષ્ટા છે ને માને છે કે મારામાં નિર્મળતા ને અનિર્મળતા છે એમ એ જાણે છે. જાણે છે ને? જ્ઞાતા-દૃષ્ટા તરીકે પણ અનિર્મળતા છે એમ જાણે છે ને? અનિર્મળતા ન હોય તો વીતરાગ હો જાય. યે તો સાધક હૈ. સાધક હૈ તો બીચમેં બાધકતા હૈ–રાગ હૈ. મુનિ પણ કહે છે કે મેરી પર્યાયમેં અનિર્મલતા ભી હૈ. પંચમહાવ્રતકા પરિણામ યે મલિનતા હૈ. સમજમેં આયા? યે વિકલ્પ હૈ–રાગ હૈ, અનિર્મલ હૈ, અજ્ઞાનીકે લિયે તો ગહન હૈ.

**વહી—કિ જિસને નિજજ્ઞાનરૂપી દીપકસે...** એ નિજજ્ઞાન સ્વભાવકે ભાનમેં કિ જિસને **પાપતિમિરકો નષ્ટ કિયા હૈ...** પુણ્ય-પાપ મેરી ચીજમેં હૈ નહીં. નષ્ટ કિયા હૈ. **વહ (આત્મતત્ત્વ) હી સત્પુરુષોંકે હૃદયકમલરૂપી ઘરમેં નિશ્ચલરૂપસે સંસ્થિત હૈ** પરમાત્મા. અંતર હૃદયકમલમેં પૂર્ણાનંદકા નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદકા દલ જ્ઞાનીપુરુષકે હૃદયકમલમેં ઐસા પરમાત્મા બિરાજતા હૈ. પરમાત્મા એટલે આત્મા. આહાહા! સમજમેં આયા? નિશ્ચલ સંસ્થિત હૈ. **હૃદયકમલરૂપી ઘરમેં...** અપના જ્ઞાનરૂપી કમલ ઉસમેં પરમાત્મા બિરાજમાન હૈ, શુદ્ધ આત્મા ધ્રુવ બિરાજમાન હૈ. આહાહા!

અલખ નામ ધુની લગી ગગનમેં, મગન ભયા મન મેરા,
સુરત ધારી.., સુરત આસન દઢધારી, કિયા અગમ ઘર ડેરા,
દેખ્યા અલખ દિદારા..

અલખ દિદારા ચિદાનંદ પ્રકાશમૂર્તિ પ્રભુ. 'આસન મારી સુરત દઢધારી..' એમ કહતે હૈં. મેરા ભગવાન મેરેમેં દિખતા હૈ મુજે, એમ કહતે હૈં. ઉસમેં આતા હૈ ન સમયસાર નાટકમેં?

'મેરો ધની નહીં દૂર દેશાંતર, મોહીમેં હૈ મોહે સૂજત નીકે.' બનારસીદાસમેં હૈ, પહલે આ ગયા હૈ. મેરો ધણી હૈ મેરે પાસ. મેરા ધણી કોઈ શેત્રુંજયમેં, ગિરનારમેં, સમવસરણમેં હૈ નહીં. 'મોહે સૂજત નીકે..' મુજે સૂજત નીકે–બરાબર સમજમેં આતા હૈ. મેરા પરમાતમા તો મૈં હૂં. મેરા પરમાત્મા મેરા ધણી કોઈ બહાર હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

ઔર એક બાજુ ઐસા ભી લે. ઉસમેં આયા હૈ ન પહલે નિયમસારમેં. શુરૂઆતમેં, નહીં? કઈ ગાથા? ઉપાય. ઉસકે પ્રતાપસે મુજે હોતા હૈ. યે નિયમસાર હૈ ન? ઉસમેં આયા ન. આપ્તમીમાંસામેં ગાથા હૈ, નહીં? વહ દેખો, ૧૬ પાના દેખો! **ઇષ્ટફલકી સિદ્ધિકા ઉપાય સુબોધ હૈ.** ૧૬ પાના. વિદ્યાનંદી સ્વામી શ્લોક ૧૨મેં કહતે હૈં કિ ઇષ્ટફલકી સિદ્ધિકા ઉપાય સુબોધ–સમ્યગ્જ્ઞાન હૈ. **(મુક્તિકી પ્રાપ્તિકા ઉપાય સમ્યગ્જ્ઞાન હૈ).** દેખો! એક હી સમ્યગ્જ્ઞાન હૈ. આહાહા! **સુબોધ સુશાસ્ત્રસે હોતા હૈ.** લ્યો, વળી અહીં કહે કિ મેરા સમ્યગ્જ્ઞાન પરસે હોતા નહીં. વહ તો નિમિત્તસે કહતે હૈં. સર્વજ્ઞકા કહા હુઆ સૂત્ર–શાસ્ત્ર વહી અપને જ્ઞાનમેં–સમ્યગ્જ્ઞાનમેં નિમિત્તપને કહનેમેં આતા હૈ. દેખો! **સુશાસ્ત્રકી ઉત્પત્તિ આપ્તસે હોતી હૈ.** લ્યો, ઇષ્ટફળની સિદ્ધિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે ઔર સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રસે હોતા હૈ ઔર સુશાસ્ત્રકી ઉત્પત્તિ આપ્તસે હોતી હૈ.

શ્રોતા : દોનોં કથન આ ગયે. વહાં વ્યવહારસે કર દિયા, યહાં નિશ્ચયસે કર દિયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહાર જાનનેમેં આયા, નિમિત્ત હૈ ઐસા જાનનેમેં આયા. ઉસસે હુઆ નહીં, પણ નિમત્ત હૈ ઐસા જ્ઞાન કિયા. વહાં (વ્યવહાર પક્ષ) ડાલા હૈ ને યહાં (નિશ્ચય પક્ષ) ડાલા હૈ. વ્યવહારકા કથન હૈ.

ઔર **આપ્તપુરુષ બુધજનો દ્વારા પૂજને યોગ્ય હૈ.** દેખો! **ઉનકે પ્રસાદકે કારણ આપ્તપુરુષ.... (મુક્તિ સર્વજ્ઞદેવકી કૃપાકા ફલ હોનેસે...** દેખો! નિમિત્તકા જ્ઞાન કરાયા હૈ, આહાહા! **સર્વજ્ઞદેવ જ્ઞાનિયોં દ્વારા પૂજનીય હૈં, ક્યોંકિ કિયે હુએ ઉપકારકો સાધુ પુરુષ (સજ્જન) ભૂલતે નહીં.** જિસસે ઉપકાર હુઆ હૈ ઉસકો ભૂલતે નહીં. વ્યવહાર સિદ્ધ કરતે હૈં. વ્યવહાર સિદ્ધ કરતે હૈં. આહાહા! નિશ્ચયમેં ઉત્પન્ન હુઆ અપને આશ્રયસે. યહાં તો (કહા), નહીં, નહીં. આતા હૈ ન. વ્યવહાર હૈ ન. સર્વજ્ઞ પરમેશ્વર હી ધર્મકે મૂલનાયક હૈં. ધર્મકી ઉત્પત્તિ સર્વજ્ઞ પરમેશ્વરસે હી હુઈ હૈ. સમજમેં આયા?

સુશાસ્ત્રકી ઉત્પત્તિ સર્વજ્ઞસે હોતી હૈ ઔર સુશાસ્ત્રસે સુબોધ હોતા હૈ, સુબોધસે મુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ. માટે ધર્માત્માને સર્વજ્ઞ પરમાત્મા ઉપકારી છે. દેખો! ઉપકારી હૈં. વ્યવહાર. સમજમેં આયા? નિશ્ચયમેં અપનેસે ઉત્પન્ન હુઆ હૈ. બતાયા તો ઉન્હોંને કિ યે ચીજ તેરી હૈ, અંદરમેં જા તો મિલેગા. ઐસા નિમિત્તસે સમજાયા હૈ. સમજમેં આયા? યહાં ઐસા ઔર યહાં કહે, નહીં, નહીં. વિરોધ હૈ દોનોંમેં? વિરોધ નહીં. સુનનેંમેં વ્યવહાર પહલે સર્વજ્ઞકી વાણી...

(સર્વજ્ઞ) એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈં. ઐસી વાણી-ધ્વનિ ભગવાનકી, મુનિયોંકી વાણી... યે સબ વાણી તો ભગવાનકી હૈ ન. યે વાણી સુનનેસે જ્ઞાન હોનેમેં અપના આશ્રય હૈ, પણ વે નિમિત્ત બનતે હૈં. ઐસા નિમિત્ત હોતા હૈ, દૂસરા નિમિત્ત હોતા નહીં—યે બતાનેકો વ્યવહાર કહા. આહાહા!

**સત્પુરુષોંકે હૃદયકમલરૂપી ઘરમેં નિશ્ચલરૂપસે સંસ્થિત હૈ**... શુદ્ધ ભગવાન આત્મા ઉત્પાદ-વ્યયકી પર્યાયકે પીછે... ઉત્પાદ-વ્યય જિસમેંસે ઉત્પન્ન હોતા હૈ... લો! ફિર (કહે), જિસમેંસે ઉત્પન્ન હોતા હૈ! (દૂસરી ઓર કહે), ઉત્પાદ-વ્યય પર્યાયસે ઉત્પન્ન હોતા હૈ. ક્યા અપેક્ષા હૈ સમજના ચાહિયે ન. સમજમેં આયા? એ વળી બીજી વાત. યહાં તો ઉત્પાદકી પર્યાય-પરિણતિ દ્રવ્યમેંસે આતી હૈ ન. અધ્ધરસે કહાંસે આવે? ઐસા દ્રવ્યકી પર્યાય સિદ્ધ કરના હૈ. પીછે (કહે), પર્યાય પર્યાયસે ઉત્પન્ન હોતી હૈ, દ્રવ્યસે ભી નહીં. વહાં ઐસા કહા (વહ) કિસ અપેક્ષાસે? ધ્રુવ ભગવાનમેં પડી હૈ અનંતી પર્યાય શક્તિરૂપ, ઉસમેંસે ઉસ સમય-કાલમેં વહ પર્યાય પ્રવર્તતી હૈ. સમજમેં આયા? સામાન્ય ધ્રુવ તરીકે કહો તો ધ્રુવસે પર્યાય હુઈ નહીં. યે તો ધ્રુવમેં શક્તિરૂપ અનંત હૈ (ઐસે કહો) તો ભેદ હો ગયા. સમજમેં આયા? એકરૂપ ત્રિકાળ ધ્રુવ ભગવાન વહ પર્યાયકા ભી કર્તા નહીં. આહાહા! વહ ધ્રુવ તો પર્યાયકા દાતા નહીં. સમજમેં આયા? આહાહા! આત્મા દાતા નહીં અપની નિર્મલ પર્યાયકા. ગજબ બાત હૈ! યોગસારમેં આયા હૈ. આત્મધર્મ આ ગયા હૈ. સબ બાત બહોત આ ગઈ હૈ. ૩૭ વર્ષ હુએ.

આત્માકી પર્યાય હૈ ન વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન, ઉસકા દાતા આત્મા નહીં. નિમિત્ત તો નહીં, વિકલ્પ તો નહીં, પર્યાયકા દાતા પર્યાય હૈ, દ્રવ્ય ભી નહીં. આ તો વીતરાગમાર્ગ. સમજમેં આયા? વહ બાત ચલી થી પહલે. આત્મધર્મમેં આ ગયા હૈ. ઉસમેં યોગસારમેં આયા હૈ. યોગસાર હૈ, અમિતગતિ આચાર્ય. યોગસાર નામકા અધ્યાત્મ ગ્રંથ ઉસમેં યે બાત હૈ. કિ અપની ધર્મપર્યાયકા દાતા ગુરુ નહીં, શાસ્ત્ર નહીં ઔર (સ્વયં) આત્મા ભી નહીં. ક્યોંકિ આત્મા તો અખંડ અભેદ હૈ. વહ જો પર્યાય દાતા હો તો એકસી હોની ચાહિયે, પણ એકસી હોતી નહીં, ઇસલિયે ત્રિકાળીદ્રવ્ય દાતા નહીં, અપની પર્યાય પર્યાયકા દાતા હૈ.

શ્રોતા : તો કરના કુછ રહા નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : યે કરના રહા ન પર્યાય. યોગસાર. કહા ન, યોગસાર. ગાથા અહીં કાંઈ ખબર છે? બતાયા થા, બતાયા થા. એક ફેરી બતાયા થા ક્લાસમેં. યોગસાર અમિતગતિ આચાર્ય. પુસ્તક દોપહરકો દેખેંગે. સંવર અધિકાર. નીચે આ બાજુ છે. આ પાને, આ બાજુ. ૧૯. આત્મધર્મમેં ડાલા હૈ.

કહતે હૈં, અરે! મેરા પ્રભુ મેરે પાસ હૈ. વહ મેરી ધર્મપર્યાયકો આશ્રય હૈ. યહાં આશ્રય કહા ન. દેખો! સમજમેં આયા? **भवति च परमात्मा संवरेषुभियोगी**... આહાહા! અહીં તો દ્રવ્ય..

દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય ધ્રુવ જો હૈ બસ વહી નિર્મલ વીતરાગી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, ધર્મધ્યાન, શુક્લધ્યાન કિ કેવળજ્ઞાન સબકા આધાર વહ દ્રવ્યસ્વભાવ હૈ. ઉસસે ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? ઊંડે.. ઊંડે.. ઊંડે–ગહરે જા. આતા હૈ ન. ઉસમેં આયા હૈ. ૨૭ પાને છેને? ૨૭ પાના હૈ ન. (શ્લોક ૧૭). **ગહરા ઉતર જાતા હૈ**... દેખો! '**જિનેન્દ્ર કથિત સમસ્ત જ્ઞાનકે ભેદોંકો જાનકર જો પુરુષ પરભાવોંકા પરિહાર કરકે નિજ સ્વરૂપમેં રહતે હુઆ શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમેં પ્રવિષ્ટ હો જાતા હૈ–ગહરા ઉતર જાતા હૈ**...' ઊંડા ઊંડા ઉતર જાતા હૈ અંદરમેં. ઊંડા એટલે ગહરા. સમજમેં આયા? આહાહા!

સમુદ્રમેં નીચે મોતી હો સમુદ્રમેં, તો અંદરમેં તલમેં જાયે તો મોતી મિલે. ઉપર મોતી મિલે? સમજમેં આયા? ઐસે ભગવાન આત્મા ઊંડે નામ ગહરાઈ અંદર ધ્રુવમેં–અંદરમેં ગહરાઈમેં જાયે તો ઉસકો ધર્મકી–આત્માકી પ્રાપ્તિ હોતી હૈ. આહાહા! ભારે વાત ભાઈ! **ગહરા ઉતર જાતા હૈ**... દેખો! **વહ પુરુષ પરમશ્રીરૂપી કામીનીકા વલ્લભ હોતા હૈ**. પરમશ્રી એટલે મુક્તિરૂપી કામીની એનો વલ્લભ થાય છે એટલે મુક્તિકી પર્યાય ઉસકો કભી છોડેગી નહીં. સમજમેં આયા? અપના આત્મા પૂર્ણ ધ્રુવ ઉસમેં અપની પર્યાયકો ગહરાઈમેં અંદર ડાલકર–અંદર ઊંડે ઊંડે જાકર આત્મા પ્રાપ્ત જો હુઆ, ઉસકો મુક્તિ હોતી હૈ. અને યે મુક્તિરૂપી સ્ત્રી–કામિની દ્રવ્યકો કભી છોડતી નહીં. ઉત્પન્ન હુઆ વહ હુઆ, કભી નાશ હોતા નહીં. આહાહા! શ્લોક ૧૩૬ હુઆ. ૧૦૧, ગાથા ૧૦૧.

**एगो य मरदि जीवो एगो य जीवदि सयं ।**
**एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ ।।१०१।।**
**मरता अकेला जीव, एवं जन्म एकाकी करे,**
**पाता एकेला ही मरण, अरु मुक्ति एकाकी करे. १०१.**

કોઈ કોઈને સહાય ક્યાંય નહીં. **ટીકા : યહાં (–ઇસ ગાથામેં), સંસારાવસ્થામેં ઔર મુક્તિમેં જીવ નિઃસહાય હૈ ઐસા કહા હૈ.** સંસારમેં રુલનેમેં ભી નિઃસહાય હૈ. કિસીકી સહાય હૈ નહીં. આહાહા! ઔર મુક્તિમેં ભી નિઃસહાય ઔર મુક્તિકે કારણમેં ભી નિઃસહાય હૈ. સમજમેં આયા? **નિત્ય મરણમેં**... યે સમય-સમયમેં આયુષ્ય નાશ હોતા હૈ ન, ઉસે નિત્યમરણ કહનેમેં આતા હૈ. પૂર્વકા કર્મકા આયુષ્ય હૈ ન ઉસકો આવિતીમરણ કહતે હૈં. ૧૭ પ્રકારકા મરણ હૈ. અષ્ટપાહુડમેં હૈ. ઉસમેં આવીતિમરણ... આવીતિ એટલે ક્ષણમેં ક્ષણમેં, જૈસે પાણીમેં તરંગ ઉઠતે હૈં, ઐસે ક્ષણ-ક્ષણમેં પૂર્વ આયુષ્યકર્મકે રજકણ સમય-સમય ખીર જાતે હૈં યે સમય-સમયમેં મરણ કહનેમે આતા હૈ આવિતી મરણ. આહાહા!

**ઔર ઉસ ભવ સમ્બન્ધી મરણમેં**... દૂસરા, દેહ છૂટનેકે કાલકા મરણ. અરે! કિસીકી સહાયતાકે બિના વ્યવહારસે જીવ અકેલા મરતા હૈ, શ્વાસોશ્વાસ છૂટ જાતા હૈ. સમજમેં આયા?

શ્વાસોશ્વાસ આદિ પ્રાણ છૂટનેમેં અકેલા હૈ. કોઈ વહાં મદદગાર–સહાયક હૈ નહીં. હજારો કુટુંબી ઇકઠ્ઠે હુએ હો, ક્યા કરે? હરણકે ઉપર જહાં થાપ પડી સિંહકી, દૂસરે હરણ ક્યા કરે? હરણ સમજે મૃગ. પૂંછ લેકર ભાગે. એમ કુટુંબકબીલા ક્યા કરે? જોવે ભાઈને. હવે નહીં નભે એવું લાગે છે. આહાહા! હવે નહીં નભે. સગાવહાલાને બોલાવો, કુટુંબીને બોલાવો. દીકરા-દીકરીને બોલાવો. કહો, ચંદ્રકાંતભાઈ! આમ કહે, કોઈ કોઈનું સગું નથી—એમ કહે છે. બોલાવો બધાને હવે, જોવે મારું મરણ. આહાહા! શેઠ! યે એક દિન આયેગા હોં.

શ્રોતા : યહાં તો સબ કબૂલ કરકે જાતે હૈં. આ બાઉન્ડ્રીમાં તો બધા કબૂલ કરે....

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ હોય? અપના નામ ભૂલતા હૈ કભી? સ્વપ્નમેં ભી કહે, ભગવાનદાસ! (તો કહે), હાં. નામ પણ મફતના છે. નામ ન લે તો હેં હેં થઈ જાય છે. આ તો આત્મા... વસ્તુસ્થિતિ હૈ. આહાહા! સંસારમાં ક્ષણે-ક્ષણે આયુષ્ય છૂટે ને મરણ ટાણે...

**(અન્ય કિસીકી) સહાયતાકે બિના વ્યવહારસે (જીવ) અકેલા હી મરતા હૈ...** વ્યવહાર હૈ ન શ્વાસોશ્વાસ આદિ.... **તથા સાદિ-સાંત વિજાતીયવિભાવવ્યંજનપર્યાયરૂપ નરનારકાદિપર્યાયોંકી ઉત્પત્તિમેં, આસન્ન-અનુપચરિત-અસદ્ભૂત-વ્યવહારનયકે કથનસે (જીવ અકેલા હી) સ્વયમેવ જન્મતા હૈ.** કોઈ સાથી નહીં. આહાહા! માતાના પેટમેં એકલો આવે, એકલો જન્મે. બાહ્યકી અપેક્ષા બાત કરતે હૈં. **સ્વયમેવ જન્મતા હૈ.** આહાહા! **સર્વ બંધુજનોંસે રક્ષણ કિયા જાને પર ભી...** સ્ત્રી, કુટુંબ-પરિવાર, ભાઈસે રક્ષણ કિયા જાને પર ભી... ભાઈ! ક્યા કરે? ડોક્ટર બોલાવીએ, ઐસા કરે, ઐસા કરે.

ઐસા હોને પર ભી **મહાબલપરાક્રમવાલે જીવકા અકેલેકા હી, અનિચ્છિત હોને પર ભી, સ્વયમેવ મરણ હોતા હૈ...** આહાહા! મહાપરાક્રમી ભગવાન આત્મા અનંત પુરુષાર્થકા ધણી, આહાહા! **સર્વ બંધુજનોમેં રક્ષણ કિયા જાને પર ભી...** પગ દાબે, ઐસા કરે, ઐસા કરે ને આ કરે. સમજમેં આયા? પૈસા પૈસાના ઘરે, આબરૂ આબરૂના ઘરે, મકાન મકાનના ઘરે, શરીર શરીરને ઘરે. અપના અકેલા દેહ છૂટ જાતા હૈ, કોઈ શરણ હૈ નહીં. પોપટભાઈ! પાછળની વ્યવસ્થા કરે. મૂઢ પાછળ ક્યાં હતો એ? પીછે વહ કહાં થા? પીછે તો દૂસરી ચીજ થી. મૂઢ વહી વ્યવસ્થા કરને જાતા હૈ કિ મેરે મરણ પીછે ઐસા ભોજન કરના, ઐસા કરના. હવે ગયા પછી શું કરવું એની તને શું પડી છે? મરને માળા.

આ બધી ભલામણ કરી જાય. અમારે શાંતિભાઈ હતા એ ભલામણ કરીને ગયા હતા. શાંતિભાઈ હતાને. આમ કરવું, પૈસા વધારે હોય તો જમણ કરવું, ઘટે તો ઘરે-ઘરે કરવું. આ હોળી તારે શેની પણ? હાય.. હાય! મારી નાખે જગતને. ધૂતારાની ટોળી.. આવશે, હમણાં આવશે. આ પછી જ આવશે કળશ. સોમદેવ પંડિત. આજીવિકા (માટે) ધૂતારાની ટોળી મળી છે બધી તારે. જુઓ! વહ લિખા હૈ. દેખો! ૧૧૯ શ્લોક. કહે છે, **સ્વયં કિયે હુએ કર્મકે ફલાનુબન્ધકો**

**સ્વયં ભોગનેકે લિયે તું અકેલા જન્મમેં તથા મૃત્યુમેં પ્રવેશ કરતા હૈ,** આહાહા! **અન્ય કોઈ (સ્રીપુત્રમિત્રાદિક) સુખ-દુઃખકે પ્રકારોંમેં બિલકુલ સહાયભૂત નહીં હોતા..** આહા! **અપની આજીવિકાકે લિયે (માત્ર અપને સ્વાર્થકે લિયે સ્રીપુત્રમિત્રાદિક) ઠગોંકી ટોલી તુજે મિલી હૈ.** આ મરી જઉં છું... પણ તમે છોકરાનું શું કર્યું? ફલાણે કેમ થયું? મરવા તો દે. મરી જાય છે ને તું પૂછે છે આ. સમજમેં આયા? ઠગની ટોળીઓ છે બધી બાયડી ને છોકરા. છ જણા છે. ચાર ઉપાડે, એક મોઢા આગળ ને એક પાછળ. આહાહા!

શ્રોતા : એને ક્યાં ઉપાડે છે? એ તો શરીરને ઉપાડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : શરીર, પણ એ શરીર મારું માને છે ને. મને આમ કરજો, પછી બાળજો. કોને બાળે માળા? કોની સંભાળ કરવા જાય? મારી પાછળ આમ કરજો. દાડો.. દાડો કહતે હૈં? જમણ કરેને પાછળ. મૃત્યુભોજ. અમારે દાડો કહે. મેરે પીછે મૈસૂબ ને ઐસા કરના, બ્રાહ્મણકો એક-એક રૂપિયા દેના, બ્રાહ્મણકો ભોજન દેના. અરે! મરી જાને. ક્યાંક જાશે. અહીં ક્યાં તારી પડી છે? આવી મૂર્ખાઈના કાંઈ જુદા ગામ હશે?

શ્રોતા : આપ ફરમાવો છેને, રજકણ તારા રખડશે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : રખડશે. આહાહા!

**અપની આજીવિકાકે લિયે (માત્ર અપને સ્વાર્થકે લિયે સ્રીપુત્રમિત્રાદિક) ઠગોંકી ટોલી તુજે મિલી હૈ.** આહાહા! બાપુજી! મારે તો આટલું જોઈએ હોં, આટલું તો મારા માટે તમારે કરવું પડે. છોકરાને ભણાવવો પડ્યો કિ નહીં રામજીભાઈએ? ઓલો ક્યાંક ખાય રોટલા કોઈકના કરેલા ને આ પણ ક્યાંક ખાય કોઈકના કરેલા. આમાં કાંઈ છે કોઈનું કાંઈ? એય ચીમનભાઈ! તમારે શું છે? તમારે છોકરા ક્યાંક ને તમે ક્યાંક. ....ગરમી થાય છે. છોકરાની વહુઓ ઘરે રહી. આવ્યા છે. આહાહા! આ આચાર્ય કહે છે હોં. આજીવિકા (માટે) ધૂતારાની ટોળી છે બધા. આહાહા! ઠગમંડલી. લિખા હૈ ન, દેખો ન! **विटपेटकं** એવું છે ને. **विटपेटकं स्वाजीवनाय मिलितं विटपेटकं...** વિટ એટલે આજીવિકાની ટોળી છે. પેટ ભરવા આવ્યા છે બધા. અમારા માટે આમ કરવું, અમારા માટે આમ કરવું. આહાહા!

એક જણો ૯૦માં મરતો હતોને ઓલો પ્રેમચંદ, નહીં? આપણે રાજકોટ. શું કહેવાય? મ્યુનિસીપાલિટીમાં હતો. પ્રેમચંદ. મ્યુનિસિપલમાં સેક્રેટરી હતો. મોટું શરીર જાડું. અને મારું ચોમાસું ત્યાં ૯૦ની સાલ સંપ્રદાયમાં. છેલ્લે બોલાવવા આવ્યા. આમ મરવાની તૈયારી. બોલાવો મહારાજને. આંખમાંથી આંસુ જાય. બાયડી માથે પૂછે, કાંઈ બાકી રહ્યું છે? એલા! શું કરો છો પણ આ તમે? આ છેલ્લી સ્થિતિ, આ શ્વાસ ઉપડ્યા છે. અને એક બાજુ રાયબહાદુરનો ઇલ્કાબ આવ્યો. રાયબહાદુર? રાવસાહેબ. રાવસાહેબનો ઇલ્કાબ ઓલો લઈને આવ્યો. હું ત્યાં હતો હતો ને લઈને આવ્યો સાઈકલમાં. રાવસાહેબનો ઇલ્કાબ. અહીં મરવાનો ઇલ્કાબ. મરી ગયો.

આહાહા! બાયડી માથે બેઠી ઓલા ઉપર. અરે! શું કરો છો તમે હવે પણ આ? હવે એની છેલ્લી સ્થિતિ છે. એને કાંઈ ભગવાનનું સ્મરણ કરો, એનું કાંઈ ભલું થાય. અમારું આનું શું થયું? અજાણ્યું હોયને તો પૂછી લે. ઓલો દાગીનો ક્યાં મૂક્યો છે? દીકરીઓને ક્યો ક્યો દેવો? દીકરાના... મરવા દેને હવે માળા. આહાહા! આ બધી આજીવિકાની ટોળીઓ ભેગી થઈ છે. બાયડી-છોકરા ને ... કહે છે.

ઠગોની ટોળી, એમ કીધુંને? **स्वाजीवनाय मिलितं विटपेटकं... विटपेटकं** એનો અર્થ કર્યોને. વિટ.. વિટ.. વિટ એટલે હલકા પુરુષો. ઠગ.. ઠગ.. આહાહા! કહો, ચીમનભાઈ! કોઈ છે સગું? આ બધા સ્વાર્થના ટોળા છે બધા. આહાહા! શરીરના રજકણે-રજકણ... આમ ચલાય... આમ ચલાય... આહાહા! શ્વાસ ન લેવાય તો આમ થાય. એક જણા મરતો હતો તો આમ તળાઈ ઉપર પડેલો, પણ રહી ન શકે એટલી પીડા. હેઠે ગોથા ખાય, એમ...... ૭૯ની સાલમાં હતા. સંઘવી હતો કોઈ સંઘવી. આહાહા! એની પીડા... ગાદલામાં હતો તે ગાદલામાં રહી ન શકે એટલી પીડા. આમથી આમ, આમથી આમ. આહાહા! અરે ભગવાન! તારે એકલાને સહન કરવું. એકલાએ જનમવું ને એકલાએ મરવું અને એકલાએ વર્તમાન રહેવું. કોઈ બેકલા–સાથ હૈ હી નહીં. ક્યા કરે? આહાહા!

કહે છે, બંધુજનો... **સર્વબંધુજનોસે રક્ષણ કિયા જાને પર ભી, મહાબલપરાક્રમવાલે જીવ...** આહાહા! અનંત પરાક્રમનો ધણી ભગવાન એક ક્ષણમાં કેવળજ્ઞાન લઈ અનંત વીર્ય પ્રગટ કરે એવો પ્રભુ નિઃસહાય દેહ છોડતા હૈ. આહાહા! **અનિચ્છિત હોને પર ભી...** ઇચ્છા નથી દેહ છોડવાની. દેહ છોડવાની ઇચ્છા છે? **સ્વયમેવ મરણ હોતા હૈ**—દેહ છૂટ જાતા હૈ. આહાહા! પીછે કહતે હૈં કિ અકેલા હી, મુક્તિ ભી અકેલા આત્મા હી કરતા હૈ એમ કહતે હૈં. **(જીવ) અકેલા હી પરમગુરુકે પ્રસાદસે પ્રાપ્ત...** દેખો! આમ નિમિત્તે... પરમગુરુને ઐસે કહા, તેરા આત્મા અખંડાનંદ ભગવાન ઉસકા શરણ લે. ઐસી નિમિત્તસે બાત લી. અકેલા પરમગુરુકે પ્રસાદસે... અકેલા કહાં લગાના?

**સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાનકે બલસે નિજ આત્માકો ધ્યાકર રજરહિત હોતા હુઆ શીઘ્ર નિર્વાણ પ્રાપ્ત કરતા હૈ.** અકેલા નિર્વાણ પ્રાપ્ત (હોતા હૈ) વહાં લેના. **અકેલા હી**.. આહાહા! **પરમગુરુકે પ્રસાદસે પ્રાપ્ત...** પહલે કહનેમેં આયા કિ ગુરુકા ઉપદેશ, સ્વ-આત્મા આશ્રય કરનેકા ઉપદેશ હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? સંતોકા, સમકિતીકા ઉપદેશ **પરમગુરુકે પ્રસાદસે પ્રાપ્ત સ્વાત્માશ્રિત નિશ્ચય શુક્લધ્યાન...** દેખો! આખિરમેં કહા ન શુક્લધ્યાન. શુક્લધ્યાનકે પ્રતાપસે.. સ્વાત્માશ્રિત શુક્લધ્યાનકે પ્રતાપસે... આહાહા! **બલસે નિજ આત્માકો ધ્યાકર...** અપને આત્માકા ધ્યાન કરકે... પરમાત્માનું સ્મરણાદિ નહીં. સમજમેં આયા? **નિજ આત્માકો ધ્યાકર રહિત રજરહિત હોતા હુઆ...** કર્મરૂપી રજરહિત હોકર અકેલા નિર્વાણકો પ્રાપ્ત હોતા હૈ.

સિદ્ધપદકી પ્રાપ્તિ ભી અકેલેકો હોતી હૈ અપને શુક્લધ્યાનકે બલસે. સંસારમેં ભી અપને અકેલેસે જન્મ ને મરણ હોતા હૈ. કોઈ હૈ નહીં તેરા. આહાહા! ઐસી દૃષ્ટિ દ્રવ્ય ઉપર કરાનેકો યે બાત કી.

**ઇસીપ્રકાર (અન્યત્ર શ્લોક દ્વારા) કહા હૈ કિ :—**

**स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद्विमुच्यते।।**

**શ્લોકાર્થ : આત્મા સ્વયં કર્મ કરતા હૈ..** વિકારાદિ પરિણામકા કર્તા હૈ. જડકા કર્તા વ્યવહારસે કહનેમેં (આયા હૈ). સ્વયં કર્મ કરતા હૈ અને **સ્વયં ઉસકા ફલ ભોગતા હૈ...** વિકાર ભી અપનેસે ભોગતા હૈ. **સ્વયં સંસારમેં ભ્રમતા હૈ...** અકેલા ચોર્યાસીકે અવતારમેં. આહાહા! ભરે ઘરમેંસે નિકલ જાય અકેલા. જાઓ, કપડા ભી ન લગાના. જલે નહીં, કપડા હો તો યે શરીર જલે નહીં. કપડા છોડ દો, નહીંતર જલેગા નહીં. આહાહા! ગજબ વાત છે. 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત..' રેત.. રેત.. 'પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.' આ ચાલ્યું જશે, ધૂળ થઈને ઊડી જશે ફૂ... પછી કહેશે, આ પૂર્વે ગયા, ફલાણા ગયા. એમ વાતું કરશે વાતું. પોપટભાઈ! આહાહા! આપણા માટે કરી ગયા છે બાપા. પૈસા મૂકી ગયા, આબરૂ મૂકી ગયા. મૂકી ગયાને? લઈ ગયા નહીંને? આહાહા! તેરા ભાવ તેરેસે હોતા હૈ અને તેરે ભાવકા ફલ તેરેસે ભોગા જાતા હૈ. મુક્તિ ભી તેરેસે તેરે કારણસે હોતી હૈ, કોઈ પરકે કારણસે હોતી નહીં. આહાહા!

**તથા સ્વયં સંસારસે મુક્ત હોતા હૈ.** યે લિખા હૈ ન. સ્વયં સંસારમેં ભમતા હૈ. દેખો! કર્મકે, પરકે કારણસે નહીં, અપને કારણસે ભમતા હૈ. એમ આવ્યુંને? જડકે કારણસે નહીં, પરકે કારણસે નહીં. સ્વયં અપને કારણસે પરિભ્રમણ સંસારમેં કરતા હૈ. નિગોદમેં ભી રહતા હૈ તો અપને કારણસે રહતા હૈ. 'ભાવકલંક પહુરા' આતા હૈ ન. કલંક પ્રચૂર... ક્યા હૈ. 'ભાવકલંક પહુરા..' ઐસા હૈ. નિગોદમેં. કલંક પ્રચૂર ભાવ. ખુદસે નિગોદમેં રહા હૈ. કોઈ કર્મસે રહા હૈ ઐસા નહીં. આહાહા! **સ્વયં સંસારમેં ભ્રમતા હૈ, સ્વયં સંસારસે મુક્ત હોતા હૈ**. અકેલા આત્મા આત્માકે આશ્રયસે, રાગ અને નિમિત્ત ને પરકી અપેક્ષા બિના, અપને સ્વયંસે મુક્તિકો પ્રાપ્ત કરતા હૈ. ઉસમેં દૂસરેકી કોઈ સહાય હૈ હી નહીં. સોમદેવકા વિશેષ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૧, સોમવાર, તા. ૧૬-૮-૧૯૭૧**
**શ્લોક– ૧૩૭, ૧૩૮, ગાથા-૧૦૨, પ્રવચન નં. ૯૬**

..... શાસ્ત્ર છે. નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ચાલે છે. સોમદેવ.. પંડિત સોમદેવે (લખેલો) એ કળશ છે. ૧૦૧નો બીજો કળશ.

**एकस्त्वमाविशसि जन्मनि संक्षये च**
**भोक्तुं स्वयं स्वकृतकर्मफलानुबन्धम्।**
**अन्यो न जातु सुखदुःखविधौ सहायः**
**स्वाजीवनाय मिलितं विटपेटकं ते।।**

**શ્લોકાર્થ : પોતે કરેલા કર્મના ફળાનુબંધને...** શું કહે છે? પોતે કરેલા કર્મ... પોતે–સ્વયં જાતે બાંધેલા કર્મ એના ફળાનુબંધને–એના ફળના ભોગવવામાં... **સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમજ મૃત્યુમાં પ્રવેશે છે... आविशसि** છે ને? સમજાય છે કાંઈ? યહાં તો એકત્વ અધિકાર હૈ. એકલો કર્મ બાંધે અને એના ફળ ટાણે એકલો જન્મ ને મૃત્યુમાં ભોગવે. કોઈ સહાયક છે નહીં. મદદગાર–સહાયક કોઈ નથી? આ શરીરમાં જન્મે-મરણે એમાં કોઈ છે સાથે? એમ કહે છે. એકલો જન્મે ને એકલો (મરે). સંસારની આ વાત છે ને. સંસાર અવસ્થામાં પણ એકલો સ્વાધીન જન્મે ને મરે, મોક્ષની અવસ્થામાં પણ એકલો શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પામીને મુક્તિને પામે. બીજો કોઈ સહાયક છે નહીં એમ કહે છે. એ નિમિત્તથી વાત કરીને. મૃત્યુ અને જન્મમાં એકલો જાય, કોઈ ન મળે. પોતાના બાંધેલા ભાવથી, જે કર્મ છે એને બાંધે પોતે, ફળ ભોગવે પોતે અને એના ફળ તરીકે જન્મ અને મૃત્યુમાં પ્રવેશ પોતે કરે. આહાહા!

**બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી...** સ્ત્રી હો, પુત્ર હો—એ બધા દૂર રહીને દુઃખરૂપ ભોગવે એને જોવે. કેમ? **પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે. विटपेटकं..** ઠગમંડળી. બાયડી, છોકરા, દીકરા, વહુ એ બધા ઠગ છે કહે છે. અમને પાળો, અમને રાખો, તમારું ગમે તે થાઓ, મરીને ગમે ત્યાં જાવ, અમારે કાંઈ છે નહીં સ્નાનસુતક. બોલે નહીં, પણ અંદર મનમાં એ. તમે અમને મોટા કરો, પાળો, પોષો, ભણાવો–પઢાવો, લગન કરો, મકાન આપો. છ-છ દીકરા કે આઠ હોય તો બધાના જુદા જુદા મકાન, જુદા એના પાયખાના, જુદા એના શું કહેવાય નહાવાના? બાથરૂમ. બરાબર બનાવો. તમારું ગમે તે થાય, પણ અમારા માટે કરતાં જાઓ. કહો, પોપટભાઈ! લૂંટાય છે. ખુશી થઈને લૂંટાય છે. ધુતારાની... સમજ્યાને? પોતાના

સ્વાર્થ માટે સ્ત્રીકુટુંબ-મિત્રાદિક ધૂતારાની ટોળી તને મળી છે. અહીં છેને બેનો છેટે...? શું કીધું? શું કહે ઓલો મરી ગયો એને? .....

એક બ્રાહ્મણ હતો હલકારો.. હલકારો સમજે? આ પોસ્ટના ટપાલી.. ટપાલી. ટપાલી હતો બ્રાહ્મણ. અહીં છે બે ગાઉ છેટે એનું મૃત્યુ થયેલું ત્યાં યાદગીરી માટે નાની દેરી.. નાની દેરી. હલકારો.. હલકારો સમજે? આ પોસ્ટમેન. પોસ્ટમેન નીકળ્યો, એક ગામથી બીજે ગામ જતો હતો. પહેલા તો ટોકરી બાંધતા. હલકારો નીકળે તો ખબર પડે. ટોકરી સમજે? ઘંટડી. એ નીકળ્યો એમાં એક રજપૂત અને એની વહુ બે નીકળ્યા. રજપૂત અને એની વહુ નાની ઉંમરના જુવાન. રાત્રિનો ભાગ અંધારું, એમાં બે નીકળ્યા. એમાં આવ્યા ચોર. ચોર આવ્યા એટલે બાઈને લૂંટવા માંડી. ઓલો રજપૂત હતો એ ભાગી ગયો. મારી નાખશે આ તો.... બાયડીને મૂકીને ભાગી ગયો રજપૂત. ન્યાં છે દેરી છે. એનો ધણી ભાગી ગયો. એમાં હલકારો નીકળ્યો. આહાહા! પોસ્ટમેન નીકળ્યો, એણે રક્ષણ કરેલું બાઈનું. હું છું ત્યાં સુધી એને લૂંટવા નહીં દઉં. બ્રાહ્મણ હોં ઓલો હલકારો હતોને. 'ઝટા હલકારો' નામ એનું. અહીં છે દેરી છે અહીંયા.

પછી ઓલા લોકો જે હતા ડાકુ એણે હલકારાને મારી નાખ્યો. એનો ધણી–બાઈનો ધણી તો વયો ગયો. એમ કે આ મારી નાખશે મને. બાઈનું ગમે તે થાઓ. જુઓ! આ ધુતારાની ટોળી. અહીંયા છે. રામપરાની આ બાજુ ને? રામધરી.. રામધરી.. નેરા ઉપર એક નાનકડી દેરી છે. એ ત્યાં એને બાળ્યો હતો. એને મારી નાખ્યો ડાકુએ. પછી બાઈ પાસે ઓલા આવ્યા–ઓલો એનો ધણી આવ્યો પાછો. ડાકુ વયા ગયા લઈને. ધણી આવ્યો, (કહે), ચાલ. અરે બાયલા! અહીં જ્યારે લૂંટતા હતા ત્યારે તું અહીં ઊભો ન રહ્યો. હવે શેની આવું? એ તો હું મારા આ ભાઈ સાથે મરવાની છું. ન્યાં હલકારો મરી ગયો હતોને. એને બાળ્યો ત્યાં એની ભેગી બળી પોતે. જ્યારે લૂંટતા હતા ત્યારે ઊભો ન રહ્યો. હવે લૂંટી ગયા પછી આવ્યો તું અમારી પાસે. શેઠ! એમ આ બધા લૂંટારા છે આ બધા. હિન્દીમેં નહીં ચલે. હવે ગુજરાતી ચાલે. દાખલો-બાખલો નહીં. હવે ગુજરાતી ચલેગા દસ દિન. સમજાય છે? એ દાખલો ગુજરાતીમાં... જેને ગરજ હોય વીસ દિ'માં આવે. તમારા જેવા પ્રમાદી પાછળ આવે. એ શેઠ! અમારા શેઠ તો સૌથી પહેલા આવી જાય. આહાહા!

ત્યાં છે એની દેરી નાની. પોસ્ટમેનને ડાકુએ મારી નાખ્યો. એટલી ભાષા નથી સમજતા? પહેલેથી 'અમને સમજાય નહીં' એમ કરીને માંડી વાળે. આહાહા! મારી નાખ્યો ને ઓલો પછી આવ્યો રજપૂત એની વહુને લેવા. કહે, ચાલ. આવ્યા, આવ્યા. બાયલા! મારી નાખતા હતા ત્યારે તું તો આવતો નહોતો. મારો ભાઈ છે આ. મારું રક્ષણ કર્યું પોસ્ટમેને. પોસ્ટમેનને બાળ્યો ભેગી પોતે બળી. બેય બળ્યા. અહીં છે. પણ આ ધૂતારાની ટોળીનો દાખલો છે. આહાહા! અહીં તમારે થયું હતુંને ભાઈ! મલુકચંદભાઈ છે કે નહીં? નહીં ત્યાં માંડળ? માંડળ ને? માંડલા. માંડલામાં

હતા... બહુ રોગ કે કાંઈક શું હતું? સરકાર તરફથી કાંઈ હતું. રસ્તામાં કોલેરા થયો એક શેઠીયાના દીકરાને, બે દીકરા. જુવાન માણસ બેય છોકરાઓ. પાંચ-પાંચ, છ-છ ગાઉ ચાલવું અને સાથે પચ્ચીસ-પચ્ચીસ પચાસ સો-સો માણસ. તમે હતા ભેગા? એ ભેગા હતા. જંગલ. ક્યાંય રહેવાય નહીં, છ-છ ગાઉ ચાલે ને કાંઈ સાથે હોય ચોખા કે એ ખાય. હવે કરવું શું? એમાં ઓલા બેને કોલેરા નીકળ્યો, બેય છોકરાને. જુવાન છોકરાઓ. હવે એના મા-બાપને શું? જો અહીં રોકાય તો મરી જાય જંગલમાં.

બે છોકરાઓને ત્યાં મૂકી... જુવાન છોકરા. કોલેરા થયો, ચાલી શકે નહીં. છ-છ ગાઉ ચાલવાનું અને જંગલ. બે જણાને મૂકી, પાણીનો કળશો મૂકી ચાલતા થયા. એ બા! એ બાપુ! અમે મરી જઈશું એકલા. બાપુ કહે, ભાઈ! અમે અહીં રહીએ તો અમે મરી જઈશું. અમારે જાવું છે. તમે મરશો ને અમે મરશું. એકલા જંગલમાં બે જુવાન માણસ હોં. કળશો પાણીનો રાખ્યો. એક પછી એક મરી ગયા હશે. થઈ રહયું. આ બધા ધૂતારાની ટોળી છે મૂળચંદભાઈ! જુઓ! ટાણા આવ્યા તો મા-બાપ મૂકીને વયા ગયા. બધા સ્વાર્થના પૂતળા છે આ. આહાહા! બીજાના છોકરા એટલે અમારા નહીં, એમ. બધાય સમજે અંદરમાં હોં. બોલે નહીં, પણ સમજે. આપણે ઠીક લાગે ત્યાં સુધી રાખવું, નહીં તો ભલે મરે. એ પોપટભાઈ! આહા! આને કૂતરું કરડ્યું, શું થયું?...

ધૂતારાની ટોળી મળી છે કહે છે. ઓલી કલકત્તાની (વાત). કલકત્તામાં હોડી હતી નાની હોડી. હોડી નાની. ફરવા નીકળ્યા સાંજે. દસ-બાર માણસ હશે. એમાં મા-બાપ, છોકરો સાથે નાનો આઠ-દસ વર્ષનો. એ હોડી આગળ ગઈ, ત્યાં છોકરાએ પગ બહાર કાઢેલો. પગ કાઢ્યો એટલે એમાં મગરમચ્છે પગ પકડ્યો. હોડીવાળા કહે, નાખી દો છોકરાને. નહીં તો હમણાં ખેંચશે તો બધા મરી જશું. બારે જણા મરી જશું ન્યાં. નહીં તો હું નાખી દઉં છું. માએ ઉપાડ્યો એક હાથ ને એક બાપે ઉપાડ્યો આમ હાથ. ઉપાડીને નાખ્યો દરિયામાં. છોકરો રાડું પાડે. એ બાપા! એ બાપા! ભાઈ! શું કરીએ? કોઈ ઉપાય નથી હવે. જરી બે મિનિટ જો રાખીએ તો હમણા ખેંચશે. પગ પકડેલો મગમચ્છે. મોટો મગરમચ્છ. એ આમ ખેંચે એટલી વાર. એ મા-બાપે ઉપાડી નાખી દીધો દરિયામાં જીવતો આઠ વર્ષના છોકરાને. શું કરવું? જુઓ! આ ધૂતારાની ટોળી. એ શેઠ!

શ્રોતા : ઐસા હોતા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઐસા હોતા હી હૈ. માને રાગને લઈને. ન માને એટલે....?

સ્ત્રીને પણ જ્યાં સુધી શરીરમાં હોય લોહી આદિ ત્યાં સુધી ઠીક. નહીંતર પછી થઈ રહ્યું, જાઓ. હવે આ મરવાનો તો છે. ઘરમાં થોડું ખર્ચ છે. ડોક્ટરને કહે, મારી પાસે કાંઈ નથી હોં. એમ કહે. અમારી પાસે કાંઈ નથી. એ કાંઈ રળીને મૂકી નથી ગયા. અરે! મરી ગયા પછી ખાપણ જોઈએ. ખાપણ સમજતે હોં? કફન. મરી ગયા પછી કફન જોઈએ. બાઈ કહે, કફન ભઈ લાવવું

છે, પણ મારી પાસે પૈસા કાંઈ નથી. એ કાંઈ મૂકી ગયા નથી. તમે લાવવું હોય તો લાવો, બાળવું હોય તો બાળો. અરર! આ બધું બનેલું છે. આહાહા! સમજાણું કાંઈ? કફન જોઈએ. જેણે બિચારાએ રળીને આપ્યા પૈસા, આટલા મકાન બનાવ્યા, ફલાણું-ઢીકણું કર્યું. મરી ગયો પછી કફન માટે બાયડી ના પાડે કે મારી પાસે પૈસા નથી. એ શેઠ! બધા એમ છે હોં. તમને વર્તમાનમાં એમ લાગે કે આહા! ડાલચંદજી આવા છે, ફલાણું-ઢીકણું છે. અંદરમાં બધા ઠગ છે. શોભાલાલજી! સ્વાર્થ છે. બસ, વાત એ છે. આહાહા! અહીં કહતે હૈં, પોતાની આજીવિકા માટે ધુતારાની ટોળી તને મળી છે. હવે ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે. ૧૩૭. ૧૩૭ કળશ.

**વળી (આ ૧૦૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**एको याति प्रबलदुरघाज्जन्म मृत्युं च जीवः**
**कर्मद्वन्द्वोद्भवफलमयं चारुसौख्यं च दुःखम् ।**
**भूयो भुंक्ते स्वसुखविमुखः सन् सदा तीव्रमोहा-**
**देकं तत्त्वं किमपि गुरुतः प्राप्य तिष्ठत्यमुष्मिन् ।।१३७।।**

**શ્લોકાર્થ : જીવ એકલો પ્રબળ દુષ્કૃતથી જન્મ અને મૃત્યુને પામે છે...** એકલો આકરા કર્મથી ઉદય થઈ... અહીં બધું પાંચ-પચાસ લાખ ભેગા કર્યા હોય, આ પાપના પરિણામ મરતા આવે, આહાહા! ક્યાં જઈશું? મને કંઈ સુખ નથી થાતું. અંદરમાં કંઈક... મરીને જાવ એકલા. **પ્રબળ દુષ્કૃતથી જન્મ ને મૃત્યુને પામે છે. જીવ એકલો સદા તીવ્ર મોહને લીધે સ્વસુખથી વિમુખ થયો થકો...** ભગવાન આત્મામાં આનંદ છે અતીન્દ્રિય આનંદ, એને ભૂલીને મિથ્યાત્વને લઈને... તીવ્ર મોહ એટલે મિથ્યાત્વ. **સદા તીવ્ર મોહને લઈને વિમુખ થયો થકો, કર્મદ્વંદ્વજનિત ફળમય...** કર્મથી ઉત્પન્ન થતા **શુભ-અશુભકર્મના ફળરૂપે, સુંદર સુખ ને દુઃખને વારંવાર...** સુખ એટલે આ દેવ(ગતિ). સ્વસુખથી વિમુખ–પોતાનું સુખ આનંદ છે એનાથી ઊલટું. કોઈ પુણ્ય કરે સ્વર્ગમાં સુખ ભોગવે (કે જે) અજ્ઞાનપણે દુઃખ છે, એ આકુળતાને ભોગવે. આહાહા! અને નરકમાં પશુમાં જાય, દુઃખને વારંવાર ભોગવે. આહાહા!

**જીવ એકલો** ગમે તેમ કરીને... દેખો! **ગુરુ દ્વારા કોઈ એવા એક તત્ત્વને (-અવર્ણનીય પરમ ચૈતન્યતત્ત્વને) પામીને...** એ એકલો છે, કોઈ સહાયક–મદદગાર નથી. આહાહા! ગમે તેમ કરીને પુરુષાર્થ દ્વારા.. **ગુરુ દ્વારા (કોઈ એવા) એક તત્ત્વને...** ભગવાન ચૈતન્ય પ્રભુ ધ્રુવ મારી ચીજ અનાદિ-અનંત સનાતન સત્ય છે એવું ગુરુ પાસે સાંભળીને... બીજી રીતે એમ કહ્યું કે ગુરુએ એ એને કહ્યું હતું (કે) તારું ચૈતન્યતત્ત્વ એને શરણે જા. અમારા શરણથી તને કાંઈ મળે એવું નથી. આહાહા! સમજાય છે કાંઈ? **એક તત્ત્વ...** ગુરુએ કહેલું એક તત્ત્વ, એમ કહેવું છે. ભાઈ! તું ચૈતન્યમૂર્તિ પ્રભુ પૂર્ણાનંદનો ધામ ત્યાં આશ્રય લે, એને પામ અને મુક્તિને અંગીકાર કર. આહાહા!

**એક તત્ત્વને પામીને તેમાં સ્થિત રહે છે.** ગુરુએ કહ્યો એવો જ્ઞાનાનંદસ્વભાવ અંતરમાં અનુભવમાં લઈ અને એમાં સ્થિર રહે છે. એમાં કોઈ ગુરુ આદિ ઉપાય છે નહીં. કહો, સમજાણું કાંઈ? 'અરિહંતા શરણં' આવે છે ને. લોગુત્તમા, મંગળીક. 'અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્, સાહૂ મંગલમ્.' એ બધું મંગલિક તું છો, કહે છે. કોઈ અરિહંત-બરિહંત દેવાવાળું છે નહીં. આહાહા! હવે ૧૦૨ ગાથા.

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।**

નીચે હરિગીત.

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.**

**ટીકા : એકત્વભાવનારૂપે પરિણમેલા** ધર્મી જીવ–સમ્યગ્જ્ઞાની... મૈં તો અકેલા આત્મા અખંડ ધ્રુવ ચૈતન્ય હૂં. આહાહા! એવો દ્રવ્યસ્વભાવ, પોતાનો જ્ઞાયકભાવ, પોતાનો ધ્રુવભાવ, નિત્યાનંદ પ્રભુ એમાં પરિણમેલો, એ તરફના ઝુકાવથી પરિણમન થયેલું સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્રનું, એવા પરિણમેલા **સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.** કેવો છું હું? ધર્મી સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ કેવો વિચાર કરે છે પોતાના આત્માને માટે? **ત્રણે કાળ નિરુપાધિક સ્વભાવવાળો...** મારી ચીજ જ્ઞાન, આનંદના સત્ત્વવાળું તત્ત્વ, જ્ઞાન ને આનંદના સત્ત્વવાળું તત્ત્વ, ત્રિકાળ નિરુપાધિક સ્વભાવવાળો છું. ત્રણે કાળ વસ્તુના સ્વભાવમાં આવરણ, ઉપાધિ છે નહીં. એવી દૃષ્ટિ રાખનાર **નિરાવરણ-જ્ઞાનદર્શનલક્ષણથી લક્ષિત...** દેખો! મારા જ્ઞાન ને દર્શનના લક્ષણે જણાય એવો છું. કોઈ વિકલ્પ ને નિમિત્ત ને સંયોગ ને શાસ્ત્રથી જણાય એવો હું નથી. આહાહા!

ત્રણે કાળે ઉપાધિ વિનાના સ્વભાવવાળો... ભાષા દેખો! **નિરુપાધિક સ્વભાવવાળો**, એમ. **હોવાથી નિરાવરણ જ્ઞાન**... હું પોતે જ નિરુપાધિ છું એમ ન લેતાં, ત્રણે કાળે આત્મા નિરુપાધિ સ્વભાવવાળો એમ લીધું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા, તેનો સ્વભાવ ત્રણે કાળે નિરુપાધિ, આવરણ વિનાનો... **નિરાવરણ જ્ઞાન-દર્શનલક્ષણથી લક્ષિત એવો જે કારણપરમાત્મા**... લ્યો! આહાહા! પ્રત્યાખ્યાનના અધિકારમાં આ. પરનો ત્યાગ અને સ્વનું ગ્રહણ. સ્વનું ગ્રહણ કોણ? કે આ હું ત્રિકાળ નિરાવરણસ્વભાવવાળો હું એ મારી ચીજ ને એને ગ્રહણ કરવાનું ઉપાદેય છે. આહાહા! ઝીણું ઘણું. પોતાની વર્તમાન ઉપયોગ પર્યાયને અંતર્મુખ ત્રિકાળ જ્ઞાયકભાવમાં લેતાં–વાળતાં એક જ વસ્તુ ગ્રહણયોગ્ય રહી ગઈ. બાકી દયા, દાન, વ્રતના આદિ વિકાર શુભાશુભભાવ એ સંયોગી લક્ષણ.. સંયોગી લક્ષણ છે, મારી સ્વભાવ લક્ષણવાળી એ ચીજ નહીં. આહાહા!

હું તો જાણવા-દેખવાના લક્ષણવાળો.. જાણવા-દેખવાના લક્ષણવાળો સ્વભાવ ત્રિકાળ નિરુપાધિ નિરાવરણ એવો તે હું કારણપરમાત્મા **તે, સમસ્ત સંસારરૂપી નંદનવનનાં વૃક્ષોના મૂળ...** સમસ્ત સંસારરૂપી નંદનવન રખડવાનું... આહાહા! નંદનવન રખડવાનું.. નંદનવનમાં મજા માણે છેને લોકો. જ્યાં-ત્યાં રખડીને પરિભ્રમણમાં માને છે આનંદ. રખડવાનું વન, એમ. નંદનવન–રખડવાનું સુંદર વન. આહાહા! વિષ્ટાનો કીડો વિષ્ટામાં મજા માણે. મરચા હોતા હૈ ન? મરચા. એમાં કીડા થાય. એમાં મજા માણે. દાખલો આવે છેને એક?

એક રાજા હતો. પછી એને કહ્યું કોઈ બાવાએ કે જોષીએ કે મરીને તમે આ તમારી કૂતરી છે એને (કુખે) બચ્ચું થવાના છો. તમારે ઘરની જે કૂતરી છેને કૂતરી, ત્યાં બચ્ચું થવાના. કંઈ લક્ષણ? તમે મરીને ન્યાં જશો તો તમારે અહીં ધોળો ચાંદલો હશે. આ ચામડીની નિશાની. એ તમે મરીને ત્યાં જવાના. રાજાએ હુકમ કર્યો કે જ્યારે હું અહીં મરીને ન્યાં હોઉં તો મને મારી નાખશો ન્યાં. કૂતરી... અરર! જન્મ્યો ન્યાં અને ટીલું બરાબર એ. મારવા આવ્યા એટલે ભાગ્યું. પહેલો કહેતો હતો કે મારી નાખજો મને. રાજા (મરીને) કૂતરીને કુખે ગયો. કૂતરી સમજતે હૈં? કુત્તા. જન્મ્યો એટલે મને મારી નાખજો. ગયો, મારવા આવ્યા ઓલા છરી લઈને, ભાગ્યો. જ્યાં માને ત્યાં મજા જ માણે છે એ. આહાહા!

અહીં તો સંસારરૂપી નંદનવનના વૃક્ષો... નંદન કેમ કહ્યું? એ વૃક્ષ સુકાતા નથી, એમ કહે છે. નંદનવૃક્ષમાં વૃક્ષ સુકાય નહીંને, એમ આ સંસારના વૃક્ષો સુકાતા નથી અનાદિના. એટલે નંદનવન કહ્યું. એ વૃક્ષોના મૂળ **ફરતા ક્યારાઓમાં...** એ મૂળના ફરતા ક્યારા હોયને ક્યારા પાણી નાખવા. એમાં **પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા...** જળનો ધોરિયો સંસારના નંદનવનના ઝાડ સુકાય નહીં માટે. આહાહા! લીલુંછમ રાખે ચોર્યાસીના અવતાર એમ કહે છે. એટલે એને નંદનવન કહ્યું. નંદનના વન સુકાય નહીં. શાશ્વત છેને નંદનવન. મેરુ પર્વત.. મેરુ પર્વતમાં નંદનવન છે શાશ્વત. કહે છે કે એવો આ સંસાર છે. જેમ એ ઝાડ સુકાય નહીં, એમ આ સંસારના એક પછી એક.. એક પછી એક અવતાર.. લીલાછમ જેવા રહ્યા જ કરે અવતાર. આહાહા!

એના ફરતા ક્યારામાં પાણી ભરવા માટે જળપ્રવાહથી પરિપૂર્ણ ધોરિયા **સમાન વર્તતું જે શરીર...** આ શરીર ચાર ગતિમાં રખડવાનું આ સાધન છે, કહે છે. આહાહા! ચાર ગતિમાં જળના પ્રવાહના ધોરિયા ફૂટવાનું કારણ આ શરીર છે. એની મમતાથી સંસાર વધી જાય છે. આહાહા! **તેની ઉત્પત્તિમાં હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મ વિનાનો...** અહીં સિદ્ધ તો એ કરવું છે કે શરીરની ઉત્પત્તિના હેતુભૂત જે નંદનવનના વૃક્ષો, એને સુકાવા ન દે એવું શરીર, એ શરીરનું કારણ દ્રવ્યકર્મ ને ભાવકર્મ. એ વિનાનો **હોવાથી...** એ વિનાનો હોય છે ભગવાન (આત્મા) તો. **એક...** આહાહા! છેને એક ઓલામાં 'હું એક' આવ્યું હતુંને. ૭૩ (ગાથા સમયસાર). અહીં એમ આવ્યું

'એક'. **एगो मे सासदो अप्पा...** એ શરીરનું કારણ... ધોરિયા વહે પાણીના રખડવાના એવું શરીર, એ શરીરનું કારણ દ્રવ્યકર્મ ને ભાવકર્મ. પણ એ દ્રવ્યકર્મ ને ભાવકર્મ વિનાનો હું છું. આહાહા! એક છું.. એક છું.. મારામાં બીજો વિકલ્પ દ્વૈત પણ છે નહીં. આહાહા!

**અને તે જ (કારણપરમાત્મા)...** ભગવાન મારો સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, નિત્યાનંદસ્વભાવ, કાયમ રહેલો, રહે છે અને રહેશે એવી મારી ચીજ કે કારણધ્રુવસ્વરૂપ છે એ **સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...** લ્યો! આહાહા! **સમસ્ત ક્રિયાકાંડ...** વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે ક્રિયાકાંડ. આહાહા! એના આડંબર... એ ક્રિયાકાંડો બધા આડંબર છે. આહાહા! **આડંબરના વિવિધ વિકલ્પ...** એના આડંબરના વિવિધ વિકલ્પ... ઓહોહો! જાણે શું કરતો હોય? આ મેં કર્યું, મેં પૂજા કરી, ભક્તિ કરી, વ્રત પાળ્યા, મેં દયા પાળી—એવા આડંબરથી... **વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...** એ વ્યવહારના વિકલ્પ કોલાહલ છે કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? પ્રત્યાખ્યાન કહેવું છેને? એ પુણ્યના વિકલ્પોના કોલાહલ... વણઝાર–મોટી સેના છે કોલાહલની, એમ કહે છે.

**સમસ્ત ક્રિયાકાંડના આડંબરના વિવિધ વિકલ્પરૂપ કોલાહલથી રહિત...** કેવી ચીજ છે મારી ત્રિકાળી? અહીં ત્રિકાળીની વાત ચાલે છે હોં. ત્રિકાળી મારો ભગવાન ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય, આહાહા! જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય, જેને આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય, જેને અવલંબે સમ્યક્-ચારિત્ર થાય—એવો જે મારો ભગવાન. આહાહા! **સહજ શુદ્ધ-જ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો થકો...** શું કહે છે? એ દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળી અતીન્દ્રિય આનંદને ભોગવે જ છે. આહાહા! આનંદસ્વભાવ ભગવાન આત્મા એ **સહજ શુદ્ધ-જ્ઞાનચેતના...** દેખો! કાયમી હોં અંદરની. પર્યાયની વાત નથી આ. સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતના... એક લીધી. એને અતીન્દ્રિયપણે ભોગવતો... આહાહા! ઇન્દ્રિય વિના ત્રિકાળી વસ્તુ શુદ્ધજ્ઞાનચેતના એ અતીન્દ્રિયના અનુભવપણે ભોગવતો... **શાશ્વત રહીને...** મારો પ્રભુ એ પ્રમાણે શાશ્વત છે કહે છે. આહાહા! ગાણા તો જુઓ!

ભગવાન આત્મા ત્રિકાળી પોતાની ચીજ એ શુદ્ધજ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે અનુભવતો... અનુભવતો એટલે એ રીતે એનું સ્વરૂપ ત્રિકાળી છે. આહાહા! જ્ઞાન ને આનંદ બેય નાખ્યા. સ્વભાવિક મારું સ્વરૂપ અસલી અવિનાશી, શુદ્ધચેતનાને–જ્ઞાનચેતનાને.., જ્ઞાનરૂપી ચેતવું એટલે એકાગ્ર થવું, એવું ત્રિકાળ પડ્યું જ છે એમ કહે છે. આહાહા! વસ્તુ ત્રિકાળી આત્મા યે મૈં હૂં એમ એને ઉપાદેય ગ્રહવા માટે એની વ્યાખ્યા લીધી છે આ. એવો ભોગવતો **શાશ્વત રહીને...** મારો આત્મા શાશ્વત રહે છે એકલો. અતીન્દ્રિય શુદ્ધજ્ઞાનચેતનાને ભોગવતો શાશ્વત રહે છે. આહાહા! જેમાં ઇન્દ્રિયના ભોગ નથી, રાગના ભોગ નથી. એ બધા વિકલ્પમાં અજ્ઞાનમાં છે,

વસ્તુમાં છે નહીં. અરે! બધા સમકિતીની વાત છે. મુખ્યપણે મુનિની (વાત છે). એના પેટામાં કહ્યું નહોતું? મોટા દીકરાને કહે ત્યાં બીજા ત્રણ દીકરા આવી જાય એમાં.

ધર્મી એમ અંદર અનુભવે છે એમ કહે છે. આહાહા! આ તો સમકિતી માટે પણ આમ છે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ પોતાનો ત્રિકાળી આત્મા શુદ્ધજ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે અનુભવનારી ચીજ, એ તો સમકિતીને એ છે. મિથ્યાદૃષ્ટિને એ ચીજ છે, પણ એની ખબર નથી એમ કહે છે. ચીજ તો એવી જ છે. અતીન્દ્રિય જ્ઞાનને ભોગવતું, પણ એ ભોગવવા સહિત રહેવાપણું શાશ્વત એ ચીજ છે, અજ્ઞાનીને એ છે, અભવિને પણ એ છે. આહાહા! અહીં એને ભાન નથી એની વાત નથી લેવી. આ 'છે' એવું ભાન ન થાય ત્યારે એને 'છે' એ ક્યાંથી આવ્યું? એમ કહે છે. જ્ઞાનમાં ને અનુભવમાં આ ચીજ આવી છે એવું ભાન વિના, આ ચીજ છે એવી સત્તાનો સ્વીકાર કોણ કરે? સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! બહુ મોંઘું.

આ સામાયિક ને પ્રૌષધમાં પણ આમ ધર્મીનો વિચાર હોય છે એમ કહે છે. બહારની આ સામાયિક કરીને બેઠા બે ઘડીની, એ સામાયિક-ફામાયિક નથી. એ તો વિકલ્પ છે–રાગ છે. એ સામાયિક કેવી? ત્રિકાળી જ્ઞાયકભાવ, અતીન્દ્રિય આનંદનો અનુભવસ્વરૂપ ત્રિકાળી, એના ઉપર આશ્રય કરી, દૃષ્ટિ કરીને, આધાર એને બનાવીને પર્યાય પ્રગટ કરે એનું નામ કારણપરમાત્માનો આધાર લીધો અને અનુભવ અતીન્દ્રિય... પોતે અતીન્દ્રિય ભોગવે છે સુખરૂપ ત્રિકાળી વસ્તુ, એનો આશ્રય લેતાં ધર્મી અતીન્દ્રિય આનંદને ભોગવે છે એ પર્યાય. આહાહા! અહીં તો કહે છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ અંદર ન હોય તો પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ આવશે ક્યાંથી? એમ કહે છે. આકરૂં પડે જગતને. ધર્મ સમજવો ને ધર્મ પામવો એ ચીજ એટલી બધી દુર્લભ થઈ પડી છે. કાંઈકને કાંઈક માનીને બેઠા એને આ વાત (એવી લાગે કે) એ તો આગળના (ગુણસ્થાન)ની વાત છે, એ તો મુનિની વાત છે, આઠમા ગુણસ્થાનની વાત છે. આ ગુણસ્થાન જેને નથી એની વાત છે, લે. દેવીલાલજી! ગુણસ્થાન જ નથી ઉસમેં. ચૌદ ગુણસ્થાનથી પાર છે. આહાહા!

શ્રોતા : વિકલ્પ બિના રહ સકે તો...?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ વિકલ્પ હો, પણ છે દુઃખદાયક એમ જાણેને. પહલે નિર્ણય તો કરે કે આ ચીજ જ અનુભવવા લાયક છે, એ સિવાય કોઈ વિકલ્પાદિ અનુભવવા લાયક છે નહીં. એ આવે તો ખરાને, વીતરાગ ક્યાં થઈ ગયા છે? આવે, પણ છતાં એ ઝેરનો અનુભવ છે. આહાહા! ચાહે તો શુભરાગ, પરમાત્મા ત્રણ લોકના નાથની ભક્તિનો રાગ (હો), એ રાગ પણ ઝેરનો અનુભવ છે. આવે ત્યારે તો આ મુનિ નિષેધ કરે છે. એનાથી રહિત કીધુંને? જુઓને! આવે છે.

શાશ્વત **મારા માટે ઉપાદેયપણે રહે છે...** જુઓ! ભાષા તો દેખો! સમકિતી, સમ્યગ્જ્ઞાની એમ વિચારે છે કે મારો ત્રિકાળી ભગવાન અતીન્દ્રિય શુદ્ધ આનંદને ભોગવતો મારે માટે

ઉપાદેયપણે રહે છે. મારે અંગીકાર કરવા માટેની ચીજ કાયમ રહેલી છે. આહાહા! સમજાણું કાંઈ? માલ–નિધાન પડ્યું છે એમ કહે છે. મારે ઉપાદેયપણે અંગીકાર કરવા માટે પડેલી ચીજ છે. કોઈક લેવા જાય તો એ ચીજ હોય તો લેને? મારે માટે પડેલી જ છે એ ચીજ. આહાહા! સમજાણું કાંઈ? આ વિના બધા થોથાં છે.

સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતનાને... ઓલાની સામે લીધુંને? ક્રિયાકાંડના વિકલ્પથી રહિત, છે શું એ ચીજ? સહજ શુદ્ધજ્ઞાનચેતનાને અતીન્દ્રિયપણે ભોગવતો હશે એમને એમ? આનંદનું જ એનું સ્વરૂપ અનુભવમાં પડ્યું છે ત્રિકાળ. એવું જે સ્વરૂપ એ મારે માટે શાશ્વત રહેલું છે. આહાહા! મારે માટે શાશ્વત... દેખો! શાશ્વત તો હતું, અંગીકાર કર્યું ત્યારે મારે માટે આ શાશ્વત રહેલું છે. ઝીણું તો ખરું ભાઈ! માર્ગ તો એવો, વીતરાગનો માર્ગ અપૂર્વ છે. સંતોએ તો જાહેર કરી દીધો છે, પ્રસિદ્ધ કર્યો છે. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! અંતરની દૃષ્ટિમાં લે. અને એ દૃષ્ટિમાં લીધા વિના તને કોઈ શરણ બીજું છે નહીં. આહાહા! **શાશ્વત રહીને**... ભાષા શું કરે છે? આ ચીજ એમને એમ શાશ્વત પડી છે, મારે માટે તે ઉપાદેય છે. મારા માટે ઉપાદેયપણે એ રહે છે, એમ. અંદર દૃષ્ટિમાં ત્રિકાળી સ્વભાવ અંગીકાર થયો એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન. શેઠ! મુનિની વાત નથી, આ સમ્યગ્દર્શનની વાત પહેલી છે. આહાહા! મારે માટે અંગીકાર કરવાલાયક શાશ્વત વસ્તુ પડી જ છે, કહે છે. ઉપાદેયપણે રહે છે, પાછું એમ. આદરવાલાયક થઈને રહે છે, એમ. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : ઐસા ઉસને નિર્ણય કિયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ તો અનુભવ કરતે હૈં ઐસા. આહાહા! પહેલા નિર્ણય કરવો. વિકલ્પ સહિત પહેલા નિર્ણય કરે. આ તો વિકલ્પરહિત ઉપાદેયપણે રહ્યો છે એમ કીધું. એટલે વિકલ્પ છોડીને ઉપાદેયપણે ગ્રહણ કરે છે એની અહીં વાત લીધી છે. શાશ્વત રહેલો મારે માટે, એમાં શું છે? એમાં ક્યાં પ્રશ્ન છે? મારે માટે શાશ્વત છે, હું અંગીકાર કરીને બેઠો માટે. એની જ વાત છે ને. પહેલેથી કહ્યું માથે, નહીં? સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે. **એકત્વભાવનારૂપે ભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે**. સમજાણું કાંઈ? એની ચીજ આ છે. એમ અનુભવમાં આવી છે કે મારે માટે શાશ્વત તત્ત્વ ઉપાદેયપણે રહેલું છે. આહાહા!

**જે શુભાશુભ કર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો...** બાહ્યમાં શરીર, લક્ષ્મી આદિ (અને) અભ્યંતરમાં પુણ્ય-પાપના વિકલ્પ—એ બધા પરિગ્રહો **તે બધા નિજસ્વરૂપથી બાહ્ય છે,** એમ મારો નિશ્ચય છે. જુઓ! —**આમ મારો નિશ્ચય છે.** કારણપરમાત્મા શાશ્વત રહેલી ચીજ છે અને એ મારા માટે ઉપાદેયપણે રહે છે. એકલી જાણવા માટે રહે છે એમ નહીં, એમ કહે છે. આ પ્રત્યાખ્યાન છે ખરુંને. અંગીકાર કરવા માટે એ રહે છે. આ રાગાદિ છોડવા માટે છે. પરિગ્રહો તે બધા મારા સ્વરૂપથી બાહ્ય છે. આહા! અરે! જે ભાવે

તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારા સ્વરૂપથી બાહ્ય છે. પંચમહાવ્રતના વિકલ્પ મારા સ્વરૂપથી બાહ્ય છે–બહાર છે. વિકલ્પ ને બાહ્ય? બાહ્ય છે. મારા સ્વરૂપમાં છે નહીં. **આમ મારો નિશ્ચય છે.** લ્યો. **इति मम निश्चयः** સંસ્કૃત છે. એમ સમકિતીએ આવો નિર્ણય કરેલો હોય છે અને સમકિત પામનારે પણ આવો નિર્ણય પહેલો કરવો જોઈએ. એ નિર્ણય કરે ત્યારે એને યથાર્થ ઉપદેશ ઉપાદેય માનવામાં આવે છે, એ કરે ત્યારે. ઉપદેશ તો નિમિત્ત હુઆ. આહાહા! ઝીણી વાત છે. અંદર જ્ઞાનની પર્યાયમાં, આ દ્રવ્ય મારે માટે શાશ્વત રહેલું છે અને તે ઉપાદેયપણે રહેલું છે એવું સમ્યગ્જ્ઞાનમાં અંતર દ્રવ્યનો આશ્રય લીધો, એની અહીં વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

કેટલી વાત કરી છે! આહાહા! નંદનવન. નંદનવનના ઝાડ ન સૂકાય, એમ શરીરની મમતાથી સંસારના ઝાડ સૂકાય નહીં. આ મારું.. આ મારું ભૂલી ગયો, મારું ચૈતન્યશરીર અનાદિ-અનંત શાશ્વત ભૂલી ગયો. આ મારું એટલે એ શરીરને મારું માનતા એના ચોર્યાસીના અવતારને પોષણ મળ્યું એને. ચોર્યાસીના અવતાર તાજા રહેવાના, એ સુકાશે નહીં હવે. એવા શરીર ઉપરથી પણ હું ભિન્ન છું. એવા શરીરનું કારણ એવું દ્રવ્યકર્મ-ભાવકર્મ... જુઓ! બે લીધા. એ સંસારને પોષણ આપનારા, એનાથી તો રહિત છું. અને જ્ઞાયક ત્રિકાળીસ્વભાવ અતીન્દ્રિય આનંદપણે ભોગવનારું તત્ત્વ કાયમ એ હું છું. આહાહા! દૃષ્ટિને ફેરવી નાખવી. જે દૃષ્ટિ સંયોગને, રાગને, અલ્પ જ્ઞાન-દર્શન-વીર્યની પર્યાયને સ્વીકારે એ મિથ્યાત્વભાવ છે. શાશ્વતભાવ આ છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ સ્વરૂપ જ ત્રિકાળી છે. એનો સ્વીકાર એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ?

**(હવે આ ૧૦૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : )**

**अथ मम परमात्मा शाश्वतः कश्चिदेकः**
**सहजपरमचिच्चिन्तामणिर्नित्यशुद्धः।**
**निरवधिनिजदिव्यज्ञानदृग्भ्यां समृद्धः**
**किमिह बहुविकल्पैर्मे फलं बाह्यभावैः।।१३८।।**

કથંચિત્ એક લીધું. ગુણ છે ખરાને ભેગા, (પણ) વસ્તુ તરીકે એક.

આહાહા! શું ફળ છે એનું? ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ મુનિ પણ આહ્લાદમાં આવીને વર્ણન કરે છે. **શ્લોકાર્થ : અહો! મારો પરમાત્મા શાશ્વત છે...** લ્યો, મારો પરમાત્મા શાશ્વત છે. લે! નિર્ણય કોણ કર્યો એ? પર્યાયે. પર્યાય કહે છે કે મારો પરમાત્મા શાશ્વત છે. પર્યાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ એમ જાણે છે કે મારો પરમાત્મા શાશ્વત છે. એ ધ્રુવ છે એ 'હું શાશ્વત છું' એમ કંઈ જાણે છે? જાણે છે એ તો ત્રિકાળી જાણપણું રહ્યું, પણ વર્તમાનમાં જાણે છે (કોણ)? હું ત્રિકાળી ધ્રુવ છું એમ વર્તમાનમાં જાણે છે એ? વર્તમાન જાણનાર છે એ જ્ઞાનપર્યાય છે. એ એમ કહે છે કે મારો પરમાત્મા શાશ્વત છે. મારો પરમાત્મા એટલે આ ધ્રુવ તે

જ મારો પરમાત્મા, એમ. આહાહા! મારી પર્યાયનો સ્વામી–ધણી એ છે. આહા! જ્ઞાન મતિ-શ્રુતજ્ઞાન.. મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયથી, 'મારો આ પરમાત્મા.. મારો આ પરમાત્મા શાશ્વત છે' એમ સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં 'ધ્રુવ મારો શાશ્વત છે' એમ નિર્ણય કરેલો છે. માળે ધ્યાન લેવું પર્યાયમાં ને માનવું કે મારો આત્મા પરમાત્મા છે. આહાહા! પર્યાય કહે છે કે મારો આત્મા પરમાત્મા શાશ્વત છે. સમ્યગ્જ્ઞાનની વર્તમાન પર્યાય એમ કહે છે કે મારો આ પરમાત્મા શાશ્વત છે. પણ તું કોણ? એ હું નહીં, આ મારો પરમાત્મા શાશ્વત છે. આહાહા!

કથની તો જુઓ! એક વાચ્યને કહેવાનું વાચક. આહાહા! એકલું માખણ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એવો મારો આત્મા એટલે પરમસ્વરૂપ ત્રિકાળી. એ ત્રિકાળી પરમસ્વરૂપ તે મારો આત્મા શાશ્વત છે, એ મારો આત્મા. આહાહા! પર્યાય કહે છે કે હું આત્મા એમ નહીં. (પર્યાય) એક અંશ છે. પર્યાય કહે, આ ભગવાન અંતર્મુખ વસ્તુ જે છે એ મારો પરમાત્મા શાશ્વત છે. એમને એમ કાયમ રહે છે. કથંચિત્ **એક છે**. દ્રવ્યની અપેક્ષાએ એક છે. ગુણભેદથી અનેક છે, વસ્તુની અપેક્ષાએ એક છે. ઓલામાં એકની વ્યાખ્યા સાધારણ કરી છે. એક આમ 'કથંચિત્' નહોતું લીધું, ટીકામાં.

પર્યાય સહિત છે, પણ દ્રવ્ય છે તે એક છે, એમ કહે છે. પર્યાય સહિત, અનેક–અનેરી પર્યાય–સમ્યગ્જ્ઞાનની પર્યાય સહિત છે, પણ એ કથંચિત્ એક અને દ્રવ્ય છે તે કથંચિત્ એક જ છે. એ તો હું ભળું તો અનેક કહેવાય, એમ કહે છે. સમજાણું? આ તો એક જ છે. પર્યાય વિચારે છે ને. પર્યાયમાં (એમ છે કે) આ એક છે.. આ એક છે. પર્યાય છે ખરી, પણ પર્યાય સહિત છું એ નહીં, એકલું દ્રવ્ય હું એકલું એક શાશ્વત છું. શાશ્વત દ્રવ્ય–વસ્તુ એનો નિર્ણય, એનું જ્ઞાન, એના સન્મુખની વેદનદશા સહિત હોય તો દ્રવ્ય ને પર્યાય અનેક થઈ જાય છે. સમજાણું? પણ હું, 'આ હું ને મારું' મૂકી દઈને આ મારો આત્મા કથંચિત્ એક છે. મારી અવસ્થા વિનાનો તે એક છે. આહાહા! સમજાણું કાંઈ? માળે ટીકા પણ... કથંચિત્ એક લીધું છે જુઓ!

**સહજ પરમ ચૈતન્યચિંતામણિ છે...** કેવો છે ભગવાન? સહજ–સ્વભાવિક... સહજ–સાથે રહેલો ભાવ, પરમ ચૈતન્યચિંતામણિ... પરમ ચૈતન્યચિંતામણિ. ઓલું પત્થર ચિંતામણિ એ નહીં, એમ. ચૈતન્યચિંતામણિ... આહાહા! જેમાં એકાગ્ર થાઉં એટલી દશા પ્રગટ થાય એવું એ ચિંતામણિ રતન છે. ધૂળનું રતન છે એ તો રખડવા માટે છે. **સહજ**–સ્વભાવિક **પરમ ચૈતન્યચિંતામણિ**... આહાહા! પરમ ચૈતન્યચિંતામણિ... ત્રિકાળ ધ્રુવસ્વરૂપ ચૈતન્યચિંતામણિ **સદા શુદ્ધ છે...** ત્રિકાળ શુદ્ધ છે. શુદ્ધનું ભાન આવ્યું સમ્યગ્જ્ઞાનમાં, ત્યારે કહ્યું કે આ ત્રિકાળ શુદ્ધ છે. શુદ્ધનું જ્ઞાન થયું ત્યારે 'આ ત્રિકાળ શુદ્ધ છે' એમ પર્યાય પોકારે છે. પર્યાય પોકારે છે કે ત્રિકાળ શુદ્ધ છે મારો આત્મા.

**અને અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શનથી સમૃદ્ધ છે...** સમુચ્ચય લીધું હતું ઓલું ચૈતન્યચિંતામણિ, હવે એના પેટાભેદ પાડ્યા. **અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શન...** કેવું છે મારું ત્રિકાળી શાશ્વત સ્વરૂપ? દિવ્યજ્ઞાનદર્શન... પ્રધાન મારું જ્ઞાન ને દર્શનથી સમૃદ્ધ છું, જ્ઞાનદર્શનની સમૃદ્ધિવાળો છું. જુઓ! જ્ઞાનદર્શનની સમૃદ્ધિવાળો છું. લ્યો, આ સમૃદ્ધિ જોઈતી હોય તો આ છે. સમૃદ્ધિ–ઋદ્ધિ.. અંતરઋદ્ધિ. બાહરમાં નથી કહેતા? આને સમૃદ્ધિ બહોત હૈ. પૈસા ને બંગલા, આબરૂ, ફલાણું-ઢીકણું. સમૃદ્ધિ આને બહોત છે કહે છેને. રિદ્ધિ.. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા...' વહ આતા હૈ કિ નહીં?

રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા. અંતરકે લચ્છીસોં અજાચી લચ્છપતિ હૈ.
દાસ ભગવંતકે ઉદાસ રહે જગતસોં, સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.

(નાટક સમયસાર, મંગલાચરણ, પદ 7)

પાછું **અનંત નિજ દિવ્ય જ્ઞાનદર્શન**, એમ. નિજ દિવ્ય જ્ઞાનલક્ષણની સમૃદ્ધિ મારી છે મારામાં. આહાહા! **આમ છે તો પછી...** આવો હું છું તો પછી **બહુ પ્રકારના બાહ્ય ભાવોથી મને શું ફળ છે?** એમ કહ્યુંને અંદર? ફલં બાહ્ય સંયોગી... કર્તાકર્મમાં આવ્યુંને પહેલું એ. પુણ્ય ને પાપના ભાવ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નહીં. જેમ આ ચીજ સંયોગી છે, આત્મા ઉપર આ જેમ (દ્રવ્યકર્મ, શરીરાદિ) સંયોગી છે, એમ પુણ્ય-પાપના ભાવ ત્રિકાળી સ્વભાવની અપેક્ષા સંયોગીભાવ છે, એનો સ્વભાવભાવ નહીં. આહાહા! પંચમહાવ્રતના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણના ભાવ, કહે છે કે સંયોગી છે. સંયોગી લક્ષણ એનું છે. એ છેને પાઠ? **सव्वे संजोगलक्खणा...** એમ છે. સંયોગી લક્ષણ છે એ. સ્વભાવલક્ષણવાળી ચીજ નથી. આહાહા!

**તો પછી બહુ પ્રકારના બાહ્યભાવોથી...** એ બાહ્યમાં બેય આવી ગયું. **મને શું ફળ છે?** એટલે કે બાહ્યભાવ પુણ્ય એમાંથી શું ફળ? અને એના ફળ તરીકે સ્વર્ગ મળે એમાં શું ફળ? એમ. પુણ્ય છે એમાં શું ફળ? અને એના ફળ તરીકે સ્વર્ગ મળે એમાં શું ફળ? ભગવાન પરમાનંદની મૂર્તિ શાશ્વત મારે માટે તો પડી જ છે. ...... આહાહા! મારે માટે અંગીકાર કરવાનું છે. પરને અંગીકાર કરવો એ તો એનો આત્મા. એ અંગીકાર કરે તો અંગીકાર કરવાલાયક છે. હું તો આ આત્મા છું, જેને ત્રિકાળ જ્ઞાનદર્શનની સમૃદ્ધિ પડી છે. આહાહા! અનંત.. અનંત.. એમ લીધુંને પાછું? આહાહા! દુનિયાની પાંચ કરોડ, દસ કરોડ, અબજ ફલાણા- ઢીંકણા... આ તો અનંત નિજ જ્ઞાન-દર્શન(થી સમૃદ્ધ છું). આવા કારણે મારે બાહ્યભાવથી કામ શું છે? અરે! મારો પ્રયોજનભૂત તો ભગવાન આત્મા છે, એની સાથે મારે તો પ્રયોજન છે. મારું પ્રયોજન તો દ્રવ્યસ્વભાવ સાથે છે. મારે આવા વિકલ્પ સાથે પ્રયોજન શું છે? એમ અંતરમાં રમણતા કરે એને સમકિત અને ચારિત્ર થાય અને એ મોક્ષનો માર્ગ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૨, મંગળવાર, તા. ૧૭-૮-૧૯૭૧**
**ગાથા-૧૦૩, પ્રવચન નં. ૯૭**

૧૦૨ પૂરી કરી, કળશેય પૂરો થઈ ગયો. આ રાજકોટમાં મૂકી દીધી હતી, જરી ઝીણું પડે એમ વિચારીને. પણ અહીં તો હવે લેવું જોઈએને બધું.

**जं किंचि मे दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे ।**
**सामाइयं तु तिविहं करेमि सव्वं णिरायारं ।।१०३।।**
**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.**

આ પ્રત્યાખ્યાનની વ્યાખ્યા છે. ધર્મીને આત્મસ્વરૂપના અનુભવપૂર્વક સ્વરૂપમાં સ્થિરતા થાય, આનંદની ઉગ્રતા પ્રગટ થાય એને ચારિત્રનો પેટા ભેદ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. બહારથી એકલા વિકલ્પથી પ્રત્યાખ્યાન કરે એ કાંઈ પ્રત્યાખ્યાન નથી. અંતરમાં આત્મામાં અભેદપણે પરિણમન કરીને જે સ્વરૂપમાં લીનતા, આનંદની ઉગ્રતા, વીતરાગપર્યાય પ્રગટ થાય એને અહીંયા પચ્ચક્ખાણ..., લ્યો પોપટભાઈ! આને પચક્ખાણ કહે છે. ઓલા પચ્ચક્ખાણ કેટલીવાર કર્યાં? જુઓ! આહાહા!

**ટીકા : આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.** આત્માના પર્યાયમાં જે કાંઈ પુણ્ય-પાપના વિકલ્પો એ દોષસ્વરૂપ છે. એનાથી નિવર્તવાના ઉપાયની વાત છે આ. હવે પોતે પોતાનું નામ લઈને ભાવ... કહે છે. **મને...** મુનિ કહે છે કે મને–**પરમ-તપોધનને...** મારી પાસે પરમ તપરૂપી ધન છે, અતીન્દ્રિય આનંદની દશારૂપી મને ધન છે એમ કહે છે. કહો, શેઠ! આ ધૂળનું ધન નહીં એમ કહે છે. એ ધન નહીં. **પરમ-તપોધન...** વસ્તુ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની પૂંજીસે–મૂડીસે ભરા પડા હૈ. એનો આદર કરીને, એમાં એકાગ્ર થઈને જે કંઈ વીતરાગી પરિણતિ પ્રગટ થાય એને તપરૂપી ધન કહેવામાં આવે છે. આ ધન. આહાહા! કે જે ધનના મોલે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. આહાહા!

એવા મને **ભેદવિજ્ઞાની હોવા છતાં...** દેખો! પહેલેથી વાત તો કરે છે કે હું છું તો રાગથી ભિન્ન ભેદવિજ્ઞાની. સમ્યગ્દર્શનથી (-વડે) રાગ–વિકલ્પ વ્યવહાર એનાથી ભિન્ન (અને) સ્વરૂપનું ભાન, એને અહીંયા સમ્યગ્દૃષ્ટિ અથવા ભેદવિજ્ઞાની કહે છે. **મને પરમ-તપોધન...** પાછા પરમ તપોધન... સાધારણ તો ચોથે ગુણસ્થાને પણ સમકિતમાં જ્ઞાન ને આનંદાદિ અલ્પ પોતાની લક્ષ્મી–ધન પ્રગટ હોય છે. શ્રાવકને–સાચા શ્રાવકને પણ અંતરની લક્ષ્મી પ્રગટ હોય છે. 'અંતરકી લચ્છીસોં અજાચી લચ્છપતિ હૈ...' આવે છેને સમયસાર નાટકમાં. 'અંતરકી લચ્છીસોં

અજાચી લચ્છપતિ હૈ...' શેઠ! અંતરની લક્ષ્મી. આ તમારી ધૂળની નહીં એમ કહે છે. બંગલા જોઈએને.

શ્રોતા : અંતરકી લક્ષ્મીસે મકાન નહીં બનતા.

પૂજ્ય ગુરુદેવશ્રી : બનતા નહીં. પણ આ મકાન રહેવામાં કામ આવતા નથી. એ તો ધૂળ છે. .... જ્યાં અંતરમાં રહેવાનું સ્થાન છે, અતીન્દ્રિય આનંદનો બંગલો અંદર પડ્યો છે. આહાહા! 'આનંદઘન પ્રભુકે ઘર દ્વારે રટણ કરું ગુણધામા..' એવા સ્વરૂપની નજીકમાં–પર્યાયમાં એ ગુણને યાદ કરીને–સ્મરીને એમાં રહું છું, એ આત્માની લક્ષ્મી ને ધન છે. આહાહા! કે જે સાથે રહે, સાથે આવે અને મુક્તિના કારણરૂપે થાય, એને લક્ષ્મી કહેવામાં આવે છે. આહાહા!

અહીં તો પરમ-તપોધન મુનિ છે. પરમ-તપોધન... ઉગ્ર વિકાર રહિત ત્રણ કષાયના અભાવની જે દશા પ્રગટ થઈ છે એને **ભેદવિજ્ઞાની હોવા છતાં**... આ શું કહે છે? એ રાગનો વિકલ્પ જે ઉઠે છે એનાથી જુદો છું. ધર્મીની દૃષ્ટિ અને ધર્મીનું હૃદય, રાગથી હૃદય–જ્ઞાન જુદું હોય છે. છતાં એવું ભેદવિજ્ઞાન... રાગથી, પુણ્યથી, વિકલ્પથી ભિન્ન હોવા છતાં, **પૂર્વસંચિત કર્મના ઉદયને લીધે ચારિત્રમોહનો ઉદય હોતાં**... કાંઈ ચારિત્રનો ઉદય આવે, **જો કાંઈ પણ દુઃચારિત્ર** થઈ જાય રાગાદિનો વિકલ્પ **તો તે સર્વને મન-વચન-કાયાની સંશુદ્ધિથી હું સમ્યક્ પ્રકારે તજું છું.** લ્યો, **વોસરે**ની વ્યાખ્યા થઈ.

આમાં સ્થાનકવાસીમાં બહુ શબ્દ વપરાય. ... પેશાબ કરવા જાય ત્યારે વોસરે.. વોસરે કરે. વોસરે (એટલે) છોડું છું, ત્યજું છું. અહીંયા કહે છે, હું આત્મા ભેદવિજ્ઞાની શરીર-વાણીથી તો ભિન્ન છું, પણ દયા, દાન, વ્રતના વિકલ્પથી પણ હું ભિન્ન છું. એને અહીંયા ભેદવિજ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એ ઉપરાંત, કહે છે કે મને ચારિત્ર પણ છે. 'તપોધન' કીધું છેને. વસ્તુના સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ એનો ઝળકાટ પર્યાયમાં ઉગ્રપણે આવે છે. પ્રચૂર સ્વસંવેદન છે. છે એ પર્યાય–અવસ્થા. ઘણો અતીન્દ્રિય વેદન આવે છે કહે છે. એવો હોવા છતાં અને રાગથી ભિન્ન પડ્યો હોવા છતાં રાગમાં, ચારિત્રમોહના ઉદયમાં જરી જોડાઈ જવાથી દોષ થાય–દુઃચારિત્ર થાય એ સર્વને છોડી દઉં છું. મારા સ્વભાવનો આશ્રય કરીને એને છોડી દઉં છું. પ્રત્યાખ્યાન છેને એટલે... આહાહા! એનું નામ પ્રત્યાખ્યાન છે. ભારે ઊંચી વ્યાખ્યા.

**હું મન-વચન-કાયાની સંશુદ્ધિથી...**, એમ. સમ્યક્ પ્રકારે સ્વભાવની શુદ્ધિથી ત્યજું છું એમ કહે છે. અંતરની સંશુદ્ધિ–સ્વભાવની નિર્મળતા દ્વારા હું સમ્યક્ પ્રકારે દોષના ભાવને છોડું છું. જુઓ! આ દોષ છોડવાની રીત. એકલું 'મિચ્છામિ દુક્કડમ્' (કહી) દે એટલે દોષ છૂટી ન જાય એમ કહે છે. સમજાય છે કાંઈ? મન, વચન ને કાયાનું અંતરમાં એનું લક્ષ છોડીને, સ્વભાવની સંશુદ્ધિ–સમ્યક્ પ્રકારે શુદ્ધિ પ્રગટ કરીને આને હું છોડું છું–દોષને છોડું છું.

શ્રોતા : સ્વભાવકા આશ્રય કિયા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : દોષ છૂટી જાય છે. દોષ ઉત્પન્ન થતા નથી એટલે છૂટી જાય છે એમ કહેવામાં આવે છે. ભાષા તો જુઓ! ઉપદેશની શૈલી કેવી છે!

વળી **'સામાયિક' શબ્દથી ચારિત્ર કહ્યું છે**, એમ કહે છે. 'સામાયિક' શબ્દ છેને બીજા પદમાં. એ સામાયિક કહેતાં ચારિત્રની વ્યાખ્યા છે એમ કહે છે. એ ચારિત્ર ત્રણ પ્રકારનું છે. **સામાયિક, છેદોપસ્થાપન અને પરિહારવિશુદ્ધિ**—એ ત્રણ છે પ્રકાર. **ત્રણ ભેદોને લીધે ત્રણ પ્રકારનું છે. (હું તે ચારિત્રને નિરાકાર કરું છું.)** અભેદ, અખંડ, નિર્વિકલ્પ કરું છું. **અથવા હું જઘન્ય રત્નત્રયને...** વ્યવહાર રત્નત્રયને (માટે) અહીં જઘન્ય શબ્દ વાપર્યો છે, જાણે કે ઉત્કૃષ્ટ રત્નત્રયનો એક નાનો ભાગ હોય. અહીં જઘન્યનો અર્થ ખરેખર 'નાનું' એમ નહીં, પણ હલકું. શબ્દ એવો છે જરી. **જઘન્ય રત્નત્રયને**... વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા.. આવશે નીચે. નવ પદાર્થની શ્રદ્ધા, એનું જ્ઞાન, આચરણ—એ બધું વ્યવહાર રત્નત્રય છે. શુભવિકલ્પનો શુભરાગ છે. આહાહા! કહ્યુંને. હમણાં આ વાત કરી. સાંભળી કે નહીં? ઉત્કૃષ્ટ માંહ્યલું એ નથી, પણ કહેવામાં એમ આવે. ઓલો 'રત્નત્રય' શબ્દ વાપર્યો છે ને. એટલે રત્નત્રય માંહ્યલો આ વ્યવહાર રત્નત્રય જઘન્ય, એમ. પણ ઓલો ઉત્કૃષ્ટનો નિર્વકલ્પભાવ છે એનો આ જઘન્ય ભાવ એમ નહીં. ભીખાભાઈ! શું છે? જઘન્યનો અર્થ... પોતે કરશે. પરદ્રવ્યની શ્રદ્ધા એવો એનો અર્થ કરશે. સમજાણું કાંઈ?

એવી જઘન્ય રત્નત્રયને હું **ઉત્કૃષ્ટ કરું છું...** એટલે કે? એટલે કે... એમ. હવે આનો અર્થ ચાલે છે. **નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન...** દેખો! નવ પદાર્થરૂપ પરદ્રવ્ય છે એ. આહાહા! એનું શ્રદ્ધાન, નવ પદાર્થનું **જ્ઞાન,** નવ પદાર્થમાં વ્યવહાર **આચરણ—એ રત્નત્રય સાકાર** નામ વિકલ્પવાળું છે. રાગવાળો એ ભાવ છે. **તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન...** ઓલામાં પદાર્થ **પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ**, અહીં નિજ સ્વરૂપના **શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ...** હું મારા સ્વરૂપનું, નિજ સ્વરૂપ એનું શ્રદ્ધાન-જ્ઞાન ને અનુષ્ઠાન એવું સ્વભાવ રત્નત્રય... ત્યારે ઓલું વિભાવ રત્નત્રય થયું. વ્યવહાર રત્નત્રય એ વિભાવ છે, વિકાર છે, રાગ છે. એને છોડીને, હું નિજ સ્વરૂપના શ્રદ્ધાન..... મારો ભગવાન... આરે! મારો ભગવાન... વળી હું અને મારો—બે આવ્યા? ભાષા શું આવે? મારું સ્વરૂપ... સ્વ-રૂપ.. નિજ આનંદ ને જ્ઞાનરૂપી મારી ચીજ એ હું, એની શ્રદ્ધા–નિર્વિકલ્પ નિશ્ચય સમ્યગ્દર્શન. ઓલો વ્યવહાર સવિકલ્પ હતો. સમજાણું કાંઈ?

આ વ્યવહાર-નિશ્ચયના ઝઘડા મોટા છે ને. જૈન સંસ્કૃતિમાં આવ્યું છે મોટું બહુ કાલ ઘણું. હવે બધું સાંભળ્યું, સાંભળને આ! એ તો જ્ઞાન કરાવ્યું છે. એવો વ્યવહાર હોય છે, પણ એ સાચું રત્નત્રય છે એમ નથી. બે સાચા હોય તો બે પડ્યા શું કરવા? વ્યવહાર રત્નત્રય તો દુઃખ, વિકલ્પ છે. નિશ્ચય રત્નત્રય સુખ ને આનંદ છે. આહાહા! ભારે આકરૂં પડે. પંડિતોને ખળભળાટ થઈ ગયો છે. એ શેઠ!

શ્રોતા : સાકાર ઔર નિરાકારકા ભેદ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભિન્ન હૈ–ભિન્ન છે. આહાહા! ક્યા કહા સાકાર ને નિરાકાર? તમારા ભાઈએ કહ્યું. પણ એનો અર્થ તો કરો તમે. લ્યો, ન્યાં બેસી રહેતા હશે પૈસામાં? ફટ-ફટ ન્યાં પૂછતા હશે. તમારા ભાઈએ કહ્યું, સાકાર-નિરાકારનો અર્થ શું કર્યો એણે? વ્યવહારના વિકલ્પને સાકાર કહ્યું અને સ્વને આશ્રયે જે નિશ્ચય થાય એને નિર્વિકલ્પ–નિરાકાર કહ્યું. બેયને—શ્રાવકને ને મુનિને, બધાને. બધાની વાત છે ને. અહીં ક્યાં...? આ કહે કાઢી નાખો મુનિને. જેટલો મુનિનો આચરણ છે એનો એકદેશ ભાગ પંચમ ગુણસ્થાનમાં તો બધો લાગુ પડે છે. છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. મૂળ ગાથા. પુરુષાર્થસિદ્ધિ ઉપાય, અમૃતચંદ્રાચાર્ય. જેટલું ભાવનું લખાણ મુનિ માટે છે એનો દરેકનો એક અંશ–દેશભાગ શ્રાવકને હોય છે. સમજાણું કાંઈ?

અહીં તો સાકાર કહ્યુંને. એનો સવિકલ્પ... વિકલ્પ એટલે રાગવાળો. દેવ-ગુરુની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, નવ તત્ત્વનું જ્ઞાન, વ્યવહાર પંચમહાવ્રતનો વિકલ્પ—એ બધો રાગ છે. **તેને નિજસ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ**... આહાહા! એને હવે 'છોડી દઈને' એમ ન આવ્યું, પણ અર્થ થયો કે એ પરદ્રવ્યના તરફના લક્ષવાળી શ્રદ્ધા હતી, જ્ઞાન હતું, મહાવ્રતના પરિણામ હતા. સ્વદ્રવ્ય ભગવાન આત્મા અંતર્મુખમાં પ્રભુ બિરાજે પૂર્ણ પરમાત્મા પોતે એવું નિજ સ્વરૂપ એનું શ્રદ્ધાન એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન, નિજ સ્વરૂપનું જ્ઞાન–ભગવાન જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાયક એનું જ્ઞાન. આહાહા! એ સ્વસન્મુખ દેખ્યા વિના એ જ્ઞાન થાય નહીં. આહાહા! સ્વસન્મુખની પ્રતીતિ કર્યા વિના એ સમ્યગ્દર્શન ન થાય એમ કહે છે. વ્યવહારમાં પરનું લક્ષ છે, નિશ્ચયમાં સ્વનું લક્ષ હોય છે. સ્વાશ્રિત નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર. હવે પરાશ્રિત વ્યવહારથી નિશ્ચય સ્વાશ્રિત થાય? આમ જોતાં જોતાં આમ જોવાનું પ્રગટે? શાસ્ત્રમાં લેખ છે એટલે મુંઝાય છે માણસ. નિયત હેતુ છે ને કારણ છે ને આ છે ને તે છે. એ તો આમ જોવાનું છે. એમ જોતાં જોતાં અંદરમાં ઉતરાય? કે એને છોડતા ઉતરાય? સમજાય છે કાંઈ?

મેડીએ ચડવું હોય અને વચમાં ઓરડો હોય–કમરો, નીચે હોય ભોંયરું. ભોંયરે ઉતરતાં ઉતરતા ઉપર ચડાય? એમ વ્યવહાર રત્નત્રય તો રાગ છે ભોંયરું.. ભોંયરું સમજતે હૈં? ભોંયરું કહતે હૈં ન? તલઘર. ઘર. તળિયાનું ઘર. ભોંયરું કહતે હૈં હમારે. ભોંયરું છે અહીં. ઓરડીને ભોંયરું છે. યે ઓરડી હૈ ન અંદર, એમાં નીચે ભોંયરું છે–તળિયું છે. રાખેલું, પણ કાંઈ કામ ન આવ્યું. બગડી જાય છે અંદર. દબાય છે ને. બંધ રહેને ગરમી થઈ જાય. ધૂળ આવે.. પુસ્તક-પુસ્તક બગડી જાય. ....લાગ્યું કામ શીખવા માટે... છેલ્લી ઓરડીમાં છે ને નીચે.

તલઘર–નીચેનું ઘર. હવે જેને ઉપર મેડીએ જવું હોય મંજિલે. ઓરડામાં અહીં જવાનું ને અહીં જવાનું (એમ) બે દાદર છે. જેને ઉપર જાવું હોય એને પહેલે હેઠે ઉતરીને ઉપર જવાતું હશે? ન્યાં ખબર પડે કે એમ ન જવાય. એમ આ જઘન્ય રત્નત્રય એ નીચો પરના લક્ષવાળો

ભાવ છે. એ પરના લક્ષવાળો ભાવ અંતરમાં જવા માટેમાં કારણ થાય? આહાહા! તમે બધા એવા હતા એટલે શું કરે ન્યાં? સાંભળીને બધા હા હા પાડતા. ઓલામાં... હજી મારે છેને બધા ગપ. વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહાર આચરણ કરતાં કરતાં નિશ્ચય પ્રગટે. પણ વ્યવહાર આચરણ તો શુભરાગ છે અને એ રાગનું લક્ષ તો પરદિશા તરફ છે. પરદિશા જોતાં જોતાં અંતરદશા–અંદરમાં જવાનું થાય? કે એને છોડીને થાય? મૂળચંદભાઈ! દિશા જુદી છે એની. અરે! એને ઘરમાં જવું, એમાં પરઘર થોડું જઈ આવું તો ઘરમાં જવાય એવી એની માન્યતા છે. પરઘર જઈ આવું તો પછી નિજઘરમાં જવાય. અરે! પરઘર તો અનંતવાર ગયો છો. પરલક્ષી શુભ-અશુભભાવ તો અનાદિના કર્યા છે. એને લઈને અંતરમાં જવાનું થતું હશે? આહાહા!

અહીં તો કહે છે કે જે નવ પદાર્થની પરદ્રવ્યની... હું જીવ છું એવો વિકલ્પ આદિ એ નવ પદાર્થ પરદ્રવ્ય છે. એક સમયની પર્યાય એ પણ પરદ્રવ્ય છે, પરપદાર્થ છે. ત્રિકાળ દ્રવ્ય નહીં, એમ. નવ પદાર્થ લીધાને. તો એક સમયની પર્યાય છે એ પણ પરપદાર્થ છે. કંઈ નિશ્ચય સ્વદ્રવ્ય નહીં, નિજદ્રવ્ય નહીં. પર્યાયની શ્રદ્ધા એ પણ વિકલ્પ છે. વ્યવહાર આત્માની શ્રદ્ધા થઈ એ. આહાહા! ભારે! નવ પદાર્થ લીધાને. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. તો જીવેય આવ્યો અંદર. ક્યો જીવ? એક સમયની પર્યાયવાળો જીવ. એની શ્રદ્ધા એ વ્યવહારશ્રદ્ધા છે. કેમકે પર્યાય પોતે વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ? પોતાની પર્યાય પણ દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર છે. એ વ્યવહારની શ્રદ્ધા રાગવાળી શ્રદ્ધા છે. આહાહા! ભારે વાત કરી છે. સમજાય છે કાંઈ? પન્નાલાલજી! આ બધી આવી વાત છે, પણ માળે...

શ્રોતા : શાસ્ત્રમેં તો પરંપરા ઐસા લિખા હૈ...

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, લિખા હૈ. પરંપરાકા અર્થ કિ સાક્ષાત્ નહીં. પછી છોડીને થશે. પરંપરા એ વ્યવહારનયનું કથન છે. વ્યવહારનયનું કથન એટલે કે એ એમ નથી. પણ રાગને છોડીને થશે માટે પરંપરા કહેવામાં આવે છે. એમ વાત છે. શું થાય? આવે છેને, તીર્થંકર પ્રકૃતિ પરંપરા છે. જડપ્રકૃતિ પરંપરા કારણ થતી હશે? પણ આવે છે એ વાત. એ બધા પકડીને બેઠા છે માળા. એ જાણે કે કાંઈ ખબર નથી ને સાંભળનારા બધા મૂર્ખા છે એમ માને છે. આહાહા! એને બેઠું નથી. એ વાત હતી નહીંને.

આ ભગવાન પૂર્ણાનંદનો નાથ **નિજ સ્વરૂપ**... ભાષા દેખો! ઓલું બધું પરસ્વરૂપ થયું. નવ પદાર્થની અપેક્ષાએ પરસ્વરૂપ થયું. આવ્યું કે નહીં? પણ નવ પદાર્થમાં પર્યાય પણ પરદ્રવ્યમાં ગઈ. આહાહા! એક સમયની પર્યાય. આહાહા! અને નવની શ્રદ્ધા એ રત્નત્રય સવિકલ્પ, રાગવાળી શ્રદ્ધા, વિભાવવાળી શ્રદ્ધા છે. આહાહા! પરાશ્રિત વ્યવહાર. પરને આશ્રયે ઉત્પન્ન થતો વ્યવહાર સઘળો ત્યાજ્ય છે. બંધ અધિકાર (કળશ ૧૭૩)માં આવ્યું છેને. ત્યાજ્ય છે, ધર્મીને ત્યાજ્ય છે. નિષ્કંપ ભગવાન આત્મા એમાં સ્થિર કેમ રહેતો નથી? કહે છે. બંધ

અધિકારમાં આવ્યું છે. અંતર્મુખ ભગવાન બિરાજે છે, જેના ભેટે તને આનંદ આવે એ તરફ કેમ જોતો નથી? એ તે કંઈ સાધારણ વાત છે? એ કાંઈ ભણ્યે-ગણ્યે પ્રાપ્ત થાય એવું છે? એ કોઈ ચારિત્રના વ્રત-નિયમ પાળે, તપસ્યા કરે તો પ્રાપ્ત થાય એવું છે? આહાહા!

અહીં તો **તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન**... આહાહા! વ્યવહાર જે વિકલ્પ છે... અહીં તો 'છોડીને' પાઠ છેને ગાથામાં? **तिविहेण वोसरे सामाइयं, तु तिविहं**... ત્રણ પ્રકારનું સામાયિક કરું છું, એમ છે. **करेमि सव्वं णिरायारं**.. પાછું એમ. તેને નિરાકાર કરું છું. એટલે એનો અર્થ થયો કે સવિકલ્પ જે છે એને છોડીને હું મારા સ્વરૂપની નિરાકાર–નિર્વિકલ્પ શ્રદ્ધા કરું છું. એમ છે એનો અર્થ. સમજાણું કાંઈ? અને એ વાંધો કાઢ્યો છે. એક આ ને બીજો આ. વ્યવહાર ને નિશ્ચય બે એકસાથે છે. ખોટી વાત છે. પણ એકસાથે (એટલે) અહીં નિશ્ચય હોય ત્યારે રાગને વ્યવહાર કહેવાય છે. સાંભળને! 'સહચર' મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. સાથે હોય સાથે. અને આ દ્રવ્યસંગ્રહમાં કહ્યું. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि मुणि णियमा.** (ગાથા ૪૭). પણ વસ્તુને જ્યાં મુદ્દાની રકમ મૂકી હોય એના અર્થની ખબર ન મળે. જ્યાં ઓલા વ્યવહાર હેતુ–કારણ આવ્યું, પણ કઈ અપેક્ષા એની ખબર ન મળે.

શ્રોતા : જઘન્યવાદીયોંકે લિયે સમ્યગ્દર્શન હેતુ...?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, જઘન્ય સમ્યક્ એટલે વિકલ્પ. યે વિકલ્પ હૈ રાગ. વ્યવહાર હૈ હી નહીં. ઉપચાર હૈ ન. વ્યવહાર કહા ન. ઉપચાર હૈ. યે સમ્યગ્દર્શન હૈ હી નહીં, એ તો રાગ છે.

શ્રોતા : એમ પૂછે છે કે સમ્યગ્દ્રષ્ટિને એવો વ્યવહાર હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, વ્યવહાર હોય, પણ એ વ્યવહાર બંધનું કારણ એમ જાણે છે. એ કીધુંને. પહેલું કહ્યું હતું કે જઘન્યનું ઉત્કૃષ્ટ કરવું નામ ઓલું વ્યવહારને છોડીને ઉત્કૃષ્ટ કરવું—નિર્વિકલ્પ કરવું, એમ.

શ્રોતા : ..... થોડું શુદ્ધ તત્ત્વ વધારે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, ના, એ તો પહેલું કહ્યું મેં. જઘન્ય એ ઉત્કૃષ્ટનો ભાગ છે નહીં. પહેલું કહ્યું હતું. રત્નત્રયનું નામ એમાં આવ્યું એ જઘન્ય છે, એમ. જે નિર્વિકલ્પ છે એનો ભાગ છે એમ નહીં. પણ રત્નત્રય જે છે એવા નામવાળું આ છે માટે એમ જઘન્ય કહેવામાં આવે છે, બાકી છે રાગ.

શ્રોતા : રત્નત્રય વહ નામમાત્રકા રત્નત્રય હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : નામમાત્રકા રત્નત્રય હૈ. ઐસા હૈ. અહીંયા એનો અર્થ જ કરે છે બેનો. બેનો અર્થ છે. હું જઘન્યરત્નત્રયને ઉત્કૃષ્ટ કરૂં છું એનો અર્થ શું? એમ. જઘન્ય રત્નત્રયને ઉત્કૃષ્ટ કરૂં છું એનો અર્થ શું? એ અર્થ ટીકાકાર કરે છે.

કે **નવ પદાર્થરૂપ પરદ્રવ્યના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર, તેને નિજ સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ સ્વભાવરત્નત્રયના સ્વીકાર (-અંગીકાર) વડે નિરાકાર–શુદ્ધ કરું છું...** એવો એનો **અર્થ છે.** ટીકાકારે એનું સ્પષ્ટ કર્યું છે. 'જઘન્યને ઉત્કૃષ્ટ કરું' એની વ્યાખ્યા શું? એમ. એનો અર્થ શું? આહાહા! ભાષા તો ભાઈ જેમ છે એમ આવે. બસ, એ તો એક વિકલ્પ છે. પણ નિરાકાર અંદર નિજસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન-આચરણ રત્નત્રય... તે **સ્વભાવરત્નત્રય**... દેખો! એનો અર્થ શું થયો? ઓલું જઘન્ય થયું એ વિભાવરત્નત્રય થયું. **નિરાકાર–શુદ્ધ કરું છું**. એ વિકલ્પને છોડી અને ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ એનો આશ્રય લઈ નિર્વિકલ્પ–શુદ્ધ કરું છું. એમ અર્થ છે જુઓ! અમૃતચંદ્રાચાર્યની શૈલી નાખી છેને એમણે. ચારિત્રનો એમ અર્થ છે. પ્રવચનસાર. આચાર્યોએ અનુપમ.... અમૃતચંદ્રાચાર્ય. આમ 'સ્વસમય' તેનો અર્થ છે. સ્વરૂપમાં રમવું એનું નામ ચારિત્ર છે. હોયને. આચાર્ય અમૃતચંદ્રાચાર્યે તો ગજબ કામ કર્યું છે! ઓહો! અદ્‌ભુત કામ! ગજબકા કામ! ગજબ મોતી ....... લાવ્યા. **अद्भूतादद्भूतः** આવે છેને કળશમાં. બેય શબ્દ. **अद्भूतम्** (સમયસાર કળશ ૨૭૩) ને **अद्भूतादद्भूतः** (કળશ ૨૭૪) બેય.

આ વ્યવહાર રત્નત્રય જે જઘન્ય રત્નત્રય એટલે હલકું રત્નત્રય એટલે રાગવાળું રત્નત્રય. આહાહા! એને અહીં છોડીને, એમ કહ્યુંને પાછું? **तिविहं करेमि सव्वं णिरायारं**.. પાઠમાં એ છે ને? હું નિરાકાર કરું છું એનો અર્થ કે અહીંથી ખસીને અહીં જાઉં છું. આહાહા! એ તો વળી ઓલા દોષને ત્યજું છું એ એનો અર્થ થયો. આ તો **सामाइयं तु तिविहं करेमि सव्वं णिरायारं**, એમ. ઓલું **दुच्चरित्तं सव्वं तिविहेण वोसरे**... એ દોષને ત્રણ પ્રકારે છોડું છું મન-વચનથી-કાયાથી. અહીં **सामाइयं तु तिविहं करेमि सव्वं णिरायारं**, એમ. સમજાણું કાંઈ? અરે! શાસ્ત્રના અર્થમાં પણ તે પોતાની કલ્પનાએ અર્થ કરવા... મહા ભગવાનની પેઢી છે આ તો, સર્વજ્ઞની પેઢી છે. એ પેઢીને ઘાંચી જેવો... અબજોપતિની પેઢીમાં ઘાંચીને બેસાડે પચ્ચીસ પગારવાળો મુનિમ. આવડે પણ નહીં કાઢતાં, રમતાં પણ આવડે નહીં, દેતા પણ આવડે નહીં. કાઢે શું? મુંઝાય, આ શું છે? આપણને કાંઈ સૂઝ પડતી નથી. લ્યો!

૫૦૦ મનુષ્ય... ઓલા છોકરાને પૂછે. એક છોકરો છે આંકડિયામાં. શેઠ! આંકડિયામેં એક લડકા હૈ. ખેડુ–કણબીનો છોકરો છે નવ-દસ વર્ષનો. કરોડો-અબજોના ગણિત બોલે. ચોપડી બીજી ભણતો બીજી. પૂર્વના સંસ્કાર. અમરેલીના મોટા અમલદારો આવ્યા હતા અમલદાર–અધિકારી. એણે પૂછવા માંડ્યું જવાબ. પોતે પૂછ્યું છોકરાએ. એક હજારને... વિગેરે એમ કાંઈક આંકડો મોટો. ૧૦૦૦ ખટારાના... ખટારો સમજ્યાને આ? ટ્રક. એક ખટારાના એક હજાર ને સાડા સાડત્રીસ રૂપિયા એવું કાંઈક આંકડો હતો. એક ખટારાના એટલા, તો ૧૦૦૦ ખટારાના કેટલા? ઓલા કહે, કાગળ-પેન્સિલ... અમલદાર કહે, કાગળ-પેન્સિલથી અમે કહીએ. તમે કહો!

આ કહે... જાવ. લડકા હૈ કૃષિકારકા. બોલાવ્યો સાહેબે. પાણી.. પાણી ભરતો હતો. ખેતરમાં પાણી પાયને. આપણે આ ભાઈ અહીં જમવા લઈ આવ્યા. બીજી ચોપડી ભણતો. પહેલી ને બીજી–દૂસરી. પણ લેખા તે અબજો-અબજોના. શેઠ! એ પૂર્વના (સંસ્કાર) લઈને આવ્યો એટલું. અમલદાર–અધિકારીએ પણ હાથ ઘસી નાખ્યા. ઓહો! બીજું કાંઈ ન આવડે, ધર્મ-બર્મનું કાંઈ નહીં. આ એક ગણિતનું ...એટલું.... આવ્યો ભણીને આવ્યો. એક ખટારાના એક હજાર ને સાડી સાડત્રીસ ને ત્રણ આના તો એક હજાર ખટારાના કેટલા? અમલદાર કહે, અમે તો સીસપેન.... તમે કહો!

આ પણ તમારો એક છોકરો, નહીં? શું નામ? એ થોડુંક બોલે છે. .... આમ જુઓ તો સાધારણ જડભરત જેવો દેખાય. છાપા વેચે છે. સાધારણ દેખાય. આ લોકો ગૃહસ્થ પ્રમાણે છોકરાનો દેખાવ પણ નથી. એય! નહીં? આના ભાઈનો દીકરો છે. એ બિચારા સાધારણ છે. આના ભાઈએ દીક્ષા લીધેલી શ્વેતામ્બરમાં. એ તો છોડીને... જાનતે હો ન ઉસકો? મુંબઈથી... પંદરસોનો પગાર માસિક. પંદરસોનો માસિક પગાર થા પ્લેનમેં. માસિક પંદરસોનો પગાર છોડ દિયા, નોકરી છોડ દી. નિવૃત્તિ માટે. આ પાપનો ધંધો કરવો, એ કરતાં છોડી દઈએ. પ્લેનમેં થા. હમ જબ પ્લેનમેં... બરાબર... લાકડી ફેરવી છે. આહાહા! ઉસકા ભાઈકા લકડા હૈ. સાધારણ બોલે ને દેખાય. તિથિ કહે, ૨૫ વર્ષ પહલા આ વાર ને તિથિ તારીખ કઈ હતી એ બોલે. ભગવાનજીભાઈ પૂછે ભગવાનજીભાઈ આપણા. ભગવાનજીભાઈ મોમ્બાસાવાળા. આફ્રિકાવાળા ગૃહસ્થ માણસ, ૫૦-૬૦ લાખ. એણે પૂછ્યું કે મારો જન્મ દિન ફલાણે વારે એ તારીખ કઈ હતી? એ તમારા છોકરાને પૂછ્યું હતું. આમ જુઓ તો કાંઈ ભાન ન મળે. ધર્મ-બર્મનું કાંઈ ભાન ન મળે. એ જાતનો ઉઘાડ લઈને આવ્યો. શું છે? એ ચીજ શું છે એમાં? આહાહા!

આહીં તો કહે છે ભગવાન, **સ્વભાવ રત્નત્રય**... જુઓ તો ખરા! આ પર્યાયને સ્વભાવ રત્નત્રય કહ્યું છે. ત્રિકાળ તો દ્રવ્ય છે. આહાહા! **સ્વભાવ રત્નત્રયના સ્વીકાર વડે**... દેખો! આ વડે, એમ. ઓલા વ્યવહાર રત્નત્રયના સ્વીકાર વડે આ નહીં, એમ. એમાં આવી ગયું એ. વ્યવહાર રત્નત્રય સવિલ્પ છે. એ છે એટલું કહ્યું બસ. હવે આ નિજ સ્વરૂપના શ્રદ્ધાન-આચરણમાં **સ્વભાવ રત્નત્રયના સ્વીકાર વડે શુદ્ધ કરું છું–નિરાકાર** કરું છું. આહાહા! એમ અર્થ છે. એ વ્યવહાર-નિશ્ચયનો આ અર્થ છે, એમ કહે છે. હવે બીજી રીતે. ઓલા ત્રણ નાખ્યા હતા, આમાં એક હવે નાખ્યું હવે ચારિત્ર.

**વળી (બીજી રીતે કહીએ તો), હું ભેદોપચાર ચારિત્રને અભેદોપચાર કરું છું...** પંચમહાવ્રતનો જે વિકલ્પ છે એ ભેદોપચાર ચારિત્ર છે, ખરેખરું ચારિત્ર નથી. ભેદવાળો વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. એને અભેદોપચાર કરું છું. એ ચારિત્રને હું નિર્વિકલ્પ સ્થિરતા કરું છું. વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ સ્થિરતા કરું છું. **અને અભેદોપચાર (ચારિત્ર)ને છોડીને**

**અભેદાનુપચાર કરું છું**... એ પર્યાયને દ્રવ્યમાં એકાકાર કરું છું. જ્ઞાયકમાં અભેદમાં એકાકાર કરું છું. સમજાય છે કાંઈ? વિકલ્પ પંચમહાવ્રત એ ભેદોપચાર ચારિત્ર હતું વ્યવહાર. એને છોડીને અભેદોપચાર એટલે આત્માના ત્રણ પ્રકારના એ ચારિત્રને શુદ્ધ કરું છું એ અભેદોપચાર થયો. એ ત્રણને-ચારિત્રને હવે અંતરમાં અવસ્થિતરૂપ નિશ્ચળ કરું છું આત્મામાં, એ અભેદાનુપચાર થયું. આ ત્રણેયમાં કહેવાય. ચારિત્રની પર્યાય નિર્મળ થાય એ વિકલ્પ છે ને ભેદોપચાર ચારિત્ર છે. અને નિર્વિકલ્પ થાય એ અભેદોપચાર ચારિત્ર. અને એ ચારિત્રમાં વિશેષ દઢતા આત્મા સાથે જોડાઈ જાય એ અભેદાનુપચાર ચારિત્ર. આત્મા પોતે ચારિત્ર એમ અભેદ આવે છે ને? વ્યવહાર રત્નત્રય... ઓલામાં દ્રવ્યસંગ્રહમાં છેને દ્રવ્યસંગ્રહ. આમાંય આવ્યું. પણ 'એકાકાર કરું છું' આમ. અભેદ (એટલે) ત્રણના ભેદ નથી રહેતા, એમ. આ રાગનો ભેદ જુદો, ત્રણનો ભેદ જુદો. એ ભેદ છોડીને અભેદ કરું છું અંદર.

**—એમ ત્રિવિધ સામાયિકને (-ચારિત્રને) ઉત્તરોત્તર સ્વીકૃત (અંગીકૃત) કરવાથી...** લ્યો, એમાં સ્વીકૃત તો આવ્યું ત્રણેયમાં. પહેલો વ્યવહાર, પછી અભેદોપચાર, પછી અભેદાનુપચાર. અર્થ કરવો હોય તો જેમ હોય તેમ બધો કરવો જોઈએને. **ઉત્તરોત્તર સ્વીકૃત કરવાથી**, એમ. પંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો વ્યવહારે, પછી નિશ્ચય અભેદોપચાર-નિર્વિકલ્પ ચારિત્ર કહ્યું. અને પછી ચારિત્ર આત્મા સાથે ઉગ્રપણે અભેદ થઈ ગયો.—એવા ત્રણ પ્રકારના સ્વીકાર વડે, બસ. **સહજ પરમ તત્ત્વમાં અવિચળ સ્થિતિરૂપ...** ભગવાન આત્મા પરમપારિણામિકસ્વભાવ એવું સહજ પરમતત્ત્વ... આહાહા! ભાષા પણ સમજવી કઠણ પડે.

**સહજ**-સ્વભાવિક **પરમતત્ત્વ... અવિચળ સ્થિતિરૂપ**-એમાં ચળે નહીં એવી સ્થિતિરૂપ **સહજ નિશ્ચયચારિત્ર હોય છે.** લ્યો, સ્વભાવિક ચારિત્ર હોય છે. આહાહા! સમજાણું કાંઈ? **કે જે (નિશ્ચયચારિત્ર) નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી...** નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી **નિરાકાર ચારિત્ર છે** એમ કહેવું છે. વીતરાગી આત્મામાં—નિર્વિકલ્પ ભગવાન આત્મામાં—નિર્વિકલ્પ ત્રિકાળી આત્મા છે એમાં—લીન હોવાથી નિર્વિકલ્પ ચારિત્ર છે. એની પર્યાયમાં રાગ વિનાનું ચારિત્ર છે. આને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ? ટોડરમલજીએ ચોખ્ખો ખુલાસો કર્યો છે કે મોક્ષમાર્ગ બે નથી. હવે એ માનવું નથી. એથી વધારે હુશિયાર થઈ ગયા. આચાર્યની પરંપરા શું ખોટી હોય? સાચી આ છે. .... આચાર્યની પરંપરા રાખો. વ્યવહારથી લાભ ન થાય (એમ કહેવાથી) આચાર્યની પરંપરા તૂટી જાય છે. આહાહા!

અહીં તો કહે છે, નિરાકાર તત્ત્વ ભગવાન આત્મા ધ્રુવ પરમસ્વભાવભાવ, આત્માની કાયમી હયાતીરૂપ ભાવ, અવિનાશી સ્વભાવ, એમાં લીન એ પર્યાય. 'નિરાકાર તત્ત્વ' એ વસ્તુ, 'લીન હોવાથી' એ પર્યાય. આહાહા! દ્રવ્ય ને પર્યાય. **નિરાકાર ચારિત્ર છે**. એને વીતરાગી નિર્વિકલ્પ ચારિત્ર હોય છે. **નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર હોય છે** એમ કહે

છે. આહાહા! વ્યવહારચારિત્રમાં લીન હોવાથી રાગ થાય છે. નિર્વિકલ્પ ..... થતી નથી એમ કહે છે. ભારે વાતું! થોડી થોડી વાતમાં પણ ઘણો ફેર છે એ ખબર પડતી નથી. આમ માન્યું, બેય સાચા મોક્ષમાર્ગ છે એમ લખ્યું લ્યો.

હવે અહીં ટોડરમલ કહે છે, બેય ઉપાદેય માને એ ભ્રમ છે. આ પણ સાચું ને આ પણ સાચું માને... એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ લખ્યું છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પણ સાચો છે, એક વ્યવહારમોક્ષમાર્ગ (છે એ પણ સાચો છે)—એમ માને એ ભ્રમ છે. પંડિતો બધા નામ ધરાવનારા (માને છે). આ જૈનસંસ્કૃતિ એના માટે કાઢ્યું છે. આહાહા! અરે! જૈનના સંસ્કાર તે વીતરાગભાવના સંસ્કાર હોય કે રાગભાવના સંસ્કાર હોય? આહાહા! કહ્યુંને અહીંયા, **નિરાકાર તત્ત્વ**... વસ્તુ છે એ નિરાકાર તત્ત્વ છે. ભગવાન વીતરાગમૂર્તિ છે. એના આશ્રયથી ચારિત્રદશા પ્રગટ થાય તે નિર્વિકલ્પ અથવા નિરાકાર ચારિત્ર કહેવામાં આવે છે. પરના લક્ષે ઉત્પન્ન થાય એ વિકલ્પ, એ રાગ. એ ખરેખર ચારિત્ર નથી. આહાહા!

હજી તો ચારિત્ર કોને કહેવું એની ખબર ન મળે અને ચારિત્ર લઈને બેઠા. લ્યો, પંચ મહાવ્રત એ ચારિત્ર. **નિરાકાર તત્ત્વમાં લીન હોવાથી નિરાકાર ચારિત્ર**, એમ પાછું. કારણ આપ્યું. નિર્વિકલ્પ ભગવાન આત્મા છે. એવા આત્મામાં લીન હોવાથી–નિરાકાર વીતરાગી આત્મામાં લીન હોવાથી વીતરાગી ચારિત્ર છે. નિરાકાર કહો કે વીતરાગ કહો કે નિર્વિકલ્પ ચારિત્ર કહો. આહાહા! હજી ટીકા સમજતા વાર લાગે. ઘરના અર્થ કરે, મુંઝવે પછી પોતાના આત્માને. આહાહા!

**એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—** દાખલો આપે છે. પ્રવચનસાર.

**द्रव्यानुसारि चरणं चरणानुसारि**
**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।**
**तस्मातन्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं**
**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य ।।**

આ ચરણાનુયોગનો ઉપોદ્ઘાતનો શ્લોક છે. પ્રવચનસાર, ચરણાનુયોગ. પહેલો જ્ઞાન અધિકાર, પછી જ્ઞેય અધિકાર, પછી ચારિત્રનો. **શ્લોકાર્થ : ચરણ દ્રવ્યાનુસાર હોય છે...** વસ્તુ જે ભગવાન આત્મા જેવી નિરાકાર–નિર્વેકલ્પ વસ્તુ છે એના આશ્રયે ચરણ હોય છે. દ્રવ્યને અનુસારે ચરણ હોય છે. અથવા જે દ્રવ્યાનુસારે પર્યાય નિર્મળ પ્રગટ થઈ એના પ્રમાણમાં **ચરણ દ્રવ્યાનુસાર હોય છે**. એના પ્રમાણમાં એના વિકલ્પની મર્યાદા હદવાળી હોય છે. ફરીને. **ચરણ દ્રવ્યાનુસાર હોય છે**... ચરણ નામ પંચમહાવ્રતના વિકલ્પની મર્યાદા દ્રવ્યનુસાર (એટલે જેટલી) દ્રવ્યને અનુસરીને નિર્મળતા પ્રગટ થઈ છે એના પ્રમાણમાં ત્યાં ચરણ નામ વિકલ્પની મર્યાદા

હોય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? કોને અનુસાર? દ્રવ્ય એટલે? એ કીધું યાદ રહ્યું નથી. નહીં, નહીં, એ તો અહીં બહુ ધ્યાન રાખવું પડે એવું છે. ક્યાં ગયા? ઓલું નવું આવેને.

દ્રવ્યાનુસાર એટલે જે દ્રવ્ય ત્રિકાળી છે એને અનુસરીને થતી જે નિર્મળ પર્યાય, એ નિર્મળ પર્યાય દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. નિર્મળ પર્યાયના પ્રમાણમાં એને ચરણ નામ વિકલ્પની દશા હોય છે. જેમ કે છઠ્ઠે ગુણસ્થાને મુનિને દ્રવ્યને આશ્રયે જેટલી નિર્મળતા પ્રગટ થઈ, એ નિર્મળ પર્યાય પ્રગટ થઈ એ દ્રવ્યાનુસાર. એ પર્યાયના પ્રમાણમાં એને વિકલ્પ હોય છે. એટલે ૨૮ મૂળગુણના, પંચમહાવ્રતના વિકલ્પ એની મર્યાદા પ્રમાણે હોય છે. એને વસ્ત્ર લેવાના, પાત્ર લેવાના એવા વિકલ્પની મર્યાદા (હોય નહીં). જેને અહીં દ્રવ્યના આશ્રયે નિર્મળતાની હદ પ્રગટી છે એના પ્રમાણમાં એને વિકલ્પની હદ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? તેથી એમને પૂછ્યુંને જરી. પોપટભાઈ! વાત તો થઈ ગઈ છે.

ચરણ દ્રવ્યાનુસાર હોય એની વ્યાખ્યા. ચરણ નામ વ્યવહાર ક્રિયા, વિકલ્પ. એ વિકલ્પની વ્યવહારતા દ્રવ્યને આશ્રયે જે નિર્મળદશા થઈ એને દ્રવ્યાનુસાર (કહે). દ્રવ્યને અનુસાર.. અનુસાર કરવું એમ નહીં. દ્રવ્યને અનુસારે થયેલી જે નિર્મળદશા એને દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ મુનિને યોગ્ય જે પ્રગટેલી છે, એને દ્રવ્યાનુસાર કહેવામાં આવે છે. એવી નિર્મળ અનુસારની પરિણતિના પ્રમાણમાં એને વિકલ્પની હદ એ પ્રમાણેની હોય છે. અમરચંદભાઈ! એના પ્રમાણમાં વિકલ્પ હોય છે. છઠ્ઠા ગુણસ્થાનની દ્રવ્યાનુસારી પરિણતિ છે અને એમ કહે કે અમારે વસ્ત્ર લેવાનો વિકલ્પ છે, ભોગ લેવાનો વિકલ્પ છે. જૂઠી વાત છે. એની પવિત્રતાની હદ પ્રમાણે એ વિકલ્પ બીજા એને હોય જ નહીં. આવા જ વિકલ્પ હોય પંચમહાવ્રતાદિના, બસ. શેઠી! સમજાય છે કાંઈ?

શ્રોતા : બંને સાથે રહે છે એમ ને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાથે છે ને. સાથે જ છે આ બધું. શું છે? પરસ્પર છે ને. **द्रव्यं मिथो...** એક સાથે છે બેય. પહેલા-પછી કાંઈ છે જ નહીં. અહીંયા તો એમ કહે છે કે ચોથે ગુણસ્થાને જે નિર્મળદશા પ્રગટ થઈ એના પ્રમાણમાં એને વિકલ્પ ત્રણ કષાયાદિના હોય. સમજાય છે કાંઈ? પાંચમે (નિર્મળદશા) પ્રગટી એને બે કષાયના વિકલ્પ એ જાતના હોય છે. છઠ્ઠે (નિર્મળદશા) પ્રગટી એને સંજ્વલન જાતના વિકલ્પ તે પણ એની હદ પ્રમાણે પંચ મહાવ્રત ૨૮ મૂળગુણના હોય. એને આધાકર્મી–એને માટે બનાવેલ આહાર લેવાનો વિકલ્પ કે વસ્ત્ર લેવાનો વિકલ્પ (હોય નહીં). એ નિર્મળ પરિણતિને યોગ્ય વ્યવહાર છે એવો વ્યવહાર એને હોય, પણ આવો વ્યવહાર એને હોય નહીં એમ કહે છે. આહાહા! ભારે વાત ભાઈ!

એ ચરણાનુયોગની ઉત્થાનિકાનો શ્લોક છે. પ્રવચનસાર. કોઈ કહે કે અમને મુનિપણાની દશા નિર્મળ પ્રગટ થઈ છે, પણ ભાવમાં હજી વિકલ્પ અમારે માટે કરેલો આહાર લેવાનો, વસ્ત્ર-

પાત્ર લેવાનો કે કોઈને કહેવું કે ભઈ આ કરજે ધંધો.... આ તમારા બે ઘરની કન્યા વર બરાબર સરખા લગન કરજો, બેની શોભા છે—એવો વિકલ્પ અમારે આવે એ વાત જૂઠી છે, એમ કહે છે.

શ્રોતા : મંદિર બનાનેકે વાસ્તે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ તો કહતે હૈં, વિકલ્પ હૈ. ઐસા વિકલ્પ હો. ભગવાનનો માર્ગ આવો છે. એ પોતે ભગવાનની પૂજા કરે, વંદન કરે એવો વિકલ્પ આવે. બંધાવો ને નવું (મંદિર) કરો એ નહીં. એની ભૂમિકા પ્રમાણમાં નિર્મળ ભૂમિકાને દ્રવ્યાનુસાર કહ્યું છે.

શ્રોતા : ઇસલિયે મહારાજકો આદેશ દેનેકા અધિકાર નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આદેશ નહીં, ઉપદેશકા હૈ. ભગવાનનો માર્ગ આવો હતો. ગૃહસ્થોએ આ પ્રમાણે પૂજા-ભક્તિ કરી છે, મંદિરો હતાં, બન્યા હતાં અને આ પ્રમાણે પૂજા કરે—એવો વિકલ્પ હોય બસ. આમ તું કરી દે એમ ન હોય એને મુનિની હદમાં. એ વિકલ્પની મર્યાદા જ નથી. આહાહા! સમજાણું કાંઈ? અહીં અટક્યું લ્યો. કહો, ભીખાભાઈ! એમ છે. આમાં આવ્યું છે એને. આવું આવે તો કહેને. આહાહા!

**ચરણ દ્રવ્યાનુસાર હોય છે**... એટલે કે કોઈની અંદર બ્રહ્મચર્યનો ભાવ પ્રગટ્યો, સ્થિરતાનો અંદર હોં, એને વિકલ્પ વિષયનો આવે એમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એમ જેને ચારિત્રદશા–નિર્મળ નિર્વિકલ્પદશા–વીતરાગી પરિણતિ પ્રગટી એને અનુસારે એને ચરણ નામ પંચમહાવ્રતાદિના વિકલ્પાદિની મર્યાદા હોય છે. વિશેષ રાગની ઉત્પત્તિ એના સ્થાનમાં હોઈ શકે નહીં. જેમ સમ્યગ્દર્શન, એની ભૂમિકામાં નિર્મળ પરિણતિ પ્રગટી તો એના પ્રમાણમાં એને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્ર એની શ્રદ્ધાનો એને વિકલ્પ હોય, પણ એની ભૂમિકામાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર એની શ્રદ્ધાનો રાગ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એમ પંચમ ગુણસ્થાનમાં જેટલી નિર્મળ પરિણતિ પ્રગટી છે એ દ્રવ્યાનુસાર કહેવાય, એના પ્રમાણમાં એને વિકલ્પ હોય. ધંધાદિના વિકલ્પ અમુક હોય, પણ માંસ ખાવા, શિકાર કરવા કે આ લડાઈ કરવી આમ મારો—એવા વિકલ્પની મર્યાદા ત્યાં હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? સમજમેં આતા હૈ? તમને તો ગુજરાતી ક્યાં આવડે છે? આહાહા!

શ્રોતા : વ્યવહારકા આશ્રય હો ગયા મહારાજ!

પૂજ્ય ગુરૂદેવશ્રી : આશ્રય નહીં. આશ્રયનો અર્થ એવું જ્ઞાન કરવું એમ કહે છે. એ આવે છે. હજી આવે છે. આશ્રયનો અર્થ બીજો છે. એવું એને જ્ઞાન હોય કે આવી નિર્મળતા હોય ત્યારે આવો વિકલ્પ હોય એવું એને જ્ઞાન હોય, એમ.

**અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે...** દેખો! એટલે જેટલા પ્રકારનો વિકલ્પ હોય મુનિને, એના પ્રમાણમાં એ દ્રવ્યની શુદ્ધિ પણ પોતાને કારણે હોય છે. મહાવ્રતના પરિણામ પ્રગટ્યા ને શુદ્ધિ ઓછી હોય એમ ન હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો એમ કહે છે કે

ચરણ દ્રવ્ય પ્રમાણે હોય છે. એના વિકલ્પની મર્યાદા, એને શુદ્ધિ જે પ્રગટી છે એના પ્રમાણમાં વિકલ્પની મર્યાદા હોય છે. કોઈ એમ કહે કે અમને વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ પણ છે અને નિર્મળ ચારિત્ર પ્રગટ્યું છે, તો એને એકેય તત્ત્વની સાચી શ્રદ્ધા નથી. એને નિર્મળ પરિણતિ વખતે આવી નિર્મળતા હોય તો એના પ્રમાણમાં આવો જ રાગ હોય (એની ખબર નથી) તો એ રાગની શ્રદ્ધા ને આસ્રવની ખબર નથી, એને સંવરની ખબર નથી. અજીવનો સંયોગ આટલો જ હોય અને બીજો હોય નહીં (એની ખબર નથી) તો અજીવની ખબર નથી. એક વસ્ત્ર-પાત્ર લઈને સાધુ નામ ધરાવે તો નિગોદ જાય એમ જે કહ્યું છે (એનું કારણ કે) એને નવે તત્ત્વની શ્રદ્ધામાં ફેર છે. સમજાણું કાંઈ? એ કાંઈ ચીભડાના ચોરને ફાંસીની સજા નથી. શેઠ! ક્યા કહતે હૈં? કકડીકા ચોર... (કકડીકે ચોરકો કટાર મારની) એમ નથી.

એને જેટલી નિર્મળતા જે ભૂમિકાની છે એના પ્રમાણમાં એને રાગની મંદતા હોય અને રાગની જે પ્રકારની મંદતા હોય એના પ્રમાણમાં પોતાની શુદ્ધતા અહીંયા હોય. પાંચ મહાવ્રતના વિકલ્પ હોય ને શુદ્ધતા ન હોય વિશેષ—એમ ન હોય. એ દ્રવ્યલિંગી છે એ જુદી વસ્તુ છે. એ સિદ્ધાંત... અહીં તો સરખું બેયને લેવું છે. આહાહા! ભારે વાત ભાઈ! **ચરણ દ્રવ્યાનુસાર હોય છે**... વિકલ્પની મર્યાદા શુદ્ધિના પ્રમાણમાં હોય છે. **અને દ્રવ્ય ચરણાનુસાર**... શુદ્ધિની વિશુદ્ધિ, અહીં શુદ્ધિની વિશુદ્ધિ, તે રાગની મંદતાના પ્રમાણમાં શુદ્ધિની વિશુદ્ધિ પોતાના કારણે હોય છે. સમજાણું કાંઈ? આ ઘણી વાર તો કહેવાણું બે-ચાર, પાંચ-છ વાર.

**—એ રીતે તે બંને પરસ્પર અપેક્ષાસહિત છે...** જુઓ! બંને. બંને સાથે અપેક્ષાસહિત હોય છે. નિશ્ચય આવી નિર્મળતા પ્રગટી હોય મુનિને, એના પ્રમાણમાં વ્યહારના વિકલ્પની મર્યાદા હોય અને વ્યવહારના વિકલ્પની મર્યાદા હોય એના પ્રમાણમાં શુદ્ધિ હોય. નિશ્ચય-વ્યવહાર બેય સાથે હોય છે. આહાહા! હવે કાંઈ વાંચે નહીં, વિચારે નહીં. આ ગાથા જરી એવી છે. મૂળચંદભાઈ! પ્રવચનસારની ગાથા. વખત થઈ રહ્યો, વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૩, બુધવાર, તા. ૧૮-૮-૧૯૭૧**
**શ્લોક ૧૩૯, પ્રવચન નં. ૯૮**

આ નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ચાલે છે. પ્રત્યાખ્યાન નામ રાગનો ત્યાગ. નાસ્તિથી કથન છે હોં. આત્મામાં જે રાગ થાય એનો ત્યાગ અને સ્વરૂપમાં અરાગી પરિણતિ (થાય) એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એ પચખ્ખાણ. પહેલું મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનું ગ્રહણ એટલે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એ મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન છે. મિથ્યાત્વનો ત્યાગ છે એ. અને પછી રાગાદિનો–અસ્થિરતાનો ત્યાગ અને અંદર સ્થિરતાની શુદ્ધિની વૃદ્ધિ થવી એનું નામ પ્રત્યાખ્યાન, ચારિત્રની અપેક્ષાનું પ્રત્યાખ્યાન છે. હવે અહીંયા આપણે શ્લોક અધૂરો રહી ગયો છેને હજી.

**એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે...** શું કહે છે?

**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...** એટલે? ચારિત્રની વીતરાગ નિર્મળતા દ્રવ્યાનુસાર હોય છે એમ જો કહીએ તો બીજું (પડખું) નહીં મળે. સમજાણું કાંઈ? **ચરણ દ્રવ્યાનુસાર હોય છે**. ત્યાં તો .... એમ થાય કે ચારિત્રની વીતરાગતા એ દ્રવ્યને અનુસારે હોય છે. એમ અહીં અર્થ કરવા જાય તો બીજો અર્થ નહીં મળે. એટલે ત્યાં એમ અર્થ કરવો કે ચરણ દ્રવ્યાનુસાર હોય છે એટલે કે ચૈતન્યદ્રવ્ય એને અનુસરીને વીતરાગ પરિણતિ થઈ એને અનુસારે વિકલ્પની મર્યાદા હોય છે. કહો, દેવીલાલજી! ચરણ એટલે કે તે તે ગુણસ્થાનની મર્યાદામાં, જેમ કે ચોથે ગુણસ્થાને એને અન્યાય ને અભક્ષ ને અનુસેવ્ય આદિ વિકલ્પ હોય નહીં. બીજા વિકલ્પ હોય, સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધાનો, ભક્તિનો એ રાગ હોય, પણ ચરણ દ્રવ્યાનુસાર એટલે શુદ્ધની પરિણતિ સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એના પ્રમાણમાં એને રાગની મંદતાનો ભાવ હોય. સમજાણું કાંઈ?

ચરણ એટલે કે વર્તમાન રાગની મંદતાનો ભાવ ચોથે, પાંચમે કે છઠ્ઠે, અહીં વિશેષ છઠ્ઠાની વાત છે. એના પ્રમાણમાં ચરણ, એ ચરણ એટલે રાગની મંદતા દ્રવ્યાનુસાર હોય છે, એટલે દ્રવ્યને અનુસરીને શુદ્ધ પરિણતિ થઈ એના પ્રમાણમાં એનું ચરણ નામ રાગની મંદતા હોય છે.

શ્રોતા : ચરણાનુયોગનું ચારિત્ર લેવું...

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં. કહ્યુંને પહેલું. સમજ્યા નહીં? અહીં વાંધો આવે. (અહીં કહ્યું કે) દ્રવ્ય ચરણાનુસાર હોય છે. દ્રવ્ય ચરણાનુસાર હોય છે? શુદ્ધ પરિણતિ એને અનુસારે

દ્રવ્ય હોય છે? શું કહ્યું? દ્રવ્ય તો દ્રવ્ય જ છે. પણ અહીં દ્રવ્ય જે લીધું છે એ શુદ્ધ પરિણતિવાળું દ્રવ્ય, એ શુદ્ધ પરિણતિને દ્રવ્ય લીધું છે. સમજાય છે કાંઈ?

શ્રોતા : પર્યાયમાં કેમ ન લીધું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અહીં કઈ પર્યાય? કીધુંને, શુદ્ધ પરિણતિની પર્યાય લીધી. શુદ્ધ પરિણતિ...

શ્રોતા : દ્રવ્ય શું કરવા કીધું? અહીં ભૂલમાં પડી જાય છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના. એ ભૂલમાં... આમ શબ્દ ચોખ્ખો છે ને. શું? કે ચરણ દ્રવ્યાનુસાર હોય છે. એટલે કે વિકલ્પની મર્યાદા, એની શુદ્ધ પરિણતિની મર્યાદા પ્રમાણે વિકલ્પની મર્યાદા હોય છે. એવો અર્થ ન કરે તો પછી બીજો નહીં મળે. **દ્રવ્ય ચરણાનુસાર હોય છે**. એટલે વસ્તુ ત્રિકાળી ચારિત્રની પરિણતિની અપેક્ષાએ રહે છે એમ છે? એમ નથી. દ્રવ્ય તો દ્રવ્ય જ છે. દ્રવ્ય તો, નિગોદની દશા હોય તોપણ દ્રવ્ય તો દ્રવ્ય જ છે અને સિદ્ધની દશા હોય તોપણ દ્રવ્ય તો દ્રવ્ય જ છે. એ અહીં વાત નથી. સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયની રાગની મંદતા એની મર્યાદા એટલી હોય કે જેટલી અહીં દ્રવ્યને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી એના પ્રમાણમાં (હોય). એ શુદ્ધ પરિણતિમાં દ્રવ્ય લીધું છે. પંડિતજી! વ્યવહાર વિકલ્પ.. વ્યવહાર વિકલ્પની મર્યાદા નિશ્ચયની શુદ્ધતાના પ્રમાણમાં હોય છે. શુદ્ધતા છઠ્ઠા ગુણસ્થાનની હોય અને રાગની તીવ્રતા કુદેવ-કુગુરુ માનવાની હોય કે વસ્ત્ર-પાત્ર લેવાની હોય—એમ હોઈ શકે નહીં, એમ કહે છે. ઝીણી વાત છે થોડી. જ્ઞેય અધિકાર પછી ચરણની (વાત) ચરણાનુયોગમાં લીધી એ ત્યાં વ્યવહારની વાત લીધી છે. ત્રીજો અધિકાર વ્યવહારનો છે. ચરણ નામ ચારિત્ર છે એ તો શુદ્ધ પરિણતિ છે. સમજાણું કાંઈ? આહાહા! ચરણ એટલે કે મહાવ્રતના વિકલ્પો આદિની મર્યાદા છઠ્ઠે જે હોય, એ દ્રવ્યની શુદ્ધિની પ્રમાણમાં એને મહાવ્રતના જ વિકલ્પ હોય. સમજાય છે કાંઈ? એને વસ્ત્ર-પાત્ર લેવાના કે ધંધો કરવાના કે ભોગ ભોગવવાના ભાવ હોય નહીં. શુદ્ધની પરિણતિ પ્રમાણે એને રાગની મંદતા હોય છે. એને ઓળંગીને રાગ તીવ્ર હોય એમ હોઈ શકે નહીં. એમ નિશ્ચય ને વ્યવહારની આમ સંધિ કરી છે નિમિત્ત-નૈમિત્તિક. સમજાણું કાંઈ? ભારે.

ચરણ એટલે વ્યવહાર ચારિત્રના વિકલ્પની હદ, દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એને તે રાગની મંદતા હોય છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! શુદ્ધિ અનુસાર... ઘણી શુદ્ધિ પ્રગટી હોય ને રાગ તીવ્ર હોય એમ ન બને, એમ કહે છે. સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રગટી અને પર્યાયમાં અન્યાય ને અભક્ષનો ભાવ હોય એમ ન હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ પંચમ ગુણસ્થાનમાં, વસ્તુ ભગવાન આત્મા એને અવલંબે નિર્મળ અવસ્થા જે પ્રગટી પંચમ ગુણસ્થાનની, એને યોગ્ય

રાગની મંદતા હોય એને અવ્રતના તીવ્ર રાગ એની ભૂમિકામાં હોય નહીં, એમ કહે છે. શું કીધું સમજાણું આમાં? અટપટી વાત લાગે એવી છે, પણ છે તો બહુ સીધી.

શ્રોતા : .... તે સાપેક્ષ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વળી જુદું. સાપેક્ષ નહીં. એ વળી જુદું. એને લઈને એ છે એ વ્યવહાર છે. એમ આહીં નથી. એમેય નહીં, કહે છે. અહીં ગાથા અટપટી છે, એનો અર્થ ઝીણો છે. આ તો બે હોય છે... અહીં આત્મા અખંડ-આનંદ પ્રભુ એનો આશ્રય લઈને–અવલંબન લઈને આત્માના સ્વાદના ભાનમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શન. હવે એ સમ્યગ્દર્શનની પરિણતિના પ્રમાણે એને રાગની મંદતા હોય. એને કાંઈ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવાનો રાગ કે અન્યાય કે અભક્ષ કરવાનો રાગ એને હોઈ શકે નહીં, એમ કહે છે. વ્યવહાર વિકલ્પની વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

અને છઠ્ઠું ગુણસ્થાન મુનિને, જે ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ થઈ તે દ્રવ્યાનુસારે એને કહેવામાં આવે છે. અહીં એના પ્રમાણમાં એને ૨૮ મૂળગુણના વિકલ્પ, વસ્ત્ર નહીં, પાત્ર નહીં, એકવાર આહાર, ઊભા ઊભા (આહાર)—એવી વિકલ્પની હદ એ ચરણ નામ વિકલ્પ–વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. પણ એ વ્યવહારચારિત્ર શુદ્ધની પરિણતિની મર્યાદા પ્રમાણે હોય. કોઈ કહે, અમને શુદ્ધ પરિણતિ મુનિની પ્રગટી છે, પણ અમને વિકલ્પમાં અમારે વસ્ત્ર-પાત્ર, અન્યાય આદિનો ભાવ થાય છે. તો એ નિશ્ચય-વ્યવહાર એકેય વાતને સમજતા નથી એમ કહે છે. આહાહા! જેઠાભાઈ! સમજાણું કાંઈ? મુનિપણું અમને છે, પણ અમારે માટે આધાકર્મી–ઉદ્દેશિકાદિ આહાર લેવાનો ભાવ છે. તો કહે છે કે એ જૂઠું છે. જ્યાં નિશ્ચયની ભૂમિકા મુનિયોગ્ય જ્યાં પરિણતિ પ્રગટી, એને રાગની મંદતાની મર્યાદા હોય છે. આવો રાગ એને હોતો નથી. આહાહા! આ તો વીતરાગમાં માર્ગમાં હોય એવી સંધિ કરે છે. સમજાણું કાંઈ?

નિશ્ચય.. નિશ્ચય કરે. એક જણ અહીં આવ્યા હતા. મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. સ્થાનકવાસી સાધુ હતા, પછી દેરાવાસી થઈ ગયેલા. મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. ચોમાસું હતુંને ઓલામાં. આવ્યા અહીંયા. નિશ્ચય હોય એને પછી માંસ-દારૂ ખાવા કે ન ખાવા એની મર્યાદા શું? ઠીક! એને નિશ્ચય(વાળાને) વ્યવહાર શું પછી? અરે! સાંભળ તો ખરો! જેને નિશ્ચય સમ્યગ્દર્શન–આત્માના આશ્રયે પ્રતીત અને અનુભવ થયો, એવી શુદ્ધ પરિણતિના કાળમાં એને માંસ ને દારૂ ખાવાનો ભાવ હોય એવો વિકલ્પ એને હોય જ નહીં. એવું એને ચરણ એ પ્રકારનું હોય નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કલ્પેલો.. કલ્પેલો નથી કે આ આમ હોય ને તેમ હોય. આ તો આમ જ છે વસ્તુનું સ્વરૂપ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે કેવળજ્ઞાનમાં જોયું કે સચ્ચિદાનંદ પ્રભુ આત્મા જેને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે એના પ્રમાણમાં એને રાગ (હોય). પરસ્ત્રીના સેવન ને અન્યાય ને અભક્ષ હોય

એવો ભાવ ત્યાં વ્યવહારમાં હોય નહીં. ચોથે ગુણસ્થાને લડાઈ આદિનો હોય, ઇન્દ્રિયના વિષયનો રાગ હોય, સમજાય છે કાંઈ? પણ એ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર માનતો હોય, એવો એને વિકલ્પ હોય, તો એ નિશ્ચય પ્રમાણે એને વ્યવહાર નથી (તો) બેય જૂઠા છે. સમજાણું કાંઈ?

બીજો. **દ્રવ્ય ચરણાનુસાર હોય છે...** હવે દ્રવ્ય ચરણાનુસાર હોય છે એનો અર્થ કરો. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, એ ચારિત્રની નિર્મળ પરિણતિ પ્રમાણે દ્રવ્ય હોય છે એમ થાય? અથવા વ્યવહારના વિકલ્પ પ્રમાણે દ્રવ્ય હોય છે એમ થાય? ના, ના. અહીં તો વ્યવહારના વિકલ્પ ચારિત્રની હદવાળા હોય એના પ્રમાણમાં દ્રવ્ય રહે—એમ છે? દ્રવ્ય તો દ્રવ્ય જ છે, પણ એનો અર્થ એ કે દ્રવ્ય એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિ. શેઠ! બહુ ઝીણું છે આ. આ તો કુંદકુંદાચાર્યના શાસ્ત્ર ગંભીર પેટથી ભરેલા છે. બહોત ગંભીર ઓહોહો! પર્યાય-પર્યાયની જ્યાં નિર્મળતા પ્રગટી છે જેના પ્રમાણમાં, એના પ્રમાણમાં રાગની કષાયની મંદતા કે તીવ્રતા હોય છે. એનાથી મર્યાદા ઓળંગીને હોય તો એ નિશ્ચય પણ જૂઠો ને વ્યવહાર પણ જૂઠો. સમજાણું કાંઈ? હીરાભાઈ! આ તો વધારે સ્પષ્ટ (થાય છે, જેથી) ઓલા મૂંઝાય નહીં માણસ.

દ્રવ્ય એટલે? દ્રવ્ય એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિ—સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર. જે વસ્તુ ત્રિકાળ ભગવાન આત્મા એના અવલંબે એના સ્વાદનું ભાન અને ઉગ્ર સ્વાદની દશા એ, કહે છે કે દ્રવ્ય કહેવાય એને. દ્રવ્યની શુદ્ધ પરિણતિ જે ચારિત્ર–વીતરાગી ચારિત્ર છે એને અહીંયા દ્રવ્ય કહેવામાં આવ્યું છે. ભાઈ! આહાહા! આમ વીતરાગી નિર્વિકલ્પદશા (અને) એના પ્રમાણમાં વિકલ્પ—આ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કર્યો છે. આહાહા! શેઠી! યે પ્રવચનસાર તો હૈ કિ નહીં? શેઠી તરફથી છપાણું છે કે નહીં? નથી હિન્દી? નેમિચંદ પાટણી એના તરફથી. એમ નહીં, એ વિભાગ ...... નવું કરશે... એમ કે નેમિચંદ પાટણી તરફથી છપાણું એટલું એ શૈલીનું. બધાને આપતા હતાને. સમજાણું કાંઈ? નેમિચંદ પાટણી તરફથી છપાણું આ પ્રવચનસાર પહેલું? અહીં કહે છે... આહાહા! ગજબ વાત વીતરાગમાર્ગની શૈલી!

કહે છે કે જેવો એનો ચરણ હોય છે એટલે કે વિકલ્પ–વ્યવહારચારિત્રનો રાગ એને અનુસારે દ્રવ્ય હોય છે એટલે કે એને અનુસારે એની શુદ્ધની પરિણતિ હોય છે. દ્રવ્ય એટલે એ (પરિણતિ). સમજાણું કાંઈ? આહાહા! મહાવ્રત હોય ને અહીં શુદ્ધ પરિણતિ ન હોય તો વસ્તુ જ નથી, એમ કહે છે.

શ્રોતા : જ્યારે મહાવ્રત(નું આચરણ હોય, પણ) અહીં સ્વરૂપાચરણ કે દેશચારિત્ર હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ હોય નહીં. એ અત્યારે નથી લેવું. પાંચમે ગુણસ્થાનવાળો જ્યારે આઘે જાય એને એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મેળ નથી. એથી એને દ્રવ્યલિંગી કહેવાય છે. અંતર ચોથું ગુણસ્થાન હોય શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન અને આમ વિકલ્પમાં છઠ્ઠા ગુણસ્થાનના વિકલ્પની મર્યાદા હોય, પણ એને દ્રવ્યલિંગી કીધા છે. આ તો ભાવલિંગનું

નૈમિત્તિક નિમિત્ત. નૈમિત્તિક ને નિમિત્તનો મેળ કેવો હોય એની વાત કરે છે. અમરચંદભાઈ! આહાહા! આ એમને એમ માની લેને કેટલાક કે આપણે તો નિશ્ચય આવું આવ્યું, (પછી) વ્યવહાર ગમે એ જાતનો હોય. એય ચેતનજી! કીધું હતુંને કે ઉપાદાન (છે પછી) ઓલું નિમિત્ત ગમે એવું હોય. એને કહ્યું હતું એક જણાએ. આમ હોય, પછી (નિમિત્ત) ગમે એવું હોય.—એમ હોય નહીં. સમજાણું કાંઈ? સમકિત પામનારને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું નિમિત્ત હોય એમ હોઈ શકે નહીં. શું કહે છે?

શ્રોતા : શરીરની દવા... કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર...

પૂજ્ય ગુરૂદેવશ્રી : શરીરનું અહીં કામ નથી. એ શરીરની દવા નથી, એ વિકારની દવા છે મિથ્યાત્વ. મિથ્યાત્વમાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર નિમિત્ત હોય. કહ્યું છે, નહીં? ગોમ્મટસારમાં કહ્યું છેને. નોકર્મ.. નોકર્મ. એ મિથ્યાત્વનું નોકર્મ કુદેવ-કુગુરુ છે. નોકર્મ એટલે નિમિત્ત. સમ્યગ્દર્શનમાં નિમિત્ત તો સાચા દેવ, ગુરુ ને શાસ્ત્રનું નિમિત્ત હોય છે એ એનું નોકર્મ છે અને એની મર્યાદામાં એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ હોય છે. એવી એની મર્યાદા છે. અહીં સમ્યકત્વ પ્રગટ્યું અને અહીંયા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધાનો પણ વિકલ્પ રહે—બેય જૂઠી વાત છે.

શ્રોતા : અહીં દ્રવ્ય એટલે ત્રિકાળી દ્રવ્ય લેવું છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં. કીધુંને, ત્રિકાળી દ્રવ્ય તો દ્રવ્ય છે એને શું કરવું છે? ચરણાનુસાર દ્રવ્ય રહે? આ તો અર્થ ચાલે છે. વિકલ્પને અનુસારે દ્રવ્ય રહે, એમ છે? નહીં. અને નિર્વિકલ્પને અનુસારે દ્રવ્ય રહે, એમ છે? કેવળજ્ઞાન પ્રગટ્યું, તો પણ દ્રવ્ય છે એ જ છે. એથી કંઈ દ્રવ્યમાં સુધારો થયો છે? અને અક્ષરના અનંતમાં ભાગમાં કેવળજ્ઞાનનો અંશ નિગોદમાં રહ્યો, તેથી દ્રવ્યમાં ઘટાડો થયો છે કાંઈક? કેવળજ્ઞાન થયું તો એમાં–દ્રવ્યમાં સુધર્યું શું? અને અજ્ઞાન અને મિથ્યાત્વ થયું તો દ્રવ્યમાં બગડ્યું શું? દ્રવ્યમાં સુધરતું-બગડતું છે જ નહીં. એ શેઠ! આ બધું સમજવું પડશે. બહારમાં જાડી બુદ્ધિ ગાળી છેને બીડીયુંમાં એટલે આ બધું સમજવું પડશે. એમ ને એમ નહીં ચાલે.

શ્રોતા : દરેક વખતે ઝીણી વાત.. ઝીણી વાત...

પૂજ્ય ગુરૂદેવશ્રી : આત્મા ઝીણો છેને ભાઈ! શેઠ! આહાહા! એની વાતોય અલૌકિક વીતરાગદેવની આહાહા! સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર એની વાણી અને એના આગમ અને એનો કહેલો ભાવ! ભીખાભાઈ! સમજાણું કાંઈ?

આ ચરણાનુયોગની પહેલી ગાથા છે.... જ્ઞેયનો અધિકાર પૂરો કર્યો ત્યારે આ (શ્લોક) આવ્યો. ચરણાનુયોગ શરૂ કર્યો ત્યારે બીજો (શ્લોક) આવશે. બીજી રીતે કહી છે ત્યાં. આ તો બેની સંધિ કરવાનો (શ્લોક) છે. ઓલી છેલ્લી... કેમ કે જ્ઞેય અધિકાર દર્શનનો પૂરો કરી અને હવે ચરણાનુયોગ એટલે વિકલ્પની મર્યાદાની વાત કરવી છે, એટલે અહીં (શ્લોક) બીજા અધિકારનો

છેલ્લો અને ત્રીજા અધિકારનો પહેલો (શ્લોક) એ બીજો છે. આહાહા! કહે છે... ધીમે ધીમે સમજો. આપણે ઉતાવળ કાંઈ કરતા નથી. શેઠ! ધીમે ધીમે તો વાત ચાલે છે આમાં. વિચારમાં પણ મૂકાય. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માદેવ સિવાય આ વાત ક્યાંય ત્રણ કાળ, ત્રણ લોકમાં હોઈ શકે નહીં.

નૈમિત્તિક શુદ્ધ પરિણતિ, એ તો પર્યાય લીધી. દ્રવ્ય તો ત્રિકાળી છે. હવે જે દ્રવ્ય ત્રિકાળી છે એને આશ્રયે જે શુદ્ધ પરિણતિ નિર્મળ નિર્વિકારી આનંદના સ્વાદની આવી, એ પરિણતિ સિદ્ધ કરી. પર્યાય છે એમ સિદ્ધ કરી. અહીં દ્રવ્ય છે, જેટલો આશ્રય લીધો એટલા પ્રમાણમાં અહીં શુદ્ધ પરિણતિ છે અને જેટલી શુદ્ધ પરિણતિ છે એ વાસ્તવિક ધર્મ છે. એને શુદ્ધ પરિણતિ છે એના પ્રમાણમાં રાગની મંદતાનો વ્યવહાર વિકલ્પ હોય છે. આહાહા! અશુદ્ધતાનો વિકલ્પ પણ શુદ્ધતાની પરિણતિની મર્યાદા પ્રમાણે હોય છે. જુઓ તો એક વાત! આહાહા! ચીમનભાઈ! ક્યાં ગયા શાંતિભાઈ? છે? આવું બધું સમજવું પડશે. ઓલું ઝવેરી બજારમાં, ઝવેરાતમાં ધૂળમાંય નથી ન્યાં. આહાહા!

ત્રીજું. કે જેટલી દ્રવ્ય-વસ્તુને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી એ પર્યાય સિદ્ધ કરી અને એના પ્રમાણમાં તેને વિકલ્પની મર્યાદા (હોય) એમ સિદ્ધ કર્યું. ઓલું તો પછી સિદ્ધ થઈ ગયું કે એને વસ્ત્ર-પાત્રનો-અજીવનો યોગ-સંયોગ ન હોય. સમજાણું કાંઈ? અને વસ્ત્ર ઓઢેલું, વિકલ્પથી ઓઢેલું એવો સંયોગ એને હોય નહીં. આહાહા! આવી જેને દશા પ્રગટી છે... સમજાણું કાંઈ? જેને આત્મદર્શન, આત્માનું જ્ઞાન થયું છે, એને હનુમાન ને સિકોતેર ને અંબાજી પાસે બેઠો હોય ને ભક્તિ કરતો હોય એવો ભાવ હોય (નહીં). એ ભાવ ન હોય અને એ સંયોગ ન હોય એને. આહાહા! કહો!

એય! તમારે બહુ ચાલે છે ન્યાં કાંપમાં અંબાજીનું. વઢવાણમાં વળી શું કહેવાય? બૂટમાતા ચાલે તમારે. બંધ થઈ ગયું હવે. પણ હું જ્યારે ચોમાસામાં હતો ત્યારે બહુ માણસ બબ્બે હજાર. સ્થાનકવાસી આવે, જૈનો આવે. કાંઈ ભાન ન મળે. વ્યવહારના પણ ભાન ન મળે. એ લાલપરનો એક આવ્યો હતો. મોટો ગૃહસ્થ થઈ ગયો કરોડપતિ. શું નામ હતું? મીઠાભાઈ. મીઠાભાઈ એનો છોકરો નીકળ્યો હતો. મીઠાભાઈ હતા ત્યારે તો બહુ પ્રેમ. કરોડપતિ થઈ ગયા આફ્રિકામાં. એને છોકરો મગજનો અસ્થિર હતો. એ આવ્યો હતો. પછી મરી ગયો. એલા! પણ આ તમે શું કરો છો આ? જૈન નામ ધરાવી અને બૂટદેવી, અંબાજી, સિકોતેર... એ તો મિથ્યાત્વનો ભાવ છે, એને જૈનની શ્રદ્ધા છે નહીં. સમજાણું કાંઈ? ગાથા અટપટી.. એનો મેળ છે ત્યાં. વાત સાચી ભાઈની. સમ્યગ્દર્શનનો અધિકાર પૂરો કર્યો છે. જ્ઞેય અધિકાર કહો કે સમ્યગ્દર્શન કહો. બીજો ભાઈ! પહેલો જ્ઞાન અધિકાર, બીજો સમ્યગ્દર્શન અધિકાર, ત્રીજો

ચરણાનુયોગ વ્યવહાર અધિકાર. એના પહેલા આ બેની સંધિ કરી છે. પ્રવચનસાર. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે આત્મા પૂર્ણાનંદ શુદ્ધ... પર્યાય ને રાગની રુચિ છૂટી ગઈ છે એવી જેને સમ્યગ્દર્શનની પરિણતિ–પર્યાય પ્રગટી એને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. કારણ કે દ્રવ્યનો ભાવ શુદ્ધ માટે તેને દ્રવ્ય (કહ્યું), એમ. દ્રવ્યનો ભાવ એટલે ત્રિકાળી નહીં, વર્તમાન શુદ્ધ પરિણતિ. એવા સમકિતીને ચરણ નામ વ્યવહારનો રાગ કેટલી મર્યાદાવાળો હોય, એને અહીં નૈમિત્તિક શુદ્ધ પરિણતિ, રાગની મર્યાદા એ નિમિત્ત, એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. પંડિતજી! આહાહા! આ વસ્તુ બીજે ક્યાંય (નથી). સંયોગમાં કેવી દશા હોય, એના વિકલ્પમાં કેટલી મર્યાદા હોય, એની નિર્વિકલ્પ પરિણતિની હદ કેટલી હોય, રાગની મર્યાદા ને સંયોગ—એમ અહીં બધું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

દ્રવ્ય એટલે કે જો દ્રવ્ય તમે એમ લ્યો કે શુદ્ધ પરિણતિ અહીંયા, સમજાણું? ઓલા પહેલા ચરણમાં શુદ્ધ પરિણતિ લ્યો, તો અહીં પાછું 'દ્રવ્ય ચરણાનુસાર હોય છે' (એમ કહ્યું). એટલે દ્રવ્ય નહીં, પણ દ્રવ્યની શુદ્ધ પરિણતિ. સમજાય છે કાંઈ? વીતરાગ એવો આત્મસ્વભાવ છે, વીતરાગ એવો સ્વભાવ છે એનો તો અને જેટલી વીતરાગતા દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રમાણમાં પ્રગટી, એને અહીંયા દ્રવ્ય કહેવામાં આવે છે. અને તે દ્રવ્ય ચરણાનુસાર હોય છે. એની રાગની–કષાયની તીવ્રતા ચોથે (ગુણસ્થાને) પણ હોય, પણ એ હદવાળી હોય, અનંતાનુબંધીનો તીવ્ર રાગ એને ન હોય. સમજાણું કાંઈ? કે અન્યાય ને અસેવ્યને એ સેવે અને માંસ ને દારૂ આદિ અભક્ષ (સેવે) ને શિકાર આદિનો ભાવ હોય અને અહીં સમકિત હોય એમ ત્રણ કાળમાં બને નહીં. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગ માર્ગ કાંઈ જુદી જાતનો છે. સમજાણું?

બીજે તો એકાંત—કાં આત્મા એક છે, કાં શુદ્ધ છે, થઈ રહ્યું. એને પર્યાય નહીં, વિકારની મર્યાદા નહીં અને સંયોગની હદ કેટલી એ કાંઈ ન મળે. પણ આ જ માર્ગ છે બાપા! આહાહા! અરે! વીતરાગ ત્રિલોકનાથ એના પંથનો નિશ્ચય ને એના પંથનો વ્યવહાર અને એ વ્યવહારના પ્રમાણમાં સંયોગી સ્થિતિ કેવી હોય—એ વીતરાગ માર્ગમાં છે, બીજે ક્યાંય હોઈ શકે નહીં. જેઠાલાલભાઈ! આમ બહારમાં કહે કે અમે વસ્ત્ર-પાત્ર બધું રાખીએ અને મુનિપણું અંદરમાં હોય, તો કહે છે કે સંયોગની મર્યાદાની એને ખબર નથી. બીજી વાત. અને એ સંયોગનો વિકલ્પ જે છે એને, એ છઠ્ઠે ગુણસ્થાને એવી વિકલ્પની મર્યાદા હોઈ શકે જ નહીં. ભાઈ!

તેથી એકવાર કહ્યું હતું કે કુંદકુંદાચાર્ય એમ કહે છે કે વસ્ત્રનો ધાગો રાખે અને નિગોદમાં જાય એ અતિશયોક્તિ કહી છે? નહીં. ન્યાયસરની કીધી છે. કેમકે એને નવે તત્ત્વમાં ભૂલ પડે છે. પંડિતજી! આ કહી ગયાને. ઘણીવાર કહેવાણું છે. આ તો અહીં આવ્યું કે જેને દ્રવ્યની શુદ્ધિની પરિણતિ છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય થઈ, એને વિકલ્પની મર્યાદા પંચમહાવ્રત કે ૨૮ મૂળગુણ કે

શ્રવણ કરવું કે ઉપદેશ કરવો એ જાતના વિકલ્પ હોય. એને વિકલ્પ, એને માટે બનેલા આહાર ને પાણીનો વિકલ્પ કે વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ હોય નહીં. તો જેણે એ મર્યાદા જાણી નથી એને શુદ્ધ પરિણતિ કેવી હોય એની ખબર નથી. છઠ્ઠે ગુણસ્થાને પરિણતિ કેવી હોય એની ખબર નથી અને સંવર-નિર્જરાની ખબર નથી, કેટલો ઉગ્ર આશ્રય દ્રવ્યનો લીધો છે એવા જીવની પણ ખબર નથી અને એવી સંવર-નિર્જરાની દશામાં એને કેટલા પ્રકારની મર્યાદાવાળો રાગ હોય, તીવ્ર રાગ હોય નહીં તો એને આસ્રવતત્ત્વની ખબર નથી. અને સંયોગો એને–આવા મુનિદશાવાળાને વસ્ત્ર-પાત્રનો સંયોગ ન હોય તો અજીવનો સંયોગ કેટલો હોય એની પણ એને ખબર નથી. અજીવતત્ત્વની ખબર નથી, આસ્રવની ખબર નથી, બંધની ખબર નથી, સંવર-નિર્જરાની ખબર નથી ને જીવનો ઉગ્ર આશ્રય આટલો લીધો હોય તો આવી પરિણતિ હોય જીવની–એની ખબર નથી એને. અમરચંદભાઈ!

શ્રોતા : સારી બાત મર્યાદામેં રહે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એમ કે આવી પર્યાય મારી ગમે તેવી થાય.

એક જણા કહેતા હતા કે ક્ષુલ્લક હોય અને એ જાતનો એક પ્રકારનો ઉદય ન હોય... પરમાર્થ વચનિકામાં આવે છે ને! પરમાર્થ વચનિકા છે આપણે છેલ્લે. હિન્દી થઈ ગયું છે હવે. એમાં છે કે ઉદય એક પ્રકારનો ન હોય, કેવળીને પણ ઉદય અનેક પ્રકારનો હોય. એટલે ક્ષુલ્લકને પણ એક પ્રકારનો ઉદય ન હોય, પૈસા પણ રાખે, આમેય કરે એવો પણ ઉદય હોય. અરે! હોય નહીં. આ ગપ શું મારે છે? એ બિચારા મરી ગયા. પણ એવું કહેતા હતા એકવાર. ખાનગી મને કહે, જો આવું આવ્યું છેને આમાં. કીધું, બધી ખબર છે મને કે શું લખ્યું છે એમાં. પરમાર્થ વચનિકા છે ને ભાઈ! એમાં એ લખ્યું છે. કેવળીને પણ એકસરખો ઉદય ન હોય. પણ સરખો ન હોય એનું અર્થ શું? આમ ક્ષુલ્લક નામ ધરાવવા અને પૈસા રાખવા અને પૈસાની વ્યવસ્થા કરવી. શું કહેવાય એને? ઓલું પૈસાનું... વહીવટ. વહીવટ કરવો, એને માટે માલિકી રાખવી—એવો રાગ હોય નહીં. એવો રાગ હોય તો એને મુનિપણું નથી ને શ્રાવકપણું નથી.

શ્રોતા : જહરસે.... ચલતી હો તો....

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ તો બાત ચલતી હૈ. એ ભાષા .... શેઠ! શેઠે ખુલ્લું કર્યું અંદરનું. ગ્રંથમાળા ચલાવતા હોય તો? એમ કહે. પૈસા ભેગા કરાવે ને આ કરાવે એવો વિકલ્પ એને હોય નહીં. એ કહે છે આ.

શ્રોતા : વહ તો તીવ્ર રાગ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : તીવ્ર રાગ હૈ. શુદ્ધની પરિણતિ છે એની (ભૂમિકાના) પ્રમાણમાં આવો તીવ્ર રાગ હોઈ શકે જ નહીં. આહાહા!

ગજબ કર્યો છેને કુંદકુંદાચાર્યે! ગજબ વાત છે. આહાહા! એની હદ સંયોગની, રાગની પરિણતિની, આશ્રયની ગજબ વાત છે. ઓહો! સંતોએ તો માર્ગને સહેલો કરીને મૂક્યો છે. સમજાય છે? આવી ગંભીરતાની આ ગાથા. કે દ્રવ્ય કેવું? અને એ દ્રવ્યનો ઉગ્ર આશ્રય કે મંદ આશ્રય હોય તો એની પરિણતિ કેટલી? અને એના પ્રમાણમાં રાગની મર્યાદા કેટલી? એના પ્રમાણમાં એને સંયોગ કેટલો ને એનો અભાવ કેટલો? સમજાણું? મીઠાલાલભાઈ! આવો આ માર્ગ છે. આહાહા! એ દિગંબર સંતો સિવાય આ માર્ગ ક્યાંય.. ક્યાંય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? ઓઘે ઓઘે કહે કે આત્મા છે ને આમ છે ને તેમ છે, આત્મા શુદ્ધ નિર્મળ છે, વેદાંત કહે, એક જ નિર્મળ છે. એમાં ભેદ-બેદ નથી. પણ સમજવા બેઠો છો એ શું ચીજ છે? એ તો ભેદ છે, રાગ છે. છે ને નથી (કહેવો) એ તો પ્રત્યક્ષ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

શ્રોતા : તીર્થંકરને સિંહાસનાદિ હોય અને મુનિઓ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એને ક્યાં બુદ્ધિપૂર્વક હતો? એ પુણ્યના સંયોગ તો અઘાતિનું ફળ છે. અહીં તો એનો વિકલ્પ છે લેવાનો ને મૂકવાનો એ વાત છે. એનો સંબંધ છે. એ સંબંધ જૂઠો છે. વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ ને સંયોગ—બે મુનિયોગ્ય દશાને જૂઠો છે. એને શુદ્ધ પરિણતિની ખબર નથી, એને દ્રવ્યની ખબર નથી, એને રાગની મર્યાદા કેટલી હોય એની ખબર નથી. અને જ્યારે તીવ્ર સંવર-નિર્જરા પ્રગટી છે છઠ્ઠે, એના પ્રમાણમાં રાગ હોય એટલે છઠ્ઠાની દશા છે એ મોક્ષનું કારણ છે. રાગની તીવ્રતા એ બંધનું કારણ છે. અલ્પ બંધનું કારણ હોય એને ઠેકાણે તીવ્ર બંધનું કારણ ગોઠવાણું તો એને બંધતત્ત્વની પણ ખબર નથી.

શ્રોતા : મૂર્છા ન હોય ને લે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : મૂર્છા (હોય તો) લીધા વિના રહે નહીં. મૂર્છા વિના, રાગ વિના વિકલ્પ આવતા હશે? દેવાનુપ્રિયા! એ તો કહે છેને કે મૂર્છા પરિગ્રહ હોતા હૈ. મૂર્છા ન હોય તો પરિગ્રહ નથી એમ કહે છે. અરે! હોય? બ્રહ્મચર્યનો ભાવ અંદર હોય અને વાણીમાં એમ આવે કે વિષય ભોગવવામાં વાંધો નથી—એવી વાણી હોય? વાણીનો સંયોગ જ એવો ન હોય એમ કહે છે. આહાહા! એ કર્તા નથી વાણીનો. પણ જેને અંદરમાં સમ્યગ્દર્શન ને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટ્યો, એની વાણીમાં એમ આવે કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તો એ વાંધો નથી? એ વાણીનો સંયોગ હોય જ નહીં એને. સમજાણું કાંઈ? પોપટભાઈ! બહુ ઝીણું પણ ભાઈ!

આ તો જરી ઓલો વિચાર આવ્યોને ભાઈ! આ ચરણમાં શુદ્ધ પરિણતિ જો મૂકો તો મેળ નહીં ખાય અને દ્રવ્ય આખું મૂકો તો મેળ નહીં ખાય. જરીક ખટક્યું હતું લોકોને કાલ કે કઈ રીતે આ? આ દેવીલાલજી જેવા પંડિત માણસ કહેવાય એ કહે, ભારે આ ગંભીર! વસ્તુસ્થિતિ એવી છે. આહાહા! કેવળજ્ઞાન પ્રગટ્યું અને એને આહાર લેવાનો વિકલ્પ હોય અને આહાર હોય સંયોગે—એ વસ્તુની ખબર જ નથી એને. સમજાણું કાંઈ? જેને કેવળજ્ઞાન–પૂર્ણ પરિણતિ ઉગ્ર

પ્રગટ થઈ ગઈ, એને આહારના કોળિયાનો સંયોગ હોઈ શકે નહીં. દવા-ફવાનો હોય નહીં એને. આહાહા! સમજવાની વાત છે બાપા! આમાં કોઈ પક્ષની વાત નથી. આ તો વસ્તુની મર્યાદા છે. દ્રવ્યની, ગુણની, પર્યાયની અને વિકલ્પની અને સંયોગની આ સ્થિતિ છે આખી. સમજાણું કાંઈ? મનુભાઈ! સમજાય છે કે નહીં? બરોબર સમજાય એમ બોલે. ઠીક! હવે સાંભળે તો છે. ન્યાં પડ્યા રહે છે એ કરતાં અહીં પડ્યા રહે તો સાંભળે તો ખરા. પણ અહીં ક્યાં એમ કે...... આહાહા! હજી ત્રીજી વાત આવશે આમાં. હા, એમાં બાકી ઘણું છે.

કહે છે કે **દ્રવ્ય ચરણાનુસાર હોય છે**. એટલે કે ચરણ નામ રાગની ક્રિયા પંચમહાવ્રતાદિના પરિણામ એના પ્રમાણમાં તેને દ્રવ્યની શુદ્ધિ હોય છે. આને લઈને હોય છે એમ પ્રશ્ન નથી. આને લઈને હોય છે એમ નહીં, પણ આવું જ્યાં હોય ત્યાં આવું એને દ્રવ્યને કારણે હોય છે. અને આવા દ્રવ્યને કારણે જ્યાં શુદ્ધિ હોય આટલી, ત્યારે એને રાગની મંદતા વ્યવહારને કારણે-એને કારણે હોય છે. શુદ્ધ પરિણતિ છે માટે રાગ અહીં આવો આવે છે એમ નથી. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ (સિદ્ધ) કરવો છે ને. તો નિમિત્ત આવું છે માટે નૈમિત્તિક આવું છે એમ નહીં. એને લઈને છે એમ નહીં, પણ નિમિત્ત આવું જ હોય. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**એ રીતે...** બે થઈ ગયાને. **તે બંને... મિથો** છે ને? **મિથો... પરસ્પર અપેક્ષાસહિત છે...** આ હોય, આટલું હોય તો આટલું હોય અને આટલું હોય તો આટલું હોય—એટલી અપેક્ષા છે વ્યવહારની. નિશ્ચયમાં તો નિરપેક્ષ છે, પણ પરસ્પર જ્યારે આવી નિર્મળતા પ્રગટી જેને ભગવાન આત્માની, એને અનંતાનુબંધીની તીવ્રતાનો રાગ હોય નહીં એમ કહે છે. જેને શ્રાવકપણું પ્રગટ્યું સાચું અંતર સમકિત સહિતનું, એને રાગની તીવ્રતા કુદેવ, કુગુરુનો કે અવ્રતનો એવો રાગ એને હોય નહીં. એવો નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ છે. **એ બંને પરસ્પર અપેક્ષા સહિત**, એમ છે ને? **द्वयमिदं ननु सव्यपेक्षम्...** એટલે કે આવું હોય ત્યાં આવું હોય. આવું હોય નિર્મળ ત્યાં આટલી જ રાગની મંદતા હોય, એટલી અપેક્ષા છે. નિશ્ચય નહીં, અહીં તો વ્યવહાર સિદ્ધ કરવો છેને આમાં. એટલે 'અપેક્ષા' લીધું છે. આહાહા!

**બંને પરસ્પર અપેક્ષા સહિત છે**... જ્યાં આત્માની વીતરાગ નિર્મળ ધર્મની દશા જેટલા પ્રમાણમાં પ્રગટી હોય, તેટલા જ પ્રમાણમાં એને રાગની તીવ્રતા ને મંદતાનો ભાગ હોય. એથી- એને ઓળંગી જાય એવો મંદ કે તીવ્ર હોય નહીં. અને રાગની મંદતા અને તીવ્રતા જેટલા પ્રમાણમાં છે એના પ્રમાણમાં એ શુદ્ધની પરિણતિ દ્રવ્યના આશ્રયે-પોતાના કારણે એવી વીતરાગતા હોય. આહાહા! અમને પ્રગટ્યું, હવે અમારે નિશ્ચય છે, પછી માંસ ખાવું, દારૂ પીવું, લંપટપણું, ગમે તે સ્વચ્છંદપણે વર્તીએ.—એમ હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એમ મુનિપણું પ્રગટ્યું પછી અમારે ગમે એ રીતે, અમારા માટે આહાર બનાવ્યા હોય, ચોકા (કરીને)

બનાવ્યા હોય.. શું કહેવાય? વસ્ત્ર-પાત્ર વિગેરે, વિગેરે.. અમારા માટે બનેલા હોય તોપણ લઈ શકીએ કારણકે એમાં નિશ્ચયમાં ક્યાં વાંધો છે? એમ છે જ નહીં. સમજાણું કાંઈ?

શ્રોતા : હલકો કાળ...

પૂજ્ય ગુરૂદેવશ્રી : હલકો કાળ કે દિ' હતો? હલકો કાળ એટલે લોટને ઠેકાણે ગારો નાખ્યો શીરામાં? આ હલકો કાળ છે. હલવા બનાવેને હલવા. શેઠ! આ હલવા બનતા હૈ કિ નહીં? શીરો. તો આટાને ઠેકાણે ધૂળ નાખી ક્યાંય? કાળ હલકો છે. ઘીને ઠેકાણે પેસાબ નાખ્યો ક્યાંય શીરામાં? અને સાકરને ઠેકાણે કાદવ? કે ગોળને ઠેકાણે કાદવ નાખ્યો? હલકો કાળ છે. હલકા કાળનું ભાન કે દિ' છે? એય મૂલચંદભાઈ!

શ્રોતા : મુનિ મહારાજ .... આહાર બનાવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ એને માટે કર્યો છે એની ખબર નથી? પાંચ જણા છે, ઘરના ચાર માણસ છે, આ ચોકો કરીને બેઠા છે. ખબર નથી એટલી? એણે બધા ગોટા વાળ્યા હશેને? શેઠ! ગોટા જ વાળ્યા છેને. આ બધા કરતા હોય અને ન કરે તો જુદા પડી જાય. એ ભાગીને વયા આવ્યા. કહો, સમજાણું આમાં?

ત્રણ બોલ થયા, હવે ચોથો. એ ચોથેય આકરો છે જરી. **તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને...** એટલે કે દ્રવ્યની શુદ્ધિની પરિણતિનું જ્ઞાન રાખીને... આવી શુદ્ધિ છે એને આવો જ રાગ હોય, એમ દ્રવ્યની શુદ્ધિનું જ્ઞાન રાખીને... 'આશ્રય કરીને'નો અર્થ જ્ઞાન કરીને. **દ્રવ્યનો આશ્રય કરીને** એટલે કે દ્રવ્યની શુદ્ધિની પરિણતિ સમ્યગ્દર્શનની, પંચમ ગુણસ્થાનની, છઠ્ઠા ગુણસ્થાનની, એની પરિણતિનું જ્ઞાન રાખીને... **અથવા તો ચરણનો આશ્રય કરીને**... એ ભૂમિકામાં રાગની મંદતાનો ભાવ એનું જ્ઞાન રાખીને... કે આવો જ રાગ હોય એનું જ્ઞાન રાખીને... આશ્રય કરીને એનો અર્થ કે.... આ એક શબ્દ નથી લીધો અહીં. સમજાણું કાંઈ?

એવું લખાણ છે, વ્યવહારના લખાણ એવા હોય. ઠીક! પૂછે છે બરાબર. મૂળચંદભાઈ! એનો અર્થ એ છે. દ્રવ્યનો આશ્રય કરીને એટલે? દ્રવ્યની શુદ્ધિ પ્રગટી છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ જેટલા પ્રમાણમાં, એનું જ્ઞાન રાખીને કે આવી જ શુદ્ધિ હોય એનું જ્ઞાન આમ હોય. અને કાં **ચરણનો આશ્રય કરીને**... એ શુદ્ધ દશાની ભૂમિકામાં જે પ્રકારનો રાગ હોય છે, આવો જ રાગ હોય એવું જ્ઞાન કરીને... આ ચારેય પદની વ્યાખ્યા જુદી છે. દેવીલાલજી!

શ્રોતા : એટલા માટે દ્રવ્યનો આશ્રય કરી પાપથી બચવા માટે પુણ્યનો આશ્રય....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, એ બિલકુલ વાત છે નહીં અહીં. આશ્રય-ફાશ્રયની વાત નથી. આશ્રયનો અર્થ 'જ્ઞાન' છે. **प्रतीत्य** શબ્દ પડ્યો છે ને? **द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य...** એ ચોથું પદ છે. પંડિતજી! ચોથું પદ છે. એ અર્થ અમારે પંડિતજીએ કર્યો હતો ચોખ્ખો પહેલો હોં. આ અમારા પંડિતજી. આ પૂછ્યું હતું કે આ શું? એય! પોપટભાઈ! આ તમારા મિત્ર. એમણે

પહેલો અર્થ કર્યો હતો પંડિતજીએ. નહીં તો આપણને શબ્દના અર્થ આવડે નહીં, વ્યાકરણ-બ્યાકરણ આવડે નહીં. ભાવનો ખ્યાલ હોય, પણ ભાવમાં મેળ ખાય શી રીતે? આમાં દ્રવ્યનો આશ્રય કીધો છે. આશ્રયનો અર્થ પ્રતીત. દ્રવ્યનું જ્ઞાન એટલે શુદ્ધ પરિણતિ આવી હોય એનું જ્ઞાન કરીને અને અશુદ્ધતાનો રાગ આવો હોય એનું જ્ઞાન કરીને, બસ. સમજાણું કાંઈ?

શ્રોતા : શુદ્ધ પરિણતિ આશ્રય કરવાલાયક નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આશ્રયનો અહીં પ્રશ્ન જ નથી. અહીં તો 'પ્રતીત'નો અર્થ જાણવું. એને (માટે) 'આશ્રય' શબ્દ વાપર્યો છે. આટલી શુદ્ધ પરિણતિ હોય છઠ્ઠે, એની શુભ પરિણતિ આવી જ હોય એમ જાણી—જ્ઞાન કરીને અને એ કાળે રાગ આવો જ હોય એવું જ્ઞાન કરીને, બસ. હવે પછી અંતરમાં ઉતરી જા, એમ કહે છે. આહાહા!

આ વાંચજોને ઘરે. આ પુસ્તક પડ્યા છે બધા ઘણા. એક-એક શબ્દનું શું (અર્થ) છે એ વાંચવું પડે કે નહીં? નામું લખે તો કેટલા તપાસે છે. આ બીડીના નામા આગળ... જુઓ! શોભાલાલ શેઠ જાય છે ત્યાં કાનપુર. કેટલાય રૂપિયા લઈ આવે. બધા નામા મેળવતા હશે કે નહીં? તમારી પાસે અમારું લેણું આટલું પાંચ હજારનું. ઓલો કહે કે પોણા ચાર હજાર નીકળે છે. સવા હજારનો વાંધો છે ક્યાંક જુઓ. લો તપાસો. કાંઈ રહી ગયું હશે સવા હજારની રકમ. શેઠ! પૈસા માટે નાના શેઠ આઘા જાયને કાનપુર. એ કો'ક વાત કરતું હતું. આપણે ક્યાં ખબર હોય? ઓલા રતનલાલજી હતા, નહીં? કાનપુર હતાને. મેડી ઉપર આહાર કરવા ગયા હતા. ત્યારે શેઠ હતા. એ જલ્દી ખબર પડે. ત્યાં ધ્યાન રાખે છે કે નહીં, એટલું આહીં કહેવું છે. તો અહીં ધ્યાન રાખવું એમ કહેવું છે. આહાહા! આની રુચિ થાય તો જલ્દી ખબર પડે. પડ્યા વિના રહે નહીં. આહાહા!

લ્યો, કાં તો દ્રવ્યનું જ્ઞાન કરીને એટલે શુદ્ધ પરિણતિની આવી મર્યાદા ગુણસ્થાનમાં હોય એનું જ્ઞાન કરીને. ચોથે શુદ્ધ પરિણતિ ત્રણ કષાયના અભાવની ન હોય. એક કષાયના અભાવની અને મિથ્યાત્વના અભાવની હોય. બીજે (-પાંચમે) બે કષાયની ને મિથ્યાત્વના અભાવની હોય, ત્રીજે (-છઠ્ઠે) ત્રણ કષાયના ને મિથ્યાત્વના અભાવની પરિણતિ હોય એવું બરાબર જ્ઞાન કરીને... સમજાણું કાંઈ?

**મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) ધર્માત્માઓ મોક્ષમાર્ગમાં આરોહણ કરો.** આહાહા! સ્વરૂપમાં અંદર આરોહણ કરો અને વ્યવહારનો વિકલ્પ છે એમાં પણ આરોહણ કરો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો, એ ગાથા પૂરી થઈ. પચાસ મિનિટ ચાલી. અમારે ચીમનભાઈ ખુશી થયા. વસ્તુ તો વસ્તુ છે ભગવાન આત્મા, પણ એનો જેટલો આશ્રય લઈને આશ્રયમાં ઉગ્રતા કે મંદતા જે પરિણતિ જેટલી પ્રગટી તેટલી શુદ્ધતા એને એમ બરાબર જાણવી. અને એના પ્રમાણમાં શુદ્ધિની બહુ ઉગ્રતા હોય તો રાગની ઘણી જ મંદતા હોય (અને) શુદ્ધિ થોડી હોય તો રાગની કંઈ

તીવ્રતા પણ હોય. એવી બેની મર્યાદા બરાબર જાણવી. અને એવી હોય એને સંયોગનો કાળ પણ કુદરતે હોય સહજ. એ અહીં નથી નાખ્યું, કારણ કે સહજ આવે છે. અહીં તો પુરુષાર્થથી થાય બે વાત, એટલી નાખી છે. ભાઈ! ઓલા સંયોગો આવવા-જવા એ કોઈ વ્યવહારના વિકલ્પથી આવવું-જવું થતું નથી. (તેથી) એ વાતને નાખી નહીં. સમજાણું કાંઈ?

શ્રોતા : ... સહજ હોય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ બહાર તો સહજ હોય નગ્નદશા. એ કાંઈ વિકલ્પથી વસ્ત્ર છૂટી જાય છે એમ છે? વિકલ્પ કર્તા ને વસ્ત્રનું છૂટવું કાર્ય—એમ છે? માટે એ વાત લીધી નથી. ફક્ત બેની અંદર નિમિત્ત-નૈમિત્તિક લીધું. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ ગંભીર છે, ઊંડો છે. પાતાળ કૂવામાંથી આવેલી વાત છે. સમજવા માટે બુદ્ધિને કેળવવી પડે. આ લોટ બાંધે છે ને. આટા–લોટ એને કેળવે પછી રોટલી થાતી હશે કે એમને એમ બાંધીને રોટલી થાતી હશે? કેળવવી પડે. કેળવે તેલ નાખીને આમ, ત્યારે માંડ રોટલી સરખી આવે. એમ આહીં વસ્તુ, એની પરિણતિ શુદ્ધ અને રાગની મર્યાદા એને કેવળણીથી બરાબર જાણવી જોઈએ. આહાહા! આવો જ માર્ગ છે અને આ સિવાય બીજો કોઈ ...... ઓછો, અધિક કે વિપરીત કહે (તો) બધો વિપરીત માર્ગ છે. આવું ભાન થયા વિના એને વિપરીતતાનો ત્યાગ નહીં થઈ શકે. સમજાણું કાંઈ?

શ્રોતા : કોઈ અપવાદને સ્થાન છે જ નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આમાં હોય? પણ સત્યને શું અપવાદ? જીવ છે તે જીવ છે, અપવાદે પણ અજીવ હોય (એમ હોય)? શુદ્ધ પરિણતિ પણ પોતે અપવાદે શુભ હોય એમ હોય? શુદ્ધ પરિણતિના કાળમાં આવો રાગ હોય એ જુદી વાત થઈ, એ અપવાદ થઈ ગયો. એ અપવાદ છે. એ પોતે અપવાદ છે. સમજાણું કાંઈ? આરે ભારે! લ્યો, એ ગાથા પૂરી થઈ.

**વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**
૧૩૯.

**चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम् ।**
**यतंते याचनाशीलयमनाशनकारणम् ।।१३९।।**

આહાહા! **શ્લોકાર્થ : જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે...** આહાહા! સમ્યગ્દૃષ્ટિને ચૈતન્યની ભાવનામાં તીવ્રરસ–લીનતા નથી. લીનતા છે, પણ તીવ્ર નથી. એથી અહીં વિશેષ આસક્ત–રક્ત–લીન કહેવું છે મુનિને. જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વ ભગવાન આત્મા એની ભાવના એટલે એકાગ્રતા એમાં જેની લીનતા છે... લ્યો, ભાવનામાં આસક્ત.. આસક્ત.. આહાહા! અહીંયા આસક્ત. ઓલી આસક્તિ, અહીં આસક્ત. ચૈતન્યવસ્તુ વીતરાગભાવસ્વરૂપ એની ભાવના (એટલે) અંતર્મુખ એકાગ્રતા એમાં જે લીન છે **એવા યતિઓ**...

એવા યતિઓ–એવા મુનિઓ **યમમાં પ્રયત્નશીલ રહે છે...** દેખો! યમમાં એટલે રાગાદિ રહિત શુદ્ધ પરિણતિ એમાં પ્રયત્નશીલ રહે છે.

**(અર્થાત્ સંયમમાં સાવધાન રહે છે)** એમ કહે છે. સમકિતી સમ્યગ્દર્શન, જ્ઞાન ને અંશે સ્થિરતામાં સાવધાન છે. શ્રાવક સમ્યગ્દર્શન, જ્ઞાન ને અંશે સ્વરૂપાચરણ ચારિત્ર ઉપર શાંતિ એમાં લીન હોય છે. મુનિ સંયમમાં મહાપ્રયત્નશીલ... ભાષા છે ને? એનો પ્રયત્નનો સ્વભાવ જ એવો થઈ ગયો છે એમ કહે છે. તેથી સંયમમાં સાવધાન રહે છે. આહાહા! **કે જે યમ (-સંયમ)...** એ સંયમ નામ સ્વરૂપમાં આનંદનો અનુભવ સહિતની જ્યાં રમણતા એવી.... આ તો લોકો સમ્યગ્દર્શનની વાત મૂકી દે ને ઉપરની વાતું બધી. જુઓ ભાઈ! આ સ્વર્ગમાં ચારિત્ર નથી. માટે ચારિત્ર મહાવ્રત લઈ લ્યો. મુનિપણું બીજે ગતિમાં નથી, દેવમાંય નથી. માટે મનુષ્યપણામાં લઈ લ્યો. પણ શું લઈ લ્યે? પંચ મહાવ્રતના વિકલ્પ લીધા (અને) નગ્નપણું, એ છે ચારિત્ર? એ તો રાગ છે. સમજાણું કાંઈ? એકલી શુદ્ધ પરિણતિ વિનાનો રાગ એને તો વ્યવહારાભાસ થઈ ગયો છે. સમજાણું? રાગની આવી એકલી ક્રિયા હોય અને શુદ્ધતાનું ભાન નથી, એ વ્યવહારાભાસ છે. અને શુદ્ધ પરિણતિ એની આટલી હોય તો એના પ્રમાણમાં રાગની તીવ્રતા-મંદતા હોય, એવી ખબર નથી એટલે મિથ્યાભાસી છે. સમજાણું કાંઈ?

શ્રોતા : મુનિ ઉપદેશ હી ક્યોં કરે, ચારિત્ર નહીં જાનતા હો તો....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉપદેશ તો જે છે એ બધાનો, સમકિતીનો પણ એ આવે. મુનિનો ઉપદેશ પહેલો, પણ મુનિપણું કેવું? સમ્યગ્દર્શન સહિતનું કે સમ્યગ્દર્શન વિનાનું? આ લઈ લ્યો, લૂગડાં છોડ્યા. આહાહા! રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થસિદ્ધિમાં પહેલું સમ્યગ્દર્શન લીધું. પછી એના વ્રતના વિકલ્પની વાત લીધી છે. રત્નકરંડશ્રાવકાચાર. રાગ-દ્વેષના નાશને માટે મુનિપણું અંગીકાર કરવું, એવું છે ન્યાં. ભાન છેને કે રાગદ્વેષ મારામાં નથી એવું ભાન છે. એ રાગ-દ્વેષના નાશ માટે વીતરાગતા અંગીકાર કરે છે.

એ યમ... **યાતનાશીલ યમના (-દુઃખમય મરણના) નાશનું કારણ છે.** આહાહા! એ દુઃખમય મરણ... યાતનાશીલ યમ... યમ એટલે મરણ. દુઃખમય જમ. યમના–મરણના નાશનું કારણ છે. આહાહા! સ્વરૂપની અનુભવ દૃષ્ટિ અને સંયમદશા એ દુઃખમય પીડા મરણ એના નાશનું એ કારણ છે. પંડિતમરણ થવાનું એ કારણ છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૪, ગુરુવાર, તા. ૧૯-૮-૧૯૭૧**
**ગાથા-૧૦૪, શ્લોક-૧૪૦, પ્રવચન નં. ૯૯**

નિયમસાર. નિશ્ચય–સાચો ત્યાગ. સાચો ત્યાગ કોને કહેવામાં આવે છે? એટલે સાચું પ્રત્યાખ્યાન એનું સ્વરૂપ. ૧૦૪ ગાથા.

**सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि ।**
**आसाए वोसरित्ता णं समाहि पडिवज्जए ।।१०४।।**

નીચે હરિગીત.

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.**

સમાધિ કહો, શાંતિ કહો, અરાગીદશા કહો કે પ્રત્યાખ્યાન કહો. **ટીકા : અહીં (આ ગાથામાં) અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન છે. અંતર્મુખ...** ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને શુદ્ધ છે એના સન્મુખ જેનો ભાવ છે. **પરમ તપોધન...** જેને અતીન્દ્રિય આનંદનું ધન અંતરથી પ્રગટ્યું છે. સમજાય છે કાંઈ? **પરમ તપોધન...** અતીન્દ્રિય ભગવાન આત્મા... ઓલા અંદર ટીકામાં ઇન્દ્રિયો છે ખરીને એટલે આ આવ્યું વળી. પરમ અતીન્દ્રિય આત્મા એના સન્મુખમાં અંતર્મુખમાંથી અતીન્દ્રિય આનંદનું જેને ધન નામ લક્ષ્મી પ્રગટી છે, એને અહીંયા પ્રત્યાખ્યાન, રાગના ત્યાગનું વન (અને) સ્વભાવની શાંતિવન આત્મા અને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા! તેની **ભાવશુદ્ધિનું કથન છે**. શુદ્ધભાવ જે અંતર આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ... સમ્યગ્દૃષ્ટિને પણ અંતર્મુખ દૃષ્ટિમાં પરમ આનંદના નાથની જેને ભાવના હોય છે. મુનિ એને ઉત્કૃષ્ટ ભાવના હોય છે. એવી ભાવશુદ્ધિનું કથન છે.

હવે જરી **सम्मं मे सव्वभूदेसु** એમાંથી કાઢ્યું. શું કહે છે? **જેણે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે... सव्वभूदेसु** છે ને? ચાહે તો સર્વજ્ઞ પરમાત્મા હો, દેવ-ગુરુ ને શાસ્ત્ર હો કે દુશ્મન–શત્રુ લોકો માને એવા હો—એ બેય પ્રત્યે ધર્માત્માને સમ્યગ્દર્શનમાં પણ ઇન્દ્રિયનો વેપાર છૂટી ગયો છે. ભાવેન્દ્રિય–ખંડ-ખંડ ઇન્દ્રિય અને આ જડ ઇન્દ્રિય અને એના વિષયો ભગવાનની વાણી કે સ્ત્રી આદિ—ત્રણેયને ઇન્દ્રિય કહી છે. આ શરીર ને જડ-ઇન્દ્રિય જડ છે એ તો છે, પણ અંદર જે જ્ઞાનના અંશમાં એક જ વિષય જણાય એવી જે ખંડ-ખંડ ભાવેન્દ્રિય એની પણ રુચિ છોડી અને ઇન્દ્રિયના નિમિત્તોમાં ભગવાન અને ભગવાનની વાણી જે ખ્યાલમાં આવે એનું પણ લક્ષ છોડી દઈને... આહાહા! **સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે...** પાંચ ઇન્દ્રિયના વિષય તરફ રુચિ અને લક્ષ જેનું છૂટી ગયું છે, સમકિતથી જ છૂટી ગયું છે. પહેલી સમ્યગ્દર્શન,

ધર્મ જે પહેલી સમ્યગ્દર્શનરૂપી પર્યાય એમાં જ ઇન્દ્રિયોનો વેપાર એ હેય છે (તેથી) છૂટી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો મુનિની, એનાથી ઉગ્ર વાત લે છે કે સમસ્ત ઇન્દ્રિયનો વેપાર... અતીન્દ્રિય ભગવાન આત્મા એના ઉપર જ્યાં દૃષ્ટિ છે અને એનો જ્યાં સ્વીકાર ને વેદન ને અનુભવ છે, એને ઇન્દ્રિયનો વેપાર છૂટી ગયો છે. ભીખાભાઈ! કહે છે કે એને ભાવેન્દ્રિયનો વેપાર છૂટી ગયો છે, એ એનો નહીં. દ્રવ્યેન્દ્રિયનો વિષય છૂટી ગયો, દ્રવ્યેન્દ્રિય નહીં. અને એનો વિષય ભગવાનની વાણી ને ભગવાન ત્રણ લોકના નાથ એ પણ ઇન્દ્રિયના વિષયમાં પડે છે. આહાહા! એ છૂટી ગયો છે જ્ઞાનીને, એમ કહે છે. આહાહા! શેમાંથી કાઢ્યું એ? **सव्वभूदेसु** એમ શબ્દ છે ને? સર્વ પ્રાણી, એકેન્દ્રિય હો, પંચેન્દ્રિય હો, સર્વજ્ઞદેવ હો, સ્ત્રી હો, કુટુંબ હો, વેરી-દુશ્મન હો—એ બધા સર્વ પ્રાણીમાં–ભૂતમાં આવી જાય છે. એના પ્રત્યે ધર્મીને સમતાભાવ હોય છે. આહાહા! સમજાણું કાંઈ? એટલે કે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને છોડ્યો છે. આહાહા!

**એવા મને...** એમ કહ્યું છે ને? **ભેદવિજ્ઞાનીઓ તેમ જ અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે...** આહાહા! કહે છે, ભેદવિજ્ઞાનીઓ, ગણધરો અને સંતો હોય અને અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અને અભવિ મિથ્યાદૃષ્ટિ જીવો હો—એ બધા પ્રત્યે સમતા છે. આ ભગવાન, આ ભેદજ્ઞાનીઓ છે માટે પ્રશસ્ત રાગ કરવો એવું છે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આ ધર્મી જીવ છે, મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને ગણધર જેવા ભેદવિજ્ઞાનીઓ તેમજ અજ્ઞાનીઓ... જેને રાગથી ભિન્ન પડીને અનુભવ થઈ ગયો છે એવા ધર્માત્મા કે જેને રાગમાં એકતા છે એવા અજ્ઞાની, અધર્માત્મા. આહાહા! બંને પ્રત્યે મને જ્ઞાતાપણું, સમતાપણું વર્તે છે, કહે છે. આહાહા! ભારે વાત.

આમ તો બધા કહે છેને કે 'ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે.' એનો અર્થ શો? જગતમાં જેટલા જીવો છે એ બધા જીવો પ્રત્યે, આ સારા છે માટે રાગ થાય, આ નરસા માટે (દ્વેષ)—એ મારે નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! જ્ઞાતા થઈ ગયોને. દૃષ્ટા ને જ્ઞાતા એવું આત્માનું સ્વરૂપ છે. આહાહા! એવા જાણવા-દેખવાના ભાવમાં 'આ ઠીક છે ને આ અઠીક છે' એમ ક્યાં આવ્યું? પરમાત્મા કે ધર્માત્મા ઠીક છે અને દુશ્મન ને મિથ્યાદૃષ્ટિ અઠીક છે—એવું એમાં આવતું નથી. આહાહા! સમજાણું કાંઈ? રાગ આવે કદાચિત્, તોપણ તે રાગનો જ્ઞાતા-દૃષ્ટા સમતાભાવે છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**સર્વ ઇન્દ્રિયોના વ્યાપારને...** ઓહોહો! કેવી શૈલી લીધી છે! અણીન્દ્રિય એવો હું... અણીન્દ્રિય એવો આત્મા એનું અંતરમાં ભાન છે એને, સર્વ પ્રાણી પ્રત્યે, ધર્માત્મા કે અધર્માત્મા, આંધળા અજ્ઞાની હો કે દેખતા કેવળી હો... આહાહા! ભીખાભાઈ! આ ભારે વાત. કારણ કે એ બધા તો જ્ઞેય છે, એક સરખા જ્ઞેય છે, એમ કહે છે અહીં. એક સરખા જ્ઞેય છે. કેવળીઓ

ધર્માત્માના જ્ઞેયમાં ફેર છે, મારા માટે જ્ઞેયમાં ફેર છે કે અજ્ઞાનીઓમાં મારા માટે જ્ઞેયમાં ફેર છે—એમ નથી. આહાહા! જુઓ તો વીતરાગમાર્ગ! આહાહા!

**सम्मं मे...** સમતા છે એટલે કે અણીન્દ્રિય આત્માના ભાનમાં હું વર્તું છું, ઇન્દ્રિયના વેપારનું હેયપણું છોડી દીધું છે. હેય છે એને છોડી દીધું છે. આહા! એટલે કે ભાવેન્દ્રિય કે દ્રવ્યેન્દ્રિય કે એનો વિષય એ બધામાં આ ઠીક-અઠીક છે એ વાત છૂટી ગઈ છે. આહાહા! એવા સર્વ પ્રાણી પ્રત્યે સમતા છે. જુઓ! આ ધર્મ, આનું નામ પ્રત્યાખ્યાન, આનું નામ મોક્ષનો માર્ગ. આનું નામ વીતરાગ પરિણતિ નામ દશા. ઓહો! જ્ઞેયોમાં ખંડ કરવા કે આ ઠીક ને આ અઠીક, એ તો રાગ-દ્વેષ છે. સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! એવો માર્ગ.. એવો માર્ગ. આહાહા!

દૃષ્ટિ પરિવર્તન થઈ ગયું, બસ હા! જ્યાં દૃષ્ટિ પલટી, ખંડ ઇન્દ્રિય અને એના વિષયની રુચિમાંથી, અવલંબનમાંથી દૃષ્ટિ પલટી અને દૃષ્ટિ અણીન્દ્રિય ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ.. ધામ.. એનો સ્વામી (થયો), એમ. એમાં દૃષ્ટિ થઈ ધર્મીની, બધા જ્ઞેયો જ્ઞાનના પરજ્ઞેય તરીકે વિષય છે. આહાહા! કહો, સમજાય છે આ? આ ગુજરાતી સાદું છે હોં. એ પછી માણસને એમ થઈ જાય છે. અભ્યાસ નહીંને અભ્યાસ અને પકડી શક્યો હોય કે અમને આવડે નહીં એટલે જરી મુંઝવણ થાય. ગુજરાતી તો બહુ મીઠી ભાષા છે. 'સરસ' એમ ભાષા અમારા ભાઈ કહે છે શેઠીયા. દીપચંદજી શેઠીયા કહે, આહા! આવી ગુજરાતી! એ આવે તો 'ગુજરાતી જ તમે વાંચો' એમ કહે. અહીં ભગવાન આત્મા.. આહા! .... ભાષા પણ ગમે તે હો, અણીન્દ્રિય આત્માની દૃષ્ટિવંતને બધામાં સમતા વર્તે છે, કહે છે. આહાહા! અને એ વિષય છે. એય! આહાહા! પંડિતજી! જુઓ! એક ટીકા કેવી કરી છે!

ફક્ત **सम्मं मे सव्वभूदेसु...** ધર્મી એમ કહે છે કે મારે બધા પ્રત્યે સમભાવ છે. દેવીલાલજી! સર્વજ્ઞ ને ધર્માત્મા પ્રત્યે રાગ આવે એ પણ મારી ચીજ નહીં. મારે તો રાગ અને એના (-ધર્માત્મા) પ્રત્યે સમતાભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? **मज्झं** છે ને? કુંદકુંદાચાર્ય પોતે એમ કહે છે કે 'મને'. ત્યારે ટીકાકાર પણ એમ કહે છે કે 'મને'. એમ છે ને? **सम्मं मे सव्वभूदेसु...** બધા તમે સમતા રાખજો—એમ નહીં. મને સમતા છે. કઈ અપેક્ષાએ સમતાનું સ્વરૂપ? કે અજ્ઞાની કે જ્ઞાની, આ સર્વજ્ઞ પરમાત્મા મહાભેદવિજ્ઞાની, એના પ્રત્યે–જ્ઞેય પ્રત્યે પણ મને જ્ઞાનમાં, પરજ્ઞેય જ્ઞાનમાં જણાય, પણ 'આ ઠીક છે ને આ અઠીક છે' એવું મારા સ્વરૂપમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ઇન્દ્રિયના વિષયમાં રોકાયેલાને 'આ ઠીક છે, અઠીક છે' એવું ભાસે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

માથાનો કાપનાર હોય તો અઠીક છે એવું ઇન્દ્રિયના વિષયવાળાને ભાસે, (પણ) જ્ઞાનીને ભાસતું નથી. આહાહા! અને ચંદન ચોપડે ચંદન... દાહજ્વર શરીરમાં થયો હોય, એ પણ મારા જ્ઞાનનું પરજ્ઞેય તરીકે 'આ ઠીક નથી' એવું મારા સ્વરૂપમાં જ નથી. આહાહા! અને એને લેપ

કરનાર– અનુકૂળતા કરનાર 'એ ઠીક છે' એ ઇન્દ્રિયના વિષયના લોલુપીઓને એ ઠીક લાગે છે એમ કહે છે. હું તો ઇન્દ્રિયના વિષયનો જીતનાર છું, આહાહા! એટલે કે મારું સ્વરૂપ જ ઇન્દ્રિયના વિષયથી ભિન્ન છે. સમજાણું કાંઈ?

ભાવેન્દ્રિય હો કે દ્રવ્યેન્દ્રિય હો કે એના વિષયો નિમિત્ત હો—બધા ઇન્દ્રિય છે, બધી ઇન્દ્રિયો છે ત્રણેય. ત્રણેયને ઇન્દ્રિય (કીધી). પરમાત્મા પણ આ આત્માને માટે ઇન્દ્રિય છે. પંડિતજી! ૩૧મી ગાથા, સમયસાર. ઓહોહો! પરમાત્માની દિવ્યધ્વનિ આ આત્માને માટે તો એ ઇન્દ્રિય છે. ઇન્દ્રિયના વિષય તરીકે લક્ષ જાય તો એ છે. પણ એ ઇન્દ્રિયનો વિષય જેણે જીત્યો છે... આહાહા! સમજાય છે કાંઈ? એવા સમકિતી એટલે ભેદવિજ્ઞાની (કહે છે કે) મને... અને ભેદવિજ્ઞાનીઓ પ્રત્યે, એમ. ભેદવિજ્ઞાની એવા મને... આ એમાં નથી, પણ 'મને'માં એ આવી ગયું. ઇન્દ્રિયનો વેપાર છોડ્યો છે એમાં એ આવી ગયું ભાઈ! ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય કે વિષય વાણી કે સ્ત્રી કે કસાઈ કે ગમે તે... આહાહા! ગજબ વાત છે ને! એ જેણે છોડ્યો છે એટલે ભેદજ્ઞાની થયો છું, એમ થઈ ગયો એનો અર્થ. અતીન્દ્રિયસ્વરૂપનો મેં આદર કર્યો છે ને ઇન્દ્રિયના વિષયને મેં જીત્યા છે–છોડ્યો છે. આહાહા!

એવા ભેદવિજ્ઞાની–મને **ભેદવિજ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ પ્રત્યે સમતા છે**. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ એવું જ્યાં ખંડથી અધિક થઈને–ભિન્ન થઈને ભાસ્યું, એને બધું—જગતના પ્રાણીઓ બધા એક સરખા ભાસે છે એટલે કે જ્ઞેય તરીકે ભાસે છે. એમ આ સજ્જન છે ને આ મિત્ર છે, આ મારા ગુરુ છે ને આ મારા વેરી છે—એવું એમાં નથી એમ કહે છે. વિષય તરીકે બે સરખા પર તરીકે. આકરું પડે એવું છે ને. વ્યાખ્યાનમાં આવ્યું હતું ઘણીવાર. ભાઈએ લખ્યું છેને નિહાલભાઈએ. વ્યાખ્યાનમાં તો આવ્યું છે ઘણીવાર, પણ એમણે ભાઈએ પોતે લખ્યું છે. ચાહે સ્ત્રીનો વિષય હોય ને ચાહે તો વીતરાગ હોય—બેય પરવિષય છે. ભલે ઓલામાં શુભભાવ હોય, પણ વિષય તરીકે તો બધા એક છે. આકરું પડે એવું છે. આહાહા! આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કલ્પેલો ને આમ ઘડતર કરીને કર્યો એવો નથી, વસ્તુનું સ્વરૂપ જ આમ છે. અણીન્દ્રિય એવો હું, ઇન્દ્રિયથી જુદો પડેલો એવો હું, ઇન્દ્રિયોને જિતેલો એવો હું... આહાહા! એ વિષયની વાત કરી. જેણે ઇન્દ્રિયને જીત્યા અને ભેદવિજ્ઞાની છે, પણ પરજ્ઞેય છે. મારે માટે તો પરજ્ઞેય તરીકે સ્વજ્ઞાનમાં જાણવાલાયક છે. સમજાય છે કાંઈ? આહાહા!

**મિત્ર-અમિત્રરૂપ (મિત્રરૂપ કે શત્રુરૂપ) પરિણતિના અભાવને લીધે...** હવે બીજો બોલ. **वेरं मज्झं ण केणवि**.. એ બીજો બોલ. પહેલા બોલની આ વ્યાખ્યા. આહાહા! અમારે પંડિતજી કહે છે કે બધાને એક માનવું ખટકે છે. કેવળજ્ઞાની કેવળજ્ઞાનને જાણે છે અને નિગોદને જાણે—એમાં ફેર છે એને? જ્ઞેય તરીકે જાણે છે. આહાહા! અપેક્ષા કેવી હોય? પવિત્ર છે એને પવિત્ર

તરીકે જાણે છે. આમાં જાણવામાં 'આ ઠીક છે, અઠીક છે' એમ ક્યાં આવે છે? ઠીક-અઠીક તો વિકલ્પ થઈ ગયો, રાગ થઈ ગયો એ તો. આહાહા! માર્ગની રીત બાપુ! વીતરાગની માર્ગની રીત–કળા જ જુદી છે. દુનિયા સાથે એકેય બોલનો ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા! વસ્તુ એવી છે. જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન અતીન્દ્રિય એવું જ્યાં ઇન્દ્રિયના ખંડ-ખંડની રુચિ છૂટીને અખંડ અતીન્દ્રિય જ્ઞાનની જ્યાં રુચિ ને અનુભવ દૃષ્ટિ થઈ, એને તો બધું જ્ઞેય છે. સિદ્ધ હોય તો જ્ઞેય અને કસાઈ હોય તો જ્ઞેય છે. જ્ઞેયમાં 'આ સારા ને આ નરસા' એમ લખ્યું છે? મૂળચંદભાઈ! આહાહા!

વસ્તુનું સ્વરૂપ એ છે એટલે એનું નામ સમ્યગ્દર્શન. આહાહા! ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદની કાતળી, મૂર્તિ એના સ્વાદિયા સમકિતી છે. અજ્ઞાની વિષયના સ્વાદિયા છે. આહાહા! ચાહે તો ત્યાગી થઈને બેઠો હોય બહારથી નગ્ન, પણ એને વિષયો જે પરવસ્તુ છે એમાં ઠીક-અઠીક લાગે છે એ વિષયના જ સ્વાદિયા છે. એ અજ્ઞાનના ને રાગના સ્વાદિયા છે. આહાહા! આકરો માર્ગ છે ભાઈ! મોટા સમાજના ટોળેટોળાને આ બેસી જાય એવી વાત નથી. કોઈ વિરલ પ્રાણીને, પાત્રજીવને (કે) જેને સંસારના કિનારા નજીક આવી ગયા છે... આહાહા! એક કુદકો મારીને મુક્તિમાં જવાનું છે એટલો ફેર છે થોડો. સમજાણું કાંઈ? આહાહા! એને આ વીતરાગમાર્ગ બેસે. એ વસ્તુ. બસ દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. અસ્થિરતા હોય એ તો જાણવાની વાત છે, એ પણ જ્ઞેય થઈ ગયું. સમજાણું કાંઈ? દૃષ્ટિનો દ્રવ્યના જોરનું જ અહીં કથન છે. ચારિત્રદોષ છે એ દોષ ખરેખર તો જ્ઞાનનું જ્ઞેય છે. સમજાય છે કાંઈ?

અહીં તો **सम्मं मे सव्व**... શું સંતોની વાણી! આહાહા! વાણી પણ 'ઠીક છે' એ આત્મામાં નથી એમ કહે છે. આહાહા! વાણી તો જ્ઞેય છે, એ જ્ઞાનમાં આવી જતી નથી. પણ જેણે આત્માને ઇન્દ્રિયથી જીત્યો એને વાણી પણ મારી અને વાણીથી મને લાભ થાય એ પણ જીતાઈ ગયું છે, 'લાભ છે' એમ છે નહીં. આહાહા! કહો, ભીખાભાઈ! ભગવાનથી લાભ નથી એમ કહે છે. વાણી–દિવ્યધ્વનિ એ પણ વિષય છે. રાડ નાખે ઓલા બિચારા. અરર! એક સ્ત્રી અને ભગવાનની વાણી બેને સરખા કહે છે. કઈ અપેક્ષાએ? સાંભળ તો ખરો ભાઈ! એ શુભનું નિમિત્ત છે, આ સ્ત્રી આદિ અશુભનું નિમિત્ત છે, પણ વિષય તરીકે તો એક જ છે. આહાહા! એમાં સ્વવિષય આવતો નથી. સમજાય છે કાંઈ?

અજર પ્યાલા પીયો મતવાલા, કિન્હી અધ્યાત્મ વાસા,
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાશા.

એવો ભગવાન આત્મા, આહાહા! એ અતીન્દ્રિયના જ્ઞાને ચડ્યો અને ઇન્દ્રિયના વિષયને જેણે 'મારા અને હું' એવું જીતાઈ ગયું છે. એ નહીં, હું તો આ છું. સમજાણું કાંઈ? આહાહા! એને સમતા છે. ઓહોહો! શું કહે છે? ઠરેલું એનું સ્વરૂપ જ છે. જ્ઞાયક એનું સ્વરૂપ છે. સમજાણું

કાંઈ? એક કામ થવા માંડ્યું હોય, પુસ્તકનો એક દાખલો, તો પછી ઝટ થઈ જાય તો ઠીક ને ઝટ ન થાય તો ઠીક નહીં, એ જ્ઞાનના સ્વભાવમાં છે નહીં. સમજાણું કાંઈ? સમજાણું કે નહીં આમાં? અંતર પરિણમન તો ઠીક, પણ જ્ઞાનીને તેના પ્રત્યેનો હઠ નથી. કારણ કે એનાથી તો ભિન્ન પડ્યો છે. એટલે એ અવસ્થા કેમ થાય, ક્યારે થાય ને કેવી થાય—એ ઉપર એનું લક્ષ છે નહીં. આહાહા! ગજબ વાત છે. એ પોપટભાઈ! વિકલ્પ આવે, પણ એનો પણ જ્ઞાતા-દૃષ્ટા છે. એટલે વિકલ્પનો એ સ્વામી નથી. આહાહા! એને વિષયમાં નાખી દીધો. ગજબ વાત છે ને! આહાહા!

શ્રોતા : શ્રેણિકરાજાને ક્ષાયિકભાવ ને ઉદયભાવ બેય હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાવ હોય તો શું છે? આહીં જ્ઞાનનું જ્ઞેય છે. મિથ્યાદૃષ્ટિ છે એ જ્ઞાનનું જ્ઞેય છે. નિગોદમાં અનંતા અભવિ પડ્યા છે. જ્ઞાનમાં જાણે છે, પરજ્ઞેય તરીકે જાણે છે. સમજાણું? એનું લક્ષ કરીને જાણે છે એમ નથી. દ્રવ્યનું લક્ષ કરીને પોતાને જાણ્યો છે, એમાં અતીન્દ્રિય જ્ઞાનમાં એ જણાઈ જાય એ વ્યવહાર છે. આહાહા! સમજાણું કાંઈ?

બાપુ! સુખના પંથ કોઈ બહુ નિરાળા છે. સમજાય છે? દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એમ નથી. આકરું કામ. અને આમાં બહુ લોકો રાજી ન થાય. લાખો ભેગા થયા તો આ શું સમજે? શું કહે છે આ? ઓલું તો બધાને આમ કરવું, ઓલામાં આમ સમતા કરવી, બધા મારે તો આપણે આમ કરવું, મારવા ન દેવા, ઢીકણું થવું. ઓહો! હવે સમજાય મને. મારવા ન દેવા અને મારે—એ ક્રિયા ક્યાં આત્માની છે? આહાહા! એ બીજો પણ ક્યાં બીજાને મારી શકે છે? અને બીજાને જીવાડી શકે છે એમ બીજો ક્યાં કરી શકે છે? આહાહા! એ વિકલ્પ નથી. એ વિકલ્પ–રાગ છે એ તો. રાગ આવી જાય જુદી વાત છે ને રાગ કરવા જેવો છે ને મારી ચીજમાં છે—મોટો ફેર છે. એ રાગથી મને લાભ થશે એ માનનારે રાગને જ વિષય બનાવ્યો છે, આત્માનો વિષય છોડી દીધો છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત ઝીણી. ભગવાન પણ... એનું ફળ આ તે કેવું? આવું સમ્યગ્દર્શન ને સમતાનું ફળ, અતીન્દ્રિય આનંદનું સાધ્ય સિદ્ધ ભગવાન એ એનું ફળ. અને અજ્ઞાનના ફળ તો નરક ને નિગોદ છે. આહાહા!

અરે! તેમજ અજ્ઞાની ને ભેદવિજ્ઞાની પ્રત્યે એક ભાવ સમતા... આ લ્યો, ભાષા જુઓને! આ પ્રત્યાખ્યાન. એ પરવસ્તુનો મારે સહજ ત્યાગ જ છે. આહાહા! રાગ ને પરનો તો મારામાં અભાવ છે. મેં પર તરફની રુચિ છોડીને દૃષ્ટિ દ્રવ્યની કરી એટલે બધો મારે ત્યાગ જ છે. અહીં વિશેષ સ્થિરતા છે, તેથી અસ્થિરતાનો પણ એમાં ત્યાગ છે. એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે એ પોપટભાઈ! સંવત્સરીના કરો અપવાસ, આઠ અપવાસ, થઈ ગયા ધર્મ, તપસ્યા. આજથી શરૂ કરીએ... પણ મહિનાવાળાએ પહેલેથી શરૂ કર્યું. મહિના-મહિનાના અપવાસ. ઓહોહો! વાહ! વાહ! આપણે ન થાય, પણ થાય એની પ્રશંસા તો કરો. મિથ્યાત્વની પ્રશંસા છે. આહાહા!

**મિત્ર-અમિત્રરૂપ**... બીજી વ્યાખ્યા. **वेरं मज्झं ण केणवि**... બીજા પદની વ્યાખ્યા. ૩૫ મિનિટ થઈને? મારે શત્રુ, અશત્રુ–મિત્ર એનો વિકલ્પ–રાગ જ નથી, કહે છે મને. એની તો

પરિણતિનો તો અભાવ છે. આહાહા! એને લઈને મને... **सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि** એમ પાછું આવ્યુંને? ન્યાંય **मज्झं** આવ્યું. મારે નથી. ટીકાકાર કહે છે, કુંદકુંદાચાર્ય વર્ણવે છે એમ ટીકાકાર પણ કહે છે કે **મને કોઈ પ્રાણી સાથે વેર નથી**... સમજાણું કાંઈ? જ્યાં આત્મા અણીન્દ્રિય આનંદની વેદનદશા પ્રગટી, કોની સાથે વેર? આહાહા! આનંદ સાથે જ્યાં મૈત્રી બાંધી, વેરી કોણ જગતમાં છે? બધા ભગવાન આત્મા... આહાહા! મિત્ર-અમિત્રની અવસ્થાનો જ અભાવ મારામાં છે એમ કહે છે. એને લઈને કોઈ પ્રાણી સાથે વેર નથી મારે. આહાહા! ભારે માર્ગ આવો આકરો. એની વ્યાખ્યા પણ આ. આહાહા! વસ્તુની સ્થિતિ છે એમ એનું જ્ઞાન હોવું જોઈએને. એની જે સ્થિતિ છે, એની જે મર્યાદા છે એવું એને જ્ઞાન હોય તો તો એ જ્ઞાન સાચું અને એની મર્યાદાથી આઘો જઈને જ્ઞાન કરે ઉલટું, તો એ જ્ઞાન ઉલટું છે. સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. **आसाए वोसरित्ता णं**... કહે છે, હું આત્મા **સહજ વૈરાગ્યપરિણતિને લીધે**... ઓલી વેર... મિત્ર-અમિત્ર પરિણતિનો અભાવ અને આ સહજ... પરથી, પુણ્ય ને પાપના વિકલ્પથી પણ રહિત **સહજ વૈરાગ્યપરિણતિને લીધે**... આહાહા! સ્વભાવિક અણીન્દ્રિય આત્માના ભાનવાળો હું, પરથી સ્વભાવિક વૈરાગ્યની પરિણતિવાળો હું, એમ. આહાહા! 'મને' એ નાખ્યુંને એમાં પાછું. **आसाए वोसरित्ता णं**... એ બધામાં 'મને' 'મને' નાખવું, ભલે એમાં શબ્દ નથી. પણ એ તો **मज्झं**માં નાખી દીધું. **सम्मं मे सव्वभूदेसु वेरं मज्झं ण केणवि. आसाए**.. મને **वोसरित्ता णं**–હું વોસરાવી દઉં છું. **મને કોઈપણ આશા વર્તતી નથી...** આહાહા! કોની આશા? આનંદમૂર્તિ પ્રભુ આત્મા એની ભાવનામાં રોકાયેલો (એને) પરની આશા છે જ ક્યાં? આહાહા! સમજાણું કાંઈ?

'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા ઓરનકી ક્યા કીજે...' આશા દાસી છે જે જાયા, એ જગમાં દાસ.. દાસ છે એ તો, કહે છે. આહાહા! શેની આશા? ભગવાન ત્રિલોકનો નાથ પરમાત્માના જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ભેટા થયા, એને કઈ વસ્તુની આશા હોય? આશાનો પૂર્ણ કરનારો પ્રભુ આત્મા તો દૃષ્ટિમાં આવી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? (જેનાથી) કેવળજ્ઞાનની પૂર્તિ થશે એવો જે ભગવાન તો પ્રતીતિમાં ને ભરોસે ને અનુભવમાં આવી ગયો છે. આહાહા! **આશા વર્તતી નથી**... કેને લઈને? પર પ્રત્યેના **સહજ વૈરાગ્યપરિણતિને લીધે**... મને આશા આમ નથી. આમ વૈરાગ્ય પરિણતિ છે માટે આશા નથી. જુઓ! આ સમ્યગ્દર્શનથી માંડીને આ વાત છે. આ તો ઉત્કૃષ્ટ પ્રત્યાખ્યાનની વાત લીધી, પણ માંડીને અહીંથી વાત છે. સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન–ત્યાગ છેને. અનંતાનુબંધીનો ત્યાગ છે. આગળ જાય તો પ્રત્યાખ્યાનીય ને અપ્રત્યાખ્યાનીયનો ત્યાગ સહજપણે વૈરાગ્ય પરિણતિએ વર્તે છે એમ કહે છે. આહાહા!

**પરમ સમરસીભાવસંયુક્ત... समाहि पडिवज्जए** છે ને? આ 'નથી નથી' કરે, ત્યારે છે શું? પરમ સમરસીભાવસહિત... હું તો વીતરાગભાવના રસવાળો છું. રાગના રસથી છૂટી ગયેલો છું. આહા! **પરમ સમરસીભાવસંયુક્ત પરમ સમાધિનો હું આશ્રય** એટલે પ્રાપ્ત **કરું છું. (અર્થાત્ પરમ સમાધિને પ્રાપ્ત કરું છું).** છેને? પાઠ તો એમાં 'આશ્રય કરું છું' એ છે, પણ એનો અર્થ એ કે પરમ શાંત.. પરમ શાંત.. નિર્વિકલ્પ આનંદની સમાધિ, શાંતિ એને હું પ્રાપ્ત કરું છું. પાઠ તો 'આશ્રય' છે ટીકાનો. આશ્રય તો દ્રવ્યનો છે. એ પર્યાયને પ્રાપ્ત કરું છું, માટે એનો આશ્રય છે એમ કહેવામાં આવ્યું છે. શેઠી! આ તો અગમ્યની વાતું છે. આહાહા!

'આશ્રય'નો અર્થ કર્યો પ્રાપ્તિ. લખ્યુંને ભાઈએ. પંડિતજીએ લખ્યું છે, **પરમ સમાધિને પ્રાપ્ત કરું છું**. આશ્રય એટલે પર્યાયનો–સમાધિનો આશ્રય કરું છું, અવલંબું છું એમ નથી. અવલંબન તો દ્રવ્યનું છે, પણ એના અવલંબનમાં શાંત અવિકારી પરિણતિને પ્રાપ્ત થાઉં છું. આહાહા! આવો માર્ગ એનાથી બીજું વિપરીત સાંભળવાનું મળે તો આવું સાંભળવાનું મળે નહીં, હવે એને સમજણ થાય નહીં (અને) કે દિ' રુચિ ક્યાં જામે? આહાહા! ત્યારે આ કહે કે પુણ્યપરિણામ કરવાનું ના પાડે છે. અરે ભગવાન! સાંભળ ભાષા. પાપ કરવું એમ કહે છે આમાં? આહાહા! અહીંયા તો પાપ ને પુણ્યના બેય વિકલ્પો પ્રભુ! ઝેર છે, દુઃખ છે. એમાંથી દ્રષ્ટિ ફેરવ. એકલો ભગવાન પુણ્ય-પાપ વિનાનો પિંડ આનંદકંદ પ્રભુ છે એમાં દૃષ્ટિ લગાવ. એ માટે દૃષ્ટિમાં પુણ્યને હેય ને ત્યાગ કહેવામાં આવે છે. આહાહા!

શું થાય? એવો અર્થ કર્યો લ્યો! પુણ્યને હેય બનાવે એટલે એનો અર્થ જ એ થઈ ગયો કે તમને પાપ કરવાની છૂટ છે. લ્યો! અરર! ભગવાન તેં શું કર્યું આ! અતિ હેય હોય. જ્યાં પુણ્યને હેય (કહ્યું), ત્યાં પાપ તો મહા દુઃખદાયક હેય, હેય ને હેય. મિથ્યાત્વ ને બધું આવી ગયું એમાં. એક અશુભરાગ ઝીણામાં ઝીણો–નાનો હેય છે. જ્યાં શુભરાગ હેય, ત્યાં અશુભરાગનું શું કહેવું? કહ્યું નહીં પડિકમણાના અધિકારમાં? અમે ઊંચે ઊંચે ચડાવવા માંગીએ છીએ દ્રષ્ટિ અને સ્થિરતા, એને ઠેકાણે તું આવી વાત સાંભળીને હેઠે હેઠે ક્યાં ઉતરવાની વાત કરે છે? આહાહા! ભાઈ! તારા રસ્તા ઊંચા સાફ કરવાની વાત તને કહીએ છીએ. વચમાં જે શુભાશુભ આવે એ મેલ છે, એમાંથી છૂટીને જા, એમ અમે કહીએ છીએ. એને ઠેકાણે તું (એમ માને કે) પુણ્ય હેય છે માટે હવે પાપ કરું. પ્રભુ! આ તું શું કરે છે? સમજાણું કાંઈ? આહાહા!

પરમ સમરસીભાવસહિત... પરમ સમાધિનો હું... એ સમાધિ એટલે આ વીતરાગ પરિણતિ હોં. ઓલા બાવા કરે સમાધિ, એ સમાધિ નહીં. આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત તે સમાધિ. આધિ નામ મન-વચન-કાયાથી ઉત્પન્ન થતા સંકલ્પ-વિકલ્પ, શરીરમાં રોગાદિ એ વ્યાધિ, આ બહારનો સંયોગ તે ઉપાધિ.—ત્રણથી રહિત તે સમાધિ. સમજાણું કાંઈ? આહાહા! અરે! એણે અનંત કાળનો પલટો મારવો છેને, એને માટે તો અનંત પુરુષાર્થ જોઈએ. આહાહા!

દૃષ્ટિને પલટાવી નાખવી છે એ કાંઈ સાધારણ વાત છે? આહાહા! દિશા પલટાતા દશા પલટી જાય છે. પર ઉપરની દિશા ઉપર લક્ષ હતું એ બધા રાગ અને દ્વેષ હતા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... આહાહા! પોતાનું પરમ અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ–રૂપ એને વેદતા, એની સન્મુખ જઈને એને વેદતા આશા બધી ઉડી જાય છે. આશા હોતી નથી એમ કહે છે. આહાહા! પરમ સમાધિને પ્રાપ્ત કરું છું, એમ છેને એ? આહાહા! અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરતાં કોઈપણ આશા પરને માટે રહેતી નથી કે સ્વર્ગ મળે તો ઠીક, સ્વર્ગમાં આ થાય તો ઠીક, ફલાણું... એ એને ઘરે. હું જ્યાં છું ત્યાં સ્વર્ગેય નથી, હું જ્યાં છું ત્યાં નરકેય નથી, હું જ્યાં છું ત્યાં નરક ને સ્વર્ગના ભાવ પણ મારામાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

**એવી રીતે શ્રી યોગીન્દ્રદેવ (અમૃતાશીતિમાં ૧૧મા શ્લોક દ્વારા) કહ્યું છે કે—** આધાર આપે છે.

**मुक्त्वालसत्वमधिसत्त्वबलोपपन्नः**
**स्मृत्वा परां च समतां कुलदेवतां त्वम् ।**
**संज्ञानचक्रमिदमङ्ग गृहाण तूर्ण-**
**मज्ञानमन्त्रियुतमोहरिपूपमर्दि ।।**

**શ્લોકાર્થ : હે ભાઈ! સ્વાભાવિક બળસંપન્ન એવો તું...** આહાહા! ઓલામાં આવ્યું હતું કે બળવાળો પણ મરે ત્યારે હાય! હાય! સ્વાભાવિક બળસંપન્ન છો. શરીરનું બળ નહીં, વાણીનું નહીં, એ તો પરવસ્તુ છે. અહીં તો અંદરમાં સ્વભાવિક અનંત બળ–અનંત વીર્ય સંપન્ન પ્રભુ છે. મોટો વીર, શૂરવીર ને ધીર છે. આહાહા! સમજાણું કાંઈ? **સ્વાભાવિક બળસંપન્ન...** જેનું બળ અનંત-અનંત જ્યાં અંતરમાં છે, એને કહે છે કે તું **આળસ તજીને, ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને સ્મરીને...** તારામાં મહા અનંત મહાબળ છે. એમાંથી અનંતમે ભાગે બળ કરવાનું છે. સમજાણું કાંઈ? આહાહા! **સ્વભાવિક બળસંપન્ન એવો તું આળસ તજીને...** આ 'તજીને' કહ્યુંને? આ પ્રત્યાખ્યાન છે ખરૂંને.

**ઉત્કૃષ્ટ સમતારૂપી કુળદેવીને** સ્મર. તારી કુળદેવી, સમતારૂપી પરિણતિ એ તારી કુળદેવી. આ લોકો નથી કહેતા? કે અમારી કુળદેવી આ છે, આ અમારા કુળદેવ સુરધન છે. ધૂળેય નથી, સાંભળને! તારી કુળદેવી તો તારી વીતરાગપરિણતિ એ તારી કુળદેવી છે. આ કુળદેવી છે. અમારે અંબાજીને માનવું, સિકોતેરને ને ભવાની ને... કેવી કહેવાય આ ચક્રી? ચક્રેશ્વરી. આ છેને પાલિતાણામાં, નહીં? ચક્રેશ્વરી દેવી એક છે. ભોયરામાં છે ને? ચક્રેશ્વરી. આવા માળા ધર્મના..... આ તો કુળદેવી, તારી સમતારૂપી કુળદેવી. આહાહા! પરિણતિ છેને એટલે એ લીધી છે.

સ્વરૂપ તો વીતરાગમય અને અનંત બળસંપન્ન છે. એમાંથી એનો આશ્રય કરીને, ઉત્કૃષ્ટ બળને પ્રગટ કરીને, શાંતિદેવીને પ્રગટ કરીને-સ્મરીને **અજ્ઞાનમંત્રી સહિત મોહશત્રુનો નાશ કરનારા...** આહાહા! **અજ્ઞાનમંત્રી સહિત...** ભાનમૂઢતાનો મંત્રી અને મોહશત્રુ એનો રાજા. આહાહા! એનો નાશ કરનારા **આ સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર.** લ્યો, છ ખંડનો ધણી ચક્ર રાખે છે કે નહીં આમ? જુઓને! ભરતે માર્યું હતુંને બાહુબલીને. સંસાર એવા છે. આહાહા! એક ગોત્રના અને એ ભવે મોક્ષ જનારા. ખબર હતી હોં એને. પણ રાગના ભૂલ્યા... આહાહા! ચક્ર ફેંક્યું. બાહુબલીના હાથમાં આવી ગયું. આહાહા! ધિક્કાર સંસારને કે ગોત્રગર્દન કરવા ચક્ર મૂક્યું અને ચરમશરીરીને મારવા. આહાહા! આ સંસાર! છોડી દીધું. વીતરાગમૂર્તિ થઈને ઊભા થયા ફડાક. શું કહેવાય એ? શ્રવણબેલગોલ.

કહે છે, **ઉત્કૃષ્ટ સમતારૂપી...** ઓલાને ત્યજીને કે નાશ કરીને અને આને પ્રગટ કરીને... અજ્ઞાન અને મોહને નાશ કર એવું સમ્યગ્જ્ઞાનરૂપી ચક્ર ચલાવ. આહાહા! ભગવાનમાં જ્ઞાનની ધારા, પૂર્ણાનંદની ધારા વહે છે એવા **સમ્યગ્જ્ઞાનરૂપી ચક્રને શીઘ્ર ગ્રહણ કર**. આહાહા! આ ઉપાદેય છે, એમ. આ ઉત્પન્ન કર, ઓલાને છોડ. આળસને છોડ અને આને ગ્રહણ કર, એમ. આહાહા! લ્યો, અહીં સમતારૂપી કુળદેવી કીધી આત્માની. આ અમારી દેવી છે અને આ અમારા દેવ છે. માળા જૈનમાં પણ ભ્રમણા. જૈનકુળમાં નામ(ધારી) જૈન તરીકે આવ્યા તો પણ એની ભ્રમણાનો પાર ન મળે.

શ્રોતા : કુળદેવી છે ખરી.

પૂજ્ય ગુરુદેવશ્રી : કુળદેવી છે. વીતરાગ પરિણતિ વીતરાગરૂપ થઈ ગયા એના કુળની દેવી આ છે. આહા! સમતા.. સમતા.. સમજાણું? એ શ્લોક કહ્યો.

શીઘ્ર ગ્રહણ કર, એમ. વાયદો ન રાખ. હળવે-હળવે કરીશું, પછી કરીશું—એમ નહીં એમ કહે છે. આ તારીખ નાખે છેને. શું કહેવાય? તમારા કેસમાં હમણા કામ નહીં ચાલે, પંદર દિ' પછી આવશે. પછી વળી જાય તો હમણાં નહીં ચાલે, સવા મહિને ચાલશે. તારીખ પડેને મુદત. એમ અહીં તારીખ ન નાખ. કોર્ટમાં પછી બાર મહિના પછી પડશે. એમ કરતાં કરતાં બબે વરસે કેસ પૂરો ન થાય, નીકળે જ નહીં. આ તો કહે છે, શીઘ્ર ગ્રહણ કર. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ એને સન્મુખ થઈને જ્ઞાનની પરિણતિને ઉગ્ર કર કે જેથી અજ્ઞાનમંત્રી ને મોહશત્રુનો નાશ થઈ જાય. એ સિવાય બીજો ઉપાય નથી. આ નાશનો ઉપાય કહ્યો. દયા, દાન, વ્રત ને ભક્તિ કરીએ ને મોહનો નાશ થાય? (નહીં). એ પોતે મોહ છે રાગ. સમજાણું કાંઈ?

એ વળી એમ પણ લખ્યું છે.... માટે. એ તો રાગથી રાગનો નાશ થાય છે. કહો! ... લાગ્યો હોય તો હરડે ખાય, તો હરડેય નીકળી જાય ને ઓલુંય નીકળી જાય ભેગું. એ તો ઘણા વર્ષથી સાંભળીએ છીએ ૫૦-૬૦ વર્ષથી. આહાહા! એ હમણા જ આવ્યું હતું. કોઈકે નાખ્યું હતું.

વળી કહે કે વ્યવહાર હેય છે. નહીં, એના પુણ્યથી જ પાપનો નાશ થાય. આરે! ગજબ કરે છેને. પુણ્ય એ વિકાર, દુઃખ. એ દુઃખથી દુઃખને જીતાય. આહાહા! શું થાય? જેને બેઠું હોય... એ પર્યાયમાં એ જાતની વાત બેઠી હોય. એવી લાગે કે આ તો એકલી નિશ્ચયની સાચી જ વાત કરે છે.—એમ લાગે એને. નિશ્ચય એટલે સાચી, વ્યવહાર એટલે ખોટી. એ કરતા નથી. બહોત ઊંચી પાછી. છે એ છે, ઊંચી કહો કે નીચી કહો, આ છે.

**વળી (આ ૧૦૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :–**

**मुक्त्यङ्गनालिमपुनर्भवसौख्यमूलं**
**दुर्भावनातिमिरसंहतिचन्द्रकीर्तम् ।**
**संभावयामि समतामहमुच्चकैस्तां**
**या संमता भवति संयमिनामजस्त्रम् ।।१४०।।**

**શ્લોકાર્થ : જે (સમતા)**રૂપી... અહીં વીતરાગતા લેવી છે ને? આત્માનું સ્વરૂપ જાણતા જે વીતરાગતા પ્રગટે... સમ્યગ્દર્શન એ વીતરાગતા છે. મુક્તિરૂપી સ્ત્રી પ્રત્યે ભ્રમર સમાન એ છે સમતા. એ પુણ્ય ને પાપના રાગ રહિત આત્માની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ એ સમતા. સમકિત પોતે સમતા, આત્માનું જ્ઞાન એ સમતા અને એમાં શાંતિ એ પણ એક સમતા. એ સમતા મુક્તિરૂપી સ્ત્રી પ્રત્યે ભ્રમર સમાન છે. મુક્તિસ્ત્રીમાં રત છે. સમતા મુક્તિરૂપી સ્ત્રીમાં રત છે. એનાથી મુક્તિ મળશે. પુણ્ય ને પાપના વિકલ્પથી મુક્તિ મળશે નહીં, એમ કહે છે. **જે મોક્ષસૌખ્યનું મૂળ છે**... વીતરાગપરિણતિ જે રાગ ને પુણ્ય વિનાની, એવું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશા એ મોક્ષસુખનું મૂળ છે. સમતામાં ત્રણેય નાખી, ત્રણેય.

**જે દુર્ભાવનારૂપી તિમિરસમૂહને (હણવા) માટે ચંદ્રના પ્રકાશ સમાન છે...** દુર્ભાવના વિકારની એવો જે અંધકાર અજ્ઞાનભાવ... અજ્ઞાન એટલે જ્ઞાન વિનાનો. એને **હણવા માટે ચંદ્રના પ્રકાશ સમાન છે**. આહાહા! **અને જે સંયમીઓને નિરંતર સંમત છે...** સંયમીઓને તત્કાળ સંમત છે. સમકિતીને સંમત છે, પણ હજી એને અસ્થિરતા રહે છે. શાંતિ.. શાંતિ.. વીતરાગતા અંદર, આનંદના જ્યાં ઓઘ... વિકારની ઓટ અને આનંદની જ્યાં ભરતી આવે છે. આહાહા! એવા સંયમીને સમતા તો તત્કાળ સંમત છે. **તે સમતાને હું અત્યંત ભાવું છું.** લ્યો, પોતે કહે છે. **मज्झं मज्झं** હતું ખરુંને. એ વીતરાગભાવને હું ભાવું છું એટલે કે તેને પ્રાપ્ત કરવાનો મારો ભાવ છે. ભાવના તો દ્રવ્યની હોય, પણ દ્રવ્યની ભાવનામાં વીતરાગપરિણતિને પ્રાપ્ત કરવી છે એટલે એને 'ભાવું છું' એમ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**શ્રાવણ વદ ૧૫, શુક્રવાર, તા.૨૦-૮-૧૯૭૧**
**શ્લોક-૧૪૧, ગાથા-૧૦૫, પ્રવચન નં. ૧૦૦**

નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. વીતરાગ પરિણતિરૂપ ચારિત્ર, એનો આ પ્રત્યાખ્યાન પેટા ભેદ છે. ૧૪૧ કળશ છે.

**जयति समता नित्यं या योगिनामपि दुर्लभा**
**निजमुखसुखवार्धिप्रस्फारपूर्णशशिप्रभा ।**
**परमयमिनां प्रव्रज्यास्त्रीमन:प्रियमैत्रिका**
**मुनिवरगणस्योच्चै: सालंक्रिया जगतामपि ।।१४१।।**

શું કહે છે ? કે આત્મામાં વીતરાગતારૂપી સમતા પ્રગટ થવી... રાગ તો અનાદિનો પ્રગટ થાય છે. પુણ્ય અને પાપના વિકલ્પો તો વિકાર (છે). પણ વીતરાગતા ધર્મનું સ્વરૂપ છે એ બધા શાસ્ત્રનો તાત્પર્ય ભાવ છે. આત્મામાં વીતરાગતારૂપી સમતા...

શ્લોકાર્થ :- **જે યોગીઓને પણ દુર્લભ છે... योगिनामपि दुर्लभा...** શું આવે છે ? બીજામાં આવે છે ને? સેવનો. સેવા તો યોગીઓને પણ ગહન છે એમ લોકો કહે છે. સેવા.. સેવા.. દુનિયાની સેવા કરવી એ તો યોગીને દુર્લભ છે એમ એક પત્રમાં આવ્યું હતું. જૈનના પત્રમાં હોં. અહીં તો કહે છે, સેવા કોની? પરની સેવા કરી શકે છે કયાં? અને પરની સેવાનો ભાવ છે એ શુભભાવ-પુણ્ય છે, રાગ છે, એ કંઈ ગહન નથી. એક પંડિતે લખ્યું હતું. પત્રમાં આવ્યું છે. 'સેવા યોગીનામપિ ગહનમ્.' પંડિત હતા એણે લખ્યું હતું. ધૂળેય ગહન નથી. આ ગહન તો યોગીઓને દુર્લભ વીતરાગભાવ કે જે વસ્તુ અખંડ-આનંદ પ્રભુ, એના ઉગ્ર આશ્રવથી પ્રગટ થાય એ આત્માની સેવાથી જે પ્રગટ થાય, એવી વીતરાગતા યોગીઓને પણ દુર્લભ છે. આહાહા..! સમજાણું કાંઈ ? ભીખાભાઈ! લોકો એમ કહે છે. પૈસા-બૈસા કાંઈક આપ્યા હોય પાંચ-પચાસ હજાર અને નિવૃત્તિ લીધી હોય, એટલે એમ કે આ સેવા કરીએ છીએ એ યોગીઓને પણ દુર્લભ છે, એમ.

અહીં તો મુનિ પદ્મપ્રભમલધારીદેવ પંચમહાવ્રતધારી વ્યવહારે હતા. નિશ્ચયે સ્વરૂપના ધરનારા હતા. વીતરાગભાવ જેણે, અંતર ભગવાન નિધાન ચિદાનંદ પ્રભુ, એના અવલંબનથી, ઉગ્ર આશ્રયથી જેણે વીતરાગતા પ્રગટ કરી છે એ પ્રત્યાખ્યાન અને એ ચારિત્ર છે. **જે યોગીઓને પણ દુર્લભ...** સંતોને પણ અંદર ઉગ્રપણે વસ્તુનો આશ્રય લઈને પ્રત્યાખ્યાન એટલે ચારિત્રની વીતરાગ પરિણતિ પ્રગટ કરવી દુર્લભ છે. પરનો આશ્રય છોડી... અનાદિથી પરના સંસ્કાર, પરનો આશ્રય, પરનું અવલંબન (લેવા) એ અનાદિથી ટેવાઈ ગયેલો છે. એમાંથી કહે છે કે

આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો ઉગ્રપણે આશ્રય લઈને જે સમતા–વીતરાગતા થવી દુર્લભ છે. આહાહા! આ પૈસા મળવા દુર્લભ છે, આ વ્રત પાળવા દુર્લભ છે એમ અહીંયા નથી કહ્યું.

શ્રોતા :- એક ઠેકાણે કહ્યું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કહ્યું હોય એ તો સ્વરૂપની સ્થિરતાની અપેક્ષાએ. અંદર સ્વરૂપની સ્થિરતા હોય એને મહાવ્રત મોટા એમ કહ્યું છે. મહાવ્રત મહાપુરુષો પાળે. છે ને? પંડિતજી! મહાવ્રત છે ને, તો એનો અર્થ આવો કરે છે. એને મહાપુરુષોએ પાળ્યા. એનો અર્થ કે જ્યાં સ્વરૂપની ધ્રુવ ઉપર ઘણી જ ઉગ્રતાને આશ્રયે જે વીતરાગતા પ્રગટી છે, ત્યાં આગળ આવા પંચમહાવ્રતના વિકલ્પો હોય છે. પાળી છે સ્વરૂપની સ્થિરતા, પણ વ્રત પાળે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ ?

જે સમતા... સમતા એટલે વીતરાગતા, વીતરાગતા એટલે ચારિત્રની રમતા, પ્રત્યાખ્યાન—એ બધા એકાર્થવાચક છે. એ બધા વસ્તુ ભગવાન.. આહાહા! જેણે પોતાની શક્તિ ઉપર અનંત કાળથી નજર કરી નથી. આહાહા! મહા અતીન્દ્રિય આનંદનો ભંડાર, અનંત અતીન્દ્રિય આનંદનો ભંડાર એવું પરમ સ્વતત્ત્વ એનો ઉગ્રપણે આશ્રય લેવો... જઘન્યપણે આશ્રય લેવો એ સમકિત છે. ઉગ્રપણે આશ્રય લેવો એનું નામ ચારિત્ર છે. આહાહા! સમજાય છે કાંઈ?

**જે નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન) છે....** આહાહા! સ્વરૂપ એને અવલંબે પ્રગટેલી સમતા–વીતરાગ નિર્વિકલ્પ દશા, એ નિજ અભિમુખ સુખના સાગરમાં... જુઓ! એ વીતરાગતા સ્વરૂપને અવલંબે પ્રગટે. સમ્યગ્દર્શન એ વીતરાગતા છે. સમ્યગ્જ્ઞાન એ વીતરાગતા છે અને સમ્યક્ચારિત્ર એ ત્રણેય વીતરાગતા છે. કહે છે કે જે સમતા–વીતરાગતા ચારેય અનુયોગનું તાત્પર્ય છે. ચાર શાસ્ત્ર છેને? અનુયોગ. એનું તાત્પર્ય વીતરાગતા છે. સમભાવ છે, સમતા છે. એ સમતા.. આમ સમતા રાખવી રાગની મંદતાની, એ સમતાની આ વાત નથી. આહાહા! જેમાં વીતરાગતા વસ્તુના સ્વભાવમાં.. અરે! વિશ્વાસ (આવવો કઠણ).

ભગવાન આત્મામાં પૂર્ણ અચળ વીતરાગતાના સ્વભાવનો ભંડાર છે. એનામાં એનો આશ્રય કરીને, એને ધ્યેય બનાવીને જે વીતરાગતા પ્રગટ થાય, એ નિજ અભિમુખ સુખના સાગરમાં... આહાહા! કહે છે કે પોતાનો આત્મા એની સન્મુખ થયેલું–અભિમુખ થયેલું સુખ... એમાંથી પ્રગટેલું સુખ, એવા સુખના સાગરમાં... આહાહા! સમ્યગ્દર્શનમાં પણ સુખની દશા છે. સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ દશા, એમાં એ અતીન્દ્રિય આનંદના આશ્રયે સુખની પ્રશમતા–શાંતિ પ્રગટેલી હોય છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો નિજાભિમુખ ઉગ્રપણે સુખનો સાગર પ્રગટ્યો છે, કહે છે. પર્યાય... મુનિની દશાની વાત છે ને! આહાહા! અતીન્દ્રિય સાગર આનંદ એ નહિ,

પણ એને આશ્રયે, એમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળ્યો છે, કહે છે. આહાહા! કહો, શેઠ! ઓલો તમારો સાગર નહિ. આહાહા..!

**સુખના સાગરમાં ભરતી લાવવા**.. ભરતી સમજતે હો? બાઢ. બાઢ આતી હૈ. આહાહા! ભગવાન પૂર્ણ સુખનો સાગર, અપરિમિત–મર્યાદા વિનાની જ્યાં સુખની દશા, જ્યાં સુખનું સ્વરૂપ પડયું છે. ભગવાન અંતરમાં એની સન્મુખ થઈને... આહાહા! રાગ અને નિમિત્તથી વિમુખ થઈને. આ નિયમસાર છે ને. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. વસ્તુના નિજાભિમુખ–નિજ અભિમુખથી પ્રગટ થયેલી આનંદ અને વીતરાગદશા છે. એનું નામ મોક્ષનો માર્ગ પરમાત્મા ફરમાવે છે. આહાહા! સમજાય છે કાંઈ? એમ પણ કહેવા માગે છે કે જે ચારિત્ર નામ સમતાભાવ છે, એ આનંદરૂપ છે, દુઃખરૂપ નથી.

લોકો એમ કહે છેને? ચારિત્ર તો બાપા! વેળુના કોળિયા છે. મીણના દાંતે વેળુ... વેળુ સમજતે હો? વાલુ. વાલુ હોતી હૈ ન? રેતી.. રેતી. મીણને દાંતે રેતી ચાવવી એવું ચારિત્ર દુઃખ છે, કઠણ છે. એ વાત જૂઠી છે એમ કહે છે. આહાહા! ભાઈ! તને ખબર નથી. ચારિત્ર તો આનંદદાયક છે, એને દુઃખદાયક માન (તો) તને વસ્તુની ખબર નથી. એ ચારિત્ર એટલે કે પંચમહાવ્રતના પરિણામ કે નગ્નની ક્રિયા એ નહિ. ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર છલોછલ ભરેલું તત્ત્વ છે. એમાં ડૂબકી મારીને–એકાગ્ર થઈને જે આનંદની છોળ–ભરતી આવે, વર્તમાન કાંઠે-પર્યાયમાં... આહાહા..! અરે! વ્રત ને કષ્ટ સહન તો કરી જુઓ! કેવા વ્રત કઠણ છે. અરે! એમ નથી પ્રભુ! તને ખબર નથી. આહા..!

એ ચારિત્ર તો **નિજાભિમુખ સુખના સાગરમાં ભરતી લાવવા માટે પૂર્ણ ચંદ્રની પ્રભા (સમાન)** વીતરાગતા છે. એ ચારિત્રતા કહો, સમતા કહો, વીતરાગતા કહો, પ્રત્યાખ્યાન કહો. આહા! જેમ સાગરમાં પૂનમ હોય ત્યારે એની ભરતી બહુ આવે. પૂનમ હોયને પૂનમ? પૂનમનો ચંદ્ર. બહુ ભરતી આવે–બાઢ બહુ આવે. ચંદ્રને અને સાગરને એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્યારે ચંદ્ર પૂનમપણે ખીલ્યો હોય ત્યારે દરિયો પણ આમ ભરતીમાં–બાઢમાં ઉછળી જતો હોય છે. બે-બે, ત્રણ-ત્રણ માથોડા ઉછળે. અહીં તો અમે જોયું છે પોરબંદર. પોરબંદર નજીકથી જોયું. ન્યાં જ મોઢા આગળ અમે ઉતરેલા. દરિયાને કાંઠે ઉતરવાનું સ્થાન હતું. શું કહેવાય એ? ટાઉન હોલ. માથે ત્યાં ઉતરેલા. ત્યાં જ દરિયો છે આ બાજુ. વંડી છે માથે. એ દરિયો દેખાય. છોળ મારે જ્યારે પૂનમ હોય. ચંદ્ર... આજે તો અમાસ છે. પૂનમે પૂર્ણ મહિનો થાય છે ને. અમાસ તો અર્ધમાસ છે. મહિનો પૂર્ણ થાય ત્યારે ચંદ્ર પૂર્ણ હોય અને દરિયો ઉછળે છે કહે છે. આહાહા!

એમ સમતા એટલે ભગવાન આનંદના ધામનો આશ્રય લઈને–ઉગ્ર આશ્રય લઈને જે સમતા અને વીતરાગતા આવી, એ વીતરાગતા સુખના સાગરમાં જે ભરતી આવે છે, એ ભરતી લાવવામાં ચંદ્રમા સમાન છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! પ્રભુ! સુખ તારું કયાંય બીજે નથી

એમ કહે છે. શરીરમાં નથી, પૈસામાં નથી, આબરૂમાં નથી, નથી પાપના ભાવમાં સુખ, નથી પુણ્યના ભાવમાં સુખ. એ તો દુઃખ છે. ભગવાન આત્માના આનંદનો જ્યાં આશ્રય લીધો છે અને સમુદ્રમાં જેમ ગોથા ખાઈને અંદર પડીને જેમ મોતી લાવે, એમ ભગવાન આત્મા પોતાનો સ્વભાવ સાગર, એમાં એકાગ્ર થઈને.. આ વાત તે કંઈ વાત છે! દશા પલટીને દિશા પલટી જવી.. આહાહા!

નિજ અભિમુખ... ભગવાન આત્માની સન્મુખ થઈને જે આનંદ પ્રગટે છે એ આનંદ પ્રગટવામાં (એટલે) ભરતીને લાવવામાં એ પૂર્ણ ચંદ્રની પ્રભા સમાન સમતા છે. આહાહા! એમ કહે છે કે ચારિત્રમાં કહો, વીતરાગતામાં કહો કે સમતા કહો, એમાં આનંદ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આહા! અરે! અમારે સહન કરવા પડે, ઉઘાડે પગે ચાલવા પડે, ઊના પાણી પીવા, લોચ કરાવવા અને આ તીખા ધારના જેવા વ્રત પાળવા.. અરે! ભગવાન! શું કહે છો? ભાઈ! એ તો બાહ્ય દૃષ્ટિ છે. આહાહા! શબ્દ પણ કેવા વાપર્યા છે, ઓછા પડે છે જાણે! ભાઈએ લખ્યું છેને પંડિતજીએ? કયાંક આમાં લખ્યું છે? ક્યાંક લખ્યું છે. પ્રસ્તાવનામાં લખ્યું છે કે શબ્દો ઓછા પડે છે. પાઠ છે ને? જુઓને! **निजमुख** એમ છે ને? **निजमुख**... ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ધામ એની સન્મુખ-નિજ એની સન્મુખ. અને વિકાર અને સંયોગથી વિમુખ. આહાહા! એ કંઈ વાત છે! એ કંઈ વાતે બેસે એવું છે? આહાહા! અનંત-અનંત જેમાં પુરુષાર્થ છે. આમ દશા છે એને આમ કરી નાખવી. **निजमुख** શબ્દ વાપર્યો છે. એવી જે સમતા એ સુખના સાગરની ભરતી લાવવા માટે, સાગરને જેમ ચંદ્ર (નિમિત્ત) છે એમ આ ચંદ્ર છે. ચંદ્ર સમાન છે એ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એમ કીધું.

**જે પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે**... વસ્તુ ભગવાન પરમતત્ત્વના અવલંબનથી-આશ્રયથી જે વીતરાગતા પ્રગટી, એ વીતરાગતા પરમ સંયમીઓની દીક્ષા-ચારિત્ર એની જે સ્ત્રી, ચારિત્ર દીક્ષારૂપી-પ્રવજ્યારૂપી સ્ત્રી, એના મનને વહાલી સખી છે. સમતા એટલે વીતરાગતા મુનિઓને વહાલી છે એમ કહે છે. રાગ વ્હાલો નથી. આહાહા! સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ એ વ્હાલા નથી એમ કહે છે ભાઈ! આમાં. આહાહા! વ્હાલા નથી. આહાહા! સમજાય છે કાંઈ? આ તો વીતરાગના ઘરના માંડવા છે. સમજાણું કાંઈ? એ વીતરાગના ઘરને માંડવે શેના ગાણા હોય? રાગના હોય? કહો, લગ્ન વખતે તો 'ઉપાડો' કહેવાય એ ઠીક ન કહેવાય, લ્યો. 'તેડો' કહેવાય, ભાષા પણ જુઓને!

કહ્યું હતુંને? અમારે એમ થયું હતુંને. સંવત ૧૯૬૪ની સાલ. ૧૯૬૪-૬૪. અમારે ફાવાભાઈના લગ્ન હતા. ચૌદ વર્ષની ઉંમર, મારી અઢારની. એનો હું અણવર થયો હતો ઓલું સાચવવા. દાગીના-બાગીના હોયને મૂળ તો એ. એમાં એને લઈને બેસાડવા ગયા ગાડામાં. મેં કીધું, ઉપાડો. ઓલાને એમ થાય કે લગ્નમાં ઉપાડો ન કહેવાય. આપણે તો ભગત માણસ.

આપણને કંઈ લોકની (ખબર નહિ). કીધું, ઉપાડો. શેઠ! 'ઉપાડો' સમજ્યાને? ઉઠાવો. ઉઠાવો ન કહેવાય. લગ્ન પ્રસંગમાં ઉઠાવો ન કહેવાય. તેડો, એમ કહેવાય. એ ભાષા છે. 'તેડો'ને તમારી ભાષામાં શું કહે છે? 'ઉપાડો' મડદાને ઉપાડો એમ કહેવાય. આપણને કાંઈ ખબર ન મળે.

ગામમાં લગ્ન અને બહાર ગાડું હતું, ગાડે બેસાડવાનું. અહીં ઉમરાળા. ફાવાભાઈ હતાને આપણા? ફાવાભાઈ, નહિ સુરતવાળા? મનહર છે કે નહિ? ગયો? ગયો હશે. ગાંડાભાઈ કહે, જુઓ ભાઈ! એ ભગત છે. એના શબ્દો મંગળિક છે. કોઈ અમંગળિક માનશો નહિ. ગાંડાભાઈને અમારી છાપ હતીને. નાની ઉંમરથી છાપ હતીને બધી. કીધું, મગજમાં કુશંકા (રાખવી નહીં). એકનો એક દીકરો ભાઈ! એકનો એક દીકરો. નાની ઉંમર. ચૌદ વર્ષે લગ્ન. ચૌદ વર્ષે. પહેલા તો ... નહોતોને એટલે એમ કે કોણ જાણે કેમ થાય, પરણાવી દ્યો. આ શબ્દ નીકળ્યો ને લોકોને એમ થઈ ગયું, આ શું આવ્યું આ? શંકા કરશો નહિ, કોઈ સંદેહ કરશો નહિ. એ ભગતનું વાકય છે. એય શેઠી!

સંવત ૧૯૯૬માં અહીં મારી પાસે બ્રહ્મચર્ય લીધું, લ્યો! ૧૯૬૪ થી ૧૯૯૬, કેટલા થયા? ૩૨ વર્ષ. કાંઈ થયું નહિ. ઉપાડો કીધું તો કાંઈ (થયું નહિ). મફતના લોકોના (વહેમ). અહીં ૧૯૯૬ પછી તો કેટલા વર્ષ રહ્યા? ઘણા. બ્રહ્મચર્ય સજોડે અહીં લીધું. પછી ઘણા વર્ષ રહ્યા. પછી ગુજરી ગયા. પછી આ દૂધીબેન–એમના ઘરે બૈરાં ગયા. દુનિયામાં વચન છે એનો ભાવનો આશય શું છે એને સમજે નહિ. અહીં કહે છે, આહાહા! મુનિઓને તો વીતરાગતા વ્હાલી છે. એય! સમ્યગ્દૃષ્ટિને પણ વીતરાગતા વ્હાલી છે. રાગ વ્હાલો નથી, હોય ખરો. આહાહા! સમજાય છે કાંઈ?

શ્રોતા : બધુંય સમજવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આહાહા! એક એક શબ્દે...

**પરમ સંયમીઓની દીક્ષારૂપી સ્ત્રીના મનને વહાલી સખી છે**... આહાહા! ભગવાન આત્મા શાંતિથી છલોછલ ભરેલો, એમાં અંદર સ્વસન્મુખતા થઈને ઉછળીને આવી–પર્યાય પ્રગટ થઈ, એવી વીતરાગતા, એવું ચારિત્ર એ નિશ્ચય પ્રત્યાખ્યાન એ સંતોને વહાલું છે. એ દુઃખદાયક નથી. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રવજ્યા... પ્રવજ્યા નથી ખ્યાલ? એ તો દીક્ષા છે. ચારિત્ર, દીક્ષા એટલે ચારિત્ર કહો. સ્વસન્મુખની સ્થિરતા. એ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે શુદ્ધાત્માભિમુખ પરિણામથી પ્રાપ્ત થાય છે. એ કોઈ બહારથી થાતું નથી. શુદ્ધ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અંદર, એની સન્મુખ–શુદ્ધ અભિમુખ પરિણામ, એનાથી સમકિત થાય છે. અને વિશેષ શુદ્ધ અભિમુખ પરિણામથી ચારિત્ર થાય છે. પરિપૂર્ણ જ્યાં દ્રવ્યનો આશ્રય લીધો

(ત્યાં) કેવળજ્ઞાન થાય. આહાહા! ચારિત્ર કોને કહેવું એની શ્રદ્ધાના ઠેકાણા નથી અહીં તો. નવ તત્વમાં સંવર, નિર્જરા આવે છે ને? એ સંવર, નિર્જરા એ ચારિત્ર છે. તો સંવર-નિર્જરાની દશા મુનિને કેવી હોય, ત્યારે એને મુનિપણું કહેવાય એની ખબર નથી. નવ તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. આહાહા! પંડિતજી! આ તો બાપુ! એને નવે ભિન્ન-ભિન્ન તત્ત્વની હજી ખબર નથી. સંવર, નિર્જરા આટલી દશા હોય ત્યારે એને ચારિત્ર કહેવાય અને આસ્રવનો આટલો મંદ ભાગ હોય ત્યારે એને વ્રત આદિ કહેવાય. એકેય તત્વની ભિન્ન-ભિન્નની વાસ્તવિકતાની ખબર ન મળે. અભિન્ન એકાકાર તો પછી. સમજાણું કાંઈ?

જે ચારિત્ર તો દીક્ષા એટલે સ્વરૂપની સ્થિરતા કરનારા, રમણ કરનારા મુનિઓ, એને તે સમતા–વીતરાગતા અથવા ચારિત્ર એની સખી છે. વહાલી સખી છે. આહાહા! એ વહાલી બહેનપણી છે એમ કહે છે. બહેનપણી કહે છે ને? હિન્દીમાં કહે છે કે નહિ? બહેનપણી કહે છે? બહેનપણી. આ વહાલી સખી હોયને, એને બહેનપણી કહે. અમારે અહીંયા 'બહેનપણી' કહે છે. જેમ આ ભાઈબંધ, ભાઈ ન હોય (પણ) ભાઈબંધ. એમ આ બહેન હોય પણ બહેનપણી, એમ. આહાહા!

**જે મુનિવરોના સમૂહનું...** આહાહા! વસ્તુ ભગવાનને આશ્રયે પ્રગટેલી સમતા–વીતરાગતા–નિર્વિકલ્પતા–ચારિત્રતા–પ્રત્યાખ્યાન એ **મુનિવરોના સમૂહનું તેમ જ ત્રણ લોકનું પણ અતિશયપણે આભૂષણ છે**. વીતરાગ ચાંદલો ત્રણ લોકમાં એ શોભે છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા! ચારિત્ર એટલે શું? એ તો જાણે આ લૂગડાં ફેરવ્યા ને આ કર્યું ને થઈ ગયું. મહાવ્રતના વિકલ્પ કંઈક હોય શુદ્ધતા વિનાના. થઈ ગયું જાઓ. એ કહેશે હમણાં ૧૦૫માં. એ સમતા ભગવાન આત્માથી પ્રગટેલી... પૂર્ણ સમતાનો કંદ નાથ આત્મા, એમાં પેસીને જે પ્રગટેલી એવી જે સમતા અને ચારિત્ર, પચ્ચખાણ, આહાહા! મુનિવરોના સમૂહને પ્રિય છે, આભૂષણ છે. મુનિના ટોળાને એ આભૂષણ છે. એમાં એની શોભા છે. આહાહા! અને **ત્રણ લોકનું પણ વિશેષપણે આભૂષણ છે**. આહાહા!

ધન્ય! ધન્ય! દ્રવ્યને આશ્રયે (પ્રગટેલી) વીતરાગતા–સમતા–ચારિત્ર–પ્રત્યાખ્યાન ત્રણ લોકનું આભૂષણ છે. જેને સંતો ધારે છે, ઇન્દ્ર જેને પ્રાર્થે છે. આહાહા! એવી જે ચારિત્રદશા ત્રણ લોકમાં પણ... એમ. મુનિવરોને તો ઠીક, પણ ત્રણ લોકમાં બીજા બધાને. આહાહા! સ્વર્ગના દેવો પણ ભાવે છે કે ક્યારે અમે ચારિત્ર અંગીકાર કરીએ? એ ચારિત્ર એટલે આ વ્રત ને નગ્નપણું એ નહિ. કહેતા હતાને? એક મારવાડી આવ્યા ત્યારે. ન્યાં સાંભળીને એને કહેવું હતું એ. ચારિત્ર તો દેવને નથી. આ તો મહાવ્રતનું ચારિત્ર મનુષ્યપણામાં હોય છે. આ નગ્નપણું ને મહાવ્રત એ મનુષ્યપણામાં (થાય) માટે ચારિત્ર અંગીકાર કરો. દેવમાં ચારિત્ર ત્યાં હોતું નથી માટે... આ ચારિત્ર માનેલા. અરે! એ ચારિત્ર એ તો અચારિત્ર છે. આહાહા!

**તે સમતા સદા જયવંત છે**. એમ કહીને પોતાની દશાની પ્રસિદ્ધિ કરે છે. અમારા આત્માને આશ્રયે પ્રગટેલી વીતરાગતા એ જયવંત વર્તે છે, એનો જય છે. આહાહા! સમજાણું કાંઈ? **સદા જયવંત છે**, એમ કહ્યું છે ને? આહાહા! અમારો ભગવાન, એને અવલંબીને–આશ્રય લઈને, ધ્યેય બનાવીને જે વીતરાગતા–ચારિત્ર પ્રગટ્યું છે, એ વસ્તુ જેમ જયવંત વર્તે છે એમ એને આશ્રયે પ્રગટેલી પર્યાય ચારિત્ર પણ જયવંત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ તો જુઓ! ઓહોહો! કહો, દેવીલાલજી! કેટલા વખાણ ચારિત્રના!

શ્રોતા : દ્રવ્યચારિત્ર કોને હોય.. ભાવચારિત્ર...

પૂજ્ય ગુરુદેવશ્રી : દ્રવ્યચારિત્ર હોય, પણ દ્રવ્યચારિત્ર કહેવાય ક્યારે એને? ભાવ પ્રગટ્યો હોય તો એને દ્રવ્યચારિત્ર કહેવાય. આવે પહેલું, વાત સાચી છે. એટલે કહે છે ને. પહેલું આવેને. ચોથે, પાંચમે... આવ્યું હોય તો ઓલાને દ્રવ્યચારિત્ર કહેવાય. નહીંતર દ્રવ્યચારિત્ર શેનું કહેવાય? આહાહા! એ તો ચારિત્રના બે પ્રકાર છે કયાં? ચારિત્ર એક જ છે. એનું નિરૂપણ બે પ્રકારે છે. અરે ભગવાન! આહાહા! ૧૦૫.

**णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।**
**संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे॥ १०५॥**

**અકષાય, ઉદ્યમી, દાનત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

આહાહા! ભાષા જુઓને! અજ્ઞાનીનું પચ્ચખાણ દુઃખમય હોય છે એમ કહે છે. આત્માના શુદ્ધતાના ભાન ને અનુભવ વિના જે કંઈ પંચ મહાવ્રતને લે એ બધું દુઃખરૂપ છે. એમ બતાવવું છે. એ માટે તો આ પાઠ છે. પાઠ છે ને? **सुहं हवे** એની સામે નાખ્યું. પેલાને દુઃખમ્. આહાહા! ટીકા : **જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય**... દેખો! જે આત્મા પોતાના સ્વરૂપને અવલંબીને વીતરાગતા પ્રગટ થવાને લાયક હોય **એવા જીવના સ્વરૂપનું આ કથન છે. જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે**... કષાયકલંકરૂપી કાદવ–કીચડ. કષાયકલંકરૂપી કાદવ... જુઓ! કાદવ શબ્દ છે આમાં. હિન્દીમાં શું છે? કીચડ છે. હિન્દીમાં છે. બરાબર છે. આ પંચમહાવ્રતના પરિણામને કષાયકલંક, કાદવ કહ્યા છે. સમ્યગ્દષ્ટિને એ કાદવ છે. રાગ છે ને. આહાહા! દુઃખથી લિપ્ત ભાવ છે. આહા! **કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે**... ચારિત્ર જેને વર્તે છે, એમ આગળ કહેવું છે ને. એવી શુદ્ધતા વર્તે છે એને વ્યવહાર હોય, એમ કહે છે.

**સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી જેણે પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે**,... ઇન્દ્રિયોનું દમન કર્યું હોય, ઈન્દ્રિયોને વશ કરી હોય એવો... છેને નીચે? ઇન્દ્રિયોના વિષયથી વિરક્ત થયો છે. અતીન્દ્રિય આનંદના ધામમાં પહોંચી ગયો છે. અતીન્દ્રિય સુખને પહોંચી ગયો છે એમ કહે છે. આવા મુનિ, એનું એ ચારિત્ર અથવા શુદ્ધભાવ. **સકળ પરિષહરૂપી**

**મહા સુભટોને જીત્યા હોવાથી**... પરિષહરૂપી મહાસુભટ. આહાહા! જેણે જીત્યા છે આનંદ, શાંતિથી. વીતરાગભાવે જેણે પરિષહ જીત્યા છે. **જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે**... નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે. શરીરની શૂરતા ને બળની એ વાત અહીં નથી. વિકલ્પનું રાગનું બળ એ નથી. નિજ શૂરગુણ. આત્માનો વીરતાગુણ–પુરુષાર્થગુણ જેણે પ્રાપ્ત કર્યો છે. શૂરવીર છે. સ્વરૂપમાં રમવા માટે વીર છે. રાગની રમતું જેણે છોડી દીધી છે. આહાહા!

શ્રોતા : આ તો મુનિની વાત છે ને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ મુનિનો ભાવ છે એ સમકિતમાં પણ છેને અંશે? અંશે છે કે નહિ એને? એને મુનિપણું શું છે એની શ્રદ્ધા કરવાની છે કે નહિ? અને એને ભાવના હોય છે કે નહિ? કે મુનિને માટે છે, અમારે કાંઈ છે નહિ. શેઠ! અમારે તો કાંઈ નહિ, બસ આ ધંધા-બંધા કરવા. સમકિતીને ભાવના હોય છે. આહાહા! 'અપૂર્વ અવસર એવો કયારે આવશે?' આવે છેને? 'કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો' જુઓ! ગૃહસ્થાશ્રમમાં છે.

કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
જુઓ! આ ભાવના હોય સમકિતીને.
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,

શ્રીમદ્‌ને લાખોના મોતીના વેપાર હતા, એમ લોકો કહે. એને, વેપાર હતો આત્માનો. આરે, આરે, ભારે! સમજાણું કાંઈ? લોકોને તત્વ શું છે (એની ખબર ન મળે). 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' એનું નામ સંયમ. એની ભાવના સમક્તી પણ ભાવે છે. એને પણ જાણીને, ઓળખીને ભાવના ભાવે છે. અમારે કાંઈ નહિ, એને છે—એમ નહિ. વિકાસભાઈ! મુક્તિ જોઈએ છે કે નહિ? મુક્તિ તે અનંત આનંદનું ધામ. જેને સુખ જોઈએ એ સુખ તો મુક્તિમાં છે અને મુક્તિનું કારણ તો ચારિત્ર છે અને ચારિત્ર તો સમ્યગ્દર્શન, જ્ઞાન હોય તો હોય છે. આહાહા! સમજાણુ કાંઈ? જુઓને! કેટલી ભાવના ભાવી છે! ધંધા હતા, પણ સંયમની ભાવના હોયને. છ ઢાળામાં આવે છેને? 'લેશ ન સંયમ, પૈ સુરનાથ જજે હૈ.' છતાં એ ચારિત્રની ભાવના રાખે છે. એ આવે છે ને? કડી એમાં આવે છે. છ ઢાળામાં એવી એક કડી આવે છે. બધું કંઈ યાદ રહે છે? સંયમ ધારણ (કરી) શકે નહિ, પણ સંયમ ધારણકી ઝટાઝટી. દૌલતરામજી. એ આવે છે ને? સંયમ ધારી શકતો નથી, પણ સંયમ કેમ લઉં? કેમ લઉં? એની ઝટાઝટી લાગી હોય છે. એ શેઠ! એમને એમ બીડીના ધંધામાં પડયા રહેવા ને ડાલચંદજીનું માન મળે, બાપુજી.. બાપુજી.. (કરે). આવા હોંશિયાર છોકરા પાક્યા અને એના વળી બાપુજી. એટલે વળી કેવા હશે?

શ્રોતા : એ હોંશિયાર થયા તો અમને નિવૃત્તિ મળીને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના, એ ખોટી વાત છે એમ કહે છે. પરની સાથે શું સંબંધ છે? આહાહા! અને એ નિવૃત્તિ શું? આ બહારથી નીકળ્યા એટલું. નિવૃત્તિ તો રાગથી નિવૃત્તિ થઈને સ્વરૂપમાં જાય એને નિવૃત્તિ કહે છે. આહાહા! બહારથી નિવડે પછી ઘરડા થાય તો શું કરે? ઓલા કરતા હોય તો છોડો આપણે. આપણે કરીએ એ કરે છે. એટલું સંમતમાં તો એને આનંદ છે, અનુમોદના છે. અમારા વતી એ કરે છે. ભલે અમારે જે કરવું છે એ તો અમે કરી ચૂકયા. હવે આ કરે છે એ અમે જ કરીએ છીએ. એનો અર્થ કે એને મજા માને છે. પાપની અનુમોદના છે એ બધી. શેઠ. એવું છે આ તો. આહાહા!

કહે છે, **જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે**.... આહાહા! શરીરનું બળ નહિ, પુણ્યનું બળ નહિ. ધર્માત્માએ તો આત્માના નિજ શુદ્ધ ગુણને પ્રાપ્ત કર્યો છે. આહાહા! જે વીર્ય સ્વરૂપનું છે એ શુદ્ધતાને રચે એવું વીર્ય પ્રગટ કર્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? એને વીરતા કહીએ, બાકી તો કાયરતા. આહાહા! **નિજ શુરગુણ પ્રાપ્ત કર્યો છે, નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે**... દેખો! **નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત**... સાધુપણામાં. એવો શુદ્ધભાવ મુનિને વર્તે છે. લ્યો, આ મુનિને શુદ્ધભાવ હોય કે નહિ? આઠમે શુદ્ધ હોય, કહે છે. આહાહા! આ તો છટ્ઠાની વાત કરે છે અહીંયા તો. શુદ્ધભાવ જેને વર્તે છે એને વ્યવહાર પચ્ચખાણ આ ત્યાગનો હોય એમ અહીં કહેવું છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો ભાઈએ કહ્યું છેને. એમ કહે છે. પદ્મનંદીએ કહયું છેને? કહ્યું છે શું? સાંભળને! આ **पच्चक्खाणं सुहं हवे** એનો ન્યાય કાઢયો છે. આવો જે આત્મા, જેને પુણ્ય-પાપના રાગરહિત શુદ્ધભાવ વર્તે છે, એની ભૂમિકા પ્રમાણમાં ચૈતન્યના આનંદનો પવિત્ર ભાવ જેને વર્તે છે.

**અને જે સંસારદુઃખથી ભયભીત છે**... ચાર ગતિના દુઃખના દરિયામાં પડવું એનો ભય છે. આહાહા! અરે! ચોર્યાસી લાખના અવતાર કયાંય કોઈ શરણ નથી. નિરાધાર ચાર ગતિમાં રખડવું, આહાહા! ધર્મીને એનો ભય હોય છે. સમજાણું કાંઈ? **સંસારદુઃખથી**.. સંસારદુઃખ કીધું. ચારેય ગતિના ભવ. દેવ પણ સંસારદુઃખ છે. આહાહા! દેવનો ભવ પણ સંસારદુખ છે. આ અબજોપતિના શેઠિયાના ભવ એ સંસારદુઃખ છે. કહો, શેઠ! જુઓ! એમાં લખ્યું, સંસારદુઃખ. એમ નથી કહ્યું કે ફલાણાનું નારકીનું દુઃખ, ઢોરનું દુઃખ ને દેવનું સુખ. ચારેય ગતિના દુઃખ. આહાહા! એ શેઠિયાઓ પણ કષાયની અગ્નિના અંગારાએ જળી રહ્યા છે. જળી રહ્યા છે–બળી રહ્યા છે. પોપટભાઈ! લાલચોળ શરીર લાગે, બંગલા છ-છ લાખના કરે, ચાલીસ-ચાલીસ લાખના બંગલા... આહાહા! દેવના બંગલામાં એ દેવ દુઃખી છે. આહાહા! જેને સ્વ-અવલંબી તત્વ પ્રગટ્યું નથી, પર-અવલંબનમાં જ વિકલ્પોની જાળમાં ગૂંચાઈ ગયા છે. એવો સંસારનો જેને ડર છે.

ભવભયથી બીના (-ડર્યા) છે. આહાહા! ભવભયથી ડર્યા છે. ભવ નહિ હોં. આહાહા! સમકિતી ભવભયથી બીના છે. આહાહા!

સિંહને દેખીને જેમ જુવાન માણસ ભાગે... વઢવાણમાં, નહિ? છોકરો મરી ગયો, નહિ? આપ્ટાનો... હતો. આપ્ટો આવે છેને? ટ્રેક્ટરમાં ... હોય છે. ટીમરું, બીડીના ટીમરું. નાના પાંદડા આવેને નાના? ઓલા મોટા પાંદડા. એ તો બધા અમારે દુકાનમાં હતાને. બધું જોયું છે. દુકાનમાં બધું રાખ્યું હતું. દુકાનમાં ધંધો હતો. આપ્ટાના પાંદડા અને ટીમરુના. બેયની બીડી થાય. એ છોકરાને એના બાપે વઢવાણ મોકલ્યો. ભાઈ! તું જાને હવે. પરણેલો–લગ્ન કરેલા. ત્રણ માણસને સાથે મોકલ્યા. જંગલમાં આપ્ટાના પાંદડાના મોટા ઢગલા હતા. બીડીયું આવેને? આપ્ટો. આપ્ટાને તમારે શું કહે છે? ઓલા નાના પાંદડા. અમારે અહીં આપ્ટો કહે છે અને ટીમરું મોટા પાંદડા. એક-એક પાંદડાની બીડી થાય એને ટીમરુ કહે અને ઓલા બે-ત્રણ પાંદડા નાખે. એક પાંદડું ને બીજું કરીને અને પછી ત્રીજું કરે. નાના નાના હોયને.

એ માટે છોકરાને મોકલ્યો હોં. મોટો ઢગલો પડેલો. ત્રણ માણસ સાથે રાખ્યા. એમાં આમ દીઠો સિંહ. ઢગલાની પાછળ સિંહ-શેર. એવી રાડ નાખી. તમે ઓળખતા હશો, નહિ? વઢવાણ પાછળ રહેતા. અમે ત્યાં એટલામાં હતા એ વખતમાં. છોકરો ભાગ્યો ભાઈ! બાવળ ઉપર ચડવા. ત્રણ માણસો સાથે. લાકડી રાખી. શું કરે લાકડી? ત્રણે ચડી ગયા બાવળ ઉપર, સિંહ આવ્યો એટલે. આ ચડવા ગયો ત્યાં બાવળનું લાકડું કપડામાં ભરાઈ ગયું. ચડી ન શક્યો. આમ કપડું ભરાઈ ગયું. ત્યાં સિહ આવ્યો. ઓલા ત્રણ રખોપા હતા એ જોતા હતા. ખાતો હતો એ. રખોપિયા હતા એ માથે જોતા હતા. નીચે શેઠનો દીકરો. કડું સોનાનું. સોનાનું કડું હોય છે ને? શું કહે છે? સોનાના કડા કહે છે ને. એ એકલું છૂટું કરી નાખ્યું અને પેલો આખો ખાઈ ગયો. ઓલો સિંહ જતો રહ્યો પછી હેઠે ઉતર્યા. આહાહા! આવો સંસાર. ઓલો સંયોગને લઈને દુઃખ છે એમ નહિ. એ આકુળતા છે એ દુઃખ છે. એ સંસારનો જ્ઞાનીને આકુળતાથી ભય વર્તે છે. આહાહા! અરે! ચોર્યાસીના અવતાર...

કહે છે, **સંસારદુઃખથી ભયભીત છે**... આહાહા! **તેને (યથોચિત શુદ્ધતા સહિત)**... હવે લ્યે છે જુઓ! જુઓ! આ શુદ્ધતા છઠ્ઠા સહિતની વાત છે ભાઈ! છઠ્ઠાની વાત છે. કોઈ કહે, છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધતા ન હોય. આ શું કહે છે? અરે! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન-જ્ઞાનની શુદ્ધતા છે. સ્વરૂપાચરણ એ પણ શુદ્ધતા છે. આહાહા! પાંચમે ગુણસ્થાને પણ શુદ્ધતા વિશેષ વધી ગઈ છે. છઠ્ઠે વિશેષ શુદ્ધતા છે. એવો શુદ્ધતાવાળો મુનિ... જુઓને ન્યાય તો કેટલો આપ્યો છે! **વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે**. ચાર આહારનો ત્યાગ એ વ્યવહાર છે, પણ આવી શુદ્ધતા સહિત હોય એને. સમજાણું કાંઈ? આવી શુદ્ધતા ભગવાન આત્માની–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા પ્રગટ્યા વિના એકલા ચાર આહારનો ત્યાગ કરે એ વ્યવહાર

પ્રત્યાખ્યાન પણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! કેટલી સ્પષ્ટ વાત કરી છે! આવા યથોચિત–છઠ્ઠી ભૂમિકાને યોગ્ય જે શુદ્ધતા, સમ્યગ્જ્ઞાન-ચારિત્ર, દર્શન-ચારિત્રની જે શુદ્ધતા, રાગરહિત વીતરાગતા પ્રગટી છે તે ચારિત્ર અને તે પ્રત્યાખ્યાન છે. એને આહાર કરીને ચાર આહારનો ત્યાગ એ વ્યવહારપ્રત્યાખ્યાન છે, એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? નિશ્ચય અને વ્યવહારની સાથે હોય એમ કહે છે. નિશ્ચય શુદ્ધતા ન હોય અને વ્યવહાર પ્રત્યાખ્યાન હોય એમ બને નહિ ત્રણ કાળમાં, એમ કહે છે.

શ્રોતા : છઠ્ઠા સુધી તો એકલો વ્યવહાર હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકલો વ્યવહાર હોય નહિ કોઈ દિ'. એકલો નિશ્ચય હોય, કેવળી થઈ ગયા એને. પણ એકલો વ્યવહાર સાધકને હોઈ શકે નહિ. અજ્ઞાનીને વ્યવહાર એ વ્યવહાર નથી. નિશ્ચય વિનાનો વ્યવહાર કેવો? સમજાણું કાંઈ?

**વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. પરંતુ (શુદ્ધતા વિનાનું)...** સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ અંદર પ્રગટી નથી. **(શુદ્ધતા વિનાનું) વ્યવહારપ્રત્યાખ્યાન તો** મિથ્યાદષ્ટિને હોય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? જ્યાં રાગનું પણ કર્તવ્ય નથી અને સ્વરૂપના કર્તવ્યની દશાની સ્થિરતા પ્રગટી છે, એને વિકલ્પ ઉઠે એને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. પણ આ શુદ્ધતા વિનાનું... જેણે સ્વ-ભગવાનનો આશ્રય લીધો નથી અને અવલંબન વિનાની પવિત્રતા જેને પ્રગટી નથી, એ પવિત્રતા વિનાનો જે વ્યવહાર લઈને બેસે એ **કુદષ્ટિ (-મિથ્યાત્વી) પુરુષને પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ...** એટલે એટલો પુરુષાર્થ છેને, એમ. રાગની મંદતા કરી છે એટલો ક્ષયોપશમ. ખરો ક્ષયોપશમ આ નથી. દ્રવ્યક્ષયોપશમ. શું કહયું એ? ભાવક્ષયોપશમ નથી. આમાંથી બધા કાઢે છેને સામાવાળા શ્વેતાંબર ને એ? અમારા રાગની મંદતાની ક્રિયા એ ક્ષયોપશમભાવ છે. એ કરતાં કરતાં ક્ષાયિક થાશે, એમ કહે છે. ખોટી વાત છે. ઉદયભાવ છે. પણ મિથ્યાદષ્ટિએ જરી રાગને પુરુષાર્થથી મંદ કર્યો છે, મંદ કર્યો છે એથી એને જરી ક્ષયોપશમ કહેવામાં આવે છે.

શ્રોતા : વાસ્તવિક નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાસ્તવિક નથી. પંચાસ્તિકાયમાં આવે છે આવો. અધિકાર. સમજાણું કાંઈ?

એને તો ખરેખર તો **ચારિત્રમોહના ઉદયના હેતુભૂત...** એમ છે દ્રવ્યકર્મ અને ભાવકર્મ. એનો કાંઈક પુરુષાર્થ છેને એટલો. મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે, શુદ્ધતાના અનુભવ વિનાનો છે. એને આ રાગની મંદતાનું પ્રત્યાખ્યાન વ્યવહારે કહેવામા આવે છે. ક્ષયોપશમ છે એમ કીધું. **ક્વચિત્ કદાચિત્ સંભવે છે**. કોઈ વખતે કોઈને એવું હોય છે. નવમી ગ્રેવેવક ગયો ત્યારે આવું હતું વ્યવહાર પ્રત્યાખ્યાન. સમજાણું કાઈ?

એ તો મોટી ચર્ચા થઈ હતી રાણપુર. કઈ ચર્ચા? છે યાદ? (સંવત) ૧૯૮૦. ૮૦ની સાલ. આનું ચોમાસું લીંબડી હતું, અમારું હતું બોટાદ. બેય રાણપુર ભેગા થયા. ૧૯૮૦ની સાલ. ૪૭ વર્ષ થયા. ત્યારે પ્રશ્ન ચાલ્યો હતો. મૂળચંદજી હતા અને આ જેચંદજી (હતા). બે વચ્ચે ચર્ચા ચાલતી હતી નીચે. હું ઉપર હતો. રાણપુર મેડી છે ને? નવમી ગ્રૈવેયક મિથ્યાદૃષ્ટિ ગયો એટલો ક્ષયોપશમ છે ચારિત્રનો. એટલો એ પુરુષાર્થનો ક્ષયોપશમ છે એમ કહેતા હતા. ભાઈ! એને આ કાંઈ આવી ખબર નહોતી. પણ એને સ્થાપવું ખરુંને. થોકડામા આવે... આ લોકો માને છે. શ્વેતાંબર તો એ જ માને છે. અમારો વ્યવહાર કરીએ ભલે, એ વ્યવહાર ક્ષયોપશમભાવે છે. એમ કરતાં નિશ્ચય થાશે. વ્યવહાર એ ઉદયભાવ છે. નિશ્ચયથી તો ઉદયભાવ છે. જરી રાગની મંદતાનો પુરુષાર્થ છે એટલે વ્યવહારે ક્ષયોપશમ કહયો છે, પણ એ કંઈ સંવર-નિર્જરા નથી. એકલું બંધનું જ કારણ છે. આહાહા! એ પ્રશ્ન ચાલ્યો હતો તે દિ'. પછી હું નીચે ઉતર્યો ત્યારે આ વાત ચાલતી હતી. મને કહ્યું, આ? મેં કીધું, નહિ. અનંત વાર ગયો એ ક્ષયોપશમ નહિ, પણ ઉદયભાવ છે. એય! ૪૭ વર્ષ પહેલા હોં. પચાસમાં ત્રણ કમ. એ ક્ષયોપશમભાવ નહિ. એય ભીખાભાઈ!

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ચારિત્રનું... શું કહે છે?

શ્રોતા : કર્મનો ક્ષયોપશમ હોય, આમાં ક્ષયોપશામ કેમ લીધો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આમાં ક્ષયોપશમ એ તો કીધુંને, મંદ કીધુંને. રાગની મંદતાનું વીર્ય છે એટલી અપેક્ષાએ કહીએ. કહ્યું, બે-ત્રણ વાર કહ્યું. ખ્યાલ તો હોયને આ શું કહેવું છે. આ તો અમારે પચાસ વર્ષથી ચાલે છે. આ કાંઈ નવું નથી. સમજાણું કાંઈ? એ પોપટભાઈ! તમે બધા નવા આવ્યા હમણાં. ઉદયભાવ છે, પણ તીવ્રની અપેક્ષાએ મંદને ક્ષયોપશમ દ્રવ્યનિક્ષેપે કહ્યો, ભાવનિક્ષેપે નહિ. એમ કહ્યું હતું. એય! વસ્તુ તો આમ છે. ભાવનિક્ષેપે નહિ. 'અણુઓગો..' એવો અનુયોગ દ્વારમાં પાઠ છે. અણ-ઉપયોગ તે દ્રવ્ય(નિક્ષેપ) છે. જેમાં ભાવ-ઉપયોગ પ્રગટ્યો નથી એ બધું દ્રવ્ય(નિક્ષેપ) છે. શુદ્ધ-ઉપયોગ વિના ભાવ હોઈ શકે નહિ, ભાવનિક્ષેપ. આ ક્વચિત્ હોય છે. લ્યો. હવે એની વિશેષ વાત છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૧, શનિવાર, તા.૨૧-૮-૧૯૭૧
## શ્લોક-૧૪૨, ગાથા-૧૦૫-૧૦૬, પ્રવચન નં. ૧૦૧

૧૦૫ ગાથા, નિયમસાર. નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર એટલે કે સાચું ચારિત્ર. રાગાદિ દોષોનો અભાવ અને આત્મા શુદ્ધ પવિત્ર આનંદકંદ સચ્ચિદાનંદસ્વરૂપ એનું આનંદ અને શાંતિરૂપે પરિણમન અવસ્થાનું થવું એનું નામ પ્રત્યાખ્યાન અને એનું નામ મોક્ષનો માર્ગ (છે). એ અહીં પહેલી વાત કરી. વ્યવહાર પ્રત્યાખ્યાન તો અજ્ઞાનીને હોય છે. રાગની મંદતા કરે, હોય છે, એ તો મિથ્યાત્વ સહિત પુણ્યબંધનું (કારણ છે). અહીં આવ્યું છેને બીજી લીટી?

**તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન...** પાનું ૨૦૪. ટીકાની બીજી લીટી. વ્યવહાર પ્રત્યાખ્યાન એટલે જેને આત્માનું ભાન નથી, આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ સ્વરૂપ છે એવું જેને આત્મજ્ઞાન નથી, એ મિથ્યાદૃષ્ટિ જીવ રાગને-પુણ્યને પોતાના માનનારો, એને રાગની મંદતાનો કંઈ પુરુષાર્થ હોય તો તેને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. પણ એ કંઈ ધર્મ નથી. **તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન...** સાચો રાગનો ત્યાગ અને સાચો સચ્ચિદાનંદ પ્રભુ એવો આત્મા એના આશ્રયે–અવલંબે પ્રગટેલી આનંદની અને શાંતિની નિર્દોષ દશા, તે જ પ્રત્યાખ્યાન અતિ આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે. આહાહા!

અનાદિ અનભ્યાસ ચૈતન્યની જાતનો. ભગવાન આત્મા તો શાશ્વત વસ્તુ છે. સત્.. સત્ છે એ અને એનો સ્વભાવ કાયમી તો જ્ઞાન અને આનંદ છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ છે. એ એનો સ્વભાવ–એનું સ્વરૂપ આત્માનું છે. પણ એનો અભ્યાસ નહિ (અને) અનાદિ રાગ અને પુણ્ય-પાપની ક્રિયાઓના પરિણામ જે કૃત્રિમ વિકાર અનિત્ય છે એનો અભ્યાસ છે, તેથી એને આત્માનું નિત્યપણું અને એને અવલંબે થતી શુદ્ધતાની દશા કેવી હોય એની એને ખબર નથી. કહો, શેઠ! એક તો એ બહારના ધંધા આડે નવરો થાય નહિ.

શ્રોતા : નાહી, ધોહીને પવિત્ર થઈને તો આવ્યા છીએ.

ઉત્તર : પણ ત્યાં હજી ઓલા છોકરાઓ કામ કરે એ અમારા વતી કરે છે ને ઠીક કરે છે—એ બધી પડાઈ સાથે હાથમાં રાખીને બેઠા છે. પતંગ.. પતંગ. પતંગ દૂર ઊડતી હોય ને તો એનો દોરો હાથમાં હોય. હા, જ્યારે ખેંચવો હોય તો ખેંચાય, છોડવો હોય તો છોડાય. એમ બધો દુકાનનો ધંધો અમે કરતાં, રાગ, એ આ છોકરાઓ કરે છે એ ઠીક કરે છે. એટલે વાત તો એની એ છે. આહાહૈ! અરે! એણે અનાદિનો સદોષ વિકારભાવનો વેપાર કર્યો છે. બીડીનો વેપાર નહિ હોં. તબાકુ, બીડીનો વેપાર એ તો જડ છે. એનો કોઈ વેપાર કરી શકે નહિ. એમાં થતો રાગ ને દ્વેષનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ, એનો એણે વેપાર કર્યો. ત્યારે જે એ વસ્તુ છે એ તો નાશવાન

છે, પુણ્ય-પાપ તો નાશ થવાલાયક છે. એનો અર્થ એ કે પુણ્ય-પાપનો ભાવ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવમાં નથી. નહિતર નાશ થવાલાયક હોઈ શકે નહિ. આ શરીર, વાણી તો નાશવાન છે એ તો જુદી વાત છે. આ તો પરવસ્તુ છે, માટી. પણ અંદરમાં પુણ્ય અને પાપનો રાગ ને વિકલ્પ થાય એ અભાવ કરી શકાય છે, નાશ કરી શકાય છે. એથી એ ચીજ એની છે નહીં. કહો, પોપટભાઈ! એની નહિ એનો એણે વેપાર કર્યો.

શ્રોતા : ચોર થયો એ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ચોર છે. આહાહા!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પરમાનંદની મૂર્તિ આત્મા તો છે. (સચ્ચિદાનંદ) = સત્– શાશ્વત, ચિદ્– જ્ઞાન, અને આનંદ એવું એનું સ્વરૂપ છે. પણ અનંતકાળમાં કોઈ દિ' એની સંભાળ અને પુરુષાર્થ કર્યો નથી. આહાહા! એથી એણે પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભરાગ, જે ત્યાગવા યોગ્ય છે, એના ઘરમાં નથી, એનો વેપાર કર્યો એટલે ચાર ગતિમાં રખડયો. આહા! એથી કહે છે કે અજ્ઞાનમાં–આત્માના ભાન વિના કોઈ દયા, દાન, વ્રતના પરિણામ કરે તો એમાં રાગની કંઈ મંદતા હોય, એથી એને અજ્ઞાનીને વ્યવહારપ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. પણ એ તો કંઈ જન્મ-મરણને ટાળવાનો હેતુ નથી. એ તો કર્મના બંધ અને કારણરૂપ હેતુ છે. આહાહા!

**તેથી જ નિશ્ચય પ્રત્યાખ્યાન...** એમ કહે છે. આ કારણે નિશ્ચય એટલે સાચું આત્માનું સ્વરૂપ જે આનંદ અને જ્ઞાન એની દશારૂપે પરિણમવું–થવું અને પુણ્ય-પાપના રાગના અભાવરૂપે થવું, એ સાચો ત્યાગ અને સાચો ધર્મ અને સાચું ચારિત્ર કહેવામાં આવે છે. ભારે ઝીણું ભાઈ! અરે! એ નિશ્ચય ત્યાગ એટલે રાગનો અભાવ અને ભગવાન આત્મા નિર્દોષ પવિત્રતાનો પિંડ પ્રભુ, એમાંથી પ્રગટેલી પવિત્રતા, એ પવિત્રતા એ મોક્ષનો માર્ગ છે.

શ્રોતા : જ્યાં સુધી સાચું સમજાય નહિ ત્યાં સુધી...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો અજ્ઞાનથી કરે છે. એમાં નવાઈની શી વાત થઈ? એ તો કર્યું છે, એ વાત કરે છે. અનાદિથી ચાર ગતિની ઘાણીમાં પીલાય એવું એણે કર્યું છે. આહાહા! અરે! જેનું નિજસ્વરૂપ પવિત્ર અને આનંદનું ધામ પ્રભુ એની સામું જોયા વિના, પર સામું જોઈને પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ ને સંકલ્પ ને વિકલ્પ કર્યા. એ તો અજ્ઞાની અનાદિથી કરે છે અને એનાથી ચાર ગતિમાં રખડે છે. આહાહા! એ કંઈ નવી ચીજ નથી.

અહીં તો કહે છે, એ વ્યવહારપ્રત્યાખ્યાન પણ કંઈ નવી ચીજ નથી. એમ કહે છે. અને એ હિતરૂપ પણ નથી. એમ થયુંને ભાઈ! આમાં? એ હિતરૂપ નથી. આહાહા! આત્માના ભાન વિના, અનુભવ વિના જે કંઈ રાગની ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, કરૂણા, કોમળતા કર્યા એ કંઈ હિતરૂપ નથી. આહાહા! આસન્નભવ્યજીવ જે છે—જેને નજીકમાં મુક્તિનો માર્ગ અને મુક્તિ જેને નજીક છે, આહાહા! એવા જીવને તો સાચો ત્યાગ એટલે રાગનો અભાવ

અને નિર્દોષસ્વભાવનું સત્યપણું પ્રગટવું, આત્મા જેવો નિર્દોષ પિંડ છે એમાંથી નિર્દોષતા સ્વનો આશ્રય લઈને પ્રગટે, એ નિર્દોષતા એ **અતિઆસન્નભવ્યને હિતરૂપ છે**. આહાહા! સમજાણું કાંઈ?

**કારણ કે જેમ સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે**... શું કહે છે? આ સોનાના પથરા નીકળે છેને? સોનું હોય અને પથરા ભેગા હોય એને સુવર્ણપાષાણ કહે છે. પછી ઓગાળીને જુદા પાડે છેને? પથરાને જુદા પાડે અને સોનાને જુદું પાડે. એ **સુવર્ણપાષાણનો પાષાણ ઉપાદેય છે**... એમાંથી સોનું નીકળે છે. સમજાણું કાંઈ? એ સોના સાથે પત્થર વસેને, વ્યવહારે એ ઉપાદેય છે. ધ્યાન રાખવા જેવી આ વાત છે જરી. છેલ્લે એ કહેશે. સમજાણું કાંઈ? આગળ કહેશે. વ્યવહાર અને નિશ્ચય સ્વીકૃત છે. ૧૦૬માં કહેશે. નિશ્ચય પ્રત્યાખ્યાન અને વ્યવહાર પ્રત્યાખ્યાન સ્વીકૃત કરે. છેલ્લો સાર છે ને? એનો હેતુ એ છે–કહેવાનો આશય એમ છે કે જેમ સુવર્ણવાળો પથરો એ ઉપાદેય કહેવામાં આવે છે. કારણ કે સોના સહિત પત્થર છે ને? એથી એને જુદું પાડવા માટે એ ઉપાદેય છે. ઉપાદેય સમજાણું? આદરણીય છે. પણ ઓલો રાગ વ્યવહારમાં ઉપાદેય... વ્યવહાર પ્રત્યાખ્યાન... માથે આવ્યુંને? ચાર આહારનો ત્યાગ કરે. એની સાથે આ સંધિ છે. આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે વ્યવહારથી. જરી ઝીણી વાત છે. આહાહા!

મુનિરાજ એમ કહેવા માગે છે કે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પરમાનંદનું ધામ એવું જેણે દૃષ્ટિમાં લીધું છે અને સ્વરૂપમાં ઠર્યો છે એને તો સાચું પચ્ચખાણ અને સાચું ચારિત્ર કહીએ. પણ તેવા ચારિત્ર શુદ્ધતાના ભાન સહિતની ભૂમિકામાં ચાર આહારનો ત્યાગ આદિ એવો જે વિકલ્પ આવે છે, એ પણ એક વ્યવહાર પ્રત્યાખ્યાન છે. એ પણ વ્યવહારે આદરણીય કહેવામાં આવે છે. વ્યવહારે વ્યવહાર આદરણીય, નિશ્ચયે નિશ્ચય આદરણીય એમ કહે છે.

ફરીને. માથે કહ્યું હતું ને? નિશ્ચય સહિત છે એ ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે. જ્યાં સ્વરૂપનું અંતર આનંદ અને અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ એનો જ્યાં અનુભવ (થયો), આનંદનો અનુભવ (થઈને) શુદ્ધતાની દશા વર્તે છે એને જે વ્યવહાર ત્યાગનો વિકલ્પ આવે એને વ્યવહાર પ્રત્યાખ્યાન, વ્યવહાર ત્યાગ કહેવામાં આવે છે, એમ કહે છે. એટલે કે **સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે તેમ અંધપાષાણ નથી**. એટલે? જેમાં સોનું નથી તે પથરો વ્યવહારે પણ ઉપાદેય નથી. એટલે? **(યથોચિત્ શુદ્ધતા સહિત)**... દેખો! આત્મા જ્ઞાનાનંદ અને શુદ્ધ ચૈતન્યપ્રભુ એનો અંતર આશ્રય લઈને શુદ્ધતા જે પ્રગટી છે, એ શુદ્ધતા સહિત **સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે**... સમજાણું કાંઈ? દેવીલાલજી!

વાત એ. જ્યાં આગળ શુદ્ધ પ્રભુ ચૈતન્યમૂતિ, એની શુદ્ધતા જેણે અંતરમાં ચૈતન્યને અનુભવ કરી, આત્માનો અનુભવ કરી અને પ્રગટ શુદ્ધતા કરી છે એ શુદ્ધતા સહિત **સંસાર અને**

**શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે**... એ સાચું ચારિત્ર અને રાગનો સાચો ત્યાગ. સમજાણું કાંઈ? પણ એ અંધપાષાણ જે છે... એકલો અંધપાષાણ એટલે નિશ્ચય શુદ્ધતાના ભાન વિના એકલી રાગની મંદતાનો ત્યાગ વ્યવહારપ્રત્યાખ્યાન એ આંધળો પથરો છે.

શ્રોતા : વ્યવહારે ઉપાદેય નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારે ઉપાદેય નથી. સમજાણું કાંઈ? ધીમેથી સમજવા જેવી લાત છે બાપુ! અનંતકાળમાં ભગવાન આત્મા વસ્તુ દેહથી ભિન્ન છે અને પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન છે. એ ભિન્નની વાત કહેશે, ભિન્ન પાડવાનો અભ્યાસ. સમજાણું કાંઈ? આમ અંતર્મુખમાં જઈ અને રાગને ભિન્ન પાડવાની જે કળા એ જેણે પ્રગટ કરી નથી, એનો રાગાદિનો મંદતાનો ત્યાગભાવ આંધળા પથરા જેવો છે. એય! વ્યવહાર એકલો આંધળો છે એમ કીધું.

શ્રોતા : શુદ્ધતા સાથે ન હોય એમાં કાંઈ...

પૂજ્ય ગુરુદેવશ્રી : શુદ્ધતા સાથે હોય તો ઓલા વ્યવહારનો આરોપ આને કહેવાય, તો વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવાય. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન જાગીને જોયો હોય એણે. મારી પુંજી–મારા નિધાનમાં તો આનંદ ને શાંતિ ને જ્ઞાયકતા ચૈતન્ય સ્વભાવભાવ ભર્યો છે. એવી નિજ પુંજીને... એ શેઠ! આ તમારી પુંજી-બુંજીની ધૂળને નહિ, એમ કહે છે. એ બધા દુઃખના નિમિત્ત છે તમારી ધૂળ. એ શેઠ!

શ્રોતા : તો શું કરવું નાખી દેવી બધી?

પૂજ્ય ગુરુદેવશ્રી : રાખી દીધી છે કયાં, તે નાખી દ્યે? એણે લીધી છે? મમતા લીધી છે એણે તો. મમતા. એ તો જેના સ્થાનમાં છે એ પડી જ છે. સમજાણું કાંઈ? આહાહા!

મુનિ નિશ્ચય અને વ્યવહાર બેની સંધિ કરે છે. સોનાનો પત્થર–સુવર્ણપાષાણ છે એ તો લઈને ભેદ પાડવાની સ્થિતિ કરવી જોઈએ. એમાં રાગની મંદતાનો ભાવ અને રાગના અભાવનો ભાવ એ શુદ્ધતા સહિત જો હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રોતા : ઉપાદેય...

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારે ઉપાદેય કહ્યુંને? વ્યવહારનયે વ્યવહાર ઉપાદેવ છે. નીચે છઠ્ઠામાં કહેશે, વ્યવહાર પ્રત્યાખ્યાનને સ્વીકૃત–અંગીકૃત કરે છે. છેલ્લો સરવાળો છેને ગાથાનો. વ્યવહાર છે ને. વ્યવહાર છે. વ્યવહારે આદરણીય અને વ્યવહારે પાળે એમ પણ કહેવામાં આવે.

શ્રોતા : વ્યવહારે પૂજ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારે પૂજ્ય છે. વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે. વ્યવહારે વ્યવહાર પૂજ્ય ન હોય તો ભગવાન ત્રિલોકના નાથ પણ પૂજનીક ન હોઈ શકે વ્યવહારે. પદ્મનંદિ પંચવિશતિમાં આવે છે એ. પદ્મનંદિમાં પાઠ આવે છે. વ્યવહાર પૂજ્ય છે, એવું આવે છે. વ્યવહારે

વ્યવહાર પૂજ્ય છે, નિશ્ચયમાં પૂજ્ય નહિ. આહાહા! બે વસ્તુ છેને? દીપચંદજીએ તો ખૂબ લખ્યું છે. વ્યવહાર ત્યાજ્ય છે, ત્યાજ્ય છે, પણ ધીમેથી રાખજો. નહિતર ત્રણ લોકના નાથનો પણ ત્યાગ થઈ જશે. અધ્યાત્મ... શું કહેવાય એ? પંચસંગ્રહ. એમાં લખ્યું છે. શ્લોક છે. દીપચંદજીનો. વ્યવહારે વ્યવહાર છે એટલું. અને પૂજ્ય પણ વ્યવહારે કહેવાય. 'નિશ્ચયથી' એ બીજી ચીજ છે. નિશ્ચય અને વ્યવહાર બેયને અહીંયા સિદ્ધ કરવા છેને. સમજાણું કાંઈ? આહાહા! વાણી પણ પૂજ્ય છે, એમ ન આવ્યું? પહેલામાં ના પાડી અને બીજીમાં હા પાડી. કઈ અપેક્ષાએ?

શ્રોતા : એમાં પાછું ... કાઢયું, એ તો જડ છે, જડને કેમ..?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ જડ છે, પણ સર્વજ્ઞ અનુસારિણી છે એમ કહ્યું. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મે એને અનુસરીને એટલે કે નિમિત્ત થઈને બહાર આવી છે. એમાં–વાણીમાં નિમિત્તપણું ભગવાનનું જ્ઞાન છે. આહાહા!

શ્રોતા : ભગવાનનું જ્ઞાન જડમાં કયાં છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આવ્યું છે કયાં? કોણે કહ્યું? નિમિત્ત કહ્યુંને. દેવીલાલજી! એવો માર્ગ છે ભગવાન! આહા! એ પાટણીજી! જુઓ! એમાં છે, સર્વજ્ઞ અનુસારિણી. અનુસારિણી એટલે નિમિત્તને અનુસારિણી એટલું. કંઈ સર્વજ્ઞના ભાવ વાણીમાં આવ્યા છે? વાણીમાં તો વાણીના જડના ભાવ છે. પણ ઓલો વ્યવહાર કહેવો છે ને.

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : જ્ઞાન વાણીમાં શું આવે? વાણી તો જડ છે. જડના દ્રવ્ય, ગુણ, પર્યાય જડ છે. એમાં ચૈતન્યનો અંશ ક્યાંથી આવ્યો? આ તો એ વાણીના પરિણમનને કાળે સર્વજ્ઞનું જ્ઞાન નિમિત્ત છે એટલું લઈને, નિમિત્ત અનુસારિણી છે એમ કહેવામાં આવે છે. આહા! આ તો વાત... વચન પણ કથંચિત્ વસ્તુ કહેતાં છે ને? કહી શકે છે વાણી. સર્વથા અવ્યક્તવ્ય છે એવું કયાં હોય? ભગવાન આત્મા તો વિકલ્પ રહિત, વાણી રહિત છે. પણ તે કાળે સર્વજ્ઞ પરમાત્મા આત્મા થયો, જે સર્વજ્ઞસ્વભાવ આત્મામાં હતો એને ઘોળીને અંદરમાંથી સર્વજ્ઞપણું પર્યાય અંતરમાંથી પ્રગટ કરી, હવે એને વાણી એ કાળે નીકળી એ વાણી એવી જ હોય. એ વાણીમાં સ્વ-પરપ્રકાશક કહેવાની તાકાત છે. સ્વ-પર જાણવાની તાકાત નથી. તાકાત છે. કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન કેવું હોય એને કહેવાની વાણીમાં તાકાત છે, એમ કહે છે. એય!

શ્રોતા : એ પણ ઉપાદેય કહે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વ્યવહારે ઉપાદેય કીધી. નિશ્ચયે કયાં છે? સર્વજ્ઞ કેવા હોય, સિદ્ધ કેવા હોય એવું વાણીમાં કહેવાની તાકાત છે. છતાં એ સિદ્ધરૂપ અને કેવળજ્ઞાનનું રૂપ વાણીમાં નથી આવ્યું કાંઈ. સમજાણું કાંઈ? આહાહા!

એ અહીં કહે છે. જુઓને! તેથી લીધુંને? ખુલાસો કર્યો છે, પંડિતજીએ નાંખ્યું છે. **યથોચિત્ શુદ્ધતા સહિત** એટલે સોનાવાળો પથરો–સુવર્ણપાષાણ, જેમાં સારું સુવર્ણ નીકળે એ હોં. નહિતર આ ગીરનારના પથરા છે એમાં સોનું છે. પણ એ સુવર્ણપાષાણ શું (કામનો)? સો રૂપિયાનો ખર્ચ કરે ત્યારે સાંઈઠ રૂપિયાનું સોનું નીકળે. એ સોનું શું? ઓલામાં તો સોનું આમ તદ્દન જુદું પડે. પથરો અને સોનું બે જુદા પડી જાય એવો સુવર્ણપાષાણ. છેને મોટી ખાણ? સુવર્ણની ખાણ હોય છેને? જેઠાભાઈ એ હતા ને? સોનાના પથરા લાવીને ઓગાળતા. જેઠાલાલ સંઘવી, મુંબઈ. બોટાદવાળા. એને એ સોનાનો ધંધો હતો. સુવર્ણના પથરા લાવે એને ઓગાળતા, સુવર્ણને જુદા પાડતાં. એમ નિશ્ચય ભગવાન આત્મા શુદ્ધ આનદનું ધામ એનું જેને ભાન.. એનું જેને ભાન, એમાં જેની સ્થિરતાની શુદ્ધતા અને એની સાથે રાગનો ભાગ વ્યવહાર પ્રત્યાખ્યાન, એ સુવર્ણપાષાણ છે. ઓલો રાગ છે એ પથ્થર જેવો છે અને આ શુદ્ધતા તે સુવર્ણ જેવી છે. એક પર્યાયના બે ભાગ બધા લીધા. આહાહા! સમજાણું કાંઈ? પણ અંધપાષાણ જેમાં સોનું જ નથી, એમ જેમાં શુદ્ધતા, આત્મા પવિત્ર ભગવાન, એનું જેને ભાન, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નથી એવી શુદ્ધતા વિનાના ત્યાગનો ભાવ આંધળો પથરો છે. શેઠ! આ સમજવાની દરકાર જ કરી નથી. હો ને હા..

શ્રોતા : દરકાર તો બહુ કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી : રળવાની. ધૂળ ભેગી કરવાની કરી હતી. એ પણ પુણ્યને લઈને મળી છે. એ કંઈ તમારા પુરુષાર્થથી મળી નથી. તમારો પુરુષાર્થ તો રાગનો હતો. એ શેઠ! રાગ કર્યો હતો તમે. પૂર્વના પુણ્ય હતા એટલે ગોઠવાઈ ગયું, આવ્યું. ધૂળ દેખાણી, બંગલા દેખાણા. દેખાણા હોં. પણ દેખાણા ત્યાં કહે મારા.

અહીં કહે છે કે જેને અંતરમાં રાગ અને પરવસ્તુની મારાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે અને આત્મા પૂર્ણ આનંદકંદ છે એવી બુદ્ધિ અને એવું જ્ઞાન જેને થયું છે, એવી શુદ્ધતાવાળાનો ભાવ તે તો સાચું પ્રત્યાખ્યાન છે અને એમાં ચાર આહાર આદિનો ત્યાગ યોગ્યતા પ્રમાણે એવો વિકલ્પ છે એ વ્યવહારત્યાગ કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા! હોય છે ખરુંને? મુનિને હંમેશા આહાર કર્યા પછી ચાર આહારનો ત્યાગ કરી દે ચોવીસ કલાક કે અડતાલીસ કલાક. એ તો વ્યયવહાર થયો, એ તો પરલક્ષી વિકલ્પ છે. અંદર શુદ્ધતા.. વસ્તુ જે અંતર છે એના અંતર્મુખમાં જઈને જેણે, પાતાળમાંથી દરિયામાંથી મોતી લાવ્યા એમ શુદ્ધતા પ્રગટ કરી છે. આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ એટલે ચારિત્ર શુદ્ધતા પ્રગટ કરી છે. એ સાચું ચારિત્ર અને સાચો ધર્મ. પણ એની સાથે, એવા શુદ્ધતાવાળાને પૂર્ણ શુદ્ધતા નથી એથી વ્યવહાર ત્યાગનો વિકલ્પ ઉઠે છે એને વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. કહો, પંડિતજી! આહા!

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : કારણ નહિ. કારણ-ફારણ નહિ. છે એટલી વાત છે. કારણ-ફારણ નહિ.

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, નથી એમાં. નિશ્ચય પ્રત્યાખ્યાનનું કારણ આ એક જ છે. નિશ્ચયની વાત છે. વ્યવહાર કારણ છે એ વાતમાં એમાં છે જ નહિ. શું કીધું? **શુદ્ધતા સહિત સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ...** એ નિશ્ચય પ્રત્યાખ્યાન એની વાત છે. સંસાર અને શરીર સંબંધી ભોગનો ત્યાગ એ વ્યવહાર અને આ નિશ્ચય, એમ નહિ. ભાઈ! એણે એ ખુલાસો કર્યો. એ નહીં. અહીં તો સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં રમણતા આવી એટલે રાગથી નિવૃત્તિ થઈ ગઈ, એમ. વ્યવહાર-ફ્યવહારની વાત અહીં ક્યાંય નથી.

શ્રોતા : નિર્વેગતા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ બાજુથી ખસી ગયો છે, આ બાજુ આવી ગયો છે, બસ એટલું. એ બેય નિશ્ચય છે.

શ્રોતા : નિશ્ચય-વ્યવહાર.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વ્યવહાર નહિ. એ બે થઈને એક નિશ્ચય છે.

શ્રોતા : એક નાસ્તિ છે, એક અસ્તિ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એમ. શુદ્ધતાની દશાનું પરિણમવું, અશુદ્ધતાનો અભાવ થવો. એ પણ એક જ નિશ્ચય છે. સમજાણું કાંઈ? આરે, ભારે વાત! ધર્મની વાતું...

શ્રોતા : શુદ્ધતા ઉપર ભાર છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શુદ્ધતા ઉપર ભાર છે. હાં.

શ્રોતા : મહારાજ! સમંતભદ્રાચાર્યે કહ્યું, સંસાર, શરીર, ભોગ નિર્વેગ.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એ તો છે ને. એ તો એનું સ્વરૂપ છે. આ બાજુ વેગ છે તો આ બાજુ વેગ નથી, બસ. એનો અર્થ એ. સ્વભાવ સન્મુખનો વેગ છે તો વિકાર સન્મુખનો વેગ નથી. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન આત્માની પાટે ચડી ગયેલી દૃષ્ટિ એટલે રાગને પાટેથી ખસી ગઈ છે. આહા! એ તો નિશ્ચય છે, સત્ય છે, એ સાચું ચારિત્ર છે, સાચો મોક્ષનો માર્ગ છે. એવા સાચા મોક્ષમાર્ગ સહિત રાગની મંદતાનો ભાવ વ્યવહાર હોય, એને વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારચારિત્ર, વ્યવહારત્યાગ કહેવામાં આવે છે. બેનું જ્ઞાન કરાવ્યું છેને. સમજાણું કાંઈ? જેમ જ્યાં હોય તેમ ત્યાં જાણવું. ખેંચાતાણ કરે તો એ કંઈ વસ્તુ (નથી). આહાહા!

**અને ભવિષ્ય કાળે થનારા...** આ પચખાણ છે ખરુંને. **ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...** દેખો! નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ અને આ પરમાર્થ પ્રત્યાખ્યાન અસ્તિ એકલું લીધું. **ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વષાદિ વિવિધ ભાવોનો પરિહાર તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે અથવા...** એનો ને એનો વિસ્તાર કરે છે. એ ત્રણની વાત કરે છે એમાં. **અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પો–** પુણ્ય-પાપના વિકલ્પો, એનો **પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન છે**. ત્રણ પ્રકાર લીધા. વસ્તુ તો એની એ છે. નિશ્ચય પ્રત્યાખ્યાન કહો, પરમાર્થ પ્રત્યાખ્યાન કહો, શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન કહો. અંતર્જલ્પ વિકલ્પ ઉઠેને? વૃત્તિ. આ છોડું, આ મૂકું એવો વિકલ્પ–રાગ, એ રાગનો જ્યાં અંદર ત્યાગ અને સ્વરૂપની અંદરની સત્તાનું સાવધાનપણે પ્રગટ થવું. આહાહા! મોહના અભાવરૂપ સાવધાની. સમજાણું કાંઈ? એ તો મુનિરાજે વધારે ખુલાસો કર્યો. નિશ્ચય પ્રત્યાખ્યાન, પરમાર્થ પ્રત્યાખ્યાન, શુદ્ધ નિશ્ચય પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ?

**(હવે આ ૧૦૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**

આ (ગાથાની) ટીકા હતી.

**जयति सतत प्रत्याख्यानं जिनेन्द्रमतोद्भवं**
**परमयमिनामेतन्निर्वाणसौख्यकरं परम्।**
**सहजसमतादेवी सत्कर्णभूषणमुच्चकैः**
**मुनिप शृणु ते दीक्षाकान्तातियौवनकारणम्।।१४२।।**

શ્લોકાર્થ : **હે મુનિવર! સાંભળ**. જુઓ! મુનિ મુનિને કહે છે. **હે મુનિવર! સાંભળ. જિનેંદ્રના મતમાં...** જેને સર્વજ્ઞપણું પ્રગટ થયું છે, ત્રણ કાળ ત્રણ લોક જેને જાણવામાં આવ્યા છે અને જેણે રાગ ને અજ્ઞાનને જીતી લીધા છે, એવા જે પરમાત્મા જિનેન્દ્ર, એના મતમાં–એવા સર્વજ્ઞ પરમેશ્વર એના અભિપ્રાયમાં **ઉત્પન્ન થતું પ્રત્યાખ્યાન સતત જયવંત છે**. આહાહા! સતત જયવંત છે. આહાહા! જુઓ! સમ્યગ્દર્શન જયવંત વર્તે છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની અંદર ભાનમાં પ્રતીતિ જયવંત છે, એમ સ્વરૂપને આશ્રયે થયેલી સ્થિરતા વર્તે છે, કહે છે, જયવંત છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને.

વીતરાગ પરમેશ્વર જેને રાગ વીત્યા છે–જીત્યા છે–ટળી ગયા છે એટલે કે નિર્દોષ પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ દશા જેને પ્રગટ થઈ છે. એવું જીવનું-આત્માનું સ્વરૂપ છે. જેવું સ્વરૂપ છે તેવું પ્રગટ્યું એમના મતમાં (એટલે કે) એમણે જાણેલા, જોયેલાના અભિપ્રાયમાં ઉત્પન્ન થતું... આહાહા! એટલે કે વીતરાગે કહ્યું એવા આત્માના સ્વરૂપનું જેણે આનંદના ભાનમાં આવીને સ્વરૂપની લીનતા પ્રગટ કરી એ પ્રત્યાખ્યાન સતત સતત–નિરંતર ચારિત્રની વીતરાગતા વર્તે છે, કહે છે. આહાહા! મુનિ પોતાથી વાત કરે છે. ખબર પડે છે એમ કહે છે. સમ્યગ્દર્શન વર્તે છે,

સમ્યગ્જ્ઞાન વર્તે છે, સમ્યક્ચારિત્ર વર્તે છે—એમ ખબર પડે છે કે કેવળી જાણે? પંડિતજી! કેટલાક અત્યારે કહે છે ને?

શ્રોતા : મીઠાઈ ખાવેગા તો મુંહ મીઠા હોગા હી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હોગા. એની ખબર ન પડે એને? એની ખબર ન પડે કે મોઢું ગળ્યું થયું છે? કે કો'કને ખબર પડે? મુનિરાજ જરી ગંભીરતાથી વાત કરે છે. ભાવલિંગી સંત જંગલમાં રહેનારા, દ્રવ્યે નગ્નદશા, જંગલમાં વસનારા સંતો સાચા. આહા! જેણે જન્મને સફળ કર્યા, જેણે અવતારમાં અવતાર રહિત દશા પ્રગટ કરી, જેણે ભવમાં ભવના અભાવની દશા પ્રગટ કરી. કહે છે કે જયવંત છે–એમ કહે છે. અમારી પાસે એ ભાવ વર્તે છે, ભાઈ! આહાહા! સમયે સમયનું... અમે પૂર્ણાનંદના નાથ આત્મા, એની અંતરમાં રમતાં–રમતું કરતાં જે સ્થિરતા વર્તે છે નિશ્ચય ચારિત્રની, નિશ્ચય પ્રત્યાખ્યાનની, એ જયવંત છે. સમજાણું કાંઈ? ઘરમાં મૂડી કેટલી હોય એ એને લક્ષમાં હોય કે નહિ? શેઠ! ઘરમાં કેટલી મૂડી છે? પચાસ-સાંઈઠ લાખ (હોય), ભલે કરોડપતિ કહે. બેય શેઠિયાને તમને ત્યાં કરોડપતિ કહે છે. ઓલું શું કહેવાય તમારું? બુંદેલખંડ. પછી ભલે કરોડ ન હોય. સાંઈઠ-સીત્તેર લાખ (હોય), પણ એ બે જણા જાણે. બીજા કોણ જાણે? પણ બહારના તો એમ કહેને ઝાઝું દેખીને.

શ્રોતા : આપની પાસે તો બધી વાત આવી જાય છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કો'ક કહે છે. અહીં કોણે સાંભળે છે? કો'ક વાતું કરે. આમ કહેવાય. આટલા પૈસા છે. કરોડપતિ કહેવાય (પછી) ગમે એટલા ઓછા હોય. પણ બધા કરોડપતિ (કહે છે). પચાસ લાખ ઉપર હોય એ કરોડપતિ કહેવાય. એમ માણસો વાતું કરે.

શ્રોતા : લોકોને ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ કાંઈક અનુમાન કરનારા તો કેટલાક હોયને. બધા કાંઈ ગાંડા હોય? બધાને ઉડાડી દે છે. સમજાણું? એક વખતે ભાઈની વાત નહોતી કરી? મોહનભાઈની. મોહન ઘીયા. મોહન ઘીયાને કહે, ધીયાજી! તમને કરોડપતિ લોકો કહે છે. ઘણા વર્ષની વાત છે ઘણા વર્ષની. આ મોહનલાલ ઘીયા અત્યારે છે ને? રાજકોટમાં રતિભાઈ ને... કરોડપતિ માણસ છે. કરોડપતિ કહે છે, પણ એંસી લાખ છે. કરોડપતિ મને કહેતા હશે. આ તો ઘણા વર્ષની વાત છે હોં. પંદર-વીસ વર્ષ થઈ ગયા. અહીં આવ્યા હતા. ..... લોકો એવું કાંઈક સાંભળીને કહેવા આવે કે આમ કહેતા હતા. આમ વાત ચાલતી હતી ત્યાં. અહીં કયાં ઘરે જોવા ગયા હતા?

અહીં કહે છે, આહાહા! ધન્ય રે ધન્ય! મુનિરાજને ચારિત્ર વર્તે છે એવું એને સાક્ષાત્ ભાન હોય છે. આહાહા! મુનિપણું એટલે શું! મોક્ષનો સાક્ષાત્ માર્ગ. એ તો અંતરના આનંદમાં રમતુંમાં રમતો હોય છે. અતીન્દ્રિય આનંદના જે ઘૂંટડા પીતો હોય છે. આહાહા! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ જ્યારે કોઈ-કોઈ વાર ધ્યાનમાં અતીન્દ્રિય આનંદ વિશેષ પીતો હોય છે, તો આ તો મુનિ! આહાહા! ધન્ય રે અવતાર! જેણે મોક્ષને નજીક કર્યા, સંસારને પૂંઠ દીધી–ખસી

ગયા. આ બાજુ આવી ગયા. મુક્તસ્વરૂપ ભગવાનના પડખે ચડી ગયો છે. આહાહા! એમ કહે છે. ભગવાનના માર્ગમાં વર્તમાનમાં ચારિત્ર જયવંત વર્તે છે, એમ કહે છે. આહાહા! કહો, પૂનમચંદજી! આ દ્રવ્યલિંગી છે કે ભાવલિંગી ભગવાન જાણે કે પોતે જાણે?

શ્રોતા : ભાવલિંગી હોય એ પોતે જાણે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ દ્રવ્યલિંગીને તો ભાવ જ કયાં છે? ઠીક ભાઈએ ઉતાર્યું... નથી જાણતા. છે નહિ ને નથી જાણતા માટે એ તો એમ જ કહેને. એમ કહે છે. આહાહા!

ભાઈ! અરે મુનિ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જેણે પૂર્ણ પ્રત્યક્ષ આત્મા કર્યો... આહાહા! આત્માની ભવિષ્યની દશા સમય-સમયની કેવળજ્ઞાનની થવાની હતી એ પણ જેણે વર્તમાન પ્રગટ કરી નાખી. સમકિતીને ત્રિકાળ આત્માનું જ્ઞાન છે. તો એનો અર્થ એ કે ભવિષ્યમાં જે કેવળજ્ઞાન સાદિ-અનંત પર્યાયો થવાની છે એ એની પ્રતીતિમાં આવી ગઈ છે, આખો આત્મા પ્રતીત કરતાં. સમજાણું કાંઈ? શું કીધું એ? આત્મા માન્યોને? આત્મા ત્રિકાળી માન્યોને? તો ત્રિકાળી આત્મા એટલે ભવિષ્યમાં કેવળજ્ઞાન તો છે, છે ને છે. એ કેવળજ્ઞાન સહિતની પર્યાયવાળો જે આત્મા સાદિ-અનંત અને મોક્ષમાર્ગની પર્યાયવાળો સાદિ-સાંત અને અજ્ઞાનથી અનાદિ-અંત, એવા આખા બધાને જાણી લીધો. સમજાણું કાંઈ?

શ્રોતા : અનુભવ બધાને ન હોય, જ્ઞાન છે એટલું..

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધું. પરોક્ષપ્રમાણ પણ જ્ઞાન છે ને? અનુમાન એ પ્રમાણજ્ઞાન છે કે જૂઠું જ્ઞાન છે? આહાહા!

અહીં તો વર્તમાનનું જોર બતાવે છે ને. એમાં તો ત્રિકાળ આખો આત્મા આવી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા માનવો એટલે? આત્મા તો ત્રિકાળી ધ્રુવ છે, પણ હવે એની પર્યાયો જે ભવિષ્યની સાદિ-અનંત છે, કેવળજ્ઞાનની પર્યાય થવાની અને સાદિ-અનંત રહેવાની. આ તો અનંતમા ભાગની છે. અજ્ઞાનદશાની પર્યાય તો અનંતમા ભાગની અનાદિ-અંત છે. આ સાદિ-અનંત છે. આખો આત્મા જેણે ધ્રુવને પ્રતીતમાં લીધો એ બધી પર્યાયનો પિંડ એને પ્રતીતમાં આવી ગયો છે. આહાહા! એક આત્મા જાણતા... એ તો એમાં આવે છેને? ભાઈ! પ્રવચનસાર, નહિ? ૪૮-૪૯ ગાથા. એક આત્માને જાણતાં આ જાણે. આત્મા કોને કહેવો? બધું જાણે. ૪૮-૪૯ પ્રવચનસાર. આ તો ભાઈ બંસીધરજી હતા તે દિ' એ ગાથા ચાલતી હતી. શેઠ હતા હુકમચંદજી. બાપુ! મારગડા તારા જુદા ભાઈ! આહાહા! બધી પર્યાયનો પિંડ તે ગુણ અને બધા ગુણનો પિંડ તે દ્રવ્ય. દ્રવ્યમાં દ્રવ્યનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એ શું નથી થઈ? શું એને બાકી રહ્યું? આહાહા! સમજાણું કાંઈ?

એમ અહીં મુનિરાજ કહે છે, અરે મુનિ! વીતરાગ પરમેશ્વરે જે જાણ્યું અને જોયું અને એમણે કહ્યું એવું એના મતમાં ઉત્પન્ન.. એના મતમાં ઉત્પન્ન થતું.. એમ કહે છે. આહાહા! શાંતિ અને સ્થિરતા, વીતરાગ તો આત્મા છે અને વીતરાગે કહ્યો એવો છે. એમાં આ નિશ્ચય

પ્રત્યાખ્યાન ઉત્પન્ન થાય છે. આહાહા! ગજબ વાતું કરી છે! **તે પ્રત્યાખ્યાન પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે...** આહાહા! આત્મા શુદ્ધ સચેતન પ્રભુ, સચેતન એકલો જ્ઞાયકનો પિંડ પ્રભુ, એ તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની તાકાતવાળું બધું તત્ત્વ આખું. એવું જેણે વીતરાગમાર્ગમાંથી જાણીને, જોઈને ભાવ કાઢયો છે, એ નિશ્ચય પ્રત્યાખ્યાન **પરમ સંયમીઓને ઉત્કૃષ્ટપણે નિર્વાણસુખનું કરનારું છે...** મોક્ષનો કરનાર આ છે. સ્વરૂપની અંતરમાં રમણતા ચારિત્રની એ મોક્ષનું કારણ છે. વ્યવહાર વચમાં હો, એ તો કહ્યું વચમાં, પણ એ કંઈ મોક્ષનું કારણ નથી. આહાહા!

કહે છે, **સહજ સમતાદેવીના સુંદર કર્ણનું મહા આભૂષણ છે...** આહાહા! જે વીતરાગતા, નિર્દોષતા સમતા પ્રગટ થઈ છે, એનું સુંદર કર્ણનું મહા આભૂષણ પ્રત્યાખ્યાન છે અને **તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રી...** દીક્ષા એટલે વીતરાગતા પ્રગટ થઈ તે. દીક્ષા અને પ્રવજ્યા બે નામ ભેગા પડયા છેને? નહિ પાછળ? સમયસાર. દીક્ષા, પ્રવજ્યા બધા બોલ છે. એ બોલમાં આવે છે. દીક્ષા કહો કે આત્માની શાંતિની સ્થિરતા એ દીક્ષા. દીક્ષા (એટલે) લૂગડાં કેરવીને બેસે ને થઈ ગઈ દીક્ષા (એમ નથી).

શ્રોતા : બે પ્રકારે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ હો જગતને, પણ વસ્તુ આ છે.

**સમતાદેવીના સુંદર કર્ણ..** સુંદર કર્ણ. કર્ણ-કાન, એમ પાછું. એનું આભૂષણ. **તારી દીક્ષારૂપી પ્રિય સ્ત્રીના અતિશય યૌવનનું કારણ છે**. આહાહા! શું કહે છે? યૌવનમાં જેમ શરીરની પુષ્ટતા હોય, એમ નિશ્ચયપ્રત્યાખ્યાન, નિશ્ચય–સાચી વીતરાગપરિણતિ એ દીક્ષારૂપી પ્રિય સ્ત્રીનું અતિશય યૌવન–જુવાનદશાનું કારણ છે. ભાષા પણ કેવી! અતીન્દ્રિય આનંદનો જ્યાં પ્રકાશ થઈને અતીન્દ્રિય આનંદ વર્તે છે એવી જે દીક્ષા, એમાં રાગના અભાવરૂપ અને શુદ્ધતાની સમતારૂપી સ્થિરતા, એ દીક્ષાની યૌવનવયની પુષ્ટીનું કારણ છે. અતિશય યૌવનનું કારણ છે. આહાહા! એ ૧૦૫ ગાથા થઈ, લ્યો.

શ્રોતા : .. કેવળજ્ઞાનનું કારણ છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા. આ તો ચારિત્રની પુષ્ટિ યૌવનદશા છે, એમ. નિશ્ચય પ્રત્યાખ્યાન એ ચારિત્રની યૌવનદશા છે, ચારિત્રની પુષ્ટદશા છે. લસ–પુષ્ટ થાય છે. નિશ્ચયપ્રત્યાખ્યાનથી ચારિત્ર લસ–પુષ્ટ થાય છે. આહાહા! છે તો એનો એ ભાવ, પણ બતાવે છે ને. ૧૦૬ ગાથા. આ પ્રત્યાખ્યાનની છેલ્લી ગાથા છે.

**एवं भेदब्भासं जो कुव्वइ जीवकम्मणो णिच्चं।**
**पच्चक्खाणं सक्कदि धरिदुं सो संजदो णियमा॥ १०६॥**
**જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,**
**તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.**

**ટીકા : આ, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારના ઉપસંહારનું કથન છે**. પૂરું છે આ. આ ગાથા.. પ્રતિક્રમણની વ્યાખ્યા આવી ગઈ, પ્રત્યાખ્યાનની (આવી), પછી આલોચના. વર્તમાનની લેશે. ભવિષ્યનું પ્રત્યાખ્યાન છે ને? ગયા કાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રત્યાખ્યાન, વર્તમાનનો સંવર–આલોચન.

**શ્રીમદ્ અર્હંતના મુખારવિંદથી નીકળેલાં**... આહાહા! સ્વરૂપની લક્ષ્મીવાળા અર્હંત ભગવાન, જેને જ્ઞાનમાં કોઈ જગતની ચીજ રહસ્ય બાકી નથી. બધું રહસ્ય ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન સ્વરૂપની પ્રગટ દશામાં બધું ભાન આવી ગયું છે. એવા ભગવાન અર્હંત.. **અર્હંતના મુખારવિંદમાંથી નીકળેલા**... લ્યો! ભાષા આવી. મુખારવિંદમાંથી ઓમ ધ્વનિ નીકળે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર હોય એને વાણી આમ હોઠ ન હલે, કંઠ ધ્રુજે નહિ. આખા શરીરમાંથી ઓમ એવી ધ્વનિ ઉઠે. એને અહીંયાં 'મુખારવિંદમાંથી નીકળી' એમ કહે છે. મુખરૂપી અરવિંદ–કમળ. દુનિયામાં વ્યવહાર છેને એટલે ... નાખ્યું, વ્યવહારથી વાત કરી. નહિતર નીકળે તો આમ (આખા શરીરમાંથી). પૂર્ણ દશા સર્વજ્ઞસ પરમેશ્વર થયા, પરમાત્મા આત્મામાંથી પૂર્ણ શક્તિને પ્રગટ કરી. પરમાત્મા થાય એને આપણે બોલીએ એવી વાણી આમ ન હોય,.

શ્રોતા : શ્વેતાંબર તો એમ જ માને છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શ્વેતાંબર તો એક જ માને છે એટલું. એ તો બધું આવે છે. આ વાત આમ છે, એ સિવાય બીજું સમજી લેવું. આહાહા! શું થાય?

શ્રોતા : શ્વેતાંબરોની માન્યતા વિપરીત છે. મોઢેથી નીકળે છે (એમ કહે છે).

પૂજ્ય ગુરૂદેવશ્રી : બીજી છે. મોઢેથી વાત કરે બાયું સાથે, એવું કહે છે. એક બાઈ છે રાજાની દીકરી. તીર મારે છે ને ભગવાનને પ્રશ્ન કર્યા છે અને સીધા ઉત્તર આપ્યા છે. ભગવતીમાં આવે છે. શું નામ? ભૂલી ગયા. બાઈ આવે છે. તીર મારે છે.

શ્રોતા : મૃગાવતી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : મૃગાવતી.. બાઈનું નામ છે. ભગવતીમાં છે. ઘણા વર્ષ થઈ ગયાને હવે એને વાંચ્યાને. બાઈએ અઢાર પ્રશ્ન કર્યા છે. ભગવાનને પ્રશ્ન (કર્યા અને) ભગવાન સીધા જવાબ આપે છે.

અહીં તો તીર્થંકરની વાણી, એને સહજ ઓમ દિવ્યધ્વનિ નીકળે. કોઈ વખતે ઇન્દ્ર ને નરેન્દ્રો, ચક્રવર્તી, ગણધર આદિના પ્રશ્ન હોય તો ઓમ ધ્વનિ નીકળે. એવી સહજ દશા છે. ભગવાનના મુખમાંથી, એથી કહે છે, મુખારવિંદમાંથી નીકળેલ. પરમાગમ, એ વાણીને પરમાગમ કહીએ. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ પવિત્ર પરમાત્મદશા. દેહમાં રહ્યા છતાં જ્યાં અંતર પ્રગટ દશા થઈ અને વાણી નીકળી. એના **અર્થનો વિચાર કરવામાં સમર્થ**... અહીં તો કહેવું છે જરી બીજી વાત. એક તો પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ સિદ્ધ કર્યા, એની નીકળેલી વાણી એને પરમાગમ સિદ્ધ કર્યા અને **એવો જે પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળા અશુદ્ધ**

**અંતઃતત્ત્વ અને કર્મ-પુદ્ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે**... એ પરમાગમમાં એમ કહ્યું છે કે રાગને સ્વભાવથી ભેદ પાડ. રાગથી તારા સ્વભાવને ભેદ પાડ, એમ પરમાગમમાં કહ્યું છે. સમજાણું કાંઈ?

એક તો દેવ સિદ્ધ કર્યા (કે) પરમાત્મા કેવા હોય છે. એની વાણી કેવી નીકળે અને એ વાણીને પરમાગમ કહેવામાં આવે. અને એ પરમાગમમાં એમ કહેવામાં આવ્યું છે કે જેટલા વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધ એ (ભાવ)કર્મ (અને) ભગવાન આત્મા કર્મરહિત અકર્મસ્વરૂપ—એ બેની વચ્ચે ભેદ પાડ–બે જુદા પાડ. અભ્યાસ જુદા (પાડવાનો) કર. એને જુદા કરવાનો અભ્યાસ એ એનો ધર્મ. આહાહા! એક તો અનાદિથી માન્યા છે. પુણ્ય-પાપનો રાગ–વિકલ્પ, જે દયા, દાન, વ્રત એ તો રાગ છે. એને અને આત્માને એક માન્યા એ તો મિથ્યાત્વભાવ છે.

પરમાગમ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે **પરમ સંયમી અનાદિ બંધનરૂપ સંબંધવાળા**... જુઓ! ભાષા રાખી. ભેદ પાડવો છે, પણ બંધ સંબંધ છે એમ કહે છે. **અનાદિ બંધનરૂપ સંબંધવાળા અશુદ્ધ અંતતત્ત્વ** (એટલે) વિકારી પર્યાય, એમ. **અશુદ્ધ અંતતત્ત્વ અને કર્મ-પુદ્ગલ**... બે છે ને? એને બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ને? વિકારી પર્યાય અને કર્મનો ઉદય—બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શુદ્ધતા અને ધ્રુવને કાંઈ (નિમિત્ત-નૈમિત્તિક) સંબંધ નથી. શું કહ્યું સમજાણું કાંઈ? કર્મનો ઉદય જડ અને વિકારી પર્યાય—બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ **અનાદિ બંધનરૂપ સંબંધવાળા**... અશુદ્ધતત્ત્વ એટલે વિકારી પર્યાય અને પુદ્ગલ, એનો **ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે**... એનો ભેદ ભેદાભ્યાસના બળથી (કરે છે). એમ બે વાત છે. આહાહા! જુઓ! આ કરવાની ક્રિયા.

ભગવાન શુદ્ધસ્વરૂપ પવિત્ર... પર્યાય-અવસ્થામાં અશુદ્ધતા અને કર્મનો ઉદય—બેયને જે આમ સંબંધ છે એને છોડ હવે, કહે છે. પરથી છોડ એટલે અશુદ્ધતાની પર્યાયથી પણ જુદો પડી ગયો. એની સાથે બેને સંબધ હતો. શું કહ્યું? અશુદ્ધ અંતઃતત્ત્વ લીધું છે ને? બે ઠેકાણે પહેલાં આવી ગયું છે. પાનું ૮૧ અને પાનું ૧૫૫. અશુદ્ધ અંતતત્ત્વ. ભેદ અભ્યાસનો અધિકાર એક ઠેકાણે, એક ઠેકાણે અશુદ્ધ અંતઃતત્ત્વ (કહ્યું). કહેવું છે જરી એવું કે ભગવાન આત્મા તો શુદ્ધ અંતઃતત્ત્વ છે. પણ કર્મના ઉદયનો સંબંધ અશુદ્ધ વિકાર સાથે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એટલાને છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવની સાથે કર્મનો આ નિમિત્ત સંબંધ છે નહિ. એનો **ભેદ ભેદાભ્યાસના બળથી કરે**... આહાહા! એ રાગ અને નિમિત્ત—બેથી મારી ચીજ જુદી (છે) એમ અંતર્મુખમાં પરથી ખસીને સ્વભાવનો અભ્યાસ કરવો, એને ભેદજ્ઞાન (કહે છે) અને તે ધર્મની દશા પ્રગટ કરવાનું કારણ છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૨, રવિવાર, તા.૨૨-૮-૧૯૭૧**
**શ્લોક-૧૪૩-૧૪૪, ગાથા-૧૦૬, પ્રવચન નં. ૧૦૨**

આ નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. ૧૦૬ ગાથા. વચમાં થોડું બાકી છેને? **અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ-પુદ્ગલનો ભેદ...** જુઓ! આ શું કહે છે? કે પર્યાયમાં જે અશુદ્ધતા આત્મામાં છે એ અશુદ્ધ-આત્મા કહેવાય છે. ત્યાગનો–પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને? મિથ્યાત્વનો ત્યાગ, રાગનો ત્યાગ એ બધો એક જ પ્રકાર છે. આત્મામાં પર્યાયમાં–વર્તમાન હાલતમાં અશુદ્ધતા–મલિનતા જે છે અને કર્મનો ઉદય જે નિમિત્ત છે, બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? **અનાદિ બંધનરૂપ સંબંધવાળા...** વિકારી–અશુદ્ધ પર્યાય અને કર્મનું નિમિત્ત એના સંબંધવાળા **અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ પુદ્ગલનો...** ભેદ-બેની જુદાઈ. કર્મનો ઉદય છે એનાથી જુદાઈ છે. તો એનો અર્થ એ થઈ ગયો કે ઉદયમાં જોડાણ (છે એવી) અશુદ્ધ–વિકારી પર્યાય છે એનાથી જુદાઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : કોણ જુદા? શેનાથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આત્માની વિકારી પર્યાય અને કર્મનું નિમિત્ત—એ બે આત્માના સ્વભાવથી ભિન્ન-જુદા.

ફરીને. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વર્ણવ્યો છે. પરમ સંયમી ધર્માત્મા અનાદિ બંધનરૂપ સંબંધ... કોની સાથે? અશુદ્ધ આત્મા વિકારી પર્યાય અને કર્મનું નિમિત્ત, એનો એને સંબંધ છે. કર્મનું નિમિત્ત છે માટે અશુદ્ધતા છે એમ નહિ, પણ અશુદ્ધતા અને (કર્મ)નિમિત્તને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એને ભેદ દ્વારા... એટલે વિકારી પર્યાય અને નિમિત્ત બેય મારામાં નથી. કર્મના નિમિત્તથી લક્ષ છૂટતાં અશુદ્ધતાનું લક્ષ પણ ભેગું છૂટી જાય છે એમ કહે છે. ઝીણું છે થોડું. થોડું ઝીણું છે.

આત્મા તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ (છે એ) એની વાસ્તવિકતા. હવે એની પર્યાયમાં અશુદ્ધતા છે એને અહીંયા અશુદ્ધ અંતઃતત્ત્વ કહેવામાં આવ્યું છે. છે એ આસ્રવ ને વિકાર ને રાગ ને રોગ. રાગનો રોગ. પણ એને અશુદ્ધ અંતઃતત્વ કહ્યું. વસ્તુ એ શુદ્ધ અંતઃતત્ત્વ છે. સમજાય છે કાંઈ? શુદ્ધ અંતઃતત્ત્વ જે ચિદાનંદ આનંદસ્વરૂપ ભગવાન એ આત્મા. અને અશુદ્ધ અંતઃતત્ત્વ એ વિકારી પર્યાય. છે તો આસ્રવ, પણ એમાં એકતા છેને એથી એને અશુદ્ધ અંતઃતત્ત્વ કહેવામાં આવ્યું છે. એકતા માની છેને. નહિતર તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાનંદ ધામ અંતર્મુખનો વિષય એ તો પૂર્ણ શુદ્ધ છે. એમાં જે પર્યાયમાં અશુદ્ધતા, વિકાર, ભ્રમણા, રાગ-દ્વેષ એ દુઃખરૂપ છે એને અહીંયા અશુદ્ધ અંતઃતત્ત્વ કહ્યું છે, એ પર્યાયવાળા જીવને. સમજાણું કાંઈ? એને અને કર્મના

નિમિત્તને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નૈમિત્તિક વિકારી પર્યાય, નિમિત્ત કર્મનો ઉદય. બેનો સંબંધ એ વ્યવહાર છે. હું આત્મા શુદ્ધ અંતઃતત્ત્વ પૂર્ણ આનંદ, જ્ઞાન છું. એને અશુદ્ધ પર્યાય અને નિમિત્ત, બેનાથી ભેદ પાડીને ભેદાભ્યાસના બળથી–જુદા પાડવાના બળથી. સેઠી! આવો માર્ગ ભારે ઝીણો.

કર્મ-પુદ્‌ગલનો ભેદ, ભેદાભ્યાસના બળથી—એમ બે વાત. ભગવાન આત્મા તો શુદ્ધ આનંદ પવિત્રધામ ભગવાન આત્મા છે. પણ એની પર્યાયમાં જે અશુદ્ધતા છે એ નિમિત્તના સંબંધમાં થઈ છે. કર્મનું નિમિત્ત, એના સંબંધે સંસાર, વિકાર, ઉદયભાવ એ અશુદ્ધ અંતઃતત્ત્વ પર્યાય અને કર્મનું નિમિત્ત. બેને ભેદ–બેનો ભેદ કરવો. એટલે કે શુદ્ધ આત્મા પરમ આનંદ છું એના તરફ ઝુકતાં એ અશુદ્ધતા અને નિમિત્તનો ભેદ થઈ જાય છે. શેઠ! શેઠ છેને એ તમારા કરતાં બહુ ધ્યાન રાખે છે. બે ભાઈઓ છેને એમાંથી ભાગ મળી જશે, એમ? એવું નથી. આહાહા!

આ વસ્તુ પોતે ભગવાન આત્મા એ તો અતીન્દ્રિય આનંદની કાતળી છે. એને ચૂસવી જોઈએ. એના અતીન્દ્રિય આનંદમાં ઝુકાવથી અતીન્દ્રિય આનંદનો ચુસાવ–રસ આવે છે. એ દ્વારા (એટલે) એવું જે બેનું ભેદ-સ્વરૂપ એ દ્વારા ભેદાભ્યાસથી. રાગ અને નિમિત્તથી જુદો એમ અંતર્મુખના વલણથી. વીતરાગમાર્ગ એવી અલૌકિક ચીજ છે કે એને શુદ્ધ દ્રવ્યપણું બતાવે છે, પર્યાયમાં અશુદ્ધતા બતાવે છે અને એનું નિમિત્ત બતાવે છે. આવી ત્રણ ચીજો વીતરાગ સિવાય કયાંય હોય નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે (કહેલું) વસ્તુનું સ્વરૂપ જ આવું છે. બીજી રીતે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્માત્માએ શું કરવું? **અનાદિ બંધનરૂપ સંબંધ**... બંધનરૂપ સંબંધ... એવો અશુદ્ધ અંતઃતત્ત્વ. વિકારી ભાવ, ઉદયભાવ, દોષવાળો ભાવ, દુઃખરૂપ ભાવ એને કર્મપુદ્‌ગલ નિમિત્ત છે. એનો (બેનો) ભેદ (એટલે) બે જુદાં છે. એ ન્યાયે જુદાં છે ખરેખર તો. નિમિત્ત અને અશુદ્ધતા એ બે જુદાં છે. પણ બે જુદાં છે એની એકતા માની છે એટલે કહે છે કે એ **ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે**. અંતર્મુખ સ્વભાવ ચૈતન્ય એના તરક ઝુકતાં, એની સન્મુખ થતાં આ રાગ ને નિમિત્તનો ભેદ થઈ જાય છે. અને એ જાતના ભેદાભ્યાસના બળથી એનો ભેદ કરે છે. એમ કહે છેને? **ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે,** એમ કહ્યું. શું કીધું? અશુદ્ધ અંતઃતત્ત્વ વિકારી દશા એટલે અશુદ્ધ આત્મા. એટલે એમ કરીને એમ સિદ્ધ કરે છે કે પર્યાયમાં અશુદ્ધતા જીવે પોતે કરી છે. હતી એને ભેદ પાડવો છે, અહીં તો કહે છે. કરેલી છે અનાદિની, એનાથી ભેદ પાડીને ભેદાભ્યાસ કરવો છે. મુનિને કે સમ્યગ્દષ્ટિને. સમજાણું કાંઈ? બહુ ધીરજના માર્ગ છે.

એવો **અશુદ્ધ અંતઃતત્ત્વ**... વસ્તુસ્થિતિ બતાવે છે અહીં તો. વસ્તુ શુદ્ધ અંતઃતત્ત્વ છે અને પર્યાયમાં અશુદ્ધ અંતઃતત્ત્વ એ પોતે થયેલો છે અને એમાં નિમિત્ત એ (કર્મ) છે. એ બેનો અને

એ બેયથી જુદાનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે. ધર્મી એને જુદાઈના બળથી ભેદ પાડે છે. આહાહા! આવું પકડવું કઠણ. એવી વાત સિદ્ધ કરી છે. જ્યારે પ્રત્યાખ્યાન થાય કે મિથ્યાત્વનો ત્યાગ થાય ત્યારે એનો અર્થ એ થયો કે મિથ્યાત્વ અને રાગ એનામાં હતો. ખરું કે નહિ? પર્યાયમાં–અવસ્થામાં–દશામાં–હાલતમાં વિકાર હતો. તો વિકારનો ત્યાગ થાય. પરનો તો ત્યાગ છે જ. પરવસ્તુ તો કંઈ છે જ નહિ. પરનું લક્ષ કર્યું છે એટલો સંબંધ છે. અને લક્ષ કરીને પર્યાયમાં જે અશુદ્ધતા ઉત્પન્ન થઈ છે, એ અશુદ્ધ પર્યાય એટલે અંતઃતત્ત્વ અને કર્મ-પુદ્ગલ નિમિત્ત એનો **ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે**. અંતરના સ્વભાવની સન્મુખતા કરીને... એ નિમિત્ત અને અશુદ્ધતા તો ભેદ (-જુદાં) છે જ, પણ બેમાંથી પણ ભેદ પાડીને... આહાહા! ભગવાન આત્મા... કામ ભાઈ! મોટું છે આ. સમજાણું કાંઈ? એણે કોઈ દિ' કર્યું નથી, એને કેમ કરવું એની ખબર નથી.

બેની (એટલે) **અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ-પુદ્ગલ**... એમ શબ્દ પડયા છેને? એની જુદાઈ–એનો **ભેદ ભેદાભ્યાસના બળથી કરે છે**. એ રાગ અને નિમિત્ત એ હું નહિ. હું જ્ઞાયક ચિદાનંદ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મા ઈશ્વર પૂર્ણસ્વરૂપ હું છું. એમ પરથી ભેદ પાડવાનો અભ્યાસ કરતાં બે જુદા પડી જાય છે એમ કહે છે. જેઠાલાલભાઈ! આહાહા! ભેદજ્ઞાન.. ભેદજ્ઞાન કહે છે ને? મને ભેદજ્ઞાન બતાવો એમ બિચારા... કોઈ દિ' કરેલું નહિ, સાંભળેલું ન હોય. આહા! અરે! જીવને... એવું આવ્યું છે આમાં. બિચારા શું કરે? આ વાત.. આહા! ત્રણ લોકનો નાથ અનંતા અનંતા સિદ્ધોને સોડમાં રાખીને બેઠો એવો ભગવાન છે. આહાહા! સોડ સમજો છો? સોડ. અમારી કાઠિયાવાડી ભાષા છે. રજાઈ ઓઢેને? રજાઈ. શાલ ઓઢે છેને? શાલ. એને અહીંયા સોડ કહે છે. એમ ભગવાન આત્મા અનંતા સિદ્ધોને પોતાના પેટમાં–સોડમાં રાખ્યા છે. એવો ભગવાન આત્મા, એને અશુદ્ધતાની પર્યાય અને કર્મનું નિમિત્ત, નિમિત્ત તો જુદું છે હવે, બેનો સંબંધ પણ વ્યવહારે હતો. એ વ્યવહાર અભૂતાર્થ છે–જૂઠો, છે. સમજાણું કાંઈ?

માર્ગ તો આવો છે ભાઈ! સત્ય તો આવું છે. એને આકરું કહો, સહેલું કહો, મોંઘુ કહો, પણ છે તો આ. આ સિવાય બીજી રીતે કરવા જશે તો જન્મ-મરણ નહિ મટે અને એ પણ પોતાને માટે છે ને. આમાં કયાં કો'કને માટે આ છે. દુઃખ પણ પોતે ભોગવે છે. આહાહા! એકલો દુઃખ ભોગવે. એ આવી ગયું, (૧૦૧) ગાથા. એકલો દુઃખ ભોગવે છે. એકલો મરે અને એકલો જન્મે. આવ્યુંને ભાઈ પહેલું? આહાહા! કોણ પણ, તારું હતું કોણ કે તારામાં આવે ભેગો? આહાહા! તારામાં હતું તેં માન્યું હતું કે મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ તેં માન્યું હતું. આહાહા! એનાથી હવે જુદુ પડવું છે. એનું નામ ધર્મ છે. છે જુદું, પણ એણે (એક) માન્યું છે કે આ રાગ હું છું. એ તત્વ તો જુદું તત્ત્વ છે. રાગ, યા, દાન, વ્રત આદિના પરિણામ એ આસ્રવતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. કર્મનો ઉદય તો ભિન્ન તત્ત્વ છે જ. એ તો જડની પર્યાય છે. અહીં તો બેનો સંબંધ કહીને હવે એનાથી

જુદું પાડવું છે. સંબંધ જેણે જોડયો, તે સંબંધ તોડે. ભાઈ! આ તો તારા ઘરની હિતની વાત છે. મોંઘી લાગે કે ન લાગે, પણ આ કર્યા વિના એનો કોઈ દિ' ચોરાશીના અવતાર, અરે ભાઈ! નહિ મટે. દુનિયા તો દુનિયા જોશે અને દુનિયા તો બહારની વાતના વખાણ પણ કરશે, એથી કાંઈ તારા દાળિયા થાય એવા નથી.

અહીં તો કહે છે, **સંબંધવાળા અશુદ્ધ અંતત્ત્વ અને કર્મપુદ્દગલનો ભેદ**–જુદાઈ **ભેદાભ્યાસના બળથી કરે છે**... એનો અર્થ એ કે સ્વસન્મુખતામાં આવે છે એટલે રાગ અને નિમિત્તનો ભેદ પડી જાય છે. આહાહા! આવું કામ છે. સમજાણું કાંઈ? **તે પરમ સંયમી**—પરમ ધર્માત્માને **નિશ્ચયપ્રત્યાખ્યાન તથા વ્યવહાર પ્રત્યાખ્યાનને સ્વીકૃત (-અંગીકૃત) કરે છે**. લ્યો. આવા ધર્માત્માને સ્વસન્મુખની પ્રગટેલી દશા એ નિશ્ચયપ્રત્યાખ્યાન છે અને વિકલ્પ ઉઠે જરી આ ચોવીસ કલાક, અડતાલીસ કલાક આહાર ન લઉં એ વ્યવહારપ્રત્યાખ્યાન. પણ એ આવા ધર્માત્માને નિશ્ચય અને વ્યવહાર હોય છે. એકલા આત્માના ભાન વિનાના ત્યાગ ને અપવાસ કર્યા ને આ કર્યા, એને વ્યવહાર ત્યાગ પણ નથી. લાંઘણું છે. બેય લીધું હોં. વાત સાધકની છે ને.

પંચમહાવ્રતનો હજી વિકલ્પ છે એ વ્યવહારત્યાગ કહેવાય, વ્યવહારપ્રત્યાખ્યાન. અંતરમાં રાગથી ભિન્ન પડીને ચૈતન્યના તળિયાં જેણે અંદરથી તપાસ્યા છે, ચૈતન્યના તળમાં તો અનંત આનંદ અને જ્ઞાન ભર્યું છે એવા તળમાં–તળિયામાં અંતરમાં જાય છે, એ દશાને નિશ્ચયત્યાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વાત, સાધારણ લાખો માણસ ભેગા થાય ને હો-હા થાય એવું આ નથી. એય મૂળચંદભાઈ! લાખો માણસમાં હો-હા થાય એવું નથી. ઓલો તો વ્યવહારમાં રાજી થઈ જાય. આહા.. આહા.. અપવાસ કર્યા, અઠ્ઠાઈ કરી, દસલક્ષણના દસ દિવસ કર્યા, વાહ.. વાહ..

શ્રોતા : અપવાસ કરવાવાળાના તો વરઘોડા નીકળે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વરઘોડા નીકળે. મરે એની ઠાઠડી નીકળે છે કે નહિ? એ વરઘોડો નથી? બાયું અને આદમી ભેગા થઈને નીકળે છે કે નહિ? કે એકલું મડદું જાય? અને એ વરઘોડો સાથે હોય. એ પણ વરઘોડો જ છેને, બીજું શું છે? જાનમાં પરણાવવા જાય અને મરવામાં બાળવા જાય, બીજું શું છે? વાજાં વગાડે. અમારે પાલેજમાં તો, એક ભંગીયો હોય છે, એની પાસે મોટું ભુંગળું હોય, ભુંગળું. મરે ત્યારે એ ભુંગળુ લઈને આવે. મોટું ભુંગળું આવું મોટું ભુંગળું. ભંગીયો હોય ભંગીયો. ભંગી સમજો છોને? હરિજન નહિ. હરિજન તો ઢેઢ, આ તો ભંગી. એથી હલકા કહેવાય. એમાં પણ બે જાત છે. વિષ્ટા ને પાયખાના સાફ કરે એ ભંગી કહેવાય. હરિજન તો એનાથી ઓલા કહેવાય. સૂતરના કામ કરે.. એ ભંગીનું ઘર છે ત્યાં. દિશાએ જઈએ ત્યાં બહાર ઘર છે. એ મરે એટલે મોટું ભુંગળું લઈને આવે. ભું.. ભું.. કરતો

મડદાંની મોઢા આગળ ચાલે. એ વાજું છે. પરણવા જાય ત્યારે ઓલા બેંડવાજા વગાડે. બધી એકની એક જાત છે. શું છે પણ? આહાહા!

અહીં કહે છે, મુનિરાજે એવી શૈલી લીધી કે રાગથી અને નિમિત્તથી..., નિમિત્તથી તો જુદો જ છે, પણ રાગ અને નિમિત્તને સંબંધ હતો એ સંબંધ તોડયો. સ્વભાવ સાથે સંબંધ કરતાં રાગના સંબંધનો અંદર ભેદ પડી ગયો. એ ભેદના અભ્યાસ દ્વારા અંતર્મુખ દૃષ્ટિ થઈ અને જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટી એ તો સત્ય સ્વરૂપ, સત્ય ત્યાગ, સત્ય પ્રત્યાખ્યાન. એમાં હજી અધુરો છે એટલે વિકલ્પ આવે કે ત્યાગ કરું.. આ કરું.. આ કરું. એ વિકલ્પને 'વ્યવહાર અંગીકાર કરે છે' એમ કહેવામાં આવે છે. વ્યવહારે આદરે છે, એમ.

**આ નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ નવ શ્લોક કહે છે :-** એકના નવ. ૯ અફર આંકડો છેને. આગળ ૯ લેશે. આલોચનામાં ૯ લેશે. એક ૬ લેશે અને એક ૯ લેશે. આહા! ૧૪૩. માથે કળશ છે ને?

**भाविकालभवभावनिवृत्तः**
**सोहमित्यनुदिनं मुनिनाथः।**
**भावयेदखिलसौख्यनिधानं**
**स्वस्वरूपममलं मलमुक्त्यै १४३॥**

આહાહા! અરે! મુનિઓએ તો કામ કર્યા છેને! ગજબ કર્યા છે! દિગંબર મુનિઓ એ તો કેવળજ્ઞાનના કેડાયતો છે, કેવળજ્ઞાનને થંભાવી રાખ્યું છે. કેવળજ્ઞાન લઉં, કેવળજ્ઞાન લીધું કે લઉં એમ છે. એવી દશા છે. જુઓ! શું કહે છે?

**શ્લોકાર્થ** :- **જે ભાવિ કાળના ભવ-ભાવોથી**... ભવિષ્યના ભવના કારણો એવા વિકારી ભાવ **નિવૃત્ત છે તે હું છું**... આહાહા! સમ્યગ્દષ્ટિ પણ એમ જ છે. પ્રત્યાખ્યાન છે ખરુંને એટલે ભાવિ કાળ લીધો છે. પ્રતિક્રમણમાં ભૂતકાળ લે. સંવર–આલોચનામાં વર્તમાન લે. ભાવિ કાળના પણ વર્તમાનમાં, ભાવિકાળના ભવ-ભાવોથી નિવૃત્ત છું, એટલે અત્યારે હું નિવૃત્ત છું. આહાહા! મારા સ્વભાવમાં એ વિકારભાવ છે જ નહિ. ભૂતકાળ માટે કે ભાવિકાળ માટે કે વર્તમાનકાળ માટે. આલોચનામાં વર્તમાન આવશે. અહો! ચૈતન્યદરિયો એવો પવિત્રનો ધામ પ્રભુ! હું, એ હું. ભાવિ કાળના ભવના ભાવ–સંસારના ભાવ, પુણ્ય-પાપના વિકલ્પો, એનાથી નિવૃત્ત છે, તે આત્મા હું છું. આહાહા! સમજાણું કાંઈ? આમ ખબર પડતી હશે આ?

**નિવૃત્ત છે તે હું છું**... પર્યાયમાં વિકાર હતો અને એ વિકાર ભાવિકાળમાં ભવનું કારણ હતું. એનાથી હું નિવૃત્ત છું તે હું છું. આહાહા! **એમ મુનિશ્વરે**... ધર્માત્માએ **મળથી મુક્ત થવા માટે**... દેખો! ભાવિ ભવનો ભાવ તે મેલ છે. ચાહે તો સર્વાર્થસિદ્ધ સ્વર્ગમાં જવાનો ભાવ (હોય) એ પણ મેલ છે. એનાથી તો નિવૃત્ત છે તે હું. નિવૃત્ત છે તે હું. એ છે તે હું નહિ. શુભાશુભભાવ

છે તે હું નહિ. એનાથી નિવૃત્ત છે તે હું છું. ભારે કામ ભાઈ! અંતર્મુખ ઢળતાં, સ્વભાવ સન્મુખ ઢળતાં–વળતાં એ હું, એ તો ભાવિના ભવના ભાવથી રહિતવાળો તે હું છું. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. આ સત્ય જ આવું છે. એને આકરું કહેવું એ તો લોકની દુર્લભતા બતાવવા માટે. આકરું કહેતાં એ વસ્તુ એથી કોઈ બીજી જાત હોય એમ નથી. વાત તો આ છે.

ભગવાન! સત્યનું સ્વરૂપ તો આ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આમ જાહેર જગતમાં પ્રસિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? અરે! ભાવિ એટલે ભવિષ્યકાળ, એના જે ભવ, એનો ભાવ. ભવનો ભાવ એનાથી તો હું નિવૃત્ત છું. અત્યારે હું નિવૃત્ત છું. આહાહા! સમજાણું કાંઈ? એ તે કંઈ વાત છે? એ તો ભાવ છે. આ ભાવ પ્રગટ્યા વિના બધી વાતું થોથે-થોથાં છે. આહાહા! પછી પૂજા કરે ને ભક્તિ કરે ને જાત્રા કાઢે ને દસ-દસ લાખ, વીસ લાખ ખર્ચે ને મંદિર બનાવે લાખ, કરોડ ને અબજ—બધું થોથાં છે. હું એટલે આત્મા. અને એ આગળ કહેશે. અનંત-અનંત આનંદનો નાથ ભરેલો એવો હું ભાવિ ભવના ભાવથી નિવૃતેલ છે તે હું છું. આહાહા! વર્તમાનમાં એ ભાવ કરે છે કે હું આવો છું. અને ભાવિ માટે પણ હું આવો જ છું. આહાહા! ભારે આકરી વાત. આખો દિ' આ જુઓને! દસ દિવસ આવશે. પૂજા કરવી, ભક્તિ આખું સવારથી આ ષોડશકારણ ભાવતા... શું આવે છે?

શ્રોતા : દરશવિશુદ્ધિ ભાવના ભાય..

પૂજ્ય ગુરુદેવશ્રી : સોલહ તીર્થંકર પદ પાય. એ..ય રાજી રાજી થઈ જાય બધા. આહાહા! ષોડશકારણ ભાવના તો વિકલ્પ–રાગ છે. જે ભાવે તીર્થંકર(ગોત્ર) બંધાય એ રાગ છે, અપરાધ છે, નુકસાન છે. આહાહા! એ મૂળચંદભાઈ'!

શ્રોતા : તીર્થંકરપદને પ્રાપ્ત થાય..

પૂજ્ય ગુરુદેવશ્રી : તીર્થંકર એટલે શું? સમવસરણ મળે એ તીર્થંકર? એ તો જડનું થવું છે. એ તો પુણ્યપ્રકૃતિ છે અને જે ભાવે બંધાણી એ તો અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે, નહીં? મહારાજ! સમકિતી પણ જ્યારે તીર્થંકરગોત્ર બાંધે, તો એ ભાવ સમકિતીને જ હોય, તો એ શું છે? સમકિતથી બંધાય છે? ના. એ તો શુભોપયોગનો અપરાધ છે. સમજાણું કાંઈ? પહેલાં બતાવ્યું હતું. કેટલામી ગાથા? ૨૨૦. જુઓ!

'આ લોકમાં રત્નત્રયરૂપ ધર્મ નિર્વાણનું જ કારણ થાય છે, અન્ય ગતિનું નહિ, અને જે રત્નત્રયમાં પુણ્યનો આસ્રવ થાય છે, તે આ અપરાધ શુભોપયોગનો છે.' કહો, સમજાણું? તીર્થંકરની વાત છે હોં માથે. એ ૨૧૮ (ગાથા) છે.

**सति सम्यक्त्वचरित्रे तीर्थंकराहारबन्धकौ भवतः।**
**योगकषायौ नासति तत्पुनरस्मिन्नुदासीनम्।।२१८॥**

'જેમાં સમ્યક્ત્વ અને ચારિત્ર...' આનંદસ્વરૂપ ભગવાન આત્મા હોવા છતાં, એને 'તીર્થંકર અને આહારક પ્રકૃતિનો બંધ કરનાર યોગ અને કષાય થાય છે...' યોગ અને કષાય તીર્થંકરપ્રકૃતિના બંધનું કારણ છે. આહાહા! અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત વનવાસી (આ કહે છે). પુરુષાર્થસિદ્ધિ ઉપાય ૨૧૮ ગાથા. આહાહા! 'અને ન હોતાં, થતા નથી...' એટલે કે યોગ અને કષાય ન હોય તો તીર્થંકરગોત્ર બંધાતું નથી. 'તે સમ્યક્ત્વ અને ચારિત્ર વિના બંધના કર્તા યોગ અને કષાય થતા નથી...' સમ્યક્ અને ચારિત્ર હોય અને યોગ-કષાયથી કર્મ બંધાય એમ હોય નહિ. માટે સમ્યક્ અને ચારિત્ર હોય ત્યાં આવો કષાય હોય એનાથી તીર્થંકરગોત્ર બંધાય છે. તો એ 'આ બંધમાં ઉદાસીન છે.' એ સમ્યગ્દર્શન અને ચારિત્ર, જે ભાવથી તીર્થંકરપ્રકૃતિ બંધાય એ ભાવથી ઉદાસ છે. ત્યારે છે શું એ? એમ કહ્યું. એ અપરાધ છે. એ ૨૨૦ (ગાથા)માં અપરાધ કીધો. યોગ-કષાય એ અપરાધ છે. આહાહા! એ ભીખાભાઈ! તીર્થંકરપ્રકૃતિ પણ.. કહે છેને, મૂલચંદભાઈ (કહે), તીર્થંકરપ્રકૃતિ બંધાયને? તીર્થંકર થાયને? આહાહા! અને જે ભાવે તીર્થંકર(ગોત્ર) બંધાણું એ ભાવે કંઈ કેવળજ્ઞાન થાતું નથી. એ તો અપરાધ છે. એનો નાશ કરશે તે દિ' કેવળજ્ઞાન થાશે. સમજાણું કાંઈ? આવો માર્ગ! આહાહા! વીતરાગનો નિર્દોષ નિષ્કલંક માર્ગ. આહાહા!

પોતાનો સ્વભાવ જ તદ્દન શુદ્ધસ્વભાવ પવિત્ર છે. એના સ્વભાવના ભાન દ્વારા અને સ્થિરતા દ્વારા જ મુક્તિ થાય. એમાં આ વચ્ચે અપરાધ આવે. આહાહા! ઓલો રાજી રાજી થાય. ષોડશકારણ ભાવના ભાય, તીર્થંકર પદ પાય.. શું આવે છે ને? શું કીધું પછી? પરમગુરુ હોય.. એય શ્રીચંદજી! અમારે શ્રીચંદજી બહુ ગાય છે. આ દસ દિ' આવશેને? પરમગુરુ હોય.. એ બેઠા ત્યાં. પહેલા બહુ ગાતા, હવે ઓછું થઈ ગયું. અપવાસ-બપવાસ હોય. તીર્થંકરપદ પાય, પરમગુરુ હોય.. પરમગુરુ હોય. તીર્થંકરપ્રકૃતિથી પરમગુરુ થાતો હશે? અને જે ભાવ અપરાધ છે તેનાથી આત્મા પરમગુરુ થાતો હશે? એય શેઠ! લોકોની શ્રદ્ધામાં જ ભાન ન મળે કાંઈ.

અહીં તો ૨૨૦ (ગાથા)માં કીધું. 'शुभोपयोगोऽयमपराधः' મૂળચંદભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ શુભોપયોગનો અપરાધ છે. શુભોપયોગ પોતે અપરાધ છે. આહાહા! કાંઈ નિરપરાધ(ભાવ)થી બંધન થાય? પાટણીજી! (સંવત) ૧૯૮૫માં આ વાત સભામાં મૂકી હતી. ૧૯૮૫. સંપ્રદાયમાં હતાને ત્યારે? પોષ મહિનો હતો, પોષ. ૧૯૮૫. બોટાદ. ૧૫ ને ૨૭ = ૪૨ (વર્ષ) થયા. ત્યાં તો હજારો માણસ આવતું. લોકોને અમારા ઉપર બહુ પ્રેમ હતોને. ખીચોખીચ સભા. આ તો નાની અત્યારે છે. ઓલી તો મોટી સભા. ૩૦૦-૩૫૦ ઘર. ૧૦૦૦-૧૫૦૦ માણસ ખીચોખીચ (બેઠા હોય). માય નહિ એટલે બહાર બેસે. લોકોને બહુ માન હતુંને. પ્રિયતા બહુ હતી અમારા ઉપર. આ મુહપત્તી ફરી, મૂર્તિ આવી ત્યાં બધું ફરી ગયું. તે દિ' એમ કહ્યું હતું હોં સભામાં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ. ધર્મથી બંધ થાય એ વસ્તુ

હોઈ શકે નહિ. માટે ધર્મથી વિરૂદ્ધ તે પુણ્ય છે. બીજી રીતે કહો તો, કીધું, અધર્મ છે. ખળભળાટ થઈ ગયો. સભાને તો બધાને પ્રેમ હતોને.

એક વેષધારી બેઠા હતા જગજીવન. એય હરિભાઈ! જગજીવનને ઓળખોને? ક્યાં ગયા હરિભાઈ? જગજીવનજી હતા. એકલા બેઠા હતા. (કહ્યું), વોસરે.. વોસરે.. વોસરે-વોસરે એટલે આ શ્રદ્ધા અમારે જોતી નથી. ક્યાં છે પણ? મફતના ઉઠી ગયા સભામાંથી. સભાવાળાને કાંઈ ખબર પડી કે શું બોલ્યા? પણ મને ખબર પડી. સભા તો એક જ ધ્યાને મારું સાંભળતા હોય. એ તો ચાલ્યા ગયા. વ્યાખ્યાન પૂરું થયું પછી એકલા (હતા ત્યારે) કીધું, પણ શું કરવા ઉઠ્યા? ન બેસતું હોય તો બેસી રહેવું હતું. કોઈએ માન્યા તમને? શું કીધું એ સભાને ખબર છે? વોસરે-વોસરે કરીને ઉઠી ગયા.

આપણે આવે છેને વોસરે? નથી આવ્યું? આવી ગયું પ્રત્યાખ્યાનમાં. ત્યાગું છું, છોડું છું. વોસરે એટલે છોડું છું. આ શ્રદ્ધા છોડું છું. ક્યાં હતી પણ? મફતના શું કરવા ઉઠી ગયા? એના મોટા સાધુને–મૂળચંદજીને સારું લગાડવા. જુઓ! હું એ વખતે આવી સભામાં પણ (આવું બોલ્યો). કોઈ સભા સમજતી નથી કે તમે શું કીધું. મને ખબર છે કે આ શ્રદ્ધા તમારી વોસરે-વોસરે... ૧૯૮૫ની વાત છે શેઠ! ૧૫ ને ૨૭ = ૪૨ વર્ષ થયા. સંપ્રદાયમાં કહ્યું હતું હોં. આહાહા! માર્ગ આ છે. માર્ગ આ છે, કીધું. બે વાત કરી હતી. પંચમહાવ્રત તે આસ્રવ છે અને તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય તે ધર્મ નહિ, પણ અધર્મ છે. માનો-ન માનો, પણ માર્ગ આ છે. બાલચંદજી! તમારા સંપ્રદાયમાં રહીને કહ્યું હતું. આહાહા!

અહીં કહે છે, એમ ધર્માત્માએ **મળથી મુક્ત થવા માટે**... આહાહા! **પરિપૂર્ણ સૌખ્યના નિધાનભૂત**... આહાહા! પરિપૂર્ણ આનંદનું નિધાન એવું જે નિર્મળ નિજસ્વરૂપ, ભગવાન આત્મા પોતાનું–નિજ સ્વરૂપ પરિપૂર્ણ આનંદ, આહાહા! પરિપૂર્ણ સુખ, અનંત સુખ. પરિપૂર્ણ સુખનું નિધાન એવી મારી નિજની ખાણ. તે પણ **નિર્મળ નિજ સ્વરૂપ**... એને **પ્રતિદિન ભાવવું**. ધર્માત્માએ દિન-દિન પ્રત્યે આ ભાવના કરવી. હું પરમ આનંદનો ધામ, નિધાન એના તરફ ઝુકાવ કરવો, આનું નામ ધર્મ છે. કહો, શેઠ!

શ્રોતા : ભાવના ભાવવી તો આ રીતે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાવનાનો અર્થ કે આહીં એકાગ્રતા છે. ભાવના (એટલે) વિકલ્પ નહીં. કહે છે કે ધર્માત્માએ, 'હું છું' આવો તો નિર્ણય સ્થિરતામાં કર્યો છે. પણ મુક્ત થવા માટે વારંવાર પરિપૂર્ણ સુખનું ધામ નિધાન પ્રભુ... આહાહા! અલ્પ સુખ નહિ, દુઃખ તો નહિ જ. ભગવાન આત્મામાં દુઃખ તો નહિ જ, વિકાર તો નહિ જ, નિમિત્ત તો નહિ, પણ અલ્પસુખ પણ નહિ. ચૈતન્ય આનંદનો નાથ, જેનો સ્વભાવ આનંદ, એવા પરિપૂર્ણ સુખનું નિધાન, એવું નિજ નિર્મળ સ્વરૂપ, એની તરફ ઝુકાવ કરવો. આહાહા! લ્યો, જેઠાલાલભાઈ! હજી તો અહીં

જેઠાલાલભાઈને વાંધા ઓલા (કે) કર્મનું હોય તો વિકાર થાય, કર્મ હોય તો વિકાર થાય. કરો, ચર્ચા. આ કહે, હું એવું માનતો નથી. શું કહ્યું આ? જેને સુખી થવું હોય એણે શું કરવું? કે પરમ પરિપૂર્ણ આનંદનો નિધાન ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ પ્રગટ કર્યો અને આવો આત્મા છે. પરમ આનંદની મૂર્તિ પ્રભુ પરિપૂર્ણ આનંદ એવો જે આત્માનો સ્વભાવ–નિર્મળ નિજ સ્વરૂપ એવું આત્માનું, એમાં એકાગ્ર થવું એ સુખને પામવાનો રસ્તો છે. બાકી આ બધા દુઃખના પામવાના રસ્તા છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ૧૪૩ (શ્લોક પૂરો) થયો. ૧૪૪.

**घोरसंसूतिमहार्णवभास्व-**
**द्यानपात्रमिदमाह जिनेन्द्रः।**
**तत्त्वतः परमतत्वमजस्रं**
**भावयाम्यहमतो जितमोहः।।१४४।।**

શ્લોકાર્થ :- આહાહા! **ઘોર સંસારમહાર્ણવ**... ચાર ગતિમાં રખડવાનો મોટો દરિયો સંસાર મિથ્યાત્વભાવ. આહાહા! નરક ને, નિગોદ, કીડા ને કાગડા, કૂતરા ને કુંજર, હાથી એવા ભવો મહાસંસાર. **ઘોર સંસારમહાર્ણવ...** મોટો દરિયો છે કહે છે. આહાહા! એનું **આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે**... ચૈતન્ય ભગવાન આનંદનો નાથ, એ પરમ ઘોર સંસારને તરવા માટે નાવ સમાન છે. એ આત્મા નાવડી છે. એ બહારના સંયોગો તો દુઃખદાયકનું નિમિત્ત છે અને અંતરના સંકલ્પ-વિકલ્પો એ તો દુઃખની મૂર્તિ છે. આહાહા! સંકલ્પ ને વિકલ્પ, આ કરું ને તે કરું—એ બધી દુઃખની ખાણ છે, એકલી દુઃખની ખાણ છે. એવો મહાસમુદ્ર સંસાર એને તરવા માટે **આ (પરમ તત્ત્વ) દેદીપ્યમાન નાવ છે**... એ શોભિતી નાવ છે–શણગારેલી નાવ છે. કોણ? આત્મા. અનંત જ્ઞાન ને આનંદનો નાથ પ્રભુ જેમાં અતીન્દ્રિય આનંદ છે, પરિપૂર્ણ સુખથી ભરેલો આત્મા છે. એ આત્મા સંસારના ઘોર સંસારના ભવથી તરવા માટે નાવડી આત્મા છે. આહાહા!

'નાવ તરે રે મારી નાવ તરે...' એવું શ્વેતાંબરમાં આવે છે. એ વાત સાચી નથી પણ... એક અયવંતો રાજકુમાર હતો. નાની ઉંમરમાં દીક્ષા લીધેલી. શ્વેતાંબરમાં ભગવતીમાં આવે છે. વાત બધી ખોટી છે, પણ એ વાત એવી આવે છે. સાર કાઢવો છે. એ અયવંતો રાજકુમાર હતો. પછી નાની ઉંમરમાં દીક્ષા લીધી. ઘણી નાની ઉંમર. એમાં મુનિઓ સાથે જંગલ-દિશાએ બહાર જાય છે. વળતા વળે છે ત્યાં વરસાદ બહુ આવ્યો. વરસાદ સમજ્યા? વરસાદ સમજતા નથી? બારીશ કહો કે વરસાદ કહો, એટલો શબ્દ (છે). પાણી બહુ પડયું. એમાં નાનું બાળક, રાજકુમાર અને દીક્ષા થઈ ગયેલી. પેલો પાણીનો પ્રવાહ ચાલેને? બહુ વરસાદ એટલે. પોતે આમ બેસી ગયા. બેસીને આમ પ્રવાહ ચાલ્યો એમાં ધૂળની પાળ બાંધી. માટીની પાળ બાંધી અને પાતરું હાથમાં હતું. શ્વેતાંબર તો એમ માનેને? પાતરું.

શ્રોતા : પાતરું તો પહેલેથી સિદ્ધ કરી દીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી : બધું સિદ્ધ કરવું છે. એક કાંકરે બધા... બધી વાત ખોટી. એ પાતરું એમાં મૂક્યું. 'નાવ તરે રે મોરી નાવ તરે... એમ મુનિવર જળ સુ ખેલ કરે..' એની સજ્ઝાય બધી વાંચેલી. આ તો દુકાન ઉપર વાંચેલી. (સંવત) ૧૯૬૪-૬૫. ચારે સજ્ઝાયમાળા છે ને? એ તો તે દિ' વાંચેલી. ઓલા બીજા સાધુએ જોયું તો કહે, અરર..! આ શું? પાણીમાં... 'નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળ સુ ખેલ કરે, મોહનીય કર્મના રે એ ચાળા, મુનિવર દોહે ના નરિયા રે બાવા..' એક હસ્તિમુક્તકુમાર અને એક ગજસુકુમાર. બેય નાના હતાને? એની એક મોટી સજઝાય છે. આ તો બધી દુકાન ઉપર વાંચેલી. દીક્ષા પહેલા હોં, ૧૯૬૪ની સાલ. ધંધો નિવૃત્તિનો, ઘરની દુકાન હતી. ખૂબ વાંચેલું.

અહીં એમ કહે છે... એ તો પાતરું ને પાણી ને સાધુ એ બધી વાત ખોટી છે. સમજાણું? પણ આ નાવ. આહાહા! મારો ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ. 'નાવ તરે રે મોરી નાવ તરે, એમ નિજ આનંદમાં આતમ ખેલ કરે..' 'નિજ' કહ્યુંને? જુઓને! મારો તરતો આત્મા એ સંસારના સમુદ્રથી નાવ સમાન તરતો છે. સમ્યગ્દષ્ટિ ધર્મી એમ પોતાના નિજાનંદસ્વરૂપ ભગવાનને સંસારના દરિયાથી તારતું નાવ માને છે. આહાહા! સમજાણું કાંઈ? રાજકુમાર. ગજસુકુમાર થયાને? શ્રીકૃષ્ણના ભાઈ. એ નાની ઉંમરમાં... પરણ્યા નહોતા ને દીક્ષા લીધી. એને પણ એકદમ વૈરાગ્ય થઈને સંસારમાં... ધ્યાનમાં હતાને એના સાસરાએ... આપણે ફોટો છેને ગજસુકુમારનો? એ બેની વાત આવે છે. 'બે મુનિવર નામ લીયા બાળા.' એક તો મુનિને પાત્ર ન હોય અને મુનિ બાળક હોય તોપણ એને આવા મોહના ચાળા હોય નહિ. એય! આહા! આવી વાતું લડાવી છે એમાં ભગવતીસૂત્રમાં.

રાણપુરમાં આ વાત કોઈ આવી હતી. પેલા ભાઈ હતાને? શું કહેવાય? રાણપુરમાં છાપાવાળા. ગુજરી ગયા, નહિ? અમૃતલાલભાઈ. એ ત્યાં વ્યાખ્યાનમાં આવેલા. ત્યાં હતુંને? એનું સ્થાન હતુંને રાણપુર. બહાર છાપામાં હતું. અમે એના ઘરે ગયા હતા. તે દિ' વ્યાખ્યાનમાં આવેલા અને આ વાત આવતી હતી. આ આવી હતી તે દિ'. ૧૯૮૪ની વાત છે. ૧૯૮૪નું ચોમાસુ હતુંને? રાણપુર. બિચારાએ કોઈ દિ' સાંભળેલી નહિ એટલે આહા..! શું કહે છે આ? કારણ કે એને વૈરાગ્ય... બધા આવ્યા હતા. પજોસણમાં તો આવેને. જુઓ! આમ છે. આત્મા રાગથી ભિન્ન અને પરથી ભિન્ન એનું ભાન કર્યા વિના નાવ તરશે નહિ, કીધું. બૂડશે. આ બહારની શોભા ને આ પૈસા મળ્યા ને ઢીંકણા મળ્યા ને આબરૂ વધી. પૂંછડા વધ્યા. રખડવાના છે. એય મલૂકચંદભાઈ તે દિ' હતા કે નહિ? ૧૯૮૪. પેલાનો અપાસરો, કેવો?

શ્રોતા : અમૃતલાલ..

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એ. ઓલો અપાસરો છે ને? ત્યાં મેડી ઉપર વાંચ્યું હતુંને. તપસીનો અપાસરો. ૧૯૮૪માં. આ હતાને. મનસુખ-મનસુખ બધાએ પોષા કર્યા હતા. તે દિ'. ખબર છે? આ મનસુખ તે દિ' નાનો હતો. ૧૯૮૪. ૧૬ ને ૨૭, કેટલા થયા? ૪૩ વર્ષ પહેલાની વાત છે. એણે પોષો કર્યો હતો. પૂનમભાઈ! તમારા બાપે ને એ બધાએ પોષા કર્યા હતા.

શ્રોતા : બજારમાં એ નહિ ખપતી હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાત સાચી છે. હવે આ બીજો માલ આવ્યો. આ તો કસ્તુરી વેંચાણી હવે. એ તો બધા ખડના પોટલા હતા. આહાહા!

જુઓને! મુનિરાજે કેવી રીતે વાત કરી છે! અરેરે! ઘોર મહાર્ણવ સંસાર... ચોરાશીના અવતારના કારણો વિકારભાવ, મિથ્યાત્વભાવ, પુણ્ય-પાપ ભાવ એવો મહાસંસાર ઘોર, એમાં દેદીપ્યમાન મારું નાવડું રંગીત છે–શોભિતું નાવડું છે, કહે છે. એમ કહ્યું ને? ભાઈ! **'भास्व'**, **'भास्व '**, **'भास्व'** એટલે શોભિત. સમજાણું કાંઈ?

એક દાખલો આપતા. એક હતો આંધળો. એના બાપ મરી ગયેલા અને એના બાપને નાવડાનો ધંધો. નાવડું ભાંગી ગયેલું, ફૂટલું. એમાં કોઈ પુણ્યનો દાડો હશે. નર્મદાની નદીમાં ઓલે કાંઠે જાવું હતું. હવે આ કહે કે મારી પાસે કાંઈ સાધન નહિ, હું આંધળો. ફૂટલું નાવડું હતું. કાગળે શણગાર્યું. કાગળ.. કાગળ ચોડી.. શું કીધું? કાગળ નથી સમજતા? લાલ ચીતરામણવાળા કાગળ (લગાવ્યા). ફૂટલી નાવ. નાવ ફૂટલી. કાણા પડેલા. ખર્ચ કરે તો હજાર રૂપિયા જોવે. શોભિત નાવ. પછી નદીના આ કાંઠેથી ઓલે કાંઠે જાવું. માણસ (દીઠ) ત્રણ રૂપિયા, ચાર રૂપિયા આ કાંઠેથી ઓલે કાંઠે લઈ જવાના. આ નાવવાળો કહે, મારે તો એક રૂપિયો લેવો છે. આખું ખોચોખીચ ભરાણું. ચાલ્યું વહાણ. ચાલતા જ્યાં પાણી ભરાણું એટલે કાગળ પલળ્યા. અંદર અધવચમાં પાણી આવ્યા. એ.. આ શું થયું? ભાઈ! તમને ખબર નથી? ચાર રૂપિયાનો એક રૂપિયો (લીધો તો) તમે છેતરાણા કે હું છેતરાણો? ... બતાવ્યું. ઓલા ચાર રૂપિયા લે તો મેં એક રૂપિયો લીધો તો કાંઈક કારણ હશે એમ તમને વિચાર ન આવ્યો? ચશ્મા ચડાવ્યા હતા લીલા. એટલે દેખે નહિ બીજા. જુઓ! હું તો આંધળો છું. તમે પણ આંધળા?

એમ આ મોક્ષના માર્ગની સહેલી વાતું આંધળાએ કરી નાખી છે બધી. સમજાણું કાંઈ? દયા પાળો ને વ્રત પાળો ને તપ કરો.. મોક્ષ થશે. આંધળાઓએ આવો સહેલો માર્ગ કર્યો અને ઓલા ભાન વિનાના બેઠા એમાં. સમજાણું કાંઈ? જેઠાભાઈ! એ અમારે હીરાજી મહારાજ દાખલો આપતા. ગુરુ આપતા. એમની ક્રિયા તો બહુ આકરી હતીને. આહા! સસ્તો ધર્મ. અપવાસ કરો, આ કરો, અઠ્ઠમ કરો, આ શું કહેવાય તમારે? સોળ ભથ્થું કરો.. સોળ ભથ્થું નહિ? માસખમણ મહિનાના. શ્રાવણ સુદ પૂનમથી આપણે દિગંબરમાં. ષોડશકારણ ભાવના,

એના અપવાસ. જાઓ તમારું કલ્યાણ. ધૂળેય નથી, સાંભળને! મરી જાને કલ્યાણ કરીને. એ તો રાગની ક્રિયા છે. સોંઘું બતાવ્યું આંધળાએ. એય મૂળચંદભાઈ! નાવ ફૂટલી શણગારેલી.

આ સાચી શણગારેલી. આહાહા! **દેદીપ્યમાન નાવ છે એમ જિનેન્દ્રદેવે કર્યું છે**... આહાહા! ત્રણ લોકના નાથ જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર, જેના સો ઇન્દ્રો તળિયા ચાટે એવા ભગવાન ત્રિલોકનાથે એમ કહ્યું કે સંસારમાં તરવાનો નાવ એ તારો પરમ આનંદનો ધામ આત્મા છે. એની દૃષ્ટિ અને અનુભવ કર, એ તરવાનો ઉપાય છે. બાકી આ ક્રિયાકાંડ ને રાગાદિ એ કોઈ તરવાનો ઉપાય છે નહિ. આહાહા! આકરું તો લાગે ભઈ માણસને હોં. ઘણા વર્ષથી સેવતા હોય, માન મળ્યું હોય મોઢા આગળ પડીને, લ્યો. આ અમારા ઘરમાં ડાહ્યા છે. નીકળે ગાંડા. એય પોપટભાઈ! આહાહા!

અરે! ઘોર સંસારને તરવાને માટે આ દેદીપ્યમાન આત્મા, એનું દેદીપ્યમાન નાવ છે. આહાહા! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની નાવ આત્મા, એનો જેણે અંદર અનુભવ કર્યો, એ આત્મા પોતે સંસારને તરવાની નાવ છે. બીજી કોઈ ક્રિયાકાંડ આદિ સંસારને તરવાની નાવ છે નહિ. અરે! **તેથી હું**... જિનેન્દ્રદેવ પરમાત્મા ત્રિલોકનાથે એમ કહ્યું. ઈન્દ્રોની ગણધરોની સમક્ષમાં પરમાત્મા આમ ફરમાવતા હતા.

**હું મોહને જીતીને નિરંતર પરમ તત્ત્વને તત્વતઃ (-પારમાર્થિક રીતે) ભાવું છું**. આહાહા! એવું પરમ તત્વ... મોહને જીતી, મિથ્યાભ્રાંતિને ટાળી, મારો ભગવાન આનંદનો ધામ એના ઉપર મારી દૃષ્ટિ અને એનો સ્વીકાર, એ પરમ સત્યનો સ્વીકાર છે. એવા જીવને **નિરંતર પરમ તત્ત્વને તત્ત્વતઃ (-પારમાર્થિક રીતે)**... વિકલ્પ અને ચિંતાથી નહિ. આહાહા! અંતરના ભગવાન આત્મામાં એકાગ્ર થઈને ભાવું છું. એની ભાવનામાં એકાગ્ર છું. એ મારે મોક્ષનો ઉપાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૨, સોમવાર, તા. ૨૩-૮-૧૯૭૧**
**શ્લોક-૧૪૫-૧૪૬-૧૪૭, પ્રવચન નં. ૧૦૩**

નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. સાચો ત્યાગ અને સાચું ચારિત્ર કોને હોય અને કેમ હોય—એની વાત છે. ૧૪૫ કળશ. આ બાજુ ૧૪૫ છે ને.

**प्रत्याख्यानं भवति सततं शुद्धचारित्रमूर्तेः**
**भ्रान्तिध्वंसात्सहजपरमानंदचिन्निष्टबुद्धेः।**
**नास्त्येन्येषापरसमये योगिनामास्पदानां**
**भूयो भूयो भवति भविनां संसृतिर्घोररूपा ।।१४५।।**

**શ્લોકાર્થ :** કહે છે, **ભ્રાંતિના નાશથી...** ભગવાન આત્મા પૂર્ણાનંદ ને વિજ્ઞાનઘન છે. એને નિમિત્તથી લાભ માને, રાગથી લાભ માને અને એક સમયની અવસ્થા જેટલો માને—એ બધી ભ્રાંતિ મિથ્યાત્વ છે. સમજાણું? **ભ્રાંતિના નાશથી...** એટલે જે એક સમયમાં પૂર્ણાનંદ ઘન આત્મા એનો આશ્રય કરે ત્યારે ભ્રાંતિનો નાશ થાય. ઝીણી વાત છે. એકલા અધ્યાત્મનું આખું તત્ત્વ છેને. ભ્રાંતિના નાશથી વાત કરી આહીંથી. હું અપૂર્ણ છું, વિકાર છું, રાગથી છું, નિમિત્તથી છું—એવી જે દૃષ્ટિ તે મિથ્યાભ્રાંતિ ને અજ્ઞાન છે. થોડી ઝીણી. બહુ ઝીણી નહીં હૈ. તમે કોઈ દિ' પરિચય કર્યો નથી એટલે બહુ ઝીણી એમ કહેવું છે. એ શેઠ! .... કહે છે, અમારે બહુ ઝીણી છે એમ લાગે છે. કોઈ દિ' અભ્યાસ ક્યા કર્યો છે બીડીઓના ભૂંગળા આડે, તમાકું આડે. આ તો થોડી ઝીણી છે શેઠ! હા, બહુ ઝીણું તો અંતરમાં ઉતરીને લીન થવું... આહાહા! છેને આગળ આવશે. આહાહા!

ભાઈ! તને ભ્રાંતિ છે. શું? કે હું પૂર્ણ આનંદધામ ચૈતન્ય અભેદ અખંડાનંદ એનો આશ્રય લઉં તો મને કાંઈ સમ્યગ્દર્શન ને ધર્મની શાંતિ થાય—એમ નથી તને શ્રદ્ધા. તને શ્રદ્ધામાં (એમ છે કે) કાંઈ નિમિત્તથી મને મળી જશ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી કંઈ મળી જશે. એક અંશબુદ્ધિ જે છે–આખો આત્મા એની એક સમયની પર્યાયનો અંશ છે એની બુદ્ધિમાં રોકાવાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. એ અંશબુદ્ધિ. જુદી-જુદી ભાષા આવે ન્યાં. ... રાખી છે? સમજાણું કાંઈ? અહીં તો ભ્રાંતિને સિદ્ધ કરવી છે પહેલી. ભ્રાંતિ એટલે શું? પૂર્ણાનંદ પ્રભુ અનંત આનંદનો ધામ જેમાં સુખસાગરથી ડોલી રહ્યો છે એનો આશ્રય ન લેતાં, પરના આશ્રયે મને કંઈ કલ્યાણ થશે, સમકિત થશે, નિમિત્તને આશ્રયે મને કંઈ સમકિત થશે, દયા, દાન, રાગની મંદતા, ભક્તિ આદિથી મને સમકિત થશે...

શ્રોતા : બળ તો મળેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જરીય બળ મળે નહીં, ધૂળેય મળે નહીં. આ માર્ગ એવો છે ભાઈ! એક સમયની દશા... ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ પરમાત્માએ પરમ સત્ય.. પરમ સત્ય જોઈ, સંભારીને પૂર્ણ પ્રાપ્ત કર્યું, એની વાણીમાં આવ્યું એ પરમાગમ છે. એ પરમાગમમાં એમ કહ્યું, ભાઈ! આખી ભરેલી પૂર્ણ ચીજ છે અભેદ એની તને દૃષ્ટિનો અભાવ છે અનાદિથી. અને એક સમયની દશા, રાગની મંદતા ભક્તિ આદિની અને નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર કે પર–પ્રતિમા, .... —એનાથી મને સમકિત થશે એ મિથ્યા ભ્રાંતિ છે. દેવીચંદજી! સમજાય છે કાંઈ?

ભ્રાંતિનો નાશ... એવી જે ભ્રમણા એનો કર્યો નાશ. આહીં પ્રત્યાખ્યાન છેને એટલે અહીંથી ઉપાડ્યું છે. તોડે છે, એમ. જે પહેલો ભ્રાંતિને છોડે છે એવા નાસ્તિક... **જેની બુદ્ધિ સહજ-પરમાનંદયુક્ત ચેતનમાં નિષ્ઠિત (-લીન, એકાગ્ર) છે...** ભ્રમણા છોડીને જેની મતિ ને બુદ્ધિ **સહજ પરમાનંદયુક્ત ચેતન**, એમ. ચેતન તો ખરો, પણ પરમાનંદ સહિત અતિન્દ્રિય આનંદના રસવાળું તત્ત્વ છે એ. સ્વભાવિક પરમાનંદ સહિત એવી જે ચૈતન્યવસ્તુ એમાં ભ્રાંતિના અભાવથી એ ચીજમાં જેની મતિ લીન છે, જેની બુદ્ધિ તે તરફ ઢળી ગઈ છે. ભારે! ભ્રાંતિનો નાશ થતા બુદ્ધિ સ્વ તરફ ઢળી જાય છે એમ કહે છે. આ સુખનો ઉપાય, બાકી બધા દુઃખના રસ્તા. ચાર ગતિમાં રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ? જેની બુદ્ધિ નામ મતિ–જેની વર્તમાન જ્ઞાનની અવસ્થા, પરથી મને લાભ થાય પર્યાયથી કે રાગથી કે નિમિત્તથી એવી બુદ્ધિ નાશ થવાથી, જે બુદ્ધિ પરમાનંદ સહિત એવો ભગવાન ચૈતન્યસ્વરૂપ એમાં જેનું વલણ થઈને લીન થયું છે. વલણ થયું છે એ તો સમ્યગ્દર્શનમાં થયું છે, આ તો એના ઉપરાંત લીન થયું છે. સમજાણું કાંઈ? આહાહા!

**એવા શુદ્ધચારિત્રમૂર્તિને...** ભગવાન અનંત આનંદનો શુદ્ધ સાગર એમાં જેની દૃષ્ટિ જામીને લીન થઈ ગઈ છે, એનું નામ શુદ્ધ ચારિત્રની મૂર્તિ કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? ચારિત્ર એટલે પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી, નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી. ચારિત્ર હોય એમાં આ (નગ્નપણું) હોય પાછું નિમિત્ત, પણ એ ચારિત્ર નથી. ચારિત્ર તો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ધામ સુખસ્વરૂપ હું, ચૈતન્ય સુખના સહિત છે, ચૈતન્ય સુખસહિત છે એવી જે ત્રિકાળી ચીજ એમાં જેણે દૃષ્ટિ મૂકી છે અને એમાં જે લીન થયો છે, એને ચારિત્રવંત કહીએ. આહાહા! આ વ્યાખ્યા તો જુઓ ચારિત્રની! **એવા શુદ્ધ ચારિત્રમૂર્તિ**... શુદ્ધ કેમ કીધું? કે મહાવ્રતના વિકલ્પ આદિ હોય એ તો અશુદ્ધ ચારિત્ર છે. આહાહા! ભગવાન પોતાના નિજઘરને જોઈ અને એમાં ઠરે છે, એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**સતત પ્રત્યાખ્યાન છે...** એને તો નિરંતર પ્રત્યાખ્યાન જ છે એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને નિરંતર દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, નિરંતર દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે અને એમાં લીન છે તેને નિરંતર–સતત પ્રત્યાખ્યાન છે. આવું ચારિત્ર સાંભળ્યુંય નહીં હોય. ઉના પાણી પીવા, ભગવાનના ઉપધાન કરવા, આહાહા! ૧૦૮ ખમાસમણા દેવા. મજૂરી કરી કરીને મરી જાય.

સહજાનંદ પ્રભુ જેની ખાણમાં અનંત-અનંત આનંદ.. અનંત-અનંત આનંદ.. અનંત આનંદ પ્રગટ થાય એથી પણ અનંતગુણો આનંદ એમાં છે. એવા અતીન્દ્રિય અનંત આનંદ સહિત એવો ચૈતન્ય પ્રભુ એમાં જેની દૃષ્ટિ પડી છે અને એમાં જે લીન થયો છે. દૃષ્ટિ પડી તે સમકિતી અને એમાં વિશેષ લીન થયો તે ચારિત્ર. સમજાણું કાંઈ? આ તો નિશ્ચયની વાત છે, પણ કાંઈ વ્યવહાર..? નહીં તો કહે, એનું સાધન હશે કે નહીં? કે પાધરું આ? અરે ભગવાન! સાધન.. સાધન એક જ હોય. જે વસ્તુસ્વરૂપના સાધન નામનો-કરણ નામનો ગુણ પડ્યો છે. એ સાધન એક જ આત્મા છે. વ્યવહાર સાધન કહ્યું એ (સાધન) નથી તેને આરોપે સાધન કહ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

**પરસમયમાં (-અન્ય દર્શનમાં) જેમનું સ્થાન છે**... પૂનમચંદજી! ક્યા આયા? દેખો! અન્યદર્શનમાં જેનું સ્થાન છે... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એમણે કહ્યો આત્મા, એના સ્થાનમાં જે નથી અને અન્યમતિના સ્થાનમાં જે છે... બધા ધર્મ સરખા નથી આમાં એમ કહ્યું. આહાહા! પરમેશ્વર સર્વજ્ઞદેવ એણે જોયો આત્મા અને એણે જોયા-જાણ્યા છ દ્રવ્ય. એના માર્ગમાં જે હોય એટલે કે દ્રવ્યસ્વભાવના માર્ગમાં હોય, એને સમકિત અને ચારિત્ર હોય. એ સિવાય અજ્ઞાનીઓનો કલ્પેલો આત્મા એક જ છે કે એણે જાણેલો અલ્પજ્ઞ જ છે, એ રાગવાળો જ છે, નિમિત્તના સંગે એને લાભ થાય એવો એ છે—એમ જે અન્યદર્શનના સ્થાનમાં છે **એવા અન્ય યોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી...** એવા જીવને પ્રત્યાખ્યાન, ચારિત્ર હોતું નથી. આહાહા!

પહેલી સમજણમાં તો કરે યથાર્થતા. ...ભાઈ સમજાય છે? સમજમાં યથાર્થતા કરે પછી દૃષ્ટિ થાય ને પછી લીન થાય તેને ચારિત્ર હોય છે. મૂળચંદભાઈ! આ તો બધા લૂગડાં ફેરવ્યા, નગ્ન થઈ ગયા ને ચારિત્ર. અમે ગુરુ છીએ. એ ગુરુને માનતા નથી. અરે ભગવાન! ભાઈ! આકરું પડશે તને. ગુરુ કોને કહેવાય? જેના પ્યાલા ફાટ્યા છે અંદરથી આનંદના, જેને આનંદની મોજ આવે છે અંદરમાં, જે દુનિયાની અનુકૂળતા, પ્રતિકૂળતા ઉપર ઝાંખી ઝાંય કરતો નથી. આહાહા! એવો સમભાવમાં લીન છે, એવા ચારિત્રમૂર્તિને પ્રત્યાખ્યાન નિરંતર હોય છે અને એ સિવાય અજ્ઞાનીના મતમાં બિલકુલ પ્રત્યાખ્યાન હોતું નથી. અહીં નિરંતર હોય છે, તો અહીં જરીય હોતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવ એણે કહ્યા સિવાયના જેટલા માર્ગો છે એ માર્ગમાં નથી સમ્યગ્દર્શન, નથી એમાં ચારિત્ર. એને પ્રત્યાખ્યાન કે ચારિત્ર હોઈ શકે નહીં. આહાહા! બધા ખોટા જ છે. એક સર્વજ્ઞ પરમ-આત્મા દેવાધિદેવ, સો ઇન્દ્રના પૂજ્ય, પૂર્ણાનંદને પ્રાપ્તદશા, એણે જે કહ્યો એ માર્ગ સિવાય બધા માર્ગ જૂઠા છે. એ શેઠ!

શ્રોતા : .... નિંદાનો વિકલ્પ..?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિંદાકા અર્થ ક્યા? વસ્તુની સ્થિતિ બતાના વહ નિંદા હૈ? પ્રશ્ન તો બરાબર હૈ પંડિતજીકા. ટોડરમલજીને લિયા હૈ, યે તો નિંદા હૈ ન? આપ તો અન્યમતિકી નિંદા

કરતે હો સબ. સમજમેં આયા? શેમાં છે? પાંચમામાં છે કે છઠ્ઠામાં? પાંચમામાં. પાંચમામાં. પાંચમામાં છે ને? કેટલામું પાનું છે? જુદા જુદા માણસોએ યાદ રાખવું જોઈએ. .... આવ્યા વિના રહે?

જુઓ! એ પ્રશ્ન કર્યો છે ટોડરમલજીએ. અન્યમત તો અનિષ્ટ છે તેને સમાન કેમ મનાય? વીતરાગમાર્ગની સાથે અન્યમતોને સમાન કેમ મનાય? અનિષ્ટ છે તેને સમાન કેમ મનાય? '(પ્રશ્ન) : એ તો સાચું, પરંતુ અન્યમતોની નિંદા કરતા અન્યમતિ દુઃખ પામે અને બીજાઓની સાથે વિરોધ થાય માટે બીજાઓની નિંદા શા માટે કરો છો?' એય પંડિતજી! લ્યો, આ બધું આવ્યું આમાં જુઓ. '(ઉત્તર) : અમે કષાયપૂર્વ નિંદા કરીએ અને અન્યને દુઃખ ઉપજાવીએ તો તો અમે પાપી છીએ, પણ અહીં તો અન્યમતના શ્રદ્ધાન વડે જીવોને અતત્ત્વશ્રદ્ધાન દૃઢ થાય, અને તેથી તેઓ સંસારમાં દુઃખી થાય, તેથી કરુણાભાવે અહીં યથાર્થ નિરૂપણ કર્યું છે.' સમજ્યા? ટોડરમલે તો હજારો બોલનો નિકાલ કર્યો છે. કેટલી સૂક્ષ્મ દશા! એક-એક બોલ ચાલતા બધાનો નિવેડો કરી નાખ્યો છે.

લ્યો, કહે છે, કરુણાભાવ વડે આ યથાર્થ નિરૂપણ છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે. એમાં અમે શું.... 'છતાં કોઈ દોષ વિના દુઃખ પામે, વિરોધ ઉપજાવે, તો તેમાં અમે શું કરીએ? જેમ મદિરાની નિંદા કરતા કલાલ દુઃખ પામે...,' દારૂ. 'કુશીલની નિંદા કરતા વેશ્યાદિક દુઃખ પામે તથા ખરું-ખોટું ઓળખવાની પરીક્ષા બતાવતાં ઠગ દુઃખ પામે તો એમાં અમે શું કરીએ? એ પ્રમાણે જો પાપીઓના ભયથી ધર્મોપદેશ ન આપીએ તો જીવનું ભલું કેમ થાય? એવો તો કોઈ ઉપદેશ નથી કે જે વડે સર્વ જીવોને ચેન થાય.' શેઠ! આ વાંચ્યું છે કે નહીં મોક્ષમાર્ગપ્રકાશક? થોડું થોડું વાચ્યું છે.... બસ ચાલવા દ્યો. મોક્ષમાર્ગપ્રકાશક તમારી પાસે છે ને. યહાં આયા થા થોડા હિન્દી મોક્ષમાર્ગપ્રકાશક. તમારે .... આવ્યા છે થોડા હિન્દી. તમારા ઘરમાં છે તો તમે વાંચ્યા છે કે નહીં? આહાહા! 'એવો તો કોઈ ઉપદેશ નથી કે જે વડે સર્વ જીવોને ચેન થાય. વળી સત્ય કહેતાં વિરોધ ઉપજાવે, પણ વિરોધ તો પરસ્પર ઝઘડો કરતાં થાય, પણ અમે લડીએ નહીં તો તેઓ પોતાની મેળે ઉપશાંત થઈ જશે. અમને તો અમારા પરિણામનું ફળ છે.' લ્યો, એ પાંચમો અધ્યાય છે. પંડિતજી! બરાબર હૈ પ્રશ્ન-ઉત્તર? આહાહા!

અરે! સર્વજ્ઞ પરમેશ્વર... અરે! આત્મા સર્વજ્ઞ પરમેશ્વર છે ભાઈ! આહાહા! એ સર્વજ્ઞ(શક્તિ)થી જ પરમેશ્વરતાવાળો છે. એવી શક્તિનો ધણી છે એ. તો એને સર્વજ્ઞ પરમેશ્વરતા પર્યાયમાં પ્રગટ થાય. દ્રવ્યમાં સર્વજ્ઞ પરમેશ્વર(પણું) છે તો પર્યાયમાં પ્રગટ થાય. આવી વાત સર્વજ્ઞ સિવાય ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજે હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એથી મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ (કહે છે), નિરંતર જેને ચારિત્ર છે, ચારિત્રની મૂર્તિ છે, સંસારના અંત આવી ગયા છે, મોક્ષની સમીપ થઈ ગયા છે. આહાહા! જંગલવાસી મુનિ દિગંબર છે એ

એમ કહે છે, અન્ય યોગીઓને કે જેનું સ્થાન અન્યમાં છે, વીતરાગ સર્વજ્ઞે કહેલા દ્રવ્યોમાં, તત્ત્વોમાં નથી, અન્યતત્ત્વમાં જેની બુદ્ધિ અને અન્ય તત્ત્વમાં જેનું સ્થાન છે, **એવા અન્યયોગીઓને પ્રત્યાખ્યાન હોતું નથી**. ત્યારે?

**તે સંસારીઓને ફરીફરીને ઘોર સંસરણ (-પરિભ્રમણ) થાય છે.** આહાહા! પરમેશ્વર વીતરાગે કહેલો આત્મા એમાં જેનું સ્થાન છે, એમાં જેણે દૃષ્ટિ મૂકી છે અને એમાં જે સ્થિર થયેલ છે, એનું સ્થાન અલ્પકાળમાં મુક્તિ છે. સમજાણું કાંઈ? આહાહા! એ સિવાય અજ્ઞાની પ્રાણીઓ પોતાની કલ્પનાએ ધર્મના રૂપને–સ્વરૂપને કહે છે. એવા સ્થાનમાં જે યોગીઓનો જન્મ (થયો) અને યોગી થયા એને ચારિત્ર હોતું નથી. કારણ કે જ્યાં સમ્યગ્દર્શન હોતું નથી ત્યાં ચારિત્ર તો હોતું નથી એમ કહે છે. એ શેઠ! એમને જાવું પડે ક્યાંક મોટા બોલાવે ત્યાં. મોઢા આગળ છે ખરાને. જય નારાયણ કહેવા. અહીં ના પાડે છે. **તે સંસારીઓને ફરી ફરી ઘોર સંસરણ થાય છે**. આહાહા! જ્યારે વીતરાગમાર્ગમાં આત્મદ્રવ્યની દૃષ્ટિ થઈ અને સ્વરૂપમાં લીનતા થઈ તેને મુક્તિ નજીકમાં છે, હથેળીમાં મુક્તિ છે એને. આહાહા! બાકી અન્ય સ્થાનમાં (રહેલા) અન્યના યોગીને–સાધુને પ્રત્યાખ્યાન હોતું નથી. કેમકે જ્યાં સમ્યગ્દર્શન જ હોતું નથી એને ચારિત્ર હોતું નથી અને એનો વાસ તો સંસારમાં રહેવાનો છે એટલે ઘોર સંસારમાં રખડશે. ૧૪૫ થયો. ૧૪૬.

**महानंदानंदो जगति विदितः शाश्वतमयः ।**
**स सिद्धात्मन्युच्चैर्नियतवसतिनिर्मलगुणे ।**
**अमी विद्वान्सोपि स्मरनिशितशस्त्रैरमिहताः**
**कथं कांक्षंत्येनं बत कलिहतास्ते जडधियः ।।१४६।।**

કહે છે, સિદ્ધાત્મા કેવા છે? અને સિદ્ધાત્મા જેવો આ આત્મા છે. **શ્લોકાર્થ : જે શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે...** શાશ્વત મહા આનંદાનંદ... મહા આનંદાનંદ... જગતમાં પ્રસિદ્ધ છે કે પૂર્ણાનંદનું સ્વરૂપ જગતમાં છે. જેમ દુઃખનું સ્વરૂપ જગતમાં છે, એમ આનંદાનંદનું સ્વરૂપ પણ જગતમાં છે. **તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે.** પરમ આનંદ છે તે જગતપ્રસિદ્ધ છે કહે છે. પરમ સુખી–પરમ આનંદ એ નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં એવો આનંદ અતિશયપણે અને નિયતપણે–નિશ્ચયપણે સિદ્ધાત્મામાં રહે છે. એવો આનંદનો આનંદ તો સિદ્ધાત્મામાં છે. અને એવો આત્મા, સિદ્ધાત્મા જેવો આ આત્મા, એનો આનંદાનંદ આ આત્મામાં છે. સમજાણું કાંઈ? આહાહા!

બહારમાં આનંદ માને છે ને. પૈસામાં આનંદ છે, આબરૂમાં આનંદ છે, શરીર રૂપાળુંમાં આનંદ છે, આ બાયડી ઠીક મળે, છોકરા... ધૂળેય નથી, દુઃખી છો, સાંભળને! આહા! આનંદ કેવો ત્યાં? ભ્રમણા અજ્ઞાનીની છે, મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવની. પરમાં મને ઠીક છે, એ મૂઢતા એની છે.

આહાહા! અનુકૂળતામાં... અનુકૂળતા કહેવી કોને? પૈસા અને શરીરની અનુકૂળતા એ તો જડ છે. શેઠ! અહીં વાત જુદી છે. અનુકૂળતા તો ભગવાન આત્મા આનંદનું ધામ એના તરફનું વલણ થવું એ અનુકૂળતા છે, બાકી બધી પ્રતિકૂળતા છે. આહા! સમજાણું કાંઈ? પાંચ-પચાસ લાખ મળે, આબરૂ, આ વળી એને બે-ચાર કરોડ લ્યોને. આમ થઈ જાય કે અમે સુખી છીએ. ધૂળેય નથી, ભ્રમણા છે. એ સુમનભાઈ! તમે બે બાદશાહ કહેવાઓ. ....... સાથે કાંઈ નથી. બે ભાઈઓ એમ કહેવાય છે ન્યાં, બુલંદશહેરના બાદશાહ. બુલંદશહેર નહીં, કેવું? બુંદેલખંડ. બુલંદશહેર ભાઈનું કૈલાશચંદજી. ત્યાં હતાને. અરે! ક્યાં...? તને ખબર નથી હોં. એ ભ્રમણામાં ક્યાંક માને છો એ મહાદુઃખીના દુઃખ થવાના રસ્તા છે. અહીં કહે છે કે પરમ મહાન શાશ્વત આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે કહે છે. એવો આનંદ તો સિદ્ધાત્મામાં રહે છે. એટલે કે સિદ્ધ જેવો આ ભગવાન આત્મા એમાં આનંદનો આનંદ રહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**(તો પછી), અરેરે! આ વિદ્વાનો પણ...** આહાહા! અરેરે! શાસ્ત્રને જાણ્યા, વાંચે, એવા વિદ્વાનો પણ આત્માનો આનંદને છોડી **કામના તીક્ષ્ણ શસ્ત્રોથી ઇજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને તેને (કામને) કેમ ઇચ્છે છે!** આહાહા! વિદ્વાનો પણ, એમ કહે છે કે આ જાણ્યા શાસ્ત્ર ને વાંચ્યા, શાસ્ત્રનું જ્ઞાન કર્યું. શાસ્ત્રનું હોં, આત્માનું નહીં. આહાહા! અરેરે! આવો આનંદાનંદનો ધામ તો પ્રભુ તું છોને! શુદ્ધાત્મા છોને તું! એને છોડીને, અરેરે વિદ્વાનો! વિદ્વાનો પણ, સાધારણ માણસની શું વાત કરવી? કહે છે. શાસ્ત્રના ભણતરવાળા પણ આ પરમાં સુખબુદ્ધિ માનીને અથડાય છે. શું છે આ તને? આ તો વિદ્વાનતા વિનાના સાધારણ માણસનું શું કહેવું? એમ કહે છે. એ પરમાં સુખ ઇચ્છે એ તો મોટા મૂઢ છે. પણ આ તો જાણ્યું, ખ્યાલમાં આવ્યું છે, વાંચ્યું છે, એને ખબર છે કે આત્મા આનંદ, આત્મામાં આનંદ છે. એ ધારણામાં–ખ્યાલમાં છે. છતાં **કામના તીક્ષ્ણ શસ્ત્રોથી**... કામના બાણ વિંધી નાખે એને. પરમાં, શરીરમાં, સ્ત્રીમાં, આબરૂમાં, કીર્તિમાં શ્લાઘા, પૂજા, પ્રસિદ્ધિ થવી... અરેરે! આ કામબાણના શસ્ત્રથી હણાઈ ગયેલા છે. એ ભીખાભાઈ! અહીં તો આ વાત છે. આહાહા!

અરેરે! 'અરેરે!' આવ્યું છેને ઓલા રમેશમાં. રમેશ ને? પ્રેમચંદભાઈનો પૌત્ર. આહાહા! સરોવર... અરે મૃગલા! આવે છેને એમાં? ક્યાં પડ્યું છે? 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ.' સરોવર કાંઠે મૃગલા તરસ્યા. સમજાણું? આહા! 'દોડે હાંફી ઝાંઝવા જળની રે કાજ..' દોડે હાંફી ઝાંઝવા જળની કાજ. મૃગલા જ્યાં પાણી નથી ત્યાં દોડે છે. અરેરે! એમ આત્મા અજ્ઞાની પૈસે, આબરૂ, કીર્તિ, શરીર, માંસ, સ્ત્રીના શરીર ક્યાંય સુખ નથી પ્રભુ! ભ્રાંતિ તને થઈ ગઈ છે. એ મૃગજળમાં તને જળની ભ્રાંતિ થઈ છે. આહાહા! છે કે નહીં આમાં ક્યાંય? પ્લાસ્ટિકમાં... આ ગુજરાતી તમને આવડે નહીં શેઠ! લ્યો, આ રાખો તો ખરા હવે એક. એક છે છેલ્લી. વાંચજો. દેવચંદભાઈની.... એ તો ગુજરાતી છે. જુઓ ત્રીજી લીટી. હિન્દી હૈ ન. ત્રીજી લીટી.

સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, દોડે હાંફી ઝાંઝવા જળની કાજ

અરેરે ! સાચા વારિ એને ના મળે રે લોલ.

વારિ એટલે પાણી. 'અરેરે! સાચા વારિ રે એને ના મળે..' મૃગજળ. એ પોપટભાઈ! એ લાદીમાં, છોકરામાં મને સુખ છે. એ મૃગજળ છે એમ કહે છે. આહાહા! મોટા બંગલા-હજીરા બનાવી હીંડોળે હિંચકે, સોનાના ઓલા કડા હોય, ઓલા માણસ મોઢા આગળ હાંકતો હોય, ખાવા બેઠો હોય આમ શીખંડ ને પૂરી, માખી ન પડે માટે બાયડી પંખો નાખીને બેઠી હોય. ધૂળમાંય નથી, સાંભળને! અમે જોયું છે. જગજીવનભાઈ હતા. જગજીવનભાઈને બા ને નાગરભાઈ હતાને. જમવા બેસે તો સાથે-જોડે બેસતા રાણપરમાં. ૭૮ની સાલમાં. હવે નાના સાધારણ ગામમાં ન હોય. બિચારા ઓલા બહારમાં ન કરે. ..... ધરમચંદના સાસુમા. નાગરભાઈ બેસતા. બધું નજરે જોયેલું. ... બેઠા હોય. એમાં જાણે કે આહાહા! ધૂળેય નથી, દુઃખના ડુંગરે માથા ફોડે છે. સાંભળને માળા! છે કે નહીં આમાં?

'એમ મનના મૃગલાને પાછા વાળજો રે લોલ.

જોડી દો આત્મસરોવર આજ, એને મળશે આતમસુખ અમૂલા રે લોલ

એ માર્ગ સાધુના જગને દોહ્યલા રે લોલ, એ માર્ગ જુદા રે જગતથી સંતના રે લોલ.

એ જગત સાથે મીંઢવણી ન થાય.'

એ જગતના પંથ સાથે આ મેળવણી નહીં થાય ક્યાંય ભાઈ! 'સંતપંથ જગપંથથી જુદા જાણજો રે લોલ.' પૂનમચંદજી! મળ્યું કે નહીં પાનું તમને? નહીં મિલા, લ્યો. 'સંતપંથ જગપંથથી જુદા જાણજો રે લોલ.' આહાહા! એ મૂળ .... વાંચતા. આહાહા!

કહે છે, અરેરે! વિદ્વાનોના મન... એ તો આમાં આવશેને સર્વવિશુદ્ધ(જ્ઞાન અધિકાર)માં. આવું જાણવા છતાં અરે! ઉપશમ હજી પામતો નથી. સર્વવિશુદ્ધમાં આવે છે. અરેરે! તારા ખ્યાલમાં-જાણવામાં આવ્યું કે આનંદ તો આત્મામાં છે, બહારમાં નથી. છતાં વિદ્વાનો કામબાણના શસ્ત્રથી કેમ હણાઈ જાય છે? સમજાણું કાંઈ? એ પરમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વનું મોટું ઘર છે. આહાહા! સમજાણું કાંઈ? એ પૈસામાં, શરીરમાં, આબરૂમાં, કીર્તિમાં, બાયડીમાં, છોકરામાં કંઈપણ સુખ (માને) છે એ મહા મિથ્યાત્વભાવ છે. મલુકચંદભાઈ! આવી વાત છે ભગવાન! આહાહા! એને મિથ્યાત્વ કહે છે પ્રભુ. અને એ મિથ્યાત્વ કસાઈખાના કરતાં પણ મહા પાપ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

ત્યારે કોઈ બાયડી-છોકરાને છોડીને બ્રહ્મચર્ય લ્યે એને તો સુખબુદ્ધિ નથીને પરમાં? એનેય છે, સાંભળને! એ તો બહારની વાત છે. અંદરનો પુણ્યભાવ થાય એમાં પણ જેની હિતબુદ્ધિ ને સુખબુદ્ધિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! વીતરાગના માર્ગ દુનિયાથી-આખા જગપંથથી નિરાળા છે. એ મીંઢવણી ન થાય. મીંઢવણી એટલે સમજાણું? મેળવણી. બીજા માર્ગ

સાથે મેળવીશ નહીં, આ નહીં મળે, મેળ નહીં ખાય ક્યાંય. સમજાણું કાંઈ? સૂતરની દોરી અને.. શું કહેવાય? નેતરની છાલ. નેતર હોયને. એની છાલ છે અને સૂતરની દોરી, એનું વળે દોરડું. ન વણાય, એ દોરડું નહીં વણાય. દોરડું સમજતે હો? દોરી–રસ્સી. દોરી–રસ્સી હોય સૂતરની અને એક એ નેતરનો સોટો એમાંથી છાલ કાઢે. વણો. નહીં વણાય. એમ વીતરાગમાર્ગને અન્ય માર્ગની સાથે નહીં મેળવાય. સમજાણું કાંઈ? એવો માર્ગ છે.

**અરેરે! વિદ્વાનો પણ કામના તીક્ષ્ણ શસ્ત્રોથી ઇજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને** દુઃખી-દુઃખી થાય. આહાહા! પરમાં મારી મોટપ મળે એવા માગણો પણ બધા કામની ઇજાથી પીડાઈ ગયેલા છે. એ પણ વિષય છે. આહાહા! મને દુનિયામાં કાંઈ ગણે, ગણતરીમાં આવે. એના માટે મરી પડે બિચારા આખો દિ'. કોઈક સારો કહે, કોઈક સારો કેમ કહે. આહાહા! કહે છે, અરેરે! જાણપણા લક્ષમાં લીધા એ બધા અજ્ઞાનપણે પરિણમ્યા એને. સમજાણું કાંઈ? **ઇજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને તેને (કામને) કેમ ઇચ્છે છે!** અરેરે! અરે! તને શાસ્ત્રના જાણવાના બોલ આવડ્યા ભાષા જડ અને તને આ શું થાય છે ભાઈ? એમ કહે છે. દુનિયા સારો મને કેમ કહે, મને કોઈ ઠીક કહે, મને કંઈ આવડતવાળો છું એમ કહે, હું પણ.. સાહેબ વાતમાં અગ્રેસર છે એમ કહે. મરી ગયા પણ. અરે ..ચંદભાઈ! ...... ખુરશી માટે મરી જાય છે બધા. કોઈ પ્રજાને શું થાય એની કોઈને પડી નથી. અને અત્યારના માણસો પૈસા વિના એકેય કામ ચાલે નહીં. નોકરીયાત માણસ હોય, પણ કાંઈ કામ કરે તો પૈસા લાવો, ચા લાવો, ચા લાવો. આહાહા! બહુ લખાણ લખ્યું છે જૈનગેઝેટમાં. આ શેની ૧૫મી ઓગસ્ટ ઉજવવી છે? દુઃખમાં.. દુઃખમાં આગળ વધી ગયા છીએ. ... નાનું કામ કરવું હોય, નોકર હોય સરકારનો, એને કાંઈક આપીએ તો આપણું કામ ચાલે. આ તે ગજબ થઈ ગયો છે. એટલે અજ્ઞાની બિચારા ક્યાંય પડ્યા છે.

અહીં તો કહે છે, અરે! મહા આનંદાનંદનો ધામ ભગવાન પ્રસિદ્ધ છે ને! તેમ આ દુનિયામાં સુખ છે એવું પ્રસિદ્ધ નથી થતું? અને એ સુખનું સુખસ્વરૂપ આખું કોઈમાં ક્યાંક છે. કેમકે સુખને ઇચ્છે છે તો ક્યાંક સુખને માને છે. સુખને ઇચ્છે છેને? તો ક્યાંક માને છે. ક્યાં છે એની ખબર નથી. અને એને માટે ઉપાય પણ કરે છે. સુખનો ઉપાય કેમ છે એની ખબર નથી. આહાહા! ઘાસલેટ છાંટીને મરે તોય એને સુખની ઇચ્છા છે. એમ અહીંથી મુક્તિ ... પછી એકલો થઈ સુખી થાઉં. આહાહા! એ સુખ ક્યાં છે અને સુખનો ઉપાય શું છે (એની) ખબર નથી. ...બતાવ્યું, પણ માનવું એને છેને પાછું. આહાહા! એમ કહે છે કે ભાઈ! તને રુચિમાં બેસે છે? આત્મામાં આનંદ છે એમ બેસે છે તને? અને એમ જો ન બેસે (અને) પરમાં આનંદ (માને છો) તો તેં વાત એકેય સાંભળી નથી. વીતરાગની વાણી તને કાને પડી નથી ભાઈ! આહાહા!

**તેઓ જડબુદ્ધિ છે.** એમ પાછું લઈ લીધું લ્યો. આહાહા! અરે! શાસ્ત્રના જાણપણા કરીને પણ, કહે છે કે પરમાં સુખબુદ્ધિમાં ગતિ કરી રહ્યો છે, ચાહે તો આબરૂમાં, ચાહે તો વિષયમાં,

ચાહે તો ભોગમાં, ચાહે તો મકાનમાં, ચાહે તો સ્ત્રી આદિમાં, સમજાય છે? પણ એ ગતિ બધી વિષયના કામબાણથી વિંધાઈ ગયેલાની છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો શાંતમાર્ગ છે, વીતરાગમાર્ગ છે. જેને આત્માનો વીતરાગમાર્ગ બેઠો એને તો આનંદ આત્મામાં ભાસે. પુણ્યના પરિણામમાં આનંદ ન ભાસે તો વળી બાયડી, છોકરા, ધૂળમાં ક્યાં આનંદ હતો? એવો મોટો ગુંલાટ ખાઈ ગયેલાની વાત છે આ તો. મૂળચંદભાઈ! આહાહા! ભાઈ! મિથ્યાત્વનું લક્ષણ ને સમકિતનું લક્ષણ—બેય વિપરીત છે. આહાહા! અરેરે! શાસ્ત્રના જાણપણા હોવા છતાં, જેને પરમાં સુખ માટે તાલાવેલી પડી છે, કહે છે કે ક્લેશથી પીડિત છે. કામના તીક્ષ્ણબાણથી ઇજા પામેલા છે એ જડબુદ્ધિ છે. આહાહા! સમજાણું કાંઈ? ૧૪૬ થયો. હવે ૧૪૭. ભારે કળશ બહુ ઊંચા! નગદ માલને બતાવે એવો છે.

**प्रत्याख्यानाद्भवति यमिषु प्रस्फुटं शुद्धशुद्धं**
**सच्चारित्रं दुरघतरुसांद्राटवीवह्निरूपम् ।**
**तत्त्वं शीघ्रं कुरु तव मतौ भव्यशार्दूल नित्यं**
**यत्किंभूतं सहजसुखदं शीलमूलं मुनीनाम् ।।१४७।।**

આહાહા! **શ્લોકાર્થ : જે દુષ્ટ પાપરૂપી વૃક્ષોની ગીચ અટવીને બાળવાને...** દુષ્ટ પુણ્ય ને પાપરૂપી ઝાડ, એની ગીચ અટવી... જંગલમાં હોય છેને એકલા ઝાડ.. ઝાડ.. ઝાડ.. ગીચ અટવીમાં જતા આવે છે... શું કહેવાય એ? ઘાટ.. ઘાટ.. પંદર માઈલ છોડીને ઘાટ આવે છે ઉના જતા. .... એ ત્રણ ત્રણ .... આવે છે. ઝાડના ઢગલા. ગીચ ઝાડ. ચાલવાનો રસ્તો ન હોય. એમ કહે છે કે પુણ્ય ને પાપરૂપી વૃક્ષની ગીચ અટવી, એને બાળવાને અગ્નિરૂપ **એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર** છે. સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્વરૂપમાં રમણતા કરવી એ પાપરૂપી, પુણ્ય-પાપ બેય ભેગા, એ વૃક્ષની ગીચ અટવીને બાળવાને **અગ્નિરૂપ છે એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર...** ચારિત્ર ગુણ તો ત્રિકાળ પડ્યો છે કહે છે. પણ પ્રગટ ચારિત્ર થાય અંતરની રમણતા... આનંદના ધામ ઉપર રમવા પુણ્ય ને પાપના વિકલ્પની રમતું છોડવી. આહાહા! સમજાય છે કાંઈ? **એવું પ્રગટ શુદ્ધ-શુદ્ધ સત્ચારિત્ર સંયમીઓને પ્રત્યાખ્યાનથી થાય છે...** એવા સંયમીઓને સ્વરૂપની રમણતાથી અને રાગની અભાવથી થાય છે.

**(માટે) હે ભવ્યશાર્દૂલ! (-ભવ્યોત્તમ)** આહાહા! **તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર.** કાલ આવ્યું હતુંને ભાઈ! હા, એ આ. **શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર.** તારી મતિમાં રાગ ને પુણ્ય ને પર જે ધારણ કર્યા છે એ મિથ્યાત્વભાવ છે. તારી વર્તમાનપર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે પરવસ્તુ જે ધારી રાખી છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા! તું શીઘ્ર... ભગવાન! હવે તારો કાળ આવ્યો છેને આવો. આહાહા! એમ કહે છે. ઝટ કર કામ બાપા! વાયદા ન કર હવે. હમણાં નહીં. સરેડે છોકરા ચડી જશે પછી કરીશું, છોકરી કુંવારી

છે મોટી થાય એને પરણાવી પછી કરીશું. અરેરે! મરી જઈશ વચમાં તો? એ શેઠ! .... મોટા માણસને વધારે હોય, છોકરા મોટા ઘરે વરાવવા હોય ને, મોટા ખર્ચ કરવા હોય ને સામેવાળા ઠીક મળ્યા હોય. આહાહા! પાઘડી-બાઘડી પહેરી હાથમાં લાકડી ફેરવે અને બાયડીના અવાજ કંઠ બેસી જાય તોય બોલ-બોલ કરે. હવે પણ ધીમે બોલો. ભાઈ! આવા ટાણા કોઈક દિ' આવે. મરી જાય છે. કહે છે, અરેરે! તારી મતિમાં આ બધું સ્થાપ્યું છેને. હોળીયું સ્થાપી છે તારી મતિમાં. એ પૂનમચંદજી! આહાહા! ભગવાન! **તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર**. ગજબ વાત કરે છેને. તારી બુદ્ધિમાં આખું દ્રવ્ય છે એને ધારણ કર. રાગને ધાર્યું છે મતિએ, એ મતિમાં તત્ત્વને ધારણ કર એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

દિગંબર સંતોની વાણી એટલે એક ઝાટકે બે કટકા. એક ઝાટકે... અમારી કાઠિયાવાડી ભાષા છે. એ ઝાટકો આમ મારે ત્યાં બે કટકા ભડાક દઈને. રાગ ને આત્મા—બેય ત્રણે કાળ જુદા. કહે છે અરે! રાગ ને વિકાર ને પુણ્ય ને નિમિત્તને તેં મતિમાં ધાર્યા છે, સ્થાપ્યા છે બાપુ! એ તો મિથ્યાત્વભાવ છે. એક સમયની અવસ્થાને મતિમાં–પોતાની અવસ્થાને અવસ્થામાં રાખી, એ મિથ્યાત્વભાવ છે. પાટણીજી! .... સાંભળવા મળે નહીં. સાંભળવા મળે તો (કહે), થઈ રહ્યું, આ ઊંચા દરજ્જાની વાત છે. અમારે હેઠું શું કરવું? વાત તો થઈ કે ભાઈ! માર્ગ તો આવો છે.

રાત્રે એક મારવાડી આવ્યો અગાસમાં. એ ખરું, પણ એનું સાધન શું? બીજું સાધન? એમ. ભાઈ! સાધન જ આ છે. ચા પીને પછી ભક્તિ કરીએ દેવની-ગુરુની, આ દાન કરીએ, આ કરીએ, પૂજા કરીએ—એ સાધન-બાધન ખરું કે નહીં? અગાસ ગયા હતાને એક દિ'? ... રાત્રે પછી કોઈ નહીં. ..... આ વાત સાચી છે, પણ સાધન જોઈએ તો કરવું શું પણ? સ્વરૂપની દૃષ્ટિ કરવી અને પર્યાયબુદ્ધિ–રાગબુદ્ધિ છોડવી એ કરવાનું નહીં? કરવાનું તો એ છે. એ બહારના કારણે થતા હશે? ભગવાનની ભક્તિ લાખ-કરોડ અનંત કરને, એ તો વિકલ્પ છે. એનાથી સાધન થઈને અંદર જવાતું હશે? આહાહા! શિવલાલભાઈ! આમ જોતાં જોતાં અંદરમાં જવાય? એને છોડ્યે અંદરમાં જવાય. એ વીરચંદભાઈ! બાપુ! મારગડા આવા છે. આહાહા!

અરે! શીઘ્ર તારી મતિમાં તત્ત્વને, તત્ત્વ નામ દ્રવ્યસ્વરૂપ ભગવાન આનંદનું ધામ ધ્રુવધામ એવા ધ્રુવને મતિમાં ધારને. એક સમયની પર્યાય ને રાગને મતિમાં રાખે એના કરતાં આ ભગવાનને રાખને, કહે છે. આહાહા! **તું શીઘ્ર તારી મતિમાં તત્ત્વને નિત્ય ધારણ કર**. પાછું, નિત્ય ધારણ કર હોં. એ દૃષ્ટિમાં લીધો એ લીધો, એ દૃષ્ટિમાં આવ્યો એ આવ્યો, એમને એમ કાયમ રાખ. આહાહા! જુઓ! આ વીતરાગનો માર્ગ. વીતરાગ એમ કહે કે મારી સામું જોવું છોડી તારી સામે જો. આહાહા! મારી સામું જોઈને મારી ભક્તિ કર તો ત્યાં તને રાગ થશે. આહાહા! એ તો વીતરાગ આ કહે હોં. આહાહા! તું તો તારામાં પરિપૂર્ણ તું છોને! મારી સામું જોયે તને તારું ક્યાં મળે એવું છે? તારી મતિમાં અમે સ્થપાણા છીએ એ છોડ ને તારી મતિમાં તું (તને)

સ્થાપ, એમ કહે છે. આહાહા! દેવીલાલજી! એ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા અને સંતો અને સમકિતી એક આ વાત કરે છે. મૂળચંદભાઈ! **નિત્ય ધારણ કર**, એમ પાછું. એ નિત્ય વસ્તુને પર્યાયમાં કાયમ રાખ હવે. એક ફેરી નિત્યની દૃષ્ટિ કરી, એ દૃષ્ટિમાં નિત્ય આવ્યો–સ્થપાણો એમ કહે છે.

છેલ્લી લીટી છે. **કે જે તત્ત્વ સહજ સુખનું દેનારું છે...** ભગવાન આત્માને મતિમાં સ્થાપ કે જેથી તે તત્ત્વ સુખનું આપનારું છે. એ સુખની ખાણ ન્યાં છે, એ સુખ ત્યાંથી દ્રવશે. ધૂળમાં, બહારમાં ક્યાંય સુખ છે નહીં. આહાહા! **અને મુનિઓના ચારિત્રનું મૂળ છે.** દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયકભાવ એ સમકિતનું કારણ અને એ ચારિત્રનું મૂળિયું છે. એને આશ્રયે ચારિત્ર થાય છે. કાંઈ પર્યાય ને રાગ ને મહાવ્રતના વિકલ્પને આશ્રયે ચારિત્ર નથી. આહાહા! ભારે વાત ભાઈ! એ મુનિઓના ચારિત્રનું મૂળ તો દ્રવ્ય–તત્ત્વ ભગવાન જ્ઞાયકભાવ છે. જેમાં ઠરવું એનું મૂળ તો દ્રવ્ય છે એમ કહે છે. રાગમાં ઠરવું છે? પર્યાયમાં ઠરવું છે? આહાહા! ન્યાં જોઈને ન્યાં ઠર, એ તત્ત્વ ચારિત્રનું મૂળિયું છે. ૧૪૭મો થયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## ભાદરવા સુદ ૩, મંગળવાર, તા. ૨૪-૮-૧૯૭૧
## શ્લોક-૧૪૮-૧૪૯-૧૫૦, પ્રવચન નં. ૧૦૪

નિયમસાર, નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર. સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર અથવા પ્રત્યાખ્યાન. એ કોને હોય અને કેમ હોય—એ વાત ચાલે છે. ૧૪૮ કળશ છેને કળશ.

**जयति सहजतत्त्वं तत्त्वनिष्णातबुद्धेः**
**हृदयसरसिजाताभ्यन्तरे संस्थितं यत् ।**
**तदपि सहजतेजः प्रास्तमोहान्धकारं**
**स्वरसविसरभास्वद्बोधविस्फूर्तिमात्रम् ॥१४८॥**

આ મોક્ષમાર્ગનો અધિકાર છે. પરમાનંદરૂપી મુક્તદશા એની પ્રાપ્તિનો ઉપાય એ મોક્ષમાર્ગ. એ મોક્ષમાર્ગ કોને આશ્રયે થાય એની વ્યાખ્યા છે. **શ્લોકાર્થ : જે તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના...** જુઓ! શું કહે છે? જે તત્ત્વમાં નિપુણ બુદ્ધિવાળો જીવ છે, અજીવતત્ત્વ આદિ પર છે, પુણ્ય-પાપના વિકારો આસ્રવતત્ત્વ પણ પર છે, એનાથી પર ભિન્ન એવો જે આત્મા એવા તત્ત્વમાં નિષ્ણાંત બુદ્ધિવાળા જીવના **હૃદયકમળરૂપ અભ્યંતરમાં જે સુસ્થિત છે...** આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્યસ્વભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. કહે છે કે જેને તત્ત્વમાં નિપુણતા—વિચિક્ષણતા પ્રગટી છે એટલે કે જેને, આત્મા અખંડ આનંદ છે અને રાગાદિ ને અજીવાદિ પર છે એવું જેને અંતરમાં ભેદજ્ઞાન થયું છે, એ ભેદજ્ઞાનીના હૃદયમાં—જીવના હૃદયકમળરૂપી અભ્યંતરમાં એ આત્મા સ્થિત છે. એ ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા, તત્ત્વોમાં નિષ્ણાત—વિચિક્ષણ નિપુણ બુદ્ધિવાળા એના અભ્યંતર હૃદયમાં એ સુસ્થિત છે. આહાહા!

અંતરમાં એ આત્મા મનથી, રાગથી, વાણીથી, શરીરથી, અરે! એક સમયની પર્યાયથી પણ પર છે. મૂળ વાત છેને મૂળ વાત જરી. એવો અંદર ભગવાન જીવના... નિપુણબુદ્ધિવાળા જીવના, એમ. જેને સમ્યગ્જ્ઞાન થયું છે કે આ આત્મા શરીર, વાણી, મન અને રાગ ને પુણ્ય-પાપની ક્રિયા વ્યવહારની એનાથી ભિન્ન છે. એ તત્ત્વ ભિન્ન છે, આ તત્ત્વ ભિન્ન છે. આહાહા! જેને તત્ત્વમાં સમજણ યથાર્થ પ્રગટી છે એના હૃદયકમળમાં—અભ્યંતરમાં સુસ્થિત પ્રભુ આત્મા છે. અજ્ઞાનીને ખબર નથી. હું એક પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છું એવી અજ્ઞાનીને ખબર નથી, એમ કહે છે. એ તત્ત્વમાં સુખરૂપી સમુદ્ર જે ભર્યો છે પ્રભુ, એની જેને વિચિક્ષણતા (અને) પરથી ભિન્નતા પ્રગટ થઈ છે એ નિષ્ણાતબુદ્ધિ છે. આહાહા! સમજાય છે કાંઈ?

આઠ વર્ષની બાલિકા હો કે મંડુક–દેડકો હો.. દેડકો સમજતે હૈં ન? મેંઢક. પણ અંતરમાં વસ્તુ.. વસ્તુ સ્વભાવથી ભરેલી ચીજ ત્રિકાળી વસ્તુ ને ત્રિકાળી સ્વભાવથી ભરેલો પદાર્થ, એમાં જેની નિષ્ણાત નામ નિપુણ બુદ્ધિ છે. આ સંસારના નિપુણ ને ડાહ્યાની આહીં વાત નથી. એ તો અજ્ઞાન છે, મૂઢતા છે. ..તા ને ડહાપણ તો મૂઢતા છે. દુનિયાની બુદ્ધિ તો સંસારના સમજુઓ સંસારમાં રખડનારાની છે. ઊંચા નંબર આવે એમાં. રખડવામાં નરક ને નિગોદ જાય, એ ઊંચો નંબર આવે. આ ધર્માત્મા સ્વર્ગ ને મુક્તિમાં જાય. વસ્તુની નિપુણતા... ચિદાનંદ પ્રભુ આ વસ્તુ છે, તત્ત્વ છે, આત્મા છે, અવિનાશી છે. એના અવિનાશીપણામાં જેની બુદ્ધિ નિષ્ણાત છે. આહીં તો બધા તત્ત્વમાં નિષ્ણાતનો અર્થ કે આ આત્મા આવો છે, રાગ આવો છે, અજીવ આવા છે. આહાહા! બીજી રીતે કહીએ તો એ તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયમાં... એ વસ્તુ એવી છે કે જેમાં કર્મ નથી, શરીર નથી, રાગ નથી, એક પર્યાયની પણ જેમાં નાસ્તિ છે. એવા વસ્તુના ભાન થયેલાને... બીજી ચીજ અવસ્થાદિની એમાં નાસ્તિ છે. એવી જે તત્ત્વની નિષ્ણાતતા–નિપુણતા થઈ એના હૃદયમાં ભગવાન બિરાજે છે. ભારે આકરું. કહો, સમજાણું?

**અભ્યંતરમાં જે સુસ્થિત છે**... ધ્રુવપણે સ્થિર છે. આહાહા! અવિનાશી પ્રભુ અનંત-અનંત ગુણો અવિનાશીનો નાથ એ તત્ત્વમાં નિપુણ બુદ્ધિ(વાળા)ના હૃદયમાં બિરાજે છે. આહાહા! એટલે શું કહે છે? અજ્ઞાની તો એક સમયની પર્યાય, રાગ અને પર કોઈ મોટા મારાથી છે એને માને છે, સમજાણું કાંઈ? તેથી એ તો અજ્ઞાનમાં પર બિરાજે છે. આહાહા! અને જ્ઞાનમાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે બિરાજે છે, એના હૃદયમાં–જ્ઞાનમાં. સમજાણું કાંઈ? આ મારગડા અંતરના જુદા છે. **તે સહજ તત્ત્વ જયવંત છે.** સુસ્થિત છે એમ કહ્યું. એ નિત્યાનંદ પ્રભુ સહજ–સ્વાભાવિક તત્ત્વ જયવંત છે. ત્રિકાળ એમને એમ ધ્રુવપણે બિરાજમાન છે. એમાં દૃષ્ટિ કરવા જેવી છે, કહે છે. અને દૃષ્ટિ કરીને લીન થવું એનું નામ ચારિત્ર ને પ્રત્યાખ્યાન છે. આહાહા! પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને. સમજાણું કાંઈ?

**તે સહજ તત્ત્વ જયવંત છે**. કહે છે, જ્ઞાનીના હૃદયમાં છે, પણ જયવંત તત્ત્વ ધ્રુવ છે. હતું એ પ્રતીતમાં આવ્યું છે. સહજ તત્ત્વ જયવંત વર્તે છે કે જે જયવંત તત્ત્વનો આશ્રય લેતાં, છે એનો આશ્રય લેતાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. મોક્ષમાર્ગ અધિકાર છેને. આહાહા! ભારે આવી વાતું. છકાયની દયા પાળવી, અપવાસ કરવા, વ્રત કરવા, ભક્તિ કરવી, પૂજા—આ તો બધું આમાં કાંઈ આવતું નથી. ભાઈ! એ બધા વિકલ્પોના તત્ત્વમાં તો નિપુણ છે કે એ વિકલ્પો છે એ હું નહીં. સમજાણું કાંઈ? **તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે...** આહાહા! એટલે? ભગવાન નિત્યાનંદ પ્રભુ અવિનાશી એ તેજે–સહજ તેજે, સ્વભાવિક જ્ઞાનનો તેજબિંબ પ્રભુ એણે મોહાંધકાર–દર્શનમોહ ને મિથ્યાત્વનો તો જેણે નાશ કર્યો છે. એટલે કે જે એનો

આશ્રય લે એને મિથ્યાત્વ ને મોહ રહેતા નથી. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરનો આશ્રય લે તો મોહનો નાશ થાય એમ નથી કહ્યું આહીં.

ભાઈ! તારું નિધાન, અનંત આનંદ ને અનંત જ્ઞાન ને શાંતિથી ભરેલું તત્ત્વ એવા તેજે એટલે એ ચીજમાં મિથ્યાત્વ, દર્શનમોહ આદિ છે જ નહીં. એટલે કે એણે એ તત્ત્વે મિથ્યાત્વ ને અજ્ઞાનનો નાસ્તિભાવ કર્યો છે અથવા સહજ તેજ છે એની જે અંતરદૃષ્ટિ માંડે છે એને મોહ–દર્શનમોહ અને મિથ્યાત્વ રહેતા નથી. આહાહા! બહુ કામ ભાઈ આકરું. સમકિતને લઈને જા, પહેલી એ વાત કરે છે. પરબારું નાખી દો એને. એમ કે મુનિઓને કહે. અમારે શું છે? શેઠ! તત્ત્વમાં નિષ્ણાત કીધુંને પહેલું. ધર્મી જીવ એને કહીએ કે ધર્મી એવો જે આત્મા અને રાગાદિ પર એ તત્ત્વમાં જેની બુદ્ધિ નિષ્ણાત છે–નિપુણ છે. એની વાત તો ચાલે છે અહીંયા. આહાહા!

ભેદજ્ઞાન છે બેનું... જુદે જુદા તત્ત્વ છે એમાં નિપુણતા છે. આ ભગવાનમાં એક સમયની પર્યાયની નાસ્તિનું જ્ઞાન. આનું (-દ્રવ્યનું) કરતાં, પર્યાય છે (પણ) આમાં નથી એમ એનું જ્ઞાન આવી જાય છે. આહાહા! પૂર્ણ સ્વરૂપ પ્રભુ 'પૂર્ણમિદં આત્મા' અનંત આનંદાદિથી ભરપૂર ભરેલો કળશ છે. સમજાણું કાંઈ? આહાહા! એમાં જેની બુદ્ધિ સ્થિર છે અથવા જેની બુદ્ધિમાં એ વસ્તુ સ્થિત છે. આહાહા! જયવંત વર્તે છે પ્રભુ. જેમાં હીણાપણું કે અધિકપણું કંઈ છે નહીં. એ તો વસ્તુ ધ્રુવ છે ચિદાનંદ ધ્રુવ. **તે સહજ તેજે** એટલે કે દ્રવ્યમાં મિથ્યાત્વ અને દર્શનમોહના કર્મ છે નહીં. એટલે કે એ તેજ–ચૈતન્યના તેજનો જેણે આશ્રય લીધો, એણે દર્શનમોહનો નાશ થઈ જાય છે. આહીં તો હજી સમકિતીની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**અને તે (સહજ તેજ) નિજ રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશનમાત્ર છે.** એ ભગવાન તો એકલો જ્ઞાનના પ્રકાશની મૂર્તિ છે. આહાહા! સહજ ભગવાન જ્ઞાનસ્વભાવરૂપ ત્રિકાળ એ નિજ શક્તિના ફેલાવથી અંદરની અંદર શક્તિઓનો વિસ્તાર છે. એના પ્રકાશતા એ જ્ઞાનના પ્રકાશમાત્ર છે. એકલો ચૈતન્યનો પુંજ જ્ઞાનના પ્રકાશમાત્ર છે. એ આત્મા જેની બુદ્ધિ આત્મામાં થઈ છે એ સમ્યગ્દૃષ્ટિ અને નિષ્ણાત નામ નિપુણ છે. એણે બધું શાસ્ત્રને જાણ્યા, આને જાણ્યો એણે બધું જાણ્યું. આહાહા! સમજાય છે કાંઈ? એ તેજ–જ્ઞાનનો તેજ પોતાની શક્તિથી વિસ્તારપણે પ્રકાશતું જ્ઞાનનું પુંજ પોતે છે. એ તો એકલા જાણવાના પ્રકાશમાત્ર જ ભગવાન છે. એમાં રાગ, પુણ્ય, દયા, દાન, સંસાર કાંઈ છે નહીં. આહાહા! એવા તત્ત્વને અંતરમાં દૃષ્ટિમાં લે તો એ તત્ત્વની દૃષ્ટિ સાચી કહેવાય. કારણ કે તત્ત્વ આવું છે એને બીજી રીતે લક્ષમાં લે તો એ આત્મા જેવો છે એવી શ્રદ્ધા ન થઈ એને. એ તો મિથ્યાશ્રદ્ધા છે. સમજાણું કાંઈ? આહાહા! ૧૪૮. (હવે કળશ) ૧૪૯.

**अखंडितमनारतं सकलदोषदूरं परं**
**भवांबुनिधिमग्नजीवततियानपात्रोपमम् ।**

**अथ प्रबलदुर्गवर्गदववह्निकीलालकं**
**नमामि सततं पुनः सहजमेव तत्त्वं मुदा ॥१४९॥**

આહાહા! **શ્લોકાર્થ : જે (સહજ** ભગવાન આત્મા અવિનાશી (અર્થાત્) અનુત્પન્ન અને નાશ ન થાય એવું જે ધ્રુવતત્ત્વ, નિત્યાનંદ નિજસ્વભાવ ભગવાન આત્મા **અખંડિત છે**. આહાહા! એમાં ખંડ-ભેદ છે નહીં. ધ્રુવ ચૈતન્યપ્રભુ એમાં ખંડ શો? અખંડ છે. પર્યાયનો અંશ-ખંડ પણ જેમાં નથી સમજાણું કાંઈ? માળે આ વિદ્યા કેવી? કહો, નિરંજન! આ ત્યાં હતું કાંઈ અમેરિકામાં? ગપ્પા માર્યા અત્યાર સુધી. આહાહા! આવો ભગવાન જયવંત વર્તે છે તારી પાસે- પર્યાયની પાસે. એ પરમાત્મા પોતે શુદ્ધ આત્મઘન જે છે એ એક સમયની પર્યાયની પાસે બિરાજે છે. એ દૂર નથી. આહાહા! સમજાણું કાંઈ?

**અખંડિત છે...** અખંડપણે બિરાજમાન છે. આહાહા! **શાશ્વત છે...** ખંડ નથી, હવે ત્રિકાળ રહેનાર છે કહે છે. છે.. છે.. છે.. છે.. છે.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. **સકળ દોષથી દૂર છે...** ભગવાન પૂર્ણાનંદનો નાથ જે વિકલ્પગમ્ય નહીં એ સકળ દોષથી દૂર છે. વિકલ્પ પણ દોષ છે. આહાહા! **સકળ દોષથી દૂર છે, ઉત્કૃષ્ટ છે...** ઉત્કૃષ્ટ ઊંચામાં ઊંચું એ તત્ત્વ છે, એનાથી ઉત્કૃષ્ટ જગતમાં કોઈ ચીજ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ગ્રાહ્ય થવું ભારે. અનાદિનો અભ્યાસ પરમાં, અંતર જોવાને વલણની દૃષ્ટિ નહીં, બહારને જોવાની વલણવાળી દૃષ્ટિ એમાં એ કાંઈ જણાય નહીં. સમજાણું કાંઈ?

ઓહો! **ભવસાગરમાં ડૂબેલા...** ચોર્યાસીના અવતારમાં ડૂબેલા-ગળકા ખાતાં... આહાહા! એકેન્દ્રિયના જીવ પૃથ્વીમાં, પાણીમાં, અગ્નિમાં, વાયુમાં, વનસ્પતિમાં... આહાહા! સમજાણું કાંઈ? એમાં રખડતા પ્રાણીને-એવા **ડૂબેલા જીવસમૂહને નૌકા સમાન છે...** એ ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં બેસનારને સંસારસમુદ્રનો પાર આવી જાય છે. રાગ અને પુણ્યમાં બેસનારને ભગવાન આત્માનો અંત આવી ગયો એને તો. એને પાર થઈ ગયો એટલે રાગમાં આવી ગયો એ તો. રખડપટ્ટી છે. આહાહા!

પાંચ વાગ્યે સ્વપ્ન આવ્યું જરીક. આ બધું જરીક પરમાગમ યાદ આવી ગયું. પાંચ-છ જણા આહીં આવ્યા હતા પરમ દિ' અમારા વજુભાઈ.... હવે આ કે દિ' ઉદ્ઘાટન થશે? એ વજુભાઈ! રાડું છે પાડે માણસ. અને વજુભાઈને હજી ઠેકાણું નથી. તમારું ઠેકાણું નથી એમ થાયને કે બીજું શું થાય એમાં? એ વાત યાદ આવી ગઈ. સવા વાગે તો ઊંઘ ઉડી ગઈ. કીધું, ... આમ કહે છે. આહીં તો હજી કાંઈ પત્તો નથી. ૭૨ના વૈશાખે કરવાનું ધાર્યું છે. એમાં કાંઈ પત્તો ખાતો નથી. એ વિચારમાં ઊંઘ ઉડી ગઈ. એમાં આવ્યું જરી એ. પાંચ... એક જણે પૂછ્યું, મહારાજ! અર્જુનના વખતમાં... એમ પ્રશ્ન કર્યો. એય! અર્જુનના વખતમાં તો ઘણા સમકિતીઓ ધર્મીઓ હતાને, અત્યારે કેમ નથી? એમ પૂછ્યું. શેઠ! ભાઈ! અનાદિ નિગોદમાં રહ્યો છે ન્યાંથી

ઘણા નીકળી આવે છે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. એમ ઉત્તર આપ્યો. ઘણા મિથ્યાદૃષ્ટિ છે. એટલા બધા જીવ અનંત! ભાઈ! લોજીકથી-ન્યાયથી તું સમજ તો તને બેસે. એ આત્મા છે અને એ આત્મા જ્યારે પોતાના રાગથી મુક્ત થાય ત્યારે અલ્પકાળે મુક્તિ થાશે. એવા અનંત કાળમાં અનંત થયા. એ બધી અનંત સંખ્યા છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ન્યાયથી પણ સિદ્ધ કરે છે કે અનંત જીવ છે. એમાંથી છૂટો પડ્યો એવા પણ અનંત છે. તો જે અનંત છૂટા પડ્યા એવા બધા અનંતગુણા પડ્યા છે. પણ એને એનું ભાન નથી. બહારમાં આ ને તે ને રખડતાં... ઓલો જરી લોજીકથી ખુશી થયો અંદર. દેખાતો હતો અંદર... આ લાયક જ નથી અંદર. અનંત-અનંત આત્માની સંખ્યામાંથી એક-એક મુક્તિ (પામે એમ કરતાં) અનંત પામે. અનંત મુક્તિ પામે તો બીજા કેટલા જીવ છે? એ બધા ન્યાં મિથ્યાત્વમાં પડ્યા છે બધા. નિગોદની દશા છે ને. ઘણા ન્યાંથી આવતા મિથ્યાદૃષ્ટિ રહેશે, એવું આવ્યું છે. પણ ધર્મ સમજી શકાય છે. એને સમજવાનો પ્રયત્ન કરે તો જયવંત પ્રભુ બિરાજે છે. .... થઈ ગયું છે. આ તમારા પરમાગમમાં આવ્યું છે, એય!

સવારે એવું વળી યાદ આવ્યું પરમાગમનું. .... પાંચ-છ જણા આવ્યા હતા પરમ દિ'. તમારા વજુભાઈ. કોઈ બોટાદવાળા હતા ન્યાં? પાંચ-છ જણા હતા. કહે, હવે અમારે આ ઉદ્ઘાટનનો મહોત્સવ જોવો છે અમારી હયાતીમાં. ક્યારે થાશે? ગોઠવણી કે દિ' કરી? આ કરે એમાં શું કામ હવે? વજુભાઈ કરે તો થાય ત્યાં. એવો ચિંતાનો વિકલ્પ આવ્યો. એને લઈને ઊંઘ ઉડી ગઈ. કલાક દોઢ કલાકનું... કરવા જેવું છે. અરે! કીધું, આ લોકોની વાત સાચી. રામજીભાઈ જેવાને ૮૯ વરસ બેઠા. એની હયાતીમાં હોય તો કેટલું.... કોને ખબર શું થયું? ..... મંડળમાં એને લઈને શોભા છે મોટી. એની હયાતીમાં આ થાય તો કેટલું...? એવી મનમાં ચિંતા થઈ ગઈ ને ચિંતાથી ઊંઘ ઊડી ગઈ. સવા વાગેથી ઠેક ચાર-સાડાચાર પછી કાંઈક આવી હશે. આ આવ્યું એમાં આ આવ્યું.

કોણ જાણે શું આવ્યું? અર્જુનના વખતમાં ઘણા ધર્મી હતા અને અત્યારે ક્યાં...? આ પ્રશ્ન આવ્યો લ્યો. પાંડવના વખતમાં-નેમિનાથના વખતમાં. આહાહા! બાપુ! આત્મા તો અનંત છે. ધારાવાહી મુક્તિ પામે છે. આહાહા! સમજાણું? છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મુક્તિએ ન જાય એવો કાળ કોઈ દિ' હોય નહીં. એવો ભગવાન આત્મા... મૂળ તો આ પરમાગમનું એકદમ મગજમાં આવી ગયું. એ વિકલ્પ જ જ્યાં રહી ગયો. આ કામ ઝટ થાય એવું કાંઈ લાગે છે... આ તો કાંઈ પતતું જ નથી. આટલું-આટલું ચાલી જાય છે. બે મહિના શું કાંઈ કામ (થયું)? એક માણસ કરેને.. આહાહા! શું કરે છે આ? ..... આવું કામ. કામ તો પોતાનું પરમાગમ પ્રગટ કરવું એ છે. આ તો બહારના નિમિત્તની વાત આવે. એ તો વળી પછી... આ થાય ત્યારેને. માથે થાય ત્યારે આરસપહાણ હજી... આરસપહાણેય ઓછા છે. હજી ચોડવાના આરસપહાણ પૂરા

લાવે, પછી વળી કોતરવાના. બધી વાતું એવી થઈ ગઈ. મગજમાં એવું આવી ગયું. સવા વાગ્યામાં એ આવ્યું. (શ્રોતા : સવાયું થાશે કામ). જુઓ! આ બધા ખુશી થઈ ગયા. આહાહા!

કહે છે, અરે! ભવસાગરમાં ડૂબેલા જીવના સમૂહને, ભગવાન નિત્યાનંદ પ્રભુ એમાં જે બેસે એને એ નૌકા સમાન છે એમ કહે છે. પ્રભુ નિત્યાનંદનો નાથ અવિનાશી પોતાનું સ્વરૂપ એમાં જે દૃષ્ટિ મૂકે ને બેસે (એને) એ સંસારસમુદ્રને પાર ઉતરવાને નૌકા છે. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આહાહા! વીતરાગ.. વીતરાગ.. વીતરાગ. અનંત જીવ અનંત મોક્ષના ધારાવાહી જનાર... એના માર્ગને પામનારાઓ ગમે તે કાળ હોય પણ અનંતા મુક્તિએ ગયા અને છ મહિના આઠ સમયે ૬૦૮ જાય છે. જાય છે ભાઈ! .... કાળ આહીં આવ્યો. સમજાણું? પામનારા નથી જગતમાં એમ કોઈ પણ નથી. કોઈ આંતરો થોડો પડે તોપણ છેલ્લા આઠ સમયમાં ૬૦૮ એક સાથે જાય. આહાહા! કોઈ થોડે-થોડે (કાળે) થઈને ગયા, નહીંતર બિલકુલ આંતરો પડી જાય છ મહિનાના અંદરમાં. આઠ સમયમાં–છેલ્લા આઠ સમયમાં ૬૦૮, આઠ સમયમાં ૬૦૮. આહાહા! અરે! એવા આત્માઓ અને એ આત્માને શરણે ગયેલાઓ અને એ પૂર્ણતાને પ્રાપ્ત થનારા આવા જીવો સદાય મોજૂદ છે. સમજાણું કાંઈ?

ઓહો! મુનિરાજે આત્માને મલાવ્યો છે ને. દિગંબર સંત જંગલમાં વસનારા, જગતથી દૂર જંગલમાં રહેનારા વનવાસી–વનમાં બનેલા શાસ્ત્રો આ છે. એકાંત.. એકાંત.. એકાંત.. એકાંત.. અંતર એકાંત છે ને બહાર એકાંત. દરિયો ઉછળ્યો, વિકલ્પ આવ્યો ને એકદમ શાસ્ત્ર રચના (થઈ ગઈ). એમાં એ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર અમૃતના ચોસલા છે. આહાહા! એકલા અમૃતના પાટીયા છે. અરેરે! આ પક્ષની વાત નથી, વસ્તુની સ્થિતિ છે ભગવાન! આહાહા! સમજાણું કાંઈ? અરે પ્રભુ! તું કોણ છો? તને ખબર છે કે તારું સત્ત્વ જો એમાં દૃષ્ટિ મૂક ને બેસ તો સંસાર સમુદ્રનો પાર આવી જશે તને? એવું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહાહા! કેવી વાત કરી છે! ભવસાગરમાં ડૂબેલા–ગોથાં ખાતાં–ગળકા ખાતાં એને નાવ મળી જાય. આહાહા! લાકડું પકડીને પગ ઊંચો કરીને પડે અંદર. આહાહા! એમ ભગવાન આત્મા એકલો ચૈતન્યપ્રકાશનો પુંજ ને આનંદનો ધણી, એકલો આનંદનું સ્વરૂપ જ્યાં, એવો અવિનાશી ભગવાન એમાં જે બેસે અને પકડે, ચોર્યાશીના અંત (આવી જાય). કહો, સમજાણું કાંઈ? આ માર્ગ છે.

ઓલા કહે, ભગવાનને પકડો, ગુરુને પકડો. એમ નહીં પકડાય પગને એમ કહે છે. આહાહા! કોઈક કહેતું હતું... એમ કે જ્યારે વિમાન જાશે તમારું ત્યારે દાંડો–લાકડી પકડશું, કહે છે. કોઈ એમ કહેતું હતું. ....પકડે એમાં તરવાનો ઉપાય એમાં છે. લાકડા તારે પાણીમાંથી, એમ ચૈતન્યનો સ્વભાવ એ સમુદ્રમાંથી તારે. આહાહા! ભીખાભાઈ! અરેરે! આવી ચીજની જેને ખબર નહીં, જેને સમ્યગ્દર્શન ને... જેને નહીં સમ્યગ્દર્શન ને ચારિત્ર નહીં, એ સાધુ ને આચાર્યપદ નામ

ધરાવે. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? જેમાં નજર કરે એટલે એમાં બેસે... અનાદિથી રાગ ને પુણ્ય ને પર્યાય અંશમાં બેઠો છે. એ વસ્તુમાં જતાં, વસ્તુમાં બેસતાં સંસારસમુદ્રના જીવસમૂહ ડૂબેલાને નાવા છે નાવા. ભગવાન આત્મા એ નાવા છે કહે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા!

**અને પ્રબળ સંકટોના સમૂહરૂપી દાવાનળને...** આહાહા! પ્રબળ સંકટ... સંકટો... નિગોદના પરિણામ, આહાહા! નરકના ભાવ પ્રબળ સંકટ સમૂહ છે. એવા દાવાનળને **(શાંત કરવા) માટે જળ સમાન છે** ભગવાન. એ ચોરાશીના અવતારનો દાવાનળ સળગે છે, આકુળતા એ અવતાર છે. સંયોગ એ દુઃખ નથી. આકુળતા જે સળગે છે અશાંતિ, એને શાંત કરવાને– દાવાનળને ઓલવવાને ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પોતે શાંત જળ સમાન છે. આહાહા! સમજાણું કાંઈ? હજી તો પહેલી સમજણ તો કરે કે આ ચીજ આવી છે. એને આ રીતે રસ્તો છે ઉગરવાનો, બાકી રસ્તો છે નહીં. અરે! નાની ઉંમરના બિચારા ચાલ્યા જાય. આ અવતાર.... પાછળ મમતામાં હોય, મરીને ઢોરમાં જાય અરેરે! આ અવતાર! આ કહે છે, ભગવાન! તું એક ચીજ છો કે જે સંસારના દાવાનળને ઓલવવાની તાકાત રાખે છો. સંસારને ઉત્પન્ન કરવાની તાકાત તારામાં નથી. આહાહા! રાગ ને પુણ્યને ઉત્પન્ન કરવાની તાકાત તારામાં નથી. એને શાંત કરવાની તારામાં તાકાત છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે સહજ તત્ત્વને...** મુનિરાજ પોતાનો પ્રમોદ જાહેર કરે છે ઓહો! એને નિશ્ચય ચારિત્ર છેને મુનિને. એની નગ્નદશા જ હોય છે. એને ૨૮ મૂળગુણના વિકલ્પ હોય તો વ્યવહારે એ હોય છે, પણ એ રાગ, દુઃખ છે. ભગવાન આનંદની મૂર્તિ છે એમાં બેસે, એમાં સ્થાપે દૃષ્ટિને (તો) સંસારનો અંત આવે છે. આહાહા! શેઠી! કહો, આવું છે. **સહજ તત્ત્વને**... શું કહે છે મુનિરાજ? **હું પ્રમોદથી સતત નમું છું.** મારી બેઠક ત્યાં થઈ ગઈ છે હવે, સ્થિરતા ત્યાં જામી છે એટલે હું પ્રત્યાખ્યાનમાં છું એમ કહે છે. આહાહા! સહજ તત્ત્વ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને હું પ્રમોદથી–આનંદથી–વર્તમાનમાં આનંદની દશાથી એમાં હું વળેલો છું. દુઃખ છે નહીં મને, પર્યાયમાં દુઃખ નથી, દ્રવ્ય-ગુણમાં તો છે જ નહીં. એટલે કે પ્રત્યાખ્યાન નામ ચારિત્ર તે આનંદદાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન પણ આનંદદાયક છે, ચારિત્ર તો મહા આનંદદાયક છે. આહાહા! જેના અવતાર સફળ કર્યા, ભવના કાંઠે આવી ગયા એવું ચારિત્ર બાપુ! એ કંઈ વાત છે? સાધારણમાં મનાવી બેસે કે ચારિત્રવંત છે. આહાહા! ભાઈ! એ દશાઓ સાંભળવામાં પણ મહામુશ્કેલ, એને જોવા અને જાણવાની સ્થિરતા અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

તેથી શ્રીમદ્દે કહ્યુંને કે 'દેહમાત્ર સંયમ હેતુ હોય જો, સર્વ ભાવથી ઔદાસીન વૃત્તિ કરી..' માત્ર દેહ રહે, એને વસ્ત્ર-પાત્ર પણ ન હોય એમ કહે છે. માત્ર દેહ તે સંયમ હેતુ છે... સંયમનો હેતુ. નિમિત્ત છે નિમિત્ત. સંયમનું કારણ તો આત્મા છે. આ બાહ્ય નિમિત્ત. 'અન્ય

કારણે અન્ય કશું કલ્પે નહીં..' બીજા કોઈ કારણે કોઈ વિકલ્પ ખપે નહીં મને. આહાહા! એવી ચારિત્રદશા! આનંદથી **સતત નમું છું**. આનંદમાં હું છું હોં વર્તમાન, કહે છે. આહાહા! એ આનંદની ઉગ્રદશા તે ચારિત્ર છે, એ પ્રત્યાખ્યાન છે. એવા ચારિત્રથી, પ્રમોદથી સતત નમું છું. મારી બેઠક ત્યાં ગઈ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ૧૪૯ થયોને. ૧૫૦. આહાહા!

**जिनप्रभुमुखारविन्दविदितं स्वरूपस्थितं**
**मुनीश्वरमनोगृहान्तरसुरत्नदीपप्रभम् ।**
**नमस्यमिह योगिभिर्विजितदृष्टिमोहादिभिः**
**नमामि सुखमन्दिरं सहजतत्त्वमुच्चैरदः ॥ १५० ॥**

अद: એટલે શું? સદા. **સદા અત્યંત નમું છું** આવે છે ને? શું કહે છે? **શ્લોકાર્થ : જે જિનપ્રભુના મુખારવિંદથી વિદિત (પ્રસિદ્ધ) છે...** આહાહા! આવો જે ભગવાન એ તો જિનપ્રભુએ જોયો, જાણ્યો ને ...માં જણાણો, એના મુખમાં વાણી આવી એમાં આ પ્રસિદ્ધ થાય છે. બીજા અજ્ઞાનીઓની વાણીમાં આવો આત્મા આવી શકે નહીં. સમજાણું કાંઈ? **જિનપ્રભુના મુખારવિંદ**—મુખરૂપી અરવિંદ-કમળ, એ દ્વારા ભગવાન પ્રસિદ્ધ છે. સિદ્ધ સમાન તારું સ્વરૂપ છે એમ પ્રસિદ્ધ છે વાણીમાં, કહે છે. એ ભગવાનની વાણીમાં પ્રસિદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? તને મારી પણ જરૂર નથી એવો તું પ્રસિદ્ધ છો, એમ કહે છે. એમ વીતરાગે પ્રસિદ્ધ કર્યું છે. મલૂકચંદભાઈ! આહાહા! બાપુ! તું ઓશિયાળો નથી હોં. તારું તત્ત્વ મહાપ્રભુ વાણીથી પ્રસિદ્ધ કર્યું ભગવાને કે તારી પ્રસિદ્ધિ તારાથી થાય છે. અને તે પ્રસિદ્ધ જ છે ચૈતન્યમૂર્તિ. ... આવે છેને? 'પ્રસિદ્ધં સિદ્ધં'. એ સિદ્ધ પણ પ્રસિદ્ધ છે ને તારો આત્મા પ્રસિદ્ધ છે, પણ જિનના મુખથી નિકળેલો એ. વીતરાગ પરમાત્મા એક સમયમાં જેણે કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં લોકાલોકને ન જાણ્યા, પણ એની પર્યાયને જાણી એમાં જણાઈ ગયા છે. એવા ભગવાનના મુખમાંથી... અરેરે! સુન. જિનવરદેવ એના મુખારવિંદથી-દિવ્યધ્વનિથી પ્રસિદ્ધ કર્યો છે આત્માને. આહાહા! કહો, પાટણીજી! આહાહા!

**જે સ્વરૂપમાં સ્થિત છે...** એ ભગવાને એમ કહ્યું છે કે તારું સ્વરૂપ તારામાં સ્થિત જ છે, ક્યાંય ગયું નથી. આહાહા! આરે! આ વાત પણ સાંભળવી મુશ્કેલ પડે. એ શેઠ! ...ને પડદો નાખ્યો હોય આડો, કાંઈ શલ્ય પડ્યા (હોય) કે આનાથી થાશે, આનાથી થાશે. (એવું) શલ્ય પડ્યું છે. એટલે એને અંતર જોવાને માટે વખત રહ્યો નથી. આમને આમ, આમને આમ કે આનાથી થશે.. આનાથી થશે.. આનાથી થશે. આ જે તરવાનું કારણ નથી એનાથી તરશું—એ શલ્યમાં આત્મા દેખાતો નથી. સમજાણું કાંઈ? **જે સ્વરૂપમાં સ્થિત છે**... ભગવાન તો પોતાના આનંદ-જ્ઞાન આદિ અનંત શક્તિઓ જે સ્વરૂપ અનંત શક્તિમાં એ બિરાજમાન છે. આહાહા! એ રાગમાં આવ્યો નથી ને એક સમયની પર્યાયમાં આવ્યો નથી એમ કહે છે. એ તો પોતાના સ્વરૂપમાં

સ્થિત છે. આહાહા! કહો, પદમચંદજી! આવી વાત છે આ. અરે! વીતરાગ સિવાય આ ન હોય ભાઈ! એમ કહે છે. મુનિ એમ કહેવા માગે છે. બાપુ! જેને વીતરાગતા, સર્વજ્ઞતા પ્રગટી નથી, જેને જ્ઞાનમાં આવો આત્મા આવ્યો નથી, એની વાણીમાં ન આવે. બીજી રીતે કલ્પના કરેલા આવે એ બધા ઊંધે રસ્તે ચડાવનારા છે. આહાહા!

કહે છે, એ સ્વરૂપમાં સ્થિત પ્રભુ છે, **જે મુનીશ્વરોના મનોગ્રહની અંદર...** ધર્માત્માના મનના ગ્રહની અંદર **સુંદર રત્નદીપની માફક પ્રકાશે છે.** ચૈતન્યરત્ન પ્રકાશે છે. જ્ઞાનીના જ્ઞાનમાં એ પ્રકાશે છે, કહે છે. **રત્નદીપકની માફક...** આ દીવાની માફક નહીં. આ તો ઠરી જાય, ઓલવાઈ જાય, લબક-ઝબક થાય. આ તો એમને એમ રત્નદીવો–ચૈતન્યરૂપી રત્નદીપક અંદર ઝળહળે છે જ્ઞાનીના કાળજા–જ્ઞાનમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! **જે આ લોકમાં દર્શનમોહાદિ પર વિજય મેળવેલા...** આહાહા! ભાષા જુઓ! **યોગીઓથી નમસ્કાર કરવાયોગ્ય છે.** શું કહે છે? એ ભગવાન આત્મા નિત્યાનંદનો નાથ તું પોતે ધ્રુવ. જેણે દર્શનમોહનો નાશ કર્યો છે– મિથ્યાત્વનો નાશ કર્યો છે, એવા દર્શન ઉપર વિજય મેળવેલા સંતોને એ નમસ્કાર કરવાયોગ્ય છે. અજ્ઞાનીને નમસ્કાર કરવાલાયક (નથી કેમ કે), વસ્તુ જણાણી નથી માટે નથી. આહાહા! સમજાણું કાંઈ?

જેણે ભગવાન આત્માને મિથ્યાત્વભ્રાંતિ.. નાશ કરી ભ્રાંતિને અને જેણે વિજય મેળવ્યો છે અંતરમાં. આહાહા! એવા સંતોને અથવા ધર્માત્માને નમસ્કાર કરે છે. એણે જોયો કે 'આ'. જોયા વિના કોને નમસ્કાર કરવો? એમ કહે છે. સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! આહાહા! ભાઈ! આ તો તારા ઘરની... આહાહા! ઘરની વાત છે આ હોં. આવડો મોટો એને... ક્યાંય ક્યાંય ઓથ જોઈએ, કોઈને શરણે જાઉં. તો એવો એ છે નહીં. 'પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે.' એ છટ્ઠો બોલ, અલિંગગ્રહણ. અલિંગ્રહણનો છટ્ઠો બોલ છે. પોતાથી પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. બીજી રીતે માનો તો એ જણાશે નહીં. આહાહા! એને હજી એની સમજમાં આટલી વાત મોટી છે એમ તો લે. એ વિના સાચી સમજણ થાય નહીં, સમજણ અંતરમાં ઢળે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

કોને નમસ્કાર કરવાયોગ્ય છે એ આત્મા? જેણે ભ્રાંતિને ટાળી છે અને જેણે જીવનો અનુભવ કર્યો છે, એને એમાં નમવાયોગ્ય છે. પ્રત્યાખ્યાન ચારિત્રનો અધિકાર છે ને. આહાહા! એ એમાં ઢળ્યા છે, એ એમાં વળ્યા છે, એમાં એ ઠર્યા છે. સમજાણું કાંઈ? એનું નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર છે. **અને જે સુખનું મંદિર છે...** આહાહા! એ સુખનું મંદિર છે પ્રભુ. શું કહે છે આ? એ આનંદનું મંદિર છે. 'મંગળ (મંદિર) ખોલો' આવે છે ને? (મંગળ) મંદિર ખોલો. એ મંગળમય મંદિર આત્મા છે. સમજાણું કાંઈ? **જે સુખનું મંદિર છે...** આહાહા! એમાં પ્રવેશ કરતા આનંદની વેદનદશા થાય એવો એ આત્મા છે. સુખમંદિરમાં જાય તો સુખ મળે, સુખ દેખાય, આહાહા!

એમ કહે છે. સુખમંદિર છે એમાં જા તો તને સુખ એકલો આનંદ દેખાય. એ આનંદ જે થાય એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહાહા! આવી તો કેટલાએ વાત પણ ન સાંભળી હોય જિંદગીમાં. પદમચંદજી! ભગવાન! તારી મોટપની વાત તેં સાંભળી નહીં અને તને એ વાત સમજાઈ જાય અને અનુભવ થાય, બાપા! કેમ થાય? આહાહા! આ અપવાસ કરો, આ વ્રત પાળો. બાપુ! એ તો બહાર તરફના લક્ષ વાળી વાતું ભાઈ! પૂજા કરો અને આ ભગવાનના ... કરો, ઢીકણું કરો. ભાઈ! એ ચીજ જે કહેવા માગે છે વિકલ્પ, એ વસ્તુમાં નથી. વસ્તુમાં નથી તો એને લઈને આત્માને વસ્તુનો લાભ થાય એમ કેમ બને? સમજાણું કાંઈ? આહાહા!

ભગવાનના વખતમાં તો પશુ પણ જ્ઞાની પાંચમા ગુણસ્થાનવાળા. ગજબ છેને! અને અઢી દ્વીપ બહાર પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય પશુઓ—માછલા, મગરમચ્છ, સિંહ, વાઘ, વરૂ, સર્પ મોટા. હજાર-હજાર યોજનના લાંબા શરીર હોં. પોતે તો અસંખ્ય પ્રદેશ આનંદનું ધામ સુખના મંદિરમાં બેઠા છે. આમ 'પશુ છે' એમ બહાર દેખાય. આહાહા! પૂછડું જરી હલે જ્યાં... હજાર યોજનવાળાનું પૂછડું કેવડું મોટું હશે? કેટલાય પાણીના જીવ હણાય. એને કાંઈ નથી એને લઈને. અંદરનો જેટલો રાગ છે એટલું બંધન છે. સમજાણું કાંઈ? અને જેટલો આ રાગરહિત આત્મામાં ઠર્યો છે એટલો એને આનંદ છે. પશુ આનંદી. એ શેઠ! અને આ બધા પૈસાવાળા દુઃખી. કરોડપતિ થયો એ પહેલા લાકડી હાથમાં હતી. લાકડી હાથમાં રાખેને? કરોડપતિ થયો તો લાકડી છૂટી ગઈ. પગ જ્યાં ભાંગ્યો એ લાકડી પાછી હાથમાં આવી ગઈ. ટેકો લાકડી સમજ્યાને? એ શેઠ પણ રાખે છે.

પૈસા ગયા... અમારે તો અપાસરામાં બેઠા હોઈએ તો જોઈએ. પહેલા પૈસા હતા ત્યારે લાકડી નહોતી. ગયા, બધું ભાંગી ગયું, કેડ ભાંગી ગઈ. અમારે તો ન્યાં અપાસરામાં જાળી બહાર... આમ નીકળે શેરીમાં, દેખાય. દેરાસર જાતા હોય પૂજા કરવા. સમજાણું કાંઈ? આહાહા! આ તો કહે છે, પ્રભુ! તું તો સુખનું મંદિર છોને નાથ! એ અંતર જા તો દેખાશે તને આનંદ. ન્યાં દુઃખેય નથી, આકુળતા નથી, કાંઈ છે નહીં. એવાને આત્મા કહેવામાં આવે છે. આહાહા! પ્રેમચંદભાઈ! આવો આત્મા એણે સાંભળ્યો નથી. આહાહા!

**તે સહજ તત્ત્વને...** 'નમું છું.. નમું છું' શું કરવા કહે છે? પ્રત્યાખ્યાન પ્રસિદ્ધ કરવા, એમ. આવો જે ભગવાન એમાં હું નમી ગયો છું, વળી ગયો છું, ઢળી ગયો છું, ન્યાં હું બેઠો સ્થિર થઈને, એનું નામ ચારિત્ર ને પ્રત્યાખ્યાન છે. સમજાણું કાંઈ? આમ બહારથી લીધા લ્યો, પચખાણ કરાવો અઠ્ઠમના, ફલાણાના, ઢીકણાના. બધી લાંઘણું છે. જ્યાં છે ત્યાં કોણ છે એની ખબર ન મળે. બહારથી વિકલ્પમાં, એ પોતે નથી ત્યાં ઘેરાઈ ગયો છે. આહાહા! એમ જ છે. એણે તો ઘણું કર્યું છે. ઉના પાણી પીધા, ઉપધાન કર્યા. ઉપધાન કર્યા કેટલી વાર? એક વાર? ત્રણ-ચાર વાર. પિસ્તાલીસ દિ'ના ઓલા કરે છેને લાંઘણું. આહાહા! આ તો એક જાણવાની

વાત. અનંતકાળથી આવું ચાલે છે. એવા **સહજ તત્ત્વને હું**–મારો આત્મા સદાય નમે છે. આહાહા! મારી બેઠક ત્યાં છે. સમજાણું કાંઈ? મારી બેઠક રાગમાં કે પુણ્યમાં છે નહીં. આહાહા! એને ચારિત્ર કહીએ અને એને પ્રત્યાખ્યાન સમ્યગ્દર્શન સહિત હોય એને કહીએ. આહાહા! ૧૫૦ (શ્લોક) થયો.

'અત્યંત નમું.. નમું..' આવ્યું બધે છેલ્લે. ત્રણમાં—૧૪૯માં આવ્યું, ૧૫૦માં ને ૧૫૧માં એ છે. આહાહા! મારો ભગવાન સહજાત્મસ્વરૂપ નિત્ય ધ્રુવ છે. પર્યાય છે એ પણ એક સમયની છે. આ તો ધ્રુવ સહજસ્વરૂપ તત્વ–આત્મતત્ત્વ, આત્માનું સત્ત્વ–સ્વભાવ એ તો ત્રિકાળી વસ્તુ છે. એને મેં જાણ્યો છે અને એમાં હું ઠરું છું એ એમાં મારું નમન છે. એનું નામ સમ્યગ્દર્શન સહિતનું ચારિત્ર. આમ ચારિત્ર.. ચારિત્રની વ્યાખ્યા કરે બહારના ક્રિયાકાંડ. એનાય ક્યાં ઠેકાણા છે અત્યારે? આહાહા! ભગવાન.. ભગવાન.. આહાહા! ૧૫૧માં આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**ભાદરવા સુદ ૪, બુધવાર, તા. ૨૫-૮-૧૯૭૧**
**શ્લોક-૧૫૧, ગાથા-૧૦૭, પ્રવચન નં. ૧૦૫**

નિયમસાર, ૧૫૧ કળશ. શું અધિકાર ચાલે છે આ? પ્રત્યાખ્યાન એટલે કે મિથ્યાત્વનો ત્યાગ, અવ્રતનો ત્યાગ, એના ત્યાગમાં ચૈતન્યસ્વરૂપનો આશ્રય લઈને આત્માની જે સ્થિરતા. વસ્તુસ્વભાવ પરમાત્મા પોતે ત્રિકાળ સ્વરૂપ છે. આત્મા પોતે પરમાત્મા હોં. એ પરમાત્મા નિત્યાનંદ, નિત્ય નિરાવરણ એવી જે ચીજ પોતાની, એમાં એની દૃષ્ટિ કરી ને એનો અનુભવ કરવો, એ પહેલું સમ્યગ્દર્શનમાં હોય છે. પછી એ સ્વરૂપમાં લીન થવું, અતીન્દ્રિય આનંદસ્વભાવ, નિત્યાનંદ, સહજાનંદ એમાં લીનતા–એકાગ્રતા–ઉગ્રતા, પુરુષાર્થની ઉગ્રતાથી પ્રચુર સ્વસંવેદન–આનંદનું ઉગ્ર વેદન થવું એનું નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર કહેવામાં આવે છે.

શ્રોતા : અપની શરીરકી.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : બીજે ક્યાં જાય? જ્યાં હોય ત્યાં ઘરમાં જાય કે બહારમાં જાય? પોતાનું પરમાત્મસ્વરૂપ છે એને પહેલું દૃષ્ટિમાં, અનુભવમાં લઈને આ કરવાનું એને છે. પછી એમાં એકાગ્રતા, ઉગ્રપણે દ્રવ્યનો સ્વભાવનો આશ્રય કરીને લીનતા થવી, એનું નામ ચારિત્ર અને એનું નામ પ્રત્યાખ્યાન. એનું નામ વિકારનો ત્યાગ કહેવામાં આવે છે. નાસ્તિથી વાત છે બધી. સમજાણું કાંઈ? આહાહા! માર્ગ એવો છે. એ વાત ૧૫૧ છેલ્લે કળશ છે. ૧૦ ગાથાનો કળશ છે.

**प्रणष्टदुरितोत्करं प्रहतपुण्यकर्मव्रजं**
**प्रधूतमदनादिकं प्रबलबोधसौधालयम् ।**
**प्रणामकृततत्त्ववित् प्रकरणप्रणाशात्मकं**
**प्रवृद्धगुणमंदिरं प्रहतमोहरात्रिं नुमः ॥१५१॥**

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ અવિનાશી પોતાનું સ્વરૂપ, એક સમયમાં–સૂક્ષ્મ કાળમાં એ ત્રિકાળ ધ્રુવ ચીજ જે છે એ આત્મા–એ પોતાનો નિજ પરમાત્મા. એવો નિજ આત્મા એણે **પાપના રાશિને નષ્ટ કર્યો છે...** એટલે કે પાપનો ભાવ એમાં નથી. પર્યાયમાં હતોને. દ્રવ્યમાં નથી. આહીં એ કહેવું છે ને. પાપભાવ પર્યાયમાં હતો, દ્રવ્યમાં નથી. નથી એનો આશ્રય કરે તો પાપનો નાશ થાય. સમજાણું કાંઈ? અગમ્ય વાતું છે ભાઈ! સંસારના દુઃખ, ચોર્યાસીના અવતાર, એના અંતને લાવવાનો તો આ એક ઉપાય છે. પોતે પરમાત્મા પૂર્ણાનંદસ્વરૂપ, જેનો આનંદ ક્યાંય બીજે નથી, દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામમાં પણ આનંદ નથી. એ પરિણામ તો રાગ ને દુઃખરૂપ છે. આહાહા! એને નાશ કરવાનો આનો સ્વભાવ છે અથવા એ વસ્તુ એમાં છે નહીં.

સમજાણું કાંઈ? જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, નિજાત્મ પરમાત્મા કારણપ્રભુ, એ કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, નિત્યાનંદ કહો, ધ્રુવસ્વરૂપ કહો, જ્ઞાયકભાવ કહો, સદૃશ શક્તિનું તત્ત્વ આખું કહો. એને તો પાપનો ગંજ જેનામાં નથી. પાપના રાશિ... **उत्करं** છે ને? પાપના રાશિ **उत्करं** એટલે ઉકરડો, ઢગલો એને જેણે નષ્ટ કર્યો છે કે જે ચીજમાં એ છે જ નહીં. એવી ચીજની દૃષ્ટિ કરતાં પાપ ઉત્પન્ન થતા નથી, એમ કહે છે.

**જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે... प्रहतपुण्यकर्मव्रजं** આહાહા! શુભભાવ જે પુણ્યભાવ એવા પુણ્યભાવને, સમૂહ–એનો પુણ્યનો ઢગલો એણે હણ્યો છે, એટલે કે પુણ્યભાવ જેનામાં નથી. એવું નિજાત્મતત્ત્વ એમાં પુણ્યનો સમૂહ છે નહીં. અથવા એવા નિજાત્મતત્ત્વનો આશ્રય કરતાં પુણ્યના ભાવનો નાશ થઈને ઉત્પન્ન થતાં નથી એમ કહે છે. આહાહા! ભારે ધર્મની રીત એવી. બહારથી આમ માન્યું છેને કે આમ કરવું, આમ કરીએ, આમ કરવું ને વ્રત પાળીએ, તપ કરીએ, અપવાસ કરીએ—એ તો બધો વિકલ્પ છે અને એનું કર્તાપણું એ તો મહા ભ્રમણા, અજ્ઞાન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા.. પુણ્યકર્મના સમૂહને તો જેણે હણ્યો એટલે એમાં છે જ નહીં. અર્થાત્ એવો ચિદ્ઘનપ્રભુ એની દૃષ્ટિપૂર્વક અંતર સ્થિરતા થતાં એ પુણ્યપરિણામ ઉત્પન્ન થતા નથી. નથી એટલે હણી નાખે એવો એનો સ્વભાવ છે. આહાહા! આવો ભગવાન આત્મા, પણ એણે કોઈ દિ' સાંભળ્યોય નહીં. સમજાણું કાંઈ?

**જેણે મદન (કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે**... મદન.. મદન.. આહાહા! કામવાસના એ તો જેની ચીજમાં છે જ નહીં. ભિન્ન-ભિન્ન શબ્દ વાપર્યા છે. નષ્ટ કર્યો છે, હણ્યો છે, ખંખેરી નાખ્યો છે. **प्रधूत** છેને? **मदनादिकं**... મદન–વિષયની વાસના એ તો જેની ચીજમાં અંતરમાં છે નહીં. એવો નિત્યાનંદ પ્રભુ મદવાસના–વિષયની વાસના, વિષયની પ્રેમજાળ એ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદમાં નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિના વિષય તરીકે, ધ્યેય તરીકે હોય તો એ ધ્રુવવસ્તુ છે. ધ્રુવના ધ્યેયે ધ્યાન પ્રગટતા સમ્યગ્દર્શન થાય. અને એમાં વાસના મદની, ભોગની, દુનિયા જેને આમ મજા અને રસ માને છે, કહે છે કે એ વાસનાની ગંધ વસ્તુમાં નથી ભાઈ! એ વાસની ગંધ અંદર હોય તો એ વાસના ટાળી શકે નહીં અને વાસના સહિત જ સદાય રહે. કોઈ દિ' સુખી થઈ શકે નહીં. સમજાણું કાંઈ?

આ વીતરાગનો ધર્મ આ છે. વસ્તુનો આ ધર્મ છે. વસ્તુ એટલે પરમાત્મા પોતે એમાં અનંત-જ્ઞાન-દર્શન આદિ વસેલા–રહેલા છે. એમાં કામની વાસના નથી રહેલી, એમ કહે છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ જેનું, એનું શરણ લેતાં એમાં કામવાસના તો નથી, પણ એનું શરણ લેતાં કામવાસના ઉત્પન્ન થતી નથી. કહો, સમજાણું કાંઈ? મદન વગેરે વિષયની વાસના, નવીન ચીજને જોવાની કુતૂહલતા વિગેરે જે ચીજમાં છે નહીં. આહાહા! એવો જે ભગવાન આત્મા, એને આત્મા કહીએ. એવો આત્મા જે દૃષ્ટિમાં લે અને એવો આત્મા

જેને શ્રદ્ધામાં બેસે, એને કામવાસનાની ઉત્પત્તિ ન થાય. આહાહા! મૂર્ચ્છા સહિતની વાત છે ને. સમ્યગ્દર્શનમાં વસ્તુ અનુભવમાં આવી, પણ હજી વાસના હોય છે આસક્તિની. વિષયની વાસનાનો પ્રેમ ને મીઠાશ નથી. સમકિતીને આસક્તિ છે, પણ એને રસ નથી. એનો એ સ્વામી નથી, એને મીઠાશપણે વેદતો નથી. એને ઝેરપણે જાણીને એ છોડે છે. સમજાણું કાંઈ?

ચૈતન્યસ્વભાવ આનંદના રસનો રસીલો પ્રભુ, ચૈતન્ય ભગવાન આત્મા અણીન્દ્રિય–અતીન્દ્રિય, અણીન્દ્રિય–અતીન્દ્રિયનું આનંદનું ધામ પ્રભુ પોતે એનામાં આ કુતૂહલતા કેવી? એ કુતૂહલતાને તો જેણે ખંખેરી નાખી છે. આહાહા! જેમ આ પંખી હોયને, એને ધૂળ અડેને પાંખમાં, પંખી.. પંખી.. આમ આમ કરે ત્યાં ખંખેરી નાખે ધૂળને. ચકલા-બકલા ધૂળમાં ન્હાયને. એને ચળ જરી લાગતી હોય તો ધૂળમાં જરી આમ કરે. આમ-આમ થાય એટલે ખંખેરી નાખે. એમ ભગવાન આત્મા... આહાહા! પંડિતજી! આહાહા! એ અતીન્દ્રિય સહજાનંદનો નાથ પ્રભુ એવો જેણે ધર્મીએ દૃષ્ટિમાં લીધો છે અને એમાં સ્થિરતા કરી છે. એમ વાત છેને અત્યારે તો. પ્રત્યાખ્યાન છે ને. નિજઘરમાં જામી ગયો છે. એને વિષયવાસના છૂટી જાય છે. આસક્તિ પણ રહેતી નથી એમ કહે છે ભાઈ!

સમ્યગ્દર્શનમાં રસ તો રહેતો નથી. આત્માનું સમ્યગ્દર્શન પૂર્ણાનંદનો સ્વભાવ જ્યાં કબૂલાતમાં અંતરમાં આવ્યો, ઓહોહો! થોડો આનંદનો સ્વાદ આવ્યો, એમાં આખો આનંદમય આત્મા છે એમ જે અનુભવ્યું, એને રાગમાં હવે રસ રહેતો નથી. ઇન્દ્રના ઇન્દ્રાસનમાં હો સમકિતી, ક્યાંય એનો રસ નથી. રસ ઊડી ગયો છે. સમજાણું કાંઈ? રસનો અર્થ, એમાં એકાગ્ર થવાથી મજા છે એ બધું ઊડી ગયું છે. સમ્યગ્દર્શન ધર્મની પહેલી ધજા ફરકી, આખી દુનિયા ઉપરથી રસ ઊડી જાય છે. ભલે છ ખંડના રાજમાં હોય અને છન્નું હજાર રાણી પદમણી જેવીના મધ્યમાં દેખાય, (સમકિતી) ક્યાંય નથી. આહાહા!

અરે! આ ચીજ તો જુઓ, એ શું છે? એ ભગવાનને ઢંઢોળીને જુઓ તો, કહે છે કે એ તો આનંદનો નાથ છે. એમાં વિષયની વાસનાની ગંધ છે નહીં. આહાહા! અરે! દુનિયા હેરાન થઈ થઈને મરી જાય બહારમાં. પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, મોટી પદવી મળે દસ હજાર ને પંદર હજારના પગારની મહિને હોં, દિવસની હોય લ્યોને. આહાહા! હું પહોળો ને શેરી સાંકડી. અમે જ્યાં છીએ ત્યાં નાના થઈ જઈએ છીએ. નાનું મકાન, નાનું આ. મોટા મકાનમાં આવો. રાજા.... શું છે પણ? આહાહા! શેની ગાંડપ ફાટેલી છે આ?

આહીં કહે છે કે ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદમૂર્તિ પ્રભુ એવું જેણે અંતરમાં વસ્તુને જ્ઞેય બનાવીને, વસ્તુને ધ્યાનમાં વિષય બનાવીને જે અનુભવ થયો એને ધર્મ–સમકિત કહેવાય છે અને વિષયની વાસનાનો રસ ઊડી જાય છે. વાસના હોય આસક્તિ, (પણ) રસ નથી. કાળા નાગ જેમ દેખીને ભાગે માણસ, એમ એને લાગે છે. આહાહા! અજ્ઞાની

વિષયની વાસનામાં મજા ને લીન થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? એની દૃષ્ટિમાં ફેર છે. એને રાગમાં રસ લાગે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા!

... મિથ્યાદૃષ્ટિપણું ભારે! કેમકે એ પરમાં રસ (-સારાપણું) છે નહીં અને માન્યો એ તો વિપરીત માન્યતા છે. રસ તો ભગવાન આત્માના આનંદમાં છે. ત્યાં રસ જેણે જોયો ને માન્યો અને અનુભવ્યો, એને ક્યાંય જગતમાં ચક્રવર્તીની સંપદામાં પણ ક્યાંય સુખ દેખાતું નથી. આહાહા! સમજાણું કાંઈ? ધર્મ બહુ ચીજ મોંઘી છે ભાઈ! દુર્લભ છે. અલભ્ય છે એમ નહીં, પ્રાપ્ત ન થઈ શકે એમ નહીં, પણ દુર્લભ છે. અનાદિથી એ બાહ્યમાં માની બેઠો છેને કે આમ વ્રત પાળ્યા, અપવાસ કર્યા ને આ કર્યા, લૂગડાં બદલાવ્યા, થઈ ગયા સાધુ, થઈ ગયા ત્યાગી. ભાઈ! એ ધર્મના મોઢાં મોટા છે. જેમાં આખો આત્મા સમાઈ જાય જેની શ્રદ્ધામાં. સમજાણું કાંઈ? એણે વિષય વાસના ખંખેરી નાખી છે. આહાહા!

**જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે...** કેવો છે પ્રભુ આત્મા? ચૈતન્યસ્વભાવનો મહેલ મોટો મહેલ છે. આહાહા! પ્રવેશ કરતાં એને આનંદ આવે એવો એ છે, કહે છે. સમજાણું કાંઈ? માણસ નથી કહેતા? ગમે તેટલા બહાર ફરીએ, પણ ઘરે આવે ત્યારે શાંતિ. કાંઈક બોલે છે, કાંઈક ભાષા છે. (શ્રોતા : દુનિયાનો છેડો ક્યાં આવ્યો? કે ઘરે.) ઘરે, બસ એ. એમ આવે છે. દુનિયાનો છેડો ક્યાં આવ્યો? કે ઘરે. બહુ ફરી ફરીને ફર્યા, પણ ઘરે આવે તો હા..શ. એ શેઠ! એમ ચારે કોર વિકલ્પમાં ફરે એમાં દુઃખમાં જાય છે, એ દુઃખને નોતરે છે. નોતરે સમજતે હૈં? આમંત્રણ આપે છે. અમારે ત્યાં જમણવાર... આવજો જમવા. આહાહા!

પુણ્ય ને પાપના વિકલ્પો-રાગ એ તો દુઃખના.. દુઃખના મૂળ છે. એમ જેણે... દુઃખના મૂળથી રહિત પ્રભુ આનંદનું મૂળ છે, મોક્ષનું મૂળિયું એ આત્મા છે એમાંથી મોક્ષ ઉગે છે, ઉગે એટલે ઉત્પન્ન થાય છે. એવા ભગવાનમાં... તું પ્રબળ જ્ઞાનનો મહેલ, એકલો જ્ઞાનપિંડ.. જ્ઞાનપિંડ.. જ્ઞાનપુંજ.. જ્ઞાનનો એકલો બંગલો છો. જ્ઞાનનો એકલો બંગલો. તમારા આરસપહાણનો બંગલો નહીં એમ કહે છે શેઠ! એ શેઠ! આ તમારો બંગલો આરસપહાણનો ધૂળનો નહીં, એમ કહે છે. આહાહા! જ્ઞાનનો બંગલો, એકલું જ્ઞાનથી ભરેલું ભરપૂર તત્ત્વ. આહાહા! એવો એને આત્મા કહીએ. એમાં સંસાર ભર્યો છે, રાગ ભર્યો છે—એ આત્મા છે નહીં. આહાહા! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ પરમાત્માની દશા પ્રગટ કરી, એ દશાનું આખું સ્વરૂપ જ આત્મા પરમાત્મા છે. એ પરમાત્મા છે એનો એન્લાર્જ થઈને પર્યાયમાં પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ?

**જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે...** જુઓ! ભાષા તો જુઓ. કહે છે કે એ એવું તત્ત્વ છે કે એના જાણનાર એમાં નમે છે. આહાહા! એના જાણનાર-જાણેલા એમાં નમે છે. આ વસ્તુ ભગવાન આત્મા.... એ પુણ્ય-પાપના વિકલ્પથી ખસી-હઠી અને એવો જ્ઞાનનો મહેલ પ્રભુ એમાં

એ તત્ત્વવેત્તા એને નમે છે. એ વસ્તુના જાણનાર.. જાણનાર એમાં નમે છે એમ કહે છે પ્રત્યાખ્યાન અધિકાર છે ને. એ તત્ત્વવેત્તા એટલે સમ્યગ્દૃષ્ટિ—તત્ત્વના જાણનાર એ એમાં નમે એટલે રહે છે. એને 'પ્રણામ કરે છે' એમ કહ્યુંને. પ્રણામ કરે છે. પ્રણામ, ઓલું નમન કરવું એને પ્રણામ કહ્યું. નમીને છેલ્લો શબ્દ આવશે **નુમઃ** આહાહા! આ તો પરમાત્માને પામવાના મંત્રો છે. સમજાણું કાંઈ? **જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે**... પ્રણામ (એટલે) વિશેષ સ્થિરતા કરે છે, નમે છે, એમાં ઢળે છે. કરવટ બદલી નાખી છે જેણે–ધર્મીએ. તત્ત્વજ્ઞાયકમૂર્તિ આનંદનું ધામ એવું ધર્મીએ જાણ્યું એની કરવટ દિશા બદલી ગઈ છે. એ રાગ ને નિમિત્તમાંથી ખસીને આહીં ઢળી ગયો છે. આહાહા!

**અને જે પ્રકરણના નાશસ્વરૂપ છે** એટલે કે કાંઈ કરવું જેને રહ્યું નથી. છે વસ્તુ ત્રિકાળી એને કરવું શું? **કૃતકૃત્ય છે**. સમજાણું કાંઈ? **प्रकरण** એટલે કાર્ય. કોઈ કાર્ય કરવાનું નથી. કૃતકૃત્ય વસ્તુ તો વસ્તુ છે. **જે પુષ્ટ ગુણોનું ધામ છે... प्रबलबोध** એ ને? **प्रवृद्धगुणमंदिरं... प्रवृद्धगुणमंदिरं... सौधालय**માં એ આવ્યું, નહીં? એ તો મહેલમાં રહે છે. **प्रबलबोधसौधालयम्...** મહેલ છે એકલો. મેલ નહીં, મહેલ. આહાહા! ભગવાન આત્મા ધર્મીનું ધ્યેય અને ધર્મીની જ્યાં દૃષ્ટિ છે એવી એ ચીજ પુષ્ટ ગુણોનું ધામ છે. આહાહા! એવા ગુણો પુષ્ટ પડ્યા છે, એક-એક ગુણ અનંત-અનંત સામર્થ્યવાળા એવા પુષ્ટ ગુણોનું એ ધામ છે. કહો, સમજાણું કાંઈ? એના ગાણા એણે સાંભળ્યા નહીં. એના ગુણો કેવા અને કેવો છે એણે સાંભળ્યો નહીં, બીજી બધી વાતો માંડી. આહા! સમજાણું કાંઈ? **પુષ્ટ ગુણોનું ધામ છે**... ગુણો છે, પણ પુષ્ટગુણ છે એમ કહે છે. અપાર મહિમા એક-એક ગુણ... સ્વભાવ–સત્ત્વ, સત્નું સત્ત્વ, સત્ એવો ભગવાન એનું સત્ત્વ એટલે ગુણ. એ ગુણ પુષ્ટગુણોનું એ ધામ છે. આહાહા!

**અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે...** ભગવાન આત્મા જેમાં મોહરૂપી અંધકાર છે જ નહીં. ચૈતન્યનો પ્રકાશ એકલો ભગવાન એમાં મોહની અંધકાર દશા છે જ નહીં. અર્થાત્ વસ્તુમાં તો નથી, પણ વસ્તુનો જેણે આશ્રય કર્યો એને મોહનો અંધકાર રહેતો નથી, એમ કહે છે. આહાહા! લ્યો, ધર્મકથા ચાલે છે આ. આવી કેવી? પર્યુષણ હોય ને અપવાસ કરવા, ચોવિહારા કરવા.. શું કહેવાય? નકોરડા. નકોરડા ચાલે છે, તમારે શું કહે? પાણી વિનાના કરેને એને નકોરડા કહે. ચોવિહારા. પાણીનું બિંદુ ન લે. આઠ કરે તો આમ થાય. પ્રૌષધ.. પ્રૌષધ.. આહીં તો એને પાણીનું બિંદુ નથી.... ચારે આહારનો ત્યાગ. આઠ દિ' કરો. તમારે અઠ્ઠમ કરે એને આમ લાભ, એક પોરશી ચડાવે તો આમ લાભ. બધી લાંઘણુંની વાતું છે.

ભગવાન આનંદના ધામમાં સમીપ જાય છે, ઉપ-વાસ–એવા ચિદાનંદ ભગવાનની સમીપ જઈને વસે એને ઉપવાસ કહેવામાં આવે છે. આહાહા! અરે! એનો નિજાનંદનો નાથ કોઈ દિ' જોયો નહીં, જોવાને કોઈ દિ' આડ તોડી નહીં. ઓઝલમાં રાખ્યો એને. પડદે રાખ્યો, પડદે

રાખ્યો. કાં રાગનો પ્રેમ, કાં વિષયનો પ્રેમ, કાં એક સમયની અવસ્થામાં પૂર્ણ માનવાનો પ્રેમ, ઓઝલમાં રાખ્યો એને. આહાહા! માર્ગ એવો છે ભાઈ! કહે છે, મોહરાત્રિનો તો જેણે નાશ કર્યો છે. ઓહો! **તેને (તે સહજ તત્ત્વને)...** જ્ઞાનમાં લીધું છે એવો ભાવ-તત્ત્વને **અમે નમીએ છીએ. નુમઃ..** પ્રત્યાખ્યાન છે ને. એમાં અમે વળી ગયેલા છીએ, ઢળી ગયેલા છીએ, ઢળીને ઢીમ થઈ ગયા છીએ. આ પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ? એ અધિકાર પૂરો થયો, છઠ્ઠો અધિકાર.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...** મુનિઓને તો એક શરીરમાત્ર હોય. અંદર ભાવલિંગ પ્રગટ્યા હોય એને વસ્ત્ર-પાત્ર કાંઈ હોય નહીં. ન પ્રગટ્યા હોય એને ભાવેય નથી, ત્યાં દ્રવ્ય(લિંગ) એનું (ખરૂં) છે નહીં. જેમને પરિગ્રહ દેહમાત્ર હતો. 'દેહમાત્ર સંયમ હેતુ' આવે છે ને? એમાં આવે પણ પાછળવાળાએ બધું ગરબડ કરી દીધું. **એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર નામનો છઠ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

સાતમો (અધિકાર). ગયા કાળનું પ્રતિક્રમણ અને ભવિષ્યના પ્રત્યાખ્યાન અને વર્તમાનનું સંવર આલોચના. ભગવાન પૂર્ણાનંદ છે એને જોવું એનું નામ આલોચના. આને જોતાં રાગનું જોવું ટળી જાય છે. સમજાય છે કાંઈ? એ આલોચના અધિકાર છે. ૧૦૭.

**णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं वदिरित्तं ।**
**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि ॥१०७॥**
**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

આત્માને ધ્યાવે એ આલોચના એમ કહ્યું. આલોચનાનો વ્યવહાર કહેશે આગળ. આનો ત્યાગ કરવો, આનો ત્યાગ. એ તો વ્યવહારની ભાષા.

**ટીકાઃ આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.** ભગવાન આત્મા જેવો જે રીતે સર્વજ્ઞે જોયો અને છે, એમ અંતરમાં જોવું, અંદરમાં જોઈને નિહાળવું ને ઠરવું, એનું નામ આલોચના છે, એનું નામ સંવર છે. ગયા કાળનું પડિકમણું, ભવિષ્યના... આવે છે ને? વર્તમાનકાળનું સંવર. આલોચના એ સંવર. આહાહા! ભારે વાત ભાઈ આ તો! આમાં બીજું કાંઈ વ્યવહાર-વ્યવહાર સાધન ખરું કે નહીં? એ વાંધા સહુને ઉઠે છે. પાધરો આત્મા એકલો? એ વ્યવહારની રુચિ છોડીને આશ્રય છોડે ત્યારે એને આત્માનો આશ્રય થાય. એટલે વ્યવહાર સાધન-ફાધન છે નહીં. સમજાણું કાંઈ?

કહે છે, કેવો છે ભગવાન આત્મા અંદર? **ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ શરીરો તે નોકર્મો છે...** એથી રહિત છે. આ પાંચ શરીરથી ભગવાન અંદર રહિત છે. એનું તો જ્ઞાનવિગ્રહ–શરીર છે. ચૈતન્યની અરૂપી મૂર્તિ છે એ. આ શરીરથી એ જુદી ચીજ છે. **જ્ઞાનાવરણ...** આઠ કર્મ લે છે હવે. **દર્શનાવરણ, અંતરાય, મોહનીય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર નામનાં દ્રવ્યકર્મો છે...** એ આત્મામાં નથી. ઓલાને નોકર્મ કહ્યા શરીર (આદિ)ને. બીજે ઠેકાણે ભાષા આદિને કહી. અહીંયા આઠ કર્મ રહિત પ્રભુ છે... પણ કર્મ સહિત છે ને? સહિત છે એ તો તારી પર્યાયબુદ્ધિમાં આગળ જતાં નિમિત્ત ઉપર લક્ષ જાય છે, આહીં અંદર જાતો નથી એટલે સહિત દેખાય છે. એ કર્મથી રહિત જ છે. સમજાણું કાંઈ? અજીવથી રહિત છે એને જીવ કહીએ છીએ. અજીવથી સહિત છે એને જીવ કહીએ? આઠ કર્મ તો અજીવ છે, આ શરીર અજીવ છે. એ સહિત તેને જીવ કહીએ એમ હોય? એનાથી રહિત તેને જીવ કહીએ. આહાહા! એટલે એણે દૃષ્ટિ શરીર અને કર્મો ઉપરથી ઉઠાવી, એનાથી રહિત છે એના ઉપર દૃષ્ટિ મૂકવાની છે. આહાહા! સમજાણું કાંઈ?

**કર્મોપાધિનિરપેક્ષ સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા** એટલે પોતાનો આત્મા **આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે.** નીચે છે. **શુદ્ધનિશ્ચય દ્રવ્યાર્થિકનય...** એટલે? શુદ્ધનિશ્ચય એટલે સ્વ, દ્રવ્ય એટલે કાયમ રહેનારી ચીજ, જે જ્ઞાનનું પ્રયોજન છે એવો જે આત્મા, એ તો એકલો સત્તાને જ ગ્રહે છે. એ નય તો એકલી સત્તા 'છે' એને જાણે છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનીનું જ્ઞાન કર્મની સત્તા રહિત એકલી સ્વભાવસત્તાને જ ગ્રહે છે. ભગવાન આનંદનું હોવાપણું સત્તાનું ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ, એને સમ્યગ્જ્ઞાન ગ્રહે એટલે ઉપાદેય તરીકે માને છે અને એને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? આહાહા! એક વાત.

**મતિજ્ઞાનાદિ તે વિભાવગુણો છે...** લ્યો, વિભાવગુણો, મતિ-શ્રુત એ પણ વિભાવગુણ છે. છે પર્યાય, પણ કર્મના નિમિત્તની અપેક્ષા છે માટે એને વિભાવગુણો કહ્યા. એનાથી પણ વસ્તુ રહિત છે. આહાહા! **અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે જ વિભાવપર્યાયો છે...** આહીં ...ની વાત પર્યાયની કહેવાય. સિદ્ધમાં વ્યંજનપર્યાય નથી કીધી તે આ. નર-નારકાદિ જે આકૃતિ છેને આત્માના પ્રદેશની અંદર વ્યંજનપર્યાય, એ વિભાવપર્યાય છે. બેયથી ભગવાન દ્રવ્યસ્વભાવ તે ભિન્ન છે. આહાહા! **ગુણો સહભાવી હોય છે.** આ આવે છે એ બીજી જાત છે. ઓલા ગુણો સહભાવી અને પર્યાયો ક્રમભાવી એ બીજી ચીજ. એમાં તો ગુણો એકસાથે રહેલા છે ને પર્યાય એક પછી એક થાય એ વ્યાખ્યા છે.

આહીં બીજી વ્યાખ્યા છે. મતિજ્ઞાનાદિ વિભાવ એક સાથે રહેલા છે એ લેવું છે આહીં. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય—એ વિભાવગુણો સહભાવી છે. ચારેય પર્યાય એક સાથે છે. સમજાણું કાંઈ? એમ લેવું છે. ઓલું જે સહચર–સહભાવી તે ગુણ ને ક્રમભાવી તે

પર્યાય એની વ્યાખ્યા બીજી. એ તો અંદર આત્મામાં જ્યાં જ્ઞાન છે, ત્યાં દર્શન છે, આનંદ છે, બધા ગુણો એક સાથે છે એનું નામ સહભાવી. અને પર્યાય એક પછી એક થાય માટે ક્રમભાવી. એવો ક્રમભાવી પર્યાય ને સહભાવી ગુણ તો સિદ્ધને પણ હોય છે. સમજાણું કાંઈ?

આ બીજી વાત છે. આહીં તો આત્મા સાધક છે એની જે મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય એક સાથે છે, એથી એને–સહભાવીપર્યાયને ગુણ કહ્યા છે. મતિજ્ઞાન હોય તો શ્રુતજ્ઞાન... ચાર સાથે, સાથે જ છે. ઉપયોગ એક પછી એક. કોઈ ન મળે તો બે તો હોય જ મતિ ને શ્રુત તો. ઉપયોગનો પ્રશ્ન નથી. એનો પર્યાયનો હુંકાર મતિ ને શ્રુત તો એક સાથે છે. એક સાથે માટે સહભાવી કહ્યું. સમજાણું કાંઈ? અને નર-નારકાદિ વિભાવ, મનુષ્યની ગતિ હોય ત્યારે દેવની ન હોય અને દેવની હોય ત્યારે મનુષ્યની ન હોય. એ ક્રમભાવે છે. વ્યંજનપર્યાય ક્રમભાવે છે. આહાહા!

**એ પરમાત્મા આ બધાથી (વિભાવગુણો અને વિભાવપર્યાયોથી) વ્યતિરિક્ત છે.** આહાહા! ભગવાન વસ્તુ, એ વિભાવપર્યાયો એટલે ગુણો–એકસાથે પ્રગટ રહેલી દશાઓ અને ક્રમે ક્રમે થતી ગતિનો ક્રમ વિષય.. ક્રમ એ રહિત વસ્તુ છે. એકલી સત્તાગ્રાહક દૃષ્ટિમાં એ પર્યાય આવતી નથી. **ગુણો સહભાવી હોય છે, પર્યાયો ક્રમભાવી હોય છે**... આ બેમાં નાખવું. મતિજ્ઞાન સહભાવી છે, નર-નારકાદિ ક્રમભાવી છે. સમજાણું કાંઈ? પાઠમાં છે કે નહીં? **विहावगुणपज्जएहिं वदिरित्तं**... એવો જે ભગવાન આત્મા, એવો જે પરમાત્મા, આ બધાથી વ્યતિરિક્ત છે. આહાહા!

**ઉપરોક્ત નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત તથા ઉપરોક્ત સમસ્ત વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત...** લ્યો, પોતાનો સ્વભાવ ગુણ ને પર્યાય એનાથી સહિત. પર્યાયનો અર્થ–ગુણના ભેદવાળો, એમ. ગુણ ને પર્યાયથી... ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમાત્મા, એમ. પાછું એ કહે છે. મૂળ તો સ્વભાવ ગુણ અને પર્યાય એટલે ભેદો બધા, એનાથી અભેદ છે એકાકાર. **ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમાત્માને**... એવો જે ત્રણે કાળે નિરાવરણ... અથવા એ ગુણપર્યાયમાં અગુરુલઘુસ્વભાવપર્યાય પણ આવે છે. ના, એ નહીં અત્યારે નહીં. અગુરુલઘુની પર્યાય છેને સ્વભાવપર્યાય, એવા સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત **ત્રિકાળ-નિરાવરણ નિરંજન પરમાત્માને...** આમ તો પર્યાય છે એક સમયની અવસ્થા, પણ એને અપેક્ષાથી વાત કરી છે ઓલાની. સ્વભાવગુણભેદો એમ લઈએ તો વધારે ... આવે. સ્વાભાવિક ગુણભેદોથી સહિત છે. ત્રિકાળ હોં.

એવો ત્રિકાળ નિરાવરણ નિરંજન પરમાત્મા... આહાહા! **ત્રિગુપ્તિગુપ્ત (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી)...** મન-વચનથી ખસી **પરમસમાધિ વડે...** આલોચના છે ને! વીતરાગી પર્યાય દ્વારા **જે પરમ શ્રમણ સદા અનુષ્ઠાન સમયે...** એ અંતરની રમણતાને કાળે... આહાહા! આલોચના છે ને! **પરમસમાધિ વડે**... આ પર્યાય છે. **જે પરમ શ્રમણ**... પરમ શ્રમણ... આહાહા! બધાને પરમ

લાગુ કરવા છે. **સદા અનુષ્ઠાન સમયે**... એ સ્વરૂપના આચરણના કાળમાં એનો અનુષ્ઠાન કરે છે ધર્મી. અનુષ્ઠાનસ્વરૂપમાં રમવું એ સ્વરૂપનું અનુષ્ઠાન છે. અનુષ્ઠાન કહો, આચરણ કહો, આચાર કહો—એ સ્વરૂપનું અનુષ્ઠાન છે. પંચ મહાવ્રતાદિ વિકલ્પ એ નહીં. એનાથી તો રહિત કીધું પહેલાં.

**એવી પરમ સમાધિ વડે**... લોગસ્સમાં આવે છે 'સમાહિવરમુત્તમં દિંતુ.' નથી આવતું? લોગસ્સમાં આવે છે. એના અર્થેય કોણ કરે? એમાં શું સમજે? હાંક્યે રાખે. 'એવં મયે અભિત્થુઆ વિહુયરયમલા પહિણજરમરણાં.... સમાહિવરમુત્તં દિંતુ.' નેમચંદભાઈ! આવે છેને લોગસ્સમાં? 'સમાહિવરમુત્તમં દિંતુ..' હે પ્રભુ! અમારા આનંદની સમાધિરૂપી વર-વરદાન અમને આપો. અમારે બીજું કાંઈ જોઈતું નથી. આહાહા! મોટી વાતું... સાધારણ માણસને માટે કાંઈ કરવાનું..? સાધારણ માણસ આત્મા છે જ નહીં, સાંભળને! એ તો અસાધારણ ભગવાન છે. આહાહા! એને તો સાધારણ તરીકે આળ દે છે. કેમકે સાધારણ માટે કાંઈક બીજું હોય. ધૂળેય નથી, સાંભળને! આત્મા જ સાધારણ નથી, અસાધારણ છે. સમજાય છે કાંઈ?

**અનુષ્ઠાનને કાળે**... ભાષા શું કરી! પરમાત્મપ્રકાશમાં આવે છે ને? એ કાળે એને ઉપાદેય છે, અંદર રમે ત્યારે. આહાહા! **અનુષ્ઠાનને કાળે**... આમ અંતરમાં ચૈતન્ય ભગવાન પૂર્ણ પરમાત્મા એને દૃષ્ટિમાં લીધો છે અને ઠરવાને કાળે એ સ્થિર થયો છે. એને અનુષ્ઠાન એ કરવાનું છે. કહો, સમજાણું કાંઈ? સાધુને સવાર-સાંજ આમ કરવું, ઢીકણું કરવું, ઢીકણું કરવું. આ એનું અનુષ્ઠાન છે કહે છે. આહાહા!

શ્રોતા : સમાધિને અનુષ્ઠાન નથી કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી : બધું એક જ થયું. જુદી-જુદી રીતે (કહે છે). સમાધિ વડે અનુષ્ઠાનને કાળે એટલે અંદર રમણતાને કાળે... બધી ભાષા ભિન્ન-ભિન્ન તરીકે સમજાવી છે.

**વચનરચનાના પ્રપંચથી (-વિસ્તારથી) પરાઙ્મુખ...** વિકલ્પ ને વાણીને છોડી દઈને (એટલે) એનાથી પરાઙ્મુખ. સ્વથી સન્મુખ. સ્વથી સન્મુખ, વિકલ્પ ને વાણીથી વિમુખ, આહાહા! સમજાણું કાંઈ? આવી ધર્મકથા કેવી હશે? ઝાઝા માણસમાં તો લોકો રાજી થાય... ખોટેથી રાજી થાય? એ તો અનાદર કરે છે. સમજાણું કાંઈ? વ્યવહારને પોષો, વ્યવહારની દેશના દો. એય! આહાહા! ભગવાન! શું કરે છે? ભાઈ! ક્યાં તું ઊભો છો? શું કરે છે આ? એ દુઃખની ખાણમાં ઊભો છો ભાઈ! વ્યવહારના પોષક તો દુઃખની ખાણમાં ઊભા છે. આહાહા! ભગવાન આનંદનું ધામ એવો નિજાત્મા-પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ એને સ્વસન્મુખ થઈ, સ્વસન્મુખના આચરણકાળે પરથી વિમુખ થઈ **ધ્યાવે છે**. **अप्पाणं** એમ લેવું છે ને. પાઠ છેને એ. **अप्पाणं जो झायदि...** આમથી રહિત થઈ આમ જે ગુણથી સહિત છે એને જે જ્ઞાનમાં, શ્રદ્ધામાં ધ્યાવે છે. આહાહા!

**તે ભાવશ્રમણને સતત નિશ્ચય આલોચના છે.** નિરંતર એને આલોચના છે. નિરંતર તેને સ્વભાવ સન્મુખનું અનુષ્ઠાન–આચરણ વર્તે જ છે. આહાહા! લ્યો, ઠીક આવી વાત. બપોરે આજે આલોચનાનું છેને. આ પણ આલોચના વાંચ્યું. **સતત નિશ્ચય આલોચના છે**. આહાહા! નિરંતર સંતોને, જે આવા વીતરાગી સંત હોય એને. દ્રવ્યસ્વભાવમાં ઠરેલા છે, વિકલ્પથી હઠી ગયા છે... નાસ્તિથી વાત લીધી. એને નિરંતર આનંદના આચરણમાં આલોચના જ છે. ભારે વાતું ભાઈ! નિશ્ચયની વાત. એ તો એકાંત નિશ્ચય થઈ જાય. હજી કાંઈ વ્યવહાર હોય તો થાય એમ કહો તો અનેકાંત—એમ નહીં. એ જ અનેકાંત. નિશ્ચયના સ્વભાવે આનંદ પ્રગટે, વ્યવહારથી પ્રગટે નહીં, એનું નામ અનેકાંત કહેવામાં આવે છે.

ઓલા કહે, જરા વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય તો અનેકાંત કહેવાય. અરે ભગવાન! એ તો બે એક થઈ. બે ચીજ જુદી તદ્દન છે. બેની દશા ફેર, દિશા ફેર, ફળ ફેર. આહાહા! રાગ છે દોષ છે એનું ફળ દુઃખ છે, એનું ફળ બંધન છે, એના ફળમાં સંયોગ આવે. અરાગ તે આત્માની નિરુપાધિ દશા છે, એની દિશા દ્રવ્ય ઉપર છે, એની દશા વીતરાગી છે, એનું ફળ આનંદ છે. આહાહા! આવો અર્થ કર્યો લ્યો, ગાથાનો. **णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं वदिरित्तं । अप्पाणं...** એવા આત્માને જે ધ્યાવે, એ આત્માને વિષય બનાવે, વિષય બનાવીને સ્થિર થાય, ધ્યેય કરીને ધ્યાનમાં એને ધ્યાવે, એને આલોચના હોય. આહાહા! સમજાણું કાંઈ? નિશ્ચય આલોચના એને હોય. હવે સમયસારનો દાખલો આપે છે. સમયસારમાં આવે છે ને. આલોચનાનો કળશ.. કળશ.

**मोहाविलासविजृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥**

**શ્લોકાર્થ : મોહના વિલાસથી ફેલાયેલું જે આ ઉદયમાન (-ઉદયમાં આવતું) કર્મ...** પુણ્ય-પાપ આદિ વિકલ્પ સર્વ, **તે સમસ્તને આલોચીને**–સમસ્તને છોડી દઈને... લોંચ કરે છેને, લોંચ નહીં આમ? આ લોંચ છે. મૂળમાંથી આમ બધું કાઢી નાખે. હા, હા, એવો છે ને. એવું આવે છે. ઘણા... મૂળમાંથી ઉખેડી નાખવું. રાગાદિનો વિકલ્પ મૂળમાંથી ઉખેડી નાખ. એ તો નાસ્તિથી કથન છે. પણ ભગવાન આત્મા તરફમાં ઢળ્યો ત્યાં મૂળમાં ઉત્પન્ન થતા નથી એને 'ઉખેડી નાખવાનું' કહેવામાં આવે છે.

**(તે સર્વ કર્મની આલોચના કરીને), હું...** એ હું, એમ મુનિ કહે છે. આહાહા! કોઈક કરે એને આમ થાય, એમ નહીં. હું આમ કરું છું એમાં મને આમ થાય છે, એમ કહે છે. **ચૈતન્યસ્વરૂપ આત્મામાં.... નિષ્કર્મ એવો** ભગવાન આત્મા **(અર્થાત્ સર્વ કર્મોથી રહિત)** થઈને... કર્મ નથી એવો જે ભગવાન આત્મા... ચૈતન્યસ્વરૂપ એનું, પાછું એમ. એનું સ્વરૂપ શું છે? કે ચૈતન્યસ્વરૂપ આત્મા. આ તો નિષ્કર્મ એટલે કર્મથી રહિત, એટલું. હવે ચૈતન્યસ્વરૂપ આત્મા...

એ કેવો છે? એનું સ્વરૂપ શું ત્યારે? કર્મરહિત ખરું. નિષ્કર્મ, પણ એનું સ્વરૂપ અસ્તિ શું? ચૈતન્ય જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા. આહાહા!

આ સર્વજ્ઞ પરમાત્માના પંથ છે. આવો માર્ગ છે એમ પહેલો શ્રદ્ધા ને સમજમાં તો લે. સમજાય છે કાંઈ? તો એને માર્ગ નીકળશે. પણ શ્રદ્ધામાં ને સમજણમાં ઊલટાઈ છે, એને માર્ગ તરફ વળવાની રુચિનું વીર્ય આવશે નહીં. કહે છે, **આત્માથી જ (પોતાથી જ) નિરંતર વર્તું છું.** અમૃતચંદ્રાચાર્ય કહે છે. ચૈતન્યસ્વરૂપ આત્મા આ બધા કર્મોને છોડી દઈને એટલે લક્ષ છોડી દઈને, મારા સ્વરૂપમાં હું વર્તું છું. જુઓ સંતો! આનું નામ ચારિત્ર અને આનું નામ આલોચના અને આનું નામ સંવર. બહારથી આમ કહે કે મારે સંવરના પચ્ચખાણ, ઢીંકણા... ત્યારે શું સંવર હજી (એની ખબર ન મળે). અટકીને ક્યાં જાવું ને એ છે કેવો—એની ખબર વિના સંવરની ઉત્પત્તિ થાય નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઇ.
www.vitragvani.com